
# પરમાત્મ વૈભવ

ભાગ ૫

પરમાત્મપ્રકાશ પ્રવચનો



ૐ
નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૫)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
મુંબઈ

વિક્રમ સંવત ૨૦૮૦

વીર સંવત ૨૫૫૦

ઈ. સન ૨૦૨૩

**પ્રકાશન**

કારતક સુદ-૧૫, તા. ૨૭-૧૧-૨૦૨૩

નંદીશ્વર અષ્ટાહ્નિકા પર્વ અંતિમ દિન



**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦

www.vitragvani.com, email-info@vitragvani.com



**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત

જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઇ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઇમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૧૭ | ૦૩–૦૨–૧૯૬૬ | ગાથા–૭૦ થી ૭૨ | ૦૦૧ |
| ૧૧૮ | ૦૪–૦૨–૧૯૬૬ | ગાથા–૭૨ થી ૭૪ | ૦૧૬ |
| ૧૧૯ | ૦૫–૦૨–૧૯૬૬ | ગાથા–૭૪–૭૫ | ૦૩૦ |
| ૧૨૦ | ૦૬–૦૨–૧૯૬૬ | ગાથા–૭૫ | ૦૪૫ |
| ૧૨૧ | ૦૭–૦૨–૧૯૬૬ | ગાથા–૭૬ | ૦૫૮ |
| ૧૨૨ | ૦૮–૦૨–૧૯૬૬ | ગાથા–૭૬ થી ૭૮ | ૦૭૨ |
| ૧૨૩ | ૦૯–૦૨–૧૯૬૬ | ગાથા–૭૮–૭૯ | ૦૮૪ |
| ૧૨૪ | ૧૦–૦૨–૧૯૬૬ | ગાથા–૮૦–૮૧ | ૦૯૮ |
| ૧૨૫ | ૧૧–૦૨–૧૯૬૬ | ગાથા–૮૧–૮૨ | ૧૧૧ |
| ૧૨૬ | ૧૨–૦૨–૧૯૬૬ | ગાથા–૮૨–૮૩ | ૧૨૬ |
| ૧૨૭ | ૧૩–૦૨–૧૯૬૬ | ગાથા–૮૩–૮૪ | ૧૪૧ |
| ૧૨૮ | ૧૪–૦૨–૧૯૬૬ | ગાથા–૮૪–૮૫ | ૧૫૪ |
| ૧૨૯ | ૧૫–૦૨–૧૯૬૬ | ગાથા–૮૫–૮૬ | ૧૭૦ |
| ૧૩૦ | ૧૬–૦૨–૧૯૬૬ | ગાથા–૮૬–૮૭ | ૧૮૫ |
| ૧૩૧ | ૧૭–૦૨–૧૯૬૬ | ગાથા–૮૭–૮૮ | ૨૦૦ |
| ૧૩૨ | ૧૮–૦૨–૧૯૬૬ | ગાથા–૮૮–૮૯ | ૨૧૪ |
| ૧૩૩ | ૧૯–૦૨–૧૯૬૬ | ગાથા–૯૦ | ૨૨૯ |
| ૧૩૪ | ૨૦–૦૨–૧૯૬૬ | ગાથા–૯૦–૯૧ | ૨૪૩ |
| ૧૩૫ | ૨૧–૦૨–૧૯૬૬ | ગાથા–૯૧ | ૨૫૬ |
| ૧૩૬ | ૨૨–૦૨–૧૯૬૬ | ગાથા–૯૧–૯૨ | ૨૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૭ | ૦૨–૦૬–૧૯૬૫ | ગાથા–૯૩–૯૪ | ૨૮૧ |
| ૧૩૮ | ૦૩–૦૬–૧૯૬૫ | ગાથા–૯૫–૯૬ | ૨૯૫ |
| ૧૩૯ | ૦૪–૦૬–૧૯૬૫ | ગાથા–૯૭–૯૮ | ૩૧૧ |
| ૧૪૦ | ૦૫–૦૬–૧૯૬૫ | ગાથા–૯૮–૯૯ | ૩૨૫ |
| ૧૪૧ | ૦૬–૦૬–૧૯૬૫ | ગાથા–૯૯–૧૦૦ | ૩૪૧ |
| ૧૪૨ | ૦૮–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૧–૧૦૨ | ૩૫૬ |
| ૧૪૩ | ૦૯–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૨–૧૦૩ | ૩૭૨ |
| ૧૪૪ | ૧૦–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૩ થી ૧૦૫ | ૩૮૭ |
| ૧૪૫ | ૧૧–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૫–૧૦૬ | ૪૦૫ |
| ૧૪૬ | ૧૨–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૬–૧૦૭ | ૪૨૦ |
| ૧૪૭ | ૧૩–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૭ | ૪૩૬ |

## શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

**(ભાગ-૫)**
**(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)**

**મહા સુદ ૧૩, ગુરુવાર, તા. ૦૩-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૦ થી ૭૨, પ્રવચન-૧૧૭**

૭૦મી ગાથા. '**આગે યહ પ્રકટ કરતે હૈં, કિ કિસી દેશમેં જાવો, ચાહે જો તપ કરો,...**' મુનિપણું ધારણ કરો કે બાર વ્રત આદિ. '**તો ભી ચિત્તકી શુદ્ધિકે બિના મોક્ષ નહીં હૈ.**' એ વાત કરે છે.

૧૯૭) जहिँ भावइ तहिँ जाहि जिय जं भावइ करि तं जि।
केम्वइ मोक्खु ण अत्थि पर चित्तहँ सुद्धि ण जं जि।।७०।।

કહે છે, '**હે જીવ, જહાં તેરી ઈચ્છા હો ઉસી દેશમેં જા,...**' ક્ષેત્રમાં ફર ગમે તે ઠેકાણે, સમ્મેદશિખર કે ગીરનાર ને પર્વતોમાં ભટક. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકાંત મળેને ત્યાં?

ઉત્તર :- એકાંત તો અહીં છે કે (ત્યાં છે)? કહે છે કે રાગ ને વિકલ્પની એકતામાં પડ્યો જ્યાં જાય ત્યાં તારે અશુદ્ધ જ છે, એમ કહે છે. ચાહે તો સમ્મેદશિખરે જા, ગીરનાર જા, શેત્રુંજય જા કે સમવસરણમાં જા, લે. દેશ કીધો છેને? '**ઈચ્છા હો ઉસી દેશમેં જા, ઔર જો અચ્છા લગે, વહી કર,...**' તપસ્યા કર, મુનિવ્રત લે, વ્રત લે, ચાહે તારી ઈચ્છા હોય એ કર, '**લેકિન જબ તક મનકી શુદ્ધિ નહીં હૈ,...**' રાગ અને પુણ્ય-પાપના

વિકલ્પમાં જ્યાં એકતાબુદ્ધિ છે ત્યાં ચિત્ત શુદ્ધિ નથી. સમજાણું કાંઈ? **'લેકિન જબ તક મનકી શુદ્ધિ નહીં હૈ, તબ તક કિસી તરહ મોક્ષ નહીં હો સકતા.'** જ્યાં સુધી રાગની એકતા અને પુણ્યભાવની ભાવના છે અંદર, પર વિષય એટલે પરલક્ષ, કષાય એટલે શુભાશુભભાવ, એમાં જ્યાં સુધી એની ભાવના... ભાવના... ભાવના... છે ત્યાં સુધી તું ગમે તે ક્ષેત્રમાં જા ને ગમે તે ત્યાગ તપસ્યા કર, (તો પણ) મોક્ષ નથી. એટલે કે તને સંવર, નિર્જરા ને મોક્ષનું કારણ નથી.

**'ભાવાર્થ :- બડાઈ,...'** મોટપ લેવાની ભાવના. જેને આત્મા રાગરહિત શુદ્ધ ચિદાનંદ છે એની બડાઈ–મોટપ લેવાની દૃષ્ટિ નથી, એને બહારની ચીજમાં અધિકપણે ગણાઉ એવો ભાવ રહ્યા વિના રહેતો નથી. **'બડાઈ, પ્રતિષ્ઠા,...'** મારી કાંઈક આબરૂ જામે, પ્રતિષ્ઠા જગતમાં થાય. **'પરવસ્તુકા લાભ,...'** આબરૂ, કીર્તિ આદિનો. **'ઔર દેખે, સુને, ભોગે...'** દેખેલા ઈન્દ્રિયના વિષયો, સાંભળેલા એ, અને ભોગે એટલે રાગાદિ. **'ભોગે હુએ ભોગોંકી વાંછારૂપ...'** જ્યાં સુધી રાગની વાંછા, મૂર્છા, રંજીત, તન્મય રાગની ઈચ્છાની ભાવના છે **'(જો કિ શુદ્ધાત્મજ્ઞાનકે શત્રુ હૈં)...'** શુદ્ધ જ્ઞાનમય આત્મા પવિત્ર પ્રભુ એની દૃષ્ટિનો અનુભવ એના શત્રુ છે એ બધી ઈચ્છાઓ. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ, પરના લક્ષનો ભાવ, સ્વલક્ષી દૃષ્ટિનો અનુભવ નથી અને ભાન નથી, એવી ચિત્ત શુદ્ધિ મનની, અંતર આત્માની શુદ્ધિ નથી. એ શુદ્ધિ વિના આવા ભાવો તને ઉત્પન્ન થયા વિના રહેશે નહિ. **'ખોટે ધ્યાન, (જો કિ શુદ્ધાત્મજ્ઞાનકે શત્રુ હૈં) ઈનસે જબ તક યહ ચિત્ત રંગા હુઆ હૈ,...'** જ્યાં સુધી એમાં ચિત્ત રંજીત છે, મૂર્છિત છે, **'तन्मयं तिष्ठति'** એમ છે પાઠ. અર્થાત્ પરમાં, રાગમાં, કષાયમાં, પરલક્ષમાં તન્મય છે **'તબ તક હે જીવ; કિસી દેશમેં જા,...'** કોઈ પણ ક્ષેત્રમાં જા, એમ. સાક્ષાત્ સમવસરણમાં જા તો તારે માટે તો બંધનું જ કારણ છે. ખુલાસો કરે છે, જુઓ.

**'તીર્થાદિકોંમેં ભ્રમણ કર,...'** તીર્થ આદિ છેને શબ્દ એ? સમજાણું? એ તો ખુલાસો **'देशान्तरं गच्छ किमप्यनुष्ठानं कुरु'** એની વ્યાખ્યા કરી. તીર્થ, તીર્થફળ, ભગવાનના પગલા, પગલાના દર્શન કર, મંદિરના દર્શન કર, સમવસરણમાં પણ દર્શન ભગવાનના કર. ચૈતન્યની સંપદા જ્ઞાનાનંદ છે તેની અંદર રુચિ, દૃષ્ટિ થઈ નથી એથી એને આ ભાવના રાગ અને વિકારની જ અભિલાષા છે. એ વિકારની ઈચ્છાની અભિલાષાવાળો દેશાંતર જાય, તીર્થાદિકોમાં ભ્રમણ કરે **'અથવા ચાહે જૈસા આચરણ કર,...'** અનુષ્ઠાન છેને પાઠમાં? અનુષ્ઠાન. પંચ મહાવ્રત ધારણ કરે, મહિના મહિના ઉપવાસ કરે, મૌન રહે, ચાહે તે શુભ આચરણ કર. **'કિસી પ્રકાર મોક્ષ નહીં હૈ.'** કોઈ પ્રકારે સંવર, નિર્જરા પણ થશે નહિ. એમ કહે છે.

સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ પૂર્ણ આનંદ એની દૃષ્ટિ હોય તો એની ભાવના હોય. એની દૃષ્ટિ નથી એટલે રાગાદિ વિકલ્પની જ દૃષ્ટિ અને રુચિનો પ્રેમ એટલે એની ભાવના છે. એ ભાવનાવાળો ભાવ તો એની પાસે પડ્યો છે. ગમે તે ક્ષેત્ર ને નિમિત્ત હો સંયોગ, શુદ્ધિ તો થશે નહિ.

મુમુક્ષુ :- સમવસરણમાં ભગવાન પાસે જાય...

ઉત્તર :- તોપણ નહિ થાય એમ કહે છે. એમ બોલોને. તીર્થ આદિમાં એ આવી ગયું બધું. તેથી દેશમાં આવી ગયું. સાક્ષાત્ ભગવાન હોય તોપણ, કહે છે કે તારું ચિત્ત ભગવાન આત્માની ઉપર દૃષ્ટિ નથી અને રાગની ભાવના છે, સાક્ષાત્ ભગવાન પાસે જાય તોપણ તારી શુદ્ધિ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ... થઈ શકે છે.

ઉત્તર :- અહીં તો બહિર્ વિષયની રુચિનો પ્રેમ છે એ ચાહે ગમે તે સ્થાનમાં જા, તારી ચિત્તશુદ્ધિ થશે નહિ એમ કહે છે, લ્યો! સામાન્ય રીતે તો આખી વ્યાખ્યા એવી છે. સ્વ વિષય ચૈતન્યમૂર્તિ આનંદકંદની રુચિ, વિષય ને રુચિ કરી નથી સ્વ વિષયની. (રુચિ થાય) એનું નામ ચિત્તશુદ્ધિ. સમજાણું કાંઈ?

'**કિસી પ્રકાર મોક્ષ નહીં હૈ.**' કોઈ પ્રકારે પણ મોક્ષ નથી. સમજાણું? '**तथापि मोक्षो नास्तीति**' એમ છેને? '**સારાંશ યહ હૈ, કિ કામ-ક્રોધાદિ ખોટે ધ્યાનસે...**' કામ એટલે રાગ, ક્રોધ એટલે દ્વેષ. જ્યાં આત્માની દૃષ્ટિ નથી ત્યાં રાગ અને દ્વેષની દૃષ્ટિ પડી છે એમ કહેવું છે. કામ ક્રોધ એટલે રાગ અને દ્વેષ. એક કોર ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે આત્મા, વીતરાગસ્વરૂપ જ આત્મા છે, એની દૃષ્ટિ નથી ત્યાં રાગ-દ્વેષની દૃષ્ટિ છે. એની રુચિ અને એની ભાવનાને ભાવે છે ઈ. સમજાણું કાંઈ? '**કામ-ક્રોધાદિ ખોટે ધ્યાનસે યહ જીવ ભોગોંકે સેવનકે બિના ભી...**' એમ કહેવું છે. ભલે ભોગનું સેવન ન હોય, ભાવના અંદર વીતરાગ દૃષ્ટિ નથી એટલે રાગની ભાવના છે, એમ કહે છે. બહારમાં ભોગનું સેવન ન હોય, સ્ત્રીનો ત્યાગ હોય, પંચેન્દ્રિય બહારથી વિષય ન દેખાતા હોય, મુનિ થઈને બેઠો હોય. '**કામ-ક્રોધાદિ ખોટે ધ્યાનસે...**' એટલે કે સ્વભાવની એકાગ્ર દૃષ્ટિ નથી એટલે આનું એકાગ્રપણું એને વર્તે છે. પછી ચાહે ગમે તે સંયોગમાં હો એમાં જ તારી લોલુપતા રહેશે.

'**ભોગોંકે સેવનકે બિના ભી શુદ્ધાત્મ-ભાવનાસે ચ્યુત હુઆ,...**' શુદ્ધાત્મ-ભાવનાથી ચ્યુત દેખો! સમજાણું? ભાવના શબ્દે એકાગ્રતા. છેને? ભાવના શબ્દ પડ્યો છે જુઓ! શુદ્ધ ચૈતન્યમૂર્તિની એકાગ્રતા એ એની ભાવના છે. એ ભાવના વિના અશુદ્ધની એકાગ્રતા અંદર પ્રગટ થયેલી છે. '**અશુદ્ધ ભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.**' લ્યો! બહુ ટૂંકું ઘણું ટૂંકું. શુદ્ધ

ચૈતન્યસ્વભાવ સમરસી વીતરાગભાવ એની એકાગ્રતાની રુચિ વિના, અશુદ્ધતાની રુચિ એકાગ્રતા છે એથી કર્મબંધન તને થશે. જરીએ કર્મબંધન અટકશે નહિ. કહો, હવે આમાં શું આવ્યું? આમાં વ્યવહાર પહેલો એવું કાંઈ ન આવ્યું આમાં તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વ્યવહાર કહેવો કોને? ભારે વાતું! સ્વ સ્વભાવ ચૈતન્યનો પુંજ પ્રભુ અંતર રુચિમાં, દૃષ્ટિમાં આવ્યા વિના આ ભેદવાળો રાગ એને વ્યવહાર કહે કોણ? સમજાણું? અભેદ ચીજની દૃષ્ટિ વિના ભેદવાળો વિકલ્પ છે એ વ્યવહાર છે એમ કહેવું કોને?

મુમુક્ષુ :- બધું ભૂલી જવાની...

ઉત્તર :- બધું ભૂલી... પર ભૂલી જવું, પોતાને ભૂલી જવું? શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એની અંતરમાં એકાગ્રતામાં બીજું બધું ભૂલી જવું. અને બીજાને ભૂલ્યા વિના ભગવાનની એકાગ્રતા થાય નહિ. ભગવાનને, બીજા ભગવાનને ભૂલ્યા વિના આ ભગવાનમાં એકાગ્રતા ન થાય એમ કહે છે.

અહીં તો શુદ્ધાત્માની એકાગ્રતા. એક-અગ્ર જેનો વિષય સ્વભાવ શુદ્ધ છે. એની એકાગ્રતાની રુચિ વિના, એની એકાગ્રતા વિના એટલે એની ભાવના વિના ચ્યુત થયો છે એનાથી. એટલે એને ક્ષણે પળે ઈચ્છાની જ એકાગ્રતા ને ભોગની વાસના પડી છે. અનુભવ નથી એટલે ભોગની વાસના છે એમ કહ્યું છે અહીંયાં. સમજાણું કાંઈ? '**અશુદ્ધ ભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.**' લ્યો! એ ૬૬ ગાથામાં આવી ગયું છે. અસંયમી કહ્યો હતોને ત્યાં ૬૬માં. જેનું ચિત્ત શુદ્ધ નથી એ અસંયમી છે એમ ત્યાં કહ્યું હતું. અહીંયા શુદ્ધ નથી તેને અશુદ્ધ ભાવથી કર્મ બાંધે છે એમ કહ્યું. સમજાણું કાંઈ?

'**ઈસલિયે હમેશા ચિત્તકી શુદ્ધતા રખની ચાહિયે.**' એટલે કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે તેનું માહાત્મ્ય કરી એકાગ્ર રાખવું જોઈએ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' એ વાત છે આ. પોતાનો સ્વભાવ મહાન અચિંત્ય મહાન પદાર્થ છે. એવી અંતરમાં રુચિ અને દૃષ્ટિ કરવી જોઈએ. એ વિના બીજું જે કર એમાં તો એકાંત કર્મનું બંધન જ છે, સંવર-નિર્જરા બિલકુલ નથી. આ લોકોને એકાંત પડે છે, એકાંત... એકાંત... એકાંત... અરે..! ભગવાન એ સમ્યક્ એકાંત છે તારું. તું માન, ન માન એની સાથે સત્યને સંબંધ શું છે? એકાંત રે એકાંત. '**એસા હી કથન દૂસરી જગહ ભી કહા હૈ, ઈસ લોક ઔર પરલોકકે ભોગોંકા અભિલાષી ઔર કષાયોંસે કાલિમારૂપ હુઆ અવર્તમાન વિષયોંકા વાંછક...**' વર્તમાન નથી એટલે એની ઈચ્છા અંદર પડી છેને રાગ એટલે. '**ઔર વર્તમાન વિષયોંમેં અત્યન્ત આસક્ત હુઆ...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ. '**અતિ મોહિત હોનેસે ભોગોંકો નહીં ભોગતા હુઆ ભી અશુદ્ધ ભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.**' સમજાણું? આવે છેને, સમયસારમાં આવે છે. જયસેનાચાર્યની ટીકામાં આ શ્લોક આવે છે. ટીકામાં. લક્ષનો અધિકાર જ્યાં આપ્યો છેને લક્ષ. ભોગ નથી ભોગવતો છતાં, એમ છે ઘણું કરીને ગાથા... તંદુલ મચ્છ છેને તંદુલ મચ્છ? ત્યાં કાંઈ ભોગવી શકતો નથી, ખાઈ શકતો નથી, તીવ્ર રાગની ભાવના ભાવે છે. બસ! એનાથી પહેલું સંહનન છે, પછી નરકે જાય છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- અનાચાર મિથ્યાત્વનો. એને ભોગવતો નથીને. ભોગવે તો અનાચાર કહેવાય એમ. એ આવે છેને અતિચારનું ત્યાં? એ તો વ્રતની અપેક્ષાએ. આ ચાર તો રાગની એકતાના અનુભવની વાત છે આ. ઠીક કહ્યું એ. ઓલા અતિચારમાં આવે છેને, આમ કરે તો આમ કરે. ભોગવે તો .. ત્યાં સુધી અતિચાર. અને ભોગવે પણ આસક્તિથી ભોગવે તો અનાચાર. એમ આવે છેને? સામાયિકના પાઠમાં આવે છે. બત્રીસ શ્લોકમાં એ આવે છેને? સામાયિકના પાઠ આવે છેને? તત્ત્વેષુ મૈત્રી ગુણશુ પ્રમોદ... એમાં એ આવે છે. એ તો સમ્યગ્દર્શન સહિત એવી તીવ્રતા આસક્તિની ન થઈ હોય અને આવી ગયું હોય છે એને અતિચાર ગણ્યા છે. અને તીવ્રતા હોય તો એને અનાચાર (ગણ્યો છે). એ વ્રતની અપેક્ષાએ. અહીં તો હજી મૂળ વસ્તુની જ વાત છે અહીં તો. સ્વભાવનો અનુભવ ભોગવવું અને રાગનો અનુભવ ભોગવવું, બેયની એક જ વાત છે અહીં તો.

વર્તમાન આત્માના અંતર શુદ્ધ આનંદની રુચિનું પોષાણ અંદર થયું નથી, અતીન્દ્રિય આનંદનો અનુભવ, રુચિ, પોષાણ અંદર નથી, અતીન્દ્રિય આનંદના અનુભવનો ભોગ્યભાવ જ્યાં નથી, ત્યાં આગળ રાગનો ભોગ્યભાવ છે, એથી અશુદ્ધતાને જ ભોગવે છે. ભલે ક્રિયા બહારમાં ભોગવવાની ન હોય દેહાદિથી, પણ ભાવમાં તો એ અશુદ્ધને જ ભોગવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**અશુદ્ધ ભાવોંસે કર્મોંકો બાંધતા હૈ.**' નિશ્ચય કહેવું છેને? '**बंधदि भावेण कम्माणि**' જે આ પોતે લખ્યું એનો આધાર આપ્યો છે. કહો, સમજાણું?

'**આગે શુભ, અશુભ ઔર શુદ્ધ ઈન તીન ઉપયોગોંકો કહતે હૈં –**' આત્મામાં ત્રણ પ્રકારના પરિણામ થાય છે. એક શુભ ઉપયોગરૂપી પરિણામ, એક અશુભ ઉપયોગરૂપી પરિણામ, એક શુદ્ધ ઉપયોગરૂપી પરિણામ. એ અશુદ્ધ ઉપયોગના બે પ્રકાર—શુભ અને અશુભ.

એનાથી રહિત એક શુદ્ધ. એવા પરિણામ ત્રણ પ્રકારના એનું શું ફળ? એની વ્યાખ્યા કરે છે.

१९८) सुह-परिणामेँ धम्मु पर असुहेँ होइ अहम्मु।
दोहिँ वि एहिँ विवज्जियउ सुद्धु ण बंधइ कम्मु।।७१।।

'**દાન પૂજાદિ શુભ પરિણામોંસે...**' મુખ્યરૂપ વ્યવહારધર્મ, પુણ્યરૂપ વ્યવહારધર્મ લ્યો! પરમ શબ્દ પડ્યો છેને એટલે મુખ્યતાથી કહ્યું. સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શનમાં... સમજાણું? સમ્યક્ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિમાં શુભ પરિણામ જો થાય તો એને મુખ્યપણે તો પુણ્યબંધનું કારણ છે. જુઓ! '**દાન પૂજાદિ શુભ પરિણામોંસે પુણ્યરૂપ વ્યવહારધર્મ મુખ્યતાસે હોતા હૈ,...**' '**पुण्यं भवति**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એની જ વાત છે. કહો, સમજાણું કાંઈ? મિથ્યાત્વ સહિત અશુભ પરિણામ હોય એ પણ વાત લેશે ભેગી.

'**વિષય કષાયાદિ અશુભ પરિણામોંસે પાપ હોતા હૈ,...**' કહો, મિથ્યાદૃષ્ટિ અને એના સાથે અશુભ પરિણામ એ બધા એનાથી તો એકલો પાપનો જ બંધ થાય છે. '**ઔર ઈન દોનોંસે રહિત મિથ્યાત્વ રાગાદિ રહિત શુદ્ધ પરિણામ અથવા પરિણામધારી પુરુષ...**' એમ બે અર્થ છે. બેય છેને પાઠમાં? સમજાણું કાંઈ? '**જ્ઞાનાવરણાદિ કર્મકો નહીં બાંધતા.**' એ આઠેય કર્મને બાંધતો નથી.

'**ભાવાર્થ :- જૈસે સ્ફટિકમણિ શુદ્ધ ઉજ્જ્વલ હૈ,...**' દાખલો આપ્યો જુઓ હવે. સ્ફટિકમણિ ધોળું ઉજ્જ્વળ સ્ફટિકમણિ છે. '**ઉસકે જો કાલા ડંક લગાવેં, તો કાલા માલૂમ હોતા હૈ,...**' સમજાણું? '**ઔર પીલા ડંક લગાવેં...**' જોડે ફૂલ કે લૂગડું કોઈ આમ લગાવે સ્ફટિકની સાથે. '**પીલા ડંક લગાવેં તો પીલા ભાસતા હૈ, ઔર યદિ કુછ ભી ન લગાવેં, તો શુદ્ધ સ્ફટિક હી હૈ,...**' ધોળો સ્ફટિક રત્ન. કંઈ પણ જો ન જોડે તો એ છે એમ ... રહે છે. સમજાય છે?

'**ઉસી તરહ યહ આત્મા ક્રમસે અશુભ, શુભ, શુદ્ધ ઈન પરિણામોંસે પરિણત હોતા હૈ.**' જુઓ, સમજાણું? આમાં કર્મ-ફર્મની વાતેય નથી લીધી. કોઈ તીવ્ર કર્મનો ઉદય હોય તો અશુભપણે પરિણમે, મંદ હોય તો શુભપણે પરિણમે. સમજાણું? '**ઉનમેંસે મિથ્યાત્વ ઔર વિષય કષાયાદિ અશુભકે અવલમ્બન (સહાયતા) સે તો પાપકો હી બાંધતા હૈ,...**' રાગાદિની એકતાબુદ્ધિ અને એની સાથે અશુભ પરિણામ બીજા, મિથ્યાત્વના પરિણામ થાય કે રાગના-દ્વેષના પરિણામ, એ અશુભના અવલંબનથી તો પાપને બાંધે. જુઓ, અવલંબનનો અર્થ સહાયતા કરી. સમજાણું કાંઈ? '**अवलम्बनेन**' પાઠ છેને '**कषायाद्यवलम्बनेन**' અવલંબન

કહો કે નિમિત્ત કહો કે સહાયતા કહો. એ આત્માના શુદ્ધ સ્વભાવમાં અશુભનું અવલંબન છે તો એ પાપ બાંધે છે. સમજાણું કાંઈ?

'**ઉસકે ફલસે નરક નિગોદાદિકે દુઃખોંકો ભોગતા હૈ...**' લ્યો! સમજાણું? આ અશુભને તો એકલા મિથ્યાદૃષ્ટિના જ લીધા. શુભમાં મિથ્યાદૃષ્ટિ નહિ. સમ્યગ્દૃષ્ટિ સહિતની વાત લેશે આમાં. સમજાય છે? અશુભભાવ તો એકલો મિથ્યાત્વ. મિથ્યાત્વ એ અશુભભાવ છેને? મિથ્યાત્વ અશુભભાવ છે, બાકી હિંસા, જૂઠું, ચોરી, વિષય, મોહ, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ વિષય ભાવ છે. એનાથી તો નરકમાં અને મિથ્યાત્વની તીવ્રતા હોય તો નિગોદમાં (જાશે) એમ કહે છે. અશુભભાવની તીવ્રતા હોય તો નરકમાં અને મિથ્યાત્વની અશુભની તીવ્રતા હોય તો નિગોદમાં (જાશે).

'**દુઃખોંકો ભોગતા હૈ...**' ત્યાં કોઈ શરણ નથી એવા સંયોગમાં. અહીં પણ કોઈ શરણ નહોતું. ચૈતન્ય શરણને જોયું નહોતું. મિથ્યાત્વભાવ અશુભ હિંસા આદિ તીવ્ર પરિણામ, તીવ્ર એકલા પરિણામ થયા, મિથ્યાત્વ આદિ હોય છતાં તીવ્ર એકલા હોય તો નરકમાં જાય. મિથ્યાત્વની તીવ્રતા સહિત થાય તો નિગોદમાં જાય. સ્વભાવ તત્ત્વનો વિરોધ, તત્ત્વનો ચૈતન્ય સ્વરૂપ નિર્વિકલ્પ અનાકુળ એનો સખત વિરોધ, અહીંથી નિગોદમાં જાય. એ સહિત અશુભ પરિણામની તીવ્રતા એકલી વિશેષ થઈ જાય તો નરકમાં જાય.

હવે શુભની લીધી. જુઓ! સમકિતીની વાત છે હોં! '**ઔર અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઈન પાંચ પરમેષ્ઠિયોંકે ગુણસ્મરણ...**' એ શુભભાવ છે, એ શુભ ઉપયોગ છે. સાક્ષાત્ પરમાત્મા, સાક્ષાત્ સિદ્ધ ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભાવ.. ભાવવાળા એનું ગુણસ્મરણ, એનું ગુણસ્મરણ એ શુભભાવ છે એમ કહે છે. લ્યો! કોઈ કહે કે ભાઈ! ભગવાનના ગુણસ્મરણમાં રાગ શું આવ્યો? કેમ ગુણસ્મરણમાં તો એમ કે શુદ્ધતા આવી એમ. પરોક્ષ અરિહંત થઈ ગયા. આવે છે એમ કાંઈક? એય..! આવે છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ ઈન્દ્રિય અને એને ગુણસ્મરણમાં આવ્યો તો પરોક્ષ (અરિહંત થઈ ગયો). પરોક્ષ નથી એ તો વિકલ્પ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એના ગુણસ્મરણો કેવળજ્ઞાન આદિનું સ્મરણ હોં! જુઓ અહીંયા. કેવળજ્ઞાન, કેવળદર્શન, સિદ્ધનો અનંત આનંદ વિગેરે એના ગુણસ્મરણ સમ્યગ્દૃષ્ટિને શુભભાવ હોય છે. સમજાણું કાંઈ? છે એમાં ભીખાભાઈ? એ વાંચે પણ છે કે નહિ અંદર? પણ શબ્દો પડ્યા છે કે નહિ?

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, '**પાંચ પરમેષ્ઠિયોંકે ગુણસ્મરણ ઔર દાનપૂજાદિ શુભ ક્રિયાઓંસે...**' દાન અને ક્રિયા સમ્યગ્દૃષ્ટિની છે હોં અહીંયા. સંસારની સ્થિતિ એટલે જે લાંબી સ્થિતિ છે, સમ્યગ્દર્શન તો છે, કર્મની સ્થિતિ ઘણી ઘટાડી છે,

પણ સ્થિતિ લાંબી છે હજી એની, એને શુભભાવના યોગે સ્થિતિ ઘટે છે. કર્મની સ્થિતિ ઘટે છેને? રાગ મંદ છેને? સ્થિતિ ઓછી પડે છે, તીવ્ર હોય તો વધારે પડે છે. એમ હોં! સંસારની સ્થિતિનો અર્થ એ. સંસારનો નાશ એમ અહીં વાત નથી. નાશ તો દૃષ્ટિ અને એની સ્થિરતાથી જ થાય છે. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને એની સ્થિરતાથી સંસારનો અભાવ-નાશ થાય છે. આ સંસારની સ્થિતિ તો, શુદ્ધ દૃષ્ટિ છે એમાં કર્મની સ્થિતિ કેટલીક વધારે છે હજી એના ગુણસ્થાન પ્રમાણમાં, એને અશુભમાં વધારે સ્થિતિ બંધાય છે, શુભમાં થોડી ઓછી (બંધાશે) એ સંસારની સ્થિતિ છેદી છે એમ કહેવામાં આવે છે. ઓહો..હો..! એવા કોણ? '**તીર્થંકરનામકર્મ ઉસકો આદિ લે...**' દેખો! જુઓ! તીર્થંકર નામ કીધુંને? એ તીર્થંકરનામકર્મ પણ શુભભાવથી બંધાય છે એમ કહે છે. સમજાણું? એમાં બંધન થાય છે, એમાં કંઈ અબંધ પરિણામ નથી. એમ કહે છે. તીર્થંકરનામકર્મ પ્રકૃતિ બંધાય એને કેવળ થાય જ તે.

મુમુક્ષુ :- અત્યારે બંધ...

ઉત્તર :- અત્યારે બંધ પણ પછી તો એ તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે કેવળજ્ઞાન થવાનું જ એને. બંધાણી માટે થયું, એટલે થવાનું હશે? એ કોણે કહ્યું? સમજાણું કાંઈ? એ તો એની યોગ્યતા જ એવી છે કે એ શુભભાવથી જે બંધાણું છે એ શુભને છેદીને કેવળ પામશે. છેદશે ત્યારે પામશે, એ બાંધ્યું માટે પામશે એમ નથી. બહુ તકરાર તકરાર. જૈનદર્શનમાં તો કોણ જાણે બીજું મળતું જ નથી. બીજો ખોરાક નહિ હોય? એમ થઈ ગયું ભાઈ! એકલું પણ આ શું એકલું માંડ્યું છે? એકલી જ માંડી છે. બીજું કાંઈ લખાણ જ નથી કોઈ? અરે.. ભગવાન! ચારે કોરથી ઓલો ફલાણા ગામમાં, ઢીકણા ગામમાં, આ ગામમાં ને આ ગામમાં. સમજાણું કાંઈ?

શુદ્ધ સ્વભાવની દૃષ્ટિમાં, આત્માની દૃષ્ટિ શુદ્ધ છે એવા ભાનમાં શુભભાવ કરવાનો ભાવ નથી, પણ એ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. કેવો? કે '**પાંચ પરમેષ્ઠિયોંકે ગુણસ્મરણ...**' પંચ પરમેષ્ઠિનું ગુણસ્મરણ. એમાં નિમિત્તપણે એ હોય માટે એના ગુણસ્મરણ અને દાન, પૂજાદિ શુભ ક્રિયા. ભાવ હોં ભાવ. એમાં આ સંસારની સ્થિતિ છેદે. લાંબી સ્થિતિ છે, થોડી ઘટેને. કષાયથી સ્થિતિ પડે છેને? યોગથી.. મિથ્યાત્વ કષાય અને કષાય આ એમાં પણ મંદ કષાય થયો એથી સ્થિતિ ઓછી પડે છે એ એની સ્થિતિ છેદે છે એમ કહેવામાં આવે છે. પૂર્વની પણ ઘટે છેને. ટીકામાં ટીકામાં છે. શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કીધુંને અર્થ લ્યોને. જેમ '**संसारस्थितिच्छेदपूर्वकं**'. જૂની સ્થિતિ ઓછી થાયને શુભ કષાય મંદ (છે). સમ્યગ્દર્શનનું ભાન છે, અબંધ દૃષ્ટિ છે, અબંધ ભાવનું ભાન

છે. હવે એ ભાનમાં તીવ્ર કષાય નથી, મંદ કષાય છે. શુભભાવ છે ગુણસ્મરણ આદિ દાન, પૂજા આદિ એમાંથી સંસારની લાંબી સ્થિતિ છે, સ્થિતિ ... એ જ ખરો સંસાર છે. સમજાણું કાંઈ? એ ઓછી કરે છે.

અને '**તીર્થંકરનામકર્મ ઉસકો આદિ લે...**' એમ. આદિ લે એટલે યશોકીર્તિ આદિ '**વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિયોંકો અવાંછીક વૃત્તિસે બાંધતા હૈ.**' દેખો! છે? '**अनीहितवृत्त्या बध्नाति**' ભાવ નથી બાંધવાનો, પણ એ ભાવ શુભમાં એ બંધન થયા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વાંધા... વાંધા... વાંધા... અત્યારે તો કોણ જાણે શબ્દે, શબ્દે વાંધો ઉઠાવે છે હોં! એય...! પુણ્ય પ્રકૃતિ આમ, પુણ્ય પ્રકૃતિનું આમ છે. હવે એ પુણ્ય છે ઈ છે, સાંભળને હવે. પુણ્યની જેને મીઠાશ છેને મીઠાશ એને તો મિથ્યાત્વનું ઝેર છે. આહા..! આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એની મીઠાશ (છે) એને સ્વભાવની મીઠાશ નથી. આનંદમૂર્તિ પ્રભુ અનાકુળ શાંત ચિદાનંદ મૂર્તિ એનાથી શુભભાવ કે અશુભ બેય વિભાવ છે. વિભાવની મીઠાશ તેને સ્વભાવની મીઠાશનો અનાદર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હોય, ભલે મંદ કર્યો. મેં તો મીઠાશ કીધી છેને, મીઠાશ છેને એમાં? એનો સ્વાદ... સ્વાદ... આકુળતાનો સ્વાદ. આકુળતાનો સ્વાદ. એક જણાને પૂછ્યું કે એલા! સમ્યગ્દૃષ્ટિને અનુભવનો સ્વાદ હોય? કે નહિ, બિલકુલ ન હોય. એમ લખાણ હતું. બિલકુલ નહિ. બિલકુલ નહિ, સ્વાદ તો મુનિને હોય છે, સમ્યગ્દૃષ્ટિને તો હોય નહિ. એ તો એકલી આકુળતાને જ વેદે છે. આ શાસ્ત્રમાં એમ લખ્યું છે. એક જણાને પૂછ્યું હતું બિચારાએ કે ભાઈ આમ હોય કે નહિ? નિર્બંધ કહ્યા છે. ના નહિ, બિલકુલ નહિ એકલા બંધન જ છે. સમયસારના લખાણ બધા જયચંદ્ર પંડિતના ચોખ્ખા એ બધા તોડીને ખુબ લખ્યું છે. બધું ભર્યું છે અહીં. એટલી ઊંધાઈ. કોકે પૂછ્યું બિચારાએ સાધારણ. પણ આણે એનો અર્થ એવી રીતે (કર્યો). એ બધા આર્ષગ્રંથને માનનારા નથી. જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને, અવિરતીને આત્માનો સ્વાદ છે એમ માનનારા એ આર્ષગ્રંથોને માનનાર નથી. ઓલા તો બિચારાએ સામાન્ય પૂછ્યું હતું. અરે..! ભગવાન! કોણ જાણે ...

હમણા પ્રશ્ન હતો. એમ કહ્યું, શુદ્ધાત્માનું ધ્યાન ગૃહસ્થને બિલકુલ નથી હોતું, શુદ્ધનો સ્વાદ નથી આવતો, સ્વાદ તો પોતાની અવિરતદશા ગૃહ સંબંધી આકુળતાનો આવશે. એવું સિદ્ધ કર્યું છે. ભાઈ! કોઈ વખતે તો કહે. અરે..! સદાય નિરંતર આવું છે. પણ એ નહિ. સમ્યગ્દૃષ્ટિ કહે જહાં પર સ્વાનુભવ કહા ગયા હૈ વહ અનુભવકા અર્થ શ્રદ્ધા હૈ. એ પહેલા

કર્યો હતો. આવો જ કર્યો હતો. એનો અર્થ તો જ્ઞાન છે. અનુભવનો અર્થ બીજું કાંઈ ન ... ગૃહસ્થકો શુદ્ધાત્માકા (અનુભવ) હોતા હી નહીં હૈ. લ્યો! અવિરત સમ્યગ્દ્રષ્ટિ કો ઈન્દ્રિય સુખકા અનુભવ કરતા હૈ, અતીન્દ્રિય સુખકા અનુભવ નહિ હોતા. યદિ કોઈ પુરુષ યહ કહે ગૃહસ્થકો ભી નિશ્ચળ નિરાલંબ શુદ્ધ ધ્યાન હોતા હે. તો સમજના ચાહિયે કિ ઈસ પ્રકાર પ્રલાપ કરનેવાલા પુરુષ આર્ષગ્રંથોંકો હી નહિ માનતા. .... કરનેવાલેકો. એય..! આહા..હા..! એક કોરથી એ ધર્મધ્યાન નથી એમ કહે છે. સમજ્યાને? કોણ કહે? આવે છેને કોક શાસ્ત્રમાં. ધર્મધ્યાન જ નથી. પણ ભદ્ર અને ધર્મમાં ફેર શું પડ્યો? પંડિતજી કહેતા હતા બિચારા, બંસીધરજી નહોતા કહેતા? આ વાત તો ભાઈ કો'ક આત્મા ... આ કાંઈ એકદમ સમાજની સાથે મેળ ખાય (એવી નથી). એ તો પુણ્ય હોય એટલે ત્યાં સુધી ચાલે. બાકી આ વાત એકલો નિવૃત્ત પંથ, તદ્દન નિરાળો ચૈતન્ય શુદ્ધ જ્ઞાયક એની દૃષ્ટિમાં રાગ-બાગ કાંઈ સહાયક થાય એમ છે જ નહિ. સમજાણું કાંઈ? નિમિત્ત અકિંચિતકર એનામાં છે. આ વસ્તુ બેઠા વિના એક પણ ડગલું, શુદ્ધતાનું ડગલું નહિ આવે એને. સમજાણું કાંઈ? અહીં તો તીર્થંકર પ્રકૃતિવાળો સમકિતી લીધો. જુઓ!

મુમુક્ષુ :- ચોથે બંધાય.

ઉત્તર :- હા, ચોથે બંધાય. ચોથે, પાંચમે આદિ.

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો પિંડલો છે એ તો એકલો. આત્મા એટલે શુદ્ધ સ્વરૂપ, શુદ્ધ સ્વભાવનો પિંડલો. એક સમયની જરી અશુદ્ધતા વિકૃત્તિ છે તે એક સમયમાત્ર છે, બાકી તો આખો શુદ્ધ સ્વભાવનો પિંડ છે. પરમ સ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ. પરમાત્મ એટલે પરમ ચૈતન્ય સ્વરૂપ, પરમ ચૈતન્ય સ્વરૂપ, એકલો ચૈતન્ય પરમ સ્વરૂપ. એમાં રાગ, બંધ કાંઈ નથી. એવા ચૈતન્યની એકતાની દૃષ્ટિ થયા વિના એને ધર્મની શરૂઆત કોઈ રીતે થતી નથી. લાખ વાતની વાત. સમજાણું કાંઈ? શું થાય? આત્મા એને અંતરમાં કબુલાત ન આપે ત્યાં સુધી આ વાત નહિ... નહિ... આમ ન હોય... આમ ન હોય... આમ ન હોય... ... તીર્થંકર સમકિતી જીવ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ કહેને ઓલો ... એ વાત તો ઘણી વાર આવી ગઈ છે. એ તો એનું એ મૂક્યા કરે, નવું નથી એની પાસે હવે.

પાંચ પરમેષ્ઠિના ગુણસ્મરણ સમકિતી કરે એ ગુણસ્મરણમાં શુભભાવ આવે છે. પોતાના સ્વરૂપની એકતામાં શુદ્ધભાવ થાય છે. પરમેષ્ઠીના ગુણસ્મરણમાં તો શુભ વિકલ્પ જ છે, શુભ રાગ પુણ્ય જ છે. દાન, મુનિઓને દાન દેવા, ધર્માત્માને દાન સમકિતી (આપે) એ દાનમાં

શુભભાવ છે. કોઈ કહે કે દાન દેવાથી સંસારનો નાશ થાય છે. એમ નહિ, એમ કહે છે અહીં. દાન કીધુંને? અને પૂજા. ભગવાનની સાક્ષાત્ તીર્થંકરની સમવસરણમાં પૂજા કરતો હોય કે પ્રતિમાની પૂજા એ બધી શુભ ક્રિયા, દયા, ભક્તિ, સ્તવન, સ્તુતિ. સમજાય છે? શુભભાવ છે. સમ્યગ્દર્શનમાં ભાન છે કે આ શુભભાવ મારી ચીજ નથી. પણ એ ભાવ, વીતરાગ થયો નથી એટલે આવ્યા વિના રહેતો નથી. એટલે એ કરે છે એમ પણ વ્યવહારે કહેવાય. પરિણમે છે માટે. એનું ફળ ઘણી કર્મની સ્થિતિ હોય એ થોડી થાય છે. ઓલો કહે છે, અનંત સ્થિતિને છેદે છે. એમ આવ્યું હતું. અનંત સ્થિતિ હોય જ નહિ એને સમકિતીને. અંતઃ ક્રોડાક્રોડીની સ્થિતિ જ હોય. એમાં એ સ્થિતિ ઘટાડે શુભભાવમાં. શુદ્ધતાનું ભાન-સાન ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... શુભ રાગમાં સ્થિતિ કર્મની ઓછી થાય, મુદ્દત.

**'તીર્થંકરનામકર્મ ઉસકો આદિ લે વિશિષ્ટ (ખાસ) ગુણરૂપ પુણ્યપ્રકૃતિયોંકો...'** લ્યો! આહારક શરીરાદિ એવી એવી યશોકીર્તિ... સમજાય છે? ઊંચી પ્રકૃતિઓ એને .... **'અવાંછીક વૃત્તિસે બાંધતા હૈ.'** ઈચ્છા નથી છતાં એ બંધાઈ જાય છે. **'તથા કેવલ શુદ્ધાત્માકે અવલમ્બનરૂપ...'** જુઓ, સમજાણું? અહીંયા અવલંબન લીધું, ભાઈ! સમજાણું? ઓલા ત્રણેમાં અવલંબન-અવલંબન (હતું). શુભ પરિણામ, અશુભ પરિણામ, શુદ્ધ પરિણામ એ અવલંબન. કેવળજ્ઞાનાદિ શુદ્ધાત્મા કેવળ ભગવાન શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે એનું અવલંબન, એની દૃષ્ટિ અને એનો આચરણનો ઉપયોગ, શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ, શુદ્ધ સ્વભાવનો ઉપયોગ શુદ્ધ. સમજાણું કાંઈ?

**'કેવલ શુદ્ધાત્માકે અવલમ્બનરૂપ..'** એકલો આત્મા. અવલંબન ઓલું પંચપરમેષ્ઠીનું ન રહ્યું એમ કહ્યું. પંચપરમેષ્ઠીના ગુણસ્મરણનું અવલંબન તો શુભભાવમાં ગયું. મિથ્યાત્વ, અવ્રતાદિ જે કષાય પરિણામ છે તીવ્ર એ અશુભમાં ગયું. આ એકલો કેવળ એકલો પ્રભુ સ્વયં શુદ્ધ જ્ઞાનમૂર્તિ અનાકુળ શાંતરસનું પૂર એનું અવલંબન એટલે કે એનો આશ્રય. સમજાણું કાંઈ? એટલે કે એનો આધાર. એના અવલંબનરૂપ શુદ્ધ ઉપયોગ એમ પાછું. એ અવલંબનરૂપ શુદ્ધ કહ્યુંને? અહીં નાખ્યું પાઠમાં એમ છે. **'अवलम्बनेन शुद्धोपयोगेन'** એમ. સમજાણું કાંઈ? ઓલામાં ... કીધું હતું. .... દાન, પૂજાદિ સંસાર સ્થિતિ. સમજ્યાને? દાન, પૂજાદિ ... ત્યાં અવલંબન શબ્દ નથી પડ્યો. ગુણસ્મરણ નામ આવ્યુંને? એ આવ્યુંને અવલંબન? સમજાણું? પંચ પરમેષ્ઠીના ગુણસ્મરણ, દાન, પૂજાદિ ત્યાં અવલંબન થઈ ગયું. એટલે એમ થઈ ગયું. સમજાણું?

અશુભભાવમાં અશુભનું પરિણમન થયું આત્માને. એમ. અવલંબન એટલે. શુભમાં એનું ગુણસ્મરણ આદિ અવલંબન થયુંને એ અને શુદ્ધમાં આત્માનું અવલંબન થયું એમ. સમજાણું

કાંઈ? રહી ગયો એકલો ... ઠરવા માટે રહ્યો એકલો ઠામ આત્મા. એની અંતર ઠર્યો, કહે છે શુદ્ધ ઉપયોગ (થયો) એનાથી મુક્તિ છે, એનાથી સંવર-નિર્જરા અને મુક્તિ છે. બાકી અશુભથી બંધન અને શુભથી પણ બંધન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું?

**'ઉસી ભવમેં કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષકો પાતા હૈ.' 'केवलज्ञानाद्यनन्तगुण मोक्षं च लभते'** એટલે શુભભાવમાં એમ લીધું છે. **'ઈન તીન પ્રકારકે ઉપયોગોંમેંસે સર્વથા ઉપાદેય તો શુદ્ધોપયોગ હી હૈ,...'** ત્રણ પ્રકારના ઉપયોગમાં સર્વથા તો શુદ્ધ ઉપયોગ આત્માનું અંતર આચરણ, આત્મા તરફની દૃષ્ટિ થઈ તેનું આચરણ એકાકાર એ જ આદરણીય છે. જુઓ, ઉપયોગ આદરણીય છે એમ કીધું છે હોં! સર્વથા ઉપાદેય. પરિણામ છે શુદ્ધ ઉપયોગ. એ આદરણીય છેને? પ્રગટ કરવા લાયકનો અર્થ એ આદરણીય છે એમ. આદરણીય તો દ્રવ્ય સ્વભાવ છે, પણ દ્રવ્ય સ્વભાવ આ ત્રણ પરિણામની અપેક્ષાએ વાત કહેવી છેને? શુભ, અશુભ અને શુદ્ધ. સર્વથા ઉપાદેય. સમજાણું? પાઠમાં એ છે .... એટલે મુખ્ય છે. સર્વથા. ઓલું ગૌણ થઈ ગયું. સર્વ પ્રકારે ઉપયોગ ભગવાન આત્મા, બીજું ભૂલીને એક ભગવાનનો જે શુદ્ધ ઉપયોગ આત્માનો પોતાનો એ જ આદરણીય છે. સમજાણું કાંઈ?

**'અન્ય નહીં હૈ.'** સમજાણું? એટલે અભિપ્રાય નાખ્યું છે. **'ઔર શુભ, અશુભ ઈન દોનોંમેંસે...'** ખુલાસો કર્યો એ તો. **'અશુભ તો સબ પ્રકારસે નિષિદ્ધ હૈ,...'** ઓલા શુભને નિષિદ્ધ કીધું ખરુંને, અશુભ તો નિષિદ્ધ જ છે. **'નરક નિગોદકા કારણ હૈ,...'** અશુદ્ધ પરિણામ. મિથ્યાદૃષ્ટિ, રાગની એકતાબુદ્ધિ અને પાપના ભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ એ તો નરક અને નિગોદનું કામ છે. **'કિસી તરહ ઉપાદેય નહીં હૈ...'** કોઈ રીતે **'ઉપાદેય નહીં હૈ, હેય હૈ, તથા શુભોપયોગ પ્રથમ અવસ્થામેં ઉપાદેય હૈ,...'** એમ આવે છેને એટલે અશુભની અપેક્ષાએ શુભ તે ઉપાદેય છે. એટલે આવે છે એ અપેક્ષાએ. **'ઔર પરમ અવસ્થામેં ઉપાદેય નહીં હૈ,...'** એમ. આગળ જ્યાં શુભાશુભ પરિણામ રહિત થઈ ગયો ત્યારથી તેઓ **'હેય હૈ.'** લ્યો! સમજાણું કાંઈ? એ ૭૧ થઈ.

**'ઈસપ્રકાર ઈકતાલીસ દોહોંકે મહાસ્થલમેં પાંચ દોહોંમેં શુદ્ધોપયોગકા વ્યાખ્યાન કિયા. આગે પન્દ્રહ દોહોંમેં વીતરાગસ્વસંવેદનજ્ઞાનકી મુખ્યતાસે વ્યાખ્યાન કરતે હૈં'**

૧૯૯) दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तवेण।
जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण।।७२।।

**'णाणेण'** કીધું છે આ. **'દાનસે નિયમ કરકે પાંચ ઈન્દ્રિયોંકે ભોગ પ્રાપ્ત હોતે હૈં,...'** દાનનું ફળ. દાન દીધું એવું એને મળે અનુકૂળ. સમજાય છે? ખુલાસો કરશે. દાનથી નિયમથી

પાંચ ઈન્દ્રિયના ભોગ પ્રાપ્ત થાય છે. દાનથી મુક્તિ થાય છે એમ નહિ. પરંપરા કહેવામાં આવે. દાન કરે તો પરંપરા મુક્તિ થાય એમ ઓલું લખાણ આવેને. પરંપરા એ તો વ્યવહારથી વાત કરી છે. કારણ છે કે નહિ? કારણ છે કે નહિ? એમ કહે. કારણ વિના કાર્ય થતાં હશે? એમ કહે. વ્યવહાર કારણ કહ્યુંને? વ્યવહાર સાધન. આહા..હા..! જગતને સત્ય મળવું બહુ કઠણ, મોંઘુ પડી ગયું. માંડ-માંડ વખત, થોડો મળ્યો માંડ વખત, થોડો આ તો ક્યાં અનંત કાળમાં આ .. વર્ષ એટલે. આહા..હા..! કો'કે કહ્યુંને, જાધવજીભાઈને ઓલું થયું છે. સાંભળ્યુંને શેઠ! આમ પડ્યા હતા લ્યો. કોઈ ધણી કે ધોરી. અસાધ્ય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, થાયને. એ તો રસ્તામાં પડ્યા. શું કરે પણ દેહની સ્થિતિ થવાની એ કાળે ફરે છે કાંઈ? રસ્તામાં જ પડ્યો છે કે દિ'? ત્યાં બાયડી, છોકરા પાસે પડ્યો હતો (ત્યારે પણ) રસ્તામાં જ પડ્યો હતો, મફતનો માને છે કે મારા ઘરમાં છું. આહા..હા..! દિગ્વિજય ગુજરી ગયા દરબાર. એ તો પણ સ્થિતિ પૂરી થાય તો ચાલ્યું જાય. મોટા રાજા હોય કે ચક્રવર્તી હોય. એ જ્યાં સંયોગી સ્થિતિની મુદ્દત હોય છે કે સંયોગને ...પદાર્થમાં હોય છે? આહા..હા..! રાજા હો કે મહારાજ હો કે ચક્રવર્તી ઈન્દ્ર હો. ડોલ્યા, પૂરી સ્થિતિ થઈ એટલે ઉપડ્યા ડોલા. આહા..હા..! કહે છે કે ભાઈ! આવા થોડા કાળમાં આ કરી લેને. બાપુ! એ વાત કરી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. તો કરે.

ઉત્તર :- શું એની મેળાએ કરે? કોણ કરે? લ્યો! મરી જાવા કરે છે કાંઈક. શું કરતા હતા મરી જઈને. ધર્મ કર્યા.

અહીં તો દાનથી નિયમ કરીને. જુઓ, .. ની વ્યાખ્યા કહી. નિશ્ચયથી પાંચ ઈન્દ્રિયના ભોગ પ્રાપ્ત થાય છે એમ કહે છે. છેને? **'दाणिं लब्भइ भोउ पर' 'और तपसे ईन्द्र-पद मिलता है,...'** આ મુનિવ્રત પાળે, બાર વ્રત, પંચ મહાવ્રત પાળે, અહિંસા વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે. સમજાય છે? એ મુનિપણાથી તો ઈન્દ્રપદ મળે, પુણ્ય બાંધે તો. સમજાય છે?

મુમુક્ષુ :- .... એ વાત સાચી છે?

ઉત્તર :- એ સહસ્ત્ર ધર્મનો અર્થ શું છે? કે એ જાતનો રસ હોય છેને. તે હોય એમાં શું પણ એની સાથે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં.. દાન એવી આશાથી જે આપે છે એને તો પાપ બંધાય, એને તો ક્યાં પુણ્ય પણ બંધાય? એ તો કહે છે, ભગવાનની મૂર્તિ (સ્થાપે) એના પુણ્યો સરસ્વતી

પણ કહી શકે નહિ. એમ આવે. સમ્યગ્દૃષ્ટિ જીવ જિન પ્રતિમા, જિન મંદિર આદિની ભક્તિ કરે. સમજાય છે? બનાવે. બનાવે તો એની મેળે થાય શુભભાવ. એટલા પુણ્ય બાંધે કે જેને સરસ્વતી કહી શકે નહિ. એટલે કે આત્માનું ભાન છે અને એમાં પુણ્યનો ભાવ એવો થયો છે. ગુણાનુસ્મરણ ગુણ આદિનું ભાવ. એ પુણ્ય બંધાય ત્યારે એમ કહે, પણ એથી એ પુણ્ય આદરણીય છે એમ નથી. અને પુણ્યના ફળમાં ધૂળ મળે આ પૈસા-બૈસા તેથી કાંઈ આત્માને લાભ છે એમ છે નહિ. આકુળતા છે, ત્યાં લક્ષ્મીમાં જેટલી વૃત્તિ જાય એટલી આકુળતા છે. મફતનો હોંશિડો હોંશ કરે રાગની. પૈસાની. બીજાના પૈસા દેખીને હોંશ કરે કે ઓહો..! એ સુખી લાગે છે હોં! આપણે દુઃખી છીએ હોં! મૂઢને પણ માપ પણ કરતા આવડતા નથી. કોણ સુખી છે પણ જગતમાં? 'સુખીયા જગતમાં સંત દુરિજન દુઃખીયા.' એક આત્માના જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિવાળા સુખી છે, બાકી બધા દુઃખીયા છે. લક્ષ્મીના આશ્રયે સુખ કેવું?

અહીં તો કહે છે, મુનિપણું કદાચિત્ મિથ્યાદષ્ટિ હોય અને પાળે તો અહમિન્દ્ર આદિની પદવી મળે. ઉત્કૃષ્ટની વાત છે. ઈન્દ્ર, ... તો સમકિતી થાય. અને વીતરાગ સ્વસંવેદન. જુઓ '**णाणेण**' એમ લીધી છે વાત. એક આત્મજ્ઞાન વડે જ મુક્તિ થાય છે, બાકી કોઈ ઉપાય એનો છે જ નહિ. ભગવાન આત્મા જ્ઞાનનો સાગર છે. જુઓ, પાઠમાં '**णाणेण**' કહ્યું છે. અને એનો અર્થ કહ્યો કે ઓલા શુભાશુભભાવ રહિત, રાગ રહિત જ્ઞાન એમ. રાગ રહિતનું જ્ઞાન. સમજાણું કાંઈ? '**णाणेण**' ટીકામાં લીધું છે. '**तथा वीतरागस्वसंवेदनज्ञानसे...**' '**णाणेण**' એમ. એકલું જ્ઞાન એટલે? એમ જ્ઞાન-જાણે એમ નહિ. રાગ અને વિકલ્પ વિનાનું ચૈતન્ય જ્ઞાનાનંદ એનું જ્ઞાન. એટલે રાગ રહિતનું આત્માનું જ્ઞાન. આત્માનું જ્ઞાન હોય, રાગરહિત જ જ્ઞાન હોય. સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન હોય એ વિકલ્પ અને ઈચ્છા વિનાનું જ જ્ઞાન હોય. એને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. આહા..! એવા વીતરાગ સ્વસંવેદનજ્ઞાન.

એ વ્યાખ્યા પહેલા આપણે આવી ગઈ છે. ચોથે ગુણસ્થાનથી સ્વસંવેદનજ્ઞાન (હોય છે). પહેલા આવી ગઈ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી હોય છે એ. અહીંયા એકલો મોક્ષ કહેવો છેને? વિશેષ સ્થિરતા હોય અને આત્માની સ્થિરતા એકલું વીતરાગી જ્ઞાન ખુલી ગયું છે. ઓહો..! અંતરમાં પૂર્ણાનંદને લેવા અંદર ઝંખનામાં એકાગ્ર થઈ જશેને આનંદમાં. એવો વીતરાગી આનંદ એવું જે જ્ઞાન. વીતરાગી આનંદ એવું જ્ઞાન, એમ. સ્વસંવેદન. સ્વ એટલે પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન એવું જે આત્માનું જ્ઞાન.

'**जन्म-जरा-मरणसे रहित जो मोक्ष-पद वह मिलता है.**' ત્રણનો ખુલાસો કર્યો. શુભ દાનથી પુણ્ય મળે ભોગ ઈન્દ્રિયના, ઈન્દ્રિયના. અતીન્દ્રિય નથી એમાં એ. અશુભભાવથી,..

સમજાણું? અહીં તો શુભથી આ ભોગ મળે એટલું લીધું. અને બહુ તપ કરે તો એથી ઈન્દ્રપદ મળે એટલું. અશુભની અહીં વાત નથી લીધી. સમજાણું કાંઈ? ઓલામાં લઈ ગયા એ તો. આ પહેલી થઈ ગઈને એ? શુભના બે પ્રકાર પાડ્યા. દાનાદિમાં પાંચ ઈન્દ્રિયના ભોગ મળે અને મુનિપણાના વ્રતાદિ પાળે આત્મજ્ઞાન રહિત, આત્મદર્શન રહિત તો ઈન્દ્રપદ મળે. અને આત્મદર્શનસહિત એવો શુભભાવ હોય તો એ પણ ઈન્દ્રપદમાં જાય. પણ એ શુભભાવના ફળમાં જાય છે, આત્મજ્ઞાનના ફળમાં એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**वीतरागस्वसंवेदनज्ञानसे...**' '**जन्मजरणविवर्जितं**' જન્મવું અને મરવું એનાથી રહિત જે મોક્ષ છે એ મળે છે. લ્યો! સમજાણું? બેય ખુલાસો કરશે હોં!

'**ભાવાર્થ :- આહાર, અભય, ઔષધ ઔર શાસ્ત્ર ઈન ચાર તરહકે દાનોંકો યદિ સમ્યક્ત્વ રહિત કરે,...**' જુઓ! છેને? તિર્યંચો થાય છે. નહોતું કહ્યું? એક મુનિને આહાર આપતા હતા. ઋષભદેવ ભગવાનના જીવ... પૂર્વે મુનિને આહાર આપતા હતા જંગલમાં પતિ-પત્ની. ચાર જણા બેઠા હતા. સમજાણું ને? ભૂંડ, નોળ. શું કીધું? સિંહ અને વાંદરો. ચાર બેઠા હતા. તિર્યંચ બેઠા હતા આમ. મુનિને આહાર આપતા હતા. આહા..! એમ ઓહો..! એવો ભાવ થયો. ઓલા દેનાર એ પણ મિથ્યાદૃષ્ટિ હતા. એ મરીને જુગલિયામાં ગયા. જુગલિયા-જુગલિયા છેને? પતિ-પત્ની, બહેન-ભાઈ થાય. એ ત્યાં જન્મ્યા, છએ જણા જન્મ્યા. સમજાણું? મુનિને દાન આપતા હતા, સમ્યગ્દર્શન નહોતું, મિથ્યાદૃષ્ટિ હતા, પણ દાન આપ્યા એમાં ઓલા ચાર જણા પશુઓએ અનુમોદન કર્યું. આહા..હા..! છએ જુગલિયામાં ગયા. બસ! એનું ફળ એટલું.

'**ચાર તરહકે દોનોંકો યદિ સમ્યક્ત્વ રહિત કરે,...**' આહાર આપે, અભયદાન આપે, ઔષધ આપે, શાસ્ત્રદાન આપે લ્યોને. '**તો ભોગભૂમિકે સુખ પાતા હૈ,...**' ભોગભૂમિ એના કલ્પવૃક્ષો હોય છે એના ફળ એને મળે એમ. ત્યાં પછી મુનિઓ ત્યાં ગયા છે અને સમકિત પામ્યા છે. પણ આ કર્યું માટે સમકિત પામ્યા છે એમ નથી. છએ ગયા છે, એમાં મુનિ ઉપરથી ગયા છે અને ઉતર્યા છે નીચે. બોધ આપે છે. સમકિત ત્યાં પામે છે છએ જણા. સમજાણું કાંઈ? પણ માટે એમ નથી એનો અર્થ કે આ દાન આપ્યું માટે મનુષ્ય થયા માટે ત્યાં સમકિત પામવાની યોગ્યતા થઈ. સમકિત પામવાની યોગ્યતા તે કાળની એની હતી. તેના પોતાના પુરુષાર્થના .. સમજાણું કાંઈ? માટે આવું કરે માટે એ સમકિત પામશે એમ નથી.

મુમુક્ષુ :- ઉપદેશનો યોગ મળ્યો.

ઉત્તર :- ઉપદેશનો યોગ મળ્યો, પણ છતાં પુરુષાર્થ કર્યો ઈ. એ પુરુષાર્થ છે નવો.

એ કાંઈ ઉપદેશને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ, દાન આ બધા સાધન માટે નહિ. ઉપદેશ નિમિત્તને લઈને પામે તો ઉપદેશ અનંતવાર મળ્યો છે. કીધું, સમવસરણમાં ગયો. પોતાના અંતર ચૈતન્યના સહજ સ્વભાવના પુરુષાર્થથી સમકિત પામ્યા છે. કહો, સમજાણું કાંઈ? એ સમકિત રહિત હતા, પણ ભોગભૂમિમાં થયા.

**'તથા સમ્યક્ત્વ સહિત દાન કરે, તો પરમ્પરાય મોક્ષ પાતા હૈ.'** જુઓ! સમજાણું? **'सम्यक्त्वसहितेन तपसा तु यद्यपि निर्वाणं लभ्यते'** હવે એમાં બે ભેદ છે હોં! સમજાણું? **'तथापि देवेन्द्रचक्रवर्त्यादिविभूतिपूर्वकेणैव। वीतरागस्वसंवेदन-सम्यग्ज्ञानेन सविकल्पेन '** એમ. રાગ રહી ગયો હજી. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન છે, પણ રાગ રહી ગયો. ભાઈ! એમ છે શબ્દ. બહુ ખુલાસો નથી કર્યો, નથી કર્યો. બરાબર બેય જોઈએ. સમ્યગ્દૃષ્ટિને વીતરાગ સ્વસંવેદનજ્ઞાન છે, પણ હજી વિકલ્પ રહી ગયો છે તેનાથી દેવેન્દ્ર આદિ ચક્રવર્તી (પદ) પામે. એ તૂટીને નિર્વિકલ્પ થઈ જાય તો મોક્ષ પામે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૪, શુક્રવાર, તા. ૦૪-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૨ થી ૭૪, પ્રવચન-૧૧૮**

ભાવાર્થ ફરીને જુઓ. **'આહાર, અભય, ઔષધ ઔર શાસ્ત્ર ઈન ચાર તરહકે દાનોંકો યદિ સમ્યક્ત્વ રહિત કરે,...'** એ દાન. આહારદાન, અભયદાન, ઔષધદાન, શાસ્ત્રદાન એ આત્માના અનુભવ ને પ્રતીત ને ભાન વિના કરે **'તો ભોગભૂમિકે સુખ પાતા હૈ,...'** જુગલિયામાં બહારનો સંયોગ અનુકૂળ પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? ... એમાં ભોગભૂમિ નાખ્યું છે.

મુમુક્ષુ :- ભોગ-ઉપભોગ.

ઉત્તર :- ભોગ-ઉપભોગ .. બસ એટલું. પણ એનો અહીં ખુલાસો કર્યો ભોગભૂમિનો. **'તથા સમ્યક્ત્વ સહિત દાન કરે,...'** એટલે કે આત્માના શુદ્ધ સ્વભાવના ભાન,

દર્શન, જ્ઞાન અને અંતર પ્રતીતિ ભાન સહિત (કરે) '**તો પરમ્પરાય મોક્ષ પાતા હૈ.**' એટલે કે એને રાગભાગ છે એનું પુણ્ય બંધાશે અને પરંપરા પછી છોડીને મુક્તિ થાશે. '**સમ્યક્ત્વ સહિત દાન કરે, તો પરમ્પરાય મોક્ષ પાતા હૈ. યદ્યપિ પ્રથમ અવસ્થામેં...**' એમ ત્યાં લેવું. સમકિત સહિત તપ. જો કે પ્રથમ અવસ્થામાં એટલે સવિકલ્પ અવસ્થામાં. એટલો શબ્દ પડ્યો છે અંદર. સમજાણું કાંઈ? આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મસ્થિરતા. સ્વદ્રવ્યની સ્વથી પ્રતીત, સ્વદ્રવ્યનું સ્વથી જ્ઞાન, સ્વદ્રવ્યનું સ્વથી ચારિત્ર એવા આત્માના જ્ઞાન સહિત દાન કરે પહેલી વિકલ્પ અવસ્થામાં. કારણ કે વિકલ્પ જે આવ્યો તો એ '**દેવેન્દ્ર ચક્રવર્તી આદિકી વિભૂતિ ભી પાતા હૈ,...**' વિકલ્પ છેને શુભરાગ, એ સંયોગની પ્રાપ્તિ આપે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાભની વાત છે.

ઉત્તર :- લાભની ક્યાં વાત છે? અહીં તો શું થાય એની વાત છે. એ આત્મા અમૃતનું ઝાડ છે એકલું. અતીન્દ્રિય આત્મરસનો સાગર આત્મા, એ અતીન્દ્રિય આનંદને સ્પર્શીને જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટે એનાથી આત્માને મોક્ષનો અને માર્ગનો લાભ થાય. એક વાત છે. એનાથી વિરુદ્ધ જે વિકલ્પ છે એ ખરેખર અમૃતથી વિરુદ્ધ ઝેર છે. કહો, એક કોર ભગવાન આત્મા અમૃત અનાકુળરસનો કંદ, એક કોર એનાથી વિપરીત શુભભાવ આ વિકલ્પ જે કીધો ઈ. સમ્યગ્દૃષ્ટિને હોં! છેને પાઠમાં? '**सविकल्पेन यद्यपि देवेन्द्रचक्रवर्त्यादिविभूतिविशेषो भवति**' સમજાય છે કાંઈ?

એ રાગ છેને રાગ... લોકોને વાત એવી છે કે આમ મીઠાશ લાગે છે. બહારના સુખો... ચક્રવર્તી નામ આપ્યા ને મોટા. દેવેન્દ્ર, ચક્રવર્તી લ્યો! સમજ્યાને? દેવેન્દ્ર છે એનો ખ્યાલ આવે. દેવનો ઈન્દ્ર પોતે અંદરમાં એ ખ્યાલ ન આવે, કહો. ઠીક! આ ઠીક સાધારણ માણસ ...એય..! દેવેન્દ્ર થાય, શેઠીયા થાય ખબર આવે પાંચ દાડામાં લ્યો! કે આ બંગલા થયા, આ પૈસા થયા, ઢગલા થયા ધૂળના-સોનાના, ઝવેરાતના. એમાં આત્માને શું? આહા..હા..!

ઓહો..! અનાકુળ આનંદમૂર્તિ આત્મા, અનાકુળ આનંદસ્વરૂપ છે આત્મા. અમૃતનો કુંડ આત્મા એકલો અતીન્દ્રિય અમૃતસ્વરૂપ છે. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય દર્શન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ એટલે ચારિત્ર એનામાંથી નીકળેલી જેટલી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ એક જ આત્માના સ્વભાવને શાંતિ આપનાર અને મુક્તિને આપનાર છે. આ એક વાત છે. વચમાં એને શુભરાગ આવે છે સવિકલ્પ દશામાં, પૂર્ણ વીતરાગ નથી એટલે, એટલે કહે છે કે એને અજ્ઞાનીને જે કંઈ મળે એ અજ્ઞાનીને એમ કહ્યું કે ઓલા જુગલિયાના ભોગ મળે એમ કીધું. સમજાણું? આમાં એટલો ફેર પાડ્યો કે સમ્યક્ આત્મ ભૂમિકામાં રાગનો આદર

નથી અને રાગ એવો આવે છે એના ફળમાં ઈન્દ્ર ને નરેન્દ્ર ને ચક્રવર્તી થશે. સમજાણું કાંઈ? બીજી વાત નથી. ભાઈ! વાત તો આ છે. આહા..હા..!

અરે..! તારે સ્વતંત્ર થવું હોય તો ભાઈ! એ સ્વતંત્રતાનો માર્ગ જ એક આ છે. ભગવાન આત્મા અંતર સ્વરૂપ મહાન ચૈતન્ય પદાર્થ એનું અવલોકન, શ્રદ્ધા ને જ્ઞાન તે જ વસ્તુ એ મોક્ષનો માર્ગ છે. આનંદનું કારણ એ અને આનંદસ્વરૂપ એ. આ તો વિકલ્પ આવ્યો એ બીજાના વિકલ્પ કરતાં સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં રાગ આવે-વિકલ્પ શુભભાવ એના ફળની વિશેષતા, બીજા કરતા વિશેષતા છે એટલું બતાવવા દેવેન્દ્ર, ચક્રવર્તી આદિની વિભૂતિ (પામતો) દેખાય છે. આત્મા પોતે અનંતગુણની વિભૂતિ પ્રભુ આત્મા જ છે. આહા..! આ સ્વતંત્ર સુખી થવાનો ઢંઢેરો એને ન ગોઠે અને રાડો પાડે, શું કરે? ભાઈ! સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં સુખરૂપ ભગવાન આત્મા લીધા વિના કોઈ દિ' ત્રણ કાળમાં તારા સ્વતંત્રતાની શાંતિનો પોકાર નહિ ઉઠે અંદરથી. લાખ વાતની વાત કરે અનંત અનેક હોય. લ્યો! સમજાય છે કાંઈ?

કહે છે કે ભાઈ! પહેલી અવસ્થામાં વીતરાગી સ્વસંવેદનજ્ઞાન પૂરું ન હોય. શું કીધું? પહેલી દશામાં ચોથે, પાંચમે, છઠ્ઠે વીતરાગી, અંતર વીતરાગી આત્માનું જ્ઞાન, વીતરાગી આત્મદૃષ્ટિ, વીતરાગી સ્થિરતા એવી પ્રથમ ભૂમિકામાં પૂર્ણ ન હોય એથી ત્યાં એક છે વિકલ્પદશા, દાન, ઔષધ, આહાર આદિ મુનિને કે ભક્તિ આદિના ભાવ આવે છે, હોય છે, થાય છે. એના ફળ તરીકે સંયોગી ભાવ છે માટે તેના ફળ તરીકે દેવેન્દ્ર ચક્રવર્તી આદિની વિભૂતિ એ સંયોગની વિભૂતિ મળશે. આહા..હા..! પણ એને માણસને એ જ્યાં છે ત્યાં એને મજા આવે છે. દેવેન્દ્ર ચક્રવર્તી એની જેને મીઠાશ છે એને તો મિથ્યાદૃષ્ટિપણું છે. એને તો આ વિકલ્પ પણ આવો ન હોય અને એને ફળ પણ આવા ન હોય. શું થાય? વસ્તુ જ આમ છે ત્યાં ત્રણ કાળમાં બીજું થાય શું? સમાજને કે લોકોને રુચે કે ન રુચે પણ માર્ગ તો આ છે. એ દેવેન્દ્ર ચક્રવર્તીની વિભૂતિ સાંભળીને એને અંદર રસ આવે છે કે આહા.. એને તો એ સમ્યગ્દર્શન જ નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? આહા..હા..! અરે..! ભગવાન અનાકુળ આનંદનો અનાદર કરીને ઉત્પન્ન થયેલો રાગ એના ફળનો આદર માને. સમજાણું કાંઈ? એ વેરીને વળાવવા જાય. આવજો ફરીને હોં! ભાઈ! બાપના માથા કાપનારને વળાવવા જાય. આવજો ફરીને બીજા માથા કાપવા. એમ હશે? આહા..હા..!

અહીં તો કહે છે પ્રભુ! સાંભળ બાપા! આ અનંત કાળના દુકાળ ટાળવા હોય તો આ માર્ગ છે. બાકી તો દુકાળ, એની પર્યાયમાં દુકાળ છે. આહા..હા..! શુભ અને અશુભ રાગની મીઠાશ, એના ફળની મીઠાશ, બાપુ! તારા સુકાળના ઝાડ સુકાઈ ગયા છે. ભાઈ! આહા..હા..! અરે.. દુનિયા! દુનિયા દુનિયાને ઘરે રહી. એમને એમ અનાદિથી ચાલે છે, એ કાંઈ કોઈનું

ચાલ્યું અટકાવે એમ છે? તીર્થંકરો થયા તોપણ અટકાવી શક્યા નથી. સમજાણું?

કહે છે કે પ્રભુ! પણ સાંભળને ભાઈ! એ તારું સત્યપણું, સત્યપણું તો આ છે. સત્યપણું તો ભગવાન ચિદાનંદ પ્રભુ, અરે..! એના માહાત્મ્ય ન આવે અને રાગના અને ફળના માહાત્મ્ય આવે એને આવી વિકલ્પ દશા હોય નહિ. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે સમકિત સહિત જો હોય, વીતરાગ સ્વસંવેદન જ્ઞાન સહિત એવા વિકલ્પો જે હોય એના ફળ તરીકે, સત્ય ભૂમિકામાં બંધાયેલું પુણ્ય છે એના ફળમાં, મિથ્યાદૃષ્ટિના પુણ્ય કરતાં આના પુણ્યમાં પણ વિશેષ ફેર છે. એટલું બતાવવા અહીં ઈન્દ્રપદ ને નરેન્દ્ર ને ચક્રવર્તીની વાત કરી છે. એ સમ્યગ્દૃષ્ટિને તો એ જે ભાવે બંધાય એ ભાવનો જ આદર નથી, તો એના ફળનો આદર હોય (એમ) કેમ થાય? આહા..હા..! ભારે માર્ગ બાપા! ઓહો..! સમજાણું કાંઈ?

'**તો ભી નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનકર મોક્ષ હી હૈ.**' એટલે શું કીધું? એ વિકલ્પ છે બાકી, એને તોડીને તદ્દન નિર્વિકલ્પ વીતરાગદશા કરે તો મોક્ષ થાય. સમજાણું કાંઈ? વસ્તુ પરમાત્મા પોતે જ પરમ સ્વરૂપે ભગવાન આત્મા છે, એના પરમ સ્વરૂપનું અંતર દૃષ્ટિમાં અંદર આદર થઈ, અનુભવ થઈને જેટલા દૃષ્ટિ, જ્ઞાન ચોખ્ખા થયા, એમાં સ્થિરતા પણ થોડી થઈ, પણ હજી વિકલ્પ બાકી રહ્યો છે એથી આવું પામે છે. એ તૂટીને એકલો નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ શુદ્ધ થઈ જાય. બસ! આ વાત કરે છે.

ત્રણ વાત કરી, ત્રણ વાત થઈ. કઈ ત્રણ? આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુનો આદર નથી, દૃષ્ટિ નથી, જ્ઞાન નથી, મિથ્યાદૃષ્ટિ છે, અસત્ય દૃષ્ટિ છે, સત્યની દૃષ્ટિ નથી, અસત્ય દૃષ્ટિ વિકલ્પ આદિ મારા. એ દૃષ્ટિમાં આહાર, ઔષધ આદિ આપે એના ફળમાં ભોગભૂમિ જુગલિયા માણસ થાય. અને આત્માના અંતર દૃષ્ટિના ભાન સહિતમાં ભૂમિકા ઓછી છે પૂર્ણ વીતરાગની નથી એથી એને શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. બહુમાન દેવ-ગુરુ-શાસ્ત્રનું એવો જ એને નિમિત્ત વિકલ્પ એવી જાતનો જ હોય. સમજાય છે? એવા વિકલ્પના ફળમાં દેવેન્દ્ર અને ચક્રવર્તી, તીર્થંકર આદિની પદવી એને હોય છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એવી સવિકલ્પ દશામાં હોવા છતાં જો એ વિકલ્પ તોડીને પોતે સ્થિરતામાં નિર્વિકલ્પ વીતરાગતા થાય. દૃષ્ટિ અને જ્ઞાનમાં તો એ આદર એ જ છે, પણ જ્યાં રાગ બાકી છે તો આમ થાય, રાગ છૂટીને નિર્વિકલ્પ ત્રણે ચારિત્ર (આદિની) વીતરાગ દશા થઈ જાય, તો મોક્ષ થાય. બહારચલો થા આત્માના ભાન વિના તો, કહે છે કે આ મનુષ્ય આદિના ભોગ મળે શુભભાવમાં. સમ્યગ્દર્શન સહિત પણ જેટલું બહારચલો અસ્થિરતા રહે એનું આ ફળ. પૂર્ણ અંતરમાં ચાલમાં ગતિ પોતાની થઈ ગઈ વીતરાગતા, તો જે છે એ મળી ગયું. મોક્ષ દશા પૂર્ણ થઈ ગઈ. આ વાત છે. સમજાણું કાંઈ? દેખાયને આ, કહે છે. શું દેખાય

પણ? દેખવું એટલે શું? દેવેન્દ્ર...

મુમુક્ષુ :- એ તો શરીર ન દેખાય.

ઉત્તર :- શરીર ન દેખાય. દેવેન્દ્ર આમ બેઠા હોય, સિંહાસનમાં ઈન્દ્ર બેઠા હોય. આમ હુકમ થાય, આ થાય, પણ એ ઈન્દ્ર પોતે જ (પોતાને) માનતો નથી. પોતે એને સુખ માનતો નથી, એના વિકલ્પનો અને સહાયક વૃદ્ધિનો આદર અંતરમાં નથી. જે દુનિયા એને દેખે એનો એને આદર નથી. દુનિયા ન દેખે એવા આત્માનો અંદર દૃષ્ટિમાં આદર છે. દેખવું કોને કહેવું? આહા..હા..! સમજાણું કાંઈ?

આત્માના અતીન્દ્રિય આનંદના, અતીન્દ્રિય આનંદ પ્રભુ આત્મા છે એના સ્વાદ આગળ વિકલ્પ આવી ગયો ખરો, અપૂર્ણ હતો એટલે, ફળમાં એ ત્યાં ગયો. આનંદ ઉપર દૃષ્ટિ છે એની. એ ફળમાં લોકો એમ કહે કે ધન્ય, ધન્ય ઈન્દ્ર અવતાર! ધન્ય મહારાજ! અસંખ્ય દેવના સ્વામી ક્યા પુણ્ય કરીને આવ્યા, અમારા સ્વામી! ત્યાં ઓલો અંદર સમજે છે કે એ પુણ્ય એ અમારું સ્વરૂપ નથી અને આ ફળ એ અમારું સ્વરૂપ નથી. અમને એમાં મીઠાશ નથી. આહા..હા..! આ તે કાંઈ આંતરા! એ અંતર દૃષ્ટિથી આંતરા દેખાય કે બહારથી દેખાય? સમજાણું કાંઈ?

**'યહાં પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા, કિ હે ભગવન્, જો જ્ઞાનમાત્રસે હી મોક્ષ હોતા હૈ,...'** આપે તો જ્ઞાનમાત્રથી મોક્ષ કહ્યો. **'તો સાંખ્યાદિક ભી એસા હી કહતે હૈં,...'** સાંખ્યમત આદિ, અન્ય મતો એમ જ કહે છે. જ્ઞાનમાત્રથી મોક્ષ થાય... જ્ઞાનમાત્રથી મોક્ષ થાય. **'જ્ઞાનસે હી મોક્ષ હોતા હૈ, ઉનકો ક્યોં દૂષણ દેતે હો? તબ શ્રીગુરુને કહા– ઈસ જિનશાસનમેં...'** સાચા વીતરાગમાર્ગની અંદર **'વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કહા ગયા હૈ,...'** વિશેષણ અહીં છે—સમ્યક્ અને વીતરાગ. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કહ્યું છે. આત્મા **'સો વીતરાગ કહનેસે વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ,...'** દેખો! સ્વરૂપ.. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન સમ્યક્ એટલે કે આત્મા મહાન અનંત સાગર શાંતિનો પ્રભુ એની અંતર દૃષ્ટિ થઈ છે તે સમ્યક્ છે, એનું જ્ઞાન થયું તે સમ્યક્પૂર્વક છે અને એમાં સ્થિરતા થઈ છે તે રાગ રહિત છે. એવા ત્રણને ત્યાં નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદન કહેવામાં આવે છે. ઓલા અન્ય તો એકલું જ્ઞાન-જ્ઞાન, જાણપણું-જાણપણું (કહે છે). પણ જાણપણું પણ એને સમ્યક્ અને વીતરાગ, એ બે બોલ હોતા નથી. સમજાણું કાંઈ?

શું કીધું? **'વીતરાગ કહનેસે વીતરાગચારિત્ર ભી આ જાતા હૈ,...'** એટલે કે જ્ઞાન સ્વરૂપ આત્મા પોતાનું જ્ઞાન એમાં પાછું રાગ રહિત સ્થિરતા. ત્યારે વીતરાગ ચારિત્ર એ

સમ્યક્જ્ઞાનમાં આવી ગયું. **'ઔર સમ્યક્ પદકે કહનેસે સમ્યક્ત્વ ભી આ જાતા હૈ.'** એક જ્ઞાન કહેવામાં બેય આવી ગયા—ચારિત્ર અને સમ્યગ્દર્શન. આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી મોક્ષ થાય એમ કહેતા ત્રણે બોલ આવી ગયા. શુદ્ધ સ્વભાવ પરમાત્મા પોતે એનું સમ્યગ્દર્શન-સાચી અંતર અનુભવજ્ઞાન થઈને પ્રતીતિ અને તેનું જ્ઞાન અને તેમાં રાગ રહિત સ્થિરતા, એ ત્રણ મળીને વીતરાગી સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે. એવું સાંખ્યમતિ કે અન્યમતિમાં હોતું નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

આવું જ્યાં હોય ત્યાં, ઓલો વિકલ્પ કહ્યો હતોને? વિકલ્પ સવારે જે કહેવાય છેને દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, નવ તત્ત્વના ભેદો સાચા, એના વિકલ્પની એવી જ વ્યવહારુ શ્રદ્ધા એને હોય છે. એ જ એને નિમિત્ત તરીકે અનુકૂળ છે, વ્યવહાર તરીકે અનુકૂળ છે. નિશ્ચય તરીકે આત્માની દશા અનુકૂળ છે. વ્યવહાર તરીકે જે કહ્યા નિર્ગ્રંથ ગુરુ, વીતરાગ સર્વજ્ઞદેવ, સર્વજ્ઞના કહેલા શાસ્ત્રો અને જે કંઈ નવ તત્ત્વ ને સાત તત્ત્વના સ્વરૂપે જે કહ્યું તે, એ રીતે એની શ્રદ્ધાના શુભ વિકલ્પમાં એવું એને હોય છે. એ એને અનુકૂળ એટલે વ્યવહારથી અનુકૂળતા છે. એનું આ ફળ બંધાઈ જાય છે આવું. સમજાણું કાંઈ? વ્યવહારે અનુકૂળ એનું વ્યવહાર ફળ આવી જાય છે આ બહારનું.

અરે! પરાધીનપણું એને કેમ ગોઠે છે? સ્વાધીનપણાની વાત ગોઠતી નથી અને પરાધીન... પરાધીન... પરાધીન... આહા..હા..! આ અમારે રાગ ફળશેને? અમને રાગના ફળ મળશેને? આ તો બધી પરાધીનતા છે. સ્વાધીનતા-જંજીર બંધનમાંથી છૂટવાની વાત એને ગોઠે નહિ અને બંધની વાત ગોઠે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંદર, એ આત્મા એને કહીએ કે અતીન્દ્રિય અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદનો કંદ તું જ ચૈતન્ય સરોવર છે. આહા..હા..! એવો ભગવાન સ્વતંત્ર થવાને માટે એવી એની પોકાર દૃષ્ટિ, સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન, સ્વભાવની સ્થિરતા. બસ! આ જ એટલું ... મારો. એ ન રુચે અને ઓલો પરાધીન આ (બહારનું રુચે). અહીં કહે છે કે છેદ, છેદ. વચ્ચે વિકલ્પ વ્યવહાર પૂર્ણ ન થાય ત્યાં આવે છે. એ છેદને હોંશમાં ખતવી નાખવું (એને) વસ્તુની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પરમાત્મા પોકારે છે.

જુઓ, આ પરમાત્મા છેને પોતે. સ્વરૂપ પરમાત્મ છે. પરમાત્મપ્રકાશ છે. એના નિમિત્તમાં પરમાત્મા જ હોય સાચા શ્રદ્ધામાં. સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન. નિર્ગ્રંથ ગુરુ ત્રણ કષાયનો અભાવ, સંત દિગંબર મહામુનિ વનવાસી, એ મુનિ દિગંબર મુનિ જેના શ્રદ્ધામાં-વ્યવહાર શ્રદ્ધામાં એ મુનિને જ પોતે વ્યવહારમાં માને. એવો જ વિકલ્પ એને નિમિત્ત તરીકે અનુકૂળ છે. છતાં એ અનુકૂળ નિમિત્તનું ફળ સંયોગ અનુકૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમજાય છેને? ગુણવંતભાઈ! આ તો સમજાય એવું છે હોં. સાદી વાત છે હોં! ઓલા બધા પૈસા-બૈસાની કાંઈ આમ વાત ન મળે ક્યાંય. આહા..હા..! આ તો માટી છે, બાપા! ધૂળ જમીનની. આ જ્યાં ઘસાણું અને કાંઈક થયું, મોટર સાથે ભટકાણો. સાજો રહે તોપણ મરવા જેવો રહે. યાદ આવતું નથી. શું થઈ ગયું? કહો, મલૂકચંદભાઈ! એ.. ગયા છેને ... વકીલ અમરેલી. કોઈનો ધક્કો લાગ્યો. ભૂલી ગયા, બધું ભૂલી ગયા. જીવ્યા તોપણ આ બધું ગયું, હવે મારા મર્યા પછી તો શું થાય? હાય.. હાય..! સમજાણું કાંઈ? મકાન એ તો મોટા પથરા, કાળા પથરાના મકાન કર્યા છે મોટા. છે કે નહિ? છેને ખબર છેને, ઘણા વર્ષથી. કાળા મજબૂત પથરાના મકાન. પથરા પણ કામ આવ્યા નહિ, પૈસા કામ આવ્યા નહિ, છોકરા કામ આવ્યા નહિ, વકીલાત કામ ન આવી. ઈ વળી ભારે. વકીલાત કરતા હોં! હોશિયાર માણસ આમ એ જાતનો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ... છે? આ રહે ને ભાઈ તો ત્યાં રહે છેને પ્રવિણભાઈ. સમજાણું કાંઈ? આહા..હા..! અમે તો ૮૬માં હતાને. તે પહેલા મકાન છે એ, ત્યાં જાતા ખરાને. આ છોકરો આવડો હતો વર્ષનો. આ પ્રવિણ છેને. ઘોડીયામાં હતો ત્યારે. આહા..હા..! સપના જેવા લાગે છે સપના, આ તે શું હશે! ચાલીસ ચાલીસ વર્ષની, પચાસ વર્ષની વાતું કરે, આમ લાગે સપનું. આ શું થઈ ગયું?

અનાદિ અનંત ભગવાન આત્મા. આહા..હા..! કહે છે ભગવાન! તારા સ્વભાવનું માહાત્મ્ય છોડીને માહાત્મ્ય કરીશ નહિ બીજું, હોં! જો બીજાના માહાત્મ્ય કર્યા તો રખડવું મટશે નહિ. રખડવું અને દુઃખી થવું મટશે નહિ, ભાઈ! માર્ગ તો આ છે ભાઈ! કહો, ભીખાભાઈ! ક્યાં ગયા હીરાભાઈ? ગયા હશે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જ્ઞાનસે હી મોક્ષ હૈ...**' એમાં એક દાખલો આપ્યો છે. જુઓને, એ વીતરાગતા અને સમ્યક્તા બે સહિતનું જ્ઞાન તેને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. એકલું ભણતર-ફણતર એ જ્ઞાન નહિ. કહેશે આગળ. શાસ્ત્રનું ભણતર એ જ્ઞાન મોક્ષનું કારણ નહિ. એ આના પછીમાં જ્ઞાન કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા વસ્તુ અખંડાનંદ પ્રભુ એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એની શાંતિ, સ્થિરતા. એમાં સમ્યક્તા અને વીતરાગતા બેય આવી ગઈ. આ એકાંત લાગે છે માણસને, હોં! એમ લાગે છે એને કે આ એકાંત (છે). પણ ઓલું વ્યવહાર જોડે હોય એનાથી કાંઈક... કાંઈક... કાંઈક... મદદ મળે. એટલે એને એમ થાય કે તો અનેકાંત કહેવાય. આ વાંધા છે આખા લ્યો! મોટા. એનાથી મળે નહિ, આનાથી મળે અને એનાથી મળે નહિ. ત્યારે અનેકાંત કહેવામાં આવે

છે. વસ્તુ આમ છે. સમજાણું આમાં કાંઈ? કહે છે, આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન, આત્મા વસ્તુ નિર્વિકલ્પ આનંદ, એનું જ્ઞાન, શ્રદ્ધા અને વીતરાગતા એ એક જ મોક્ષનું કારણ છે. બાકી જેટલો વિકલ્પ વચ્ચે આવે એ તો રાગ છે. સમ્યગ્દષ્ટિને રાગ છે, અજ્ઞાનીને રાગ થાય તો ઓલું મળે, જ્ઞાનીને રાગ હોય તો દેવેન્દ્ર અને ચક્રવર્તીની પદવી થઈને પછી મુક્તિ થશે. રાગનો અભાવ કરીને વીતરાગતા થશે ત્યારે મુક્તિ થશે.

'**જૈસે એક ચૂર્ણમેં અથવા પાકમેં અનેક ઔષધિયાં આ જાતી હૈં,...**' એક ચૂર્ણમાં અનેક ઔષધિ હોય છે. '**પરંતુ વસ્તુ એક હી કહલાતી હૈ,...**' વસ્તુ એક જ કહેવાય છેને. ગોળી કહો કે જે જે કાંઈ કહેતા હોય એ. '**ઉસી તરહ વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે કહનેસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર યે તીનોં આ જાતે હૈં.**' જુઓ, બદામ અને પિસ્તાનું ચુરમું કરેને, કહેવાય કે ચુરમું ટાઢું છે. ઉનાળામાં કરે છે લ્યો. ત્રણ વસ્તુ આવી ગઈને બદામ, પિસ્તા, સાકર. ... લીલાગરી હોય છે. એમ અહીં કહે છે '**વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે કહનેસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર યે તીનોં આ જાતે હૈં.**' લ્યો! આ ત્રણે નિશ્ચયની વાત છે, હોં! વ્યવહાર તો ઓલા વિકલ્પમાં જાય છે. આહા..હા..! સ્વતંત્રતાની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એની સામે હુમલો (કરે) કે નહિ, અમારે સ્વતંત્ર નહિ. પરતંત્રતાના રાગથી કાંઈક લાભ કહો, શુભ રાગથી આત્માને લાભ કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવી વાત કરે કાંઈ? એ તો ઊંધી મારીને બીજી રીતે કરેને. એનાથી હવે લાભ થશે, ભલે સમ્યગ્દર્શન ન હોય પણ આવી ક્રિયા કરતાં-કરતાં, રાગ કરતાં-કરતાં હવે મોક્ષ થશે. હવે મોક્ષ નહિ થાય, બાપા! તારા રાગથી આ .. મળશે કદાચ, શુભરાગ સરખો હોય તો, પણ છે સંસાર. આ પણ શુભરાગનું ફળ તો સંસાર જ કીધું. દેવેન્દ્ર અને ચક્રવર્તી. ઉદયભાવનું ફળ શું હોય? સંયોગ હોય. સ્વભાવ હોય? પરમ ભગવાન પારિણામિકસ્વરૂપ પ્રભુ એની અંતર અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ એક જ સંવર, નિર્જરા અને એ મોક્ષનો માર્ગ.

'**સાંખ્યાદિકકે મતમેં વીતરાગ વિશેષણ નહીં હૈ,...**' એમાં સમ્યક્ વિશેષણ નથી. સમ્યગ્દર્શન નથી, આખી ચીજ શું છે એની પ્રતીત નથી અને રાગ રહિત અભાવ, રાગનો અભાવ થવો એ નથી. રાગનો અભાવ થવો એ નથી, આખી ચીજની પ્રતીત એ નથી, વચલી એ જ્ઞાનની વાતું કરે છે, એમ કહે છે. શું કીધું? કે આખી ચીજ અખંડ પ્રભુ આત્મા એની દૃષ્ટિ જે સમ્યક્ થવી જોઈએ એ સમ્યક્ નથી અને આમ રાગનો અભાવ નથી, આ બાજુમાં રાગનો અભાવ નથી. એક જ્ઞાનની વાત કરી એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન

રાગવાળું જ્ઞાન એમ. સમજાણું કાંઈ? આ તો સમ્યગ્જ્ઞાન રાગ વિનાનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કે નહિ?

**‘સાંખ્યાદિકકે મતમેં વીતરાગ વિશેષણ નહીં હૈ, ઔર સમ્યક્ વિશેષણ નહીં હૈ, કેવલ જ્ઞાનમાત્ર હી કહતે હૈં,…’** જ્ઞાન… જ્ઞાન… જ્ઞાન… પણ જ્ઞાન તે ક્યું જ્ઞાન? કોનું? વસ્તુ જે એક સમયમાં અખંડ દ્રવ્ય એક પરિપૂર્ણ પોતે છે એની સમ્યક્ પ્રતીતિવાળું જ્ઞાન એ તો કહેતા નથી. અને પરથી રાગના અભાવવાળું જ્ઞાન, રાગના અભાવવાળું (ને) આમ સમ્યક્ પ્રતીતિવાળું એ તો કહેતા નથી. એકલું જ્ઞાન-જ્ઞાન (કહે છે). પણ એકલું જ્ઞાન એટલે શું? સમજાય છે? વસ્તુ છે એની પ્રતીતિ સમ્યક્ આવી નહિ અને વસ્તુમાં પરના લક્ષે જે રાગ થાય છે. એ રાગનો અભાવ થયો નહિ. હવે એ જ્ઞાન મોક્ષનું કારણ શી રીતે હોય? એ જ્ઞાન જ મિથ્યા છે. સમજાણું કાંઈ?

**‘સો વહ મિથ્યાજ્ઞાન હૈ,…’** જુઓ! છેને? **‘કેવલ જ્ઞાનમાત્ર હી કહતે હૈં, સો વહ મિથ્યાજ્ઞાન હૈ, ઈસલિયે દૂષણ દેતે હૈં,…’** સમ્યક્તા આવી નહિ, અરાગતા આવી નહિ. એટલે કે સત્યતા આવી નહિ, અરાગતા આવી નહિ. સત્યતા આવી નહિ.. વસ્તુ જે અખંડ પૂર્ણ છે એની દૃષ્ટિ થવી એ સમ્યક્ સત્ય છે. સત્યતા, સત્યનો સ્વીકાર એ આવ્યું નહિ. રાગ રહિત આવ્યું નહિ તો એકલું જ્ઞાનમાં સત્ય વિના, રાગવાળું જ્ઞાન એ મોક્ષનું કારણ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- …

ઉત્તર :- હોય છે. માને. આહા..! એ તો બધી વાતું. નામ આપવામાં ક્યાં વાંધો હતો? કેવળજ્ઞાન? ક્યાં? હશે. બધા ઘણા હોય નામ. કાંઈ ન મળે ભાન. …. આગ્રામાં છેને મોટું મકાન સાડા ત્રણ કરોડનું તે દિ’ હતું. ૨૦૧૩ની સાલમાં ગયા હતા. સાડા ત્રણ કરોડનું. રાધા-સ્વામી. દયાલબાગ. ગપેગપ. બીજા કહેતા કે કબીરથી આ માર્ગ જુદો, ફલાણાથી આ માર્ગ જુદો. એવા લેખ લખેલા. પણ વસ્તુ કોણ? સત્યતા શું? સત્ય-સત્ય શું? સત્ય આખું થઈને સત્ય કે તું એકલો આખો સત્ય? એમ છે ક્યાંય? સમજાણું કાંઈ?

સત્ય એટલે શું? સત્ય એ પરમેશ્વર. તો કેટલું સત્ય? અનંત ગુણરાશી પ્રભુ એ પોતે સત્ય છે. સમજાણું? એ સત્યની પ્રતીતનું અંતર ભાન તેને સમ્યગ્દર્શન છે. એ વિના સમ્યક્.. સત્ય વિના જ્ઞાનને સત્ય થવું શી રીતે થાય? સમજાણું કાંઈ? આખા બધાને સત્ય સ્વીકારે એ સત્ય નથી. એમ સત્ય છે જ નહિ. સમજાય છે? અને એક અવસ્થાને સ્વીકારે એ સત્ય નથી. એક જ ગુણને સ્વીકારે એવું સત્ય નથી.

અનંત ગુણનો પિંડ ભગવાન આત્મા એવું સત્ છે. એની અંતરમાં પ્રતીતિ સ્વસન્મુખની,

એનું જ્ઞાન તો રાગ રહિત થઈ ગયું. આ બાજુ ઢળ્યું એટલે આમ રાગ રહિત થયું. એવું સમ્યગ્જ્ઞાન તે મોક્ષનું કારણ વીતરાગમાર્ગમાં કહેવાય છે. અન્યમાં એ વાત હોતી નથી. વાતું ભલે જ્ઞાનની કરે ને આમ કરે ને બધી. નિર્વિકલ્પની કરે અને અનુભવની કરે. સમજાણું?

આજ વિરોધ આવ્યો છે રજનીશનો સ્થાનકવાસીમાં. ... બધા ભરમાઈ જાવ નહિ, વીતરાગમાર્ગ કરતાં વિરુદ્ધ છે એમાં. એ કો'કનો લેખ છે. ઘણા જૈનો એમાં.... એક જણાએ લખ્યું છે. જૈનશાસન પ્રમાણેની એની એકેય વાત નથી. ગપેગપ ચાલે છે. દુનિયા કોણ જાણે આવી... બધું ચાલે દુનિયામાં. આ વાત આવીને એટલે બહારમાં એમ થયું કે કાંઈક એ બીજી વાત કરે છે. ત્યારે એવી બીજી કોઈ વાત બીજી જાતની કરનારા મળે તો આ. પણ બીજી જાતની છે કે બીજા પ્રકારની છે કે... આહા..હા..! સંપ્રદાયનું કામ શું છે? બાપા! તારે આત્માનું કામ છે કે સંપ્રદાયનું કામ છે? આહા..! સંપ્રદાય કોઈ તારી દે એવો નથી. આહા..હા..! ૭૨ થઈ, ૭૩.

**'આગે ઈસી અર્થકો, વિપક્ષીકો દૂષણ દેકર દૃઢ કરતે હૈં -'** જુઓ!

**૨૦૦) देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति।**
**णाण-विहीणा जीवडा चिरु संसारु भमंति।।७३।।**

**'देउ णिरंजणु इउँ भणइ'** જુઓ! શબ્દ જુઓ! **'देउ णिरंजणु इउँ भणइ'** પાછું **'णिरंजणु इउँ भणइ'** એઈ..! વીતરાગ બોલે છે એમ કહે છે. વીતરાગનું આવું છે એમ કહેવું છે. જુઓ, વજન આપે છે.

**देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति।**

જ્ઞાન જ મોક્ષ છે, ભ્રાન્તિ નથી. દેવ નિરંજન સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે. છેને?

**णाण-विहीणा जीवडा चिरु संसारु भमंति।।७३।।**

કહો, આ તો બહુ શબ્દ સાદા, સાદા છે આમ. **'देउ णिरंजणु इउँ भणइ'** સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકના નાથ એમ કહે. વાણીવાળા લીધા ભગવાન. એવું **'भणइ'** લીધુંને? **'णाणिं मुक्खु ण भंति'** જ્ઞાનથી મોક્ષ છે, ભ્રાન્તિ નથી, ભ્રાન્તિ નથી, ભ્રાન્તિ ... **'णाण-विहीणा जीवडा'** આત્માના જ્ઞાન વિનાના જીવો. એ **'चिरु संसारु'** અનંતકાળ સંસારમાં રખડશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'णाण-विहीणा'** આવે છેને, સમયસાર, પુણ્ય-પાપ અધિકારમાં.

**'અનંત જ્ઞાનાદિ ગુણ સહિત,...'** નિરંજનની વ્યાખ્યા. અનંત જ્ઞાનાદિ ગુણ નામ પર્યાય પ્રગટ સહિત હોં! ગુણ એટલે પર્યાય. જેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત ચતુષ્ટય બધા પૂરા આખા પ્રગટ્યા છે. એવા **'ગુણ સહિત, ઔર અઠારહ દોષ રહિત,...'** લ્યો! અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ,

જેને સર્વજ્ઞપણું પૂર્ણ પ્રગટ્યું, અઢાર દોષ રહિત છે, એને કોઈ ક્ષુધા, તૃષા (હોતા નથી). બોલવાની વાણીવાળા ભગવાનની વાત લીધી છે, હોં! સમજાય છે? એને ક્ષુધા-તૃષા નથી કે આહાર-પાણી ખાય અને શરીરને રોગ થાય-એવો ભગવાન હોય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા ભગવાન **'इउँ भणइ'** એમ કહે છે લ્યો! સમજાણું?

જેને જ્ઞાન અનંત, દર્શન અનંત પરમાત્મા પ્રગટ થયા આત્મામાં. અનંત જ્ઞાન આદિ પ્રગટ્યા, અઢાર દોષ રહિત થઈ ગયા. શરીરમાં રોગ ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રાગ-દ્વેષ નથી. એ અઢાર દોષ રહિત, અનંત ગુણ સહિત, અનંત પર્યાય સહિત અને આ દોષની પર્યાય રહિત. **'જો સર્વજ્ઞ વીતરાગદેવ હૈં,...'** લ્યો! **'णिरंजणु'** એની વ્યાખ્યા આ કરી. અને **'देउ'** એટલે સર્વજ્ઞ દિવ્ય શક્તિ જેની. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેણે ત્રણકાળ, ત્રણલોક સમયમાં જણાણા એવા સર્વજ્ઞ વીતરાગદેવ. જુઓ, છેને? આહા..હા..! એમ કહે છે. આચાર્ય પોતે બધી વાત કરે છે. અરે..! સર્વજ્ઞ પરમેશ્વર પણ આમ કહે છેને ભાઈ! એ **'देउ णिरंजणु इउँ भणइ'** આહા..હા..! જેને અંજન મેલ રહ્યો નથી. એમ. અંદરમાં મેલ. નિરંજન શબ્દ વાપર્યોને? એટલે ઓલો મેલ અઢાર દોષ રહિત, આમ સહિત અનંત ગુણ સહિત એમ કાઢ્યું એમાંથી. એ શરીરમાં રહેલો આત્મા, અઢાર દોષ રહિત અને અનંત ગુણ સહિત પર્યાય સહિત પ્રભુ થયા. એવા દેવ નિરંજનો એમ ભણે છે ભાઈ! એમ એ કહે છે. સમજાણું? શું (કહે છે)?

**'વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન સે હી મોક્ષ હૈ,...'** જ્ઞાનથી જ મોક્ષ છે. એ આત્મા વસ્તુ ભગવાન આત્મા એનું અંતર સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન, રાગ રહિતની દશા. એવું વીતરાગ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગ અભેદ સ્વસંવેદનરૂપ **'સમ્યગ્જ્ઞાન સે હી મોક્ષ હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ.'** ભ્રાન્તિ ન કર ભાઈ! **'मुक्खु ण भंति' 'णाणिं मुक्खु ण भंति'** ભગવાન ભ્રાન્તિ ન કર ભાઈ એમ કહે છે. આહા..હા..! કાંઈક કાંઈક બીજું હશે કે નહિ? એય..! ધર્મચંદજી! આહા..હા..! પરમાત્મપ્રકાશ. આ તો આત્માને રુચે એવું છે. અનાત્માને અને રાગ-દ્વેષની પ્રીતિવાળાને આ રુચે એવું નથી. સમજાણું કાંઈ? આત્મા સર્વજ્ઞે કહેલું એ આત્માને રુચે એવું છે.

ભગવાન આત્મા રાગના ભાગથી, ભાવથી, ભાગલાથી જુદો એવો. ભાગમાં તો અનંત જ્ઞાન આદિ પડ્યા છે. એવા ભગવાનનું જ્ઞાન, રાગરહિત સ્થિરતા એવા સ્વરૂપની પ્રતીતિ. એવું વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એ એક જ મોક્ષને આપનારું છે. ભ્રાન્તિ ન કર, બીજો ભ્રમ ન કર. વચ્ચે કાંઈક વ્યવહાર આવશે, કાંઈક મદદ કરશે કે આમ કરશે-એમ ભ્રમણા ન કર, ભાઈ! એમ કહે છે. કહો, સમજાણું? બહુ ટૂંકો શબ્દ અને ઘણો મહત્વશાળી. આહા..હા..!

ભાઈ! તારા અવલંબે તને મોક્ષ થાય, હોં! વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એટલે તારા અવલંબનનું જ્ઞાન, એમ. આહા..હા..!

વાણી નાખીને? વીતરાગ ભણઈ. પરમેશ્વર એમ કહે છે, હોં! આહા..હા..! આચાર્યદેવને પણ વચમાં પરમેશ્વરને લાવવા પડ્યા. અમે છદ્મસ્થ છીએ માટે અમે કાંઈક કહીએ છીએ, ભગવાન બીજું કહે છે એમ નથી. પરમેશ્વર એમ કહે છે હોં! પરમેશ્વર એટલે જે પરમેશ્વર અનંત ગુણના ઈશ્વર થઈ ગયા. જેને કોઈ પણ દોષનો કણ રહ્યો નહિને એ '**भणइ**'—એની દિવ્યધ્વનિમાં તો આમ આવ્યું હતું. આમ આવ્યું છે, પણ ભગવાન! તમે તો પાંચમે આરે થયા અને વળી દેવ આમ કહે છે આટલું બધું જોર ક્યાંથી લાવ્યા? સમજાણું કાંઈ? આરા-ફારા આત્માને છે ક્યાં? સમજાણું કાંઈ?

ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર એ વીતરાગ જેને વ્યવહારશ્રદ્ધામાં વિકલ્પમાં વર્તે છે, એવા જીવને કહે છે કે આ તારો આત્મા તારા આશ્રયે અવલંબન થાય એ મોક્ષનું કારણ છે. અમારી શ્રદ્ધાનો વિકલ્પ છે એ હો ભલે. અમારી શ્રદ્ધાનો વિકલ્પ તને હો ભલે, પણ એ મોક્ષનું કારણ નથી એમ વીતરાગ કહે છે લ્યો! ભારે વાત ભાઈ! પણ તમને માને અને મોક્ષ થાય એમ તો કહો. એય..! ના, ના, કહે છે. ઈ એને માને ને એને જાણે ને એમાં ઠરે એનો મોક્ષ થાય. એમ અમે કહીએ છીએ એમ પરમાત્મા કહે છે. આહા..હા..! પણ ભગવાન! તમે કહ્યું એનું કાંઈક તો રાખોને. '**भणइ**' કીધુંને? એનું કાંઈક તો રાખોને. એ સાંભળે છે, એના તરફની તમારી શ્રદ્ધા છે, એનાથી મુક્તિ થાય એવું થોડું, થોડું કાંઈક તો રાખો. સમજાણું? એઈ..! આહા..હા..! આ બધા ઘણા... આહા..હા..! અમે જાણે ક્યાં કેટલું અમે અનેકાંત પામી ગયા છીએ. આ તો એકાંત.... એકાંત... અરે..! ભગવાન! બાપુ! ભાઈ! એના સરવાળા ખોટા અને તારી શરૂઆત ખોટી છે. સરવાળા ખોટા કોના નીકળે? જેની શરૂઆત ખોટી હોય એના સરવાળા ખોટા નીકળેને. આંકડા પહેલા ખોટા હોય એનો સરવાળો ખોટો હોયને. ભાઈ! એ અનેકાંત તું માન એમ નથી ભાઈ!

નિરંજનદેવ પરમાત્મા દોષ રહિત નિર્દોષ થઈ ગયા. એવા ભગવાન કહે છે કે '**णाणिं मुक्खु ण भंति**' એ તારા વીતરાગીસ્વરૂપ આત્માનું (જ્ઞાન), જેને તારા જ્ઞાનમાં પરની અપેક્ષા નથી, તારી શ્રદ્ધામાં પરની અપેક્ષા નથી, તારી વીતરાગતામાં પરની અપેક્ષા, વ્યવહારની અપેક્ષા નથી. જુઓ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ બીજી ઢબે વાત કરે છે. ભગવાન તારો જેમાં અપેક્ષાપણે શ્રદ્ધા, જ્ઞાનમાં વર્તે છે એ વીતરાગના આત્મા અપેક્ષાએ વર્તે છે. એનો મોક્ષ છે, ભ્રાન્તિ ન કર, ભાઈ! ભ્રમણા ન કર. બીજી વાતને અંદર બેસવા ન દે એમ કહે છે, શંકા થવા ન દે એમ કહે છે.

'**ઈસમેં સંદેહ નહીં હૈ.**' અસ્તિથી કરી. હવે, '**ઔર સ્વસંવેદનજ્ઞાનકર રહિત...**' એ ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ એનું અંતરમાં સ્વનું જ્ઞાન, પ્રત્યક્ષ સ્વસંવેદનજ્ઞાન, પ્રત્યક્ષ સ્વસંવેદનજ્ઞાન, રાગના અવલંબન વિનાના આત્માના અવલંબનનું જ્ઞાન એવું વીતરાગી સ્વસંવેદનજ્ઞાન. સમજાય છે? એનાથી '**રહિત જો જીવ હૈં, વે બહુત કાલ તક સંસારમેં ભટકતે હૈં.**' ઓહો..હો..! લ્યો! આવું આત્માનું વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ વીતરાગ વિના, એ વિના બીજું ગમે તે હોય વ્યવહાર તારો એમ કહે છે. વ્યવહાર હો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, શાસ્ત્રનું જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ. ભટકીશ એમ કહે છે જુઓ! ઓલો ખુલાસો આવશે ઓલામાં ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! ઓલો જ્ઞાનથી મોક્ષ જશે, આ ચિરકાળ ભટકશે. ઓલો મૂકાશે, આ અનંતકાળ રહેશે જ્યાં છે ત્યાં બંધનમાં, એમ કહેવું છે. સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બધું એક એક શબ્દની શૈલી જ એવી છે આ. દિગંબર સંતો મુનિઓની શૈલી જ કોઈ એવી છે. એક-એક અક્ષરમાં અનેક આગમો ભર્યા હોય છે. સમજાણું કાંઈ? એક એકનો બધો વિસ્તાર કરવા જાય તો લાંબું-લાંબું (થઈ જાય), ઘણા પ્રકાર આવતા હોયને. એ તો એક-એકમાં એવી શૈલી છે. આ ન હોય તો તે વ્યવહાર અનંતકાળ સંસારમાં રખડાવશે એમ કહે છે અહીં તો લ્યો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ વ્યવહાર ક્યાં છે? રાગ મંદ છે. એ કાંઈ વસ્તુ નથી. મોક્ષને માટે એ વસ્તુ નથી. અહીં એમ કહ્યું છે, પણ બીજે? પણ બીજે તે અહીંથી કાંઈ વિરુદ્ધ કહે? બાપા! તને ખબર નથી ભાઈ! એ તો વ્યવહારનયથી કથનો બીજા ઘણા આવે. એમ ન હોય અને કહે એવું આવે, એથી કાંઈ વસ્તુ સત્ય બે થઈ જાય, સત્ય બે થઈ જાય (એમ નથી). સત્ય તો એક જ રહે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- યહાં વીતરાગસ્વસંવેદનજ્ઞાનમેં યદ્યપિ સમ્યક્ત્વાદિ તીનોં હૈં,...** ' લ્યો! સમજાય છેને? જ્ઞાન શબ્દ પડ્યો છેને મૂળ પાઠમાં તો? એ જ્ઞાનમાં ત્રણે આવી જાય છે. જ્ઞાન કહ્યું ત્યાં પૂર્ણ આત્મદ્રવ્યની પ્રતીતિ પણ ભેગી આવી. એના વિના જ્ઞાન કોનું? સત્યસ્વરૂપ પરમાત્મા પોતે એના દર્શન—પ્રતીત વિના, એના દર્શન વિના જ્ઞાન કોનું? અને એ જ્ઞાનમાં પરથી પાછો ન હટે, અનાદિ આમ હતો એ આમ પાછો પરથી, રાગથી ન હટે તો આ બાજુની સ્થિરતા રાગ વિનાની આવે ક્યાંથી? સમજાણું કાંઈ? પૂર્ણ અસ્તિની પ્રતીતિ અને રાગના અભાવરૂપ સ્થિરતા એવું જે જ્ઞાન તેને સમ્યક્ પ્રતીતિવાળું જ્ઞાન ને રાગના

અભાવવાળું જ્ઞાન, એમાં વીતરાગ સ્વસંવેદનજ્ઞાન કહેતા ત્રણે બોલ, પહેલા અને છેલ્લા બે આવી જાય છે. વચલું કહેતા બે આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તો ભી મુખ્યતા સમ્યગ્જ્ઞાનકી હી હૈ.**' ત્રણ આવી જાય છે, પણ અત્યારે જ્ઞાનની મુખ્યતાથી વાત છે. સમજાણું? '**ક્યોંકિ શ્રીજિનવચનમેં એસા કથન કિયા હૈ, કિ જિસકા કથન કિયા જાવે, વહ મુખ્ય હોતા હૈ,...**' અત્યારે જ્ઞાનની મુખ્યતાથી વાત આવે છે તો તે મુખ્ય થઈ જાય. દર્શન અને વીતરાગતા ગૌણ છે, પણ સાથે હોય છે, કથનમાં ગૌણ-મુખ્ય છે. એમ કહ્યું ને '**विवक्षितो मुख्य**' કથનની પદ્ધતિમાં આની મુખ્યતા છે, ભાવમાં તો એક સાથે છે. સમજાણું કાંઈ? ક્યાંક સમ્યગ્દર્શનથી મુક્તિ કહે. દર્શનની મુખ્યતા દર્શનની છે, એમાં જ્ઞાન ને ચારિત્ર આવી જાય છે. ચારિત્ર તે જ મુક્તિનું કારણ છે એમ કહે. ચારિત્ર તે જ મુક્તિનું એક જ કારણ છે એમ કહે છે. '**विवक्षितो मुख्य**' કથનમાં મુખ્યતા એ આવી (પણ એમાં) દર્શન, જ્ઞાન ભેગા આવી ગયા. સમજાણું કાંઈ? ભારે! આ બધું દેખાય એની વાત નહિ કહે છે. માણસ કહે છે. પણ દેખાય નહિ કોણ? દેખાય નહિ કોણ? એ દેખનારો પોતે દેખે પોતાને. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયના અસ્તિત્વમાં દેખાય છે શું? ઈ દેખાય છે? એના અસ્તિત્વનો પર્યાય દેખાય છે. એ પર્યાય કોનો? એ પર્યાયનું અસ્તિત્વ આખા અસ્તિત્વને સ્વીકારીને બતાવે છે. સમજાય છે કાંઈ?

કહે છે, અહીંયાં તો '**विवक्षितो मुख्य**' માટે જ્ઞાનથી મોક્ષ કહ્યું, એમાં એની મુખ્યતાથી વાત છે. ગૌણપણે એટલે ગૌણપણે એટલે જ્ઞાન વખતે દર્શન, ચારિત્ર નથી એમ નહિ. એનું કથન અત્યારે મુખ્ય નથી બાકી તો જ્ઞાન કહેતા દર્શન, ચારિત્ર એક સાથે ત્રણે છે. જ્ઞાન મુખ્ય છે અને દર્શન-ચારિત્ર પરિણમનમાં ગૌણ છે, કથનમાં એમ છે. સમજાણું કાંઈ? '**અન્ય ગૌણ હોતા હૈ,...**' કથનમાં એમ કીધુંને? પાઠ એમ છે ને '**विवक्षितो मुख्य इति वचनादिति**' લ્યો! '**सम्यग्ज्ञानस्यैव मुख्यता**' સંસ્કૃત છેને, બહુ સરસ (અર્થ છે શબ્દનો). ઓહો..હો..!

'**આગે ફિર ભી ઈસી કથનકો દૃષ્ટાંત ઔર દાર્ષ્ટાંતસે નિશ્ચિત કરતે હૈં -**' એ વાતને દૃષ્ટાંત આપીને, એ સિદ્ધાંતને દૃષ્ટાંત આપીને દાર્ષ્ટાંત એટલે એ સિદ્ધને સિદ્ધાંતથી સિદ્ધ કરે છે, દૃષ્ટાંત આપીને.

૨૦૧) **णाण-विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ।**
**बहुएँ सलिल-विरोलियइँ करु चोप्पडउ ण होइ।।७४।।**

જોયું! '**णाण-विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ।**' ક્યાંય ન જોઈશ કહે છે. '**बहुएँ सलिल-विरोलियइँ**' પાણીને બહુ વલોવવાથી, એ '**करु चोप्पडउ ण होइ**' હાથ ચીકણો નહિ થાય. આ નિશ્ચય વિનાના એકલા વ્યવહારને એકલા કરવાથી હાથ લીલો

નહિ થાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આપણે કહેવત નથી? લોકમાં કહેવત છે. પાણી વલોવે કાંઈ માખણ નીકળે? માખણની ચીકણાશ ક્યાંથી આવે ત્યાં? ક્યાં હતી એમાં? એમ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના એકલા તારા વ્યવહારના વિકલ્પને વલોવીએ કોઈ દિ' ચીકણો હાથ નામ આત્માને શાંતિ, મુક્તિ મળે નહિ. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા વિશેષ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૫, શનિવાર, તા. ૦૫-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૪-૭૫, પ્રવચન-૧૧૯**

ગાથા ફરીને, જુઓ!

૨૦૧) णाण-विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ।
बहुएँ सलिल-विरोलियइँ करु चोप्पडउ ण होइ।।७४।।

'**જો સમ્યગ્જ્ઞાનકર રહિત મલિન ચિત્ત હૈ,...**' શું કહે છે? જેમના અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા રુચિમાં, અંતર દૃષ્ટિમાં વસ્યો નથી. સમજાય છે કાંઈ? આત્મા સચ્ચિદાનંદ આનંદકંદ એનો જેને ચિત્તમાં, એટલે કે શ્રદ્ધામાં એ આત્મા પૂર્ણ આનંદ છે એ જેના ચિત્તમાં વસ્યો નથી અથવા એ આત્મા શુદ્ધ આનંદકંદ છે એનું અંતર જ્ઞાન રાગ રહિત સ્વભાવની એકતાનું બહુમાન થઈને આત્માનું જ્ઞાન જેના અંતરમાં થયું નથી તે મલિન ચિત્ત છે. ઓહો..! એનું ચિત્ત મલિન છે. નિર્મળાનંદ પ્રભુ ચૈતન્ય નિર્મળાનંદ હીરો, અખંડ આનંદનો કંદ પ્રભુ એની જેને અંતરમાં જ્ઞાનમાં, શ્રદ્ધામાં મહત્તા આવીને, તે તરફની-સ્વ તરફની એકતાબુદ્ધિ એવું શ્રદ્ધા અને જ્ઞાન થયું નથી એના ચિત્તમાં મલિનતા વર્તે છે.

'**અર્થાત્ અપની બડાઈ,...**' પોતાનું સ્વરૂપ આનંદ સ્વરૂપ અતીન્દ્રિય એમાં ચિત્તમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં વસ્યું નથી એથી એને પરની બડાઈનો ભાવ જ એને મહત્ત લાગે છે. સમજાણું કાંઈ? કહો, મનીષભાઈ! સમજાય છે કાંઈ આમાં? એ ભાઈ નવા માણસ છે.

ચોખ્ખું થોડુંક કહ્યું. આત્મા અતીન્દ્રિય આનંદનો હીરો છે. અતીન્દ્રિય આનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ એની જેને અંતરમાં જ્ઞાનમાં અને શ્રદ્ધામાં પ્રીતિ, રુચિ, દૃષ્ટિમાં એ જ્ઞાન અને આત્મા વસ્યો નથી એને આ પરની બડાઈની મીઠાશ અંદરમાંથી ખસતી નથી.

મુમુક્ષુ :- દાખલો આપો તો કાંઈક ખબર પડેને.

ઉત્તર :- દાખલો હવે આ નીકળે ત્યારે આવેને પણ પાછો.

પરની બડાઈ એટલે? કાંઈક શાસ્ત્રજ્ઞાન થયું હોય. સમજાય છે? કાંઈક બાહ્ય ક્રિયામાં રાગની મંદતા(રૂપ) ત્યાગ વર્તતો હોય... સમજાય છે કાંઈ? અથવા જેની મહત્તા જગતને કંઈક લાગતી હોય એવી રાગની મંદતા અને શાસ્ત્રના જ્ઞાનની, એવી મહત્તા આપનારામાં એને રાજીપો થતો હોય. પ્રાણભાઈ! ભગવાન આત્મા અનાકુળ અતીન્દ્રિય આનંદની મૂર્તિ એનું જ્ઞાન એટલે કે રાગરહિત એનું જ્ઞાન, એની મહિમા, એનું વેદન, એની અધિકતા, એની મોટપ. એવા અંતર જ્ઞાનમાં એ ભગવાન આત્મા અંતર વસ્યો નથી એના ચિત્તમાં પરની બડાઈ વસી છે. કાં શાસ્ત્રના ભણતર હોય કાં રાગની મંદતા(રૂપ) ત્યાગ હોય, કાં બાહ્યના ભેખમાં પંડિતાઈ અને મહત્તા શરીરમાં ને મોટપમાં કાંઈ દેખાતી હોય, એથી બીજા એને મોટા માનતા હોય એમાં પોતે હું પણ મોટો છું એમ જે માને એને આત્માની બડાઈની ખબર નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બડો પોતે અંદરમાં છે કે બહારમાં? કહો, સમજાણું આમાં? આહા..હા..!

આચાર્ય તો દાખલો જરીક આપીને કહેશે, ભાઈ! પ્રભુ! તું કેવળજ્ઞાનનો કંદ પ્રભુ છો હોં! તારો હીરો તારી દૃષ્ટિમાં અનાદિથી ખોવાઈ ગયો. તારો હીરો, તારો હીરો દૃષ્ટિમાંથી ખોવાઈ ગયો. તારા જ્ઞાને તારા હીરાની કિંમત કરી નહિ. સમજાણું કાંઈ? એ કોણ છે? આ શું ચીજ છે? એવા અનંત શક્તિનું સત્ત્વ પ્રભુ આત્મા એની જેને અંતરમાં જ્ઞાનમાં... અહીં જ્ઞાનપ્રધાનથી વાત છે, પણ દર્શન ને રાગ રહિત વીતરાગ ચારિત્ર સાથે અંશે હોય છે. ભગવાન આત્મા જેના મનમાં **'णाण-विहीणहँ'** એ શબ્દ છે એકલો. ભગવાન આત્મા આનંદ અને અનાકુળ શાંતરસનું ચૈતન્યતત્ત્વ પદાર્થ છે, એની જેને અંતરમાં બહુમાન, કિંમત, દૃષ્ટિ, એકત્વતા, શ્રદ્ધા આત્માના સ્વભાવનો અંતર સ્પર્શ થઈને આ આત્મા જ અધિક અને મોટો છે, એવું જેને અંતરમાં જ્ઞાન સમ્યક્-સત્ય-સાચું થયું નથી, એને તો ચિત્તમાં બીજા મોટા કહે તો તે મોટો જ માને. કહો, સમજાણું આમાં? પૈસે, બૈરાએ, છોકરાએ, કુટુંબે, રાગે જે ધૂળ છે પર. હજી તો લૌકિક કરીને પછી અહીં... પહેલી અંદર લીધી હતી, આ થોડી બહારની લીધી. જેચંદભાઈ! આહા..હા..! એને ઘણા પૈસા હોય, બાયડી-છોકરા ઘણા

હોય આમ બહુ સારા પુણ્યના (ઢગલા દેખાતા હોય) એની એને બડાઈ લાગે છે. મૂઢ જીવને આત્માના ચૈતન્યની બડાઈ અંદર લાગતી નથી. એ તો બહારથી લૌકિક વાત કરી.

અંતરમાં પણ કાંઈક જ્ઞાનનો ઉઘાડ-વિકાસ પરદ્રવ્યને જાણવાનો થયો હોય, બીજાને સમજાવવાની કાંઈક ક્ષયોપશમની લાયકાત પણ થઈ હોય, એની જેને મોટપ અંદરમાં વર્તે છે. કેમકે આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ છે એના અંતરમાં, સમ્યગ્જ્ઞાનમાં એનું ભાવભાસન થયું નથી. સમજાણું કાંઈ? એથી એને ઊંડાણમાં એની મીઠાશ બહારની રહે છે કે હાશ! કાંઈક આપણને આવડ્યું, કાંઈક આપણે શીખ્યા, કાંઈક આપણે કર્યું ખરું કાંઈક. આગળ વધ્યા. અજ્ઞાનમાં વધ્યો અને વધ્યો એમ માને છે. આહા..હા..! રતિભાઈ! અજ્ઞાની છે.

**'પ્રતિષ્ઠા,...'** આબરૂ કાંઈક જામે તો એમ એ માને કે કાંઈક અમે છીએ હોં! દુનિયા માને નહિતર કાંઈ? એમ શાસ્ત્રમાં ભણતર, બોલવાની કાંઈક કળા આવડી હોય, એ તો જડની કળા છે. સમજાય છે કાંઈ? અને કાંઈક છ કાયના જીવોની દયાના ભાવથી આમ જાણે ડરતો હોય હિંસાથી, એવી ક્રિયામાં જેને પ્રતિષ્ઠા લાગે છે કે અમે કાંઈક વિશેષ થયા. એને ચિત્તની મલિનતા અંદર છે કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આમ પ્રાણી હોય અને આમ બચાવવા (જાતો હોય), ડર લાગે એથી એટલે એને એમ થાય કે આહા..હા..! આપણે કાંઈક વિશેષ કર્યું હોં! અને કાંઈક વિશેષ કરીએ છીએ અને બીજા કરતા અમે કાંઈક અધિક છીએ. પણ ચૈતન્યને ભૂલીને આ ભાવમાં આવી ગયો છે એટલે એનું ચિત્ત મલિન છે.

મુમુક્ષુ :- ક્રિયાથી અધિક નથી?

ઉત્તર :- અધિક બિલકુલ નથી. સમજાણું કાંઈ?

**'પ્રતિષ્ઠા લાભ આદિ.'** કાંઈક લાભ તો મળશે. માણસનો, સેવા-ચાકરીનો. અનુકૂળ લોકો બોલશે, આપણે કાંઈક આવું દયા પાળીએ છીએ, કાંઈક શરીરનું બ્રહ્મચર્ય પાળીએ છીએ, કાંઈક ભણતર કરીએ છીએ, અમને કાંઈક આવડે છે એવો લોકોને આને ખ્યાલ આવી ગયો છે, એથી કાંઈક આપણને સારા તરીકે બોલશે એનો લાભ તો મળશેને. કહો, આહા..હા..! અરે..! ભગવાન ભૂલ્યો તે ક્યાં ગયો? ખોવાઈ ગયો આખો પરમેશ્વર પોતે. પરમેશ્વર પોતે અનંત ગુણનો ધણી આનંદકંદ ભગવાન, એ ભીખારી થઈને શકોરું હાથમાં લઈને માંગે છે. જેમ ચક્રવર્તી ભૂલી ગયો. સમજાય છે કાંઈ?

ચક્રવર્તીનું કોઈ બાળક હોય એ ચક્રવર્તી પોતે થવાનો હોય, વયો જાય છેને ઓલો નથી શું હરિશ્ચંદ્રનું આવે છે કાંઈક? ચક્રવર્તી થવાના હતા વયા ગયા. ક્યાંક બીજે .. છોડીને. એ નથી આવતું .. રથ કાઢવા માટે. કરતાં-કરતાં એકલા વયા ગયા. એને તો ખ્યાલ હતો

કે હું ચક્રવર્તી થવાનો છું. ભલે અત્યારે એકલો છું, અત્યારે આ સ્થિતિમાં. આને તો ખબર ન મળે. ભૂલી ગયો આખો. હું લોકાલોકનો જાણનાર છ ખંડનો-આખા દુનિયાનો છ દ્રવ્યનો એક સમયમાં મને જાણતા જાણનારો હું ચક્રવર્તી છું. એક રાગનો પણ કર્તા નહિ, શરીરના રજકણનો પણ કર્તા નહિ. રાગ અને રજકણનું જેના સ્વભાવમાં અસ્તિત્વ નથી. અને પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનંત ગુણનો દરિયો ભગવાન એને ભૂલીને આ બહારમાં શોધવા .. મંડ્યો, ક્યાંક હું છું.

બાહ્ય '**પ્રતિષ્ઠા, લાભાદિ,...**' કાંઈક સંતોષ થાય એને. સારો કહે, માને બધા. સમજાય છે કાંઈ? લાભાદિ. બીજા ઠીક કહે કે આ ઘણા લાખો, કરોડો ઠીક કહે તો કાંઈક ઠીક હશે મારામાં ત્યારે ઠીક કહેતા હશેને? એ તો મૂઢ જીવો તો ઠીક કહે, એમાં તારે શું પણ છે? એ પરીક્ષા, એની બુદ્ધિ કેટલી? કે તને ઠીક કહે માટે તું ઠીક થઈ ગયો. મોહનભાઈ! આહા..હા..! રતિભાઈ! '**પ્રતિષ્ઠા, લાભાદિ,...**' આદિ નામ કાંઈક મળ્યું, કાંઈક ધારણાની શક્તિ થઈ જાણવાની, આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની કાંઈક શક્તિ થઈ. એ બધો રાગ ભાગ છે. પંચ મહાવ્રતના કાંઈક પરિણામ થયા એ પણ રાગ ભાગ છે. સમજાય છે? એ કહેશે આગળ. અને બહાર ત્યાગમાં બહાર વ્રત જેવો ત્યાગ દેખાય પંચ મહાવ્રત જેવો ત્યાગ દેખાય. કહે છે કે બગલા જેવા ભેખ લઈને તું બેઠો છો. ચૈતન્યમૂર્તિ આનંદની પ્રીતિ અને દૃષ્ટિ તો થઈ નથી. આહા..હા..! કહે છે જુઓ.

એવા ભાવોસે, '**દુષ્ટ ભાવોંસે જિસકા ચિત્ત પરિણત હુઆ હૈ,...**' ઓહો..! ભગવાન આત્મા આનંદ સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુ એમાં ચિત્તની પરિણતિ નહિ થઈને, આવા વિકલ્પની જાળો (એમાં પોતાને માન્યો). સમજાય છે કાંઈ? '**ઔર મનમેં એસા જાનતા હૈ, કિ હમારી દુષ્ટતાકો કોઈ નહીં જાન સકતા,...**' એટલે? કે ભલે શુદ્ધનું ભાન નથી, પણ આટલું તો મારી પાસે છેને, આવું તો છેને. રાગની મંદતા છે, જાત્રા કરાવીએ, ભક્તિ કરાવીએ, પૂજા કરાવીએ, લાખો કરોડો ખર્ચીને સંઘ કાઢીએ. સમજાણું કે નહિ? આવું તો અમારી પાસે કાંઈક છે કે નહિ? એમ માનીને ઊંડાણમાં એને શુદ્ધતાનું ભાન નથી અને એમ જાણે કે આ શુદ્ધતાનું ભાન નથી, પણ દુનિયાને ક્યાં ખબર છે? અમે તો ધર્મી છીએ એમ દુનિયા માને છે. કહે છે કે '**હમારી દુષ્ટતાકો કોઈ નહીં જાન સકતા, એસા સમઝકર...**' સૂક્ષ્મ વાત છે ધર્મચંદજી! આહા..હા..! વિકલ્પની જાળમાં પડ્યો છે અને માને છે કે બીજા ધર્મી માને છેને, આપણે ક્યાં..? અંદરની શુદ્ધતાનું ભલે ભાન નથી પણ લોકો તો ધર્મી કહે છે, આમ છે. વાંધો ક્યાં છે?

મુમુક્ષુ :- એ જાણતો નથી ...

ઉત્તર :- જાણતો શું, ભાન નથીને પછી. ભાન નથીને. ધર્મી ચૈતન્યમૂર્તિ આનંદકંદ જ્ઞાયક એનું અંદર ભાન નથી, એનું જ્ઞાન નથી, એનો ભરોસો નથી. નહિતર આ વાતમાં આટલું એને મહત્તા-અધિકપણું કેમ થઈ જાય? અહીં તો '**णाणसहावाधियं**' એના ઠેકાણે રાગભાવ અધિકં. આમ ગુલાંટ ખાય છે વાત. સમજાણું કાંઈ? ઈ આચાર્યે બીજી શૈલીથી વાત કરી છે. સમયસાર કુંદકુંદચાર્યનું જે કથન એ તો ચૌદ પૂર્વ, બાર અંગનો આખો સાર છે. એના સૂત્રમાં તો .. સૂત્રાના સૂત્રા ભર્યા છે એમાં. સમજાણું કાંઈ?

ભાઈ! ભગવાન આત્મા એની પવિત્રતાના અંતરના પ્રેમ ને દૃષ્ટિ ને રુચિના ભાન વિના, આના પ્રેમમાં અમે પડ્યા છીએ એવું લોકોને ક્યાં ખબર છે? એમ કહે છે. એટલે કહે છે કે '**હમારી દુષ્ટતાકો કોઈ નહીં જાન સકતા,...**' એમ કહે છે. સમજાણું કાંઈ? રાગની મીઠાશ, જશની મીઠાશ, કીર્તિની મીઠાશ, બીજા મોટપ આપે એની મીઠાશ એમાં રંગાયેલો એમ જાણે છે કે અમારામાં આ ભાવ છે એ દુનિયા ક્યાં જાણે છે? અમે તો ધર્મી છીએ એમ જાણે છેને. સમજાણું કાંઈ? '**એસા સમજકર વીતરાગ પરમાનંદ સુખરસકે અનુભવરૂપ ચિત્તકી શુદ્ધિકો નહીં કરતા,...**' જુઓ, એમાં જ રોકાઈ ગયો છે ફરતો... ફરતો... ફરતો... અનાદિથી બીજી રીતે રોકાણો હતો. અહીંયા સૂક્ષ્મતાના અંદર વિકલ્પની જાળમાં રોકાઈ ગયો. વીતરાગ પરમાનંદ ભગવાન આત્મા રાગ વિનાની ચીજ શુદ્ધ આનંદકંદ પ્રભુ એવો પરમ અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મા એના સુખનો અનુભવ સ્વાદ, એવી સ્વાદની '**ચિત્તકી શુદ્ધિકો નહીં કરતા,...**' એના સ્વાદ લઈને મનને શુદ્ધ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તથા બાહરસે બગુલાકાસા ભેષ માયાચારરૂપ લોકરંજનકે લિયે ધારણ કિયા હૈ,...**' અહીં તો એટલી જ વાત છે પાધરી. ભગવાન આત્મા... અરે..! જેને ચૈતન્યની કિંમતું નથી અંદરની, એ વિકલ્પની કિંમત લેવા માગે છે, દુનિયા પાસેથી લેવા માગે છે. સમજાય છે? આ અમે આટલું તો કામ કર્યું, આટલા મંદિર બનાવ્યા, આટલા શાસ્ત્ર રચ્યા, આટલા શિષ્યો કર્યા, આટલા ધર્મને રક્ષણ તરીકે રાખ્યા, એટલું તો અમે કર્યું છે કે નહિ? કહે છે, એવા બગલાનો ભેષ છે કહે છે. તેં કર્યું છે કાંઈ નહિ. દિગંબર મુનિઓ છે, દિગંબર મુનિને ક્યાં દુનિયા પાસેથી લેવું છે કાંઈ? નાગા બાદશાહથી આઘા. આ છે બાપા! સમજો તો સમજો, નહિતર વસ્તુ તો આ છે. '**બગુલાકાસા ભેષ માયાચારરૂપ...**' અમે સાધુ છીએ, અમે જાણનારા છીએ, અમે મહાવ્રત પાળીએ છીએ, દયાઓ પાળીએ છીએ, દયાનો જગતને ઉપદેશ આપીએ છીએ. અંદરમાં જ્ઞાનની શુદ્ધિ ચૈતન્યમૂર્તિ વિકલ્પ રહિત એનું સમ્યગ્જ્ઞાન-દર્શન છે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .... મેલા પાપના પરિણામ છે.

ઉત્તર :- આને એકલા મેલા મિથ્યાત્વના જ પરિણામ છે. રાગની અધિકતામાં પ્રેમ કરવો એ મિથ્યાત્વ છે. ભગવાન આત્મા વીતરાગી ચિદાનંદ પ્રભુ એની અંતર રુચિનું સમ્યગ્જ્ઞાન ભૂલી આમાં એનો પ્રેમ વિકલ્પના શુભ રાગમાં, બાહ્ય ત્યાગમાં, બહારના વેશમાં, બહારની ચેષ્ટામાં (એનો પ્રેમ વર્તે છે). ત્યાગ જેવી ચેષ્ટા હોય, બાહ્ય બ્રહ્મચર્ય જેવી ચેષ્ટા હોય, સજ્જનતાના આચરણ જેવું આચરણ બહારમાં દેખાતું હોય. અંદરમાં સત્ જન સત્ વીતરાગ સ્વભાવ છે એનું તો ભાન નથી એટલે કહે છે કે એ બહારથી '**બગુલાકાસા ભેષ...**' છે.

બગલો આમ માછલો નીકળે એટલે પકડવા જાય છેને? બાજુમાં ઊભો હોય, એક ટાંગો ઊંચો હોય જાણે મહંત ઊભો હોય, એક ટાંગો ઊંચો. માછલું આમ (નીકળે). કાદવમાં ઊભો હોય, જોયું છે? બગલાનો એક ટાંગો ઊંચો હોય અને એક ટાંગો... પણ બે ટાંગામાંથી કોક પડી જાય તો? માછલું ચાલતું હોય. બે ટાંગા આમ પડી જાય તો .. બે લાગે સરખા. એક ટાંગો હોય તો ભૂલે તો આઘો વયો જાય. ત્યાં આને ખ્યાલમાં આવી જાય એટલે ફટ પકડે.

એમ જેની એકાંત બુદ્ધિ વિકલ્પ અને અશુભમાં (વર્તે છે), એ ભાવ જ બધો મલિન છે શુભાશુભભાવ. એવા ભાવમાં જેની એકત્વબુદ્ધિ છે એ એકાંતમાં ગયો છે. સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એની દૃષ્ટિ-જ્ઞાન કર્યું નથી. આ તો યોગીન્દ્રદેવ દિગંબર આચાર્ય છે. જંગલમાં, વનવાસમાં વસતા એમાં શાસ્ત્ર રચાઈ ગયા છે. એને કાંઈ દુનિયાની પડી નથી. દુનિયા ઠીક માને તો ઈ જાણે ને ન ઠીક માને તો એને ઘરે રહ્યા. દુનિયા પાસેથી કાંઈ લેવું નથી. સમજાણું કાંઈ?

'**બગુલાકાસા ભેષ માયાચારરૂપ...**' એ તો માયાચાર છે કહે છે. શુદ્ધતાના ભાન ન મળે અને અશુદ્ધતાના પ્રેમમાં અધિકપણે પડ્યો અને ધર્મી કહેવરાવે છો અને ધર્મીના માન દુનિયા પાસે લે છો, એ માયાચાર છે એમ કહે છે. આહા..હા..! એઈ..! મિથ્યા શલ્ય, માયા શલ્યમાં પડ્યો છે એમ કહે છે. આહા..! ભારે કઠણ! હસમુખભાઈ! જુઓ, આ સંતો, દિગંબર મુનિ યોગીન્દ્રદેવ જંગલમાં નવસો વર્ષ પહેલાં હતા. વિચારકોએ વિચારી લેવું. '**લોકરંજનકે લિયે ધારણ કિયા હૈ,...**' આત્મરંજન થયો નથી. ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ અનાકુળ આનંદ રસકંદ એનો રંગ નથી લાગ્યો અંદરમાં. એટલે લોકો ખુશી થાય, લોકો રંજન થાય, દુનિયા રાજી થાય અને દુનિયાથી પોતે રાજી થાય. દુનિયા રાજી થાય અને કાં એનાથી પોતે રાજી થાય એ બધું લોકરંજન છે. આહા..હા..! ભારે વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુનિયા એટલે? જે રાગ ને વિકલ્પ ને દેહની એકતાબુદ્ધિમાં પડ્યા એ દુનિયાની

કિંમત કેટલી? એ દુનિયા એને અભિનંદન આપે, એને બહુ સારા કહે એની કિંમત કેટલી? સમજાણું કાંઈ? આહા..હા..!

એક માંસના ભોગના સહેજ કણ આગળ આમ ગલગલીયા કરીને આખો અર્પાઈ જાય ચૈતન્યમૂર્તિને ભૂલીને. ભગવાન આનંદરસ કંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદના જેના એક સમયના સ્વાદ આગળ જેને લોકાલોક, ઈન્દ્રના સુખ પણ જેને તૃણ (જેવા લાગે). આચાર્ય તો કહે છે કે, ત્રણ લોકનું રાજ પણ મારે ન જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આત્માના આનંદની મીઠાશ આગળ ચક્રવર્તીના ભોગ, છન્નું હજાર સ્ત્રી એને પણ જ્યાં અંદરમાં ઝેર જેવા લાગે છે. ઝેર જેવા લાગે છે. અરે..! આ શું? આ શું? આ શું? ઓલી છન્નું હજાર સ્ત્રી સન્માન આપે. ઈન્દ્રાણી જેવી હોં! મોટી. ખમ્મા અન્નદાતા! અન્નદાતા! અર્ધાંગના એવી સ્ત્રીઓ જેને પોકાર આમ મલમલ આમ આમ કરે. ઝેર અંદર લાગે રાગમાં. પ્રભુ! મારો અનાકુળ આનંદ મારો આત્મા, મારો રાજસાહેબો અંદર ખોવાઈ જાય છે રાગમાં. અરે..! આ શું? સમજાય છે કાંઈ? એવા વૃંદમાં પડ્યો પણ આનંદની મીઠાશને અંદર ભૂલતો નથી અને એ રાગ અને પરના રસમાં એકાકાર થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ધૂળ, માંસના હાડકા અને આમ છન્નું હજાર સ્ત્રી હોં! આમ રૂપાળી સુંદર. અરે..! આ તો હાડકા ને જડ ને પુદ્‌ગલ. અરે..! લલચાવા તરફ એને કારણે નહિ પણ મારી વૃત્તિ ઉઠે છે એ ઝેર-ઝેર, દુઃખ-દુઃખ (છે). અરે..! આ ઉપસર્ગ એક આવ્યો. આહા..! સર્પ જેમ કરડવા આવે અને ભાગે. આમ ફણ ભેર કાળો નાગ હોં આમ. પાંચ હાથનો સોટા જેવો લાંબો હોય ને ઝાડો અને આમ મારતો આવે એમ ભાગે, એમ ઓલા રાગમાંથી આમ ભાગવા માંડે છે. અર..ર..! આ શું? ભોગનો રાગ કાળા નાગ જેવો ડંસે (એમ) એને લાગે. સમજાણું કાંઈ? આહા..હા..!

એમાં જે કહે છે કે આ તો અશુભ પણ, આ શુભમાં પ્રેમમાં પડ્યો છે એ ઝેરમાં પડ્યો (છે). એ માયાચારી બગલા જેવો ભેખ ધાર્યો છે. આહા..હા..! એ દિગંબર આચાર્યો છે. એને કાંઈ દુનિયાની પડી નથી. કહો, સમજાણું કાંઈ? સમાજને આ ઠીક લાગશે કે નહિ, એને ઘરે રહ્યું. માર્ગ આ છે. પરમાત્માને જેણે અંતરમાં, પ્રેમમાં, દૃષ્ટિમાં, અનુભવમાં લીધો નહિ, આનંદને અધિક ન કર્યો અને આવા વિકલ્પની જાળથી અધિકપણે, બડાઈપણે, મોટપપણે માનીને સલવાણો, (એ) બગલા જેવો માયાચાર લોકરંજન છે. **'યહી સત્ય હૈ, ઈસી ભેષસે હમારા કલ્યાણ હોગા,...'** એ ભેખ એટલે આ રાગ ઉઠ્યો અને આ જાણપણા થયા ને કાંઈ બાહ્યના ત્યાગ દેખાણા, એમાંથી હવે મારું કલ્યાણ થઈ જશે.

મુમુક્ષુ :- ક્રમે-ક્રમે આગળ વધાયને.

ઉત્તર :- ધૂળમાં પણ ક્રમે નહિ વધે. ઈ કહે છે અહીં. જુઓને, હમણા તો દાખલો આપશે આખો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઈત્યાદિ અનેક વિકલ્પોંકી કલ્લોલોંસે અપવિત્ર હૈ,...**' લ્યો! સમજાય છે? એ ભેખ વિકલ્પની જાળ શુભાશુભ રાગ, વિકલ્પ ઉઠે વાસના વૃત્તિઓ એમાંથી કાંઈક કલ્યાણ થશે, એમાંથી કલ્યાણ થશે, એમાં કાંઈક છે. બીજા કરતા કેટલા વધ્યા છીએ! સંસારમાં રખડનારાની સંખ્યામાં બહુ દેખાય. એના કરતાં મેં કાંઈક ત્યાગ કર્યો, આમ ભેખ છે, આમ નિવૃત્તિ છે, જંગલમાં રહ્યો. પણ આ ભગવાન આત્મા એકલો વિકલ્પાતીત ચિદાનંદ જ્ઞાનજ્યોતિ આનંદકંદ જેની દૃષ્ટિમાં અધિકપણે વસ્યો નથી, એવું જેનું જ્ઞાન આને કબુલ્યું નથી, એના ચિત્તમાં આ જાતની મલિનતાનો વાસ રહ્યા કરે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું આમાં?

'**ઐસે કિસી અજ્ઞાનીકે મોક્ષ-પદવી હે જીવ, મત દેખ,...**' આહા..હા..! એવા વિકલ્પની જાળ અને બહારના જ્ઞાનના ઉઘાડના ક્ષયોપશમવાળા અને દુનિયા એને માને કે ઓહો..હો..! શું આનો ઉઘાડ અને શું આની કષાયની મંદતા! સમજાય છે કાંઈ? એવા અજ્ઞાનીઓને તું મોક્ષ થાય એમ હે જીવ! ન દેખ. આહા..હા..! સમજાણું કાંઈ? રતિભાઈ! મિથ્યાત્વથી મુક્તિ ન થાય એમ કહે છે. આહા..હા..!

કહે છે, ભગવાન યોગીન્દ્રદેવ દિગંબર મુનિ નવસો વર્ષ પહેલા જંગલમાં વસતા હતા. કુંદકુંદાચાર્ય મહારાજ તો બે હજાર વર્ષ પહેલા દિગંબર સંત (થયા). એ તો ભગવાન પાસે ગયા હતા અને પછી શાસ્ત્ર બનાવ્યા. પછી આ અત્યારથી નવસો વર્ષ પહેલા આ યોગીન્દ્રદેવ દિગંબર સંત નગ્ન જંગલમાં આત્મધ્યાન આનંદમાં વસનારા (થયા). એક વિકલ્પ આવ્યો શાસ્ત્ર રચી નાખ્યું. અરે..! પ્રાણી ભગવાન આનંદના ઘરમાં પેઠો નથી, એના જ્ઞાનના અધિકપણે અનુભવ્યું નથી, તારા ચિત્તમાં અહીં અધિકપણું વસે છે, દુનિયા ન જાણે કે આ મારી અધિકતા અહીં છે ઈ કોણ જાણશે? પણ તને ખબર નથી ભાન કે હું આ શું કરું છું. સમજાણું કાંઈ? આહા..હા..!

આવી વાણી તો દિગંબર સંતો વિના ક્યાંય હોય નહિ. સમજાણું? આહા..હા..! જુઓ આમાં નાખ્યું છે ભાઈ. આ અમરચંદનું આવ્યું છેને અમર વાણી? હાથીને હોદે મરુદેવીને કેવળજ્ઞાન થઈ ગયું. કોપી કરવા જાય છે બધું, સમયસાર બધું વાંચી-વાંચીને. આ છેને, સ્થાનકવાસી છે. ભગવાનના દર્શન કરવા જતા હતા મરુદેવી, હાથીને હોદ્દે વિચાર કરતાં-કરતાં... વિવેકની વાત કરવા જાય છે. ચિંતવનમાંથી જ મોક્ષ થાય. એટલે હાથીના હોદે મરુદેવી જાય ત્યાં ભગવાન મારો દિકરો ક્યાં હશે? અરે..! ભરત કહે છે કે માતા! એ તો

કેવળજ્ઞાન પામ્યા છે. એને દેવો પૂજે છે. ક્યાં છે ક્યાં શું? હેં! એ તો સામું શેનો જોવે? વિચાર કરતાં-કરતાં હાથીને હોદે, સ્ત્રીને લૂગડે, બાયડીનો દેહ (એમાં) કેવળજ્ઞાન પામ્યા. કેટલી (વિપરીતતા)! પણ એમ હોય નહિ ત્રણ કાળમાં. કેટલું લગાવીને? વળી પાછા એવા અંદર લાગે કે અમે તો બરાબર બીજાને સમજાવીએ અને અમે બરાબર આત્મજ્ઞાન આનું નામ કહેવાય. આહા..હા..! એલા! સ્ત્રીને પહેલું તો કેવળજ્ઞાન હોઈ શકે નહિ. એમાં હાથીને હોદે પુરુષ બેઠો હોય તો કેવળજ્ઞાન ન હોય. એમાં ફક્ત એકલું ચિંતવન કરતાં, કપડા-બપડા બધા પડ્યા છે, ચિંતવન કરતા કેવળજ્ઞાન થઈ ગયું. હજી કપડા પ્રત્યેનો પ્રેમ છૂટ્યો નથી, સ્ત્રીનો દેહ છે એને ચિંતવનમાં કેવળજ્ઞાન થઈ જાય, ત્રણ કાળમાં થાય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ઈ જ કહે છે, આ બહારનું જોનારામાં એમ કહે કે આહા..હા..! ભારે ભાઈ! એકાગ્રતાની ચિંતવનામાં આત્માની કેટલી સ્થિતિ કે હવે આવી સ્થિતિમાં કેવળજ્ઞાન પામ્યા. એમ હોય નહિ. આહા..હા..!

અભ્યંતરમાં જેને આત્માના ભાન થયા છે, એ તો સ્વરૂપની રમણતામાં તો એને મન, વચન, કાયાથી પોતે જ બધા વસ્ત્ર, પાત્ર આદિનો ત્યાગ થઈ જાય. અંતર આનંદના સમ્યગ્દર્શન ભાન સહિત હોં! સમજાણું કાંઈ? ત્યારે અંતરમાં ચારિત્રની રમણતા થઈ જાય, બાહ્યમાં નગ્નદશા થઈ જાય અને એ પુરુષ વેદે હોય, સ્ત્રી વેદે કોઈ દિ' થાય નહિ. સ્ત્રી વેદે તો બાહ્ય સ્ત્રી હોય એને સાધુપદ ન આવે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી આત્મ ચીજને ભૂલીને... આ બહારમાં સાધારણ આવી સ્થિતમાં કેવળજ્ઞાન થઈ ગયું લ્યો! લોકો કહે, ઓહો..હો..! આત્માની શક્તિ પણ વર્ણવે છેને! એ શક્તિ વર્ણવી નથી, એને .. ભાનેય નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**અર્થાત્ બિના સમ્યગ્જ્ઞાનકે મોક્ષ નહીં હોતા.**' '**મા દ્રાક્ષીઃ**' '**મા દ્રાક્ષીઃ**' ગુરુ શિષ્યને કહે છે કે હે જીવ! આવા જીવોને મુક્તિ થાય કે સમ્યગ્દર્શન થાય (એમ) ન જોઈશ... ન જોઈશ... ન જોઈશ. આહા..! એય..! હાય..હાય..! '**ઉસકા દૃષ્ટાંત કહતે હૈં. બહુત પાનીકે મથનેસે ભી હાથ ચીકના નહીં હોતા.**' લ્યો! લાખ કરોડ મણ પાણીને મથે. આખો દિ' લાખ, કરોડ, અબજ મણ પાણીને મથ્યા કરે, હાથ ચીકણો થાય નહિ. એમ કહે છે કે શુભ-અશુભ વિકલ્પની જાળમાં પડ્યો છે, પર તરફના લક્ષના ઉઘાડમાં પડ્યો છે, પરની શ્રદ્ધામાં પડ્યો છે, એવા લાખ ચીકણા કરોડમાં ... કર પણ આત્માની મુક્તિ નહિ થાય તને, લે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પાનીકે મથનેસે ભી હાથ ચીકના નહીં હોતા.**' ક્યાં ગયા તમારા? નથી? શું થયું વળી? ખાલી જગ્યા છેને.

શું કહ્યું? સમજાણું આમાં? કેટલા પાણી મંથનથી હાથ ચીકણો થાય? એમ કેટલા બહારના જ્ઞાન અને બહારની ક્રિયાકાંડથી આત્માને સમ્યગ્દર્શન થાય? આ એમ કહે છે. લ્યો! સમજાણું કાંઈ? પાણીની સંખ્યા કેટલી લેવી કે હાથમાં જરી ચીકાશ આવે ભીની? '**પાનીકે મથનેસે ભી હાથ ચીકના નહીં હોતા.**' ચીકણું થાય નહિ.

'**ક્યોંકિ જલમેં ચિકનાપન હૈ હી નહીં.**' દાખલો જુઓ! જળમાં ચીકણાપણું નથી. એમ બાહ્ય ક્રિયા ને ભેષ અને બાહ્યના મહાવ્રતના પરિણામ ને રાગના ને બહારના જ્ઞાનના ક્ષયોપશમ એમાં ચીકણાપણું છે જ નહિ. એટલે એમાં આત્માના જ્ઞાનની ગંધ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકો કહે છેને કે વ્યવહાર કરતાં-કરતાં આ થાશે, આમ કરશો તો આ થાશે. અહીં કહે છે કે કરોડ મણ પાણીને મંથન કર તોપણ હાથ ચીકણો નહિ થાય. એમ તારી રાગની મંદતા અને બાહ્ય ભેષની કરોડ અબજ અનંત ક્રિયા હો, સમ્યગ્દર્શન નહિ થાય એમ કહે છે. આહા..હા..! એય..! ધર્મચંદજી! આહા..! બહિર્મુખની કઈ ચીજ અંતર્મુખની, બે ચીજ જ જુદી આખી. આહા..હા..! કઈ શૈલીએ વાત કરે છે! સમજાણું કાંઈ?

'**જૈસે જલમેં ચિકનાઈ નહીં હૈ, વૈસે બાહિરી ભેષમેં સમ્યગ્જ્ઞાન નહીં હૈ.**' બહાર ભેખ નામ શાસ્ત્રનો ઉઘાડ, બહાર વ્યવહારશ્રદ્ધા અને પંચ મહાવ્રત અને બાર વ્રતના વિકલ્પ એ બધો બાહ્ય ભેખ છે. સમજાણું કાંઈ? એ પછી વિસ્તાર કરશે, પણ આમાં અહીં સામાન્યપણે લઈ લીધું એણે. બાહ્ય ભેખમાં, એ બાહ્ય ભેખ છે. ભગવાન આત્મા અનાકુળ આનંદનો કંદ પ્રભુ એની અંતરમાં બિલકુલ બાહ્ય ભેખ-જે બાહ્યનું જાણપણું કે બાહ્યનો ક્રિયાકાંડનો રાગ મંદ ભાવ એ વસ્તુમાં છે જ નહિ.

મુમુક્ષુ :- અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન થાય છેને?

ઉત્તર :- હા, પણ હોય જ નહિ, કેવળજ્ઞાન એને થાય જ નહિ. કપડા હોય ત્યાં સુધી કેવળજ્ઞાન થાય જ નહિ. પહેલા મુનિપદ અંદર લે, નવ કોટીએ મન, વચન, કાયાએ વસ્ત્ર, પાત્ર કરવું, કરાવવું, અનુમોદવું છોડે ત્યારે તેને મુનિપણું આવે. અંતર્મુહૂર્તમાં કેવળ થાય પણ કોને? વસ્ત્ર-પાત્ર છૂટી ગયા હોય, નગ્ન દિગંબર હોય, સમ્યગ્દૃષ્ટિ હોય અને અનુભવમાં સ્થિર થાય, એને અંતર્મુહૂર્તે કેવળ થાય. કહો, સમજાણું કાંઈ? આ વસ્ત્ર પહેર્યા હોય અને દાગીના પહેર્યા હોય અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય એમ ત્રણ કાળમાં બને નહિ. કારણ કે કાયાથી ત્યાગના વિકલ્પ છૂટ્યા વિના ક્યાંથી મુનિપણું આવશે? કાયાથી વસ્ત્ર, પાત્ર (આદિ) કોઈપણ ચીજ છે એ બધી છૂટવી જોઈએ. છૂટી જાય ઓલો વિકલ્પ છૂટે બધી છૂટી જાય છે, છૂટી જાય છે. સમજાય છે કાંઈ? કહો, જેઠાભાઈ!

જુઓ, **'સમ્યગ્જ્ઞાનકે બિના મહાન્ તપ કરો,...'** એ આત્મા સમ્યક્ ચિદાનંદ સ્વરૂપના અંતર નિશ્ચયના ભાન વિના બહાર તપ કરો, મહાન તપ કરો એમ લખ્યું. બાર-બાર મહિનાના ઉપવાસ કરીને મરી જા, પણ સમ્યગ્દર્શન નહિ થાય, હાથ ચીકણો નહિ થાય એમ કહે છે. આહા..હા..! **'તો ભી મોક્ષ નહીં હોતા.'** મહાન તપ એટલે મુનિપણું કહેવું છે હોં! મહાન મુનિપણું. પંચ મહાવ્રત અપવાસ ક્રિયાકાંડ, દયા-દાન, વ્રત મહા ઘણા લાખો માણસો, કરોડો માણસો જેના બોધથી એમ સમજે કે ઓહો..હો..! એ બધું બાહ્ય, સમ્યગ્જ્ઞાન વિનાનું બાહ્ય તપ છે, શુભભાવ છે કદાચિત. પુણ્ય બાંધશે, એ કહેશે પછી. સમ્યગ્દર્શન નહિ થાય. સમ્યગ્દર્શન એટલે જ મુક્તિ. મિથ્યાત્વથી મુક્તિ છેને? એ અવ્રતથી મુક્તિ, પ્રમાદથી મુક્તિ બધી મુક્તિ છે. સમજાણું કાંઈ? આહા..! ભારે આકરું ગળે ઉતારવું આ!

મુમુક્ષુ :- વ્રત કરાવે...

ઉત્તર :- કોને કરાવે? ધૂળના? તમારે ન કરવું હોય તો બધાને પૈસા આપી દ્યો તો કરાવી નાખે એમ. પૈસાવાળા ખરાને. બબ્બે રૂપિયા આપી દે પોષા કરનારને. શું કહેવાય એ? લ્હાણી, લ્હાણી. લ્હાણી.

મુમુક્ષુ :- પારણા કરાવી દે.

ઉત્તર :- પારણા કરાવી દે બસ એમ છે જુઓ! શેઠિયા માણસ ખરાને, પારણા કરાવી દે જાવ બધાને જમાડી દ્યો ભાઈ! લ્યો! પોષા કરે એને બબ્બે રૂપિયા અને ઉપર પારણું. ધૂળમાં પણ નથી સમ્યગ્જ્ઞાન વિના. ઓલા પણ સમ્યગ્જ્ઞાન વિના કરનારા મૂઢ જીવ છે એને કે દિ' ધર્મ હતો? સમજાણું કે નહિ? આહા..હા..!

વીતરાગ માર્ગ જૈન પરમેશ્વરના ઉપદેશો સહન કરવા પણ કઠણ, સહન કરવા. આહા..હા.! આમ કંટાળો આવી જાય. અર..ર..ર..! આ શું? પ્રભુ વીતરાગ સ્વભાવે ભરેલો ભગવાન આત્મા છેને. એમાંથી વીતરાગતા, અનંતી અનંતી વીતરાગતા એટલે ચારિત્ર કાઢ્યા છેને એમાંથી? અનંતી વીતરાગ ચારિત્ર, અનંત વીતરાગ ચારિત્ર, અનંત કેવળજ્ઞાન. એવો ભગવાન ચૈતન્ય હીરો, એવા ભગવાન આત્માનું અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન નથી, મહાન તપ કરીને મરી જા, પણ કલ્યાણ થાશે નહિ. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ સમ્યગ્જ્ઞાનકા લક્ષણ વીતરાગ શુદ્ધાત્માકી અનુભૂતિ હૈ,...'** જુઓ, આહા..! ભગવાન આત્મા એના સ્વસન્મુખની રાગ રહિતની અનુભૂતિ સમ્યગ્જ્ઞાન તેને અહીંયા સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. વીતરાગ સ્વાનુભૂતિની અનુભૂતિ. વીતરાગ શુદ્ધાત્મા. જુઓ, આત્મા કેવો છે? કે વીતરાગ શુદ્ધાત્મા. આત્મા કેવો છે? કે વીતરાગ શુદ્ધાત્મા. એનું સમ્યગ્જ્ઞાન લક્ષણ શું છે? કે એની અનુભૂતિ. સમ્યગ્જ્ઞાનનું લક્ષણ, સમ્યગ્જ્ઞાનનું લક્ષણ એ છે. બાર અંગ ભણ્યો

કે અગિયાર આંગ ભણ્યો એ એનું લક્ષણ નથી. એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી. સમ્યગ્જ્ઞાનનું લક્ષણ એક વાત, લક્ષણ કે શુદ્ધ વીતરાગ શુદ્ધાત્મા. બીજો બોલ, દ્રવ્ય આત્મા વીતરાગ શુદ્ધાત્મા એની અનુભૂતિ એ શુદ્ધ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. એનો અનુભવ એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

લોકોને એમ જ લાગે બિચારાને હોં, એકાંત છે. એમ સમજે, બિચારા શું કરે? અરે..! ભાઈ! ભગવાન! બાપુ! એમ ન હોય હોં! માર્ગ તો જે છે એમ રહેશે. દુનિયા કોલાહલ કરે અને ન માને એથી કાંઈ માર્ગ ફરી જાય એવો છે? હજી આવો માર્ગ સાંભળ્યે જ્યાં નિષેધ કરે છે, એને અંતરમાં રુચવાનો કાળ ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? એકવાર શ્રદ્ધાનો સ્વભાવ શુદ્ધ તરફની શ્રદ્ધાનો સપાટ ભાગ... સમજાય છે? શું કહેવાય ઓલો? દરિયામાં બાંધે ઈ? નહોતું રામચંદ્રજીએ બાંધ્યું એ શું કહે? સેતુ. સેતુનો બીજો શું શબ્દાર્થ છે? પુલ-પુલ. શુદ્ધ સ્વભાવ સાગરનો શ્રદ્ધાના પુલમાં આ તરફ જાવું. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન-ચારિત્ર આ તરફમાંથી છે એવો શ્રદ્ધાનો પુલ અંદર જવાનો નક્કી નહિ કરે ત્યાં સુધી અંદરમાં જઈ શકશે નહિ. સમજાણું કાંઈ? આ દરિયામાં પથરા નહોતા કર્યા, જુઓને રામચંદ્રજીએ નહિ? પુલ બાંધ્યો હતો. અહીં તો અદ્ધરથી બંધાય છે.

ભગવાન આત્મા એ શ્રદ્ધાના પુલથી ચૈતન્યમાં અંતરમાં જવાય. કેવી શ્રદ્ધા? કે નિર્વિકલ્પ શ્રદ્ધા. રાગના અવલંબન અને નિમિત્તના અવલંબન વિના અંતરમાં જઈ શકાય છે. એવી શ્રદ્ધાના પુલ પાકા બાંધ્યા વિના ભગવાન આત્માનું જ્ઞાન અને એને સમ્યગ્દર્શન થાય નહિ. સમજાય છે કાંઈ? ભીખાભાઈ! હમણા હીરાભાઈ નથી, ગયા છે. આવશે વળી સવારે. ત્યાંથી મોટરમાં આવવાના છે.

**'સમ્યગ્જ્ઞાનકા લક્ષણ વીતરાગ શુદ્ધાત્માકી અનુભૂતિ હૈ,...'** ઓહો..હો..! **'વહી મોક્ષકા મૂલ હૈ. વહ સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનાદિસે ભિન્ન નહીં હૈ, તીનોં એક હૈં.'** ઓહો..હો..! એ સમ્યગ્જ્ઞાન ચૈતન્ય ભગવાન આત્મા એનું જ્ઞાન સમ્યગ્દર્શન વિનાનું એ ન હોય, એનું જ્ઞાન રાગના અભાવ વિનાનું ન હોય. સાથે બધું હોય છે. અહીં તો વીતરાગતા સિદ્ધ કરવી છે. કેમકે આત્મા વીતરાગ શુદ્ધાત્મા છે. એની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ પણ વીતરાગ અનુભૂતિ છે. સમ્યક્ સહિત, રાગ રહિત વીતરાગ અનુભૂતિ છે. એના વિના સમ્યગ્જ્ઞાન હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આમાં તો સમજાય એવું છે કે નહિ? ગુણવંતભાઈ! સમજાય એવું છે. તમે જુવાન માણસને ન સમજાય એવું હોય? નવું લાગે ત્યારે જરી લાગે અહીંયા. પણ અંતર વસ્તુ છે કે નહિ આ વસ્તુ મોટી મહાન? મહા પ્રભુ બિરાજે છે અંદર આત્મા એની એને કિંમત ન મળે. સમજાણું? આહા..!

માના હાથમાંથી ખસી ગયો હોય છોકરો. પછી ભૂલી જાય માને અને બીજે રસ્તે ચડી જાય. જ્યાં વળી યાદ આવે એને કે અર..ર..ર..! એલા ક્યાં ગયો? ક્યાં મારી મા છે? બીજે રસ્તે વળી ચડી ગયો તો ભૂલી જાય થોડી વાર. .. ખાવાનું કો'ક આપે તો ભૂલી જાય, લાડવો આપે તો ભૂલી જાય. .. બેસીને એમ કે આને છોકરું એવું .. આને મોટરમાં લઈ જાય તો રાજી થઈ જાય અને ઓલો ભૂલી જાય. જ્યાં ઓલું યાદ આવે, અરે..! મારી મા?

એમ આ અનાદિ કાળનો વસ્તુ ચિદાનંદ ભૂલી, ક્યાંક ક્યાંક સલવાઈ ગયો. કાં તો દેવના સુખમાં ને કાં આબરૂમાં ને કાં કીર્તિમાં ને કાં તો ત્યાંગમાં કાં તો બાયડીમાં ને કાં તો વેપારમાં ને કાં તો અધિક થવામાં. આ શાસ્ત્રને બહાને પણ જાણપણામાં અધિક થવામાં ગૂંચાઈ ગયો તો ત્યાં સલવાણો. ઓલો યાદ આવતો નથી કે હું તે કોણ છું આ? ભીખાભાઈ! આહા..! અને તે વીતરાગ પ્રભુ આત્મા છે. આહા..હા..! જેમાં એક વિકલ્પ તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવની પણ જેમાં ગંધ નથી. આહા..! એવા શુદ્ધાત્મ ભગવાનને ભૂલી અને કહે છે કે બીજે તને રાજીપો (કેમ થાય છે)? એ રાજીપાને રસ્તે કેમ ચાલ્યો ગયો? બીજે રાજીપાને રસ્તે કેટલે વેગે ગયો કાંઈ ખબર છે વેગની? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીરમાં...

ઉત્તર :- શરીર તો હવે સ્થૂળ થઈ ગયું. એની તો વાત પણ ક્યાં રહી? અહીં તો મંદ કષાય અને શાસ્ત્રના જ્ઞાનના ખીલે ચડી ગયો, એ ખીલે ચડ્યો ત્યાં સલવાઈ ગયો, આ રહી ગયો આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એ ખીલો બીજો થઈ ગયો. આહા..હા..!

'**આગે નિશ્ચયકર આત્મજ્ઞાનસે બહિર્મુખ બાહ્ય પદાર્થોંકા જ્ઞાન હૈ,...**' દેખો! એ બાહ્ય પદાર્થમાં છ દ્રવ્યનું ને ભગવાનનું ને શાસ્ત્રનું ને ગુરુનું જ્ઞાન, '**ઉસસે પ્રયોજન નહીં સધતા,...**' આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ.' આમ કાળજા (કંપી જાય), અર..ર..ર..! શું કરે છે આ? વીતરાગ શાસ્ત્રકાર શું કહે છે આ? પણ અમે ક્યાં ચોંટ્યા? હજી તીવ્ર રાગમાંથી એમાંથી મંદમાં (તો લાવો). પણ મંદમાં આવ તોપણ એનું એ છે, સાંભળને. એકતાબુદ્ધિ, વિકલ્પના પ્રેમની બુદ્ધિ તો એક જ જાત છે, એમાં બીજી કોઈ જાત છે નહિ. ભેખ ફેરવ્યો એમાં તત્ત્વ ક્યાં ફર્યું છે અંદર? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિશ્ચયકર એટલે સત્ય દૃષ્ટિથી જોઈએ તો, આત્મજ્ઞાનથી બહિર્મુખ... ભગવાન આત્મા એની અંતરની અનુભૂતિનું વીતરાગી જ્ઞાન એનાથી બહિર્મુખ બાહ્ય પદાર્થનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન, શિષ્યોને ભેગા કરવાનું જ્ઞાન, મંદિરો બનાવવાનું જ્ઞાન, અબજો રૂપિયા ખર્ચાવાની કળા.

અમે અબજો રૂપિયા ખર્ચાવી દઈએ બીજા પાસે, શેઠિયાને ઊંચા કરીને. એ બધા અજ્ઞાન છે કહે છે. આહા..હા..! ધર્મચંદજી! **'ઉસસે પ્રયોજન નહીં સધતા,...'** જુઓ, છેને? **'यन्निजात्मबोधज्ञानबाह्यं ज्ञानं तेन प्रयोजनं'**. જ્ઞાનથી પ્રયોજન સિદ્ધે નહિ, બાહ્ય જ્ઞાનથી, લે. આહા..હા..! અંતર જ્ઞાનમૂર્તિ ચૈતન્ય સૂર્ય પ્રભુ એના અંતરના જ્ઞાન વિના બાહ્યના જ્ઞાનથી કાંઈ પ્રયોજન સિદ્ધિ છે નહિ. આ જ્યાં બે શબ્દ આવડ્યા ત્યાં કહે મને આવડ્યા હોં! આનો ઉત્તર મને આવડ્યો. સમજાણું? શાસ્ત્રની વાત કરતા આવડતી હોય, બોલતા આવડતી હોય. કેવું વ્યાખ્યાન જોયું! એક કલાક કોઈ બોલે નહિ એવી કળા છે અમારી પાસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કેમ કેવું લાગ્યું તમને? શું ધૂળ લાગે? સાંભળને. વાણી જડની છે, વિકલ્પ રાગ છે, ઉઘાડ પર તરફનો છે એ જડ છે. સાંભળને હવે તું. સમજાણું કાંઈ? આહા..હા..! આકરું લાગે હોં પણ.

**'એસા અભિપ્રાય મનમેં રખકર કહતે હૈં—'** ભગવાન યોગીન્દ્રદેવ આચાર્ય દિગંબર મુનિ વનમાં વસતા આ શ્લોકો તાડપત્ર ઉપર લખાઈ ગયા છે, તાડપત્ર ઉપર હોં!

૨૦૨) **जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण।**
**दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण।।७५।।**

જુઓ, પ્રયોજનનો અર્થ કાર્ય કર્યું છે. આહા..હા..! ભારે હોં! આચાર્યની શૈલી પણ કોઈ...! દિગંબર સંતોએ તો ધર્મના થાંભલા (થઈને) ધર્મને થાંભી રાખ્યો છે. મહા સંતોએ (કહેલી) તત્ત્વની વાતને લોકો સમજી શક્યા નહિ. સમજાણું કાંઈ? આ તો નવસો વર્ષ પહેલાનો ગ્રંથ છે. આ કાંઈ નવો કરેલો સોનગઢનો નથી.

**'જો...'** **'निजबोधात्'**. ભાષા છે જુઓ! **'निजबोधात्'** પોતાના જ્ઞાનથી, આત્માના જ્ઞાનથી. ભગવાન આત્મા ચૈતન્યસૂર્યના સ્વસંવેદન... સ્વસંવેદન... સ્વસંવેદન—જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, નિજનું જ્ઞાન એના સિવાય બહાર ...સે રહિત, આવા જ્ઞાનથી બહાર, આત્મજ્ઞાનથી બહાર, આત્માના સ્વબોધના ભાન વિનાના બહાર, **'શાસ્ત્ર વગૈરકા જ્ઞાન ભી હૈ,...'** એ શાસ્ત્ર વગેરેનું જ્ઞાન. કળા, બોંતેર કળા. જ્યાં હોય ત્યાં .. હોય બધાને. વ્યાકરણ આવડે, કવિત્વ આવડે, લેખ આવડે, ફલાણું આવડે, એકે એક. સમજાણું કાંઈ? આમ હજારો શાસ્ત્રો પડ્યા હોય એની ખબર હોય, આ લીટીમાં અહીં છે અને આ લીટીમાં અહીં છે. એય..! તારું કાર્ય એનાથી સરે એવું નથી. પ્રેમચંદજી! આવી આકરી પણ વાત દિલ્હીમાં સંભળાય? આકરી પડેને માણસને. ખળભળાટ-ખળભળાટ. ... અરે! ભગવાન સાંભળ બાપા! આહા..હા..! કહે છે, અરે! **'શાસ્ત્ર વગૈરકા જ્ઞાન ભી હૈ, ઉસ જ્ઞાનસે કુછ કામ નહીં,...'**

કાર્ય નહિ, દેખો ભાષા! એ વ્યવહારું જ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન હોં વ્યવહાર, એ જ્ઞાનથી કાંઈ આત્માને લાભ નહિ, કાંઈ કાર્ય નહિ. આ તે કાંઈ વાત! વ્યવહારનો તો ભૂક્કો ઉડાવ્યો છે કે નહિ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... કહે છે કે એલા! તારો મૂળ રાજા તું એનું ભાન નહિ અને હવે આ બધી પ્રજા પરની માથાકુટ કરી બધી. બહારના શાસ્ત્રથી **'तेन कार्यं न' 'तेन कार्यं न'** શાસ્ત્રમાં આવો પાઠ છે અહીં તો. તેનાથી કાર્ય કાંઈ થાતું નથી. પરથી તો જ્ઞાન થતું નથી, પણ પોતાને શાસ્ત્રનું જ્ઞાન થયું એનાથી આત્માનું કાર્ય કાંઈ થાતું નથી. આહા..હા..! નેમીદાસભાઈ! આહા..હા..! આ તો એટલું તો લ્યે. ભાષા છેને આચાર્યની. **'जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण'** જરીએ કાર્ય કરી શકે નહિ. આહા..હા..! પણ હવે કેટલા થોકડા આવડે, કેટલા પ્રશ્નોત્તર કરે તો આવડે, બોલતા આવડે, સમજાવતા આવડે બધાને લ્યો! કહો! કહે છે, એનાથી આત્માનું કાંઈ કાર્ય થવાનું નથી, લે.

મુમુક્ષુ :- નંબર કોનો લગાડવો?

ઉત્તર :- નંબર લગાડવો આત્માનો. આ આત્માનું જ્ઞાન (થાય) એમાં (બીજું) કાંઈ ન હોય તો એનો નંબર લાગી ગયો. નંબર લાગે એટલે શું કહે છે? નંબર લાગી ગયો. ક્યાંક છે ખરો. લોટરીમાં. હા.. હા.. લોટરીમાં. એ લોટરીમાં નંબર એનો લાગ્યો.

**'क्योंकि वीतरागस्वसंवेदनज्ञान રહિત...'** આત્માના રાગ રહિત સમ્યક્ ચૈતન્યમૂર્તિના જ્ઞાન રહિત તપ. **'शीघ्र ही જીવકો દુઃખકા કારણ હોતા હૈ.'** કાર્ય નથી એમ (કહીને) એટલેથી અટક્યા નહિ પાછા. દુઃખ જ છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યના સમ્યક્ અંતર બોધ વિના એ બધા શાસ્ત્રના જ્ઞાન આદિ એ બધું દુઃખનું કારણ છે. (આ કાંઈ) વાત છે! એનું વિશેષ ચાલશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૧, રવિવાર, તા. ૦૬-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૫, પ્રવચન-૧૨૦**

યોગીન્દ્રદેવ મુનિ દિગંબર મુનિ નવસો વર્ષ પહેલા થયા છે, એમણે આ શાસ્ત્ર સર્વજ્ઞના અનુસારે જે બોધ અનાદિનો હતો એ બોધથી લખ્યું. ૭૫ જુઓ! ફરીને લઈએ છીએ હોં શબ્દાર્થ.

૨૦૨) जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण।
दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण।।७५।।

**શબ્દાર્થ** :- 'જો...' '**निजबोधात्**' '**આત્મજ્ઞાનસે** બાહર (રહિત)...' શું કહે છે? આ આત્મા જે છે એ શુદ્ધ શાંતરસનો પિંડ આત્મા છે. અકષાય શાંત... શાંત... શાંત... ઢીમ.. એવા આત્માનું અંદર જ્ઞાન, એ શાંતિના-શાંતિના આનંદ સાથે પ્રગટેલું જ્ઞાન, એ જ્ઞાન(મય) આત્માને જ જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાનથી બહાર.. સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન એટલે કે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જે અકષાય વીતરાગ શાંતરસનું તત્ત્વ આખું એનું જ્ઞાન (કે) જેમાં આત્માને એ જ્ઞાનથી શાંતિ થાય શાંતિ. એવા આત્મજ્ઞાનની શાંતિ વિનાના જ્ઞાનને 'બાહર (રહિત) **શાસ્ત્ર વગૈરકા જ્ઞાન ભી હૈ,...**' લૌકિકની વાત તો નહિ, લૌકિકની આ બુદ્ધિ આ સંસારની વકીલાતની, ડૉક્ટરની એ બધી તો દુઃખમય છે, એ બુદ્ધિ દુઃખમય છે, પણ આત્માના જ્ઞાન વિનાનું શાસ્ત્ર આદિનું જ્ઞાન એ જ્ઞાન... '**શાસ્ત્ર વગૈરકા જ્ઞાન ભી હૈ, ઉસ જ્ઞાનસે કુછ કામ નહીં,...**' એ જ્ઞાનથી પણ આત્માનું કાંઈ જરીએ કાર્ય થતું નથી. આહા..! નવનીતભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વકીલાતનું જ્ઞાન એ દુઃખરૂપ વિશેષ. આ શાસ્ત્રનું જ્ઞાન દુઃખરૂપ થોડું, પણ દુઃખરૂપ એ છે. અશુભભાવ છે અને અહીં શુભભાવ છે એટલી અપેક્ષાએ. મિથ્યાત્વની અપેક્ષાએ સરખું. શાસ્ત્રના ભણતરમાં શુભનો વિકલ્પ છે, શાસ્ત્રજ્ઞાન. લૌકિક જ્ઞાનમાં અશુભ રાગનો ભાવ છે. એ મહાન દુઃખરૂપ છે.

અહીં તો અંતરમાં આત્મજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જેના જ્ઞાનમાં અંતર શાંતિ, અનંતાનુબંધીનો અભાવ એટલી શાંતિ (થઈ છે), મિથ્યાત્વનો અભાવ એટલો નિઃસંદેહ પ્રતીતનો

ભાવ છે. એવા આત્માના જ્ઞાન વિના શાસ્ત્રનું જ્ઞાન પણ કાંઈ પ્રયોજનનું નથી. કાંઈ આત્માને કાર્યકર નથી. ઝીણી વાત છે ભાઈ!

મુમુક્ષુ :- ... દુઃખનું કારણ છે.

ઉત્તર :- એ હજી હવે આવશે. આ તો કાંઈ પ્રયોજન નથી એટલું સિદ્ધ નહિ કરે. પણ આત્માના અંતર જ્ઞાનમાં ભાન વિનાના જેટલા જાણપણા (થાય) એ દુઃખરૂપ છે. તેને અભિમાન થાય, એને આ થાય, આ કર્યું ને આ જાણ્યું... રખડ્યા રખડ વિકલ્પની જાળમાં.

કહે છે કે '**ક્યોંકિ વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત...**' આત્માનું, રાગ અને વિકલ્પ રહિત સ્વ ચૈતન્યનું પ્રત્યક્ષ જ્ઞાન એવા સ્વસંવેદનજ્ઞાન રહિત '**તપ શીઘ્ર હી જીવકો...**' મુનિપણું હોય, બહાર પંચમહાવ્રત હો. બે વાત લીધી—એક તો શાસ્ત્રનું જ્ઞાન અને મુનિપણું. એ '**જીવકો દુઃખકા કારણ હોતા હૈ.**' શીઘ્ર હી દુઃખકા કારણ હૈ. આહા..હા..! કહો, સમજાણું આમાં? સંસારના ભાવો સંસાર માટે થાય શુભ-અશુભ ભાવો એ તો દુઃખરૂપ છે જ. દુઃખનું જ કારણ છે. વસ્તુ દુઃખરૂપ નથી હોં, એનો ભાવ. વસ્તુ દુઃખરૂપ નથી. આ બહારની ચીજો એ કાંઈ દુઃખરૂપ નથી, સુખરૂપ નથી. એણે કરેલા વિકારી ભાવ એ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? અહીં તો એ ઉપરાંત જરી શાસ્ત્રના ભણનારાઓ, દેવ ગુરુને માનનારાઓ અને મુનિવ્રતના પાળનારાઓ, એને કહે છે કે તારું ભણતર એ જ્ઞાન જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બધું રેકોર્ડમાં ઉતરે છે.

ઉત્તર :- રેકોર્ડમાં ઉતરવા માટે તો ઉતરે છે આ. આ છે શું જુઓને.

બે વાત—'**ज्ञानमपि**' ને '**तपः**' બે શબ્દ લીધા. ભાઈ! ભગવાન આત્મા એકલો શાંત સ્વરૂપ, ચૈતન્યની શાંતિ જેમાં એકલો અકષાય સ્વભાવ, જેના શાંત... બરફ જેમ છે, એમ પ્રભુ આત્મા શાંત શિલા છે, શાંત શિલા અરૂપી છે. ભગવાન આત્મા અકષાય (સ્વરૂપ છે). પુણ્ય-પાપના જેટલા વિકલ્પ રાગ છે એ દુઃખરૂપ છે એનાથી રહિત એનું સ્વરૂપ શાંત... શાંત... શાંત... એકલું ઢીમ. એ વળી ઓલું યાદ આવ્યું હતું તમારું. શીતળ શિલા શશીકાંતની જ્યાં વિશ્રાંતિ લહી. એ વળી મગજમાં આવી ગયું. એ એમાં અહીં આવી ગયું અહીં આવ્યું. 'શીતળ શિલા શશીકાંતની...' સમવસરણમાં એ આવે છે વાત. ભગવાન પાસે જાય છેને ઈન્દ્રો, ત્યારે વચમાં શીતળ શિલા શશીકાંતની (આવે છે) ત્યાં ઈન્દ્રો પેસતા જરીક બેસે છે. કહે છે કે એ તો નહિ. 'શીતળ શિલા શશીકાંતની...' ભગવાન આત્મા જેમાં શાસ્ત્રના જ્ઞાનનો પણ વિકલ્પ ઉઠે તે અશાંતિ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એ વિનાની શીતળ શાંત... શાંત... શાંત... 'શીતળ શિલા શશીકાંતની જાણે' ચંદ્રમાના શીતળ કિરણો ફૂટતા હોય, એમ શીતળ-શીતળ સ્વરૂપ ભગવાન આત્મા એમાં ઈન્દ્ર વિશ્રાંતિ લે. આત્મા એમાં એકાકાર

થઈને વિશ્રાંતિ લે એવા જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન વિનાનું, કહે છે કે શાસ્ત્રનું જ્ઞાન હો, વ્યાકરણ ને આ ને અર્થ ને શબ્દાર્થ ને... સમજાય છે? સંસ્કૃત ને અને શાસ્ત્રના જ્ઞાન આચારાંગ ને સૂયગડાંગ ને ઠાણાંગ ને સમયસાર ને પ્રવચનસાર ને નિયમસાર ને... આહા..હા..!

કહે છે કે પ્રભુ! પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ દેવ ફરમાવે છે, ભાઈ! આ તો મુનિ કહે છે. દિગંબર મુનિ નવસો વર્ષ પહેલાં જંગલમાં સંત વસતા હતા એ કહે છે કે અરે..! ભગવાન પરમાત્મા એમ ફરમાવતા હતા અને એમ છે. ભાઈ! તારું જ્ઞાન અંતરમાં શાંતિને સ્પર્શીને જે જ્ઞાન આવે, જેમાં અવિકારી સમ્યગ્જ્ઞાન શાંત-શાંત વીતરાગ પિંડ પ્રભુ, વીતરાગી એકલો પિંડ જેમાં વિકલ્પનું ઉઠવું પણ દુઃખરૂપ લાગે, શાસ્ત્રનું ભણતર પણ જ્યાં દુઃખરૂપ છે. ભીખાભાઈ! આહા..હા..! એ વિનાનું, જે શાંત પ્રભુ ચૈતન્ય ભગવાન એને અંતર સ્પર્શીને, ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિને સ્પર્શીને જે જ્ઞાન થાય એ જ્ઞાન તે પ્રયોજનભૂત છે. એ આત્માને શાંતિ અને મોક્ષનું કારણ છે. એ સિવાય, કહે છે કે બાપા! શાસ્ત્રના જ્ઞાન ભણતર તારા અભિમાન કરીને મારી નાખશે તને. આહા..હા..! શશીભાઈ! એ.. રતિભાઈ! હવે એમાં રૂપિયા શું કરતા હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રૂપિયા આકુળતા ન કરે, એના તરફનો મમતા ભાવ એ આકુળતા દુઃખ, દુઃખ ને દુઃખ.

અહીં તો કહે છે કે રાગ ઘટાડીને-મંદ કરીને કાંઈ દાનમાં દે એ રાગ મંદ એ દુઃખ. આહા..હા..! એ તો ઠીક, પણ કહે છે કે પંચ મહાવ્રતના પરિણામ થવા રાગ એ મંદનો વિકલ્પ છે એ દુઃખ. ઝીણી વાત છે, બાપુ! એણે કોઈ દિ' આત્માની વાત, ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્-શાશ્વત આનંદનો કંદ એની એણે વાત સાંભળી નથી. ધર્મને બહાને એણે ઢસરડા કર્યા. પણ ધર્મ કોને કહેવો? ભાઈ! જેમાં શાંત થઈને ઠરે. આહા..હા..! શાંત... શાંત... શાંત... અહીં તો ભગવાન આચાર્ય કહે છે. યોગીન્દ્રદેવ દિગંબર મુનિ જંગલમાં વસનારા એને ક્યાં દુનિયાની પડી છે કે આ દુનિયાને ઠીક લાગશે કે નહિ ઠીક લાગે? નવનીતભાઈ! આ તો ભાઈ! પ્રભુ! તારો રસ શાંત ને અકષાય રસ છેને બાપુ! એમાં શાસ્ત્રના ભણતરનો વિકલ્પ પણ દુઃખરૂપ છે. આહા..હા..! આ તે કોઈ...

મુમુક્ષુ :- કષાય મંદ થાય અને આત્મા મોકળો થાય..

ઉત્તર :- એ મંદ થાય એ દુઃખરૂપ ભાવ છે એમ કહે છે. એ મોકળો ન થાય, એ બંધાઈ જાય છે દુઃખમાં. આા..હા..! રાડ નાખી જાય છેને.

ભગવાન! શાંત થા બાપુ! તારું સ્વરૂપ જ (એવું છે). આમ વિકલ્પનો એ ખદબદાટ ઉઠવો, આમ શાસ્ત્ર તરફનો વિકલ્પ ઉઠવો ભાઈ! એ દુઃખરૂપ છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ તો શાંત અકષાય સ્વરૂપનો જ એકલો સાગર આત્મા છે. અકષાય કહો કે વીતરાગ કહો કે શાંત... શાંત... શાંત... એમાં જેટલું આમ ભણતર તરફ-શાસ્ત્રના બોજા તરફ જવું એ, કહે છે વિકલ્પનો બોજો છે, દુઃખ છે, ભાઈ! આહા..હા..! નવનીતભાઈ! હવે આ કહે છે કેટલાક તો ભગવાન ભાઈ! એ તો વાત સમજવા માટે હોં! એ વ્યવહારથી આ થાય. ભાઈ! શાસ્ત્રના જ્ઞાનથી પણ કહે છે કે મારે કામ નથી, અહીં તો એમ કહે છે. આહા..હા..! મારું પ્રયોજન એનાથી ન સિદ્ધ થાય. અરે..! એ નહિ પણ તપ, મુનિપણું. તપ છેને? વીતરાગ સ્વસંવેદનજ્ઞાન રહિત તપ મહાવ્રત, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ (પાળે), મહિના-મહિનાના અપવાસ, શરીરને કટકા કરીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી જેની ક્રિયા. તપ એ પણ આ અંતર જ્ઞાનાનંદ પ્રભુ શીતળ... શીતળ... શીતળ... છાયા જેની એના તરફ ઢળ્યો નથી, એનું વલણ અંતર અનુભવ્યું નથી, એ વિનાના તારા તપ આદિ બધા શીઘ્ર દુઃખનું કારણ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? બીજી ભાષાએ કહીએ તો નિશ્ચય વિનાનું વ્યવહારરત્નત્રય દુઃખ છે અને આ નિશ્ચય સહિત હોય તો એ તો દુઃખ જ છે એમ કહે છે, લ્યો! નવનીતભાઈ! ઓલો નિમિત્ત કીધો હતોને? નિયતનો હેતુ ને કારણ ને.

ભગવાન! ભાઈ! તું તો કોણ છો તને ખબર નથી ભાઈ! એમાં ડોકીયું આમ ઊંચું કરવું, આમ ભગવાન કહે છે એમ સાંભળવાનો વિકલ્પ કરવો એ કહે છે દુઃખરૂપ છે. આહા..હા..! એની મોટપ એને કેમ બેસે? જ્યાં ત્યાં ભિખારી થઈને માગ્યા કરે છે. કોઈ મને મોટો કહે, કાંઈક જાણપણાથી મોટો કહે, કાંઈક બ્રહ્મચારી છું એમ કરીને મોટો કહે, કાંઈક હું ત્યાગી છું વ્રતનો, વ્રતનો ત્યાગી છું. બહારમાં ત્યાગી છું એમ કહો. લ્યો! કાંઈક મેં કર્યું. અરે..! ભગવાન! શું છે પણ તને? રતિભાઈ! બહુ વાત પણ આ...! હવે આ તમારા પૈસાવાળાનું સુખ ક્યાં ગયું? ધૂળમાં પણ નથી. કોણ કહે છે? કોણ કહે છે કે પૈસાવાળા સુખી છે? ભગવાન કહે છે કે દુઃખી છો. પૈસાને લઈને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં ગાંડા તો, ગાંડાની હોસ્પીટલમાં ગાંડા જ વાતું કરેને. ગાંડા છે બધા પાગલ. નવનીતભાઈ! પાગલ તો પાગલની વાતું કરે.

અહીં તો ભગવાન ત્રણલોકના નાથ જૈન વીતરાગ પરમેશ્વર જેની વાણીમાં આવ્યું... અહીં તો છેલ્લામાં છેલ્લી વાત તત્ત્વની છે. આહા..હા..! ભાઈ! તું તો પ્રભુતાના શાંત સ્વભાવના

રસથી ભરેલો, આમ-આમ એ વિકલ્પની વૃત્તિનો ઉત્થાન ઉઠે એ, આ.. ભાઈ! કહે છે એનાથી મારે શું પ્રયોજન? સમજાય છે કાંઈ? આત્માને એનાથી શું કાર્યની સિદ્ધિ છે? એમ કહે છે. જેને કારણ કીધું બીજે ઠેકાણે, એને અહીં ના પાડી કે એનાથી મારું કાર્ય કાંઈ થાય એવું નથી. લ્યો! એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! હું પોતે જ અતીન્દ્રિય આનંદનો રસ છું, એમાંથી મારે આ વિકલ્પ ઉઠાવવો ભણતર શાસ્ત્રનો, હોં! કે કષાય મંદથી અભિમાનથી ઉઠાવે કે અમે આમ છીએ, અમને આવડે, એ તો વળી મહાન દુઃખીના દાળિયા. સમજાણું કાંઈ? અમને આવડે છે, તમને આવડતું નથી, અમે કાંઈક આગળ વધ્યા છીએ જાણ્યામાં એવા અભિમાનીઓ તો મહા દુઃખી, દુઃખી ને દુઃખી, મિથ્યાત્વસહિત દુઃખી છે એમ કહે છે. રતિભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ... જાહેરાત.

ઉત્તર :- એ જાહેરાત કરે છે પોતાની કે હું કાંઈક છું, એમ મને કહો, ગણો કાંઈક ગણો. એવા પણ નહિ, અહીં તો કહે છે. અહીં તો અંદરમાં જેને શાસ્ત્રનું જ્ઞાન થયું છે હજી પર તરફના વલણવાળું એવો વિકલ્પ તે મારા કાર્યને શું સિદ્ધ કરશે? આહા..હા..! સમજાણું કાંઈ? હિંમતભાઈ! ભારે વાતું ભાઈ આ. આહા..હા..!

પ્રભુ! તારા ઘરની વાત છે હોં આ, પણ એને ઘરની વાત ગોઠતી નથી. બહાર બહારથી કાંઈક બહારના વલણથી કાંઈક અંદર ધર્મ થઈ જાયને. અર..ર..ર..! કહે છે કે વિકલ્પ બહારનો એ શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન જ નથી, એ વ્યભિચારી જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પંચ મહાવ્રતના પરિણામ એ શુભરાગ એ વ્યભિચારી ભાવ છે. ભાઈ! તને ખબર નથી, એ દુઃખરૂપ છે. આહા..હા..! ક્યાં ગરી ગયો અને ગરી ગયો ક્યાં એની એને ખબર ન મળે પાછી. અને કોઈ વાત કરે ત્યારે કહે, નહિ... નહિ... નહિ... એમ નહિ. બહુ સારી વાત છે બાપા! રખડ. નવનીતભાઈ! અનાદિથી છે ભાઈ! નિગોદના પેટ મોટા છે, બાપા! નિગોદના પેટ મોટા. અહીં મરીને બધાને સંઘરશે ઈ. એક શરીરમાં અનંતા જીવ. બાહ્ય તત્ત્વનો વિરોધ કરનારા, આવું તત્ત્વ છે એમ નહિ સમજનારા એને બડાઈ અને પ્રતિષ્ઠાનું માન અને ખાટેલા, એ બધા મરીને નિગોદમાં જવાના છે. આહા..હા..! એ નિગોદના પેટ મોટા કે જે ઘણા જીવો જઈને ત્યાં સંઘરે. એક શરીર જ નિગોદનું કહ્યું હતુંને એક ફેરી? કેટલા સાગરોપમ સુધી શરીર એક હોં! એમાં નિગોદના જીવ આવે ને જાય, આવે ને જાય, શરીર એનું એ. ઓલું અંતરમુહૂર્ત સ્થિતિવાળું ... આ તો મોટું શરીર છે ઔદારિક. આહા..હા..! ભાઈ! તારો સ્વભાવ તદ્દન નિવૃત્ત. હીરાભાઈ! આહા..હા..!

એથી કહે છે, '**ઉસ જ્ઞાનસે કુછ કામ નહીં,...**' છે? એવા શાસ્ત્રજ્ઞાનથી. બીજા ભણતરના

અભિમાન અને એનાથી તો શું, કાંઈ ધૂળેય નથી. સમજાણું આમાં? વકીલાતના અને આ શું કહેવાય તમારા? ડૉકટરના, એમ.એ.ના પૂછડાં ને આ બધા ધંધા વેપારના અને ચોપડીઓના. આ નવનીતભાઈને શું કહેવાય એ? શું કહેવાય? પાવર હાઉસના. આહા..હા..! વીતરાગને કાંઈ કોઈની શરમ છે? આહા..હા..!

પ્રભુ! ભાઈ! તારે શાંતિ જોતી હોય તો આ રસ્તો લે. એ બધું ભૂલી જા, ભૂલી જા હોં! એ શાસ્ત્રના જ્ઞાનથી મને આમ કાંઈક તો થાશે કે નહિ? કાંઈક તો થાશેને? ધૂળેય નહિ થાય કહે છે, લે. અને અમે દયા, દાન પાળીએ છીએ, રાગ મંદ કરીએ છીએ, મહાવ્રત પાળીએ છીએ, મહિના મહિના અપવાસ કરીએ છીએ કાંઈક તો થાશેને? ધૂળેય નહિ થાય કાર્ય, લે. દુઃખરૂપ છે એમ કહે. આહા..હા..! આ તે વીતરાગ કહે હોં ઈ. સમજાણું કાંઈ? **'ક્યોંકિ શીઘ્ર હી જીવકો દુઃખકા કારણ હોતા હૈ.'** એટલો શબ્દાર્થ કર્યો.

**ભાવાર્થ :- 'નિદાનબંધ આદિ તીન શલ્યોંકો આદિ લે...'** માયાશલ્ય, મિથ્યાશલ્ય, સમજાય છે કાંઈ? નિદાનશલ્ય. ઊંડા-ઊંડામાં ત્રણ શલ્ય પડ્યા અજ્ઞાનીને. ગમે એટલી વાતો કરતો હોય પણ એને અંદર મીઠાશ... મીઠાશ... મીઠાશ... રાગની મીઠાશ વર્તે છે. કહે છે કે નિદાન જ છે તારે તો. મિથ્યાત્વનું નિદાન, માયાનું નિદાન, ઊંડે એના ફળ, એના ફળ કાંઈક મળે એવી જ ઈચ્છા અંદર છે. આનંદની શાંતિનો અંતર અનુભવ નથી. સમજાણું કાંઈ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ.' વીતરાગના વચનો શાંતરસને સમજાવનારા, ભગવાન શાંત વીતરાગપણે આત્મા એને બતાવનારા એ એમ કહે છે, વીતરાગના વચનામૃતો એમ કહે છે કે તારા અમૃતના સ્વાદના ભાન વિનાના જ્ઞાન એ તને કાર્યસિદ્ધિમાં જરીએ મદદ નહિ કરે. ભાઈ! એ તને દુઃખરૂપ છે. આ કાયર જીવોને... અર..ર..ર..! આ તો લોપ થઈ જાય છે.

મુમુક્ષુ :- કોનો? અજ્ઞાનનો કે ..નો?

ઉત્તર :- વ્યવહારનો લોપ થઈ જાય. એય..! નવનીતભાઈ! આ બધું સાંભળ્યું છેને એણે ઘણા પાસે. આહા..હા..! આ કહે છે ભાઈ! પરમ શાંતરસ મૂળ. એ વાણી, એ તારા નિર્વિકલ્પ શાંતરસને બતાવવા માટે વાણી છે. ઓલો વ્યવહાર વિકલ્પ છે એ તો અંદર ભાન થયું એટલે જાણવા માટે હો, આદરવા માટે નથી, એ દુઃખરૂપ છે.

**'નિદાનબંધ આદિ તીન શલ્યોંકો આદિ લે સમસ્ત વિષયાભિલાષરૂપ...'** વિષય એટલે પરની અભિલાષા. સ્વનું વેદન, ચૈતન્યની શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એકલો જેના શાંતરસના એક સ્વાદ આગળ જેને આ વિકલ્પો દુઃખરૂપ લાગે એની એને હોંશ કઈ રીતે હોય? સમજાય છે કાંઈ? **'મનોરથોંકે...'** એનો મનનો રથ જ ત્યાં ફરતો

હોય છે કહે છે. ભગવાન આત્મા એકલો અરાગી વીતરાગસ્વભાવસ્વરૂપ એવી જેને અંતર દૃષ્ટિ અને જ્ઞાન થયું નથી, એના મનોરથો તો વિકલ્પમાં જ દોડ્યા કરે છે. આનું આમ છે... આનું આમ છે... આનું આમ છે... આનું આમ છે.

**'વિકલ્પજાલરૂપી અગ્નિકી જ્વાલાઓંસે...'** આહા..હા..! દેખો! એ શુભ આદિ વિકલ્પની જાળ છે, અગ્નિની જ્વાળા છે કહે છે. સમસ્ત કીધું છેને બધું વિકલ્પજાળ. શુભ શાસ્ત્રના ભણતરનો વિકલ્પ, ભણેલાનો જ્ઞાનનો ભાવનો વિકલ્પ. કહો, દાસ! આકરું પડે માણસને હોં આ જરી. પણ હવે તો ઘણા લઢાઈ ગયા છે કે નહિ? રતિભાઈ! એવી જ્વાળા અગ્નિની ઉઠે છે, કહે છે, વિકલ્પની. આહા..હા..! એનાથી રહિત **'જો નિજ સમ્યગ્જ્ઞાન હૈ,...'** દેખો, જો નિજ સમ્યગ્જ્ઞાન હૈ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યનું અંતર જ્ઞાન છે, જ્ઞાનનું જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન નહિ, જ્ઞાનનું જ્ઞાન છે, અંતરમાં વેદનમાં જ્ઞાન શાંતિને વેદે છે એવું જે નિજ જ્ઞાન. **'ઉસસે રહિત બાહ્ય પદાર્થોંકા શાસ્ત્ર દ્વારા જ્ઞાન હૈ, ઉસસે કુછ કામ નહીં.'** એથી બાહ્ય પદાર્થો... એ બધા નિજ પદાર્થ સિવાય બાહ્ય પદાર્થ એમ લેવું. નિજ અને પર એ બધું શાસ્ત્રનું જ્ઞાન, છ દ્રવ્ય બધું બાહ્ય પદાર્થનું જ્ઞાન છે. ભીખાભાઈ! આહા..હા..!

કહે છે, ભગવાન નિજ સમ્યગ્જ્ઞાન **'ઉસસે રહિત બાહ્ય પદાર્થોંકા શાસ્ત્ર દ્વારા જ્ઞાન હૈ, ઉસસે કુછ કામ નહીં.'** એનાથી આત્માનું કાંઈ કાર્ય સિદ્ધ થતું નથી. આહા..હા..! **'કાર્ય તો એક નિજ આત્માકે જાનનેસે હૈ.'** છે? કાર્ય તો એક ભગવાન આત્મા જ્ઞાનનું જ્ઞાન, એ જ્ઞાન એટલે આત્મા એનું જ્ઞાન એનાથી કાર્ય છે. લ્યો! આમાં તો એક જ માર્ગ કહ્યો ભાઈ પાછો. આહા..હા..! બે માર્ગ એમ ન કહ્યા ભાઈ! આ **'दुविहं पि मोक्खहेउं'** કીધુંને? 'છ ઢાળા'માં કહ્યું, બધે કહ્યું. અહીં કહ્યું એ તો ત્યાં કથનમાત્ર પ્રકારે કહ્યું હતું. વસ્તુ એ નહિ રે નહિ. વસ્તુ તો એક કાર્ય નિજ આત્માનું જ્ઞાન તે એક જ કાર્ય છે. બીજું જ્ઞાનને, વ્યવહાર જ્ઞાનને મોક્ષમાર્ગમાં નિમિત્ત તરીકે ગણીને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ આપ્યો હતો એ અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? **'કાર્ય તો એક નિજ આત્માકે જાનનેસે હૈ.'** ઓહો..હો..! શાસ્ત્ર પછી ભણ્યો હોય કે ન ભણ્યો હોય. ભણ્યો હોય તો, કહે છે કે કાર્ય એનાથી નથી પછી પ્રશ્ન શું? આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર ભણીને કાંઈક કર્યું તો ખરું.

ઉત્તર :- ધૂળમાંય છે નહિ. એ તો કાર્યમાં મદદ કરી એમ કહે છે. અહીં તો એકદમ નિરપેક્ષ વસ્તુ એવી છે કે જેને બહારના ભણતરની બિલકુલ અપેક્ષા છે નહિ. કહો, જમુભાઈ! અહીં કાંઈ વાણિયાના લાલાપેઠા નથી અંદર. થોડું અહીં પોચું મૂકે અને થોડું આ કરેને. આ વાણિયા કરેને પાંચ હજારનું લેણું હોય તો ઓલો કહે, હજારથી એક પૈસો નથી દેવો. આ

કહે પાંચ હજારમાંથી એક પાઈ પણ ઓછી નથી લેવી. એમ કરતાં-કરતાં બે હજાર આવ્યો વચમાં. એમ હશે અહીં કાંઈ વીતરાગ માર્ગમાં? શાંતિભાઈ! સંસારમાં એમ ચાલે. ઓલા કણબી પાસે માગતા હોયને પાંચ હજાર રૂપિયા. કણબી કહે પણ .... ભેંસો વેંચીએ તોપણ હજાર થાય એવું છે માંડ. હરામ એક હજારથી વધારે દેવું હોય તો. ઓલો કહે હરામ પાંચ હજારમાંથી પાઈ ઓછી લઉં તો. પાંચ હજાર માગીએ છીએ. કરતાં-કરતાં ત્યારે ઓલો કહે ત્યારે બારસો લ્યો, આ કહે કે ત્યારે ચાર હજાર આપો, ઓલો કહે પંદરસો લ્યો, આ કહે ત્રણ હજાર હવે એમ કરતાં-કરતાં બે હજારે વચમાં આવી જાય એમ હશે અહીં કાંઈ? ગોપાલદાસભાઈ! શું હશે? એક માર્ગ વીતરાગનો જેમાં કોઈ અપવાદ અને છૂટ-છાટની વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાથી ન થાય અને આનાથી થાય એનું નામ અનેકાંત છે. બીજાથી પણ થાય અને આનાથી થાય એ વાણીમાં આવે, વસ્તુમાં નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવ જિનવરની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત સંતોએ શાસ્ત્રમાં ઈશારા તરીકે ગોઠવી છે.

**'યહાં શિષ્યને પ્રશ્ન કિયા,...' 'કાર્ય તો એક નિજ આતમાકે જાનનેસે હૈ.'** એનો અર્થ લઈ લેવો કે કાર્ય તો એક આત્માના શ્રદ્ધાથી જ છે, કાર્ય તો એક આત્માની શાંતિની સ્થિરતાથી જ છે. અહીં જ્ઞાનની વ્યાખ્યા છે. એની સાથે શ્રદ્ધા અને સ્થિરતા—ચારિત્ર ત્રણે આવી ગયા. ભાઈ! સમજાય છે? વ્યવહાર ચારિત્ર, વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહાર શ્રદ્ધા એનાથી કાર્ય આત્માને બિલકુલ કરી શકતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહાર શ્રદ્ધા...

ઉત્તર :- વ્યવહાર શ્રદ્ધા નિમિત્તરૂપનું જ્ઞાન કરાવે છેને. એવી જ વ્યવહાર શ્રદ્ધાનો વિકલ્પ અને જ્ઞાન એને એવું જ હોય, એથી ઉલટું ન હોય. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રને માનતો હોય ને એને નિમિત્ત એવું હોય ને અંદર નિશ્ચય હોય એમ હોય નહિ, એમ બતાવે છે. એવું નિમિત્ત છે માટે અહીં છે એમ નથી, એમ સિદ્ધ કરે છે અહીં. વ્યવહાર નિમિત્તપણે સાચો છે માટે નિશ્ચય છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ?

**'યહાં શિષ્યને પ્રશ્ન કિયા, કિ નિદાનબંધ રહિત આત્મજ્ઞાન તુમને બતલાયા, ઉસમેં નિદાનબંધ કિસે કહતે હૈં?'** નિદાનબંધ મોટું કીધું, નિદાનબંધ કોને કહો છો આપ? સમજાણું કાંઈ? **'ઉસકા સમાધાન—જો દેખે, સુને ઔર ભોગે હુએ ઇન્દ્રિયોંકે ભોગોંસે જિસકા ચિત્ત રંગ રહા હૈ,...'** લ્યો! આ વ્યાખ્યા. સમજાણું? આ આત્મા કોઈ દિ' જોયો નથી, એને કોઈ દિ' જાણ્યો નથી, એને કોઈ દિ' અનુભવ્યો નથી. આ દેખેલા, સાંભળેલા અને ભોગવેલા. બહારનું જ જેને લક્ષ છે. **'ઇન્દ્રિયોંસે ભોગોંસે જિસકા ચિત્ત રંગ રહા**

હૈ...' એના બહારના વિકલ્પથી જેનું ચિત્ત રંગાઈ ગયું છે. '**એસા અજ્ઞાની જીવ રૂપ-લાવણ્ય સૌભાગ્યકા અભિલાષી...**' ચૈતન્યના રૂપની અને ચૈતન્યના લાવણ્યની ને ચૈતન્યના આનંદની જેને ખબર નથી એથી એને બહારના રૂપ, શોભા ને અભિલાષાનો પ્રેમ અંદર પડ્યો છે. સમજાણું કાંઈ?

'**વાસુદેવ ચક્રવર્તી-પદકે ભોગોંકી વાંછા કરે;...**' ઊંડાણમાં (એમ છે કે) આમાંથી કાંઈક સારું પદ મળશે. આ નિજપદની તો ખબર નથી. નિજપદ અખંડ આનંદકંદ અનાકુળ શાંત-શાંત... ભગવાનને સાંભળવામાં વિકલ્પ પણ અશાંત. આહા..હા..! નવનીતભાઈ! કહે છે, એવા નિજપદની ઇચ્છા, ધારણા વિનાના અને '**ચક્રવર્તી-પદકે ભોગોંકી વાંછા કરે; દાન, પૂજા, તપશ્ચરણાદિકર...**' એ દાન કરે, પૂજા કરે, ભગવાનની ભક્તિ કરે, જાત્રા કરે. તપશ્ચરણાદિ શબ્દ છેને? તપસ્યા કરે, મહિના-મહિનાના અપવાસ કરે, મુનિવ્રત પાળે અઠ્યાવીશ મૂળગુણના. આદિ. જાત્રા આદિ. કરોડો, અબજો રૂપિયાના દાન કરે, લાખો મંદિરો બનાવે, મોટી પંચ કલ્યાણક પ્રતિષ્ઠાઓ કરે, હાથીઓ બોલાવે, દશ-દશ હાથી, તપશ્ચરણ કરે મોટી, અંદરમાં આમ ખખડધજ થઈ જાય, હાડકા ખખડે તપસ્યા કરી કરીને, એટલી તપસ્યા. એના ભોગોની અભિલાષા કરે. નિજ સ્વરૂપનું જ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનની શાંતિવાળું જ્ઞાન જે જોઈએ એ તો છે નહિ. એટલે આના '**ભોગોંકી અભિલાષા કરે, વહ નિદાનબંધ હૈ,...**' સમજાણું કાંઈ? હેતુ ત્યાં પડ્યો છે એમ કહે છે. અહીં હેતુ સ્વભાવ છે, કારણ છે શાંતિનું (એને મૂકીને) આ... આ... એમાં હેતુ રુચિ ન્યાં ગરી ગઈ છે.

મુમુક્ષુ :- દેખાતું તો નથી.

ઉત્તર :- દેખાતું નથી, એને ભાન નથી એટલે ન દેખાય. આહા..હા..! એક કોર ભગવાન શાંત અવિકારી ચૈતન્યપ્રભુ એનું જ્યાં અંતર નિજ જ્ઞાન નથી એને પરની અભિલાષા અંતરથી ઊંડે-ઊંડે ખસતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સો યહ બડી શલ્ય (કાંટા) હૈ.**' સમજાય છે કાંઈ? જેને રાગવાળા જ્ઞાન, શાસ્ત્રના જ્ઞાન અને આ રાગવાળી ક્રિયા શુભ એ જેના જ્ઞાનમાં અધિકપણે-અધિકપણે, વિશેષપણે-વિશેષપણે ભાસે છે, એને ત્યાં રતિ અને હેતુ જ ત્યાં પડ્યો છે આખો. સમજાણું કાંઈ? '**ઇસ શલ્યસે રહિત જો આત્મજ્ઞાન...**' આવા શલ્યથી રહિત જે આત્મજ્ઞાન. જુઓ! ગુલાંટ મારે છે વાત. આ તો પુસ્તક છે કે નહિ હાથમાં? એમાંથી તો આ અર્થ ચાલે છે. અરે..! એણે કોઈ દિ' વાત સાંભળી નહિ હોં! એમને એમ મૂઢપણે ભૂંસાવી મૂક્યો પ્રભુને. બહારની ધમાધમ (કરીને) એનાથી જાણે મોક્ષ થઈ જશે. સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! એવા વિકલ્પની જાળમાં તારો આત્મા અશાંતિને ભોગવે છે પ્રભુ! ભગવાન આત્મા એ વિકલ્પની

જાળ વિનાની ચીજ છે. એના નિજ જ્ઞાનનું ભાન, શાંતરસનું એટલે આત્મા શાંતરસ છે એનું ભાન નથી. એટલે એ ઠર્યો નથી, એટલે ઉદ્ધત થઈને એવા વિકલ્પની જાળમાં નિજ જ્ઞાનને ભૂલી ગયો છે. એવા નિજ શલ્યથી રહિત આત્મજ્ઞાન એના વિના, આવા આત્મજ્ઞાન વિના '**શબ્દ-શાસ્ત્રાદિકા જ્ઞાન મોક્ષકા કારણ નહીં હૈ.**' ઈ શાસ્ત્રનું જ્ઞાન એ જ શબ્દનું જ્ઞાન છે, આ શબ્દનું જ્ઞાન, આત્માનું નહિ એમ કહે છે. આહા..હા..! પછી એમ નહિ કે ઓલા શબ્દનું અંદર જ્ઞાન. જ્ઞાન છે શાસ્ત્રનું એ શબ્દજ્ઞાન છે, આત્માનું જ્ઞાન નહિ. ... સૂત્ર જોયુંને? સૂત્ર શબ્દો કીધા, શબ્દ છે. ઈ વાત છે. આહા..હા..! છ કાયના જીવ તે ચારિત્ર. અહીં શબ્દો તે જ્ઞાન સમજ્યાને? નવ તત્ત્વ તે શ્રદ્ધા. એમ ત્યાં કહ્યું છેને, બંધ અધિકારમાં. એ બધો વિકલ્પ છે કહે છે, ભાઈ! વ્યવહાર છે એ આત્માને કાર્યકર બિલકુલ નથી. હોય છે, નિશ્ચય ભાનમાં આગળ વધેલો ન હોય એને વ્યવહાર આવો હોય છે, પણ હોય છે એ કાર્યકર (થાય છે કે) આત્માને નિરપેક્ષ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જે મોક્ષનો માર્ગ એમાં એ મદદ કરે છે એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રહે એની સાથે એટલે? કહો. આહા..હા..! રાજા હોય મોટો એમાં એની સાથે એક નોકર રહે લાકડી ઉપાડનારો, છત્રી ઉપાડનારો લ્યોને. એમાં રાજાનું શું કાર્ય થયું? આહા..હા..!

મુમુક્ષુ :- રાજાની સેવા તો કરીને.

ઉત્તર :- કોણે કરી? એણે કરી છે કે રાજાએ કરી છે? એણે તો બિલકુલ કરી નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના, ના. બિલકુલ નહિ. એકલો હોય તો રાજાને રાજા તરીકે ઓળખે. એના ટાલકા ... દેખાય? 'રાજ છૂપે નહિ ભભૂત લગાયા' એકલો જંગલમાં હોય તો લાગે કે આ કોઈ રાજા લાગે છે. સમજાય છે? એના પુણ્ય, એના તેજ, એની બેઠક, એની ગતિ, એની દશા, એનું ઉઠવું એ બધી જાત જ જુદી હોય, જે મહા પુણ્યશાળી હોય એની. સમજાય છે?

અહીં કહે છે, આહા..હા..! પણ આ તે આચાર્યની વાત! પરમાત્માને પ્રકાશે છે. એ પરમાત્માના પોત પ્રકાશ્યા અને વ્યવહારના પોતને ખોટા ઠરાવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારી ચીજમાં તો પ્રભુ મહાન આનંદ પડ્યો છેને નાથ! આહા..હા..! અરે..! ત્યારે આ બહારના ડોકિયાથી તને આનંદ મળશે જરીએ? એટલે કે આત્મા મળશે જરીએ? એ તો અણાત્મા છે. શું કીધું? વળી બીજું આવ્યું પાછું. શાસ્ત્રજ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ, નવ તત્ત્વની શ્રદ્ધા અણાત્મા છે. એથી એને દુઃખરૂપ કહ્યું છે. એય..! ક્યાં ગયા ચીમનભાઈ?

સમજાણું આમાં? આહા..હા..! અરે..! શેના અભિમાન? બાપા! અહીં તો કાંઈક પાંચ, પચ્ચીસ લાખ હોય ને બે લાખ ખર્ચે ત્યાં અમે ધર્મમાં મોઢા આગળ છીએ હોં! અરે..! શેનો ધૂળમાં? સાંભળને હવે. તારા દશ લાખ શું, કરોડ ખરચ તોપણ ધૂળ છે, એ તો અજીવ છે. એમાં તારી રાગની કોઈ મંદતા થઈ હોય તો પુણ્ય છે અને પાછો એમાંથી લાભ માને તો મિથ્યાત્વ છે ભેગું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .... હા તો પાડે છેને.

ઉત્તર :- શું હા પાડે? ભાન ન હોય એ હા પાડે. બીજા કહે, બીજા ગાંડેગાંડા ભેગા થયા હોય તો કહે.

મુમુક્ષુ :- પૈસા ખરચતા હોય તો...

ઉત્તર :- પૈસા કોના બાપના હતા તે ખરચે? એ તો અજીવતત્ત્વ છે, અજીવને ખરચે કોણ?

મુમુક્ષુ :- શુભભાવનું પરિણામ..

ઉત્તર :- શુભ પરિણામનું પરિણામ દુ:ખ છે. એ શુભ પરિણામ પોતે જ દુ:ખ છે. શાંતિભાઈ! આ તો વાત જ બીજી છે. એ શુભ વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે એ દુ:ખ છે. દુ:ખ છે અહીં આવ્યુંને પહેલું. એ દુ:ખ છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદ તે સુખ છે. આ વાત બીજી આખી છે. આહા..હા..! અરે..! એનું એને માહાત્મ્ય (નથી), ત્યાં ક્યાંક છે, એમાં કાંઈક છે, એ શુભ વિકલ્પમાં કાંઈક છે એમ માનનારા આનંદને માનતા નથી. સમજાણું કાંઈ? વાતુ બાપા આ તો પરમ સ્વરૂપની છે. પરમ સ્વરૂપમાં એ હીનરૂપની અધિકતા માનવા જાય એ સ્વરૂપની અધિકતા દૃષ્ટિમાં નહિ રહે એને. સમજાણું કાંઈ?

જ્ઞાન, વીતરાગ સ્વસંવેદનજ્ઞાન, દેખો, '**ક્યોંકિ વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ ભી દુ:ખકા કારણ હૈ.**' તપ મહિના-મહિનાના અપવાસ, નગ્ન શરીર, જંગલમાં રહે, સૂર્યના તડકે બેસે, ખાવા જાય તો એક મમરા અને પાણી પીવે. સમજાય છે? એવી ક્રિયાઓ તપસ્યા (કરી) પણ, ભગવાન આત્મા જ્ઞાનાનંદની અંતર દૃષ્ટિ શાંતરસની એના સ્વાદ વિના આનો સ્વાદ એને પ્રતિકૂળ છે એમ નહિ ભાસે. અને એ તપનો ભાવ શુભ અને વિકલ્પ મંદ છે એમાં એની પ્રીતિ એને એકાગ્ર છે તે મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? આ કહેને, વ્યવહાર સારો છે... વ્યવહાર સારો છે... અરે..! સાંભળને ભગવાન! વ્યવહાર સારા કહે છે કોને? હજી તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો વ્યવહાર જે વિકલ્પ છે એનું કહેલું જ્ઞાન, એમનો કહેલો વ્યવહાર તપ... સમજાય છે? બીજાની તો વાત પણ શું કરવી? દિગંબર અવસ્થા જેની, એના વસ્ત્ર વિનાની જેની દશા, જેના પંચ મહાવ્રતનો વિકલ્પ ચોખ્ખો. સમજાય છે? એ

વ્યવહાર પણ નિશ્ચય વિનાનો વ્યવહાર જૂઠો અને દુઃખરૂપ છે. આ નિશ્ચય સહિત હોય તોપણ એ ભાવ છે એ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યાંય મોક્ષ મળે નહિ.

ઉત્તર :- એકલો મોક્ષ મળે એવો છે. એમ કહે છે, ક્યાંય મોક્ષ મળે એવો નથી. મોક્ષ એટલે ક્યાંક કો'કથી કાંઈક મદદ મળે એમ નથી. કીધું, એકલો મોક્ષ મળે એવો છે. આહા..હા..! ભાઈ!

એ એક વાત શાસ્ત્રની કરી. આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્ર (જ્ઞાન) તે દુઃખરૂપ છે એમ કીધું અને આ '**વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ ભી દુઃખકા કારણ હૈ.**' આત્માને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થઈ અને આત્માનું સ્વસંવેદન, ચૈતન્યના જ્ઞાન સહિતની સ્થિરતા એ વિનાના તપ કરે, એકલા મહાવ્રત પાળે, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળે, નગ્ન દિગંબર રહે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયૌં, પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.' સમજાણું કાંઈ?

કહે છે, વીતરાગ—રાગ વિનાના જ્ઞાનના પ્રત્યક્ષ વેદનવાળી સ્થિરતા વિના, એ તપ પણ દુઃખનું કારણ છે. ઓહો..હો..! '**જ્ઞાન રહિત તપસે જો સંસારકી સમ્પદાયેં મિલતી હૈં,...**' ભગવાન આત્માની જ્ઞાનસ્વરૂપની સંપદા અંતર ભાન દ્વારા, અંતરના જ્ઞાનના આત્મજ્ઞાન દ્વારા અંતર સંપદા મળે. એ વિનાના આવા તપસ્યા ને ક્રિયાકાંડ કરે મોટા માસ-માસ ખમણના પારણા અને અઠ્યાવીશ મૂળગુણ પાળે, વસ્ત્ર રહિત દિગંબર દશા રાખે—એવા શુભભાવમાં, કહે છે '**સંસારકી સમ્પદાયેં મિલતી હૈં,...**' આ દેવ અને રાજા, ધૂળના રાજા અને ધૂળના દેવ થાશે. આહા..હા..! આચાર્યને પણ પૂછેને, ઉઘાડી સમણી છે, ઉઘાડી સમણી (સોનીનો ચીપીયો) છે. કોઈની રાખી નથી આ વાડાવાળાને કે આમ થાશે કે તેમ થાશે. એ ગોઠશે કે નહિ? નવનીતભાઈ! રુચે, ન રુચે તમારી સ્વતંત્રતા છે. માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરનો આ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંપદા....

ઉત્તર :- આ સંપદા ધૂળની. સંપદા કીધીને? સંપદા-આપદા એનો બીજો અર્થ છે. ધૂળ મળશે. એમાં ધૂળ મળશે એટલે કોને મળે? એ તો એની મમતા મળશે. સંસારની સંપદા એ આત્માની સંપદા સમ્યગ્જ્ઞાન-દર્શન અનુભવ વિના આવી ક્રિયાકાંડ સારી હોં! રાગની મંદતાવાળી. સંસારની સંપદા મળે છે, એ ક્ષણભંગુર છે એ તો. પૈસાવાળા દુઃખી, નિર્ધન દુઃખી, બહારની ચિંતા પણ દુઃખી એ તો ઠીક પણ અમથા રાગ કરે છે એના ઉપર, પૈસા ઉપર એ પણ દુઃખી. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ તો સત્,

જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એના આનંદના ભાન વિનાના આ બધા વિકલ્પની જાળો સંપદા બધી દુઃખરૂપ છે કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાનનો એકડો એવો છે. ભગવાન કહે છે ઈ વાત આ છે. સમજાણું કાંઈ? હવે કો'ક કહે કે આ સોનગઢનું છે એમ નથી, એમ પાછું કહે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની વાત આ છે. ત્રણકાળ, ત્રણલોકમાં આ વસ્તુ છે. સમજાણું કાંઈ? .... ભગવાન! રહેવા દે બાપુ! ભાઈ! ઈ વીતરાગનો પંથ જ આ છે. વ્યવહાર કરતાં-કરતાં થાશે એ ના પાડે છે માટે પંથ જુદો છે. અરે..! પ્રભુ! પંથ જુદો, વીતરાગનો પંથ છે આ. એ વિના બીજી રીતે માને એ વીતરાગપંથથી (જુદા) અજ્ઞાનપંથમાં પડ્યા છે. નવનીતભાઈ! આમાં તો કોઈની સિફારીશ-બિફારીશ, માખણ-બાખણ રહે એવું નથી કાંઈ આમાં. આહા..હા..! આ હોંશુ માની હોય એ હેઠે પડી જાતી હોય. હોંશુ માની હોય કે આમાંથી કાંઈક થાશે, આમાંથી કાંઈક થાશે એ હેઠે પડી જાય. હાય... હાય...! કહે છે, એ સંપદા, '**વે ક્ષણભંગુર હૈં.**' ભગવાન આત્મા એનું અંતર જ્ઞાન અને અંતર દૃષ્ટિ નિશ્ચય એ આત્મ કેવળજ્ઞાન લક્ષ્મીનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે યહ નિશ્ચય હુઆ,...**' એ માટે નિર્ણય થયો '**કિ આત્મજ્ઞાનસે રહિત...**' આત્માના નિજ સ્વરૂપના ભાન વિનાના. '**જો શાસ્ત્રકા જ્ઞાન ઔર તપશ્ચરણાદિ હૈં, ઉનમેં મુખ્યતાકર પુણ્યકા બંધ હોતા હૈ.**' મુખ્યતાકર એટલે? મિથ્યાત્વ તો સાથે છે, મુખ્યથી આમ બહાર દેખાય પુણ્ય. એમ. ધર્મ ગૌણપણે થાય એમ પ્રશ્ન નથી અહીં. મુખ્યતા અંદર પુણ્યની આમ દેખાય છેને શુભભાવ ને આ લક્ષ્મી. એમ. અંદર મિથ્યાત્વ છે તે દુઃખરૂપ તો છે. આહા..હા..! પુણ્યનો બંધ થાય છે. ત્યાં તો બંધ થાય છે કહે છે. એ આત્માના જ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાનથી પણ બંધ થાય છે. આહા..હા..! અને એ તપસ્યા અને ક્રિયાકાંડ જે જેટલા ઊંચામાં ઊંચા કહેવાય એનાથી તો બંધ, પુણ્યનો બંધ થાય. સમજાય છે કાંઈ? એ ... પુણ્ય કહ્યું છે કેમ? કે અંદરમાં મિથ્યાત્વ તો છે, ગૌણપણે પાપ તો છે. એમ કહેવું છે હોં! ગૌણપણે બીજું ધર્મ એમ અહીં નથી. મિથ્યાત્વનું પાપ તો ભેગું છે, પણ બાહ્યમાં આમ આચરણ ને ક્રિયા શાસ્ત્રજ્ઞાન કર્યું એમાંથી પુણ્ય બહાર પુણ્ય બંધાણું (એટલે) બહારમાં મળે. ગૌણપણે અંદરમાં મિથ્યાત્વ પડ્યું છે એની તો એને ખબર નથી. આ લક્ષ્મીની ખબર પડે. આહા..હા..! ... મળ્યા, આ મળ્યું, આ રાજ મળ્યું, દેવ થયા, મોટો .. થયો. આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- મિથ્યાત્વનું દુઃખ ઘણું, પણ મિથ્યાત્વના પાપના બંધનની એને ખબર નથી. આ ખબર પડે કે આ શુભભાવથી આ પુણ્ય બંધાય, આ મળ્યું, સંપદા મળી એમ. અંદર સંપદા લૂંટાણી કેટલી મિથ્યાત્વથી એની ખબર નથી. આ શુભભાવ આવા થયા અને એમાંથી પુણ્ય બંધાણું. આહા..હા..!

કહે છે '**ઉસ પુણ્યકે પ્રભાવસે જગત્કી વિભૂતિ પાતા હૈ,...**' વિભૂતિ એટલે ધૂળ. જગતની વિભૂતિ મળશે રાજા, મહારાજા, બહુ ક્રિયાકાંડી હોય તો કદાચ દેવ અને ભૂતડો થાય. આહા..હા..! ફોટો કાઢ્યો છે અહીં તો સરખો. '**વહ ક્ષણભંગુર હૈ.**' ત્યાં પણ કીધું હતુંને, '**સમ્પદાયેં મિલતી હૈં, વે ક્ષણભંગુર હૈં.**' અહીં '**પુણ્યકે પ્રભાવસે જગત્કી વિભૂતિ પાતા હૈ, વહ ક્ષણભંગુર હૈ.**' એમાં આત્મા નિત્યાનંદ ભગવાન ક્યાં આવ્યો એમાં? આહા..હા..! લ્યો! બેમાં વાત કરી. '**ઈસલિએ અજ્ઞાનિયોંકા તપ...**' આત્મજ્ઞાન વિનાના આત્મ ભાન અનુભવ દૃષ્ટિ સમ્યક્ ચૈતન્યની શાંતિની પ્રાપ્તિ વિનાના એ મહાવ્રત આદિ '**તપ ઔર શ્રુત યદ્યપિ પુણ્યકા કારણ હૈ, તો ભી મોક્ષકા કારણ નહીં હૈ.**' પુણ્ય બંધાય, આત્માને મોક્ષનું બિલકુલ જરીએ કારણ નહિ. એમ એણે નિશ્ચય અને સમ્યગ્જ્ઞાનમાં શ્રદ્ધા બરાબર કરવી જોઈએ. લ્યો! એક ગાથા પૂરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૨, સોમવાર, તા. ૦૭-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૬, પ્રવચન-૧૨૧**

પરમાત્મપ્રકાશ, બીજા ભાગની ૭૬મી ગાથા. ૭૫માં કહ્યું, ધર્મી જીવને આત્માના આનંદની અનાકુળ સ્વભાવની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન સહિત હોય, એથી પોતાના શુદ્ધ સ્વભાવના ભાનમાં વ્યવહારું જે વિકલ્પ શાસ્ત્રજ્ઞાન આદિનો વ્યવહાર છે એ પણ પોતાના કામમાં—કાર્યમાં કાંઈ પણ મદદ કરતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિઘ્ન કરે છે. પણ એ અત્યારે કાંઈ કરતો નથી, દુઃખ કરે છે એમ કહે છે.

ભગવાન આત્મા અનંત ગુણના રત્નથી ભરેલું તત્ત્વ, એવા ચૈતન્ય રત્નની જ્યાં દૃષ્ટિ થઈ છે એવું જે સમ્યગ્દર્શન, એવું જે આત્માનું ધ્યાન અથવા ધર્મદૃષ્ટિ, એને એવી દૃષ્ટિમાં ભાવ હોય છે કે શરીર, વાણી, મન આ બધા પરપદાર્થો તો મને કાંઈ કરતા નથી, એ મારા કામમાં મદદ કરતા નથી, એનું કાંઈ હું કરતો નથી. સમ્યગ્દૃષ્ટિ હોં ચોથા ગુણસ્થાનથી. આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. અનંત રત્નનો આખો દરિયો છે. અનંત-અનંત જ્ઞાન, દર્શન આદિનો સ્વભાવ. અતીન્દ્રિય આત્માની અંતરમાં આગળ શુદ્ધિની વૃદ્ધિમાં આત્માને ચલાવે છે. એને આત્મા સિવાય પરપદાર્થ શરીર, વાણી, મન, પૈસા એ કંઈ મને કામના નથી, હું એનો કામનો નથી, એના કામ હું કરી શકતો નથી. ઓહો..હો..! કેવી વાત!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાંઈ ચલાવતો ધૂળેય નથી. અહીં તો જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! અનંત રત્નથી ભરેલો... આગબોટ કે વહાણ હોય એ વહાણ વેગથી ચાલતું હોય વેગથી. એમાં ક્યાંક ... તરીકે એનાથી લાકડાનો કટકો હેઠેથી કાઢીને કામમાં લે એમ બને?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- તાપણું નથી તો સળગાવી નાખો ઓલું. લાવો લાકડું કાઢી નાખીએ. લોઢાનો કટકો કાઢી નાખો. ...

અનંત ચૈતન્ય રત્નથી ભરેલું વહાણ, સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને એ વહાણ ચલાવવાની જ્યાં દૃષ્ટિ થઈ છે, એનું પરિણમન (થયું છે). સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે કે મોક્ષના મહેલની પહેલી સીડી. એવું જ્યાં અંતરમાં પોતાના સ્વભાવને આશ્રયે શાંતિ અને આનંદ છે મારો આત્મા એવી દૃષ્ટિએ આગળ વધતો, એને કાણા વચમાં પડે અને માલ રહે એમ બને નહિ. સમજાય છે કાંઈ? એ પરથી કામ લે એવી માન્યતા શ્રદ્ધામાં જ નથી એને. એ તો નથી, અહીં તો પુણ્યની વાત કરી. વ્યવહાર રત્નત્રય આદિ હોં! વ્યવહાર સમકિતના આઠ આચાર, વ્યવહાર સમકિત પોતે, વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન પોતે, પંચ મહાવ્રતના પરિણામ પોતે-એનાથી પણ મારું કાર્ય સિદ્ધ થતું નથી. કેમકે એ તો રાગ છે. રાગથી, આત્મા વીતરાગી ચૈતન્ય રત્નનો ભંડાર ભગવાન, એના કાર્યમાં એ રાગ શું કામ કરે? સમજાણું કાંઈ? આહા..હા..! આ તે કાંઈ માર્ગ! એય..! રતિભાઈ! .... કહો, સમજાણું આમાં?

જેના અંતરમાં આત્મા જેની દૃષ્ટિમાં વસ્યો છે, પરમાત્મા જેના શ્રદ્ધાના જ્ઞાનમાં આવ્યો, આત્મા પોતે આવ્યો છે એવા આત્મદૃષ્ટિવંત ધર્મીને બીજા રાગથી શું કામ છે? આવે રાગ, હોય છે. સમજાય છે? ભૂમિકા પ્રમાણે નબળાઈનો વિકલ્પ વ્યવહારનો પણ આવે છે. અરે...! એનાથી પણ મારે શું કામ છે? ઓહો..હો..! રાગથી પણ જ્યાં ઉપેક્ષા છે અને વીતરાગ

ભાવની જેમાં અંતર એકલી અપેક્ષા છે. સમજાણું?

કહે છે, અરે..! '**આગે જિસસે મિથ્યાત્વ રાગાદિકકી વૃદ્ધિ હો,...**' ત્યાં આત્મજ્ઞાન કેવું? ત્યાં ધર્મબુદ્ધિ કેવી? સમજાય છે કાંઈ? '**વહ આત્મજ્ઞાન નહીં હૈ,...**' છે? પહેલી લીટી. શું કહેવા માગે છે? '**એસા નિરૂપણ કરતે હૈં—**'

२०३) तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।
दिणयर-किरणहँ पुरउ जिय किं विलसइ तम-राउ।।७६।।

આહા..હા..! કહે છે, ભગવાન! '**હે જીવ, વહ વીતરાગ નિત્યાનંદ અખંડસ્વભાવ પરમાત્મતત્ત્વકા પરિજ્ઞાન,...**' છે, ત્યાં તો એની આશા પરની, રાગની, વૃદ્ધિની હોય નહિ. આવું જ્યાં નથી... સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા અંતર એકલો વીતરાગી સ્વરૂપ છે, શુદ્ધ આનંદ સ્વરૂપ છે, એનું જ્ઞાન જ્યાં નથી ત્યાં રાગની વૃદ્ધિ અંધકાર વધે છે. સમજાણું કાંઈ? આહા..હા..! રતિભાઈ! જ્યાં ચૈતન્યસૂર્ય આનંદ સ્વરૂપની અંતર દૃષ્ટિ અને જ્ઞાન નથી ત્યાં એને પુણ્ય-પાપના રાગની વૃદ્ધિ હોય છે. રાગની એને વૃદ્ધિ જ હોય છે. એ અંધકારની જ્યાં વૃદ્ધિ છે ત્યાં ચૈતન્યનો સૂર્ય નથી. સમજાણું કાંઈ? જ્યાં ભગવાન ચૈતન્યસૂર્ય એની દૃષ્ટિ અંદર પડી છે એને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની વૃદ્ધિ (હોતી નથી). પહેલાં ૭૫માં એમ કહ્યું કે રાગ વિકલ્પ હોય વ્યવહાર એ કામ કરતું નથી, એ દુઃખરૂપ છે એમ કીધું, ભાઈ! હવે એથી જરી વધાર્યું છે કામ આમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

બાપુ! વીતરાગ માર્ગ અંતર સ્વરૂપ એવી ચીજ છે કે નિરપેક્ષ તત્ત્વ ભગવાન આત્મા છે એવું જેને અંતર જ્ઞાન આત્મદર્શન અને દૃષ્ટિ વ્યક્ત થઈ, કહે છે કે ત્યાં રાગથી કામ તો ન લે, પણ રાગ વધે એમ કેમ હોય? શુભરાગ વધે એ ન હોય એમ કહે છે ભાઈ! અહીં તો. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્યાં ભ્રમણા અને રાગની વૃદ્ધિ છે ત્યાં આત્મજ્ઞાન કેવું? જ્યાં રાગની તીવ્રતા અંદરમાં હોય, આ કરું ને આ લઉં ને આનાથી આ થાય અને આનાથી આ થાય એ મિથ્યાત્વભાવ છે. એની સાથે રાગના વિકલ્પોની જ્યાં વૃદ્ધિ છે ત્યાં, કહે છે કે ભગવાન આત્માની દૃષ્ટિ કેવી? મોહનભાઈ! કહે છે, જ્યાં આ રાગથી આમ કામ લઉં, વિકલ્પથી આમ કામ લઉં, આવા વિકલ્પ કરું તો આમ થાય, આમ કરું તો આમ થાય એમ જ્યાં ભ્રમણા મિથ્યાત્વની અને રાગની ધારા જ્યાં વધે છે, ત્યાં ચૈતન્ય ભગવાન વીતરાગની વૃદ્ધિનું કારણ એનું જ્ઞાન ક્યાં છે ત્યાં? શું કીધું? સમજાણું? મોહનભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા તો એકલા અનંત ચૈતન્ય રત્નનો ભંડાર છે. ધંધા-વેપારનું કોણે કહ્યું? અંદર રાગની વૃત્તિઓનું અધિકપણું અંદરમાં વધી જાય, રાગની એકતા અને રાગની અસ્થિરતા વધે અને એમ કહે કે અમને આત્મ દૃષ્ટિનું જ્ઞાન છે, કહે છે કે એમ ત્રણ કાળમાં હોય

નહિ. સમજાણું કાંઈ? આ ચોથાથી વાત છે, હોં! પાછું કોઈ એમ ન માને કે આ તો (ઉપરના) ગુણસ્થાનની વાત છે. આહા..હા..! આખો ભંડાર ભગવાન... આહા..હા..! જેનામાં એક એક શક્તિમાં અનંતી-અનંતી શક્તિવાળા રત્ન પ્રભુ એવો આખો ચૈતન્ય રત્નાકર દરિયો મોટો... આહા..હા..! એ સમ્યગ્દર્શન વડે જ્યાં અંદર સંસાર કપાતો જાય છે, રાગ કપાતો જાય છે એમ કહે છે. ત્યાં એમ કોઈ કહે કે એનું અમને જ્ઞાન છે અને રાગ વધે છે, તને ભાન નથી વસ્તુનું. સમજાણું કાંઈ?

**'હે જીવ, વહ વીતરાગ નિત્યાનંદ અખંડસ્વભાવ પરમાત્મતત્ત્વકા...'** ભગવાન અતીન્દ્રિય આનંદરૂપ એનું જેને જ્ઞાન નથી એટલે પોતાનું. **'જિસસે પરદ્રવ્યમેં પ્રીતિ બઢે,...'** એને પરદ્રવ્યમાં પ્રીતિ વધે છે. સ્વદ્રવ્યમાં જેની દૃષ્ટિ ને રુચિનું ભાન છે એને પરદ્રવ્યમાં પ્રીતિ ઘટતી જાય છે. આસક્તિ હોય, એકતા તો નથી. એકતા નથી, પણ આસક્તિ છે એ ઘટતી જાય છે. અજ્ઞાનીને આત્મદૃષ્ટિ-વીતરાગ સ્વરૂપે ચૈતન્ય છે એની દૃષ્ટિમાં ભગવાન આત્માના માહાત્મ્ય આવ્યા નથી, એનું જ્ઞાન નથી. એથી વિકલ્પમાં એકતા અને વિકલ્પની વૃદ્ધિ છે. સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશની વાત જ બીજી ઢબની છે. દાખલો આપશે જુઓ!

**'જિસસે પરદ્રવ્યમેં પ્રીતિ બઢે,...'** ભગવાન આત્મા અખંડ જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણાનંદની પ્રીતિ જેને નથી એને પરદ્રવ્યની પ્રીતિનો પ્રવાહ વહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ બહારના પ્રમાણ એમ નથી કે આ બહાર છોડી દીધું માટે એને એ રાગ છૂટી ગયો છે અને આને છ ખંડના રાજ છે માટે રાગ એને વધેલો છે એમ પ્રમાણ નથી. મહાન ચૈતન્યપ્રભુ અનંતગુણસાગર આત્મા એને દૃષ્ટિના અનુભવથી જેના વહાણ ચાલે છે મોક્ષની સામા. સમજાય છે કાંઈ? સંસારને કિનારે, મોક્ષને ... એને કહે છે કે રાગની એકતા તો નથી, પણ રાગની એને વૃદ્ધિ નથી એમ કહે છે. પણ જ્યાં આગળ આત્મદ્રવ્યની રુચિ અને અંતર પ્રેમ નથી એને પરદ્રવ્યનો પ્રેમ હોયા વિના રહેતો નથી. એથી ઊંડે એમાં રાગની વૃદ્ધિ જ એને છે. મિથ્યાત્વ સહિત શુભરાગની પણ જેને વૃદ્ધિ (છે), એ મિથ્યાત્વ છે ત્યાં તો. વીતરાગ સ્વરૂપ ચૈતન્યસૂર્ય-દિનકર પાસે અંધારા કેવા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- .. જેવું લાગેને. નવનીતભાઈ!

કહે છે કે ભાઈ! પણ આત્મા જ એવો છે હોં! કે તારી પાસે આમ શાંતિ... શાંતિ... શાંતિ... વિકલ્પનું ઉત્થાન થાય એ તારી ચીજમાં જ નથી. આહા..હા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવનું સ્થાન આત્મા છે જ નહિ. આહા..હા..! એ તો રાગ અને વિકલ્પ છે. એનું એ સ્થાન છે? એ તો મોક્ષના કસહલા પાકે અતીન્દ્રિય આનંદના એનો એ આત્મા

બીજડું છે. સમજાય છે? આત્મદ્રવ્ય જ એ છે વસ્તુ... વસ્તુ... વસ્તુ. જેની ચોંટ લાગતા અંદરમાં, પ્રેમ લાગતા જે પ્રેમથી ફાટ્યો પ્યાલો આત્માનો સમ્યગ્જ્ઞાનમાં, કહે છે કે એને રાગની એકતા તો નથી, પણ રાગની વૃદ્ધિ પણ નથી. ... પણ વૃદ્ધિ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! પછી એના બહારથી માપ કાઢે કે આ બાયડી, છોકરા છોડ્યા માટે જુઓ, એને રાગ કેટલો છૂટી ગયો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ છોડ્યો નથી. પરદ્રવ્યના પરમાણુ આદિની ક્રિયાનો હું કર્તા છું, કરી શકું છું અને રાગ આવે શુભાશુભ એની પ્રીતિની રુચિ અને એકત્વબુદ્ધિ છે, એ રાગથી મને કામ થાય, કારણ કે એ કામ... છેને એને. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન, જાત્રાના ભાવથી મારું કલ્યાણ થશે એ માનનારા મિથ્યાદષ્ટિ મૂઢ જીવને બાહ્યના ત્યાગ વર્તે, પણ અંદર મિથ્યાત્વની પુષ્ટિ થતી જાય છે.

આ ગાથા પહેલી કીધા પછી આ લીધી છેને? કે ભાઈ! સમ્યગ્દષ્ટિને ઈચ્છા ઉત્પન્ન થાય એ ઈચ્છા છે જ નહિ કહે છે. અને જે ઈચ્છા દયા, દાનના, વ્રતના વિકલ્પ ઉઠે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ ઈચ્છાથી મારું કાર્ય સિદ્ધ થાય એમ સમ્યગ્દષ્ટિ માનતો જ નથી. આહા..હા..! ઈચ્છાથી વીતરાગનું કાર્ય સિદ્ધ થાય? આત્મા તો વીતરાગસ્વરૂપ ચિદાનંદ અકષાય સ્વરૂપ છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને વ્યવહાર સમ્યગ્જ્ઞાન-ચારિત્ર બે વિરુદ્ધ છે. બેના ફળ જુદા છે, બેનો વિરોધ છે, બેનો આશ્રય જુદો છે, બેની દિશા જુદી છે. આહા..હા..! એ વાત અહીં કરે છે. સમજાણું કાંઈ? રતિભાઈ! કહે છે, અરે! જ્યાં ભગવાન આત્મા વસ્યો નથીને દૃષ્ટિમાં, એને જ વિકારની આસક્તિ અને એકતા વૃદ્ધિ થાય છે, એને આત્મજ્ઞાન છે જ નહિ.

અહીં કહે છે. '**સૂર્યકી કિરણોંકે આગે અન્ધકારકા ફૈલાવ કૈસે શોભાયમાન હો સકતા હૈ?**' છે? સૂર્યના કિરણો જ્યાં હોય ત્યાં અંધકાર કઈ રીતે હોઈ શકે? જુઓ! દષ્ટાંત આપીને દિગંબર સંતોની કડકાઈ પણ દષ્ટાંતો પણ કેવા સૂચવે છે! સૂર્યના કિરણો જ્યાં પ્રકાશ થયા, આમ પ્રકાશરૂપ નીકળ્યા, તીખા તીખા પ્રકાશ એમાં અંધકાર શી રીતે હોય? શોભા પામે એટલે? શોભા પામે. ભાષા એમ લીધી છેને? '**किं विलसति**' કેમ હોય? એનો અર્થ કેમ શોભા પામે એટલે હોય નહિ. એમ. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા દિનકર-ચૈતન્યસૂર્ય, એવા અનંત-અનંત રત્નનો ભગવાન ભંડાર. એ પુણ્ય માટે અને પુણ્યના ભાવ માટે... દાખલો આપ્યો છેને. .. પુણ્યના અધિકારમાં આવે છે. ચંદનનું વન છે, એક રાખ થોડી જોવે એના માટે ચંદનનું વન બાળી નાખે. ... લોકોને

.. લાગે, બાકી તો આ શું કહે છે કાંઈ સમજતા નથી. થોડું ખુલ્લું આવ્યું તો ભડક્યા પછી. ચંડાળનું નહિ? અપાસરાની પાછળ નહોતો હમણા છોકરોઓ? એક આવ્યો હતો. ત્યાં વ્યાખ્યાન ચાલ્યું હતું. એક આવ્યો હતો નહિ? એ પાછળવાળો. આ ચંદનના વન છેને. એક રાખ ચપટી જોવે છે એમાં એ ચંદનના આખા વનને બાળીને રાખ લે છે.

એમ ભગવાન આત્મા એકલો શીતળ... શીતળ... શીતળ... આનંદ સ્વભાવ એને બાળીને પુણ્યની ઈચ્છા ને દુનિયાની અભિલાષા કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કીધું નહિ? પહેલા દૃષ્ટાંત આપ્યોને? શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદથી ભરેલો ભગવાન એની દૃષ્ટિ અને જ્ઞાનથી ગતિ કરતું વહાણ આખું જેમ હોય અનંત રત્નથી ભરેલું અને એક લોઢાનો કટકો જોતો હોય તો હેઠેથી તોડે, એમ મૂર્ખ અનંત-અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રના રત્નથી ભરેલો ભગવાન જેની શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યો હોય અને પછી કહે કે ના, ના, એમ નહિ. આ જોવે... આ જોવે... આ જોવે... મૂઢ! આખું ચૈતન્ય રત્નથી ભરેલું વહાણ ડૂબી જશે તારું. સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભારે વાત ભાઈ! ગૃહસ્થાશ્રમમાં પણ આવું? આ આત્મા તે ગૃહસ્થાશ્રમમાં ક્યાં છે? એ તો આત્મા આત્મામાં છે. બાર વ્રતના વિકલ્પમાં પણ આત્મા ક્યાં છે? અને બાર વ્રતના વિકલ્પથી આત્માનું કાર્ય ક્યાં સિદ્ધ થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? આવશ્યક હોય શ્રાવકને. દેવ પૂજા, ગુરુ સેવા... વિકલ્પ હોય શુભ રાગ, એનાથી આત્માના મોક્ષનું શુદ્ધતાનું કાર્ય ક્યાં સિદ્ધ થાય છે? એમ કહે છે. તો પછી એવા વીતરાગી સ્વભાવની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન નથી ત્યાં જ રાગની વૃદ્ધિનો અંધકાર હોય છે એમ કહે છે. આહા.હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન જો વીતરાગ પરમ આનંદ...**' લ્યો! જુઓ, ભાવનાથી ઉત્પન્ન કીધું હોં! ક્યાંક એ ભાવનાનો અર્થ આવે છે. ભાવના એટલે સમજ્યાને? ધ્યાન એટલે એકાગ્રતા અને ભાવના એટલે ચિંતવન. ઓલા ધ્યાનના ભેદ નથી આવતા ચાર? ધ્યાનના ભેદ આવે છેને ચાર? જયસેનાચાર્યમાં. ધ્યાન એટલે એકાગ્રતા ને ભાવના એટલે .. પણ ઈ આ ભાવના નહિ, આ ભાવના એ નહિ. આ તો વળી બધે ઠેકાણે લાગુ પાડી દે. આ એમ નથી. અહીં તો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ વીતરાગનો પિંડ જ આત્મા છે. એનો એક સમયમાં જે વિકૃતભાવ દેખાય છે ક્ષણિક, એ વિકાર વિનાની ચીજને આત્મા કહીએ. એ પરમ વીતરાગી આનંદરૂપી માખણથી ભરેલો ભગવાન એની ભાવના-એની એકાગ્રતા. એની એકાગ્રતાથી શું ઉત્પન્ન થાય? કહે છે કે રાગ ઉત્પન્ન થાય? વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થાય? આહા..હા..! વિષય વાસના આદિ અશુભભાવ તો નહિ, પણ શુભભાવ વીતરાગ શુદ્ધાત્માની એકાગ્રતાથી શું શુભરાગ ઉત્પન્ન થાય? એ તો

પહેલો નકાર કર્યો. શુભરાગ જેટલો થાય એ પણ આત્માના ધર્મની શુદ્ધિ માટે બિલકુલ કાર્યગત નથી. આહા..હા..! જૂના માણસને આકરું પડે, નહિ? પ્રેમચંદજી! તમારી ... કહું છું. એણે તો સાંભળ્યું ન હોય. નહિ? હજી તો સમજે નહિ આ ભાષા ગુજરાતી. આ શું કહે છે? ભક્તામર ગણો, ભગવાનની પૂજા કરો, ધર્મ થઈ જશે. અહીં કહે છે કે લાખ તારા ભક્તામર ગણ અને ભગવાનની કરોડ પૂજા કર તો એ શુભ રાગ છે. એનાથી સમ્યગ્દર્શન પણ નહિ થાય અને એનાથી ધર્મ પણ નહિ થાય. લ્યો!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ... એ તો ભાવ આવ્યા વિના રહે નહિ. હોય એ જુદી વાત છે. એય..! એ તો એને કરાવવું છે. હવે પંચકલ્યાણ કરાવશે. રૂપિયાના પ્રમાણમાં કરશે કે નહિ એ? એવી વાત આવે છે. શેઠીયાઓ છે મોટા. ...વેદી પ્રતિષ્ઠા... હવે એ તો થવાની ક્રિયા તો થવાની તે જડથી થાય, બાપુ! પરની ન થાય આત્માથી, એમ કહે છે. આહા..હા..! અને એ વખતનો શુભભાવ હોય એનાથી એ કામ ન થાય અને શુભભાવથી આત્માની સિદ્ધિનું પણ કામ ન થાય.

મુમુક્ષુ :- બહારનું ન થાય?

ઉત્તર :- બહારનું પણ ન થાય અને અહીંનું પણ ન થાય. આહા..હા..! બહારનું ન થાય એ તો પહેલી વાત એ તો મોટી. શુભભાવથી ત્યાં મંદિર રચાય, એક લાખ રૂપિયા કે પાંચ લાખ દીધા માટે મંદિર રચાય એ વાત જ નથી. પરમાણુનું એ જગત છે. એ પરમાણુનું જગત સ્કંધ છે એનાથી વિશેષ ઉત્પત્તિ થાય છે. ઉત્પત્તિ એટલે પર્યાય. એ સ્કંધોની ઉત્પત્તિથી તે મંદિર થાય છે.

અહીં તો કાંઈ વાત પણ નવી અપૂર્વ હોય તો વાત, નહિ તો ઓલી વાતું તો સાંભળે બધા. ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, એની કરી ખીચડી. આ તો વીતરાગ કથા છે, ભાઈ! વીતરાગ ધર્મકથા છે. વીતરાગ પરમાત્મા વીતરાગ... વીતરાગ... વીતરાગ... જુઓ, આવે છેને આત્મ અવલોકનમાં? આત્મ અવલોકન છે દીપચંદજીનું કરેલું, ભાઈ! દીપચંદજી. ... મુનિઓ તો વીતરાગ... વીતરાગ... વીતરાગની જ કથા કરે છે. બીજી વાત નહિ. વીતરાગ-વીતરાગ મૂહુ-મૂહુ-વારંવાર વીતરાગ, આત્મ સ્વભાવ વીતરાગ, સમ્યગ્દર્શન વીતરાગી, જ્ઞાન આત્માનું વીતરાગી, સ્થિરતા આત્માની વીતરાગી. એનું ફળ એકલું વીતરાગી. જુઓ! ગૃહસ્થાશ્રમમાં રહેલા એ હતા સમજ્યાને? દિપચંદજી. દિગંબર સાધર્મી. મુનિઓના મુખમાં તો... અને આમાં પણ આવે છેને આપણે તમારે છ ઢાળામાં નહિ? અમૃત ઝરે છ ઢાળામાં પાઠ આવતો નથી? મુનિઓના મુખમાંથી અમૃત ઝરે છે. છે કે નહિ? શું? છેલ્લા

બોલમાં નથી? ક્યાં ગયું? બીજો શ્લોક છે.

अंतर चतुर्दश भेद बाहिर, संग दसधा तें टलै।
परमाद तजि चउकर मही लखि, सुमति ईर्या तें चलै।
जग सुहितकर सब अहित हरि, श्रुत सुखद सब संशय हरै।
भ्रम रोग हर जिनकै वचन, मुखचंद्र तें अमृत झरैं।।

વીતરાગતા વીતરાગતા. સમજાય છે? મુનિઓ તો એને કહીએ કે જેને અંતરમાં આનંદના અમૃતના ઉછાળા માર્યા છે. અતીન્દ્રિય આનંદના અધિક ઉછાળા અનુભવ થયા છે અને 'जिनकै वचन, मुखचंद्र तें अमृत झरैं' મિથ્યાત્વરૂપી રોગને હરનાર. એ વીતરાગ વાણી ઝરે છે. વીતરાગ-વીતરાગ. એ અમૃત ઝરે એમાં વીતરાગ ભાવ છે. નવનીતભાઈ! સમજાણું કાંઈ? રાગ એ અમૃત નથી. વિકલ્પ તો જડ છે, આ વાણી. રાગ તો જડ અંધારું એ તો અહીં છે.

ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવો પ્રભુ, એકલો અમૃતનો વીતરાગી સાગર ઉછળતો પ્રભુ ભગવાન એની વાત મુનિઓ એના મુખમાંથી એ વાત કરે છે. અરે..! જીવો! વીતરાગી આત્માની દૃષ્ટિ કરો, વીતરાગી આત્માનું અંતર જ્ઞાન કરો, વીતરાગી ભગવાનમાં ઠરો વીતરાગ ભાવે; એ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? બીજી લીટી આવી. બીજી કડીમાં સમજાણું? .... પછી કીધું. પોતનું કહીને ઓલું કહ્યું. ઓલું વચન કહેવું છેને? સમજાણું?

षट् काय जीव न हननतें, सब विधि दरव हिंसा टरी।
रागादि भाव निवारते, हिंसा न भावित अवतरी।
जिनकें न लेश मृषा न जल, त्रण हूं बिना दियौ ग्रहै।
अठदश सहस विधि शील धर, चिद्‌ब्रह्म में नित रमि रहै।।

પોતાને નિજ લીધું. 'चिद्‌ब्रह्म में नित रमि रहै' મુનિ એને કહીએ, બાપા! મુનિ એટલે કાંઈ લૂંગડા ફેરવ્યા અને નગ્ન થઈ ગયા એટલે મુનિ થઈ ગયા?

મુમુક્ષુ :- પંચમકાળમાં તો એવું...

ઉત્તર :- પંચમકાળમાં ગોળનો ગારો થાતો હશે? પંચમકાળમાં એટલે ઘી, ગોળ અને સુખડી થાતી હશે. ઘી, ગોળ અને લોટની. કે ગારો, પાણી અને ..નું દૂધ નાખીને થાતી હશે? સમજાણું કાંઈ? આહા..હા..! 'चिद्‌ब्रह्म में नित रमि रहै' એમ કહીને પછી આ બીજી કડી લીધી છે. સમજાણું? પછી આ શૈલી લીધી છે હોં! 'मुखचंद्र तें अमृत झरैं' ઉપદેશ નીકળે એટલે અમૃત ઝરે. એ પોતાની વાત આવી. વિકલ્પ ઉઠ્યો છે અને ઉપદેશ થાય છે. મુનિઓ એમ વીતરાગ... વીતરાગ... વીતરાગ... ભગવાન આત્મા અનાકુળ અમૃતથી

ભરેલો પ્રભુ છેને ભાઈ! એની અંતરમાં ... દૃષ્ટિ કરો, જ્ઞાન કરો. એવી વાણી સંતોના મુખમાંથી નીકળે છે. નવનીતભાઈ! લ્યો, આ નવનીતભાઈને તો મોઢે છે ... આહા..હા..! એટલું ભર્યું છે એમાં. છ ઢાળામાં ગાગરમાં સાગર ભર્યો છે. આમ હિન્દી ભાષા સાદી. આમાં તો કોઈ સંસ્કૃત, વ્યાકરણની કાંઈ જરૂર પડે એવું નથી. પહેલી ચિદ્ બ્રહ્મમાં રમે અને પછી આ વાત કીધી. ઉપદેશ નીકળે તો આ નીકળે. શાંત... શાંત... શાંત... ભગવાન! તારા શાંતસાગરમાં ઝૂલ, દૃષ્ટિ કર, જ્ઞાન કર. વિકલ્પ ઉઠે એ જોવું પણ નથી, કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :-....

ઉત્તર :- તો શું પણ? એ છે, હો, પણ આ મોટો ભગવાન છેને મોટો. અનાકુળ અમૃતનો દરિયો ભર્યો છે અમૃતનો. એને જો, શ્રદ્ધા કર અને ઠર. નિશ્ચયની વાત કરે છે જુઓ, મુનિ મુખમાંથી આવી વાત કરે છે. વાત પહેલા કરી ગયા. નિશ્ચય સમકિત અને વ્યવહાર. પણ એનાય મુખમાં આ વાત આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ઈ સાદી સીધી છે, પણ આડ મારી છેને. દોરાઈ ગયો બીજે એટલે આ દોર એને હાથ આવતો નથી. સમજાણું?

કહે છે, ઓહો..! શુદ્ધાત્માની ભાવના. ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ સાગર એની એકાગ્રતાથી ઉત્પન્ન. અહીં તો એ સિદ્ધ કરે છે કે ભાઈ! તારી ચીજમાં એકાગ્રતાથી શું ઉત્પન્ન થાય? કાંઈ દયા, દાન અને વ્રતના વિકલ્પો એની એકાગ્રતાથી ઉત્પન્ન થાય ભાઈ? આહા..હા..! ઓલામાં એમ કહ્યું હતું કે વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન આત્માને કાંઈ કામ કરતું નથી, બિલકુલ આત્માનું કાર્ય કરતું નથી. આહા..હા..! સમજાય છે? અને શાસ્ત્રનો ઉપદેશનો વિકલ્પ જે થાય એ પણ આત્માને કાંઈ કામ અને મદદ ધર્મમાં કરતો નથી. ગજબ વાત છેને! વાણીથી તો કાંઈ નહિ, પણ વિકલ્પથી પણ કાંઈ નહિ. આ તે કાંઈ વાત છે! વસ્તુ છે એવી. સમજાણું?

ત્યારે અહીં કહે છે કે ભગવાન! તું જે શુદ્ધ સ્વરૂપ છો એની એકાગ્રતાથી શું ઓલો વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ? પહેલા વ્યવહારના વિકલ્પથી કાર્ય ન થાય એમ સિદ્ધ કર્યું, ભાઈ! હવે કહે છે કે તારી એકાગ્રતાથી શું વ્યવહાર ઉત્પન્ન થાય? એ તો અસ્થિરતાથી ઉત્પન્ન થયેલો વિકલ્પ છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો સાગર આત્મા એની એકાગ્રતાથી તો વીતરાગ પરમસુખ આનંદ ઉત્પન્ન (થાય). આહા..હા..! એમ કહીને એમ કહે છે કે પ્રભુ! તારી એકાગ્રતામાં તો વ્યવહાર રત્નત્રયની ઉત્પત્તિ પણ એકાગ્રતાનું ફળ નથી, એ તો અસ્થિરતા હતી. એથી તારું કાર્ય સિદ્ધ થાય એમ નથી અને તું એકાગ્ર

થાય તો એ ઉત્પન્ન થાય એવું નથી. સમજાણું કાંઈ? તારી ચીજ એવી છે શુદ્ધ ભગવાન અનાકુળ શાંતરસથી ભરેલું તત્ત્વ. આહા..હા..!

નિરોગ શરીર, જુવાન હોય. ખાધેપીધે શરીર સારા અને કરોડોની સંપત્તિ નજરે પડતી હોય અને સુંવાળા શરીર, ભવિષ્યમાં રોગ થવાની પણ આશા વર્તમાન દેખાતી ન હોય. એ બેની પ્રીતિના પ્રેમમાં જુઓ એનો ઉલ્લાસ. સમજાય છે કહે છે? એ તો ઝેરનો ઉલ્લાસ છે. એમ આત્માના ધર્મના યૌવનકાળનો સમય. વીસ વર્ષની આમ કન્યા પદમણી જેવી આમ દરેક અવયવે ફુલેલી સરખી આમ દેખાય માંસના હાડકાની. સામે પણ ઓલો પચ્ચીસ વર્ષનો જુવાન ફૂટડા બધા અવયવે ફેલાયેલો અને બે, પાંચ કરોડની મૂડીને વર્તમાનમાં પછી રોગ થશે એવું અંદરમાં જરી આવાગમન પણ દેખાતું ન હોય કે થશે કે કાંઈ થશે એવી નિરોગતા, એના પ્રથમ પ્રીતિના કાળમાં ઉલ્લાસનો જે પ્રેમ... સમજાય છે? એ ઝેરની મજા એને અજ્ઞાનીને એવી લાગે. સમજાણું કાંઈ?

બાપુ! ભગવાન આત્મા બાળપણું છોડી-અજ્ઞાનપણું છોડી અને જ્યાં પૂર્ણાનંદ ભગવાન આત્માના યૌવનદશાની રમતમાં આવ્યો અને જ્યાં પૂર્ણાનંદની શાંતિના રસથી, સુખડીથી ભરેલો ભગવાન... આહા..હા..! સમજાય છે? એ જ્યારે એકાગ્ર થઈને ખાવા બેસે એની મણાની વાત શું કરવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં પણ દેખાતું નથી. એ માટે તો વાત કરી.

છ હાથનું લાંબુ શરીર અને રૂપાળું આમ મોટું હોય ગોરા જેવું અને મોટું શરીર રૂપાળું. તેજ પડતું હોય આમ ... જેવા. બેય સરખા શરીર હોય પાછા. અને એ યૌવનથી ફૂટડા ફાટ્યા હોય, ફૂટડી ફાટી હોય અંદરથી અને ચારેકોરની સરખાઈ અને મા-બાપને એકના એક બેયને હોય. બેયને એકના એક હોય એટલે દીકરી એક જ હોય અને આને દીકરો એક હોય. ચારે કોરથી આમ. બધી બાજુ એને સરખાઈ ઝેરની લાગતી હોયને. આ ઝેર છે, પણ એને પ્રેમ કેવો લાગે! જગતમાં જાણે આ સિવાય કાંઈ બીજું છે જ નહિ. બસ, ઓહો..હો..! આહા..હા..!

અહીં તો જરી એ 'ભાવના' શબ્દ પડ્યો છેને ત્યાં લક્ષ ગયું છે. ઓહો..! ભગવાન ચૈતન્ય અનંત આનંદનો કંદ પ્રભુ એનો ધર્મકાળ જ્યાં યૌવનકાળ ધર્મનો વર્તે છે, વૃદ્ધકાળ તો એના ફળ કેવળજ્ઞાન ને કેવળદર્શન છે. નવનીતભાઈ! યૌવનકાળ. આહા..હા..! એ એટલા ઉત્સાહથી અંદર એકાગ્ર થાય છે કે અણઉત્સાહ તો ક્યાં છે જગતમાં એની ખબર નથી. અને પ્રમાદ છે કે નહિ જગતમાં એની ખબરું નથી. એવો ભગવાન આત્મા.. આવે છેને

આવે એ એમને એમ હજો. સમયસારમાં આવે છે હોં! એ શબ્દ. સમયસારના શબ્દો બધા એકલા વીતરાગના ઝરણા છે. અંદરમાં ભર્યો છે એવું ભગવાન ચૈતન્યરત્ન એમાં એકાગ્ર થયો, કહે છે કે એમાંથી ઉત્પન્ન થયેલો વીતરાગ પરમાનંદ. ઓલા જુવાનીને ઉત્પન્ન થયેલો પ્રેમ એકલો રાગ અને ઝેર છે. સમજાય છે કાંઈ?

એમાં કોઈ એને કહે, લગન થયા હોયને તરત જ્યોતિષી (કહે કે) જો તમે આજ પહેલી રાત સુહાગની કાઢશો તો તે દિ' મરી જશો. તમારું જ્યોતિષ એમ કહે છે. આમ છે ભાઈ! રાજાને સગપણ કરેલું. ... આ તો બધા દાખલા તૈયાર. જામનગર દરબાર આ .. એના કાકા હતા રણજીતસિંહ એનું સગપણ કરેલું ગરાસણી સાથે. જ્યોતિષીએ કહ્યું કે જે દિ' તમારા લગન થશે, બે ભેગા થશો તે દિ' મૃત્યુ. આ કહીએ છીએ વાત એમ અદ્ધરથી ન હોય, બધું ક્યાંક એમાં.... કહ્યુંને? શું કહે છે એ આપણને ખબર નથી. લગન કર્યું જ નહિ. બાઈ એમને એમ કુંવારી રહી ગઈ. આનું સગપણ છોડીનું.. એને લે કોણ? એ જાય ક્યાં બીજે? બાઈએ ના પાડી. અહીં તો બીજું કહેવું છે. સમજાણું કાંઈ?

એમ આવી જ્યાં ઓલી સરખાઈ પહેલી કીધી અને એમાં લગન થયા ને જ્યાં મેળાપ થયો અને જ્યોતિષ કોઈએ આવીને કહ્યું. જો આ ગાંઠો બે ભેગી થઈ અને મેળાપ થયો તો દેહ છૂટી જશે. દુનિયા કહે કે રંગમાં પડ્યા ભંગ. એ સ્થિતિ ક્યાં જાય પછી? આ બધી હોય સ્થિતિ હો એવી ને એવી. બેય જુવાન મા, બાપને એકના એક દીકરા. કરોડો રૂપિયા બધું સરખું હોય. સારો જ્યોતિષ હોં! સરખાઈનો વિશ્વાસ જેનો ઉપજે એવો. એવા જ્યોતિષી હોયને?

મુમુક્ષુ :- ખાતરી કરીને....

ઉત્તર :- ખાતરી થઈ ગઈ. પહેલા ઘણી વાર... મોટા રાજા હોયને એટલે ઘણી વાર આવેલા હોય. અને કેટલાક જ્યોતિષ એના સાચા પડ્યા હોય. હાય..! હાય..! એમ ... ફડાક અંદર ગયા ... ગયા.

એમ ભગવાન જ્યોતિષી એમ કહે છે, પરમાત્મા તું શુદ્ધ આત્મા છો, પ્રભુ! તારી એકાગ્રતાના આનંદમાં તને એટલો આનંદ આવશે કે તું આ રાગના આનંદમાં જઈશ તો મરી જઈશ, તારું ઝેર થશે, ઝેર થશે આનંદનું. સમજાણું કાંઈ? રાગમાં એકાગ્ર થવા જઈશ તો આનંદનું ઝેર થઈ જશે. આહા..હા..! શુભાશુભ રાગની જ્યાં રુચિ છૂટી, પરની રુચિ તો ગઈ, આ ભગવાન આત્માની એકાગ્રતા વીતરાગ પરમાનંદ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- અહીં તો એ બંધ વળી જાય ફડાક દઈને એમ કહે છે. શુભાશુભમાંથી ઉત્પત્તિ

અટકી જાય એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એ બંધ આવી ગયો એમ ને એમ. નથી આવતું? એ વિજયા શેઠ અને વિજયા રાણીનું આવે છેને. એ પરણ્યા, બે પરણ્યા હતા. એક કથા આવે છે. એકને હતી સુદની બાધા પરણ્યા પહેલા અને એકને હતી વદની. સુદ પખવાડીયાની બાધા બ્રહ્મચર્ય પાળવાની. એકને વદની. બેના લગન થયા. પહેલી સુહાગરાતે વાત થતાં કે મારે સુદની બાધા છે, ઓલો કહે મારે વદની. જાવજીવ બ્રહ્મચર્ય લઈ લીધું. સમજાણું કાંઈ? વાતમાં આવે છે. અહીં તો આવી પ્રીતિના કાળમાં જ્યાં એક ક્ષણમાં કેટલી વાર લાગી? ભાઈ! એમ કહું છું. બેયને એમ હતું જ્યાં કે ઓહો..! આજ પતિને ભેગા થાશું, પતિ જાણે કે પત્નીને ભેગા થાશું. આમ સુહાગરાત છે, પહેલી રાત છે. સમજાણું? એમ કહ્યું મારે આ સુદનો ... વર્તે. .. વર્તે મારે સુદની બાધા છે. ઓલો કહે, મારે વદની બાધા છે. ભગવાન ... સમજાણું? સજ્જનને બીજું હોય? બહેન અને ભાઈ જેવો આપણે સંબંધ છે. બહાર કહેશો નહિ. સમજાણું કાંઈ?

એમ આત્માના શ્રદ્ધાના જ્ઞાનમાં આત્મા આવો આનંદમય (છે) એની જ્યાં એકતા થઈ ઝેરના, ઝેરના પ્રેમ છૂટી ગયા અંદરથી. હવે મારે અને રાગને કાંઈ સંબંધ નથી. .. અનાદિનો .. છે. એનાથી ઉત્પન્ન થયેલા એવા '**ઉસકે શત્રુ પંચેન્દ્રિયોંકે વિષયોંકી...**' જુઓ, ભાષા. વેરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પંચેન્દ્રિયોંકે વિષયોંકી અભિલાષી...**' અભિલાષા હોં! સમ્યગ્દૃષ્ટિને અભિલાષા નથી. રાગ થાય છે છતાં અભિલાષા નથી, અભિલાષા ભગવાન આત્માની છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો વિશેષ એકાગ્રતા થવા માટે કહે છે કે એને અભિલાષાની વૃત્તિની ઉત્પત્તિ જ થતી નથી.

'**જિસમેં હો, વહ નિજ (આત્મ) જ્ઞાન નહીં હૈ,...**' જેમાં પર વિષયના પ્રેમ, વિષય શબ્દ એકલો ભોગ એમ નહિ. પાંચેય ઇન્દ્રિયના વિષયો રૂપ, ગંધ, રસ, આબરૂ, કીર્તિ આદિની વાસના. સમજાય છે? અણીન્દ્રિય ભગવાન આત્માનું જ્યાં જ્ઞાન છે ત્યાં આ પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષાનું ઝેર ક્યાંથી હોય? જ્યાં સૂર્ય ઉગે ત્યાં અંધકાર ક્યાંથી હોય? અને અંધકાર છે ત્યાં દિન કરનાર સૂર્ય છે નહિ. એ દિનકર-દિનનો હાથ નથી. કર કહેને એના કીરણો? દિનકર એ સૂર્યના હાથ છે. એ આત્માનો હાથ નથી. જેને રાગની અભિલાષા ત્યાં આત્માનો અધિકાર-હાથ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, અરે..! પાંચ ઇન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, આબરૂ, કીર્તિના મલાવા બધા એ આત્માના આનંદના વેરી છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! વાણી નિવારી શકે છેને? હોશિયાર માણસ છેને. કહેતા પણ આવડે છે કે નહિ? આહા..હા..! ભગવાન આત્મા.. કહે છે કે જેમાં એકાગ્રતાથી જેના શાંત ઝરણા ઝરે એવો પ્રભુ. એના વેરી પાંચ

ઇન્દ્રિયના વિષયની અભિલાષા જ્યાં હોય ત્યાં આત્મજ્ઞાન કેવું? ત્યાં આત્માની દૃષ્ટિ કેવી? એને પરમાત્મા દૃષ્ટિમાં વસ્યો કેવો? આ બહારની વાત નથી, હોં! એટલે લોકો જાણે કે બસ ત્યારે આપણે વિષય છોડી દ્યો, બાયડી છોડી ને બ્રહ્મચર્ય પાળીએ એટલે આપણને અભિલાષા છૂટી ગઈ. એમ નહિ. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓથી છૂટીને સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે એની અભિલાષા છૂટે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન નહીં હૈ,...**' આહા..હા..! એક મ્યાનમાં બે તલવાર રહે નહિ. જ્યાં ભગવાન આત્માની રુચિની ભાવના છે ત્યાં આ રાગની ભાવના કેવી? રાગની ભાવના ત્યાં ભગવાનની ભાવના કેવી? એકમાં બે ન હોય. સમજાણું કાંઈ? એ શુભ રાગે પણ પુણ્ય ફળશે અને એના ફળ દુઃખ છે સ્વર્ગના. એ વિષયનું જ ફળ, પુણ્યનું ફળ જ વિષયો છે. સ્વ વિષય ફળ એનું છે જ નહિ. ભગવાન કહે છે કે સમકિતીને પુણ્ય રહી જાયને, ફળ બાંધે સ્વર્ગમાં. એ રાગના અંગારાથી શેકાય છે. આહા..હા..! એ સ્વર્ગના ફળના રાગમાં ભગવાનની શાંતિ ક્યાં છે ત્યાં? શાંતિ તો જેટલી એકાગ્ર થઈને પ્રગટી એ છે. એ રાગના ફળમાં, દેવમાં આ અનુકૂળતા ઇન્દ્રાણીઓનું ને આમ જુઓ તો. ઓહો..હો..! સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વિષય દાહ, હા એ. આહા..હા..! તે દિ' વાત કરી હતી.

કહે છે, ભગવાન આત્મા એના શાંતરસની રુચિના પ્રેમમાં, એકાગ્રતામાં આવી વાસનાનું ઉઠવું ક્યાંથી હોય? અને એવી વાસના અંદરમાં ઉઠે ત્યાં આત્મજ્ઞાન કેવું હોય? સમજાણું કાંઈ? '**અજ્ઞાન હી હૈ.**' ચાહે તો ત્યાગી થઈને બેઠો હોય, મુનિ થઈને બેઠો હોય, અંદરના રાગના વિકલ્પની અભિલાષા પડી છે એને આત્માનું જ્ઞાન નથી એમ કહે છે અહીં. આહા..હા..! રાગના વેગે તણાણો તેને ચૈતન્યનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? '**જિસ જગહ વીતરાગભાવ હૈ, વહી સમ્યગ્જ્ઞાન હૈ.**' દેખો! શું કીધું? જ્યાં આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પની અભિલાષા રહિતનો વીતરાગભાવ દૃષ્ટિ જ્ઞાનમાં છે ત્યાં સમ્યગ્જ્ઞાન છે. જ્યાં અભિલાષામાં અને પ્રેમમાં રાગ ભાગ પડ્યો છે ત્યાં સમ્યગ્જ્ઞાન કેવું? સમજાણું કાંઈ?

'**જિસ જગહ વીતરાગભાવ હૈ,...**' એટલે કે જેની શ્રદ્ધા-જ્ઞાનમાં વીતરાગ પરમાત્મા નિર્મળાનંદ પ્રભુ વસે છે એને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! આ શાસ્ત્ર-બાસ્ત્રના જ્ઞાનની તો વાત જ કાઢી નાખી. ઈ તો પહેલા કાઢી નાખી. સમજાણું? આહા..હા..! વીતરાગ માર્ગ તે કોઈ વીતરાગ માર્ગ છેને! આહા..હા..! કાયરને પ્રતિકૂળ 'વચનામૃત વીતરાગના પરમ શાંત... શાંત... શાંત... શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' કાયરને એમ થાય કે આવું હોય? આવો માર્ગ હોય? આવો માર્ગ હોય? એ નપુંસકને કોઈ દિ' વીર્ય હોય

નહિ. એમ કાયરો મિથ્યાત્વથી પુષ્ટ થયેલા એને આ વીતરાગની આ વાત (પ્રતિકૂળ લાગે છે). વિકલ્પ રાગ રત્નત્રય તે આત્માને કામ કરે નહિ અને આત્માની એકાગ્રતાથી તે રાગ ઉત્પન્ન થાય નહિ. સમજાણું કાંઈ?

**'ઈસી બાતકો દૃષ્ટાંત દેકર દૃઢ કરતે હૈં, સો સુનો. હે જીવ, જૈસે સૂર્યકે પ્રકાશકે આગે અંધેરા નહીં શોભા દેતા,...'** શોભા દેતા નહિ એટલે હોય જ નહિ એમ. ઓલો શોભે ત્યાં આ શોભે ક્યાં? હોય (નહીં તો) ક્યાંથી શોભે? અસ્તિ જ ન હોય. આહા..હા..! **'સૂર્યકે પ્રકાશકે આગે અંધેરા નહીં શોભા દેતા, વૈસે હી આત્મજ્ઞાનમેં વિષયોંકી અભિલાષા નહીં શોભતી.'** સમજાણું કાંઈ? **'યહ નિશ્ચયસે જાનના.'** ભગવાન આત્મા એનું જ્ઞાન, એનું દર્શન, એના ભાન ત્યાં વિષયની અભિલાષા કેમ સ્ફૂરે? જ્યાં આનંદ સ્ફૂરે ત્યાં આ ક્યાંથી સ્ફૂરે? એમ કહે છે. સમજાણું કાંઈ? અસ્થિરતાની થોડી વૃત્તિ આવે એને અહીંયા ગૌણ કરીને વાત કરી છે. અજ્ઞાન છેને એમ કીધું છેને? અહીં તો અજ્ઞાન અને જ્ઞાન બેની ભાઈ વાત કરી. એમ નથી કે અહીંયાં ઓલો વીતરાગ સ્વરૂપ છે... અરે...! ભગવાન! ભાઈ! બાપુ! તને ચૈતન્યના માહાત્મ્યની ખબર નથી, ભાઈ! એ શાસ્ત્રએ કાંઈ પાર પડે એવું નથી. તત્ત્વની દૃષ્ટિ સમજ્યા વિના...

આ ભગવાન આત્મા આમ ગૃહસ્થાશ્રમમાં પડ્યો સમકિતી ભાન છે. ઈન્દ્ર ઉપરથી ઉતરે, ઈચ્છા ન મળે, ઈચ્છા ન મળે. અરે..! અમારા શાંતરસની એકાગ્રતામાં અમે આવીએ કે અમે તો રાગની એકાગ્રતામાં આવીએ? અસ્થિરતાથી ઉત્પન્ન થઈ જાય જુદી વાત છે, પણ એકાગ્ર કરીને આ કરવા જેવું છે એવી મીઠાશ સમ્યગ્દૃષ્ટિને રાગની ઉત્પત્તિમાં રહેતી નથી. સમજાણું કાંઈ?

**'શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી જો નિરાકુલતા ન હો,...'** દેખો! શાસ્ત્રના જ્ઞાન કર્યા, નવ પૂર્વ ભણ્યો ને બહાર હજારો માણસને રીઝવે, લાખો માણસને ડોલાવે. અમરચંદભાઈ! શું ધૂળ થઈ એમાં? આહા..હા..! **'શાસ્ત્રકા જ્ઞાન હોને પર ભી જો નિરાકુલતા ન હો,...'** અંતર નિરાકુળ વસ્તુની દૃષ્ટિ અને નિરાકુળ જ્ઞાન ન હોય, એ શાસ્ત્રજ્ઞાન શું કરે એને? અમરચંદભાઈ! આહા..હા..! **'ઔર આકુલતાકે ઉપજાનેવાલે આત્મીક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં, તો વહ જ્ઞાન કિસ કામકા?'** એ જ્ઞાન ક્યા કામનું છે? એ જ્ઞાન કામનું શું? જેમાં અંતર સ્વરૂપની દૃષ્ટિ અને નિર્વિકારી જ્ઞાન શાંત થઈને ઠર્યું નથી એને જ્ઞાન કોણ કહે? એ જ્ઞાન કામનું શું? કહે છે. વિશેષ થોડું કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૩, મંગળવાર, તા. ૦૮-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૬ થી ૭૮, પ્રવચન-૧૨૨**

પરમાત્મપ્રકાશ, બીજો ભાગ, ૭૬ ગાથા. છેલ્લી છે બે લીટી. પહેલું તો એમ કહ્યું કે '**આકુલતાકે ઉપજાનેવાલે આત્મીક-સુખકે વૈરી રાગાદિક જો વૃદ્ધિકો પ્રાપ્ત હોં, તો વહ જ્ઞાન કિસ કામકા?**' શું કહ્યું? આત્મા.. જેને આત્માનું જ્ઞાન થયું, જ્ઞાન તો એનું નામ કહેવાય કે જેમાં જ્ઞાન સાથે શાંતિ પ્રગટ થાય. કેમકે આત્મા એ શાંત અને આનંદસ્વરૂપ છે. એટલે એનું જ્ઞાન થયે, જેનું જ્ઞાન કરે છે તેનું જ્ઞાન થતાં તેનામાં જે શાંતિ ને આનંદ છે એવું એમાં જ્ઞાનમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ આમાં? આત્માનું જ્ઞાન કીધુંને? આત્માનું જ્ઞાન એટલે? આત્મા એટલે? અકષાય સ્વભાવ અને આનંદ એવો આત્મા, એનું જ્ઞાન થયે એમાં જે શાંતિ અને આનંદ છે એવી જ્ઞાનમાં શાંતિ અને આનંદ ન આવે તો એ જ્ઞાન શેનું? સમજાણું કાંઈ?

આકુળતા વધે, જાણપણા કરે અને આકુળતા અને અંતરમાં રાગની એકતા વધે, વિકાર વધે, અશાંતિ વધે એ જ્ઞાન શેનું? કારણ કે જેનું જ્ઞાન છે તેમાં શાંતિ અને આનંદ છે, એમાં આકુળતા અને દુઃખ નથી. સમજાણું કાંઈ? જ્યારે બીજા શાસ્ત્રોનું એકલું જ્ઞાન કરે તો બીજામાં કાંઈ આત્મા નથી અને બીજામાં કાંઈ આનંદ નથી. સમજાણું કાંઈ? એટલે જ્ઞાન અને આનંદ જેમાં નથી એનું જ્ઞાન કર્યે એ જ્ઞાન કહેવાય જ નહિ. સમજાણું કાંઈ? કહે છે કે આત્માનું જ્ઞાન થયે આકુળતા વધે એ જ્ઞાન શેનું? ઝીણી વાત છે જરી હોં અંદર. વાત અંતરથી કહે છે.

'**જ્ઞાન તો વહ હૈ, જિસસે આકુલતા મિટ જાવે.**' એનું નામ જ્ઞાન. શાસ્ત્રના ઝાઝા ભણતર કર્યા કે બીજાને સમજાવતા આવડ્યું... સમજાય છે? એ જ્ઞાન નથી, એ જ્ઞાન નથી. આહા..હા..! જ્યાં ભૂખ લાગે તો આ ભૂખ લાગી એની અશાંતિ છે. ભૂખ શેની છે? ભૂખ લાગી એને શું મળ્યું? રાગ થયો એમાં રાગ. શાંતિ ક્યાં આવી? શાંતિ તો આત્માના આનંદમાં (છે). આત્મા છે એમાંથી શાંતિ આવે? એમાં કાંઈ રોટલામાં શાંતિ છે? રોટલાના વિકલ્પમાં શાંતિ છે? ક્યાંથી શાંતિ આવી? સમજાય છે કાંઈ? જે માણસને એ સંબંધીનું જ્ઞાન હોય, એ સંબંધીના જ્ઞાનમાં એ નિઃશંક હોય છે કે નહિ? કે હા મને બરાબર આવડે છે આ.

પ્રેમચંદભાઈ! વાત બરાબર છે? વાત તો ... છોકરા.. અમને આ બરાબર આવડે છે. બરાબર આવડે છે? હા. નિઃશંક છો? હા. બતાવો હાથમાં કાઢીને. હાથમાં કાઢીને બતાવો કે તમે તમારા જ્ઞાનમાં નિઃશંક છો એ અમને બતાવો. ધર્મચંદજી!

એમ આત્માનું અસ્તિત્વ જે છે, આત્માનું અસ્તિત્વ છે એનું જો જ્ઞાન હોય તો નિઃશંકપણે એમાં શાંતિ હોય. બીજો કહે અમને બતાવો. એ બીજાને ન બતાવાય. બીજો શી રીતે જાણે? જેના વેદનનો વિષય છે એ જાણે કે બીજાનો એ વેદનનો વિષય છે? અહીં તો કહેવું છે કે સ્વ જ્ઞાનમાં વેદન આવે છે. પરજ્ઞાનમાં વેદન હોતું નથી તો એ વિષય નથી. પરનો વિષય વેદન તો નથી અને શાસ્ત્રનો બોધ કે રાગની મંદતાની ક્રિયા કે પછી એમાં શાંતિ નથી. સમજાણું કાંઈ? એ વેદન શાંતિનું નથી. શાંતિ એટલે? પણ તમે તમારી દુકાનના ધંધાના વેપારમાં કુશળ હતા કે નહિ? એ કુશળપણું તમને ખ્યાલમાં હતું કે તમને સંદેહ હતો? એ નિઃશંકપણે હતું કે નહિ? કે એમાં આમ... આમ... આમ.. હતું? એટલી ત્યાં આગળ એ જાતની ફડકની આકુળતા નહોતી. હતી?

એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ, એનું જે જ્ઞાન હોય એ નિઃશંકપણે પોતે જાણે છે કે આ જ્ઞાન. હવે એમ જાણતા એનામાં શાંતિ ને આનંદ છે એનું પણ અંદર વેદન આવેને? વેદન ન આવે તો આ આત્મા છે એનું જ્ઞાન ક્યાં આવ્યું? એમાં નિઃશંક ક્યાં થયો? સમજાણું કાંઈ? ઝીણું પણ હવે... એનો અર્થ આ છે. તમારા ચોપડીના તમે જાણપણા કર્યા હતા કે નહિ? નોવેલો? ઈ ખ્યાલ તમને છે? નોવેલોનો ખ્યાલ હતો કે નહિ? એ ખ્યાલ તમને નહોતો? હવે ખ્યાલ કેવો હતો એ લાવો બતાવો અમને. એ તમારો વિશ્વાસવાળો હતો તો તમારા ... સમજાણું? એ વિશ્વાસ એવો હોય એને કે હું આવો જ છું, બરાબર હું આમાં નિપૂણ છું. એ પોતે હાથમાં ન દેખે, બીજાને બતાવી ન શકે. છતાં એના ભાવમાં એ નિઃશંક એનો વિશ્વાસ એને હોય છે, એ જાતનો.

એમ ભગવાન આત્મા એ વસ્તુ છેને? એનું જે જ્ઞાન, એનું જ્ઞાન એ જ્ઞાનમાં એનો વિશ્વાસ આવતા એને શાંતિ અને આનંદનું સાથે વેદન હોય એને જ્ઞાન કહે છે. એમ કહે છે. આમ હશે કે આમ હશે? આમ હશે ત્યાં તો એને એકત્વબુદ્ધિ પરમાં રહી. અહીં તો થઈ નથી. ભણતર ભણ્યો, શાસ્ત્ર ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. કહો, સમજાણું કાંઈ? આ જરી વાત એવી અહીં લીધી છેને. સવારમાં એ આવી હતી. આરંભ અને કષાયમાં, વિષયમાં વર્તે છે, એ વર્તે છે, એ કહ્યું છે ઈ આસક્તિની અપેક્ષાએ કહ્યું છે. વર્તતો નથી. આસક્તિપણે વર્તે છે, વસ્તુપણે વર્તતો નથી. વસ્તુ તો જ્ઞાનમાં આનંદનું જ્ઞાન છે, ભાન છે એ એમાં વર્તતો જ નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**જ્ઞાન તો વહ હૈ, જિસસે આકુલતા મિટ જાવે.**' એ શબ્દની વાત નથી આ. આ ભણતર બહારના ભણતરમાં એ જાતનું ભણતર હોય તો એને નિઃશંક થઈ જાય છે કે નહિ? નિઃશંક થઈ જાય એને એ જાતની જાણવાની આકુળતા રહે છે એને? એ જાતની જાણવાની આકુળતા રહે? લ્યો, રામજીભાઈને એ બધું વકીલાતનું .. આ મોટા કરતા તો એમાં એ જાતની એને આકુળતા હતી?

મુમુક્ષ :- ...

ઉત્તર :- એવી જાતની જેમ રાગના જ્ઞાનમાં નિઃશંકતા અને આકુળતાનું જ્ઞાન છે એ. કારણ કે આ આત્માનો આનંદ અને આ શાંતિ ઈ એનું જ્ઞાન ક્યાં છે? એ તો બહારનું છે. આનંદ, પોતાનો આનંદ અને શાંતિ જેમાં નથી એનું જ્ઞાન છે એ તો. એ એનું જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન નથી ઈ. એય..! આહા..હા..!

અહીં તો જ્ઞાન આત્માનું જ્ઞાન કહેવું છેને? આત્માનું કહેવું છેને? કે શાસ્ત્રનું કે રાગનું કે આનું કે ફલાણાનું? આત્માનું જ્ઞાન. તો કહે છે, જ્ઞાન આત્માનું જ્ઞાન એ જ્ઞાન એવું હોય છે કે જે આત્માનું જ્ઞાન, તો આત્મામાં જ્ઞાન, શાંતિ અને આનંદ સહિત જે છે એનું જ્ઞાન. એનું જ્ઞાન એમાંથી જ્ઞાન આવ્યું સમ્યક્, શાંતિ આવી અને આનંદ આવ્યો ત્યારે એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. ત્યારે આત્માનું જ્ઞાન કહેવામાં આવ્યું. જેમાં આકુળતા ન મટે અને આકુળતા ઉત્પન્ન થાય કે આકુળતા વધે એ આત્મજ્ઞાન જ ક્યાં છે ઈ? સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સ્થિરતા એટલો ભેગો છેને. આકુળતા નથી, એ ભેગું શાંતિ અને આનંદ ભેગો છે કીધુંને. એ શાંતિ અને આનંદ ભેગું ત્યારે જ એને જ્ઞાન કીધું એમ કહું છું. આત્મામાં શાંતિ છેને? એ શાંતિ કહો કે ચારિત્રગુણ કહો. આ તો ભાષા બીજી કરી. આનંદ કહો કે સુખ ગુણ કહો. એવા સુખ અને આનંદવાળું જ્ઞાન, એનામાં સુખ અને શાંતિ ભેગી હોય કે નહિ સ્થિરતા? એ આકુળતાનો અભાવ હોય કે નહિ? શાંતિ હોય હોય કે નહિ ભેગી? આહા..હા..!

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ પણ કોનું? કોનું જ્ઞાન? રાગનું? શરીરનું? શાસ્ત્રનું? બાયડી-છોકરાનું? કોનું જ્ઞાન? જ્ઞાન કોનું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ છે, ત્યાં ક્યાં છે હવે? સમજવા જેવી વાતું છે. બધાના કાળજા જોઈએ

છીએ છેને અંદર. પણ કદાચિત્ કોઈને બહારની ચિંતા ન હોય તો એ પર તરફનું જ્ઞાન એ પરમાં ક્યાં આ શાંતિ છે? આ આત્મા શાંત સ્વરૂપ છે, આત્મા આનંદ સ્વરૂપ છે એ શાંતિ અને આનંદ શેમાં છે? આનો શાંતિ આનંદ શેમાં છે? બીજાના આત્માની શાંતિ અને આનંદનું જ્ઞાન થાય તે આત્મા, પણ એનું બીજાનું થતાં આનું ન થયું ત્યાં અહીં શાંતિ, આનંદ ક્યાંથી આવે? સમજાણું કાંઈ આમાં?

અહીં તો કહે છે કે જ્ઞાન તો એ છે, પાઠ શું કહે છે? '**तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ।**' એને જ્ઞાન કહીએ કે એમાં રાગ વધે નહિ એટલે કે એને જ્ઞાન કહીએ કે જેમાં અનાકુળતા થાય અને અનાકુળતા વધે. સમજાણું કાંઈ? વાત... શું થાય? આ હીરાભાઈ લ્યો! એને બંગડીઓનું ને ફલાણાનું કેટલો અંદર ખ્યાલ હશે? ફલાણી જાત ને ફલાણી જાત ને ફલાણી જાતની. એમાં એ નિઃશંક થઈને પડ્યા છે કે નહિ? એ નિઃશંકપણું કેવું છે અંદર બતાવો અમને. .. તો એ જાણે છે. એમ આત્મા, આત્મા.. આત્મજ્ઞાન કહીએ છીએને અહીંયા? બીજા બધાની વાતુંનું જ્ઞાન અહીંયા નથી. દુનિયાનું, શાસ્ત્રનું પણ નહિ, અહીં તો કહે છે. એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં આત્માનો જ્ઞાન અને આનંદ નથી. એ તો આપણે પહેલા આવી ગયુંને. જ્ઞાન .... તો નહોતું આવ્યું? શુદ્ધને જાણવાથી. પહેલા કળશમાં નહોતું આવ્યું? આવ્યું હતું કે નહિ? ક્યાં ગયું?

એ વસ્તુ સ્થિતિ છે. એના અર્થ બહુ સરસ ભર્યા છે, આપણે તે દિ' અર્થ કર્યા છે બધા. સમયસાર કલશ. અજીવ પદાર્થ પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ કે સંસારી જીવ કે સુખ નહિ, જ્ઞાન ભી નહિ. ઉનકા સ્વરૂપ જાનને પર જાનનહારે જીવકો ભી સુખ નહિ, જ્ઞાન ભી નહિ. ક્યાંનું ક્યાં આવી ગયું. લક્ષ ... આ જરી વિસ્તાર થતાં-થતાં આવે છેને. 'શુદ્ધ જીવકે સુખ હૈ ઔર જ્ઞાન ભી હૈ. ઉસકો જાનને પર, અનુભવને પર જાનનહારે કો સુખ ઔર જ્ઞાન ભી હૈ.' બહુ સરસ વાત છે. માર્મિક વાત મૂકી છે, મર્મની વાત મૂકી છે. સમજાણું કાંઈ? એ વાત... જ્યાં અંદર શું ચીજ છે એના જ્ઞાન વિનાની વાતું કરે, એના જ્ઞાન વિનાની વાતું કરે, એના જ્ઞાનમાં જે શાંતિ અને આનંદ છે એ તો એને હોય નહિ. એટલે જે જ્ઞાન આકુળતાને વધારે એ જ્ઞાન આત્માનું જ નથી. સમજાણું કાંઈ? કેમકે આકુળતા એમાં નથી. આત્મામાં આકુળતા નથી, આત્મામાં તો અનાકુળતા અને શાંતિ છે. ઝીણી વાત બહુ નહિ! ગુણવંતભાઈ! તમને સાંભળવા તો મળે. આ તો ગુણવંત આત્મા એની વાત ચાલે છે, લ્યો. આહા..હા..!

જેનામાં આનંદ અને શાંતિ ભરી છે એના જ્ઞાનમાં આકુળતા વધે કે આકુળતા ઘટે? ઘટે એ તો નાસ્તિથી વાત થઈ, પણ અહીં તો શાંતિ ને આનંદ થાય તેને આત્માનું જ્ઞાન

કહીએ. અને શાંતિ અને આનંદ વધે, જ્ઞાન ભલે ઓછું હોય જાણપણું. સમજાય છે? વિશેષ બોલવાનું, જાણવાનું, સમજાવવાનું, શાસ્ત્રનું, પણ આનું જ્ઞાન છે, એથી એ જ્ઞાન ક્રમે-ક્રમે શુદ્ધિમાં વધતા આકુળતા રહિત એટલે અનાકુળ અને શાંતિની વૃદ્ધિ થાય એને જ્ઞાન કહીએ. એમ છે, એમ છે. સમજાણું કાંઈ આમાં? ... સમજાય છે?

કીધુંને એક ફેરી, ભાઈ અમને એવું બહુ કૂડકપટ ન આવડે. માલ .. કરતા હતાને. બે પૈસા શું કહેવાય? પાસ. આ રેલના લઈ જાયને. બે પૈસાનો પાસ લઈને આટલામાં (ઘણો માલ લઈ જાય). કીધું, ભાઈ અમને એવું ન આવડે. ત્યારે કહે, ભગતડા .. અરે..! તમે મોટા ચકરડા લગાવો છો આવડા. આ શું કરો છો પણ તમે? એમ કીધું. આ તો બહુ નાની ઉંમરની વાત હોં! લગભગ (સંવત) ૧૯૬૫-૬૬ની વાત હશે. મુંબઈમાં માલ લેવા ગયેલા અમે. તો બે ટિકિટ હતી. પોણો પોણો મણ હોય એક વ્યક્તિનો. પાંચ-છ મણ ભાર હતો. નાખોને રેલમાં. ... પછી એક જણો હતો .... ચાર જણા બબ્બે પૈસાના પાસ લઈને અંદર ગર્યા અને માલ મૂક્યા. એલા! પણ આ શું કરો તમે? .. ગાંડા તે દિ' લાગતો હતો. આ અમારે ભારે સંસારી લાગે છે. કેમ થાય ને કેમ નહિ..? કારણ કે આપણે અહીં ચડાવવું છેને ત્યાં તો આપણું ગામ છે પાલેજ. ત્યાં તો પોર્ટર આપણા ઘરના, ત્યાં કોઈ અમને પૂછે નહિ. ત્યાં તો અમે ઉતરીએ એટલે ત્યાં ફટ. પહોંચ. પણ આ ચોરી કરીને લઈ જવા આ તે કાંઈ માર્ગ છે? એમાં હોશિયાર. એ આકુળતા છે હોં! પરનું જ્ઞાન એ આકુળતા, ખેદ અને ચિંતા. ભય... ભય... ભય...

ભગવાન આત્માનું જ્ઞાન... આહા..હા..! (સમકિતી) એ વિષયમાં વર્તે છે એ તો આસક્તિ પૂરતી વાત છે. એ હમણા કહેશે. સમજાણું? આદર નથી. હવે એ આદર નથી અને અહીં આદર છે એને જાણે કોણ? એ તો જાણનારો જાણે કે બીજો જાણે એને? જા તું લાવ તો મને બતાવ આ લાવ્યો એ. પણ શી રીતે બતાવે તારા ભાવનું? અમને બતાવ લે. તારો આ ભાવ છે. પણ અમે જાણવામાં આવે સામાનો ભાવ, પણ એ ભાવ કાંઈ બતાવી દેવાય એને? કે ભાઈ જુઓ આ તમારું. શી રીતે બતાવવું એને?

મુમુક્ષુ :- બતાવવાનું રહેતું નથી કાંઈ.

ઉત્તર :- એને ખ્યાલમાં ન આવે ત્યાં સુધી બતાવવું એ શી રીતે કામ આવે? કારણ કે ખ્યાલ તો એને કરવો છે. એમ આના ખ્યાલમાં આ લેવું છે. એ ખ્યાલમાં આવ્યા વિના આ શું છે અને એનું શું વેદન છે એ બીજાને શું ખબર પડે? સમજાણું? છતાં બીજો બરાબર જ્ઞાની આદિ હોય તો એને પણ એનો ખ્યાલ આવી જાય કે વેદન ફર્યું છે. એનું વેદન ન આવે, પણ આમ વેદન ફરી ગયું છે. જ્ઞાન આવે, પણ એ જ્ઞાન આવતા કાંઈ આનંદ

આવે? શું કીધું? સમજાણું કાંઈ? અહીં તો ઈ કહે છે, અરે..! જેને સાચું જ્ઞાન છે એને આકુળતા અને રાગની વૃદ્ધિની ઉત્પત્તિ કેવી? ઉત્પત્તિ કેવી? એ આસક્તિનો ભાવ એ ગૌણ છે અત્યારે હોં! એ વાતમાં છે નહિ. એ બધો ટળતો જાય. એમાં રસ નથી. સમજાણું કાંઈ? સવારમાં એ કહ્યું હતુંને જરી?

મુમુક્ષુ :- સદા.

ઉત્તર :- સદા. એ સદાય ભલે પડ્યો હોય ત્રણ કષાયના ઓલામાં, છતાં એને આકુળતાનો રસ નથી. આહા..હા..! સમકિતી ખરેખર નિશ્ચયથી નિર્વિકલ્પ ધ્યાનમાં હોય, તોપણ એને ત્રણ કષાયમાં એની આસક્તિ તો ત્યાં પણ પડી છે. આહા..હા..! એથી કરીને એને આકુળતાની સાથે એકતા છે અને અનાકુળતાના આનંદની એકતા તૂટી ગઈ છે એમ નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞાન તો વહ હૈ, જિસસે આકુલતા મિટ જાવે.'** આહા..હા..! ચકલા જોયા છે ઉનાળામાં? અમથા બેઠા હોય તો આમ... આમ... આમ... આમ... કષાય ઘણો છેને અંદર. આ તો સ્થૂળતામાં પણ એની ક્રિયાના આચરણમાં આવી જાય છે કે આને કષાય તીવ્ર છે. સમજાય છે? પાંખો-બાંખો આમ આમ થાય. જોયા છે ચકલા? એમ કહે છે કે જેને પર તરફના જ્ઞાન ને પર તરફની શ્રદ્ધા ને પર તરફના આચરણ છે ત્યાં તો પરમાં પોતાને સુખ અને આનંદ નથી જ્ઞાન અને શાંતિ, તેથી એને તો આકુળતા જ છે, ભાઈ! એને આકુળતા જ છે અંદર. બહારથી નગ્ન મુનિ થઈને બેઠો હોય તોપણ એને આકુળતા જ છે. આ નથી- ભગવાન નથી. સમજાણું કાંઈ?

**'ઈસસે યહ નિશ્ચય હુઆ, કિ બાહ્ય પદાર્થોંકા જ્ઞાન...'** જુઓ, અહીં આ સિદ્ધાંત છે. એણે ન્યાય આપ્યો છે. શું કરવા? કે '**विशिष्टमोक्षाभावादिति**' એમ છેને પાઠમાં? જેનું ફળ આકુળતાનો છૂટકારો ન થાય એને જ્ઞાન જ કહેતા નથી. છેલ્લો શબ્દ છેને, ભાઈ! અંદર ટીકામાં '**कस्मात विशिष्टमोक्षाभावादिति**' એની પછી વ્યાખ્યા કરી. આટલી આકુળતાના અભાવરૂપ મોક્ષ એવું ફળ એને-બાહ્ય પદાર્થના જ્ઞાનવાળાને નથી માટે તેને જ્ઞાન કહેતા નથી. એ તો એમાંથી કાઢ્યું પછી ભાઈ! સમજાણું આમાં? બાહ્ય પદાર્થ... ભગવાન આત્મા સિવાય જે પોતાનો ચારિત્ર સ્વભાવ, શાંત સ્વભાવ, અનાકુળ લક્ષણરૂપ આનંદ સ્વભાવ, આ આનંદ અને શાંતિ બીજા પદાર્થમાં નથી. માટે બીજા પદાર્થનું જ્ઞાન એ આકુળતા રહિત અને શાંતિ સહિત નથી. આકુળતા સહિત અને અશાંત સહિત છે. સમજાણું કાંઈ? એ ભલે અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય, એ બાહ્ય પદાર્થનું જ્ઞાન છે, આત્માનું નથી. આહા..હા..!

**'બાહ્ય પદાર્થોંકા જ્ઞાન મોક્ષ-ફલકે અભાવસે...'** જુઓ! પાઠમાં તો એ લીધું .. હોં! એટલે એમાંથી નાખ્યું આ. ખુલાસો કર્યો છે. જેમાં અનાકુળતા અને આનંદની ઉત્પત્તિનો

અભાવ એ બાહ્ય પદાર્થનું જ્ઞાન છે માટે. બાહ્ય પદાર્થમાં અનાકુળતાની ઉત્પત્તિ નથી અને અનાકુળતાની ઉત્પત્તિનો જેમાં અભાવ એવું બાહ્ય પદાર્થનું જ્ઞાન **'એ કાર્યકારી નહીં હૈ.'** સમજાણું કાંઈ?

**'આગે જ્ઞાની જીવોંકે નિજ શુદ્ધાત્મભાવકે બિના અન્ય કુછ ભી આદરને યોગ્ય નહીં હૈ, એસા દિખલાતે હૈં—'**

२०४) अप्पा मिल्लिवि णाणियहँ अण्णु ण सुंदरु वत्थु।
तेम ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु।।७७।।

**'આત્માકો છોડકર...'** ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું ધામ એનું જેને જ્ઞાન... સમજાય છે? **'આત્માકો છોડકર જ્ઞાનિયોંકો અન્ય વસ્તુ અચ્છી નહીં** લગતી,...' આહા..હા..! જુઓને કઈ ભાષાએ વાત કરે છે! ભગવાન આત્મા જેના જ્ઞાન અને શ્રદ્ધામાં પ્રભુ વસ્યો છે, અનાકુળ રસનો કંદ આત્મા અને એકલો અકષાય ચારિત્રસ્વરૂપ તત્ત્વ પ્રભુ જેના જ્ઞાનમાં વસ્યો છે એને એ વસ્તુ છોડીને કોઈ ચીજ અચ્છી નહિ (લગતી). એ શુભરાગ પણ એને સારો લાગતો નથી. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ સારો લાગતો નથી કહે છે. જુઓ તો ખરા. એય..! સમજાણું કાંઈ? જેને બહારના પદાર્થની મીઠાશ ઊડી ગઈ છે, જેની મીઠાશ અંતરના આત્મામાં ચોંટી છે. અરે..! માખી જેવું જનાવર ફટકડીના સ્વાદને ચાખેલી સાકર ઉપર આવે તો એ સાકરને થુંક લાગ્યું હોય છોકરાનું, ચોંટી જાય પાંખ, પણ સ્વાદની મારી ઉઠે નહિ. એમ જેને આત્માના આનંદનો સ્વાદ છે... સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એટલે શું? સમજાણું? એવા જ્ઞાન અને આનંદ આગળ કોઈ ચીજ, આ આત્મા સિવાય કોઈ ચીજ, આત્મા સિવાય કોઈ ચીજ... કોઈમાં કઈ રહી? શુભ-અશુભભાવ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સ્વર્ગ, ચક્રવર્તીની સંપદા, સમવસરણના દેખાવ (એ કાંઈ સારા લાગતા નથી). સમજાય છે કાંઈ? આહા..હા..! કહે છે, **'અન્ય વસ્તુ...'** અન્ય વસ્તુ. ભગવાન આત્મા સિવાય, જેના પ્રેમ ભગવાન સાથે લાગ્યા આત્માના. સમજાણું કાંઈ? **'અચ્છી નહીં લગતી,...'**

**'ઈસલિયે પરમાત્મ-પદાર્થકો જાનનેવાલોંકા મન...'** પરમ આત્મા ભગવાન આત્મા એ સાક્ષાત-પ્રત્યક્ષ વ્યક્તરૂપ દ્રવ્ય છે, પ્રગટ દ્રવ્ય છે. વસ્તુ તો વસ્તુ જ છે. અનંત ગુણની રાશી એવો ચૈતન્યપ્રભુ એના જાણવાવાળાનું મન **'વિષયોંમેં નહીં** લગતા.' આહા..હા..! એનું મન ક્યાંય વિષયમાં, આબરૂમાં, કીર્તિમાં, રૂપમાં, ખાધામાં, રસમાં, એ લાડવા ને મેસુબમાં... સમજાય છે? ક્યાંય મન ચોંટતું નથી. સમજાય છે કાંઈ? અજ્ઞાનીનું મન વિષય સિવાય ક્યાંય આત્મામાં લાગતું નથી. બાહ્ય પદાર્થના પ્રેમ અને રુચિવાળાને ક્યાંય આત્મા ગોત્યો

હાથ આવતો નથી, ગંધ દેખાતી નથી. સમજાણું કાંઈ? એક મ્યાનમાં બે (તલવાર) ન રહે એમ કહે છે. જેને પ્રભુના પ્રેમ એને પરપદાર્થમાં પ્રેમ હોય નહિ. અને પરમાં જેને પ્રેમ એને સ્વમાં પ્રેમ નથી. સ્વ અને પર જેણે જુદાં જાણીને જુદાં વિવેકથી જ્ઞાન કર્યું છે... સમજાણું? એને વિષયોમાં, વિષય શબ્દે આ ભોગ આદિ એકલા એમ નહિ, એનું આમ બહારના લક્ષમાં વિકલ્પ આદિ થાય એમાં એને રસ લાગતો નથી. એ વિષય છે. સમજાણું કાંઈ?

'ભાવાર્થ :–' '**મિથ્યાત્વ રાગાદિકકે છોડનેસે,...**' જુઓ, બે વાત લીધી. વિપરીત શ્રદ્ધા અને રાગની એકતાનો જે ભાગ છે એને છોડવાથી. '**નિજ શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર...**' જુઓ, પુણ્ય-પાપમાં પ્રેમ અને પરવસ્તુના પ્રેમની રુચિ જેને છૂટી ગઈ છે એથી તેની સાથે અનંતાનુબંધીનો આસક્તિ ભાવ પણ છૂટી ગયો છે. સમજાણું કાંઈ? આ તો ધમાલ ને ધમાલ ને મોટા કરતા હોયને ક્રિયા. આહા..હા..! એ ધર્મી અને ધર્મના પ્રભાવ કરનારા, પ્રભાવના કરનારા. ભીખાભાઈ! આહા..હા..! જેના અંતરંગમાં પરના રાગની, રજકણની રુચિ ટળી ગઈ છે, મિથ્યાત્વ ટળ્યું છે એમ, અને આ રાગાદિ પણ તેટલા પ્રમાણમાં છોડ્યું-છૂટ્યું છે.

'**નિજ શુદ્ધાત્મ દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર...**' જુઓ, ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ '**દ્રવ્યકે યથાર્થ જ્ઞાનકર જિનકા ચિત્ત પરિણત હો ગયા હૈ,...**' જેનું ચિત્ત પરિણત થયું છે, પરિણત થયું છે. પરણી ગયો છે એની સાથે. આહા..હા..! પરણવું એ હશે? શું હશે વળી? એ શું હશે, અહીં તો વળી એ મગજમાં આવ્યું. પરણવું-પરણવું શું? ઓલામાં નથી આવતું મીરાંબાઈમાં? શું કહેવાય? મીરાંબાઈમાં. ... પરણવું, પર નમવું, પરણવું, પરમાં નમવું. છેને શબ્દ? તમને સંસ્કૃતવાળાને આવડે, આપણને ક્યાં એવું આવડે? પરમાં નમી ગયો છે આખો. અહીં પોતામાં નમી ગયો છે આખો. સમજાય છે કાંઈ? મીરાંબાઈ આ મીરાંબાઈ નહોતા કહેતા એના ભક્તિના ઓલા... 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' એ જાતની એને ભક્તિ હોં! એ જાતની ભક્તિ. તત્ત્વદૃષ્ટિ નહિ, વસ્તુની ખબર નહિ.

અહીં આત્માના જ્યાં રંગ લાગ્યા છે, આહા..હા..! એ મીરાંબાઈનું નાટક જોયું હતું એક ફેરી ત્યાં ભરૂચ-ભરૂચ. ડાહ્યાભાઈનું.... અંદર આમ ધૂન લગાવેને. એવું લાગે ને એકવાર જાણે ત્યાં ને ત્યાં બેસી રહીએ. તે દિ' હોં! તે દિ'. સાધુ બધા ભેગા થાય, રાતા લૂગડા. ... હાથમાં તંબુરો. માથે ધોળું લૂંગડું બધું ધોળું. હોય તો આદમી એ. આદમી હોય પણ દેખાવ એવો કરે. પંદર સો-પંદર સો રૂપિયા હોં એક દિ'ના. તે દિ'. એક રાતના પંદર સો. એમ એટલા રસવાળા અંદર જોવા આવતા એમ. એવો એનો રસ આવતો. એક અઠવાડીયામાં

ત્રણ (શો કરતા), ભાઈ, કહેતા હતા. શું કહેવાય એ? ત્રણ-ત્રણ. ત્રણ હપ્તા. ત્રણ કાંઈક હતું. એકવાર તાકડે અમે ગયેલા ત્યાં સાધુ આમ .. આવ્યા હતા. હું અને ફાવાભાઈ ગયા હતા. એમાં ... નાટક જોઈએ. ... એવી ધૂન લાગે... એવી ધૂન લાગે વૈરાગ્યની. વાહ! સંસાર એકવાર ક્યાં છે એમ એ વખતે ઓલા ધૂનમાં (લાગતું). એને તો કલ્પના. ત્યાં ક્યાં (વૈરાગ્ય હતો)? એ તો પૈસાવાળા. નોકરી (કરે). પણ જેને આત્માના રંગ લાગ્યા છે કહે છે... આહા..હા..! એનું ચિત્ત પરણિત થઈ ગયું છે. પરણીત લ્યો! એ પરણીત, પરિણમી ગયું છે. રગે-રગે આત્મપ્રદેશે,... આહા..હા..! સમજાણું કાંઈ?

'**એસે જ્ઞાનિયોંકો શુદ્ધ, બુદ્ધ પરમ સ્વભાવ પરમાત્માકો છોડકે...**' જુઓ, સમજાણું આમાં? શુદ્ધ, બુદ્ધ પરમ સ્વભાવ. આ તો વ્યાખ્યા કરી પાછી આત્માની. કેવો છે પ્રભુ ભગવાન? એકલો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... દ્રવ્ય વસ્તુ શુદ્ધ. બુદ્ધ-એકલો જ્ઞાનનો પિંડલો અને પરમ સ્વભાવ, પરમ સ્વભાવ. એકલો ધ્રુવ ધ્રુવ સ્વભાવ. એવો જે આત્મા. પરમાત્મા એટલે પોતાનું સ્વરૂપ, પરમ સ્વરૂપ. (ઉસકો) '**છોડકે દૂસરી કોઈ ભી વસ્તુ સુન્દર નહીં ભાસતી.**' આહા..હા..! સમજાણું કાંઈ? દૂધપાકના જેને સ્વાદ આવ્યા હોય, મીઠાશ લીધી હોય, એને એ રોટલા કુંચાના ફોતરાના, જુવારના ફોતરાના રોટલાનો પ્રેમ લાગતો હશે? એમ આત્મા અનાકુળ... ઈન્દ્રના ઈન્દ્રાસનમાં જેને પર તરફના વલણમાં તે સુખની ગંધ નથી, એવા સુખના ભાસમાં બીજી કોઈ ચીજ સુંદર લાગતી નથી. સ્વપ્નામાં પણ કોઈ વિકલ્પ હોય એ પણ એને સારો લાગતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ-પરમાત્મા પોતે પવિત્ર, બુદ્ધ-એકલો જ્ઞાનઘન, એકલો જ્ઞાનશક્તિ રસ. એવો ભગવાન એને છોડીને બીજી કોઈ પણ વસ્તુ સુંદર નથી લાગતી. સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઉનકા મન કભી વિષય-વાસનામેં નહીં રમતા.**' હોં! એનું મન વિષયમાં રમતું નથી, ગોઠતું નથી, ત્યાં વિશ્રામ લેતું નથી. આહા..હા..! પછી આનો અર્થ એવો કરી નાખે (કે) વિષય અમે છોડ્યા છેને એટલે અમારે સમ્યગ્જ્ઞાન છે. વિષય છોડ્યા છે, અમારે વિષયનો ત્યાગ છે. એમ નહિ. અમે આ ત્યાગી થયા છીએ. લ્યો! ધર્મના. અંદર વસ્તુ પરમાત્મા પોતે ચિદાનંદ સ્વરૂપ શું છે? મહાન અનંત આનંદનો કંદ એના જ્ઞાન અને શ્રદ્ધામાં આવ્યા વિના જ્યાં રુચિ છૂટે નહિ ત્યાં આસક્તિ શી રીતે છૂટે? સમજાણું કાંઈ? અને આસક્તિ છૂટ્યા વિના બાહ્યનો ત્યાગ વ્યવહારે કર્યો એમ કેમ કહેવું? સમજાણું કાંઈ? વિષયોમાં નથી રમતું. ચોથા ગુણસ્થાનથી હોં! વિષયની વાસના નથી. '**मनसि ण लग्गइ न लगति न रोचते न प्रतिभाति।** એટલા શબ્દ પડ્યા છે નહિ અંદર? છે કે નહિ? ૭૮, ૭૮ ચાલે છેને? ૭૭. એ માથે, એ '**सुन्दरं समीचीनं वस्तु प्रतिभाति येन कारणेन तेण ण विसयहं**

**मणु रमइ तेन कारणेन**' માથે છેને. '**ण सुंदरु वत्थु। तेम ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु**' એમ હેતુ આપ્યો. વિષય-વાસનામાં રમતું નથી, '**યે વિષય કૈસે હૈં. જો કિ શુદ્ધાત્માકી પ્રાપ્તિકે શત્રુ હૈં.**' એ પાંચ ઇન્દ્રિય તરફના વિષયના વિકલ્પો એ ભગવાન આત્મા શુદ્ધાત્માની પ્રાપ્તિના વેરી, આડ નાખનારા છે. સમજાણું કાંઈ? શુદ્ધ ભગવાન આત્મા એની પ્રાપ્તિમાં પાંચ ઇન્દ્રિયના વિષયો તરફના વલણનો રાગ એ શુદ્ધાત્માની પ્રાપ્તિના શત્રુ છે, વેરી છે.

'**એસે યે ભવ-ભ્રમણકે કારણ હૈં,...**' એ તો ભવ-ભ્રમણનું કારણ છે. શુભ રાગ એ તો ઉદયભાવ, ભવનું કારણ છે. ભવના .. છે. ભગવાન આત્મા મોક્ષના કારણ રૂપે પરમાત્મા છે. એવા આત્માની, '**કામ-ભોગરૂપ પાંચ ઇન્દ્રિયોંકે વિષય ઉનમેં મૂઢ જીવોંકા હી મન રમતા હૈ,...**' કામ-ઇચ્છા ને ભોગ ભોગવવું, અનુભવ રાગનો, એવા ઇન્દ્રિયના વિષયમાં '**મૂઢ જીવોંકા હી મન રમતા હૈ,...**' આત્માના આનંદના અનુભવ આગળ જ્ઞાનીને વિષયમાં મન રમતું નથી. સમજાણું કાંઈ? '**સમ્યગ્દષ્ટિકા મન નહીં રમતા.**' આ શું કરવું એ કહે છે. અમારે રાજી થવુંને? સવારમાં નહોતા કહેતા? મેં પૂછ્યું હતું ભીખાભાઈને, આ શું કહેતા હતા આ? અમારે તો રાજી થવુંને જોઈને, સાંભળીને. સાંભળીને. સાંભળીને રાજી થવુંને? પછી મેં ભીખાભાઈને પૂછ્યું સવારમાં આમ જતાં. શું કહેતા હતા તમારા ભાઈઓ બધા? સાંભળીને રાજી થવું. આ સમજીને રાજી થવું. એનું નામ છે સમજીને રાજી થવું. સમજાણું કાંઈ? આહા..હા..! મેં કીધું એનો અર્થ ભીખાભાઈને .. છે. કીધું હતુંને, ખબર છે? આ તો આત્મા વાત શું કહે છે, કેવો અર્થ તમારે કરવો એવો અર્થ કરે છે કે બીજો અર્થ કરે છે? એમ.

'**સમ્યગ્દષ્ટિકા મન નહીં રમતા.**' પરમાત્મપ્રકાશ છેને આ? પરમાત્માનો પ્રકાશ જેના સમ્યગ્દર્શનમાં થયો, એના પ્રકાશમાં રાગના અંધારાના પ્રેમ એને હોતા નથી. સમજાણું કાંઈ? એ કાલ કહેતું હતું. પ્રવચનસાર, પરમાત્મપ્રકાશ બહુ સારું. કોણ કહેતું હતું? ... પરમાત્મપ્રકાશ બહુ સારું. સમયસાર, પ્રવચનસાર બધું સારું છે. આત્મા સારો તો બધું સારું. કોણ કહેતું હતું? તમે કહેતા હતા? બહાર. '**કૈસે હૈં સમ્યગ્દષ્ટિ,...**' જુઓ, હવે વ્યાખ્યા પાછી. '**જિન્હોંને વીતરાગ સહજાનંદ અખંડ સુખમેં તન્મય પરમાત્મતત્ત્વકો જાન લિયા હૈ.**' જુઓ, આ જ્ઞાન. કેવા છે સમ્યગ્દષ્ટિ એટલે કે ધર્મી? એટલે કે ધર્મના કરનાર ધર્મી કેવા હોય છે? જેણે આત્માના રાગ રહિત સહજ આનંદ એક સ્વરૂપે જે છે અંદર... એક શબ્દ પડ્યો રહ્યો છે. સમજાણું?

વીતરાગ સહજાનંદ એક પરમાર્થિક સુખ. '**અખંડ સુખમેં તન્મય...**' જુઓ, શું છે?

એકરૂપ પરમાત્મ તત્ત્વ, પાછો અખંડ સુખમાં એકરૂપે ભગવાન છે. આત્મા અતીન્દ્રિય આનંદના એકરૂપ સુખથી ભગવાન એકરૂપે છે, એકરૂપે. બે રૂપ નથી એના. એ આત્મા દ્રવ્ય કહ્યો તો એનો અખંડ આનંદ એનો ગુણ એ ગુણથી તન્મય એકરૂપ છે આત્મા. સમજાણું? જેને વીતરાગ સહજાનંદ સ્વભાવિક આનંદ, એવો એક અખંડ સુખ પરમાર્થથી .... એક કહો કે અખંડ કહો. નહિતર પરમાર્થ સુખમાં તન્મય. પરમાત્મ તત્ત્વ ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદથી એકરૂપ છે પ્રભુ આત્મા. એણે જાણ્યો છે. જુઓ, ઉસને જાન લિયા હૈ. સમજાણું કાંઈ? 'એગં જાણહી સવ્વં જાણહી.' આ જાણ્યું એણે બધું જાણ્યું, બધું જાણ્યું. એમ. આ જાણ્યા વિના બધું ન જાણ્યું. જાણ્યું એ ન જાણ્યું. આવડ્યું એ નહિ આવડ્યું. કહો, સમજાણું કાંઈ? અને આ જાણ્યું એણે બધું જાણ્યું. આહા..હા..!

કેવો છે? સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા કરી હોં! કેવો સમ્યગ્દષ્ટિ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાવાળો છે, નવ તત્ત્વની શ્રદ્ધાવાળો સમ્યગ્દષ્ટિ એમ નથી કહ્યું અહીંયા. સમજાણું કાંઈ? **'ज्ञानिनां'** શબ્દ છે પહેલો? **'ज्ञानिनां'** શબ્દ પડ્યો છેને? **'णाणियहँ'** એનો અર્થ કર્યો છે, જ્ઞાની કેવો છે? સમ્યગ્દષ્ટિ કેવો છે? જ્ઞાની કેવો છે અને સમ્યગ્દષ્ટિ કેવો છે એમ. સમજાણું કાંઈ? હવે આ આઠમા ગુણસ્થાનની વાત અને બીજી ચોથા ગુણસ્થાનની બીજી. એમ નથી આ. અરે..! ભગવાન! અહીં તો કહે છે કે વસ્તુ જ એવી આત્મા છે ચીજ કે જેના અરાગી સ્વભાવિક આનંદનું એકરૂપ જેમાં પરમાર્થે એકરૂપ પડ્યું છે. એવો જ આત્મા, એ આત્મા એને જ કહીએ. એ આત્માનું જ્ઞાન જાણ્યું એણે આત્માને જાણ્યો.

**'ઈસલિયે યહ નિશ્ચય હુઆ, કિ જો વિષય-વાસનાકે અનુરાગી હૈં,...'** જુઓ, **'વિષય-વાસનાકે અનુરાગી હૈં,...** સમજાણું કાંઈ? એમાંથી કાઢ્યું એ. આમ અનુરાગ જેણે વિષયના પ્રેમમાં, ભોગમાં, રાગમાં, વિકલ્પમાં, પ્રેમ અને રસમાં પડ્યો છે, અનુરાગી છે. જુઓ, જ્ઞાનીને અનુરાગ નથી, રાગ આવે છે, પણ એનો રાગનો રાગ નથી. સ્વભાવની રુચિ છૂટીને, આનંદ છોડીને કોઈ વસ્તુ સારી લાગતી નથી. આ તો વિષય વાસનાનો અનુરાગ એ અંદર છેને? રાગની કેડે રાગ, આસક્તિની કેડે રુચિ. **'વે અજ્ઞાની હૈં,...'** કહો, સમજાણું કાંઈ?

**'ઔર જો જ્ઞાનીજન હૈં, વે વિષય-વિકારસે સદા વિરક્ત હી હૈં.'** એ તો એમાંથી છે. ધર્મી જીવ વિષયથી વિરક્ત જ છે. સમજાણું? એ તો સવારમાં શબ્દ ન આવ્યો? .. શબ્દ પડ્યો હતોને. વિષય-વાસના .... એમાંથી વિરક્ત કાઢ્યું છે ટીકાકારે. વિષય વાસના હોવા છતાં વિરક્ત છે. આરંભ હોવા છતાં અતિ વિરક્ત છે એમ કાઢ્યું છે. ભાઈ! ઓલી ગાથા નહિ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં? સદા વિષય આરંભમાં અને વિષયોથી આરંભ... અતિનો

અર્થ એવો કર્યો છે ટીકામાં. આમ હોવા છતાં અતિ વિરક્ત છે. ... વિરક્ત છે એમ કહ્યું જોયું. ... સમજાણું? ઓલામાં એમ કહ્યું, 'ઇન્દ્રિયાણાં .. ' એવી જ વ્યાખ્યા કરી છે. આ અતિ વિરક્ત છે. આ વિષય ગતોપિ વિરક્ત. ગતોપિ વિરક્ત વિષયમાં ગયો છતાં વિરક્ત, આરંભમાં વર્તે છતાં વિરક્ત. આ કેવી વાત! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- અંદર દાખલા આપ્યા છે. ...

'**ज्ञानीजन हैं, वे विषय-विकारसे सदा विरक्त ही हैं.**' આ ઓલો વિરક્ત શબ્દ આવ્યોને તો યાદ આવી ગયું. સમ્યગ્દૃષ્ટિ જીવ ત્રણ કષાયના વિષયમાં વર્તતો છતાં અને બધા આરંભના ભાવમાં એ ... અંતર વર્તતો છતાં દૃષ્ટિના આનંદ આગળ કોઈ ચીજ સુંદર લાગતી નથી માટે અંતર વિરક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વિરક્તિ થયા વિના બીજી વિરતી આવે ક્યાંથી? શું કીધું? સમજાણું?

આત્મા શુદ્ધ આનંદ જ્ઞાનના ભાન વિના, રાગાદિની આસક્તિની વિરક્ત દશા થયા વિના વિરતી આવે ક્યાંથી? દૃષ્ટિમાં વિષય અને કષાયની વિરક્તિ વિના આગળ વધીને એના અભાવની વિરતી ક્યાંથી આવે? સમજાણું કાંઈ? સદા વિરક્ત, લ્યો! સદા અહીં આવ્યું હોં! એ નાખ્યું એમાં. એમાં છેને સહજાનંદ એક પરમાત્મા. ... સદા આમાં એક છેને, એમ આમ સદા અજ્ઞાની... ઓલા સદા વિકાર રહિત અહીં છે, ઓલું વિકાર સહિત છે. લ્યો! વિકાર રહિત સદાય છે. સમજાણું કાંઈ? વાતનું ક્યું રૂપ છે એ સમજવામાં ન આવે ત્યાં સુધી બધું થોથાં-થોથાં લાગે એને. કે આ શું છે આમાં? એ વિરક્ત, જે આસક્તિથી વિરક્ત થાય એનું જ્ઞાન જ ક્યાં છે ભેદજ્ઞાન? આસક્તિ વિરક્ત નહિ એને જ્ઞાન જ ક્યાં છે? એનો અર્થ શો? આસ્રવના પરિણામ છે એનું ભેદજ્ઞાન ન કરે, એનાથી જુદો ન પડે, તેને જ્ઞાન ક્યાં છે એનું? એમ વાત છે એમાં. ૭૬માં આવે છેને? ... જ્ઞાનનું ફળ વિરતી છે. એ આવે છેને, ભાઈ! જ્ઞાનનું ફળ વિરતી છે. ... જ્ઞાન થાય એટલી વિરતી. ... અરે..! સાંભળ તો! બહાર ગોતવા જઈશ કે અંદર? એની ખબર ન મળે. આખા તત્ત્વના આનંદના ચોસલાની ખબર ન મળે અને બાકી બધી ખબર બધી. અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય ને... સમજાય છે? .. ભગવાન આત્મા વિકલ્પ અને પરના લક્ષની રુચિ છોડી, પૂર્ણાનંદ પ્રભુની રુચિમાં ઠરવું. બસ, એને કોઈ ચીજ બીજી સુંદર લાગે નહિ. એ અહીંયાં તાત્પર્ય કહેવાનું છે. કહો સમજાણું? ૭૭ થઈ. ૭૮માં હવે દૃષ્ટાંત આપે છે હોં!

'**अथ तमेवार्थं दृष्टान्तेन समर्थयति–**' એની એ વાતને દાખલો આપીને દૃઢ કરે છે.

૨૦૫) अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गइ अण्णु।
मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु।।७८।।

જેને મરકતમણિ રત્ન મળ્યું એને કાચના કટકાની શી કિંમત? સમજાણું? આહા..હા..! ...કે બીજી હોય? ... એને શું કહીએ? જેમાં અનાકુળ આનંદનો સાગર ભગવાન એ જ્યાં રુચ્યો એની શું ઉપમા? આ તો બાહ્ય ...ના જગતને મરકતમણિની, સમજાય છે? બહુ મહિમા છેને? મહિમા-મહિમા. એ મહિમાથી વાત કરે છે. ... આવે છેને લોગસ્સમાં નથી આવતું? ચંદેસુ નિમ્મલયરા સાગરવર ગંભીરા. એ બધી ઉપમા છે. ત્યાં ક્યાં અંદર લાગુ પડે છે એ? એ આવે છે હોં, આમાં પણ આવે છે. ભગવાન સિદ્ધ કેવા છે? ભાઈ! ચંદેસુ નિમ્મલયરા ચંદ્રથી પણ નિર્મળતર. ચંદ્ર તો જડ છે, એની કિરણો જડ છે, એનાથી નિર્મળ બીજી... બાપુ! એની ઉપમા આપી ભાઈ! એના કિરણો શાંત ઠરેલા... ઠરેલા... ઠરેલા... નિર્મળ. એમ ભગવાન આત્મા શાંત ઠરેલો શુદ્ધ ભગવાન નિર્મળ. આઈચ્ચેસુ અહિયં પયાસયરા. આદિ એટલે સૂર્ય, સૂર્યની આ પ્રકાશનો આદિ કરનાર એવો સૂર્ય ... અધિક પ્રકાશ કરનાર એવા સિદ્ધ ભગવાન. આ ..... ચંદ્ર કરે પ્રકાશ એથી વધારે પ્રકાશ કરતા હશે સિદ્ધ ભગવાન? એને ખબર પણ ન હોય અર્થની. ગડીયો હાંકીને પૂર્ણ કરે સામાયિક. ણમો .. અરિહંતાણં.. જાવ. મિચ્છામિ દુક્કડમ ... હતી કે દિ' તો દોષ લાગે? ભીખાભાઈ! એ કહે છે કે અહીં તો મરકતમણિની ઉપમા આપીને સિદ્ધાંત.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૪, બુધવાર, તા. ૦૯-૦૨-૧૯૬૬**
**ગાથા-૭૮ થી ૭૯, પ્રવચન-૧૨૩**

પરમાત્મપ્રકાશ, બીજા ભાગની ૭૮મી ગાથા છે.

૨૦૫) अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गइ अण्णु।
मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु।।७८।।

'ज्ञानमयं आत्मानं' આ આત્મા જ્ઞાનમય, એકલો ચૈતન્યમય છે. એમ કહેતા ટીકાકારે

ખુલાસો કર્યો કે જ્ઞાન એટલે એકલું જ્ઞાન નથી, પણ '**કેવળજ્ઞાનાદિ અનંતગુણમયી આત્મા...**' છે. કોઈ વળી આત્માને એકલું જ્ઞાન-જ્ઞાન કરે અને એ આત્મા જાણે (-માને) તો એ આત્માનું એવું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાન આદિ કેવળજ્ઞાન, કેવળ એટલે એકલું જ્ઞાન, એવા કેવળ દર્શન, કેવળ આનંદ, કેવળ વીર્ય એવા અનંત ગુણ આત્મામાં છે. જુઓ, અહીંયા અસ્તિ સ્થાપે છે. સમજાણું કાંઈ? આત્માને અસ્તિત્વપણે સિદ્ધ કરે છે. પછી એને રાગ રહિત એમ જેણે પરીક્ષા કરીને જ્ઞાન કર્યું છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન આદિ અનંત ગુણમય પાછું, અનંત ગુણ એમ. એક, બે, ચાર ગુણ એમ નહિ. આ આત્મા એક આત્મા એક હોં! પોતાનો એક. એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત સંખ્યાએ ગુણ છે. સમજાણું કાંઈ?

એવા '**અનંતગુણમયી આત્માકો છોડકર...**' એટલે કે જેણે આત્માને જાણ્યો છે આવો. અંતરમાં પરીક્ષા કરીને જાણ્યો છે. અન્ય અજ્ઞાનીઓ આત્માને કહે છે એ સિવાય સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો છે આત્મા.. સમજાણું કાંઈ? આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એક-એક આત્મા અનંત જ્ઞાનાદિ ગુણથી સહિત જોયો, એવો જેણે આત્મા પોતામાં અનંત જ્ઞાન ગુણ સહિત અંતર નિશ્ચય પરીક્ષા કરી અને અનુભવ દૃષ્ટિ કરી છે એણે આત્માને જાણ્યો છે. સમજાણું કાંઈ? એનો અર્થ થયો કે એને છોડીને '**દૂસરી વસ્તુ જ્ઞાનિયોંકે મનમેં નહીં રુચતી.**' એટલે એમાં એ ન્યાય આપ્યો કે ભગવાન આત્મા અનંત-અનંત બેહદ ગુણથી સંપન્ન ... છે એવડી જેને અંતર રુચિ થઈ એટલે પર્યાય ફરી ગઈ. શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિ થઈ ગયા. પર્યાયથી નિશ્ચય કર્યોને આત્માનો? સમજાણું કાંઈ? અનંત ગુણમય આત્મા, એનો જેણે અંતર નિર્ણય અનુભવમાં કર્યો. એ નિર્ણય, અનુભવ એ પર્યાય છે, ગુણ છે તે ધ્રુવ છે, પણ અનંત છે, વસ્તુ છે તે અનંત ગુણનું એકરૂપ છે. લ્યો, ત્રણે આવી ગયા. સમજાણું કાંઈ?

જેણે અનંત જ્ઞાનમય આત્મા, અનંત ગુણમય એક સમયમાં, હોં! અનંતકાળ રહેશે એમ નહિ. વર્તમાનમાં જેમાં અનંત ગુણ છે. બેહદ કેવળજ્ઞાન, બેહદ આનંદ, બેહદ શાંતિ એટલે ચારિત્ર, બેહદ વીર્ય, બેહદ સ્વચ્છતા, પ્રભુતા, વિભૂતા, કર્તા, કર્મ, કરણ આદિ. એક જ સમયમાં એવા અનંત ગુણોમય ભગવાન. એમ કહ્યુંને '**ज्ञानमयं**' એટલે અભેદ કીધું. સમજાણું કાંઈ? એવા આત્માને છોડીને. એવો આત્મા જેણે અંતરમાં જાણ્યો છે સમ્યગ્જ્ઞાનમાં પરીક્ષા કરીને. પરીક્ષા તો રત્નમાં છે પણ અહીં ગોઠવ્યું છે. ...અહીં અર્થ નથી કર્યો, પણ એ જોઈએ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સિવાય બીજાઓ આત્મા કહે છે એના કરતાં સર્વજ્ઞે કહેલો આત્મા જેણે અંતરમાં પરીક્ષા કરી (જાણ્યો છે). અહીં તો સર્વજ્ઞ પહેલા મૂક્યું છે હોં! ધર્મના ... પહેલા સર્વજ્ઞ છે. સર્વજ્ઞ વિના જે કોઈ વાત કરે એની એક્કેય વાત સાચી હોય નહિ. સમજાણું કાંઈ? પરમેશ્વર જેને એક સમયમાં સર્વજ્ઞપણું.. અને ત્યારે જ વસ્તુ પૂરી થાય છે. વસ્તુ

અને વસ્તુના અનંત ગુણો, એની પર્યાયની પરિપૂર્ણતા સર્વજ્ઞ થાય ત્યારે થાય છે. ત્યારે એ ખરેખર પૂરો આત્મા થાય છે. સમજાણું કાંઈ? એવા પૂરા આત્માએ જ્ઞાનમાં અનંત આત્માઓ અને છ દ્રવ્ય જોયા. એમાં ભગવાને જોયો એવો અનંત.... કારણ કે બેહદની દશા જેને પ્રાપ્ત થાય એણે જે જોયું, એવો જ આ આત્મા છે. એમ જે પોતે પરીક્ષા કરીને એવા કેવળજ્ઞાનમય આત્માને જાણે છે. રાગ વિકલ્પથી રહિત, વિકલ્પથી રહિત, વિકલ્પથી રહિત પણ અનંત ગુણથી સહિત. સમજાણું કાંઈ? એકલો વિકલ્પ-વિકલ્પ નથી, વિકલ્પ નથી એમ નહિ. એ તો નાસ્તિ થઈ ગઈ, તેથી અહીંથી અસ્તિથી પહેલું ઉપાડ્યું છે. બસ વિકલ્પ ... ... એ તો નાસ્તિ થઈ. તેથી આચાર્યે એમ કહ્યું, એ વસ્તુ જ ખોટી છે, એમ વસ્તુ છે નહિ.

જ્ઞાનમય આત્મા પોતે વસ્તુને ... કરીને કહે છે એવું જેને અંતર ભાન થયું એને છોડીને બીજી વસ્તુ જ્ઞાનીઓને નથી રુચતી. **'मनसि ण लग्गइ'** હોં! એ મનમાં નથી લાગતી એટલે નથી રુચતી, એટલે નથી પ્રતિભાતિ એમ અહીં તો કહ્યું પાછું અર્થમાં. એના જેવી ચીજ બીજી એને લાગતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'दूसरी वस्तु ज्ञानियोंके मनमें नहीं रुचती.'** એને વિષયની વાસના વૃત્તિ આવે છે, રુચતી નથી. અતીન્દ્રિય આનંદ આત્માને જાણ્યો સમ્યગ્દર્શનમાં, એથી ક્યાંય હવે આત્માને છોડીને-એને મૂકીને અન્ય બીજાને લક્ષમાં લઈને રુચિ થાય એવું જ્ઞાનીને થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'नहीं रुचती...'** **'लगति'**નો અર્થ એ કર્યો ને. સમજાણું કાંઈ? **'चिति मनसि ण लग्गइ न लगति न रोचते न प्रतिभाति।'** એટલે એના જેવી બીજી લાગતી નથી અને એટલે એનામાં પ્રેમ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .... પર્યાયમાં થાય છે એ. આ વસ્તુ આવી છે, એ વસ્તુ એવી બીજી રાગાદિ નથી. સમજાણું કાંઈ?

**'ઉસકા દૃષ્ટાંત યહ હૈ, કિ જિસને મરકતમણિ (રત્ન) જાન લિયા,...'** પરીક્ષા શબ્દ સંસ્કૃતમાં છે. **'तहुँ रत्नपरीक्षापरिज्ञानसहितस्य'** એમ. જેણે રત્નની પરીક્ષા (કરી કે) આ રત્ન છે. જુઓ, અહીં બે વાત કરી, કાચના કટકા આદિ બીજી ચીજો એ છે ચીજો ખરી બીજી, પણ આ મણિરત્ન આમ મરકત કીધું. શું કીધું? મરકત. મરકત શું થાતું હશે? ઝવેરી કોઈ નથી? આપણને શું ખબર પડે? મરકત એવો મણિ વિશેષ થાતો હશે, રત્ન બહુ ઊંચું.

મુમુક્ષુ :- લાલ માણેક.

ઉત્તર :- લાલ માણેક. હા, ઠીક. આ લાલ માણેક થાય છે એ આ. આપણે આ મૂક્યું છે એ. લાલ માણેક. એ ઝવેરી છેને. લાલ માણેક વાત સાચી. લાલ માણેક ઊંચા થાય છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ભાઈ કહેતા હતાને અમારા વીરજીભાઈ કહેતા હતા. એક ફેરી લીંબુમાંથી માણેક નીકળ્યું હતું. ત્યાં આગળ ગયા હતાને. લીંબુ, લીંબુ છેને આ? એમાંથી માણેક થયું. મને એમ યાદ છે કે લગભગ વીસ હજારનું માણેક એમ કહેતા હતા. વીસ હજારનું એક માણેક. આ લીંબુનો ઠળિયો હોં. લીંબુ જે હતું એને આમ ખોલતા એના ઠળિયાને ઠેકાણે માણેક પાકેલું. અને શાસ્ત્રમાં પાઠ છે એ તો આ પ્રવચનસારમાં. પ્રવચનસારમાં પાઠ છે શાસ્ત્રમાં. લીંબુ ન ઠળિયો. જે ઠળિયો ન પાકતા ત્યાં માણેક પાકે. શું છે? ખુશી છે? ધૂળમાં પણ નથી. આ તો દૃષ્ટાંત સમજાવવા માટે છે. એ વીરજીભાઈ કહેતા. વકીલાતે ગયા હતા ક્યાંક કલકત્તા ગયા હતા. ત્યાં ગયા હતા તો કહે વીસ હજારનું માણેકનું સાંભળ્યું છે. એ લીંબુમાંથી નીકળેલું. અને શાસ્ત્રમાં પાઠ છે કે લીંબુમાં એવા માણેક પાકે છે. એ માણેક લાલઘુમ જેવા અંદર કિંમતી. જુઓને આપણે ઓલામાં નહોતું? અને આમાં છે કે નહિ? આ ૐ છે ૐ જુઓ! ૐ માણેક છે. ૐ છેને માણેક છે. જુઓ ૐ. અભિનંદ ગ્રંથમાં પણ ઓલો 'અભિનંદન ગ્રંથ' શબ્દ પડ્યો છે એ બધા માણેકનો પડ્યો છે. નહિ? નીચે.

જેણે પરીક્ષા કરીને રત્નમણિ-માણેકને દીઠું, જોયું, '**જાન લિયા, ઉસકો કૉચસે ક્યા પ્રયોજન હૈ?**' પાઠમાં એટલું છે પછી અર્થકાર કહેશે કાચનો ટૂકડો. સમજાય છે કાંઈ? કહો, જેણે મરકતમણિની પરીક્ષા કરીને લીધું અથવા જાણ્યું એને કાચના કટકા તે શું છે? સમજાણું કાંઈ? એને કાંઈ કાચની કિંમત નથી. એટલે શું કહ્યું? ઓલો માથાનો દૃષ્ટાંત આપ્યો. ઓલો ૭૭માં કહ્યું હતું એનો. સમજાણું? શું કહ્યું? '**કભી વિષય વાસનામેં નહીં રમતા.**' ત્યાં એમ કહ્યું હતુંને? એની સાથે દૃષ્ટાંત છે આ. ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને પોતાનો આત્મા અનંત ગુણમય જેણે અંતર જાણ્યો, વિકલ્પ રહિત જાણ્યો, શરીર, કર્મ રહિત વસ્તુ હોં બધી. એના રહિત જાણ્યો અને પરિજ્ઞાન જ્યાં થયું, કહે છે કે એને વિષય ભોગની રુચિ હોતી નથી, એમ કહે છે અહીં. મણિરત્નની પરીક્ષાવંતને મણિરત્ન પ્રાપ્ત થયું મરકત, એને કાચના ટુકડાનું શું કામ છે. આહા..હા..!

એમ જેને આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે આત્મા તો. એક ગુણ નહિ, એવા અનંતા. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ એવા અનંત ગુણનો પિંડ દ્રવ્ય છે. એવી જેણે અંતરમાં પ્રતીતિ વિકલ્પ રહિત ભાન કરીને, પરીક્ષા કરીને, નિર્ણય કરીને કર્યું. એને હવે વિકલ્પ અને ભોગની વાસના-કાચના ટુકડાનું એને શું પ્રયોજન? સમજાય છે કાંઈ? આહા..હા..! એ છ ખંડના રાજ હોયને તો એને ઝેર જેવા, અંદરમાં રાગ ઉઠે ઝેર જેવો લાગે છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? (અજ્ઞાની) બાથ ભીડે છે આમ જાણે આ પૈસા, આ

બાયડી, આ છોકરા, આ હજીરા. હજીરા એટલે? મકાન-મકાન. લાખ, બે લાખના મકાન હોયને. દશ-દશ લાખના મકાન. આહા..હા..! અહીં ગરવાનું ને અહીં, અહીં નીકળવાનું, અહીં નીકળવાનું. એવું હોયને અંદર બધું? નાખ્યા હોય બારી-બારણા અને આમ. એ બારી-બારણા તો કેવા પાછા! પોલીશ એમ કરીને આમ... આમ... આમ... એવા લાકડાના એવા કરે. એકલું બારણું દેખીને બીજો ખુશી થઈ જાય, આ તે કેવો બંગલો હશે અંદર!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવા મોટા છેને ઓલા મૈસુરમાં જોયો હતોને. ત્યાં મૈસુરમાં જોયો હતોને. નહિ? કેટલો? ત્રણ કરોડનો એક બંગલો છે મૈસુરમાં. જોવા ગયા તો ખાલીખમ. હવે થઈ રહ્યું દરબાર.. કાઢી મૂક્યા દરબારોને. ત્રણ કરોડનો ખાલી પડ્યો હતો. જોવા ગયા હતા ત્યાં મૈસુર.

મુમુક્ષુ :- દાખલો આપ્યો તો સિદ્ધાંત માટે જ..

ઉત્તર :- દાખલો શું કરવા છે? ઓલા ત્રણ કરોડના બંગલાનો દાખલો છે? સ્મશાન જેવો બંગલો લાગે એમ કહે છે. જ્યાં આત્માના રસ ચડ્યા છે, આત્માના આનંદના રસની ખુમારી સમ્યગ્દર્શન થયું, એમાં રાગ ઉત્પન્ન થાય એ ઝેર જેવો લાગે છે. એ ચીજ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પોતાને માટે એમ જાણે છે અને બીજાને માટે, બહુ પાંચ, દશ કરોડનો આસામી હોય અને બહુ સુંદર ને બહુ સ્ત્રી ને બહુ કુટુંબ ને બહુ પહોળા વિષય ને બહુ પહોળા આબરૂવાળો (હોય) એને સુખી નથી માનતો ઈ. ...ભાઈ! અરે! આ રાગ કેટલો કરે છે અને કેટલો એકત્વ છે, આ તો મહા ઝેરને પીવે છે. એમ જ્ઞાની પરને માટે પણ એમ જાણે છે. સમજાણું કાંઈ? હવે એને શેની અદેખાઈ આવે? આને બહુ બાયડી ને છોકરા ને. બાયડી ઘણી હોય કેટલાકને તો વળી. રાજા આદિને હોયને. છોકરાઓ મોટા લોઢા જેવા અને દીકરીઓ ભણેલી એલ.એલ.બી. અને પૂછડાં મોટા વળગાડ્યા હોય. દશ-દશ લાખની, વીસ-વીસ લાખની ઉપજ દિવસ દિવસની હોય.

અરે! ચૈતન્યરત્નના આનંદ આગળ, નિર્વિકલ્પ ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ એના ભાન અને પ્રતીતિ આગળ એ બધી વાતમાં ક્યાંય રુચિ, ક્યાંય રુચિ (નથી), મન ક્યાંય ચોટતું નથી. સમજાણું કાંઈ? અને દુનિયાના જીવને પણ એવા સંયોગમાં દેખીને એને એમ થાતું નથી કે ઓહો..! આને ઘણું સાધન હોં! એ એમ જાણે છે કે એ તો જેટલો રાગ કરે છે એના તરફનો એટલો એ દુઃખી છે. કહો, ગુણવંતભાઈ! આ તો સમજાય એવું છે કે નહિ? એકદમ લ્યો! આહા..હા..!

ભગવાન આત્મા, આ આત્મા જ એવો છે કે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે... અનંત તીર્થંકરો થયા, અનંત થશે, વર્તમાન બિરાજે છે બધા એ આત્મામાંથી થયા છે. સમજાણું કાંઈ? એની વાણીમાં જે આત્મા આવ્યો, આહા..! એ આત્મા, એની જેણે અંતરમાં પરીક્ષાઓ કરી છે, .... પરીક્ષા કર્યા વિનાનું માન્યું છે એ માન્યતા સાચી છે જ નહિ. સમજાય છે કાંઈ? કોઈ પણ ચીજની કસોટીએ ચડાવીને નિશ્ચય કર્યો નથી, એ નિશ્ચય એનો સાચો હોય નહિ અને એ નિશ્ચય ટકે નહિ. સમજાણું કાંઈ?

એ શબ્દ એક આવે છે, ભાઈ! સંપ્રદાયમાં કહેતા અમે. એ આવે છે. ... એ વ્યાખ્યાનમાં આવ્યું છે ઘણા (વર્ષ પહેલા). (સંવત) ૧૯૭૩-૭૪-૭૫. જેણે તત્ત્વને પરીક્ષા કરીને જોયું, જાણ્યું, નિર્ણય કર્યો નથી એને કોઈ રીતે સંદેહ ટળતો નથી, કોઈ રીતે સિદ્ધિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અને મુક્તિની એને સિદ્ધિ છે જ નહિ. સમજાણું કાંઈ? અહીં તમે પરીક્ષા કરીને કાંઈ લેતા હશો કે નહિ? દાણો જોવો તો આમ મેળવો. આ જુવાર આવી છે ને ઢીંકણું આવું છે, કપડું આવું છે.

મુમુક્ષુ :- શાક લેવા જાય તોપણ પરીક્ષા કરે.

ઉત્તર : લ્યો! શાક લેવા પણ પરીક્ષા કરે. આ નાની છે ને આ સડેલી છે ને આ ઢીંકણું છે ને આ ટૂવો, શું કહેવાય? ટૂવો પડ્યો છે આ કારેલામાં અને એમાં ઉંડો હશે અથવા આ આવે છેને હરડે-હરડે, હરડે બહુ ઊંચી આવે છે. હરડેમાં જરી ઉપરથી જરી ચાંચ મારેલી હોય તો કહે રસ ખવાઈ ગયો છે. એની કિંમત નહિ. ટૂવા વિનાની એક હરડે આવડી નાની હોય તો મોટી કિંમત એની હોય. સારી ઉંચી હોય. ..પાકે છે સમેદશિખરમાં. સમજાય છે?

એમ ભગવાન આત્મા જેમાં વિકલ્પનો ખંડ પડ્યો નથી એવો ભગવાન અનંત ગુણનો પિંડ જેણે અંતરમાં પરીક્ષા કરીને, પ્રતીત કરીને જાણ્યો છે એને જગતના વિષય ભોગ હવે રુચતા નથી. એ નથી પ્રતિભાતિ એટલે કે હવે ભાસતા જ નથી. એટલે ભાસતા નથી, જ્ઞાન તો કરે છે, પણ આવું છે એ ભાસતા નથી. આવો આ છે એવું એ ભાસતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કો'કનું શું કામ છે? કોનું કામ છે? તમે આ ચોપડીઓ લખીને .. પરીક્ષા કરાવી હશે તમે? એ તો ચોપડીઓમાં, પણ તમે જે નિર્ણય કર્યો હતો કે આવું હોય એની પરીક્ષા કોઈ પાસે કરાવી હતી? સમજાણું કાંઈ? ભીખાભાઈ!

અથવા આ મારી સ્ત્રી છે એવો તમે નિર્ણય કર્યો હતો એ નિર્ણય કોઈને બતાવ્યો હતો

તમે? ના, ના, આ વાત થઈ ગયેલી અમારે હોં! ઓલા ભાઈ કહેતા હતાને આપણે નરભેરામભાઈ હતાને. આ નરભેરામભાઈ હતા, આ હતાને એના પિતા. ૮૭માં ગયા અમે. આમ વાતું કરે વકીલાતની જાણે આમ-આમ. કોઈ કાંઈ સંદેહ હોય એવી વાત હોતી નહિ. સાધારણ વાત તમને એમ થતી હશેને ઝવેરભાઈ બેઠા હતા ઓલા ઝવેરચંદભાઈ. ... ના બનેવી. ....બનેવી કાંઈક પૂછો, નરભેરામભાઈ! મહારાજને પૂછો. ત્યારે એણે મને એમ કીધું, મને કહે છે પૂછવાનું આ કહે છે કે, એ નિઃસંદેહ હશે. તેમ કરીને એને અપમાન લાગ્યું. અરેરે! દુનિયાને પણ જુઓ! નરભેરામભાઈ! કાંઈક પૂછો મહારાજને. ઓલા .. ગયેલાને પછી. ત્યારે શું તમે એમ માનો છો કે કોઈ નિઃસંદેહ હોય છે? સંદેહ વિનાના તમે થઈ ગયા છો એમ? અરે! નરભેરામભાઈ! હું પૂછું તમને કીધું એક. પૂછું? કહે હા. તમે જ્યારે પહેલે દિ' પરણેલા સ્ત્રીને એ પહેલા તો નહોતા પરીક્ષા કરતા બાયડીની હોં! એ મા-બાપ પરીક્ષા કરી આવે. એ પહેલે દિ' જ્યારે એ સ્ત્રી હતી ત્યારે તમને શંકા પડી હતી કે આ મને મારી નાખશે? ઘણા રાજાઓની રાણીઓએ મારી નાખ્યા છે રાજાને. પહેલે દિ'એ મારી નાખ્યા છે. મીંઢોળ હોતા ઝેર દીધા છે. સાંભળ્યા છે? રાણીએ હોં!

મુમુક્ષુ :- રાણી આપે, એની મા પણ આપે.

ઉત્તર :- મા પણ આપે. આ તો બાઈ-રાણી આપે મીંઢોળ હોતા. ન ગોઠેને જરીક કાંઈક ખ્યાલમાં આવી ગઈ વાત, રાણી ઝેર આપે, એની મા ઝેર આપે, મીંઢોળ હોતા રાત્રે. ખલાસ! બન્યું છેને છે દાખલા બધાય. કીધું, આવી વાતું તમે સાહિત્યમાં વાંચી હશે. તમને શંકા પડી હતી? આ કન્યા સોળ વર્ષની છે, કોની છે, મને ખબર નથી. નામ સાંભળ્યા છે કે આની દીકરી અને ફલાણું. પણ એ કેવી છે? હું તો જોવા ગયો નથી. મા-બાપે પસંદ કરી. એમાં શંકા પડી હતી? એમાં શંકા શેની હોય? શું કરવા? પ્રીતિ છે. જેનો જેને પ્રેમ તેમાં તેને શંકા હોતી નથી. રહેવા દ્યો એવી વાતું કરવી, કીધું. એમ કહે, શંકા વિનાના તમે (થઈ ગયા છો)?

એમ જેને વસ્તુની પરીક્ષા કરીને આત્મ ધર્મ નિઃસંદેહ જાણ્યો હોય એને સંદેહ એમાં હોય નહિ. સમજાણું કાંઈ? એમાં શંકા (હોય કે) આમ હશે કે આમ હશે? તમને આમ હશે કે હશે એમ થયું હતું તે દિ'? કીધું. ૮૭માં કહ્યું હતું હોં! શું કીધું? પૂછતા હતા, આ શું? એમ વકીલાત ન કામ આવે. બહારના ડહાપણનું બીજાને પૂછવાનું તમને અપમાન લાગ્યું? નરભેરામભાઈ વકીલ હતાને. કહો, સમજાણું કાંઈ? અને આ વકીલ એનો દીકરો. એમ જેને જેની રુચિ અને જેનું ભાન છે, શંકા કેવી? ત્રણ કાળ ત્રણ લોકમાં આ વસ્તુ તો આવી જ છે. સમજાણું કાંઈ? એમ જેણે પરીક્ષા કરીને આત્માને જાણ્યો છે, નક્કી કર્યો છે એટલે

કે દૃષ્ટિમાં, અનુભવમાં લીધો છે એમ, એને વિષયના ભોગની વાસનાની કિંમત કાંઈ નથી. ભોગની, બાયડીની, છોકરાના, હીરાના, માણેકના આમ ઢગલા પડ્યા હોય ઢગલા ઘરમાં એકલા હીરા અને માણેકના ઢગલા. સમજાણું કાંઈ? ધૂળમાં પણ નથી. અમારા ચૈતન્યના રત્ન આગળ કોઈ જગત અમને ખેંચી જાય અને લાગણી કરીને અમને રાગ કરાવે એવી કોઈ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? અને પ્રતિકૂળ ચીજ દેખીને કોઈ અમને ખેંચીને દ્વેષ કરાવે ને અમે ઓગળી-ગળી જઈએ એવી કોઈ ચીજ છે નહિ દુનિયામાં. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-**' કહે છે '**જિસને રત્ન પા લિયા,...**' બસ પા લિયામાં પરીક્ષા કરીને (પ્રાપ્ત કર્યું) એમ લેવું છે. '**ઉસકો કાંચકે ટૂકડોંકી ક્યા જરૂરત હૈ?**' સમજાણું કાંઈ? એને અન્યમતીઓએ અને અન્ય ધર્મોએ કહેલા તર્કોમાં, વિકલ્પમાં પણ એને શું કિંમત છે? અને વિષય વાસનાની વૃત્તિમાં પણ એને શું ભાસે છે? સમજાણું કાંઈ? આત્મા એવો ભાસતો નથી. પરમાં એવો આત્મા ભાસતો નથી એટલે પરની રુચિ ને પ્રેમ લાગતો નથી.

'**ઉસી તરહ જિસકા ચિત્ત આત્મામેં લગ ગયા,...**' જેનું ચિત્ત ભગવાન આત્માની સાથે લાગ્યું '**ઉસકે દૂસરે પદાર્થોંકી વાંછા નહીં રહતી.**' લ્યો! કોઈ પદાર્થની વાંછા સમકિતીને છે જ નહિ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..! અનંત આનંદના, જ્ઞાનના ખજાના આગળ કઈ કિંમત એને અધિકપણે ભાસે કે જેની વાસના ઉત્પન્ન કરીને પ્રેમ થાય? ચૌદ બ્રહ્માંડમાં કોઈ આત્માના આનંદ સ્વરૂપને જેણે જાણ્યો એને બીજી કોઈ ચીજમાં એને રુચિ આવતી નથી. મન લાગતું નથી, રુચતું નથી, એવો કોઈ પદાર્થ નથી કે આ આત્માની હોડમાં આવે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**દૂસરે પદાર્થોંકી વાંછા નહીં રહતી.**' સમજાય છે કાંઈ? નિઃકાંક્ષ સ્વભાવભાવ, નિઃશંક ભાવસ્વભાવનું ભાન (થયું છે) કે આ બાજુનો નિઃકાંક્ષભાવ ઉત્પન્ન થયો, એમ કહે છે. શું કીધું?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ જ્યાં પ્રતીત અને જ્ઞાનમાં ભાસ્યો એ અસ્તિપણે નિઃશંક થયો. એને એના સિવાયના કોઈ પદાર્થની વાંછા નથી એટલે એની નાસ્તિ છે એનામાં. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાંછા નથી એમ કહે છે. અરે! ચારિત્રમોહનો ઉદય (છેને)? એ નથી, કહે છે. સાંભળને! જુઓ, આ આત્મદર્શન અને આત્મ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય. સમજાણું કાંઈ? ૭૮ થઈ.

પરમાત્મપ્રકાશ છેને. અરે! જેને પરમાત્માના પ્રેમ થયા, એને જગતનો ક્યો પદાર્થ અને વાસના પ્રતિભાસે એના જેવી કે જેમાં તેને પ્રેમ થાય? આહા..હા..! તીર્થંકર પદનું સમવસરણ આદિ પણ, કહે છે, એને લલચાવી શકે નહિ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..! (દેવોના) આમ આવીને ટોળા ઉતરે ઉપરથી, આ ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓના નાચ લલચાવી

શકતા નથી સમકિતીને, એમ કહે છે. અહીં તો એક ભૂતડું જો આવ્યું હોયને સરખાઈનું. ઓહો..હો..! એ દેવ આવ્યો દેવ. શું છે? અરે! તું દેવાધિદેવ છોને. શેની કિંમત તને લાગી પરની? કોઈ પૈસા દેનાર હોય એવો, મંત્ર, તંત્રને સમજ્યાને, જુઓને હેરાન-હેરાન થઈ ગયા છેને. શું કહેવાય? ઓલો બાવો ફકીર નીકળ્યો છે. સાંઈબાબા. હાલી નીકળ્યા છે પણ જૈનને નામે જૈનો હોં! નામે જૈન. શું છે? જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી, જૈન કોઈ એકપક્ષી ચીજ નથી. જૈન એટલે એક-એક આત્મા અનંત ગુણનો પિંડ ભગવાન એ સ્વભાવનો આશ્રય કરીને વિકારને જીતે તેને જૈન કહેવામાં આવે છે. એ તો વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવું જેને અંતર રુચ્યું એને દુનિયા કોઈ લલચાવી શકે નહિ. સમજાણું?

દાખલો નહોતો આપ્યો એક ફેરી ઓલા ધ્રુવનો? નાટક જોયું હતું ઘણા વર્ષ પહેલા. ભાવનગરમાં ૬૮ની સાલ હશે ઘણું કરીને. સંવત્ ૧૯૬૮, ભાવનગરમાં ધ્રુવનું નાટક. એક થિએટર છે ભાવનગરમાં. બોરીબંદર ઉપર છે? બોરીબંદર તો અહીં મુંબઈમાં આવ્યું. સ્ટેશન પાસે એક હતું. બોરીબંદરમાં તો ઓલું ફિલ્મ-ફિલ્મ. નહિ? બોરીબંદર ..છેને? ત્યાં ફિલ્મ હતું. એણે નાટક પાડ્યું હતું ધ્રુવનું. બાળક આમ રોવે. પડદા લીલા આમ બે કટકા ફટ દઈને. અડધો આમ ને અડધો આમ હોં! લાકડાની હોય છેને. આ તો નજરે જોયું છેને, ભાવનગરમાં. બે લીલા પડદા ફાટ્યા. બે અપ્સરાઓ ઉતરી હતી, બે અપ્સરાઓ ઉતરી હતી. ઓલું લાકડું હોય ને લાકડું આમ. દોરી બાંધે, દોરી ઉપરથી ખેંચે તો ઉતરે પગ નીચે આમ દોરી ઝાલીને. ઈન્દ્ર ઉપરથી ઉતર્યા. ઉતરીને પછી લલચાવે છે એને.

આ ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા એની દૃષ્ટિ થઈ એને બીજી ઈન્દ્રાણીઓ લલચાવી શકે નહિ એમ કહે છે અહીં તો. એ ધ્રુવનો તો દાખલો હતો. એ ધ્રુવ આમ બેઠો હતોને. બહુ નાની ઉંમરનો આઠેક વર્ષની ઉંમર. એની નવી માતા હતી તો .. વાળ આમ અદ્ધર લટકતા અને આબેહુબ લાગે માણસને. ઈન્દ્રાણી બહુ લલચાવે છે. આ અમારા કોમળ આ જુઓ, આ જુઓ. આમ આ.. આ.. ટશિયા જુઓ, આંગળામાં ઓલા કરેલાને પછી લાલ કરેને અંદર. લાલી લગાવે હાથને. એવા એવા. ઓહો..! પોતે આમ ઊંચું જોતો નથી. અરે! પણ ધ્રુવ ઊંચું તો જો, ઊંચું તો જો. બહુ સાંભળીને પછી કહે છે, માતા! શું કહું તારા શરીરની સુંદરતાના અવયવોની રચના! કદાચિત્ અવતાર બાકી હશેને, માતા! તારે કૂંખે અવતરીશ હોં! બીજી વાત હરામ સ્વપ્નામાં છે. એમ બોલ્યો હતો લ્યો અંદર. સમજ્યા? એ તો સાધારણ માણસ નાટક ભજવતો હતો.

હે મા! તારા સુંદર અવયવોના એક એકના તું વખાણ કરે છે એ મેં સાંભળ્યા અને મને સુંદર લાગ્યા, પણ એ વાતમાં એટલી વાત છે કે મારા શરીરે તારા શરીરનો સ્પર્શ

થાય એ વાત તો ત્રણ કાળમાં સ્વપ્નામાં નથી, પણ અવતાર બાકી એકાદ હોય તો તારા કૂંખે આવીને પછી પૂરું કરીશ, બાકી બીજું છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્માના અનાકુળ આનંદ આગળ ઈન્દ્રાણીઓ આવીને કહે કે પણ તમે આ ઠેકાણે જવાના છોને, એ ઠેકાણે અમારે આવો અહીંયા. તમે આઠમા દેવલોકમાં જવાના છો અથવા પાંચમા દેવલોકે બ્રહ્મલોકમાં સ્ત્રી વિનાના જીવમાં જવાના છો એવું અમને લાગે છે, પણ અમારી સાથે જરીક નિયાણું કરોને તો બીજા દેવલોક આવો. એય..! સમજાણું કાંઈ?

આવ્યું હતુંને? રામચંદ્રજીને થયું હતુંને. રામચંદ્રજી ધ્યાનમાં હતા ને જ્યારે. સીતાજી ... એ વખતે વળી એવો વિકલ્પ આવી ગયો જુઓને અસ્થિરતાનો. સવારે નહોતા કહેતા તમે? બારમાં દેવલોકે અહમિન્દ્ર છે અથવા ઈન્દ્ર આદિ ઈન્દ્ર. હવે આમ ધ્યાનમાં હતા. અંતરમુહૂર્તે તો મોક્ષ જાવું છે રામચંદ્રજીને, ચળાવવા આવ્યા. અરે! રામચંદ્રજી! જરીક વૃત્તિ ફેરવો. થોડોક અમારા ઉપર પ્રેમ કરો. આપણે ભોગ લઈએ, ચાલો સ્વર્ગમાં. આહા..હા..! વૃત્તિ એટલે અસ્થિરતાની હોં! ચારિત્રદોષની વૃત્તિ છે, એકત્વબુદ્ધિ નથી. આહા..હા..! જુઓને ચારિત્રનો દોષ શું કરે છે. અંતરમાં ભેદ છે હોં, અંદરમાં એકત્વ નથી, મીઠાશ નથી. આ તે કાંઈ વાત! રામચંદ્રજી સામું જોતા નથી. ક્ષપકશ્રેણી ચઢી, કેવળજ્ઞાન પામી મોક્ષ જાય છે.

રામ સ્વરૂપે ભગવાન રામરૂપે થઈને મુક્તિને પામે છે. આત્મારામમાં આત્મા રમણતા પૂરી થઈ ગઈ. સામું જોતા નથી. જેના માટે કોલાહલ કરેલા. મારી સીતા. આમ સીતા ખોવાણી તો ઝાડને પૂછે, મારી સીતા? એય..! ડુંગર ક્યાંય અવાજ? ક્યાંય સીતાનો અવાજ તો સંભળાવ મને. અરે! એના નુપૂરના અવાજ, એની જુદી જાતની ધ્વનિ. એની ગતિને દેખી એની ચાલ હાથણી જેવી, એના હાથણી ચાલમાં એના નુપૂર જે પહેરેલા એની ગતિનો અવાજ જુદી જાતનો હતો. એ અહીં સામું જોતો નથી હવે. સમજાણું કાંઈ? આહા..હા..! સીતાજી! હવે આવો પાછા. ઓલી પરીક્ષા કરીને કીધું ને? આવો પાછા. હું તમને પટરાણી બનાવું. અરે! રામચંદ્રજી! હવે હદ થઈ સંસારની. અમે સતી, અમે ધર્માત્મા એવું તમારા જ્ઞાનમાં, તમારી પ્રતીતમાં હતું છતાં રાજના રાગે પુરુષોત્તમ પુરુષને આવું કરાવ્યું? હદ સંસારની. હવે નહિ. સમજાણું કાંઈ? એ અહીં સીતાજી પાછા આવે છે ત્યારે રામચંદ્રજી સામું જોતા નથી. જુઓને, કલ્પનાથી રહિત આત્માના ભાન પછી પણ આવી કલ્પના હોય છે, છતાં એની ભાવના નથી. આહા..હા..! આ તે મેળ કાઢવા... ધર્મચંદજી! લાગતું નથી, ચિત્ત ક્યાંય લાગતું નથી, ક્યાંય ચિત્ત ચોંટતું નથી. એનું નામ આત્મદર્શન અને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. ૭૯.

'આગે કર્મ-ફલકો ભોગતા હુઆ જો રાગ-દ્વેષ કરતા હૈ, વહ કર્મોંકો બાંધતા હૈ...'

૨૦૬) भुंजंतु वि णिय-कम्म-फलु मोहइँ जो जि करेइ।
भाउ असुंदरु सुंदरु वि सो पर कम्मु जणेइ।।७९।।

ભાષા સાદી છે. બહુ એવી સંસ્કૃત નથી, આ તો બીજી જાતની છે પ્રાકૃત. જે કોઈ ભગવાન આત્મા, જે કોઈ જીવ થઈને જીવ જીવે છે. જીવ કીધોને? આહા..! ભગવાન આત્મા ચૈતન્ય સમ્યક્ થઈને, એ જીવ થઈને જીવ રહ્યો છે એ જીવ. '**निजकर्मफलं**' ભાષા પાછી કેવી છે? '**અપને કર્મોંકે ફલકો...**' એટલે પૂર્વે જે કર્મ બાંધ્યા હતાને. શુભાશુભભાવ એના હતા એમ પાછું સિદ્ધ કરવું છે. પૂર્વે એણે શુભાશુભભાવ કરેલા અજ્ઞાનપણે એ શુભાશુભ પરિણામનું બંધાયેલું કર્મ. એ કર્મના ફળ કાળે '**ભોગતા હુઆ ભી...**' વર્તમાનમાં બાહ્ય દૃષ્ટિએ એને ભોગવે છે એમ કહેવા છતાં. સમજાણું કાંઈ?

'**મોહસે ભલે ઔર બુરે પરિણામોંકો કરતા હૈ, વહ કેવલ કર્મકો ઉપજાતા (બાંધતા) હૈ.**' જ્ઞાની એ ભલા, ભૂંડા પરિણામ કરતો નથી એમ કાઢવું છે એમાંથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ અનાકુળ આનંદના પ્રેમ સિવાય જે શુભાશુભ પરિણામ કરેલા, એનાથી બંધાયેલા કર્મો, એના ફળમાં અજ્ઞાની (એટલે) શુદ્ધ સ્વરૂપની પ્રીતિ અને રુચિથી ભ્રષ્ટ થયેલા, પોતાનો આનંદ, શાંત સ્વભાવ એના પ્રેમની દૃષ્ટિથી ભ્રષ્ટ થયેલા, પૂર્વે શુભાશુભ ભાવથી બાંધેલા કર્મો એના ફળમાં રાજી થઈને એને ભોગવે છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનીને નવા કર્મ બંધાય છે. સમજાણું કાંઈ? એની સામે જ્ઞાનીને બંધાતા નથી. ઓલામાં આવ્યું હતું, ૭૮માં આવ્યું હતું. સમજાણું?

'**ભાવાર્થ :- વીતરાગ પરમ આહ્‌લાદરૂપ શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...**' જુઓને કેટલી વાત કરે છે! આત્મા-ભગવાન આત્મા જે શુદ્ધાત્મા વીતરાગ પરમ આનંદરૂપી શુદ્ધાત્મા. રાગ રહિત ભગવાન આત્મા, પરમ સુખરૂપ. આહ્‌લાદની વ્યાખ્યા જ કરી. આહ્‌લાદ નામ સુખ. એવો શુદ્ધાત્મા. એ શુદ્ધાત્માની વ્યાખ્યા, એ આત્માની આ વ્યાખ્યા. ભગવાન આત્મા એ પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પથી રહિત એટલે વીતરાગ, પરમ આનંદરૂપ એવો આત્મા. એ શુદ્ધાત્મા, એ વસ્તુ કીધી વસ્તુ. એની અનુભૂતિ એ પર્યાય કીધી. એનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ. એવા શુદ્ધાત્માનો અનુભવ, એ અનુભૂતિ એ પર્યાય છે. એનાથી વિપરીત. અનુભૂતિ પ્રતીત થઈ હતીને વિપરીત એમ નહિ. અહીં તો સમજાવવું છે. આવો ભગવાન આત્મા એનો તો અનુભવ-અનુભૂતિ થવી એ જ એનું સ્વરૂપ છે એમ. સમજાણું કાંઈ?

'**એનાથી વિપરીત જો અશુદ્ધ રાગાદિક વિભાવ...**' લ્યો! પછી ચાહે તો શુભ

હો કે ચાહે તો અશુભ હો. એ અશુદ્ધ રાગાદિ પરિણતિ વિભાવ. ભગવાન આત્મા શુદ્ધ આત્મા એને કહીએ જે પરમ આહ્‌લાદ વીતરાગ આનંદરૂપ એને આત્મા કહીએ. એવા આત્માને અનુસરીને થતી અનુભૂતિ, એને છોડીને નિમિત્તને અનુસરીને થતો અશુદ્ધ રાગ, અશુદ્ધમાં બે—શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એ શુભ દયા, દાન, ચિંતવન વિકલ્પ શુભ અને અશુભ અહિંસા, જૂઠું આદિ એ બધો અશુભ રાગ છે. શુદ્ધ ભગવાન આત્માની પરિણતિથી વિપરીત પરિણતિ-પર્યાય. આહા..હા..! કેટલું સિદ્ધ કરે છે! પરિણતિ-પર્યાય એમ પાછું. પર્યાય-ફર્યાય બીજે હોય નહિ. પર્યાય શબ્દ પણ ન આવે વાતું કરે એમાં ક્યાંય. સમજાય છે?

અન્યમતિ આત્માની વાત કરે મોટી-મોટી કરે પણ એમાં ક્યાંય પર્યાય કે દ્રવ્ય એ વાત આવે નહિ, પણ વસ્તુની એને ખબર નથી. સમજાણું કાંઈ? અહીં તો ગાથા દીઠ દ્રવ્ય અને પર્યાય, દ્રવ્ય અને પર્યાય. આહા..હા..! એનાથી વિપરીત. પાછું અશુદ્ધ રાગાદિ થાય છે. અનાદિથી વસ્તુસ્વરૂપ શુદ્ધ અને આત્મા આનંદમૂર્તિ હોવા છતાં અશુદ્ધ રાગાદિ પરિણતિ થાય છે. સમજાણું? એ અશુદ્ધ રાગાદિ કર્મથી થયા એમ અહીં ન લીધું પાધરું. એમ પછી કહ્યું, એનાથી ઉપાર્જન કરેલા શુભાશુભ કર્મ એમ લીધું છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ધૂળેય ઉત્પન્ન થતું નથી. એ તો નિમિત્ત છે કર્મ. કર્મ કોણ ઉત્પન્ન કરાવે? સમજાણું કાંઈ? બહુ તત્ત્વની વાત ફરી ગઈને. એટલે આ ... છોટાભાઈએ સવારમાં યાદ કરાવ્યું હતુંને? શું કહેવાય તમારું? છેલ્લું લખ્યું બિચારાએ. કોઈ અત્યારે આગમ પ્રમાણે શ્રદ્ધા, જ્ઞાનમાં કોઈ દેખાતું નથી. દિગંબરમાં દેખાતું નથી એમ કહ્યું, બીજે તો છે જ ક્યાં? સમજાણું? એ આપણે આવી ગયું છે પહેલું હોં! આ વાત તો વંચાઈ ગઈ, આખું વંચાઈ ગયું છે. પણ આજ વળી ભાઈએ સવારમાં યાદ કર્યું છોટાભાઈએ, ઓલા અનંતાનુબંધીનું. કાલે-કાલે યાદ કર્યું, નહિ? કાલે યાદ કર્યું. કહે છે, સાક્ષાત્ ગૃહીત મિથ્યાત્વ પોષવાથી... અત્યારે એવા દેખાય છે. 'જિનમત કે વિષે વક્તા ભયે, અધિષ્ઠાતા ભયે. જિનસૂત્રકે અર્થ અન્યથા કરને લગે. તા કરી ભોલે જીવ તિનકી બતાય પ્રવૃત્તિ જિસમેં પ્રવર્તતે ભયે. નહીં હૈ સત્ય સૂત્ર કા જ્ઞાન જિનકો તા કરી મૌન શાસ્ત્રનકા જ્ઞાન તિનકે અગોચર ભયા તાકરી મૂઢતા પ્રાપ્ત ભયે. હીન શક્તિ કે ભયે સત્ય વક્તા, સાચા જિનોક્ત સૂત્ર કે અર્થ ગ્રહણ કરાનેવાલા કોઈ રહા નહીં.' જુઓ આ ...છે. 'કોઈ રહા નહીં. તાતે સત્ જિનમતકા તો અભાવ ભયા.' એ વખતે હોં! કેટલા વખત થયા હશે? ૨૫૦. દિપચંદજી આ બધું છેને. 'સબ ધર્મકે પરાङ्मुख ભયે તબ કોઈ કોઈ ગ્રહસ્થ સુબુદ્ધિ સંસ્કૃત પ્રાકૃતકા વેતા ભયા, એણે જિન સૂત્રનો અવગાહા,

તબ એસા પ્રતિભાસતા ભયા કે સૂત્રકે અનુસાર એક ભી શ્રદ્ધાન, જ્ઞાન આચરણ નહિ પ્રવૃત્તિ ન કરે હૈ. આચરણકી પ્રવૃત્તિ ન કરે હૈ.' એવો પોકાર છે. તે દિ' હોં! એ ૨૫૦ વર્ષ પહેલાં. એ તો ઉઘાડું મૂક્યું એણે.

'બહુત કહા ગયા મિથ્યા શ્રદ્ધાન આચરણ કી પ્રવૃત્તિકો .. મુખ કહે માને નહીં.' મોઢે કહીએ તો માને નહિ. ચાલો બતાવો. એકાંત છે તમારું. 'તબ જીવનકા કલ્યાણ હોતા જાણી કરુણાબુદ્ધિ કરી દેશભાષા વિશે શાસ્ત્ર રચના કરી તબ ... સુબુદ્ધિની કે સાચા બોધ ભયા.' સમજાણું? 'અબ અવસર વિશે જ્ઞાનકી શક્તિકે ... જો ભાષા શાસ્ત્રનકે ભી જ્ઞાન કર સકે નહિ. તાતે તિન મહંત શાસ્રને પ્રયોજન વસ્તુ કાઢી કાઢી છોટે પ્રસંગ કરી ...' આમાં કાઢ્યું છે. તેથી 'ઐસે અવસર વિશે સમ્યગ્જ્ઞાનકે કારણ ભાષા શાસ્ત્ર હૈ.' સંસ્કૃત, વ્યાકરણ સમજે નહિ. આ ભાષાશાસ્ર એ માટે બનાવ્યું છે. જુઓ, એને કેટલી લાગી છે એ વખતે! રાડ નાખી જાય કે અરે..! તે દિ કોઈ નથી. કોઈ નથી, કોઈ નહોતું. આહા..હા..! આ બનાવું છું અત્યારે એના સાર સાર નાના-નાના ટૂકડા એમાંથી કાઢી સાર .. એમ કહે છે. થોડો-થોડો સાર કાઢીને બનાવ્યું છે. બહુ થઈ ગયું, ઘણું થઈ ગયું. દિગંબર જૈન ધર્મમાં હોં! અન્યમાં તો છે જ ક્યાં ક્યાંય વાત? સમજાણું કાંઈ? આહા..! આવો માર્ગ નિર્મળાનંદ પ્રભુ, એના કથનો, એની રીત, એના ગુરુ, એના શાસ્ત્ર, એના તત્ત્વો, જે ત્રણકાળમાં બીજા કોઈ જાણે નહિ, કોઈ કહી શકે નહિ.

કહે છે, એવો ભગવાન આત્મા આવો પદાર્થ જેને રુચ્યો એને પુણ્ય-પાપ રુચતા નથી. અને એને ઠેકાણે પુણ્યને લઈને ધર્મ થાય. આહા..હા..! રાડ નાખે. પુણ્યને વિષ્ટા કહીએ તો રાડ નાખે. ઓલું તો આવ્યું હતું. નહોતું આવ્યું? વેશ્યાનો પ્યાર. વેશ્યાનો પ્યાર આપણે આવ્યું હતુંને, સવારે આવ્યું હતું. વેશ્યાનો પ્યારની ઉપમા આપી! કે ભાઈ! આ કારણે આપી છે સાંભળને પાછા કોઈ ભડકી ન જાય. ગણિકાનો પ્યાર. ગણિકા એટલે નગરની નાર. એટલે બધા વ્યભિચારી જેવા માણસો બધા આવે. એની ઉપમા આપી. સમજાણું? એનો પ્યાર જેમ નથી એમ ધર્મીને આત્માના પ્રેમ સિવાય બીજે ક્યાંય પ્રેમ નથી. એમ દૃષ્ટાંત કહ્યું. સમજાવવા દૃષ્ટાંત કહ્યો, ત્યાં ભડકી જાય એટલે પછી ખુલાસો કર્યો. સમજાણું કાંઈ?

આત્મા એવો શુદ્ધ ભગવાન આત્મા શુદ્ધ કીધો ત્યારે એમ થયું કે એની પર્યાયમાં અશુદ્ધતા તો અનાદિની છે. એ અશુદ્ધ રાગાદિ, એ અશુદ્ધ રાગાદિ અનાદિ કાળમાં એકલા પાપનું જ અશુદ્ધ કર્યું છે એણે? નવમી ગ્રૈવેયકે સ્વર્ગમાં અનંત વાર ગયો. કેટલા દયા, દાન, વ્રત, ભક્તિ કેટલા કર્યા હશે ભાવમાં એણે. એવા શુભ પરિણામ પણ એવા અત્યારે તો એવા શુભ પરિણામ હોય નહિ જેનાથી નવમી ગ્રૈવેયક જવાય. એવા શુભાશુભ પરિણામ એને

અહીંયાં અશુદ્ધ પરિણામ કીધા છે. એ અશુદ્ધથી તો કર્મ ઉપાર્જન થાય. એનાથી કાંઈ ધર્મ થાય (એમ બને નહિ). સમજાણું કાંઈ? આહા..હા..!

**'અશુદ્ધ રાગાદિક વિભાવ ઉનસે ઉપાર્જન કિયે...'** એનાથી ઉપાર્જન કરેલા. કર્મ જેવો છે ઉદય આવ્યો તે જ પ્રમાણે વિકાર થયો અને તે પ્રમાણે ઉપાર્જ્યા એમ નથી અહીં. સમજાણું કાંઈ? **'શુભ-અશુભ કર્મ ઉનકે ફલકો ભોગતા હુઆ જો અજ્ઞાની જીવ મોહકે ઉદયસે...'** એટલે મિથ્યાત્વ ભાવથી. મોહ શબ્દ પડ્યો છેને મૂળમાં? સમજાણું? **'मोहइं'** મોહ છે ને? **'निर्मोहशुद्धात्मप्रतिकूलमोहोदयेन'** એમ પાછું લીધુંને? સમજાણું? **'निर्मोहशुद्धात्मप्रतिकूलमोहोदयेन'** એમ. એનાથી પ્રતિકૂળ છે હોં! એટલે કર્મ નહિ, ઓલો વિકાર છે. સમજાણું કાંઈ? **'निजोपार्जितं'** એમ છેને? **'निजोपार्जितं'**. તેનાથી ઉત્પન્ન કરાયેલા. પાઠમાં એમ છેને? **'निजोपार्जितं'** પોતે ઉપાર્જન કરેલા એટલે કે એનાથી ઉપાર્જન કરેલા એમ થયું. પણ પોતે ઉપાર્જન કર્યા છે એમ.

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જે પ્રગટ કર્યો પર્યાયમાં, એવો જ ભગવાન દ્રવ્ય સ્વરૂપે એવો છે. એની અનુભૂતિની પર્યાયથી વિપરીત આવી શુભાશુભ પરિણતિ એ અશુદ્ધ પર્યાય. એ નિજથી કરેલી અને નિજથી ઉપાર્જેલું. શું? શુભાશુભ કર્મફળ. સમજાય છે? **'ઉનકે ફલકો ભોગતા...'** જ્ઞાની એને ફળને ભોગવતો નથી એમ પહેલું કહ્યું હતું. અજ્ઞાનીને આનંદના ફળની ખબર નથી એટલે એ કર્મના ફળને ભોગવતો અજ્ઞાની, **'મોહકે ઉદયસે હર્ષ-વિષાદ ભાવ કરતા હૈ,...'** સમજાણું? હા, બહુ ઠીક છે. પ્રેમ નથી. વિષયભોગ .. ઈન્દ્ર આદિ, દેવ, વૈભવ, વિભૂતિ, શરીર, બીજી બધી સામગ્રી. મૂઢ જીવ શુદ્ધાત્મ સ્વરૂપથી ભ્રષ્ટ થયેલ, પોતાના આનંદ સ્વભાવને ભૂલી અને આ સામગ્રીમાં ઠીક છે એમ અજ્ઞાની હરખને કરે છે. પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલી પ્રતિકૂળ સામગ્રી 'આ ઠીક નથી... આ ઠીક નથી... આ ઠીક નથી' એમ દ્વેષને કરે છે. સમજાણું? હર્ષ-વિષાદ. વિષાદ એટલે ખેદ. શરીરમાં રોગ હોય, નિર્ધનતા હોય, 'આ ઠીક નથી'. શું ઠીક નથી પણ? ધૂળ એ તો જગતની ચીજ છે. એમાં ઠીક નથી તને આવ્યું ક્યાંથી એમાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ઠીક એટલે સારું માન્યું એમ બીજું માન્યું છે. છે ક્યાં સારું ન્યાં? માન્યું એવો ભાવ. સમજાણું? કજીયાળી બાયડી અને કજીયાળા છોકરા ને બધા મકાન પણ એવા ને પૈસા એવી ને બધી સ્થિતિ એવી હોય, મૂઢ જીવ એમ માને ઉંહું.. આ નહિ. વિષાદ ખેદ... ખેદ... ખેદ... મૂઢ છો કહે છે. ભગવાન આત્માને ભૂલીને ખેદ કરે છો? અજ્ઞાનીને કર્મ નવું બંધાય છે. બધી કહ્યાગરી સ્ત્રી અને કહ્યાગરા છોકરા અને કહ્યાગરી બાયડી, વહુ. બધું

આમ. શું કહે છે તમારી મીઠી ભાષામાં? ક્હળ્યું કુટુંબ. કહળ્યું કુટુંબ કહે છેને? બધું આમ સરખું દેખે. પૈસા બધા. મૂઢ છો? ભગવાન આત્માને ઠીક માન્યા વિના આ ઠીક ક્યાંથી આવ્યું તને?

મુમુક્ષુ :- દિ' વળે ત્યારે ઠીક થાયને.

ઉત્તર :- શેનો દિ' વળ્યો કહેવાય? દિ' તો આત્માનો સ્વકાળ વળ્યો એને દિ' વળ્યો કહેવાય. અશુદ્ધ પરિણતિમાં ગયો એ શુદ્ધ પરિણતિમાં આવે એનો દિ' વળ્યો કહેવાય. બાકી દિ' ક્યાં વળ્યા? દિ' ભૂંસાડીયા વળી ગયા છે એના. આ આકરી વાત ભાઈ! સમજાણું?

**'એ વિષાદ ભાવ કરતા હૈ, વહ નયે કર્મોંકા બંધ કરતા હૈ.'** લ્યો! આવો ભાવ કરે તે નવા કર્મને બાંધે એમ કહે છે લ્યો! સમજાણું? **'વહી નયે કર્મોંકા બંધ કરતા હૈ.'** રાગ-દ્વેષ અજ્ઞાની કરે છે એ અજ્ઞાની નવા ચીકણા કર્મ બાંધે છે, જ્ઞાનીને એવું બંધન છે નહિ. એ બતાવવા આ સામે વાત કરી છે હોં! એવી ને એવી સામગ્રી, એવી ને એવી પ્રતિકૂળતામાં, એવી ને એવી અનુકૂળતામાં પડ્યો હોય જ્ઞાની. ઠીક-અઠીક પરમાં એને લાગતું નથી કાંઈ. આત્માના જ્ઞાતા-દૃષ્ટાના ભાન આગળ કોઈ ઠીક-અઠીક બીજું નથી. એટલે એને ખરેખર અશુદ્ધ ભાવ થતાં નથી. માટે એને ખરેખર બંધન છે નહિ અને અજ્ઞાનીને બંધન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૫, ગુરુવાર, તા. ૧૦-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૦-૮૧, પ્રવચન-૧૨૪**

૮૦ ગાથા.

२०७) भुंजंतु वि णिय-कम्म-फलु जो तहिँ राउ ण जाइ।
सो णवि बंधइ कम्मु पुणु संचिउ जेण विलाइ।।८०।।

જરી ઝીણી વાત કરે છે થોડામાં. જે કોઈ આત્મા... '**निजकर्मफलं**' ઐસા શબ્દ પડા હૈ ન? ઐસા સિદ્ધ કિયા કિ આત્મા હૈ વહ અનાદિ હૈ. વહ અનાદિ-અનંત ગુણ સંપન્ન હૈ, છતાં અપના સ્વરૂપકા ભાન બિના અપને કિયા હુએ કર્મોંકે ફલ, ઐસા શબ્દ પડા હૈ. આત્મા વસ્તુ અનંતગુણ સંપન્ન અનાદિકી હૈ. ઔર ઉસકી પર્યાયમેં-અવસ્થામેં અનાદિકી ભૂલ હૈ. દો બાત સિદ્ધ કી. સમજમેં આયા? તો ક્યા ભૂલ કી ઉસને? કિ અપના શુદ્ધ આત્મા જ્ઞાનાનંદ, જ્ઞાતા-દૃષ્ટા વીતરાગસ્વભાવ હૈ ઉસકો ભૂલકર અજ્ઞાનભાવસે પુણ્ય-પાપકા ભાવ જો ઉપાર્જન કિયા ઉસસે અપને બાંધે કર્મ. જો '**निजकर्मफलं**' છેને? ઉસને પૂર્વ પર્યાયમેં અપની દશા, અપને સ્વભાવકો ભૂલકર મૈં જ્ઞાનાનંદ હૂં, આનંદ હૂં, શુદ્ધ હૂં, વીતરાગ મેરા સ્વભાવ શુદ્ધ હૈ ઐસા ન જાનકર પર્યાયમેં ભૂલ હૈ અનાદિકી ઐસી. વસ્તુ શુદ્ધ હૈ ઐસી પર્યાય ભી શુદ્ધ થી અનાદિકી ઐસા હૈ નહીં. અને ભૂલ હૈ તો ભૂલ અપને સે હૈ, કોઈ દૂસરેસે નહીં. કિસીને કરાયા હૈ ભૂલ તો હોતી હૈ ઐસા નહીં. અપને બાંધે હુએ કર્મફલ કો... દેખો, કર્મ હૈ, પર્યાયમેં ભૂલ થી, કર્મ બંધા ઔર ઉસકા ફલ આયા. ઈતની બાત સિદ્ધ કી. કર્મ જો બંધા ઉસકા ફલ આયા પાક.

'**ભોગતા હુઆ ભી...**' દેખો, વો કર્મકે ફલમેં લક્ષ હોનેપર ભી રાગ-દ્વેષ નહીં આત્મામેં. મૈં તો જ્ઞાતા હૂં. વીતરાગ શુદ્ધ ચૈતન્ય મેરા સ્વભાવ હૈ. અનુકૂલ હો યા પ્રતિકૂલ ઉસમેં વિકલ્પમેં રાગ-દ્વેષ નહીં કરકે, જ્ઞાતા-દૃષ્ટા હોકર અપની શાંતિકા અનુભવ કરતા હૈ. તો '**જો જીવ રાગ-દ્વેષકો નહીં પ્રાપ્ત હોતા...**' દેખો, પહલે દો બાત કહી. પૂર્વે રાગ-દ્વેષ અજ્ઞાનસે કિયા થા, ઉસસે બંધ કિયા, ઉસકા ફલ આયા. વર્તમાનમેં દશા પલટ ગયી. મૈં આત્મા જ્ઞાનસ્વરૂપ હૂં. મેરી ચીજ કોઈ દૂસરેસે મુઝે પ્રાપ્ત હોતી નહીં, દૂસરા કોઈ પ્રાપ્ત કરા સકતા નહીં. સમજમેં આયા? ઔર વિકલ્પ જો હૈ ઉસસે ભી મેરી ચીજ, શુભરાગસે ભી મેરી ચીજ મુજે પ્રાપ્ત નહીં હોતી. ઐસા અપના સ્વભાવ જ્ઞાયક શુદ્ધ અનંતગુણકા પિંડ ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ઔર શાંતિ પ્રગટ કરકે, પૂર્વકા બંધા ફલકો ભોગતે હૈં. ભોગતે હૈં કા અર્થ સંયોગમેં આતા હૈ તો રાગ-દ્વેષ નહીં કરતે. અનુકૂલ-પ્રતિકૂલ સંયોગ હો, મેરી ચીજમેં હૈ નહીં. મૈં તો ઉસકા જાનને-દેખનેવાલા હૂં. મૈં તો જાનને-દેખનેવાલા હૂં. વહ ચીજ મેરી હૈ ઔર મુઝે ભોગની પડતી હૈ ઐસા સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ અપનેમેં ઐસા માનતા નહીં. આવી વાત છે. સમજમેં આયા?

'**ફિર કર્મ કો નહીં** બાંધતા,...' નયે કર્મ નહીં બંધતે. આત્મા શુદ્ધ ચૈતન્યકે ભાનમેં, અભાનસે બંધા કર્મ ભાનમેં નહીં બાંધતા. સમજમેં આયા? યહ ક્રિયા ઉસકી હૈ. મૈં જ્ઞાતા-દૃષ્ટા, અનંત આનંદસ્વરૂપ ઐસી દૃષ્ટિ હુઈ, અપના આનંદકા સ્વતંત્ર સ્વભાવ શુદ્ધકા, આનંદકા

વેદન હુઆ, મૈં શાંતસ્વરૂપ હૂં, આનંદ હૂં ઐસા અતીન્દ્રિય આનંદકા ભાન હુઆ, વહ સ્વાદકે આગે દૂસરી ચીજમેં કહીં ઉસકો રાગ ઔર પ્રીતિ-અપ્રીતિ હોતી નહીં. સમજમેં આયા? ભારે કામ. દેખો '**પહલે બાંધે હુએ કર્મ ભી નાશ હોતા હૈ.**' એ..

'**ભાવાર્થ :- નિજ શુદ્ધાત્માકે જ્ઞાનકે અભાવસે...**' વહાં પ્રીતિકા લિયા. ભગવાન આત્મા નિજ નામ અપના હોં. ભગવાનનો આત્મા ભગવાન પાસે. ગુરુનો આત્મા ગુરુ પાસે. કોઈસે મિલતા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે નહિ. ગુરુ કહતે હૈં હમ તુમકો સમજાકે ... ... સમજમેં આયા? કૌન સમજાવે? દૂસરા કુછ સમજા દે ઐસા અભિમાન હૈ?

મુમુક્ષુ :- કર્તવ્ય હૈ.

ઉત્તર :- કર્તવ્ય ભી હૈ નહીં. ક્યા કર્તવ્ય હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો સાંભળવું, પણ સમજવું-સમજવું કોને? એને સમજે ત્યારે ઉસને સુના ઐસા કહનેમેં આતા હૈ. કૌન સમજે? કૌન સમજાવે? આહા..હા..! સમજનેમેં સમજનેમેં સમજના કિસકો હૈ? થઈ રહ્યું ખલાસ હુઆ. એ જ કહે છે કે નિજ શુદ્ધાત્મા. જુઓ, શબ્દ ઐસા લિયા હૈ. ગુરુએ કહા, સર્વજ્ઞને કહા. પરમાત્મા ત્રિલોકનાથ હતા લ્યો! સમવસરણમેં. પણ એ સમજ્યો, અપને સમજા તબ ગુરુને કહા ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં, નહીં, ઐસા હૈ હી નહીં.

'**નિજ શુદ્ધાત્માકે જ્ઞાનકે...**' ઐસા લિયા હૈ દેખો, અપના આત્મા ચૈતન્યમૂર્તિ અનંતગુણકા પિંડ હૈ. ઉસકા પહલા નિજ શુદ્ધાત્મા લિયા. દ્રવ્ય. વહ અપના દ્રવ્ય લિયા હૈ. વસ્તુ. ઉસકા જ્ઞાન વહ પર્યાય લી હૈ. સમજમેં આયા? બાત યે તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર આત્મા હૈ. ઐસા વીતરાગ પરમેશ્વર હુઆ ઐસા હી ઉસકા સ્વભાવ હૈ. નિજ શુદ્ધ ચૈતન્ય પ્રભુ રાગ આદિ હૈ ઉસસે ભિન્ન સ્વરૂપ હૈ. નિજ શુદ્ધાત્મા. ઉસકો આત્મા કહતે હૈ દેખો, અપના શુદ્ધ આત્મા અનંત ગુણ શાંત આનંદ વીતરાગ સ્વરૂપ, જિસમેં પરકી કોઈ અપેક્ષા હૈ હી નહીં. ઉસકા જ્ઞાન, ઉસકા જ્ઞાન વહ પર્યાય હુઈ. ઐસા શુદ્ધ ભગવાન આત્મા ઉસકા જ્ઞાન. એટલે આત્મા કા જ્ઞાન, જ્ઞાન કા જ્ઞાન. ઉસકા '**અભાવ સે ઉપાર્જન કિયે...**' ઐસા કિયા દેખો, કર્મકા કારણસે ઉપાર્જન કિયા, પૂર્વકા કર્મકા બંધ પડા ઉસસે યહાં અજ્ઞાન હુઆ ઐસા

નહીં કહા હૈ.

મુમુક્ષુ :- દૂસરી જગહ કહા.

ઉત્તર :- દૂસરી જગહ કહા વહ નિમિત્તસે કથન હૈ. વસ્તુ ઐસી હૈ નહીં. સમજમેં આયા? 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' દૂસરા કોઈ ઉસકો ભૂલાતા હૈ ઐસા હૈ નહીં. ઔર અપનેકો આપ ભૂલા વહી ભૂલ અપનેસે ટલતી હૈ. મૈં તો જ્ઞાન હૂં, મૈં તો શાંત આત્મા હૂં. આત્મામેં કોઈ વિકલ્પ હૈ નહીં, રાગ હૈ નહીં, કર્મ હૈ નહીં, શરીર હૈ નહીં, સ્વતંત્ર વસ્તુ હૈ, સ્વતંત્ર પદાર્થ હૈ. ઐસા આત્માકે 'જ્ઞાનકે અભાવસે' લિયા હૈ. કોઈ કર્મકા જોરકે કારણસે ઉસને નયા કર્મ બાંધા ઐસા હૈ નહીં. સમજમેં આયા? ભારે વાત ભાઈ! એ અંતર્મુખ ક્યા ચીજ હૈ ઉસને અનંતકાલમેં દૃષ્ટિ દી નહીં. વહ કારણ સે ઉપાર્જન કિયા. ઐસા કહા દેખો.

**'જ્ઞાનકે અભાવસે...'** તબ ઉસકા અર્થ હુઆ કિ આત્માકે અજ્ઞાનસે, સ્વરૂપકે બેભાનસે. મૈં ક્યાં હૂં? શુદ્ધ અખંડ આનંદકંદ હૂં, વિકલ્પકી ગંધ નહીં ઉસમેં. જિસ ભાવસે પરગતિ મિલે વહ ભાવ ભી ઉસમેં નહીં. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી વસ્તુમેં નહીં. વસ્તુમેં ક્યા? ઐસા આત્માકા અજ્ઞાન. દેખો, જ્ઞાનસે અભાવ અર્થાત્ અજ્ઞાન. વહી અજ્ઞાનસે ઉપાર્જન કિયે **'શુભ-અશુભ કર્મ...'** દેખો, શુભભાવ કિયા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપકા ભાવ, તો પુણ્ય બંધ ગયા. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ કિયા તો પાપ બંધ ગયા. **'શુભ-અશુભ કર્મ ઉનકે ફલકો...'** દેખો, અબ. વહ કર્મ જો બંધા, ઉતની બાત સિદ્ધ કરતે હૈ. એકકોર આત્મા સિદ્ધ કિયા શુદ્ધાત્મા, ઉસકા જ્ઞાનકા અભાવ સિદ્ધ કિયા. અજ્ઞાન હૈ. ઔર અજ્ઞાનસે કર્મ બંધા. જડ ચીજ હૈ દૂસરી. વહ બંધા ઉસકા ફલ ભોગતા. ઉસકા ફલ આયા પાપ. બંધા થા ઉસકા પાક આયા ઔર ઉસકા ભોક્તા હુઆ. દેખો.

જ્ઞાની **'વીતરાગ ચિદાનંદ પરમ...'** એક શબ્દ પડા રહા ન. પરમ ડાલ દિયા. **'વીતરાગ ચિદાનંદ...'** એક સ્વભાવ છેને? એટલે પરમ શબ્દ નાખી દીધો છે. **'વીતરાગ ચિદાનંદ પરમસ્વભાવરૂપ...'** એ રૂપ નાખ્યું. સમજાણું કાંઈ? ઓહો..હો..! સમ્યગ્દર્શનમેં વીતરાગ ચિદાનંદ પરમસ્વભાવરૂપ. હું તો આત્મા. જિસમેં વિકલ્પસે સમજું ઔર મૈં પરસે સમજું ઐસી વિકલ્પકી જિસમેં ચીજ નહીં. ઐસા વીતરાગ જિસમેં પુણ્ય-પાપકા વિકલ્પ નહીં. જો વિકલ્પ થા વહ પર્યાયમેં થા, સ્વરૂપમેં નહીં. સ્વરૂપ વીતરાગ શાંતરસ સે ભરા ચિદાનંદ્. ચિદ્ એટલે જ્ઞાનાનંદ. દેખો, અકષાય ઐસા જ્ઞાનાનંદ એક પરમસ્વભાવ. આનંદસ્વરૂપ મેરા હૈ. ઐસા સમ્યગ્દર્શન. ઐસા સમ્યગ્દર્શન. સમજમેં આયા?

પરમસ્વભાવ-પરમસ્વભાવ. વીતરાગ ચિદાનંદ એક પરમસ્વભાવ ઐસા શુદ્ધાત્મતત્ત્વ.

ભગવાન પરમાનંદમૂર્તિ, ઉસકી ભાવના. ભાવના ક્યા? એકાગ્રતા. ભગવાન આત્મા શુદ્ધ આનંદ હૈ ઉસમેં એકાગ્રતા, અંદર એકાગ્રતા. જો પુણ્ય-પાપકે ભાવમાં એકાગ્રતા થી, એકાગ્રતા તો થી પરંતુ અજ્ઞાનરૂપ થી, ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ ઉસમેં અનંત આનંદ આદિ હૈ ઉસમેં એકાગ્રતા. વહ પર્યાય હૈ. પરમસ્વભાવ તત્ત્વ દ્રવ્ય હૈ, ભાવના ઉસમેં સંવર-નિર્જરા હુઈ. જીવતત્ત્વ ઐસા વીતરાગ ચિદાનંદ પરમસ્વભાવ જીવતત્ત્વ ઔર ઉસમેં એકાગ્રતા વહ સંવર-નિર્જરા તત્ત્વ. સંવર-નિર્જરા લોક કહે ઐસા નહીં હોં. અંતરમેં આનંદમેં એકાગ્રતા હોના ઉસકા નામ આત્માકી ભાવના, ઉસકા નામ સંવર ઔર નિર્જરા તત્ત્વ. ઉસસે ઉત્પન્ન. જુઓ, ઉત્પન્ન. આનંદ તો ત્રિકાલ હૈ, પરંતુ પર્યાયમેં આનંદ આયા ઉસકા નામ સંવર-નિર્જરા કહતે હૈં. સમજમેં આયા?

**'અતીન્દ્રિયસુખરૂપ અમૃતસે તૃપ્ત હુઆ...'** ભગવાન આત્મા શાંત... શાંત... શાંત... અવિકારી-અકષાય સ્વરૂપ એવી અંતર એકાગ્રતા કરકે શાંતિસે, શાંતિસે તૃપ્ત હુઆ, શાંતિસે અતીન્દ્રિય આનંદરૂપ અમૃતસે. દેખો, સમ્યગ્દૃષ્ટિ ઉસકો કહતે હૈં. સમજમેં આયા? ગૃહસ્થાશ્રમમેં ભી હો તો ભી અપને અમૃતરસકે સ્વાદ આગે રાગી-દ્વેષી નહીં હોતા. ઓહો..હો..! સમજમેં આયા? છ ખંડકા રાજ ઉસકો લલચા સકતા નહીં. છ ખંડકા રાજ ઉસકો લલચા નહીં સકતા. ઔર ઉસકો પ્રતિકૂલ અગ્નિકા પરિષહ હો જલા નહીં સકતા, દ્વેષ નહીં કરા સકતા. મૈં તો જ્ઞાન ઔર આનંદ હૂં ઐસા સમ્યક્ ભાન હોનેસે અતીન્દ્રિય સુખ અમૃત કા તૃપ્ત હુઆ. આહા..હા..! અપના ભાવ શુદ્ધ ચૈતન્યકી શાંતિસે તૃપ્ત હુઆ. રાગી-દ્વેષી નહીં હુઆ. અપની શાંતિસે જહાં તૃપ્ત હૈ વહાં સંયોગ અનુકૂલ-પ્રતિકૂલ ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિ ઉત્પન્ન હોતી નહીં. આહા..હા..! ભારે વાત. સમજમેં આયા? રાગી-દ્વેષી ઇન્દ્રિયકા .. વિકલ્પ .. નહીં. પ્રતિકૂલતામેં જરા અંશ દોષ આયા, પ્રેમ નહીં. સંયોગકા સ્પર્શ નહીં. અંતર્મુખ ભગવાન આત્મા અનંત-અનંત ગુણ સંપન્ન પ્રભુ ઉસકી અંતરમેં એકાગ્રતાસે, અતીન્દ્રિય આનંદકી તૃપ્તિસે તૃપ્ત હુઆ, સંયોગમેં રાગ-દ્વેષ હોતા નહીં. સમ્યગ્દૃષ્ટિકો સંયોગસે, અંતરમેં રાગ-દ્વેષ હોતા નહીં. આહા..હા..! સમજમેં આયા?

**'વહ જીવ ફિર જ્ઞાનાવરણાદિ કર્મોંકો નહીં બાંધતા હૈ,...'** સમજાય છે કાંઈ? વાસ્તવિક અપના સ્વરૂપ ક્યા હૈ? અનંત-અનંત શાંતિ જિસમેં પડી હૈ. બરફકી શિલા હૈ જૈસે બરફકી શિલા. ઐસે આત્મા એકલી શાંત શિલા હૈ શાંત અકષાય શાંત. ઐસા અંતરમેં તૃપ્ત હુઆ જ્ઞાની. સમજમેં આયા? રાગી-દ્વેષી નહીં હોતા તો નયા કર્મ નહીં બાંધતા. **'ઔર નયે કર્મોંકા બંધકા અભાવ હોનેસે...'** સમ્યક્ ભાનમેં નયા કર્મકા બંધ નહીં હોતા. ઔર **'પ્રાચીન કર્મોંકી નિર્જરા હી હોતી હૈ.'** પૂર્ણ પૂર્વકા કર્મ હૈ વહ ઉદય આકે ખિર જાતા

है. संवरपूर्वक निर्जरा भाषा भाई करी छे. जुओ, तेथी खुलासो कर्यो. समजाय छे?

'यह संवरपूर्वक निर्जरा ही मोक्षका मूल है?' जुओ, त्रण लिया. संवरपूर्वक निर्जरा ही मोक्षका मूल. तीनों लिये—संवर-निर्जरा और मोक्ष. पुण्य-पापका भाव वह आस्रव था. उससे नया बंध पडता था वह बंध था. वह बंध और आस्रवसे दृष्टि हटाकर अपना चिदानंद स्वरूप अबंधस्वभाव उसकी दृष्टि करने से एकाग्रता से जो शांतिका तृप्तपना आया वह संवर है. उससे नया कर्म बंधता नहीं. और उसमें उग्रता से ठहरता है तो पूर्वके कर्म खिर जाते हैं. वह निर्जरा हुई. .. निर्जरा कैसे होती है वह भाई कहते है. .. ज्ञानावरणीय नहीं बंधते?

भगवान आत्मा पूर्ण अरागी स्वरूपका अतृप्तपना जो राग और पुण्यका प्रेममें आत्माका तृप्तपना तूटकर विकारका तृप्तपना था. अनादिसे पुण्य-पापका विकारका तृप्तपना मानकर अंदर मिथ्यात्वमें पडा था. उससे हठकर भगवान आत्मा अतीन्द्रिय आनंदमूर्ति प्रभु उसके अंदरमें तृप्त एकाग्र होकर संवर हुआ. वह सम्यग्दर्शन-ज्ञान वह संवर हुआ. स्वरूपकी स्थिरता हुई वह भी संवर हुआ. तो उससे नये कर्म बंधते नहीं. भारे रीत आकरी. समजमें आया?

और '**प्राचीन कर्मोंकी निर्जरा ही होती है. यह संवरपूर्वक निर्जरा ही मोक्षका मूल है?**' देखो, नौ तत्त्वमें यह तत्त्व ले लिया. उसमें कुछ .. लोने .. आस्रव तत्त्वमें पुण्य-पाप गिना जाता हैने. तो सातों आ गया देखो! साततत्त्वका सुखका श्रद्धान किया हैन शास्त्रकारे? सात तत्त्वकी श्रद्धानका अर्थ क्या आया? कि आत्मा ज्ञानानंद तत्त्व है शुद्धात्मा, उसमें एकाग्र होकर श्रद्धा-ज्ञान हुआ वह संवर-निर्जरा और बाकी जो थोडा विकल्प आदि रहा वह आस्रव, (रुका) वह बंध, उसका ज्ञान आ गया. वह मेरेमें नहीं ऐसा ज्ञान आया. उसका अनुभव नहीं. और आत्मा से भिन्न अजीवतत्त्व कर्म है. कर्मके फलमें मैं हूं नहीं. ... बंधका अभाव हुआ दृष्टिमें से ज्ञान. और संवर-निर्जराकी उत्पत्ति हुई. और उसकी संवर-निर्जरापूर्वक आगे बढकर पूर्ण शुद्ध हुआ वह मोक्ष हुआ. समजमें आया?

कुंदकुंदाचार्य महाराज, उनके शिष्य उमास्वामी. तत्त्वार्थसूत्र मोक्षशास्त्र. वह तो पहेला सूत्र है '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' तत्त्वार्थश्रद्धान सम्यग्दर्शनं. सात तत्त्वकी श्रद्धा. तो सात तत्त्व कैसा? समजमें आया? सब समा दिया देखो उसमें. मैं तो ज्ञायक चिदानंद वीतरागस्वरूप हूं. ऐसी दृष्टि हुई तो आत्माकी प्रतीत हुई. दृष्टि हुई, संवर हुआ. और उस कारणसे आस्रव-बंध मेरेमें अभाव से तो मुझे आस्रव-भावबंध है ही नहीं. और अजीव मेरेमें है नहीं. मेरा स्वभावमें एकाग्र होने से नया कर्म नहीं बंधा. संवर हुआ, और शुद्ध एकाग्र होकर पूर्वका कर्म छूट जाता है. और अशुद्धता टल जाती है उसको निर्जरा

કહતે હૈ. ઔર પૂર્ણ શુદ્ધતાકી પ્રાપ્તિ કો મોક્ષ કહતે હૈં. ભીખાભાઈ! સાત તત્ત્વની શ્રદ્ધાનું આ સ્વરૂપ છે. આ દુનિયા માને બહારથી માન લિયા. સમજમેં આયા?

દેખોને ઉન્હોંને તો બહુત ખુલાસા કિયા હૈ. સમજમેં આયા? યહ ક્યા જાનના હૈ? ભગવાનને સાત તત્ત્વ દેખે ઔર કહા વહી જાનના, દૂસરા ક્યા જાનના હૈ? ક્યા જાનના દૂસરા? ઘડા કૈસે બને? કપડા કૈસે બેચના વહ જાનના હૈ? ઈંજેક્શન કૈસે લગાના? દવા યહ સબ જાનના હૈ? વહ ધૂલકી બાત તો અનાદિ સે જાની હૈ. ભગવાન ચિદાનંદ સ્વરૂપ અનંત-અનંત બેહદ શાંતિકા સમુદ્ર પ્રભુ હૈ. ઐસા સર્વજ્ઞ પરમેશ્વરને કહા હૈ. ઐસા ઉસને અંતરમેં જાના. તો જાના તો સંવર હો ગયા. વહ સંવરપૂર્વકકી અપેક્ષા સે. તો પૂર્વકા કર્મ જરતે હૈ તો વહાં નિર્જરા હો ગયી ઔર વહી સંવર-નિર્જરા પૂર્વક હી પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત હોતી હૈ. એક આસ્રવપૂર્વક મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ, પુણ્ય-પાપકા પરિણામ હૈ, પુણ્યકે પરિણામપૂર્વક મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ ઐસા નહીં. ધૂલમેં પુણ્યસે સંવર નહીં હોતા. આત્માપૂર્વક સંવર ઔર સંવરપૂર્વક નિર્જરા ઔર નિર્જરાપૂર્વક મોક્ષ. ક્યા કહા? દેખો.

ભગવાન આત્મા. દેખો, ક્યા કહા? ઈતનેમેં લે લિયા. શુદ્ધાત્મતત્ત્વ વહ આત્મપૂર્વક હુઆ. ભાવના વહ આત્મામેં સે નિકલા સંવર ઔર નિર્જરા, ઉસપૂર્વક અતીન્દ્રિય તૃપ્ત હુઆ. રાગી-દ્વેષી ન હુઆ, આસ્રવ-બંધ ન હુઆ. સમજમેં આયા? ઔર '**પ્રાચીન કર્મોંકી નિર્જરા હી હોતી હૈ.**' યે તો મહાસિદ્ધાંત હૈ. લૌકિકમેં તમારા ચોપડા તપાસતે હૈ, પણ ઉસમેં ક્યા વ્યાજ-બ્યાજ કરતે હૈ. ધીરધાર કરતે હૈ કિ નહીં? પાંચ-દશ લાખ રૂપિયા દિયા હો તો આઠ આના તરીકે વ્યાજ કાઢતે હૈ કિ નહીં વાણિયા? ચક્રવૃદ્ધિ વ્યાજ નિકાલે. મોહનભાઈ! દશ લાખ દિયા હો. તબ આઠ આના થા. અબ તો બઢ ગયા હૈ, નહીં? અબ તો બઢ ગયા હૈ. અબ તો બ્યાજ બઢ ગયા હૈ. એક-એક દિનકા બ્યાજ લેકર બ્યાજ ચઢા દે. દશ લાખ દિયા હો તો આઠ આના કા બ્યાજ. એક દિનકા જો વ્યાજ આયા વહ ચઢા દે. ઔર દૂસરે દિન વહ દશ લાખ ઔર ઉસકા બ્યાજ એક દિનકા ઉસમેં આઠ આના લગા દે. ઉસકા નામ ચક્રવૃદ્ધિ બ્યાજ. વહાં બહુત ડહાપન કરતે હૈ અજ્ઞાની. ..ભાઈ! અબ તક ક્યા કિયા? સમજમેં આયા?

યહાં ભગવાન પરમાત્મા કહતે હૈં કિ અબ દૂસરા ધંધા કર, દૂસરા ફેર. અપને આત્મા કા વેપાર કર દે. વહ તો અજ્ઞાનકા, રાગ-દ્વેષકા વ્યાપાર હુઆ. ઉસમેં તો હેરાન-હેરાન ચાર ગતિમેં હુઆ. સમજમેં આયા? આત્મા .. પૂર્વસંચિત કર્મ ઐસે વીતરાગ પરિણામ .. .. વહ વીતરાગ પરિણામ. સંવર ઔર નિર્જરા વહ વીતરાગભાવ હૈ. સમજમેં આયા? અધ્યાત્મકી બાત ઐસી સૂક્ષ્મ હૈ. કભી અભ્યાસ કિયા નહીં. કભી અનંતકાલમેં શાસ્ત્ર પઢ લિયા. સમજમેં

આયા? વ્રત-નિયમ ભી અનંતબાર લિયા, પરંતુ તત્ત્વ ક્યા હૈ? અંતરમેં ગંભીર નજર નહીં કી. સારા સંસારકા વિકલ્પ મેરી ચીજમેં નહીં. ઔર હૈ તો ફિર મેરી શાંતિ સે મેરા આત્માકા હૂં. શાંતિ કહો યા વીતરાગભાવ કહો. ઐસા આત્મામેં એકાગ્ર હોકર નયા કર્મ બંધતે નહીં ઔર પૂરાના કર્મ .. હોતા હૈ. ઉસ પૂર્વક .. હોતા હૈ. ક્યા કહા?

આત્માકી શ્રદ્ધામેં આત્મપૂર્વક. શ્રદ્ધા આત્માકી, જ્ઞાન આત્માકા, સ્થિરતા આત્મામેં. વહ આત્માપૂર્વક શ્રદ્ધા-જ્ઞાન સે ઔર સંવર-નિર્જરાપૂર્વક મોક્ષ હોતા હૈ. આસ્રવ ઔર જીવ નિકાલ દિયા. સમજમેં આયા? દેખો પાઠમેં ઐસા લિયા. '**वीतरागपरिणामेन विलयं विनाशं गच्छतीति।**' દેખો, ભગવાન આત્મા અપને સ્વભાવ સન્મુખ હોકર જો અવિકારી પરિણામ વીતરાગ પર્યાય હોતી હૈ ઉસસે હી પૂર્વકા કર્મકા વિલય-નાશ હોતા હૈ. દૂસરા કોઈ ઉપાયસે કર્મકા નાશ નહીં. નિર્જરા કહતે હૈ. સમજમેં આયા? ત્યારે ગુરુને પ્રભાકરભટ્ટે પ્રશ્ન કર્યો. ગુરુકો શિષ્યને પ્રશ્ન કિયા. '**ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા...**' યોગીન્દ્રદેવ મુનિ થે. ૯૦૦ સાલ પહલે દિગંબર મુનિ જંગલમેં બસતે થે. મહા દિગંબર મુનિ સનાતન સર્વજ્ઞકા પંથ વીતરાગકા હૈ. ઉસકા આરાધન કરતે થે જંગલમેં. ધ્યાનમેં દિગંબર મુનિ. ઉન્હોંને યહ પરમાત્મપ્રકાશ બનાયા. કુંદકુંદાચાર્યકે બાદ ૧૧૦૦ સાલકે બાદ હુએ લગભગ. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ દો હજાર વર્ષ પહલે હુએ. ઉનકે પીછે યહ યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશકે કર્તા. દિગંબર સંત જંગલવાસી, વનવાસી ઉન્હોંને યહ બનાયા.

ઐસા ગુરુને કહા યોગીન્દ્રદેવ. ઉસને પ્રભાકર .. પક્ષ. ઉસને પ્રશ્ન કિયા કિ, મહારાજ! તુમ ઐસે કહતે હોં કિ હમકો પ્રશ્ન હૈ. સમજમેં આયા? .. યોગી-યોગી કહતે હૈ. '**હે પ્રભો,...**' શિષ્ય પ્રશ્ન કરતા હૈ. ગુરુને ઐસા કહા તો શિષ્યને પ્રશ્ન કિયા. સમજમેં આયા? '**કર્મકે ફલકો ભોગતા હુઆ ભી જ્ઞાનસે નહીં બંધતા ઐસા સાંખ્ય આદિક ભી કહતે હૈં,...**' અન્યમતિ ભી કહતે હૈં. જૈનદર્શન સિવાય અન્યમતિ ભી હૈ વે ભી કહતે હૈ કિ જ્ઞાન કર લો ભૈયા! જ્ઞાન કર લો. જ્ઞાન સે મોક્ષ હોતા હૈ, જ્ઞાન સે મોક્ષ હોતા હૈ. અન્યમતિ સાંખ્ય આદિ કહતે હૈ ન દેખો! '**કર્મકે ફલકો ભોગતા હુઆ ભી જ્ઞાનસે નહીં બંધતા ઐસા સાંખ્ય આદિક ભી કહતે હૈં,...**' વેદાંત કહતે હૈ, સાંખ્ય આદિ કહતે હૈં. બસ જ્ઞાન કર લો ભૈયા, દૂસરા કુછ કરના નહીં. તો ફિર ઉસકા જૂઠા ક્યોં ઠહરાતે હોં? સમજમેં આયા?

શિષ્યને પ્રશ્ન કિયા, મહારાજ! આપ તો આત્મજ્ઞાનસે, આત્મદર્શનસે, આત્માસે.. આત્માસે કર્મ ખિરતે હૈં ઔર આત્માસે મોક્ષ હોતા હૈ. તો વે ભી ઐસા કહતે હૈં. જ્ઞાન-જ્ઞાન કરતે હૈ. '**ઉનકો તુમ દોષ ક્યોં દેતે હો? ઉસકા સમાધાન શ્રીગુરુ કરતે હૈં.**' હૈ? '**હમ તો આત્મજ્ઞાન સંયુક્ત જ્ઞાની જીવોંકી અપેક્ષાસે કહતે હૈં,...**' વહ તો અજ્ઞાની (બાહ્ય)

જાનપના (કરતા હૈ). પરંતુ આત્મજ્ઞાન, યહાં તો આત્માકા જ્ઞાન. એકલા જ્ઞાન-જ્ઞાન ઐસા નહીં. આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ઉસકા જ્ઞાન. ઐસા અન્યમતમેં હૈ નહીં. વે તો જ્ઞાન-જ્ઞાન કરતે હૈં. આત્મ કૌન હૈ? કૈસા હૈ આત્મા? કિતના હૈ આત્મા? કિતના ગુણ હૈ? વહ આત્મા-બાત્મા નહીં. જ્ઞાન કરો, બસ જ્ઞાન કરો. જ્ઞાન હી મોક્ષકા કારણ હૈ. પરંતુ કિસકા જ્ઞાન? કૈસા હૈ આત્મા? એક સમયમેં અનંત ગુણસંપન્ન પ્રભુ ભગવાન, ઐસે આત્માકે જ્ઞાનકી બાત હમ કરતે હૈ. અજ્ઞાની કહે જ્ઞાન કરો ભાઈ! જ્ઞાન. દૂસરા કુછ નહીં ભાઈ યહ જ્ઞાન કરો. જ્ઞાનસે મુક્તિ હોતી હૈ. સમજમેં આયા?

કહતે હૈં, '**હમ તો આત્મજ્ઞાન સંયુક્ત જ્ઞાની જીવોંકી અપેક્ષાસે કહતે હૈં,...**' ક્યા કહા? .. હૈ વહ. આત્મા એક સમયમેં અસ્તિત્વ મહાન અનંતગુણકા પિંડ આત્મા હૈ. યહાં આત્મા અપના નિજસ્વરૂપ. પરસે ભિન્ન હૈ, પરસે વ્યાપક નહીં. યહ આત્મા. અનંત-અનંત ગુણકા પિંડરૂપ આત્મા, ઉસકા જ્ઞાન. ઉસકા જ્ઞાન તો રાગ ઔર પુણ્યસે હટકર અપના આત્મા તરફકા જ્ઞાન હુઆ ઉસકા નામ જ્ઞાન કહતે હૈ. એકલા શાસ્ત્રકી વાતું કરના, બોલના ઐસા હૈ.. ઐસા હૈ.. ઐસા હૈ નહીં. સમજમેં આયા? ... કિ દ્રવ્ય-બવ્ય હૈ કિ નહીં? ગુણ હૈ કિ નહીં? કિ ઐસા કુછ જાનના નહીં. વહ મિટા દો પુણ્ય. કૈસે મિટા દે? વસ્તુ અખંડ એક સમયમેં પૂર્ણ દ્રવ્ય કૈસા હૈ? ઐસા લક્ષમેં ઐસા મહાન સત્ આયે બિના વસ્તુકા સ્વભાવ તરફ ઝુકના વહ વિકલ્પ ઉસમેં હૈ નહીં. ઐસા મહાનસત્તા કી શ્રદ્ધા બિના વિકલ્પ છૂટેગા કહાંસે? યહાં તો રાગરહિત જ્ઞાન બતાના હૈ. સમજમેં આયા? ઝીણી વાત બહુ ભાઈ!

'**હમ તો આત્મજ્ઞાન સંયુક્ત...**' એમ કે આત્મા એક સમયમેં અનંતગુણકા પિંડ શાંત-શાંત વીતરાગી પરમાત્મા અપના નિજસ્વરૂપ હોં! ઉસકા જ્ઞાન. શાસ્ત્રકા જ્ઞાન નહીં, ગુરુકા જ્ઞાન નહીં, દેવકા નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકા જ્ઞાન વહ વિકલ્પ હૈ. સમજમેં આયા? યોગીન્દ્રદેવ દિગંબર સંત મહામુનિ જંગલમેં બસનેવાલે. જબ યહ કહા, આત્મામેં અપને સ્વરૂપકા ભાન હોકર શાંતિસે તૃપ્ત સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ ઔર રાગકા અભાવ ઉસમેં હુઆ. ક્યોંકિ રાગ વહ કરતા નહીં. ઐસા અંતરમેં હોનેસે નયા કર્મ બંધતે નહીં, પૂરાના કર્મ ટલતે હૈ. તો ઐસી બાત તો અન્યમતિ ભી કહતે હૈ અજ્ઞાની વેદાંત આદિ બહુત કહતે હૈં. સમજમેં આયા? જ્ઞાન કરો ભાઈ દૂસરા કુછ નહીં. લો. એક .. હૈ નહીં. કર્મ ઐસી દૂસરી ચીજ હૈ નહીં. સમજમેં આયા? આત્મા ભી અનંત હૈ ઐસા ભી હૈ હી નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કર્મ હૈ, હમેં તો કર્મ થા, હમ તો આત્મા હૈં, એક આત્મા મોક્ષ જાતા હૈ ઔર દૂસરા આત્મા સંસાર મેં રહતે હૈ ઐસા ભેદ નહીં. ઐસા અજ્ઞાની કહતે હૈ ઉસકો

દૂર કરનેકો યહ બાત કરતે હૈ. સમજમેં આયા?

**'હમ તો આત્મજ્ઞાન...'** ઐસા હૈ ન? **'निजशुद्धात्मानुभूतिलक्षणं वीतरागचारित्रनिरपेक्षा वदन्ति'** એમ કહે છે લ્યો! **'निजशुद्धात्मानुभूतिलक्षणं'** જોયું! નિજ શુદ્ધાત્માનુભૂતિ. આત્મા શાંત અવિકારી સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધાત્મા. શુદ્ધસ્વરૂપ પવિત્ર. અનુભૂતિ-ઉસકા અંતર અનુભવ, આત્માકા અનુભવ. તો ઐસા લક્ષણવાલા વીતરાગચારિત્ર. ઉસ સહિત, વિકાર, પુણ્ય-પાપકે રાગસે રહિત, આત્મજ્ઞાનસહિત, રાગસે રહિત. સમજમેં આયા? ઐસા **'સંયુક્ત જ્ઞાની જીવોંકી અપેક્ષાસે કહતે હૈં, વે જ્ઞાનકે પ્રભાવસે કર્મ-ફલ ભોગતે હુએ ભી રાગ દ્વેષ ભાવ નહીં કરતે.'** લ્યો! ઐસા અપના આત્મા, અપના શુદ્ધ સ્વભાવ વીતરાગ સ્વભાવ કો જાનકર રાગભાવ, દ્વેષભાવ વિકારી પર્યાયકા અભાવ કરતા હૈ ઐસા આત્મજ્ઞાની રાગરહિત સ્થિરતાકે દ્વારા શાંતિકો વેદતા હૈ ઐસા શુદ્ધ આત્મા અનુભૂતિ. શુદ્ધ આત્માનુભૂતિ વીતરાગલક્ષણ ચારિત્ર. ઐસા જ્ઞાન સે મુક્ત સંવર-નિર્જરા હોતી હૈ. એકિલા વાતું કરનેસે યા ઐસી ભાષા કરનેસે હોતી નહીં. સમજમેં આયા?

**'ઈસલિયે ઉનકે નયે બંધકા અભાવ હૈ, ઔર મિથ્યાદૃષ્ટિ...'** દેખો, **'જ્ઞાનભાવસે બાહ્ય પૂર્વોપાર્જિતકર્મ-ફલકો ભોગતે હુએ...'** મિથ્યાદૃષ્ટિ નામ જૂઠી દૃષ્ટિ હૈ, આત્મા ક્યા ચીજ હૈ? આત્માકા સ્વભાવકી મહત્તા ક્યા હૈ? આત્મામેં અનંતગુણકી અચિંત્યતા ક્યા હૈ? ઉસકે જ્ઞાનકા અભાવસે. મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ. **'જ્ઞાનભાવસે બાહ્ય પૂર્વોપાર્જિતકર્મ-ફલકો ભોગતે હુએ રાગી દ્વેષી હોતે હૈં,...'** જાનપનામાત્રસે યહ ચીજ ઠીક હૈ, અઠીક હૈ. ઐસા અનુભવ ઉસમેં આયે બિના રહતા નહીં અજ્ઞાનીકો. ચૈતન્ય સન્મુખકા તો ભાવ હૈ નહીં. વસ્તુ પૂર્ણ હૈ ઉસ તરફકી દૃષ્ટિ નહીં હૈ, અકેલા પર ઉપર લક્ષ હૈ. સમજમેં આયા?

**'મિથ્યાદૃષ્ટિ જ્ઞાનભાવસે બાહ્ય પૂર્વોપાર્જિતકર્મ-ફલકો ભોગતે હુએ...'** ન સમજે ઉસકો આત્મતત્ત્વકા ભાન નહિ, વીતરાગ સ્વભાવ ભગવાનકી પિછાન નહીં, તો રાગકા અભાવ કરનેકા ઉસકે પાસ ભાવ હૈ નહીં. તો રાગ આયે બિના અંદરમેં સૂક્ષ્મરૂપસે વિકલ્પ જો ઉઠતે હૈ સૂક્ષ્મરૂપસે જો ન ઉઠતે હો તો નિર્વિકલ્પ આનંદ ક્યોં ન આયા? સમજમેં આયા? તો વિકલ્પ ઉઠતે હૈ ઉસકે ભોગમેં ઉસકી દૃષ્ટિ પડી હૈ. ..મેં લગે ઐસા હૈ કિ ઓહો..! હમ તો અનુભવ કરતે હૈ. સમજમેં આયા? આત્માકા અનુભવ કરતે હૈ. અનુભવ નહીં હૈ, રાગકા અનુભવ હૈ ઊંડે. આત્મા ચીજ કૈસી હૈ ઐસી ચીજ તો દૃષ્ટિ મેં આયી નહીં. સુની નહીં, સમજી નહીં, માન તો દૃષ્ટિમેં આયા નહીં. જૈસા હૈ વૈસા દૃષ્ટિમેં આયા નહીં. તો વિકલ્પ ટૂટતે હી નહીં ઉસકો. વિકલ્પ ટૂટે નહીં ઔર વિકલ્પ ટૂટતે હૈ ઐસા માનતે હૈ કિ હમારા વિકલ્પ ધ્યાનમેં ટૂટા. મૂઢ હૈ. . એનો અર્થ ક્યા? યે તો વિકલ્પ હૈ કિ નહીં ઐસા ભી

વિચાર નહીં કરના. .. નહીં કરના તો વિકલ્પ આસ્રવ થા કિ નહીં? વહ અનાદિકી ભૂલ હૈ વહ નિર્ણય નહીં કરના? ભૂલ નહીં હૈ તો ફિર અનાદિકી નિર્મલતા હોની ચાહિયે. તો નયા સમજના યા નયા ધ્યાન કરના વહ તો કુછ રહતા નહીં. ધ્યાન કરો, ધ્યાન કરો ઐસા એક શબ્દ આયા. એક ધ્યાન .. કરો. કિસમે? કિ આત્મામેં. આત્મા કૈસા હૈ? કૈસા હૈ? ઐસા સમજે બિના કિસકા ધ્યાન કરે? ઔર ધ્યાન કરો ઐસા હુઆ તો ઉસકા અર્થ કિ નયી પર્યાય હુઈ વહાં. ધ્યાન કરો ઉસે ઐસા હુઆ તો વિકારકા ધ્યાન થા, પુણ્ય-પાપ થા, ઉસમેં એકાગ્ર થા. ઉસસે છૂટકર અંદર એકાગ્ર હુઆ, આસ્રવ-બંધકા જ્ઞાન ભી હુઆ. સમજમેં આયા?

મૂળ માણસ એમ કહે સબ છોડ દો, બસ ધ્યાન કરો ભાઈ! ધ્યાન એટલે ક્યા? ધ્યાન એટલે કોઈ દ્રવ્ય હૈ? વસ્તુ હૈ? કોઈ ગુણ હૈ ત્રિકાલી? કિ કોઈ વર્તમાન પર્યાય હૈ? ધ્યાન અર્થાત ક્યા ચીજ હૈ? ધ્યાન કરો, તો ઉસકો ઐસા હુઆ કિ અનાદિકી શક્તિ નહીં. ધ્યાન કરો ઐસા હુઆ તો વહ અનાદિકી શક્તિ-ગુણ ન રહા. ગુણ અનાદિકી ચીજ હૈ, દ્રવ્ય અનાદિકી ચીજ હૈ. તો ધ્યાન કરના વહ અનાદિકી ચીજ નહીં, વહ નયી ચીજ હુઈ. સમજમેં આયા? પર્યાય થઈ એ તો. પર્યાયકી ખબર નહીં કિ પર્યાય કિતને કાલ રહનેવાલી હૈ? ઔર પર્યાયકા ક્યા સ્વરૂપ હૈ? ઔર પર્યાય કિસમેં સે આતી હૈ? કૈસા દ્રવ્ય-ગુણ હૈ? ઐસે ભાન બિના એકલા જ્ઞાન-જ્ઞાન કરે, ધ્યાન-ધ્યાન કરે વહ સસલાના શિંગડા જૈસા ધ્યાન હૈ. સસલા સમજે ન? ખરગોશ. ખરગોશ કહતે હૈ ન? વહ કહતે હૈ. અજ્ઞાની ધ્યાન બહુત કરતે હૈ. ૐ... ૐ... ૐ... ધ્યાન ક્યા હુઆ? કિસકી સત્તામેં તેરા લક્ષ જાતા હૈ? વહ સત્તા કિતની ઔર કૈસી હૈ? યહ ક્યા.. ક્યા કામ હૈ? અંધેરેમેં ઘૂસો.

આચાર્ય મહારાજ યોગીન્દ્ર દેવ ઐસા કહતે હૈ, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરને કહા હૈ ઐસા આત્મા, ઐસા ઉસકા વસ્તુકા સ્વભાવ લક્ષમેં આયે બિના... આત્મા ઔર પર્યાય પલટતી હૈ ક્યોંકિ ધ્યાન કરો ઉસકા અર્થ ક્યા આયા? કિ વિકારકી પર્યાયમેં તેરી એકાગ્રતા હૈ તો વહ પર્યાય પલટતી હૈ. તો ઉસ પર્યાયકા જ્ઞાન હોના ચાહિયે. પલટનેવાલી પર્યાય હૈ. રહનેવાલા દ્રવ્ય-ગુણ હૈ, ઉસકા જ્ઞાન હુએ બિના ધ્યાન કિસકા કરના? સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં સ્થિર થાય પણ શેમાં? સ્થિર એટલે શું? સ્થિર શેમાં થવું? કિસમેં સે નિકલના? સ્થિરતાકા અર્થ ક્યા ઉસકા જ્ઞાન કિયે બિના? ઈસલિયે ભગવાનને સાત તત્ત્વ કહે હૈ. યહ વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. આસ્રવ, બંધકી પર્યાયમેં સે હટકર, પર્યાયસે. દ્રવ્યસ્વભાવમેં વસ્તુમેં .. પર્યાય નયી હુઈ. સમ્યગ્દર્શન આદિ નયી પર્યાય હુઈ. ઔર વહ નયી પર્યાયકી

પૂર્ણતા પ્રગટ હો તો ઉસકા નામ મોક્ષ હૈ. વડીલ કહેવા કોને? શરીરમાં મોટા એટલે વડીલ કહેવા? બોલતા આવડે બહુ માટે વડીલ? વડીલકા અર્થ ક્યા?

મુમુક્ષુ :- ધ્યાન કરે.

ઉત્તર :- ધ્યાન કરે, ઘણા ધ્યાન કરે છે, કીધુંને. સમજાણું? ઓલા બળદ નહોતા બળદ? એને બિચારાને મારીને .. બળદ નહિ બળદ? ઉસકો .. દોસો માણસ હો .. બળદ કો પૂછે કિ કિસકી જેબમેં ઘડિયાળ હૈ? ઉસકે પાસ જાકર બતાતા થા. વહાં આયે થે ન. આ અમારે ..ભાઈ ગયા હતા નહિ? તે દિ' અમારે ટીકા થાતી હતી. પંચાસ્તિકાયની? પંચાસ્તિકાયની ટીકા કરતા હતા આપણે પંડિતજી. પૂછા તો પંચાસ્તિકાયકી ટીકા કૌન કરતા હૈ અભી. તો ઓલો માણસ ઉસકા .. વહ કુછ સમજે નહીં. પંચાસ્તિકાયકી ટીકા ક્યા. બળદને કહા .. એ ટીપીને એવું બિચારાને મારી મારીને વિદ્યા શીખવ્યા. કિ આમ .. ભાઈ! .. બળદ થા. ઉસને .. પંચાસ્તિકાયકી ટીકા. વહ તો નામ ભી સુના નહીં. કુંદકુંદાચાર્યકા જો ગ્રંથ હૈ પંચાસ્તિકાય. ઉસકી ટીકા પંડિતજી કરતે થે. તો પ્રશ્ન ઐસા કિયા બૈલ કો. કિ પંચાસ્તિકાયકી ટીકા કૌન કરતા હૈ? .. ત્યાં ઉભા રહ્યા. .. જ્ઞાન હૈ? વહ તો મૂઢતા હૈ. ઐસી વિદ્યા માર-મારકર બિચારાને શીખવે. એ વિદ્યા.. ઉસમેં આત્મામેં ક્યા આયા? સમજમેં આયા? તે દિ' કહ્યું હતું કે ભાઈ! આ વાત જ બીજી છે. ભગવાન સર્વજ્ઞનો માર્ગ ભિન્ન છે. યહાં તો આત્મજ્ઞાન.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તો ... શું ગોતે એમાં પણ? ક્યા હુઆ? ... ... લગન થા. દો બાલક હૈ. કોક કહેતા હતા. માતા-પિતા ... મેરી ઐસી ... ભાવનગરમાં. એક .. બાઈ. ઐસી લડકી હૈ .. વર્ષકી. આપણું કાંઈ આવ્યું રાજુલનું. પણ બહાર નથી પડ્યું. આપણે તો આ છોડીનું પ્રત્યક્ષ છે કે નહિ? રાજુલ આ. એક લકડી હૈ શેઠ! યહાં. અભી નહીં હૈ. પાંચ સાલ લડકી હૈ. ઢાઈ વર્ષસે કહતી હૈ કિ મૈં જૂનાગઢસે આયી હૂં. વહ આયેગી. .. હમ પંડિતજી અમારે. પાંચ વર્ષકી હૈ. ઢાઈ વર્ષકી થી તબ કહતી થી. કિ મૈં જૂનાગઢસે આયી હૂં. વહાં તાવ. તાવ સમજતે હો? બુખાર-બુખાર. બુખારમેં હમારા દેહ છૂટ ગયા. બુખારમેં હમ.. સમજમેં આયે. યહાં આઠ દિન આયી થી. ઘણા માણસ જોવા આવતા. આ મહોત્સવમાં આવશે. આ મહોત્સવ હોતા હૈ ન અપના? .. ભગવાનકા દિવસ હૈ ન ફાગણ સુદ દુજ. ૨૫ વર્ષ હોતા હૈ ભગવાનકે મંદિરકો. તબ આયેગી. ... સવા પાંચ વર્ષકી હૈ. . ગયે થે. સબ ગયે થે. તબ નક્કી કિયા. યહ હમારે પૂર્વકી માતા, યહ મેરે પિતા, યહ મકાન, વહાં રહતી થી. સબ બતાયા. હમારે પંડિતજી સાથમેં ગયે થે ન. આ પંડિતજી અમારે. આ હિંમતભાઈ હૈ ન. ...ભાઈકી લડકી હૈ. અભી પાંચ સાલકી હૈ. પાંચ વર્ષકી હૈ. વહાં અઢી વર્ષમેં દેહ

છૂટ ગયા.

લુહાણા ક્યા કહતે હૈ? વહ લુહાણા હોતા હૈ ન? એક લુહાણા હોતા હૈ. ઉસકી લડકી થી જૂનાગઢમેં. અઢી વર્ષકી તબ દેહ છૂટ ગયા. અબ યહાં આયી હૈ. વાંકાનેરમેં. સબ બોલા ઉસને વહાં જાકર. મેં યહ મંદિરમેં જાતી થી, આ યહ ઉસકા પગથિયા હૈ. પગથિયા સમજે ન? વહાં આરતી ઉતરતી થી, મૈં ભોજન કરતી થી. ઔર યહ મેરી પૂર્વભવકી મા હૈ, યહ મેરા પપ્પા હૈ, યહ મેરા કાકા હૈ. યહા .. સબ કહા. પૈંડા મેં ખાતી થી. સબ બાત વહ તો .. ભાઈ. સબ બાત.. કહ દી. હૈ કિ નહીં પુનર્જન્મ? તો ઈતની બાતમેં લોગોં કો વિસ્મય આતા હૈ લો. યહ તો અલૌકિક આત્માકી બાત હૈ. વહ કોઈ વિસ્મયકી બાત ઐસી નહીં હૈ. સમજમેં આયા? વહ ભવકી બાત હૈ થોડી. યહાં સે યહાં આયા. યહ તો અનંતકાલસે આત્મા કૈસા હૈ ઉસકા ભાન હો, વહી ચમત્કારી આશ્ચર્યકારી બાત હૈ. બાકી તો સમજનેકી... સમજમેં આયા?

મિથ્યાદૃષ્ટિ જ્ઞાનભાવસે અકેલા રાગ-દ્વેષ કરતા હૈ ઔર માનતા હૈ કિ હમારે ધર્મ હોતા હૈ. સમજમેં આયા? અવશ્ય બંધ હોતા હૈ. '**ઈસ તરહ સાંખ્ય નહીં કહતા, વહ વીતરાગચારિત્રસે રહિત કથન કરતા હૈ.**' અજ્ઞાનીકો. ક્યા? રાગસે સહિત ક્રિયાકા ઉસકો જ્ઞાન માનકર મોક્ષધર્મ કહતે હૈ. મૈં તો આત્મા વીતરાગ સ્વરૂપ હૂં ઉસ તરફ જાનેસે રાગસે હઠને સે શાંતિ વીતરાગતા ઉત્પન્ન હોતી હૈ. ઉસે મોક્ષ કહતે હૈ. હમારા કથનમેં ઔર અજ્ઞાનીકે કથનમેં ઉગમણા-આથમણા ફેર હૈ. ઉગમણા-આથમણા ક્યા કહતે હૈ? પૂર્વ-પશ્ચિમ. યહ ભાષા ઐસી હૈ ન. પૂર્વ-પશ્ચિમ કહતે હૈ ન? પૂર્વ ઔર પશ્ચિમ. ઐસી વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરકા કથન ઔર અજ્ઞાનીકે કથન મેં ઉગમણા-આથમણા ફેર હૈ. કુછ મિલાન હૈ નહીં. બાત તો બહુત કરતે હૈ અજ્ઞાની કિ હમેં જ્ઞાન કરના હૈ, ઐસા કરના હૈ. સબ ભૂલ જાઓ, બોધ ભી ભૂલ જાઓ. પણ બોધ ભૂલ જાયે તો કિસકા બોધ કરના? સમજમેં આયા?

યહાં કહતે હૈં કિ ભગવાન આત્મા મહાન સત્તા-અસ્તિત્વ. સબ પદાર્થ ભિન્ન સર્વ આત્માસે ઔર સર્વ રજકણસે ઔર સબ રાગસે. ઐસા રાગરહિત ભ્રાંતિ કે દ્વારા જ્ઞાન જો આત્માકા હોતા હૈ. અસ્તિ-નાસ્તિ કી. આત્માકા જ્ઞાન પણ રાગરહિત. પરમેં રાગ-દ્વેષ નહીં. ઐસા જ્ઞાન રાગ-દ્વેષ રહિત અપના ચૈતન્યકા જ્ઞાન, ઉસકો હમ મુક્તિ કહતે હૈં. વહ સંવર-નિર્જરા હૈ. અજ્ઞાનીકે પંથમેં વહ બાત હૈ નહીં. સમજમેં આયા? '**ઈસલિયે ઉન સાંખ્યાદિકોકો દૂષણ દિયા જાતા હૈ.**' એમ પાઠ હૈ. ૮૦ થઈ ૮૦.

હવે ૮૧મેં ક્યા કહતે હૈ? '**આગે જબતક પરમાણુમાત્ર ભી (સૂક્ષ્મ ભી) રાગકો નહીં છોડતા-ધારણ કરતા હૈ, તબતક કર્મોંસે નહીં છૂટતા,...**' રાગ તો એક વિકલ્પમાત્ર.

શુભરાગકા વિકલ્પમાત્ર ભી અપના માનતા હૈ તબતક ઉસકો ધર્મ ઔર સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? અનાસક્તિ સે કર્મ કરના કહતે હૈ ન? ક્યા અનાસક્તિ. . કરતે કૌન કિ અનાસક્તિ સે કરે? સમજમેં આયા? જ્ઞાતા-દૃષ્ટા હોકર પરકા કાર્ય કર સકતા નહીં. હમારા અધિકાર પર રજકણ શરીર આદિ ક્રિયાકા કરના, ફેરના હમારેમેં હૈ નહીં. ઐસા ભાન હોકર ક્રિયાકા કર્તા નહીં હોતા ઉસકા નામ અનાસક્તિ હૈ. કરતે હૈ ઔર કર સકતે હૈ, અનાસક્તિ રખના. ઉસકા અર્થ હી મિથ્યાત્વ હૈ. પરકા કર સકતે નહીં. વહ કહતે હૈ કિ થોડાભી પરકા કરના ઔર મૈં કર સકતા હૂં ઐસી ઇચ્છામેં પડા હૈ. ઇતના રાગમાત્ર સે ઉસકો દેહ કર્મસે છૂટના નહીં હોતા. સમજમેં આયા? આગે આઈએ. આ તો વીતરાગમાર્ગ છે. તદ્દન વિપરીત. માણસને તત્ત્વ શું છે, વીતરાગ કેવળી શું છે એની વાતની ખબર ન મળે. ભવિ, અભવિ ને આ ને આ. ગપ્પેગપ્પ મારે. એમ કે આ કરું, આ કહે આ કરું. પણ .. શું ચીજ છે? શરીરરહિત ક્યા ચીજ હૈ? નિર્ભય હોતે હૈં તો પર્યાય કૈસી હોતી હૈ? ઉસ ચીજકો માને બિના ભય-અભય કહાં સે હોતા હૈ? સમજમેં આયા? જિસકો હજી દ્રવ્ય-ગુણ-પર્યાયકા જ્ઞાન નહીં ઉસકો ભય-અભય કહાંસે આયા? પ્રેમચંદજી! બહુત બાત સૂક્ષ્મ હૈ. આહા..હા..!

.. કહતે અપના જ્ઞાયકમાત્ર ભિન્ન તત્ત્વ. થોડા ભી પરદ્રવ્યકા એક રજકણકા ભી કર્તા હોતા હૈ કિ મૈં કર સકતા હૂં, મૈં બોલ સકતા હૂં, સમજમેં આયા? મૈં દૂસરાકો સમજા સકતા હૂં ઐસા એક વિકલ્પમાત્રકા કર્તા હોતા હૈ તબતક વહ જ્ઞાની હૈ નહીં. વહ કર્મસે છૂટનેવાલા નહીં. સમ્યગ્દર્શન હોતા નહીં. ..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૬, શુક્રવાર, તા. ૧૧-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૧-૮૨, પ્રવચન-૧૨૫**

ગાથા-૮૧.

૨૦૮) जो अणु-मेत्तु वि राउ मणि जाम ण मिल्लइ एत्थु।
सो णवि मुच्चइ ताम जिय जाणंतु वि परमत्थु।।८१।।

અબ ક્યા કહતે હૈ? '**જબતક પરમાણુમાત્ર ભી રાગકો નહીં** છોડતા—ધારણ કરતા હૈ,...' નહીં છોડતા ઔર ધારણ કરતા હૈ. '**તબતક કર્મોંસે નહીં છૂટતા, ઐસા કથન**

કરતે હૈં—'

**'જો જીવ થોડા ભી રાગ...'** ક્યા અર્થ હૈ ઈસમેં? આત્મા અંતર રાગ, વિકલ્પસે ભિન્ન આત્મતત્ત્વ હૈ. રાગ જો શુભરાગ હૈ કિ અશુભરાગ હૈ વિકાર, ઉસકી અંતર સ્વભાવમેં સે એકત્વબુદ્ધિ નહીં છોડતે ઉસકો રાગકી હી અભિલાષા હૈ. કહો, સમજમેં આયા? અણુમાત્ર રાગ નામ ગ્રંથિ યહાં લેના હૈ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ પરમાનંદ મૂર્તિ હૈ ઔર રાગ શુભ યા અશુભરાગ મેલ, વિકાર. યહ વિકાર ઔર સ્વભાવ દોકી એક માન્યતા હૈ ઉસકા નામ ગ્રંથિ. ગ્રંથિ નામ ગાંઠ, ગાંઠ નામ મિથ્યાત્વ કહતે હૈં. સમજમેં આયા? જબતક રાગકી એકત્વબુદ્ધિ મિથ્યાત્વ હૈ તબતક ઉસકો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, મુક્તિ હોતી નહીં. સમજમેં આયા?

**'મનમેંસે જબતક ઈસ સંસારમેં નહીં છોડ દેતા હૈ,...'** ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર વીતરાગ સ્વભાવ સંપન્ન ઉસમેં રાગકી થોડી ભી એક કચાશ, અલ્પરાગ હૈ, ઉસકી ભી એકત્વબુદ્ધિ રખતા હૈ, ઉસકો પરપદાર્થ વિષયકી હી અભિલાષા હૈ. સમજમેં આયા? અંતર આત્મસ્વભાવકી ભાવના ઉસકો નહીં. જિસકે અંતરમેં ભગવાન આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્ય મૂર્તિ પરમાનંદ ઉસમેં એક થોડા ભી રાગ. કહા ન? અણુમાત્ર ભી રાગ. અણુમાત્ર રાગ. પણ રાગ વિકલ્પ હૈ, મલિન હૈ ઔર ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ નિર્મલ હૈ. વહ આત્માકો છોડકર રાગકી જો ભાવના ભાતા હૈ અથવા રાગકી એકત્વબુદ્ધિ નહીં છોડતા હૈ **'ઈસ સંસારમેં નહીં છોડ દેતા હૈ તબતક હે જીવ, નિજ શુદ્ધાત્મતત્ત્વકો...'** ભગવાન નિજશુદ્ધાત્મ. દેખો, નિજ શુદ્ધસ્વરૂપ. પવિત્ર અનંત આનંદકા પિંડ પ્રભુ. ઉસકો **'શબ્દસે કેવલ જાનતા હુઆ ભી...'** શબ્દસે જાને કિ આત્મા શુદ્ધ હૈ, પવિત્ર હૈ. એક શબ્દમાત્ર જ્ઞાનસે આત્મજ્ઞાન નહીં હોતા. સમજમેં આયા?

જ્ઞાન શબ્દસે નહીં હોતા. શબ્દસે દેખો ન. **'जानन्नपि'** **'શબ્દસે કેવલ જાનતા હુઆ ભી...'** છેલ્લો શબ્દ એમ મૂક્યો છે છેલ્લો. **'निजशुद्धात्मस्वभावज्ञानेऽपि'** બે વાત લીધી છે. પહેલો 'શબ્દ' પણ લીધો છે. **'शब्दमात्रेण जानन्नपि'** એમ બે વાત લીધી. પછી ઓલો **'परमत्थु'** શબ્દ છેને? એમાં વળી એ નાખ્યું છે પાછું. ભાઈ! સમજાણું? બે શબ્દ છે. **'जानन्नपि'** એક શબ્દમાત્ર સે જાને. શબ્દ નામ વિકલ્પસે જાને એમ કહતે હૈં. ફિર ભી વીતરાગ અનુષ્ઠાનસે રહિત હૈ વહ. સમજમેં આયા? વીતરાગ અનુષ્ઠાન રહિત છે. અર્થાત્ આત્મા પુણ્ય-પાપકે રાગસે રહિત હૈ, ઉસકા શુદ્ધ અનુષ્ઠાનરહિત હૈ. અશુદ્ધ અનુષ્ઠાન હૈ. સમજાય છે કાંઈ? **'શબ્દસે કેવલ જાનતા હુઆ ભી નહીં મુક્ત હોતા.'** સમ્યગ્દર્શન નહીં હોતા ઔર પરમાર્થ જબતક રાગકી અસ્થિરતા ભી થોડી હૈ તબતક વીતરાગ ચારિત્રરૂપ હોકર કર્મસે

નહીં છૂટતા. દો અર્થ લિયા હૈ. સમજમેં આયા?

'**ભાવાર્થ :- જો વીતરાગ સદા આનંદરૂપ...**' એકમાં એક સમાઈ જાય છે. 'એક' શબ્દ પડ્યો છેને. 'એક' શબ્દ પડ્યો છે. '**वीतरागसदानन्दैकशुद्धात्मनो**' યહ વ્યાખ્યા કહી. કિ યહ આત્મા, આત્મા અર્થાત્ '**વીતરાગ સદા આનંદરૂપ...**' એકસ્વરૂપ સ્વભાવ ઉસકા નામ આત્મા. શરીર, વાણી, મન વહ તો પર, જડ રહ ગયા. કર્મ જડ રહ ગયા. શુભ-અશુભ રાગ હોતા હૈ વહ ભી ચૈતન્યસે વિપરીત આસ્રવતત્ત્વમેં ગયા. આત્મા વીતરાગ. રાગરહિત સદા નામ ત્રિકાલ આનંદ એક '**શુદ્ધાત્મભાવસે...**' '**આનંદરૂપ શુદ્ધાત્મભાવસે...**' આનંદરૂપ શુદ્ધાત્મા, ઉસકે ભાવસે રહિત '**પંચેન્દ્રિયોંકે વિષયોંકી ઈચ્છા રખતા હૈ,...**' દેખો, ઈચ્છા મનમેં રાગકી ઈચ્છા, કોઈ ભી અંદર વિકલ્પકી ભાવના હૈ ઉસકો વિકલ્પ પંચેન્દ્રિયકે વિષયોંકી ઈચ્છા હૈ. પરવિષય રહિત જ્ઞાનાનંદ ભગવાન આત્મા ઉસકી દૃષ્ટિકા અભાવ હૈ. સમજમેં આયા?

'**પંચેન્દ્રિયોંકે વિષયોંકી ઈચ્છા રખતા હૈ,...**' અણિન્દ્રિય આત્મા જો હૈ. એમ કહતે હૈ દેખો. '**વીતરાગ સદા આનંદરૂપ શુદ્ધાત્મભાવસે...**' જો અણિન્દ્રિય હૈ. યહ અણિન્દ્રિયકી જિસકો અંતર દૃષ્ટિ નહીં, ઉસકો રાગકી ભાવનાકી દૃષ્ટિ હૈ. અને રાગકી ભાવનાકી દૃષ્ટિ હૈ, ઉસકો ઈન્દ્રિયકા પંચેન્દ્રિયકા વિષયકી હી અભિલાષા હૈ. સૂક્ષ્મ-સૂક્ષ્મ તત્ત્વ. લોકોને અંતરમાં... ચીજ જ આખી ભિન્ન છે. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્યસૂર્ય. ચૈતન્યસૂર્ય. વહ તો પુણ્ય-પાપકા રાગસે ભિન્ન ઐસી ચીજકી જિસકો દૃષ્ટિ નહીં ઔર સૂક્ષ્મરાગકા ભી જિસમેં અંતરમેં પ્રેમ પડા હૈ. એકત્વબુદ્ધિ હૈ ઉસકો ગ્રંથી-ગાંઠ મિથ્યાત્વકી હૈ ઐસા ભગવાન કહતે હૈં. ગાંઠ કહે ગાંઠ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ થોડો રાગ એટલે એ. પાઠમાં લીધુંને. '**वीतरागानुष्ठानरहितः सन् शब्दमात्रेण जानन्नपि।**' લખ્યું છે કે નહિ અંદર? ટીકામેં હૈ ટીકા. અભિલાષ લિખા હૈ દેખો ન.

મુમુક્ષુ :- અભિલાષમાં પાછો રાગ લખ્યો છે.

ઉત્તર :- એ રાગની જ અભિલાષા છે એમ કહતે હૈ. ટીકામેં હૈ દેખો.

મુમુક્ષુ :- વહ સંસ્કૃતમેં હૈ.

ઉત્તર :- પણ સંસ્કૃતમેં હૈ ન. એટલું સંસ્કૃત વાંચતા નથી આવડતું. હવે તમે આટલા વર્ષ કાઢ્યા. ઠીક છે. કેટલી ચોપડીયું છપાવ્યા અને કેટલા ડહાપણ કર્યા અને કેટલાય કર્યા છે બહારમાં. કહો, સમજમેં આયા? ચોપડી બહોત છાપતે થે. નોવેલ... નોવેલ... નોવેલ... કથા. નહીં? કેટલી છાપી? એક હજાર. જાત એક હજાર. આમ તો લાખ કેટલી હશે? લાખની

ઘણી લાખો. કેટલી લાખો. ઉસમેં ક્યા દિમાગ લગા? આત્માકે ચૈતન્યકા ભાન બિના દિમાગમેં દિમક પડા હૈ. દિમાગમેં જીવડા પડા હૈ. દિમાગમેં જીવડા કહતે હૈ ન? દિમક કહતે હૈ ન? દિમક કહતે હૈ ન? કીડા પડા હૈ. દિમાગમેં દિમક પડા હૈ.

ભગવાન આત્મા પુણ્ય-પાપકા વિકલ્પસે રહિત જિસકી દૃષ્ટિમેં નહીં ઉસકા જ્ઞાન ભી સબ કીડા ખા ગયા હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- મુક્તિ તો મળેને.

ઉત્તર :- મુક્તો ક્યાં હતો? યુક્તિ.. યુક્તો ક્યાં હતો ત્યાં? સમજાય છે? એ તો કુજ્ઞાન હૈ. સંસારિક જિતના જ્ઞાન હૈ વહ સબ કુજ્ઞાન હૈ. વેપારકા, ડોક્ટરકા, વકીલાતકા, વહ સબ કુજ્ઞાન હૈ. સમજમેં આયા? છે અંદર અર્થમાં. નહિતર તો અણુમાત્ર પણ આવી ગાથા ઘણી આવે છેને આપણે ભાઈ સમયસારમાં આવે છેને. પ્રવચનસારમાં આવે છે, સમયસારમાં આવે છે, અષ્ટપાહુડમાં આતા હૈ. કિ થોડા રાગકા અર્થ વહ હૈ અનંતાનુબંધીકા રાગ. ઉસકા અર્થ હૈ ઐસા. સમજમેં આયા? જયચંદ પંડિત. જયચંદ પંડિત હુએ હૈં ન? કહાં? જયપુરમેં. ઉસને ભી ઐસા અર્થ કિયા હૈ. ઉસમેં ઐસા અર્થ કિયા હૈ. સમજમેં આયા?

'**મનમેં થોડાસા ભી રાગ રખતા હૈ,...**' ઐસી બાત કરતે હૈ. થોડો-થોડો. થોડાકા અર્થ? એકત્વબુદ્ધિકા રાગ. વહ બાત યહાં હૈ. સમજમેં આયા? '**યહ આગમજ્ઞાનસે આત્માકો શબ્દમાત્ર જાનતા હુઆ...**' શબ્દશાસ્ત્ર જાણે, અગિયાર અંગ જાણે, નવ પૂર્વ પઢ લે. કુછ ઉસકો આત્માકા લાભ હૈ નહીં. શાસ્ત્ર પઢે. પંડિત હોકર બડા-બડા હજારોં-લાખોં લોગોંમેં ભાષણ દે. કહે છે કે વહ શબ્દજ્ઞાન હૈ, આગમજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન હૈ. '**આગમજ્ઞાનસે...**' દેખો, અકેલે શાસ્ત્રજ્ઞાનસે આત્માકો શબ્દમાત્ર જાનતા હુઆ ભી '**વીતરાગચારિત્રકી ભાવનાકે બિના...**' એમ લિયા હૈ. સમજે ન? '**परमार्थशब्दवाच्यनिजशुद्धात्मतत्त्वमिति**' દેખો, પરમાર્થકા અર્થ વહ કિયા. સમજાણું? નિજશુદ્ધાત્મતત્ત્વ. નિર્વિકલ્પ શુભ-અશુભ રાગરહિત આત્મા ઉસકા ભાવ જિસકે પાસ નહીં, વહ રાગકી ભાવનામેં ગ્રંથિમેં એકાકાર હૈ, વહ આત્મા મોક્ષકો નહીં પાતા.

'**બિના મોક્ષકો નહીં પાતા.**' અંતરસ્વરૂપકી દૃષ્ટિ ઔર સ્વરૂપકી એકાગ્રતાકે બિના ઉસકો મુક્તિ હોતી નહીં. કહો, સમજમેં આયા? બરાબર અહીંયા લીધું આ નહિ? પાનામાં આવ્યું. ગ્રંથિ લીધું અને પછી વીતરાગ ચારિત્ર લીધું. કુંદકુંદાચાર્યને પ્રવચનસારમેં ઐસા લિયા હૈ. અરે! હમને હમારા આત્મજ્ઞાન દ્વારા મોહગ્રંથિ કા નાશ કિયા હૈ. ઔર વીતરાગ ચારિત્ર દ્વારા હમ ચારિત્રકો પ્રાપ્ત હુએ હૈં. ઉસસે હમારે મુક્તિ હોગી, દૂસરે સે મુક્તિ નહીં. કુંદકુંદાચાર્ય દિગંબર સંત-મુનિ દો હજાર વર્ષ પહલે જંગલમેં રહતે થે. પોન્નુરહીલ. મદ્રાસ પાસે. ભગવાનકે

પાસ ગયે થે. દેખો, યહ કહતે હૈ. અભી દેખા કિ નહીં? ૧૪૦ પાને છેને? દેખો, એમ કહ્યું દેખો, ભાષા ઐસી લી. 'અતિ વિસ્તારસે બસ હો, જયવંત વર્તો...' સ્યાદ્વાદમુદ્રિત જિનેન્દ્ર શબ્દબ્રહ્મ ભગવાન વીતરાગ પરમેશ્વરકી વાણી. જિનેન્દ્ર બ્રહ્મ. ભગવાનકી ૐ ધ્વનિ. જિસમેં ધ્વનિ શબ્દ નિકલા. જયવંત હો. અમૃતચંદ્રાચાર્ય કહતે હૈ. નવસો વર્ષ પહેલે દિગંબર મુનિ. ઉસકી ટીકા કરતે હૈ કુંદકુંદાચાર્યકે શ્લોકકી વહ ટીકા કરતે હૈં. જયવંત હો, જયવંત વર્તો. સ્યાદ્વાદમુદ્રિત જિનેન્દ્ર શબ્દબ્રહ્મ. શબ્દબ્રહ્મ જેનું મૂળ છે એવી વાણી. જુઓ, ભગવાનની વાણી પણ જયવંત વર્તો. નિમિત્ત હૈ ન? જયવંત વર્તો શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ ઉપલબ્ધિ દેખો, ક્યા કહતે હૈ?

ભગવાન જિનેન્દ્ર પરમેશ્વરકી જો દિવ્યધ્વનિ તીર્થંકરકી હૈ, વહી અપને આત્મ અનુભવમેં નિમિત્ત હોતી હૈ. અન્ય અજ્ઞાનીકી વાણી, કોઈ જૈન સિવાય, પરમેશ્વર સિવાય કિસીકી વાણી આત્મજ્ઞાનમેં સમ્યગ્દર્શનમેં નિમિત્ત હોતી નહીં એમ કહતે હૈ. હૈ? શબ્દબ્રહ્મ... દેખો, 'શબ્દ બ્રહ્મ જેનું મૂળ કારણ છે એવી આત્મતત્ત્વની પ્રાપ્તિ...' ભગવાન આત્મા... ભગવાન પરમેશ્વરે, ત્રિલોકનાથને જો વાણી કહી, સર્વજ્ઞદેવ. પહલે મુનિ સર્વજ્ઞદેવકો યાદ કરકે કહતે હૈ. સમજમેં આયા? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, ઉસકી વાણી નીકલી વહ આત્માકી ઉપલબ્ધિ-પ્રાપ્તિમેં નિમિત્ત હૈ. નિમિત્ત વહ શબ્દબ્રહ્મ હૈ. એ સિવાય અન્ય અજ્ઞાની વીતરાગ પરમાત્મા સર્વજ્ઞની વાણી સિવાય કિસીકી વાણી આત્મજ્ઞાનમેં નિમિત્ત હોતી નહીં. સમજમેં આયા? અભી સર્વજ્ઞ વીતરાગ કૌન હૈ ઉસકી ખબર નહીં. એક સમયમેં તીનકાલ, તીનલોક જાનતે હૈ ભગવાન. ઔર આયા હૈ ન. યહ તો ઠીક કહા હૈ. સમજમેં આયા? એક સમયમેં ભગવાન ત્રણકાળ, ત્રણલોક જાણ્યા, ૐ ધ્વનિ નીકળી, દિવ્યધ્વનિ. તો કહતે હૈ ઐસા શબ્દ બ્રહ્મ જિસકા મૂલ હૈ ઐસા આત્મતત્ત્વ ઉપલબ્ધિ... ભગવાનકી વાણી ઐસા બતાતે હૈ વીતરાગ. તો વીતરાગવાણી ક્યા બતાયા? કિ રાગરહિત આત્મતત્ત્વ હૈ. ઐસા ભગવાનને બતાયા, ઐસી પ્રાપ્તિ હુઈ. ક્યા કહા સમજમેં આયા? શબ્દબ્રહ્મમૂલક કા અર્થ ક્યા આયા? કિ ભગવાનકી વાણી જિસકા મૂલ હૈ. કિસમેં? આત્મતત્ત્વકી પ્રાપ્તિમેં. તો આત્મતત્ત્વકી પ્રાપ્તિ વાણીમેં કૈસે કહા થા? વાણીમેં કૈસા કહા થા ભગવાનને? કિ યહ વિકલ્પ પુણ્ય-પાપકી લાગણીસે રહિત તેરી ચીજ હૈ ઉસકા નામ આત્મા, ઐસા શબ્દમેં આયા થા. ભગવાનકી વાણીમેં ઐસા આયા થા? સમજમેં આયા કિ નહીં?

શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ.. સર્વજ્ઞકી વાણીમેં જૈસા આત્મા આયા ઔર કહા કિ પુણ્ય-પાપકા વિકલ્પસે ભિન્ન તેરી ચીજ હૈ. એમ વાણી કહી. ઉસ વાણીમેં ઐસા કહા, ઐસે ઉસકી પ્રાપ્તિ હુઈ. વિકલ્પસે રહિત મેરી ચીજ ઐસા આત્મા હૈ. ઐસા ભાન હુઆ તો ઉસ

ભાનમેં ભગવાનકી વાણી નિમિત્ત હૈ. સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ તીર્થંકરકી ઉસકે સિવાય. સંતો કહતે હૈ વહ ભી વીતરાગકી વાણીસે કહતે હૈ. અપને ઘરસે નહીં. સમજમેં આયા? દેખોને પહલે કહતે હૈ. નમસ્કાર પહલે શુરૂ કિયા. અનંત તીર્થંકરોકો નમસ્કાર શુરૂ કરકે પ્રવચનસાર કહા. ભૂતકાલકે તીર્થંકર હો ગયા, વર્તમાનમેં બિરાજતે હૈં. મહાવિદેહ ક્ષેત્ર ભવિષ્યમેં હોગા ઉન સબકો નમસ્કાર કરતે હૈ. પીછે પ્રવચનસાર સિદ્ધાંતકા સાર બનાયા. ઔર સમયસારમેં ભી '**वंदित्तु सव्व सिद्धे**' મહાસમયસાર અત્યારે ચૌદ બ્રહ્માંડકા, ચૌદ પૂર્વકા સાર લિયા. તો ઉસમેં પહલી ગાથા ઐસી લી. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ. '**वंदित्तु सव्व सिद्धे**' ઓહો..! અનંત સિદ્ધોંકો નમસ્કાર. કિતની ભાષા હૈ ઉસમેં. અનંત સિદ્ધ અભીતક હુએ, વહ અનંત સિદ્ધ હૈ. એક હી આત્મા નહીં ઐસા ઉસમેં નિકલા. અનંત સિદ્ધ હુએ હૈં. આત્માકા ભાન કરકે, વીતરાગદશા કરકે અનંત પરમાત્મા હુએ હૈ. કોઈ એક હી આત્મા માને, સિદ્ધમેં ભી એક આત્મા માને. સબકો ઉડા દિયા. અનંત સિદ્ધ હુએ. સબ સિદ્ધ એમ કહા ન. '**सव्व सिद्धे**' અભીતક મેરે પહલે સબ અનંત સિદ્ધ અનંત પુદ્ગલ પરાવર્તનકા હુઆ, વંદન કરતા હૂં. મેરી જ્ઞાનકી દશામેં સબ સિદ્ધોંકા આદર કરતા હૂં.

દેખો, કિતના આયા? આત્મા અનંત તો સિદ્ધ હુઆ. ઉસસે અનંતગુના આત્મા દૂસરા સંસારમેં વહ ભી ઉસમેં સિદ્ધ હો ગયા. સમજમેં આયા? કોઈ એક હી આત્મા કહે, કોઈ જડ હૈ હી નહીં ઐસા કહે, વહ સબ અજ્ઞાનસે હૈ. સર્વજ્ઞકી વાણીમેં ઐસા આયા કિ અનંત આત્મા હૈ. ઉસમેંસે (સ્વ)આત્માકા ભાન કરકે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત (કરકે), અંતર અનુભવ કરકે અનંત સિદ્ધ હુઆ હૈ. અભી તક તો અનંત મોક્ષમેં બિરાજતે હૈં. તો અનંત મોક્ષમેં બિરાજતે હૈં ઉસકા અર્થ હુઆ કિ ઉસસે અનંતગુના સંસારમેં હૈ. સમજમેં આયા? ઉસકો મૈં વંદન કરતા હૂં. ઉસકા અર્થ? મેરી જ્ઞાનકી દશામેં ઐસા અનંત સિદ્ધકો હી મૈં આદર દેતા હૂં. દૂસરોંકો મૈં આદર દેતા નહીં. સમજમેં આયા? આહા..હા..!

ઈતને એક શબ્દમેં. સમયસારકા પહલા શબ્દ. પહલા કહતે હૈ ન? પ્રથમ શબ્દ. '**वंदित्तु**' આહા..હા..! ગજબ કરી છેને વાત! તો ઉનકે ટીકાકારને ક્યા કહા? અમૃતચંદ્રાચાર્યને. કિ હમ હમારે આત્મામેં અનંત સિદ્ધકો પ્રતિષ્ઠિત-બિરાજમાન કરતે હૈ. હૈ શ્રોતાઓ! આપકે જ્ઞાનમેં ભી હમ અનંત સિદ્ધોંકો બિરાજમાન કરતે હૈ. ઔર પીછે તુમ સુનો. આહા..હા..! સમજમેં આયા? કિતના વિનય હૈ! ઔર કિતની મહત્તા! સિદ્ધ અનંત અશરીરી હુએ, ઉસકી પર્યાયમેં આદર હૈ. તો મુઝે ભી અનંત સિદ્ધકા આદર હૈ, તુમ ભી અનંત સિદ્ધકી પ્રતિષ્ઠા કરો. તુમ્હારે ભી રાગ ઔર નિમિત્તકા આદર નહીં રહે તબ અનંતા સિદ્ધકી આપકી જ્ઞાનપર્યાયમેં પ્રતિષ્ઠા હોગી. સમજમેં આયા? ઈતની ગંભીરતા હૈ! ઐસે કુંદકુંદાચાર્ય જૈસે પહલે '**वंदित्तु**

**सव्व सिद्धे' 'वोच्छामि समयपाहुडमिणमो'** मैं समयप्राभृत श्रुतकेवलीओने कहा, सर्वज्ञ ભગવાનને જો કહા ઔર શ્રુતકેવલીઓંકા (કહા) વહ સમયસાર કહુંગા. મેરી કલ્પનાકી બાત નહીં ઔર સર્વજ્ઞને જૈસા કહા ઐસા મેરા જ્ઞાનમેં આયા હૈ ઐસા મૈં કહુંગા. સમજમેં આયા?

ઓલા કહે કે હમ કહતે હૈ... હમ કહતે હૈ... હમ કહતે હૈ કિ ઐસા ધર્મ હૈ. હમ કહતે હૈ ઐસા ક્યા? ભગવાન ક્યા કહતે હૈ? સમજમેં આયા? હમારા અનુભવ ઐસા હૈ કિ ધર્મ ઐસા હૈ, પણ સર્વજ્ઞ કહે ઐસા હૈ કિ સર્વજ્ઞસે વિરૂદ્ધ હૈ?

મુમુક્ષુ :- .. બાત નહીં કરના.

ઉત્તર :- નહીં બાત કરના તો ઉસકી બાત નહીં સુનના. યહાં તો પહલી બાત હૈ. સમજમેં આયા? સર્વજ્ઞ પરમેશ્વર જિસે ત્રિકાલજ્ઞાન હૈ વે ઐસા કહતે હૈ ઔર વહી સિદ્ધ પરમાત્માકી દશા સે હુઆ ઐસી બાત બિના હમ કહતે હૈ... હમ કહતે હૈ... હમ કહતે હૈ... ક્યાં તુમ કહતે હો? સમજમેં આયા?

યહાં તો કહતે હૈ કિ હમેં શબ્દબ્રહ્મમૂલક આત્મા પ્રાપ્તિ હુઈ. જિસકે પ્રસાદસે ક્યા હમારા આત્મા આનંદકંદ હૈ. દેખો, અભી સમ્યગ્દર્શનકી બાત કરતે હૈ. 'અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ.' હમારા આત્મા ભગવાન શુદ્ધ આત્મા ઉપર અંતર અનુભવ દૃષ્ટિ હુઈ, રાગકી એકતાકી બુદ્ધિકા હમારા અંતરમેં નાશ હુઆ. વહ ભાસ હોતા હૈ કિ નહીં? કિ ભગવાનકો પૂછને જાતે હૈ? યહાં તો પંચમ આરાકા મુનિ કહતે હૈં. કિ મુનિકો ખબર ન પડે નિશ્ચય સમકિત. ભાઈ આજ એ બધી વાત આવી છે ઘણી. એ તો ઓલામાં આવી છે. જૈનદર્શન. ઓલામાં આવી છે. પણ આ તો શુભયોગે ધર્મ થાય, શુભયોગ એ બધી વાત આવી છે. સમજમેં આયા? એ તો.. સાધુ આવ્યું છેને એમાં આવ્યું. શ્વેતાંબરનું છેને એમાં. એ નિશ્ચય સમકિતની ખબર ન પડે. નિશ્ચય સમકિતની ખબર ન પડે. થઈ રહ્યું જાવ.

અહીં તો પંચમ આરાના મુનિ, નવસો વર્ષ પહલે દિગંબર સંત આત્મજ્ઞાની, અમૃતચંદ્રાચાર્ય મુનિ જંગલમેં વસતે થે. વહ કહતે હૈં કિ અમારી અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ તૂટી ગઈ. આમ જ્યાં પર્યાય ઉત્પન્ન થઈ ત્યાં વહ પર્યાયકા નાશ હુઆ. સમજમેં આયા? કેટલીક વાત તો સમ્યગ્દર્શનની કરી. આહા..હા..! એ જયવંત વર્તો. પરમવીતરાગ ચારિત્ર શુદ્ધ ઉપયોગ. જુઓ, કોઈ કહતે હૈ કિ અત્યારે શુદ્ધ ઉપયોગ હોય નહિ. ઐસા .. અમૃતચંદ્રાચાર્ય આદિ સંતો કહતે હૈં, જયવંત વર્તો. પરમવીતરાગ ચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગ જિસકે પ્રસાદ સે યહ આત્મા અપના સ્વયમેવ ધર્મ હુઆ. એમ કહતે હૈ. ધર્મ હોગા ઐસા નહીં. કહતે હૈ ન કિતને? કિ અત્યારે શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર હૈ નહીં. શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ હૈ? આચાર્ય કહતે હૈં કિ હૈ. સમજમેં આયા? દેખો, કહતે હૈ કિ જયવંત વર્તો પરમવીતરાગ. પાછા પરમવીતરાગ

ચારિત્ર. યથાખ્યાતની અહીંયા વાત નથી. એના પોતાના ઉપયોગ સામાયિક ચારિત્રની ઉપયોગની વાત છે.

શુદ્ધોપયોગ કે જેના પ્રસાદસે આ આત્મા સ્વયમેવ. દેખો, કિસીકી મદદ બિના, કિસીકી સહાય બિના અપનેસે ધર્મ હુઆ. અબ ધર્મ હુઆ. હમ આત્મા ધર્મરૂપ હુઆ. ધર્મ નામ ચારિત્ર જો પહલેસે કહા થા. પ્રવચનસારમેં પહલેસે કહા થા કિ હમ ધર્મ(રૂપ) હુઆ હૈ. ધર્મી આત્મા હી પર્યાયમેં ધર્મરૂપ હુઆ હૈ. સમજમેં આયા? વહી બાત યહાં પરમાત્મપ્રકાશમેં યોગીન્દ્રદેવ કહતે હૈ કિ જિસકો આગમજ્ઞાનકા ઈતના જ્ઞાન હૈ, પણ જો આત્મા રાગરહિતકા આત્મભાન નહીં ઉસસે આત્માકી મુક્તિ-બુક્તિ હોતી નહીં. ઉસકો સમ્યગ્દર્શન હોતા નહીં, ઉસકો સમ્યગ્જ્ઞાન હોતા નહીં, તો ઉસકો ચારિત્ર તો હોતા નહીં. હૈ?

'**વીતરાગચારિત્રકી ભાવનાકે બિના મોક્ષકો નહીં પાતા હૈ.**' વહ આખિરકા શબ્દ હૈ છેલ્લા. ૮૧ હુઈ ૮૧.

'**આગે જો નિર્વિકલ્પ આત્મ-ભાવનાસે શૂન્ય હૈ, વહ શાસ્ત્રકો પઢતા હુઆ ભી તથા તપશ્ચરણ કરતા હુઆ ભી પરમાર્થકો નહીં જાનતા હૈ,...**' દો બાત લી. ૮૨.

**૨૦૯) बुज्झइ सत्थइँ तउ चरइ पर परमत्थु ण वेइ।**
**ताव ण मुंचइ जाम णवि इहु परमत्थु मुणेइ।।८२।।**

ઐસા કહતે હૈ કિ '**શાસ્ત્રોંકો જાનતા હૈ,...**' શાસ્ત્રકો પઢતા હૈ, બહુત શાસ્ત્ર પઢેં. '**ઔર તપસ્યા કરતા હૈ,...**' મુનિપના ભી પાલતા હૈ. અઠ્ઠાઈસ મૂલગુણ, પંચ મહાવ્રત આદિ પાલતા હૈ. '**લેકિન પરમાત્માકો નહીં જાનતા હૈ,...**' આહા..હા..! પણ વહ વિકલ્પસે, શાસ્ત્રજ્ઞાન સે પાર આત્મા હૈ ઉસકો જો નહીં જાનતે હૈ. સમજમેં આયા? હૈ ન શબ્દ? '**લેકિન પરમાર્થ...**' પરમાર્થ નામ પરમ અર્થ, પરમ અર્થ નામ પદાર્થ આત્મા. વીતરાગસ્વરૂપ નિર્વિકલ્પ નામ રાગરહિત આનંદઘન આત્મા અપના, ઉસકો શાસ્ત્ર પઢતે હુએ ઔર મુનિપનાકી ક્રિયાકાંડ કરનેપર ભી જો આત્મા નહીં જાનતે. ઐસા આત્માકા જ્ઞાન શ્રદ્ધા નહીં હૈ. '**જબતક પૂર્વ કહે હુએ પરમાત્માકો નહીં જાનતા,...**' યહ શાસ્ત્ર પઢનેસે ઔર ક્રિયાકાંડ ઈતની કરનેસે ભી આત્માકા ભાન બિના, આત્માકા જ્ઞાન ઉસકો હોતા નહીં. સમજમેં આયા?

'**યા અચ્છી તરહ અનુભવ નહીં કરતા હૈ,...**' આત્મામેં રાગ ઔર શાસ્ત્રકા પઢને સે ભિન્ન ઐસા આત્માકા અનુભવ કરતે નહીં. ક્યોંકિ વહ ક્રિયાકાંડ રાગ હૈ, શાસ્ત્રજ્ઞાન ભી રાગ હૈ. આહા..હા..! '**અચ્છી તરહ અનુભવ નહીં કરતા હૈ,...**' શાસ્ત્રશબ્દસે (જ્ઞાન) કરતે હૈ. ઐસા આત્મા હૈ, ઐસા આત્મા હૈ, ઐસા આત્મા હૈ. આત્મા શુદ્ધ હૈ, વીતરાગ હૈ, ઐસા શબ્દ સે કહતે હૈ. ઔર ક્રિયાકાંડમેં માનતે હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ

હો, પરંતુ યહ આત્માકા ઐસા અંતર બોધ ન હો તો ઉસકો પરમાર્થકા કુછ જ્ઞાન નહીં હૈ. સમજમેં આયા? કઠણ વાત છે જગતને.

દેખો, ભાવાર્થ હૈ ન? '**યદ્યપિ વ્યવહારનયસે આત્મા અધ્યાત્મશાસ્ત્રોંસે જાના જાતા હૈ,...**' દેખો, યહ ભી બાત. ભાવાર્થ હૈ ન? '**યદ્યપિ વ્યવહાનયસે આત્મા અધ્યાત્મશાસ્ત્રોંસે જાના જાતા હૈ,...**' સમજમેં આયા કુછ? '**व्यवहारेण परमात्मप्रतिपादकशास्त्रेण ज्ञायते**' ઐસા સંસ્કૃત શબ્દ પડા હૈ. ઉસકા અર્થ કિયા. '**व्यवहारेण परमात्मप्रतिपादकशास्त्रेण**' યહ પરમાત્મ પ્રતિપાદક શાસ્ત્ર હૈ ન? યહ પરમાત્મપ્રકાશ ઉસકા નામ હૈ. સમયસારકા નામ ભી પરમાત્મા પ્રકાશ હી હૈ. યહ સમયસાર અર્થાત્ આત્મા. તો કહતે હૈ '**व्यवहारेण परमात्मप्रतिपादकशास्त्रेण ज्ञायते**' જાનનેમેં આતા હૈ તો વહ શાસ્ત્ર પરમ અધ્યાત્મ શાસ્ત્ર હી જાનનેમેં આતા હૈ. કહતે હૈં પરંતુ ઈતના શાસ્ત્ર જાનતે હુએ ભી. દેખો, ફિર ખુલાસા ક્યા કિયા? '**व्यवहारेण परमात्मप्रतिपादकशास्त्रेण ज्ञायते**' જિસમેં આત્માકા કથન હૈ. પરમાત્મસ્વરૂપ અપના નિરાવરણ નિર્મળ. ઐસા પરમાત્મસ્વરૂપકા જિસમેં અધ્યાત્મ શાસ્ત્રમેં કથન હૈ. દૂસરે શાસ્ત્રમેં વ્યવહાર આદિ કથન હૈ પરંતુ પરમાર્થ શાસ્ત્ર અધ્યાત્મમેં હૈ. દેખો, પાઠ લિયા ને?

'**વ્યવહારનયસે આત્મા અધ્યાત્મશાસ્ત્રોંસે જાના જાતા હૈ, તો ભી નિશ્ચયનયસે...**' સત્ય દૃષ્ટિ બિના... '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનસે હી જાનને યોગ્ય હૈ,...**' યહ જાનને યોગ્ય તો રાગરહિત આત્માકે જ્ઞાનસે આત્મા જાનને લાયક હૈ. આહા..હા..! સમજમેં આયા? ભીખાભાઈ! વીતરાગ શાસ્ત્ર અધ્યાત્મ શાસ્ત્રસે ભી જાનનેમેં નહીં આતા.

મુમુક્ષુ :- તમને તો જાણવામાં આવે છે બધું.

ઉત્તર :- એ જાનનેમેં આવે એટલે? જાણે તો ઉસકા નિમિત્ત અધ્યાત્મ શાસ્ત્ર હોતા હૈ ઐસા કહતે હૈ. ઉસમેં ઐસા હૈ. એય..! '**परमात्मप्रतिपादकशास्त्रेण ज्ञायते**' જાને તો ઉસકા નિમિત્તમેં પરમાત્મ શાસ્ત્રકા અધ્યાત્મ શાસ્ત્ર નિમિત્ત હૈ. ઐસા જાના હૈ પરમાત્મશાસ્ત્ર. '**તો ભી...**' અંતર વીતરાગવિજ્ઞાનકે જ્ઞાન દ્વારા જાને નહીં તો ઉસકા કુછ આત્માકો લાભ હૈ નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે ક્યા? ઘોડા ઉપર બેસીને પછી ઘોડો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આત્મા, રાગ વિકલ્પ જો હૈ ઉસસે ભિન્ન રાગરહિત અપના જ્ઞાન, વીતરાગ જ્ઞાનસે આત્મા જાનનેમેં આતા હૈ ઐસા કહતે હૈ. કરો તર્ક. આત્મા વીતરાગજ્ઞાનસે જાનનેમેં

આતા હૈ.

મુમુક્ષુ :- વીતરાગ જ્ઞાન .. આત્મા જાનતા હૈ.

ઉત્તર :- પણ યે તો વહી કા વહી હુઆ.

મુમુક્ષુ :- નિશ્ચય પ્રમાણ...

ઉત્તર :- ના, ના, એમ નહિ. જાનનેમેં આતા હૈ તો શાસ્ત્ર જાના તો જાનનેમેં નહીં આયા ઐસા કહતે હૈ. વ્યવહારસે જાનનેમેં આતા હૈ કિ યહ શાસ્ત્ર ઐસા કહતે હૈ. પરંતુ વહ યથાર્થ નહીં. વિકલ્પરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ હુઈ, તો ઉસ દૃષ્ટિ દ્વારા આત્મા ઐસા હૈ જાનનેમેં આતા હૈ બસ ઈતના. હૈ તો આત્મા જાનનેમેં આતા હૈ. આત્મા જાણ્યોને, વળી શું જાણે? પણ એ દૃષ્ટિમેં આત્મા જાનનેમેં આયા. દેહ, વિકલ્પ દૃષ્ટિમેં જાના ક્યા? આત્મા. બસ.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ ક્યારે?

ઉત્તર :- થઈ ક્યારે? એના તરફ સન્મુખ થયો ત્યારે. સમજમેં આયા? ભારે કઠણ ભાઈ જગતને. હૈ કિ નહીં પણ દેખોને.

**'નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે હી...'** ભાઈ! બાત તો ઐસી હૈ. અપના સ્વરૂપ હી ઐસા હૈ, પરંતુ વર્તમાનમેં તો ગડબડ બહુત હો ગઈ ઈસલિયે વાસ્તવિક તત્ત્વકો સમજનેમેં ભી ગડબડ હો ગયી. ભગવાન આત્મા અપની શુદ્ધ પરિણતિ વીતરાગદશા દ્વારા હી આત્મા જાનનેમેં આતા હૈ. બસ એક હી બાત. સમજમેં આયા? વહ પહલી ગાથામેં રાગકી એકતાકી બાત કહી થી. યહ રાગકા અભાવકી બાત કરતે હૈ. દુર્લભ લાગે અને મહાન લાગે, પરંતુ અશક્ય નહીં હૈ. વસ્તુ તો ઐસી હૈ. બાકી સબ બાત તો નિમિત્તમાત્ર હૈ. આત્મા અંતરમેં અનંતગુણ સંપન્ન, અનંત શાંતિ, આનંદ સંપન્ન વસ્તુ હૈ. વહ તો અંતર મેં નિર્વિકલ્પ દૃષ્ટિ કરને સે હી આત્મા હૈ ઐસા જાનનેમેં આતા હૈ. શાસ્ત્રજ્ઞાન સે નહીં ઐસા કહતે હૈ. પહેલા કહ્યું ખરું જાણવામાં આવે, પણ એ નિમિત્તથી વ્યવહાર જાણવામાં આવે એમ. પણ આત્મા આવો છે, ઐસા હૈ, ઐસા વિકલ્પસે, શાસ્ત્રસે જાનનેમેં આયા, પરંતુ વહ કોઈ વાસ્તવિક જાનના નહીં હુઆ ઐસા કહતે હૈ. સમજમેં આયા?

કિ સર્વજ્ઞ ભગવાનકા કહા હુઆ અધ્યાત્મ શાસ્ત્ર. ઉસસે વહ જાનનેમેં આતા હૈ કિ યહ આત્મા ઐસા હૈ એમ ભગવાન કહતે હૈ. પરંતુ વહ જાનના ભી યથાર્થ નહીં. સમજમેં આયા? વીતરાગ-રાગ રહિત. અરે! ઉસકો રાગસહિત જાનના, વહ તો કહતે હૈ, ઐસા અનંતબાર જાના. નવ પૂર્વ ઔર ગ્યારહ અંગમેં ઉસકો ઐસા ખ્યાલ ભી આયા થા. સમજમેં આયા? ભગવાન કહતે હૈ ઐસા ખ્યાલમેં ભી આયા થા. પરંતુ યહ પરલક્ષી થા. યહ આત્મા અપને

સ્વસંવેદનસે. જ્ઞાનસે જ્ઞાન આત્મામેં જાનનેમેં આતા હૈ ઐસા કભી (નિર્ણય) કિયા નહીં. આહા..હા..! સમજમેં આયા?

યહાં તો પાઠ કૈસા હૈ? દેખો, 'वीतरागस्वसंवेदनज्ञानेन परिच्छिद्यते' છેને? 'निश्चयेन वीतरागस्वसंवेदनज्ञानेन परिच्छिद्यते' ઓલામાં 'ज्ञायते' કહ્યું, અહીંયાં 'परिच्छिद्यते' કહ્યું. ટીકામાં પણ... ભગવાનકી વાણીમેં ઐસા ખ્યાલ આયા કિ ભગવાન ઐસા કહતે હૈ કિ આત્મા તેરી શુદ્ધ ચીજ અનંત ગુણકા પિંડ રાગ ઔર નિમિત્તસે રહિત ઐસી ચીજ હૈ. ઐસા આત્મા હૈ. ઐસા ખ્યાલ આયા, પરંતુ વહ તો શાસ્ત્રકા જ્ઞાનસે વિકલ્પસે ખ્યાલ આયા. વહ વાસ્તવિક તત્ત્વ નહીં. સમજમેં આયા? તેથી ઉસમેં 'ज्ञायते' કહ્યું, અહીંયાં 'परिच्छिद्यते' કહ્યું. જાણે વ્યવહારજ્ઞાન હુઆ. સમસ્ત પ્રકારે આત્મા શુદ્ધ જૈસા હૈ ઐસા અંતર્મુખ હોકર સમ્યગ્જ્ઞાનસે, વીતરાગ સ્વસંવેદનસે જાનનેમેં આતા હૈ વહી નિશ્ચય હૈ. ઓહો..હો..! કહો, ભીખાભાઈ! આમાં ક્યાંય ચાલે એવું નથી, ભાઈ! ત્યારે એ વ્યવહાર શાસ્ત્ર ભગવાનને કહા ઉસકો નિમિત્તકા આરોપ આતા હૈ. ભગવાનકા શાસ્ત્ર હી ઐસા કહતે હૈ. પરમેશ્વર પરમાત્માકા શાસ્ત્ર હી આત્માકી ઐસી બાત. ઐસી બાત કોઈ દૂસરે શાસ્ત્રમેં સર્વજ્ઞકે સિવા હોતી નહીં. ઇતની બાત હૈ. પરંતુ વહ શાસ્ત્ર તરફકા લક્ષ કરકે આત્મા જાનનેમેં આ જાયે. આહા..હા..! સમજમેં આયા? ઔર શાસ્ત્રકા જ્ઞાન હુઆ ગ્યારહ અંગકા. વહ ગ્યારહ અંગકે જ્ઞાનસે આત્મા જાનનેમેં આ જાતા હૈ ઐસા નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું આવી ગયું નથી પહેલું, હજી આવશે હવે. હજી આવશે હવે. એ હજી આવશે ૮૩માં. ખરો બોલ ત્યાં આવશે હજી. જડ હૈ.. જડ હૈ.. જડ કહેગા. આહા..હા..! ૮૩માં. ઝાટકણી કર દેતે હૈ. ઝાટકતે હૈ કહતે હૈ ન? વહ સૂપડામેં હોતા હૈ કિ નહીં? ઝાટકતે હૈ વહ ફોતરા. ફોતરાને શું કહે છે? છિલકા. વહ છિલકા નિકલ જાતા હૈ ઔર દાના-દાના રહ જાતા હૈ. ઐસે આત્મા રાગ, દયા, દાન, વિકલ્પ, જો હૈ પુણ્ય વહ છિલકા હૈ. ઉસસે રહિત ભગવાન આત્મા વેદનમેં આ જાના વહ રાગરહિત વીતરાગ દૃષ્ટિસે આતા હૈ. દૂસરેસે આતા નહીં. આહા..હા..!

દૂસરી બાત '**યદ્યપિ બાહ્ય સહકારીકારણ અનશનાદિ બારહ પ્રકારકે તપસે સાધા જાતા હૈ,...**' નિમિત્તસે હોં. નિમિત્ત કહતે હૈ. ઓલામાં 'ज्ञायते' કહ્યું હતું, અહીં 'સાધા જાતા' હૈ. અનશન, ઉણોદરી '**બાહ્ય સહકારીકારણ અનશનાદિ બારહ પ્રકારકે તપસે...**' પાછા લિયા દેખો, સમજમેં આયા કુછ? 'यद्यप्यनशनादिद्वादशविधतपश्चरणेन' ક્યા? અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ સબ રાગકી મંદતા હૈ. યહ અંદર ધ્યાન કરના કિ મૈં

ઐસા હૂં... ઐસા હૂં... વહ ભી વિકલ્પ હૈ. પહલે ધ્યાન કરતે-કરતે. ઐસા ભી વિકલ્પ, વહ બારહ પ્રકારકા તપ રાગકી મંદતામેં ગયા. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, ... એ બાહ્ય, પછી પ્રાયશ્ચિત, વિનય, વયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન ઔર.. વહ બારહ પ્રકારકે તપ ભી બાહ્ય નિમિત્ત હૈ. અંતર ઉપાદાન શુદ્ધમેં વહ કામ નહીં કરતા. આહા..હા..! ધ્યાન ભી લિયા હોં ઉસમેં. આ ધ્યાન કરતે હૈ ન કેટલાક? પણ યે સબ વિકલ્પ હૈ. રાગ હૈ, ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ. કબ? કિ આત્મા અંદરમેં નિશ્ચય...

દેખો, '**તો ભી નિશ્ચયનયસે નિર્વિકલ્પવીતરાગચારિત્રસે હી આત્માકી સિદ્ધિ હૈ.**' દેખો, રાગરહિત સ્વરૂપકી સ્થિરતા અંતરમેં હોતી હૈ, વહી સચ્ચા ચારિત્ર હૈ, વહી ચારિત્રસે આત્માકી સિદ્ધિ હોતી હૈ. બહિરંગ તપસે સિદ્ધિ હોતી નહીં. બહુ ગૂઢ મૂક્યું છે ઘણું. કહો, બાહ્યકે દેવ-ગુરુ-શાસ્ત્રકે વિનય, વયાવચ્ચ આદિ સબ શુભરાગમેં જાતા હૈ. પ્રાયશ્ચિત, વિનય બાર પ્રકાર લિયા હૈ ટીકામેં. વયાવચ્ચ, શાસ્ત્રકા સ્વાધ્યાય. એ શાસ્ત્રકા સ્વાધ્યાય. યહ શાસ્ત્રકા વાંચન કરના વહ સબ વિકલ્પમેં જાતા હૈ શુભરાગમેં. ધર્મદેશના કરના. વહ ભી શુભરાગમેં જાતા હૈ. વાચણા-પૂછણા પ્રશ્ન પૂછના વહ ભી શુભરાગમેં જાતા હૈ. વાચના, પૂછણા.. વારંવાર ઉસકો શાસ્ત્ર ઘોલના, ગોખના. ઐસા કહતે હૈ ન? પર્યટન કરના. વાચના, પૂછણા, પર્યટના, અનુ..ધર્મકથા. વહ સ્વાધ્યાયકા ભેદ હૈ, વહ બાહ્યતપકા ભેદ હૈ. અંતર નહીં. આહા..હા..!

દૂસરી બાત વહ. ક્યા? કિ અનશન આદિ બાર પ્રકારકી તપકી વ્યાખ્યા વીતરાગ સર્વજ્ઞકે શાસ્ત્રમેં હી નિમિત્તરૂપસે હૈ. ઐસી વ્યાખ્યા દૂસરે અજ્ઞાનીમેં હૈ નહીં. સમજમેં આયા? અનશન, ઉણોદરી આદિ જો બાર પ્રકાર હૈ વહ જૈનદર્શનમેં નિમિત્તરૂપ, વ્યવહારરૂપ ઐસા હોતા હૈ. ઐસા નિમિત્ત ભી અજ્ઞાનીમેં ઐસા નહીં હૈ. ઐસા નિમિત્ત હોનેપર ભી, દેખો, '**નિશ્ચયનયસે...**' અંતરદષ્ટિસે '**નિર્વિકલ્પવીતરાગચારિત્રસે...**' સ્વરૂપમેં શાંતિમેં ઠરના... ઠરના... ઠરના... અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેના. આત્માકા અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેના, ઉસમેં ચારિત્ર નામ રમના. હૈ? ઉસસે આત્માકી સિદ્ધિ હૈ. વહ ચારિત્રસે મુક્તિ હૈ. સમજાય છે કાંઈ?

ચારિત્ર નામ ચરના, ચરના નામ ઘાસ આ ઢોર ચરે છે કે નહિ? ક્યા કહતે હૈ? ઢોર કહતે હૈ ન પશુ? ઘાસ-ઘાસ હોતા હૈ કિ નહીં? ચરતે હૈં કિ નહીં? તો કોઈ ચીજ હૈ ઉસકો ચરતે હૈ કિ નહીં? તો આત્મા અતીન્દ્રિય આનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ દષ્ટિમેં આયા હૈ સમ્યગ્દષ્ટિકો. ઉસમેં એકાગ્ર હોકર આનંદકા ચરના, આનંદકા અનુભવ હોના ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? નિશ્ચયસે અર્થાત્ સત્યસે, સત્યવસ્તુકી દષ્ટિસે, નિર્વિકલ્પ અર્થાત્ રાગરહિત વીતરાગચારિત્રસે હી આત્માકી સિદ્ધિ હૈ. ઉસકે સિવા આત્માકી સિદ્ધિ નહીં હોતી.

'**જિસ વીતરાગચારિત્રકા શુદ્ધાત્મામેં વિશ્રામ હોના હી લક્ષણ હૈ.**' દેખો, વ્યાખ્યા.

આહા..હા..! સમજાય છે? '**निर्विकल्पशुद्धात्माविश्रान्तिलक्षणवीतरागचारित्रसाध्यो** ' ક્યા કહતે હૈ? આત્મા વીતરાગ આનંદસ્વરૂપ આત્મા ઉસમેં વિશ્રાંતિ લેના. આહા..હા..! ભગવાન... જૈસે બરફકી શિલા પડી હો ઠંડા બરફકી. શિલા ઉપર સો જાયે. ઠંડા... ઠંડા... ઠંડા... ઐસે ભગવાન આત્મા અનાકુલ શાંતરસકા પિંડ આત્મા હૈ ઉસમેં વિશ્રામ લેના, ઠહરના. આહા..હા..! મગજમેં-ભેજેમેં બાત બૈઠે નહીં. ક્યા હૈ યહ? યહ તો મિટ્ટી-ધૂલ હૈ. કર્મ મિટ્ટી-ધૂલ હૈ. અંદરમેં વિકલ્પ ઉઠતે હૈ પુણ્ય-પાપકા વહ તો રાગ હૈ, ઉસસે પૂરી ચીજ ભિન્ન પડી હૈ. શરીર પ્રમાણસે આનંદકા કંદ આત્મા હૈ. અતીન્દ્રિય શાંતરસસે ભરા પિંડ હૈ આત્મા. યહ ઉસમેં દૃષ્ટિ પહલે કરકર, પીછે ઉસમેં વિશ્રામ લેના. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા વિશ્રામ પણ કિસમેં? થાક લગતા હૈ ન? તો સો જાતે હૈ કિ નહીં? વિશ્રામ કરતે હૈ ન? લો વિશ્રામ કરો... વિશ્રામ કરો.. બહુત થાક લગા હૈ. કોઈ બેટા મર ગયા હો, લડકા મર ગયા હો તો દુઃખ હોતા હૈ તો વિશ્રામ કરો. ભાઈ સો જાઓ. થોડે સમય સો જાઓ. બહુત દુઃખ હોતા હૈ તો ફિર વિશ્રામ કરતે હૈ. ઐસે યહાં કહતે હૈ કિ અજ્ઞાનસે બંધા જો કર્મ ઉસસે ઉત્પન્ન હુઆ વિકાર. ઉસસે ઐસે નિકલકર અપના સ્વરૂપમેં સ્થિર હો તો ખેદ મિટ જાયેગા તેરા. આહા..હા..! વીતરાગમાર્ગ તો ભાઈ ઐસા કઠિન હૈ. સમજમેં આયા? 'ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા. ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.' દેવલોકો દેવ ન રહી શકે અને અજ્ઞાની પણ એમાં રહી શકે નહિ. આહા..હા..!

એકલો ભગવાન આત્મા નિર્વિકલ્પ શાંતરસકા દલ આત્મા વહ પિંડ-ગાંઠડી હૈ. આત્મા વીતરાગ સ્વભાવકી ગાંઠડી હૈ. આ ઉસમેં વિશ્રામ લેના, ઉસમેં ઠહરના. ઉસકા નામ ત્રિલોકનાથ પરમેશ્વર ચારિત્ર કહતે હૈ. હૈ? '**વીતરાગચારિત્રકા શુદ્ધાત્મામેં વિશ્રામ હોના હી લક્ષણ હૈ.**' વહ ઉસકા લક્ષણ હૈ. બારહ તપ ઔર પંચ મહાવ્રત વહ તો રાગ લક્ષણ હૈ. વહ તો શુભરાગ હૈ. વહ કુછ વીતરાગ ચારિત્રકા લક્ષણ નહીં. વહ તો રાગમેં ઠહરા ઈતના. ભારે વાત ભાઈ! આ મુનિ પરમાત્માકી બાત કરતે હૈ. મુનિ સ્વયં છઠ્ઠે-સાતવે ગુણસ્થાનમેં હૈ. સમજમેં આયા? અંતરમેં સપ્તમ ગુણસ્થાનમેં રાગરહિત હોકર સ્વરૂપમેં ઠહરતે હૈ શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... વહ વીતરાગચારિત્ર વિશ્રામ અંતર ઠહરના વહ ઉસકા લક્ષણ હૈ. આહા..હા..! દેખો, અર્થ કરતે હૈ. રાગમેં, વિકલ્પમેં ઠરતે હૈ વહ તો અચારિત્ર હૈ.

બાત યહ હૈ કિ અપના સ્વરૂપ ક્યા ચીજ હૈ ઉસકી મહત્તા ઉસકો આતી નહીં. પદાર્થ મહાન ભગવાન આત્મા અનંત-અનંત જિસકી ખાનમેં શાંતિ પડી હૈ. આનંદ હૈ, જ્ઞાન હૈ,

દર્શન હૈ, પ્રભુતા અનંત પડી હૈ ઉસમેં. ઐસી પ્રથમ દૃષ્ટિ કરકે, નિર્વિકલ્પ દૃષ્ટિ તો પહલે કી. ગ્રંથિભેદ. સમજે? રાગરહિત. પીછે ઉસમેં જમ જાના, અતીન્દ્રિય આનંદકા અનુભવ કરના, વિશ્રામ લેના, ભગવાન આત્મામેં વિશ્રામ લેના. લ્યો! શીતળા શું કીધું એ તમારે? 'શીતળ શિલા શશીકાંતની જ્યાં ઈન્દ્રો વિશ્રાંતિ લહે.' આવે છેને આપણે આ ભગવાનના સમવસરણમાં? ભગવાન જ્યારે સમવસરણમાં બિરાજે છેને? આજ દિવસ છે લ્યો! ઠીક આજ છઠ છે આજે ભક્તિ ત્યાં થશે. જહાં સમવસરણમાં ભગવાન બિરાજતે હૈં વહાં બીચમેં શશીકાંતકી શિલા હોતી હૈ. શશીકાંત ચંદ્રમાકે શીતલ કિરણ ઐસી ઠંડી... ઠંડી... ઈન્દ્રો સમવસરણમેં પેસતે હૈ ભગવાનકે દર્શન કરનેકો અંદર. તો વહાં થોડા વિશ્રામ લેતે હૈ. વૈમાનમેં સે ઉતરા હૈ ન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શશીકાંત. એય..! રાજમલજી! ક્યા કહતે હૈ વહ? એરકંડીશન. આ ઠંડા મૂકતે હૈ વહ ને? ગરમ ચીજ રખે તો ઠંડી હો જાયે. વહાં ઐસા નહીં હૈ. ભગવાન પાસે તો નીચે બાહર ઘૂસતે આઠ ભૂમિકામેં પહલે ઘૂસતે શશીકાંત એક શિલા હૈ ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... તો ભગવાનકો વંદન કરનેકો આતે હૈ સ્વર્ગમેં સે દેવ? તો પહલે ઘૂસતે હૈ ન અંદર? વહાં બૈઠતે હૈ થોડીદેર વિશ્રામ લેતે હૈ. ફિર સબ ઈકઠ્ઠા હોકર ભગવાન પાસે જાતે હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શિલો હા આપણે બનાવ્યું છે નામ આ શું કહેવાય? સ્થાપનાનિક્ષેપે. અહીં જોઈ છે કે નહિ? સમવસરણમાં ધોળી શિલા છે. બહુ ઠંડો. શશીકાંત. એને ઉપમા આપી નથી? કે જાણે ચંદ્રમાના કિરણોથી બનાવી હોય. શશીકાંત આવે છે. ભગવાનની અંદર છે ઠંડી. એ તો પત્થરનું શશીકાંત. આ ચૈતન્યનું શશીકાંત. આહા..હા..! યહ આત્મા કૌન હૈ? કૈસા હૈ? સમજમેં આઈ નહીં વહ બાત. જિસ આત્મામેં એકાગ્ર હોકર વિશ્રામ શાંત... શાંત... શાંત... શાંત.. ઠહર જાના ઉસકો સર્વજ્ઞ પરમેશ્વર ચારિત્ર કહતે હૈ. વહ વીતરાગ ચારિત્રસે આત્માકો કેવલજ્ઞાન હોતા હૈ. શુભરાગ તો નિમિત્તરૂપસે કહનેમેં આયા. વસ્તુરૂપ... સમજમેં આયા?

**'સો વીતરાગચારિત્રકે બિના આગમજ્ઞાનસે તથા બાહ્ય તપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં હૈ.'** યહ વીતરાગચારિત્રકે... આગમજ્ઞાન ઔર બાહ્યતપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં હૈ વીતરાગચારિત્રકે બિના. યહ રહ ગયા થોડા. વહ તો સંધિ કર લેના. **'વીતરાગચારિત્રકે બિના...'** ઐસા લેના થોડા શબ્દ. સમજમેં આયા? બાકી છેને? **'पूर्वोक्तलक्षणं परमार्थं मनुते जानाति श्रद्धत्ते सम्यगनुभवतीति।'** લો. યહ આત્મજ્ઞાન, અકેલા આગમજ્ઞાન ઔર

બાહ્ય તપ. ક્રિયાકાંડ, મહિને-મહિને કે અપવાસ ઔર પંચ મહાવ્રતકા ભાવ વહ બાહ્ય તપસે આત્મજ્ઞાનકી સિદ્ધિ નહીં. ઉસમેં આત્માકી સિદ્ધિ નામ મુક્તિ નહીં હોતી. આત્માકી શાંતિ નહીં મિલતી.

'**જબતક નિજ શુદ્ધાત્મતત્ત્વકે સ્વરૂપકા આચરણ નહીં હૈ,...**' દેખો, જબતક-જહાંતક નિજ શુદ્ધાત્મા, અપના શુદ્ધાત્મા. દેખો, ભગવાનકા આત્મા ભગવાનકે પાસ રહા. '**જબતક નિજ શુદ્ધાત્મતત્ત્વ...**' સમજમેં આયા? ઉસકા સ્વરૂપકા આચરણ નહીં. નિજ શુદ્ધાત્મતત્ત્વ અંતર સ્વરૂપ શુદ્ધ ઉસકા અંતર આચરણ નહીં, અનુષ્ઠાન નહીં, અંતર સ્થિરતા નહીં '**તબતક કર્મોંસે નહીં છૂટ સકતા.**' તબતક ઉસકો નિર્જરા હોતી નહીં. કર્મકી નિર્જરા અંતર શાંતિમેં ઠરનેસે હોતી હૈ. સમજમેં આયા? '**યહ નિઃસંદેહ જાનના,...**' લિખા હૈ? '**યહ નિઃસંદેહ જાનના,...**' સંદેહ નહીં કરના, શંકા નહીં કરના કિ ઐસા હોગા કિ કૈસા હોગા? '**યહ નિઃસંદેહ જાનના,...**' દેખો, યહ ટીકા. દૌલતરામની ટીકા છે કે કોની છે ભાઈ આ? આ દૌલતરામની ટીકા છે હોં. એ સવારમાં વાંચીએ છીએને આપણે? એ એક જ છેને? કે બીજા. એક બીજા વળી કહે છે. બે પ્રકાર કહે છે. પણ એ દૌલતરામની આ ટીકા છે. એક પંડિત થઈ ગયા છે દૌલતરામજી. સુબહમેં ચલતા હૈ વહ દૌલતરામજીકી છહ ઢાલા. વળી કોઈ કહે એ કાંઈક છે ખરું એક. દૌલતરામ કોઈ બે-ત્રણ થયા છે હોં. દિગંબર સંત. હોગા કોઈ. પરંતુ વહ દૌલતરામજી પંડિત ગૃહસ્થાશ્રમમેં થે. ઉસમેં પરમાત્મપ્રકાશકી અંદર ટીકા જો મુનિઓનેં બનાયા શાસ્ત્ર. ઉસકા હિન્દી બનાયા હૈ. પંડિતને હિન્દી બનાયા હૈ. ભગવાનકે શાસ્ત્રમેં જો લિખા થા ઉસકો પંડિત દૌલતરામજી હૈ પહલે. દેખો, પહલી ટીકામેં શુરૂઆતમેં? શુરૂઆતમેં હૈ. 'શ્રી પંડિત દૌલતરામજીકૃત ભાષા ટીકા' પહલી ગાથામેં હૈ. 'દૌલતરામજીકૃત ભાષા ટીકા' ઐસા પહલેમેં હૈ. શુરૂઆતમેં પહલી ગાથા હૈ ન? પહલી. લિખા હૈ. બરાબર હૈ. ઠીક છહ ઢાલામેં દૌલતરામજી હૈ વહી દૌલતરામજી યહ હૈ. આપણે સવેરમેં ચલતી હૈ ન છહ ઢાલા? વહ ભી પંડિત દૌલતરામજીકી બનાયી હુઈ હૈ, યહ ભી સંસ્કૃતમેંસે હિન્દી દૌલતરામજીને બનાયા હૈ. બહુત દૌલતરામજી ગૃહસ્થમેં પંડિત પરંતુ બહુત અચ્છા હુઆ. પહલે કે પંડિત તો બહુત અચ્છા... દોસો સાલ પહલે તો દિગંબર પંડિતો ભી બહુત અચ્છા જાનપનેવાલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વખત તો મેળવે ઉસકો મિલે. પરપ્રવૃત્તિમેં પડે ઉસે ન મિલે.

યહાં કહતે હૈં કિ આગમ જ્ઞાનાદિસે '**આચરણ નહીં હૈ, તબતક કર્મોંસે નહીં છૂટ સકતા. યહ નિઃસંદેહ જાનના,...**' પીછે વિશેષ કહેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૭, શનિવાર, તા. ૧૨-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૨-૮૩, પ્રવચન-૧૨૬**

.. છે જુઓ. પરમાત્મપ્રકાશ. દૂસરા ભાગ, ૮૨ ગાથા. '**જબતક નિજ શુદ્ધાત્મતત્ત્વકે સ્વરૂપકા આચરણ નહીં હૈ,...**' યહાં આયા હૈ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ હૈ ઉસકા અંતરમેં આનંદકા આચરણ, જબતક અનુભવ આત્માકા આચરણરૂપ ન હો, '**તબતક કર્મોંસે નહીં છૂટ સકતા.**' સમજમેં આયા? શુભાશુભ પરિણામ હોતા હૈ. શુભભાવ હોતા હૈ ઉસસે પુણ્ય બંધતા હૈ, અશુભભાવ હો તો પાપ બંધતા હૈ. આત્મા વહ શુભ-અશુભભાવસે ભિન્ન ઉસકા અંતરમેં આચરણ નામ અનુષ્ઠાન-ઉસમેં એકાગ્રતાકી લીનતા હુએ બિના કર્મસે છૂટતા નહીં. બંધનસે છૂટકારા આત્માકા અનુભવ બિના હોતા નહીં. સમજમેં આયા? મિથ્યાત્વકા ભી છૂટકારા આત્માકા અનુભવ બિના હોતા નહીં. અવ્રત અને પ્રમાદ, કષાયકા પરિણામ પણ આત્માકા અંતરકા અનુભવ બિના ઉસકા નાશ હોતા નહીં.

'**યહ નિઃસંદેહ જાનના,...**' એ પોતે અર્થકારે કહ્યું. નિઃસંદેહ નિર્ણય કરના કિ યહ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ઉસકા આચરણ અંતરમેં અનુભવ કિયે બિના કભી બંધનસે છૂટનેકી નિર્જરા કભી હોતી નહીં. સમજમેં આયા? '**જબતક પરમતત્ત્વકો ન જાને,...**' પરમાત્મા નામ આત્મા પરમસ્વરૂપ તત્ત્વ હૈ, પરમ આનંદ, પરમજ્ઞાન, પરમશાંતિ, પરમ સ્વચ્છતા. વસ્તુ પરમસ્વરૂપ આત્મા હૈ. પુણ્ય-પાપકા ભાવ હૈ વહ તો અપરમ અથવા વિકૃત હૈ. ઔર ક્ષયોપશમ આદિ પર્યાય ભી અપરમભાવ હૈ, વહ પરમભાવ નહીં, પરમસ્વરૂપ નહીં.

ભગવાન આત્મા જબતક પરમતત્ત્વ નામ અપના શુદ્ધસ્વરૂપ સ્વભાવસે અભિન્ન એકાકાર હૈ. ઉસકો ન જાને, અંતરકા આત્માકા જ્ઞાન ન કરે, ન શ્રદ્ધા કરે. યહ આત્મા અખંડ પૂર્ણાનંદ પ્રભુ ઉસકી અંતરમેં શ્રદ્ધા જબતક ન કરે, '**ન અનુભવે,...**' તીન બોલ લિયા. ન ઉસમેં આનંદકા આચરણ કરે, '**તબતક કર્મબંધસે નહીં છૂટતા.**' સમજમેં આયા? '**ઇસસે યહ નિશ્ચય હુઆ કિ કર્મબંધસે છૂટનેકા કારણ એક આત્મજ્ઞાન હી હૈ,...**' બહુ જગતને આત્મા ક્યા ચીજ હૈ ઉસકો પીછાનનેમેં દરકાર નહીં. બહારસે પ્રવૃત્તિ કરના ઔર ઉસસે કલ્યાણ હો જાયેગા. કલ્યાણકા જો ધર્મ કરનેવાલા હૈ વહ આત્મા કૈસા હૈ વહ જાને બિના ધર્મ કિસમેં હોતા હૈ?

મુમુક્ષુ :- ધર્મ તો...

ઉત્તર :- પરંતુ ધર્મ કરનાકા અર્થ ક્યા? ધર્મકા અર્થ ક્યા? કિ નિર્મલ પર્યાય. ધર્મકા અર્થ? કિ નિર્મલદશા. નિર્દોષદશા, નિર્દોષભાવ. તો નિર્દોષભાવ કરનેવાલા આત્મા હૈ કૈસા? નિર્દોષભાવ કરના હૈ તો નિર્દોષભાવ કહાં સે આતા હૈ? સદોષભાવ તો હૈ તો ઉસે નિર્દોષ કરના હૈ. નિર્દોષભાવ કહો, ધર્મ કહો, પવિત્રતા પ્રગટ કરના કહો, તો વહ પવિત્રતા-ધર્મરૂપી દશા કરના હૈ તો વહ કિસમેં સે આતી હૈ. વહ તો આત્મામેં પડી હૈ આનંદ આદિ પવિત્રતા. તો ઐસા પરમતત્ત્વ અંતરમેં ઉસકા જ્ઞાન, શ્રદ્ધા કિયે બિના ઉસમેં સ્થિરતા આતી નહીં ઔર ઉસકા અનુષ્ઠાન શ્રદ્ધા-જ્ઞાન બિના શાંતિ ઔર ધર્મ હોતા નહીં. બરાબર હૈ? ધર્મ કરના ઔર ધર્મ કરનેવાલા કૌન હૈ ઉસકો ન જાનના. ઉસમેં ક્યા હરકત હૈ? ચીજ લેનેકો જાના ઔર ક્યા ચીજ હૈ વહ પિછાનનેમેં લાના નહીં. યહ શાક. શાક-શાક કહતે હૈ? ક્યા કહતે હૈ? શાકભાજી. તો શાકભાજી લેવા જાય છે પાંચ રૂપિયા લઈને. ક્યા શાક લેના હૈ? કિ મેરેકો ખબર નહીં.

મુમુક્ષુ :- પિતાજીકો ખબર હૈ.

ઉત્તર :- પિતાજીકો ખબર હૈ, પણ લેને વહ આયા હૈ ન.

મુમુક્ષુ :- ... કરી જ નાખવું છેને.

ઉત્તર :- શું કરી નાખે? ભાઈ શાક લાવો. પાંચ રૂપિયાનું શાક. ક્યું શાક? એવું કાંઈ કહ્યું? કે નહીં મુઝે ખબર નહીં. મેરે પિતાને કહા કિ પાંચ રૂપિયાકા શાક લાઓ. તો પાંચ રૂપિયા લેકર આયે દેખો. પણ ક્યા દે? પચાસ પ્રકારકી ચીજ હૈ. યહ કઈ ચીજ હૈ. જેઠ મહિનાકા અવસર હૈ. તો તેરે પિતાને કેરીકા અવસર હૈ તો કારેલા મંગવાયા હૈ? કિ ક્યા મગાયા હૈ? કે મને ખબર નહીં. નેમિદાસભાઈ! ક્યા લિયા ઉસને? ક્યા ચીજ લેની વહ ચીજકી ખબર નહીં તો ક્યા લેગા? એમ આત્મા ધર્મ કરના હૈ તો ધર્મ કહાંસે કિસમેંસે નિકલતા હૈ? ધર્મ કહાંસે આતા હૈ? યહ આત્મા હૈ. તો આત્માકી તો ખબર નહીં. સમજમેં આયા? આહા..હા..! આત્મા હૈ ઉસમેં સબ અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ પડા હૈ આત્મામેં. તો ઉસમેં સે લેના હૈ, ઉસમેં સે નિકાલના હૈ. શાકભાજી શાકભાજીકી દુકાનમેં મિલતી હૈ કિ કાપડકી દુકાનમેં મિલતી હૈ?

મુમુક્ષુ :- .. ત્યાં બધી વસ્તુ મળે.

ઉત્તર :- પણ બધી વસ્તુ મળે ત્યાં ખબર તો હોયને કે યહ ચીજ લેની હૈ. સમજમેં આયા? એમ મને શાંતિ. ધર્મ નામ શાંતિ. ધર્મ નામ નિર્દોષતા. નિર્દોષતા હમેં કરના હૈ. તો નિર્દોષતા કિસ પીઢીમેં સે નિકલતી હૈ. આત્મા ક્યા હૈ ઉસકી ખબર નહીં. નિર્દોષ તો

આત્મા હૈ. નિર્દોષ ભગવાન આત્મા અવિકારી સ્વભાવકા પિંડ ચૈતન્ય દળ હૈ, પિંડ હૈ આખા. ઉસકા જ્ઞાન કરે બિના, ઉસકી શ્રદ્ધા કરે બિના, ઉસમેં સ્થિરતા કરના કહાંસે આયેગા? સમજમેં આયા? યહ તો મૂલ રકમકી બાત હૈ. અનંતકાલમેં ઉસને મૂલ રકમકી પિછાન કી હી નહીં.

કહતે હૈ કિ '**જબતક પરમતત્ત્વકો ન જાને,...**' ભગવાન અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યકા જ્ઞાન અંતરમેં ન કરે '**ન શ્રદ્ધા કરે, ન અનુભવે, તબતક કર્મસે નહીં છૂટતા. ઈસસે યહ નિશ્ચય હુઆ હૈ...**' ઈસસે યહ નિશ્ચય હુઆ કિ '**કર્મબંધસે છૂટનેકા કારણ એક આત્મજ્ઞાન હી હૈ,...**' દેખો, એ આત્મજ્ઞાન સમાઈ ગયું. આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મ ચારિત્ર તીનોં સમા ગયે. સમજમેં આયા? '**ઔર શાસ્ત્રકા જ્ઞાન ભી આત્મજ્ઞાનકે લિયે હી કિયા જાતા હૈ,...**' યહ તો શાસ્ત્ર કહતે હૈં કિ યહ આત્મા વીતરાગ શુદ્ધ હૈ ઐસા વિકલ્પસે પરલક્ષી જ્ઞાનસે જાનના વહ આત્માકા જાનના બતાતે હૈ. સમજમેં આયા? દેખો, '**શાસ્ત્રકા જ્ઞાન ભી આત્મજ્ઞાનકે લિયે હી કિયા જાતા હૈ,...**' આત્મા કૈસા હૈ ઔર કૈસે પ્રાપ્ત હો? વહ માટે શાસ્ત્રકા જ્ઞાન કરનેમેં આતા હૈ.

'**જૈસે દીપકસે વસ્તુકો દેખકર...**' દીપક હૈ ન દીપક? '**વસ્તુકો ઉઠા લેતે હૈં,...**' દીપકમેં વસ્તુ દેખે કિ યહ હીરા હૈ તો ઉઠા લેતે હૈં. '**ઔર દીપકકો છોડ દેતે હૈં,...**' વસ્તુ ઉઠા લેતે હૈં, દીપકકો છોડ દેતે હૈં. કિ દીપક સાથમેં રખતે હૈં? '**ઉસી તરહ શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરનેવાલે...**' દેખો, '**અધ્યાત્મશાસ્ત્ર ઉનસે શુદ્ધાત્મતત્ત્વકો જાનકર...**' બહુ ટૂંકામેં તત્ત્વ ભર દિયા હૈ. સમજમેં આયા? '**શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરનેવાલે...**' પાછા અધ્યાત્મ શાસ્ત્ર લિયા હૈ. ઉસસે આત્મા જાનનેમેં નિમિત્ત. અધ્યાત્મ શાસ્ત્ર હી આત્મા જાનનેમેં નિમિત્ત હોતા હૈ. એમ બતાયા ભાઈ! આહા..હા..! '**शुद्धात्मतत्त्वप्रतिपादकशास्त्रेण**' પાઠ હૈ ટીકામેં.

હીરા બતાનેકી દુકાન હો તો હીરા બતાનેવાલા ઝવેરી હોના ચાહિયે ન? હીરા, કુંભાર હીરાકો બતા સકતા હૈ? એમ આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમેશ્વરને અધ્યાત્મ શાસ્ત્ર જો કહા ઉસસે આત્મા જાનનેમેં આતા હૈ વિકલ્પસે. વિકલ્પસે જાનનેમેં આતા હૈ. વસ્તુ નહીં. શાસ્ત્ર ઐસા કહતા હૈ કિ, ભાઈ! તેરા આત્મા વહ દેહસે ભિન્ન હૈ, કર્મસે ભિન્ન હૈ, પુણ્ય-પાપકા રાગ ઉઠતે હૈ વહ ભી વિકારસે ભી ભિન્ન હૈ. ઔર તેરા આત્મા અનંતગુણસે આત્મા અભિન્ન હૈ. વિકારસે ભિન્ન હૈ ઔર અનંત-અનંત બેહદ-અપરિમિત અનંત જ્ઞાન-દર્શન-આનંદ ઉસસે ભગવાન આત્મા એકમેક અભિન્ન તન્મય હૈ. ઐસા અધ્યાત્મ શાસ્ત્ર બતાતે હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં કિ '**શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરનેવાલે...**' જો અધ્યાત્મ શાસ્ત્ર ભગવાન પરમેશ્વરને કહા. સમયસાર, યહ પરમાત્મપ્રકાશ. યહ સબ મુનિઓને, દિગંબર સંતોને, પરમેશ્વર

જો સર્વજ્ઞ હુએ, ઉન્હોંને કહા હુઆ શાસ્ત્ર ઉન્હોંને બનાયા હૈ. અપના ઘરકા નહીં. દિગંબર કુંદકુંદાચાર્ય, ઉમાસ્વામી, યહ પરમાત્મપ્રકાશકે યોગીન્દ્રદેવ, નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી આદિ જો અધ્યાત્મ શાસ્ત્ર સર્વજ્ઞ પરમેશ્વર હુઆ ઉસસે પરંપરાસે આયા વહ શાસ્ત્ર બનાયા. ઉસ શાસ્ત્રમેં ક્યા બતાયા? આત્મા તેરા શુદ્ધ હૈ, અનંત આનંદમય હૈ ઐસા ઉપદેશ કરનેવાલે. '**અધ્યાત્મશાસ્ત્ર ઉનસે શુદ્ધાત્મતત્ત્વકો જાનકર...**' એ વડે આત્મા પવિત્ર જિસમેં ધર્મ પડા હૈ. ધર્મ નામ વસ્તુકા સ્વભાવ પડા હૈ. વસ્તુ આત્મા ઉસમેં સ્વભાવ પડા હૈ અનંત જ્ઞાન-દર્શન આદિ ધર્મ. ઉસકા જ્ઞાન કર તો તેરી પર્યાયમેં ધર્મ હોગા. સમજમેં આયા?

'**શુદ્ધાત્મતત્ત્વકા અનુભવ કરના ચાહિયે,...**' લો દેખો! વહ જાનકર પીછે ભગવાન આત્મા અંતર્મુખ હોકર, શ્રદ્ધા-જ્ઞાન કરકે પીછે સ્વરૂપમેં ઠહરના ચાહિયે, અનુભવ કરના ચાહિયે, તો અનુભવ સે મુક્તિ હોતી હૈ, અનુભવસે બંધનકા નાશ હોતા હૈ. 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષકા, અનુભવ મોક્ષ સ્વરૂપ.' બનારસીદાસ. સમયસાર નાટક. ઉન્હોંને બનાયા હૈ હિન્દી. કહતે હૈ કિ યહ આત્મા વસ્તુકા પહલે બરાબર શાસ્ત્ર અથવા ધર્માત્મા સંતસે, મુનિસે કિ જ્ઞાનીસે કોઈપણ ધર્માત્મા યથાર્થ આત્માકા ઉપદેશ શુદ્ધ બતાવે ઉસસે પહલે આત્મા જાન લેના. સમજમેં આયા?

મુમુક્ષુ :- દોનોં આયા ખરા.

ઉત્તર :- શાસ્ત્ર આયા તો દોનોં. પણ કહેશે. યહ શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે. વહ વિકલ્પ છોડકર અનુભવ કરના. ઉસ સમય વિકલ્પ રખકર અનુભવ હોગા ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- .. વિકલ્પ છૂટી જ જાય.

ઉત્તર :- હા, છૂટી જ જાય જો છોડવા માગે તો.

મુમુક્ષુ :- મેળવ્યા પછી.

ઉત્તર :- મેળવ્યું ક્યાં હતું? મેળવે ક્યાં? એ તો વિકલ્પસે, રાગસે જાનનેમેં આયા કિ આચાર્ય, શાસ્ત્રકાર, જ્ઞાની ઐસા કહતે હૈં કિ આત્મા તેરી ચીજમેં તો પરમ આનંદ પડા હૈ ન ભગવંત! તેરેમેં તો અનંત, બેહદ શાંતિ પડી હૈ ન. અંતરમેં અનંત જ્ઞાન હૈ, અનંત દર્શન હૈ, અનંત વીર્ય હૈ, અનંત શાંતિ હૈ. ઐસા આત્માકો જ્ઞાની દ્વારા કિ શાસ્ત્ર દ્વારા વિકલ્પસે, મનમેં રાગસે પહલે ક્ષયોપશમમેં ખ્યાલ આયા કિ ઐસા હૈ. પીછે? અનુભવ કરના ચાહિયે, શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે. યહ શાસ્ત્ર ઐસા કહતે હૈ વહ વિકલ્પ વૃત્તિ રાગ હૈ. છોડ દેના ચાહિયે. છોડે બિના અનુભવ નહીં હોગા.

પકવાન ખાતે હૈ. પકવાન કહતે હૈ ન? મિષ્ટાન-મિષ્ટાન. વહ મિષ્ટાન લેનેકો જાતે હૈ તો મિષ્ટાનકા ભાવ પૂછતે હૈ પહલે કિ એક સેરકા કિતના હૈ. ત્રાજવું-ત્રાજવું. ત્રાજવું કહતે હૈ

ન? વહ ત્રાજવુંમેં તોલ કરતે હૈ કિ ભાઈ ત્રાજવું બરાબર હૈ કિ નહીં? ધડા-ધડા કહતે હમારે. ક્યા કહતે હૈ તમારે? ધડા કહતે હૈ? તમારી ભાષા બરાબર હિન્દી નહીં આતી. વહ ધડા કરતા હૈ કિ બરાબર હૈ કિ નહીં? ફિર ભાવ પૂછતે હૈ. પછી તોલ શેર-પાંચ શેર. બરાબર હૈ પાંચ શેરી? સરકારસે રજિસ્ટર કિયા હૈ કિ નહીં? કિ સાડા ચાર શેરકો પાંચશેર તુમ માનતે હો? તો પાંચ શેરીકા નક્કી કરે, ધડા નક્કી કરે ઔર ભાવ નક્કી કરે, પણ લે લિયા પીછે ઐસા ભાવ હૈ ઐસા ગોખતે હૈ? ખાતે વક્ત વહ ભૂલ ગયા સબ. ભાવ, કિતના શેરકા ભાવ ઔર કિતના ત્રાજવાકા તોલ, કિતના પાંચ શેર? ખાને લગતા હૈ. ઐસે આત્મચીજ માલ, પકવાન હૈ. આહા..હા..! પરમતત્ત્વ ભગવાન આત્મા ઉસકો શાસ્ત્રસે, ગુરુસે, જ્ઞાનસે પહલે જ્ઞાન કરના. કિતની કિંમતકી ચીજ હૈ? પ્રમાણસે ક્યા જાનનેમેં આતા હૈ? નયસે ક્યા જાનનેમેં આતા હૈ? વાસ્તવિક ભાવ ક્યા હૈ? દ્રવ્ય યોગ્યતા ક્યા હૈ? ઐસા પહલે જાનનેમેં લેના. પીછે અંદર અનુભવ કરનેમેં વિકલ્પ છોડ દેના. ખાતે વક્ત વહ ગોખતે નહીં કિ પાંચ રૂપિયાકા શેર... પાંચ રૂપિયાકા શેર.. ઐસા ગોખતે હૈ?

મુમુક્ષુ :- સ્વાદ નહીં આતા.

ઉત્તર :- સ્વાદ ન આવે? આહા..હા..! ઐસે ભગવાન આત્મા અમૃતરસકા પિંડ પ્રભુ આત્મા હૈ. ઐસા પહલે શાસ્ત્રસે, જ્ઞાનીસે જાન લિયા. જાનકર વહ વિકલ્પ છોડ દેના. અંતરમેં દૃષ્ટિ કરકે અનુભવ કરના હૈ.

દેખો, '**શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે.**' હૈ? અંદરમેં હૈ દેખો, '**प्रदीपस्थानीयः शास्त्रविकल्पस्त्यज्यय इति**' સમજમેં આયા? '**શાસ્ત્ર તો દીપકકે સમાન હૈં, તથા આત્મવસ્તુ રત્નકે સમાન હૈ.**' લ્યો! રત્ન બતાનેમેં દીપક આયા. રત્ન લે લિયા, દીપક છોડ દિયા. એમ શાસ્ત્ર આદિ પહલે સુનનેમેં નિમિત્ત હૈ, વિકલ્પ હૈ, રાગ હૈ. ભગવાન આત્મા અકેલા કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલ આનંદસે પરિપૂર્ણ પડા હૈ. ઐસા જાના વહ વિકલ્પ હૈ, રાગ હૈ, પુણ્ય હૈ, પીછે ઉસે છોડકર અંતર દૃષ્ટિ કરકે અનુભવ કરના વહી નિર્જરાકા કારણ હૈ. વહી બંધકા છેદન કરનેકા ઉપાય ભગવાનને કહા હૈ. કહો, સમજમેં આતા હૈ કિ નહીં? ભારે કઠણ પણ માળું આ બધું કરવું સંસારનું. એમાંથી નવરા થઈને પાછું હજી આત્મા સમજવો. વળી આત્મા સમજ્યા પછી પણ વિકલ્પ છોડીને અનુભવ કરવો. વખત ક્યાં પણ આમા વખત? ટાઈમ મિલતા નહીં હમારે ટાઈમ નહીં મિલતા. મરનેકા ટાઈમ મિલતા હૈ. બરાબર.. આ.. ફૂ થઈને ચાલ્યા જાય અદ્ધરથી. જુઓને કેટલા મરી ગયા. કેટલા માણસો! હમણા તો કેટલું થાય છે જુઓને શું કહેવાય? અકસ્માત. બલુનને ફલાણું ને મરી ગયા ૧૩૩, ૧૧૭ને. આહા..હા..! દેહ તો નાશવાન સ્થિતિ તો પૂરી હો ગઈ. ખલાસ હો ગયા.

જાઓ રખડનેકો દૂસરે ભવમેં. જબતક આત્મજ્ઞાન દર્શન નહીં કિયા તબતક ઉસકા બંધન છૂટેગા નહીં ઔર મુક્તિકા ઉપાય ઉસકો હાથમેં આયેગા નહીં. અબ વહ ગાથા કહી. યહ સબ ગાથા બહુ ઊંચી હૈ હોં!

અબ દેખો ૮૩વીં ગાથા. લોકોં કહતે હૈ કિ સમ્યગ્દર્શન વિકલ્પસે... વિકલ્પસે... વિકલ્પસે... વિકલ્પ નામ વિકલ્પ રાગ. શુભરાગ હોતા હૈ ઉસમેં ધર્મ માનના વહ મિથ્યાદષ્ટિ ઐસા કહતે હૈં. દેખો, '**આગે જો શાસ્ત્રકો પઢ કરકે ભી વિકલ્પકો નહીં છોડતા,...**' વિકલ્પ નામ રાગ, વિકલ્પ શુભ વિકલ્પ. સમજમેં આયા? યહ શાસ્ત્ર પઢે, લાખ શાસ્ત્ર પઢે, પણ વહ તો પર તરફકા વિકલ્પ રાગ હૈ શાસ્ત્રકા પઢના. વહ વિકલ્પ છોડકર અંતરમેં દૃષ્ટિ કરકે અનુભવ ન કરે '**તો નિશ્ચયસે શુદ્ધાત્માકો નહીં માનતા...**'

મુમુક્ષુ :- એટલો ... નહિ હોય

ઉત્તર :- ઉઘાડવું નહિ એમ કોણે કહ્યું? ખાધા વિના હાથ ધોઈ નાખવા? ખાધુ નહિ અને હાથ ધોવા. શાસ્ત્રસે, સત્ સમાગમસે પહલે સુનના. પહલે સમજના કિ આત્મા હૈ પહલે વિચારના, શ્રવણ કરના. સમજમેં આયા? ગણધરોંભી ભગવાનકે પાસ સુનતે હૈ. ત્રણલોકના નાથ પરમેશ્વર ઉસકે સાથ ગણધર બાર અંગકી રચના અંતર્મુહૂર્તમેં કરતે હૈં. વહ ભી સુનતે હૈ. વિકલ્પ હૈ ન. જબતક વીતરાગ ન હો તબતક સુનનેકા ભાવ આતા હૈ. તો અજ્ઞાનીકો તો પહલે સુનના હી ચાહિયે. બરાબર શાસ્ત્ર ક્યા કહતે હૈ? આત્મા ક્યા? વિકાર ક્યા? દુઃખ ક્યા? સુખ ક્યા? કૈસે આત્માકી પ્રાપ્તિ હોતી હૈ? સમ્યગ્દર્શન કિસકો કહતે હૈ ઉસકો તો બરાબર સ્તવન કરકે નિર્ણય કરના. સમજમેં આયા?

પણ કહતે હૈ કિ એવા વિકલ્પસે, રાગસે નિર્ણય કિયા આત્માકા. પણ છોડકર '**શુદ્ધાત્માકો નહીં માનતા જો કિ શુદ્ધાત્મદેવ દેહરૂપી દેવાલયમેં મોજૂદ હૈ,...**' દેખો, ભગવાન યહ આત્મા શુદ્ધાત્મદેવ. યહ આત્મા પોતે શુદ્ધ ભગવાન દેવ હૈ. દેહરૂપી દેવાલય. આ દેહરૂપી દેવાલય આ મંદિરમેં ભગવાન આત્મા બિરાજતે હૈં. આહા..હા..! એને કેમ આ ભગવાન આત્મા.. શુદ્ધાત્મદેવ એમ કહે. પરમપવિત્ર ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સિદ્ધ સમાન યહ આત્મદ્રવ્ય દેહમેં બિરાજમાન હૈ. '**દેવાલયમેં મોજૂદ હૈ,...**' દેખો, હૈ કિ નહીં? '**ઉસે ન ધ્યાવતા હૈ,...**' ઉસકી અંતર દૃષ્ટિ કરકે ધ્યાન નહીં કરતા '**વહ મૂર્ખ હૈ,...**' આચાર્ય દિગંબર મુનિ હૈ. ઉસકો કુછ મૂર્ખ દુનિયાકી પડી નહીં હૈ. નાગા બાદશાહ સે આઘા. સત્ય માર્ગ ઐસે કહનેમેં આતા હૈ. ઉસકો કોઈ લાજ નહીં. ભાઈ માર્ગ તો ઐસા હૈ ભગવાન! તુમ શાસ્ત્ર પઢકર પણ આત્મા અંદરમેં પરમ દેવ દેવાધિદેવ દેવાલયમેં બિરાજતા હૈ. દેવાલય આ હૈ. નિશ્ચય દેવાલય તો દેહદેવાલય હૈ. ઉસમેં શુદ્ધાત્મ ભગવાન અનંતગુણસે બિરાજમાન દેખો

મોજુદ હૈ. **‘ઉસે ન ધ્યાવતા હૈ, વહ મૂર્ખ હૈ, ઐસા કહતે હૈં—’** અહીં તો ભાષા... આહા..હા..!

૨૧૦) **सत्थु पढंतु वि होइ जडु जो ण हणेइ वियप्पु।**
**देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु।।८३।।**

યહ ૮૩ ગાથા બહુત અચ્છી ગાથા હૈ. યોગીન્દ્રદેવ, દિગંબર સંત મુનિ જંગલમેં તાડપત્ર ઉપર યહ સબ લિખા થા. પહલે ક્યા કાગજ-બાગજ નહીં થા. આ કાગજ તો પીછે આયા ન. તાડપત્રમેં. તાડપત્તી હૈન? તાડપત્ર ઉસમેં.

**‘જો જીવ...’** ઉસકા અર્થ અંદર શબ્દાર્થ. જો કોઈ જીવ. ‘યઃ’ શબ્દ છેને? ‘યઃ’ એટલે **‘જો જીવ શાસ્ત્રકો પઢતા હુઆ ભી...’** નથી પઢતો શાસ્ત્ર અને ભણતો નથી એની તો વાત ક્યા કરના? સંસારકા ચોપડા તપાસે, એના દેણા-લેણા ઉઘરાણી. ઉઘરાણી કહતે હૈ ન ભૈયા? ક્યા કહતે હૈ? યહ પૈસા નાખો. ઉઘરાણી? અહીં અમારે ઉઘરાણી કહે છે. ઉગાઈ કહતે હૈન? પૈસા દેતે હૈ ન તો પછી લેના-દેના. ઐસા ઉસમેં ધ્યાન રખે, ઉસકા સબ પઢ લે. ઉસમેં પાપ હૈ.

મુમુક્ષુ :- ... મળેને.

ઉત્તર :- ધૂળમાંય મળતા નથી. એ તો પૈસા હોય તોપણ મળતું નથી કાંઈ.

યહાં તો કહતે હૈં કિ યહ સંસારકા પઢનામેં બહુત હુશિયાર હોતા હૈ. વહ તો મૂઢ હૈ. ઉસકી બાત યહાં હૈ હી નહીં. **‘શાસ્ત્રકો પઢતા હુઆ ભી...’** એમ લીધું આચાર્યે. નિવૃત્તિ હોકર શાસ્ત્ર પઢતે હૈ, વખત લિયા. શાસ્ત્ર પઢનેકા વખત લિયા. સમય નિકાલા. સંસારમેંસે શાસ્ત્ર.. પઠિત્વા **‘पठन्नपि’** ત્યારે શાસ્ત્ર ભણવાનો ટાઈમ લિયા કે નહીં? કિ દુકાનમેં હી ઘૂસ ગયા. ધર્મચંદજી! ડોક્ટરમેં ઘૂસ ગયા આખો દિ’? આચાર્ય ક્યા કહતે હૈ? દેખો, દિગંબર સંત હૈ મુનિ. ભાવલિંગી આનંદકંદમેં ઝૂલતે હૈ. વિકલ્પ આયા જરી, શાસ્ત્ર બન ગયા શાસ્ત્રસે. હમ કર્તા નહીં, હમ કર્તા નહીં. હમ તો જ્ઞાતા હૈ. વહ કહતે હૈ વીતરાગભાવસે. કોઈ પ્રત્યે દ્વેષ હૈ નહીં, કોઈ મિત્ર-સજ્જન હૈ નહીં. જ્ઞાતા હૈ. વહ કહતે હૈ કે અરે પ્રભુ! તુમ શાસ્ત્ર ભી પઢા. વખત લિયા પઢનેકા.

**‘પઢતા હુઆ ભી વિકલ્પકો નહીં દૂર કરતા,...’** પણ જ્ઞાનમેં મૈં આત્મા ઐસા હૂં, રાગ ઐસા હૈ, ફૈસા હૈ ઐસા વિકલ્પ નામ રાગ ઉઠતે હૈ, વહ રાગકો નહીં છોડતા. **‘વહ મૂર્ખ હૈ,...’** જડની વ્યાખ્યા કરી. મૂળ આચાર્યે તો **‘जडो’** યહ વિકલ્પ હૈ વહ જડ હૈ, અચેતન હૈ. ઉસમેં ચેતનપના નહીં. ચૈતન્યતો જ્ઞાનાનંદ ભગવાન આત્મા, ઉસમેં વહ વિકલ્પ રાગકા ઉઠા વહ ભી જડ હૈ. તો કહતે હૈ કિ પઢકર ભી ક્યા કિયા? વહ છોડકર આત્માકા

અનુભવ દૃષ્ટિ નહીં કરતે હૈ, શાસ્ત્ર પઢનેવાલા ભી જડ હૈ, મૂર્ખ હૈ. આહા..હા..! આકરી ભાષા! દયા હૈ, કરૂણાસે બોલતે હૈ. કરૂણા હૈ. મુનિઓંકો જગતસે કરૂણા હૈ. તિરસ્કાર નહીં કરતે. કરૂણા અરે! આત્માઓ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- .. ક્યો સારો?

ઉત્તર :- ક્યો સારો? કોઈ સારો નહિ. આત્મા સિવાય કુછ અચ્છા નહિ. જ્યાં લગી આત્મા ન સમજે ત્યાં સુધી વહ વિકલ્પ આયા, વહ પુણ્યબંધ હુઆ. પીછે પલટકર પાપ હો જાયેગા. ક્યા હૈ?

મુમુક્ષુ :- કાંઈક સારા...

ઉત્તર :- શુભરાગ હુઆ. વહ શુભરાગ હુઆ પીછે પુણ્યબંધ હોતા હૈ. પુણ્યબંધ હોગા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ અંશે નહીં. આહા..હા..! ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા સૂરજ હૈ વહ તો. દેહદેવલમેં દેવાલયમેં ભગવાન ચૈતન્યબિંબ આત્મા. જૈસે સ્ફટિકકી એક પ્રતિમા હો, જુઓ, જૈસે દેહ ઉપર ડાલ દે. ઐસે આત્મા ચૈતન્ય સ્ફટિકકી પ્રતિમા હૈ. ઉસમેં દેહકા ચામડા ઉપર પડા હૈ. ભિન્ન ભગવાન હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષ :- ...

ઉત્તર :- વહ તો સ્થાપનાનિક્ષેપ હૈ. સાક્ષાત્ ભગવાન ક્યા હૈ ત્યાં? વહ તો પ્રતિમા હૈ ભગવાન. વહ ભક્તિ, પૂજાસે તો શુભભાવ હોતા હૈ, શુભભાવ હોતા હૈ પુણ્યભાવ. ભગવાન તો સ્થાપના હૈ. સાક્ષાત્ ભગવાન તો વહાં બિરાજતે હૈ ઔર સાક્ષાત્ ભગવાન યહ આત્મા હૈ ઐસા કહતે હૈ. યહાં તો આત્માકો કહા દેખો. વહ તો સ્થાપના નિક્ષેપ હૈ. સાક્ષાત્ ભગવાન હૈ? સાક્ષાત્ ભગવાન સીમંધર ભગવાન બિરાજતે હૈ મહાવિદેહ ક્ષેત્રમેં. તમારા પિતાજીએ જોયા હશે. શેઠ યહાં નહીં હૈ હોં દૂર હૈ દૂર. બહુત દૂર. ઐસે . જિજ્ઞાસા હોતી હૈ કિ ભગવાન આમ કહતે હૈ. આ આમ એટલે બહુ દૂર. જમીન ઉપર બહુ દૂર હૈ આમ. મહાવિદેહ હૈ ન? મહાવિદેહ ક્ષેત્ર હૈ. યહ જો ભરતક્ષેત્ર હૈ ન? તો મહાવિદેહ ક્ષેત્ર બહુત દૂર હૈ. વહાં ભગવાન મહાવિદેહ ક્ષેત્ર હૈ ન. ઉસકા દો ભાગ હૈ. એક પૂર્વમેં, એક પશ્ચિમમેં. ઉસમેં એક-એક ભાગમેં ૧૬-૧૬ ભાગ હૈ. ૧૬-૧૬. દોમેં ૩૨ વિજય હૈ ભગવાન. તો આઠમેં એક સીમંધર ભગવાન બિરાજતે હૈ. ઐસા-ઐસા પાંચ મહાવિદેહ હૈ. એક મહાવિદેહ યહાં જંબૂદ્વીપમેં. દૂસરા ઘાતકીખંડમેં ઔર દો અર્ધ પુષ્કરદ્વીપ હૈ. યહ અઢી દ્વીપ હૈ ન? તો પાંચ મહાવિદેહમેં ૨૦ તીર્થંકર બિરાજતે હૈં અભી. પાંચ મહાવિદેહ ક્ષેત્રમેં યહ ભરત જમીન ઉપર હોં. બહુત દૂર. બહુત દૂર હૈ. પાંચ મહાવિદેહ ક્ષેત્રમેં, વર્તમાનમેં ૨૦ તીર્થંકર ભગવાન કેવલજ્ઞાનપને,

અરિહંતપણે બિરાજમાન હૈ.

જૈસે મહાવીર ભગવાન યહાં બિરાજમાન અરિંહતપદે સમવસરણમેં થે, ઐસે વીસ વિહરમાન ભગવાન વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમેં, વર્તમાન ઉસે વિહરમાન કહતે હૈ ન? વીસ વિહરમાન-વિહરમાન-વિચરમાન. વિચરમાન નામ વર્તમાન. વર્તમાન બિરાજતે હૈ. મનુષ્યદેહ હૈ. હજી મોક્ષ જાનેકી દેરી હૈ. અરિહંત હુએ હૈ, સિદ્ધ નહીં. શરીર છૂટ જાયેગા તબ સિદ્ધ હોંગે. સમજમેં યા? કાંઈ ખબર ન મળે. ઘરના બધાની ખબર. ઘરમાં કેટલા ગાદલા, કેટલા ગોદડા, પૈસા કેટલા પાંચ-દશ લાખ હૈ સબકી ખબર. શેઠ! પૈસાની ખબર છે કે નહિ? ખબર છે મેં પૂછ્યું. ખબર છેને. બરાબર રાખે કુંચી હાથમાં. વ્યાજ લેવા ત્યાં જાય ફટ દઈને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઠીક! એ પૈસાની હૂંફને લઈને છો? એમ કે આજીવિકાનું સાધન છે. નિરાંતે બેઠા બાયડી-ભાયડો બે. એય.. ત્રણ બંગલા છે બબ્બે લાખના મોટા પોરબંદર. કહતે હૈ કિ ભાઈ નિવૃત્તિ લેકર યહ શાસ્ત્ર શ્રવણ કરના, સમજના. કહો, સમજમેં આયા? પણ અંતે વહ વિકલ્પકો છોડકર દૃષ્ટિ અંતરમેં લગકર અનુભવ ન કરે તબતક મિથ્યાત્વ ને અવ્રત ને પાપકા અથવા પુણ્યકા બંધન છૂટા નહીં પડેગા. છૂટા નહીં પડેગા. આહા..હા..! ભારે વાત!

બહુ ગાથા સરસ છે દેખો, '**सत्थु पढंतु वि होइ जडु**' આચાર્ય મહારાજ તો સખત કહતે હૈ. દિગંબર મુનિ હૈ. આત્મધ્યાનમેં મસ્ત હૈ. આત્માકા આનંદમેં મસ્ત. વિકલ્પ આ ગયા જરી શાસ્ત્ર બન ગયા વનમેં. હમ કર્તા-ફર્તા નહીં. હમ તો આત્મા હૈ. આહા..હા..! અરે! '**શાસ્ત્રકો પઢતા હુઆ ભી વિકલ્પકો...**' નામ રાગકો, પઢનેકા રાગકો અથવા પર તરફકા ક્ષયોપશમકા રાગકો યહ '**નહીં દૂર કરતા,...**' ઔર સ્વસન્મુખ નહીં હોતા, યહ પરસન્મુખમેં વિકલ્પ રખકર સ્વસન્મુખ નહીં હોતા તો કહતે હૈ કિ જડ હૈ. અરર..! આટલું જાણપણું તોપણ મૂર્ખ કહે છે. એય..! નિહાલભાઈ!

મુમુક્ષુ :-...

ઉત્તર :- ભાઈ! એ બધા તો વાંચશે, સમજશે કે ઓહો..હો..! દિગંબર મુનિઓને કરૂણા કરકે કિયા હૈ. હમારા ઉપર કરૂણા કિયા થા. આહા..હા..! કહો, પિતાજી કહે કિ નહીં પુત્રકો? માળા ગાંડા પાગલ! સમજતે નહીં હૈ. કહતે હૈ કિ નહીં? તો ક્યા તિરસ્કાર કરના હૈ? કરૂણા હૈ-કરૂણા હૈ. સમજમેં આયા? વૈસે મુનિકી કરૂણા હૈ. ક્યા કહતે હૈ? અરે! શાસ્ત્ર પઢકર. દૂસરી ક્રિયાકી તો બાત ક્યા? એમ કહના હૈ જરી. ક્યા કહતે હૈ થોડા? સંસારકા પાપ પરિણામકી તો બાત કહાં ઔર દૂસરી જો પૂજા, ભક્તિ આદિકા પાપમેં પડા હો અકેલા. વહ તો શુભભાવ હૈ. ઉસકી તો બાત હી ક્યા? પણ શાસ્ત્ર પઢનેમેં વખત નિકાલા હૈ. આહા..હા..!

યહ બાત કહતે હૈ જરી.

જિસકો શાસ્ત્ર પઢનેકા રસ હૈ, સમય ભી હૈ. સમય સમજે? સમય નિકાલતે હૈ શાસ્ત્ર શ્રવણ, મનન કરનેકા. ઉસકી બાત લી હૈ. અકેલા બાહરમેં પડા હૈ રાગમેં, પુણ્યમેં, શાસ્ત્રકા જ્ઞાન ભી નહીં. ઉસકી તો બાત હી ક્યા? ઉસકો તો આત્મા ક્યા હૈ ઉસકી ખબર નહીં તો ઉસકો તો ધર્મ હોતા હી નહીં. સમજમેં આયા? ઓહો..હો..! કથનપદ્ધતિ! '**सत्थु पढंतु**' બીજું ભણ્યો હોય બહારનું, પૂજા, ભક્તિ, ભક્તામર સ્તોત્ર કે અનેક પ્રકારના ભાવ એ તો એક શુભરાગ હૈ. શુભરાગ હૈ પુણ્યબંધ હો જાયેગા. પણ ઉસસે આત્માકા કલ્યાણ તો નહીં, પણ ઉસકો છોડકર શાસ્ત્ર પઢનેકા વખત લિયા. એમ કહતે હૈ યહાં તો. જો શાસ્ત્ર પઢનેકા વખત લેતે નહીં ઉસકી બાત તો હમ ક્યા કરે? આહા..હા..! સમજમેં આયા?

યહ કહતે હૈં કિ શરીરમેં-દેહમેં... '**वसंतमपि**' '**રહતે હુએ ભી નિર્મલ...**' '**निर्मलं परमात्मनम्**' હૈ? દેહમેં યહ આત્માકી બાત કરતા હૈ યહ આત્મા. પરમાત્મા એટલે નિર્મળ પરમાત્મા. નિર્મળ ભગવાન (સંબંધી વિચારના) વહ વિકલ્પ હૈ વહ રાગ હૈ. શાસ્ત્ર પઢનેકા વિકલ્પ રાગ હૈ, સુનનેકા ભાવ ભી રાગ પુણ્ય હૈ. વહ રાગ હૈ, પુણ્ય હૈ, પણ ઉસકો છોડકર દેહદેવાલયમેં પરમાત્મા અંતરમેં બિરાજમાન ભગવાન હૈ, ઉસકી દૃષ્ટિ કરકે અનુભવ નહીં કરતા, '**નહીં શ્રદ્ધાનમેં લાતા.**' તો કહતે હૈ કિ મૂર્ખ હૈ. આહા..હા..! ભારે વાતું! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વિકલ્પ પહલે છૂટે સમ્યગ્દર્શન હોતા હૈ. પહલે ક્ષાયિક સમકિતકી ક્યા બાત હૈ? સમજમેં આયા? .. કહતે હૈં ન. વહ ક્ષાયિક સમકિત કહતે હૈ ન? યહાં તો વિકલ્પ છોડે બિના સમ્યગ્દર્શન નહીં હોતા એમ કહતે હૈ. હીરાલાલજી! ક્યા? દેખો, કહતે હૈ કિ ઈતના તો ભાઈ! શુભયોગસે ક્ષાયિક સમકિત હોતા હૈ. શુભયોગ એટલે શુભ વિકલ્પ રાગ. યહાં તો કહતે હૈં કિ વિકલ્પ છોડે બિના ઉપશમ સમ્યક્ ભી નહીં હોતા. હૈ કિ નહીં ભૈયા! કહાં હૈ? પાઠ દેખો. પાઠ દેખો ભૈયા! નામા મિલાતે હૈ કિ નહીં? સંસારમેં નામા નહીં મિલાતે? દિવાલી આતી હૈ ન દિવાલી? કિ લાવો તુમ્હારે પાસ ઈતના લેના હૈ. દેખો યહાં.

આચાર્ય મહારાજ ક્યા કહતે હૈ? શાસ્ત્ર પઢનેસે ભી જિસકો ભણવાની, સમજવાની દરકાર નહીં ઉસકી તો બાત હમ ક્યા કરે? વહ તો હજી જ્ઞાનસ્વરૂપ ક્યા હૈ વહ સમજનેકા વિકલ્પ ભી ઉસકે પાસ નહીં. ઉસકે પાસ તો દૂસરા વિકલ્પ પડા હૈ શુભરાગ. પુણ્યબંધ હો જાયેગા. પુણ્યસે સ્વર્ગાદિ મિલે. જન્મ-મરણકા અંત નહીં હોગા. ચાર ગતિમેં ભટકેગા. આહા..હા..! પણ યહાં તો શાસ્ત્રકા પઢનેકા રસ હૈ, નિવૃત્તિ લેકર શાસ્ત્ર પઢતે હૈ, સુનતે હૈ, વાંચતે હૈ, પણ ઉસ તરફકા હજી રાગ હૈ શાસ્ત્ર પઢનેકા ભાવ વહ. વહ રાગકો છોડકર સ્વભાવકા અનુભવ

દૃષ્ટિ ન કરે તબતક ઉસકો ધર્મ નહીં. તબતક ઉસકો મૂર્ખ કહતે હૈ, જ્ઞાની નહીં. આહા..હા..! ભારે શબ્દ લિયા! સમજમેં આયા?

**'ભાવાર્થ :- શાસ્ત્રકે અભ્યાસકા તો ફલ યહ હૈ, કિ રાગાદિ વિકલ્પોંકો દૂર કરના,...'** લ્યો ઠીક! શાસ્ત્ર તો એમ કહતે હૈં એમ કહે છે. શાસ્ત્ર એમ કહતે હૈં, જ્ઞાની એમ કહતે હૈં, કેવળી એમ કહતે હૈં. કિ ભૈયા! તુમ્હારા આત્મા દેહદેવાલયમેં બિરાજમાન હૈ ઉસકો તુમ, હમારે તરફકા વિકલ્પ જો હૈ, સમજનેકા, વિચારનેકા વિકલ્પકો છોડકર તુમ્હારે આત્માકા અનુભવ કરો. યહ હમારા કહના હૈ. શાસ્ત્ર પઢનેકા ફલ વહ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ એ વિકલ્પ પરસન્મુખનો વિકલ્પ છે એકત્વ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. વિકલ્પમાં રાગની એકતા ન છોડે અને સ્વભાવ એકતા ન કરે તબતક આત્માકા દર્શન હૈ નહીં. સમ્યગ્દર્શન હૈ હી નહીં.

યહાં ક્યા કહતે હૈ મુનિ દેખો ન, કિ વહાંતક શાસ્ત્રકા અભ્યાસકા ફલ ક્યા? શાસ્ત્ર પઢનેકા ફલ ક્યા? કિ રાગાદિ વિકલ્પોકો દૂર કરના. અંદર જો વૃત્તિ ઉઠતે હૈ રાગભાવ, ભણનેકા, પઢનેકા વહ છોડકર. **'નિજ શુદ્ધાત્માકો ધ્યાવના.'** દેખો, યહ શાસ્ત્ર આમ કહતે હૈ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ભી એમ કહતે હૈ ઔર સંતો, દિગંબર મુનિઓ ભી એમ કહતે હૈ કિ યે પઢકર તુમ્હારા આત્મામેં અંદર દૃષ્ટિ લગાકર ધ્યાન કરો. યહ શાસ્ત્ર પઢનેકા ફલ હૈ. જો ધ્યાન અંતર દૃષ્ટિ ન દિયા, તેરા શાસ્ત્ર પઢના સબ નિરર્થક ફોગટ હૈ. આહા..હા..! ભારે કઠણ. પાઠમેં હૈ વહ સબ દેખો! મૂલ પાઠમેં લિયા હૈ ન? **'शास्त्राभ्यासफलभूतस्य रागादिविकल्परहितस्य निजशुद्धात्मस्वभावस्य प्रतिपक्षभूतं मिथ्यात्वरागादिविकल्पं न हन्ति।'** જુઓ, મિથ્યાત્વ આદિ આવ્યું. અહીં એમ છે જુઓ, મિથ્યાત્વરાગાદિ વિકલ્પ એમ લીધું છે. ઓલો વિકલ્પની વ્યાખ્યા આ કરી. ઓલો વિકલ્પ ન છોડે એ વિકલ્પની આ વ્યાખ્યા કરી. કોઈ અસ્થિરતાનો વિકલ્પ એમ નહિ. મિથ્યાત્વ એ વિકલ્પ જ એ છે. શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એકત્વબુદ્ધિ મિથ્યાત્વ છે. આહા..હા..!

ક્યા કહતે હૈ? અભી તો યહાં મિથ્યાત્વમેં સે સમકિત લાનેકી બાત કહતે હૈ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસૂર્ય પ્રભુ ઉસકા શાસ્ત્ર તરફકા વિકલ્પ નામ રાગસે પઢા-ભણ્યા. દૂસરી બાત એકકોર મૂકો. પણ છતાં વહ રાગ હૈ તબતક સ્વભાવકી (ઔર) રાગકી એકતાબુદ્ધિ હૈ. વહ મિથ્યાત્વ ભાવ હૈ. ઓહો..હો..! સમજમેં આયા? આ ક્રિયા શરૂ કરતે હૈ. આ ધર્મકી ક્રિયા. ક્યોં ભૈયા! યહ ધર્મકી ક્રિયા કહતે હૈં. આહા..હા..!

**'નિજ શુદ્ધાત્માકો ધ્યાવના.'** દેખો, અપના-નિજ પવિત્ર ભગવાન ઉસકા અંદર દૃષ્ટિ

લગાના વહ સર્વ શાસ્ત્રકા કહના, ભગવાનકા કહના, મુનિયોંકા વહ કહના હૈ. યહ જબતક ન લગાવે તબતક પર તરફકા વિકલ્પ જો રાગ હૈ ઉસમેં એકત્વ બુદ્ધિ ઔર મિથ્યાદૃષ્ટિ હૈ અગિયાર અંગ પઢ ડાલા, નવ પૂર્વ પઢે તો ભી રાગકી એકતાબુદ્ધિ ઉસમેં હૈ તો મિથ્યાત્વભાવ હી હૈ. ઓહો..હો..! સમજમેં આયા? સંસ્કૃત હૈ ન ભૈયા! દેખો, ક્યા હૈ? ત્રીજી લીટી. '**मिथ्यात्वरागादिविकल्पं न हन्ति**' ઈસકે સામને દેખો. '**निजशुद्धात्मस्वभावस्य प्रतिपक्षभूतं**' હૈ? ભગવાન આત્મા નિજ શુદ્ધાત્મા પવિત્ર ભગવાન આત્મા ઉસસે પ્રતિપક્ષભૂત મિથ્યાત્વરાગાદિ વિકલ્પ. ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદ પ્રભુ ઉસસે વિપરીત રાગ, રાગમેં એકત્વબુદ્ધિ વહ મિથ્યાત્વ વહ ભી આત્મસ્વભાવ સે વિપરીત. યહાં તો યહ બાત પહલેસે કરતે હૈ. આહા..હા..! કહો, હીરાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મીઠો ઠપકો છે ભાઈ! મા-બાપ એના બચ્ચાને ઠપકો આપે કે નહિ? ઠપકો ક્યા કહતે હૈ? ઓલંભા. ઓલંભા કહતે હૈ ન? ઓલંભા કહતે હૈ. હમારે ઠપકો કહતે હૈ. એમ મુનિઓ, સંતો, જ્ઞાનીઓ કહે કે ભૈયા, પ્રભુ! તેરા આત્મા તો અંદરમેં બિરાજમાન હૈ ન ભાઈ! શુદ્ધ આનંદકંદ હૈ ન? ઉસકી પર્યાય કહાંસે આયેગી, કેવલજ્ઞાન કહાંસે આયેગા? સમજમેં આયા? ક્યા કહા? દેખો. શાંતિ, ચારિત્રકી પર્યાય ભી કહાં સે આયેગી? કિસમેં પડી હૈ? આત્મા દ્રવ્યમેં પડી હૈ. આત્મા વસ્તુ હૈ, વસ્તુ ભગવાન અખંડાનંદ પ્રભુ. ઉસમેં કેવલજ્ઞાન, કેવલદર્શન સબ પડા હૈ અંદરમેં. તો ઐસા આત્માકી જબતક વિકલ્પ તોડકરકે દૃષ્ટિ ન કરે તબતક વહ મિથ્યાદૃષ્ટિ હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**ઈસલિયે ઈસ વ્યાખ્યાનકો જાનકર...**' દેખો, આ વ્યાખ્યાનને જાણીને એમ કહતે હૈ. '**તીન ગુપ્તિમેં અચલ હો...**' દેખો, સમજે? મન-વચન-કાયાસે લક્ષ છોડ દેના. એમ કહતે હૈ. એનો અર્થ એ (કે) ભગવાન આત્મા, મનસે વિકલ્પમેં જો શાસ્ત્રકા પઢના હુઆ ઉસસે રહિત હોકર, વહ વિકલ્પસે રહિત હુઆ તો મનસે રહિત હુઆ. મનકી ગુપ્તિ હો ગયી, વાણીકી ગુપ્તિ તો હૈ હી. દેહકી ગુપ્તિ ભી હૈ. તીનોંકી ગુપ્તિ હો ગયી. ક્યા કહતે હૈ? જબ ચૈતન્યમેં મન લગાયા. શુદ્ધ ભગવાન આત્મા પરમપવિત્ર ધામ ઐસા પહલે વિકલ્પ નામ રાગસે પઢ લિયા થા. વહ રાગ છોડકર, લક્ષ છોડકર ચૈતન્ય સ્વભાવમેં દૃષ્ટિ લગાયા તો મનકા વિકલ્પ છૂટ ગયા તો મનગુપ્તિ હો ગયી. વાણી તો હૈ હી નહીં. તો વાણીગુપ્તિ હો ગયી. દેહકી ગુપ્તિ હો ગયી. દેહકા લક્ષ હૈ નહીં. અંતર આત્મામેં દૃષ્ટિ પડી હૈ. આહા..હા..! ક્યા દેખો?

'**તીન ગુપ્તિમેં અચલ હો...**' અર્થાત્ ઐસી દૃષ્ટિ લગાના કે મન-વચન-કાયામેં કુછ શરીર,

બરીર ઐસા હોતા હૈ ન? કિ આમ શરીરમેં ઠીક નહીં પડતા, ઐસા નહીં ઠીક પડતા ઐસા લક્ષ છોડ દે એ વખતે. વાણી બોલના છોડ દે એમ કહતે હૈ. અંતરમેં વહ વિકલ્પ આતા હૈ પઢનેકા ઐસા જ્ઞાન.. ઐસા જ્ઞાન.. વહ છોડ દે. તો મન, વાણી, દેહ તીનસે રહિત હોકર આત્માકી દૃષ્ટિ લગાના આ ઉસકા નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હૈ.

મુમુક્ષુ :- મનગુપ્તિ...

ઉત્તર :- મન ગુપ્તિ ક્યા? મનની તો વાત કરી પહેલી આ. શાસ્ત્રના પઢવાનો મનનો વિકલ્પ. એ વિકલ્પ છોડે ત્યારે મનની ગુપ્તિ થઈ ગઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કઠણ, પણ કઠણકા અર્થ ક્યા? દેહ તો યહ દેહ હૈ. માટી હૈ દેખો પડા હૈ. વાણી યહ તો જડ હૈ. વહ તો બંધ હોગી અંતર વિચાર કરકે. હવે વહ વિકલ્પ થા અંદર. તો શાસ્ત્ર તો એમ કહતે હૈં કિ આત્મા પવિત્ર હૈ, શુદ્ધ હૈ ઐસા વિકલ્પ ઉઠતે હૈ રાગ. વહ મનકે સાથ સંબંધ હૈ. ઉસે છોડકર અંદરમેં એકાગ્ર હુઆ. તીનોં ગુપ્તિ હો ગયી. આહા..હા..! ભાઈ આ તો પરમાનંદની મુક્તિની વાત છે. એ કાંઈ સાધારણ નથી. પાંચ, પચાસ હજાર, લાખ મળવાની મહેનત કરતે હૈ. .. ન તો મિલતે હૈ. મરી જાય મહેનત કરીને મજુરી આખો દિ'. આઠ-આઠ કલાક, દશ-દશ કલાક દુકાન ઉપર બેસેને. હેરાન-હેરાન. ધૂલમેં. આ તો આત્મા...

મુમુક્ષુ :- તકીયા ઉપર બેસેને.

ઉત્તર :- તકીયા ઉપર બેસે તો મજૂરી બધા કરે છે ત્યાં. ..ભાઈ! એ નાનાભાઈ કહેતા એમના પિતાજી. અઢાર કલાક કામ કરતા ત્યાં કીધું એક ફેરી. અઢાર કલાક કામ કરતા ચોવીસ કલાકમાં, કહે. પછી આ બે પુળા મળ્યા પછી એમ કહેતા. પુળા એટલે આ પૈસા. એમ કહેતા. સમજાણું કાંઈ? એ તો પુણ્યને લઈને મિલતા હૈ, કાંઈ પરિશ્રમસે નહીં મિલતા. યહ આત્મા તો પરિશ્રમસે, પુરુષાર્થસે મિલતા હૈ. વહાં કોઈ કર્મ-ફર્મસે આત્મા ધર્મ નહીં હોતા. કર્મકિ કારણસે ધર્મકી પ્રાપ્તિ નહીં. બાહરકી પ્રાપ્તિ કર્મસે હોતા હૈ. પુણ્ય હો તો અનુકૂલ પૈસા, લક્ષ્મી, નિરોગતા. પાપ હોય તો સરોગતા નિર્ધનતા વગેરે. બાહરકી ચીજ સાથે સંબંધ હૈ. આત્માકે ધર્મ કે લિયે કર્મકી બિલકુલ જરૂર નહીં હૈ. બિલકુલ જરૂર નહીં. આહા..હા..! અહીં તો મનનો વિકલ્પ છોડવા માટે બે ગુપ્તિ તો હોય ભાઈ એમ કહી દીધું. આ તો વાંધો ઓલા મનની સાથે હતો. શાસ્ત્ર પઢનેકા વિકલ્પ વહ બાત કરતે હૈ. સમજમેં આયા? દેહ તો દેહ હૈ. યહાં પડા હૈ. વાણી ભી બંધ હૈ. શાસ્ત્ર પઢનેકા વિકલ્પ હૈ, ઐસા આત્મા હૈ... ઐસા આત્મા હૈ... ઐસા આત્મા હૈ... ભગવાનને ઐસા કહા, શાસ્ત્ર સે કહા. મનકા વિકલ્પ થા, મનકે સાથ સંબંધ. અબ વહ લક્ષ છોડકર યહાં સંબંધ કર દે તીનોં ગુપ્તિ હો ગયી

એમ કહતે હૈં. આહા..હા..!

મુમુક્ષુ :- યહ તો મુનિકી બાત હૈ.

ઉત્તર :- અરે! અહીં સમ્યગ્દર્શનની વાત છે. અહીં તો મનના વિકલ્પ છોડવાની વાત કરી ત્યાં. સમજમેં આયા?

જિસકા ફલ અનંતજ્ઞાન, કેવલજ્ઞાન ઔર જિસકી સાદિ-અનંત મુક્તિ, અનંત આનંદ. બાપુ! ઉસકા કાર્યકારણ કિતના હોના ચાહિયે? આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' ઐસી મોક્ષદશા ઉસકા કારણ તો ઐસા હૈ. અંતર ભગવાન આત્માકો અંતર સ્પર્શના. વહ રાગકો સ્પર્શતે હૈ પુણ્યકો-વિકલ્પકો. કહતે હૈ કિ વહ તો એકાત્મબુદ્ધિ મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? ઉસકો છોડકર, સ્વભાવ ચૈતન્યમૂર્તિ મહાન પદાર્થ ઐસા અંતરમેં માહાત્મ્ય લેકર, વિકલ્પકો છોડકર વીર્યકા ઉલ્લાસ સંબંધ સ્વભાવકે સાથ બઢા દે. આહા..હા..! દેખો, યહ સમ્યગ્દર્શન વિકલ્પ તોડને સે હોતા હૈ. ઐસી યહાંસે શુરૂઆત કિયા ૮૩ ગાથામેં. સમજમેં આયા? શાસ્ત્ર પઢનેસે વ્યવહાર સમકિત હૈ. વ્યવહાર સમકિત ચોથા ગુણસ્થાને અહીં ના પાડી ભાઈ! અરે ભગવાન! અરે..! જગતને પ્રાણીને માંડ ટાણા મળ્યા, મનુષ્ય દેહ થોડો કાળ. કિતના કાલ રહના? ફૂ થઈને ઉડી જશે. અહીં કિતના કાલ? પાંચ-પચાસમાં કિતના તો ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ તો દેહકા ચલા ગયા હૈ. ૫૦-૬૦ તો રહના હૈ નહીં. ભાઈ!

મુમુક્ષુ :- ક્યારે થઈ જશે એવું કાંઈ?

ઉત્તર :- આ ક્ષણમાં થશે. મેળ છે? દેહ આ તો જડ-માટી છે. ઉં..હું...હું.. આમ થઈ ગયું ફૂ લ્યો ચાલ્યા. હાર્ટ ફેઈલ થઈ ગયું. ક્યા હુઆ? કોણ જાણે? ભાઈ સાજાનરવા બેઠા હતા. સાજાનરવા એટલે? આરામસે. સાજામાજા એમ કહતે હૈ. આરામસે બૈઠે થે. લ્યો! એમ કહે. આરામસે બૈઠે થે. કુછ નહીં થા. લ્યો આ તમારે નહિ? ગુણવંતભાઈ! બાલુભાઈ. આરામસે સ્નાન કિયા, યહ કિયા, યહાં આનેકા .. લિયા થા. સમજે? પતિ-પત્ની દોનોં થે. એક લડકી થી ઉસકી તો શાદી કર દી પચાસ હજાર ખર્ચ કરકે. પીછે યહાં આના થા. દર્શનકરકે ગયે. યહાં રાયપર. રાયપર ગુજરી ગયાને? સ્નાન કરકે આમ ઐસા.. પડ ગયા. ખલાસ હો ગયે. લ્યો યહાં મકાન લેકર ગયે થે. યહાં આના હૈ. દોનોં થે. પાંચ-છ લાખ રૂપિયા ઉસકે પાસ થા. સમજમેં આયા? ક્યા કરે રૂપિયા? અને ક્યા કરે ધૂલ? એ પાટી બાંધતે હૈ જરી પાટી સમજે ન? ... કાંઈ નહિ. કેમ ગુણવતંભાઈ! જોડે હતાને કોઈ કોણ હતું? તારાચંદભાઈ હતા? હા. અહીં તો રાજકોટ મંગળિક સાંભળીને ગયા હતા લ્યો. હવે અમારે નિવૃત્તિ લઈને વેપાર-ધંધો છોડ દેના હૈ. હવે પૈસા-બૈસા હૈ, આજીવિકા હૈ. અબ કુછ કરના નહીં. ચલતી દુકાન થી હોં! સબ બંધ કર દિયા. પતિ-પત્ની દોનોં થે, પૈસે થે બહુત. દેહકી

સ્થિતિકી ખબર હૈ કે દિ' છૂટેગી?

મુમુક્ષુ :- ઈતની ખબર હો તો...

ઉત્તર :- પણ ખબર હોય તો ક્યા? રોશે, પહેલેથી રોશે. કે અરેરે! મને આવી. હવે બે દિ'મેં મેરા મરણ હૈ. પણ હવે કરને આ તેરા. એય..! ધર્મચંદજી! આ ડોક્ટર-બોક્ટર ક્યા હાલ નાખેગા? ડોક્ટર મર જાતે હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આપઘાત. એ તો વળી સારામાં સારો ડોક્ટર. પણ મૂર્ખમાં શું મૂર્ખાઈ. આહા..હા..! મૂંઝાણો હશે કાંઈક. બીજું શું? કાંઈક સરખાઈ નહિ હોય. આવા ને આવા અનાદિ અજ્ઞાન અને અનાદિ મરણ કિયા હૈ. અનંત જીવોએ. નયી ક્યા બાત હૈ? એક યહ આત્મા અખંડાનંદ પ્રભુ. ઉસકો રાગરહિત હોકર સમ્યગ્દર્શન કિયે બિના ઉસકા પરિભ્રમણ કભી મિટેગા નહીં. આહા..હા..! સમજમેં આયા?

દેખો, '**અચલ હો પરમસમાધિમેં આરૂઢ હોકે...**' આત્મા શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આત્મા શાંતિકા સાગર ભગવાન, વહ પરમસમાધિ. '**નિજસ્વરૂપકા ધ્યાન કરના.**' લ્યો એ સમાધિ હોં ઓલા બાવા લગાવે એ નહિ. આહા..હા..! 'સમહિવરમુત્તમં દિંતુ' નથી આવતું? લોગસ્સમાં આવે છે. 'સમાહિવર મુત્ત..' પણ કઈ સમાધિ? ઓલા બાવા લગાવે આમ કરીને એ નહિ. આત્મા અખંડાનંદ પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં દૃષ્ટિ લગાકર એકાગ્ર હોના વહી પરમસમાધિ હૈ. ઉસકા નામ પરમશાંતિ હૈ. પરમસમાધિમેં... સમજમેં આયા? '**આરૂઢ હોકે નિજસ્વરૂપકા ધ્યાન કરના.**' અપના સ્વરૂપકા વિચાર ધ્યાન અંતર કરના. દૂસરેકા નહીં. ભગવાનકા વિચાર કરના વહ ભી વિકલ્પ હૈ. અપના સ્વરૂપકા અંદર ધ્યાન કરના વહી સારા શાસ્ત્ર કહનેકા ફલ હૈ અને ઉસસે આત્માકી મુક્તિ ઔર નિર્જરા હોતી હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૦૮, રવિવાર, તા. ૧૩-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૩-૮૪, પ્રવચન-૧૨૭**

પરમાત્મપ્રકાશ. યોગીન્દ્રદેવ મુનિ દિગંબર કૃત દૂસરે ભાગકી ૮૩મી ગાથા હૈ. ક્યા કહતે હૈ? કિ આત્માકા નિજશુદ્ધાત્માકા ધ્યાન.. એ ત્યાં વાત આવી. શાસ્ત્ર પઢકર ભી શાસ્ત્રકા સાર વહ હૈ કિ આત્મા અપના શુદ્ધસ્વરૂપ સન્મુખ દૃષ્ટિ કરકે એકાગ્રતા હોના વહી સર્વ શાસ્ત્રકા તાત્પર્ય ફલ હૈ. સમજમેં આયા? ક્યોંકિ આત્મામેં ધર્મ રહા હૈ. આત્મા જો શાંતિ નિર્દોષતા અર્થાત્ પવિત્રતા કરના ચાહતા હૈ વહ સબ પવિત્રતા આનંદ, શાંતિ આદિ આત્મામેં હી હૈ. આત્મામેં શાંતિ, આનંદ આદિ ધ્રુવપને, શુદ્ધપણે પરિપૂર્ણ પડા હૈ. તો શાસ્ત્ર... વહ વસ્તુકા સ્વભાવ જો ધર્મ, ઉસ તરફ ઝુકને કો આચાર્ય કહતે હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી શુદ્ધ આનંદ ઉસ તરફકી એકાગ્રતા કરકે ઉસકી ભાવના નામ શુદ્ધતા પ્રગટ કરના વહી વાસ્તવિક, અનંતકાલમેં નહીં કિયા હુઆ ઐસા ધર્મ હૈ. ઈસમેં ન રહ સકે તો દાન, દયા, ભક્તિ, પૂજા ઐસા પરિણામ શુભભાવ હોતા હૈ. શુભભાવ હોતા હૈ, પણ વહ પુણ્યબંધકા કારણ હૈ. આત્માકા વીતરાગી પરિણામ પ્રગટ કિયે બિના જન્મ-મરણકા અંત નહીં આતા. જન્મ-મરણકા ચકરાવા ચોર્યાસીના અવતાર, ચાહે તો સ્વર્ગકા અવતાર હો યા ચાહે તો મનુષ્યકા હો, તો ઉસકે પીછે નિગોદ અને પશુકા ભી અવતાર પડા હી હૈ. સમજમેં આયા? ચોર્યાસીકા અવતારકા કારણ હી મિથ્યા ભ્રમ અજ્ઞાન હૈ. યહ અવતાર નિષેધને અથવા અવતારકી ઉત્પત્તિ ન કરના હો તો આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વભાવ વીતરાગ મૂર્તિ આત્મા હૈ ઉસકી પ્રથમ દૃષ્ટિ કરકે ઉસકા અનુભવ કરના, કરનેલાયક હો તો વહી કર્તવ્ય હૈ. સમજમેં આયા?

દેખો, યહ આયા. '**પરમસમાધિમેં આરૂઢ હોકે નિજસ્વરૂપકા ધ્યાન કરના.**' બાત તો વહી હૈ. આહા..હા..! જો કોઈ વસ્તુસ્વભાવ હૈ તો અપના અપનેમેં હૈ. કોઈ બાહરસે તો આતા નહીં. પણ ઉસકો માહાત્મ્ય અપને સ્વરૂપકા ન આવે તબ બાહર ફિરતે હૈ. 'ધર્મ ધર્મ સબકો કહે ધર્મ ન જાણે મર્મ.' ધર્મ તો આત્મા ચાહે સો પુણ્ય પરિણામ કરે, ચાહે તો શાસ્ત્રકા પઢના કરે. હો, પુણ્ય હોતા હૈ, રાગ મંદસે ઉસમેં પુણ્ય બંધતા હૈ. ભગવંત! ઉસમે જન્મ-મરણકા અંત નહીં. જન્મ-મરણકા અંત આયે બિના ઉસકો કભી ક્યાંય શાંતિ

કે સુખ હૈ નહીં. તો કહતે હૈ કિ એકવાર પ્રભુ આત્માકા સ્વરૂપ... યહ દેહ તો ભિન્ન માટી હૈ, ઉસસે ભિન્ન હૈ ઔર પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈ ઉસસે ભી ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદકંદ વહ ભિન્ન હૈ. ઉસકી દૃષ્ટિ કરકે ધ્યાન લગાઓ, એકાગ્ર હો, વહી કલ્યાણ કરનેકા ઉપાય હૈ. આહા..હા..!

**'લેકિન જબતક તીન ગુપ્તિયાં ન હોં,...'** જબતક સ્વરૂપમેં એકાગ્રતા ન હો, **'પરમસમાધિ ન આવે, (હો સકે) તબતક વિષય કષાયોંકે હટાનેકે લિયે...' 'પરજીવોંકો ધર્મોપદેશ દેના,...'** શેઠ! અપનેમેં અશુભભાવ ઉત્પન્ન ન હો ઔર ઐસા શુભરાગ હૈ તો ઉપદેશ (આતા હૈ કિ) કિ અરે જીવો! મુઝે આત્મસ્વભાવ શુદ્ધ રુચા હૈ. તુમકો રુચતે હૈ? વહ કહેંગે. સમજમેં આયા? તો ઘરમેં કોઈ મહેમાન આતે હૈ મહેમાન. મહેમાન કહતે હૈ ન? તો અપની પ્રિય ભોજન જો ચીજ હૈ ઉસકો દેતે હૈ, કિ હમારા પ્રિય દૂધપાક હૈ. આપણે દૂધપાક કહે હૈ. તમારે ક્યા કહતે હૈ? ખીર? ખીર પણ અમારે દૂધપાક કહતે હૈ. દૂધપાક હોતા હૈ ન? .. કી ચીજ હોતી હૈ. હમ ખાતે હૈ તો ઉનકો દેતે હૈ. આચાર્ય મહારાજ કહતે હૈ કિ અપના સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપકે રાગરહિત જિસકો રુચિમેં આ ગયા હૈ ઔર સ્થિર હો સકે નહીં તબ ઉસકો વિકલ્પ તો આતા હૈ શુભરાગ. ઉસ બહાને ભાવના તો યહ હૈ કિ શુદ્ધાત્મ ભાવના સ્મરણ **'दृढीकरणार्थं'** અર્થ એમ છે ભાઈ! આત્મા અંતરમેં ઐસી હૈ... ઐસી ચીજ હૈ ઐસા ઉપદેશ કરના. જિસમેં શુદ્ધાત્માકી એકાગ્રતાકા સ્મરણ હો ઐસા દઢ કરનેકો ઐસા ઉપદેશ દૂસરેકો કહે. સમજમેં આયા? જિસકો અનંતકાલમેં પુણ્ય-પાપકે ભાવકી મીઠાસ ઔર ઉસકે ફલકી મીઠાસ લગી હૈ વહ તો ઝહર હૈ.

મુમુક્ષુ :- કરવું...

ઉત્તર :- કરવું બસ એ કહતે હૈ. કહે છે ભાઈ! પ્રભુ! તેરે સ્વરૂપમેં તો અમૃત પડા હૈ ન? તો અમૃતસ્વરૂપસે વિરૂદ્ધ જો ભાવ ઉત્પન્ન હોતે હૈં, શુભ હો કિ અશુભ. ભગવાન! યહ આત્માકી શાંતિસે વિરૂદ્ધ ભાવ હૈ ન. ઉસકી રુચિ જિસકો હટ ગઈ ઔર આત્માકી રુચિ હુઈ. વહ આત્મામેં ઠહર ન સકે તો વહ શુદ્ધાત્માકી ભાવનાકા સ્મરણ હો ઐસી બાત કરે દુનિયા પાસે. આહા..હા..! સમજમેં આયા? બાત તો ઐસી હૈ. ઉપદેશમેં ભી ઐસા હૈ એમ કહતે હૈ. દૂસરેકો વિકલ્પ આતા હૈ, શુભરાગ હોતા હૈ ઉપદેશમેં. ઉપદેશમેં શુભરાગ હોતા હૈ. વાણી તો જડ હૈ. વાણી તો નિકલતી હૈ વહ જડ હૈ. ઉસમેં કુછ અપના કર્તવ્ય હૈ નહીં, વહ વાણી પરમાણુ ઉઠતા હૈ. પણ અપને સ્વરૂપમેં ઠહર ન સકે તો શુભરાગસે વાસ્તવિક તત્ત્વમેં કૈસે એકાગ્ર હો? ઐસી બાત દુનિયાકો કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં કહ્યું નહિ? વહ ઉપદેશ શાસ્ત્ર સ્વાધ્યાય હુઆ ન. એ જાણે પણ ઐસા આમંત્રણ કરે કિ ભૈયા! પ્રભુ! તુમ આત્મા હૈ ન? તુમ્હારેમેં આનંદ પડા હૈ ન ભગવંત! હમભી હમારે આત્મામેં આનંદ હૈ. ઉસકી હમકો રુચિ હૈ ઔર રુચિ હૈ પણ હમ સ્થિર નહીં હો સકતે. તો સ્થિર ન હો સકતે હૈ જબ, તબ ઐસા વિકલ્પ આતા હૈ, દુનિયાકો ઐસા કહે ભાઈ! તેરા આત્મામેં આનંદ હૈ ન પ્રભુ! વહ પુણ્ય-પાપકા રાગ હૈ ન ભૈયા! વહ તો દુઃખ હૈ. સમજમેં આયા? ઉસસે હટકર આત્મામેં સ્થિર કૈસે હો? ઐસા ઉપદેશ આતા હૈ. ઉસ બહાને અપનેકો ઉપદેશ દેતે હૈ. આયેગા અભી. આહા..હા..! સમજમેં આયા?

'**મુખ્યતાકર અપને જીવ હીકો સંબોધના.**' હૈ? યહ તો અંદર ઠહર નહીં સકે તો વિકલ્પમેં યહી ઉપદેશ નિકલતા હૈ ઉસકો એમ કહતે હૈ. સમજમેં આયા? યહ આત્મા મહાન આનંદ સાગર પ્રભુ આત્મા હૈ, અતીન્દ્રિય સ્વરૂપ. ભગવંત! તુમ ઉસમેં રુચિ હોકર ઠહરના ચાહતે હો તો હમ હમારી ચીજ-પ્રીતિવાલી ચીજ આપકો આમંત્રણ કરતે હૈ એમ કહતે હૈ. જિસકો જો રુચતા હૈ વહ બાત દુનિયાકો કહે. રુચતી હૈ ભૈયા! આત્મા વસ્તુ હૈ ન ભાઈ! વિશ્રામ ઠામ, વિશ્રામ લક્ષણ, આત્મામેં વિશ્રામ હોના, પુણ્ય-પાપકે રાગસે હટકર, વહ મહા વિશ્રામકા ધામ તુમ્હારા આત્મા હૈ. એમ કરકે અપને આત્માકો સંબોધતે હૈ એમ કહતે હૈ. આહા..હા..! ભારે વાત ભાઈ! આવ્યું હતુંને ઓલામાં નહિ? 'શુદ્ધાત્મ વિશ્રાંતિ લક્ષણ વીતરાગ ચારિત્ર' પહેલામાં આવેલું. ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ હુએ ઔર વીતરાગ હુએ. તો સર્વજ્ઞ હુએ ઔર વીતરાગ હુએ. વહ તો સર્વજ્ઞ અને વીતરાગ હોનેકી બાત કરે. સર્વજ્ઞ પરમેશ્વર કૈસે હુએ? અલ્પજ્ઞકો છોડકર, રાગકો છોડકર સર્વજ્ઞને વીતરાગ હુઆ. સમજમેં આયા?

પરમેશ્વર તીર્થંકર યા કેવલી હો. જો કેવલજ્ઞાન પાયા વહ તો અપના અલ્પજ્ઞતાકો છોડકર સર્વજ્ઞ હુએ સ્વભાવકે આશ્રય ઔર રાગ વિકલ્પથા પુણ્યાદિકા ઉસે છોડકર વીતરાગ હુએ. તો સર્વજ્ઞ વીતરાગ હુએ ઉસકી દિવ્યધ્વનિમેં વહી આયા. અને સંતો, જ્ઞાનીઓ પણ વહી બાત કહતે હૈ કિ ભૈયા! ભગવાન આત્મા તેરા ધર્મ ધરનેવાલા તો ભગવાન આત્મા તેરે પાસ તું હી હૈ. સમજમેં આયા? ઉસમેં તેરી રુચિ લગતી હૈ ઔર રુચિ લગે તો રુચિ કર ઔર ઉસમેં સ્થિર હો, ઐસા અપનેમેં સ્થિર ન હો સકે ત્યારે ધર્મી જીવ દૂસરેકો ઐસા ઉપદેશ દેકર અપની શુદ્ધાત્માકા ભાવનાકા સ્મરણ જ્ઞાનમેં દૃઢ કરનેકો ઐસા કરતે હૈ. આહા..હા..! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહાર જ્ઞાન થયુંને? પર તરફ લક્ષ છે તેટલું. એ ક્યાં અંદર એકાગ્રતા

છે? એ વિકલ્પ ઈતના આયા યે પરકો કહતે હૈ ઈતના પર તરફકા લક્ષ હૈ. એ પરાલંબી જ્ઞાન હુઆ ન ઈતના? ઔર ઉસમેં ભી વહ દઢ કરતે હૈ. પરાલંબીમેં દઢ વહ કરતે હૈ કિ આત્મા શુદ્ધ ભગવાનમેં એકાગ્ર હો, મૈં ભી એકાગ્ર હોનેકા અભિલાષી હૂં. મૈં એકાગ્ર ન હો સકું તો તુમકો ઉપદેશ કરતા હૂં. યહ બહાને ભી શુદ્ધાત્માકી ભાવનાકા હી સ્મરણ કરતે હૈ. આ તો પરમાત્મપ્રકાશ તો ઐસી ચીજ હૈ. તૈયાર લડુ બનાકર દિયા હૈ. ખાઓ કહે. સમજમેં આયા? ઐસા યોગીન્દ્રદેવને જંગલમેં દિગંબર મુનિ વનવાસમેં તાડપત્ર ઉપર લિખ દિયા. સમજો તો સમજો. હમારે ક્યા હૈ? તુમ્હારી સમજસે હમકો લાભ નહીં ઔર હમેં વિકલ્પ આયા સમજાનેમેં વહ ભી હમારી એકાગ્રતાકા કાર્ય નહીં. આહા..હા..! સમજમેં આયા?

કહતે હૈં ભગવાન આત્મા પ્રભુ! તેરે પાસ સર્વ સમૃદ્ધિ ઋદ્ધિ તેરી પાસ પડી હૈ. ઐસા આત્મા મુઝે રુચ્યા હૈ, મેરા પ્રેમ મેરે આત્મા ઉપર હૈ. મૈં આત્મામેં વર્તમાનમેં ઠર સકતા નહીં તો વિકલ્પમેં પરકે સંબોધનમેં ઐસા મૈં કહતા હૂં ભૈયા! વહ શુદ્ધાત્મા હૈ ન? વીતરાગ સ્વભાવી પ્રભુ! ઉસમેં તુમ દૃષ્ટિ લગાવો. વહ પ્રેમ કરનેલાયક ચીજ વહી હૈ. ઐસા ઉપદેશ કરે. કહો, ભીખાભાઈ! આહા..હા..! અરે! વીતરાગ માર્ગ તે કાંઈ વીતરાગભાવ સે શુરૂ હોતા હૈ કિ રાગસે શુરૂ હોતા હૈ? આહા..હા..! દુનિયાને રાગના પ્રેમ છે, ઉસકો વીતરાગ માર્ગકા પ્રેમ નહીં લગે. આહા..હા..! અરર! આ એકદમ! કિ ભાઈ! અનંતકાલમેં તુને નહીં કિયા તો વહ નહીં કિયા હૈ. અપના સ્વભાવ.

'શ્રુત પરિચિત અનુભૂતા સવ્વસ વિ કામભોગ બંધ કથા.' ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈ સમયસારમેં. ભાઈ! રાગ કરના ઔર રાગ ભોગના પ્રભુ! યહ બાત તો તુને અનંતબાર સુની હૈ. ઉસમેં ક્યા નવીન હૈ? એમ કહતે હૈં. આહા..હા..! પુણ્યભાવ ભી કરના ઔર ઉસકા ફલ ભોગના વહ શ્રુત પરિચત હૈ. કુંદકુંદાચાર્ય મહારાજ કહતે હૈ, વહ બાત તો તુને અનંતબાર સુની હૈને, પ્રભુ! વહ અનંતબાર તેરે પરિચયમેં ભી આ ગયી હૈ ઔર ઉસકા અનુભવ ભી તુઝે, રાગકા અનુભવભી અનંતબાર આ ગયા ભાઈ! આહા..હા..! પણ '**सव्वस्स वि कामभोगबंध कहा एतस ओलंभो नव एतस**' ભગવંત! યે રાગસે (ભિન્ન) ભગવાન આત્મા, પુણ્યકે વિકલ્પસે ભિન્ન ઐસી બાત પ્રભુ તુને સુની નહીં અનંતકાલમેં. આહા..હા..! યહ બાત સુની નહીં ઔર કાને પડી તો ઉસકા અભ્યાસ કિયા નહીં. સમજમેં આયા? આત્મા અખંડાનંદ પ્રભુ ઉસે રાગસે ભિન્ન કરનેકા તુને અભ્યાસ કિયા નહીં ઔર અભ્યાસ કરે બિના અનુભવ હુઆ નહીં. વહ બાત તુઝે રહ ગયી હૈ. બાકી તો અનંતબાર શુભાશુભભાવ કિયા ઔર શુભાશુભભાવકા ફલ યહ સંસાર. વિષતરૂફલ એમ કહતે હૈ ભગવાન તો. યહ કર્મકા બંધકા ફલ ઝેરઝાડકા ફલ હૈ. વિષતરૂફલ ઐસા પાઠ હૈ સમયસારમેં. કર્મબંધનકા ફલ ઝહરકા ઝાડકા

ફલ હૈ. આહા..હા..! ભાઈ! પણ મીઠાશ લાગેને આમ. પુણ્યના ફળ તરીકે આમ બે-પાંચ કરોડની પુંજી, લડકા કહ્યાગરા હોય. કહ્યાગરા ક્યા કહતે હૈ? આજ્ઞા માનનેવાલા. ભાઈ તમારી ભાષા ફેર હોયને થોડી. હમારે કહ્યાગરા કહતે હૈ ન. આજ્ઞા માનનેવાલા હો, લડકિયાં ભી અચ્છી હો, સ્ત્રી ભી અચ્છી હો. સુખી. ભગવાન! યહ સુખ ક્યા હૈ ઈસમેં? વહ તો રાગ અને દુઃખકી દશામેં અજ્ઞાનસે મૂઢપને દુઃખમેં સુખ તુને માન લિયા હૈ. સમજમેં આયા? ઐસી બાત સર્વજ્ઞ પરમેશ્વરને કહી હૈ ઐસા જિસકો સમજમેં આયા કિ આત્મા રાગસે ભિન્ન હૈ ઉસમેં ઠરના, ધ્યાન કરના, એકાગ્ર હોના વહી ચારિત્ર હૈ. ઉસસે આત્માકી શાંતિ મિલતી હૈ. વહ જબતક સ્થિર ન હો, ઉપદેશમેં ઐસી બાત કરે. સમજમેં આયા? યહ વ્યવહાર જ્ઞાન .. થયુંને? વ્યવહાર પરનું અવલંબન છે એટલો વ્યવહાર જ્ઞાન હૈ ન? નિશ્ચયજ્ઞાન તો સ્વમેં એકાગ્રતા વહ હૈ. આહા..હા..! પણ વ્યવહાર જ્ઞાનમેં બાત વહ લાયે એમ કહતે હૈ. સમજમેં આયા? ખેંચીને પણ તાત્વિક વાત ઉપર વહ બાત લે. ભૈયા! આત્મા વીતરાગબિંબ હૈ ન અંદર? વીતરાગમૂર્તિ ચિદાનંદ દેહદેવાલયમેં ભિન્ન હૈ. યે વિકાર હૈ એક ક્ષણિક ઉસસે તદ્દન નિરાલા પ્રભુ આત્મા હૈ. ઉસકી તુમ રુચિ કરો, પુણ્ય-પાપકી રુચિ છોડો ઔર સ્વરૂપકી રુચિ કરકે ઠરો. ઐસા ભાવના શુદ્ધ ભાવનાકા સ્મરણ માટે ઐસા ઉપદેશ જ્ઞાની જગતકો કરતે હૈ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાનું જ્ઞાન એ શુદ્ધ તરફ વળે છે પરાલંબી જ્ઞાન. પરસત્તાવલંબી જ્ઞાન એટલું થાય છેને. રાગ મંદ થાય એટલે જ્ઞાન એટલો ક્ષયોપશમ થાય છેને. સ્વજ્ઞાન નહિ. આહા..હા..! સ્વજ્ઞાન તો અંતરમેં જિતના જ્ઞાનાનંદમેં લીન હોકર જ્ઞાનકા, આનંદકા વેદન-સ્વાદ લેના, આનંદકા સ્વાદ લેના. ઉસમેં જ્ઞાનકી વૃદ્ધિ હૈ. આત્માકા જ્ઞાનકી વૃદ્ધિ ઉસમેં હૈ. કહો, પ્રવિણભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! પણ ભારે વાત કહે.

વહ દીપચંદજી હુએ હૈ ન? દીપચંદજી સાધર્મી. યહ ચિદ્વિલાસ, અનુભવપ્રકાશકા કરનેવાલે. દિગંબર ગૃહસ્થ ધર્મી, સાધર્મી હુએ હૈ. બહુત અચ્છા. દોસો વર્ષ પહલે હજી તો. વહ ચિદ્‌વિલાસ, આત્માવલોકન. આત્માકા અવલોકન બનાયા ઉસમેં ઐસા એક શ્લોક રખા હૈ. કિ મુનિઓ અપના સ્વરૂપ પુણ્ય-પાપકે રાગરહિત વીતરાગ સ્વરૂપકી શ્રદ્ધા-જ્ઞાન કરકે ઉસમેં હી રમતે હૈ. પણ મુહુ મુહુ. ઉપદેશ કરતે હૈ મુનિયોં તો વીતરાગ ભાવકા હી ઉપદેશ કરતે હૈ. સમજમેં આયા? વહ બાત યહાં કહતે હૈ લો. સમજમેં આયા? વિકલ્પમેં આતી હૈ બાત તો વીતરાગ. ભાઈ! આત્મા રાગસે, વિકલ્પસે ભિન્ન હૈ ઐસા અનુભવ કરો, ઐસી બાત વીતરાગી સંતોકે મુખમેં ઐસે નિકલતી હૈ. સમજમેં આયા? છેને ઓલું આત્માનું અવલોકન. આત્માવલોકન પુસ્તક હૈ. વહ દીપચંદજી

કૃત. યહ અનુભવપ્રકાશકે કરનેવાલે. દિગંબર મહાન પંડિત ગૃહસ્થ અધ્યાત્મ પુરુષ હુએ હૈ. સમજમેં આયા?

અહીંયા બીજી રીતે વાત કરે છે. કિ જિસકો વીતરાગભાવ અપને રુચા હૈ, અપના સ્વરૂપમેં ઠરના વહી ઠીક હૈ. વહી બાત કરે દુનિયા પાસે. દીપચંદજી હુએ હૈ. ઉન્હોંને પુસ્તક બહુત બનાયે હૈ. સમજમેં આયા? લ્યો પાનુ વહી નિકલા. ક્યું પાનું હશે? દેખો, ગુરુ અધિકાર વહ પાના હી નિકલા. પાના ક્યા હોગા? યહ દોરી દૂસરમેં હૈ હોં.

**वियरायं वियरायं, जियस्य णिय ससरुओ वियरायं।**

**मुहु मुहु गणदि वियरायं, सो गुरुपयं भासादि सया।।२।।**

યે શ્લોક બનાયા હૈ. દીપચંદજી ગૃહસ્થાશ્રમમેં થે, સ્ત્રી-કુટુંબ થા, પણ ઉસકી દૃષ્ટિ આત્મા ઉપર થી, વીતરાગ દૃષ્ટિ થી. વહ કહતે હૈ દેખો, '**જીવકા નિજસ્વરૂપ વીતરાગ હૈ, ઐસા બારંબાર કહતા હૈ વહી ગુરુ પદવીકો શોભિત હોતા હૈ.**' દેખો, યહ શ્લોક હૈ. ગુરુ અધિકાર. હૈ? શબ્દ હૈ ન? બડા શબ્દ હૈ. દેખનેમેં આતા હૈ. પણ યહ ચોપડા મિલાના ચાહીયે કિ નહીં? ક્યોં ભૈયા! ચોપડા દેખતે હૈ કિ નહીં? કિ ભાઈ! હમારે ચોપડેમેં ઐસા નામા હૈ, હમારા મેં દેખો ઉસને સવાલાખ હૈ. તમારે સવાલાખમેં પાંચ હજાર ઓછા હૈ ઐસા કૈસે? મિલાન કરો. ક્યા કહા દેખો, '**જીવકા નિજસ્વરૂપ...**' જો હૈ. '**वियरायं**' '**વીતરાગ હૈ,...**' પુણ્ય-પાપકા રાગ. દેહ-વાણી તો કહીં રહી ગયી. યહ તો ધૂલ-માટી હૈ પણ આત્મા વહ સમ્યગ્દૃષ્ટિ જીવ હૈ હોં સાધર્મી જીવ. દીપચંદજી ગૃહસ્થાશ્રમમેં. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની થે. સમજમેં આયા? તો કહતે હૈં કિ '**જીવકા નિજસ્વરૂપ વીતરાગ હૈ,...**' જિસમેં પુણ્ય-પાપકા વિકલ્પ ભી સ્વરૂપમેં નહીં હૈ. ઐસી દૃષ્ટિ કરો ઔર ઉસમેં જો મુનિ હૈ વહ વીતરાગ ભાવમેં ઠરતે હૈ. વહ વારંવાર કહતે હૈં. '**मुहु मुहु**' શબ્દ પડા હૈ ન? '**मुहु मुहु**' બારંબાર. વહી ગુરુ પદવીકો શોભે હૈ. લ્યો! વીતરાગભાવ... વીતરાગભાવ... વીતરાગભાવ... વહ યહાં કહતે હૈ દેખો.

'**ઉપદેશકે બહાનેસે મુખ્યતાકર અપના જીવ હીકો સંબોધના.**' સમજમેં આયા? '**કિ પરકો ઉપદેશ દેતે અપનેકો સમજાવે.**' વીતરાગભાવ. બહુસરસ આત્માવલોકન છે હોં. સમજમેં આયા? દેખો, '**સ્થિરીભૂત કરકે જબ કિસીકો ઉપદેશ ભી દેતે હૈ તો અન્ય સબ છોડકર જીવકે એક નિજ વીતરાગસ્વરૂપકો હી બારંબાર કહતે હૈં.**' દેખો, '**ઉનકે અન્ય કુછ અભ્યાસ નહીં હૈ, યહી એક અભ્યાસ હૈ.**' હિન્દી હૈ હિન્દી. મુનિકો તો એક હી અભ્યાસ હૈ. પુણ્ય-પાપકા રાગરહિત વીતરાગસ્વભાવ... વીતરાગસ્વભાવ... વીતરાગસ્વભાવ... આનંદસ્વભાવ... શુદ્ધસ્વભાવ... નિર્વિકલ્પસ્વભાવ... ઉસમેં આનંદમેં રહના, અતીન્દ્રિય આનંદમેં રહના વહી સ્વભાવ. વહી બાત કરતે હૈ દુનિયાકો. મોટી વ્યાખ્યા છે

હો આખી.

દેખો, 'સ્વયં ભી અંતરંગમેં સ્વયંકો વીતરાગરૂપ અભ્યાસ કરતે હૈં ઔર બાહ્યમેં ભી જબ બોલતે હૈં, તબ આત્માકા વીતરાગ સ્વરૂપ હૈ,...' વીતરાગસ્વરૂપી બોલ બોલે હૈ. 'ઐસા વીતરાગકા ઉપદેશ સુનતે હી નિકટ-ભવ્યકો નિઃસંદેહરૂપસે નિજ વીતરાગત્વરૂપકી સુધિ હોતી હૈ.' સુધિ હોતી હૈ. આહા..હા..! વીતરાગપના બતાનેસે, સુનનેવાલેકો વીતરાગ નિજસ્વરૂપકી સુધિ હોતી હૈ. 'ઇસમેં સંશય નહીં હૈ. જિસ સાધુકે વચનમેં ઐસા વીતરાગકા હી કથના હૈ, ઉસ જૈન સાધુકો હી નિકટભવ્ય ગુરુ કહતે હૈં;...' યહ શ્લોક બનાયા હૈ ઉસને આત્માવલોકન ઉસકા નામ હૈ.

મુમુક્ષુ :- ..ન ફાવે તો બીજે...

ઉત્તર :- કહ્યુંને વિસામો તો એ છે. એમ કે એક જ માંડી છે. સાધર્મી ગૃહસ્થાશ્રમી થા. ઉસને શ્લોક બનાયા. યહ સારા પુસ્તક હૈ. ચિદ્‌વિલાસ હૈ, આત્માનુભવ હૈ, એક ભાવદીપિકા હૈ. સમજમેં આયા? દૂસરા ક્યા હૈ? અનુભવપ્રકાશ હૈ. સમજમેં આયા? વહ બતાયા દેખો! ઓહો..હો..! પણ વહ બતાના વહ વિકલ્પ હૈ કિ નહીં? વિકલ્પ આયા હૈ તો વહી બતાતે હૈ એમ કહતે હૈં. આહા..હા..! એય..! ..ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિસામો, વિકલ્પ આવ્યો એ વિસામો નહિ. મારે ગપ્પ મારે છે. ઠીકને હા પાડી દેશે જાણે. વિસામો નહિ. વિસામો તો રાગરહિત ઠરના વહ વિસામા હૈ. સમજમેં આયા? વે નહીં ઠર સકતે તો વિકલ્પ તો આતા હૈ. તો વિષય કષાયકા અશુભાવસે બચનેકો, અશુભભાવ વંચનાર્થ એમ કહા ન? અશુભભાવ પાપકો ટાલનેકો ઐસા ભાવમેં ભી કથન તો ઐસા આતા હૈ. વિષયકષાયકા પાપભાવ હૈ ઉસકો છોડનેકો, ઉસસે બચનેકો શુભભાવમેં ભી આતા હૈ, ઐસી બાત. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજમેં આયા? તો કહતે હૈં કિ 'ઉપદેશકે બહાનેસે મુખ્યતાકર અપના જીવ હીકો સંબોધના.' ઓહો..! આત્મા! તેરે સ્વરૂપમેં સ્થિરતા હો વહી મુક્તિકા માર્ગ હૈ. અંતર આત્મદૃષ્ટિ હુઈ ફિર ભી જબતક ધ્યાન નહીં જમે તબતક વિશેષ નિર્જરા નહીં હોગી. ઐસા ઉપદેશ દેકર ભી અપનેકો સંબોધતે હૈં. આહા..હા..! ભારે વાત લૂખી લાગે ભાઈ! રાગ વિનાની વાત અને વીતરાગવાળી રસવાળી વાત. આહા..હા..!

'વહ ઇસ તરહ હૈ...' છેને? 'કિ પરકો ઉપદેશ દેતે અપનેકો સમજાવે.' હૈ? 'જો માર્ગ દૂસરોંકો છુડાવે, વહ આપ કૈસે કરે.' આહા..હા..! અરે! દૂસરેકો કહે, ભગવંત! આત્મા જ્ઞાનાનંદ પ્રભુ હૈ ન. ઉસમેં દૃષ્ટિ લગાવો, મિથ્યાત્વ છોડો, પુણ્ય-પાપકી રુચિ, પુણ્ય-પાપસે લાભ હૈ ઐસા, મિથ્યાત્વ છોડો, ઐસા દૂસરોકો કહે, યહ ઉપદેશ દે વહ સ્વયં ક્યોં

કરે ઐસી બાત? એમ કહતે હૈ. સમજમેં આયા? **'માર્ગ દૂસરોંકો છુડાવે, વહ આપ કૈસે કરે.'** રાગમેં લાભ નહીં વહ દૂસરેકો કહે, સ્વયંકો ક્યોં માને ઐસે કિ રાગસે લાભ હૈ? હોતા હૈ રાગ, આતા હૈ જરૂર શુભભાવ, પરંતુ ઉસમેં આત્માકા કાર્ય શુદ્ધતા હૈ વહ કાર્યસે તો ચ્યુત હોતા હૈ, તો ઐસી બાત દૂસરેકો કહે તો આપ ભી રાગસે લાભ કૈસે માને? આહા..હા..! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! ઈન્દ્રો ઉપરથી સુનનેકો આતે હૈ યહ તો કૈસી બાત હોગી? વાર્તા હોગી? તીન જ્ઞાનકે સ્વામી. તીન જ્ઞાન હૈ. શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર. સુધર્મ અને ઈશાન દેવલોક. સુધર્મ દેવલોકમેં ૩૨ લાખ વિમાન, ઈશાન ઈન્દ્રમેં ૨૮ લાખ વિમાન, અર્ધલોકકા સ્વામી ઈન્દ્ર હૈ. શક્રેન્દ્ર ઈશાન. ભગવાન પાસે જાતે હૈ. અભી મહાવિદેહમેં જાતે હૈ. વહાં મહાવીર ભગવાન હતા ઉસકે પાસ જાતે થે. સમજમેં આયા? ઉસકી દો સાગરકી સ્થિતિ હૈ. ઉસકી એક જિંદગીમેં અસંખ્ય તીર્થંકરકા જન્મોત્સવ કરતે હૈ. અસંખ્ય તીર્થંકરકા. કિસકા? મહાવિદેહમેં હોં! યહાં કહા હૈ? યહાંસે તો બહુત દૂર હૈ ન. કરોડપૂર્વ હૈ. તો એક સાગરોપમ હૈ ઐસા તો અસંખ્ય કરોડપૂર્વ ચલા જાતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈં કિ વે ભી વહાં ભગવાનકે પાસ સુનનેકો જાતે હૈ. તીર્થંકરકા જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, નિર્વાણ કલ્યાણક સબ કરતે હૈ. એક ભવમેં અસંખ્ય તીર્થંકરકા હોં! મહાવિદેહમેં ઉસકે એક ભવમેં અસંખ્ય તીર્થંકર હો જાતે હૈ. તીર્થંકરકા આયુષ્ય કરોડપૂર્વ હૈ અને ઈન્દ્રકા આયુષ્ય દો સાગર હૈ. તો દો સાગરમેં એક સાગરમેં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ ચલે જાતે હૈ ઔર એક પલ્યોપમમેં અસંખ્ય અબજ વર્ષ ચલે જાતે હૈ. ક્યા કહના હૈ? કિ ઐસા ઈન્દ્ર ભી ભગવાનકે પાસ સુનનેકો જાતા હૈ. વહ કથા કૈસી હોગી? સમજમેં આયા?

મુમુક્ષુ :- જાના.

ઉત્તર :- જાના તો ઠીક, વહ તો વૈભવ છોડકર. યહ વૈભવ હમારે નહીં. યહ નહીં.. યહ નહીં.. પણ યહ કથા કૈસી હોગી? જાના તો ઉસકી ઠીક, કથા કૈસી હોગી? બાત ઐસી હૈ. ચકલા લાવ્યો ચોખાનો દાણો, પુણ્ય કરો ને ઐસા કરો ઐસી તો સાધારણ બાત કરતે હૈ. ત્રણ જ્ઞાનનો ધણી ઈન્દ્ર. આમ જેના સુંદર રૂપ. હજારો સૂર્યના ચાંદલા કરતા પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... સમજે? જેની બેઠકનું સિંહાસન એની નીચે .. પત્થર હોય, અબજોની કિંમત એની હોય. ... આ ગયા. રાગ હોતા હૈ, દુઃખ હૈ-દુઃખ હૈ. ભગવાન પાસે સમ્યગ્જ્ઞાની જીવ ક્ષાયિક સમકિત હૈ શક્રેન્દ્ર. શક્રેન્દ્ર જે છેને. ક્ષાયિક સમકિતી લો. .. ક્ષાયિક સમકિતી યહાંસે સ્વર્ગમેં જાતે હૈ દેવલોકમેં. ભગવાન પાસે સુનનેકો આતે હૈ. મહાવીર આદિ થા તો ઉસકે પાસ સુનને જાતે થે. ઐસી બાત થી. ઐસી સાધારણ વાર્તા નહીં થી. આમ અંદરસે કિ ઓહો..! તેરા સ્વરૂપ વીતરાગ પરમાનંદકી મૂર્તિ હૈ. ઉસમેંસે કેવલજ્ઞાન નિકાલ. નિકાલ

કેવલજ્ઞાન. ક્ષાયિક સમકિત પ્રગટ કર, કેવલજ્ઞાન પ્રગટ કર, સ્વરૂપમેં એકાગ્ર હોકર ચારિત્ર પ્રગટ કર. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાન દૃષ્ટિમેં તો હૈ. મુઝે તો દૂસરી બાત કરની હૈ. વહ કૈસી બાત કરતે હૈ વહ કહના હૈ. કહેનાર કૈસી કથા કરતે હોંગેં કિ ઈન્દ્રોકોં ભી વિસ્મય લગતા હૈ. એમ બાત હૈ. વહ તો સમકિતી હૈ. સમજમેં આયા? દિવ્યધ્વનિમેં ઐસા આતા હૈ અંદરસે ધોધમાર. ભગવાનકી વાણીમેં વીતરાગ... વીતરાગ... વીતરાગ... ભગવાન! તેરા સ્વરૂપ મેરે જૈસા હી વીતરાગ હૈ. ઐસી રુચિ કરો, પુણ્યપાપકી રુચિ છોડ દો. પુણ્ય-પાપકે ફલમેં મીઠાસ હોતી હૈ (ઉસે) છોડ દો. ઐસા ભગવાનકે ઉપદેશમેં નિકલતે હૈ. યહ વાણી સુનનેમેં અસંખ્ય યોજન અથવા દૂરસે ભગવાનકે પાસ આતે હૈં. સમજમેં આયા? યહ કથા કૈસી હૈ? અલૌકિક કથા. અલૌકિક કથા.

યહાં ભી કહતે હૈં યોગીન્દ્રદેવ કિ યહાં તો '**ઈસસે મુખ્ય સંબોધન અપના હી હૈ.**' વીતરાગભાવકા સંબંધોન કરતે હૈ. સમજમેં આયા? '**પરજીવોંકો ઐસા હી ઉપદેશ હૈ, જો યહ બાત મેરે મનમેં અચ્છી નહીં** લગતી,...' દેખો, ઉપદેશકર્તા ઐસા કહે કિ ભગવંત પુણ્ય-પરિણામ, પાપ પરિણામ મુઝે અચ્છા નહીં લગતા. આતા હૈ. મુઝે અચ્છા નહીં લગતા. તુઝે ભી અચ્છા નહીં લગના ચાહિયે. સમજમેં આયા? દેખો, '**મેરે મનમેં અચ્છી નહીં** લગતી, **તો તુમકો ભી ભલી નહીં** લગતી **હોગી, તુમ ભી અપને મનમેં વિચાર** કરો.' આહા..હા..! સમજમેં આયા? લ્યો યહ ૮૩ ગાથા હુઈ. પરમાત્મપ્રકાશને તો પરમાત્મપ્રકાશ કર દિયા. ચૈતન્યસૂર્ય ભગવાન તેરા અનંત જ્ઞાનકા કિરણ ફૈલે ઐસી તેરી તાકાત હૈ. ઉસમેં તેરી શ્રદ્ધા કર, દૃષ્ટિ કર, પુણ્ય-પાપકી વિકલ્પકી દશામેં ક્યા પડા હૈ તું? સમજમેં આયા? ઔર ઉસકા ફલમેં ક્યા પડા હૈ, ધૂલ મિલે બાહરમેં, સ્વર્ગમેં તો ઉસમેં ક્યા આયા? જિસમેં આત્મશાંતિ, આત્મ સ્વતંત્રતાકી શાંતિ અંતરમેં સે ન મિલે વહ ક્યા ચીજ જગતમેં હૈ? ઉસકી કિંમત ક્યા? આહા..હા..!

'**આગે જ્ઞાનકે લિયે શાસ્ત્રકોં પઢતે હુએ ભી...**' આ તો શાસ્ત્રના પઢવાવાળાની વાત. બીજા ક્રિયાકાંડીને તો ઉડાવી દીધા. જો કોઈ બાહ્ય તપ કરે વ્યવહારે ઉપવાસ આદિ એ તો શુભરાગ હૈ. અને યહ બાહ્ય ક્રિયાકાંડકા દયા, દાન, પૂજા વહ શુભ પુણ્ય હૈ, વહ તો નિકાલ દિયા કિ વહ તો આત્માકા સ્વભાવ નહીં. હો, આતે હૈ, પાપસે બચનેકો આતે હૈ જરૂર, પરંતુ તુમ ઐસા માન લો કિ ઉસમેંસે મેરા જન્મ-મરણકા અંત ઔર સમ્યગ્દર્શન હોગા. બિલકુલ નહીં. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના

કાયરને પ્રતિકૂળ.' રાજમલજી! કિસકા શ્લોક હૈ? શ્રીમદ્કા. ખબર હૈ ન ઉસકો. 'વચનામૃત' છોટી ઉમ્રમેં ૩૩ વર્ષમેં દેહ છૂટ ગયા. શ્રીમદ્ રાજચંદ્ર. આત્મભાન હુઆ થા. વહ ફોટા હૈ ન સેઠ! વહ ફોટા હૈ વહ. વહ શ્રીમદ્ રાજચંદ્ર હૈ. તુમ્હારે રાજમલજીને બહુત પઢા હૈ ઐસા. તુમકો ખબર નહીં. એ લાવ્યા છેને કે મા-બાપ લાવો અહીં. કિ સુનો આપ. દીકરાકી ફરજ હૈ કિ નહીં? ક્યોં? લાયે થે. સાચી વાત છે.

એક ધન્યકુમાર નહીં હૈ વહ? બ્રહ્મચારી એક ધન્યકુમાર હૈ. યહ ઉસકે પિતા હૈ. ઉસકો દસ લડકા હૈ. દસ લડકા હોં અત્યારે. અભી જિંદા હૈ. ઔર ગૃહસ્થ. .. કેવા કહે છે નહિ? ૩૦૦ એકર જમીન. ૩૦૦ એકર જમીન ઘરકી હૈ. ૩૦૦ એકર. બહુત બડા લાખોપતિ. તો ઐસા દસ લડકા. તો નવકા લગન હો ગયા હૈ. દસવા લડકા યહાં આતા હૈ. વહ ભી ૨૮ વર્ષકી ઉમ્ર હોગી. ઉસકો તો બાલબ્રહ્મચારી રહનેકી ઈચ્છા હૈ. તો યહાં આયા, સુના. ઔર સુનકર ઉનકે પિતાજીકો પત્ર લિખા. ઔર પિતાજી .. છ પડિમા લે લિયા થા. ગૃહસ્થ માણસ હૈં. મંદિર બનવાયા ઉસને. ગૃહસ્થ માણસ બહુત. વહાં દક્ષિણમેં. તો યહાં સુનકર લિખા પત્ર. પિતાજી! યહાં તુમ આઓ. યહ ક્યા બાત વીતરાગકી હૈ વહ સુનો. અને વહ સમજે બિના... બહુત કડક લિખા થા. થોડા પ્રેમ થા. એ તો પ્રેમ થાના. પિતાકા પ્રેમ થે. પિતાજી! પિતાજી સાહેબ! આપ યહાં સુનો, આપ યહાં આઓ. માર્ગ કોઈ વીતરાગકા ઐસા હૈ. જો ઐસા નહીં સમજેગા, નરકમેં, ચાર ગતિમેં ભટકેગા ઐસા લિખા થા. આતે હૈ ન વહ. કેવા? ધન્યકુમાર. મોતીરામજીકા પુત્ર. મોતીરામજી યહાં રહતે થે. મા-બાપ દોનોં રહતે થે. અભી તો વહ દક્ષિણમેં ગયે. ચાર ગતિમેં ભટકેંગે. તુમ્હારી સાત-બાત પડીમા નહીં કામ કરેગી. આત્મા ક્યા હૈ ઉસકી દૃષ્ટિ કિયે બિના ઔર સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયે બિના ઐસી બાત તુમ માન લો તો જન્મ-મરણકા અંત આયેગા નહીં. ઐસા લિખા. પત્ર લિખકર હોં આંખમેં સે... એકદમ રુદન આ ગયા. પુત્રકા પત્ર આયા ન તો રુદન આ ગયા. એકદમ. યહાં સુનતે-સુનતે રોતે હૈ બહુત. આહા..હા..! આપને જિંદગી ગુમા દી. તુમ્હારા વાસ્તવિક વીતરાગમાર્ગ ક્યા વહ હમેં સમજમેં આયા નહીં ઔર ઐસે હી હમારી જિંદગી ચલી ગયી. કહો, ભીખાભાઈ! લો. આહા..હા..!

ભાઈ! વાસ્તવિક તત્ત્વકી શ્રદ્ધા, જ્ઞાન હુએ બિના જો કુછ કરનેમેં આતા હૈ ઉસમેં કોઈ જન્મ-મરણકા અંત નહીં. તો કહતે હૈં, જ્ઞાનકે લિયે શાસ્ત્રકો પઢે. ઉસકે આપ-જ્ઞાન નહીં '**જિસકે આત્મ-જ્ઞાન નહીં,...**' પણ જિસકો ભગવાન આત્મા યહ જ્ઞાનસ્વરૂપકા વિકલ્પ રાગકા કર્તા નહીં, દેહકા કર્તા નહીં, આત્મજ્ઞાન નહીં, '**વહ મૂર્ખ હૈ,...**' ઉસમેં જડ કહા. વહ જડકે અર્થમેં મૂર્ખ કહા થા. સમજમેં આયા કુછ? ૮૪ હૈ ન?

**૨૧૧) बोह-णिमित्तें सत्थु किल लोइ पढिज्जइ इत्थु।**
**तेण वि बोहु ण जासु वरु सो किं मूढु ण वत्थु।।८४।।**

આચાર્ય મહારાજ પણ ભારે! દિગંબર મુનિ હૈ ન. વહ તો વીતરાગતાકી બાત કરતે હૈં. સુનો ભાઈ! ક્યા હૈ? કિ મૂર્ખ હૈ? **'ઈસ લોકમેં નિયમસે...'** શબ્દાર્થ હૈ. આ લોકની અંદર નિયમથી. **'જ્ઞાનકે નિમિત્ત...' 'बोधनिमित्तेन'** હૈ ન? જ્ઞાન ભણવા માટે, જ્ઞાન પઢનેકો **'શાસ્ત્ર પઢે જાતે હૈં,...'** શાસ્ત્ર પઢતે હૈં. **'પરંતુ શાસ્ત્રકે પઢનેસે ભી જિસકો ઉત્તમ જ્ઞાન નહીં હુઆ,...'** એ **'वरः बोधः'** હુઆ. વર નામ ભગવાન આત્માકા અંતરજ્ઞાન ન હુઆ. તો શાસ્ત્ર પઢનેસે ક્યા હુઆ? સમજમેં આયા? યહાં તો હજી શાસ્ત્રકે અભ્યાસકા ઠિકાના નહીં. નીચે લખેગા હોં! પઢનેકા અભ્યાસ નહીં છોડના પાછા. ઐસા કહા. આ તો શાસ્ત્રકા અભ્યાસ કરના નહીં છોડના. પણ અહીં તો કહતે હૈં, પરસન્મુખકી દૃષ્ટિમેં શાસ્ત્ર ભી બહુ પઢેં. પણ **'वरः बोधः न'** વર ભગવાન આત્મા ઉસકા નામ હી સમ્યક્ પ્રધાનબોધ કહનેમેં આતા હૈ. દેખો, **'वरः बोधः'** કહા ન? પ્રધાન બોધ ઉસકો કહતે હૈ. પ્રધાન અર્થાત્ મુખ્ય જ્ઞાન ઉસકો કહતે હૈ. વહ તો શાસ્ત્રકા જ્ઞાન વિકલ્પસે હૈ. પઢો, ભણો, હો. પરંતુ ઉસસે રહિત **'वरः बोधः'**. વર બોધ નહીં. શાસ્ત્રકા જ્ઞાન પ્રધાનબોધ નહીં. સમ્યગ્જ્ઞાન નહીં, આત્મજ્ઞાન નહીં. ઓહો..હો..! સમજમેં આયા?

ભાષા કૈસી લી હૈ દેખો આચાર્ય મહારાજને. દિગંબર સંત જંગલમેં રહનેવાલે મહામુનિ. **'वरु सो किं मूढु ण वत्थु'** જેને, વરુ બોધો તેણ ન વરુ એમ છે. જેને વર જ્ઞાન નથી. વર એટલે પ્રધાન આત્મજ્ઞાન નથી. આત્મા જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચૈતન્યમૂર્તિ ઐસા પુણ્ય-પાપકા વિકલ્પસે રહિત જ્ઞાન નહીં, યે વરબોધ નહીં. યહ શાસ્ત્ર પઢનેસે ક્યા તુઝે (લાભ) હૈ? મૂઢ હૈ. એમ કહતે હૈ. આહા..હા..! કરૂણા હૈ વહ તો. દ્વેષ નહીં હૈ. વહ તો વીતરાગી મુનિ હૈ. **'શાસ્ત્રકે પઢનેસે ભી જિસકો ઉત્તમ જ્ઞાન નહીં હુઆ,...'** ઉત્તમ જ્ઞાનકી વ્યાખ્યા વહ. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય ઉસકા જ્ઞાન. પુણ્ય-પાપ નહીં, દેહ, વાણી નહીં. અંતર્મુખ હોકર આત્માકા જ્ઞાન, આત્માકા અભેદ બોધ, આત્મસ્વભાવમેં સે નિકલતા હુઆ સમ્યગ્જ્ઞાનકા કણ, સ્વાશ્રય ચૈતન્યમેંસે આત્માકા ભાન ઉસકા નામ વહ ભગવાન વરબોધ કહતે હૈ. ઉત્તમ જ્ઞાન ઉસકો કહતે હૈ. બાકી અગિયાર અંગ પઢે, નવ પૂર્વ પઢ ડાલે, ચર્ચા, વાર્તા, ઐસા-ફૈસા. એમાંય પાછા અહંકાર કરે. થોડું-ઘણું આવડે ત્યાં કહે અમને આવડે અને એને નથી આવડતું. સમજમેં આયા? આહા..હા..!

**'વહ ક્યા મૂર્ખ નહીં હૈ?'** એમ આચાર્ય કહતે હૈં. **'મૂર્ખ હી હૈ, ઈસમેં સંદેહ નહીં.'** **'तथ्यम्'** એમ. **'तथ्यम्'** મૂર્ખ નહીં હૈ? કિ સત્ય મૂર્ખ હૈ-સાચા મૂર્ખ હૈ. આહા..હા..! બાપુ!

યહ આત્મા ભલે થોડા ભણતા હોય. યહ કહેગા અંદર. જાનપના શાસ્ત્રકા થોડા હો, પણ આત્મજ્ઞાન-રાગરહિતકા ભાન કિયા, પ્રધાન બોધ હો ગયા. ભલે થોડા પાંચ સમિતિ, તીન ગુપ્તિકા શાસ્ત્ર જ્ઞાન થોડા હો. સમજમેં આયા? મહાન ચૈતન્યપદાર્થકા જ્ઞાન હુઆ વહ પ્રધાન જ્ઞાન હૈ. જ્ઞાન કિસકો કહના? આત્માકા અંતરજ્ઞાન અંતર્મુખ હોકર સ્વજ્ઞેય બનાકર સ્વજ્ઞાનમેં અંતર એકાગ્ર હોના વહી સ્વસંવેદન જ્ઞાન હી ઉત્તમ બોધ, ઉત્તમ જ્ઞાન, પ્રધાન જ્ઞાન, અગ્રેસર જ્ઞાન, વહી જ્ઞાન. સમજમેં આયા?

દેખો, **'ઈસમેં સંદેહ નહીં.'** સમજમેં આયા? **'तथ्यम्'** આહા..હા..! યહાં તો હજી શાસ્ત્રમેં વાદ અને વિવાદ. વાદ-વિવાદ. અરે ભગવાન! યહ વાદવિવાદ ક્યા ચીજ હૈ? તુમ ઐસા લિખા હૈ, તુમ ઐસા લિખા હૈ. ભાઈ! ભગવાન આત્માકા જ્ઞાન બિના શાસ્ત્રકા જ્ઞાનકા વાદ-વિવાદ જૂઠા હૈ. સમજમેં આયા? બનારસીદાસ કહતે હૈ સમયસાર નાટકમેં. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' સમજમેં આયા?

મુમુક્ષુ :- અંધા ક્યોં કહા?

ઉત્તર :- યહ તત્ત્વકા ભાન નહીં ને આંધળા હૈ, તુમ તો મૂર્ખ હો. .. કરકે. હજી સત્ય ક્યા હૈ ઉસકી તો દૃષ્ટિ નહીં, જ્ઞાન નહીં. સમજાય છે કાંઈ? અને ભાઈએ તો ત્યાં સુધી કહ્યું છે નહિ? આદિપુરાણ. જિનસેનસ્વામી. જિનસેનસ્વામી આદિપુરાણ. જિસકો આત્માકા જ્ઞાન નહીં, અકેલા શાસ્ત્રકા જ્ઞાન પાના બતાતે હૈ કિ ઉસમેં યહ લિખા હૈ, અક્ષર મ્લેચ્છ હૈ. ક્યાંક છે ખરું આમાં. ક્યાં છે એ ક્યાંક છેને? પહેલા શ્લોકમેં. જીવદ્વારમેં લિખા હૈ. દેખો, સમયસારનાટક.

जोग धरै रहै जोगसौं भिन्न,
अनंत गुनातम केवलज्ञानी।'
तासु हृदै-द्रहसौ निकसी,
सरितासम ह्वै श्रुत-सिंधु समानी।
याते अनंत नयातम लच्छन,
सत्य स्वरूप सिघंत बखानी।
बुद्ध लखै न लखै दुरबुद्ध,
सदा जगमाँहि जगै जिनवानी।।३।।

દુર્બુદ્ધ મિથ્યાદૃષ્ટિ. 'કોરે વ્યાકરણ કોષ આદિકે જ્ઞાતા...' વ્યાકરણ નામ સંસ્કૃત, ભાષા. દેખો, ઐસે જીવોંકો આદિપુરાણમેં અક્ષર મ્લેચ્છ કહા હૈ. લો. અક્ષર મ્લેચ્છ. અક્ષરકી ઈચ્છા તેરે ભગવાન આત્મા. ઉસકા તો જ્ઞાન નહીં, આત્મભાન નહીં, ધ્યાન નહીં. ક્યા આત્મા

હૈ ઉસકી ખબર નહીં. શ્રદ્ધા નહીં, જ્ઞાન નહીં. શાસ્ત્રકા એકલા બતાયા. યહ વ્યાકરણમેં ઐસા લિખા હૈ ઔર યહ કોષમેં ઐસા લિખા હૈ, યહ ઐસા લિખા હૈ. .. લિખા હૈ. સમજમેં આયા? અક્ષર મ્લેચ્છ હોં. સ્વામી આદિપુરાણ જિનસેનસ્વામી કહતે હૈં. આદિપુરાણમેં ઐસા લિખા હૈ. નહિતોં વહ તો કથાનુયોગ શાસ્ત્ર હૈ. ફિર ભી આત્માકા જ્ઞાનકા ભાન નહીં. અકેલા કથાઓ, વાર્તાઓ મૂકે અને ઉસમેં અપની પંડિતાઈ બતાવે. કહતે હૈ કિ વહ અક્ષર મ્લેચ્છ હૈ. આત્માકા ભાન નહીં. સમજમેં આયા?

'**ભાવાર્થ :- ઈસ લોકમેં યદ્યપિ...**' દેખો, કહતે હૈં. '**લોક વ્યવહારસે નવીન કવિતાકા કર્તા કવિ,...**' છેને? કવિ હોય કવિ આમ શીઘ્રકવિ. શીઘ્રકવિ સમજતે હૈ? આમ કાંઈ વાત દેખે ત્યાં તરત બનાવે કથા. '**પ્રાચીન કાવ્યોંકી ટીકાકે કર્તાકો ગમક,...**' જૂની ટીકાકા અર્થ કરે. કર્તાકો ગમક હોં ટીકા કર્તાકા ગમક. '**જિસસે વાદમેં કોઈ ન જીત સકે ઐસા વાદિત્વ, ઔર શ્રોતાઓંકે મનકો અનુરાગી કરનેવાલા શાસ્ત્રકા વક્તા હોનેરૂપ વાગ્મિત્વ,...**' વાગ્મિત્વ-વચનમેં ચતુર, વ્યાખ્યાનમેં ચતુર, ભાષા શાસ્ત્રમેં ચતુર. બરાબર સમજાવે લોકોને. '**ઈત્યાદિ લક્ષણોંવાલા શાસ્ત્રજનિત જ્ઞાન હોતા હૈ, તો ભી નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનરૂપ હી જ્ઞાનકી અધ્યાત્મ-શાસ્ત્રોંમેં પ્રશંસા કી ગયી હૈ.**' ઉસકી પ્રશંસા શાસ્ત્રમેં કી ગયી નહીં. સમજમેં આયા? યથાર્થ દૃષ્ટિમેં વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપી... આહા..હા..! દેખો, વહ શાસ્ત્રકા જ્ઞાન, પરાવલંબી જ્ઞાન ઉસકી પ્રશંસા નહીં કી હૈ. રાગરહિત, અંતરમેં રાગ હોતે છતે રાગરહિત અપના વીતરાગી જ્ઞાન સ્વસંવેદનરૂપ-અપના જ્ઞાનકા વેદન હોના વહી જ્ઞાનકી અધ્યાત્મ શાસ્ત્રમેં પ્રશંસા કી ગયી. સમજમેં આયા? અધ્યાત્મ શાસ્ત્રમેં ઉસકો અધિક કહા ઔર પ્રશંસા કહા. શાસ્ત્રજ્ઞાનકી કોઈ પ્રશંસા નહીં, નિશ્ચયનયમેં હોં. વ્યવહારમેં વ્યવહારકી બાત કરતે હૈ.

'**ઈસલિયે સ્વસંવેદન જ્ઞાનકે બિના...**' અપને જ્ઞાનકા જ્ઞાન, અંતરકા ભાન બિના '**શાસ્ત્રોંકે પઢે હુએ ભી મૂર્ખ હૈં.**' યોગસારમેં કહતે હૈ ન. યોગસારમેં આતા હૈ. શાસ્ત્ર પઢે પણ મૂર્ખ, નહીં આતા હૈ વહ? શાસ્ત્રપાઠી પણ મૂર્ખ હૈ. યે નિજ તત્ત્વ અજાન. સમજમેં આયા? વહ યોગસાર હૈ ન ૧૦૮ શ્લોક. વહ યોગીન્દ્રદેવકા, યહ ભી યોગીન્દ્રદેવને બનાયા, વહ ભી યોગીન્દ્રદેવને બનાયા. શાસ્ત્રપાઠી મૂર્ખ હૈ, જો નિજતત્ત્વ અજાન. વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા અનંતગુણરૂપ નિર્વિકલ્પ ચૈતન્ય ઉસકા જ્ઞાન નહીં તો, કહતે હૈ વહ અજાન નિજતત્ત્વ, વહ શાસ્ત્રકે પઢનેવાલે ભી. યહ તો કઠણ-કડક ભાષા હૈ. કડક નહીં, કરૂણાવંત હૈ હોં કરૂણા. એને કરૂણા અરે! જીવ તેરા હિત કહાં રહા? સમજમેં આયા? થોડા ભી શાસ્ત્ર(જ્ઞાન) હો, પણ અપના સ્વસંવેદન આત્મજ્ઞાન હો તો મુક્તિ હોગી, ઉસકા કલ્યાણ હોગા. એકાદ ભવ કરકે મુક્તિ હોગી. પણ આ એટલા-એટલા શાસ્ત્ર પઢા તો અનંતબાર પઢા. પણ અંતરમેં

આત્મજ્ઞાન, સ્વસંવેદન—સ્વ નામ આત્માકા વેદનરૂપી જ્ઞાન, ઉસકે બિના યહ સબ શાસ્ત્રમેં કોઈ દૂસરેકી પ્રશંસા નહીં કી. ઐસા જ્ઞાનકી પ્રશંસા કી હૈ. સમજમેં આયા? વિશેષ કહતે હૈ અભી. ઉસકે સિવાય થોડું જ્ઞાન હોય પણ આત્માકા જ્ઞાન કરે તો પ્રશંસા. શાસ્ત્રકા બહુત જ્ઞાન કરકે ભી આત્માકા જ્ઞાન નહીં કરે આત્માકા ભાન તો વહ પ્રશંસનીય નહીં. વહ બાત કરેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ০૯, સોમવાર, તા. ૧૪-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૪-૮૫, પ્રવચન-૧૨૮**

પરમાત્મપ્રકાશ શાસ્ત્ર હૈ. એક યોગીન્દ્રદેવ દિગંબર મુનિ આજસે નવસો વર્ષ પહલે હુએ હૈં. ઉન્હોંને અધ્યાત્મ શાસ્ત્ર તાડપત્ર પર વનમેં બનાયા જંગલમેં. સમયસાર કુંદકુંદાચાર્ય મહારાજ દો હજાર વર્ષ પહલે હુએ. વહ ભગવાન પાસે ગયે થે. કુંદકુંદાચાર્ય લગભગ સંવત ૪૯મેં લગભગ યહ ભરક્ષેત્રમેં હુએ, દિગંબરમુનિ. વહ વંદેવાસમેં ધ્યાનમેં રહતે થે. વંદેવાસ હૈ પોન્નુરહીલ. વહાંસે ભગવાનકે પાસ ગયે થે. પરમાત્મા સીમંધર પ્રભુ તીર્થંકરદેવ વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમેં બિરાજતે હૈ. બડા આયુષ્ય હૈ કરોડ પૂર્વકા. તો એ વખતે ઉસ સમયમેં ભગવાન પાસે ગયે, આઠ દિન રહે, તબ શાસ્ત્ર બનાયા સમયસાર આદિ. પીછે યહ યોગીન્દ્રદેવ. ૧૧૦૦ વર્ષ પીછે કુંદકુંદાચાર્ય કે પીછે હુએ. મહાદિગંબર સંત આત્મજ્ઞાન આનંદમેં ઝૂલનેવાલે, જંગલમેં રહનેવાલે. ઉસને યહ પરમાત્મપ્રકાશ બનાયા હૈ. યહ ઉસકી ૮૪વીં ગાથા ચલતી હૈ. ૮૪ કહતે હૈ? ક્યા કહતે હૈ? ૮૪. થોડી-થોડી, હિન્દી બહુત નહીં આતીને. અમારે ભાઈકો પૂછ લેના. તુમ્હારે બડે ભૈયા હૈ ન ઉસકો પૂછ લેતે હૈ.

દેખો, ક્યા કહતે હૈં? **'ઇસલિયે સ્વસંવેદન જ્ઞાનકે બિના શાસ્ત્રોંકે પઢે હુએ ભી મૂર્ખ હૈં.'** વહાં તક આયા હૈ. જરી ઝીણી વાત હૈ. સુનના. યહ તો સત્ય બાત... અનંતકાલમેં પરિભ્રમણ કરતે-કરતે ચોર્યાસી લાખ અવતારમેં પ્રત્યેક પ્રાણીને અનંતભવ પ્રત્યેક ગતિકા કિયા. સ્વર્ગમેં ભી અનંતબાર ગયા. અનાદિકા હૈ ન આત્મા? આત્મા કોઈ નયા નહીં હૈ. હૈ, હૈ

ન હૈ. તો ઐસા અનાદિકાલસે યહ આત્મા ક્યા ચીજ હૈ ઉસકે અંતરકે ભાન બિના, ઉસને પુણ્ય-પાપકા ભાવ અનંતબાર કિયા. સમજમેં આયા ભૈયા? શુભ-અશુભભાવ અનંતબાર કિયા. ઉસકે ફલસ્વરૂપ ચાર ગતિમેં ભટકના પડા.

તો યહાં કહતે હૈં કિ શાસ્ત્ર પઢનેવાલા ભી... શાસ્ત્ર પઢે, ઔર શુભ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, તીર્થ યાત્રા આદિકા શુભભાવ ભી કરે. હો, પાપસે બચનેકો. સમજમેં આયા? પણ જબતક આત્મા જ્ઞાનાનંદકા વેદન અંતર દૃષ્ટિ ન કરે તબતક ઉસકો મુક્તિ નહીં હોતી.

મુમુક્ષુ :- ધર્મ તો હોગા ન?

ઉત્તર :- ધર્મ કહો યા મુક્તિ કહો-એક હી બાત હૈ. સૂક્ષ્મ બાત હૈ દેખો યહાં.

'**ઈસલિયે સ્વસંવેદન જ્ઞાનકે બિના...**' હૈ ભૈયા! વકીલજી! હૈ અંદર દેખો. '**શાસ્ત્રોંકે પઢે હુએ ભી મૂર્ખ હૈં.**' એમ કહતે હૈ યહાં તો. શાસ્ત્ર પઢે, પણ ભગવાન આ આત્મા દેહદેવલની અંદર ચિદાનંદ સચ્ચિદાનંદ મૂર્તિ હૈ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' વહ આતા હૈ ન? બનારસીદાસમેં આતા હૈ. સમયસાર નાટક. 'ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' મેરા સ્વરૂપ શુદ્ધ આનંદ જ્ઞાનાનંદ હૈ. ઐસા અંતરમેં પુણ્ય-પાપકે રાગરહિત, રુચિ છોડકર, પુણ્ય-પાપકે ભાવકી રુચિ છોડકર. અપના જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ ભગવાન જો અનંત શાંતરસ ઔર અનાકુલ આનંદસે ભરા હૈ. ઉસકા અંતર વેદન અનુભવ જ્ઞાન બિના ઉસકો ધર્મ હોતા નહીં. ભૈયા! બિલકુલ ઠીક હૈ? લોજિકસે બાત ચલતે હૈ આચાર્યકી. દેખો હૈ? સ્વસંવેદન જ્ઞાન. સ્વસંવેદનકા અર્થ? કિ અપના આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ હૈ ઉસકા અંતર જ્ઞાન કરે બિના 'મુનિ વ્રત ધાર...' વહ આતે હૈ ન છહ ઢાલામેં? 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ પરમાત્મા. જૈસા પરમેશ્વર તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરને આત્મા દેખા હૈ, વહ તો પવિત્ર આનંદમૂર્તિ આત્મા દેખા હૈ ભગવાનને. શરીર, વાણી, મન યહ તો માટી જડ ધૂલ હૈ ઔર અંદરમેં શુભ અને અશુભભાવ હોતા હૈ વહ પુણ્ય-પાપ હૈ, વહ આસ્રવ હૈ, વહ આસ્રવસે તો યા બંધ હોતા હૈ. ઉસસે રહિત અપના જ્ઞાનસ્વરૂપ ચિદાનંદકી જ્યોત. શીતલ... શીતલ... શીતલ... શાંતરસકા પિંડ આત્મા હૈ. ઉસકી અંતર્મુખમેં રાગરહિત હોકર રાગકી રુચિ છોડકર જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવકા અંતર્મુખમેં વેદન જબતક ન હો, તબતક ઉસકો વહ ધર્મ હોતા નહીં. સમજમેં આયા? આહા..હા..! ભારે જગતને કઠણ પડે.

કહતે હૈ દેખો, '**જો કોઈ પરમાત્મજ્ઞાનકે ઉત્પન્ન કરને (છોટે) થોડે શાસ્ત્રોંકો ભી**

**જાનકર...**' દેખો, ભલે થોડા શાસ્ત્ર જાને, પણ '**જાનકર વીતરાગ સ્વસંવેદનકી ભાવના કરતે હૈં, વે મુક્ત હો જાતે હૈં.**' ક્યા કહા? બહુત શાસ્ત્ર પઢેં, જગતકોં સમજાને ભી લગે ઔર તર્ક-કુતર્ક અનેક પ્રકારકે ચલાવે. પણ આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ હૈ ઉસકા અંતરમેં સમ્યગ્દર્શનસે આત્માકા વેદન જબતક ન હો, તબતક ઉસકો ધર્મ નામ શાંતિ અથવા કલ્યાણ નહીં હોતા. સમજમેં આયા? ઔર થોડા શાસ્ત્ર પઢનેસે ભી. દેખો, હૈ? '**થોડે શાસ્ત્રોંકો ભી જાનકર વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકી ભાવના કરતે હૈં,...**' મૈં આત્મા આનંદ હૂં. અતીન્દ્રિય આનંદકા પિંડ હૂં. જૈસે કહતે હૈ ન. પીપરકા છોટા દાના હોતા હૈ ન પીપરકા? ક્યા કહતે હૈ? વહ લીંડીપીપર. છોટીપીપર. વહ છોટી પીપર નહીં હોતી હૈ? પીપર. ઉસમેં ચોસઠ પહોરી ચરપરાઈ ભરી હૈ ન ઉસમેં? ભરી હૈ કિ નહીં? તો ઘૂંટતે હૈ ન. ઘૂંટતે હૈ ન. ઘૂંટતે-ઘૂંટતે. ચોસઠ પહોરી ચરપરાઈ પ્રગટ હોતી હૈ કિ નહીં? વહ કહાંસે પ્રગટ હુઈ? પત્થરમેંસે હુઈ? વહ ઉસમેં હૈ. પત્થરકો ઘૂંટનેસે હો તો કોલસા ઘૂંટનેસે નિકલના ચાહિયે. તો વહ પીપરકે દાનેમેં અંતરમેં ચોસઠ પહોરી. ચોસઠ પહોરી સમજતે હૈં? ચોસઠ પહોર નહીં? ક્યા કહતે હૈ? પહર-પહર. ચોસઠ પહર. ઘૂંટતે હૈ ન ચોસઠ પહર? ઘૂંટતે ઘૂંટતે ચોસઠ પહોરી. હમારે કાઠિયાવાડમાં તીખાશ કહતે હૈ. તમારી ભાષામેં ચરપરાઈ કહતે હૈ. વહ ચરપરાઈ પ્રગટ હોતી હૈ કહાંસે? અંદરમેં હૈ. હૈ તભી પ્રાપ્ત હોતા હૈ. પ્રાપ્તકી પ્રાપ્તિ હોતી હૈ. હૈ તો પ્રાપ્ત હોતી હૈ. ન હો તો પ્રાપ્ત હો નહીં. ઐસે યહ ભગવાન આત્મા દેહદેવાલયમેં. કલ આ ગયા થા. દેહદેવાલયમેં બિરાજમાન સચ્ચિદાનંદ આત્મા સ્વરૂપ ઉસકી શક્તિમેં અતીન્દ્રિય આનંદ અંદરમેં પડા હૈ. યહ અતીન્દ્રિય આનંદકી અંતર રુચિ કરકે સમ્યગ્જ્ઞાનમેં આત્માકા વેદન શાંતિકા હોના, થોડા શાસ્ત્ર પઢે તો ભી ઉસસે મુક્તિ હોતી હૈ, દૂસરે સે મુક્તિ હોતી નહીં. ધર્મચંદજી! ક્યા હૈ? ભારે વાત ભાઈ!

દેખો, '**મુક્ત હો જાતે હૈં. ઐસા હી કથન ગ્રંથોમેં હરએક જગહ કહા હૈ,...**' ટીકાકાર કહતે હૈં કિ યહ બાત તો શાસ્ત્રોંમે-પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવકે શાસ્ત્રમેં હરજગહ કહા હૈ. ક્યા? '**વૈરાગ્યમેં લગે હુએ જો મોહશત્રુકો જીતનેવાલે હૈં, વે થોડે શાસ્ત્રોંકો હી પઢકર સુધર જાતે હૈં—મુક્ત હો જાતે હૈં,...**' ક્યા કહા? અરે ભગવાન આત્મા મૈં તો શાંત આનંદમૂર્તિ હૂં. ઐસી આઠ વર્ષકી લડકી હો, થોડા શાસ્ત્ર પઢા હો. સમજમેં આયા? પણ આ આત્મા અતીન્દ્રિય શાંત આનંદકી ડલ્લી હૈ, અતીન્દ્રિય આનંદકા પિંડ હૈ. ઐસી અંતર રુચિ કરકે રાગસે હટકર, સ્વભાવકી એકાગ્રતાકા શાંતિકા વેદન કરે તો વહ આઠ વર્ષકી લડકીકો ભી ધર્મ હો જાતા હૈ. સમજમેં આયા? ઐસા આત્માકા જ્ઞાન બિના લાખ શાસ્ત્ર પઢે ઔર અનેક પ્રકારકી દયા, દાન, વ્રત, ભક્તિકા પુણ્ય પરિણામ કરે તો શુભ બંધ

હોગા. ભૈયા! શુભ બંધ હોગા. સંવર-નિર્જરા નહીં હોગા એમ કહતે હૈ. બંધ પડે. ભાઈ કહતે હૈ. એ કહેંગે, તીર્થ ભ્રમણ કરનેસે ભી મોક્ષ નહીં. પીછેકી ગાથામેં કહેગેં. ૮૫મેં. વહ ભાવ હોતા હૈ. પાપસે બચનેકો શુભભાવ, પૂજા, ભક્તિ, જાત્રા ભાવ હોતા હૈ, પણ ઉસ ભાવસે આત્માકા ધર્મ શાંતિ અને સમ્યગ્દર્શન હો જાય ઐસા કોઈ માન લે તો વહ મિથ્યાદૃષ્ટિ મૂર્ખ હૈ એમ કહતે હૈ યહાં.

મુમુક્ષુ :- .. નહિ પરંપરા છે.

ઉત્તર :- ધૂલમેં ભી પરંપરાસે હોતા નહીં. શાંતિ સે શાંતિ મિલતી હૈ. નિર્વિકલ્પ દૃષ્ટિસે નિર્વિકલ્પ શાંતિ મિલતી હૈ. રાગકે કારણસે આત્માકો અરાગી સમ્યગ્દર્શન હો ઐસા કભી હોતા નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં. વૈરાગ્ય... વૈરાગ્ય... અરે! મૈં તો આત્મા શુદ્ધ આનંદ હૂં. વિકલ્પ પુણ્ય-પાપકા ભાવ ઉઠતે હૈ વહ ભી મેરેમેં નહીં. વહ તો વિકાર હૈ. શરીરાદિ તો જડ, માટી, ધૂલ હૈ. ઐસે વૈરાગ્ય કર, પરસે હઠકર, રાગસે હઠકર સ્વભાવમેં અંદર ડટ જાયે, એકાગ્ર હો તો **'વૈરાગ્યમેં લગે હુએ જો મોહશત્રુકો જીતનેવાલે હૈં,...'** રાગકી એકતા કો જીતતે હૈ ઔર સ્વભાવમેં એકતા કરતે હૈ **'વે થોડે શાસ્ત્રોંકો હી પઢકર સુધર જાતે હૈં-'** વહ ભી થોડા શાસ્ત્ર પઢે તો ભી ઉસકી ધર્મદૃષ્ટિ હોતી હૈ ઔર આત્મકલ્યાણ હો જાતા હૈ. સમજમેં આયા? યહ તો પરમાત્મપ્રકાશ હૈ. યોગીન્દ્રદેવ મુનિ જંગલમેં બસનેવાલે દિગમ્બર સંત થે આત્મધ્યાની, જ્ઞાની આનંદમેં લહેર. વિકલ્પ આયા જરી શાસ્ત્ર તાડપત્રમેં લિખ દિયા. તાડપત્રમેં. હમારા કુછ કર્તવ્ય નહીં. હમ તો આત્મા હૈ. યહ શાસ્ત્રકી ક્રિયા જડકી બની ઉસકે ભી હમ કર્તા નહીં. વિકલ્પ જો આયા, વહ ભી રાગ થા, વહ ભી હમારા નહીં. આહા..હા..! સમજમેં આયા?

અનંતકાલ પરિભ્રમણ કરતે-કરતે ગયે, પણ ઉસમેં એક સમયમાત્ર સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા નહીં. સમ્યગ્દર્શન બિના જિતની ક્રિયાકાંડ કરે, શુભભાવ હો, પુણ્ય બંધ જાયે. પુણ્યસે ઉસકો સ્વર્ગાદિ મિલે અથવા પૈસેવાલે યા શેઠિયા આદિ કહતે હૈં. શેઠિયા કહતે હૈ, હૈ નહીં. ઐસા હો જાયે. સમજમેં આયા? પણ યે આત્મા જિસમેં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીતરાગતા સ્વભાવ ભરા હૈ. ઐસે આત્માકી અંતર્મુખ દૃષ્ટિ કિયે બિના ઉસકો કભી તીનકાલ, તીનલોકમેં ધર્મ ઔર સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? આહા..હા..! છે ભાઈ એમાં છે કે નહિ? ક્યાંથી ભાઈ આવ્યા છે? ક્યાંના છે? ક્યાંના મૂળ? ઠીક. કહો, સમજમેં આયા? આ તો હિન્દી .. ચલતી થી હોં. આ ..મલજી આયે ન, તો હિન્દી ચલતી હૈ. તો ઉસમેં તુમ્હારે હિન્દી.. ભાઈ હિન્દી ચલતે હૈ. તમારા પિતાજીકે કારણ હિન્દી બોલતે બોલતે...

આજ હિન્દી બોલના. મૈં કીધું હિન્દી હી ચલતી હૈ. પણ ભાવ તો ભૈયા સૂક્ષ્મ હૈ પ્રભુ!

યહાં તો પરમાત્મપ્રકાશમેં યોગીન્દ્રદેવ ભગવાન આચાર્ય થે. પંચ પરમેષ્ઠી હૈ ન? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જો ભાવ અંતરમેં આનંદકા અનુભવ હુઆ હૈ, અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ. સમ્યગ્દર્શનમેં તો અતીન્દ્રિય આત્માકા સ્વાદ આતા હૈ. સમજમેં આયા? ઔર મુનિપનેમેં તો અતીન્દ્રિય-અતીન્દ્રિય આનંદકા-ઉગ્ર આનંદકા સ્વાદ આતા હૈ ઉસકો ચારિત્ર અને ઉસકો મુનિપના કહતે હૈ. યહાં તો હજી સમ્યગ્દર્શનકી બાત કરતે હૈ કિ જહાં તક આત્માકા સ્વરૂપકા અંતરબોધ ચૈતન્ય શક્તિકા પિંડ ઉસકા અંતર અનુભવ દૃષ્ટિ ન કરે, તબતક ઉસકો કભી પુણ્યબંધ હો જાયે, પરંતુ સ્વર્ગકા, નરકકા અભાવ હોકર ધર્મ હો ઔર મુક્તિ હો ઐસા કભી હોતા નહીં.

**'ઔર વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી...'** યહાં વૈરાગ્ય ક્યોં લિયા હૈ? કિ પુણ્ય-પાપકા ભાવ હૈ ઉસકી રુચિ છોડના વહી વૈરાગ્ય હૈ. સમજમેં આયા? વૈરાગ્યકી વ્યાખ્યા ભગવાન કુંદકુંદાચાર્ય પુણ્ય-પાપ(અધિકાર)મેં ઐસા કરતે હૈં. કિ આત્મામેં જો શુભ-અશુભાવ હોતા હૈ વહ રાગ હૈ. વહ રાગસે હઠના ઉસકા નામ વૈરાગ્ય હૈ. સમજમેં આયા? ભગવાન કુંદકુંદાચાર્ય મુનિ જો ભગવાનકે પાસ ગયે થે. સાક્ષાત ત્રિલોકનાથ બિરાજતે હૈં મહાવિદેહમેં. ઉસકે પાસ આઠ દિન રહે થે. પોન્નુરહીલ. પોન્નુરહીલ દેખા હૈ? વહ મદ્રાસ સે ૮૦ માઈલ હૈ. અબ જાના હૈ? ઠીક. ૮૦ માઈલ આ બાજુ હૈ. વંદેવાસ ગાંવ હૈ છોટા, વહાં સે પાંચ માઈલ પોન્નુરહીલ હૈ. હમ દો બાર વહાં ગયે થે. દો વર્ષ પહલે ગયે થે તબ હજાર માણસ થા. દિખા? અચ્છા યહાં દિખા ફોટા દિખા. વહાં પર કુંદકુંદાચાર્ય મહારાજ ધ્યાનમેં રહતે થે. ધ્યાનમેંસે ઐસા.. હુઆ અરે પ્રભુ! યહ ભરતક્ષેત્રમેં તીર્થંકરકા હમકો વિરહ હૈ. મુનિ થે ધર્માત્મા દિગંબર સંત આત્મધ્યાનમેં મસ્ત. ઐસા અંતરમેં ચિંતવન કરતે-કરતે સમવસરણકા ચિંતવન હો ગયા અંદરમેં. ઐસા વિચાર આયા. ઓહો..! ભરતક્ષેત્રમેં ત્રણલોકકા નાથ પરમેશ્વરકા હમકો વિરહ પડા હૈ. હમારા જન્મ ભરતક્ષેત્રમેં, (હોનેસે) તીર્થંકરકા હમકો યોગ નહીં. ઐસા કહા. જહાં વંદન કિયા ભગવાન કો, વહાંસે 'ધર્મવૃદ્ધિ અસ્તુ' ઐસે ભગવાનકે મુખમેંસે ૐવાણી દ્વારા નિકલ ગયા વહાંસે. બિરાજતે હૈ પરમાત્મા હોં અભી બિરાજતે હૈ. યહાં નજર કરતે હૈ કિ નહીં? વહાં બિરાજતે હૈ બાહર. બહુત હજારોં યોજન દૂર.

ઐસે યહાં પૂર્વકા મિત્ર થા ઉસકા યક્ષ આદિ. યહાં લેનેકો આયે. વહાં સે ગયે. આઠ દિન. આઠ દિન પછી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર આદિ શાસ્ત્ર વહાં બનાયા હૈ. પોન્નુરહીલમેં. ત્યાં મકાન થોડા એકાદ બનાયા હૈ. થોડા છોટા મકાન હૈ. વહ કુંદકુંદાચાર્ય પીછે પરંપરા જિતના સંતોકી ચલી દિગંબર સંત, યે સબ ઉસકા સમયસારકા

સબ બીજડા લેકર બનાયા હૈ. તો યહ ભી ઉસમેં જો સમયસારમેં આયા હૈ વહી યહાં બાત કરતે હૈ કિ આત્મા અપના નિર્વિકલ્પ દૃષ્ટિ જબતક ન કરે, સ્વસંવેદન જ્ઞાન ન કરે, તબતક મુક્તિ નહીં હોતી.

**'ઔર વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી...'** વૈરાગ્યકા અર્થ ક્યા? શરીર, વાણી, મન તો જડ હૈ. ઉસકી તો ઉપેક્ષા હી કરના, પણ અંતરમેં શુભ અને અશુભભાવ હોતા હૈ ઉસકી ભી ઉપેક્ષા કર દેના, રુચિ છોડના ઉસકા નામ ભગવાન વૈરાગ્ય કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા? છેને ભાઈ આમાં સમયસારમાં? સમયસાર છેને? પુણ્ય-પાપકે અધિકારમેં હૈ ન? કહાંસે નિકાલા? લિખા હૈ? ઠીક દેખો. ૧૫૦ ગાથા હૈ સમયસારકી.

**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।**

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ કહતે હૈં, અરે આત્મા! પરમેશ્વર જિનકા-વીતરાગકા ઉપદેશ હૈ કિ રાગ પુણ્ય-પાપકે ભાવસે **'बंधदि'** પુણ્ય-પાપકે ભાવસે **'बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो'** એ શુભ-અશુભભાવસે વૈરાગ્ય કર. શુભ-અશુભભાવકી રુચિ છોડના **'एसो जिणोवदेसो'** ઐસા વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવકા ઉપદેશ હૈ, ઐસા મુનિ દિગંબર આચાર્ય **'कम्मेसु मा रज्ज'** એમ કહે છે. અરે! ભગવાન આત્મા! એ શુભ-અશુભભાવ હો, પણ ઉસમેં રાચ નહીં... રાચ નહીં... ભગવાન આત્મા વહ શુભ-અશુભભાવસે ભિન્ન હૈ ઉસકી રુચિ કર. સમજમેં આયા? આત્મા અંતરમેં... જો આગમકા વહ વચન હૈ કિ રાગીપનેકા કોઈ ભી ભાવ હો સબ બંધકા કારણ હૈ. સમજમેં આયા?

**'શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે. અને તેથી બન્ને કર્મને નિષેધે છે.'** ભગવાન આચાર્ય ત્રિલોકનાથ પરમેશ્વરકા બહાના (-આધાર) લેકર. ભગવાન આમ કહતે હૈં ન ભાઈ! પરમેશ્વર વીતરાગદેવ એમ કહતે હૈ કિ તેરે આત્મામેં. સમજમેં આયા? આહા..હા..! જૈસી શીતલ બરફ ઠંડી શિલા હો, ઐસા આત્મા દેહકે રજકણસે ભિન્ન ઔર પુણ્ય-પાપકા વિકારકી વિકૃતભાવ શુભાશુભરાગ ઉસસે ભિન્ન ચૈતન્ય શિલા અવિકારી ચૈતન્ય શિલા પડી અંદર અરૂપી. અરૂપીકા રૂપકા લક્ષ કરના. રૂપ અર્થાત્ સ્વરૂપ. ઐસા ભગવાન આત્મા અરૂપી સ્વરૂપ હૈ ઉસકા. વિકારરહિત. ઉસકી અંદર પુણ્ય-પાપકે ભાવકી રુચિ છોડના ઉસકો યહાં વૈરાગ્ય કહતે હૈ. વૈરાગ્યકી વ્યાખ્યા યહ હૈ.

મુમુક્ષુ :- અરૂપકા સ્વરૂપ.

ઉત્તર :- અરૂપકા સ્વરૂપ. અરૂપ પણ સ્વરૂપ હૈ કિ નહીં? વસ્તુ હૈ કિ નહીં? પદાર્થ હૈ કિ નહીં? જૈસા જડ, માટી, પદાર્થ હૈ ઐસા અરૂપી સ્વરૂપ પદાર્થ હૈ. દેહમેં અરૂપી મહાન

પદાર્થ ભગવાન ચિદાનંદ ચિત્સ્વરૂપ પરમાત્મા અપના સ્વરૂપ હી ઐસા હૈ.

વહ કહતે હૈં કિ અરે આત્મા! એક ક્ષણભી તે અનંતકાળમાં શુભ અને અશુભભાવકા વૈરાગ્ય નહીં કિયા તૂને. દૂસરા વૈરાગ્ય હોકર નિકલ જાયે વહ વૈરાગ્ય નહીં. સમજમેં આયા? સ્ત્રી-કુટુંબ છોડ દે ઔર વૈરાગ્ય. વહ વૈરાગ્યકી વ્યાખ્યા હૈ નહીં ભગવાનકી. ભગવાનકી વૈરાગ્યકી વ્યાખ્યા વહ હૈ કિ અપના આત્મા રાગરહિત સ્વરૂપ ભગવાન ચિદાનંદ પ્રભુ ઉસમેં જો શુભ-અશુભ રાગ ઉઠતે હૈં ઉસકી વૈરાગ્ય નામ રુચિ છોડના, રુચિ છોડના ઔર સ્વભાવકી રુચિ કરના ઉસકા નામ ભગવાન વૈરાગ્ય કહતે હૈં. ભૈયા! સમજમેં આયા? વૈરાગ્યકા અર્થ, વૈરાગ્યકા અર્થ રાગરહિતપના. તો આત્મામેં શુભ-અશુભભાવ દોનોં ઉત્પન્ન હો વહ રાગ હૈ. સૂક્ષ્મ બાત હૈ. ઉસને કભી કિયા હી નહીં. જન્મ-મરણકા અંત લાનેકી બાત ઉસને સુની હી નહીં. સમજમેં આયા?

તો ઐસા વૈરાગ્ય જિસને અંતરમેં કિયા વહ યહાં કહતે હૈં દેખો, **'વૈરાગ્યકે બિના...'** વૈરાગ્યકી વ્યાખ્યા? કિ પુણ્ય-પાપ દોનોં એકરૂપ બંધકા કારણ હૈ ઐસે પરસે હટે બિના **'સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી મુક્ત નહીં હોતે.'** ઉસકો ધર્મ હોતા નહીં. આહા..હા..! સમજમેં આયા? **'યહ નિશ્ચય જાનના...'** યહ નિશ્ચય જાનના. અશુભભાવસે પાપ બંધ જાતા હૈ ઔર શુભભાવ હોતા હૈ તો પુણ્ય બંધ જાતા હૈ, પરંતુ જિસકો વૈરાગ્ય કરના હૈ અથવા ચાર ગતિકા નિવારણ કરના હૈ ઐસે સમ્યગ્દૃષ્ટિ જીવકો, ભગવાન આત્મા પરમાનંદસ્વરૂપકી અંતર રુચિ કરતા હૈ વહ તો અસ્તિકી રુચિ હુઈ અસ્તિકી. પુણ્ય-પાપકી રુચિ છોડના વહ નાસ્તિ હુઈ. વૈરાગ્ય હુઆ. પુણ્ય-પાપકે પરિણામસે નાસ્તિ કિયા તો વૈરાગ્ય હુઆ. સ્વરૂપ પૂર્ણાનંદ ઉસકી અસ્તિ હુઈ. ભારે ઝીણી વાત ભારે! સમજમેં આયા?

અખંડ પૂર્ણ શુદ્ધ પ્રભુ આત્મા હૈ, શક્તિમેં આનંદ પૂર્ણ હૈ. ઐસે અંતર્મુખકી પૂર્ણ અસ્તિકી પ્રતીતિ કરના વહ સત્તાકા સ્વીકાર હુઆ, પરંતુ ઉસ સત્તાકે સ્વીકારકે સાથ પુણ્ય-પાપકા રાગ હૈ ઉસસે રુચિ છોડના ઉસકા નામ વૈરાગ્ય હૈ. સમજમેં આયા? શુભભાવ ઠીક હૈ ઔર અશુભ અઠીક હૈ તો ઉસકો રાગસે વૈરાગ્ય નહીં. સમજમેં આયા ભૈયા? ઐસી બાત ભગવાન કુંદકુંદાચાર્યદેવ તો દો હજાર વર્ષસે કહતે હૈ. યોગીન્દ્રદેવ પણ દિગંબર સંત હૈં. યે જિતને સંત દિગંબર આદિ હુએ વહ તો એક હી બાત કહતે હૈં. ઉસકી કોઈ દૂસરી બાત નહીં. અનાદિ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથને જો કહા વહી બાત સંતો કહતે હૈં.

તો કહતે હૈં કિ **'વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી...'** ક્યા કહતે હૈ? કિ પુણ્ય-પાપકે વિકલ્પકી રુચિ છોડે બિના **'સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી...'** આત્માકી મુક્તિ નામ ઉસકો ધર્મ હોતા નહીં. **'યહ નિશ્ચયસે જાનના પરંતુ યહ કથન અપેક્ષાસે**

હૈ.' ક્યા કહતે હૈં? '**ઈસ બહાનેસે શાસ્ત્ર પઢનેકા અભ્યાસ નહીં છોડના,...**' વળી કોઈ કહતે હૈ કિ લ્યો યહ શાસ્ત્ર પઢનેસે તો કુછ હુઆ નહીં. અર્થાત્ શાસ્ત્ર પઢને પર ભી અંતર દૃષ્ટિ જો સ્વરૂપકી ન કરે તો ઉસકો શાસ્ત્ર પઢનેકા ફલ કુછ આયા નહીં. ઈસકે કારણ શાસ્ત્ર પઢના છોડ દેના (નહીં). સમજમેં આયા? આયા ન? '**ઈસ બહાનેસે શાસ્ત્ર પઢનેકા અભ્યાસ નહીં છોડના,...**' અંતર અનુભવ હો નહીં ઔર શાસ્ત્ર પઢના છોડ દે. પાપમેં ચલા જાયે. સમજમેં આયા?

'**ઔર જો વિશેષ શાસ્ત્રકે પાઠી હૈં, ઉનકો દૂષણ ન દેના.**' ઐસા સુનકર સમ્યગ્જ્ઞાની દૃષ્ટિવંત કોઈ શાસ્ત્રકો વિશેષ પઢા હો, તો ઉનકો દૂષણ ન દેના. '**જો શાસ્ત્રકે અક્ષર બતા રહા હૈ, ઔર આત્મામેં ચિત્ત નહીં લગાયા...**' ભગવાન આનંદકંદ સ્વરૂપમેં દૃષ્ટિ નહીં લગાયી. ઈસ શાસ્ત્રમેં યહ લિખા હૈ ઔર ઈસ શાસ્ત્રમેં ઐસા લિખા હૈ ઐસા કરતે હૈં તો '**વહ ઐસે જાનના કિ જૈસે કિસીને કણ રહિત બહુત ભૂસેકા ઢેર કર લિયા હો,...**' એ દાણા સમજે ન? દાણા નહીં. ક્યા કહતે હૈ? છિલકા. છિલકા ઈકઠ્ઠા કર લિયા. હમારે થોડા હિન્દી... છિલકા ઈક્ઠા કર લિયા. હૈ? દેખો, '**આતમામેં ચિત્ત નહીં લગાયા...**' શાસ્ત્ર પઢકર ઔર દયા, દાન, વ્રત આદિકા ભાવ હોને પરભી '**ઔર આત્મામેં ચિત્ત નહીં લગાયા વહ ઐસે જાનના કિ જૈસે કિસીને કણ રહિત બહુત ભૂસેકા ઢેર કર લિયા હો, વહ કિસી કામકા નહીં હૈ.**' કહો, કિતને છિલકેમેંસે દાના નિકલેગા? લાખ, કરોડ, અબજ છિલકા હો તો દાના કિતનેમેં સે નિકલેગા? છિલકેમેં સે દાના ન નિકલે. દાનેમેં સે દાના નિકલતા હૈ. દાણા કહતે હૈ ન વહ? ક્યા કહતે હૈ? કણ-કણ. કણમેં કણ આતા હૈ યા છિલકેમેં સે કણ નિકલતા હૈ? ઐસે આત્મામેં ઉપર શરીર, વાણી તો છિલકા હૈ જડ, ધૂલ. પણ ઉપર પુણ્ય-પાપકા ભાવ હૈ વહ ભી છિલકા હૈ. વહ આત્માકા સત્-ચિદાનંદ વીતરાગ સ્વરૂપ વહ નહીં. સમજમેં આયા? આહા..હા..! એણે અનંતકાળ નવમી ગ્રૈવેયક અનંતબાર ગયો, પણ આત્માકા જ્ઞાન સમ્યક્ ચીજ અંતર વેદન સમ્યગ્દર્શનની પ્રગટ કિયે બિના ઉસકે ભવકા અંત નહીં આયા. જન્મ-મરણકા અંત નહીં આયા. રખડે ચાર નરક ઔર સ્વર્ગ અનંતબાર મિલા હૈ. ઉસમેં કુછ નયી ચીજ નહીં. વહ કહતે હૈ.

કિ '**ભૂસેકા ઢેર કર લિયા હો, વહ કિસી કામકા નહીં હૈ. ઈત્યાદિ પીઠિકામાત્ર સુનકર જો વિશેષ શાસ્ત્રજ્ઞ હૈં, ઉનકી નિંદા નહીં કરની,...**' સમજમેં આયા? '**ઔર જો બહુશ્રુત હૈં, ઉનકો ભી અલ્પ શાસ્ત્રજ્ઞોંકી નિંદા નહીં કરની ચાહિયે.**' આત્મજ્ઞાની જીવ કોઈ હો, આત્માકા ભાનવાલા ઔર કોઈ બહુત શાસ્ત્રકે પઢનેવાલા હો તો ઉસકી નિંદા નહીં કરની કિ ઉસે શાસ્ત્રકા જ્ઞાન નહીં. અરે શાસ્ત્ર જ્ઞાન આ ગયા સબ. આત્માકા જ્ઞાન

કિયા ઉસને સબ શાસ્ત્રકા જ્ઞાન કિયા. સમજમેં આયા? એગં જાણહી, સવ્વં જાણહી. ભગવાન આત્મા પશુયોનિમેં ભી આત્મજ્ઞાન હો જાતા હૈ. પશુયોનિ હોતી હૈ કિ નહીં? દેખો ન હાથી નહીં? ત્રિલોકમંડન હાથીકી બાત નહીં આતી? ઔર ઉસકે સિવા અઢી દ્વીપ બાહર અસંખ્ય દ્વીપ સમુદ્ર હૈ. અઢી દ્વીપ બહાર અસંખ્ય દ્વીપ સમુદ્ર હૈ. વહાં ભી અસંખ્ય પશુ સમકિતી હૈ. સ્વયંભૂરમણ સમુદ્ર હૈ, સ્વયંભૂરમણ સમુદ્ર હૈ આખિરકા. ઉસમેં અસંખ્ય પશુ સમકિતી હૈ, આત્મજ્ઞાની પશુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વકીલાત ક્યા કરે? વકીલાતમેં હૈ ક્યા ધૂલ? હમારે રામજીભાઈ બડે વકીલ હૈ સુના હૈ કિ નહીં? બડા વકીલ હૈ. ૨૫-૩૦ વર્ષ પહલે તો ૨૦૦ રૂપયે લેતે થે, જાયે કોર્ટમેં તબ ૨૦૦. કીધું વકીલાતકા જ્ઞાન? કુજ્ઞાન હૈ ઐસા કહતે હૈ વહ. યહ તો ઉસ સમયકી બાત હૈ. ૨૦ વર્ષ પહલે કોર્ટમેં જાતે થે. બડે વકીલ થે યહાં રાજકોટકે. .. ૨૦૦ રૂપયે લેતે થે ૨૦૦ ચાર કલાક, પાંચ કલાક. દો-દો હજારકા દનિયાવાલા ..ભાઈ થા ન ઉસકે સામને રહતે થે. ૨૦ વર્ષસે છોડ દિયા. .. વકીલકા જ્ઞાન કૈસા હૈ? કુજ્ઞાન હૈ. એય..! સમજમેં આયા ભૈયા? આત્માકા જ્ઞાન બિના સબ કુજ્ઞાન હૈ એમ આચાર્ય કહતે હૈ.

યહાં તો શાસ્ત્રકા જ્ઞાન ભી આત્માકા જ્ઞાન નહીં તો કુજ્ઞાન હૈ ઐસા કહતે આચાર્ય તો. યહાં તો આગે ચલકર કહતે હૈ. તુમ્હારે સંસારકા ડહાપણ. ડહાપણ સમજે? ક્યા કહતે હૈ? હોશિયારી. સંસારકી હોશિયારી મીંડા હૈ ચકરડા. યહાં તો ભગવાન પરમાત્મપ્રકાશમેં યોગીન્દ્રદેવ મુનિ દિગંબર સંત વનમેં નાગા બાદશાહસે આઘા. દુનિયાકી ઉસકો પરવાહ નહીં. એય..! આત્મા! તુમ શાસ્ત્ર ભી પઢો આદિ ક્રિયાકાંડ લાખ કરો, પરંતુ આત્માકા જ્ઞાન કિયે બિના તેરા ધર્મ હોતા હૈ કિ જન્મ-મરણ મિટેગા ઐસા તીન કાલ, તીન લોકમેં નહીં. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂલમાં કરતા-કરતા? રાગ કરતે-કરતે વીતરાગતા હોતી હૈ? લસણ ખાતે ખાતે કસ્તુરીકા ડકાર આતા હૈ? લહસુન ખાતે હૈન? લહસુન કહતે હૈન સેઠ ક્યા કહતે હૈ? યહ ઢોકલામેં ખાતે. નહીં ઢોકલા નહીં કહતે હૈ. અમારે ઢોકલા કહતે હૈ. ભજીયા બજીયા લો ભાઈ! લહસુન હોતા હૈન. લહસુન ખાયા હો ઔર ડકાર આયા કસ્તુરીકા. પરંતુ લહસુનકે ડકારમેં કસ્તુરીકા ડકાર નહીં હોતા. ઐસે રાગકી ક્રિયામેં વીતરાગકા ડકાર હોતા નહીં. સમજમેં આયા? આહા..હા..! પણ ક્યા કરે? ઉસને કભી દરકાર હી કિયા નહીં. અનંતભવ ઐસા ગવા દિયા આંખ બંધ કરકે ચલે ચોર્યાસીકે અવતારમેં.

આચાર્ય મહારાજ કહતે હૈ, હે જીવો! રાગ-દ્વેષકી ઉત્પત્તિ હો ઐસા નહીં કરના. કહતે હૈ ન? **'ક્યોંકિ પરકે દોષ ગ્રહણ કરનેસે રાગ-દ્વેષકી ઉત્પત્તિ હોતી હૈ, ઉસસે જ્ઞાન ઔર તપકા નાશ હોતા હૈ,...'** માટે કહતે હૈં કિ આત્મામેં પુણ્ય-પાપકી રુચિ છોડકર આત્માકી શ્રદ્ધા, જ્ઞાન વેદન કરના. વહ થોડા શાસ્ત્ર પઢે તો ભી ઉસકો લાભ હૈ ઔર બહુત શાસ્ત્ર પઢકર ભી ઐસા કરે તો ઉસકો લાભ હૈ. ઉસકે સિવા લાભ હોતા નહીં. સમજમેં આયા? કઠણ-કઠણ. હવે જરી કઠણ બાત કરતે હૈ થોડી. વે તો આચાર્ય હૈં સત્ય બાત કહનેમેં દુનિયાકી ક્યા પડી હૈ. દુનિયા કો રાજી રખના હૈ કિ આગમકો રાજી રખના હૈ? સમજમેં આયા? આગમ ક્યા કહતે હૈ ઉસકા રહસ્ય ખોલકર બતાના હૈ, તો સજ્જન લોકોંમેં સમધારણ રહે યા ન રહે ઉસકે સાથ ધર્માત્મા બંધનમેં નહીં આતા. સત્ય બાત કહતે હૈં કિ આગમ યહ કહતે હૈં. શાસ્ત્રકાર ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ સંત ઐસા કહતે હૈં. વહ કહતે હૈ દેખો, ૮૫.

**'વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે રહિત જીવોંકો તીર્થ-ભ્રમણ કરનેસે ભી મોક્ષ નહીં હૈ,...'** યહ તો સ્વરૂપ ક્યા હૈ? વહ પુણ્યભાવ હૈ, શુભભાવ હૈ. યહ બાત હૈ. ભૈયા! આચાર્ય મહારાજને કહા દેખો. દેખો, શ્લોક ૮૫ હૈ.

મુમુક્ષુ :- (તીર્થ) ભ્રમણ તો એક સાધન હૈ.

ઉત્તર :- સાધન નહીં, વહ શુભરાગ હૈ. સાધન-બાધન હો તો તો અનંતબૈર કિયા ફિર ભી સમ્યગ્દર્શન નહીં હુઆ. દૃષ્ટિ છોડકર કરે તો હુઆ. ઐસી બાત હૈ. યહ જો સાધન હો તો વહ તો અનંતબાર કિયા હૈ. તો અનંતબૈરમેં સાધનકા સાધ્ય ક્યોં ન હુઆ? જરા સૂક્ષ્મ બાત હૈ સૂક્ષ્મ બાત હૈ. કલ કહા થા ન થોડા નહીં? 'યમ નિયમ સંયમ આપ કિયો પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો. વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો, જબ ભેદ તપે તપ ક્યોં તપે સબ ઉરસે ઉદાસી લહી સબપે, સબ શાસ્ત્રન કે નયધારી હવે મતમંડન ખંડન ભેદ લહે. વહ સાધન બાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' વકીલજી! આ તમે સાધન કહ્યું. 'વહ સાધન બાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન બિચારત હૈ મનસે કછુ ઔર રહ્યા ઉન સાધનસે, બિન સદ્‌ગુરુ કોઈ ભેદ ન લહે, મુખ આગલ હૈ કહ બાત કહે.' ભગવાન આત્મા ઉસ વિકલ્પકે સાધનસે ભી પાર હૈ. વહ તો બાત કરતે હૈ. બીચમેં આતા હૈ શુભભાવ. આયે બિના રહતા નહીં. જબતક વીતરાગ ન હો તો ભાવ તો આતા હૈ, પરંતુ કોઈ ઐસા માન લે કિ કરતે-કરતે અંદરમેં સાધ્ય હો જાયેગા. ઐસા નહીં.

મુમુક્ષુ :- .. છોડ દેના ચાહિયે?

ઉત્તર :- રુચિ છોડના. છોડે ક્યા? સ્વરૂપકા શુદ્ધ ઉપયોગ જબ હોગા તબ શુભ છૂટેગા. પણ પહલે પુણ્ય-પાપકા ભાવકી રુચિ, કહા ન વૈરાગ્ય. શુભ-અશુભભાવ હો ઉસકી રુચિ છોડકર આનંદમૂર્તિકી રુચિ કરના ઉસકા નામ ધર્મકી સમ્યગ્દર્શન પહલી સીઢી હૈ. મોક્ષમહલકી પહલી સીઢી. વહ આતા હૈ ન છહ ઢાલામેં આતા હૈ. છહ ઢાલામેં આતા હૈ. મોક્ષમહલકી પહલી. આતા હૈ ન? આવ્યુંને એ? કેટલામું આવ્યું એ? ત્રીજી ઢાળ? આખિર. લ્યો એ આવ્યું દેખો. ૧૭મી છે. 'સમ્યગ્દર્શન બિના જ્ઞાન-ચારિત્રકા મિથ્યાપના.' વહ છહ ઢાલા. 'મોક્ષ મહલકી પરથમ સીઢી યા બિન જ્ઞાન-ચરિત્રા, સમ્યક્તા ન લહે સો દર્શન ધારો ભવ્ય પવિત્રા. દૌલ સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ. યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહીં હોવૈ.' આ દૌલતરામજી હોં છહ ઢાલામેં. 'મોક્ષ મહલકી પરથમ સીઢી' સમ્યગ્દર્શન. પુણ્ય-પાપકી રુચિ છોડકર, આત્માકી દર્શન રુચિ કરના વહ 'મોક્ષ મહલકી પરથમ સીઢી યા બિન જ્ઞાન-ચરિત્રા,' યે સમ્યગ્દર્શન બિનાકા જ્ઞાન ઔર ચારિત્ર 'સમ્યક્તા ન લહે...' સાચાપણું લહે નહીં. બાળપણું લહે. 'દર્શન ધારો ભવ્ય પવિત્રા.' બહુ સરસ છે. ગાગરમેં સાગર ભર દિયા હૈ. છહ ઢાલા હૈ ન? દૌલતરામજી. દોઢસો વર્ષ પહલે હુઆ. બહુત ગાગરમેં સાગર ભર દિયા. છહ ઢાલામેં ૯૩ શ્લોક હૈ. અભી ચલતે હૈ. સુબહમેં યહ ચલતા હૈ. સવેરમેં યહ ચલતા હૈ. ...સમજમેં આયા?

ક્યા કહતે હૈ દેખો ૮૫. મૂળ શ્લોક.

**૨૧૨) तित्थइँ तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ।**
**णाण-विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ।।८५।।**

અર્થ ઉસકા હૈ ન. શબ્દાર્થ. '**તીર્થ તીર્થ પ્રતિ ભ્રમણ કરનેવાલે...**' દેખો, યહ કુદરતી ગાથા આયી હૈ હોં.

મુમુક્ષુ :- આજ હી.

ઉત્તર :- આજ હી આયા. ક્યા કુદરતકા મિલન! ભગવાન યોગીન્દ્ર આચાર્ય. મુનિ હૈ, આચાર્ય હૈ તો ભગવાન હી હૈ. પંચ પરમેષ્ઠી હૈ ન વે તો. મહા સંત હૈ, જગતકી પરવા ઉસકો હૈ નહીં. માર્ગ હૈ વહ પ્રસિદ્ધ કર દેતે હૈ. તુમકો રુચે, ન રુચે તુમ જાનો. હમેં ક્યા હૈ? સમજમેં આયા? વહ પદ્મનંદી પંચવિંશતિ હૈ ન? પદ્મનંદી આચાર્ય હુએ હૈ. પદ્મનંદી પંચવિંશતિ હૈ. એક દિગંબર મુનિ હુએ હૈં. વહ ભી ૯૦૦ વર્ષ પહેલા. બડા વૈરાગી, જ્ઞાની, ધ્યાની જંગલમેં રહનેવાલે દિગંબર પદ્મનંદી મુનિ. પીછે ઉન્હોંને એકબાર બ્રહ્મચર્યકા વર્ણન કિયા. બ્રહ્મચર્યકા વર્ણન. આત્મા બ્રહ્માનંદ હૈ ઉસમેં ચરના-રમના. અરે! યુવાનો વિષયમેં, ભોગમેં ક્યા પડા? બહુત લિયા. બાત કરતે-કરતે ઇતના લિયા. પીછે આખિરકી ગાથામેં લિયા.

પદ્મનંદી પંચવિંશતિમેં આખિરકી ગાથા હૈ. અરે યુવાનો! હમારી બ્રહ્મચર્યકી બાત તુમકો રુચે નહીં, જચે નહીં. હમ સંત હૈ હમકો ક્ષમા કરના. હમારે પાસ દૂસરી ક્યા આશા રખના? સમજમેં આયા? વહી બાત હૈ યહ. એક ગાથા હૈ. પદ્મનંદી પંચવિંશતી બડા પુસ્તક હૈ ન. ૨૫ અધિકાર હૈ. આખિરમી ગાથા હૈ ઉસમેં. વહાં કહતે હૈ કિ હમ બ્રહ્મ નામ આત્મા. આત્મામેં આનંદ ભગવાન હૈ વહ વિષય ભોગમેં ક્યા પડા હૈ? ઉસમેં આનંદ નહીં હૈ, દુઃખ હૈ. દુઃખ હૈ. શુભભાવ ભી દુઃખ હૈ તો અશુભભાવ તો દુઃખ હૈ હી. શુભભાવ વિકલ્પ હૈ, રાગ હૈ, દુઃખ હૈ. આત્માકા સ્વભાવ સિવાય વિકલ્પ ઉઠતે હૈ રાગ વહ દુઃખ હૈ. આત્મામેં અતીન્દ્રિય આનંદ હૈ. અતીન્દ્રિય આનંદસે ઊલટા જિતના વિકલ્પ રાગકી વાસના ઉત્પન્ન હોતી હૈ વહ સબ દુઃખ હૈ. શુભરાગકો દુઃખ કહતે હૈ, તો અશુભરાગ ભોગકી વાસના મહા દુઃખ હૈ. સમજમેં આયા?

કહતે હૈ કિ રુચિ તો છોડ દે એકબાર. ભગવાન આત્મામેં આનંદ પડા હૈ. ઐસી બ્રહ્મચર્યકી ઈતની વ્યાખ્યા કિયા. બાર તપ. વહ છેલ્લી આખિરકી ગાથા હૈ. અરે! જીવો! હમારી બ્રહ્મચર્યકી બાત તુમકો ન જચે ઔર તુમકો કંટાલા લગે, તો હમ સંત હૈ, સાધુ હૈ. હમારે પાસ ક્યા દૂસરી આશા રખેગા? સમજમેં આયા? હમને તો હમેં જો રુચિ જચી હૈ વહ બાત જગતકો આમંત્રણ કરતે હૈં. વહ આયા થા પહલે યહાં. દેખો પહલે આયા થા. ૮૩મી ગાથામેં. ૮૩મેં હૈ ન? દેખો, '**પરજીવોંકો ઐસા હી ઉપદેશ હૈ, જો યહ બાત મેરે મનમેં અચ્છી નહીં લગતી, તો તુમકો ભી ભલી નહીં લગતી હોગી, તુમ ભી અપને મનમેં વિચાર કરો.**' ૮૩ ગાથામેં આખિરકા બોલ હૈ. હૈ ન? વહ તો કલ ચલા ગયા. હમારે મનમેં ઐસી જચતી નહીં. શુભ-અશુભરાગમેં સુખ હમકો જચતે નહીં, તો તુમકો નહીં જચના ચાહિયે. ઐસા ઉપદેશ દેનેવાલા કહે. તુમ ભી ભૈયા યહ છોડ દો. ભગવાન આત્મામેં આનંદ હૈ ન પ્રભુ! યહ આનંદકી દૃષ્ટિ કરો. શુભાશુભભાવમેં ભોગમેં સુખ, ઉસમેં સુખ હૈ નહીં. ઐસી રુચિ છોડ દે. પરમેં સુખ (માનતા) હૈ તો. ક્યોંકિ ઐસા તુમકો જચા હૈ તો દુનિયા તો ઐસી બાત કરે. કિ ભાઈ હમકો ઐસી જચી. તુમ શ્રદ્ધા કરો ઐસે.

ક્યા કહતે હૈ આચાર્ય? કિ પુણ્ય છુડાકર પાપમેં લેનેકી બાત નહીં કરતે. શુભભાવ હૈ ભક્તિ, તીર્થકા, જાત્રાકા વહ છુડાકર પાપ કર દે ઐસી બાત નહીં. પરંતુ ઉસમેં તુમને ધર્મ માન રખા હો વહ માન્યતા છોડ દો. સમજમેં આયા? દેખો, '**તીર્થ તીર્થ પ્રતિ ભ્રમણ કરનેવાલે...**' હૈ? '**મૂર્ખોંકો મુક્તિ નહીં હોતી,...**' વહ તો આચાર્યને લિયા હૈ. ૯૦૦ વર્ષ પહલે લિયા હૈ.

મુમુક્ષુ :- .. માલુમ થા.

ઉત્તર :- ... માલુમ થા?

યહાં તો કહતે હૈ, ભગવાન! તુમ્હે શુભભાવ હૈ, તીર્થમેં ભગવાનકી પૂજા, બહુમાન, સન્માન, શુભભાવ હૈ. પરંતુ તુમ ઐસા માન લો કિ ઈસ શુભભાવસે હમારા સમ્યગ્દર્શન ઔર આત્માનુભવ ઔર ધર્મ હોગા ઐસા નહીં હૈ ભગવાન! સમજમેં આયા?

મુમુક્ષુ :- તો તો સભી કો ...

ઉત્તર :- તબ તો જિતના તીર્થ કરે વહ સબ મોક્ષમેં જાયે. ઐસા હૈ હી નહીં. સમજમેં આયા? આહા..હા..!

**'तीर्थ तीर्थ प्रति...'** દેખો, દો શબ્દ પડા હૈ! તીર્થ-તીર્થમેં હૈ ન મૂલ પાઠમેં વહ. **'तित्थइँ तित्थु'** હૈ ન? દો શબ્દ પડા હૈ? આચાર્યકો ક્યા કહના હૈ? કિ ભૈયા! પરદ્રવ્ય આશ્રિત જિતના ભાવ હૈ ઈતના રાગ હૈ. સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર, ધંધા તરફકા તેરા રાગ વહ અશુભ રાગ હૈ. ઔર દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ, પૂજાકા રાગ... પરદ્રવ્ય હૈ ન વહ? તો પરદ્રવ્યકે આશ્રયસે ભાવ હૈ વહ અશુભ રાગ હૈ, વહ પરદ્રવ્યકે આશ્રયસે સ્વભાવકી દૃષ્ટિ ઉત્પન્ન હોતી હૈ ઐસા નહીં. ક્યા કહતે હૈ સુનો.

પરાશ્રિતો બંધ સ્વાશ્રિતો મુક્તિ, પરાશ્રિતો વ્યવહાર, સ્વાશ્રિતો નિશ્ચય. તો જિતના સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધાકા લક્ષ કરકે ભાવ હોતા હૈ વહ પરદ્રવ્યસે તો યહાં પાપ હોતા હૈ. ઔર દેવ-ગુરુ-શાસ્ત્ર ભક્તિ, પૂજા આદિ પરદ્રવ્ય હૈ. અપના સ્વદ્રવ્ય નહીં હૈ વહ. તો ઉસકા બહુમાન ભક્તિ આદિ હૈ તો વહ પુણ્યભાવ હૈ. સ્વદ્રવ્ય ઔર પુણ્ય-પાપકા વિકલ્પકી રુચિ છોડકર સ્વદ્રવ્યકા આશ્રય કરે તો ઉસકો સમ્યગ્દર્શન અને જ્ઞાન હોતા હૈ. આહા..હા..! ન્યાય સમજમેં આતા હૈ? વકીલજી! ન્યાય હૈ યહાં લોજિક હૈ. ન્યાય 'નિ' ધાતુ હૈ ન વહ 'નિ'. 'નિ' નામ લે જાના, દોરી જાના. જો સત્ય હૈ ઉસ તરફ વાત લે જાના ઉસકા નામ ન્યાય. આહા..હા..! વહ તુમ્હારા ન્યાય દૂસરા હૈ. યહ તો ભગવાનકા ન્યાયકી બાત હૈ ન. તુમ્હારા ન્યાય તો કાયદા હો .. પડે કિતાબસે.

યહાં તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ઉસને જો જ્ઞાનમેં તીન કાલ, તીન લોક દેખા. ઉસસે ભગવાનકી વાણીમેં આયા કિ ભગવાન! તુમ આત્માકા સ્વલક્ષ, સ્વસ્વરૂપકી રુચિ છોડકર, બાહ્ય પદાર્થમેં તેરી બુદ્ધિકા ભ્રમણ હો ઔર ઉસસે તેરા ભ્રમણ મિટ જાયે ઐસા હોતા નહીં. સમજમેં આયા? વસ્તુ તો અંદર હૈ પૂર્ણ આનંદ ઔર ઉસકા લક્ષ હૈ બાહર. તો બાહરકા લક્ષ અંદર મેં આયે બિના અંતરકી દૃષ્ટિ સમ્યક્ કહાંસે હોતી હૈ? સમજમેં આયા? વસ્તુ જો અનંત આનંદકંદ પ્રભુ આત્મા હૈ ઉસકા લક્ષ યહાં રહા કરે તો શુભ-અશુભભાવ હૈ. સ્ત્રી, કુટુંબ, વેપાર અશુભભાવ હૈ, દેવ-ગુરુ-શાસ્ત્ર, ભક્તિ, પૂજા, જાત્રામેં શુભભાવ હૈ. પરંતુ દોનોંકા લક્ષ-રુચિ છોડકર સ્વતત્ત્વકી

રુચિ-દૃષ્ટિ કરે તો ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. વરના કભી તીન કાલમેં સમ્યગ્દર્શન બાહરસે હોનેવાલા નહીં. સમજમેં આયા? ઔર સમ્યગ્દર્શન બિના જ્ઞાન, ચારિત્ર ઔર વ્રત સબ મિથ્યા હૈ. એકડા વિનાના શૂન્ય. શૂન્ય કહતે હૈ ન? મીંડા. ક્યા કહતે હૈ ભૈયા? બિંદી-બિંદી. લાખ બિંદી લખી હો ઔર એક ન લિખા હો તો? કિંમત કિતની? પરંતુ (આગે) એક લિખા હો તો કિંમત આ ગયી. પીછે શૂન્ય લિખે તો નૌ બઢ જાયે. ઐસે સમ્યક્ આત્માકા ભાન કરકે પીછે રાગકો મંદ કરકે સ્વરૂપમેં રમે તો ચારિત્ર હો જાયે. સમજમેં આયા? ચારિત્રકા અર્થ ક્યા હૈ? ચરના, રમના, જમના. આત્મસ્વરૂપકા ભાન પહલે સમ્યગ્દર્શન હુઆ, પીછે અંતરમેં લીન હોના આનંદમેં. ઉસકા નામ ભગવાન ચારિત્ર કહતે હૈ. વહ ચારિત્ર, સમ્યગ્દર્શન મુક્તિકા કારણ હૈ. બાહરકી ક્રિયાકાંડ વહ મુક્તિકા કારણ હૈ નહીં. આહા..હા..! ભારે વાત. પરસેવો ઉતરી જાય માણસને. આટલી મહેનત કરીને આવ્યા. હજી તો થાક લાગ્યો હોય, ગિરનાર ઉપર ચઢ્યા હોય એટલે. થાકને શું કહે? માંડ માંડ આ દુઃખતા હોય. માંડ ઉપરથી ત્રણ કલાકે ઉતરે.

અહીં કહે કે ભૈયા! વહ શુભભાવ હૈ તેરા. ભગવાનકે પ્રતિ બહુમાન વહ અશુભરાગસે બચનેકો શુભભાવ હૈ, પરંતુ હૈ રાગ. પરાશ્રિત ભાવમેં વીતરાગતા કભી નહીં. ઈસલિયે આચાર્ય કહતે હૈ. તીર્થ ભ્રમત ભમતે મુક્તિ નહીં હોગી. **'હે જીવ, ક્યોંકિ જો જ્ઞાનરહિત હૈં,...'** દેખો, જિસકો આત્મા જ્ઞાનમૂર્તિકા અંદર ભાન નહીં ઉસકો ઐસા શુભરાગકા ભ્રમણ કરનેસે **'વહ મુનિશ્વર નહીં હૈ,...'** સમ્યગ્દૃષ્ટિ તો નહીં હૈ, પરંતુ મુનિવર ભી હો સકતે નહીં. આહા..હા..! અંતર આત્મજ્ઞાન બિના સમજમેં આયા? 'કોટી જન્મ તપ તપે.' આવ્યોને. આપણે અધિકાર આવી ગયો એ. 'જ્ઞાન બિન કર્મ ઝરે જે' કોટી ભવમાં જે ક્રિયાકાંડ કરે, કરોડો ભવમાં. આત્મજ્ઞાની સર્વ કર્મકા નાશ કર દે. વસ્તુકે સ્વરૂપકી અંતર દૃષ્ટિ કરકે આત્માકા આશ્રય કિયા જિસને ઉસકા સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ તો મનસે હટકર અંતર ધ્યાન હુઆ ઉસમેં કરોડો ભવકા કર્મ બંધ હો, નિર્જર જાતે હૈં. અજ્ઞાની કરોડ ભવમેં ક્રિયાકાંડ કરકે અકામ નિર્જરા નહીં કર સકતે હૈ ઈતના જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ અંતર્મુહૂર્તમેં આત્માકા અંતર જ્ઞાન કરકે કરોડોં ભવકા કર્મોંકા નાશ કર દેતે હૈં. વહ આત્મજ્ઞાનકી મહિમા હૈ. સમજમેં આયા?

અંતિમ ગ્રૈવેયક હૈ ન? નવ ગ્રૈવેયક. વહાં અનંતબાર ગયા. સ્વર્ગ હૈ. હંબક નહીં હોં. સબ લોજિકસે, યુક્તિસે સિદ્ધ કર સકતે હૈ. પરંતુ યહા તો બાત ચલતી હો વહ ચલે ન. સ્વર્ગ હૈ, નર્ક હૈ. સબ હૈ. હૈ. નહીં ઐસા નહીં. નર્ક હૈ, સ્વર્ગ હૈ, ભગવાન બિરાજતે હૈ મહાવિદેહ ક્ષેત્રમેં. સમજમેં આયા? સબ હૈ. વહ ન્યાયસે, યુક્તિસે, આગમસે, અનુભવસે બાત સિદ્ધ હો સકતી હૈ. યહાં તો ચલતી હૈ બાત. વહ ... સ્વર્ગ ભી હૈ. અનંતબાર સ્વર્ગમેં ગયા. સમજમેં આયા? અનંતબૈર ગયે હૈ કિ નહીં? ક્યોં વકીલજી! આત્મા કબકા હૈ? અનાદિકા.

આત્મા હૈ. હૈ વહ કભી ઉત્પન્ન હોતા હૈ? હૈ વહ કભી ઉત્પન્ન હોતા હૈ?

મુમુક્ષુ :- અનાદિ-અનંત હૈ.

ઉત્તર :- બસ અનંત હૈ ખલાસ હો ગયા. તો અનાદિ હૈ તો રહા ક્યા અભી તક? હૈ તો રહા ક્યા? મુક્તિ હો ગયી હૈ? મુક્તિ હોવે તો ચાર ગતિ પીછે મિલે નહીં. જો ચના ક્યા કહતે હૈ? ભુજ ગયા. ચના હોતા હૈ ન ચના? વહ ભુજ ગયા વહ પીછે ઉગતા હૈ? પીછે નહીં ઉગતા હૈ. એમ આત્માકી જો મુક્તિ હો જાયે પીછે જન્મ અવતાર નહીં હોતા હૈ. તો અનાદિ કાલમેં કભી મુક્તિ તો હુઈ નહીં. જન્મ-મરણ કિયા ધૂલ ચાર ગતિમેં. સમજમેં આયા? વહ સબ હૈ કિ નહીં? પ્રત્યક્ષ હૈ કિ નહીં? અભી એક લડકી આનેવાલી હૈ યહાં. વહ પુનર્જન્મકી બાત નહીં આયી થી? સુની હૈ કિ નહીં?

મુમુક્ષુ :- બહેનકી...

ઉત્તર :- ચંપાબહેનકી ભતીજેકી લડકી હૈ. બહેન તો હૈ ચંપાબહેન ઉન્હેં તો હૈ, પરંતુ ઉસકે ભતીજેકી લડકી હૈ. યહ ઉસકે ભાઈ હૈ. લડકી અભી આનેવાલી હૈ. પાંચ સાલકી ઉમ્ર હૈ. જાતિસ્મરણ હુઆ હૈ. યહાં અભી જૂનાગઢમેં હૈ. જૂનાગઢ હૈન? વહાં લુહાણા હૈ લુહાણા. ગોકલદાસ લુહાણા. ઉસકી દીકરી થી લડકી. અઢી વર્ષમેં ગુજર ગયી. ઔર યહાં આયી હૈ. આઠ દિન રહેગી. યહાં મહોત્સવ હૈ ન મહોત્સવમેં આતે હૈ. દુજીકા મહોત્સવ હૈ ન પચ્ચીસ વર્ષકા. તો આનેવાલી હૈ. પાંચ વર્ષકી હૈ. સબ બાત કરતી હૈ. કિ મૈં ગીતા થી, યહ મેરી માતા હૈ, મેરે પિતા હૈ. સબ જાકર નક્કી કિયા. હમારે યહ પંડિતજી હૈ બડે. વહ બૈઠે હૈ. વહ પરીક્ષા લેતે હૈ. બહુત કમ બોલતે હૈ. બડા પંડિત હૈ. ઉસકે ભૈયાકી બેટેકી બેટી હૈ. વહ ત્યાં લે ગયે. તો સબ પિછાન કિયા. જો બાત કહી વહ સબ બતા દી. યહ મેરી બા-પૂર્વભવકી મેરી માતા, યહ મેરે પિતા, યહ મેરા ઘર, યહાં મૈં દર્શન કરનેકો જાતી થી. લુહાણા થા. લુહાણા અર્થાત્ અન્યમતિ. મંદિર. વહા સબ બતા દિયા. યહાં મૈં પેંડા ખાતી થી. .. સબ કહા. વહ જયપુરસે આયે થે. એક જયપુરમેં બડી સંસ્થા હૈ ન. પીછે અમેરિકાકી એક સંસ્થા હૈ. પુનર્જન્મકી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વહ આયે થે. યહાં આયે થે. મોટર લેકર આયે થે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ આયે થે યહાં. ઉસકો નક્કી કરનેકો. વહાં તો નક્કી કિયા. રેકોર્ડિંગ લે ગયે. ભાઈકા રેકોર્ડિંગ લે ગયે. દો કલાક રહે થે. લાખ ઉપરકી મોટર બડી થી. બડે પ્રોફેસર થે. લે ગયા. મેરે પાસમેં અંદર આયા થા. .. ક્યોં આયા કીધું? હિંમતલાલ કહાં હૈ? ક્યા

કામ કીધું? રાજુલ. કીધું રાજુલકી બાત સચ્ચી હૈ સબ. યહાંકા નામ રાજુલ હૈ. આપણે આ જૈનમેં અવતરી. વહાં ગીતા નામ થા. તો પહેલા અઢી વર્ષસે કહતી થી. હમ ગીતા હૂં. મૈં જૂનાગઢસે આયી હૂં. મેરે માતા હૈ, મેરે પિતા હૈ, મેરે ઐસા ઘર. સબ બાત સચ્ચી નિકલી. ભાઈ ગયે થે સાથ. સબ નક્કી કરકે આયે. સબ સચ્ચા હૈ. અબ યહાંસે મરકર યહાં આયી. યહાં તો જૂનાગઢસે વાંકાનેર લો. પણ હવે દૂસરા ક્ષેત્રસે દૂસરે આવે તો કિસકો કહના વહ બાત? સમજમેં પણ હજી પુનર્જન્મકા ઠિકાના નહીં પ્રતીતમેં. ક્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, જાહેરાત હો ગયીને. છાપામાં આ ગયા. અખબારમેં બહુત આ ગયા. યહાં આઠ દિન રહ ગયી. બહુત લોગ દેખનેકો આતે થે. અભી આનેવાલી હૈ દો-ચાર દિનમેં. આનેવાલી હૈ યહ મહોત્સવ હૈ ન. બહુત લોગ દેખનેકો.

યહાં તો દૂસરા કહના હૈ કિ પુનર્જન્મ હૈ કિ નહીં? તો જૈસા ભાવ કિયા વૈસા અવતાર હોતા હૈ. આત્મા તો યહી હૈ. વહ કહતી થી. હમ ગીતા હૈ. હમારે પંડિતજીને પ્રશ્ન ઐસા કિયા થા. પંડિતજી હમારે બડે હુશિયાર હૈ. ક્યોંકિ બાપકા કાકા હૈ ન તો પૂછા. તુમ તેરે પિતાજીકો પહચાન લેગી? તેરી માતાજી પહચાનેગી? હા. ક્યા તેરે ઘરકો પહચાન લેગી? હા. ક્યા ગીતાકો પહચાનેગા? ગીતા તો મૈં હૂં. સમજમેં આયા? હા-હામેં ઓલા હા કહ દે. તુમ ગીતાકો પહચાન લોગી? હમારે પંડિતજી બડે હુશિયાર હૈ. તો ઐસા પ્રશ્ન કિયા કિ તો ક્યા વહાં ગીતાકો પહચાનેગી? ગીતા ક્યા કહતે હો? ગીતા તો મૈં હૂં. વહાંસે મૈં આયી હૂં. યહ ખોળિયા દૂસરા હૈ, જીવ મૈં હૂં. સમજમેં આયા? ઐસા અનાદિકા જીવ હૈ ઐસે પુણ્ય-પાપ કિયા તો ચાર ગતિમેં ભટકા હૈ. ભવ મિલા પરંતુ પુણ્ય-પાપસે રુચિ છોડકર કભી ઉન્હોંને આત્મજ્ઞાન ઔર આત્મદર્શન કિયા નહીં. ઔર ઉસકી શ્રદ્ધા ક્યા હૈ ઉસ ચીજકી કિંમત ભી ઉસકો આયી નહીં. તો ઉસકે બિના, કહતે હૈ કિ તીર્થ-તીર્થ ભમે તો ભી વહ મૂર્ખ હૈ. આચાર્યને તો ઐસા કહા. આહા..હા..!

ઔર '**मुनिवरः न भवति**' લ્યો! જબતક આત્મજ્ઞાન ઔર આત્મદર્શન ન હો તબતક ચારિત્ર હોતા નહીં. મૂઢ પહલે કહા ઔર પીછે આત્મજ્ઞાન બિના ચારિત્ર નહીં હોતા. તો આત્માકા ભાન સમ્યક્ અનુભવ બિના મુનિવર નામ ચારિત્ર કભી હોતા નહીં ઔર ચારિત્ર બિના કભી મુક્તિ હોતી નહીં. માટે પહલે સમ્યગ્દર્શન ચારિત્રકા કારણ હૈ ઉસકો પહલે યથાર્થ શ્રદ્ધાન કરકે પ્રગટ કરના. વહ બાત યહાં બતાતે હૈં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૦, મંગળવાર, તા. ૧૫-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૫-૮૬, પ્રવચન-૧૨૯**

પરમાત્મપ્રકાશ. ઉસકે દૂસરે ભાગકી ૮૪ ગાથા પૂરી હુઈ. ૮૫ ચલતી હૈ દેખો. દેખો, યહાં ક્યા કહતે હૈ આચાર્ય યોગીન્દ્રદેવ મુનિ? ધર્માત્માકો મહાતીર્થ કૌન હૈ તીર્થ? કિ જિસ તીર્થમેં સ્નાન કરનેસે અપવિત્રતાકા નાશ હો ઔર પવિત્રતાકી ઉત્પત્તિ હો. વહ પરમાર્થસે તીર્થ કૌન હૈ વહ બાત ચલતી હૈ. એકલા બાહ્યતીર્થ ભ્રમતે હૈં તો શુભભાવ હોતા હૈ. આવે છેને મૂળમાં આવી ગયુંને? **'तित्थइँ तित्थु भमंताहँ'** **'તીર્થ તીર્થ પ્રતિ ભ્રમણ કરનેવાલે...'** **'मूढहँ मोक्खु ण होइ'** યે તો આયા તો સુનનેકો મિલે. કલ વહ જાત્રાવાલે આયે થે તીર્થવાલે. જયપુરસે બહુત લોગ આયે થે. યહ તો ગાથા તુમ્હારે લિયે નહીં આયી. વહ તો બરાબર આયી હમારેમેં. વહ વ્યવહારતીર્થ આયેગા. શુભભાવ, જબ શુદ્ધ સ્વરૂપ આત્માકી દૃષ્ટિ કરકે સ્થિર ન રહ સકે તો ઐસા શુભભાવ આતા હૈ જાત્રાકા આદિ અશુભસે બચનેકો, પણ વહ કોઈ બંધકા નિરાકરણ કરે. વહ તીર્થ બંધકા નાશ કરે યહ નહીં હૈ ઉસમેં. સમજમેં આયા? પુણ્યબંધ હો જાયે. પણ સાથમેં મિથ્યાદૃષ્ટિપના રહે કિ ઉસસે મેરા કલ્યાણ હોગા, તો વહ તો પાપાનુબંધી ઐસા કોઈ પુણ્ય બંધ જાયે. આચાર્ય કહતે હૈ કિ ભૈયા! અપના આત્મા તીર્થકિ ભાન બિના બાહ્યતીર્થકા એકલી ભ્રમણા, ભ્રમના, ભ્રમના વહ ભ્રમણા હૈ. ઔર ઉસમેં મૂઢ મોક્ષ માનતે હૈ. ચોખ્ખા શબ્દ લિખા હૈ. યહ તો દિગંબર આચાર્ય મુનિ હૈ. દુનિયાસે કોઈ લેના નહીં હૈ. ચંદા-બંદા કરવાના નહીં હૈ કિ ઉસકો ઠીક હો તો ઠીક પડેગા. સમજમેં આયા?

દેખો, **'તીર્થ તીર્થ પ્રતિ ભ્રમણ કરનેવાલે મૂર્ખોંકો મુક્તિ નહીં હોતી, હે જીવ, ક્યોંકિ જો જ્ઞાનરહિત હૈં,...'** જિસકો આત્મા અંતર જ્ઞાનાનંદ .. ચિદાનંદસ્વરૂપ ઉસકી અંદરમેં દૃષ્ટિ ઔર અનુભવ નહીં હૈ. સમજમેં આયા? **'વહ મુનિશ્વર નહીં હૈં,...'** વહ ધર્મી હી નહીં. ઉસકો મુનિપના કહતે નહીં, ઉસકો ચારિત્ર ભી કહતે નહીં. **'જો સમસ્ત વિકલ્પજાલોંસે રહિત હોકે અપને સ્વરૂપમેં રમેં, વે હી મોક્ષ પાતે હૈં.'** દેખો! જો નિષેધ કિયા ઉસમેં સે અસ્તિ નિકાલા. જો આત્મા... બાત તો ઐસી હૈ, ભગવાન આત્મા ઉસ ચીજકી કોઈ કિંમત નહીં લોગોંકો. શરીર ને વાણી ને ક્રિયા જડકી ઔર બહુ તો અંદરમેં

શુભભાવ હો, ભૈયા! ઉસકી કિંમત. જો આત્મસ્વભાવસે વિરૂદ્ધભાવ હૈ. પાપભાવ હો યા પુણ્ય હો. દોનોં ભાવ... આત્મ શુદ્ધ આનંદ સ્વભાવ ચિદાનંદ મૂર્તિ આત્મા હૈ. અપના નિજ શુદ્ધસ્વભાવસે દોનોં ભાવ વિરૂદ્ધ હૈં. તો આત્મજ્ઞાન બિના, આત્મદૃષ્ટિ અનુભવ બિના અકેલા તીર્થ-તીર્થ ભમે તો યોગીન્દ્રદેવ કહતે હૈં કિ મૂઢ હૈ. સમજમેં આયા? તબ પરમાર્થ તીર્થ ક્યા હૈ કિ જિસમેંસે એકાગ્ર હોકર આત્માકી શાંતિ મિલે ઔર અશાંતિકા નાશ હો. વહ તીર્થ ક્યા હૈ? વહ કહતે હૈ દેખો,

'**ભાવાર્થ :- નિર્દોષ પરમાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ વીતરાગ પરમ આનંદરૂપ નિર્મલ જલ...**' અબ તીર્થકી ઉપમા દેતે હૈં. સર્વજ્ઞ પરમાત્માકી બાત કરતે હૈં. પરંતુ સર્વજ્ઞ પરમાત્મા જૈસા, આત્મા વૈસા, કહેગા ભાઈ. એમ જ છે પણ બરાબર અર્થ નથી. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા હૈ ઐસા હી અપના આત્મા હૈ, ઉસમેં અંતરમેં એકાકાર હોના, વહી મહા તીર્થ ધર્માત્માકો અંતરમેં તીર્થ હૈ. આહા..હા..! સમજમેં આયા?

એમ કહતે હૈ, કોઈ સ્વરૂપમેં ઠર ન સકે ઔર તીર્થકી વંદના આદિકા શુભભાવ હૈ વહ ભી નિષેધ કર દે કિ વહ હોતા હી નહીં હૈ. વહ ભી નહીં હૈ. અને કોઈ ઐસા માન લે કિ ઉસ ભાવસે હમારા ધર્મ ઔર મુક્તિ હોગી. ઐસા ભી નહીં હૈ. સમજમેં આયા? આહા..હા..! યહાં તો ધર્મ કૈસા હૈ? તીર્થંકર કૈસા હૈ? ભાઈ! યહાં તો તીર્થંકર જૈસા આત્મા.. મુઝે તો યહ કહના હૈ જરા. કેવલી જૈસા નહીં. યહાં તો તીર્થંકર જૈસા યહ આત્મા મૈં હી ઐસા હૂં. અંતરમેં એકાકાર હોતે હૈ ઉસકો મહાતીર્થ તો અપના આત્મા હૈ એમ કહતે હૈ. આચાર્યકી ધ્વનિ તીર્થંકરકા આત્માકે સાથ અપને આત્માકો લગા દિયા હૈ. સમજમેં આયા?

કૈસા હૈ તો તીર્થંકર પરમાત્મા? કિ '**નિર્દોષ પરમાત્માકી ભાવનાસે...**' અબ વહ શબ્દ પડા હૈ દેખો, કહતે હૈ કિ પરમાત્મા કેવલીકો અનંત આનંદકા પ્રવાહ જલ પ્રવાહ ઝરતા હૈ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરકો અનંત આનંદરૂપ જલકા પ્રવાહ ઝરતા હૈ. વહ કહાંસે ઝરતા હૈ? ઝરતા કહતે હૈ ન ઝરત? નિકલતા હૈ. પાઠમેં નિર્જ્ર હૈ. ઝરતા હૈ. જૈસે ..મેં પાની હો ન ઝરતા હૈ. વૈસે ભગવાન આત્મા અકેલા અતીન્દ્રિય આનંદ અને શાંતરસકા ડુંગર હૈ આત્મા પવિત્ર. ઉસમેં.. કૈસા હૈ? નિર્દોષ. પહલા શબ્દ પડા હૈ. '**નિર્દોષ...**' યહ શરીર, વાણી, મન જડ, કર્મ જડ. પુણ્ય-પાપકા ભાવ વહ વિકારી આસ્રવ. ઉસસે રહિત નિર્દોષ પરમાત્મા વહ વસ્તુ લી. આત્મા. નિર્દોષ પરમાત્મા. દોષરહિત, પુણ્ય-પાપકા રાગરહિત. પૂર્ણાનંદ પ્રભુ આત્મા ઉસકી ભાવના. ભાવના નામ ઉસમેં એકાગ્ર હોકર સર્વજ્ઞ ક્યોં હુઆ અને સર્વજ્ઞકો અતીન્દ્રિય આનંદકા જલકા પૂર-પ્રવાહ ક્યોં બહતા હૈ? ઐસા કહતે હૈ કિ અંદરમેં ચૈતન્યમેં મહા આનંદ જલ ભરા હૈ. ઉસમેં એકાગ્ર હોકર. ભાવના નામ એકાગ્રતા. જમુભાઈ! આહા..હા..!

નિર્દોષ અપના નિજ પરમાત્મા ઉસકી ભાવના, અંતર સ્વરૂપકી શુદ્ધતાકી એકાગ્રતા, અંતર એકાગ્રતા. પુણ્ય-પાપકા વિકલ્પ આશ્રય છોડકર અપના નિજ ચિદ્‌પિંડ, જ્ઞાનપિંડ અનાકુલ આનંદકા મહાન પર્વત ઐસા અપના આત્મા. ઉસ પર્વતમેં ભાવના-એકાગ્ર હુઆ અંદર. ઉસસે ઉત્પન્ન હુઆ. ક્યા ઉત્પન્ન હુઆ? **'વીતરાગ પરમ આનંદરૂપ નિર્મલ જલ...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ કહતે હૈ ન. ક્યા કહા દેખો ન. આહા..હા..! બડા પર્વત હો તો પાની નિકલતા હૈ ન. જરના ચલા આતા હૈ પાની. ગુડકા ગુડકા વહ બડા રવા હોતા હૈ ન રવા. રવા ક્યા કહતે હૈ રવા? ઢેલા. વહ કોલ્હાપુરકા હોતા હૈ કોલ્હાપુરકા. બહુત ઉંચા. અડધા ... અડધા નંબરનો ગોળ અમે ત્યાં ગયા હતાને કોલ્હાપુર. તો એક અડધા નંબરનો ગોળ. અડધા નંબરનો. બહુત સફેદ ઊંચા. પણ એક જણાએ અધમણ આપ્યો હતો. થોડા-થોડા લો. ફિર મોટરમેં રખા તો મોટરમેં ઉંદર ખા ગયે. મોટરમેં ઉંદર આ ગયે તો મોટરમેં સે નિકલે નહીં. વહ ફતેહપુરમેં નિકાલા.

મુમુક્ષુ :- ઉંદરકા ભાગ્યકા હો.

ઉત્તર :- વહ તો સબકા હો. યહાં તો કહતે હૈ કિ કોલ્હાપુરકા એક આધા નંબરકા ગુડ હોતા હૈ ઐસા રવા હોં. બહુત સફેદ. તો ઉસકા ચીરા કરો ચીરા. ચાકુ દ્વારા, તો ઉસમેં સે ક્યા નિકલતા હૈ? ગુડ નિકલે. ક્યા ઉસમેં ઝહર હૈ? પાની હૈ ઉસમેં? એમ યહ આત્મા કેવલજ્ઞાનકા કોલ્હાપુરકા આનંદ ભરા રવા હૈ. આહા..હા..! લોકોને યહ આત્મા ક્યા વહ બૈઠતા નહીં. સમજે? વહ કોલ્હાપુરા કેવલજ્ઞાનકા પિંડ એકલા અને અતીન્દ્રિય આનંદકા અંતર પૂર-પૂર રસ પડા હૈ. દેખો યહ પાઠ હૈ હોં! અભી અર્થ બરાબર નહીં કિયા પાઠકા ઐસા. પાઠમેં તો ઐસા હૈ કિ આત્માકા પરમ આનંદરૂપી જો રવા પડા હૈ પૂર્ણાનંદ, ઉસમેં એકાગ્ર હોકર વીતરાગ પરમાનંદ, રાગરૂપી ભાવસે રહિત અંતરકી એકાગ્રતાસે પરમ આનંદ સુંદર આનંદ, આનંદ અતીન્દ્રિયકા પ્રવાહ કૈસા હૈ? ઐસા નિર્મલ જલ. **'અતીન્દ્રિય આનંદરૂપ નિર્મલ જલ...'** ઉસકા પૂર, ઉસકા પ્રવાહ, ઉસકા ઝરના. ઐસા શબ્દ હૈ ટીકામેં. સમજમેં આયા?

સર્વજ્ઞ પરમાત્માકો અતીન્દ્રિય આનંદ ક્યોં હુઆ હૈ? કૈસે હુઆ? યહ બતાયા હૈ ઔર ક્યા કિસ કારણસે હુઆ હૈ વહ કારણ ભી બતાયા. ઐસા યહ આત્મા હૈ એમ બતાતા હૈ યહાં તો. પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ. અપના આત્મા પૂર્ણાનંદ જો નિર્દોષ પરમાત્મસ્વરૂપ અપના ઉસમેં એકાગ્ર હોકર પુણ્ય-પાપકે ભાવમેં એકાગ્ર હો તો વહ તો બંધ હોતા હૈ. સ્વભાવ શુદ્ધ પિંડ, ચૈતન્ય પિંડ ઉસમેં એકાગ્ર હોકર નિર્મલ આનંદરૂપી નિર્મલ નીર, નિર્મલ નીર. અતીન્દ્રિય આનંદરૂપી નિર્મલ જલ ઉસકા પૂર. આનંદ જલકા પૂર ઉસકા પ્રવાહ. આચાર્યને

કિતના લિખા હૈ! ઉસકા નિર્જર. ઝરના ઉસમેં નિકલતા હૈ, કહતે હૈં

આત્મા ભગવાન આત્મા સમ્યગ્દર્શનસે માંડકર વીતરાગપના બહુત જબ અંતર એકાગ્રતા હુઈ તો અંતરમેં અતીન્દ્રિય આનંદકા જલરૂપી-નીરરૂપી પ્રવાહકા પૂર ચલા અંદરમેં. યહ પર્યાયમેં. સમજમેં આયા? યહ ઉસમેં સ્નાન કરના ઐસા આત્મા હૈ, યહાં બતાતે હૈ. જૈસા તીર્થંકર ભગવાનકા આત્મા હૈ વૈસા યહ આત્મા હૈ. પૂર્ણાનંદ નિર્દોષ પરમાત્મા ઉસમેં એકાગ્ર હોકર રાગરહિત પરમાનંદકા પ્રવાહકા જરના જો હોતા હૈ ઉસમેં આત્માર્થી સ્નાન કરતે હૈં, મુનિજન ઉસમેં પરિણતિ કરતે હૈં ઉસકો તીર્થ કહનેમેં આતા હૈ. એમ કહતે હૈ. ભારે ઉપમા.

મુમુક્ષુ :- .. પરંતુ સુંદર આનંદ.

ઉત્તર :- સુંદર આનંદ એમ. તમારો આ ઝેર જેવો આનંદ નહિ એમ કહે છે. આ સંસારના સુખ કહે છેને. સંસારના સુખ આ પાંચ-પચ્ચીસ લાખની પૂંજી અને ધૂળ ને બાયડી-છોકરા લડુ-બડુ ખાના. રાગ આતા હૈ ન? વહ સુંદર આનંદ નહીં વહ તો કડવા આનંદ હૈ, વહ તો દુઃખ હૈ.

મુમુક્ષુ :- કડવો વળી આનંદ કેવો હોય?

ઉત્તર :- એ કડવો આનંદ એ જૂઠો આનંદ. સમજમેં આયા? યહ સચ્ચા આનંદ. સુંદર રૂપાળા એટલે યથાર્થ.

અંતર ભગવાન આત્મા અકેલા આનંદકા રવા હૈ વહ તો. ઉસકો આત્મા ક્યા હૈ ઉસકી કિંમત હી નહીં આતી. જગતકી કિંમત આતી હૈ સબકી. બહુ તો અંદરસે પુણ્ય ઔર પાપકે પરિણામ હોતા હૈ ન. આહા..હા..! વહ શુભભાવ કિયા તો ઓહો..હો..! બહુત કિયા લો. યહાં તો યોગીન્દ્રદેવ કહતે હૈં કિ ભગવાન! તેરા આત્મા અંતરમેં નિર્દોષ પ્રભુ હૈ. ઉસમેં એકાગ્ર હોકર પરમાત્માકો પરમ આનંદરૂપી નીરકા પૂર બહતા હૈ. એક યે બાત. જલ કહા.

દૂસરી બાત '**ઉસકે ધારણ કરનેવાલે...**' ઐસા આનંદ અતીન્દ્રિય જરના જરતે હૈ ઉસકો ધારણ કરનેવાલા. કૌન? તીર્થંકરદેવકા આત્મા. ઐસા હી યહાં લગાયેગા. વૈસા યહ આત્મા હૈ એમ લગાયેગા. ઔર એક બોલ વહ હુઆ. '**જ્ઞાન-દર્શનાદિ ગુણોંકે સમૂહરૂપી ચંદનાદિ વૃક્ષોંકે વનોંસે શોભિત...**' પાછા જલકા ભરા હૈ આનંદકા, પરંતુ સાથમેં ઝાડ. ઝાડ હોતા હૈન? બડા તીર્થ હો, કુંડ હો બડા. તો કૈસા? જ્ઞાન-દર્શનાદિ ગુણ. આત્મામેં આનંદરૂપી જલકા પ્રવાહ બહતા હૈ આત્મસ્વભાવમેં એકાગ્ર હોકર ભગવાન કો જો પૂર્ણ આનંદ પ્રગટ હુઆ ઉસમેં '**જ્ઞાન-દર્શનાદિ ગુણોંકે સમૂહરૂપી ચંદનાદિ વૃક્ષોંકે...**' કહો, સમજમેં આયા? યહ આનંદકા પૂર બહતા હૈ પર્યાયમેં. અંતરમેં એકાગ્ર હોકર જો પ્રવાહ હુઆ ઉસમેં જ્ઞાન, દર્શન, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ, સ્વચ્છતા, કર્તા-કર્મ આદિ અનંતગુણરૂપી ચંદનકે વૃક્ષ રાજિત

નામ તે તીર્થ શોભિત હૈ. એકલા .. હોય તો વૃક્ષ ન હો તો યહ બરાબર શોભિત નહીં હૈ ઐસા કહતે હૈ કિ નહીં? ચારો ઓર ચંદનકે વૃક્ષ હોં. લો યહ ભી આત્મામેં પૂર્ણ નિર્દોષ ભગવાન આત્મા ઉસકે અંતર એકાગ્ર હોકર અતીન્દ્રિય આનંદકા જલકા પ્રવાહ ઝરા, ઉસકે સાથ જ્ઞાન, દર્શન, આનંદ શાંતિ ચારિત્ર વગેરે સ્વચ્છતા, પ્રભુતા ઐસા જ્ઞાન-દર્શાનાદિ સમૂહ ઐસા ચંદનાદિ વૃક્ષો. દેખો, એક તો આનંદકા ઝરના પર્યાયમેં આયા, ઉસમેં સાથમેં ચંદન આદિ વૃક્ષ પડા હૈ. ઐસા આત્મામેં આનંદકા પ્રવાહ બહા, ઉસમેં જ્ઞાન-દર્શન શાંતિ આદિ ચંદન વૃક્ષકા સમૂહ સાથમેં હૈ. ઉસસે વહ આનંદ જલરૂપી તીર્થ શોભિત હૈ. ભારે વાત ભાઈ! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એટલે? સમજમેં આતા હૈ? આહા..હા..!

**'ચંદનાદિ વૃક્ષોંકે...'** ભગવાન આત્મામેં અનંત ગુણ જો પડા હૈ ન. ઉસમેં એકાગ્ર હોકર જો વીતરાગ આનંદ જલપ્રવાહ બહા ઉસકે સાથ જ્ઞાન, દર્શન, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનેક શક્તિયોંકી વ્યક્તતા પ્રગટ હુઈ, ઉસસે યહ ચંદન આદિ વૃક્ષસે શોભાયમાન અપના નિર્મલ આનંદ જલરૂપી તીર્થ ઐસા વૃક્ષસે શોભિત હૈ. રાજમલજી! ઉપમા ઐસી કભી સુની નહીં હોગી. યહ બાગ બનાતે તો બનાવેને ભાઈ બીચમેં મકાન, ચારોં ઓર ફુલઝાડ. ધૂલઝાડ બનાવેને બધા? બગીચા. સમજમેં આયા? લાખ-લાખ, દો લાખ, પાંચ લાખકા બડા બનાતે હૈ ન? દેખોન. કૈસે મકાન થે? હમ ગયે થે જયપુર? તો સુંદરલાલ ઠોળિયા નહીં? ઉસકા બડા બગીચા થા. હમ ગયે થે. રાત્રિકો વહાં જાતે થે. ગાંવમેં તો રુકતે નહીં. એકાંતમેં રહતે થે. રાત્રિકો વહાં જાતે. બડા-બડા સા ઐસા ક્યા કહતે હૈ? બાગ. ઉસમેં .. લોગોંકો ધૂલકી .. યહ અંતરકી શોભા.

ભગવાન આત્મા પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકી એકાગ્ર હોકર જો આનંદ પ્રવાહ બહા, ઉસકે સાથ જ્ઞાનદર્શન આદિ શાંતિ આદિકા ચંદનકી શોભાવાલે વૃક્ષસે વહ તીર્થ આનંદરૂપી તીર્થ શોભિત હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ બાગ-બગીચા હૈ. વહ બગીચાકી ક્યા બાત હૈ. ધૂલમેં બાગ-બગીચામેં બૈઠા હો, ખુરસીમેં બૈઠા હો તો ઐસે ફૂ થઈ જાય. મર જાયે હવે ત્યાં ક્યાં બાગ બગીચા? યહાં તો જીવીત રહે ઐસી બાત હૈ. ખુરસી ડાલકર ચારોં ઓર રખેને ઐસે. અબ એકલી ખુરશી નહિ ઓલા નાખે ને તમારે શું કહેવાય નેતરના?

મુમુક્ષુ :- સોફા.

ઉત્તર :- સોફા. એ નામબામ આવડે નહીં. નેતરના આમ બેસે તો આમ પણ પડે નહિ, આમ પણ પડે નહિ આમ. નેતરના હોતા હૈ ન નેતરકી ખુરશી? ક્યા કહતે હૈ ઉસકો? બસ

આમ બેસે. આમેય હલે નહિ, આમેય હલે નહિ. નીચે આમ પહોળું હોય. ઓહો..હો..! ક્યા હુઆ? કુછ અસુખ હૈ. ત્યાં જોવા આવે ત્યાં ખલાસ થઈ ગયો. ધૂલમેં ભી બાગ સુખરૂપ હૈ નહીં. સમજમેં આયા? બાગમેં ભી મર ગયે કિતને ઐસે. રાત્રિકો ખા-પીકર બૈઠે હવા લેનેકો. શીખંડ પૂરી ખાકર, શીખંડ ઔર પતરવેલિયા. પતરવેલિયા કહતે હૈ? તમારે ક્યા કહતે હૈ? વહ અળવીકા પાન હોતા હૈ ન અળવી, અળવીકા પાન હોતા હૈ ઉસકા ભજીયા બનાતે હૈ. પાંદડા હોતા હૈ ન લંબા ઉસકા કટકા બનાકર વહ ચનાકા આટા હોતા હૈ ન ચોપડકર વાટા બનાવે. વહ શીખંડ અને .. ખાઈને બેઠા હો. ફૂ થઈ જાય. ધૂળમાંય નથી હવે, એ તો જડ-માટી છે.

ભગવાન આત્મા યહ આત્માકા બાગકા વર્ણન કરતે હૈ. ઓહો..! જિસમેં અતીન્દ્રિય આનંદ પડા હૈ. યહાં આનંદસે બાત લી હૈ. દુઃખ નહીં હૈ ઐસા કહતે હૈ. ઐસા ભગવાન આત્મા '**જ્ઞાન-દર્શનાદિ ગુણોંકે સમૂહરૂપી ચંદનાદિ વૃક્ષોંકે...**' એ ઉપમા ચંદન આદિ. ઓલા જ્ઞાનદર્શનકો ચંદન આદિકી ઉપમા હૈ. એવા વનથી આત્મા શોભે છે અંદર. '**તથા દેવેન્દ્ર...**' આહા..હા..! ઈન્દ્રો. ભગવાનકે સમવસરણમેં તો ઈન્દ્રો આતે હૈં કિ નહીં? દેવેન્દ્ર. અર્ધલોકકે સ્વામી સુનનેકો આતે હૈ. '**ચક્રવર્તી...**' છ ખંડકે ધણી. છન્નું હજાર પદમણી જૈસી સ્ત્રી. લેકર ઐસે ભગવાનકે વંદન કરનેકો આતે હૈં. '**ગણધરાદિ...**' ગણધર ચાર જ્ઞાનકે ધણી. '**આદિ ભવ્યજીવરૂપી તીર્થ-યાત્રિયોંકે...**' યહ તીર્થયાત્રી વહ હૈ. દેખો, વહ તીર્થયાત્રી વહ તીર્થ કરનેકો નિકલા હૈ. આત્માકા પરમાનંદરૂપી ઝરના જહાં અંદરમેં એકાગ્ર હોકર ઝરે. વહાં ચંદન વૃક્ષ આદિકી શોભા જ્ઞાનદર્શનકી હૈ. ઉસમેં ગણધર, દેવેન્દ્ર ઔર ચક્રવર્તી. તીર્થયાત્રી આયા ભગવાનકે પાસ. યહાં સર્વજ્ઞકી ઉપમા દી હૈ ન. વહ તીર્થયાત્રીયોં હૈ. તિરનેકા ઉપાય શોધકર તરતે હૈ તો ભગવાનકે પાસે આયે હૈં.

'**ગણધરાદિ ભવ્યજીવરૂપી તીર્થ-યાત્રીયોંકે...**' આ એને તીર્થની યાત્રા કરનારા કહે છે. એ સર્વજ્ઞ પરમાત્માના અતીન્દ્રિય આનંદ અને ચંદનવૃક્ષ જ્ઞાન દર્શનાદિ હૈ ઉસકે પાસ આતે હૈ ઉસકો યહાં તીર્થયાત્રી કહનેમેં આતા હૈ. યહાં પર્વત પાસે જાયે ઉસકો વ્યવહાર તીર્થયાત્રી કહતે હૈં. સમજમેં આયા? ઐસા '**તીર્થ-યાત્રીયોંકે કાનોંકો સુખકારી ઐસી દિવ્યધ્વનિસે શોભાયમાન...**' ભગવાનકી દિવ્યધ્વનિ નિકલતી હૈ આનંદ અમૃત બતાનેકો. 'વચનામૃત વીતરાગના...' જૈસા અમૃત આનંદકા અનુભવ કરતે હૈ ભગવાન અતીન્દ્રિય આત્મસ્વભાવમેં એકાગ્ર હોકર ઐસી વાણી નિકલતી હૈ. યાત્રીકો બતાયા અરે! આત્માઓ! તુમ આનંદમય હો. આહા..હા..! અરે! તીર્થયાત્રીયોં! તુમ તીર્થ કરનેકો આયે હો. તુમ્હારા આત્મા અતીન્દ્રિય આનંદસે પરિપૂર્ણ ભરા હૈ. ઉસમેં તુમ દૃષ્ટિ ઔર સ્થિરતા લગાઓ. યહ તો ..

સમકિતી તો હૈ. સમજમેં આયા? ઉસમેં સ્નાન કરો, હમ સ્નાન કરકે પવિત્ર હોકર કેવલજ્ઞાન પાયા, તુમ ભી ઐસે આત્માકે ચૈતન્ય સરોવરમેં એકાકાર હોકર સ્નાન કરો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કહો, સમજાણું કાંઈ? આશીર્વાદની ક્યાં વાત છે? અહીં તો કહે છે, શોભાયમાન એ વસ્તુ આત્મા છે એમ કહે છે. અહીં તો એવો આત્મા છે એમ કહેશે.

**'દેવેન્દ્ર ચક્રવર્તી ગણધરાદિ ભવ્યજીવરૂપી તીર્થ-યાત્રીયોંકે કાનોંકો સુખકારી...** ' ક્યોં સુખકારી કહા? કિ જિસકો અતીન્દ્રિય આનંદ પ્રિય હૈ. સમજમેં આયા? પંચાસ્તિકાયમાં નથી ભાઈ લીધું? પહેલી ગાથામાં નહિ? 'જગ મધુર વિશુદ્ધ...' એવી બધી ઉપમા લીધી છે. પહેલી ગાથામાં. ઈન્દ્રિય તદ્ વંદણિયાણં. ભગવાન ત્રિલોકનાથ કૈસા હૈ? સો ઈન્દ્રોંસે વંદનિક ઔર તીન જગતકો હિત કરનેવાલે ઔર સ્પષ્ટ ઔર મધુર જિસકા વાક્ય હૈ. મીઠા મનોહર. કિસકો? યહ જિસકો આત્માકી અંતર ચૈતન્યકી દૃષ્ટિ ઔર અનુભવ કરનેકા ભાવ હૈ ઐસે પરમ મનોહર જીવકો ઉસકી વાણી મનોહર લગતી હૈ. આહા..હા..! એ પહેલી ગાથામાં ઘણું મૂક્યું છે. મધુર .. મીઠા વાક્યો. મીઠા વાક્યો. લે વાક્ય મીઠા હશે! વાક્યમેં ઐસા કર્ણપ્રિય આવે છેને? આહા..હા..! ભાઈ! પ્રભુ! તેરા આત્મા તો અંદર આનંદરસસે ભરા હૈ ન પ્રભુ! યહ વાક્ય ભી ઐસા આતા હૈ. તેરા આત્મા પૂર્ણ છલોછલ આનંદસે ભરા હૈ. એક આનંદકી કમી નહીં. પોણી સોલ આની નહીં. ઐસા આત્મામેં સોલહ આના આનંદ પડા હૈ ભગવાન! ઐસી ભગવાનકી વાણી આતી હૈ. આહા..હા..!

ગણધરોં સુનનેકો આવે, ઈન્દ્રોં સુનનેકો આવે વહ વાત .. સમજતા હૈ. ઐસી બાત અંદરમેં આતી હૈ. ઓહો..! ભગવાન તેરા આત્મા અતીન્દ્રિય આનંદસે ભરા હૈ. ઐસી વાણી કાનોંકો સુખ કર દેતી હૈ ઐસે યહ તીર્થ શોભાયમાન હૈ. '**ઐસી દિવ્યધ્વનિસે શોભાયમાન...**' હૈ. '**ઔર અનેક મુનિજનરૂપી રાજહંસોકો...**' પાછા સરોવરમેં ઓલા રાજહંસ હોતા હૈ ન રાજહંસ? સમજમેં આયા? રાજહંસ એટલે? એ પાણી અને દૂધને જુદું કરી દે. એવી એની શક્તિ હોય છે હંસોમાં. પાણી અધમણ હોય. આધા. આધા નહીં કહતે? આધા પાની ઔર આધા દૂધ. ચાંચ ખટ્ટી હો તો ઐસા ડાલકર જુદા કર દે. ઐસે મુનિજનરૂપી રાજહંસ જિસકો પુણ્ય-પાપકા વિકલ્પ વહ જલ હૈ, આત્મા આનંદ વહ દૂધ હૈ. ઉન દોનોંકો ભિન્ન કરતે હૈં. ઉન દોનોંકો ભિન્ન કરતે હૈં ઉસકો રાજહંસ કહનેમેં આતા હૈ. આહા..હા..! કહો, પ્રાણભાઈ! આવું તીર્થ પણ સાંભળ્યું નહિ હોય કોઈ દિ'. નહિ?

મુમુક્ષુ :- આ માહાત્મ્ય બતાવ્યું પોતાનું.

ઉત્તર :- આ માહાત્મ્ય બતાવે છે. તેરા આત્મા ઐસા હૈ, પરંતુ તુઝે ખબર નહીં. જ્યાં

ત્યાં ભટકે. કહાંસે પવિત્ર હોતા હૈ? કહાંસે પવિત્ર હોતા હૈ? પવિત્ર તો તું હી અંદરમેં પડા હૈ. સમજમેં આયા? આહા..હા..!

કહતે હૈં કિ '**મુનિજનરૂપી રાજહંસોંકો આદિ લેકર નાના તરહકે પક્ષિયોંકે શબ્દોંસે...**' દેખો, મહામુનિ હોતે હૈ ન? ઓહો..! ભગવાનકી વાણી! ઐસા બોલેને શબ્દ! વાહ પ્રભુ! પ્રમાણ .. સત્ય હૈ. ઐસા કોલાહલ હોતા હૈ ન? ઐસે અનેક પ્રકારકે મુનિજન આદિ રાજહંસો ઉસકી આવાજ નીકલતી હૈં. વાહ પ્રભુ! વાહ વાણી! વાહ! ઐસે યહ તીર્થ શોભતા હૈ એમ આચાર્ય કહતે હૈ. છહ ખંડમેં ચક્રવર્તી બૈઠે હો ન? ચક્રવર્તી બૈઠે હોં. ભગવાન પરમાત્મા આપકી વાણી યથાર્થ હૈ. . .ઐસે કોલાહલ હોતા હૈ. ઐસી વાણીકા કોલાહલ હોતા હૈ. સમજમેં આયા? મહાવિદેહ ક્ષેત્રમેં દેખો તો અભી ભી ઐસા હોતા હૈ. સીમંધર ભગવાન બિરાજતે હૈં ન અભી? તીર્થંકરપણે બિરાજતે હૈ કેવલી ઐસા હોતા વહાં અભી ઐસા હોતા હૈ. આહા..હા..! પણ માણસને કાંઈ વિચાર નહીં કે ક્યા ક્ષેત્ર હૈ, ક્યા પરમાત્મા હૈ, ક્યા ચીજ આત્મા હૈ. યહાં તો કહતે હૈ કિ ઐસા હી યહ આત્મા હૈ એમ કહેગા. આહા..હા..!

'**અરિહંત સર્વજ્ઞ વે હી નિશ્ચયસે મહાતીર્થ હૈં,...** ' લો, સમજમેં આયા? '**यदर्हद्वीतरागसर्वज्ञस्वरूपं तदेव निश्चयेन गङ्गादितीर्थं** ' 'परमनिश्चयेन तु **जिनेश्वरपरमतीर्थसदृशं**' એમ કહે. જુઓ, પછી છેલ્લું લીધું, પણ એની સાથે લીધું. ઐસા પરમાત્મા જૈસા તુમ્હારા આત્મા હૈ એમ કહતે હૈ લો. સમજમેં આયા? '**जिनेश्वरपरमतीर्थसदृशं**' દેખો, હૈ? દેખો, નિશ્ચયસે મહાતીર્થ તો ભગવાન પરમાત્મા હૈ. '**ઉનકે સમાન અન્ય તીર્થ નહીં હૈ.**' ગંગા-ફંગાકા સ્નાન તો વહ પાપ હૈ. પરંતુ યહાં તો ભગવાનકા તીર્થ હૈ ગિરનાર, સમ્મેદશિખર આદિ વહ ભી શુભભાવ પુણ્યબંધકા નિમિત્ત હૈ. પુણ્યભાવકા નિમિત્ત હૈ, પવિત્રતાકા નિમિત્ત હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા? પવિત્રતાકા કારણ તો તેરા પરમાત્મા હૈ. અંદર બિરાજમાન હમ જૈસા પરમાત્મા હૈ ઐસા હી તુમ હો ઐસા કહતે હૈ. સમજમેં આયા?

'**વે હી સંસારકે તરનેકે કારણ પરમતીર્થ હૈં.**' ભગવાન આત્મા અપના શુદ્ધ સ્વરૂપ પરમતીર્થ ઉસમેં એકાગ્ર હોકર સ્નાન કરનેવાલા સમ્યગ્દૃષ્ટિ આદિ મુનિયોં વહ પરમ તીર્થ હૈં. '**ઉનકે સમાન અન્ય તીર્થ નહીં હૈં. વે હી સંસારકે તરનેકે કારણ પરમતીર્થ હૈં. જો પરમ સમાધિ મેં લીન મહામુનિ હૈં, ઉનકે વે હી તીર્થ હૈં,...**' એ ધર્મીકો તો વહી તીર્થ હૈ, દૂસરા તીર્થ પરમાર્થસે હૈ નહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! શેત્રુંજયમાં કહેવાય છે. ઓલું શેત્રુંજય છેને શેત્રુંજય? એ શેત્રુંજયમાં ન નાહ્યા એના અવતાર ગયા એળે. એમ કહે છે. એ શેત્રુંજય છે. અરે! આ શેત્રુંજય નદી આ છે. શેત્રુંજય. ભાઈ! નામ ક્યા? તુમ્હારા નામ ક્યા? માણેકચંદજી. પાનાચંદભાઈકા ભાઈ. સમજમેં આયા? ઓહો..! શેત્રુંજય. યહ પુણ્ય-

પાપ આદિ વિકાર ભ્રમણા વહ શત્રુ હૈ. ઉસકા આત્માકા સ્વભાવમેં એકાગ્ર હોકર જય કરના વહ શેત્રુંજય આત્મા હૈ. વહ વ્યવહાર હૈ, પુણ્યબંધકા કારણ હૈ. ગિરનાર, શેત્રુંજય આગે આયેગા. સમ્મેદશિખર આદિ તીર્થમેં શુભભાવ જબ આતા હૈ તબ વંદનકા ભાવ હોતા હૈ, પરંતુ વહ પુણ્યબંધકા કારણ હૈ. આત્મદૃષ્ટિ અનુભવકે બિના ઐસા અકેલે શુભભાવસે તેરે તરણ ઉપાય હો જાયે. ઐસા કભી બનતા નહીં. લાખોપતિ, કરોડોપતિ, દો-પાંચ ખર્ચ કરલે ઓર મુક્તિ હો જાયે. ચલો ભાઈ તીર્થ નિકાલા પાંચ લાખ ખર્ચ કરકે. એય..! પ્રાણભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાફ થઈ ગયું લ્યો. ધૂલમેં સાફ હુઆ? પાંચ લાખ નિકાલો આપણે તીર્થ. એક સંઘ નિકાલો. દસ લાખ ખર્ચા તો ઓહો..હો..! ક્યા હુઆ? દસ લાખમેં રાગ મંદ કિયા હો તો પુણ્ય શુભભાવ હૈ. શુભભાવ હૈ. .. શુભભાવ હૈ. પરંતુ ઐસા માન લો કિ ઐસે શુભભાવસે હમારા જન્મ-મરણકા અંત આયેગા યા સમ્યગ્દર્શન હોગા વહ બાતમેં માલ નહીં કુછ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગયા હતા. બધે ગયા નહોતા? હમણા નહોતા ગયા? પોર નહોતા ગયા?

મુમુક્ષુ :- શેત્રુંજય આપણે ગયા હતાને એમ કહે છે.

ઉત્તર :- શેત્રુંજય ગયા હતા. બે વાર ગયા હતા. ૯૫માં અને ૬ની સાલ. શેત્રુંજય બે વાર તીર્થ ગયે થે. ગિરનાર તીન બાર. પહલે ૯૬, દૂસરી ૧૭, તીસરી બાર યહ અભી. દસ-દસ. પહલે ૯૬, ૧૦ અને ૧૭ તીનબાર તો વહાં ગયે, દો બાર યહાં ગયે. સમ્મેદશિખર એક બાર ગયે, બાહુબલી દો બાર ગયે. બહુત સાથમેં લોગ થે. પરંતુ વહ શુભભાવ હૈ. માણેકચંદજી! સાથમેં તો દો સાલ પહલે ગયે નહીં? બાહુબલજી ગયે વહાં ભગવાન કુંદકુંદાચાર્ય રહતે થે વહ પોન્નુરહીલ. વહાંસે ભગવાનકે પાસ ગયે થે. વહાં ૭૦ મોટર સાથમેં થી. હજાર માણસ થા. ૭૦ મોટરકે સાથ પાંચ-પાંચ હજાર લોગ દર્શનમેં. મદ્રાસસે ૮૦ માઈલ આ બાજુ વંદેવાસ હૈ. છોટા ગાંવ. વહાંસે પાંચ માઈલ પોન્નુરહીલ હૈ. વહાં હમ દો બાર ગયે. વહાં અપને તરફસે એક છોટા મકાન બનવાયા હૈ. ખાલી પગલા (ચરણ) હૈ ભગવાન કુંદકુંદાચાર્ય કા પગલા હૈ. યહાં તરફસે ૨૫-૩૦ હજાર સંસ્થાકો દિયા થા. વહાં એક બનાયા હૈ યાદગીરી માટે. યહાં દો બાર સોનગઢકા સંઘ આયા થા. સમજમેં આયા? હજી કોઈકો વિચાર હૈ ઐસા સુના હૈ. વહાં બનાનેકા કિસીકો ભાવ હૈ. કુંદકુંદાચાર્ય મહારાજ વહાં ધ્યાનમેં રહતે થે ઔર વહાંસે ભગવાનકે પાસ ગયે થે. સદેહ હોં ઈસ દેહસે. એમ કે કોઈ વળી આહારક શરીર હતું. એવું કાંઈ નહોતું. આહારક શરીર નહોતું આ બાજુ. ભગવાનના વખતમેં ચૌદ પૂર્વધારીકો આહારક શરીર હોતા

है. यह तो लब्धि थी और उसका मित्र देव था.

भगवानके पास सदेह गये थे और आठ दिन वहां रहे थे. और आसपासमें अभी दिखाया सबको बताया था. लाखो ताडी है आसपास लाखो ताडी. तो उस ताडपत्र लेकर उन्होंने बनाया समयसार, प्रवचनसार. और एक धवलगिरी है. जोडे धवलगिरी है. वहां षट्‌खंडागमकी टीका रचना हुई. साथमें धवलगिरी है. परंतु वहां तो शिवमंदिर हो गया है एकला. जैनका कोई नहीं रहा. परंतु बताया था कि यहां धवल लिखा है. जो कुंदकुंदाचार्य पहले महाऋषि धरसेनाचार्य जो गिरनारमें दिगंबर मुनि महासमर्थ मुनि जिनके कंठमें करुणानुयोगकी मिठास. उसने दो मुनिको बताया गिरनारमें. उसके बाद वहां टीका बनायी है. वह पोन्नुरहीलके पास बडी एक है. ऊंची टेकरी है. उस टेकरीमें अभी तो शिवमंदिर है. जैन नहीं. वहां धवल लिखा है. धवल वहां लिखा, समयसार वहां लिखा है. वह पोन्नुरहीलके पास है. वहां हम सब गये थे. हमने दो बार सबको बताया था. समजमें आया? परंतु भाव तो होता है कि नहीं? भक्तिभाव होता है, परंतु उसकी मर्यादा कितनी है? माणेकचंदजी! शुभभाव है. बस ईतनी. पापसे बचनेको, अशुभभावसे छूटनेको भाव होता है, परंतु ईतनेमें कल्याण मान ले, जन्म-मरणका अंत हो जाये वह बात नहीं. वह बताते है. समजमें आया? कहो, प्राणभाई! तमे आव्या हता के नहि एकेयवार त्यां? बेय नथी आव्या एकेयवार.

**'निश्चयसे निज शुद्धात्मतत्त्वके ध्यानके समान दूसरा कोई तीर्थ नहीं है,...'** है? पाठमें तो ऐसा लिखा है. ईसमें तो ईतना ही लिखा है. पाठमें तो ऐसा है. **'जिनेश्वरपरमतीर्थसदृशं'** समजे? **'निर्विकल्पपरमसमाधिरतानां निजशुद्धात्मतत्त्वस्मरणमेव तीर्थं,'** पाठ तो ऐसा है टीकामें. पण बराबर अर्थ नहीं लिखा. शब्दार्थ, बराबर पाठमें हो ऐसा शब्दार्थ होना चाहिये. भगवान परमेश्वर परम एकाग्र अंतर स्वरूपमें होकर परम आनंदका झरणाका पूर बहते थे और ज्ञानदर्शन आदि, चंदन आदि वृक्षसे शोभित थे और मुनिवरों आदि राजहंससे वहां शब्द होते थे और देवेन्द्र चक्रवर्ती आदि कानोंको सुखकर और मीठा ऐसी दिव्यध्वनि होती थी. ऐसा जो निजतीर्थ सर्वज्ञका ऐसा निजतीर्थ यह आत्माका. कहो, समजमें आया? आहा..हा..!

**'निश्चयसे निज शुद्धात्मतत्त्वके ध्यानके समान दूसरा कोई तीर्थ नहीं है, और...'** अब आया. **'व्यवहारनयसे...'** शुद्ध स्वरूपकी दृष्टि होनेपर भी उसमें स्थिर न हो सके तो ऐसा व्यवहारनयसे तीर्थका भाव ज्ञानीओंको भी आता है. समजमें आया? वह **'व्यवहारनयसे तीर्थंकर परमदेवाधिदेवके गुणस्मरणके कारण...'** सर्वज्ञ ऐसे थे, गिरनारमें भगवान बिराजते थे, वासुदेव, बळदेव जिसको वंदन करते थे. भाई थे न उसके? ..भगवानका

વાસુદેવ, કૃષ્ણ, બલદેવ ભાઈ થા. અર્ધ વાસુદેવ તો ઉસકો ભગવાનને .. લિયા. બલદેવ, વાસુદેવ તીન ખંડકે સ્વામી. ભગવાનને દીક્ષા લી. ઉસકે ભાઈ થે. ઐસા સ્મરણ કરનેકો ગિરનાર પર્વત ભી વ્યવહાર તીર્થ કહનેમેં આતા હૈ. પાંડવ યહાં શેત્રુંજય. પાંચ પાંડવ યહાં આયે થે. માસ-માસ ખમણકે અપવાસ કરતે થે. વહાં ધ્યાનમેં ગયે. વહાં દુર્યોધનના ભાંજા થા. ધ્યાનમેં મુનિ થે. ધર્મરાજ, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. ધ્યાનમેં નગ્નમુનિ. ઉસકા ભાંજેને લોહેકે (આભુષણ) બનાયા. દાગીના. દાગીના ક્યા કહતે હૈ? આભુષણ બનાયા. આનંદમેં રહતે થે. તીન તો કેવલજ્ઞાન પાકર મોક્ષ ગયે. યે શેત્રુંજય. તીન કેવલજ્ઞાન પાકર અંતર આનંદમેં ઉતરકર મોક્ષ ગયે. સહદેવ, નકુલકો જરા વિકલ્પ આ ગયા. અરે! બડે ભાઈકો ક્યા હુઆ? ઈતના સાધર્મીકિ સાથ... સર્વાર્થસિદ્ધકા આયુષ્ય બંધ ગયા. સર્વાર્થસિદ્ધકા આયુષ્ય બંધ ગયા. મોક્ષ અટક ગયા. સ્વર્ગમેં ગયે પીછે મનુષ્ય હોકર મોક્ષ જાયેગા. યહ પાંચ પાંડવોમેં સે તીન મોક્ષ ગયે ઔર દોકો.. ઐસા સ્મરણ કરનેકો વહ તીર્થ હૈ. સ્મરણ કરનેકો હૈ ન દેખો.

**'ગુણસ્મરણકે કારણ મુખ્યતાસે શુભ બંધકે કારણ...'** હૈ. સમજમેં આયા? અંતર ઉસ સમય એકાગ્રતા અંદરમેં હો તો શુદ્ધતા બઢતી હૈ ઔર બાહર લક્ષમેં જિતના પરિણામ રહા વહ પુણ્ય હૈ. સમજમેં આયા? **'બંધકે કારણ ઐસે જો કૈલાસ, સમ્મેદશિખર...'** દેખો, સમ્મેદશિખર. વહ ભી સ્મરણકે નિમિત્ત. ક્યા? કિ સમ્મેદશિખરમેં તીર્થંકર મોક્ષ પધારે હૈ. તો જહાં જહાં મોક્ષ પધારે હૈ ઉસકા ગુણસ્મરણકા વહ નિમિત્ત હૈ. ક્યોં? કિ જહાંસે મોક્ષ પધારે હૈં વહીં ઉપર બિરાજતે હૈં. ક્યા કહા? પાંડવ વહાંસે મોક્ષ પધારે તો વહીં બિરાજતે હૈ ઉપર સિદ્ધમેં. સિદ્ધ હૈ ન ઉપર? સીધા આત્મા મોક્ષ જાતા હૈ દેહ છૂટકર. વહાં બિરાજતે હૈ. સાદિ અનંત વહાં રહેંગેં. પાર્શ્વનાથ ભગવાન વહાં બિરાજતે હૈં. સમ્મેદશિખર મોક્ષ પધારે. આદિ વીસ તીર્થંકર. તો જિસ સ્થાનસે દેહ છૂટા, ઉસ સ્થાનમેં ઉપર હૈ. જ્ઞાનચંદજી! સમજમેં આયા? વહ સબકો કહા થા તેરકી સાલમેં. જો ભગવાન યહાંસે મોક્ષ પધારે તો યહાં બિરાજતે હૈ ઉપર. સિદ્ધકા સ્થાન હૈ ઉપર. યહાં બિરાજતે હૈં.

એક તો સ્થાનકવાસીકો કહા થા કિ ભાઈ! જાત્રાકા યહ હેતુ હૈ. તબ વહ કહે ઓહો..હો..! યહ તો હમને નહીં સુના થા. સમજે? બરવાળાવાળા હતાને એક. આગ્રહી હતા પછી તો .. એ ગુણસ્મરણમાં શુભભાવ છે એનું એક નિમિત્ત છે. યહાં સે મોક્ષ પધારતે હૈ વહાં પર વિચાર કરનેકા સ્મરણમેં નિમિત્ત હૈ કિ ઓહો...! યહાંસે ભગવાનકો કેવલજ્ઞાન પ્રાપ્ત હુઆ ઔર દેહ છોડકર યહાં ઉપર હી હમારે મસ્તક ઉપર ત્યાં સ્થાનમેં બિરાજતે હૈં. જહાંસે મોક્ષ પધારે વહાં ઉપર બિરાજતે હૈં, સમશ્રેણીસે. સમશ્રેણીસે જાતે હૈ કિ નહીં? મોક્ષ જાતે હૈ તો આઘી-પાછી શ્રેણી નહીં હોતી. ઐસે આત્મા નિકલે તો યહાં જાયે ઐસા નહીં. જહાંસે

આત્મા .. ઐસા.. સમજમેં આયા? ઐસા સ્થાનમેં ઉસકા ગુણસ્મરણમેં નિમિત્ત હૈ તો ઉસ કારણસે જ્ઞાનીઓંકો ભી વ્યવહાર તીર્થમેં શુભભાવ ઐસા હોતા હૈ, પરંતુ વહ શુભ પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા?

**'ઐસે જો કૈલાસ, સમ્મેદશિખર આદિ નિર્વાણસ્થાન હૈં,...'** કૈલાસ તો અભી નહીં હૈ. ઋષભદેવ ભગવાન મોક્ષ પધારે હૈ ન. વહ કૈલાસ પર્વત હૈ. અભી તો દિખતા નહીં. બહુત દૂર. વહાં ઋષભદેવ ભગવાન મોક્ષ પધારે. વહાં કૈલાસ હૈ આગે .. વહાં ભગવાન વહાં ઉપર બિરાજતે હૈ. યહાં સમ્મેદશિખર વહાં બિરાજતે હૈ, યહ ગિરનાર યહાં વહ બિરાજતે હૈ. ગિરનારમેં નેમિનાથ ભગવાન વહાં ઉપર હી બિરાજતે હૈં સબ. સાદિ-અનંતકાલ વહાં રહેંગે. ઐસે સ્મરણકે લિયે ધર્માત્માકોં પુણ્યબંધકા કારણ શુભભાવમેં વહ નિમિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? **'વે ભી વ્યવહારમાત્ર તીર્થ કહે હૈં.'** અર્થકાર જરી.. યહ વ્યવહારમાત્ર તીર્થ હૈ. પરમાર્થ તીર્થ તો યહ ભગવાન આત્મા અંતર શુદ્ધ સે ભરા હૈ ઉસમેં એકાગ્ર હોના વહી મહાતીર્થ હૈ. આહા..હા..! સમજમેં આયા?

**'જો તીર્થ-તીર્થ પ્રતિ ભ્રમણ કરે, ઔર નિજ તીર્થકા જિસકે શ્રદ્ધાન પરિજ્ઞાન આચરણ નહીં હો,...'** ખુલાસા કરતે હૈ. અપના સ્વરૂપ શુદ્ધ આનંદકંદ નિરાકુલ આનંદ ઉસકી તો અનુભવ દૃષ્ટિ, શ્રદ્ધા, જ્ઞાન નહીં ઔર અકેલા તીર્થ-તીર્થ પ્રતિ પરિભ્રમણ કરે ઔર **'જિસકે શ્રદ્ધાન પરિજ્ઞાન આચરણ નહીં હો,...'** તીનોં લિયા. અપના ભગવાન આત્મા ઉસકા અનુભવ કરકે પ્રતીતિ કરના ઔર સ્વરૂપમેં લીનતા, આચરણ યહ નહીં. **'વહ અજ્ઞાની હૈ.'** દેખો, સમજમેં આયા? **'વહ અજ્ઞાની હૈ.'** આહા..હા..! **'ઉસકે તીર્થ ભ્રમનેસે મોક્ષ નહીં હો સકતા.'** ઉસકે એટલે ઐસે અજ્ઞાનીકો અપના સ્વરૂપકી તો દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ હૈ નહીં. અપના સ્વભાવકા તો આશ્રય લિયા નહીં. અને અકેલે પરકે આશ્રયસે હમારી મુક્તિ હો જાયેગી ઐસા માનનેવાલા અજ્ઞાની ઉસકે તીર્થ ભ્રમનેસે મોક્ષ નહીં હો સકતા. સમજમેં આયા? ધર્મચંદજી! બહુ સરસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુભભાવનું બજાર અહીંયા મંદ છે કહે. બીજે બહુ તેજમાં છે. શુભભાવકી તો કિંમત જિતની હૈ ઉતની હૈ. શુભભાવકી તો કિંમત જિતની હૈ ઉતની હૈ. અશુભ પાપ હૈ, શુભ પુણ્ય હૈ, શુદ્ધસ્વભાવ હૈ વહ ધર્મ હૈ. સાત તત્ત્વ હૈ કિ નહીં? સાત તત્ત્વ હૈ કિ નહીં? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ઔર મોક્ષ. તો આસ્રવ હૈ, વહ શુભ-અશુભભાવ દોનોં આસ્રવ હૈ. પરંતુ ઉસમેં પાપભાવ વહ તીવ્ર આસ્રવ હૈ, પુણ્યભાવ વહ મંદ આસ્રવ, પરંતુ હૈ તો આસ્રવ. સમજમેં આયા? ઐસી દૃષ્ટિ જિસકો અંતરમેં નહીં

ઔર અકેલા તીર્થ-તીર્થ પ્રતિ ભ્રમણ કરતા હૈ ઔર હમારા કલ્યાણ હો જાયેગા, જન્મ-મરણકા અંત હોગા. તો આચાર્ય કહતે હૈં કિ અજ્ઞાની હૈ. સમજમેં આયા? આહા..હા..!

એ ગાથામાં નથી કહ્યું ભાઈ? નહિ ઓલા ૪૪-૪૫. ૪૫ ગાથામાં નહિ? .. આઠેય કર્મને ભગવાને તો દુઃખ જ કહ્યું છે. ૪૫ ગાથા હૈ. સમયસાર પહલેમેં ભગવાન આચાર્ય... સમજમેં આયા? ૪૫ હૈ દેખો.

**अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।**
**जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।**

આહા..હા..! આચાર્ય ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં. હે ભગવાન! સુન તો સહી પ્રભુ! તુઝે આઠ કર્મકા જો બંધ પડતા હૈ શુભ હો કિ અશુભ, પરંતુ ઉસકે ફલમેં તો દુઃખ હૈ. આહા..હા..! પાછા ખુલાસા ક્યા કિયા હૈ? કિ '**અનાકુલતા જો સુખ નામકા આત્મસ્વભાવ ઉસસે વિલક્ષણ હોને સે...**' વહ દુઃખ હૈ. '**ઉસ દુઃખમેં હી આકુલતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવ સમાવિષ્ટ હોતે હૈં.**' ક્યા કહતે હૈં? સુન તો સહી ભગવાન! વહ શુભ-અશુભભાવ, ભગવાન કહતે હૈ કિ દુઃખમેં હી સમાવેશ હોતા હૈ. દોનોં દુઃખ હૈ. હોતા હૈ, અશુભસે બચનેકો શુદ્ધમેં સ્થિર ન હો તબ, દૃષ્ટિ અપના સ્વભાવ સન્મુખ હોનેપર ભી વહ શુભભાવ હોતા હૈ. પરંતુ વહ શુભભાવ અશુભ દુઃખમેં સમાવિષ્ટ હોતે હૈ. આહા..હા..! ઈતના તો ખુલાસા કિયા હૈ. ભાઈ! વહ આનંદ ભગવાનકા હૈ ઉસમેં વહ સમાવિષ્ટ નહીં હોતે. કહો, સમજમેં આયા? યહાં તો આઠોં કર્મમેં ડાલા. તીર્થંકર પ્રકૃતિ વહ સમજને જૈસા હૈ. કહો, સમજમેં આયા કુછ? ઉસકો તો તીર્થંકર પ્રકૃતિ બાદમેં ફલતી હૈ ન. પરંતુ યહાં તો '**अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।**' ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરકી દિવ્યધ્વનિમેં આઠ કર્મ દુઃખમય કહનેમેં આયા હૈ. આહા..હા..! શુભબંધ હો યા અશુભબંધ હો. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ, બંધનમેં આ જાતા હૈ વહ દુઃખ હૈ. આહા..હા..! સમજમેં આયા? ઐસી બાત.

'**તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' એમ કહે છે. વહ શુભ-અશુભભાવ સમજમેં આયા? હૈ હી નહીં ઐસા હૈ એમ કહતે હૈ. ભ્રમ ઉપજાવે છે એમ કહે. સમજે? ૪૫ હૈન? '**તોપણ તેઓ આત્માના સ્વભાવો નથી...**' શુભ-અશુભભાવ વહ આત્માકા સ્વભાવ નહીં. '**પરંતુ પુદ્ગલ સ્વભાવ હૈં.**' આહા..હા..! લોગોંકો ઉનકી મીઠાસ હૈ ન બાહરકી મીઠાસ. આત્મા આનંદસ્વરૂપકી મીઠાસકી રુચિ બિના વહ પુણ્ય-પાપકે ભાવકી મીઠાસ અંદરસે હટતી નહીં. ઐસા મીઠા... મીઠા... મીઠા... લગતા હૈ જૈસે. ઓહો..હો..! સમજમેં આયા? શુભબંધકી બાત આયે તો વહ ખુશ હો જાતા હૈ. યહાં તો

કહતે હૈ...

મુમુક્ષુ :- બંધાવાની વાત આવે ત્યાં

ઉત્તર :- બંધાવાની... પણ ભાઈ! વહ તો અશુભસે બચનેકો આતા હૈ, પરંતુ વહ કોઈ આદરણીય નહીં હૈ. આદરણીય તો ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ ઉસકા આદર હૈ, તબ ઉસકે ભાવકો પુણ્યબંધ કહનેમેં આતા હૈ. આહા..હા..! ભારે વાત! જુઓને એકલું કઠણ છે. સત્યની પ્રતીત ઉસે અપના નિજસ્વભાવકા માહાત્મ્ય હી આતા નહીં. મૈં ઈતના? મૈં બાહર નિકલું તબ કોઈ ભાવ હોતા હૈ તો ઉસકી કિંમત હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કેટલી મીઠાસ મૂકી દેખોને. ઈતના તો લે લિયા કિ તીર્થંકર ઐસા હૈ, ઐસા તેરા આત્મા ઐસા હી હૈ. ફેર કુછ નહીં. વસ્તુ તો ઐસી હૈ. ઔર ઐસી ચીજમેં તેરી એકાગ્રતા હો વહ તેરા તીર્થ હૈ. આહા..હા..! યહ તરણ ઉપાય હૈ, તરણ ઉપાય હૈ. તરનેકા ઉપાય તો યહ હૈ. દેખો, તરણ ઉપાય કહકર ફિર બંધ કહા હૈ. સમજમેં આયા? નિશ્ચયમેં બીચમેં વ્યવહાર આતા હૈ જરૂર. સમજમેં આયા? પૂર્ણ વીતરાગ ન હો તબ નિશ્ચય દૃષ્ટિ, જ્ઞાન હોનેપર ભી નિશ્ચયમેં વ્યવહાર બીચમેં આતા હૈ. પહલે વ્યવહાર નહીં. સમજમેં આયા? તો યહ બાત સમજમેં આતી નહીં ઔર લોગ વહાં પકડ લેતે હૈ. દેખો, ઉસમેં હૈ ન? ઉસમેં ભી હૈ કિ નહીં? બંધ અધિકારમેં હૈ ન? બંધ-બંધ. મોક્ષ. મોક્ષ અધિકાર હૈ ન. દેખો! જયચંદ્ર પંડિતને લિખા હૈ. જયચંદ્ર પંડિત હુએ હૈ જયપુરમેં. બડે (વિદ્વાન). ઉન્હોંને અર્થ લિખા હૈ.

'કારણ કે નિશ્ચયનયની અપેક્ષાસહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે.' આત્માકી અંતરકી નિશ્ચય દૃષ્ટિ જ્ઞાન હુઆ તો બીચમેં વ્યવહાર રાગમંદતાકા બીચમેં વ્યવહાર આતા હૈ. કેવલ વ્યવહારકા પક્ષ મોક્ષમાર્ગમેં નહીં. ઈતના તો ખુલાસા વહ મોક્ષમાર્ગકે અધિકારમેં કરતે હૈ. જયચંદ્ર પંડિતને લિખા હૈ. જયપુરમેં હુએ હૈં. નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે. આતા હૈ સહી, પરંતુ વહ નિશ્ચયસ્વરૂપકી શુદ્ધ દૃષ્ટિ જ્ઞાન હુઆ તો બીચમેં વ્યવહાર હૈ, પરંતુ નિશ્ચયકે ભાન બિના અકેલા વ્યવહાર અકેલા બંધકા હી કારણ હૈ. ઉસમેં મોક્ષમાર્ગ તો જરા ભી હૈ નહીં. સમજમેં આયા? વહ ૮૫ ગાથા હુઈ.

૮૬. અબ ક્યા કહતે હૈ? '**જ્ઞાની ઔર અજ્ઞાની યતિયોંમેં બહુત બડા ભેદ દિખલાતે હૈં—**' અજ્ઞાની યતિ સાધુ નામ ધરાકર પરમેં ભટકતે હૈં. પુણ્ય-પાપકી ક્રિયામેં હમારા કલ્યાણ વહ માનતે હૈ અજ્ઞાની. જ્ઞાની અપને સ્વરૂપકી શ્રદ્ધા, આનંદમેં ધર્મ માનતે હૈં. દોનોંમે બહુત ફર્ક હૈ કહતે હૈ. અંતર દૃષ્ટિમેં દોનોમેં બહુત ઉગમણા-આથમણા.. ઉગમણા-આથમણા કહતે હૈ ન? ક્યા કહા? પૂર્વ-પશ્ચિમ. દેખો. યહ તીર્થકી ઐસી વ્યાખ્યા કરતે... યોગીન્દ્રદેવ મુનિ

થે હોં. આચાર્ય થેં. દિગંબર મુનિ થે જંગલમેં રહનેવાલે. ૯૦૦ સાલ પહલે. કુંદકુંદાચાર્ય તો દો હજાર વર્ષ પહલે હુએ. યહ ૯૦૦ સાલ પહલે હુએ. જંગલમેં રહનેવાલે. મહા આત્મધ્યાન મસ્ત આનંદમેં.

તો વહ કહતે હૈ ભૈયા! **'જ્ઞાની ઔર અજ્ઞાની યતિયોંમેં બહુત બડા ભેદ દિખલાતા હૈ—'** સાધુ તો હોતા હૈ કહતે હૈ. અંતર અનુભવકી દૃષ્ટિ બિના અજ્ઞાની યતિ હોતા હૈ ઔર એક આત્માકા ભાનસહિત યતિ મુનિ હોતા હૈ. દોમેં બહુત પૂર્વ-પશ્ચિમકા ફર્ક હૈ.

૨૧૩) **णाणिहिँ मूढहँ मुणिवरुहँ अंतरु होइ महंतु।**
**देहु वि मिल्लइ णाणियउ जीवहँ भिण्णु मुणंतु।।८६।।**

જ્ઞાની નામ **'સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી...'** હૈ ઉસમેં અર્થ? દેખો, જિસકો એક રાગકી-શુભભાવકી ભી કર્તાબુદ્ધિ નહીં. દેહકે રજકણકી ક્રિયા ચલતી હૈ ઉસ ક્રિયાકા કર્તા જ્ઞાની નહીં. ઉસકા નામ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ, ભાવલિંગી કહનેમેં આતા હૈ. હૈ ઉસમેં? લિખા હૈ દેખો ભાવલિંગી. આત્મા ભાવલિંગ અર્થાત્ આત્મા પુણ્ય-પાપકા કર્તા નહીં, દેહકી ક્રિયાકા કર્તા નહીં. અપના શુદ્ધ આનંદસ્વરૂપકી પરિણતિકા કર્તા હૈ ઔર જ્ઞાતા-દૃષ્ટા હૈ ઐસા જિસકો જ્ઞાન, શ્રદ્ધા, આનંદ હુઆ ઉસકો ભાવલિંગ (અર્થાત્) આત્મામેં નિર્મલ ચિહ્ન આનંદકા પ્રગટ હુઆ ઉસકો ભાવલિંગી મુનિ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

ઔર **'મૂઢાનાં'** મૂઢાની વ્યાખ્યા કરી **'મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી...'** હૈ? મિથ્યાત્વકા અર્થ કરેંગે. મિથ્યાદૃષ્ટિ નામ બહિર્બુદ્ધિ જિસકી હૈ. શરીર, વાણી, મનકી દશા મૈં કરતા હૂં ઔર ઉસસે મુઝે લાભ હોગા, શુભ-અશુભભાવ વિકાર હૈ ઉસસે મુઝે લાભ હોગા. ઐસા બહિર્ આત્મા ચૈતન્ય સ્વરૂપ શુદ્ધસે બહિરબુદ્ધિ જિસકી હૈ ઉસસે લાભ માનનેવાલા હૈ, યહ મિથ્યાદૃષ્ટિ નામ જૂઠી દૃષ્ટિ હૈ, વહ દ્રવ્યલિંગી હૈ. દ્રવ્યલિંગ હૈ સાધુપના, પરંતુ યથાર્થ સાધુ નહીં. સમજમેં આયા? મુનિ અપની બાત કરતે હૈ દેખો. મુનિ તો ઉસકો કહતે હૈ કિ અપને સમ્યગ્દર્શનપૂર્વક અંતર પુણ્ય-પાપકે રાગરહિત સ્વભાવકી દૃષ્ટિ કરકે સ્વભાવમેં શુદ્ધતા અંદર પ્રગટ હુઈ, પવિત્રતા પ્રગટ હુઈ. ઉસકો પુણ્ય-પાપકા ભાવ આતા હૈ. કર્તા નહીં, લાભ માનતે નહીં. દેહકી ક્રિયા હોતી હૈ વહ જડસે હોતી હૈ વહ મૈં નહીં. ઐસા જિસકો અંતરમેં ભાવલિંગ નામ અનુભવ દૃષ્ટિકા ચિહ્ન પ્રગટ હુઆ ઉસકો સ્વરૂપકી રમણતાવાલેકો સત્ સાધુ કહતે હૈ. અજ્ઞાનીકો દ્રવ્યલિંગી કહતે હૈ. જિસકો રાગકી ક્રિયામેં ધર્મ માનતે હૈં, શુભભાવમેં ધર્મ માનતે હૈં, દેહકી ક્રિયા હમ કરતે હૈં. શરીરકી ક્રિયા હમને કી, નગ્નપના હમને લિયા. વહ તો જડકી ક્રિયા હૈ શરીરપના. અંદર શુભભાવ હૈ વહ પુણ્ય હૈ.

મુમુક્ષુ :- નિમિત્ત હોતા હૈ.

ઉત્તર :- ક્યા નિમિત્ત હોતા હૈ? શુદ્ધ પ્રગટ કરે તો નિમિત્ત કહનેમેં આતા હૈ. માલ વિના કોથળા કિસકા? કોથળા-કોથળા ક્યા કહતે હૈ? બારદાન. માલ બિના બારદાન કિસકા? વહ મુનિ નામ '**બડા ભારી ભેદ હૈ. ક્યોંકિ જ્ઞાની મુનિ તો શરીરકો ભી જીવસે જુદા જાનકર છોડ દેતે હૈં,...**' દેહકી ક્રિયા મેરી નહીં, રાગકા ભાવ મેરા નહીં. ઐસા અંતરમેં અનુભવ કરતે હૈ ઉસકા નામ જ્ઞાની મહામુનિ ધર્માત્મા કહનેમેં આતા હૈ. વહ વિશેષ કહેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૧, બુધવાર, તા. ૧૬-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૬-૮૭, પ્રવચન-૧૩૦**

પરમાત્મપ્રકાશ. દૂસરા ભાગ. ઉસકી ૮૬વીં ગાથા હૈ. ક્યા કહતે હૈ? '**જ્ઞાની ઔર અજ્ઞાની યતિયોંમેં બહુત બડા ભેદ દિખલાતે હૈં—**' જૈસે ગૃહસ્થાશ્રમમેં સમ્યગ્દૃષ્ટિ ઔર મિથ્યાદૃષ્ટિમેં બહુત ભેદ હૈ. સમ્યગ્દૃષ્ટિ અપના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ઉસકી દૃષ્ટિ, જ્ઞાન ઔર ઉસમેં આચરણ સ્થિરતાકો મોક્ષકા માર્ગ સમજતે હૈં. મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થાશ્રમમેં હોને પર ભી. વહ ઉપર આ ગયા ન તીર્થ આદિ બાતેં. તીર્થમેં ભ્રમણ કરતે હૈ અકેલી જાત્રા. આત્માકા દર્શન-જ્ઞાનકા ભાન નહીં. તો એકલા તીર્થમેં, પૂજા, ભક્તિમેં મોક્ષમાર્ગ માનતે હૈં વહ ગૃહસ્થાશ્રમમેં મૂઢ હૈ. ઐસા ઉપર કહ ગયે હૈ. સમજમેં આયા?

અબ મુનિમેં ભી ઐસા હોતા હૈ ઐસા કહતે હૈં. ગૃહસ્થાશ્રમમેં અપને શુદ્ધ સ્વરૂપકે ભાન બિના, દૃષ્ટિ જ્ઞાન કિયે બિના અકેલી શુભભાવકી ક્રિયાકો હી મુક્તિકા માર્ગ માનકર ચાર ગતિમેં ભટકતે હૈ અનાદિસે. ઉસકો આત્માકા ભાન નહીં. ઐસે મુનિયોંમેં ભી '**સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી...**' દેખો પહલા શબ્દ પડા હૈ. યહાં મૂલ તો ભેદજ્ઞાનકી બાત કરની હૈ. '**સમ્યગ્દૃષ્ટિ ભાવલિંગી...**' જરા વ્યાખ્યા સૂક્ષ્મ બાત હૈ. આત્મા પુણ્ય-પાપકા રાગસે ભિન્ન અપના ભાન જિસને કિયા હો ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિ ઔર સ્વરૂપમેં સ્થિરતા વિશેષ જમ ગયી હો, અરાગી-

વીતરાગી પર્યાય ઉસકો મુનિ કહતે હૈં, ઉસકો ભાવલિંગી કહતે હૈં. ઔર મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી–જિસને દ્રવ્યલિંગ ધારણ કિયા નગ્નપના, પંચ મહાવ્રતાદિ ભાવ, અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પ રાગ વહ હૈ, પરંતુ અંદરમેં ઉસસે ભિન્ન અપના ભાન નહીં. સમજમેં આયા? યહ રાગકા ભી કર્તા નહીં, દેહકી ક્રિયા ભી મેરે નહીં. મેરા સ્વરૂપ તો શુદ્ધ આનંદ રાગસે ઔર દેહસે ભિન્ન હૈ. ઐસા જિસકો અંતર ભાન નહીં ઉસકો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી કહતે હૈ. સમજમેં આયા? ઐસા '**મુનિયોંમેં બડા ભારી ભેદ હૈ.**' એક આત્માકે સ્વભાવ સન્મુખકા અનુભવ કરતે હૈ ઔર દ્રવ્યલિંગ બાહર હૈ. બાહરમેં મુનિપનાકા નગ્ન વેશ અઠ્ઠાઈસ મૂલગુણ ભી હૈ, પરંતુ અંતરસે ઉસકા આત્મબોધ આનંદ ચારિત્ર અંતરકી રમણતાકા ભાન હૈ. તો ઉસકો ભાવલિંગી કહનેમેં આતા હૈ. ઔર અંતરમેં રાગકી ક્રિયાસે ભિન્ન ચૈતન્યકી ક્રિયાકી ખબર નહીં, રાગકી ક્રિયા હી મેરા કર્તવ્ય હૈ, દેહકા આચરણ હી મેરા કર્તવ્ય હૈ ઐસા માનતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી ગિનનેમેં આતા હૈ. ઓહો..હો..!

'**ક્યોંકિ જ્ઞાની મુનિ તો શરીરકો ભી જીવ સે જુદા જાનકર...**' દેહકા પરમાણુ યહ તો માટી હૈ. ઉસકી પર્યાય ઉત્પાદ હોતા હૈ ક્ષણ ક્ષણમેં શરીરમેં. પરમાણુમેં યહ દેહકી અવસ્થા હોતી હૈ વહ જડકી હૈ, આત્માકી નહીં. ધર્મી મુનિ અથવા ધર્મી સમ્યગ્દૃષ્ટિ દેહકી ક્રિયાકો અપના માનતે નહીં. સમજમેં આયા? ઓહો..હો..! પૂજા-ભક્તિમેં ઐસા આતા હૈ ન? શરીર ચેષ્ટા હોતી હૈ. સ્વાહા ભક્તિ. તો વહ તો દેહકી ક્રિયા જડકી હૈ. જ્ઞાની દેહકી ક્રિયા અપનેસે હોતી હૈ ઐસા નહીં માનતે. એમ સમ્યગ્દૃષ્ટિ મુનિ દેહકી ક્રિયા હલનચલનકી હોતી હૈ યહ અપની હૈ ઐસા નહીં માનતે. મિથ્યાદૃષ્ટિ માનતે હૈ કિ અપના આત્મા વહ દેહકા આચરણ, આત્મા હે તો દેહ ચલતા હૈ, આત્મા હૈ તો દેહ કો બોલનેમેં આતા હૈ ઐસા અજ્ઞાની માનતે હૈ.

તો '**જ્ઞાની મુનિ તો શરીરકો ભી જીવ સે જુદા માનકર છોડ દેતે હૈં,...**' છોડ દેતે હૈં કા અર્થ ક્યા? વહ વાંધા ઉસમેં હૈ. છોડ દેતે હૈં કા અર્થ? ઉસકી એકત્વબુદ્ધિ કરતે નહીં. છોડે ક્યા? શરીર તો રહતા હૈ. પરંતુ શરીરકા આચરણ હલન-ચલન હૈ વહ મેરા નહીં. ઐસા દૃષ્ટિમેં વિપરીત ભાવ હો વહ છોડ દેતે હૈં. કિ મૈં કરતા હૂં, મૈં ચલતા હૂં, મૈં ચલતા હૂં, મૈં પરજીવકી દયા પાલતા હૂં. ઐસી શરીરકી ક્રિયાકો શ્રદ્ધામેંસે સમ્યગ્દૃષ્ટિ જીવ છોડ દેતે હૈં. સમજમેં આયા? '**અર્થાત્ શરીરકા ભી મમત્વ છોડ દેતે હૈં, તો ફિર પુત્ર, સ્ત્રી આદિકા ક્યા કહના હૈ?**' તો ઉસકો પુત્ર, સ્ત્રી આદિકી મમતા અંતરમેં હોતી નહીં. '**યે તો પ્રત્યક્ષસે જુદે હૈં, ઔર દ્રવ્યલિંગીમુનિ લિંગ(ભેષ)મેં આત્મ-બુદ્ધિકો રખતા હૈ.**' દેખો યહ ભાષા! સાધુ હુઆ, નગ્નલિંગ ધારણ કિયા. અંતરમેં પંચ મહાવ્રતકા, અઠ્ઠાઈસ મૂલગુણકા

રાગ ભી આયા શુભરાગ. વહ દ્રવ્યલિંગ હૈ. ઉસમેં આત્મબુદ્ધિકો કરતા હૈ, યહ હમારા કર્તવ્ય હૈ, યહ હમારા આચરણ હૈ ઔર વહી મૈં હૂં. સમજમેં આયા? ભારે વાત ભાઈ!

દ્રવ્યલિંગીમુનિ આત્મજ્ઞાન કે બિના શરીર ઔર રાગસે ભિન્ન અપના અનુભવ સમ્યગ્દર્શનકે બિના, જૈસે અજ્ઞાની સંસારમેં તીર્થ ભ્રમણ કરતે-કરતે હમારા મોક્ષ હો જાયેગા, ઐસા ઉસકો દેહસે ઔર રાગસે ભિન્ન અપના બોધ હૈ નહીં. ઐસા મુનિ હોકર ભી ઐસા માને કિ દેહકી ક્રિયા મેરે સે હૈ ઔર ભેખ જો પંચ મહાવ્રતકા વિકલ્પ ઉઠતા હૈ વહ પુણ્ય હૈ. ઉસમેં આત્મબુદ્ધિ કરતા હૈ. ઝીણી વાત, ભાઈ! સમજમેં આયા? પંચ મહાવ્રતકા ભાવ ઔર અઠ્ઠાઈસ મૂલગુણકા ભાવ વહ શુભરાગ હૈ, શુભરાગ હૈ. વહ આત્મા નહીં. ઉસકી મમતા સમ્યગ્દષ્ટિ છોડ દેતે હૈં. મિથ્યાદષ્ટિ ઉસમેં અપની બુદ્ધિ રખતે હૈ. તો ઉસકો ખબર નહીં. સમ્યગ્દષ્ટિ કો મુનિપના કૈસે હોતા હૈ ઐસા ભાન કરાતે હૈ. સાત તત્ત્વકી શ્રદ્ધામેં સંવર-નિર્જરાકી શ્રદ્ધા કૈસી હોતી હૈ ઉસકા ભાન કરાતે હૈ. મુનિ હોતે હૈ તો અંદરમેં ચારિત્ર આનંદમેં લીન હોતે હૈ. જિસકો રાગકા, પંચ મહાવ્રતકા વિકલ્પ આયા તો ભી ઉસકા સ્વામી હોતા નહીં. ઔર રાગકા સ્વામી હો તો મિથ્યાદષ્ટિ હો જાતા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપદેશમેં ફેર હો અંદરમેં. સમજમેં આયા? ઊંડે-ઊંડે ફેર હોય, વાસ્તવિક તત્ત્વ ન હોય, ઊંડે-ઊંડે ફેર હોય. સાધારણ રીતે ઐસા ઉપદેશ આપે સાધારણ રીતે હોં. યથાર્થ તત્ત્વકી ઉસકો.. ઊંડે-ઊંડે ઉસમેં શરીરાદિકી ક્રિયાસે ધર્મ હૈ ઔર પુણ્યકે પરિણામસે ધર્મ હૈ ઐસા અભિપ્રાય અંતરમેં પડા હૈ. સમજમેં આયા? શરીરાદિ હલના-ચલના વહ જડકી ક્રિયામેં કુછ-કુછ હમારા કર્તવ્ય હૈ. શરીર નિવર્તાયા ના બાહરસે? તો હમેં કુછ નિવૃત્તિ તો મિલીન? ઐસા જડકી ક્રિયાકા સ્વામી અજ્ઞાની મિથ્યાદષ્ટિ અંદરમેં હોતે હૈ વહ બાહરકે લક્ષણમેં ભી દિખનેમેં આતા હૈ. સમજમેં આયા? ઝીણી વાત છે, ભાઈ!

'**ભાવાર્થ :- વીતરાગસ્વસંવેદનજ્ઞાની...**' દેખો, પહલે સમ્યગ્દષ્ટિકી બાત કહી, અબ મુનિકી બાત કરતે હૈં. '**વીતરાગસ્વસંવેદનજ્ઞાની...**' ભગવાન આત્મા વીતરાગ સ્વસંવેદન આત્માકા પ્રત્યક્ષ આનંદકા પ્રગટ વેદન હોતા હૈ ઉસકો. આનંદકા વેદન, આત્મા આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદ હૈ યહ અતીન્દ્રિય આનંદકા સ્વાદ ઉગ્ર આતા હૈ. સમ્યગ્દષ્ટિકો અલ્પ આનંદ આતા હૈ. મુનિકો અતીન્દ્રિય આનંદકા બહુત આનંદ આતા હૈ. ઉસકા નામ મુનિપના હૈ.

મુમુક્ષુ :- આ તો ...

ઉત્તર :- કુંદકુંદાચાર્યને કહા હૈ કુંદકુંદાચાર્યને. વહ સારા શબ્દ શાસ્ત્રમેં પડા હૈ. કુંદકુંદાચાર્યને કહા પંચમ ગાથામેં કિ હમારે ગુરુને હમકો શુદ્ધાત્માકા ઉપદેશ દિયા. સમજમેં આયા? હવે

ઉગ્રનો અર્થ અમારે પાઠ કાઢીને બતાવવો પડશે પાછો. 'પ્રચુર સ્વસંવેદન' લિયા હૈ. કુંદકુંદાચાર્યને. પાંચમી ગાથા. કુંદાકુંદાચાર્ય કહતે હૈં કિ હમકો અરિહંત ભગવાનસે લેકર પરમગુરુ. અરિહંત સર્વજ્ઞ પરમાત્માસે લેકર વહ પરમગુરુ. કૈસે થે વહ પરમગુરુ? **'નિર્મલ વિજ્ઞાનઘન આત્મામેં અંતર્નિમગ્ન થે,...'** થે. કૌન? સર્વજ્ઞ પરમાત્મા. સુનો ન્યાય. વહ તો મહા ટીકા હૈ, અદ્ભૂત ટીકા હૈ. કહતે હૈં કુંદકુંદાચાર્ય ટીકા સૂત્ર બનાતે હૈ કિ હમારા પરમગુરુ સર્વજ્ઞદેવ પરમેશ્વર કૈસા થા? નિર્મલ વિજ્ઞાનઘન ભગવાન આત્મા ઉસમેં અંતર્નિમગ્ન થા. વહ પરમગુરુ. પીછે? **'ઔર અપરગુરુ—ગણધરાદિકસે...'** પીછે મુનિ, ઉસકા શિષ્ય, ઉસકા શિષ્ય **'લેકર હમારે ગુરુપર્યન્ત,...'** વહ હમારે ગુરુ ભી ઐસે થે કિ નિર્મલ વિજ્ઞાનઘનમેં અંતર્મગ્ન થે. વહ હમકો ખાતરી હૈ ઐસા કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા? દેખો, પંચમ ગાથા હૈ.

**'અપગુરુ—ગણધરાદિકસે લેકર હમારે ગુરુપર્યન્ત,...'** વિજ્ઞાનઘન, આત્મા ચિદ્ઘનમેં લીન થા. ઉસકા નામ સર્વજ્ઞ ઔર ઉસકા મુનિ ઔર ઉસકા નામ આચાર્ય. ઈતની બાત. **'ઉનકે પ્રસાદરૂપસે દિયા ગયા જો...'** ઐસા હમારા ગુરુપર્યંત ઔર સર્વજ્ઞને હમારા ઉપર કૃપા કી. કુંદકુંદાચાર્ય કહતે હૈં. **'પ્રસાદરૂપસે દિયા ગયા જો શુદ્ધાત્મતત્ત્વકા અનુગ્રહપૂર્વક ઉપદેશ...'** અરે ભાઈ! તેરા આત્મા પુણ્ય-પાપકા રાગસે, મેલસે ભિન્ન હૈ, શુદ્ધાત્મા હૈ, પરમાત્મા હૈ. ઐસા હમારે ઉપર કૃપા કરકે હમારે ગુરુને હમેં ઉપદેશ દિયા? કિસકા દિયા? શુદ્ધાત્મતત્ત્વકા. સમજમેં આયા? દૂસરી બાત નહીં. હમારે ગુરુને યહ દિયા હમકો. આહા..હા..! અરે આત્મા! તેરી પરમાનંદ ચીજ તો શુદ્ધ ચિદાનંદ ઘન હૈ ન. યે પુણ્ય-પાપકા શુભ-અશુભ રાગ હૈ વહ તુમ નહીં, તેરી ચીજ નહીં. શરીર-બરીર તેરા નહીં. હમારા ગુરુને હમકો બોધ દિયા **'ઉસસે નિજવૈભવકા જન્મ હુઆ હૈ.'** હમારે આનંદકી ઉત્પત્તિ (હુઈ), વહ ઉપદેશ દિયા ઔર હમારે આત્મામેં હમ પરિણમ ગયે અંદરમેં. કૈસા હૈ દેખો, **'નિરંતર ઝરતા હુઆ...'** દેખો, હમારા આત્મામેં વહ આનંદ નિરંતર ઝરતા હૈ. વહ આયા થા ન કલ? કલ વહ તીર્થમેં નહીં? નિર્જર. પરમાત્મપ્રકાશમેં આયા થા ન? દેખો, યહ ટીકા. યહ શાસ્ત્ર અભીકા નહીં. યહ તો દો હજાર સાલ પહલેકા હૈ. સમજમેં આયા?

ક્યા કહતે હૈ? હમારે ગુરુને હમેં શુદ્ધાત્માકા ઉપદેશ દિયા વહ તો નિમિત્ત કહા. અબ હમ હમારે આત્મામેં, શુદ્ધ ચિદાનંદ મૂર્તિ વિજ્ઞાનઘન હૈ ઐસા હમ અંતર્મુખ હોકર અપના અતીન્દ્રિય આનંદકા હમારા સ્વાદ આયા. દેખો, **'નિરંતર ઝરતા હુઆ—સ્વાદમેં આતા હુઆ જો સુંદર આનંદ હૈ,...'** હમારા અનુભવકી મહોર ક્યા હૈ? વહ મહોર મારતે હૈ ન યહ? ટ્રેડમાર્ક નહીં કરતે હૈ? યહ મોહર લગાતે હૈ. તો કહતે હૈ હમારા અનુભવકી મહોર ક્યા હૈ? કિ સુંદર જો આનંદ. યહ સુંદર શબ્દ આયા. યહ દુનિયા સુખ-દુઃખકી કલ્પના

તો દુઃખ હૈ. હમેં સુંદર આનંદ હમારે આત્મામેંસે પ્રગટ હુઆ. કૈસા? સુંદર આનંદકી છાપ, મહોરછાપ હૈ ઉસમેં. પુણ્ય-પાપકા વિકલ્પકી હમારા મુનિપનામેં છાપ નહીં, વહ હમારી મહોર હી નહીં ઐસા કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

અબ આયા તુમ્હારા ઉગ્ર શબ્દમેં. '**ઉસકી મુદ્રાસે યુક્ત પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદનસે...**' પ્રચુર. સમ્યગ્દૃષ્ટિકો ધર્માત્મા ગૃહસ્થાશ્રમમેં હો તો ઉસકો આનંદકા વેદન અલ્પ હૈ. પરંતુ મુનિ ઐસા કહતે હૈં. હમ આચાર્ય મુનિ હૈ તો હમારા પ્રચુર સંવેદનસ્વરૂપ... સમજમેં આયા? પ્રચુર નામ ઉગ્ર, ઉગ્ર નામ ઘણો, બહોત વેદન હમેં આનંદકા આયા હૈ. ઉભરા આયા હૈ. ઉભરા કહતે? ક્યા સમજે? ઉફાન આતી હૈ ન? દૂધમેં ઉફાન આતી હૈ. ઐસે કહતે હૈં યહ છદ્મસ્થ મુનિ ઉસકો મુનિપના કહતે હૈં. આહા..હા..! પ્રચુરસંવેદન, સ્વરૂપસ્વસંવેદન ઉસસે હમારા અનુભવકા જન્મ હૈ. આહા..હા..! સમજમેં આયા? છદ્મસ્થ મુનિ હૈં. દો હજાર સાલ પહલે કહા હૈ કિ મુનિપના ઐસા હૈ. ઉસકો મુનિપના તીર્થંકરદેવને સ્વીકાર કિયા હૈ. હમારા ગુરુ ઔર તીર્થંકરને ઐસા કહા થા, ઐસા હમારે વેદનમેં આ ગયા. આહા..હા..! સમજમેં આયા? તો ગુરુને ઔર સર્વજ્ઞને ઉપદેશમેં ભી યહ કહા એમ. સારા ચૌદ પૂર્વ કહા થા ન. બાર અંગ સબ કહા થા, પરંતુ ઉસમેં શુદ્ધાત્મ તત્ત્વકા હી ઉસમેં સાર આયા થા. પ્રાણભાઈ! આહા..હા..! સારા ઉપદેશકા સાર સર્વજ્ઞ પરમેશ્વરકા ઔર હમારા ગુરુપર્યંત સર્વ ગણધરોંકા. આહા..હા..! હમકો ઉપદેશ દિયા, હમારે ઉપર કૃપા કી. હમ પાત્ર થે ઐસા ન લિયા. પરંતુ હમારે ઉપર કૃપા કરકે હમારે ગુરુને હમકો કહા. શિષ્ય! આત્મા શુદ્ધાત્મા હૈ ન ભગવાન! વહ પુણ્ય-પાપકા આસ્રવ વિકલ્પ હૈ ઉસસે ભિન્ન તેરી ચીજ હૈ. ઉસકા અનુભવ કર તો તુઝે સમ્યગ્દર્શન-જ્ઞાન હોગા. ઔર પ્રચુર અનુભવક વેદન, ઉગ્ર આનંદકા વેદન ઉસકા નામ ચારિત્ર ઔર મુનિપના હૈ. આહા..હા..! વાંચ્યુ છે કે નહિ આ પાંચમી ગાથા?

મુમુક્ષુ :- આ રીતે નહિ.

ઉત્તર :- આ રીતે નહિ.

યહાં તો યહાંસે દેખો, આ તો તમે ઓલો ઉગ્ર શબ્દ. '**પ્રચુરસંવેદનરૂપ સ્વસંવેદનસે...**' સ્વસંવેદનતો હૈ. સમ્યગ્દૃષ્ટિકો ભી ચોથે ગુણસ્થાનમેં હોતા હૈ, આઠ વર્ષકી લડકી હો ઔર સમ્યગ્દૃષ્ટિ હો ધર્મી. તો ઉસકો ભી આત્માકા સ્વસંવેદન-આત્મા જ્ઞાન હૈ, આનંદ હૈ ઉસકા વેદન તો ઉસકો ભી હૈ તો યહાં તો કહતે હૈં કિ હમારે તો 'પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન'. ઐસા વિશેષણ લિયા. સમજમેં આયા? હમ પંચ મહાવ્રત પાલતે હૈં ઔર અઠ્ઠાઈસ મૂલગુણ પાલતે હૈ યહ મુનિપના ઐસા નહીં કહતે ભાઈ! આહા..હા..! અરે ભૈયા! વહ તો દોષ હૈ. પંચ મહાવ્રતકા વિકલ્પ ઉઠતે વહ તો પુણ્ય હૈ. યહ મુનિપના નહીં. વહ ધર્મ નહીં, વહ ચારિત્ર

નહીં, વહ મોક્ષકા માર્ગ નહીં. મોક્ષકા માર્ગ ભગવાનને હમકો કહા થા. દેખો, દો હજાર વર્ષ પહલે કુંદકુંદાચાર્ય હુએ, ઉસસે પહલે છસ્સો વર્ષ પહલે ભગવાન મહાવીર હુએ. ઔર વહાંસે ભગવાનકે પાસ સીધે ગયે થે આઠ દિન. યહાં તો પરંપરાકી બાત લી.

હમારા પરમાત્મા ત્રિલોકનાથ મહાવીર પ્રભુ, ગણધર ઔર હમારા ગુરુ ઉસને હમકો આત્માકા ઉપદેશ દિયા, ભાઈ! તુમ શુદ્ધાત્મા હો. તેરી ભૂમિકા આત્મા પવિત્ર હૈ, તેરી ભૂમિમેં જો વિકલ્પ દિખતે હૈ રાગ વહ તેરી ચીજ નહીં. ઐસા હમકો બોધ લગા ઔર હમ અંતરમેં ઉતર ગયે ઐસા કહતે હૈ. પણ યહાં તો ઐસા ન કહકર ઐસા કહા કિ યહ ઉપદેશ મૈં દૂંગા, કહુંગા વહ હમારા વૈભવ પ્રચુર સ્વસંવેદનસે ઉત્પન્ન હુઆ હૈ. યહ હમારા વૈભવ હૈ. દુનિયા કહતી હૈ ન હમારા પૈસા, મકાન, સ્ત્રી વહ હમારા વૈભવ હૈ. વહ ધૂલકા વૈભવ, વહ વૈભવ નહીં.

મુમુક્ષુ :- સવારે આપે કહ્યું .. સારું નથી.

ઉત્તર :- નથી. હૈ હી નહીં. ધૂલ વૈભવ હૈ તો કહતે હૈ. સમયસાર સવારમાં આવ્યું હતું. કુછ કામકા હૈ નહીં ધૂલમેં પૈસા-બૈસા ઉસકા. સમયસાર નાટકમેં તો બહુત કડક લિયા હૈ. બહુત કડક લિયા હૈ. સમજમેં આયા? વહ બનારસીદાસને. સારા .. હમે પુણ્યસે મિલા હૈ. ક્યા મિલા હૈ તુઝે ધૂલ મિલી હૈ? તેરા આત્મા હૈ ઉસકી તુઝે ખબર નહીં ઔર યહ પૈસા હમારા હૈ ઉસે કામ આયેગા. મૂઢ હૈ? સમ્યગ્દૃષ્ટિકો ઐસા અંદરમેં નહીં હૈ. એક રજકણ મેરા નહીં. મૈં ક્યા ઉસકો વાપરું? કિસકા ક્રિયા કરું? મેરેમેં રાગ આતા હૈ વહ ભી મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય હૂં. યહાં તો આચાર્ય કહતે હૈં, હમારા વૈભવ પ્રચુરસ્વસંવેદનરૂપ સંવેદનસે ઉત્પન્ન હુઆ. સમજમેં આયા? શાસ્ત્રમેં તો ભાઈ યહાં તો બહુત ભર દિયા હૈ. કુંદકુંદાચાર્યને સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ. ઓહો..હો..! ભગવાનકી વાણી જો આયી ઉસકા સારા રહસ્ય શાસ્ત્રમેં ભર દિયા હૈ. સમજમેં આયા? જંગલમેં રહતે હૈ વનવાસમેં રહતે થે તાડપત્ર ઉપર. ઈતના એક-એક અક્ષરકી અમુલ્ય ચીજ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, અજ્ઞાની દ્રવ્યલિંગી સાધુ યા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની સંસારી વહ લિંગમેં આત્મબુદ્ધિ રખતા હૈ. અપના અતીન્દ્રિય શુદ્ધ આનંદસ્વરૂપમેં આત્મબુદ્ધિ ન કર વહ પુણ્યકા વિકલ્પ રાગ ઔર દેહકી ક્રિયામેં આત્મબુદ્ધિ યહી હમારા કર્તવ્ય હૈ, યહી હમારા કર્તવ્ય હૈ. સમજમેં આયા? '**વીતરાગસ્વસંવેદનજ્ઞાની મહામુનિ...**' દેખો, '**મન-વચન-કાય ઈન તીનોંસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' મન, વચન અને કાયા તીનોંસે અપના આત્મા ભિન્ન માનતે હૈં, અનુભવ કરતે હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- મનથી પણ જુદું!

ઉત્તર :- મનથી, વાણી અને દેહ. મનકા સંગ ભી મુઝે નહીં. અંદર મન હૈ ન મન યહાં છાતીમેં. સૂક્ષ્મ મન હૈ યહાં. યહ વાણી, યહ જડ. ઉસસે મેરી ચીજ હી ભિન્ન હૈ. જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ ઉસકા અનુભવ સમ્યગ્દૃષ્ટિ મુનિકો ઉગ્ર હોતા હૈ. ઉસકો પરમેં, રાગમેં, દેહમેં આત્મબુદ્ધિ હોતી નહીં. કહો, સમજમેં આયા?

'**તીનોંસે અપનેકો ભિન્ન જાનતા હૈ, દ્રવ્યકર્મ,...**' દેખો, દ્રવ્ય અર્થાત્ આઠ કર્મ. મેરે આઠ કર્મ હૈ? કિ ના. આઠ કર્મ મેરે હૈ હી નહીં. દેખો, હૈ ન? દ્રવ્યકર્મ અર્થાત્ આઠ કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. સમ્યગ્દૃષ્ટિ જીવ ઔર મુનિ સચ્ચે હૈ વે. આઠ કર્મકો અપના માનતે નહીં. એમ કહતે હૈ. ક્યોંકિ જડ હૈ વહ તો. અજીવ તત્ત્વ હૈ. તો અજીવ મેરા નહીં. મેરેમેં હૈ વહ પરમેં નહીં ઔર પરમેં હૈ વહ મેરા નહીં. '**ભાવકર્મ,...**' દેખો, ભાવકર્મ આયા. ભાવકર્મ ક્યા? એ દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામ જો ઉત્પન્ન હોતા હૈ વહ શુભ વહ ભાવકર્મ હૈ, વિકારભાવ હૈ. વહ સમ્યગ્દૃષ્ટિ ઔર મુનિ દોનોં ભાવકર્મકો અપના માનતે નહીં. આહા..હા..! સમજમેં આયા?

'**નોકર્માદિસે...**' નોકર્મ એટલે આ શરીર. યે શરીર, વાણી ઉસકો નોકર્મ કહનેમેં આતા હૈ. દ્રવ્યકર્મ... સત્ય બાત સમજમેં આયે નહીં અને ધર્મ કરના... ધર્મ કરના... કહાંસે ધર્મ હોગા? ઓહો..હો..! સમજમેં આયા? કઠણ તો લાગે ભાઈ! દુનિયાકો અનંતકાળકા અભ્યાસ દૂસરા હૈ અને વાત સુનનેમેં દૂસરી આવે. સત્ય બાત તો ઐસી હૈ ભગવાન! તેરા આત્મા હૈ અંદર. યહ જડ શરીર, યહ વાણી, યહ ભાવ યહાં મનમેં રાગ ઉત્પન્ન હોતા હૈ વહ ભાવકર્મ ઔર જડકર્મ આઠ ઉસસે ભિન્ન હૈ. દેખો, '**જિસકો મમતા નહીં હૈ,...**' ક્યા કહતે હૈ? સમ્યગ્દૃષ્ટિકો અથવા મુનિકો 'શરીર મેરા હૈ' ઐસી મમતા નહીં. યહ પુણ્ય પરિણામ વિકાર હૈ ઉસમેં મમતા નહીં કિ પુણ્ય પરિણામ મૈંને કિયા યહ મેરા હૈ ઐસી મમતા નહીં. આહા..હા..! કહો, વકીલ! સમજમેં આતા હૈ? બહુ સરસ લ્યો! નહિ તો વકીલનો કાગળ આજ આવ્યો છે વકીલનો. વહ જૂનાગઢસે. એક વકીલ. જામનગરસે. ત્યાં ગયે થે. પહેલે દિન સુનને આયા. દો વકીલ થા બડા. એક ઓલા જોશીભાઈ નહિ જોશી? પહલે દિન સુનને આયા. અભી ગયે થે ન સવા માસ પહલે. યહ ક્યા? આત્મા હૈ ક્યા? આત્મા હૈ વહ હમેં બૈઠતા નહીં. અચ્છા. દેખો! સુનો તો સહી. વ્યાખ્યાન સુનનેકો આયા. કવર અહીંયા નથી. ત્યાં મૂક્યું છે કવર. કવર આયા હૈ. કિ ઓહો..! યહ વ્યાખ્યાન સુનકર તો હમેં અનંત અનંત ઉપકાર હો ગયા હૈ. વકીલ લિખતે હૈ વકીલ હોં. જયસુખલાલ વકીલ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ ઐસી હૈ. આજ કવર આયા હૈ કવર. વહાં પડા હૈ. કવરમેં લિખા હૈ.

ઓહો..હો..! વીરજીભાઈ માટે તુમ આયે. વીરજીભાઈ હૈ ન વહ? ૯૫ વર્ષકી ઉંમર હૈ. ઉસકે લિયે ગયે થે ન ચાર દિન? પરંતુ હમારે પર બહુત ઉપકાર હો ગયા. અનંત-અનંત ઉપકાર લિખતે હૈ. હમ તો કુછ માનતે થે, હમ તો કુછ માનતે થે. ઔર રામજીભાઈકી સાક્ષીમેં હમારા જ્ઞાનકો કુજ્ઞાન ઠહરાયા અચ્છી બાત હૈ. ત્યાં રામજીભાઈ આગળ સાથમેં. પોષ વદમેં ગયે થે ને. તમારે .. હતી. ચાર દિન ત્યાં ગયે થે. વીરજીભાઈકી ૯૫ વર્ષકી ઉંમર હૈ ન. ખાટલામેં પડા હૈ. તો કીધું, યે વકીલાતકા જ્ઞાન કૈસા હૈ? કુજ્ઞાન હૈ. .. ઉસમેં. પત્રમેં લિખા હૈ. સચ્ચી બાત હૈ. કુજ્ઞાન ઔર કુટીલતા. મૈંને તો કુટીલતા કહી. એમ લિખતે હૈ.

મુમુક્ષુ :- કુજ્ઞાન..

ઉત્તર :- કુજ્ઞાન એટલે ઉંધું જ્ઞાન એમ. એમ બિચારાએ લખ્યું છે. કુજ્ઞાન અને કુટીલ. મૈંને કુટીલસે કામ કિયા હૈ અભી તક તો. એક ભી મેરી બાત સચ્ચી નહીં. એમ બિચારાકા કવર આયા હૈ. અને આ સાંભળીને તો.. અને એમ નહિ સમજવું કે આ ગામમાં તમને નહિ સમજનારા હોય. આપને સમજનારા છે આ ગામમાં. એમ બિચારાએ લખ્યું છે હોં. એમ કરીને ફરીને આવવાનું કહ્યું. માણસ વિચાર તો કરે કે નહિ? ક્યા હૈ? ઐસા ચલે અંધેઅંધા? આત્મા અંદર હૈ, વિકાર હૈ, શરીર હૈ, હો. સમજમેં આયા? પણ અપના ઉસે માનકર રહના વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. ચૈતન્યમેં વિકારકી મમતા કરે કિ મેરા પરિણામ પુણ્ય, મેરા હૈ. વહ મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? આહા..હા..!

તો પીછે કહતે હૈં કિ '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્માદિસે જિસકો મમતા નહીં હૈ, પિતા, માતા, પુત્ર, કલત્રાદિકી તો બાત અલગ રહે...**' વહ તો દૂર હી ચીજ રહ ગયી. પિતા, માતા, પુત્ર વહ તો કહી રહ ગયેં. ઉસકે સાથ હૈ નહીં. યહ તો ઉસકે સાથમેં હૈ. શરીર, કર્મ ઔર વિકાર. '**જો અપને આત્મ-સ્વભાવસે નિજ દેહકો...**' અપને આત્મસ્વભાવકા ભાન કરકે '**આત્મ-સ્વભાવસે નિજ દેહકો જુદા જાનતા હૈ.**' દેખો, ભાષા. ઐસે જુદા-જુદા કહતે હૈ ઐસે જુદા નહીં. અપના સ્વરૂપ જ્ઞાન ચૈતન્ય જ્યોત, ચૈતન્ય સ્વરૂપ ઉસકા ભાન કરકે આત્મસ્વભાવ શુદ્ધસે યહ દેહ ભિન્ન હૈ. વહ ભિન્નકા આચરણ મેરા નહીં. ઐસે અંતરમેં જો ભિન્ન જાનતે હૈ ઉસકો સમ્યગ્દૃષ્ટિ, ભાવલિંગી મુનિ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

'**જિસકે પરવસ્તુમેં આત્મભાવ નહીં હૈ.**' પરવસ્તુ સમજે? શરીર, પુણ્ય-પાપકા ભાવ ઉસમેં આત્મભાવ નહીં. મેરા વહ નહીં, મૈં નહીં વહાં. મેરેમેં વહ વિકાર નહીં ઔર વિકારમેં મૈં નહીં. ભાવકર્મ અઠ્ઠાઈસ મૂલગુણ હૈ વહ વિકલ્પ હૈ, વહ ભાવકર્મ હૈ. આહા..હા..! છ આવશ્યક, પંચ મહાવ્રતકા પરિણામ વહ ભાવકર્મ હૈ, શુભરાગ હૈ. વહ ભી મુનિ અપને આનંદકે

સ્વભાવકી દૃષ્ટિ સે ઉસકો જુદા જાનતે હૈ. મેરા નહીં. મૈં ઉસકા પાલન કરનેવાલા નહીં. આહા..હા..! ગૃહસ્થાશ્રમમેં ભી સમ્યગ્દૃષ્ટિ રાગકો ભિન્ન જાનતે હૈં. યહ તો મુનિ હૈ તો બહુત સ્થિરતા હો ગઈ એમ કહતે હૈ. ઈતની સ્થિરતા શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... મુનિ તો જંગલમેં બસતે હૈ. વનવાસ. આત્મધ્યાનમેં મગ્ન હૈ. તો કહતે હૈ કિ **'જિસકો પરવસ્તુમેં આત્મભાવ નહીં હૈ. ઔર મૂઢાત્મા પરભાવોંકો અપને જાનતા હૈ.'** લો. મૂઢ. વહ કહના હૈ. અજ્ઞાની આત્મા ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાકા સ્વભાવકો છોડકર વહ રાગ પુણ્યકા પરિણામ દયા, દાન ઔર શરીરકી ક્રિયા ઉસકો અપના માનતા હૈ. **'યહી જ્ઞાની ઔર અજ્ઞાનીમેં અંતર હૈ.'** અંતર યહ હૈ. દૂસરા કોઈ બાહરમેં અંતર નહીં. અંતરકા ભાવમેં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમેં ભેદ હૈ. અજ્ઞાની પુણ્ય-પાપ શરીરકો મેરા માનતા હૈ. જ્ઞાની પુણ્ય-પાપ, દ્રવ્યકર્મસે ભિન્ન અપના આત્મા આનંદસ્વરૂપ સે સ્વભાવકે ભાનસે પરકો જુદા જાનતે હૈ. સમજમેં આયા? **'યહી જ્ઞાની ઔર અજ્ઞાનીમેં અંતર હૈ.'** લો.

**'પરકો અપના માનેં વહ બંધતા હૈ,...'** ટૂંકી ભાષા. પરકો અપના માને વહ અજ્ઞાનસે બંધતા હૈ. શુભ-અશુભ ભાવ ઔર દેહાદિ ક્રિયા, વાણી આદિ મેરી ઐસે અંતર માનનેવાલા. ક્યોંકિ જીવને અજીવકો અપના માના ઔર જીવને પુણ્ય પરિણામ આસ્રવ ઉસકો અપના માના. તો ઉનકો અપના માને વહ બંધતા હૈ. નયા મિથ્યાદર્શનસે બંધતા હૈ **'ઔર ન માનેં વહ મુક્ત હોતા હૈ.'** બસ શબ્દ ટૂંકામેં હૈ દેખો. સમજમેં આયા? ભગવાન આત્મા પુણ્ય-પાપકે શુભરાગસે ઔર દેહસે ભિન્ન અપના સ્વરૂપકો જાનતા હૈ, પરમેં અપનાપન માનતા નહીં. અપનાપન માનતે નહીં વહ મુક્ત હોતે હૈ. વહ બંધનસે છૂટ જાતા હૈ. ઉસકો બંધન કભી હોતા નહીં. **'યહ નિશ્ચયસે જાનના.'** ઐસા નિશ્ચયસે જાનના. બરાબર નિર્ણય કરના. ઐસા લથડપથડ નહીં રખના. એમ કહતે હૈ. લખડપથડ ક્યા કહતે હૈ? ધજા જૈસે પવન આવેને પવન? જૈસા પવન ઉસ તરફ ધજા લટપટે ઐસી. ઐસા નહીં કરના. યથાર્થ નિર્ણય કરના કિ આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ ઉસકો રાગાદિકી મમતા જો કરે, મેરા રાગ હૈ ઔર મેરી જડકી ક્રિયા હૈ, મૂઢાત્મા બંધતા હી હૈ. ઔર રાગાદિ, શરીરાદિ મેરા નહીં. મેરા તો જ્ઞાનાનંદ સ્વભાવ શુદ્ધ આનંદ હૈ. ઐસા અનુભવ કરતા હૈ વહ નહીં બંધતા હૈ. નયા કર્મસે બંધતા નહીં. કહો, સમજમેં આયા? બસ વહ પૂરા હુઆ. અબ **'ઈસપ્રકાર ઈકતાલીસ દોહોંકે મહાસ્થલકે મધ્યમેં પન્દ્રહ દોહોંમેં વીતરાગસ્વસંવેદનજ્ઞાનકી મુખ્યતાસે દૂસરા અંતરસ્થલ સમાપ્ત હુઆ.'**

**'અબ પરિગ્રહત્યાગકે વ્યાખ્યાનકો આઠ દોહોંમેં કહતે હૈં—'** આચાર્ય ભિન્ન-ભિન્ન બાત કરકે અનેક પ્રકારકી વીતરાગ પરમાત્મપ્રકાશકા વર્ણન કરતે હૈ. મૂલ તો પરમાત્મપ્રકાશ

હૈ ન? ૮૭.

૨૧૪) **लेणहँ इच्छइ मूढु पर भुवणु वि एहु असेसु।**
**बहु विह-धम्म-मिसेण जिय दोहिँ वि एहु विसेसु।।८७।।**

ક્યા કહતે હૈ? **'જ્ઞાની ઔર અજ્ઞાની ઈન દોનોંમેં ઈતના હી ભેદ હૈ,...'** ધર્મી આત્માકા જ્ઞાન કરનેવાલા ઔર અજ્ઞાની રાગાદિમેં ત્યાગ માનતા હૈ **'કિ અજ્ઞાનીજન અનેક તરહકે ધર્મકિ બહાનેસે...'** દેખો, ધર્મને બહાને. ક્યા? **'ઈસ સમસ્ત જગતકો હી નિયમસે લેનેકી ઈચ્છા કરતા હૈ,...'** ધર્મકિ બહાને પુણ્યભાવકો અપના માનકર. સમજમેં આયા? દુનિયાસે આબરૂ લેના, દુનિયાસે કીર્તિ લેના, દુનિયા બડા માને. ઐસા અજ્ઞાની ધર્મકિ બહાનેસે સારા જગતકી અભિલાષા અભિપ્રાયમેં કરતા હૈ. સમજમેં આયા? આહા..હા..! ધર્મીકો કુછ નહીં ચાહિયે. અપના આત્મા શ્રદ્ધા-જ્ઞાનસે પરિપૂર્ણ હૈ ઉસકી તૃપ્તિમેં પરકી ઈચ્છા ધર્મીકો હોતી નહીં. એમ કહતે હૈં.

**'અજ્ઞાનીજન અનેક તરહકે ધર્મકિ...'** **'बहुविधधर्ममिषेण'** **'मिषेण'** છેને? એ ધર્મને બહાને. બહાને ચલતે હૈ ન ભૈયા તુમ્હારે? ધર્મકિ બહાને **'धर्ममिषेण'** ધર્મકિ બહાનેકા અર્થ ક્યા? કિ વેશ પહરે નગ્નદિગંબર આદિ ઔર હમ સમકિતી હૈ, હમ બ્રહ્મચારી હૈ ઐસા માનકર દુનિયાકે પાસ લેનેકી ભાવના કરતે હૈ. સમજમેં આયા? આબરૂ લેનેકી, બડા હોનેકી, શાસ્ત્ર પઢકર ભી દુનિયાસે કુછ લાભ લેના.

મુમુક્ષુ :- હાથ પકડી લે.

ઉત્તર :- હાથ પકડ લિયા? જુઓ એ શબ્દ પહેલો આવ્યો હતો આપણે, ક્યાંક આવ્યો હતો.

**'અજ્ઞાનીજન અનેક તરહકે ધર્મકિ બહાનેસે...'** હમ બ્રહ્મચર્ય પાલતે હૈં, હમ દયા પાલતે હૈં, હમેં ઐસે-ઐસે સાધન આપો, હમારી ભક્તિ કરના, સમજે? યહ તુમ્હારા કામ હૈ. ઐસા અજ્ઞાની ધર્મકિ બહાનેસે જગતકી અભિલાષા કરતે હૈ. જ્ઞાનીકો અભિલાષા કુછ હૈ નહીં. જ્ઞાનીકો અપના આત્મા શ્રદ્ધા-જ્ઞાનમેં જો પડા હૈ ઉસકી એકાગ્રતા કરતે હૈ. સમજમેં આયા? **'ઈસ સમસ્ત જગતકો હી નિયમસે લેનેકી ઈચ્છા કરતા હૈ,...'** દેખો, ક્યા કહતે હૈ થોડા જરી ભાષામેં. કિ જિસકો પરમાનંદ મૂર્તિ ઐસા આત્મા અંતરમેં અનુભવમેં, સમ્યગ્દર્શનમેં આયા નહીં ઔર ઉસકો રાગાદિકા, દેહાદિકી જિસકો અંતરમેં એકત્વબુદ્ધિ મિથ્યાત્વ હૈ વહ સારા જગતકી અભિલાષા હી કરતે હૈ. સારા જગતકો જાનનેવાલા, દેખનેવાલાકી ભાવના હુઈ નહીં. સમજમેં આયા? સારા જગતકા દેખનેવાલા આત્મા જ્ઞાતા-દૃષ્ટા હૈ, આનંદમય હૈ. ઈસકી તો શ્રદ્ધા, જ્ઞાન હૈ નહીં, ભાવના હૈ નહીં. ઔર ધર્મકિ બહાને દુનિયા હમકો બડે

કહે, દુનિયા પૂજે, દુનિયા હમકો માને ઐસા ધર્મકે બહાને અજ્ઞાની મૂઢ અનેક અભિલાષા કરકે સારા જગતકો લેનેકી ઇચ્છા કરતે હૈ.

મુમુક્ષુ :- . ત્યાગી હોય?

ઉત્તર :- ત્યાગી એટલે કીધુંને અંદર દૃષ્ટિમાં ફેર છે આખો. ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ ઉસકી દૃષ્ટિમેં આયા નહીં. તો ભાવના ઐસી અંદરમેં ઉઠે બાહરકી ક્રિયાકાંડ કરકે દયા, દાન, વ્રત આદિ ભક્તિકા પરિણામ હો, ઉસકે બહાને દુનિયામેં દિખાઓ. દુનિયા હમકો માને, દુનિયામેં હમારી પ્રસિદ્ધિ હો, દુનિયામેં હમારા દૂસરેસે અધિકપના દિખાઓ. ઐસા દિખાવ ક્રિયામેં અભિલાષા સારા જગતકી કરતે હૈં ઐસા કહતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- .. એ પણ ત્યાગનો જ કરે છે.

ઉત્તર :- ધૂલમેં ત્યાગ કરે. અંદરકી દૃષ્ટિમેં ફર્ક હૈ. અંતર દૃષ્ટિ અભિપ્રાયમેં ફર્ક હૈ. જો અભિપ્રાયમેં ફર્ક ન હો તો જ્ઞાનાનંદકી ઉસકી ભાવના હોની ચાહિયે. દુનિયાકે પાસ લેનેકી ઇચ્છા નહીં હોની ચાહિયે. દુનિયાકે પાસસે ક્યા લેના હૈ? તેરી ચીજ દુનિયા પાસે હૈ? સમજમેં આયા? અપના આનંદકા ભાન હુઆ તો દુનિયા પ્રસિદ્ધિ કરે તો આનંદમેં વૃદ્ધિ હોતી હૈ? ઔર દુનિયા ન જાને તો ક્યા આનંદ ઘટ જાતા હૈ? ક્યા લેના હૈ અજ્ઞાનીકો? દુનિયાકે પાસસે ક્યા લેના હૈ?

મુમુક્ષુ :- હૈ હી ક્યા?

ઉત્તર :- હૈ હી કહાં અપનાપન વહાં? અપના અપનેમેં હૈ. જ્ઞાનાનંદસે પરિપૂર્ણ પરમાત્મા અપના સ્વરૂપ દૃષ્ટિમેં આયા, કુછ ઇચ્છા હી નહીં લેનેકી. સમજમેં આયા? ઔર અજ્ઞાની તો સારા ભુવન. ભુવન અર્થાત્ જગત. દેખો. સ્વર્ગકી ઇચ્છા, ભોગકી ઇચ્છા, આબરૂકી ઇચ્છા, પુણ્યકી ઇચ્છા. જિસકો અંતરમેં આત્માકી ભાવના શ્રદ્ધા, ભાન નહીં વહ પુણ્યકી ઇચ્છામેં સારા જગત ઇચ્છતા હૈ એમ કહતે હૈ. યહ પુણ્યકી ઇચ્છા ઉસકી જડકી ઇચ્છા ઔર જડકી ઇચ્છા વહ સારે જગતકી ઇચ્છા. ભારે!

'**નિયમસે...**' પાછું હોં. પરમ, એમ. ક્યોં? અંતરમેં અપના જ્ઞાનાનંદ સંતોષ તો આયા નહીં. અપનેમેં શાંતિ હૈ. ભગવાન આત્મા રાગસે, પરસે ભિન્ન ઐસી અંતર દૃષ્ટિમેં શાંતિ, સમ્યગ્દૃષ્ટિ તો હુઆ હી નહીં. સમજમેં આયા? તો શાંતિ અપનેમેં સે નિકલતી હૈ ઐસા ભાન નહીં. તો પછી પરમેં આશા રખકર અપના જીવન ગુજારના. ઐસા ઠીક હૈ. શેઠિયા ખુશી હો જાયે, શેઠિયા રાજી હો જાયે, હમ ઉસકો રાજી કર દે, ઉસસે વહ રાજી હો. સબ અજ્ઞાનીકી ભ્રમણા હૈ. સમજમેં આયા? ક્યા તુઝે પરમેં સે લેના હૈ? રાજી હો, ન રાજી હો ઉસસે તેરે ક્યા કામ હૈ? સમજમેં આયા? કડક ભાષા લીયા હૈ. કાં જ્ઞાતા-દૃષ્ટાકી ભાવના

કરતે હૈ સમકિતી અને કાં અજ્ઞાની સારા જગતકો ઇચ્છતે હૈ દો બાત લિયા હૈ. રામ ઔર ગાંવ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ... રાખતા હોય...

ઉત્તર :- ભલે રાખતા હોય. અંદરમેં ઉંડાણમેં રાગકી જિસકો પુણ્યકી ઇચ્છા હૈ, શુભભાવકી અભિલાષા હૈ, તો સારે જગતકી અભિલાષા અંતરમેં પડી હૈ. એમ આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ સંત દિગંબર મુનિ જંગલમેં વસતે યહ બાત જગતકો પ્રસિદ્ધ કરતે હૈં. જિસકે અંદરમેં આત્મશાંતિ સહજાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિ નહીં હુઈ ઉસકો રાગકા અભિલાષ હૈ, રાગકા અભિલાષ હૈ તો સારા જગતકા અભિલાષ હૈ એમ કહતે હૈ લો. રાગસે બંધ હો ઔર બંધસે ફલ મિલે યહ સારે જગતકી ઇચ્છા હૈ. ધર્મચંદજી! ક્યા? ઓહો..હો..! સમજમેં આયા?

**'અર્થાત્ સબ સંસારકે ભોગોંકી ઇચ્છા કરતા હૈ,...'** આત્માકે આનંદકી તો દૃષ્ટિ હુઈ નહીં. ભગવાન! આ બીજી રીતે વાત કરે છે હોં. બંધ અધિકારમેં લિયા હૈ ન ભાઈ! અભૂતાર્થ ધર્મને સાધે છે. એ વાત ત્યાં લીધી. એવી શૈલીથી વાત કરે છે. અભૂતાર્થ. શુભભાવને સાધે છે અભૂતાર્થ ધર્મ છે એ. શુભભાવ હૈ ન? દયા, દાન, વ્રત વહ અભૂતાર્થ, સચ્ચા ધર્મ નહીં. ઉસકો સારા જગતકે ભોગકી ઇચ્છા હૈ એમ કહતે હૈ. સમજમેં આયા? આહા..હા..! **'ભોગોંકી ઇચ્છા કરતા હૈ, તપશ્ચરણાદિ કાયક્લેશસે સ્વર્ગાદિક સુખોંકો ચાહતા હૈ,...'** દેખો, વહ મુનિપના પાલકર, વ્રતાદિ ધારકર કાયક્લેશસે. વહ કાય ક્લેશ હૈ. આત્મા આનંદ તો હૈ નહીં. અતીન્દ્રિય આનંદકા અનુભવ હૈ નહીં. તો ઉસસે **'સ્વર્ગાદિકે સુખોંકો ચાહતા હૈ,...'** અંદર બહુત ખેદ હો, પરિષહ હો, તો ઉસસે તો થોડી સગવડતા હો તો ઠીક, સગવડતા હો તો ઠીક. બસ સગવડતા હો તો ઠીક. ઐસી ભાવના વહ સ્વર્ગાદિકે સુખોંકી ભાવના હૈ ઉસકો. સમજમેં આયા? સગવડતા બાહરમેં હૈ યા અંદરમેં હૈ?

**'જ્ઞાનીજન કર્મોંકે ક્ષયકે લિયે...'** દેખો, ધર્મી સમ્યગ્દૃષ્ટિ આત્માકી શાંતિકા વેદન કરનેવાલા **'તપશ્ચરણાદિ કરતા હૈ,...'** મુનિપના હોતા હૈ ઉસકો. પંચ મહાવ્રત હોતા હૈ, મહિના-મહિનાકો કોઈ વખતે અપવાસ ભી કરતે હૈ. પરંતુ **'ભોગોંકા અભિલાષી નહીં હૈ.'** રાગકી અભિલાષ નહીં, આત્માકા આનંદકી અભિલાષ અંદરમેં હૈ. સમજમેં આયા? **'ભોગોંકા અભિલાષી નહીં હૈ.'**

**'ભાવાર્થ :- વીતરાગ સહજાનંદ અખંડસુખકા આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ,...'** દોખો, યહ સમ્યગ્દર્શનકી વ્યાખ્યા. એ સમ્યગ્દર્શનકી વ્યાખ્યા. ચૌથે ગુણસ્થાનમેં સમ્યગ્દર્શન કૈસા હોતા હૈ? શ્રાવક હુએ પહલે. તો કહતે હૈં કિ **'વીતરાગ સહજાનંદ અખંડસુખકા આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા...'** ભગવાન આત્મા એકલા આનંદકા ઢેલા, આનંદકા

પિંડ પડા હૈ. અતીન્દ્રિય આનંદ હોં અતીન્દ્રિય આનંદ. જૈસા સિદ્ધમેં અતીન્દ્રિય આનંદ હૈ ઐસા હી આનંદ મેરે આત્મામેં હૈ. ઐસા રાગરહિત સહજ આનંદ, સ્વભાવિક-અકૃત્રિમ, અનંત, અખંડ સુખ આત્મામેં એકરૂપ સુખ આનંદ. ઐસા આસ્વાદ, ઉસકા આસ્વાદ, આનંદકા આસ્વાદ-આનંદકા ચખના. અપના આનંદકા ચખના. ચખના ક્યા કહતે હૈ? શાકભાજી ચખતે હૈ ન. શાકભાજી ... ચાખતે હૈ કિ આત્મા ચાખતે હૈ? વકીલજી! અહીં તો કહે, આત્માકા ચખના. આહા..હા..! આસ્વાદ હૈ ન આસ્વાદ? આત્મા અતીન્દ્રિય આનંદ હૈ, પુણ્ય-પાપકે વિકલ્પકી રુચિ છોડકર આત્માકી દૃષ્ટિ હુઈ તો અતીન્દ્રિય અખંડ સુખકા આસ્વાદ. '**શુદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ,...**' એ જ આત્મા મારે સેવન કરવાલાયક છે. '**ઐસી જો રુચિ વહ સમ્યગ્દર્શન,...**' સમજમેં આયા?

આરાધને યોગ્ય તો મેરા સહજાનંદ ભગવાન વીતરાગ સહજ આનંદ અકૃત્રિમ અખંડ એકરૂપ સુખ, એકરૂપ સુખકા... જેમ મીઠા હૈ ન. મીઠા ક્યા કહતે હૈ? લવણ. લવણકી દલ્લીમેં અકેલા ક્ષાર ભરા હૈ ઐસે આત્મામેં અકેલા અતીન્દ્રિય આનંદ ભરા હૈ. ગાંગડી દેખાય આમાં ગાંગડી દેખાય. આ ગાંગડા તો ઈસસે બડા હૈ. આ તો અસંખ્ય પ્રદેશી હૈ. ઠીક! એય..! લલચાવે નહીં, યહ વસ્તુકી ઐસી સ્થિતિ હૈ. ભગવાન આત્મા વસ્તુરૂપસે ઉસમેં બસતા હુઆ, રહા હુઆ-અભેદરૂપસે રહા આત્મામેં અતીન્દ્રિય અનાકુલ શાંત, સિદ્ધમેં જો અતીન્દ્રિય આનંદ પૂર્ણ હોતા હૈ, સિદ્ધમેં જો અતીન્દ્રિય આનંદ પૂરા હોતા હૈ, ઐસા-ઐસા અતીન્દ્રિય આનંદકી પર્યાયકા પૂંજ આનંદ ગુણ હૈ. આહા..હા..! સમજમેં આયા?

અબરખ નહીં હોતા અબરખ? તુમ્હારે થી ન વહાં. .. ક્યા કહે? ગિરડીહ. ઉસકે પાસ હમ ગયે થે. થોડા વખત ગયે થે. અબરખ પતલા દિખે. પટ કે પટ ખીલે અંદરમેંસે. ઈતના પટ. સમજમેં આયા? ઔર કપડા હોતા હૈ પતલા નહિ? અભી ઐસા ભાઈ એય..! વહાં કપડા હોતા હૈ ન. યુરોપિયનમેં ભાઈ! જંગલ જાયને એવા કપડા રાખે બહુ. બહુ પાતળા બહુ. કાગળ જેવા બહુ પાતળા. એ અમારે લાવ્યા છે ભાઈ. બહુ પાતળા. હોય આમ એક જ હશે. નીકળે ચાર-પાંચ પાતળા. બહુ પાતળા- બહુ પાતળા. હમણા લાવ્યા હતા ભાઈ. ઓલા ધર્મચંદભાઈ આવ્યા હતાને. .. સળેખમ થાય છેને બહુ. કે મહારાજ આવું લુછીને નાખી દેવું ઠીક પડે. પાતળા ભાઈ બહુ પાતળા. એટલા ૨૦૦માં તો આટલું. પટના પટ આમ લીધું હોય તો એમ લાગે એક હશે. ત્યાં નીકળે બે-ત્રણ. એમ આત્મા... વહ પેટી આતી હૈ કપડાકી. બહુત પતલા. એમ આત્મા સિદ્ધ ભગવાન પરમાત્માકો અતીન્દ્રિય આનંદકા એક પટ નિકલા અંદરમેંસે. અતીન્દ્રિય આનંદકા એક સમયકા પટ નિકલા. દૂસરે સમય દૂસરા પટ. પહલે સમયે આનંદ થા વહ વ્યય હો ગયા. દૂસરે સમયે નયા અતીન્દ્રિય આનંદકા પટ નિકલા. તીસરે

સમય તીસરા. ઐસે સાદિ-અનંત જિતના સમય હૈ. ભૂતકાલસે અનંતગુના જો ભવિષ્યકા સમય હૈ ઇતના અતીન્દ્રિય અનંત આનંદકા પટકા પટ જિસમેં ભરા હૈ ઐસા આનંદ ગુણ આત્મામેં પડા હૈ. આહા..હા..! સમજમેં આયા? કભી ખબર નહીં આત્મા કૈસે હૈ. આહા..હા..!

સિદ્ધકો અતીન્દ્રિય આનંદ આતા હૈ તો અનંત ચતુષ્ટયમેં હૈ કિ નહીં? ભૈયા! અનંત ચતુષ્ટયમેં હૈ કિ નહીં સિદ્ધકો? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત ચતુષ્ટય હૈ ન? તો વહ અનંત ચતુષ્ટય હૈ વહ તો કાર્યરૂપ પ્રગટ. તો વહ આયા કહાંસે? ઐસા ઐસા અનંત ચતુષ્ટય પ્રગટ હોતે સાદિ-અનંતકાલ. કહાં સે આતા હૈં? ભગવાન આત્મામેં અતીન્દ્રિય આનંદકા પટ ઇતના પડા હૈ. અતીન્દ્રિય અનંત પૂર્ણ આનંદ ચલે જ જાયે, બહા જ જાયે, બહા જાયે. ઐસે વીતરાગી આનંદસ્વાદ વહી આત્માકો સેવન કરનેલાયક હૈ. ઐસી જિસકો રુચિ હુઈ વહ સમ્યગ્દૃષ્ટિ હૈ. ઉસકો વિકલ્પકી રુચિ નહીં. એમ કહતે હૈ યહાં. સમ્યગ્દૃષ્ટિકો હોં, પહલે ગૃહસ્થાશ્રમમેં હો, કિ અરે નરકમેં નારકી હો કિ પશુમેં ઢોર તરીકે હો. પશુ. સમ્યગ્દર્શન ઉસકો કહતે હૈ કિ ભગવાન આત્મા... વહ તો એક ગુણકી બાત કહી અતીન્દ્રિય આનંદકા. ઐસા-ઐસા અનંત આનંદ, ઐસા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્યકા પટકા પટ પડા હૈ અંદરમેં. પ્રવાહ ચલા હી જાતા હૈ દેખો. સમજમેં આયા? શક્તિ. વહ શક્તિકા સમૂહ ઇતના હૈ અંદરમેં. નિકલતા હી રહે... નિકલતા હી રહે.. અનંત-અનંત. ઐસા એક જ્ઞાન, ઐસા એક આનંદ, ઐસા એક દર્શન, ઐસા એક વીર્ય, ઐસી સ્વચ્છતા, ઐસી સ્વસંવેદન પ્રકાશતા. સમજમેં આયા? ઐસા આત્મામેં પરમ આનંદ જો પડા હૈ વર્તમાનમેં. વર્તમાનમેં ગુણરૂપકી બાત યહાં કહતે દેખો ન?

**'વીતરાગ સહજાનંદ અખંડસુખકા...'** અખંડ નામ એકરૂપ. આહા..હા..! ઐસા **'આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા...'** ઉસકા આનંદરૂપ શુદ્ધાત્મા ઉસકો શુદ્ધાત્મા કહતે હૈ. ખ્યાલમેં આયા કિ યહ અતીન્દ્રિય આનંદકા સ્વાદકા વેદન હૈ વહી આત્મા. આહા..હા..! સમજમેં આયા? શુભાશુભ રાગ નહીં, દેહ, વાણી, મન તો કહાં રહ ગયા. ઐસા આત્મા **'વહી આરાધને યોગ્ય હૈ,...'** યહી સેવન કરનેલાયક હૈ, વહી આત્માકા અનુભવ કરકે દિવ્ય ભગવાન આત્મા ઉસકા આરાધન કરનેલાયક હૈ. **'ઐસી જો રુચિ વહ સમ્યગ્દર્શન,...'** આનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! એકલા દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરો સમ્યગ્દર્શન. એમ નહિ. વહ તો રાગ હૈ. નવ તત્ત્વકી શ્રદ્ધા કરો વ્યવહાર વહ રાગ હૈ. વહ નહીં. સમજમેં આયા? આહા..હા..!

અહીં તો પાછું એ લીધુંને સમજાણું? **'वीतरागसहजानन्दैकसुखास्वादरूपः स्वशुद्धात्मैव उपादेय'** એમ ભેગું આસ્વાદ લઈને આ આત્મા. એમ કહેને, આ મારો પુત્ર, આ મારો

પુત્ર. ઘણા વર્ષ. એના લક્ષણ દેખેને લક્ષણ? આ એનું ચિહ્ન જુઓ. વહ સિંહ ઔર સિંહણ, નહીં? સુકુમાલ મુનિ નહીં? વહ ખાતી થી ન ઉસકી મા. આનંદમેં થે. ખાતે-ખાતે છેલ્લી આંગળી આ ગયી છેલ્લી ઉંગલીમેં ચિહ્ન દેખા. અરે! યહ તો મેરા પુત્ર. વહ હૈ ન .. નહીં? સુકોશલ. સુકોશલને? વહ યહાં હૈ? કહાં? અંદર. આહા..હા..! સમજમેં આયા? યહ સામને? સમજમેં આયા? વહ સુકોશલ મુનિ અતીન્દ્રિય આનંદમેં અતીન્દ્રિય આનંદકા અનુભવ કરતે હૈ. સમજમેં આયા? તો ઉસકી માં બહુ તીખી હો ગયી. ક્રોધ હો ગયા. દીક્ષા લેકર સાધુ હો ગયા ન વહ? મરકર સિંહણ હુઈ સિંહણ. ખાતે... ખાતે... ખાતે... આખરકી ઉંગલી આયી. અરે! યહ તો મેરા પુત્ર. ઐસા જાતિસ્મરણ હો ગયા. વહ ખાના છોડ દિયા. આહા..હા..! દેખો માંસ ખાતી થી. પરિણામ બદલ ગયે સારે. દેખો, યહ સિંહ નહીં? યહ ભગવાન રહે દેખો. દેખો મહાવીર ભગવાન હૈ. સિંહ દસવા ભવ. દસવા ભવ. સિંહ હૈ ન દેખો. દેખો યહ સામને. આંખમેં સે આંસુ નિકલતે હૈ. ઉપરસે મુનિ આયે. દેખો યહ બાત કરતે હૈ. અરે! સિંહ! ક્યા હૈ? દસવે ભવમેં તો તુમ તીર્થંકર હોનેવાલે હોં. મહાવીર ભગવાન ત્રિલોકનાથ જગતગુરુ તુમ હો. હમને સર્વજ્ઞકે પાસ સુના હૈ. મુનિ કહતે હૈં દેખો. દેખો, મુનિકે પાસ. ઘડિયાળકે ઉપર. ઘડિયાળકે ઉપર હૈ ન આ બાજુ? મુનિ આમ હાથ કરતે હૈં. આંખમાંથી આંસુ. જાતિસ્મરણ હુઆ. આહા..હા..! ..મુનિ કહતે હૈ ઓહો..! હમારે પાસ તો નીચે મનુષ્ય નજીક આ સકે નહીં. યહ મુનિ ઉપર ચલતે થે વહ નીચે ઉતર ગયે. યહ કોન હૈ? સમજમેં આયા? અંતરમેં જાતિસ્મરણ હો ગયા. આંખમેં સે આંસુ. બસ, સમાધિમરણ. વહીં આત્માકા દર્શન કરકે. સમાધિમરણ. તિર્યંચભવમેં. વહ સિંહણકો ભી સમાધિમરણ. સિંહણ વહ. આત્મા હૈ કિ નહીં? ઐસા માંસ ખાતી થી ન ઉસમેં જાતિસ્મરણ દેખો તો સહી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકદમ ગુલાંટ ખા ગયા. ગુલાંટ ખા ગઈ. ગુલાંટ સમજે? પલટા હો ગયા. આહા..! આત્મામેં ક્યા કિયા?

કહતે હૈ, તિર્યંચકો ભી ઐસા સમ્યગ્દર્શન હોતા હૈ. આહા..હા..! સિંહ આયા ન? એ આવી સિંહણ. લો. કિતના દિખાતે હૈ દેખો. આંસુ ગિરતે આંખમેં સે. હમણા આપણે ભાઈએ નાખ્યું હતું બહુ સરસ નાખ્યું હતું હરિભાઈએ. આત્મધર્મમેં આયા થા. આમ ઊંચા. આમાં જરી નીચા હૈ. વહ ભી આત્મા હૈ કિ નહીં? ચામડા પર હૈ. રાગ ભી પર હૈ. આહા..હા..! યહ આત્મા અતીન્દ્રિય આનંદ ઉસકા આસ્વાદ કરકે યહી આત્મા સેવન કરનેયોગ્ય હૈ. જિસમેં આનંદ પડા ઉસકી સેવા કરના કિ પુણ્ય-પાપમેં, રાગમેં દુઃખ હૈ ઉસકી સેવા કરના? સમજમેં આયા? પુણ્ય-પાપકા ભાવ ઉત્પન્ન હોતા હૈ દુઃખ હૈ, વહ તો રાગ હૈ. વિકાર હૈ, શુભભાવ

ભી દુઃખ હૈ. સમ્યગ્દષ્ટિકો સેવન ઔર આદરણીયમેં ભગવાન અતીન્દ્રિય આત્મા વહી આરાધને યોગ્ય, વહી સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? ઉસકા નામ સમ્યગ્દર્શન. યહી સમ્યગ્દર્શન હુએ બિના સમ્યગ્જ્ઞાન હોતા નહીં. સમ્યગ્જ્ઞાન બિના કભી સચ્ચા ચારિત્ર વ્રત, તપ કભી સચ્ચા હોતા નહીં. જૂઠા અંગીકાર કરે ઉસમેં કોઈ આત્માકા લાભ નહીં. સમજમેં આયા?

**'સમસ્ત મિથ્યાત્વ રાગાદિ આસ્રવસે ભિન્નરૂપ ઉસી પરમાત્માકા જો જ્ઞાન, વહ સમ્યગ્જ્ઞાન...'** દેખો, યહ સમ્યગ્જ્ઞાન. છહ ઢાલામેં ભી યહ આતા હૈ. સમસ્ત મિથ્યા ભ્રાંતિકો છોડકર. પુણ્યમેં ધર્મ હૈ કિ નહીં? પાપમેં મજા હૈ કિ નહીં? સંયોગમેં ઠીક હૈ કિ નહીં? સબ ભ્રમણા છોડકર રાગાદિ આસ્રવ પુણ્ય-પાપકે ભાવસે ભિન્નરૂપ ઉસી પરમાત્માકા. જો આસ્વાદમેં આયા થા, વહી પરમાત્માકા જો જ્ઞાન, ઐસા આત્માકા જ્ઞાન ઉસકા નામ સમ્યગ્જ્ઞાન. કહો, સમજમેં આયા? આહા..હા..! ઓહો..! યહ આત્મા શાંત અનાકુળ આનંદ ઉસકા જ્ઞાન ઉસકા નામ ભગવાન સમ્યગ્જ્ઞાન કહતે હૈ. સમજમેં આયા?

**'ઉસીમેં નિશ્ચલ ચિત્તકી વૃત્તિ વહ સમ્યક્ચારિત્ર,...'** લો. ઐસા ભગવાન આત્મામેં સ્થિરતા, નિશ્ચલ સ્થિર... સ્થિર... સ્થિર... નિશ્ચલ ચિત્ત જ્ઞાનકી વૃત્તિ પરિણતિ યહ સમ્યક્ચારિત્ર લો. યહ તીન મોક્ષકા માર્ગ હૈ. ઉસસે મોક્ષ હોતા હૈ, દૂસરી કોઈ ચીજસે મોક્ષ હોતા નહીં. વિશેષ કહેગા લો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૨, ગુરુવાર, તા. ૧૭-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૭-૮૮, પ્રવચન-૧૩૧**

પરમાત્મપ્રકાશ. દૂસરા ભાગ હૈ. ૮૭મી ગાથા. દેખો, ક્યા કહતે હૈ? ભાવાર્થ ફરીને. પરિગ્રહના ત્યાગની. પરિગ્રહના ત્યાગની આ વાત છે. ગુજરાતી લઈએ નથી આવ્યા તો. આ પરિગ્રહના ત્યાગની વાત છે. પરિગ્રહ કોને કહેવો? કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ સિવાય પુણ્ય-

પાપના ભાવ એ મારા એ પણ પરિગ્રહ છે, એ મિથ્યાત્વનો પરિગ્રહ છે. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ પરિગ્રહ. એ માટે અહીંયા કહે છે જુઓ, જેને સમ્યગ્દર્શન હોય એ સમ્યગ્દર્શનમાં આત્માને કેવો માને? કે '**વીતરાગ સહજાનંદ અખંડસુખકા આસ્વાદરૂપ જો શુદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ,...**' જુઓ, આ સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપ, શરીરાદિની ક્રિયા એ મારી છે એવી પરિગ્રહબુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ છૂટી ગઈ છે. સમજાણું કાંઈ?

'**વીતરાગ સહજાનંદ...**' આત્મા રાગરહિત સ્વભાવિક આનંદસ્વરૂપ અખંડ સુખ. એક સુખ છેને અર્થમાં? એક સુખ નામ અખંડ સુખરૂપ આત્મા એનો જે આસ્વાદ. એનો જે આસ્વાદ નામ આનંદનો અનુભવ. એવો જે શુદ્ધાત્મા એ જ મારે આરાધવાયોગ્ય છે, એ મારે સેવવાયોગ્ય છે. એવી જે રુચિ તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? એને પુણ્ય-પાપ અને પુણ્ય-પાપનું બંધન અને બંધનનું ફળ ત્રણેની સમ્યગ્દૃષ્ટિને રુચિ છૂટી ગઈ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહીએ. જુઓ આ શરૂઆતની વાત છે હોં પહેલી. જેની પક્કડ છે એમાં શુદ્ધ આનંદ અને જ્ઞાન ભર્યું છે. એવો આત્મા એની પક્કડ સમ્યગ્દૃષ્ટિને હોય છે. પરિગ્રહ છે એને પરિગ્રહ. સમજાણું? પરિગ્રહ નામ સમસ્ત પ્રકારે ગ્રહવું, પકડવું. આત્મા વીતરાગ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અખંડ એક સ્વભાવિક એની અંતરમાં પક્કડ નામ રુચિ-દૃષ્ટિ છે એને સ્વચૈતન્યનો પરિગ્રહ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..ને પરિગ્રહ કહેવાય. નિર્જરા અધિકારમાં નથી આવ્યું? નિર્જરા અધિકારમાં આવ્યું છે. સમજાય છે? સમ્યગ્દૃષ્ટિને આત્માનો પરિગ્રહ છે. પ્રાણભાઈ!

મુમુક્ષુ :- એ વળી નવી જાતનો પરિગ્રહ.

ઉત્તર :- જે પક્કડ અનાદિથી પરમાં પક્કડ હતી. પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભભાવ, એનું બંધન અને એનું ફળ-એમાં જે અનાદિની પક્કડ હતી એ પક્કડ છૂટી ગઈ અને આત્મા વીતરાગ સહજાનંદ શુદ્ધસ્વરૂપ એક સ્વભાવી આત્મા એની પક્કડ એટલે અંતર રુચિનું પરિણમન થયું. એને સમ્યગ્દૃષ્ટિને આત્માનો પરિગ્રહ છે.

મુમુક્ષુ :- પરિગ્રહનો ..

ઉત્તર :- એમ કોણે કહ્યું? પરિગ્રહનો શબ્દાર્થ કાંઈ આવડે તમને? 'પરિ' એ ઉપસર્ગ છે. સમસ્ત પ્રકારે પકડવું-ગ્રહવું. લ્યો! એ આત્માનો પરિગ્રહ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પક્કડ આવ્યું. એક પક્કડ મૂકીને બીજી પક્કડ કરી એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મી જીવને પહલે ક્ષણે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદનો કંદ એક સ્વરૂપે

આનંદ એની અંતરમાં પક્કડ થવી, રુચિ થવી એ જ આદરણીય કીધુંને? એ આરાધવા યોગ્ય છે. એ આરાધવાલાયક છે, એ આત્મા શુદ્ધાત્મા જ સેવવા લાયક છે તે પક્કડ થઈ. એનું નામ સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ?

હવે જ્ઞાન '**સમસ્ત મિથ્યાત્વ રાગાદિ આસ્રવસે ભિન્નરૂપ...**' ભ્રમણા. પુણ્ય-પાપનું જ્ઞાન, શરીરનું જ્ઞાન, લૌકિક જ્ઞાન એ તરફનું જ્ઞાન છોડીને '**ઉસી પરમાત્માકા જો જ્ઞાન,...**' એ પરમાત્મા પોતાનો જ્ઞાનાનંદ શુદ્ધ આનંદ ચૈતન્યમૂર્તિ એનું જ્ઞાન. અહીંયા આસ્રવ ને બંધ ને અજીવનું એ જ્ઞાન અહીંયા કાંઈ કહ્યું નથી. આનું જ્ઞાન. સમજાય છે કાંઈ? પોતાનો આત્મા, મિથ્યાત્વના પરિગ્રહથી, રાગથી રહિત એવું શુદ્ધ ચૈતન્ય પરમાત્મા એવો પોતાનો આત્મા. એનું અંતરમાં સ્વસન્મુખનું જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ મુક્તિનો માર્ગ છે. ઓહો..હો..!

'**ઔર ઉસીમેં...**' એક શબ્દ પડ્યો રહ્યો છે. '**रागादिपरिहाररूपेण**' એ શબ્દ પડ્યો રહ્યો છે થોડો. છેને ભાઈ અંદર? હવે ચારિત્ર. ચારિત્ર કોને કહેવું? સમ્યગ્દર્શન કોને કહેવું એ કહ્યું, સમ્યગ્જ્ઞાન કોને કહેવું કહ્યું, સમ્યક્ચારિત્ર. કે જેમાં શુભ અને અશુભરાગ, વ્રત અને અવ્રતના વિકલ્પનો રાગ એનો પરિહાર-એનો અભાવ. '**रागादिपरिहाररूपेण**' ભગવાન આત્મામાં શુભ અને અશુભ રાગના ત્યાગરૂપ આત્મા એની નિશ્ચળ ચિત્તવૃત્તિ, એ જ્ઞાનની સ્થિરતા, રમણતા અંદરમાં થવી એને ભગવાન ચારિત્ર કહે છે. સમજાય છે? પટેલ! કહો, આ દેહની ક્રિયા એ ચારિત્ર નહિ, અંદર વ્રતના ભાવ, પંચ મહાવ્રતના ભાવ આવે એ વિકલ્પ ચારિત્ર નહિ. '**रागादिपरिहाररूपेण**' એમ શબ્દ છેને? આહા..હા..! ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાં રુચિ, જ્ઞાન કરીને એ સ્વરૂપમાં રાગના પરિહાર-રાગના ત્યાગરૂપ—રાગના અભાવસ્વભાવરૂપ પોતામાં જ્ઞાનમાં સ્થિરતાની રમણતાની લીનતા તેને ભગવાન સાચું ચારિત્ર કહે છે. આહા..હા..! ભારે ઝઘડા આના ઝઘડા.

મુમુક્ષુ :- કોને?

ઉત્તર :- અજ્ઞાનીને. એને ત્યાગ કરાવો, રાગની મંદતા કરાવો, સદાચરણ કરાવો. એ કરાવો. પણ શું? એ તો કરે છે અનાદિથી, સાંભળને હવે.

મુમુક્ષુ :- સાંભળવા આવીએ તો થાય છે.

ઉત્તર :- એ નથી સાંભળતો એનો શુભભાવ નથી? અને એ વાત તો ઉપદેશ તો બધા ઘણા કરે છે. હવે એક દુકાન તો એવી રહેવા દે. એય..! નિહાલભાઈ! એ બધા કહે છે કે આ કરો... આ કરો... છે એ હોય છે. એ કાંઈ વસ્તુ નથી. અનંતકાળે માંડ મનુષ્યદેહ મળ્યો, હવે એને ક્યાં સુધી એને આ રાગ કરો, આ સદાચરણ કરો, રાગ છોડો, આ કરો, વ્રત

લ્યો, અપવાસ લ્યો. ક્યાં સુધી? એ તો કેટલા વર્ષ થયા તોપણ હજી એને કાંઈ સત્યનો આશ્રય લેવો એને અવસર યોગ્યતા રહી જ નહિ?

મુમુક્ષુ :- સૂઝ ન આવી.

ઉત્તર :- પણ સૂઝ તો અનાદિથી આવી છે એમાં ક્યાં નવું હતું? સૂઝવું શું હતું?

એક ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ રાગથી રહિત ભગવાન આત્મા એના તરફ તો એણે અનંતકાળમાં લક્ષ જ કર્યું નથી. સમજાય છે કાંઈ? ક્ષણમાં ચાલ્યા જાય. દેહ ક્ષણમાં સંસાર ખલાસ થઈને જાવ પરભવ. કે દિ' કરશે હવે? સમજાણું કાંઈ? એ બીજા ઉપદેશ તો ઘણા કરે છે. ભાઈ! આ માંસ ન ખાવું, દારૂ ન પીવો, ફલાણું ન કરવું, ઢીંકણું ન કરવું. એ તો છે. એ ક્યાં નવો ઉપદેશ છે? એ તો શ્રુત પરિચિત અનાદિની વાત છે એમ કહે છે. આ આત્મા પોતાનો સ્વભાવનો આશ્રય એણે અનંતકાળમાં એક સેકન્ડ પણ કોઈ દિ' લેવાની જરૂર છે એવો એણે નિર્ણય પણ કર્યો નથી. સમજાણું કાંઈ? તેથી અહીંયાં આચાર્ય યોગીન્દ્રદેવ પરિગ્રહ ત્યાગની વ્યાખ્યામાં શુભ પુણ્યના પરિણામ પણ છોડવાલાયક છે એમ અહીંયા કહેવા માગે છે. સમજાણું કાંઈ?

અને પવિત્ર એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદસ્વરૂપ આત્મા. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે સિદ્ધપદ જેવું નિર્મળ જોયું, એમનો આત્મા પૂર્ણ કેવળજ્ઞાન પામીને નિર્મળ જોયો, જાણ્યો અને અનુભવ્યો, એવો જ ભગવાને બીજાના આત્માને રાગ અને વિકલ્પરહિત શુદ્ધ આત્મા જ ભગવાને જોયો છે. રાગના પરિહારરૂપ આત્મા જોયો છે. ભગવાને આત્માને એમ જોયો છે કે રાગવાળો જોયો છે? રાગ તો આસ્રવ છે. શરીર તો જડ છે. જડવાળો આત્મા, રાગવાળો આત્મા એમ ભગવાને જોયો છે કોઈ દિ'? સમજાય છે કાંઈ?

પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા એની વાણીમાં આત્મા જેવો જોયો એવો આવ્યો. ભગવાન પરમેશ્વરે એમ જોયો કે ભાઈ! તારો આત્મા આ દેહ, વાણી, મન આ તો હાડકા. હાડકાનું ખોખું જો નજરે પાડો તો આમ દેખાય ખોખા જેવું. ઓલામાં લખ્યું નથી? ફોટો પાડ્યો નથી? આમાં પાડ્યો છેને. શું કહેવાય આ? છ ઢાળા. હાડકાનું ખોખું મોટું. એમાં ચરબી અને ત્રીજો ભગવાન આત્મા. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં ક્યાં છે? ચિત્ર છેને? હા, ચિત્ર-ચિત્ર છે. ક્યાં ઓલા શરીરની વાત નથી કરી ક્યાંક? કેટલામું? શરીર. એમ કે ભાવના. ભાવના કરી એમાં હશેને. અશુચિભાવના. જુઓ, આ એક હાડકા. એકલા હાડકાનો માવો દેખાડ્યો છે. છેને? દેખાય છે કે નહિ આટલું નાનું? હાડકાનો માવો એક આ. એની સાથે એક ચરબીવાળો બીજો દેખાડ્યો ભેગો. બીજી ચરબી આ ભેગી છે. સમજાણું? ત્રીજો અંદર આત્મા ભિન્ન અરૂપી છે. જુઓ, કોડા, હાડકા, માંસના. એકલું પિંજર દેખાડ્યું છે

હાડકાનું. એમાં બીજો ચરબીવાળો માણસ અંદર ચરબી આ ભરી છે બધી. હવે એમાં ભગવાન બિરાજે છે અરૂપી ચૈતન્યમૂર્તિ. એ ચરબી અને હાડકાથી તદ્દન જુદો છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઇન્દ્રિયથી ન દેખાય

ઉત્તર :- ઇન્દ્રિયથી શું દેખાય? જાણનારો તો ઇન્દ્રિય દ્વારા પરને પોતે (જાણે) છે. જે પરને જાણે છે એ પોતાને જાણે નહિ? જાણનાર ઇન્દ્રિયથી જાણનાર પણ કોણ છે? ઇન્દ્રિય જાણે છે? જાણનાર તો આત્મા છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ. હાડકાથી પાર, ચરબીથી પાર. અહીં તો કહે છે કે ઓલા પુણ્ય-પાપના રાગથી શી રીતે દેખાડવું આમાં? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શરીર પ્રમાણે રૂપ વિનાની સ્વરૂપી વસ્તુ. રૂપ વિનાની અરૂપ-સ્વરૂપ વસ્તુ. અરૂપ-સ્વરૂપ વસ્તુ. એ હાડકા, આ માવો આમ ખોખા દેખે તો ખબર પડે એને અંદર કે આ જરી માંસ. ઉપર માંસના લોચા ચોંટ્યા છે. અને એમાં આત્મા ઉપર જરી પુણ્ય-પાપનો રાગ જરી થયો છે. એ વિકાર. એ ત્રણથી ભિન્ન એવો ભગવાન આત્મા. સમજાણું કાંઈ? એ આત્મા...

મુમુક્ષુ :- ચશ્માના નંબર ક્યા છે?

ઉત્તર :- આ નંબર છે અંદર. એમ કે ક્યો નંબર હશે? આ કયે નંબરે દેખાય? એમ પૂછે. આહા..હા..! એ અખંડ જ્ઞાનના નંબરે દેખાય એવો છે એ. આહા..હા..! કહે છે પ્રભુ! એકવાર વિચાર તો કર. આ અનંતકાળમાં ગોથા ખાધા ચોર્યાસીના અવતારમાં, ક્યાંય તારા આરા આવ્યા નહિ. પાપ પણ અનંતવાર કર્યા અને પુણ્ય પણ અનંતવાર કર્યા, નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. કેટલી ક્રિયાકાંડ? આગળ આવશે હમણા કે જિનદીક્ષા એ પુણ્યનું કારણ છે ભાઈ! આમાં. આમાં આવશે. ૮૮માં. ૮૮માં આવશે. છેને અંદર? વાંચ્યું છે કે નહિ તમે પણ થોડું? હા પાડો એમ નહિ.

મુમુક્ષુ :- આપને તો હા જ પાડવી પડેને.

ઉત્તર :- પણ એ '**पुण्यबन्धकारणमपि जिनदीक्षादानादिशुभानुष्ठानं**' છે ટીકામાં? જુઓ, ૮૮માં. ૮૮ની ટીકામાં છે. આવશે ત્યારે.

મુમુક્ષુ :- જિનદીક્ષા આવી શુભ...

ઉત્તર :- હા, એ બધા પુણ્યબંધના કારણ છે. એ અજ્ઞાની મુક્તિનું કારણ માને, જ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ?

આ દેહમાં એક તો હાડકા એક વસ્તુ, બીજી ચરબી બે વસ્તુ, ત્રીજા કર્મ જડ ત્રણ વસ્તુ, ચોથું એક તેજસ શરીર છે એ પણ એની સાથે ગણી લેવું જુદું. અને એ પુણ્ય અને પાપના વિકારીભાવ. એ બધાથી ભિન્ન ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે. એને ભગવાન

સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા કહ્યો અને જોયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાની, ધર્મીને. ધર્મીને આત્મા એવો ભાસે છે શ્રદ્ધા જ્ઞાનમાં કે શરીરવાળો નહિ, કર્મવાળો નહિ, ચરબીવાળો નહિ, હાડકાવાળો નહિ. અને પુણ્ય અને પાપના વિકલ્પો ભાવ વિકાર થાય એ વાળો નહિ. અહીં પરિગ્રહરહિત બતાવવું છેને એટલે આ જરી આવે છે. એ બધી ખોટી પક્કડ છે. અજ્ઞાની એ શરીર તે હું, કર્મ તે હું, હાડકા તે હું, ચરબી તે હું. ચરબી ગોઠવાય છેને બધી સરખી આમ. ચરબી કાઢી નાખો તો એકલા હાડકા આમ માવો દેખાય. એમાં ચરબીની સરખી ગાંઠ છે માથે આ. લીંપણ-લીંપણ સરખું દેખાય. એને લઈને સરખું દેખાય. આ લીંપણ કાઢી નાખો તો હાડકા.. દેખાણું? જુઓ.

મુમુક્ષુ :- ડોક્ટરને ત્યાં જઈને ચિત્ર કાઢ્યું.

ઉત્તર :- હા, ડોક્ટરને ત્યાં ચિત્ર ઘણા હોય છે. ઘણાં જોયા ત્યાં. પ્રાણભાઈને ત્યાં અમારે જામનગર બહુ છે. મોટું છેને ઓલા પ્રાણ ડોક્ટર નહિ? મોટા-મોટા ચિત્ર. મોટું સોલેરીયમ જોયેલુંને છ લાખનું તે દિ'નું. ઘણા ચિત્રો અને ઘણી ઓલી દેખી આ.. નથી થાતી? પથરી. આવડી-આવડી પથરી, એણે બતાવ્યું હતું કે આવા-આવા પથરા પાકે છે. ઉંચા ઉત્તમ પુરુષના મગજમાં મોતી પાકે, પાપીના પેટમાં એ પાકે. એમ ધર્માત્માના જ્ઞાનમાં આનંદ પાકે અને પાપી મિથ્યાદૃષ્ટિના પાકમાં દુઃખ પાકે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જેને આત્મા કહીએ અંદર, એ આત્મા જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ, જ્ઞાનઘન, આનંદકંદ આત્મા છે. એ આ દેહ નહિ, માથે ગાર છે આ બધી એ નહિ, અંદર હાડકા નહિ, કર્મ અંદર છે એ નહિ. પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પુણ્ય છે. એ નહિ આત્મા. એ તો વિકાર છે. સમજાય છે કાંઈ? અહીં પરિગ્રહના ત્યાગની વ્યાખ્યા છે. એ બધો પરપરિગ્રહ છે. એને જ્ઞાની પોતાનો માનતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મીની દૃષ્ટિમાં આત્મા રાગ, પુણ્યરહિત ચિદાનંદ સ્વરૂપ છે. એની દૃષ્ટિમાં પક્કડમાં પુણ્ય-પાપ, શરીર, વાણી, હાડકા, ચામડા એ મારા છે એમ જ્ઞાની માનતો નથી. તો પછી આ બાયડી, છોકરા અને હજીરા એ તો ક્યાંય બહાર રહી ગયા. આ હજીરા એટલે મકાન. બંગલા લાખ, બે લાખના મોટા કર્યા. ધૂળમાંય નથી. એ તો બધી ધૂળ છે. એ કે દિ' આત્મા હતો? આત્મામાં ક્યાં ગરી ગયા છે એ?

અહીં કહે છે આચાર્ય મહારાજ કે અજ્ઞાનીને પરિગ્રહ આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન છોડીને પુણ્ય અને પાપ ને શરીર, વાણીની ક્રિયા અને બીજી એ મારા છે એવો અજ્ઞાનીનો પરિગ્રહ છે. એ મિથ્યાત્વભાવ છે અને એ એને દુઃખ છે. બરાબર હશે? પ્રાણભાઈ! આ પૈસા મારા એમાં દુઃખ હશે?

મુમુક્ષુ :- ભૂલ કહેવાય. દુઃખ નહિ.

ઉત્તર :- એ ભૂલ એટલે દુઃખ. સમજાણું કાંઈ? આ ચૈતન્ય પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા એ મારું સ્વરૂપ એમ જ્ઞાની પોતાના આત્માને આવો વિશ્વાસ... વિશ્વાસ... દૃષ્ટિ, રુચિમાં આવો આત્મા લેશે. એને બીજો પરિગ્રહ શ્રદ્ધામાં કોઈ દિ' કિંચિત્ વિકલ્પ પણ મારો એવો પરિગ્રહ શ્રદ્ધામાં હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહેશેને અજ્ઞાનીને આવું ભાન નથી, ધર્મને બહાને આખા જગતની ઈચ્છા અજ્ઞાની કરે, એ સિદ્ધ કરવું છેને અહીં ભાઈ! .. બધી વાત સિદ્ધ કરવી છે. પોતાનો નિજ પરિગ્રહ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય એની એને પ્રતીત નથી, એનો એને વિશ્વાસ નથી, એનું એને શરણ નથી, એનો એને આશ્રય નથી. એટલે અજ્ઞાની રાગની ક્રિયાના પુણ્યાદિમાં પોતાને માનતો આખા જગતની અભિલાષા સેવે છે એ. ધર્મને બહાને આખા જગતનો લાભ લેવા અજ્ઞાની ઈચ્છે છે. સમજાણું કાંઈ?

અહીં તો ઓલી દર્શન-જ્ઞાન-ચારિત્રની ઓલી કરવી છેને? પરિગ્રહનો જરી ખુલાસો કર્યો. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! ભાઈ! તારા માર્ગ અંતરના જુદાં, બાપુ! પરને માનવાના માર્ગ કોઈ જુદા છે. આહા..હા..! ભગવાન આત્મા એ રાગના ભાવરહિત ત્યારે વીતરાગભાવસહિત. અને દુઃખના ભાવરહિત તો આનંદભાવસહિત. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા અંતરમાં રુચિ કરીને એ સેવવાલાયક છે. પુણ્યભાવ, પાપભાવ, શરીરભાવ, સ્ત્રીભાવ, કુટુંબ આદિ સેવવા લાયક છે એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ શ્રદ્ધામાં માનતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ લાડવા ને દાળભાત ને શાક ને મકાન ને કપડા ને દાગીના સેવવાલાયક છે એ તો ક્યાંય વાત આઘી રહી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો ત્રણ બોલ લીધા. ધર્મીને પરના પરિગ્રહ વિનાની ચીજ શુદ્ધ આનંદસ્વરૂપ વીતરાગ આત્મા પોતાનો એની રુચિમાં એ પક્કડ છે. પુણ્ય-પાપના વિકલ્પની પક્કડ સમકિતીને હોતી નથી. સમજાય છે કાંઈ? ધર્મી જીવને રાગરહિત ભગવાન આત્મા તેનું જ્ઞાન છે. એની એને જ્ઞાનની અધિકતાનું બહુમાન છે. બીજા લૌકિક જ્ઞાન અને લોકોત્તર સિવાયના જગતના જ્ઞાન એના જ્ઞાનની એને પક્કડ હોતી નથી, પક્કડ હોતી નથી એટલે એનું બહુમાન એને હોતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અને જ્ઞાનીને ચારિત્રમાં... ચારિત્ર એને કહેવું કે ચરવું. સમજાય છે? જેમ પશુ લીલા ચારા ચરતા જાણે ચુરમું ખાતા હોય લીલો-લીલો. સુકા રાડા ખાય એ તો બિચારા પૂરું કરે કે પેટ ભરે. પણ લીલાછમ જેવા આમ ભર્યા હોય અને એમાં શેરડીના વાઢ હોય. કાચી શેરડી અને એમાં એના ઓલા માથે શું કહેવાય? પડસા. એમાં મીઠા એ ચાવતી હોય ઢોર. એને જે મીઠાશ

લાગે. સમજાય છે કાંઈ? એ ચરે છે એ. ચરતાં... ચરતાં.. એમ જ્ઞાની આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં એની એકાગ્રતા થતાં અતીન્દ્રિય આનંદના અંકુરા ફૂટે તેને ચરે અને વેદે છે એમ કહે છે. એનું નામ ચારિત્ર કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ચારિત્ર તે કોને કહેવા? આ લોકો બહારથી આલી-દુઆલી નીકળ્યા અને આ થયા, દીક્ષા લીધી અને વ્રતના કાંઈક પરિણામ. વ્રત એટલે અજ્ઞાનીના માનેલા. એ તો બધો અવ્રત છે અને મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, રાગાદિ પરિહાર થઈને અંદર સ્વરૂપના આનંદનું ચરવું, વેદવું, અનુભવવું, ભોગવવું. અતીન્દ્રિય આનંદના રસના અંકુરા ફૂટીને એને વેદવા. લીલાછમ જેવા છોડ ખાયને. આ રજકો--રજકો હોય છેને. ઝીણી જીવાત બહુ હોય રજકામાં. રજકો કહે છે? ગદર્ભ-ગદર્ભ. બહુ જીવાત હોય. આમ લાલ કાપનારને આમ લોહી-લોહી થઈ જાય. ઈયળુ બહુ હોય, પણ ઢોરને ખાવામાં મજા બહુ પડે એમાં. લીલા-લીલા ખાઈ ખાઈને આમ. ગદર્ભ ખાધી છે. બે મહિના ગળ્યું ખાય તો ઓલા થઈ જાય ઢોર સુથા-સુથા. એમ જ્ઞાની આત્મા કહે છે કે ઓહો..! ભગવાન આત્મા જેમાં અતીન્દ્રિય આનંદનો પાક છે એવી શ્રદ્ધા અને જ્ઞાન થયા છે. એમાં ઠરતાં-ઠરતાં ચરે છે. સ્વરૂપના આનંદને ચરવું સ્થિરતાથી એને ભગવાન આત્માનું મોક્ષના માર્ગ તરીકે ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..!

'**યહ નિશ્ચયરત્નત્રયરૂપ જો શુદ્ધાત્માકી રુચિ**...' જુઓ, આવો ભગવાન આત્મા એના નિશ્ચય રત્નત્રયી. રતન-રતન એ ત્રણ રત્ન. ભગવાન શુદ્ધ પરમાત્માસ્વરૂપ એની રુચિ, એનું જ્ઞાન, એમાં રમણતા. એ રત્નો. એને રત્ન કહ્યા. '**યહ નિશ્ચયરત્નત્રયરૂપ જો શુદ્ધાત્માકી રુચિ જિસકે નહીં,**...' જેને એ રુચિ અંતરમાં નથી, જેને એવો આત્મા અંતરમાં પોસાતો નથી. આ કાઠિયાવાડી શુદ્ધ ભાષા આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા રાગ અને વિકલ્પના પુણ્ય-પાપના ભાવરહિત પ્રભુ જેને અંતરમાં પોસાતો નથી, ગોઠતો નથી, રુચતો નથી, તેનું જેને અંતરમાં જ્ઞાન નથી અને એમાં જેનું ઠરવું નથી. એવી '**રુચિ જિસકે નહી, ઐસા મૂઢજન આત્માકો નહીં જાનતા હુઆ,**...' સમજાય છે કાંઈ? એ આત્મા શું ચીજ છે? એની રુચિ નથી તેથી તેને તે જાણતા નથી. '**ઔર નહીં અનુભવતા હુઆ**...' તેથી તે નથી અનુભવતો. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સહજાનંદ સ્વરૂપ આત્મા એની જેને રુચિ, દૃષ્ટિ, વિશ્વાસ નથી, એનું જેને જ્ઞાન નથી, એનો જેને આસ્વાદરૂપ ચારિત્ર નથી. એ મૂઢજન '**જગતકે સમસ્ત ભોગોંકો**...' જુઓ, એની અભિલાષમાં ઉંડે-ઉંડે બધી ધર્મને બહાને '**ધર્મકે બહાનેસે લેના ચાહતા હૈ,**...' દેખો, આહા..હા..! આચાર્ય શું કહે છે જુઓને. સમજાણું કાંઈ? શું કહે છે?

**'જગતકે સમસ્ત ભોગોંકો ધર્મકે બહાનેસે લેના ચાહતા હૈ,...'** હું કાંઈક ધર્મ કરું છું, હું કાંઈક દયા પાળું છું, હું કાંઈક વ્રતધારી છું, હું ત્યાગી છું, તપસ્વી છું, બ્રહ્મચારી છું. એવું અંદરમાં માને છે અભિમાન, વસ્તુની દૃષ્ટિની ખબર નથી. એવા અભિમાનથી એ ધર્મને બહાને જગતના ભોગોને લેવા માગે છે. મીઠાસ બધી જગતની ચીજની જ અજ્ઞાનીને પડી છે. કહો, ચંદુભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? લ્યો! સમજ્યાને ભીખાભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે કે એક મ્યાનમાં બે તલવાર ન હોય. એમ ભગવાન આત્માની જ્યાં રુચિ અને દૃષ્ટિ નથી ત્યાં પરના ભોગની ઈચ્છા પૂરી અંદર પડી છે. આમ કહે છે. વાત તો એ કહેવી છે. એને અંદરથી આ મળે.. આ મળે.. ઉંડે-ઉંડે મીઠાશ જ બધી એ છે. સમજાય છે કાંઈ? એ અજ્ઞાની આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વભાવ એનું જેને શરણ મળ્યું નથી, એનો જેણે આધાર અંદરમાં લીધો નથી, મળ્યો નથી. એવા મૂઢ જીવને એક આત્મા સિવાય પુણ્યને ભોગવું, પાપને ભોગવું, સ્ત્રીને ભોગવું, સ્વર્ગના સુખને ભોગવું, મળ્યા લક્ષ્મીને ભોગવું, દેહાદિ અનુકૂળ હોય એને ભોગવું, સારા મકાન મળે એને ભોગવું, હાથી-ઘોડા બેસવાના સ્થાન સરખા હોય એને ભોગવું-એવી જ મીઠાશમાં એ પડ્યો છે અંદર. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગ છે. જગતને અંતરમાંથી પરથી ભિન્ન પાડવાની ક્રિયા એ અલૌકિક છે. અને એ ક્રિયા વિના, કહે છે કે બહારની એકલી ક્રિયાકાંડનો કરનાર છે એમ કહે છે. એને અંદરમાં શુભભાવ હોય તોપણ એને પક્કડ છે. પક્કડ છે એટલે એ બહાને આખા જગતને ભોગવવા, ધર્મને બહાને આખા જગતને લેવા-પકડવા ઈચ્છે છે, ભગવાન આત્માને છોડીને.

મુમુક્ષુ :- ફળ મળે એ.

ઉત્તર :- શેનું ફળ મળે ધૂળ? શું મળશે? મીઠાશ એને એ જ પડી છે. કોઈ પ્રશંસે, કોઈ સારો કહે, કાંઈક બહારમાં પ્રસિદ્ધિ આવે, મારી કાંઈક ગણતરી બહારમાં ગણાય. સમજાય છે? પોતાના આત્માની ગણતરી નથી અંદર. સમજાણું કાંઈ? એટલે અહીં આચાર્ય જરી કડક ભાષાથી કહે છે કે એને ઉંડે બધી જગતને-સારા જગતને ભોગવવાની જ પ્રીતિ પડી છે. આહા..હા..! આખું જગત નાખ્યું છેને સામે **'भुवणु भुवणु'**-ભુવન. ભગવાનને ભાવ્યા વિના આખા ભુવનની ભાવના એને વર્તે છે. એની શ્રદ્ધા-જ્ઞાન ન મળે એટલે આખા જગતની જ ઈચ્છા એને વર્તે છે. ધર્મને બહાને કેમ કહ્યું? કે કાંઈ દયા, દાનના પરિણામ શુભ હોય, દીક્ષીત થયો હોય તો નગ્નમુનિ આદિ હોય, શુભભાવ હોય. સમજાણું કાંઈ? એવા વ્યવહાર પુણ્યના એટલે કે વ્યવહાર ધર્મને બહાને નિશ્ચયના ભાન વિના એ બહાને જગતની અનુકૂળતા જ લેવા માગે છે. સમજાણું આમાં?

શબ્દ તો એ જ પડ્યો છે કે '**समस्तं जगद्धर्मब्याजेन ग्रहीतुमिच्छति,**' એમ છે ટીકામાં. '**समस्तं जगद्धर्मब्याजेन**' '**धर्मब्याजेन**' એટલે ઓલો પુણ્યના ધર્મની ક્રિયા કાંઈ કરે છેને એને બહાને કાંઈક અમે ઠીક છીએ, મોટા છીએ, સારા છીએ એમ કહો તમે. વખાણ કરો. અમે કાંઈક તમારાથી મોટા છીએ, સારા છીએ. અમને માન આપો. ઊંડે-ઊંડે બધા આહારપાણીની સગવડતાથી અમને પોષો. એય..! નિહાલભાઈ! ભારે! આહા..હા..! સમજાણું કાંઈ? પ્રાણભાઈ! એ તો નગ્નમુનિ હતા દિગંબર. નાગા બાદશાહથી આઘા. જગતની પાસે સત્ય હતું એ મૂક્યું છે એની પાસે. સમજાણું કાંઈ?

એ '**જગતકે સમસ્ત ભોગોંકો ધર્મકે બહાનેસે...**' ધર્મનું બહાનું એટલે? નગ્ન ભેખ હોય, બાર વ્રતના ભેખ હોય, શ્રાવકને લંગોટી હો ક્ષુલ્લકપણાની. તો એવા બહારના ભેખ અને અંદરનો ભેખ કાંઈક રાગની મંદતાની ક્રિયા શુભાદિ હોય. એવા '**ધર્મકે બહાનેસે લેના ચાહતા હૈ,...**' લેવા માગે છે એ છોડવા માગતો નથી. સમજાણું કાંઈ? અભિગ્રહ ધારણ કર્યા હોય, કાંઈક એવા ધારણ કર્યા હોય તો કહે આહા..હા..! વાહ રે વાહ! હવે અભિગ્રહણ ધારણ કર્યા એટલી તમે પરીક્ષા તો કરો કેટલી કડક ક્રિયા અમારી છે. સમજાય છે કાંઈ? એવા બહાને પણ જગતની પાસે અનુકૂળતા લેવા માગે તે આખા જગતના ભોગને લેવા માગે છે. એમ કહે છે.

'**તથા જ્ઞાનીજન સમસ્ત ભોગોંસે ઉદાસ હૈ,...**' શબ્દમાં તો એટલું પડ્યું. '**पूर्वोक्तज्ञानी तु त्यक्तुमिच्छतीति**' બસ એટલું. ઓલું '**ग्रहीतुमिच्छति**' આ '**त्यक्तुमिच्छतीति**'. ધર્મી તો રાગાદિ વિકલ્પ આવ્યો એના ફળ તરીકે પણ છોડવા જ માગે છે. રાગ છે એને છોડવા માગે તો રાગનું બંધન અને એના ફળ દુનિયાની અનુકૂળતા માનાદિ બધું છોડવા માગે છે. એ મારામાં છે નહિ, મને એની જરૂર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનીજન સમસ્ત ભોગોંસે ઉદાસ હૈ, જો વિદ્યમાન ભોગ થે, વે સબ છોડ દિયે...**' એ તો એક સમજવાની વાત કરી. નાખી તો એટલી વાત છે કે સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ જીવ રાગથી માંડીને સર્વ ચીજને હેય તરીકે સ્વીકારે છે એટલે છોડવા તરીકે સ્વીકારે છે અને અજ્ઞાની રાગથી માંડીને સર્વ ચીજને જ ગ્રહવા ઇચ્છે છે. બસ, આ વાત છે બે. ઓલો છોડવા માગે છે, આ ગ્રહવા માગે છે. ઓલો હેય માને છે, આ ઉપાદેય માને છે. આમ કહેવું છે મૂળ તો. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ આત્માના જ્ઞાન અને આનંદની આગળ રાગથી માંડીને બધી ચીજોને હેય તરીકે સ્વીકારે છે. માથે એમ કહ્યું હતુંને, આત્મા આવો આરાધવા-સેવવા યોગ્ય છે. અજ્ઞાની આત્માના જ્ઞાન આનંદનું ભાન નથી એથી દરેક વિકલ્પ ઉઠે પુણ્યનો કે બહારના ફળનો બંધનો, બધાને

તે છોડવા માગતો નથી. એને લેવા નામ આરાધવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? કહો, આમાં તો બેને બે ચાર જેવી વાત છે. **‘આગામી વાંછા નહીં હૈ, ઐસા જાનના.’** લ્યો! એ ૮૭ ગાથા થઈ.

૮૮. **‘આગે શિષ્યોંકા કરના, પુસ્તકાદિકા સંગ્રહ કરના,...’** દેખો હવે. એને માનનારા શિષ્યો હોય, એના નામના પુસ્તકના કપાટ આદિ ભરેલા તો આમ ખુશી થાય. હા! પુસ્તક-બુસ્તક રાખ્યા હોય અને બેઠો હોય જોડે તો એને એમ થઈ જાય કે આ મારા પુસ્તક છે એમ દેખે છેને લોકો? હા! આ પરિગ્રહની વ્યાખ્યા છેને અહીંયા? આહા..હા..! સમજાણું કાંઈ? પુસ્તક-બુસ્તક લખતા હોય લ્યોને દ્રવ્યલિંગી સાધુ કોઈ. એ લખતા હોય તો બીજાને એમ થાય કે આ તો આહા..હા..! પુસ્તક લખું છું હોં. એમ કરીને પણ એ પર પાસેથી માન લેવા જ માગે છે. આહા..હા..! ભારે ચીતરામણ કર્યું છે આમાં!

**‘શિષ્યોંકા કરના, પુસ્તકાદિકા સંગ્રહ કરના, ઈન બાતોંસે અજ્ઞાની પ્રસન્ન હોતા હૈ,...’** પ્રસન્ન-પ્રસન્ન થાય. સમજાણું કાંઈ? લાખો પુસ્તકો, જુઓ અમારી લાઈબ્રેરીમાં લાખો પુસ્તકો છે. એ અમારા કરેલા છે અથવા મેં સંગ્રહેલા છે. કરેલા નહિ તો ક્યાંકથી લાવીને સંગ્રહેલા છે. ખુશી થાય. સંગ્રહસ્થાન, સંગ્રહાલય. સંગ્રહ-આલય એટલે સંગ્રહ કરવાનું સ્થાન. અજ્ઞાની એવા સંગ્રહાલયને દેખીને દુનિયાને બતાવીને આનંદ-પ્રસન્ન થાય છે. જ્ઞાની લાજે છે કે અરર! આ પરચીજ મારી! આ શું કહે છે? સમજાય છે કાંઈ? જે મારી નથી તેને આ કહે છે તમારા? આ તમારા પુસ્તકોને? આ તમારા શિષ્ય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ ધૂળમાંય શિષ્ય નથી. આત્માને શિષ્ય કેવો? ગુરુ કેવો? અને આત્માને પરવસ્તુનો પરિગ્રહ કેવો? એમ અહીં તો બતાવવું છેને. સમજાણું કાંઈ? અહીં તો કહે, આ દીકરો તમારો? અ મનમાં તો ઉંડે મીઠાશ હોય, પણ ઈશ્વરનો છે. આપનો છે. આ છોકરો તમારો છે? કહે હા. ભગવાનની માયા છે. વળી અંદર તો મીઠાશ છે. ભગવાનની માયા કાંઈ નહિ. સારો દીકરો હોય તો કહે હાશ! લોકો સારી નજરે તો જોવે છે મારા દીકરાને. તો મારી પ્રશંસા છે એમાં. બાયડી-એની વહુ છોકરાની નીકળી હોય, છોકરાની વહુ. પાંચ હજારનો સાડલો કરાવ્યો હોય અને પહેરીને નીકળી હોય. બીજા ભલે બીજી નજરે જોવે. પણ એ આમ જોવે કે મારો સાડલો તો બહાર પડે છે હોં. મારી વહુએ પહેર્યો છે, સાડલો મેં લઈ દીધો છે, પણ બધા .. લોકો હજારો માણસો ભેગા થયા છે. એ બહાને પણ બીજાને પહેરાવેલો સાડલો એની મમતાથી પણ પ્રસન્નતા માને છે. આહા..હા..! એને પ્રસન્નતા આવે અંદર કે આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાહેર થાય. પાંચ-પાંચ હજાર, દશ હજાર માણસ ભેગા થયા હોય અને ઓલો પાંચ હજારનો સાડલો લાવ્યા હોય અને પહેરીને નીકળે રૂમઝુમ-રૂમઝુમ કરતી. તો આમ નજર કરે. ભલે બીજી દૃષ્ટિ હોય ઓલાની. ઓલો કહે મારો સાડલો બહાર પડે છે. ઉંધી તારી દૃષ્ટિ છે સાંભળને. મરી ગયો મમતામાં. હવે કોકનો પહેરીને જડનો સાડલો ક્યાંક પહેર્યો હોય કોકે, એ દેખે બીજી દૃષ્ટિથી અને તું રાજી થા. અજ્ઞાનીના પરિગ્રહના પાર ન મળે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..! ક્યા ક્યાંય નજર ફરે છે. શાસ્ત્રમાં નજર હોય આ તમારું લખેલું છે? હા મેં લખ્યું છે. આ તમારું લખેલું છે? આ ગાયન તમારું બનાવેલું છેને? અત્યારે તો કેટલાક કોકનું બનાવેલું કોકને નામે લખે તો મારું લખેલું છે.

મુમુક્ષુ :- કડી બદલી નાખે.

ઉત્તર :- કડી આદિ બદલી નાખે. એકાદ કડી ફેરવી નાખે, શબ્દો થોડા ફેરવી નાખે.

અહીં તો કહે છે કે એવા શબ્દોની ક્રિયા થઈ. 'પુસ્તકાદિ' લખ્યું છેને? પુસ્તક આદિ લખાણ બધું, બોલવાની ભાષા બધા એ '**સંગ્રહ કરના, ઈન બાતોંસે અજ્ઞાની પ્રસન્ન હોતા હૈ, ઔર જ્ઞાનીજન ઈનકો બંધકા કારણ જાનતા હુઆ ઈનસે રાગભાવ નહીં કરતા, ઈનકે સંગ્રહમેં લજ્જાવાન હોતા હૈ—**' દેખો, આહા..હા..! અરે! હું એકલો ચૈતન્ય એને મારા આ શું? સમજાણું કાંઈ? મારા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદમાં તો રાગ પણ નથી, ત્યાં આ પરિગ્રહ મારો માને છે તો લજ્જા છે. આહા..હા..! ઘણા છોકરા સારા હોય તો ખુશી થાયને બાપ? અહીં કહે છે કે લજ્જા થાય છે એને જ્ઞાનીને. અરે! અમારે પણ પર વસ્તુ ક્યાંથી આવી? એ શિષ્યો ક્યાંથી આવ્યા? પુસ્તકો ક્યાંથી? એ તો પરપદાર્થ છે. પરપદાર્થની અવસ્થાની ક્રિયાઓ ત્યાં થાય એમાં અમે ક્યાં આવ્યા? એમાં અમને ત્યાં ક્યા નાખ્યા અંદર? લજ્જા. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ક્યાં અજ્ઞાનીને અહંભાવ પરિગ્રહનો ઉભો થાય છે? અને જ્ઞાની ક્યાંથી પરથી અહંભાવથી છૂટીને સ્વભાવમાં ઠરે છે એની વાત છે. પરિગ્રહ ત્યાગની વાત છેને આમાં? કહો, સમજાણું?

૨૧૫) चेल्ला-चेल्ली-पुत्थियहिँ तूसइ मूढु णिभंतु।
एयहिँ लज्जइ णाणियउ बंधहँ हेउ मुणंतु।।८८।।

મૂઢ નામ '**અજ્ઞાનીજન ચેલા ચેલી પુસ્તકાદિકસે હર્ષિત હોતા હૈ,...**' સંતોષ પામે છે. ઘણા શિષ્યો. સો-સો શિષ્યોને મુંડ્યા. ઘણા આચાર્ય મોટા ભાઈ! કહો, સમજાણું કાંઈ? એલા! લજ્જા નથી આવતી તને પરદ્રવ્યની પર્યાયમાં? અને કદાચિત એ પોતે દીક્ષા એણે લીધી હોય તો એ શુભભાવ છે એનો અને તું એને ઠીક કહે તો એ પણ શુભભાવ છે.

એ શુભભાવથી તને પ્રસન્નતા આવે છે એ મૂઢતા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો દિગંબર સંતોના કથન સર્વજ્ઞના કહેલા. સૂક્ષ્મતાના પરિગ્રહની બુદ્ધિ અજ્ઞાનીને ક્યાં રહે છે? અને જ્ઞાનીને સૂક્ષ્મ પરિગ્રહ પણ અંતર દૃષ્ટિથી છૂટી ગયો છે એમ વાત કરે છે. આહા..હા..!

શિષ્ય અર્જિકા **'ચેલા ચેલી પુસ્તકાદિકસે...'** જુઓ, પુસ્તક હોય એના સારા કપડાં પુસ્તકને પણ પાછા વીટેલા હોયને. આ મખમલ ને શું કહેવાય? જરી. આ સુરતની જરી ભરે છે કે નહિ? પુસ્તકો છે આપણે અહીં ઘણા બધા કપાટમાં. આ ચાંદીનું સમયસાર. લ્યો ચાંદીનું પુસ્તક શું કહેવાય? પ્રવચનસાર. એ તો પરવસ્તુ છેને પ્રભુ! એ પરવસ્તુ મારી અને મેં બનાવી એ તો લજ્જા છે કહે છે. આહા..હા..! એય..! સમજાણું કાંઈ? એ પરપદાર્થ છે, એ પરપદાર્થની અવસ્થા તો પરપદાર્થથી થઈ છે. એ કાંઈ તારાથી થઈ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધાના કાળજા જોઈને નીકળ્યા છેને એ. સમજાણું કાંઈ?

કહે છે **'ઈસમેં કુછ સંદેહ નહીં હૈ,...'** એ તો પ્રસન્નતાને જ વેદે છે બસ ઓહો..! વાહ! વાહ! કેટલાએ અમારી પાસે દીક્ષા લીધી. સમજાય છેને? કેટલી અમારી પાસે ચેલીઓ થઈ! કેટલાએ અમારી પાસે વ્રત ધારણ કર્યા, કેટલાય તપસ્યા, અઠ્ઠમને મહિના-મહિના અપવાસ કર્યા. એ અમે હતા તો બધા થયા ત્યાં. આહા..હા..! પરદ્રવ્યની પર્યાયને પોતાની સ્વીકારીને હરખ માનવો એ મૂઢના લક્ષણ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તો ગૃહસ્થાશ્રમમાં હોય, કરોડો, અબજો પૈસા હોય, મોટા મકાન, બૈરા, છોકરા, તોપણ એમાંથી અંશે હરખ પામતો નથી. અરે! પણ પરવસ્તુમાં મને સંતોષ શેનો? મારી ચીજ જ અંતર પરથી નિરાળી એના શ્રદ્ધાના સંતોષમાં પરવસ્તુથી પ્રસન્નતા જ્ઞાનીને આવતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઔર જ્ઞાનીજન ઈન બાહ્ય પદાર્થોંસે શરમાતા હૈ,...'** શરમાય. ઓલો કહે, હા, આ તમારા દીકરા, તમારા ચેલા હુશિયાર છે હોં! પંડિત બહુ વ્યાકરણ, સંસ્કૃત બહુ આવડે. બબ્બે કલાક ભાષણ જો વ્યાકરણ, સંસ્કૃત દેવું હોય, અમે બધાને ભણાવ્યા છે, ભણાવ્યા છે. નિહાલભાઈ! આ બધા પેટ ખોલ્યા છે આચાર્યોએ. આહા..! અરે ભગવાન! પ્રભુ! તું તો જ્ઞાનાનંદ અંતરમાં કમાયેલી ચીજ છો. આ બહારમાં ક્યાં આવ્યો તું? સમજાણું કાંઈ? બહારના પરિગ્રહના ચંચળતા અને સમાગમથી તને પ્રસન્નતા વર્તે, મૂઢ છો કહે છે. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ ઈન સબોંકો બંધકા કારણ જાનતા હૈ.'** આહા..હા..! જુઓ, શિષ્ય થવા એમાં શુભવિકલ્પ છે કે આ શિષ્ય થયો. એ વિકલ્પ છે, એ પણ બંધનું કારણ છે. એ બધા

બંધના નિમિત્તો છે એમ કહે છે. ભારે! સમજાય છે? એ જિનદીક્ષા, એ વ્રતાદિના પરિણામ એ તો બાહ્ય પુણ્યબંધનું કારણ છે. એ પુણ્યબંધ રહિત ભગવાન આત્મા અનાકુળ આનંદ અને શાંતિના પ્રેમના રસ આગળ તને આ શું થયું? લજ્જા, જ્ઞાનીને લજ્જા આવે છે કે આ નહિ. આહા..હા..! આટલા શિષ્યો અમારા ભણેલા, પંડિત હુશિયાર, વ્યાખ્યાતા. વ્યાખ્યાતા-વક્તા. આહા..હા..! કહે છે કે અજ્ઞાની સંતોષને પામે છે, પ્રસન્નતાને વેદે છે, ચૈતન્યના આનંદને ભૂલી પોતાના આત્માના આનંદના વિશ્વાસને, જ્ઞાનને છોડી અને આના વિશ્વાસમાં એને પ્રસન્નતા વર્તે છે. એને પરનો પરિગ્રહ અનંતો પડ્યો છે એમ કહે છે. આહા..હા..! અરે! તું તો જ્ઞાતા-દૃષ્ટા છો. એ જ્ઞેયોને મારા માનવા, એ જ્ઞેયનું જ્ઞાન પણ પરાલંબી છે. એને ઠેકાણે એ જ્ઞેયો, આહા..હા..! એ અમારા છે... અમારા છે... અમારા છે... એવો હરખ વેદવો, કહે છે કે મૂઢના લક્ષણ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઈન સબોંકો બંધકા કારણ જાનતા હૈ.'** લ્યો! ઓલા રાડ નાખે છે, અરે! જિનદીક્ષા તે બંધનું કારણ હોય? પણ જિનદીક્ષામાં વ્રત લેવા એ વ્રત પોતે જ બંધનું કારણ છે, સાંભળને. ઓલા રાડ નાખે છે માળા. એ વ્રતના વિકલ્પ વિનાનો આત્મા અંદર અખંડાનંદ, ચિદાનંદની શ્રદ્ધા, જ્ઞાન થયું હોય અને શરણ અંદર લે સ્થિરતા એનું નામ જૈનદીક્ષા સાચી છે. સમજાણું કાંઈ? એકલા વ્રતના પરિણામ થાય અને બીજાને વ્રતના પરિણામ આપે એનો વિકલ્પ હોય, એમાંથી પ્રસન્નતા મેળવે એને તો, કહે છે કે વિકલ્પનો પરિગ્રહ છે અને ઓલા શિષ્યોનો પણ પરિગ્રહ પક્કડ છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે અહીંયા તો. આહા..હા..!

મુમુક્ષુ :- તો દીક્ષા લીધી એ પાણીમાં ગઈ?

ઉત્તર :- દીક્ષા ક્યાં કોને કહેવી દીક્ષા? દીક્ષા કોને કહેવી? દખ્યા છે બધી. આત્મા એક વિકલ્પ પુણ્ય-પાપની વૃત્તિ વિનાનો ભગવાન આત્મા એવી આરાધના યોગ્ય સેવાની દૃષ્ટિ દૈવી... દૈવીદૃષ્ટિ દેવ... દૃષ્ટિદેવ પરમાત્માની પોતાની થઈ નથી. એ સિવાયના બીજા બધા ત્યાગાદિ બધા પુણ્યબંધના કારણ હોય એ તો રખડવાના કારણ છે. આહા..હા..! પ્રાણભાઈ! એમાં ઘરે દીક્ષા આપી હોય તો એના પાછા મલાવા હોય. મારે ઘરે દીક્ષા લીધી. વરઘોડો પહેલો મારા ઘરેથી ફર્યો છે. પછી હોય ભલે ડફોળ નીકળ્યો.

મુમુક્ષુ :- ... ભાગી ગયો.

ઉત્તર :- ભાગી ગયો અને અઢાર હજાર રૂપિયા ખર્ચ્યા હતા એની દીક્ષામાં. મોટી દીક્ષા કરી હતી. એમાં ભલે એ તો વયો જાય, પણ આપણને તો લાભ થાય. ભાઈ આપણે તો દીક્ષાનો... ક્યાંય ભાન ન મળે. માળા મુંડનારા અને મુંડાવનારા બેય ભાન વિનાના અને માને કે અમારે દીક્ષા છે અને આ સાધુપણું છે. કહે છે કે એવા બાહ્ય વ્રતના ધરનારા અને બાહ્ય

વ્રતને પ્રસન્ન થનારા, એ બધા પ્રસન્ન થનારા બાર વ્રતથી મૂઢ જીવ છે. એને આત્માના રાગ વિનાના ચિદાનંદ સ્વભાવની પ્રસન્નતા અંતર નથી. સમજાણું કાંઈ? એનો ભાવાર્થ લેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૩, શુક્રવાર, તા. ૧૮-૦૨-૧૯૬૬**
**ગાથા-૮૮-૮૯, પ્રવચન-૧૩૨**

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ શાસ્ત્ર હૈ. ૮૮ ગાથા. દેખો, ક્યા કહતે હૈ? સૂક્ષ્મ બાત તો હૈ. અનંતકાલસે ઉસને... અપને આત્મામેં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત-અનંત શક્તિ-ગુણ ભરા હૈ. અપની સંપદા અપને સ્વરૂપમેં હૈ. આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ... પરમાત્મપ્રકાશ હૈન. સત્ નામ શાશ્વત રહનેવાલા અપના જ્ઞાન ઔર આનંદ આદિ જો અંતર સ્વભાવ હૈ ઉસકા નામ આત્મા કહતે હૈ ઔર ઉસકા નામ હી પરમાત્મા કહતે હૈ. સમજમેં આયા? ઐસે આત્માકી જિસકો શ્રદ્ધા હોતી હૈ. વહ કહતે હૈ દેખો.

‘**ભાવાર્થ :- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ જો નિજ શુદ્ધાત્મા...**’ હૈ પહલે ભાવાર્થ? ૮૮ ગાથામેં પહલા ભાવાર્થ. ભગવાન આત્મા સત્-શાશ્વત જ્ઞાન ઔર આનંદકી મેરી ચીજ સ્વરૂપ હૈ ઐસા જો અંતરમેં પ્રતીત કરના ઉસકા નામ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઉસકા નામ પ્રથમ ધર્મ. ઓહો..! અપના આત્મા હી અનંતગુણ અને આનંદકા ધામ હૈ. જો પ્રાપ્તિ શાંતિકી, મોક્ષકી પ્રાપ્ત કરના ચાહતે હૈ વહ સબ ગુણ ઔર નિર્દોષતા અપને આત્મામેં હી પડી હૈ. સમજમેં આયા? વહ નિર્દોષતા અથવા પવિત્રતા કોઈ બાહરસે આતી નહીં. સમજમેં આયા?

ક્યા કહતે હૈં? યહ મનુષ્ય દેહ મિલા અનંતકાલમેં. દુર્લભ, અનંતકાલમેં દૂસરે અવતારસે કરતા મનુષ્યદેહ મહાદુર્લભ હૈ. ઉસમેં ભી દુર્લભ જો અપના આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદકી અંતર દૃષ્ટિ હોના, વિશ્વાસ આના કિ જિતના શાંતિ આદિ ગુણ મૈં ચાહતા હૂં વહ સબ શાંતિ

ઔર આનંદ મુઝમેં હૈં. સમજમેં આયા? મેરેમેં પૂર્ણાનંદ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, શાંતિ મેરે પાસ હૈ. મેરેસે દૂર એક સમયમાત્ર યા એક પ્રદેશમાત્ર દૂર મેરી શાંતિ, મેરા આનંદ, મેરા ધર્મ, મેરા કલ્યાણ, મેરે આત્માસે એક સમય ભેદ-ફેર ઔર એક પ્રદેશસે ભિન્ન હૈ હી નહીં. સમજમેં આયા? મૈં આત્મા, દેખો, પરમાત્મા કહતે હૈ ન યહાં? નિજ શુદ્ધાત્મા. મૈં નિજ શુદ્ધસ્વરૂપ અખંડાનંદ કંદ ઉસકી અંતર પ્રતીત-શ્રદ્ધા હોતી હૈ ઉસકો દૂસરી ચીજ અપના માનના વહ માનતે નહીં. ઔર દૂસરી ચીજસે કોઈ ઉસકા બડપ્પન કરતે હૈ, અધિક કહતે હૈ તો જ્ઞાની લજ્જા કરતે હૈ. પોપટભાઈ! લજ્જા કરતે હૈ. કિ અરે! હમારી ચીજ નહીં, હમકો ઐસા ક્યોં કહતે હૈ કિ તુમ પુત્રવાલા હો, તુમ સ્ત્રીવાલા હો, તુમ લક્ષ્મીવાલા હો, તુમ શરીરવાલા હો. ભગવાન! યહ ચીજ તો હમારી નહીં. સમજમેં આયા? હમારી ચીજ તો આનંદકંદ સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા હી હૈ. અપને આત્માકા જિસકો અંતર વિશ્વાસ, દૃષ્ટિ, આશ્રય, શાંતિ અંદર મિલી. ઐસા સમ્યગ્દૃષ્ટિકો અથવા ત્યાગી, મુનિકો ઐસા સમ્યગ્દર્શનપૂર્વક જિસને અપને આત્માકા જ્ઞાન કિયા હૈ કિ મૈં હી સર્વસ્વ ચૈતન્ય કેવલજ્ઞાનકા પિંડ હૂં. ઐસા જિસને અપના જ્ઞાન કિયા હૈ. ઔર ઈસકા અપને સ્વરૂપમેં લીનતા, સ્થિરતા, ચારિત્ર, અતીન્દ્રિય આનંદકી ઊર્મી અંદરમેં જગી હૈ બહુત. ઉસકા નામ ચારિત્ર કહતે હૈ. આહા..હા..! બાત હી દૂસરી હૈ.

ક્યા કહા દેખો, '**નિજ શુદ્ધાત્મા...**' ઉસકો સમ્યગ્દર્શન માનના '**ઉસકો ન શ્રદ્ધાન કરતા,...**' ઐસે શ્રદ્ધાન નહીં કરતે હૈ કિ ના, ના યહ નહીં. મૈં તો શરીર હૂં, શરીરકી ક્રિયા મેરી હૈ. દયા, દાન, વ્રતાદિકા કામ, ક્રોધકા ભાવ હોતા હૈ વિકાર વહ મેરા હૈ. ઐસે સ્વરૂપકી શ્રદ્ધા નહીં કરતા હૈ ઔર વિકાર જો પરવસ્તુ હૈ ઉસકો અપના માનતા હૈ. તો વહ ચીજસે વહ શરમાતા નહીં. જ્ઞાનચંદજી! જરા સૂક્ષ્મ બાત હૈ. આહા..હા..! સમજમેં આયા? વહ શ્રદ્ધાન કરતા નહીં કિ મૈં તો જ્ઞાનસ્વરૂપ, આનંદ શાંત હૂં. દેહ તો માટીકા પિંડ હૈ. દેહ દેવાલયમેં બિરાજમાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ હૂં. જૈસા પરમાત્માકો નિર્મલાનંદકી પ્રાપ્તિ હુઈ, જૈસા પરમાત્માકો પૂર્ણ કેવલજ્ઞાન આદિકી પ્રાપ્તિ હુઈ, વહી પરમાત્મા જૈસા હી મેરા આત્મા હૈ. ઈસકી જિસકો શ્રદ્ધા નહીં ઔર વહ આત્મા પરમાનંદ સ્વરૂપે હૈ ઉસકા જિસકો જ્ઞાન નહીં.

'**ઔર ન અનુભવ કરતા...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ ઉસમેં અનુભવ નહીં કરતા, '**જો મૂઢાત્મા...**' ઉસકો મૂઢાત્મા કહતે હૈ. આત્મા તો કહતે હૈ પરંતુ મૂઢાત્મા. આહા..હા..! સમજમેં આયા? '**વહ પુણ્યબંધકે કારણ જિનદીક્ષા દાનાદિ શુભ આચરણ...**' ઉસમેં મુક્તિકા કારણ અજ્ઞાની માનતા હૈ. આહા..હા..! સમજમેં આયા? અપના શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્મળાનંદ સર્વજ્ઞ પરમાત્માને જૈસા કહા ઐસા સમજમેં નહીં આતા. ડોક્ટર હૈ? ડોક્ટરકા દૂસરા... વહ દેખનેકો આયે હૈ લડકીકો. દોપહરકો દસ બજે આયા થા. વહ ડોક્ટર હૈ ન બડા? ઉસકા

સસુર હૈ. આવો નજીક આવો. વહ લડકીકો દેખનેકો આયે હૈ. બડા હોસ્પિટલ હૈ ન? બડા હોસ્પિટલ હૈ ઉસકા જો ડોક્ટર હૈ ઉસકા સસુર હૈ. વહ દસ બજે આયે થે. હમ આહાર કરતે થે પૂછને આયે થે. વહ હિન્દીમેં હૈ. ભાષા હિન્દી સમજેગા થોડા-થોડા.

ઐસા કહતે હૈ કિ યહ આત્મા હી શિવસ્વરૂપ હૈ. યહ ભગવાન આત્મા અંતર બિરાજમાન હૈ વહી શિવસ્વરૂપ હૈ.

મુમુક્ષુ :- મહાશિવરાત્રી...

ઉત્તર :- વહ શિવરાત્રી નહિ, યહ શિવરાત્રી હૈ. સમજમેં આયા? શિવ નામ નિરૂપદ્રવ કલ્યાણકી મૂર્તિ ઉસકો શિવ કહતે હૈ. તો યહ દેહમેં બિરાજમાન ભગવાન આત્મા... યહ દેહકા રજકણ તો માટી, ધૂલ હૈ. વાણી ઉઠતી હૈ વહ તો જડ હૈ. સમજમેં આયા? વહ આત્મા નહીં. અંદરમેં કર્મ જિસકો કહતે હૈ વહ કર્મ ભી પ્રારબ્ધ એક અજીવતત્ત્વ ધૂલી હૈ. યહ જિસસે પુણ્ય-પાપ પૈસા મિલે યા ન મિલે, નિર્ધન સધન જિસકા કારણ ઐસા પ્રારબ્ધ હૈ ન? વહ પ્રારબ્ધ ભી જડ હૈ. આ ઉસમેં પુણ્ય અને પાપકા શુભ-અશુભભાવકા ભાવ હોતા હૈ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના વહ પાપભાવ હૈ. ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપકા વિકલ્પ જો ઉઠતે હૈ વહ પુણ્યભાવ હૈ. દોનોં ભાવસે ભિન્ન ભગવાન આત્મા હૈ અંદર. આહા..હા..! સમજમેં આયા? ઐસા આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન ઔર આનંદકા કંદ હૈ. શાશ્વત જ્ઞાન ઔર આનંદકા કંદ હૈ. ભગવાન જાને ક્યા હોગા? સમજમેં આયા? ઐસા જિસકો વિશ્વાસ હૈ વહ આત્મા સિવાય પુણ્ય-પાપકા ભાવ, શરીરાદિકી ક્રિયા, અરે! દીક્ષા જૈન દીક્ષા, પંચ મહાવ્રતકા પાલન આદિ શુભભાવ વહ હમારા નહીં. સમજમેં આયા? વહ હમારા નહીં. દેખો, દીક્ષા, જિન દીક્ષા શુભભાવ. હૈ? પુણ્યબંધકે કારણ વહ પંચ મહાવ્રતાદિ ભાવ હૈ ઔર '**દાનાદિ...**' દાન દેનેકા ભાવ હૈ વહ ભી શુભભાવ હૈ. આહા..હા..! દયા, દાન, વાંચન કરના, લેના, સુનના ઐસા જો રાગ ઉત્પન્ન હોતા હૈ. અભયદાન દેના, કિસીકો ઉપદેશ દેના વહ ભી અંદરમેં શુભ વિકલ્પ નામ શુભ રાગ હૈ. વહ દાનાદિ શુભ આચરણ ઉસકો અજ્ઞાની મુક્તિકા કારણ માનતા હૈ. સમજમેં આયા? પોપટભાઈ!

અપના સ્વરૂપ અંદર જ્ઞાન-જ્ઞાન કંદ જિસકે અંતરમેં શાંતિ... શાંતિ... શાંતિ... ભરી હૈ. ઐસા શાંતસાગર, શાંતસ્વરૂપ પ્રભુ. નિર્વિકારી અકષાય સ્વભાવ આત્મા ઉસકી જિસકો શ્રદ્ધા નહીં, ઉસકા જિસકો વિશ્વાસ નહીં, ઉસકા જિસકો આશ્રય અંતર નહીં, વહી બાહ્ય પંચ મહાવ્રતકા પરિણામ, દાનાદિ શુભ ઔર શિષ્યોંસે મુઝે લાભ હોગા વહ પુણ્યબંધકે કારણમેં મોક્ષકા કારણ અજ્ઞાની ઇસતરહ માનતા હૈ. સમજમેં આયા? ભારે બાત! દેખો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘરની ક્રિયા કઈ? ઘરની કઈ ક્રિયા હતી? ઘરકી ક્રિયા તો જ્ઞાનાનંદ ભગવાન આત્મા ઉસકી અંતર દૃષ્ટિ કરકે અનુભવ કરના વહ અંતર આત્માકી ક્રિયા હૈ. વહ ક્રિયા બિના જિતના શુભ-અશુભભાવ, પુણ્ય-પાપકા ભાવ દેહ, વાણી, કર્મ ઔર શિષ્ય. યહાં તો શિષ્ય આદિ લિયા હૈ. મુનિકો લિયા હૈ ન? શિષ્ય હૈ. તમારે બાયડી, છોકરા, કુટુંબ છે. સમજમેં આયા? ઉસસે જો શરમાતા નહીં, લજ્જા હોતી નહીં કિ આ તમારે રાજાની કન્યા. ઓહો..! તુમ તો રાજાકી કન્યાકા પતિ. ધર્મી અપના ચિદાનંદ સ્વભાવકી શ્રદ્ધા રખતે હૈ ઉસમેં વહ પરદ્રવ્યસે, પરદ્રવ્ય મેરા હૈ ઐસા માનતે નહીં ઔર કોઈ કહે કે તુમ્હારા હૈ. શરમ હૈ-શરમ હૈ, લજ્જા હૈ. આહા..હા..! નિહાલભાઈ! આહા..હા..! સમજમેં આયા? અજ્ઞાની લજ્જા નહીં કરતે. યહાં ઐસા કહતે હૈ. રાજી હોતે હૈ. આહા..હા..! હમારી પત્ની, હમારા મકાન, હમારા ગાંવ, હમારા હાથી, હમારા પુત્ર ઐસા પઢા-લિખા, હમારી કન્યા. સમજે? ઓહો..! પઢા-લિખા એલ.એલ.બી., બી.એ હો ગયે. ક્યા હૈ તુઝે?

ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ ઐસી અપની શ્રદ્ધાકા જિસકો ભાન નહીં વહી પરચીજકો અપના માનતે હૈ ઔર દૂસરા પરચીજકો ઉસકી કહતા હૈ તો રાજી હોતા હૈ. કહો, સમજમેં આયા? દેખો, યોગીન્દ્રદેવ આચાર્ય ૯૦૦ સાલ પહલે દિગંબર સંત જંગલમેં રહનેવાલે. મોરપીંછી ઔર કમંડલ ઉસકે સિવાય કુછ ઉનકે પાસ નહીં થા. નગ્ન દિગંબર, આત્મધ્યાનમેં મસ્ત, અખંડાનંદ પરમાત્મા અપને સ્વરૂપમેં આનંદમેં મસ્ત. ઉનકો એક વિકલ્પ આયા શુભરાગ તો યહ શાસ્ત્ર બન ગયા. તો કહતે હૈં કિ અરે! ધર્મી જીવ! તુઝે આત્મા શુદ્ધ આનંદ ભગવાનકી શ્રદ્ધા નહીં તો દૂસરી ચીજસે તુમ તુમ્હારે આત્માકો અધિક માનતે હો. સમજમેં આયા? લક્ષ્મીસે અપનેકો અધિક માનના, કુટુંબસે અધિક માનના, પરિવારસે અધિક માનના, આબરૂસે અધિક માનના. ધર્મ જિસકો હોતા હૈ... ઉસકી જગહ તુમ અધિક માનતે હો તો તુઝે આત્માકી શ્રદ્ધા નહીં. સમજમેં આયા?

આતા હૈ કિ નહીં ઉસમેં ક્યા? શ્રીમદ્‌મેં નહીં આતા વહ? બહુ પુણ્ય કેરા. 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો? શું કુટુંબ કે પરિવારથી વધવાપણું તે નય ગ્રહો.' ૧૬ સાલકી ઉમ્રમેં. શ્રીમદ્ રાજચંદ્ર. શેઠ! વહ એક શ્રીમદ્ રાજચંદ્ર હુએ હૈં. સુના હૈ નામ? તુમ્હારે પિતાજીકો કોક દિ' વહ આપણે ત્યાં ફોટા હૈ સ્વાધ્યાય મંદિરમેં. . ફાવાભાઈ! ઐસા ફોટા હૈ વહાં. શ્રીમદ્ રાજચંદ્ર હુઆ હૈ કાઠિયાવાડમેં. ગૃહસ્થાશ્રમમેં થેં. સ્ત્રી-કુટુંબ થા. બહુત આત્મજ્ઞાન. લાખોંકા વ્યાપાર કરતે થે. યહ નહીં હમારા આત્મા... ઉન્હોંને ૧૬ સાલમેં. ૧૬ સમજે? ૧૦ ઔર ૬. ૧૬ વર્ષકી ઉમ્રમેં... પૂર્વજન્મકા સંસ્કાર થા. સાત સાલકી ઉમ્રમેં જાતિસ્મરણ થા. સમજમેં આયા? .. વહ લડકી દેખનેકો આયે હૈ. લડકી અભી આયેગી.

શ્રીમદ્‌કો સાત સાલકી છોટી ઉમ્રમેં જાતિસ્મરણ (હુઆ) થા. પીછે ૧૬ વર્ષમેં ૧૦૮ પાઠ. માણેકચંદજી! ૧૦૮ પાઠ બનાયા. ૧૬ વર્ષમેં. ઔર ૧૦૮ પાઠ બનાકર ઉસકા નામ... હજી આવી નથી. ઉંચા-નીચા ન થાવ. વહ આયેગી. નયે માણસ હૈ ન. ઉસકો જાતિસ્મરણ હુઆ હૈ. યહાં તો બાતમેં વહ જાતિસ્મરણ યાદ આ ગયા. સમજમેં આયા? ક્યા કહતે હૈ. સાત વર્ષમેં જાતિસ્મરણ. સોલહવે સાલમેં ૧૦૮ પાઠ બનાયા. જૈસે માલાકે ૧૦૮ મનકા (-દાને) હોતા હૈ ન? માલા-માલા કહતે હૈ ન? ક્યા? માલા. ૧૦૮ મનકા. તો ૧૦૮ પાઠ બનાકર ઉસકા નામ મોક્ષમાલા રખા. ઉસમેં એક ઐસા પાઠ બનાયા કિ 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આટો નહીં એકેય ટળ્યો.' આ ગુજરાતી છે. ૧૬ વર્ષમેં કહતે હૈં કિ અરે આત્મા! સોલહ વર્ષ કિતના? ૧ ઔર ૬. બાલક. પરંતુ પૂર્વજન્મકા સંસ્કાર થા. અભી ગુજર ગયે. ૫૭કી સાલમેં યહાં મોરબીકે પાસ વવાણિયા હૈ. વહાં ઉસકા દેહ છૂટ ગયા. છૂટ ગયા તો રાજકોટમેં-વહાં જન્મ થા વહાં સ્થાનક બનાયા.

વહ કહતે હૈં કિ પુણ્યકે કારણ તુજે મનુષ્ય દેહ મિલા, ઉસમેં જો આત્માકા જ્ઞાન તુને ન કિયા, જન્મ-મરણ રહિત કરનેકા આત્માકા ભાવ ન કિયા તો તુને ક્યા કિયા? સમજમેં આયા? આખિરમેં તો યહ કહા 'લક્ષ્મી અને અધિકાર વધતા.' તેરી લક્ષ્મી બઢી, અધિકાર બઢા. પાંચ-દસ હજાર, પચ્ચીસ હજારકા પગાર માસિક હુઆ. 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું?' શું નામ ક્યા? ક્યા બઢા તુઝે? કે 'કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.' કુટુંબ હમારે બહુત હુઆ, પરિવાર હમારે બહુત હુઆ. ક્યા હુઆ? 'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહોહો એક પળ તમને હવો.' 'એનો વિચાર નહિ અહો એક પળ તમને હવો.' ૧૬ સાલમેં કહતે હૈં. અરે જીવ! તુઝે એક પલ ભી વિચાર નહીં આયા કિ ઈસ લક્ષ્મીસે મૈં અધિક? કુટુંબસે અધિક? પરિવારસે અધિક? યહ પરચીજસે તુમ અધિક? જમુભાઈ! જો પરચીજ હૈ વહ હમારી નહીં, ઉસસે તુમ અધિક માનતે હો. હમ બડા હુઆ હૈ. પરિવારમેં બડા હૈ, લક્ષ્મી મેં બડા હૈ, શેઠાઈમેં બડા હૈ, કુટુંબમેં બડા હૈ, આબરૂમેં બડા હૈ. કિસમેં બડા હૈ? ધૂલકા બડા? એમ કહતે હૈ. સમજમેં આયા? ૧૬ સાલમેં કહતે હૈં કિ ક્યા એક પલ ભી તુઝે વિચાર નહીં આયા?

યહાં આચાર્ય કહતે હૈં કિ તેરી ચીજ તો શુદ્ધ આનંદકંદ પરમાત્મા સ્વરૂપ હૈ. ઉસકી શ્રદ્ધા તુઝે નહીં હૈ તો અપની ચીજકે સિવાય દૂસરી ચીજસે મૈં બડા હૂં ઐસા માનતા હૈ, લજ્જા નહીં આતી તેરે? આહા..હા..! વકીલ! દેખો, લજ્જા કહતે હૈ ન? **'लज्जइ णाणियउ'** જ્ઞાની લજ્જા પામતે હૈ. અરે! હમારી ચીજ નહીં વહ હમારી કહતે હૈ! સમજમેં આયા? શરીર કર્મ પુણ્ય-પાપકા ભાવ હોં યહાં તો વહાંતક લિયા હૈ. જિનદીક્ષા, કોઈ શિષ્યોં હુએ, વ્રતધારી શિષ્ય.

આપને બહુત શિષ્ય બનાયે હોં! બહુત વ્રતધારી બનાયે હૈ! અરે ભગવાન! વહ તો હમારા શુભરાગ થા, વહ હમારા બના, તુમ ક્યા કહતે હો? શુભભાવસે ભી લજ્જા આતી હૈ. આહા..હા..! સમજમેં આયા? વહ શુભભાવસે અજ્ઞાની મુક્તિ માનતે હૈ. હમારા શુભભાવ હૈ, વ્રતકા શુભભાવ હૈ, હમ બહુતકો શુભભાવ દેતે હૈ, વ્રત બહુત બનાયા, વ્રતધારી બનાયા. અરે ભગવાન! વ્રત આદિ તો શુભ પરિણામ હૈ, પુણ્ય હૈ. ઉસસે ભિન્ન આત્માકા જ્ઞાનાનંદ સંપદાકી જિસકો શ્રદ્ધા-જ્ઞાન નહીં વહ બાહ્યકી ચીજસે અપની બડાઈ માનતે હૈ. ઉસસે લજ્જા પામતે નહીં. સમજમેં આયા? આહા..હા..! દેખો ન શ્લોક ભી કૈસા આ ગયા હૈ! આહા..હા..!

હમારા શરીર અચ્છા, હમારી આબરૂ અચ્છી. ભગવાન! વહ તો પરવસ્તુ હૈ ન પ્રભુ! વહ તેરી ચીજમેં હૈ હી નહીં ન. તેરી ચીજમેં નહીં હૈ જિસસે તુઝે શરમ આની ચાહીયે ઉસસે તુમ અધિક માનતે હો? મિથ્યાદૃષ્ટિ, અપના નિજ શુદ્ધ પરમાત્મસ્વભાવ ઉસકી ઉસકો શ્રદ્ધા હૈ નહીં. જમુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ચાબખા પડે.

ઉત્તર :- ચાબખા પડે એવું છે હોં! આહા..હા..! કોરડા પડતે હૈ કહતે હૈ. કોરડા સમજતે હો? મારતે હૈ ન. અરે ભગવાન! તું કૌન હૈ? પ્રભુ! યહ તો રજકણ, ધૂલ હૈ. માટીકા પિંડ આયા હૈ ધૂલકા. બાહરમેં જો દાલ-ભાત-રોટી જો બરતનમેં થા વહ યહાં (પેટમેં) રખા હૈ. યહ ક્યા આત્મા હૈ? ઔર ઐસા પુત્ર, પુત્રી, લક્ષ્મી આદિ વહ તો પરવસ્તુ હૈ. કહાંસે આયી ઔર કહાં ચલી જાયેગી? યહાં તો સાધુકો કહતે હૈ. આહા..હા..! એય..! હિંમતભાઈ! ઓલા કહેને, સંસારમાં ડાહ્યા છીએ, બરાબર હલવીએ છીએ અને જગતની વ્યવસ્થા કરીએ છીએ. કહે મૂઢ છો? એમ કહતે હૈ યહાં. આહા..હા..! એય..! છગનભાઈ! આ બધા કાર્ય.. શું કહેવાય? કાર્યકર. કાર્યકર્તા. ગામ દીઠ કાર્ય કર દે દૂસરેકા. લજ્જા નહીં આતી તુઝે? તું આત્મા જ્ઞાનસ્વરૂપ હો. જ્ઞાનસ્વરૂપ ક્યા પરપદાર્થકી વ્યવસ્થા કર સકતા હૈ? સમજમેં આયા? ક્યા પરપદાર્થ તેરી ચીજ હૈ? પરપદાર્થ સ્વતંત્ર ચીજ હૈ. વહ અપનેસે ચીજ ટિકતી હૈ ઔર અપને કારણસે ઉસકી અવસ્થાકી વ્યવસ્થા હોતી હૈ. આહા..હા..! કઠીન બાત. યહ દિગંબર મુનિ હૈ ન. ઉસકો કુછ લેના તો હૈ નહીં. માર્ગ તો ઐસા હૈ, ભગવાન! તુઝે પરમાત્માકી શ્રદ્ધા નહીં, અપના નિજાનંદ ભગવાન અપના સ્વરૂપ હૈ ઉસકા જિસકો વિશ્વાસ નહીં, ઉસકા જિસકો બોધ નહીં ઔર ઉસકા જિસકો અંતરમેં અનુભવ નહીં, વહી આત્મા પરચીજ જિનદીક્ષાસે (ધર્મ) માન લિયા હૈ યહાં તો. ઓહો..હો..! સમજમેં આયા? જિનદીક્ષા અર્થાત્ વીતરાગમાર્ગકા વ્યવહાર ચારિત્ર. વ્યવહાર ક્રિયા પુણ્યકી. દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામ ઐસા બનાયા ઔર દિયા વહ તો તેરા શુભભાવ થા. શુભભાવસે તેરી મુક્તિ હૈ? ઔર દૂસરા કોઈ લાભ અનેક પ્રકારકી દીક્ષા લે

લિયા તો ઉસસે તેરી મુક્તિ હોગી? સમજમેં આયા? દૂસરે બહુત લોગ સમજે હૈં. સમજ જાયે તો ઉસકી પર્યાયસે સમજતે હૈ. તુઝે તો શુભરાગ થા. તો વહ શુભરાગસે તેરી મુક્તિ હૈ? ઔર દૂસરા સમજા ઉસસે તેરી મુક્તિ હૈ? સમજમેં આયા?

કહતે હૈં, ભગવાન આત્મા નિજપ્રભુ આનંદસ્વરૂપ મૈં અનાકુલ શાંતરસ, ઉસકી શાંતિકા, આનંદકી જિસકો રુચિ નહીં. પ્રતીત નહીં. ઉસકા જ્ઞાનમેં યહ જ્ઞેય ભાસન હુઆ નહીં, તો ઉસ તરફકા જિસકો રટણ નામ લીનતા નહીં. '**વહ પુણ્યબંધકે કારણ...**' વહ મૂઢાત્મા '**જિનદીક્ષા...**' ભારે વાત કરી. દીક્ષા કોને કહેવી? ખરી દીક્ષા તો આત્માના આનંદસ્વરૂપમાં રમે વહ દીક્ષા હૈ. આહા..હા..! સમજમેં આયા? કહા ન પહલે. '**ન અનુભવ કરતા હૈ.**' ભગવાન આત્મા અપના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે, જ્ઞાન કરકે, અંતરમેં અનુભવમેં, આનંદમેં-આનંદમેં લીન હોના ઉસકા નામ ચારિત્ર હૈ, ઉસકા નામ સચ્ચી દીક્ષા હૈ, ઉસકા નામ સચ્ચા સાધુપનેકા ધર્મ હૈ. સમજમેં આયા? યહ ખબર નહીં. મૂઢ બાહરસે જિનદીક્ષા. પાઠમેં હૈ દેખો! '**पुण्यबन्धकारणमपि जिनदीक्षादानादिशुभानुष्ठानं**' સંસ્કૃત ટીકામેં હૈ ન ભૈયા! સંસ્કૃત આતા હૈ કિ નહીં થોડા? થોડા તો આતા હૈ ન? થોડા કહા, મૈંને કહાં વિશેષ કહા? ૮૮મેં હૈ દેખો અંદરમેં.

જિનદીક્ષા અર્થાત્ યહ વ્રત લેના, અહિંસા, સત્ય, દત્ય, મહાવ્રત આદિ પંચ મહાવ્રતકા ભાવ ગ્રહણ કરના વહ તો શુભરાગ હૈ. મૂલ ચીજ તો રાગસે રહિત આત્માકા આનંદકી શ્રદ્ધા, રમણતા વહ ચારિત્ર હૈ. ઉસકો ખબર નહીં તો ઇતના વ્રત લિયા વહાં ખુશ હો ગયા. સમજમેં આયા? ભાઈ એમ કહે છે. વ્રત લીધા, શુભ પરિણામ મહાવ્રતના લીધા, પરંતુ અપને સ્વરૂપકી શ્રદ્ધા, જ્ઞાન ચારિત્ર નહીં. મુક્તિકા કારણ માનતે હૈ. વહ વ્રતકા પરિણામ દયા, દાન, ભક્તિ, અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ, અપરિગ્રહ વહ શુભ રાગ વિકલ્પ હૈ. વિકલ્પ યહ કહતે હૈં દેખો, પુણ્યબંધકા કારણ હૈ. યહ જિનદીક્ષા શુભભાવ, વ્રતકા ભાવ ઉસકો અજ્ઞાની મુક્તિકા કારણ માનતે હૈ. આહા..હા..! પીછે કિતના કહના ઉસકો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘરબાર કિસકો કહના? અંદરમેં વિકારકી રુચિ છોડકર જ્ઞાનાનંદકી રુચિ કરના, વિકારકો છોડકર સ્વરૂપમેં રમના, વહ પરઘર છોડકર સ્વઘરમેં આયા. સમજમેં આયા? બાહ્યઘર કૌન છોડે? વહ સબ છોડે. મર જાતે હૈં તો સબ છોડકર ચલે જાતે હૈં. કોઈ સાથમેં લે જાતા હૈ?

મુમુક્ષુ :- લઈને ક્યા આવ્યો છે?

ઉત્તર :- સાથમેં લે જાતા હૈ કોઈ? કોઈ સાથમેં લેકર આયા હૈ? જાઓ સ્મશાનમેં શરીર.

શરીર સ્મશાનમેં. આત્મા તો ગયા કહાં. ક્યાંય નીકળી ગયા અવતાર. કહાં ખો ગયા વહ. યહાં તો અભી ડોક્ટર ભેગા થઈને તપાસ કરે. છે કે નહિ શ્વાસ? મરીને ક્યાંય વયો ગયો હોય. ચલા ગયા કહીં અવતારમેં. સમજમેં આયા?

આચાર્ય મહારાજ કહતે હૈં અરે ભગવાન! તેરા નિર્વિકલ્પ વીતરાગી આનંદ પરમાત્મા ઐસા શુદ્ધ પડા હૈ. ઉન લોગોંમેં ઐસા કહતે હૈ. વૈષ્ણવમેં ઐસા કહનેમેં આતા હૈ. વહ નહીં નરસિંહ મહેતા હુઆ હૈ ન વહાં જૂનાગઢમેં. 'જ્યા લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' સાંભળ્યું છે કે નહિ કોઈ દિ'? એય..! સંઘરાજકા સાંભળ્યું દુકાનનો ધંધો આખો દિ' પણ. જૂનાગઢમેં હુએ ન વહ નરસિંહ મહેતા. 'જ્યા લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' ક્યા કિયા તપ અને તીર્થ કરનેસે, ક્યા કિયા જાપ અને ભક્તિ કરનેસે. સબ શુભભાવ હૈ. આત્માકા કલ્યાણ આત્મજ્ઞાન બિના હોતા નહીં. સુનનેમેં કઠણ લગતા હૈ. કૈસા કહા દેખો ન. આચાર્ય તો તલવાર નિકાલકર બાત કરતે હૈ.

અરે ભગવાન! તેરી ચીજ તો જિનદીક્ષાકા પંચ મહાવ્રતકા પરિણામ... જિનદીક્ષા લી હૈ હોં. અન્યકી તો બાત હી કહાં? સમજમેં આયા? ભગવાનને કહા વ્યવહાર વ્રત. વહ દૂસરી તરહ ભાઈ ભાષા લી હૈ. વહ બંધ અધિકારમેં હૈ ન. ભાઈ! અભવિ ભી પંચ મહાવ્રત પાલતે હૈ, પંચ સમીતી પાલતે હૈ, ગુપ્તિ વ્યવહાર પાલતે હૈ. અગિયાર (અંગ)-શાસ્ત્રકા અધ્યયન હૈ, પરંતુ વહ તો પુણ્યબંધકા કારણ હૈ. પુણ્યસે રહિત પવિત્રતા ભગવાન આત્માકી જિસકો શ્રદ્ધા-જ્ઞાન નહીં ઉસકો પુણ્યબંધકા કારણ, મુક્તિકા કારણ કભી હોતા નહીં. સમજમેં આયા? પુણ્યબંધકે કારણ જિનદીક્ષા, દાન, ઉપદેશ દેના, દાનમેં પૈસામેં રાગ મંદ કરના, અભયદાનકા ભાવ કરના, દૂસરે જીવકો નહીં મારનેકા ભાવ હોના—વહ સબ શુભ આચરણ હૈ. શુભ આચરણ હૈ. પુણ્યબંધકા કારણ હૈ, મુક્તિકા કારણ હૈ નહીં. ઐસે અજ્ઞાની ઉસકો મુક્તિકા કારણ માનતે હૈ દેખો.

**'પુસ્તકાદિ ઉપકરણ...'** પુસ્તક બનાયા. લાખ, દો લાખ પુસ્તક, શાસ્ત્ર બનાયા, અર્થ કિયા, ટીકા બનાયી. હમને બનાયા હૈ. ભગવાન! વહ તો જડકી, પરકી પર્યાય હૈ ન. તુને કહાંસે બનાયા હૈ? ઔર તેરા ભાવ થા કદાચિત્ શુભ, તો શુભ તો પુણ્યબંધકા કારણ થા. પુસ્તક બનનેમેં ભાવ થા કદાચિત્ શુભ, તો વહ તો વિકલ્પ થા. વહ કોઈ સંવર-નિર્જરાકા કારણ હૈ નહીં. જમુભાઈ! આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નામ હી હૈ નહીં આત્મામેં, ક્યા લિખાવે? ક્યા નામ હૈ આત્મામેં? નામ હૈ આત્મા મેં? આત્મા તો જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત સૂર્ય હૈ. અખંડાનંદ અનાદિ-અનંત પરમાત્મ ચિદાનંદ સ્વરૂપ હૈ. ઉસમેં નામ હૈ? અંદર લિખા હૈ કિ યહ ફલાણા નામ હૈ, જમુભાઈ નામ

હૈ ઉસમેં? આહા..હા..!

મુમુક્ષુ :- નામ..

ઉત્તર :- અનાદિકા નામ બિનાકા આત્મા હૈ. માણસ એમ કહતે હૈં. પણ માણસને નામ ક્યા છે? ક્યા નામ છે બતાવો. કિસકા નામ કહના કહો? કિસકા નામ કહના? કહો, આને આંગળીને? કિસકો નામ કહના?

મુમુક્ષુ :- બધી સંજ્ઞા આપી.

ઉત્તર :- દુનિયા તો એ સંજ્ઞા આપી, દૂસરેસે ભિન્ન બતાનેકો સંજ્ઞા દિયા હૈ. નામ-ઠામ ક્યા હૈ અંદરમેં? એમ આત્મામેં કોઈ નામ-ઠામ હૈ નહીં. વહ તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સૂર્ય હૈ. ઐસા ભગવાન આત્મા જિસકો શ્રદ્ધા, જ્ઞાનમેં આયા નહીં, ઉસકા જિસકો વિશ્વાસ નહીં, વહ બાહ્ય ક્રિયાકાંડ, વ્રત, નિયમ, દાન, શુભ આચરણ ઔર પુસ્તક આદિ. શિષ્યો આદિ આચરણ સમજે? બહુતકો મૈંને સમજાયા, બહુતકો ઐસા કિયા, હમને બહુત મંદિર બનવાયા. સમજમેં આયા? મંદિર બનવાયા ઔર જહાં તહાં ધજા કિયા. ઉસમેં ક્યા હુઆ? વહ તો જડકી પર્યાય હુઈ. તેરા ભાવ હો તો વહ શુભ થા. માણેકચંદજી! માણેક મોંઘા હૈ બહુત આ. આહા..હા..! મોંઘાકો ક્યા કહતે હૈ? દુર્લભ. મોંઘા કહતે હૈ ન?

'**પુસ્તકાદિ ઉપકરણ...**' મંહગા. મંહગા તુમ્હારે કહતે હૈ. હમારે મોંઘા કહતે હૈં. તુમ્હારે હિન્દીમેં મંહગા કહતે હૈ. '**પુસ્તકાદિ ઉપકરણ ઉનકો મુક્તિકે કારણ માનતા હૈ,...**' વહ મૂઢાત્મા હૈ. પહલે કહા હૈ. વહ મૂઢ આત્મા હૈ, અજ્ઞાની હૈ, ઉસકો આત્માકા બોધ હૈ નહીં. '**ઔર જ્ઞાનીજન...**' દેખો, ધર્મી આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ હૈ. ઓહો..! મેરી ચીજમેં તો વિકાર ભી નહીં. પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈં વહ મેરી ચીજમેં નહીં. ઐસા ધર્મી અપને આત્માકો માનનેવાલા '**ઈનકો સાક્ષાત્ પુણ્યબંધકે કારણ જાનતા હૈ,...**' શુભભાવ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. મુક્તિકા કારણ નહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! '**સાક્ષાત્ પુણ્યબંધકે...**' દેખો, ખુદ હી લેંગેં હોં. પરંપરા મુક્તિકા કારણ માનતે હૈ વહ તો ઉન્હોંને લિયા હૈ. શબ્દ પડા નહીં ઈસલિયે. '**तथापि**' શબ્દ પડા હૈ દેખો, '**निश्चयेन मुक्तिकारणं न मन्यते**' છે ટીકામાં છેને. બહુત ખુલાસા કર દિયા હૈ.

'**વ્યવહારનયકર બાહ્ય સામગ્રીકો ધર્મકા સાધન જાનતા હૈ,...**' વ્યવહારસે શુભભાવ આદિ નિમિત્ત હૈ. નિમિત્ત હૈ. અપના શુદ્ધ સ્વરૂપ ઉસકી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમેં વહ વિકલ્પ જો શુભભાવ હૈ વહ બાહ્ય નિમિત્ત કહનેમેં આતા હૈ. વહ બાહ્ય નિમિત્ત હૈ, પુણ્યબંધકા કારણ હૈ. '**તો ભી ઐસા માનતા હૈ...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ. '**નિશ્ચયનયસે મુક્તિકે કારણ નહીં હૈં.**' સમજમેં આયા? નિશ્ચય નામ યથાર્થ દૃષ્ટિસે આત્મા પવિત્ર સ્વભાવ હૈ ઉસકી પવિત્રતાકી

એકાગ્રતા વહી મુક્તિકા કારણ હૈ. બીચમેં જો યહ શુભભાવ આયા વહ નિશ્ચયસે મુક્તિકા કારણ ધર્મી, જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ બાહ્ય ક્રિયાકાંડ શુભભાવ આદિ, દીક્ષાકા વ્રતાદિ, દાનાદિકા ભાવ, પુસ્તકાદિ ક્રિયાકા ભાવ ઉસકો મુક્તિકા કારણ જ્ઞાની માનતે નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ કહા ન .. આત્મા અંદર હૈ કિ નહીં બડા? ધૂલમેં કરના બાહરમેં? સુમનભાઈ! ફુરસત ક્હાં હૈ કમાના આખો દિ ઐસી મજદૂરી. મજદૂરી હૈ ન એય..! એય..! જયચંદભાઈ! મજદૂરી કર કરકે .. થક ગયે અબ. મરી ગયે. પાપ કર કરકે જિંદગી ગુજારી. અભિમાન કરીને હોં પાછા. અમે કર્યું હતું... અમે કર્યું હતું... અમે દુકાનની સંભાળ કરી હતી. ધૂલમેં ભી કી નહીં હૈ. તુમ કૌન હો? કરનેવાલા પરકી અવસ્થા. જડકી અવસ્થા જડસે હોતી હૈ. તુમ કરનેવાલા હો ઉસકા? અભિમાન કિયા ઔર ... હાય..! હાય..! અરે! કુછ નહીં હોતા. પણ તે દિ' થતું હતું તારાથી. પહલેસે કભી નહીં હોતા થા પરકો તેરે. મોહનભાઈ!

મુમુક્ષુ :- કોકવાર થાય અને કોકવાર ન થાય.

ઉત્તર :- કભી હોતા હી નહીં. કોઈવાર ક્યા? એમ કે કોઈવાર હોતા હૈ. જો ઇચ્છા અનુકૂલ હો તો હોતા હૈ ઔર ન હો તો નહીં હોતા. ઐસા હૈ હી નહીં. કોઈ સમય ભી અપની ઇચ્છાસે પરદ્રવ્યકા કામ કભી તીનકાલમેં હોતા નહીં. સમજમેં આયા? કેમ મણિભાઈ! અત્યાર સુધી તો કર્યું કે નહિ બધું? નથી કર્યું? આહા..હા..!

યહાં તો આચાર્ય ઐસા કહતે હૈં કિ ધર્મી જો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ જ્ઞાનકી મૂર્તિ પ્રભુ ચૈતન્યસૂર્ય, જિસમેંસે કેવલજ્ઞાન હી નિકલતા હૈ. ત્રિકાલ જ્ઞાન નિકલે ઐસા ભગવાન આત્મા ઉસકા જિસકો વિશ્વાસ, ધર્મી-જિસકો ધર્મકી દૃષ્ટિ હુઈ ઐસા શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા વહ સબ ભાવકો પુણ્યબંધકા કારણ ધર્મી માનતે હૈ. સમજમેં આયા? મોક્ષકા કારણ સમ્યગ્દૃષ્ટિ માનતે નહીં. અજ્ઞાની મોક્ષકા કારણ માનતે હૈ. ઉસકો યહાં મૂઢાત્મા કહા હૈ. કહો, બરાબર હૈ? આહા..હા..! '**નિશ્ચયસે મુક્તિકે કારણ નહીં હૈં.**' લો. વહ ૮૮ ગાથા હુઈ.

અબ થોડી સાધુકી બાત કરતે હૈં. '**આગે કમંડલુ, પીછી, પુસ્તકાદિ ઉપકરણ ઔર શિષ્યાદિકા સંઘ યે મુનિયોંકો મોહ ઉત્પન્ન કરાકે ખોટે માર્ગમેં પટક દેતે હૈં—**' ૮૯.

**૨૧૬) चट्टहिँ पट्टहिँ कुंडियहिँ चेल्ला-चेल्लियएहिँ।**
**मोहु जणेविणु मुणिवरहँ उप्पहि पाडिय तेहिँ।।८९।।**

જગતમેં અજ્ઞાની પ્રાણીકો કુટુંબ, કબીલા મેરા-મેરા કરકે વહ જગતકા પ્રાણીકો નરકમેં લે જાતે હૈ ઉસકો. ઐસી નિમિત્તસે બાત હૈ હોં. ઐસે સાધુ હોકર મેરા સંગ હૈ, મેરા શિષ્ય

હૈ, મેરા ચેલા હૈ. સમજમેં આયા? મેરી પીંછી હૈ. સાધુકી બાત હૈ ન. પીંછી હોતી હૈ ન મોરપીછી. '**કમંડલ,...**' મુનિકો તો દૂસરા હોતા હી નહીં. ત્યાગી વહ તો દિગંબર હૈ બાહરમેં. અંતરમેં ભાન નહીં. બાહરમેં '**પીંછી, કમંડલ, પુસ્તક...**' અચ્છા-અચ્છા પુસ્તક રખે '**ઔર મુનિ શ્રાવકરૂપ ચેલા, અર્જિકા, શ્રાવિકા ઈત્યાદિ ચેલી—**' યહ હમારે સાધુ, યહ હમારી અર્જિકા, યહ હમારે શિષ્યા શ્રાવક. સમજમેં આયા? ઐસી માન્યતા કરકે '**યે સંઘ મુનિવરોંકો મોહ ઉત્પન્ન કરાકે...**' વહ મોહ પર ઉત્પન્ન નહીં કરાતે. યહાં તો બાત કહતે હૈ કિ જિસકો અપના શુદ્ધ સ્વરૂપકી શ્રદ્ધાકા વિશ્વાસ જ્ઞાનકા નહીં ઉસકો પરપદાર્થમેં ઐસા મોહ ઉત્પન્ન હુએ બિના (રહતા નહીં). એમ કહતે હૈં. સમજમેં આયા? ઐસા હમારા શિષ્ય. કરોડોપતિ શિષ્ય, અબજોપતિ શિષ્ય. પરંતુ તુઝે ક્યા હૈ ધૂલમેં? સમજમેં આયા? હમારા ચેલા ઈતના હુઆ. બહુત બોધ આપતે હૈ દુનિયામેં ઔર પ્રભાવના ધર્મકી કરતે હૈ. ઐસા અભિમાન અજ્ઞાનીકો સાધુ હોકર ભી અપને સ્વભાવકા ભાન નહીં, અપની શુદ્ધિ ચિદાનંદકી અપની અંતરમેંસે પ્રગટ હોતી હૈ ઐસા ભાન જિસકો નહીં, વહ બાહ્ય ચીજકો અપના માનકર મોહ ઉત્પન્ન કરાકે... ભ્રમણા ઉત્પન્ન હોતી હૈ ઉસકો યહ મેરા હૈ... મેરા હૈ.. મેરા હૈ... ક્યા તેરા હૈ? તેરા હૈ વહ તેરેસે જુદા હોતા નહીં. જુદા હો વહ તેરા હોતા નહીં. તેરા તેરેસે જુદા નહીં, જુદા હો વહ તેરે સ્વરૂપમેં હે નહીં. આહા..હા..! સમજમેં આયા? યહ તો ઉત્કૃષ્ટ બાત મુનિકી કરતે હૈ.

યહ તો આત્માકા જિસકો અંતર અહો..! મેરી શાંતિ ઔર મેરા આનંદ ધર્મસ્વભાવસે ભરા મેરા આત્મા હૈ. મેરા આત્મામેં બડી કિંમતી ચીજ મૈં હૂં. કોઈ દૂસરી કિંમતી ચીજ, મેરે આગે દૂસરી કિંમતી ચીજ હૈ હી નહીં. ઐસા જિસકો અપના નિજસ્વરૂપકી સમ્યગ્દર્શન રત્નસે કિંમત કી નહીં. ઐસા અજ્ઞાનીકો '**સંઘ મુનિવરોંકો મોહ ઉત્પન્ન કરાકે વે ઉન્માર્ગમેં ડાલ દેતે હૈં.**' લો ડાલ દેતે હૈં. પોપટભાઈ! તમારે દીકરા-દીકરીયું કહે આહા..! બાપા! બહુ કર્યું તમે હોં. ઠીક પૈસા કમાકર હમારા માટે રખા. તમને પાપ લાગે, મરીને જાઓ તમે નરકમેં. હમેં ક્યા હૈ? પિતાજીને હમારે લિયે બહુત કિયા. મોહ ઉપજાવીને મારે, નીચે જાવ નરકે. સમજમેં આયા? એમ યહાં તો કહતે હૈ. આચાર્ય તો સંતકી બાત કહે. સાધુ હોકર ભી આત્મા અખંડ આનંદકંદ ઈસકી નિધાનકી તુઝે દૃષ્ટિ નહીં. ઔર યહ બાહ્ય ચીજ મેરા-મેરા માનકર મોહ ઉત્પન્ન કરકે ડાલ દેગા નીચે. નર્કમેં જાયેગા, નિગોદમેં જાયેગા. કોઈ શરણ હૈ નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- મુનિ થઈને પુસ્તક, કમંડળ રાખે મોહ થાતા હશે?

ઉત્તર :- અરે! પીંછી શું કોઈપણ નાની ચીજ ઉપર અંદર થાય કે આ મારા. દીકરો, દીકરી કોઈને ન હોય અને એક જ નાની દીકરી હોય પછી બધો રાગ એના ઉપર ઢોળે. આ

તો એક દૃષ્ટાંત આપું છું. જેને આઠ-દશ દીકરા હોય, ઝાઝું હોય તો એનો રાગ બધો વહેંચાઈ જાય થોડો-થોડો. એક હી લડકા હો ઔર એક હી લડકી હો તો સબ રાગ ઉસકે ઉપર હો. સબ મેરા-મેરા. અપના સ્વરૂપકા ભાન નહીં, સબ રાગ ઉસકે ઉપર ડાલ દેતે હૈ. ઐસે અજ્ઞાની આત્મા ચિદાનંદ સ્વરૂપકા બોધ નહીં તો જો છોટી ભી ચીજ હો, મેરી હૈ. હમકો દેનેવાલા બડા બડા શેઠિયા હૈ. તો હમારી ચીજ સુંદર કિતની હૈ દેખો! પીંછી, કમંડલ. કમંડલકો ભી શ્રૃંગાર કિયા હો. દોરી ભી અચ્છી, પુસ્તક ભી અચ્છા. પુસ્તકકા ઉસકો ક્યા કહતે હૈ? બંધન. બંધન ભી અચ્છા. મોહકી ચીજ નાની-મોટીકી ક્યા બાત હૈ? અપના સ્વરૂપકી ખબર નહીં વહ થોડી કોઈપણ ચીજમેં મોહ ઉત્પન્ન કરતે હૈ. કરતે હૈ તો કરાતે હૈ ઐસા કહનેમેં આતા હૈ. દૂસરા કૌન કરાતે હૈ ધૂલ? આહા..હા..! સમજમેં આયા? યહાં તો અપને સ્વભાવકા કારણ નહીં બના ન. શુદ્ધ જ્ઞાયકમૂર્તિ મૈં આનંદ હૂં ઐસા વિશ્વાસ અંતર નહીં ઉસકો દૂસરી ચીજ મોહમેં નિમિત્ત હોતી હૈ. ઐસા કહતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- .. એમાં ક્યાં પેટ ભરાય છે?

ઉત્તર :- પેટ ભરાય, માન આતા હૈ ન. પેટ ભરાય. મોટાપના આતા હૈ ઉસમેં અધિકપને. દેખો હમારા. યહ તો ઇતની ચીજ હૈ. મુનિપના દૂસરા હોતા હી નહીં. સચ્ચા મુનિ જો વ્યવહાર દિગંબર હૈ વહ ભી તદ્દન દિગંબર નગ્ન હોતા હૈ. ઉસકે પાસ કોઈ દૂસરી ચીજ હોતી હી નહીં. એક કમંડલ, મોરપીંછી, પુસ્તક બસ. પણ કહતે હૈં કિ આત્માકા ભાન નહીં. મૈં અખંડ આનંદકંદ શુદ્ધ ચિદાનંદ હૂં. સમજમેં આયા? તો ગૃહસ્થ ગૃહસ્થાશ્રમમેં સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગમેં હોતા હૈ.

રત્નકરંડ શ્રાવકાચારમેં કહા ન ભાઈ! ગૃહસ્થ મોક્ખ મગ્ગો. ગૃહસ્થાશ્રમમેં ભી અપના આત્મા શરીર, વાણીસે ભિન્ન, પુણ્ય-પાપસે ભિન્ન ઐસા પ્રતીત અનુભવ કરતે હૈ તો ગૃહસ્થાશ્રમમેં રહા આત્મા ભી મોક્ષમાર્ગમેં હૈ. અને મૂઢ જો અણગાર બાહ્યકી ચીજમેં મોહ કરતે હૈ ઔર અપને સ્વરૂપકા શ્રદ્ધા, જ્ઞાનકા ભાન નહીં વહ સંસારમાર્ગ હૈ. ઐસા લિખા હૈ. શ્રાવક રત્નકરંડાચારમેં. ... ઠીક! ભૂલ ગયે? યહ શબ્દ હૈ. યહ થોડું-થોડું ક્યાં એ બધા જન્મ્યા દિગંબરમાં પણ કાંઈ ખબર જ ન મળે. સમજમેં આયા? વહ રત્નકરંડશ્રાવકાચાર હૈ ન સંમતભદ્રાચાર્ય. ઉસને બનાયા હૈ. કિ ભાઈ! જો આત્માકા ભાન કરકે સમ્યગ્દર્શન અનુભવ કિયા તો ગૃહસ્થાશ્રમમેં ભી વહ ધર્મી હૈ, મોક્ષમાર્ગી હૈ. ભલે હી સ્ત્રી-કુટુંબમેં પડા હૈ પરંતુ ઉસકો લેપ નહીં. શ્રીફલ જૈસા હૈ, નાળિયેર. નાળિયેર હોતા હૈ કિ નહીં? તો નાળિયેરમેં ઉપરકા છાલા ભિન્ન હૈ, કાચલી હોતી હૈ ન કાચલી? કઠણ. કાચલી કહતે હૈ ન? ઉપર કાચલી. વહ ભિન્ન હૈ. ઉપર છાલા ભિન્ન હૈ, કાચલી ભિન્ન હૈ. ઔર મીઠા સફેદ ગોલાસે જો કાચલી તરફકી જો રાતડ હો ન.

રાતી. વહ ટોપરા કર દેતે હૈન. છાલ-છાલ છિલકા ઝીણા હોતા હૈને લાલ... લાલ... લાલ... તો વહ ભી મીઠા ટોપરાસે ભિન્ન હૈ. રતાશ નહીં હોતી હૈ? કાચલી હોયને. કાચલી તરફની રતાશ. તો ટોપરાપાક કરતે હૈ તો ખમણીમેં વહ લાલ નિકાલ દેતે હૈ ન? તબ ધોળા-સફેદ હોતા હૈ કિ નહીં? ઐસા ભગવાન આત્મા યહ છાલા સમાન શરીર હૈ. ઉપર છાલા હોતા હૈ ન વહ? યહ આઠ કર્મ અંદર કાચલી હૈ, જડકર્મ આઠ કર્મ વહ કાચલી સમાન હૈ. કઠણ કાચલી હોતી હૈ કિ નહીં? ઔર કાચલી તરફકા પુણ્ય અને પાપકા વિકલ્પ વહ છાલા સબ અંદર ઝીણા મેલ સમાન હૈ. ઉસસે ભિન્ન ભગવાન જ્ઞાનાનંદ ગોલા મીઠા આનંદકંદ હૈ. આહા..હા..! ઈસકા જિસકો ભાન હૈ વહ ગૃહસ્થાશ્રમમેં ભી મોક્ષમાર્ગી હૈ. ઔર ઈસકા જિસકો ભાન નહીં ઔર વહ કાચલીકો અપના માને, છાલાકો અપના માને, વહ પુણ્યભાવ હૈ ન પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈ ઉસકો અપના માને. તો કહતે હૈં કિ કોઈ ભી બાહ્ય ચીજમેં અપના માનકર મિથ્યાભાવ ઉત્પન્ન કરકે અનંતબૈર નરક-નિગોદમેં ચલે ગયે. સમજમેં આયા?

**'ભાવાર્થ :- જૈસે કોઈ અજીર્ણકિ ભયસે...'** દૃષ્ટાંત દિયા. દૃષ્ટાંત દેતે હૈં થોડા. અજીર્ણ. અજીર્ણ હોતા હૈ કિ નહીં? પેટમેં અજીર્ણ હોતા હૈ ન? વહ તો ડોક્ટરકો બહુત ખબર હોતી હૈ. અપચા. લડ્ડુ-બડ્ડુ ખાયા તીન-ચાર તો અજીર્ણ હો ગયા. કહે, મુઝે અજીર્ણ હૈ. **'અજીર્ણ ભયસે મનોજ્ઞ આહારકો છોડકર...'** ફિર મનોજ્ઞ આહાર નહીં કરના. ડોક્ટર ના પાડે કિ લડ્ડુ નહીં ખાના અભી. ઐસા પુરણપોળી નહીં ખાના. ઘી બહુત હો વહ નહીં ખાના. **'લંઘન કરતા હૈ, પીછે અજીર્ણકો દૂર કરનેવાલી કોઈ મીઠી ઔષધિકો લેકર જિવ્હાકા...'** તેરે ટોપરાકા, ટોપરા હૈ મીઠા વહ થોડા થોડા ખાના. .. હંમેશા. થોડા લેના.

વહ **'મીઠી ઔષધિકો લેકર જિવ્હાકા લંપટી હોકે માત્રાસે અધિક લેકે ઔષધિકા હી અજીર્ણ કરતા હૈ,...'** ઔષધિકા અજીર્ણ. બડા અચ્છા લગે તો અધશેર, પોનાશેર ખા જાયે. અજીર્ણકો મિટા દેનેકો, અજીર્ણકો મિટાનેકો કહા કિ ભાઈ થોડા-થોડા ટોપરા લેના તેરે. ઐસા-ઐસા. અજીર્ણકા તો દૃષ્ટાંત દિયા હૈ. ઐસી ચીજ લેના. સાલમપાક થોડા ચાર રૂપિયા ભાર લેના, દો રૂપિયાભાર લેના. તો મીઠા લગે તો લે જાઓ શેર, અધશેર. આધા શેર. તો ઉલટા હો જાયે અજીર્ણ. ઔષધિકા અજીર્ણ. અરે! દવામાં ભસ્મ નાખીને ખાય વળી. દવા થોડી કહતે હૈ ન તો ઉસમેં લોહાકી ભસ્મ આતી હૈ ન? .. શું કહેવાય એય? વસંતમાલતી. વસંતતિલકા નહીં. વસંતતિલકા તો દેશી હૈ. વસંત માલતી થોડી-થોડી નાખે. વધારે પછી સાકર ને ગોળ ને ઘી વધારે ખોસે એમાં. ઔષધિકા હી અજીર્ણ હો ગયા. સમજમેં આયા? પીછે અજીર્ણ દૂર હો જાયે.

**'લંપટી હોકે માત્રાસે અધિક લેકે ઔષધિકા હી અજીર્ણ કરતા હૈ, ઉસી તરહ**

**અજ્ઞાની કોઈ દ્રવ્યલિંગી યતિ...**' આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અખંડ આનંદકંદકા ભાન નહીં. તો બહાર '**યતી વિનયવાન પતિવ્રતા સ્ત્રી આદિકો મોહકે ડરસે...**' પતિવ્રતા સ્ત્રી છોડ દિયા. '**જિનદીક્ષા લેકે...**' જિનદીક્ષા ધારણ કિયા દેખો. '**અજીર્ણ સમાન મોહકે દૂર કરનેકે લિયે વૈરાગ્ય ધારણ કરકે ઔષધિ સમાન જો ઉપકરણાદિ ઉનકો હી ગ્રહણ કરકે...**' વહ ઉપકરણ નિમિત્ત થા. યહ ઉપકરણ અધિક રખકર અજીર્ણ હો ગયા. સમજમેં આયા? આહા..હા..! દેખો ઈસલિયે લિયા હૈ. સમજે? '**ઉન્હીંકા અનુરાગી (પ્રેમી) હોતા હૈ, ઉનકી બુદ્ધિસે સુખ માનતા હૈ,...**' હમેં તો બહુત ઉપકરણ અચ્છા ચાહિયે. ઐસા કમંડલ, ઐસી પીંછી, ઐસા પુસ્તક. પુસ્તકકા ઢગ. જહાં બૈઠે વહાં પુસ્તકકા ઢગ ઈતના પડા હૈ. બનાતે હૈ. પુસ્તક બનાતે હૈ ફિર પકડે સેઠકો. લો ભાઈ હમને બનાયા હૈ લો. ક્યા હૈ તુઝે કામ પણ? સમજમેં આયા? ઐસે મોહજાલમેં ફંસ જાતે હૈં. અપના આનંદકી પ્રતીતિકા ભાન તો હુઆ નહીં. સમજમેં આયા? તો વહ પુસ્તક આદિમેં અજીર્ણ હો ગયા. પુસ્તક બનાયા. પકડે. લો એક સેટ હમારા લો. હમારા તરફસે ૨૦ પુસ્તક બનાયા હૈ. એક સેટ તુમ્હે લેના પડેગા. ૫૧ રૂપયા બેઠેગા. બનતા હૈ અભી બહુત બનતા હૈ.

યહ આચાર્ય વહ કહતે હૈં ૯૦૦ સાલ પહલે કિ જિસકો આત્મા આનંદસ્વરૂપકા ભરોસા અંતર આયા નહીં. આત્મજ્ઞાન અંદર હુઆ નહીં. ઔર બાહરસે ભેખ લે લિયા. સમજમેં આયા? તો ભેખકે બહાને વહ જિનદીક્ષાકે ઉપકરણ આદિ ઉનકો ગ્રહણ કરકે અનુરાગી હોતા હૈ. વૃદ્ધિસે સુખ માનતા હૈ કિ આહા..! હમારે પુસ્તક બહુત હૈં દેખો. એક-એક પુસ્તક હમારા બનાયા ઉસકી ૧૦-૧૦ કી કિંમત હૈ. બહુત અચ્છા. બાઈંડિંગ અચ્છા હૈ, પન્ના અચ્છા હૈ. પરંતુ ક્યા હુઆ? વહ તો પર હૈ તેરી ચીજસે. કિતના અચ્છા વખાણ કરના હૈ. સમજમેં આયા? દેખો, અભી તો મુનિકો ઐસા કહતે હૈં, ગૃહસ્થી પરચીજકો અપના માનતા હૈ વહ તો મૂઢતા હૈ. આહા..હા..!

'**વહ ઔષધિકા હી અજીર્ણ કરતા હૈ. માત્રાપ્રમાણ ઔષધિ લેવે, તો વહ રોગકો હર સકે. યદિ ઔષધિકા હી અજીર્ણ કરે—માત્રાસે અધિક લેવે, તો રોગ નહીં જાતા, ઉલટી રોગકી વૃદ્ધિ હી હોતી હૈ. યહ નિઃસંદેહ જાનના.**' ઐસા નિઃસંદેહ માનના. '**ઈસસે નિશ્ચય હુઆ જો પરમોપેક્ષાસંયમ અર્થાત્ નિર્વિકલ્પ પરમસમાધિરૂપ તીન ગુપ્તિમયી પરમ શુદ્ધોપયોગરૂપ સંયમકે ધારક હૈં,...**' આત્માકે આનંદમેં શુદ્ધ ચિદાનંદ શ્રદ્ધા, જ્ઞાન ઔર રમણતા કરતે હૈં, '**ઉનકે શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત સબ હી પરિગ્રહ ત્યાગને યોગ્ય હૈ.**' ઉસે તો વિકલ્પ ઉઠતે હૈ વહ છોડને લાયક હૈ. '**શુદ્ધોપયોગી મુનિયોંકે કુછ ભી પરિગ્રહ નહીં હૈ, ઔર જિનકે પરમોપેક્ષા સંયમ નહીં લેકિન વ્યવહાર સંયમ**

હૈ,...' શબ્દ નહીં પડા હૈ અંદરમેં. ભાઈ! વ્યવહાર સંયમ નથી પડ્યો. ફક્ત એટલું કહ્યું છે. **'वीतरागशुद्धात्मानुभूतिभावसंयमरक्षणार्थं'** એટલું પડ્યું છે. બસ એટલું છે.

ક્યા કહતે હૈ? જરી સૂક્ષ્મ બાત હૈ. આત્મા અપની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ઔર રમણતા, અનુભવ કરતે હૈં મુનિ તો ઉસકો તો શુભભાવ રાગ ભી હોતા નહીં. તો શુભ વિકલ્પ ભી ઉસકો તો હૈ નહીં, પરંતુ જબ સ્વરૂપકી દૃષ્ટિ હૈ, સ્વરૂપકા જ્ઞાન હૈ, સ્વરૂપકી સ્થિરતા કુછ હૈ, પરંતુ ધ્યાનમેં લીન નહીં હો સકે, તબ ઉસકો શુભ પરિણામ આદિકા નિમિત્તપના હૈ, શુભ પરિણામ નિમિત્ત હૈ. સમજમેં આયા? તો **'ઉનકે ભાવસંયમકી રક્ષાકે નિમિત્ત હીન સંહનનકે હોનેપર ઉત્કૃષ્ટ શક્તિકે અભાવસે યદ્યપિ તપકા સાધન શરીરકી રક્ષાકે નિમિત્ત અન્ન જલકા ગ્રહણ હોતા હૈ,...'** દેખો, અન્ન-જલ લેના આદિ વિકલ્પ હૈ. આહા..હા..! સ્વરૂપમેં ઠર જાયે આનંદમેં વહી મુક્તિકા માર્ગ હૈ. પરંતુ કહતે હૈ કિ ભાન હૈ, પરંતુ ઠર નહીં સકતે તો શુભ વિકલ્પ આતા હૈ શરીરકે નિર્વાહકે લિયે.

**'ઉસ અન્ન જલકે લેનેસે મલ-મૂત્રાદિકી બાધા ભી હોતી હૈ, ઈસલિયે શૌચકા ઉપકરણ કમંડલું, ઔર સંયમોપકરણ પીંછી, ઔર જ્ઞાનોપકરણ પુસ્તક...'** તીનોં લિયા. **'ઈનકો ગ્રહણ કરતે હૈં, તો ભી ઈનમેં મમતા નહીં હૈ,...'** છોડ દેતે હૈ. મેરી ચીજ .. કામ છોડ દિયા. મેરી ચીજ તો સ્વરૂપ શુદ્ધ હૈ ઉસમેં મેરે રહના, અંતરમેં આનંદમેં, અતીન્દ્રિય આનંદકા સ્વાદમેં રહના વહી મુનિકા મુખ્ય પ્રથમ કર્તવ્ય હૈ. સમજમેં આયા? ઉસમેં રહ ન સકે તો અન્ન-જલ આદિકા વિકલ્પ આતા હૈ. ઉપદેશ દૂસરાકો કહે તો વિકલ્પ આતા હૈ. વહ વિકલ્પકો શુભ નિમિત્ત તરીકે જાનતે હૈ, ઉસકો બંધકા કારણ જાનતે હૈ, ઉસકો મુક્તિકા કારણ મુનિ જાનતે નહીં. આહા..હા..!

**'પ્રયોજનમાત્ર પ્રથમ અવસ્થામેં ધારતે હૈં. ઐસા દૂસરી જગહ** રમ્યેષુ **ઈત્યાદિ કહા હૈ, કિ મનોજ્ઞ સ્ત્રી આદિક વસ્તુઓંમેં જિસને મોહ તોડ દિયા હૈ, ઐસા મહામુનિ સંયમકે સાધન પુસ્તક, પીંછી, કમંડલુ આદિ ઉપકરણોમેં વૃથા મોહ કૈસે કર સકતા હૈ?'** સમજમેં આયા? **'કભી નહીં કર સકતા. જૈસે કોઈ બુદ્ધિમાન પુરુષ રોગકે ભયસે અજીર્ણકો દૂર કરના ચાહે ઔર અજીણકિ દૂર કરનેકે લિયે ઔષધિકા સેવન કરે, તો ક્યા માત્રાસે અધિક લે સકતા હૈ?'** મર્યાદાથી વધારે લે? ઔષધિકી જિતની મર્યાદા હૈ ઉતની લેના, એક રતિભાર લેના. ભસ્મ નહીં કહતે? એક રતિભાર લેના ચાહિયે. વિશેષ નહીં લેના. ફૂટી નીકળશે. ઐસે ધર્માત્મા અપના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ઉસકી શ્રદ્ધા, જ્ઞાન હૈ ઔર ઉસમેં લીનતા હૈ પરંતુ સ્વરૂપકે ધ્યાનમેં લીન ન હો સકે તબ ઐસા ઉપકરણકા શુભ વિકલ્પ આતા હૈ. આહારકા, વિકલ્પકા લેનેકા. પરંતુ ઉસમેં મમતા કરતે નહીં. 'ઘોર પરિષહ કે ઉપસર્ગ

ભયે કરી' આતા હૈ? 'ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી' કુછ ઘોર ઉપસર્ગ હો યા પરિષહ હો ડિગનેકા નહીં. શાંત... શાંત... શાંત... આનંદમેં મગ્ન હૈ. સમજમેં આયા? 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો, ઘોર પરિષહ કે ઉપસર્ગ તે ભયે કરી.' ફિર ક્યા બોલ? 'આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો.' આહા..હા..!

ધર્માત્મા અપના આનંદકી પ્રતીત હુઈ હૈ ઐસી દૃષ્ટિસે અંતરમેં સ્થિર હોતે હૈં તો ઇતની ભાવના ધર્માત્મા ભાતે હૈ કિ હમારે સરસ આહાર હો ઉસમેં હમેં સમતા હી હૈ. વિષમભાવ હૈ નહીં. ઘોર પરિષહ ઔર ઉપસર્ગ પડે બહારસે, ફિરભી ઉસમેં વિષમતા નહીં. ઐસી આત્માકી દૃષ્ટિ લગી હૈ તો આત્મામેં સમતામેં જમ જાતે હૈ. ઉસકો મુક્તિ હોતી હૈ, પરંતુ બાહરમેં શુભભાવમેં ભી માન લે, બાહ્યકી ક્રિયામેં જો માન લે, મૂઢાત્મા, બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ હો જાતા હૈ. ઇસલિયે ધર્માત્માકો અપને સ્વરૂપકી દૃષ્ટિ કરકે ઉસમેં દૃષ્ટિકી શુદ્ધિકી વૃદ્ધિ કરના, બાહરકી મમતા કરના નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૪, શનિવાર, તા. ૧૯-૦૨-૧૯૬૬**
**ગાથા-૯૦, પ્રવચન-૧૩૩**

યોગીન્દ્રદેવ ૯૦૦ વર્ષ પહેલા એક દિગંબર મુનિ જંગલવાસી, વનવાસી હુએ. ઉન્હોંને સર્વજ્ઞ ભગવાન પરમાત્માસે ચલા આયા માર્ગ અપનેમેં અનુભવ કરકે ઔર અંતરમેં ભાવલિંગ દશા-સાધુપદ પ્રાપ્ત કરકે, યહ ઉપકાર (કરકે) ઐસા એક પરમાત્મપ્રકાશ નામકા શાસ્ત્ર બનાયા. સમજમેં આયા? બહુત ઊંચી ચીજ હૈ. મૂલ ચીજ હૈ. પણ પાછી ઊંચી કરતા વળી કોક નીચી બીજી હશે (એમ નથી).

યહાં ૮૯ ગાથા ચલ ગઈ કલ. આજ ૯૦ ગાથા હૈ. ક્યા કહતે હૈ દેખો. '**આગે ઐસા કહતે હૈં, જિસને જિનદીક્ષા ધરકે...**' સાધુકા વેષ નગ્ન ધર લિયા. ઔર '**કેશોંકા લોંચ**

**કિયા, ઔર સકલ પરિગ્રહકા ત્યાગ નહીં કિયા,...'** અંતરમેંસે મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ આદિકા ત્યાગ ન કિયા '**ઉસને અપની આત્મા હી કો વંચિત કિયા—**' વિશેષ કહેંગે. યહાં તો શબ્દાર્થ હૈ ન અભી તો. સમજમેં આયા? પાઠમેં પીછે અર્થ આયેગા કિ બાહ્યસે નગ્નપના લિયા ઔર પંચ મહાવ્રતકા કદાચ વિકલ્પભી પાલે, કેશકા લોંચ ભી કિયા વહ મુનિપના નહીં હૈ. મુનિપના તો અંતરમેં... વહ લેંગે પહલે. શબ્દાર્થ સુન લો. મૂલ શ્લોક.

२१७) केण वि अप्पउ वंचियउ सिरु लुंचिवि छारेण।
सयल वि संग ण परिहरिय जिणवर-लिंगधरेण।।९०।।

હૈ? '**જિસ કિસીને જિનવરકા ભેષ ધારણ કરકે...**' નગ્નપના ધારણ કિયા, કેશ લોંચ કિયા. '**ભસ્મસે શિરકે કેશ લૌંચ કિયે,...**' ઉખાડ લિયા. '**લેકિન સબ પરિગ્રહ નહીં છોડે, ઉસને અપની આત્માકો હી ઠગ લિયા.**' અબ વહ પરિગ્રહકી વ્યાખ્યા કરતે હૈ જરી. યહ પરિગ્રહકે ત્યાગકી ગાથા હૈ. આખિરમેં ૯૦, ૯૧, ૯૨ તીન ગાથા બાકી હૈ. બાકી સારા પરમાત્મપ્રકાશકા .. કિયા હૈ. સબ રેકોર્ડિંગમેં ઉતર ગયા હૈ. યહ સબ ઉતર ગયા હૈ. એક તીન ગાથા બાકી હૈ. ૯૦, ૯૧, ૯૨. ૯૩ સે તો પહલે ચલી થી. વહ ઇંદોરવાલે આયે થે ન બંસીધરજી. પંડિતજી. ઇંદોરવાલે પંડિતજી યહાં તીન માસ રહે થે. બડા પંડિત હૈ ન? બંસીધરજી. વહ તીન માસ રહે થે તો ૯૩કી ગાથાસે. ભૈયા! તુમ થે કિ નહીં? તો ઉસ સમય ૯૩ ગાથાસે ચલા થા. યહ તીન ગાથા બાકી રહી. ઔર સારા પરમાત્મપ્રકાશ. તો સુનો. ક્યા કહતે હૈ દેખો, પહલે તો જિસકો સમ્યગ્દર્શન ન હુઆ હો. સમજમેં આયા? સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં કિ

'**ભાવાર્થ :- વીતરાગ નિર્વિકલ્પનિજાનંદ અખંડરૂપ સુખરસકા જો આસ્વાદ...**' સુનો. સૂક્ષ્મ બાત હૈ. કહતે હૈ કિ સાધુપના લે લિયા, શ્રાવકપના નામ દિયા અનંતબાર. વહ સવેરમેં કહા થા નહીં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાનકા અર્થ ક્યા? કિ આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ અતીન્દ્રિય આનંદકા કંદ આત્મા હૈ. ઉસકા વીતરાગ... વહ પુણ્ય વિકલ્પ ઉઠતે હૈ શુભરાગ યા અશુભરાગ- દોનોં વિકાર હૈં. જયચંદભાઈ! બહુ ઝીણી વાત છે જરી હોં. આ ઝાઝા માણસમાં ગાથા આવી છે તો જરી સુનના પડેગા કિ નહીં?

સમ્યગ્દર્શન તો પહલે ઇસકો કહતે હૈ કિ જિસકો આત્મામેં શરીર, વાણી, મનકી, જડકી ક્રિયા જો હોતી હૈ વહ જડસે હૈ, મેરી નહીં. સમજમેં આયા? વાણી બોલી જાતી હૈ, શરીર ચલતા હૈ વહ સબ ક્રિયા જડકી, અજીવકી, ધૂલ, પુદ્ગલકી અવસ્થા હૈ. મૂળચંદજી!

મુમુક્ષુ :- તો ગાવું કે ન ગાવું?

ઉત્તર :- પરંતુ કૌન ગા સકતા હૈ? વહ તો કહતે હૈં, ભાષા જડકી પર્યાય હૈ. વહ બતાતે હૈ પહલે. ગાના, બજાના, કંઠ હોના વહ તો જડકી દશા હૈ. વહ અપની હૈ હી નહીં. અપનેસે હોતી નહીં. આહા..હા..! રતનલાલજી! આ રતનકી બાત ચલતી હૈ, સમ્યગ્દર્શન રત્ન. તીન રત્ન હૈ કિ નહીં? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તીન રત્ન. તીન રત્નસે મુક્તિકા મિલના હોતા હૈ. તીન રત્ન બિના મુક્તિ મિલતી નહીં. તો યહાં આચાર્ય તો મુનિપનેકી વ્યાખ્યા કરતે હૈં. ચારિત્ર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રત્ન. પરંતુ ઉસકે પહલે સમ્યગ્દર્શન રત્ન પાયે બિના બાહ્યસે ભેખ લે લિયે, તો ભી ઉસકો આત્માકા કલ્યાણ કભી હોતા નહીં. તો સમ્યગ્દર્શનકી વ્યાખ્યા ક્યા? સમ્યગ્દર્શન કિસકો કહતે હૈ?

કિ વીતરાગ ભગવાન આત્મા '**વીતરાગ નિર્વિકલ્પનિજાનંદ...**' ઓહો..હો..! નિર્વિકલ્પ અખંડ આનંદકંદ આત્મા હૈ. આત્મામેં અતીન્દ્રિય આનંદ અનંત-અનંત આનંદ ઠસાઠસ ભરા હૈ. સમજમેં આયા? જૈસે લવણકી ડલ્લીમેં સારા ક્ષાર ભરા હૈ. ઔર સફેદ ખડીકી ગાંગડીમેં, ગાંગડી કહતે હૈ ક્યા કહતે હૈ? ખડીકા ઢેલા. ઉસમેં એકલી સફેદાઈ ભરી હૈ. અફીણમેં અકેલી કડવાશ ભરા હૈ. ઐસે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ પૂરા ભરા હૈ. આહા..હા..! સમજમેં આયા? ઐસે અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય બલ, અતીન્દ્રિય દર્શન, અતીન્દ્રિય વીર્ય, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પ્રભુતા, ઐસા-ઐસા આત્મામેં અનંત-અનંત બેહદ ગુણ શુદ્ધ સ્વરૂપસે અનંતગુણ પડા હૈ આત્મામેં. સમજમેં આયા? કિતના અનંતગુણ હૈ? વહ બાત કહી થી. તુમ નહીં થે.

યહાં અભી તક જો સિદ્ધ હુએ હૈ સિદ્ધ. સિદ્ધ હૈ કિ નહીં? છ માસ ઔર આઠ સમયમેં ૬૦૮ મુક્તિકો પાતે હૈ સિદ્ધ. તો અભી તક જો સિદ્ધકી સંખ્યા હુઈ ઉસસે એક નિગોદકા શરીર લો, નિગોદ. નિગોદ સમજતે હૈ ન ભૈયા? લીલ-ફુગ. કાઈ-કાઈ નહીં સમજતે? યહ પાનીમેં હોતા હૈ. કાઈ હોતી હૈ, આલુ હોતા હૈ, પ્યાજ હોતા હૈ, લહસુન ઉસકી એક ટુકડી ઈતની લો રાઈ જિતની તો ઉસમેં અસંખ્ય ઔદારિક શરીર હૈ ઔર ઉસમેં એક શરીરમેં જિતના અભી તક સિદ્ધ હુએ ઉસસે અનંતગુના જીવ હૈં. સમજમેં આયા? ઔર જીવ સે પરમાણુકી સંખ્યા અનંતગુની હૈં. સમજમેં આતા હૈ કિ નહીં? મૂલચંદજી! પરંતુ ઈતના આત્મા કૈસા હૈ ઉસકી ખબર વિના સમ્યગ્દર્શન કહાંસે આયેગા ઉસકો? ભજન-બજન લટકા દિયા, ઐસા કર દિયા. વહ શુભભાવ હૈ. સમજમેં આયા? પરંતુ સમ્યગ્દર્શન બિના જન્મ-મરણકા નાશ કભી હોતા નહીં. તો ઉસકા સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ? કૈસે આત્માકો પ્રતીતમેં લેના? કિ યહ આત્મા એક નિગોદકે એક શરીરમેં જો અનંત જીવ હૈ, ઐસા-ઐસા તો આખા લોકપ્રમાણ અસંખ્ય શરીર પડે હૈ (ઔર) અનંત-અનંત જીવ. વહ જીવકી સંખ્યાસે અધિક, યહ પરમાણુ પુદ્ગલ

હૈ ન માટી? ઉસકી-પરમાણુ પુદ્ગલકી સંખ્યા અનંતગુની હૈં ઔર ઉસસે અનંતગુના આકાશકા પ્રદેશ હૈ. આકાશ સમજતે હૈ કિ નહીં ડોક્ટરજી? યહ આકાશ હૈ ન લોક-અલોક. લોક આકાશ હૈ, અલોક હૈ ન ખાલી? મૂલચંદજી! અલોક હૈ કિ નહીં કહીં? કહાં હૈ? ભગવાન જાને ક્યા હૈ? આહા..હા..! યહ લોક હૈ અસંખ્ય પ્રદેશમેં. આકાશ અરૂપી હૈ યહાં. અરૂપી ભગવાનને દેખા હૈ અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશ લોકમેં ઈતના હૈ કિ અસંખ્ય ચૌબીસીકા સમય જિતના અસંખ્ય આકાશકે પ્રદેશ હૈ. ઈસસે અનંતગુના આકાશ પ્રદેશ અલોકમેં હૈ. ચલે જાતે હૈ ન? ચલા જાતા હૈ ન આકાશ? કહીં અંત હૈ? અલોકમેં કુછ અંત હૈ આકાશકા? સમજમેં આયા?

ઈતના-ઈતના અમાપ-અમાપ આકાશકા પ્રદેશ અનંત જો પરમાણુકી સંખ્યાસે અનંતગુના પ્રદેશ હૈ, ઉસસે અનંતગુને એક આત્મામેં ગુણ હૈં. કિસકી બાત ચલતી હૈ યહ? અંદર આત્મા હૈ ઉસકી બાત ચલતી હૈ. ખબર ન મળે આત્મા ક્યા, પ્રતીત ન મળે, ઓળખાણ ન મળે અને ધર્મ હોગા. સમજમેં આયા? એક આત્મા અપના ઉસમેં કિતના ગુણકી સંખ્યા હૈ? કિ સદ્ધકી સંખ્યાસે નિગોદજીવ અનંત, ઉસસે અનંતગુને પરમાણુ, ઉસસે અનંતગુને આકાશકે પ્રદેશ, કહાં આકાશ (નહીં)? ઉસકા માપ નહીં. ઉસસે અનંતગુને આત્મામેં ગુણ હૈ. અનંત જ્ઞાન, અનંત દર્શન, ઐસા અનંત-અનંત, એક નહીં પરંતુ અનંત. ઐસા અનંતગુણ ભગવાન આત્મા વહ વીતરાગ સ્વભાવસે આત્મા હૈ. પુણ્ય-પાપકી ક્રિયાકા રાગ ઉસકી રુચિ છોડકર. જડ પરમાણુકી પર્યાય અનંત ચલતી હૈ શરીરાદિમેં, ઉસકી પર્યાયકી રુચિ છોડકર વહ મેરેસે નહીં. અને અનંત દૂસરે આત્મા હૈ ઉસકા કોઈ ભલા-બૂરા મેરેસે હોતા નહીં. ઉસસે દૃષ્ટિ હટાકર અપના અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા ઉસમેં અનુભવ કરકે વિકલ્પરહિત, રાગરહિત શુદ્ધ સ્વભાવકી અંતર એકાગ્રતા કરના ઔર આત્મામેં અતીન્દ્રિય આનંદકા વેદન આના ઉસકા નામ ભગવાન સમ્યગ્દર્શન કહતે હૈં. મૂળચંદજી! ભગવાન જાને ક્યા સમ્યગ્દર્શન હૈ? સમ્યગ્દર્શન લે લો, મુનિપના લે લો ત્યાગ. ક્યા હૈ? એકડા વિનાના મીંડા હૈ એમ કહતે હૈ યહાં.

યોગીન્દ્રદેવ આચાર્ય કહતે હૈં, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકી અંતર દૃષ્ટિ, અનુભવ નહીં હુઆ. સમજમેં આયા? તબતક તો સમ્યગ્દર્શન નહીં. મુનિપના તો કહાંસે હો? સચ્ચા શ્રાવકપના તો કહાંસે હોં? સમજમેં આયા? ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં ઈતના અનંતગુણરૂપ એકસ્વરૂપ. ઉસકી વીતરાગ-રાગ બિના, નિર્વિકલ્પ-ભેદ બિના, અખંડ અભેદસ્વરૂપ નિજાનંદ-આત્માકા નિજકા આનંદ, અતીન્દ્રિય આનંદ, અખંડ. એકલો 'અખંડ' અર્થ કર્યો છે, ભાઈ! એકલો અખંડ કર્યો છે. બધા ઠેકાણે, ઘણે ઠેકાણે એકરૂપ અખંડ એમ કરે છે. ભગવાન આત્મા... ઝીણી વાત બહુ. અનંતકાલમેં ઉસને સમ્યગ્દર્શન ક્યા હૈ વહ સમજા નહીં. પ્રગટ તો કિયા નહીં. સમજમેં આયા? અને સમ્યગ્દર્શન બિના માન લિયા. દેવ-ગુરુ-શાસ્ત્રકી

શ્રદ્ધા, નવ તત્ત્વકી શ્રદ્ધા વહ હમારે સમકિત હૈ. હૈ હી નહીં સમકિત વહ. સમજમેં આયા? પોપટભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરો. દેવ-ગુરુ-શાસ્ત્ર કૈસે હોતે હૈ ઉસકી ખબર નહીં ઉસકો અને નવ તત્ત્વકી શ્રદ્ધાકી ખબર નહીં કિ નવ તત્ત્વ કિસકો કહતે હૈ?

યહાં તો કહતે હૈં કિ નવ તત્ત્વકી કદાચિત્ યથાર્થ શ્રદ્ધા લાવે તો ભી વહ શુભરાગ હૈ, સમ્યગ્દર્શન નહીં. ભારે ઝીણી વાત! ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય નિર્વિકલ્પ આનંદકંદ ઉસકા અખંડ સુખરસકા જો આસ્વાદ. દેખો, વહ આનંદકા આસ્વાદ. આહા..હા..! આસ્વાદ ક્યા? તુમ્હારી હિન્દી ભાષા હૈ. હિન્દી હૈ. હિન્દી ભાષા હૈ ઉસમેં. માણેકચંદજી! હૈ પુસ્તક-બુસ્તક હૈ? નહીં તો યહાં સુનના. વહ બાત હૈ. ઉસમેં સમજમેં આયે ઐસા નહીં. ભાષાસે નહીં સમજે. ઉપરસે ભાવકો સમજના. આહા..હા..!

કહતે હૈ ભગવાન! ઓહો..! યોગીન્દ્રદેવ દિગંબર મુનિ સંત ૯૦૦ વર્ષ પહલે હુએ. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર તો દો હજાર વર્ષ પહલે હુએ. ભાવલિંગી સંત મુનિ યહ કહતે હૈં ઐસી ચીજ અંતર ભાનમેં થા. સમજમેં આયા? તો કહતે હૈ યોગીન્દ્રદેવ જગત પાસે. અરે જીવ! તુને આત્મદર્શન બિના, અનુભવ બિના, અનંતબાર ઐસા મુનિપના લિયા, જિનવરલિંગ ધારણ કિયા. દેખો, આયા ન? **'जिनवरलिंगणधरेण' 'जिनवरलिंग'** સમજમેં આયા? અન્યમતિકા ભેખ તો નહીં, વસ્ત્ર-પાત્ર રખે ઉસકો સાધુપદ હૈં નહીં. જિનવરલિંગ ધારણ કિયા. નગ્ન હુઆ, અઠ્ઠાઈસમૂલગુણ ભી પાલે બરાબર ચોખ્ખા હોં! અઠ્ઠાઈસ મૂલગુણ કૈસા? કિ ઉસકે માટે ચોકા કરકે (બનાયા) આહાર, પ્રાણ જાયે તો ભી ન લે. ઐસા જિનવરલિંગ ધારણ કિયા. વહ જિનવર દ્રવ્યલિંગ હૈ વહ ભી. આહા..હા..! સુજાનમલજી!

ભગવાન આત્મા.. પુણ્ય-પાપકા વિકલ્પ જો શુભાશુભભાવ હૈ. મહાવ્રતકા ભાવ શુભ હૈ, અવ્રતકા અશુભ હૈ. દેહકી ક્રિયા જડકી હૈ. ઉસસે હઠકર અજીવકી રુચિ છોડકર, વિકારકી રુચિ છોડકર નિર્વિકારી ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ ઉસકા અનુભવ કરકે આનંદકા આના, અતીન્દ્રિય આનંદમેં આના. **'ઉસરૂપ પરિણામી જો પરમાત્માકી ભાવના...'** દેખો, સમજમેં આયા? અબ વહ આનંદ આયા વહ તો અનુભવ સમ્યગ્દર્શનમેં હૈ. ઈતની તો બાત ભાઈ! આ તો પરિણામી પાછી પરમાત્માની વિશેષ ભાવના. મુનિપનેકી બાત કરતે હૈ ન? સમજમેં આયા?

પ્રથમ સમ્યગ્દર્શનમેં ભી ચોથા ગુણસ્થાનમેં અવિરત સમ્યગ્દૃષ્ટિ. ઉસમેં હી અપના નિજાનંદ ભગવાન આત્મા નિર્વિકલ્પ રાગ બિના શુદ્ધ ચિદાનંદ નિર્વિકલ્પ શુદ્ધ ઉસકી દૃષ્ટિ કરકે અતીન્દ્રિય આનંદકા સ્વાદ આના ઔર વહી આ આત્મા હૈ ઐસી અનુભવમેં પ્રતીત લાના ઉસકા નામ તો સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? ઔર વહ આત્મા શુદ્ધ ચિદાનંદ પરમાત્મા મૈં હી હૂં. રાગ નહીં. વ્યવહારરત્નત્રયકા વિકલ્પ જો ઉઠતા હૈ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, પંચ મહાવ્રતકા પરિણામ,

શાસ્ત્રકા જ્ઞાન વહ વ્યવહારરત્નત્રય વહ શુભરાગ હૈ, વહ મૈં આત્મા નહીં. આહા..હા..! ઐસા આત્મા રાગરહિત નિશ્ચયસ્વરૂપકા અંતર જ્ઞાન ઉસકા નામ સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. ઉસસે વિશેષ આસ્વાદરૂપ પરિણામી પરમાત્માકી ભાવના. પીછે અબ ચારિત્ર લેતે હૈ.

શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા ઉસકી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમેં ભાવના-એકાગ્રતા તો થી અબ વિશેષ એકાગ્રતા ચારિત્ર દ્વારા. ચારિત્ર નામ સ્વરૂપમેં રમના. આહા..હા..! '**પરમાત્માકી ભાવના...**' દેખો, '**ઉસરૂપ પરિણામી...**' એય..! આમાં ભાવનાનો અર્થ પરિણમી થઈ ગયો કીધું. ભાઈ! ઓલો ભાવનાનો અર્થ કહે છેને એક કલ્પના-કલ્પના. અરે એ નહિ ભાઈ! આહા..હા..! શુદ્ધ ભગવાન અનંતગુણકા બિરાજમાન પ્રભુ અપના સ્વરૂપ અંતર પરમાત્મા અપના ઉસમેં એકાગ્રતા કૈસી? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્રરૂપી, વીતરાગરૂપી એકાગ્રતા. સમજમેં આયા?

'**ભાવના વહી હુઆ, તીક્ષ્ણ શસ્ત્ર...**' દેખો, ઐસા ભગવાન અતીન્દ્રિય આનંદકી દૃષ્ટિ, અતીન્દ્રિય આનંદકા જ્ઞાન ઔર અતીન્દ્રિય આનંદકી લીનતા ઉસકો આચાર્ય મહારાજ કહતે હૈ તીક્ષ્ણ શસ્ત્ર. આહા..હા..! સમજમેં આયા? '**ઉસસે બાહિરકે ઔર અંતરકે પરિગ્રહોંકી વાંચ્છા આદિ લે...**' ઐસા તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા જિસમેં બાહ્ય પરિગ્રહકા નિમિત્ત ભી ન રહા. અભ્યંતરમેં શુભરાગકા વિકલ્પ મેરા હૈ ઐસી બુદ્ધિ રહી નહીં. ઐસા તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા અભ્યંતરકા રાગ-દ્વેષકા, મિથ્યાત્વકા છેદ કિયા, બાહ્યમેં સંયોગમેં નિમિત્તકા અભાવ હુઆ. ભારે વાત! સમજમેં આયા કિ નહીં? હૈ કિ નહીં ઉસમેં? દેખો. ઉસમેં હૈ વહ બાત હૈ. 'વાંચે નહિ પણ કરે વિચાર, વાંચે નહિ પણ કરે વિચાર' એ તો સારો, પણ 'વાંચે પણ નહિ કરે વિચાર.' એ નહિ. વહ આતા થા પહલે હમારે. દૌલતરામજીકા આતા હૈ ન. દલપતરામ-દલપતરામ. વાંચે પણ વિચાર કરે નહિ 'એ સમજે નહિ સઘળો સાર.' ઐસા પહલે દલપતરામમેં. દલપતરામ-દલપતરામ. દૌલતરામ તો અપને પંડિત. દલપતરામ કવિ થે ન. વહ હમારે ભણતર વખતે દલપતરામ થે. પીછે હમારે વખતે નહોતા એ. દલપતરામ ડાહ્યાભાઈ. 'વાંચે પણ કરે નહિ વિચાર.' વાંચે પણ નહિં કરે વિચાર? વાંચે છતાં વિચાર કરે નહિ. 'તે સમજે નહિ સઘળો સાર.' ભગવાનકો, શાસ્ત્રકો-દેવ-ગુરુકો ક્યા તત્ત્વ કહના હૈ? વાંચન કર લે. સ્વાધ્યાય હૈ ન દરરોજ શ્રાવકકા. વહ આતા હૈ ન. દેવ-ગુરુ-શાસ્ત્ર ભક્તિ સ્વાધ્યાય. દો પન્ના પઢ લે. ક્યા હૈ? વહ ખબર નહીં ભગવાન જાને. યહાં બહુત આતે હૈ કેટલાક. પુસ્તક પઢો. દો પાના લેલે. તારાચંદજી! 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' ક્યા સમ્યગ્દર્શન, ક્યા સમ્યગ્જ્ઞાન, ક્યા સમ્યક્ચારિત્ર? ભાન નહિ, માન લે, જાઓ હમકો સમ્યક્ ચારિત્ર હૈ. હમારી ક્રિયા યહ ચારિત્ર સમ્યક્ હૈ. હમ દેવ-ગુરુ-શાસ્ત્રકો માનતે હૈં. હવે મૂઢ એવા તો અનંતવાર માન્યા છે, સાંભળને. એ તો

રાગ છે, વિકલ્પ છે. વહ વિકલ્પ-રાગસે ભિન્ન હોકર અપના શુદ્ધાત્મા નિર્વિકલ્પ આનંદરૂપી તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા જિસને અભ્યંતરકા રાગ-દ્વેષકો છેદ કર દિયા હૈ. ઔર નિમિત્ત બાહ્યમેં રહા નહીં કુછ. ઐસા શસ્ત્રસે '**બાહિરકે ઔર અંતરકે પરિગ્રહોંકી...**' યહાં પરિગ્રહકે ત્યાગકી વ્યાખ્યા હૈ. સમજમેં આયા?

ઐસી વાંચ્છા પાછી. પરદ્રવ્યોની વાંછા. બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર રાગ, શુભરાગ અંદરમેં. બાહ્ય પરિગ્રહ કમંડલુ, શરીરાદિ. '**વાંચ્છા આદિ લે સમસ્ત મનોરથ...**' જિસકો આત્મ અનુભવ દૃષ્ટિ નહીં, અતીન્દ્રિય આનંદકા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તો હુઆ નહીં. સમજમેં આયા? ઉસકો બાહરકી વાંછા હૈ સબ. શુભરાગ આયા વહ મેરા કર્તવ્ય હૈ. સમજમેં આયા? દયા, દાન, વ્રતકા ભાવ આયા વહ મેરા કર્તવ્ય હૈ. ઐસી મિથ્યાદૃષ્ટિકી વાંછા. સમજમેં આયા? '**આદિ લે સમસ્ત મનોરથ...**' મનોરથ બધા હોં. આત્માકા રથ નહીં, મનોરથ. પુણ્ય ઔર પાપકા, સંકલ્પ, વિકલ્પકા મનોરથ ચલાયા. શુભ અને અશુભરાગ, દેહકી ક્રિયા વહ હમારી હૈ ઐસા મનોરથ ચલાયા.

યહ '**ઉનકી કલ્લોલ માલાઓંકા...**' ઉસકા સંકલ્પ-વિકલ્પકી ધારા વહે વહ કલ્લોલ. પાનીમેં કલ્લોલ ઉઠતે હૈં ઐસી '**કલ્લોલ માલાઓંકા ત્યાગરૂપ...**' ઐસા સંકલ્પ-વિકલ્પકા અનુભવ દૃષ્ટિ કરકે, સમ્યક્ આનંદકા અનુભવ કરકે ઐસા બાહ્યકા ઔર અભ્યંતરકા રાગકા ત્યાગરૂપ '**મનકા મુંડન વહ તો નહીં કિયા,...**' ઈસમેં હૈ દેખો, '**મનકા મુંડન વહ તો નહીં કિયા,...**' ઔર બાહ્યમેં શિર મુંડન કર દિયા. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભૈયા! અનંતબાર ઐસા કિયા પરંતુ ઉસકી દૃષ્ટિકી ખબર નહીં. સમયગ્દર્શન ક્યા, સમ્યગ્જ્ઞાન ક્યા. શાસ્ત્ર ભણતર-બણતર વહ ભી સમ્યગ્જ્ઞાન નહીં. સમજમેં આયા? શાસ્ત્ર દેવ-ગુરુકી શ્રદ્ધા વહ સમ્યગ્દર્શન નહીં. આહા..હા..! ..સવેરમેં ગાયન બનાયા થા ન. રાજા ને ફાજા ને બધા મેળવાળા કરતા હતા. .. કહતે થે કિ નહીં? આહા..હા..!

કહતે હૈ, ભગવાન! આત્મા નિર્વિકલ્પ આનંદકી અનુભવદૃષ્ટિસે જિસને બાહ્ય પરિગ્રહ ઔર અભ્યંતર રાગાદિ, બાહ્યમાં વસ્ત્ર આદિ. ઉસકા અભ્યંતર પરિગ્રહ ઔર બાહ્યકી વાંછાકા મનોરથ, વિકલ્પકી જ્વાલા ઉસકા છેદ ન કિયા, ઉસકા અભ્યંતરમેં મનકા મુંડન તો નહીં કિયા, '**ઔર જિનદીક્ષારૂપ શિરોમુંડન કર ભેષ રખા,...**' સમજમેં આયા?

મુમુક્ષુ :- અડધું કામ પત્યુંને?

ઉત્તર :- ધૂળેય પત્યું નહિ એકેય. એક અડધું કામ પત્યુંને. કલ એક બતાયા થા. ઘેટાના પણ છ માસમાં વાળ કાપે છે. ઘેટા હોતા હૈ કિ નહીં? .. ઉસમેં ક્યા આયા?

યહાં તો કહતે હૈ કિ આત્મદર્શન બિના તેરી માસ-માસખમણકી અપવાસકી ક્રિયા ઔર

અઠ્ઠાઈસ મૂલગુણકી ક્રિયા શુભરાગકી. વહ સમ્યગ્દર્શન બિના તેરી વ્યર્થ બધી ક્રિયા હૈ. તેરે જન્મ-મરણકા કભી નાશ હોતા નહીં. આહા..હા..! સમજમેં આયા? વહ તો અનંતબાર કિયા. શાસ્ત્રમેં ભી આતા હૈ અનંતબાર મેરુ જિતના ઢગ કિયા. ઔર પીંછી, કમંડલ. ઈતની બાર પીંછી, કમંડલ લે લિયા ત્યાગમેં કિ અસંક્ય મેરુ જિતના ઢગ હો જાયે. અસંખ્ય મેરુ. ક્યા હૈ ઉસમેં? આત્મા અખંડાનંદ રાગ પુણ્ય-પાપકા વિકલ્પસે પૃથક્ અનુભવ દૃષ્ટિ કિયા નહીં, ઉસને અંદરકા મન મુંડન કિયા નહીં. મન મુંડનકે બિના બાહ્યકા ત્યાગ ઔર રાગકા ઘટના વહ સબ ત્યાગ યથાર્થ હૈ નહીં. ઓહો..હો..! સમજમેં આયા? દેખો, પાઠમેં હૈ વહ સબ.

મુમુક્ષુ :- બાહ્ય-અભ્યંતર.

ઉત્તર :- હા બાહ્ય-અભ્યંતર અંદરમેં હૈ દેખો. '**बाह्याभ्यन्तरपरिग्रहकांक्षारूपप्रभृतिसमस्त-मनोरथकल्लोलमालात्यागरूपं मनोमुण्डनं पूर्वमकृत्वा**' '**पूर्वमकृत्वा**' શબ્દ પડા હૈ હો ભાઈ એમાં. પહેલે યહ કિયા નહીં ઔર દીક્ષા લે લી, વ્રત ધારણ કિયા, આત્માકો ઠગ લિયા. જુઓ પાઠ હૈ ઉસમેં. દેખો સંસ્કૃત. સંસ્કૃત આતા હૈ કિ નહીં કિસીકો? મૂલચંદજી! ઉસમેં સંસ્કૃતમેં હૈ અંદર. '**मनोमुण्डनं पूर्वमकृत्वा**' હમારે રાજમલજીકો બહુત આતા હૈ બતાઓ. સમજમેં આયા? છેને? '**पूर्वम**' ભાઈ છેને? '**पूर्वमकृत्वा**' પહલે આત્મદર્શન, આત્મજ્ઞાન ઔર આત્મરમણતા કિયા નહીં. '**पूर्वमकृत्वा**' પહલે ન કિયા. લે લિયા ભેખ, વ્રત ઔર ઐસા ત્યાગ. ઠગ લિયા આત્માકો, કહતે હૈ. આહા..હા..! અપના સ્વરૂપ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો કહા. આપને સુના નહીં. એ તમારા ભાઈબંધે કહ્યું. કિ આઠ આનાકા તો કામ હુઆ કિ નહીં? મિથ્યાત્વકા કામ હુઆ. સાધુપદ સમ્યગ્દર્શન હૈ નહીં, સમ્યગ્જ્ઞાન હૈ નહીં. અંતર આનંદ આના ચાહિયે અતીન્દ્રિય આનંદ. વહ હૈ નહીં. ઔર માન લિયા હૈ કિ હમ સમકિતી હૈ, હમ જ્ઞાની હૈ, હમ ચારિત્રવંત હૈ. મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? મિથ્યાત્વ વહ બડા સંસાર હૈ. સમકિત વહ બડા મુક્તિકા માર્ગ ઔર મુક્તિ હૈ. પહલે તો વહ સમયસારમેં આતા હૈ. નાટક સમયસારમેં કહા હૈ ન? સમજમેં આયા? આવે છે ક્યાંક હોં. શેમાં હશે આસ્રવમાં? બંધ? આસ્રવમાં. એ આસ્રવ છેને. આસ્રવમાં આવશે હોં. મોક્ષ અધિકારમેં હૈ. દેખો, નવમેં અધિકારકા સાર. પ્રગટ હો કિ મિથ્યાત્વ હી આસ્રવ-બંધ હૈ. મિથ્યાત્વકા અભાવ સમકિત, સંવર, નિર્જરા ઔર મોક્ષ હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ક્યાંથી છપાણું છે?

ઉત્તર :- આ તો ક્યાંથી છપાણું કોને ખબર છે? બુદ્ધિલાલ શ્રાવક છે. એટલે કાંઈ સોનગઢથી નથી છપાણું એમ. સમયસાર નાટક હૈ. બહુત વર્ષ પહલે છપા હૈ. સમજે? બુદ્ધિલાલ. છગનલાલ

..વાલ હૈ ન. ઘણા વર્ષ પહલેકી બાત હૈ. વહ સમયસાર નાટક. પ્રગટ હો, મિથ્યાત્વ હી આસ્રવ અને બંધ હૈ. સમજમેં આયા? ... ક્યાંક છે. બધું તો ક્યાં આવડે આપણને. સમજમેં આયા?

ક્યા કહતે હૈ? એ શુભ-અશુભભાવ જો દયા, દાન, વ્રતકા ભાવ વહ મેરા હૈ ઔર મુઝે લાભકર્તા હૈ. વહી મહામિથ્યાત્વ હૈ. આહા..હા..! યહ મિથ્યાત્વ હી આસ્રવ ઔર બંધ હૈ. નયા આવરણકા કારણ વહી આસ્રવ ઔર વહી ભાવબંધ, ઔર ઉસસે નયા દ્રવ્યબંધ દર્શનમોહકા પડતા હૈ. સમજમેં આયા? પીછે? દેખો, સમ્યક્ત્વ. સમ્યક્ત્વ (હી) સંવર, નિર્જરા ઔર મોક્ષ હૈ. આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદકા અનુભવ, શુભ-અશુભરાગ ઔર દેહકી ક્રિયામાત્ર પરકી હૈ, મૈં કર્તા નહીં હૂં. મૈં પરકા અજીવકા જીવકી પર્યાય કોઈકી મૈં પરકી દયા પાલનેવાલા કિ પરકી હિંસા કરનેવાલા મૈં નહીં. મૈં તો ઉસકા જાનનેવાલા હૂં. સમજમેં આયા? વહ ભી વ્યવહારસે પરકા જાનનેવાલા.

ઔર મેરા સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનકી મૂર્તિ હૈ. મૈં તો જ્ઞાતા—તીન કાલ તીન લોકકી ચીજકો જાનને-દેખનેવાલા હૂં. મૈં એક રાગકા કણ મહાવ્રતકા ઉઠતે હૈ વહ ભી મેરા કર્તવ્ય નહીં. સમજમેં આયા? ઐસા અનુભવકી દૃષ્ટિ હોના ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન હૈ. વહ સમ્યગ્દર્શન સંવર, નિર્જરા ઔર મોક્ષ તીનોં હૈ. વહ સમ્યગ્દર્શન હુઆ, સંવર, નિર્જરા સબ હો ગયી. ઔર સમ્યગ્દર્શનકી ઉગ્રતાકી સ્થિરતા હુઈ તો મોક્ષ હો ગયા. મૂલચંદભાઈ!

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્રયના અભાવમાં નિશ્ચય

ઉત્તર :- અભાવમાં નિશ્ચય થાય છે. એનાથી થતો નથી. એ કહે છે. ઠીક કહ્યું લ્યો. વ્યવહાર રાગ બીચમેં હૈ, પરંતુ વ્યવહાર બંધકા કારણ હૈ. યહ ઠીક ભાઈને કહા. સમજાય છે કાંઈ? જુઓ, યહાં આચાર્ય મહારાજ ફરમાતે હૈ. હજી ગુરુ ક્યા કહતે હૈં? શાસ્ત્ર ક્યા કહતે હૈ? તીર્થંકર ક્યા કહતે હૈં? ઉસકી ખબર નહીં ઔર હમ ધર્મી હૈ ઔર ધર્મ હો ગયા. મૂલચંદજી!

બહુત સાલસે તુમ તો ભજન કરતે હો. યે ભક્તિ ભજન હૈ. યહ ભજનવાલા આયા હૈ હોં. વહ પાછા કોઈ એમ ન સમજે કિ વહ કોઈ ઐસા હૈ. વહ તો ચાંદીકા વ્યાપારી હૈ. વહ ઘુઘરા બાંધકર નાચેગા અભી ભગવાનકે પાસ. વહ તો ભક્તિકા ભાવ હૈ. વહ ચાંદીકા વ્યાપારી હૈ હોં. હાર પહનકર આયે હૈ ન. ઉસકા ઘરકા હૈ, કિસીકા નહીં. વળી કોઈ ઐસા માને કિ યહ ભિખારી હૈ, કિસીસે લિયા હૈ પૈસા દેકર. સમજમેં આયા? વહ ભક્તિ હોતી હૈ જાત્રા, ભક્તિ, પરંતુ ઉસકી મર્યાદા શુભભાવ જિતની હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે. હવે ખુલ્લું કરી નાખવું પાછું. નવનીતભાઈ! મૂળચંદભાઈ તો ખુલ્લું કરી નાખે છે. વહ ધર્મ નહીં. આહા..હા..! વહ સંવર, નિર્જરા નહીં, સમ્યક્ નહીં. આહા..હા..! ભારે

કઠણ જગતને. હજી શ્રદ્ધા બેસવી કઠણ પડે. સમકિત તો પછી. આહા..હા..!

કહતે હૈ, સમ્યક્ આત્માકા દર્શન, અનુભવ. આઠ વર્ષકી લડકી હોતી હૈ ઉસકો ભાન હોતા હૈ, સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસા નહીં કિ કોઈ બડેકો હોતા હૈ ઔર દેવકો હી હોતા હૈ. નારકીમેં હોતા હૈ. નારકી હૈ સાતવી નરક. સવેરે કહા થા ન. રવરવ નરક હૈ સાતવેં અપયઠાણા. વહાં ભી આત્માકા જ્ઞાન ઐસા હોતા હૈ. વહ હમને પૂર્વે સુના થા જ્ઞાની પાસે. પરંતુ હમને સાવધાનીસે આત્માકા ભાન નહીં કિયા. હમારી જિંદગી વ્યર્થ ગયી. તો નર્કમેં પડા કોઈ રાજા-મહારાજા. નર્કમેં ગયે. અંદર વિચાર. બહુત દુઃખ.. બહુત દુઃખ... અંદર વિચારમેં ઉતર ગયે. સાતવીં નર્કમેં. અનંતકાલમેં કભી સમ્યગ્દર્શન પાયા નહીં, વહ સાતવીં નરકમેં પાતે હૈં. એમ સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ કહતે હૈ. વહ સમ્યગ્દર્શનકા અર્થ યહ હૈ. અંતરમેં ઈતના દુઃખકા સંયોગમેં. કિતના દુઃખ. સાતવીં નર્કકા દુઃખ. ભાઈ! મૂલચંદભાઈ! સાતવીં નર્ક અર્થાત્? ઔર ઉસમેં પાંચ આખરકા. અપયઠાણા નર્ક, રવરવ નર્ક. મહા પીડા, અનંતી પીડા. પરંતુ ઉસમેં યાદ આ ગયા. આહા..! અરે! હમ મનુષ્ય થે. હમકો જ્ઞાનીઓને કહા થા કિ તુમ્હારા આત્મા આનંદકંદ શુદ્ધ હૈ, અરે! હમને હમારી સાવધાનીસે હમારા અનુભવ નહીં કિયા. ઐસા અંદર વિચાર કરતે હૈં ઈતને દુઃખમેં. જયચંદભાઈ! તમારે ક્યા દુઃખ હૈ ઈતના? ધૂલમેં ભી દુઃખ નહીં હૈ. લાડવા ખાય, શરીર રૂપાળું બેસે, આમ બેસે અને અમે દુઃખી છીએ કહે. સમજાય છે કે નહિ? ઐસે દુઃખમેં નર્કમેં, સાતવીં નર્કમેં. અનંતકાલસે નહીં પાયા. આહા..! યહ વેદન! યહ વેદન! યહ ક્યા હૈ? હજારોં વીંછી કરડે. વીંછી-વીંછી આકરા. યહ ક્યા હૈ? ઐસા સ્મરણ આયા. જાતિસ્મરણ હો જાતા હૈ. સમજમેં આયા? કિસકો? જાતિસ્મરણ કિસકો કહતે હૈ? પૂર્વભવકા સ્મરણ. સમજમેં આયા? યહ લડકી બૈઠી હૈ ન તુમ્હારે પીછે. .. દેખા નહીં ન. લડકી બૈઠી હૈ. જાતિસ્મરણ હુઆ હૈ. સમજમેં આયા? જાતિસ્મરણકા અર્થ પૂર્વભવકા ભાન. પૂર્વ ભવમેં મૈં કહા થા? કહાંસે આયા? ઉસકો ખબર હૈ. સમજમેં આયા? ઐસા નર્કમેં જાતિસ્મરણ હોતા હૈ. સૌભાગમલભાઈ! આહા..હા..! ઉસમેં ખયાલ આતા હૈ. મુઝે જ્ઞાનીને કહા થા હોં. કિ તુમ્હારી ચીજ ભિન્ન હૈ, રાગસે ભિન્ન હૈ, દેહસે ભિન્ન. ન માના... ન માના... ન માના... ઔર મેરા કાલ વ્યર્થ ગયા. ઐસે અંતરમેં દૃષ્ટિ કરકે, સમ્યગ્દર્શન અનુભવ આનંદકા સ્વાદ લે લેતે હૈ. સમજમેં આયા? વહ આતા હૈ કિ નહીં? ભજનમેં આતા હૈ તુમને નહીં સુના? 'બાહર નારક કૃત દુઃખ ભોગત, અંતર સુખકી ગટાગટી.' આતા હૈ? વહ ભજનમેં આતા હૈ. 'ચિન્મૂરત દગ ધારીકી મોહી રીતિ લગત હૈ અટાપટી.' શેઠ પહલે આયે થે ન વહ બોલે થે. વહ શેઠ આયે થે ન પહલે યહાં? હુકમીચંદજી. હુકમચંદજી યહાં તીન બાર આ ગયે હૈં. તો પહલે બોલે થે. 'ચિન્મૂરત દગધારી

કી મોહે, રીતિ લગત હૈ અટાપટી' સમ્યગ્દર્શન ચિન્મૂર્તિ આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ. વહ વિકલ્પ પુણ્ય-પાપ, દયા, દાન વહ મૈં નહીં. શરીર મૈં નહીં. ઐસા ભાન. 'ચિન્મૂરત દગધારી કી મોહે રીતી લગત હૈ અટાપટી. નારકી બાહ્યકૃત ભોગત.' નારકીકા જીવ બાહ્ય તરફકા દુઃખ મેં દિખે. 'અંતર સુખકી ગટાગટી.' તારાચંદજી! કિસકો? નારકીકો.

શ્રેણિક રાજા. શ્રેણિક રાજા અભી પહલી નરકમેં હૈ. ચોર્યાસી હજાર વર્ષ સ્થિતિમેં હૈ. શ્રેણિક રાજા હુએ ન? પહલે નરકકા આયુષ્ય બંધ ગયા થા. પીછે સમ્યગ્દર્શન પાયા. પહલે તો નર્કકા આયુષ્ય બંધ ગયા. વહ નરકકા આયુષ્ય બંધ ગયા વહ છૂટે નહીં. પીછે આત્માકા ભાન હુઆ. ઓહો..! મૈં આનંદકંદ શુદ્ધ ચિદાનંદ. રાગાદિ, દયા, દાન, વ્રતકા પરિણામ . ભક્તિ આદિકા સબ બંધકા કારણ હૈં. મેરી ચીજ નહીં. મેરી ચીજમેં તો પૂર્ણ શુદ્ધ આનંદકંદ પડા હૈ. ઐસા ભાન હુઆ. પરંતુ પૂર્વકા નર્કકા આયુષ્ય બડા બાંધા થા. સાતવીં નર્કકા. સુના હૈ ન? સમ્યગ્દર્શન પાયા તો સબ આયુષ્ય તોડ દિયા. ચૌર્યાસી હજાર વર્ષકી સ્થિતિ રહ ગયી. કિસકા પ્રતાપ? સમ્યગ્દર્શન. ચોર્યાસી હજાર વર્ષ. પહલી નર્કમેં હૈ. અઢી હજાર વર્ષ ગયે. સાડી ઈક્યાસી હજાર વર્ષ બાકી રહે. વહાંસે નિકલકર... સમજમેં આયા?

દેખો, યહાં હૈ. 'ચિન્મૂરત દગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી' દૌલતરામ કૃત હૈ. યહ દૌલતરામજી હમ સુબહમેં પઢતે હૈ. વહીં હોગેં. યહી દૌલતરામ કૃત હૈ હિન્દી. વહ દૌલતરામ કૃત દૂસરા સુબહમેં છ ઢાલા ચલતી હૈ ન. વહ દૌલતરામકા ભજન હૈ. પહલેકે પંડિતકે ભજન ભી ઐસે થે અધ્યાત્મ. અબ થોડા-થોડા ડોક્ટર ભી બનાતે હૈ. 'ચિન્મૂરત...' ચિન્મૂરત. સમ્યગ્દષ્ટિકો ચિન્મૂર્તિ કહા હૈ. જ્ઞાનમૂર્તિ. ચિન્ નામ જ્ઞાન. મૈં તો ચૈતન્યસૂર્ય હૂં ઐસી અંતર દષ્ટિ હુઈ હૈ તો 'ચિન્મૂરત દગધારી.' સમકિત ધારી. છે કાંઈ બહારમાં? લખ્યું છે બહારમાં ક્યાંય? 'રીતિ લગતી હૈ અટાપટી.' દેખો, બાહરસે. 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે અંતર સુખ રસ ગટાગટી' આહા..હા..! સમ્યગ્દર્શન કિસકો કહતે હૈ, લોગોંને સુના નહીં, સાંભળ્યા નહીં. અને સમ્યગ્દર્શન બિના થઈ ગયા ચારિત્ર અને વ્રત. 'રમત અનેક સુરની ...' દેખો, 'રમત અનેક સુરની સંગપૈ, પરિણતિ તે નિત હટાહટી,' આત્મદષ્ટિકા ભાન હોકર સ્વર્ગમેં ગયે હૈં. 'રમત અનેક સુરની સંગ.' દેવાંગનાકે સાથે યા દેવકે સાથ સમ્યગ્દષ્ટિ વહાં વિષયમેં રમતે હૈ. પણ 'પરણતિ તે નિત હટાહટી.' પણ રાગકી અસ્થિરતાસે પીછે હટતે હૈ સ્વરૂપમેં રમણ કરનેકો. સમજમેં આયા? 'જ્ઞાન વિરાગ શક્તિ તે વિધિ ફલ ભોગત' અપના સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ ઔર રાગસે રહિત વૈરાગ્ય ઐસી શક્તિતે વિધિ ફલ. કર્મકા ફલ ભોગત. 'ભોગત પૈ વિધિ ઘટાઘટી' પણ ઉનકા કર્મ સમ્યગ્દષ્ટિકો ઘટાઘટી. ઘટતે હી જાતે હૈ. આહા..હા..! સમજમેં આયા?

'સદન નિવાસી તદપિ ઉદાસી' ગૃહસ્થાશ્રમમેં હો, સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, છન્નું-છન્નું હજાર

સ્ત્રી હો. સમ્યગ્દૃષ્ટિકો આનંદકા ભાન હુઆ અનુભવમેં. 'સદન નિવાસી...' સદન નામ મકાન, મંદિર. 'તદપિ ઉદાસી, તાતૈ આસ્રવ છટાછટી' યહ પુણ્ય-પાપકા ભાવ તો ઘટતા હી જાતા હૈ. આત્માકી દૃષ્ટિકા સમ્યક્ ભાન હૈ ન વહ કારણસે. 'જે ભવ હેતુ અબુધકે તે તસ' અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પુણ્ય-પાપસે ધર્મ માનનેવાલા; વ્રતાદિ ક્રિયાસે અપના કર્તવ્ય ધર્મ માનનેવાલા—ઐસા મિથ્યાદૃષ્ટિ જે બુધ અજ્ઞાનીને જે ભવહેતુ હૈ 'વહ કરત બંધકી જટાજટી' વહ બંધની જટાજટી-બંધને છેદી નાખે છે કહે. સમજમેં આયા? યહ દૌલતરામજી કૃત હૈ. પહલેકા ભજન હૈ. રતનલાલજી!

'નારક પશુ તિય ષટ્ વિકલત્રય, પ્રકૃતિન કી ખૈ કટાકટી' નારકીમેં ઉત્પન્ન હોતા નહીં, વિકલત્રયમેં ઉત્પન્ન હોતા નહીં. 'સંયમ ધર ન શકે પૈ સંયમ...' 'સંયમ ધર ન શકે પૈ સંયમ ધારનકી ઉર ચટાચટી.' સ્વરૂપમેં કબ સ્થિર હોવું? સ્વરૂપમેં કબ સ્થિર હોવું? વીતરાગ સ્વરૂપ આનંદમેં કબ આ જાઉં? 'સંયમ ધર ન શકે પૈ સંયમ ધરણકી ઉર ચટાચટી, તાસુ સુયશ ગુણકી દૌલત કે, લગી રહૈ નિત રટારટી.' તાસુ સુયશ. ઉસકે સમ્યગ્દૃષ્ટિકે ગુણકે સુયશ ક્યા કહું, કહતે હૈં. એના સમ્યગ્દર્શન હોં ચોથા ગુણસ્થાનકી બાત હૈ હજી. આહા..હા..!

મુમુક્ષુ :- નારકીમાં...

ઉત્તર :- નારકીમેં કહાં પાંચમા-છઠ્ઠા ગુણસ્થાન થા? દેવની વાત કરી, નારકીની, પછી મનુષ્યની કરી. આહા..હા..! સમજમેં આયા?

'તાસુ સુયશ ગુણકી...' એ સમ્યગ્દૃષ્ટિના સુયશની શું કહેવું? એ આપણે આવી ગયું છે ભાઈ છ ઢાળામાં નહિ? લેશ ન સંયમ. આવે છેને? 'પૈ સુરનાથ જજે હૈ.' એ આવી ગયું છે આપણે છ ઢાળામાં. 'લેશ ન સંયમ.' હજી અતીન્દ્રિય આનંદકા સ્વાદ આયા, પણ વિશેષ સ્થિરતા નહીં હુઈ હૈ. સમજમેં આયા? 'લેશ ન સંયમ પૈ સુરનાથ જજે હૈ.' સુરનાથ-દેવના ઇન્દ્રો. છેને એમાં છે. શેમાં આવ્યું એ કડી? ભૈયા! એ ઢાળ કઈ? ઢાળકા પદ કુછ યાદ રહતા હૈ? ત્રીજાની પંદરમી. હા એ આવ્યું. જુઓ, **'अव्रती सम्यग्दृष्टिकी देवों द्वारा पूजा और गृहस्थपनेमें अप्रीति' 'दोषरहित गुणसहित सुधी जे, सम्यग्दर्शन सजैं हैं।'** આ દૌલતરામજી કહે છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પુણ્ય-પાપકે વિકારસે ત્રિકાલ નિરાલા મૈં હૂં. દેહકી ક્રિયા તો મૈં કભી તીનકાલમેં કરતા હી નહીં. પરકા આહાર ત્યાગ-ગ્રહણ મેરે સ્વરૂપમેં હૈ હી નહીં. ઐસી સમ્યગ્દૃષ્ટિ હુઈ તો કહતે હૈં કિ **'चरितमोहवश लेश न संजम,' 'चरितमोहवश'** હોં, ચારિત્રમોહને કારણે નહિ, પણ ચારિત્રમોહકે ઉદયમેં અપને પર્યાયમેં વશ હો જાતા હૈ. **'पै सुरनाथ जजैं हैं।।'** સમજે? આમાં છે કે નહિ? એનો ફોટો છે કે નહિ? ચિત્ર હૈ દેખો. દો ચિત્ર હૈ. આ સંયમકો ઇન્દ્ર આકર પગે લગતે હૈં.

છેને ઈન્દ્ર? દેખો હૈ કિ નહીં?

**'गेही पै गृहमें न रचैं,'** ગૃહસ્થાશ્રમમેં હો, પણ આત્મદષ્ટિકા અનુભવ સમ્યક્ હુઆ હૈ. **'ज्यों जलतैं भिन्न कमल है।'** જલસે જૈસે કમલ ભિન્ન હૈ, સમજમેં આયા? **'नगरनारिकौ प्यार यथा, कादेमें हेम अमल है।।'** કાદવમાં સોનું નિર્લેપ રહે છે એમ ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ અંતરમેં રાગકી એકતા કભી કરતે નહીં. સમજમેં આયા? આહા..હા..! સંયમ સમ્યક્ કિસકો કહના લોગોં સમજે નહીં .. કહાંસે આયે? નિહાલભાઈ! આહા..હા..! **'नगरनारिकौ प्यार'** વૈશ્યાનો પ્યાર. કોઈપણ બચ્ચા આવે, કોઈપણ ભંગ્યા આદિ હો. પૈસા દે ઉતના પ્યાર. દૂસરા કુછ ઉસકે પાસ પ્યાર નહીં. એમ સમ્યગ્દષ્ટિ આત્મદર્શન દષ્ટિકી હુઈ, વહ સંસારમેં રાજપાટમેં રહે છતે વૈશ્યાકા પ્યાર જૈસી ઉસકી પ્રવૃત્તિ દિખતી હૈ. અંતરમેં પ્યાર હૈ નહીં. ઐસા સમ્યગ્દર્શન બિના... યહાં આચાર્ય કહતે હૈં. સમજમેં આયા?

કહતે હૈં કિ ભગવાન આત્મા અપના... ઐસે આનંદરૂપકી અનુભવ દષ્ટિ ઔર સ્વરૂપમેં વિશેષ રમણતારૂપી ચારિત્ર. ઐસા તિક્ષ્ણ ધારાસે જિસને **મનકો મુંડન** કિયા નહીં **'ઔર જિનદીક્ષારૂપ શિરોમુંડન કર ભેષ રખા,...'** તો અંતરમેં રાગકી એકતાબુદ્ધિ ઔર પરકા નિમિત્ત ભી ઉસકો છૂટા નહીં. **'ઉસને અપની આત્મા ઠગી.'** અપની આત્મા ઠગી. આહા..હા..! સમજમેં આયા? **'ઐસા કથન સમજકર નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન, વીતરાગ પરમ, આનંદસ્વરૂપકો અંગીકાર કરકે...'** ભાઈ! 'પરિગ્રહ કરકે' એમ છે. દેખો, ધર્માત્માકા પરિગ્રહ ક્યા હૈ? હૈ ન મૂલમેં પાઠ હૈ. મૂલમેં પાઠ હૈ. **'वीतरागपरमानन्दपरिग्रहं कृत्वा'** સંસ્કૃતમાં છે. આહા..હા..! કહે છે, અરે ભગવાન! તેરા પરિગ્રહ તો વીતરાગ પરમાનંદસ્વરૂપ વહ તેરા પરિગ્રહ હૈ. પુણ્ય-પાપકા ભાવ વહ ભી તેરા પરિગ્રહ નહીં. ઔર વહ આયેગા પીછે ૯૧મી ગાથામેં બહુત વિસ્તાર આયેગા. સમજમેં આયા? સમ્યગ્દષ્ટિકા પરિગ્રહ પુણ્ય-પાપભાવ નહીં. શરીર, ક્રિયા, વાણીકી ક્રિયા ઉસકા પરિગ્રહ નહીં ઔર બાહ્યકી લક્ષ્મી, કુટુંબકબીલા વહ સમ્યગ્દષ્ટિકા પરિગ્રહ નહીં. માણેકચંદજી! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ૯૧માં વ્યાખ્યા.

ઉત્તર :- હા. એ તો બહુ વ્યાખ્યા સરસ આવે છે. ઓલાની છેને ૫૩ પાને આપણે છે ૨૦-૨૧-૨૨. એથી પણ આમાં વધારે સમજવા જેવું છે. કાલે આવશે. ઓલા કરતા બીજી વાત છે. બીજી વધારે થોડીક. સમજમેં આયા? વહ કલ આયેગા. રવિવાર હૈ ન કલ? માણસ પણ કાલે આવવાના છેને રાજકોટથી. આવશે. કહો, સમજમેં આયા? આહા..હા..! નવનીતભાઈ! આ તો તમને આખી મોઢે છે છ ઢાળા. વારંવાર કહતે થે ઈસલિયે વાંચન કિયા. થોડા દો દિન આ ગયે થે વ્યાખ્યાનમેં. કહો, સમજમેં આયા?

કહતે હૈ. આહા..હા..! મુનિકા પરિગ્રહ ઔર સમ્યગ્દષ્ટિકા પરિગ્રહ ક્યા? ગ્રહ સમજતે હૈ? પરિ-સમસ્ત પ્રકારે પક્કડ. સમસ્ત પ્રકારે પક્કડ, ગ્રહના, લેના. ક્યા? વીતરાગ પરમાનંદ. અપના અંતર વીતરાગ નિર્દોષ પરમ આનંદ અતીન્દ્રિય હૈ. ઉસકી સમ્યગ્દષ્ટિને, મુનિને અંદર પકડ કર લી હૈ. વહ પરિગ્રહ. વહ પરિગ્રહ હૈ. 'પરિ' ઉપસર્ગ હૈ. સમસ્ત પ્રકારે ગ્રહના, પકડના. વીતરાગ પરમ આનંદ પકડ લિયા હૈ. આત્માકા પરિગ્રહ પકડ લિયા હૈ. પુણ્ય-પાપ, દયા-દાન, દેહકી ક્રિયાકા પરિગ્રહ છોડ દિયા હૈ. આહા..હા..! વહ પરિગ્રહકા અર્થ યહાં મમતા નહીં લેના. યહાં તો પરિ-ગ્રહ શબ્દ હૈ દેખો, '**वीतरागपरमानन्दपरिग्रहं कृत्वा**' આહા..હા..! એક બાજુ પરિગ્રહ અંતરમેં વીતરાગ પરમાનંદકી પક્કડ ન હો, તબતક, બાહરકા પરિગ્રહકી મમતા ઉસકો કભી છૂટતી હી નહીં. સમજમેં આયા? આહા..હા..! ભારે વાત ભાઈ! ઓલા વીતરાગ કહતે હૈ ન વીતરાગ? એક જણો પછી મશ્કરી કરતો હતો ભાઈ. જેમ આ પરિગ્રહ થયોને. વીતરાગ છો ભાઈ! તમે બધા વીતરાગ. મશ્કરી કરી. વીતરાગસ્વરૂપ તમે બધા છો. ઓલા કહે ઓહો..હો..! મહારાજ! પણ અમે વીતરાગ ક્યાંથી? તમે વીતરાગ નથી? તમે વિત્ત નામ પૈસાનો રાગ નથી તમને? આવી મશ્કરી ન હોય. કે તમે બધા વીતરાગ છો ભાઈ! તો ઓલા બિચારા મૂંઝાઈ ગયા સાંભળનારા હોં. કે વીતરાગ અમને કઈ રીતે કહે છે આ? પણ વિત્ત એટલે પૈસો. વિત્ત પૈસાને કહે છેને. આ વિત્તરાગ-પૈસાનો રાગ. તુમકો પૈસેકા રાગ હૈ કિ નહીં? વહ વીતરાગ તુમ હો. વહ અજ્ઞાનકા વીતરાગ હૈ. સમજમેં આયા? પૈસાકા રાગ હૈ. અજ્ઞાનીકો પુણ્ય-પાપકા ભાવકા રાગ હૈ, શરીર, વાણી, મનકી એકત્વ બુદ્ધિકી બાત યહાં હો. એકત્વબુદ્ધિ. પુણ્ય-પાપકી એકત્વબુદ્ધિકી પક્કડ હૈ વહ ભી એક વીતરાગ નામ વીત નામ મમતાકી પક્કડ કરનેવાલા મિથ્યાદષ્ટિ હૈ. સમજમેં આયા?

સમ્યગ્દષ્ટિ વીતરાગ પરમ આનંદ પરિગ્રહ. આહા..હા..! કેટલી ભાષા ટીકામેં લિયા હૈ આચાર્ય ભગવાનને. સમ્યગ્દષ્ટિકા ઔર મુનિકા તો પરિગ્રહ વહ હૈ. વિકલ્પ દયા, દાન, વ્રતાદિ શરીરાદિકા પરિગ્રહ બિલકુલ ઉસમેં નહીં. પક્કડ ભી નહીં ન. આયા છૂટ જાતા હૈ. દેહકી ક્રિયા હુઈ વહ તો જ્ઞાતામેં ચલી જાતી હૈ. સમજમેં આયા? પુસ્તક-બુસ્તક રાખ્યું છે? ત્યાંથી લાવ્યા છો? ઠીક. વીતરાગ પરમ આનંદ અપના અતીન્દ્રિય આનંદ. યહ પૂરા અતીન્દ્રિય આનંદકા ઢેલા ભગવાન હૈ, ઉસકી સમ્યગ્દષ્ટિને પક્કડ કર લી હૈ. જૈસે મકોડા પક્કડ કરતે હૈ ન યહાં? વહ છૂટતે નહીં. ફિર છૂટતે નહીં ન? ઐસે સમ્યગ્દષ્ટિને અપના વીતરાગ પરમાનંદકી પક્કડ કર લી હૈ. સબ રાગાદિ વિકલ્પકા પરિગ્રહ પક્કડ છોડ દિયા અંદરમેં. હોતા હૈ. મુનિકો તો રાગકી અસ્થિરતા ભી નહીં હોતી, વહ કહતે હૈ. સમજમેં આયા?

તો કહતે હૈ, મુનિ અપને સ્વરૂપમેં ઐસા વીતરાગ અકેલા અતીન્દ્રિય અનંત આનંદગુણકા

પિંડકા પક્કડ કર લિયા હૈ. ઉસ કારણ અપની શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન વીતરાગ પરમાનંદસ્વરૂપ વહી ઉસકા પરિગ્રહ હૈ. '**અંગીકાર કરકે...**' પછી એનો અર્થ કર્યો અંગીકાર. '**તીનોં કાલ, તીનો લોકમેં...**' એમ લેતે હૈ ભાઈ! ગયે કાલમેં જો રાગ થા વહ ઠીક થા ઐસા ભી નહીં. હમને પૂર્વમેં રાગ કિયા તો પુણ્ય બંધા તો મનુષ્ય દેહ મિલા. પરિગ્રહ હી હૈ. મિથ્યાદૃષ્ટિ પરિગ્રહી હૈ. સમજમેં આયા? કિ પૂર્વ હમને પુણ્ય કિયા તો મનુષ્ય દેહ મિલા ન? ઈતના તો લાભ હુઆ કિ નહીં? મૂઢ હૈ. પૂર્વકે રાગકા ફલ શરીર મિલા વહ મુઝે ઠીક હૈ તો પૂર્વકે રાગકો ઠીક કહા, વહ મિથ્યાત્વકા પરિગ્રહ હૈ.

તીનોં કાલ લિખા હૈ દેખો, '**તીનોં કાલ...**' વળી ભવિષ્યમેં મેરે શરીરાદિ મિલે, અનુકૂલ મિલે પુણ્યકે કારણસે, તો મુઝે ઠીક હોગા. વહ ભવિષ્યકા પરિગ્રહ હૈ. સબ છોડકર '**મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાકર દેખે, સુને, અનુભવે જો પરિગ્રહ ઉનકી વાંછા સર્વથા ત્યાગની ચાહિયે. યે પરિગ્રહ શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત હૈ.**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિ ઔર અનુભૂતિસે પુણ્ય-પાપ આદિ પરિગ્રહ તો વેરી-વિરોધી હૈ. સમ્યગ્દૃષ્ટિકો ઉસકી મમતા તુટકર અપના શુદ્ધ સ્વભાવકી દૃષ્ટિમેં એકાગ્રતા કરના વહી ઉસકા પરિગ્રહ અને ધર્મ હોતા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૫, રવિવાર, તા. ૨૦-૦૨-૧૯૬૬**
**ગાથા-૯૦-૯૧, પ્રવચન-૧૩૪**

.. આવ્યા હતાને ક્યાં ગયા? નથી આવ્યા? ક્યાં? ઠીક. કોક દિ' આવે એટલે આજ જરી ખ્યાલ રહેને. યે પરમાત્મપ્રકાશ ચલતા હૈ. પરમાત્મપ્રકાશકા દૂસરા ભાગ. ૯૦ ગાથા. આખિરકી થોડી બાત બાકી હૈ. થોડી લે લે ફિર ૯૧ લેંગે.

કહતે હૈં કિ જિસે અપને આત્માકા હિત કરના હો ઔર હિત કરે બિના અકેલા મુનિપના,

શિરમુંડન હો કિ શ્રાવકપના બાહરકી ક્રિયાકાંડમેં હો, પરંતુ જિસકા અંતર મનમુંડન હુઆ નહીં, અંતરકા પરિગ્રહકા નાશ હુઆ નહીં તો ઉસકા શિરમુંડન ઔર બાર વ્રતકા વિકલ્પ ધારણ વહ સબ નિરર્થક હૈ. સમજમેં આયા? પરિગ્રહ ત્યાગકી વ્યાખ્યા હૈ. આખિરમેં ક્યા હૈ દેખો. **'ઐસા કથન સમજકર નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન, વીતરાગ પરમ, આનંદસ્વરૂપકો...'** ક્યા કહતે હૈ? પરિગ્રહકી વ્યાખ્યા ૯૧મેં વિશેષ કરેંગે. શરીર, વાણી, કર્મ, વહ સબ પરિગ્રહ હૈ. પુણ્ય ઔર પાપકા ભાવ વહ ભી પરિગ્રહ હૈ. ઉસકી રુચિ, દૃષ્ટિ છોડકર અપના શુદ્ધાત્મા નિર્મલાનંદ ભગવાન ઉસકી એકાગ્રતાસે ઉત્પન્ન હુઆ વીતરાગ પરમ આનંદસ્વરૂપ અપના પરિગ્રહ. વહ અપના પરિગ્રહ. સમજમેં આયા?

વીતરાગ (અર્થાત્) રાગ, વિકલ્પ, પુણ્ય-પાપકા ભાવ, શરીર, કર્મ ઉસસે અપના આત્મા ભિન્ન કરકે અપના આત્મામેં અતીન્દ્રિય આનંદ જો હૈ ઉસકી અંતર દૃષ્ટિ-સમ્યગ્દર્શનસે એકાગ્ર ભાવના ઉત્પન્ન હોકર જો આત્માકા આનંદ આયા ઉસ આનંદસે યહ સારા આત્મા આનંદમય હૈ ઐસા અંતરમેં અપને આત્માકો પકડકર. બહુ સૂક્ષ્મ. પરિગ્રહકા અર્થ પકડ. મૂલ પરિગ્રહ શબ્દ પાઠમેં પડા હૈ. **'वीतरागपरमानन्दपरिग्रहं कृत्वा'** સબ પરિગ્રહકી દૃષ્ટિ છોડકર. દૃષ્ટિ છોડકર. ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદકા વીતરાગી મૂર્તિ પ્રભુ આત્મા અપના-નિજ, ઉસ નિજ આત્માકી અંતર એકાગ્રતા દ્વારા, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ એકાગ્રતા દ્વારા જો અંતરમેં શાંતિ ઔર આનંદ જો સત્વરૂપસે પડા હૈ ઉસકો પ્રગટરૂપ, આનંદ અને શાંતિકા સ્વસંવેદન દ્વારા વેદન કરકે યહ આત્મા હી મૈં હૂં ઐસા પકડ લિયા ઉસકા આત્માકા પરિગ્રહ, સમકિતીકો પરિગ્રહમેં અપના આત્મા હૈ. સમજમેં આયા? મૂલચંદભાઈ! ભારે વાત ભાઈ!

સમ્યગ્દૃષ્ટિકો, ધર્મી જીવકો અપના પરિગ્રહ... પરિગ્રહ સમજતે હૈ? પરિ ઉપસર્ગ હૈ, સમસ્ત પ્રકારસે પકડના. ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વીતરાગસ્વભાવી આત્મા ઉસકી અંતર્મુખ સમ્યગ્દૃષ્ટિ કરકે અંતરકા સ્વભાવકા આનંદકા વ્યક્તપના અંશે કરકે જો વીતરાગી આનંદકી દશા પ્રગટ હુઈ ઉસસે પકડ હુઆ કિ યહી સારા આત્મા મૈં હૂં. આહા..હા..! મૂલચંદજી! સમજમેં આયા? કઠણ ભારે ભાઈ! સમજમેં આયા? વજુભાઈ! આ ધૂળનો પરિગ્રહ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી એમ કહતે હૈ. હજી આગળ તો વિશેષ વાત કરશે ૯૧માં. સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ, પ્રશંસનીય દૃષ્ટિ, સાચી દૃષ્ટિ ઉસકો કહતે હૈ કિ જિસકી દૃષ્ટિમેં અપના આત્મા પુણ્ય-પાપકા રાગ, શરીર, વાણી, કર્મ ઉસકા પરિગ્રહ નહીં, ઉસકી જ્ઞાનીકો પકડ નહીં. નવનીતભાઈ! આહા..હા..! માણેકચંદજી! સમજમેં આયા? સંસારમેં રહના ઔર ક્યા કહતે હૈ યહ?

કહતે હૈં પરમાત્મપ્રકાશક યોગીન્દ્રદેવ આચાર્ય દિગંબર સંત મુનિ જંગલમેં-વનમેં બસનેવાલે

થે ઉન્હોંને કહા કિ મુનિકો અથવા સમ્યગ્દૃષ્ટિકો પરિગ્રહ અથવા પક્કડ કિસ ચીજમેં હૈ? કિ સમ્યગ્દૃષ્ટિ ઔર મુનિ ધર્માત્મા ઈસકો કહતે હૈ કિ જિસકી પક્કડમેં, પુણ્ય શુભરાગ આતા હૈ ઉસકી ભી પક્કડ જિસકો નહીં. આહા..હા..! રતનલાલજી! કહાં ગયા ડોક્ટર? યહાં આઓ, વહાં ક્યોં બૈઠે? નજદીક આના ચાહિયે દસ મિનિટ પહલે. નિરાંતે આના ઔર પીછે બૈઠના. પહલે આના ચાહિયે. નહિ? ફુલચંદજી! માંડ તમારે તો સુનનેકો મિલે. તુમ્હારે પત્રમેં ઐસા આયા થા ડોક્ટરકા કિ દૂસરેકો છોડકર હમ વિશેષ સુનનેકો આતે હૈ. એય..! ડોક્ટરજી! તુમ્હારે પત્રમેં ઐસા આયા થા. લિખા થા? હમારે તો અમૃત સુનનેકો .. આતે હૈ. યહ તો બાત ઠીક હૈ. યહ સોભાગભાઈ લિખા થા હોં પત્રમેં. કિ હમ તો સુનને કો આતે હૈ મુખ્ય તો.

ક્યા કહતે હૈ ભગવાન? યોગીન્દ્રદેવ સંત મુનિ હૈં. તો મુનિ કહો યા સમ્યગ્દૃષ્ટિ કહો. મુનિકો અસ્થિરતામેં શુભાશુભભાવ હોતા નહીં. સમ્યગ્દૃષ્ટિકો અસ્થિરતામેં શુભાશુભ હોતા હૈ, પરંતુ સમ્યગ્દૃષ્ટિકો ઔર મુનિકો દો મેં ફેર કિતના હૈ? કિ સમ્યગ્દૃષ્ટિકો શુભાશુભભાવ હોને પર ભી ઉસકી પક્કડ નહીં. પક્કડ સમ્યગ્દૃષ્ટિકી જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ઉસકી અંદર પ્રતીત ઔર પક્કડ હૈ. સમજમેં આયા? મુનિકો શુભાશુભભાવ બહુત ઘટ ગયા, અલ્પ શુભરાગ રહ ગયા પંચ મહાવ્રતાદિ. પરંતુ ઉસકી ભી મુનિકો પક્કડ નહીં. યહ મેરા કર્તવ્ય હૈ કિ યહ પરિણામ મહાવ્રત યહ હમારા કામ હૈ ઐસી મુનિકો પક્કડ નહીં. જો પક્કડ હૈ તો દૃષ્ટિ મિથ્યા હો જાતી હૈ. સમજમેં આયા? આહા..હા..!

તો કહતે હૈ ભગવાન યોગીન્દ્રદેવ આચાર્ય મુનિ સંત થે. ૯૦૦ સાલ પહલે દિગંબર મુનિ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર ઉન્હોંને કહા માર્ગ વહી બાત કહતે હૈં. ભગવંત! યહાં પરમાત્માકી બાત હૈ ન? પરમાત્મપ્રકાશ હૈ ન શાસ્ત્રકા નામ. સમયસાર કહો યા પરમાત્મપ્રકાશ દોનોં એક હી બાત હૈ. યહ સમજે નહીં તો સમજા ક્યા? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિકો અથવા સમ્યગ્દૃષ્ટિ પાનેવાલેકો પહલે યહ પઢના. ઐસા સમયસારમેં લિખા હૈ. અનાદિ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જિસકો અનાદિસે સમ્યગ્દર્શન હુઆ નહીં અર્થાત્ શુભ-અશુભ રાગસે અપને સ્વભાવ પૃથક્કા બોધ હુઆ નહીં ઔર વિકાર પુણ્ય-પાપ, યહ ક્રિયા મેરી હૈ ઐસા મિથ્યાદૃષ્ટિકો કુંદકુંદાચાર્ય કહતે હૈ કિ હમ સમયસાર સુનાતે હૈં. સમજમેં આયા? શ્રુત પરિચિત અનુભૂતા ઐસા તો કહા. સુના નહીં ઉસકો હમ સુનાતે હૈં. અનંતકાલમેં સુના નહીં. નવમી ગ્રૈવેયક અનંતબૈર ગયે, દિગંબર જૈન સાધુ હોકર. શુક્લલેશ્યા. ઐસા ભાવ તો અભી હોતા નહીં. શુભભાવ ઐસા નહીં હોતા. જૈસે નવમી ગ્રૈવેયક ગયે અનંતબાર મિથ્યાદૃષ્ટિ દિગંબર જૈન સાધુ. ઐસા શુભભાવ તો અભી કિસીકો હોતા હી નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? તો ઐસી અનંતબૈરમેં ભી... અંતરમેં ચિદાનંદ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા હૈ. એક રાગકા ઉત્થાન હોતા હૈ પંચ મહાવ્રતકા

વહ ભી વિકલ્પ હૈ, મેરી ચીજ નહીં. ઉસસે પૃથક્ મેરી ચીજ હૈ ઐસા જ્ઞાનાનંદ સ્વભાવ વહ ઉસકા અપના સ્વભાવ હૈ, ઉસકા પરિગ્રહ. પરિ-સમસ્ત પ્રકારસે, ગ્રહ નામ પકડના ઉસકા નામ સમ્યગ્દ્રષ્ટિકા વીતરાગ સ્વભાવી ભગવાન વહ પરિગ્રહ ઉસકા હૈ. સમજમેં આયા? મિથ્યાદષ્ટિકા પરિગ્રહ શરીર, મેરી ક્રિયા મૈં કરતા હૂં શરીરસે, પરકી દયા મૈં પાલ સકતા હૂં, પરકી હિંસા કર સકતા હૂં ઐસા શરીર ઉસકા પરિગ્રહ હૈ. ઔર દયા, દાનકા પરિણામ ઉત્પન્ન હુઆ વહ શુભરાગ વહ મુઝે હિતકર હૈ ઐસા અજ્ઞાનીકા વિકાર પરિણામ ઉસકા મિથ્યાત્વસહિતકા પરિગ્રહ હૈ. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- હુશિયાર છે.

ઉત્તર :- હુશિયાર પણ શું કરે? શેઠાઈ કરવી અને બધાને સરખા રાખવા પાછા, કહે છે. કહો, સમજાણું આમાં? સંઘના બધા માણસને સરખા રાખવા અને પાછું બધું શું કરવું આમાં? નહિ ના પાડે છે. કરી શકતો નથી. આહા..હા..!

આચાર્ય ભગવાન '**स्वशुद्धात्मभावनोत्थवीतरागपरमानन्दपरिग्रहं कृत्वा**' આ એક શબ્દ મહાસિદ્ધાંત. આ પરિગ્રહની વ્યાખ્યા ઘણી ગાથામાં. ૯૨ ગાથામેં પૂરા હો ગયા અપને તો. કારણ કે ત્યાં સુધી વ્યાખ્યાન હો ગયા સબ. ૯૧-૯૨ દો હી ગાથા બાકી હૈ. સારા પરમાત્મપ્રકાશમેં. સારા ઉતર ગયા હૈ સબ રેકોર્ડિંગમેં. સમજમેં આયા? એક સિદ્ધાંત ભી યથાર્થ સમજ લે. એગં જાણહિ સવ્વં જાણહિ, તો સર્વ શાસ્ત્રકા રસ ઉસકા ખ્યાલમેં આ જાયે. કહતે હૈ ઓહો..! ભગવાન આત્મા મિથ્યાદષ્ટિપને અનાદિકાલમેં શુભ-અશુભ રાગ અપના માના, ઉસસે અપના હિત માના ઔર શરીરાદિ ક્રિયા હોતી હૈ જડસે તો વહ મેરે સે, મૈં અંદરમેં ઉપસ્થિત હયાતી હૂં, મૈં જીવન-જીવન જીવતા અંતર જીવ હૈ તો જડકી ક્રિયા હોતી હૈ. જીવ બિના શરીરકી ક્રિયા જડમેં કૈસે હોવે? ઐસા મૂઢ જીવ મિથ્યાદષ્ટિ અનાદિસે ઐસા માન રખતા હૈ કિ ઉસકા શરીર હી ઉસકા પરિગ્રહ હૈ. નવનીતભાઈ! આહા..હા..! ઔર ઉસકા મિથ્યાત્વ પરિગ્રહ પીછે કહેંગે.

મુમુક્ષુ :- ભાવમેં.

ઉત્તર :- ભાવમેં. વહ બાહ્યમેં શરીર પરિગ્રહ હૈ ઔર અંતરમેં શરીરકી ક્રિયા મૈં જીવ હૂં, અંતર ચૈતન્ય હૂં તો શરીર ચલતા હૈ. ભીંત ક્યોં ચલતી નહીં? જીવતા શરીર. જીવતા શરીર હોય, જીવ અંદરમેં મૌજુદ હૈ તો શરીરકી ઐસી હલનચલન ક્રિયા હોતી હૈ ઐસા માનનેવાલેકો ભગવાન આચાર્ય કહતે હૈં કિ ઉસકો મિથ્યાત્વકા પરિગ્રહને પકડ લિયા હૈ. આહા..હા..! મિથ્યાત્વ પરિગ્રહ ઉસકે પાસ હૈ. જો અનંત સંસારમેં રુલનેવાલા મિથ્યાત્વભાવ વહી ઉસકા પરિગ્રહ હૈ. સમજમેં આયા? સમ્યગ્દ્રષ્ટિકો યહ પરિગ્રહ નહીં. રાગ આતા હૈ, દેહકી ક્રિયા હોતી હૈ. તો,

કહતે હૈં '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે...**' આહા..હા..! મૈં નિજ પરમાત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ હૂં. ઉસકી ભાવનાસે ઉત્પન્ન. અરે! ઈતના સત્ય માર્ગ! ઈતના સમજમેં આતા હૈ કિ જિસકે અંતરમેં આનંદ આતા હૈ. વહ આનંદ દ્વારા યહ આત્મા મૈં હૂં. ચંદુભાઈ! આહા..હા..! ઉસકા અંકુર પ્રગટ હોકર સમ્યગ્દર્શનમેં પ્રથમ... પ્રથમ... પ્રથમ... ચૌથે ગુણસ્થાને હજી તો. હજી તો સમ્યગ્દર્શનકી ખબર નહીં. બાહરમેં બઢ ગયા સાધુ, શ્રાવક ઔર વ્રતધારી. સ્વરૂપચંદજી!

કહતે હૈ કિ વીતરાગ ભગવાન... અપના સ્વરૂપ વીતરાગ હોં, વીતરાગ પરમાત્મા ઉસકે પાસ રહા. વહ વીતરાગ ભગવાનકી ભક્તિકા ભાવ વહ ભી શુભભાવ હૈ. શુભભાવમેં મુઝે હિત હોગા ઉસકો મિથ્યાત્વ પરિગ્રહ કહતે હૈ. સમજમેં આયા? વહ નીચે લેંગે. ૯૧મેં લેંગે દેખા. સચિત પરિગ્રહ મિથ્યાત્વરાગાદિ. ત્રીજી લીટી હૈ નીચે યહાં. સચિત પરિગ્રહ મિથ્યાત્વરાગાદિ. વહ સચિત પરિગ્રહ હૈ અજ્ઞાનીકા. નીચે આયેગા ૯૧વીં ગાથામેં. સૂક્ષ્મ બાત હૈ ભૈયા! અનંતકાલમેં નિજસ્વરૂપકી પક્કડ (કી નહીં) ઔર પરસ્વરૂપકી પક્કડ કભી છોડી નહીં. નિજસ્વરૂપકી પક્કડ કભી કી નહીં. ક્યોંકિ અંદરમેં-ઉંડાણમેં અંતર અભ્યંતરમેં શુભરાગકા પરિણામ ઔર દેહાદિકી ક્રિયા વહ મૈં આત્મા હૂં તો રાગ હોતા હૈ. તો ઉસકા અર્થ ઐસા હુઆ કિ આત્મા રાગકી ખાન હૈ, નિધાન હૈ ઐસા દેખા ઉસમેં. સમજમેં આયા? આહા..હા..!

યહાં તો કહતે હૈ કિ આત્મા તો વીતરાગસ્વરૂપ હૈ. રાગ ક્યા આત્માકી ખાનમેં પડા હૈ? રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત-ભક્તિકા જો શુભાશુભ વિકલ્પ વૃત્તિયાં હૈ વહ આત્મામેં હૈ નહીં. ઉસકા દ્રવ્ય-ગુણમેં તો હૈ હી નહીં. એક સમયકી કૃત્રિમ અંશમેં વિભાવ ઉત્પન્ન કરતા હૈ, વહ દ્રવ્ય-ગુણમેં નહીં હૈ ઐસા પર્યાયમેં ઉત્પન્ન કરતા હૈ. વહ મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન કરતા હૈ. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો ઉત્પન્ન હોતા હૈ વહ કમજોરીસે ઉત્પન્ન હોતા હૈ. મિથ્યાદૃષ્ટિ તો પ્રેમ રુચિસે ઉત્પન્ન કરતે હૈં. આહા..હા..! બહુત ફેર.

તો આચાર્ય મહારાજ કહતે હૈં. અર્થમેં તો ઐસા લિયા હૈ '**આનંદસ્વરૂપકો અંગીકાર કરકે...**' શબ્દ ઈતના લિયા હૈ. પાઠમેં આનંદસ્વરૂપ ઐસા '**परिग्रहं कृत्वा**' પાઠ ઐસા હૈ. સૂક્ષ્મ વાત ભારે ભાઈ! અરે ભગવાન! વીતરાગમાર્ગ. આહા..હા..! પહલે દરજ્જેકી પહલી શરૂઆત કી વીતરાગ સ્વરૂપ મેરા હૈ. ઐસી ચૈતન્યસ્વરૂપ પરમાનંદ ભગવાન ઉસકી પક્કડ કરે બિના, ઉસકા આશ્રય લિયે બિના ઉસકો વર્તમાન દશામેં ઉસકા આધાર બનાયે બિના ઉસકો સમ્યગ્દર્શન કભી તીન કાલમેં હોતા નહીં. આહા..હા..! જિસકે આધારમેં ઐસા સ્વીકાર કરે કિ શુભભાવ હૈ, રાગ મંદ હૈ, વ્રતાદિકા પરિણામ હૈ તો મેરા કલ્યાણ હોગા. તો ઉસને અપના શુદ્ધ વીતરાગકા આધાર રાગકી પર્યાયકો માના. સમજાણું નહિ? એય..! નવનીતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાંધો નહિ.. વાંધો નહિ.. આ શબ્દ સાદીમાં સાદી હિન્દી ભાષા છે. સાદામાં સાદી હિન્દી ભાષા. સાદી હિન્દી ભાષા છે. મજા માને છૂટકો છે. સમજમેં આયા? સાદામાં સાદી ભાષા એમાં દખલ કરી તમે વચમાં. આ સાદી ભાષા ચલતી હૈ, તદ્દન સાદી. આમાં કોઈ એવું નથી. તદ્દન સાદી. ચાલવા દ્યો. સમજાય છે કાંઈ?

ભગવાન.. આ તો સાદામાં સાદી ભાષામાં કાંઈ અડચણ નથી ઐસી ભાષા થી. ઉસમેં તુમને વહ બીચમેં ગડબડ હૈ અંદરમેં કિ અભી લોકો માટે આમ કરના વહ તમારી ગડબડ નીકલી બીચમેં. એના ભાઈ આવ્યા છેને એટલે જાણે. સમજમેં આયા? ઈતના તૈયારી કરના. કોક દિ' આ જાયે અને કોક દિ' એકદમ લે જાયે ઐસી બાત નહીં હૈ. યે હમારે જુઓ શેઠ કહાંસે આયે હૈં? આ અમારે માણેકચંદજી કહાંસે આયે હૈ. તમે તો અહીં સદા પડે હો. ક્યોં માણેકચંદજી! વહ તો સમજતે નહીં. યહ કહાંસે આયા હૈ? પૂનાસે આયા હૈ, દૂરસે લો. હવે તમે તો અહીંથી આવવું. એ પણ છેલ્લે દિ' એક દિ' આવવું એક અડધો દિ' રહીને. અહીં બધું નક્કી કરી ચાલો ભાઈ ત્યાં હવે. સમજાણું કાંઈ? એકેય ટકો નહિ. ... યહાં સુનો હવે આ વાત અત્યારે ચાલે. એ વાતમાં ગડબડ થઈ ગઈ, જુઓ વાત આડી વઈ ગઈ વચમાં. હવે બે દિ' છેને. પછી તમતમારે તમે છો અહીંયા બધા. છો જ ને ક્યાં નથી સદાય? રહેવું હોય તો કોણ ના પાડે છે અહીં તમને?

યહાં કહતે હૈં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ઉનકે યહ પ્રતિનિધિ હૈં યોગીન્દ્રદેવ. પ્રતિનિધિ તરીકે જગતકો કહતે હૈં. હે આત્મા! આમાં કઈ ભાષા આકરી છે? અંદર જ્ઞાનાનંદ સ્વભાવ ચિદાનંદ પરમાત્મા શુદ્ધ પડા હૈ ઉસકી પક્કડ કર. હવે પક્કડ કર એમાં ક્યાં ભાષા કઠણ આયી? સમજમેં આયા? ઉસકી અંતર એકાગ્રતા કર કહો, પક્કડ કર કહો, અપના સ્વરૂપ ઈતના હૈ ઐસી માન્યતાકો બનાઓ. તો તેરા આત્મા શુદ્ધ સ્વભાવ વહ સમ્યગ્દૃષ્ટિકા પરિગ્રહ હૈ. ઉસકે સિવાય શુભ-અશુભરાગ, દેહાદિકી ક્રિયા વહ મેરી, મૈં હૂં તો હોતા હૈ અથવા વહ રાગ આયા, વહ રાગકા મૈં આધાર હૂં. આધાર સમજતે નહીં આધાર? યહ લકડી હૈ ઉસકા આધાર યહ હૈ ઐસા માનતે હૈ કિ નહીં? ઐસા હૈ નહીં. યહ લકડીકા આધાર પુસ્તક હૈ ઐસા હૈ નહીં એમ કહતે હૈં આચાર્ય. એય..! લકડીમેં એક-એક પરમાણુ-પરમાણુ રજકણ પડા હૈ પૃથક્. એક-એક પરમાણુમેં છ કારક પડા હૈ સ્વતંત્ર. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર, અધિકરણ. એક-એક રજકણ અપને આધારસે ત્યાં રહતે હૈ. નીચેકે કારણસે નહીં. એય..! જયંતિભાઈ! આહા..હા..! અરે! કભી દરકાર ભી કી નહીં કિ ક્યા ચીજ હૈ? ઐસા હો ગયા ધર્મ હો ગયા. ધૂલમેં ભી ધર્મ નહીં. સમજમેં આયા?

ઐસે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોત જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા નિજાનંદ સ્વરૂપ હૈ.

ઉસમેં ઉસકા અનુભવ કરનેમેં, ધર્મ કરનેમેં, પ્રતીત કરનેમેં જો શુભરાગ આયા. દયા, દાન, વ્રતકા કષાય મંદ. વહ હૈ તો મુઝે સમ્યગ્દર્શન હોગા ઐસે રાગકો આધાર માનના અને સ્વભાવ રાગકે આધારે પ્રગટ હોતા હૈ ઐસા માનના મિથ્યાદષ્ટિકા પરિગ્રહ ઉસકે પાસ હૈ. સમજમેં આયા? આહા..હા..! એય..! રતિભાઈ! આહા..હા..! પરમ વીતરાગ આનંદ અવસ્થા. આત્મા પુણ્ય-પાપકા ઝેર વિકારસે ભિન્ન. આહા..હા..! શુભ-અશુભરાગ હૈ વહ ઝેર હૈ. લ્યો આ બરાબર કહે છે રાજમલજી તો. યુવાન માણસ. શુભ-અશુભરાગ હૈ વહ ઝેર હૈ ઉસસે પૃથક્ ભગવાન અમૃત આનંદકંદ હૈ. તો અપના અમૃત આનંદસ્વરૂપકા વહ ઝેર હૈ તો અમૃત પ્રગટ હોગા, મિથ્યાદષ્ટિકા મિથ્યાત્વ પરિગ્રહ હૈ. વજુભાઈ! પરિગ્રહ નહીં સમજતે? આ પરિગ્રહ તમારા ધૂળમાં એ નહિ. એ તો મમતામેં પરિગ્રહ, યહ તો સમતાકા પરિગ્રહ હૈ. આહા..હા..! સમતા કહો યા વીતરાગભાવ કહો. સમજાય છે કાંઈ? આહા..હા..! એણે કાંઈ દરકાર કરી નથી. એમ ને એમ અનંતકાળ જૈનના.. અહીં ભેષ નામે તો બાત કરતે હૈ. જૈનકા સાધુ મુંડન કિયા, અનંતબાર મુંડન કિયા, અઠ્ઠાઈસ મૂલગુણ પાલે, પરંતુ મનમુંડન કિયા નહીં. અર્થાત્ ચૈતન્ય રાગરહિત મેરી ચીજ ક્યા હૈ? ઉસકા અંતરમેં સમ્યગ્દર્શનસે અનુભવ કભી કિયા નહીં. ઔર અનુભવ બિના તેરી ક્રિયાકાંડ સબ ચાર ગતિમેં રુલનેવાલી હૈ. આહા..હા..! ઐસા વીતરાગમાર્ગ દુનિયાકો રુચે નહીં, જચે નહીં ઔર ઉસસે ઉલટા માર્ગ જચે અને સુલટા માર્ગ આવે તો કહે, નહીં, યહ નહીં. અરે! એકાંત હો ગયા. સુન તો સહી. એકાંત હો ગયા કિ તેરા એકાંત હૈ સુન તો સહી. તુને કભી સુના નહીં. વજુભાઈ!

ભગવાન આત્મા સમ્યક્ ચિદાનંદની મૂર્તિ એકાકાર અનંત આનંદકા કંદ ઐસી દૃષ્ટિ કરકે શુદ્ધ આત્માકી પર્યાયકા આનંદમેં 'યહ આનંદ વહી આત્મા' ઐસા આનંદમેં પક્કડ કરકે એમ કહતે યહાં તો. ભાઈ! પર્યાય કહી હૈ ન? યહાં તો પર્યાયનો '**परिग्रहं कृत्वा**' શુદ્ધ સ્વભાવ ઉસકી પ્રતીત, જ્ઞાનકા અંતર ભાન હુઆ. વહ શુદ્ધ પર્યાયકી પક્કડ કી યહ આત્મા. ઉસકા નામ ભગવાન સમ્યગ્દષ્ટિ કહતે હૈ. ઉસકા નામ હજી ચૌથા ગુણસ્થાન અવિરતિ સમ્યગ્દષ્ટિ કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**તીનોં કાલ, તીનો લોકમેં...**' ભગવાન આત્મા ચાહે... સમજમેં આયા? કૌન કહતા થા? ઉસકા લક્ષ સદા હી રહતા હોગા? કોક એમ પૂછતું હતું કાલે. સમજાય છે? ઘણાને એમ કે આ સમ્યગ્દષ્ટિ થાય એટલે લડાઈ-બડાઈ બંધ થઈ ગયો અને બહારની પ્રવૃત્તિમાં બેસી ગયો એકલો. આ પ્રવિણભાઈ. પ્રવિણભાઈ કે કોક કહેતું હતું. લક્ષ-લક્ષ એમ કે આ સદાય લક્ષ ઐસા હોગા? કિસીને કલ પ્રશ્ન કિયા થા. હિંમતભાઈ ગાંધી. હવે કોક દિ' આવે સાંભળવા. વયા ગયાને એ તો? વયા જાયને એક દિ' આવ્યા હોય કોક દિ'. આવે તોય. કે આવું સદાય

આમાં આ બધું કરવું અને પાછું લક્ષ રહે કે હું આત્મા જ્ઞાનાનંદ છું. કોણ કરે છે? સુન તો સહી.

યહાં તો ભગવાન આચાર્યદેવ કહતે હૈં કિ યહ આત્મા પરમાત્મસ્વરૂપ શુદ્ધ વસ્તુ હૈ ઉસકી દૃષ્ટિ હુઈ તીનકાલમેં મૈં દૂસરી ચીજ નહીં. તીનકાલમેં. દેખો! '**મન, વચન,** કાય,...' દૂસરી મૈં ચીજ હી નહીં. '**કૃત, કારિત, અનુમોદનાકર દેખે, સુને, અનુભવે જો પરિગ્રહ ઉનકી વાંછા સર્વથા ત્યાગની ચાહિયે.**' આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ફરીને કહીએ છીએને. એ ક્યાં શબ્દ જવા દઈએ છીએ.

કહતે હૈં કિ એક સમયમેં ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ, ઉસકી દૃષ્ટિ કરકે તીન કાલ—ભૂત, વર્તમાન, ભવિષ્ય. પૂર્વે શુભભાવ હુઆ તો વહ ઠીક થા. વહ દૃષ્ટિ છૂટ ગઈ. છોડ દે દૃષ્ટિ, કહતે હૈ. પૂર્વે શુભભાવ થા તો પુણ્ય બંધા, શરીર મિલા, સુનનેમેં તો આયા ન? છોડ દે દૃષ્ટિ વહ મિથ્યાત્વ પરિગ્રહ હૈ. સુનનેસે લાભ નહીં હોતા હૈ, અપના સ્વભાવકે આશ્રયસે લાભ હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? યહ કહતે હૈ, તીનકાલમેં. ગત કાલ, વર્તમાન, ભવિષ્યકાલ તીનોંકાલમેં શુભ-અશુભરાગ યા દેહકી ક્રિયા મેરી નહીં. મેરી નહીં, વર્તમાન નહીં, ભૂતકાલમેં હુઈ વહ મેરી નહીં, ભવિષ્યમેં હોગી પરકી વહ મેરી નહીં. તીનોં કાલ મન, વચન, કાયા. દેખો. મન, વચન ઔર કાયા વહ મેરા નહીં, ઉસકા કાર્ય મેરા નહીં. '**કૃત, કારિત, અનુમોદનાકર...**' શુભ-અશુભ રાગ કરના છોડ દિયા, કરાના છોડ દિયા, કરે તો સંમત હોતા હૈ. વહ છોડ દિયા. આહા..હા..! સમજમેં આયા?

'દેખે,...' જિતના પદાર્થ દેખનેમેં આયા. જિતના સુનનમેં આયા, જિતના અનુભવમેં આયા '**જો પરિગ્રહ ઉનકી વાંછા સર્વથા ત્યાગની ચાહિયે.**' ધર્મી જીવ અપના સ્વરૂપકી દૃષ્ટિ કરકે તીન કાલ, તીન લોક, મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદન. સમજમેં આયા? ઉસકો દેખે, સુને અનુભવે સબ વિકલ્પકો 'અપના નહીં, અપના શુદ્ધ ચૈતન્ય હૈ' ઐસી દૃષ્ટિ કરકે તીન કાલકા પરિગ્રહકી મમતા દૃષ્ટિમેં સે છોડ દેના. સમજમેં આયા? આહા..હા..! ભારે વાત ભાઈ!

'**યે પરિગ્રહ શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત હૈં.**' ભગવાન આત્મા શુદ્ધ ભગવાન પરમાત્મા નિજસ્વરૂપ ઉસકા અનુભવ જો સમ્યગ્દર્શન-જ્ઞાન વહ અનુભૂતિસે શુભ-અશુભ રાગ વિપરીત હૈ, દેહ આદિકી ક્રિયા વિપરીત હૈ, જડકા બંધન વિપરીત હૈ. તીન કાલ, તીન લોક સબ વિપરીત હૈ. આહા..હા..! સમજમેં આયા? '**યે પરિગ્રહ શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત હૈં.**' ઉલટા હૈ. અપના શુદ્ધ ભગવાન આત્માકી દૃષ્ટિમેં વહ સબ પરિગ્રહ અનુભૂતિ નામ સમ્યગ્દર્શનકી

વીતરાગી પર્યાયસે રાગાદિ પર્યાય, દેહાદિકી ક્રિયા સર્વથા વિપરીત હૈ. આહા..હા..! સોભાગભાઈ! આહા..હા..! અરે! માંડ મનુષ્યપના મિલા. આહા..હા..! ઐસા વીતરાગ માર્ગ માંડ-માંડ પ્રથમ સુનનેમેં આતા હૈ. સુનનેમેં મિલે નહીં ઐસી ચીજ. લગા દો, કરો ક્રિયાકાંડ કરો, શુભ કરો, પૂજા, ભક્તિ કરતે-કરતે તુમ્હારા કલ્યાણ હો જાયેગા. મિથ્યાત્વ હોગા. ભાષા, ભાવ બહુત કડક લોગોં લગતા હૈ. તીન કાલ, તીન લોકમેં યહ ચીજ માને બિના તીન કાલમેં તેરા હિત કભી હુઆ નહીં, હોગા નહીં. સમજમેં આયા? આજ સમજે, કલ સમજે, પીછે સમજે. યહ સમજે ઉસકા સમ્યગ્દર્શનકા કલ્યાણ હોગા.

ક્યા કહતે હૈ દેખો, '**યે પરિગ્રહ...**' ભગવાન આત્મા શુદ્ધ વીતરાગ ચૈતન્ય જ્યોત ઉસકી અંતર દૃષ્ટિ હુઈ તો સમ્યગ્દૃષ્ટિકો અપની નિર્મલ પર્યાય ઔર નિર્મલ પર્યાયવાન સારા આત્મા ઉસસે પુણ્ય-પાપ, વિકલ્પ, તીન કાલ, કૃત, કારિત, અનુમોદન સબ વિપરીત દિખતે હૈં. આહા..હા..! સમજમેં આયા? એ ૯૦ ગાથા થઈ. યહ ૯૦ ગાથા હુઈ. થોડા કલ ચલા થા. થોડા આજ આધા ઘંટા હુઆ આધા ઘંટા. આધા ઘંટા હુઆ ન? ૩૫ મિનિટ.

'**આગે જો સર્વસંગકે ત્યાગરૂપ જિનમુદ્રાકો ગ્રહણ કર ફિર પરિગ્રહકો ધારણ કરતા હૈ, વહ વમન કરકે પીછે નિગલતા હૈ,...**' જૈસે ભોજન કરકે વમન કર દિયા ઔર પીછે લિયા ઐસે જિસને બાહ્ય પરિગ્રહકો છોડ દિયા, જિનમુદ્રા ધારણ કી શ્રાવકકી યા મુનિકી. ઔર ફિર પુણ્ય-પાપકા રાગકો ઔર બાહ્ય ચીજકો અપની હૈ ઐસા માનતે હૈ વહ પરિગ્રહકો છોડા ઔર ફિર વમન લે લિયા પીછે. છોડકર લે લિયા. યહ કહતે હૈ દેખો. ૯૧.

**૨૧૮) जे जिण-लिंगु धरेवि मुणि इट्ठ-परिग्गह लेंति।**
**छद्दि करेविणु ते जि जिय सा पुणु छद्दि गिलंति।।९१।।**

જો કોઈ સાધુ નામ ધરાકર, જિનલિંગ ભેખ ધારકર '**ગ્રહણકર ફિર ભી ઈચ્છિત પરિગ્રહોંકો ગ્રહણ કરતે હૈં, હે જીવ, વે હી વમન કરકે ફિર ઉસ વમનકો પીછે નિગલતે હૈં.**' અબ પરિગ્રહકી વ્યાખ્યા કરતે હૈં. બહુત સમજનેકી ચીજ હૈ. કિતના પરિગ્રહ, અપને સ્વરૂપસે પર કિતના પરિગ્રહ હૈ ઉસકી બાત કરતે હૈ. સમજમેં આયા? ક્યા કહતે હૈ? અપના સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ભગવાન વહ અપના નિજ પરિગ્રહ. ઉસકે સિવા વિકલ્પસે લેકર સબ પરિગ્રહકા કિતના ભેદ હૈ વહ પરિગ્રહકી વ્યાખ્યા કરતે હૈ. વહ બાહ્ય-અભ્યંતર પરિગ્રહ છોડને લાયક હૈ ઐસા બતાતે હૈ.

'**ભાવાર્થ :- પરિગ્રહકે તીન ભેદોંમેં ગૃહસ્થકી અપેક્ષા ચેતન પરિગ્રહ પુત્ર કલત્રાદિ,...**' ગૃહસ્થકો પુત્ર, સ્ત્રી, કુટુંબ યહ ચેતન પરિગ્રહ. ઉસકો મેરા માનના વહ મિથ્યાત્વભાવ હૈ. જયંતિભાઈ! ભારે વાત ભાઈ! ચેતન પુત્ર, સ્ત્રી, કુટુંબ મેરા હૈ. મેરા હૈ. ઐસા ગૃહસ્થીકો પર પરિગ્રહકો

અપના માનના મિથ્યાત્વ હૈ. નિજ પરિગ્રહ વહ નહીં. આહા..હા..! ભારે વાત ભાઈ! **'અચેતન પરિગ્રહ આભરણાદિ,...'** દાગીના, પૈસા, રોકડ, નગદ કે ઝેવર વહ અચેતન પરિગ્રહ હૈ.

મુમુક્ષુ :- મોટરું તો આવેને એમાં?

ઉત્તર :- મોટરું અચેતનમાં આવી જાય. મોટર ક્યાં હતી પહેલી? પહેલા મોટર હતી નહિને. પહેલી તો સંચા આદિ હતા, વૈમાનો હતા રાજા પાસે. સમજમેં આયા?

અચેતન પરિગ્રહ એ ગૃહસ્થકો દાગીના, લૂગડા વહ મેરા માનના વહ ગૃહસ્થીકો મિથ્યાત્વકા પરિગ્રહ હૈ. વહ મૈં નહીં, મૈં તો શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ હૂં. સમજમેં આયા? **'ઔર મિશ્ર પરિગ્રહ આભરણ સ્ત્રી, પુત્રાદિ,...'** કુટુંબમેં, ગૃહસ્થમેં મિશ્ર પરિગ્રહ કિસકો કહા? દાગીના. દાગીના સમજે? ઝેવર, કપડા, સ્ત્રી, પુત્રાદિ વહ મિશ્ર પરિગ્રહ. સમ્યગ્દૃષ્ટિ ઇન તીનોંમેં સે એકકો ભી અપના માનતે નહીં. સમજમેં આયા? **'સાધુકી અપેક્ષા સચિત પરિગ્રહ શિષ્યાદિ,...'** યહ શિષ્ય મેરે ઐસી માન્યતા. વહ શિષ્ય ચેતનકા પરિગ્રહ હૈ ઉસકો..

મુમુક્ષુ :- શિષ્ય એ પરિગ્રહ?

ઉત્તર :- પરિગ્રહ હૈ, પરચીજ પરિગ્રહ હૈ. હજી તો સૂક્ષ્મ આયેગા ઉસમેંસે. હજી તો સ્થૂલ બાત કરતે-કરતે. અભી તો બાહરકી બાત કરતે હૈં. આહા..હા..!

અરે! એક ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ ઉસકી અંતર દૃષ્ટિકો છોડકર, બાહ્ય જિતના પરિગ્રહ હૈ, જિતના પ્રકારકા, સબ અપને સ્વરૂપસે ભિન્ન હૈ. આહા..હા..! ભિન્નકો અપના માનના વહી મિથ્યાદૃષ્ટિકા મિથ્યાત્વકા પરિગ્રહ હૈ. ક્યા કરના? છોડ દેના? છૂટા હી પડા હૈ, કબ ઘૂસ ગયા તેરેમેં? શિષ્ય, ગૃહસ્થકો પુત્ર-કલત્રાદિ, સ્ત્રી આદિ. ઝેવર ઔર ચેતન દૂસરે શિષ્ય આદિ. ક્યા ઘૂસ ગયે હૈ તેરે આત્મામેં? ક્યા ઉન ચીજોંને આત્મામેં પ્રવેશ કર દિયા હૈ? ભિન્ન-ભિન્ન હૈ. પોપટભાઈ! ભિન્ન હૈ ઉસકો અપના માનના વહી મિથ્યાદૃષ્ટિકા લક્ષણ હૈ. ભેદજ્ઞાન બતાતે હૈં. આહા..હા..!

**'અચિત પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ...'** વહ પુસ્તક, અચિત કમંડલ ભી મેરી ચીજ હૈ. વહ તો પર હૈ. મેરા હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જડકા હૈ. આત્માકા હૈ વહ? વહ તો અજીવકા રજકણ હૈ. પુદ્ગલ સ્કંધકી પર્યાય હૈ. ઉસે અપના માનના વહ ભી મિથ્યાત્વ પરિગ્રહ હૈ.

**'મિશ્ર પરિગ્રહ પીછી, કમંડલુ, પુસ્તકાદિ સહિત શિષ્યાદિ...'** પીછી, કમંડલસહિત શિષ્ય જો હૈ વહ મિશ્ર પરિગ્રહ હૈ સાધુકો. વહ ભી મેરા નહીં. સાધુકો મેરા આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ વહ મેરી ચીજ હૈ. વહ (પર) ચીજ મેરી નહીં. મૈં પરસે રહિત. અપરિગ્રહરહિત હૂં. આહા..હા..!

સાથમેં દિખતે હુએ ભી અંતરમેં એકત્વ નહીં. સાથમેં દિખતે હુએ ભી અંતરમેં એકપનેકા અભિમાન મિથ્યાત્વ નહીં. ઔર સાથમેં ન દિખતે હુએ ભી ઉસકે બિના મૈં ન રહ સકું યહ ચીજ મુઝે મદદગાર હૈ, મેરે આત્મ શાંતિ સ્વભાવમેં યહ બાહ્યકી ચીજ મુઝે સહાયક હૈ ઐસા માનના વહી મિથ્યાત્વકા બડા પરિગ્રહ હૈ. આહા..હા..! સમજમેં આયા?

'અથવા...' વહ બાહ્યકી ચીજ કહી. અબ અંદરમેં. '**સાધુકે ભાવોંકી અપેક્ષા સચિત પરિગ્રહ મિથ્યાત્વ રાગાદિ,...**' વહ શુભભાવ, પુણ્યભાવ મેરા હૈ, મુઝે હિતકર હૈ. વહ સચિત પરિગ્રહ મિથ્યાત્વકા સાધુકો લાગુ પડતા હૈ. સમજમેં આયા? ભારે વાત ભાઈ! લિખા હૈ ઉસમેં? દિખાઓ. લિખા હૈ? '**સાધુકે ભાવોંકી અપેક્ષા સચિત પરિગ્રહ મિથ્યાત્વ રાગાદિ,...**' વિપરીત માન્યતા ઔર રાગાદિભાવ વહ મેરા હૈ. ઐસે સાધુકો મિથ્યાત્વકા પરિગ્રહ હૈ ઉસકો સાધુ કહતે નહીં. સમજમેં આયા? સાધુકો યે મેરા રાગ હૈ વહ પરિગ્રહ છૂટ ગયા હૈ. આહા..હા..! વહ પરિગ્રહ ઉસકો છૂટ ગયા હૈ તો અંતરમેં એકાગ્ર હોકર આનંદકા અનુભવ કરતે હૈ, તો ઉસકો સમ્યગ્દૃષ્ટિ ઔર સાધુ કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? '**ભાવોંકી અપેક્ષા સચિત પરિગ્રહ મિથ્યાત્વ...**' યહ પરિગ્રહકી વ્યાખ્યા હૈ હોં.

'**અચિત પરિગ્રહ દ્રવ્યકર્મ, નોકર્મ...**' આહા..હા..! યે જડકર્મ હૈં ન આઠ? જડકર્મ વહ અચેત પરિગ્રહ હૈ, જડ હૈ માટી આઠ કર્મ. વહ પરિગ્રહ મેરા હૈ, કર્મ મેરા હૈ વહ વિપરીત માન્યતા હૈ. બહુ આકરું ભાઈ! સમજમેં આયા? અચિત કર્મ ઔર નોકર્મ અર્થાત્ શરીર ઔર વાણી. વહ વાણી નોકર્મ હૈ, આત્મા નહીં. વાણી નોકર્મ હૈ, શરીર નોકર્મ હૈ, આઠ કર્મ દ્રવ્યકર્મ હૈ. વહ પરિગ્રહ હૈ. ઉસકી પક્કડ હૈ કિ યહ મેરા હૈ, તબ અપની ચૈતન્યકી પક્કડ સમ્યગ્દર્શન નહીં. ઔર સમ્યગ્દર્શનમેં અપને શુદ્ધ આત્માકી પક્કડ દૃષ્ટિ હુઈ ઉસકો યહ પક્કડ હૈ હી નહીં. યહ તો મેરે જ્ઞાતાકા જ્ઞેય હૈ. આહા..હા..! અરે! વીતરાગમાર્ગ, સર્વજ્ઞ પરમેશ્વરને કહા હુઆ પવિત્ર નિર્મલ માર્ગ લોગોં કો સમજમેં આના કઠિન લગતા હૈ. ઐસા માર્ગ હોતા હૈ? ઐસા માર્ગ હૈ! તો કૈસા માર્ગ હો? યહ તો ઐસે માર્ગકી બાત કરતે હૈં. તુને સુના નહીં ઈસલિયે માર્ગ દૂસરા હો જાયેગા? સમજમેં આયા?

કહતે હૈ, વહ મિશ્ર પરિગ્રહ જડકર્મ ઔર ભાવકર્મ. આહા..હા..! આઠ કર્મ જડ ઔર રાગ-દ્વેષ અંદર પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ ન દયા, દાન, વ્રતકા? વહ ભાવકર્મ હૈ ઔર જડકર્મ -દો હોકર મિશ્ર. સમજમેં આયા? વહ મિશ્ર પરિગ્રહ મેરા હૈ. સ્વરૂપકી ખબર નહીં. ચૈતન્ય ભગવાન આત્મા પરમાનંદકી મૂર્તિ, ઉસકી દૃષ્ટિકા ઉસકો અભાવ હૈ. સમજમેં આયા? યહાં તક તો ઠીક હૈ. થોડી યહ બાત નયી હૈ. વહ સમયસારમેં નહીં. સમયસારમેં ૨૦-૨૧-૨૨ ગાથામેં ટીકામેં યહ સબ બોલ આતે હૈં. ઉસમેં ભી થોડા ફર્ક હૈ, ઈસમેં ઔર ઉસમેં. સમજમેં

આયા? અબ તો કહતે હૈં કિ સાધુકો અંતરમેં કર્મ ઔર રાગ મેરા હૈ ઐસી દૃષ્ટિ છૂટ ગયી હૈ. ફિર ભી થોડા અસ્થિર પરિગ્રહ વિકલ્પકા રહતા હૈ. આહા..હા..!

'**વીતરાગ ત્રિગુપ્તિમેં લીન ધ્યાની પુરુષકી અપેક્ષા સચિત પરિગ્રહ સિદ્ધપરમેષ્ઠીકા ધ્યાન,...**' સુનો. સિદ્ધ પરમેશ્વર હૈ ઉસકા ધ્યાન કરના વહ વિકલ્પ હૈ. ઉસ વિકલ્પકો મેરા માનના વહ સમ્યગ્દર્શન નહીં. ઔર સમ્યગ્દૃષ્ટિ જો હૈ, અપને સ્વરૂપમેં અંતર્મુખમેં નહીં હૈ તબ સિદ્ધ પરમેષ્ઠીકા વિકલ્પ ધ્યાન કરતે હૈ. તો ભી વહ વિકલ્પ હૈ વહ પરિગ્રહ હૈ, ચારિત્રકા દોષ. સમજમેં આયા? આહા..હા..! મિથ્યાત્વ નહીં, અજ્ઞાન નહીં. ક્યોંકિ રાગસે પૃથક્ અપને સ્વરૂપકા ભાન હૈ, દેહકી, જડકી ક્રિયાસે અપના સ્વરૂપ ભિન્ન હૈ. ઐસા અંતરમેં અનુભવ દૃષ્ટિ હુઈ હૈ ઔર સ્વરૂપમેં બહુત શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આ ગયી હૈ. પરંતુ કહતે હૈ, જબ વીતરાગ અવસ્થાકા અંદર ભાવ ન હો, તબતક વહ ચીજ વિકલ્પ હૈ ન અંદર? સિદ્ધકા વિચાર કરું યહ ભી એક વિકલ્પ રાગ હૈ, યહ ભી એક ચારિત્રકા દોષ હૈ. સમજમેં આયા? સિદ્ધ-સિદ્ધ ધ્યાન હૈ. પુસ્તક છે કે નહિ વજુભાઈ?

એકલો ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિ ચૈતન્ય પ્રભુ, કહતે હૈ કિ ભાન હુઆ. મૈં રાગસે પૃથક્ હૂં, શરીરસે પૃથક્ હૂં, મેરી ક્રિયા શરીર રાગમેં હૈ હી નહીં. મેરી ક્રિયા તો જ્ઞાનાનંદ શુદ્ધકી હૈ. પરંતુ વહ મુનિ ભી સિદ્ધકા જો ધ્યાન કરે, વિકલ્પ આતા હૈ ઈતના પરિગ્રહ ચારિત્રદોષ હૈ. વહ છોડે બિના વીતરાગદશા નહીં હોતી, અરે! કોઈ વાંચે નહિ, વિચારે નહિ. માણેકચંદજી! આ બધા પુસ્તક બહુ વાંચે હંમેશા. શું કહેવાય? તમારા ચોપડા? વહીખાતા. કિતના લેણા હૈ? કિતના દેણા હૈ? પાંચ લાખકી મૂડીમેં કિતના આયેગા, કિતના આયા નયા? ધૂલમેં કિતના આયા ઔર ધૂલમેં કિતના ગયા? આહા..હા..!

યહાં તો કહતે હૈ કિ તેરા સ્વભાવકા શરીર, રાગ, પુણ્યસે પૃથક્ ભાન કિયા તો સમ્યગ્દર્શન હુઆ, પરંતુ જબતક હજી સિદ્ધકા ધ્યાનમેં-વિકલ્પ રહે તબતક વીતરાગ અવસ્થા નહીં હોતી. સમજમેં આયા? તો વીતરાગ અવસ્થાકી અપેક્ષાસે સિદ્ધકા વિકલ્પ ભી રાગ ઔર પરિગ્રહ હૈ. ભારે વાત ભાઈ! ઉસમેં દેખો. સિદ્ધ પરદ્રવ્ય હૈ ન? સ્વદ્રવ્ય નહીં. વહ પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકા લક્ષ કરતે હૈ તો રાગ હી આતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો ઐસા ભાવ હોતા હૈ, પરંતુ હૈ વહ પરિગ્રહ, ઈતના દોષ હૈ. મિથ્યાત્વકા નહીં? ચારિત્રદોષ હૈ ચારિત્ર. અપની વીતરાગદશામેં કમી હૈ, ભાન અંતર ચિદાનંદ સ્વરૂપકા સમ્યગ્દર્શન પક્કડ હો ગયા હૈ ઔર સ્વરૂપમેં સ્થિરતાકી શાંતિભી બઢ ગયી હૈ. પરંતુ પૂર્ણ વીતરાગમેં ઈતના સિદ્ધકા લક્ષ રહકર વિકલ્પ આતા હૈ વહ સ્વરૂપકી સ્થિરતાકો રોકતે હૈ. આહા..હા..! કહાંતક પરિગ્રહકી વ્યાખ્યા? સમજમેં આયા? પૈસા, મકાન, કપડા, સ્ત્રી, કુટુંબ, કર્મ ઔર પુણ્ય-પાપકા ભાવ ઉસકે પરિગ્રહસે દૃષ્ટિ છોડકર સ્વરૂપમેં શુદ્ધતાકા ભાન હુઆ,

તો ભી જબતક શુભભાવ મહાવ્રતકા આતા હૈ વહ ભી ઉસકો પરિગ્રહ હૈ, પરંતુ વહ ચારિત્રકા દોષ હૈ. ઔર સિદ્ધકા વિકલ્પ ધ્યાનકા આતા હૈ વહ રાગ હૈ ઇતના ભી ચારિત્રદોષ હૈ. ભારે વાત ભાઈ! આહા..હા..!

યહ સિદ્ધ પરમેષ્ઠીકા ધ્યાન-વિકલ્પ હોતા હૈ ઇતના ભી દોષ હૈ કહતે હૈ. મિથ્યાત્વ નહીં. વહ રાગ અપના સ્વરૂપ હૈ, રાગસે લાભ હોતા હૈ વહ દૃષ્ટિ નહીં. સમજમેં આયા? પરંતુ અપના નિજસ્વરૂપકા લક્ષ છોડકર... આશ્રય દૃષ્ટિમેં હૈ, સમ્યગ્દૃષ્ટિકો ઔર સચ્ચે મુનિકો અપને આનંદસ્વરૂપકી દૃષ્ટિ હૈ. શુભવિકલ્પ ઉપર દૃષ્ટિ નહીં. છતાં સ્વરૂપકી અસ્થિરતાકે કારણ સિદ્ધ પરમેષ્ઠીકા ધ્યાન કરનેકા વિકલ્પ આયા. તો કહતે હૈ કિ ઇતના ભી દોષ હૈ સ્વીકાર કરના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂર્ણતા તો કેવલજ્ઞાનમેં હુઈ. રાગ હોય છે. એ વિચાર આવશે પછી. યહાં તો સિદ્ધકા વિચાર કરના વહ વિકલ્પ હૈ. પીછે છહ દ્રવ્યકા વિચાર કરના વહ ભી વિકલ્પ હૈ વહ પીછે આયેગા. સમજમેં આયા? યહ બાત ઐસી ભાઈ હૈ. ઉસને કભી અંતરમેં લક્ષ દિયા હી નહીં. આહા..હા..! યહ પુસ્તક અભીકા હૈ નહીં. ૯૦૦ સાલ પહલે યોગીન્દ્રદેવ દિગંબર સંતને બનાયા હૈ ઔર પીછે ટીકા બનાયી હૈ. ટીકામેં યહ અર્થ ભરા પડા હૈ. સમ્યગ્દૃષ્ટિકો જ્ઞાન-કેવલજ્ઞાન નહીં. તો રાગ આતા હૈ, પરંતુ રાગસે લાભ હૈ ઐસી માન્યતા નહીં. ઔર મુનિકો સ્વરૂપકી દૃષ્ટિ આનંદ હુઆ હૈ. અખંડાનંદકંદમેં વહ રાગકી ક્રિયા મેરી નહીં. ફિર ભી સિદ્ધ આદિ પંચ પરમેષ્ઠીકા ધ્યાનકા વિકલ્પ આતા હૈ ઉસ વિકલ્પકો દોષ સમજતે હૈં. સમજમેં આયા? ઉસ વિકલ્પકા દોષ અભાવ કરતે હૈ તબ વીતરાગ અવસ્થા હોતી હૈ. પરંતુ કોઈ ઐસા સમઝ લે કિ વિકલ્પ આયા વહ મેરા સ્વભાવમેં મદદ કરતા હૈ ઐસા હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- એક મગની બે ફાડ...

ઉત્તર :- એ તો એક બાપના બે દીકરા હોય તો આખા વહેંચી લે. પૂરું વહેંચો બાપા! નહિતર વાંધા ઉઠશે. અહીં તો ભગવાન ભેદજ્ઞાન. 'ભેદજ્ઞાન સાબુ ભયો સમરસ નિર્મલ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુન ચીર.' સમજમેં આયા? આતા હૈ કિ નહીં? સમયસાર નાટકમેં આતા હૈ. 'ભેદજ્ઞાન સાબુ ભયો સમરસ નિર્મલ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુન ચીર.' જિતના શુભાશુભ રાગ હોતા હૈ વહ મેલ હૈ, મેરી ચીજ નિર્મલાનંદ ભગવાન હૈ-ઐસે અપને ગુણકી એકાગ્રતા કરકે મેલકો ધો દેતે હૈ. સમજમેં આયા? વહ ધોબી અંતર આત્મા. જિસકો રાગસે, પુણ્યસે, શરીરસે ભિન્ન આત્માકા ભાન હુઆ ઔર શુદ્ધ આનંદકંદ મૈં હૂ ઐસા ભાન અંતરમેં હુઆ વહી અંતર આત્મા ધોબી મેલકો ટાલ સકતા હૈ.

તો કહતે હૈ કિ સિદ્ધ પરમેષ્ઠીકા વિકલ્પ ભી... પછી અચિત પરિગ્રહ આવશે લ્યો. અચિત પરિગ્રહમેં છહ દ્રવ્યોંકા વિચાર કરના વહ ભી અચિત પરિગ્રહ હૈ. વહ વિકલ્પ અચિત તરફસે હુઆ ન તો વહ ભી રાગ હૈ. વહ સૂક્ષ્મ બાત આયેગી. ઉસકો ભી છોડકર સ્થિર હોના. અન્યથા જ્ઞાનીકો ઈતના રાગ ભી દોષ હૈ ઐસા સમજમેં આતા હૈ, યહ ભી લાભકર્તા હૈ નહીં. વિશેષ આયેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧, સોમવાર, તા. ૨૧-૦૨-૧૯૬૬**
**ગાથા-૯૧, પ્રવચન-૧૩૫**

પરમાત્મપ્રકાશ, દૂસરા ભાગ હૈ. ૯૧ ગાથા. પરિગ્રહકી વ્યાખ્યા હૈ. પરિગ્રહ કિતને પ્રકારકા હૈ? સબ પરિગ્રહમેં કિતને પરિગ્રહ તો દોષ કે નિમિત્ત હૈ ઔર કિતને પરિગ્રહ દોષસ્વરૂપ હૈ. ક્યા કહતે હૈ? અપના આત્મા શુદ્ધ વીતરાગ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપસે બાહરકી ચીજ શુભવિકલ્પ હો કિ અશુભરાગ હો વહ ભી પરિગ્રહ હી હૈ. અપની ચીજ નહીં. સમજમેં આયા? ઔર કર્મ, શરીર વહ બાહ્ય દોષકા નિમિત્ત હૈ વહ ભી પરિગ્રહ હૈ. તો કહતે હૈ કિ જિતના પ્રકારકા પરિગ્રહ હૈ ઈતના અંતરમેંસે સમ્યગ્દૃષ્ટિને શુભ-અશુભ રાગકા પરિગ્રહ અપના હૈ ઐસા છોડ દિયા હૈ. મુનિ હોકર બાહ્ય પરિગ્રહ છૂટા હો, પરંતુ અંતરમેં શુભ અને અશુભરાગ ઔર ઉસકા બાહ્ય (નિમિત્ત) દૂસરા પદાર્થમેં મમતા જો કરતા હૈ તો વહ જિનલિંગ ધારણ કરકે વમન કિયા, ફિર લિયા ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

કિતના પરિગ્રહકા ત્યાગ બતાયા હૈ દેખો, નવનીતભાઈ! શરીર પરિગ્રહ, દ્રવ્યકર્મ જડ પરિગ્રહ, સ્ત્રી, પુત્રાદિ પરિગ્રહ એક, શુભ-અશુભ ભાવકર્મ વહ ભી પરિગ્રહ. સમજમેં આયા? ઔર યહાં તો વહાંતક આયા. દેખો, કિ ભગવાન આત્મા અપના વીતરાગ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદકો છોડકર સિદ્ધકા ભી ધ્યાન કરે તો વહ ભી એક વિકલ્પ પરિગ્રહ હૈ. સમજમેં આયા? ક્યોંકિ વહ ભી એક દોષ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ રાગ હૈ, વિકલ્પ હૈ, દોષ હૈ ઉસકે લિયે પરિગ્રહ કહા. સમજમેં આયા?

આત્મા વહ તો શુદ્ધ ચિદાનંદકી વીતરાગ સ્વરૂપ મૂર્તિ આત્મા હૈ. ઉસકી દૃષ્ટિમેં અપને સ્વભાવકે આશ્રય સિવાય દૂસરી સબ ચીજ તો પરિગ્રહ હૈ હી, પરંતુ અપના સ્વ આશ્રય છોડકર સિદ્ધ પરમાત્માકા લક્ષ (કિયા). સિદ્ધ પરદ્રવ્ય હૈ, સિદ્ધકા ભી લક્ષ કરકે ઉસકા ધ્યાન કરના વહ ભી એક વિકલ્પકા દોષ હૈ, પરિગ્રહ હૈ. આહા..હા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! અનંતકાલમેં ઉસને અપની ચીજ ક્યા હૈ ઔર અપની ચીજસે બાહ્ય ઔર અભ્યંતર, અપની ચીજસે ભિન્ન બાહ્ય ઔર અભ્યંતર ક્યા હૈ? ઉસકા અંતરમેં ભેદજ્ઞાન-બોધ કિયા નહીં. સોભાગભાઈ! બાહરકી ચીજ તો કહાં રહ ગયી. પુત્ર, કલત્ર વહ તો કહીં ધૂલ રહ ગયી બાહર. આહા..હા..!

ભગવાન! તેરી ચીજ તો... કહા થા ન પહલે આ ગયા થા. '**वीतराग परमानंद परिग्रहं**' તેરી ચીજ તો સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન વહ પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત, પરદ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હુઈ વાસના, ઉસસે રહિત અકેલા ચિદાનંદ ભગવાન અનંતગુણકા પ્રભુ વહી તેરા પરિગ્રહ, વહ પકડને લાયક હૈ, વહ દૃષ્ટિ કરને લાયક હૈ, વહી આશ્રય કરને લાયક હૈ ઔર વહી તેરી ચીજ હૈ. નિહાલભાઈ! ભારે વાત ભાઈ! યહાં તો કહતે હૈ કિ જિતને પ્રમાણમેં જિસને અપના સ્વભાવકા આશ્રય કરકે પુણ્ય-પાપ આદિ છોડ દિયા ઔર ફિર અંગીકાર કરતા હૈ વહ વમનકો અંગીકાર કરતા હૈ ઐસા કહતે હૈ. આહા..હા..! વમન કુત્તા ખાતે હૈ. ભોજન કરતે હૈ ન માણસ. ઉલટી હોતી હૈ ન વમન? ઉલટી કહતે હૈ ભૈયા? ઉલટી. અંદર ગયા તો ઉલટી હોતી હૈ, અંદર જાયે વહ સુલટી, બાહર નિકલે વહ ઉલટી.

તો કહતે હૈ, અપના શુદ્ધ ચૈતન્ય પ્રભુ અનંત વીતરાગ મૂર્તિ આત્મા ઉસકી દૃષ્ટિ કરકે ફિર વિકલ્પ રાગાદિ મેરા હૈ ઐસી માન્યતા હૈ વહ વમન કર દિયા. ચીજ ... કરતે હૈ. આહા..હા..! સમજમેં આયા? યે તો વીતરાગી માર્ગ હૈ. વહ અનંતકાલમેં ઉસકો અંતરમેં સમજમેં આયા નહીં. બાહરસે માન લે લોગ અપની ક્રિયાકાંડસે ઔર બાહરસે. વહ ચીજ નહીં. સમજમેં આયા? યહાં તો કહતે હૈ કિ મુનિ હોકર ભી સચિત શિષ્યાદિ વહ મેરે હૈ ઐસી કલ્પના કરે અને માને કિ મેરા હી હૈ. મિથ્યાત્વકા પરિગ્રહ પકડ લિયા હૈ ઉસને. પરદ્રવ્ય અપના સ્વદ્રવ્યકા કભી તીનકાલમેં હોતા નહીં. સમજમેં આયા? ઔર ઉપકરણ આદિ જો હૈ વહ ભી મેરા માનતે હૈ તો વહ ચીજ પર હૈ. નિમિત્ત તરીકે, દયાકે વિકલ્પમેં વહ નિમિત્ત તરીકે હૈ, ફિર ભી અપના સ્વભાવકા અધિકપના દૃષ્ટિમેં ન રખકર ઉસકા અધિકપના દૃષ્ટિમેં આ જાયે (કિ) વહી ચીજ હી મેરે ધર્મકા સાધન ઔર વહી ધર્મકા કારણ હૈ, તો પકડ લિયા પરવસ્તુકો. સમજમેં આયા? આહા..હા..! ઉસકા નામ હી મિથ્યાત્વકા પરિગ્રહ કહતે હૈ. મૂલચંદભાઈ! ભારે વાત ભાઈ!

યહાં તો વહાં તક આયા હૈ. બાહ્ય તો પરિગ્રહ હૈ હી, પરંતુ અભ્યંતરમેં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવકા આશ્રય, લક્ષ છોડકર અકેલે સિદ્ધકા ધ્યાન કરે, વિકલ્પ આતે હૈ વહ મેરી ચીજ હૈ ઐસા માન લે તો મિથ્યાત્વકા પરિગ્રહ હૈ. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા સિદ્ધ પરમાત્માકા લક્ષ આતા હૈ-વિચાર કરતા ઐસા સિદ્ધ હૈ, વહ ભી વિકલ્પ ચારિત્રકા દોષરૂપ પરિગ્રહ હૈ. કહો, સોભાગભાઈ! બહારના પૈસા એ સિવાય તો અંદરમેં ઘૂસ ગયા. આહા..હા..! અરે કભી સુના નહીં ઉન્હોંને. ચૈતન્ય પ્રભુ નિર્વિકલ્પ અનાકુલ આનંદકંદ સ્વરૂપ ઉસકી સિવાય દૂસરા પરિગ્રહ બાહ્યકી ચીજ તો હૈ હી. પરંતુ સિદ્ધકા વિકલ્પ હુઆ, પરમાત્માકા મૈં ધ્યાન કરતા હૂં. ૐ... ૐ... ૐ... ૐ... ઔર ઉસકા હી એકાંત આશ્રય હો જાયે કિ મુઝે ઉસકે આશ્રયસે ધર્મ હોગા. તો મિથ્યાત્વકા પરિગ્રહ હૈ ઉસકો. એય..! મૂલચંદજી! મૂલચંદભાઈ ઔર મૂલચંદજી દોનોં સાથમેં બૈઠે હૈં. સમજમેં આયા? આહા..હા..!

યહાં તો યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશકા વર્ણન કરતે હૈં કિ પરમાત્મપ્રકાશ અપના નિજસ્વરૂપ આનંદ અનાકુલ શાંતરસ, પુણ્ય-પાપકા રાગરહિત ઐસી ચીજકા લક્ષ ઔર આશ્રય છોડકર અકેલે સિદ્ધ પરમાત્મામેં લક્ષ કરું, ઉસકા ધ્યાન કરું તો મેરે આત્માકા ધ્યાન હો જાયેગા. ઐસા પરકા આશ્રય કરકે આત્માકા ધ્યાન હો જાયેગા ઐસી માન્યતા મિથ્યાત્વકા પરિગ્રહ હૈ. સમજમેં આયા? ઔર ઐસા માને નહીં તો અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિ રખકર ઉસમેં સ્થિર ન હો તો સિદ્ધ પરમાત્માકી સ્મૃતિ આદિકા વિચાર આતા હૈ તો વહ ચારિત્રકા દોષકા પરિગ્રહ હૈ. પરંતુ વહ ભી પરિગ્રહ હૈ. આહા..હા..! વહ ભી દોષ નિકાલનેસે આત્મામેં નિષ્પરિગ્રહતા વીતરાગતારૂપી નિષ્પરિગ્રહતા આતી હૈ. આહા..હા..! રતનલાલજી! બહુત સૂક્ષ્મ ભૈયા યહ તો. આહા..હા..!

મુમુક્ષુ :- ... પકડતો નથી?

ઉત્તર :- પકડતો નથી પણ હૈ દોષ. દોષ પકડકર આત્માકો લાભ માને તો તો મિથ્યાત્વ પરિગ્રહ હો ગયા. સુનો. અપના સ્વચૈતન્ય ભગવાન ઉસકે આશ્રયસે હી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઔર કેવલજ્ઞાન સબ શુરૂઆતસે પૂરા અપના પૂર્ણાનંદ ભગવાન શુદ્ધ અખંડ એક જ્ઞાયક ઉસકે આશ્રયસે હી સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસકે આશ્રયસે હી ચારિત્ર હોતા હૈ, ઉસકે આશ્રયસે હી શુક્લધ્યાન હોતા હૈ, ઉસકે આશ્રયસે હી કેવલજ્ઞાન હોતા હૈ. ઉસકે સિવાય-અપને આશ્રય સિવાય, દૂસરા આશ્રય લક્ષમેં આકર ઉસસે મુઝે ધર્મકા લાભ હોગા...

કુંદકુંદાચાર્યને કહા કિ વહ વિકલ્પ તો હૈ પરંતુ અપને જ્ઞાનકી ક્ષયોપશમ દશા હૈ. ઉસકે આશ્રયસે મુઝે લાભ હોગા ઐસી માન્યતા ભી મિથ્યાત્વદશાકી માન્યતા હૈ. સમજમેં આયા? ક્યા કહા? કિ યહ વસ્તુ ભગવાન આત્મા હૈ પદાર્થ ચૈતન્ય વસ્તુ, અનંતગુણકા રાશિ-પિંડ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' સિદ્ધ સ્વરૂપ અપના. ઉસકે સિવા થોડા ભી પરદ્રવ્યકે આશ્રયસે

મેરે સમ્યગ્દર્શન હોગા વહ મિથ્યાત્વ હૈ. ઉસકે સિવાય થોડા ભી પરદ્રવ્યકે આશ્રયસે મહાવ્રત આદિસકા વિકલ્પ આયા, ઉસસે મેરે ચારિત્ર હોગા, વહ ભી મિથ્યાદૃષ્ટિ હૈ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદર્શન વહી પરિગ્રહ, વહી પરિગ્રહ. દૂસરા પરિગ્રહ ક્યા? ઉસને પક્કડ કિયા ઉસકા નામ પરિગ્રહ. પકડ લિયા. મુઝે પહલે કષાયકી મંદતા હો તો મુઝે સમ્યગ્દર્શન, આત્મદર્શન હોગા વહી મિથ્યાત્વકા પરિગ્રહ હૈ. સ્વ આશ્રય લિયા ઔર સમ્યગ્દર્શન હુઆ, પીછે વિકલ્પ આયા પંચ મહાવ્રતાદિ ચારિત્ર લેનેકો. સમજમેં આયા? તો વિકલ્પ લિયા ઔર ઉસસે ઐસા માન લે કિ વિકલ્પ હુઆ તો મુઝે ચારિત્ર હોગા. વમન કર દિયા ઐસા કહતે હૈ. જો સ્વકા આશ્રય લિયા થા, પરકા આશ્રય છોડા થા વહ પરકા આશ્રય ફિર લિયા (તો) ઉસને વમનકો લે લિયા ફિર, ઐસા કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? કેમ ડોક્ટર બોક્ટર નથી આવ્યા? સૂતા હશે. ત્યાં કેમ બેઠા? એય..! ડોક્ટર! સમજમેં આયા? તો ઈતને દેરસે ક્યોં આતે હોં? રેલમેં પહલે બૈઠતે હૈ કિ નહીં? ટાઈમસે પહલે જાતે હૈ કિ નહીં? મૂલચંદજી! છૂટ જાતી હૈ. આહા..હા..!

યોગીન્દ્રદેવ ભગવાન પરમાત્માકા રહસ્ય ખોલતે હૈં. સમજમેં આયા? ભગવાન આત્મા અપના સ્વસ્વભાવકા આશ્રય કરકે **'भूदत्थमस्सिदो खलु'** ભાઈ! એના ઉપર આ આખી વાત છે. આહા..હા..! એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં પૂર્ણ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ ઉસકે આશ્રયસે હી સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસકે સિવાય ઐસા માનના કિ નિમિત્તસે મુઝે હોતા હૈ સમ્યગ્દર્શન ધર્મ, શુભવિકલ્પ કષાય મંદ હુઆ, મૈં કષાય મંદકી ક્રિયા કરતા હૂં તો ઉસસે મુઝે સમ્યગ્દર્શન હોગા.

મુમુક્ષુ :- આગળ લખ્યું છે સાધન.

ઉત્તર :- વહ સાધન નિમિત્તકા સાધન. યહ સાધન નિશ્ચય કરે તો ઉસકો વ્યવહાર સાધનકા આરોપ દેતે હૈ. અભૂતાર્થ સાધનકો સાધન વ્યવહારનય કહતે હૈ. સચ્ચે સાધનકો સાધન નિશ્ચયનય કહતે હૈ. આહા..હા..! શેઠિયા! આહા..હા..! સ્વ આશ્રય લિયા ઔર ફિર વિકલ્પ આયા ભક્તિકા, વ્રતકા આદિ વહ ભી દોષ હૈ, વહ ભી પરિગ્રહ હૈ, પરંતુ સ્વઆશ્રયકી દૃષ્ટિ હો તો મિથ્યાત્વ નહીં હૈ, ચારિત્રદોષ હૈ. યહાં તો કહતે હૈં કિ પ્રથમ જિનલિંગ. મેરે તો જિનલિંગકા અર્થ વીતરાગ દૃષ્ટિ આયી. અંતર લિંગ ભાઈ! જિનલિંગ ઉસે ગ્રહણ કરે અજ્ઞાની. જિનલિંગકા અર્થ દો પ્રકારકા હૈ. એક જિનલિંગ વીતરાગ સ્વરૂપ આત્મા વહ જિનલિંગ હૈ, એક બાહ્ય જિનલિંગ ભેષ નગ્નપના આદિ બાહ્ય દ્રવ્યલિંગ હૈ. સમજમેં આયા? આહા..હા..!

ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ ચૈતન્ય પ્રભુ ઉસકી દૃષ્ટિ કરકે ફિર રાગસે લાભ હોતા હૈ ઐસા માનતા હૈ, વહ મિથ્યાત્વકો છોડ દિયા થા, ફિર લે લિયા. સમજમેં આયા? ઔર આગે બઢકર શુભ શિષ્યો આદિ હુએ, મહાવ્રતકા વિકલ્પ આયા, યહ શિષ્ય હૈ તો વહ મેરે ધર્મકી વૃદ્ધિ હોતી હૈ. પ્રભાવના બહુત હોતી હૈ ઔર બહુત શિષ્ય હો ઔર બહુત હો તો ઉસસે ધર્મકી પર્યાય ઉસસે હોતી હૈ. તો મુઝે લાભ હોગા. તો પરકી પર્યાયમેંસે મુઝે લાભ હોગા, ઉસને મિથ્યાત્વકા ત્યાગ કિયા થા પરસે મેરે લાભ નહીં, ફિર ભી ઉસસે પર્યાય ઉસકી હુઈ ઉસસે મુઝે ધર્મકા લાભ હોગા, ઉસને ફિરસે મિથ્યાત્વકા પરિગ્રહ ગ્રહણ કર લિયા. શેઠિયા! આહા..હા..! સમજમેં આયા? ઔર ઐસા મિથ્યાત્વ પરિગ્રહ છોડ દિયા સ્વદ્રવ્યકે આશ્રયસે. વહ શિષ્ય મેરા નહીં, પરંતુ ઈતના મમત્વ કિ મેરા શિષ્ય હૈ. ઐસા વિકલ્પ આયા તો વિકલ્પ ભી દોષ હૈ. તો વહ દોષ ચારિત્રકા હૈ. ઉસ દોષકો દોષ ન સ્વીકારે અને લાભ સ્વીકારે તો મિથ્યાત્વકા પરિગ્રહ હો જાતા હૈ. એય..! ભીખાભાઈ! ભારે વાત ભાઈ! જમુભાઈ, શું છે આમાં? ક્યાં કરવું? આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરકા માર્ગ ક્યા હૈ? વીતરાગકા માર્ગ વીતરાગતાસે શુરૂ હોતા હૈ. ઉસકો છોડકર યહાં તો કહતે હૈ જ્ઞાની ભી જિતના સ્વ આશ્રય છોડકર, સિદ્ધકા આશ્રય લેકર વિકલ્પ હોતા હૈ, અપના સ્વ આશ્રયસે લાભ માનના નહીં છોડા, પરંતુ પરકે આશ્રયમેં જરી વિકલ્પ આયા વહ રાગકા દોષ હૈ. દૃષ્ટિમેં હૈ તો વહ ભી આશ્રય છોડું, સ્વકા ઉગ્ર આશ્રય લું તો મેરી વીતરાગતા હોગી. સમજમેં આયા? આહા..હા..! ભારે સૂક્ષ્મ વાતું ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ તો સત્ય હી ઐસા હૈ. સત્ય હી ઐસા હૈ. વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. જૈસા હૈ ઐસા વીતરાગને જાના હૈ, જાના ઐસા વાણીમેં આયા હૈ, આયા હૈ ઐસા હૈ. દુનિયા કલ્પના કરે તો ઉસસે દૂસરી ચીજ હો જાતી હૈ? આહા..હા..! એક બાત.

દૂસરી બાત. '**અચિત પરિગ્રહ પુદ્ગલાદિ પાંચ દ્રવ્યકા વિચાર,...**' ભગવાન આત્મા અપને સ્વ આશ્રયકી દૃષ્ટિ હુઈ, સમ્યગ્દર્શન હુઆ, છતાં પણ જબતક પાંચ દ્રવ્ય પુદ્ગલ, પરદ્રવ્ય પુદ્ગલ પરમાણુસે લેકર અનંત સ્કંધો. સમજે? ધર્માસ્તિકાય, અધર્મસ્તિકાય, આકાશ, કાળ, વહ અચેતકા વિકલ્પ વિચાર રહતે હૈં. વહ ભી વિકલ્પકા હી એક પરિગ્રહ હૈ. યહ ભી એક દોષ હૈ. મૈં પરદ્રવ્યકા વિચાર કરું તો મેરે સ્વદ્રવ્યકો લાભ હોગા વહ ભી મિથ્યાત્વકા પરિગ્રહ હૈ, પરંતુ પરદ્રવ્યકા આશ્રય લેકર ભી સ્વદ્રવ્યકા આશ્રયસે લાભ હૈ ઐસી દૃષ્ટિ રખકર પરદ્રવ્યકા આશ્રય આયા તો કહતે હૈ કિ ઈતના રાગકા દોષ, ચારિત્રકા દોષ તો હૈ હી. ઓહો..હો..! 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' નપુંસક. શાસ્ત્રમેં

ચલા હૈ સમયસારમેં. કિ કોઈપણ પ્રાણી સામાયિકકી પ્રતિજ્ઞા લેકર. સમતા વીતરાગભાવ તો અપને આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. ઐસા માનકર સંક્લેષ પરિણામ અશુભકો તો છોડ દિયા ઔર શુભ કષાયકી મંદતાકો આદર કિયા ઔર ઉસકો છોડકર વીતરાગ સ્વભાવકા ગ્રહણ ન કિયા તો વહ શુભ પરિણામ છોડનેમેં વહ નપુંસક હૈ. સમયસારમેં લિયા હૈ. પુણ્ય અધિકારમેં. દો જગહ લિયા હૈ. એક અજીવ અધિકારમેં ઔર એક પુણ્ય અધિકારમેં. સંકલ્પ-વિકલ્પ જો હોતા હૈ વહ અજીવ અધિકારમેં લિયા હૈ કિ મેરા હૈ, ઐસે માનતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ નપુંસક હૈ. ઉસકા વીર્ય સ્વભાવ તરફમેં રાગરહિતમેં કામ ન કિયા, ઉસકા વીર્ય પરકા વિકલ્પ રાગકી મંદતાસે મુઝે લાભ હોગા ઐસા વીર્યકો બાલવીર્ય, નપુંસકવીર્ય, હીજડાકા વીર્ય ઉસકો કહતે હૈ. શાસ્ત્રકાર તો કડક ભાષા કરતે હૈં. સમયસારમેં હોં સમયસારમેં. સમજમેં આયા? અજીવ અધિકારમેં હૈ ઔર પુણ્ય-પાપકે અધિકારમેં હૈ. અજીવમેં હૈ ન? કિતનેમેં? ૪૪. ૪૪મેં આતા હૈ ન? છેલ્લા. ૪૬ પન્ને. 'ઈસ જગતમેં આત્માકા અસાધારણ લક્ષણ ન જાનનેકે કારણ નપુંસકતાસે અત્યંત વિમૂઢ હોતે હુએ,...' ૪૩ ગાથા હૈ. ૩૯ સે ૪૩. જીવ અધિકાર હૈ. ભગવાન આત્મા ચૈતન્યકા લક્ષણ રાગરહિત જ્ઞાતા જ્ઞાનસ્વરૂપ હૈ વહ જ્ઞાનકે લક્ષણસે આત્મા જાના જાતા હૈ. ઐસે ન જાનકર '**નપુંસકતાસે અત્યંત વિમૂઢ હોતે હુએ...**' આત્માકો નહીં જાનનેવાલે અજ્ઞાનીજનોં બહુત પ્રકારે પરકો આત્મા કહતે હૈ. '**બકતે હૈં.**' શુભરાગ આયા, દયા, દાન, વિકલ્પકા રાગ આયા, વહ મૈં આત્મા હૂં ઐસા માનનેવાલા મૂઢ, નપુંસક હૈ. દિગંબર સંતો હતા. ઉસકો લોગોંકે પાસ ચંદા નહીં કરવાના થા. નવનીતભાઈ! ભાઈ! ચંદા-ખરડો કરવા તો એને રાજી રાખવા. રાજી રહે ન રહે એને ઘરે રહ્યા. દુનિયાકો રાજી કરના ઔર દુનિયાસે રાજી રહના દોનોં દોષ હૈં.

વહ તો કહતે હૈં કિ અરે આત્મા! અપના ભગવાન આત્મા ઉસકા જ્ઞાનલક્ષણસે વહ આત્મા જાના જાતા હૈ. ઐસા ઉસકા લક્ષણ હૈ. ફિર ઐસે આ ગયા કિ વહ રાગ આયા, મંદ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ ઉસસે આત્માકા સમ્યગ્દર્શન હોગા. તો રાગકો છોડનેમેં, શ્રદ્ધામેં સે છોડનેમેં તેરા વીર્ય નપુંસક હો ગયા હૈ. સમજમેં આયા? ઔર એક પુણ્ય-પાપકે અધિકારમેં હૈ. ત્યાં જ આવ્યું. લ્યો એ પાનું આવ્યું. (ગાથા) ૧૫૪ ભાઈ! ૧૫૪ સમયસાર. '**જો (સામાયિક) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાલે પરમાર્થભૂત જ્ઞાનકે ભવનમાત્ર હૈ, એકાગ્રતાલક્ષણયુક્ત હૈ ઔર સમયસારસ્વરૂપ હૈ ઉસકી—પ્રતિજ્ઞા લેકર ભી,...**' પ્રતિજ્ઞા લેતે હૈ કિ હમારે સમતાભાવ સામાયિક ચાહિયે. '**લેકર ભી, દુરન્ત કર્મચક્રકો પાર કરનેકી નપુંસકતાકે કારણ...**' **નામર્દને** લઈને એમ. દોનોંકે શબ્દ તો એક હી હૈ ભાઈ! સંસ્કૃતમેં ભાઈ! '**क्लीब**' છે '**क्लीब**'. દોનોંમેં શબ્દ તો '**क्लीब**' હૈ. '**क्लीब**'કા અર્થ નપુંસક હૈ. યહાં કિયા **નામર્દાઈ**, વહાં કહા

નપુંસક. પાઠમેં તો '**क्लीब**' હૈ. સમજમેં આયા? અપના વીતરાગ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યકો પહુંચ ન સકા ઔર શુભરાગ મંદસે મુઝે અંતર આત્મામેં સમતા હોગી. સામાયિક મેરી શુભરાગ વિકલ્પ સ્મરણ કરું ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ઉસસે મુઝે સામાયિક હોગી. તો શુભરાગ છોડનેમેં ઉસકા વીર્ય નામર્દાઈ–નપુંસક હો ગયા હૈ. મૂળચંદભાઈ! આહા..હા..! વહ ૧૫૪ ગાથા હૈ. વહ ૩૯ સે ૪૩ ગાથા હૈ ઉસમેં વહ લિખા હૈ. અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત મુનિ જંગલમેં બસનેવાલે. સંસ્કૃત ટીકામેં લિયા હૈ. દુનિયા રાજી રહો, ન રહો ઉસકે સાથ સંબંધ નહીં. સત્યકા રહસ્ય ખોલ દેના વહી સંતોકા કામ હૈ. સમજમેં આયા? દુનિયા રાજી રહે કિ સમાજકો વહ સબ બાત રુચે કિ ન રુચે ઉસકે સાથ સંબંધ હૈ નહીં. વૈદ્ય ઐસે નહીં બંધતે કિ ઉસકો મીઠી ઔષધિ દેના. ઉસકા રોગ મિટે ઐસી દવા કડવી લગે તો પરંતુ વહ દવા દેના. મીઠી ન લગે તો ક્યા? ભાઈ! શિરો ખવરાવો શિરો. કફ હો ગયા ન કફ હો ગયા. સમજમેં આયા?

એકબાર બુખાર આયા થા ન બુખાર બહુત. તબ દવા બતાનેવાલા આયા. કોઈ કહે કિ ઉસકો નીમકા ગળો. ગળો હોતી ને ગળો? નીમકી ગળો. તુમ તો વૈદ્ય હૈ તો ખબર હૈ ન. ગલો હોતી હૈ. તો ઉસકો ગલો દો, કોઈ કહેકે નીમકા પાન ઘસકર દો, કોઈ કહે કે ઐસા કાળીજીરી દો, કોઈ કહે કે ઐસા દો. એક જન આયા તો કહે ઉસકો શિરા દો. કફ પડા થા. તો ઉસકા લક્ષ કરકે (કહા), વહ ક્યા કહતે હૈ? શિરા કહતે હૈ મરનેકા તેરે. મર જાયેગા શિરા ખાકર. મરનેકી દવા. કફ ચડા હૈ ઔર શિરા ખાના હૈ તુઝે? ઐસે અજ્ઞાનીકો ભગવાન આત્મા માર્ગ કહતે હૈં કિ રાગસે રહિત અપના .. આશ્રય બિના તેરે ધર્મ તીન કાલમેં નહીં હોગા. દૂસરા ભાભા જૈસા મિલ જાયે. ભૈયા! રાગ કરતે, મંદ કરતે–કરતે કલ્યાણ હો જાયેગા. ભાઈ ક્યા કહતે હૈ? વહ મરનેકો કહતે હૈ, તેરી જિંદગી નિરર્થક જાયેગી ઐસા કહતે હૈ. પોપટભાઈ! હા, એ ખરું વાત હોં ભાઈ! એ રુચે એ ખરી. હા. કડવી દવા. પણ કડવી દવા વિના કફ છૂટે નહીં. સમજમેં આયા?

ભગવાન આચાર્ય કહતે હૈં અરે! આત્મા! તેરા સ્વદ્રવ્ય આશ્રય છોડકર સિદ્ધકા ભી ધ્યાન કરકે વિકલ્પમેં લાભ માના કિ ઉસકા કરતે... કરતે... કરતે... કરતે... હમ અંદરમેં જાયેગા. વહ તો મિથ્યાદષ્ટિકા મિથ્યા ભાવ હૈ. ભલે નગ્ન મુનિ હો કિ ધ્યાન કરનેવાલા ગૃહસ્થ શ્રાવક હો, પરંતુ પરદ્રવ્યકે આશ્રયસે સ્વદ્રવ્યકો લાભ હોગા ઐસી માન્યતાકો મિથ્યાત્વકા પરિગ્રહ કહતે હૈં. યહાં તો આચાર્ય કહતે હૈં કિ મુનિકો સચ્ચા ધ્યાન આનંદ આતા હૈ. અતીન્દ્રિય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, આનંદકા અનુભવ. ક્ષણમેં અતીન્દ્રિય આનંદકા અનુભવ, ક્ષણમેં વિકલ્પ આતા હૈ, વહ વિકલ્પ જરી આયા ઉસમેં સિદ્ધકા વિચાર હુઆ, પણ વહ વિચાર ભી ઉસકો તો વિકલ્પ

પરિગ્રહ નામ દોષ હૈ. આહા..હા..! સમજમેં આયા? છઠે ગુણસ્થાનમેં સપ્તમમેંસે ધ્યાનમેંસે નિકલકર બહાર આયા. ઔર પંચ મહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યકા વિકલ્પ ઉઠા વહ હૈ દોષ. ઉસ દોષકો પરિગ્રહ જાનના ચાહિયે ઔર ઉસે છોડે તો વીતરાગતા અબ હોગી. ઉસકે કારણસે વીતરાગતા હોગી નહીં. ઐસે મુનિ સંતો અંતરમેં જાનતે હૈં. અજ્ઞાનીકો ઉસ બાતકી ખબર નહીં.

તો સિદ્ધકા ધ્યાન અને પરિગ્રહ, **'અચિત પરિગ્રહ પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યકા...'** દેખો ન. આકાશ, બડા આકાશ ઐસા વિચાર કરતે હૈ. ધર્માસ્તિકાય ઐસા હૈ ઔર અધર્માસ્તિકાય ઐસા હૈ ઐસા પાંચ દ્રવ્ય જો અચેત. ઉસકા વિચાર કરનેસે. કોઈ કહતે હૈ ન કિ પરમાણુકા. ભાઈ! આ ગયા ન પ્રશ્ન? ઉસમેં આયા. પરમાણુકા વિચાર કરનેસે આત્માકા વિકલ્પ નહીં? પ્રશ્ન પહલે આ ગયા. વહ પરમાણુ અર્થાત્ દ્રવ્ય પરમાણુ આત્મા. ઐસા આયા હૈ પહલે. આયા કિ નહીં? કહાં આયા? એય..! ક્યાં આવ્યું છે પણ પાનું કાઢીને બતાવો ત્યારે ખબર પડેને. એ જોવે છે અમારે ચંદુભાઈ જોવે છે. એ પુદ્‌ગલ પરમાણુની વાત છેને. નહિ, તત્ત્વાર્થસૂત્રમેં વહ નહીં હૈ. ૧૬૯ પાનું. બીજાનું? બીજાનું કે પહેલાનું? બીજાની ૩૩મી ગાથા. ઠીક. હા બરાબર હૈ. ૩૩ ગાથા હૈ.

**'યહ કથન શ્રીગુરુને કહા, તબ પ્રભાકરભટ્ટને પૂછા કિ હે પ્રભો;...'** તુમ તો પુદ્‌ગલકા ધ્યાન છોડનેકો કહતે હૈ ઔર અપને આત્માકી દૃષ્ટિ કરના ઔર ધ્યાન કરનેકો કહતે હૈ. **'તુમને કહા કિ જો શુદ્ધાત્માકા ધ્યાન કરતે હૈં, વે હી મોક્ષકો પાતે હૈં, દૂસરા નહીં. તથા ચારિત્રસારાદિક ગ્રંથોમેં ઐસા કહા હૈ, જો દ્રવ્યપરમાણુ ઔર ભાવપરમાણુકા ધ્યાન કરેં વે કેવલજ્ઞાનકો પાતે હૈં.'** શિષ્યકા પ્રશ્ન હૈ. દ્રવ્ય રજકણ પરમાણુ, ભાવપરમાણુ વહ પરમાણુકી પર્યાય રંગ, ગંધકી ઉસકા ધ્યાન કરનેસે મોક્ષ વહ શિષ્યકા પ્રશ્ન હૈ. **'ઈસ વિષયમેં મુજકો સંદેહ હૈ. તબ શ્રીયોગીન્દ્રદેવ સમાધાન કરતે હૈં—દ્રવ્યપરમાણુસે દ્રવ્યકી સૂક્ષ્મતા ઔર ભાવપરમાણુસે ભાવકી સૂક્ષ્મતા કહી ગયી હૈ. ઉસમેં પુદ્‌ગલ પરમાણુકા કથન નહીં હૈ.'** પુદ્‌ગલકી બાત યહાં હૈ હી નહીં. દ્રવ્યપરમાણુ કહતે હૈં. દેખો, **'તત્ત્વાર્થસૂત્રકી સર્વાર્થસિદ્ધિ ટીકામેં ભી ઐસા કથન હૈ, દ્રવ્યપરમાણુસે દ્રવ્યકી સૂક્ષ્મતા...'** સૂક્ષ્મ ચૈતન્ય ભગવાન આત્મા નિરાકુલ અખંડ આનંદ દ્રવ્ય ઉસકા નામ દ્રવ્ય પરમાણુ હૈ. સમજમેં આયા? જડ પરમાણુકા વિકલ્પ વિચાર વહ રાગ હૈ. આહા..હા..! ભારે વાત ભાઈ! છે કે નહિ? એય..! ઈસમેં યહ બાત પહલે આ ગયી હૈ.

**'ભાવપરમાણુસે ભાવકી સૂક્ષ્મતા સમજના, અન્ય દ્રવ્યકા કથન ન લેના.'** તત્ત્વાર્થસૂત્રમેં ભી પૂજ્યપાદસ્વામીને સંસ્કૃત ટીકા બનાઈ. દ્રવ્ય પરમાણુ નામ રજકણ ન લેના.

પરદ્રવ્યકા લક્ષ કરકે ધ્યાન આતા હૈ તો વહ વિકલ્પ હી આતા હૈ, રાગ હૈ. આહા..હા..! સમજમેં આયા? અપના દ્રવ્ય પરમાણુ અર્થાત્ સૂક્ષ્મ... સૂક્ષ્મ... સૂક્ષ્મ... સ્વભાવ. દ્રવ્ય-દ્રવ્ય. વહ મહાન અનાકુલ દ્રવ્ય અખંડ અરૂપીકંદ પ્રભુ સ્વરૂપ અરૂપી દ્રવ્ય ઉસકો યહાં દ્રવ્ય પરમાણુકા લક્ષ કરના, ધ્યાન કરના ઐસા કહા હૈ. રજકણકા ધ્યાન કરના ઐસા શાસ્ત્રમેં કહા નહીં.

ભાવપરમાણુમેં '**નિજ દ્રવ્ય તથા નિજ ગુણ પર્યાયકા હી કથન હૈ, અન્ય દ્રવ્યકા પ્રયોજન નહીં હૈ. દ્રવ્ય અર્થાત્ આત્મદ્રવ્ય ઉસકી સૂક્ષ્મતા વહ દ્રવ્યપરમાણુ કહા જાતા હૈ. વહ રાગાદિ વિકલ્પકી ઉપાધિસે રહિત હૈ, ઉસકો સૂક્ષ્મપના કૈસે હો સકતા હૈ? ઐસા શિષ્યને પ્રશ્ન કિયા. ઉસકા સમાધાન ઇસ તરહ હૈ—કિ મન ઇન્દ્રિયોંકે અગોચર હોનેસે સૂક્ષ્મ કહા જાતા હૈ, તથા ભાવ (સ્વસંવેદનપરિણામ) ભી પરમસૂક્ષ્મ હૈં,...**' વહ ભાવ સૂક્ષ્મ ક્યા? વસ્તુ જો હૈ વહ તો દ્રવ્યસૂક્ષ્મ આત્મા વીતરાગી સ્વરૂપ ત્રિકાલ. પરંતુ ઉસકા વીતરાગી વેદન હુઆ, યહ પુણ્ય-પાપકા રાગસે રહિત શાંતિ અને સમ્યગ્દર્શન વેદન હુઆ અરૂપી ઉસકા નામ ભાવ સૂક્ષ્મ પરમાણુ કહતે હૈ. છે એમાં છે કે નહિ? આહા..હા..! સમજમેં આયા?

'**વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં, વહાં મન ઔર ઇન્દ્રિયોંકો ગમ્ય નહીં હૈં, ઇસલિયે સૂક્ષ્મ હૈ. ઐસા કથન સૂનકર ફિર શિષ્યને પ્રશ્ન કિયા, કિ તુમને પરદ્રવ્યકે આલંબનરૂપ ધ્યાનકા નિષેધ કિયા, ઔર નિજ શુદ્ધાત્માકે ધ્યાનસે હી મોક્ષ કહા. ઐસા કથન કિસ જગહ કહા હૈ?**' ત્યારે પછી .. જુઓ સિદ્ધ ભક્તિ. સિદ્ધ ભક્તિ. લખ્યું છે. '**पूज्यपादस्वामिभिः—''आत्मानमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन् स स्वयंभूः प्रवृत्तः**''' પૂજ્યપાદસ્વામી જિન્હોંને તત્ત્વાર્થસૂત્રકી ટીકા કી હૈ, વહ કહતે હૈ કિ '**आत्मानमात्मा**' ભગવાન પૂર્ણ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ વહ આત્માકા ધ્યાન કરનેસે, ઉસકા આશ્રય લેનેસે સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર શાંતિ હોતી હૈ. પરમાણુસે નહીં. આહા..હા..! તત્ત્વાર્થસૂત્રકા તો દૃષ્ટાંત દિયા પૂજ્યપાદસ્વામીકા. સમજમેં આયા?

તો યહાં કહતે હૈ ભગવાન આત્મા અપના શુદ્ધ ચૈતન્યકા આશ્રય છોડકર જિતના પરદ્રવ્યકા આશ્રય કરનેસે વિકલ્પ હુઆ, હૈ તો દોષસહિત ઔર દોષકો ગુણ માનના વહ મિથ્યાત્વ હૈ. સમ્યગ્દૃષ્ટિકો દોષ ઐસા આતા હૈ. સમજતે હૈ કિ મેરી કમજોરી હૈ. મૈં સ્વરૂપમેં સ્થિર નહીં રહ સકતા હૂં ઔર સિદ્ધકા, દ્રવ્ય-ગુણ-પર્યાયકા વિકલ્પ આતા હૈ. સમજમેં આયા? આહા..હા..! લ્યો! વહ અચિત પરિગ્રહ કહા. પરમાણુ પુદ્ગલ આદિ પાંચ દ્રવ્ય ઉસકા વિચાર, કહતે હૈ કિ ભગવાન! વહ સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યકા વિચાર હૈ તો વિકલ્પ-રાગ, હૈ તો દોષ. ઉસકો ભગવાન યોગીન્દ્રદેવ કહતે હૈં કિ હમ પરિગ્રહ કહતે હૈં. ઇતને રાગકો ભી પરિગ્રહ કહતે હૈ.

પુસ્તક હૈ વહાં પીછે હૈ. કભી સુના નહીં, સુના નહીં.

'**ઔર મિશ્ર પરિગ્રહ...**' મિશ્ર પરિગ્રહ કિસકો કહતે હૈ? યહ તો સચિત સિદ્ધકા ધ્યાનકા વિકલ્પ દોષરૂપ, અચિત પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યકા વિચાર તે વિકલ્પ દોષરૂપ. '**ઔર મિશ્ર પરિગ્રહ ગુણસ્થાન માર્ગણાસ્થાન જીવસમાસાદિ સંસારીજીવકા વિચાર.**' આહા..હા..! યહાં ગુણસ્થાન આયા. વહ શુદ્ધ થા ન? ગુણસ્થાનકી વિચારણા. પહલે ગુણસ્થાનમેં ઐસી દશા, ચૌથે ગુણસ્થાનમેં ઐસી દશા, તેરહવે ગુણસ્થાનમેં ઐસી દશા. વહ મિશ્રપના હુઆ. જરા રાગ ભી હૈ ઔર પવિત્રતા ભી હૈ. ઔર માર્ગણાકા વિચાર. યહ જીવ ઈતનેમેં હૈ, જીવ ઈતનેમેં હૈ, ઐસા પર્યાય હૈ, ઐસા સમકિતી હૈ, ઐસા ભવિ હૈ, અભવિ હૈ. ઐસા વિકલ્પ માર્ગણાકા વિચાર કરના વહ ભી મિશ્ર પરિગ્રહરૂપ રાગ હૈ. આહા..હા..! હોતા હૈ, જબતક વીતરાગ ન હો તબ હો, પરંતુ વહ દોષ હૈ ઉસકા સ્વીકાર કરના ચાહિયે. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- ... મારે જ પ્રાપ્ત કરવું પડશે.

ઉત્તર :- બીજું કોણ કરી શકે એમ છે? આહા..હા..!

પરમાત્મા કહતે હૈં કિ હમ 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' શાસ્ત્ર અને ગુરુ અને પરમાત્મા ઉસકો દિશા બતાતે હૈ, યહ દિશા તેરી. સાથમેં ચલતે નહીં. કહો, જમુભાઈ! દિશા દેખાડી અળગા રહે. યે આનંદઘનજી કહતે હૈં. યહાં આચાર્ય કહતે હૈં દેખો ન. કિ વીતરાગમાર્ગને કહા છ દ્રવ્ય અપને સિવા. વહ પરદ્રવ્યકા વિચાર કરના વહ વિકલ્પ હૈ, હમ તુમકો કહતે હૈ. તુમ્હારે નિર્ણય કરના ઔર નિર્ણય કરકે ઈતના વિકલ્પ આયા ઉસ દોષકા સ્વીકાર કરના. ઉસકો ગુણકા સ્વીકાર માન લો તો ઉસકો છૂટકર વીતરાગતા પ્રગટ તેરી હોગી નહીં. ... જાયેગા, મિથ્યાદૃષ્ટિ હો જાયેગા. આહા..હા..! વકીલ! ભારે વાત ભાઈ! આ તો પરમાત્મપ્રકાશ છે. તો પરમાત્મપ્રકાશ જો ચૈતન્ય જ્યોત હૈ. ઈસકા આશ્રય જિતના લિયા અંતરમેં એકાગ્ર હોકર, ઉતના હી આત્માકો લાભ. ઉસકે સિવાય જિતના પરકા આશ્રય વિકલ્પ ઉઠે સબ દોષ હૈ. રતનલાલજી! ક્યા કરના? ભગવાનકી ભક્તિમેં ભી રાગ વહ દોષ. ભજનમેં આતા હૈ. એક ભજનમેં આતા હૈ. ભગવાન! હું શું કરું પણ? ક્યા કરના? એક ભજનમાં આવે છે. એક ભજન નથી આવતું? એય..! આવે છે એક ભજનમાં. જો ફલાણું કરવા જાઉ તો .. દોષ જાય, પરને માટે જાય, ફલાણું થાય. પણ હમેં કરના ક્યા? આપ તો હમેં બહુત બાત આકરી કહતે હો. એક ભજનમાં આવે છે. અત્યારે યાદ છે કાંઈ? સ્વાધ્યાય ઓલામાં છે ભજન. સ્વાધ્યાય .. એમાં ક્યાંક છે. ફલાણું કરવા જાવ તો એને માટે જાય છે, આ કરવા જાવ તો ઉસને માટે. અમારું તો એમાં કાંઈ રહેતું નથી. હમેં કરના ક્યા?

ભગવાન! તેરે સ્વચૈતન્ય પરમાનંદની મૂર્તિ ઉસકી પહલે દૃષ્ટિ કરના ઔર પીછે ભી ઉસકા

આશ્રય કરકે જિતના અવલંબન લિયા ઉતના લાભ હૈ. જિતના પરદ્રવ્યકે અવલંબનમેં રાગ આયા ઉતના દોષકો સ્વીકાર કરના. એય..! મૂલચંદજી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ યહાં રાગ હૈ ન. વીતરાગ નહીં હૈ તો વીતરાગ હૈ તો સબકો ભેદાભેદકો જાનતે હૈં. પરંતુ યહાં રાગી પ્રાણી હૈ. જબ એક વિચારસે યહાં છૂટકર પરદ્રવ્યકા વિચાર કરતે હૈં તો રાગ હી હૈ, તો રાગ આયે બિના રહે નહીં. વહ કારણ હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં કિ અપના વિચાર છોડકર જિતના મિશ્ર ગુણસ્થાનકા વિચાર કરના. માર્ગણાસ્થાનમેં તો બહુત આતી હૈ. કેવલજ્ઞાન ભાઈ આવ્યા એમાં તો. ઓહો..હો..! કિ યહ કેવલજ્ઞાની ઐસા હૈ, શ્રુતજ્ઞાની ઐસા હૈ, મતિજ્ઞાની ઐસા હૈ. પાંચ જ્ઞાનકા ભેદ હૈ માર્ગણામેં. કહતે હૈં કિ કેવલજ્ઞાની ઐસા હૈ તો પરદ્રવ્ય હૈ વહ. પરદ્રવ્યકા વિકલ્પ જિતના આયા વહ કેવલજ્ઞાનકી પર્યાય નિર્મલ હૈ ઔર સાથમેં થોડા કર્મકે ઉદયકી સાથમેં... કેવલજ્ઞાની તો હૈ ન. હજી સિદ્ધ જૈસા નિર્મલ નહીં હુઆ તો અસિદ્ધભાવ સાથમેં હૈ. તો ઉસકો મિશ્ર કહા. ઈસકા વિચાર કરના વહ વિકલ્પકો મિશ્ર પરિગ્રહ કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- અત્યારે પરિગ્રહને સિદ્ધ કરવો...

ઉત્તર :- પરિગ્રહ છે એને સિદ્ધ કરવો છે. કાંઈ નથી એવાને સિદ્ધ કરવો છે? આમાં તો બહુત વિસ્તાર હૈ દેખો. મિશ્ર પરિગ્રહમેં તો પહલે ગુણસ્થાનસે ચૌદ ગુણસ્થાનકા વિચાર કરના વહ ભી મિશ્ર હૈ. ક્યોંકિ જિતની પવિત્રતા ચૌથેસે હૈ ઈતની પર્યાય નિર્મલ. ઈસકે સાથ રાગાદિ હૈ, કર્મ ઉદય હૈ ઈતના અચેતન. દોકા મિશ્ર હોકર દોંકા વિચાર કરના. અપના સ્વકા આશ્રય છોડકર જિતના પરકા વિકલ્પ આયા વહ ભી ચારિત્રદોષ હૈ, વહ ભી પરિગ્રહ હૈ. આહા..હા..! એય..! માણેકચંદજી! ક્યા કરના હવે આ? કપડાકા ધંધા છોડકર બૈઠે તો ભી કહે હજી પરિગ્રહ અંદર. કિતની પરિગ્રહકી વિશાલ વ્યાખ્યા! જૈસે ભગવાન આત્માકે ગુણકી વિશાલ વ્યાખ્યા. આ સ્વચૈતન્ય. ઐસા હી વિકલ્પ રાગ પરકી વિશાલ પરિગ્રહકી વ્યાખ્યા.

ફિર ઐસા ભી સિદ્ધ કરતે હૈં. વહ ચૌદ ગુણસ્થાન વીતરાગ માર્ગકે સિવાય દૂસરેમેં હોતા નહીં. યહ આત્મા સિવાય પાંચ દ્રવ્ય હૈ વહ ભી વીતરાગ માર્ગ સિવાય દૂસરેમેં હોતા નહીં. સિદ્ધ ભી વીતરાગ સિવાય દૂસરેમેં, સિદ્ધ પરમેશ્વર સંસારકા નાશ કરકે સિદ્ધ હુઆ વહ ભી દૂસરેમેં હોતા નહીં. યહ ભી બાત સિદ્ધ કરતે જાતે હૈં. અને ઉસકા આશ્રયમેં જિતના વિકલ્પ આયા, વહ દોષ ઉસકો સિદ્ધ કરતે જાતે હૈં. ઓહો..! ભાઈ! તેરા કાર્ય કરના હૈ કિ નહીં? તુઝે આત્માકા કુછ કામ કરના હૈ કિ નહીં? તો આત્માકા કામ ભગવાન તો તેરા વસ્તુમેં પડા હૈ શક્તિરૂપ સત્ત્વ પ્રભુ! ઉસકે આશ્રયસે હી તેરા કામ હોગા. જિતના અંદર આત્મા ભાનસહિત

પરદ્રવ્યકા આશ્રય લિયા વહ વિકલ્પ હૈ, દોષ હૈ. સચિત સિદ્ધકા વિકલ્પ, અચિત પુદ્ગલ પાંચ દ્રવ્યકા. તો વીતરાગ સિવાય પાંચ દ્રવ્ય હૈ નહીં કહીં. ભગવાનને છ દ્રવ્ય દેખા હૈ. તો છ દ્રવ્ય હૈ ઉતના તો સિદ્ધ કિયા. હૈ ઉસમેં ભી અપને આત્માકા સ્વ આશ્રય છોડકર જિતના પરકા (આશ્રય) લિયા વહાં રાગ હૈ, પરિગ્રહ હૈ, દોષ હૈ, બંધકા કારણ હૈ. ઈતના જ્ઞાનીને અંતરમેં સમજ લિયા હૈ. આહા..હા..! ભારે વાત ભાઈ!

ગુણસ્થાન. દેખો, છઠ્ઠા ગુણસ્થાનકી વાત વિચારના યહ ભી મુનિયોંકી દૂસરેકી હોં. સપ્તમકા વિચારના, ક્ષપક શ્રેણીકા વિચાર કરના પરકી. વહ ભી મિશ્ર પરિગ્રહમેં આયા. ઔર માર્ગણાસ્થાન ભવિ-અભવિ. છ લેશ્યા-અલેશ્યા, ક્રોધી, માની, માયા, લોભી, એક અકષાયી જીવ હૈ, કોઈ સકષાય હૈ. ઐસા વિચાર પરદ્રવ્યકા મિશ્રકા આના વહ વિકલ્પમેં નિમિત્ત ઐસા હૈ તો ઉસકો પરિગ્રહકો વિકલ્પ ઉસ પરિગ્રહકો મિશ્ર કહનેમેં આયા હૈ. સમજમેં આયા? યહ ક્ષાયિક સમકિત, યહ ક્ષયોપશમ સમકિત, યહ ઉપશમ સમકિત—ઐસા ભી પરદ્રવ્યકા વિચાર આના વહ ભી મિશ્ર પરિગ્રહ હૈ, વિકલ્પ હૈ. અપના ક્ષાયિક સમકિત સ્વદ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હુઆ, વહ ક્ષાયિક સમકિતકા લક્ષ કરતે હૈં તો વિકલ્પ ઉત્પન્ન હોતે હૈ. ક્યોંકિ વહ પર્યાય હૈ. પર્યાયકા લક્ષ કરનેસે... ધર્મદૃષ્ટિ હૈ, વસ્તુ હૈ, છતાં ઉસકા લક્ષ કરનેસે તો વિકલ્પકા દોષ હી ઉત્પન્ન હોતા હૈ. સ્વદ્રવ્યકે આશ્રયસે એકાકાર જિતના હો ઈતની શુદ્ધિ ઔર ધર્મકી વૃદ્ધિ હોતી હૈ. આહા..હા..! ઉગમણો-આથમણો ફેર. ઉગણમો-આથમણો ક્યા કહતે હૈ? પૂર્વ-પશ્ચિમ. પૂર્વ-પશ્ચિમકા ફેર હૈ વીતરાગ માર્ગ ઔર દુનિયાકે સાથ. દુનિયાકે સાથ વીતરાગ માર્ગમેં ઈતના ફેર હૈ. જૈનમેં જન્મા ઉસકો ભી વહ બાત સુનનેમેં નહીં આતી. ક્યા પરિગ્રહ ઔર ક્યા દોષ ઔર કબતક કૈસી દોષકી સ્થિતિ હૈ. સમજે નહીં ઐસે ને ઐસે કરો ધર્મ કરો. ધૂલ હૈ ધર્મ? મિથ્યાત્વભાવ હૈ, ધર્મ કહાંસે આયેગા? સ્વપરકે ભેદકી તો ખબર નહીં. સ્વકા આશ્રયસે લાભ હૈ, પરકે આશ્રય વિકલ્પ દોષ હૈ ઐસા વિવેક તો હૈ નહીં. કૈસે ધર્મ હોગા? સમજમેં આયા?

'**જીવસમાસાદિરૂપ...**' એકેન્દ્રિય, દો ઈન્દ્રિય, તીન ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયને. હૈ ન પંચેન્દ્રિય, પર્યાપ્ત ઔર અપર્યાપ્ત ઔર ચૌદ જીવસમાસ. ઉસકા વિચાર ઉસરૂપ '**સંસારીજીવકા વિચાર.**' લો ભાઈ! ઓલા સચેતનમાં ઓલું લીધું હતું. સિદ્ધ આ મિશ્ર લેના હૈ ન. સંસારીજીવકા ચૌદહવે ગુણસ્થાન તકકી વિચારધારા. ઉસકા પરમેશ્વર કેવલજ્ઞાનીકા ભી વિચાર... પ્રવચનસારમેં ૮૦ ગાથામેં લિયા કિ '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' જો કોઈ અરિહંતકા દ્રવ્ય, ગુણ ઔર પર્યાયસે જાનના કરતા હૈ ઉસકો લક્ષ છોડકર સ્વભાવમેં એકાગ્ર જબ હોતે હૈં તબ ઉસકો મોહકા નાશ હોકર સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા?

કોઈ કહતે હૈં કિ વહાં તો ઐસા આયા ન? '**जो जाणदि अरहंतं**' ૮૦ ગાથા.

**'दव्वत्तगुणत्तपज्जयत्तेहिं सो जाणदि अप्पाणं'** તો જાણે આવ્યું ને **'अप्पाणं'** પણ ઉસકા અર્થ એક લક્ષ જો હૈ વહ પરલક્ષી જ્ઞાન હૈ દ્રવ્ય-ગુણ-પર્યાયકા. ઉસ લક્ષકો છોડકર અપનેમેં સમા દેના. મૈં હી સ્વદ્રવ્ય પૂર્ણ હૂં, મેરા જ્ઞાન આદિ ગુણ હૈ, મેરી નિર્મલ પર્યાય અંદર દ્રવ્યમેં અભેદ હોતી હૈ. ઓહો..હો..! ભારે ઝીણી વાતું ભાઈ! ઐસી દૃષ્ટિ કિયે બિના ઉસકો સમ્યગ્દર્શન હોતા નહીં.

તો કહતે હૈં **'સંસારીજીવકા વિચાર.'** લો યહ પરિગ્રહકી વ્યાખ્યા પૂરી. બહુત કરતે... કરતે... કરતે.. યહાં તક આયા. **'ઈસ તરહ બાહિરકે ઔર અંતરકે પરિગ્રહસે...'** દો રહે. સ્ત્રી, પુત્ર આદિ, સાધુકો શિષ્ય આદિ, અંદર સચેત મિથ્યાત્વ આદિ, સચિત રાગ આદિ, મિશ્ર ગુણસ્થાન આદિ. યહ સબ અભ્યંતર રાગાદિ ઔર બાહ્ય શરીરાદિ, સ્ત્રી-કુટુંબ આદિ, શિષ્ય આદિ યહ **'પરિગ્રહસે રહિત જો જિનલિંગ ઉસે ગ્રહણ કર...'** ઐસા આત્માકી અંતર અનુભવ દૃષ્ટિ પ્રગટ કરકે **'જો અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત...'** અપના ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદકી મૂર્તિ વીતરાગ સ્વરૂપ. પર્યાયકી બાત હૈ હોં યહાં. અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિ... ભગવાન પરમાનંદ પ્રભુ ઉસકી અનુભૂતિકી વીતરાગી પર્યાય ઉસસે વિપરીત પરિગ્રહ. યહ સબ વિપરીતતા હૈ. સિદ્ધકા વિકલ્પ આયા વહ શુદ્ધ અનુભૂતિસે વિપરીત હૈ. સંસારી જીવકા વિચાર આયા વહ શુદ્ધ અનુભૂતિસે વિપરીત હૈ. સમજમેં આયા? ઔર પંચદ્રવ્યસે પરમાણુસે લેકર પરદ્રવ્યકા વિચાર વિકલ્પ વહ ભી શુદ્ધ અનુભૂતિકી પર્યાય-અપના શુદ્ધ ભગવાન ઉસકી અનુભૂતિ જો નિર્મલ ધર્મ, નિર્મલ સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ ઉસસે યહ સબ બાત વિપરીત હૈ. આહા..હા..! સમજમેં આયા? હૈ કિ નહીં ઉસમેં? દેખો ન લિખા હૈ કિ નહીં ઉસમેં?

ક્યા કહતે હૈં દેખો, અજ્ઞાની અપના શુદ્ધ ભગવાન આત્મા, ઉસકી અનુભૂતિ. જિતને પ્રમાણમેં ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ વીતરાગ અનુભવદશા નિર્વિકલ્પ શાંતિ અને વીતરાગભાવ ઉસસે વિપરીત. સિદ્ધકા ધ્યાન ભી અનુભૂતિસે વિપરીત હૈ. મૂલચંદજી હૈ કિ નહીં ઐસા? ઐસા અર્થ હૈ કિ નહીં? ઉસમેં લિખા હૈ કિ નહીં? .. હૈ લ્યો હમારે સેઠ કહતે હૈં કિ વહ હૈ. રસોડામેં સેઠ હૈ લડ્ડુકે. કહો, સમજમેં આયા? લાડવાનો વિકલ્પ કેવો હશે એ? એ ક્યાં જાતો હશે આમાં? એ ઓલા અચિત પરિગ્રહમાં જાય. સમજમેં આયા? આહા..હા..! સ્વાશ્રય શુદ્ધિ, પરાશ્રય બંધ. એક સિદ્ધાંત સિદ્ધ કરતે હૈ. ઐસા જિસકો અંતર વિવેક સમ્યક્ નહીં વહ પરકે આશ્રયસે ધર્મ માનતે હૈ. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અનાદિકાલકા ઉસ જાતકા વહ હૈ.

કહતે હૈ, ઐસા **'જિનલિંગ ઉસે ગ્રહણ કર જો અજ્ઞાની શુદ્ધાત્માકી અનુભૂતિસે વિપરીત પરિગ્રહકો...'** યહ જિતના પરિગ્રહ કહા વહ સબ. **'ગ્રહણ કરતે હૈં,...'** અપના માનતે હૈ, ઉસસે મેરે લાભ માનતે હૈ **'વે વમન કરકે પીછે આહાર કરનેવાલોંકે સમાન**

**નિંદાકે યોગ્ય હોતે હૈં.'** આહા..હા..! અરે! માર્ગ તે પણ માર્ગને! એકદમ વિકલ્પ ઔર નિમિત્તકી ઉપેક્ષા. હો, ભગવાન પૂર્ણ સ્વરૂપ સ્વભાવ પરમાત્માકી અપેક્ષા. અપના દ્રવ્ય પરમાત્મા બસ ઉસકી અપેક્ષા. દૂસરી બાત હોતી હૈ, જબતક વીતરાગ ન હો તો ઐસા વિચાર, વિકલ્પ આયા બિના રહતે નહીં. પરંતુ ઉસકે આશ્રયસે અપનેકો લાભ માન લે તો કહતે હૈં કિ વહ તો પરિગ્રહ હૈ. તેરા વીતરાગ પરિગ્રહસે તો વિપરીત હૈ. વહ વિપરીતસે તેરા અંતર સ્વભાવ વીતરાગ પરિગ્રહ કૈસે સિદ્ધ હોગા? સમજમેં આયા? યહાં તો હજી બહારકી લક્ષ્મી, ઉસસે લાભ પાંચ-પચાસ લાખ પુંજી હો ઔર પાંચ લાખ-દસ લાખ દિયા, જાઓ ધર્મ હો ગયા હમારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂલમેં ભી ધર્મ નહીં હૈ. કૌન કહતા હૈ? વહ શુભરાગ મંદ કરે તો પુણ્ય હૈ. શુદ્ધાત્માનુભૂતિસે વિપરીત ભાવ હૈ. સમજમેં આયા? હોતા હૈ ભાવ, જ્ઞાની સમજતે હૈં. મૈં અંતરમેં ઠહર સકતા નહીં તો ઐસા શુભભાવ આતા હૈ, પરંતુ ધર્મીકી દૃષ્ટિ... દેખો! ક્યા કહતે હૈ યોગીન્દ્રદેવ? મુનિ ૯૦૦ વર્ષ પહલે દિગંબર સંત. ભગવાન પરમાત્મા જૈસે કહતે હૈં વહી બાત વહ કહતે હૈં. અપના શુદ્ધાત્માનુભૂતિસે વિપરીત સબ વિકલ્પ હૈં. શરીર, શિષ્ય, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો ઉપર લે લિયા. લિયા ન ઉપર? દેખો, ચેતન પરિગ્રહ પુત્ર આદિ ગૃહસ્થકો. અચેતન આભરણ આદિ, મિશ્ર સ્ત્રી-પુત્ર આદિ સહિત. સાધુકો સચિત પરિગ્રહ શિષ્ય આદિ, અચિત પરિગ્રહ પીંછી, કમંડલ, મિશ્ર પરિગ્રહ કમંડલ આદિ. સાધુકે અંતર-બાહ્ય રાગાદિ પરિગ્રહ મિથ્યાત્વ, અચિત પરિગ્રહ દ્રવ્ય-નોકર્મ. મિશ્ર પરિગ્રહ ભાવકર્મ હુએ.

**'ધ્યાની પુરુષકી અપેક્ષા સચિત પરિગ્રહ સિદ્ધપરમેષ્ઠીકા ધ્યાન, અચિત પરિગ્રહ પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યકા વિચાર ઔર મિશ્ર પરિગ્રહ ગુણસ્થાન...'** ઉન સબકો પરિગ્રહ કહતે હૈં. સમજમેં આયા? ઐસા વમન કરકે-ઉસકો છોડકરકે ફિર ઉસસે લાભ માનનેવાલા હૈ વહ નિંદાકે યોગ્ય હૈ. આહા..હા..! ભૈયા ઐસા હૈ. ઉસમેં લિખા હૈ હોં. તુમ્હારે પુસ્તક પરમાત્મપ્રકાશ દિયા નહીં. સ્વભાવકા કારણ બિલકુલ નહીં યહ કહતે હૈ. વિકલ્પ આતા હૈ વહ અપના શુદ્ધ સ્વભાવમેં બિલકુલ... ક્યોંકિ સ્વભાવ શુદ્ધતા, ઉસકી અનુભૂતિ વીતરાગ પર્યાય ઉસસે યહ સબ વિપરીત ઐસા કહા. વિપરીત કારણ હૈ ઉસકો કારણ ક્યોં કહતે હૈ? સમજમેં આયા? **'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ,...'** યહ વિશેષ કહેંગે. લો વખત હો ગયા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૨, મંગળવાર, તા. ૨૨-૦૨-૧૯૬૬**
**ગાથા-૯૧-૯૨, પ્રવચન-૧૩૬**

.. સમજમેં આયા? ... કહો, સોભાગભાઈ! આહા..હા..! ઐસા અવસર મિલા. અનંતકાલસે .. ચૈતન્ય પ્રભુ નિવૃત્તિ લેકર અંતર શ્રદ્ધા-જ્ઞાનકા આચરણ કરનેકા અવસર હૈ. ઐસા અંતર્મુખકા અવસર ગુમાકર બહિર્મુખકી વૃત્તિમેં રુકતા હૈ, વહ અશુભભાવમેં રુકે કિ શુભભાવમેં રુકે. રતનલાલજી! ... અબજ રૂપિયા એક રત્ન પડા થા. એક મહાકી જરૂર પડી સવા શેર પીનેકી. દે દો ભાઈ. ચંદ્રકાંતભાઈ! આહા..હા..! 'ભસ્મ નિમિત્તં રત્ન રાશિ દહન વત્' થોડી ભસ્મ ચાહિયેથી. રાખ-રાખ. રાખ કહતે હૈ ન? યહ મુંગમેં નાખતે હૈ, ઉડદ, બાજરા ન સડે તો થોડી રાખ-ભસ્મ ડાલે. થોડીક રાખ જોતી હતી તો રત્ન રાશિ, કરોડો રૂપિયાકા એક-એક રત્ન ઐસા સો, પાંચસો, પચાસ હજાર પડા થા. જલા દો. થોડી રાખ ચાહિયે. થોડી રાખ ચાહિયે. ક્યોંકિ બાજરા સડ જાતા હૈ. વહ બાજરામેં નાખતે હૈ ન? બાજરા કહતે હૈ ન. ક્યા કહતે હૈ? વહ બાજરામેં નહીં? ઉનાળામાં? રાખ થોડી નાખે, ઠંડા રહે. ઐસી થોડી રાખ ખાતર. ... કોઈ?

યે તો દૃષ્ટાંત હૈ. કિ 'રત્ન રાશિ દહન વત્' રત્નકા ઢગલા જલા દેતે હૈ. ઐસા ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ શુદ્ધ પુણ્ય શુભ-અશુભરાગસે રહિત ઈસકી દૃષ્ટિ નહીં કરકે, ઉસકા લક્ષ દોર ન બાંધકર શુભ-અશુભભાવકા હેતુમેં પડા હૈ, ઉસકા લક્ષમેં પડા હૈ વહ આત્મદેવકો જલાતે હૈ. આહા..હા..! આત્મદેવકો જલાતે હૈ ઔર દેવકા દેવાલય. યહાં તો કહેંગે. પરમ ઔદારિક શરીર ભવિષ્યમેં મિલનેવાલા હો, અનંત જ્ઞાનાદિ પ્રાપ્ત હો તબ પરમ ઔદારિક શરીર મિલતા હૈ. તો પરમ ઔદારિક શરીરકો ભી જલાતે હૈ. શરીર ભી નહીં મિલેગા ઔર અનંત જ્ઞાન ભી ઉસકો નહીં મિલેગા. કહો, સમજમેં આયા? આહા..હા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહાં તો આચાર્ય, દેખો, જયસેનાચાર્ય. આદિ કહ્યુંને ભાઈ એના જેવી જ ટીકા છેને બ્રહ્મદેવસુરી લગભગ જયસેનાચાર્યની જેવી જ ટીકા છે. અને જયસેનાચાર્ય કહે છે આ. આ પરમાત્મપ્રકાશકી ટીકા હૈ ન? વહી યહાં ટીકા હૈ. વ્રત, તપશ્ચરણ, દાન, પૂજા કરતે હૈ. હેતુ વ્રત, તપશ્ચરણમેં શુભભાવ જો હૈ ઉસકે ઉપર લક્ષ બંધા હૈ. અપના ચિદાનંદ ભગવાન વિકલ્પસે પાર હૈ ઐસા લક્ષકી રુચિ બંધી નહીં હૈ વહ ... માટે રત્નકો જલા દેતે હૈ. ભસ્મ

માટે રત્નકી રાશિકો દહન કરતે હૈ. બરાબર હૈ? સૂત્ર નિમિત્તં હાર ચૂરણ વત્. એક સૂત્રકા ટૂકડા ચાહિયે થા. દોરા-દોરા. એક હાર થા એક અબજ રૂપિયેકા. રત્નકા હાર. ઉસકો તોડ દિયા. સૂતર થોડા ચાહિયે, સૂતર થોડા ચાહિયે. સૂતરકે લિયે સારા હારકો ચૂર્ણ કર. ચૂર્ણ ભુક્કા પાછા હોં. હાર ચૂરણવત્. ઐસા-ઐસા ટૂકડા કરે ભુક્કા કર દિયા તો વહ સલંગ દોરા નિકલે. વહ સૂત્રકે ટૂકડેકે લિયે કરોડોં રૂપયેકે હારકો ચૂર્ણ કર દેતે હૈ. ઐસે અજ્ઞાની અપના શુદ્ધ સ્વરૂપકી રુચિ, દૃષ્ટિકા હેતુકા પ્રસંગ હૈ ઉસકો છોડકર શુભ અને અશુભભાવકા હેતુ બનાકર અપના ચૈતન્યરત્ન દેવકો જલા દેતે હૈ. આહા..હા..! મૂલચંદજી!

જુઓ, આચાર્યને દૃષ્ટાંત દિયા. આચાર્ય ભી જંગલમેં ઐસા દૃષ્ટાંત કહાંસે લાયે હોંગે? વહ દિગંબર મુનિ થે. જંગલમેં રહતે થે. પરંતુ દુનિયા ઐસા હી કરતી હૈ એમ કહતે હૈં. અનાદિસે ઐસા કરતી આતી હૈ. અપના શુદ્ધસ્વભાવકા લક્ષ ઔર રુચિ.. ઉસ વક્ત ભી વહ કર, ઐસા કર... ઐસા કર... શુભાશુભ કરનેમેં સારી જિંદગી ગવાં દી. સમજમેં આયા? અપના ભગવાન ચિદાનંદ સ્વરૂપકો જલા દિયા. ઔર ભવિષ્યમેં પરમ ઔદારિક શરીર મિલનેવાલા હો, જિસને આત્મજ્ઞાન દર્શન કિયા હો ઉસે ભવિષ્યમેં ઉસકો અનંત જ્ઞાનદર્શન પ્રાપ્ત હોગા. ઔર જિસને આત્મજ્ઞાન પ્રાપ્ત કિયા હો, ઉસે અનંતજ્ઞાન પ્રાપ્તકાલમેં પરમ ઔદારિક શરીર ભી મિલેગા. પરમ ઔદારિક શરીર સમજતે હૈ? તીર્થંકરકો જન્મસે હી પરમ ઔદારિક શરીર હૈ. ભગવાન તીર્થંકર જો હૈ ઉસકો તો જન્મસે હી ઔદારિક શરીર હૈ. ઉસકો પહલેસે આહાર હૈ, નિહાર નહીં. સમજમેં આયા? તીર્થંકર જીવ હૈ ઉન્હોંને તો પૂર્વે આત્માકા આરાધન બહુત કિયા હૈ. સમ્યક્ ચૈતન્યમૂર્તિકા શુદ્ધકા. આરાધનમેં .. થોડા શુભભાવસે તીર્થંકરગોત્ર બંધ ગયા. તો કહતે હૈ, વહ જીવ તો જબ જહાં જન્મે વહાં તીન જ્ઞાન તો લેકર જન્મે. પરંતુ શરીર પરમ ઔદારિક પહલેસે હોતા હૈ. ઉસકે શરીરમેં રોગ નહીં. જન્મ પીછે આહાર લે પરંતુ નિહાર નહીં, મલ-મૂત્ર નહીં. સમજમેં આયા? ઔર તીર્થંકર ન હો તો દૂસરા જો આત્મજ્ઞાનકા આરાધન કરનેવાલા શુદ્ધ ભગવાન આત્મા ઉસકી શ્રદ્ધા શુદ્ધકી હોં! પુણ્ય-પાપ વિકલ્પ નહીં. શુદ્ધકી શ્રદ્ધા, જ્ઞાનકા આરાધન કરનેવાલા ભવિષ્યમેં અનંત જ્ઞાન-દર્શન પાનેવાલા હૈ ઐસે આત્માકો પુણ્ય-પાપકે હેતુમેં જલાતા હૈ ઔર પરમ ઔદારિક શરીર મિલનેવાલા હૈ ઉસકો રાખ કર દેતા હૈ. આહા..હા..! કહો, જયંતિભાઈ!

થોડા ટૂકડા ચાહિયે સૂતરકા. કરો ચૂર્ણ. 'સૂત્ર નિમિત્ત હાર ચૂરણ વત્' પાંચવા દૃષ્ટાંત. '.. અગુરુલઘુ વન છેદનવત્' એક થોડા કુદરવા ચાહિયે થા. .. નહીં હોતા? એ કોદરા કર્યા છે ખાવાના તમારે. કોદરી-કોદરી. એ ખાનેમેં કરતે હૈં ન ત્યાં? ચાવલ નહીં મિલતા તો કોદરી કરતે હૈ. કોદરી. વહ કોદરી થોડી ચાહિયે થી, સેર-દો સેર. ઉસકે ખાતિર સારા ચંદનકા વન થા, ચંદનકા વન સુખડકા. ઐસી સુખડ ઊંચી. દેખો! પાઠ હૈ હોં. 'અગુરુલઘુ વન' સારા ચંદનકા

વન થા તો થોડા એક ટૂકડા કોદરવાકા એક સેર, દો સેર, પાંચ સેર એના કોદરવા ચાહિયે. જલા દો. લાવો કોદરવા. ચંદનકે વનકો જલા દો. કોદરવા લાવો. લોકો કોઈ નહીં કરે. યહ તો દૃષ્ટાંત દિયા હૈ.

પણ કહતે હૈ ભગવાન! અરે! તેરી ચીજ અંદર પરમાત્મા સહજાનંદમૂર્તિ વહ શુભ-અશુભ રાગ બિનાકી તેરી ચીજ પરમાત્મા હૈ. ઐસી ચીજકા અંતર લક્ષ ઔર શ્રદ્ધાકા અવસર મિલા ઔર નહીં કરતે હૈ. સમજમેં આયા? અને મેરે પુણ્ય કરના હૈ, મેરે પાપ કરના હૈ, મેરે ઐસા કરના હૈ, મેરે ઐસા કરના હૈ, ઐસા ને ઐસા સમય ગવાંતે હૈ ઐસા મૂર્ખવત્. વનકા સારા ચંદનકા વન જલાકર થોડા મણ, બે મણ, પાંચ-પચ્ચીસ મણ કોદરવા ખાતિર જલા દેતે હૈં. કહો, ઐસે મૂર્ખ તો નહીં હોગેં? પાંચ દૃષ્ટાંત દિયા હૈ. દેખો, પાઠમેં હૈ હોં સંસ્કૃત ટીકામેં હૈ. યહાં પરમાત્મપ્રકાશ યોગીન્દ્રદેવ મહારાજ સંત મુનિ દિગંબર થે. વહ કહતે હૈં કિ અરે જીવ! યહ .. ખાતિર, એ ઈન્દ્રિયના સુખના નિમિત્તે અથવા ઈન્દ્રિયકે સુખકા અર્થ? શુભાશુભભાવકે લિયે સારી જિંદગી ગવાંતે હૈ વહ મુનિ.. શરીર દેવસ્થાનકો ઔર આત્મદેવકો ભવકે આતાપસે ભસ્મ કર દેતે હૈ. આહા..હા..!

શુભભાવ ઔર અશુભભાવ વહ આતાપ-આકુલતા હૈ. મૂલ તો યહ કહતે હૈ ભાઈ! આહા..હા..! શુભભાવ હો પરંતુ વહ આકુલતા હૈ. સવેરમેં આયા થા. શુભભાવ હો નામસ્મરણ ભગવાનકા સ્મરણ, દેવદર્શનકા ભાવ હૈ, પણ ભાવ શુભ હૈ. આતાપ હૈ, આકુલતા હૈ એમ કહતે હૈં. ઈતને ખાતિર મેરે વહ રહ ગયા... મેરે વહ રહ ગયા... પણ યે સારા આત્મા રહ ગયા ઉસકા તો વિચાર કર. ભગવાન આત્મા વહ શુભ-અશુભ વિકલ્પસે રહિત ચિદાનંદ આત્મા મેરી શ્રદ્ધામેં જ્ઞાનમેંસે નહીં રહતા, ઈસમેં આ જાતા હૈ ઐસા તો વિચાર કર. યહાં આચાર્ય જરી ઓલંભા દેતે હૈં ઓલંભા. ઓલંભા કહતે હૈ ન? ભૈયા! ઠપકારતે હૈ કિ નહીં? ભાઈ ઠપકારતે હૈ ન થોડા? ઓલંભા દેતે હૈ ન? હિતને માટે હૈ ન?

આચાર્ય મહારાજ કહતે હૈં. આચાર્ય મહારાજ સંત દિગંબર કરૂણાસે હોં. કહતે હૈં, અરે! ભગવાન આત્મા... યહાં તો પરમાત્મપ્રકાશકી રુચિ છોડકર, પરમાત્મસ્વરૂપ અપની રુચિમેં લક્ષ ઉસકા અંતર લક્ષ, રુચિ, દક્ષ ઉસકા સમજ છોડકર દૂસરી ચીજમેં ભટકતે હૈં વહ આત્માકા દેવકા નાશ કર દેતે હૈ એમ કહેતે હૈં. કહો, ભીખાભાઈ! આહા..હા..! જિસ સમય. લો હૈ ન ઉસમેં? ભવકે આતાપસે ભસ્મ કર દેતે હૈં. ભગવાન આત્મા. આહા..હા..! ભવકા ભાવ ઔર ભવરહિત પ્રભુ આત્મા હૈ. પરમાત્મપ્રકાશ હૈ ન? ભગવાન આત્મા યે ભવ અને ભવકા ભાવ શુભભાવ આદિ, ઉસ ભાવસે રહિત આત્મા હૈ. ઐસા આત્માકી શ્રદ્ધા-જ્ઞાનકા વજન, વીર્ય, અવલંબન, આશ્રય છોડકર અકેલા શુભભાવ ઔર અશુભભાવમેં રુકતા હૈ, વહ ભવકા

આતાપસે આત્માકો જલા દેતે હૈ. આહા..હા..! જયંતિભાઈ!

ક્યા કરે પણ? સંસારમેં પુત્ર, પુત્રી, .. સંસાર પડા હૈ. વહ નિવૃત્તિવાલેકો માલુમ પડે. હમેં પડે નહીં. એક મનુષ્ય ઐસા કહતા થા. બહુત પૈસાવાલા થા. બહુત સાલ પહલેકી બાત હૈ. ઉસ સમય પચાસ-સાઠ લાખ રૂપયે થેં. અભી તો આઠ-દસ કરોડ હો ગયે હૈં. તો પહલે યહાં આયા. યહાં તો આતે હૈ ન ગૃહસ્થ લોગ ભી બહુત આતે હૈં. યહાં તો કહા પહલે. ૯૪કી સાલકી બાત હૈ. ૨૮ સાલ પહલે. એય..! સેઠ! આપ કુછ યહ સુનનેકે લિયે સમય નિકાલતે હો કિ નહીં? ઐસા જવાબ દિયા. મિલ માલિક થા. મિલ માલિક. .. પુત્ર હૈ. આઠ-દસ કરોડ રૂપિયા હૈ. તે દિ' ૫૦-૬૦ લાખ થા. તો ઉસને કહા. અરે મહારાજ! તુમ ઐસે કહતે હો. પરંતુ હમારે સ્થાનમેં તુમ હોં તો માલુમ હો કિ નિવૃત્તિ મિલતી હૈ કિ નહીં. આહા..હા..! મુલચંદભાઈ! ક્યા કહતે હો? ક્યા હુઆ? કીધું આ. ક્યા હૈ? પૈસા અને પૈસાકી મમતાકા ક્યા પાવર ચઢ ગયા હૈ તુમકો? ઐસે કહતે હૈં કિ હમારે સ્થાનમેં તુમ હો તો ઈતની નિવૃત્તિ તુમકો ન મિલે. આહા..હા..! મરનેકી નિવૃત્તિ મિલેગી કિ નહીં? કહા. પછી ... ક્યા બોલતે હો? કિસકે પાસ તુમ બોલતે હો? આપકે પૈસા ૫૦ લાખ ધૂલમેં હૈ તો યહાં બોલતે હો ઐસી બાત? હમારે સ્થાનમેં હો તો તુમકો પતા ચલે કિ યહ નિવૃત્તિ પૈસેકે કારણ નહીં મિલતી હૈ. સોભાગભાઈ! યહાં બની થી બાત બની થી. દર્શન કરનેકો તો આવે. મુંબઈ આવે. આ છેને. ક્યાં ગયા પુરૂષોત્તમભાઈ? આ રહ્યા એના. એ મંગળભાઈ. આવ્યા હતા તે દિ'. પછી આમ બોલી ગયા બિચારા હોં. આમ બોલી ગયા. પછી તો બહુ ઘણું .. બોલ્યા હતા. .. પાસ બોલે થે. તુમ ક્યા હૈ? ઈતના સારા પાવર ચડ ગયા હૈ પૈસાકા? પૈસા એટલે ક્યા? કરોડ, અબજ, ધૂલ વહ પરચીજ. ઉસકે કારણસે તુમ રુકતે હો? મમતાકે કારણસે રુકા હૈ ઔર કહતે હૈ કિ ઈતની સ્થિતિમેં હમ નિવૃત્તિ કૈસે લે સકે? મર જાવે તબ લે સકતા હૈ કિ નહીં? સમજમેં આયા?

ભગવાન આત્મા નિવૃત્ત સ્વરૂપ હી હૈ. પુણ્ય-પાપકા રાગસે રહિત સ્વરૂપ હૈ. નિવૃત્ત સ્વરૂપ હી હૈ. વહ પુરુષાર્થસિદ્ધિ ઉપાય મેં લિયા હૈ. ભાઈ! પાંચવા પરિગ્રહકા અધિકાર લિયા હૈ વહાં. અમૃતચંદ્રાચાર્ય મહારાજ. અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર સમયસારકી. ભગવાન આત્મા અપરિગ્રહ સ્વરૂપ હી હૈ, નિવૃત્ત સ્વરૂપ હી હૈ. ઉસમેં શરીર, વાણી, કર્મ નહીં, ધૂલ ઔર લક્ષ્મી તો કહાં રહ ગયી તેરી. વહ તો ધૂલ મિટ્ટી બાહરમેં હૈ. વિકલ્પ ઉઠતે હૈ શુભ-અશુભકા વહ ભી સ્વરૂપમેં નહીં. ઐસા આત્મા નિવૃત્ત સ્વરૂપ હૈ ઉસકી નિવૃત્તિ કરનેકા વિચાર નહીં. હમેં યહ સબ નડતા હૈ. ધૂલ નડતી હૈ તુઝે (ધૂલ) કી મમતા નડતી હૈ? ભીખાભાઈ! પછી તો બિચારા ઠરી ગયા ઘડીકમાં હોં. મેં કીધું, ભાઈ! કોની પાસે બોલો છો તમે આ? કઈ દુકાન છે આ?

કઈ દુકાને હું આવ્યો છું ઈતના ભી વિવેક નહીં? ઈસ દુકાનકે પાસ ઐસી બાત કરતે હો તુમ? પૈસા એટલે ક્યા? રાગ એટલે ક્યા? સમજમેં આયા?

પગમેં એક વીંછી કાટ લે. વીંછી સારા ડંખ માર દે, વ્યાપાર-વ્યાપાર સબ બંધ કરકે, અરે! મુઝે ઐસા હો ગયા. હાય હાય રે! જયચંદભાઈ! કહાં ગયે મોહનભાઈ? એક વીંછી અચ્છે સે કાટ લે તો ભાઈ! યહ પીડા મેરેસે સહન નહીં હોતી. દૂસરા રોગ હો, દૂસરા રોગ હો તો સબમેં યહ સહન, યહ પીડા. પરંતુ દૂસરે રોગ વખતે ભી ઐસી પીડા તુમકો લગેગી. રાડ ઐસી ને ઐસી પડેગી. કેમ જયચંદભાઈ! છે વીંછી અત્યારે? તો શું દુઃખ છે?

મુમુક્ષુ :- મમતાનું દુઃખ.

ઉત્તર :- મમતાનું છે. અરે! બીજાને મોહનભાઈનું શરીર સારું અને મારે નહિ. ઉસકો ઐસા હૈ મુઝે નહીં. કહા ઐસા ફૈસા બાહ્ય સામગ્રીસે અધિક મિલના માનના વહ મૂઢતા હૈ. નિરોગતા-સરોગતા બાહ્યકી ચીજ હૈ ઉસસે અનુકૂલતા-પ્રતિકૂલતા માનના વહી ભ્રમ અજ્ઞાન હૈ. બાહરકી ચીજકી અધિકતા ઔર હીનતા સંયોગસે આત્માકો કલ્પના વહી મૂઢ હૈ. સમજમેં આયા? અરે! કિસીને શુભભાવ બહુત કિયા. ઉસસે યહ અધિક હૈ મેરેસે યહ માનના ભી મૂઢ હૈ. ક્યા અધિક હૈ? અધિક તો શુભ ઔર અશુભભાવ ઔર ઉસકા નિમિત્ત સબકા લક્ષ છોડકર ભગવાન આત્મા **'णाणसहावाधियं मुणदि आदं'** સમયસારકી ૩૧મી ગાથામેં હૈ. વિકાર ઔર પરસે અધિક મુણદિ મેરા આત્મા નિવૃત્તસ્વરૂપ હી હૈ. મુઝે નિવૃત્તિ હૈ. અનાદિ-અનંત મૈં નિવૃત્ત સ્વરૂપ હી હૂં. આહા..હા..! ચંદ્રકાંતજી! આહા..હા..! પ્રવૃત્તિ કૈસી? ક્યા પરમાણુકી જડકી પ્રવૃત્તિ આત્મા કર સકતા હૈ? ક્યા તેરી પ્રવૃત્તિ હૈ? તેરેમેં શુભ-અશુભ પાપ પરિણામ, શુદ્ધ ચૈતન્ય ભગવાનકા આશ્રય છોડકર, લક્ષ છોડકર, રુચિ છોડકર, ઉત્સાહ, સાવધાની છોડકર વહાં સાવધાની તેરી પડી હૈ, તો કહતે હૈં કિ આત્માકા ચિદાનંદ ભગવાન દેવ જલા દેતે હો તુમ. આહા..હા..! જયંતિભાઈ! આહા..હા..!

**'ભાવાર્થ :-'** લો ભસ્મ કર દેતે હૈ. **'જિસ સમય ખ્યાતિ, પૂજા, લાભકે અર્થ શુદ્ધાત્માકી ભાવનાકો છોડકર...'** દેખો, અરે ભગવાન આત્મા મૈં પરમાનંદકી મૂર્તિ. ઉસકા અંતર લક્ષ અને રુચિકા જોર દેના ચાહિયે, વહ તો જોર દેતે નહીં. અજ્ઞાનકે કારણ **'અજ્ઞાન ભાવોં મેં પ્રવર્તન હોતા હૈં,...'** અજ્ઞાનભાવકા અર્થ શુભાશુભભાવ. સમજમેં આયા? આહા..હા..! આત્માકા શ્રદ્ધા જ્ઞાન ભાન હુઆ, પીછે જરી શુભભાવ હોતા હૈ તો ઉસકો નિમિત્ત તરીકે સમજે. નિમિત્ત તરીકે સમજે. શુદ્ધ ઉપાદાન તો મૈં હી આત્મા શુદ્ધ ચૈતન્યજ્યોત હૂં. ઉસકે આશ્રયસે મૈં મેરી શુદ્ધિકી ઉત્પત્તિ, શુદ્ધિકી વૃદ્ધિ, શુદ્ધિકા ટીકના... ક્યા હૈ સમજમેં આયા? મૈં શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ હૂં. ઉસકે લક્ષસે શુદ્ધિકી ઉત્પત્તિ, ઉસકે આશ્રયસે શુદ્ધિકા ટીકના, ઉસકા

આશ્રયસે શુદ્ધિકી વૃદ્ધિ. ઉસકે સિવાય દૂસરે કારણસે શુભ-અશુભભાવસે શુદ્ધિકી ઉત્પત્તિ હો, શુભ-અશુભભાવસે શુદ્ધિકી વૃદ્ધિ હો, શુભભાવસે શુદ્ધિકા ટીકના હો, વહ જૂઠ બાત હૈ, યહાં તો ઐસા કહતે હૈ. વિમલચંદજી! આહા..હા..! સમજમેં આયા? વહ તો હમારી દૃષ્ટિ ગયી વહાં. હમારે વિમલચંદજીને દેખા નહીં લડકીકો. આયી નહીં? એ તમારી છોડીને જોવી છે વિમલચંદજીને. નવા આવ્યા છે કેટલાક. આવી છે? પાછળ બેઠી છે? સમજાય છે કાંઈ?

ક્યા કહતે હૈ? આહા..હા..! આ તો એક પુનર્જન્મનો એક દાખલો. આવા અનાદિથી. અનાદિ અનંત આત્મા ઉસને ઐસા ને ઐસા જિંદગી ગંવાયા. યહાં તો ભગવાન આત્માકા આશ્રય અવલંબન છોડકર ઉસકા, પ્રેમ રુચિ છોડકર શુભ-અશુભભાવકી પ્રેમ-રુચિમેં પડા હૈ, વહ અજ્ઞાનભાવમેં પ્રવૃત્ત હોતે હૈં. આહા..હા..! સમજમેં આયા? '**ઉસ સમય જ્ઞાનાવરણીય કર્મકા બંધ હોતા હૈ.**' ક્યા કહતે હૈ? ભગવાન શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ ઉસકા આદર કરનેસે સમ્યગ્દર્શનમેં શુદ્ધ સ્વભાવ કેવલજ્ઞાનમય હૂં ઐસી પ્રતીત હોતી હૈ ઔર કેવલજ્ઞાન પ્રગટનેકા ઉપાય પ્રાપ્ત હોતા હૈ. ઐસા શુદ્ધ ભગવાન આત્મા ઉસકી રુચિ લક્ષ છોડકર, શુભભાવ શુભકી રુચિમેં અનંત કેવલજ્ઞાનકા આવરણ કેવલજ્ઞાનાવરણીય બંધ જાતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

વાણિયા હોય એ થોડો નફો હોય તો ન કરે. ઝાઝો નફો હોય અને વિશેષ એવું હોય તો વ્યાજે પણ આપે. પાંચ લાખ આપે તો વ્યાજ બરાબર મળે અને રૂપિયા પાછા મળે તો જ વ્યાજે આપે. વ્યાજને ખાતર રૂપિયા જાય તો વ્યાજે આપે નહિ. એ પચાસ હજાર દે. જાઓ એક ટકાનું વ્યાજ આપીશ. પણ ટકાના વ્યાજમાં પચાસ લાખ લઈ ગયા એ? આ ફિલ્મ-બિલ્મમાં કરે છે કે નહિ? એય..! ફિલ્મના હોય છેને લોભિયા? નારણભાઈ! એક અહીં મલુકચંદભાઈ છે અને બેય છે હોં. એ તો એનો દીકરો છે ને. એકમાં અહીં લાભ કરવા જાય ત્યાં જાય બધું અંદરથી. કેટલું એમ ને એમ એકદમ જાણે નફો થઈ જશે. પણ પુણ્ય કિતના હૈ ઉસકી ખબર નહીં.

યહાં કહતે હૈ, અરે! તેરા ચૈતન્ય ભગવાન આત્મા શુદ્ધ નિધાન પડા હૈ ઉસકી શ્રદ્ધા, જ્ઞાન, રુચિકા કાલ આયા ઉસકો છોડકર અજ્ઞાનમેં પ્રવર્તતા હૈ તો જ્ઞાનાવરણીય બંધ જાયેગા. આત્માકા શ્રદ્ધા આરાધનમેં કેવલજ્ઞાન હોગા. ઔર આત્માકા આરાધન છોડકર શુભભાવકા ભી આરાધન કરનેસે કેવલજ્ઞાનાવરણીય બંધ જાયેગા. એમ કહતે હૈ. આહા..હા..! સમજમેં આયા? કહો, વજુભાઈ! શું કરવું પણ આમાં હવે? પાછો શરીરમાં રોગ આવે લ્યો. રોગ માટે રોકાવું પડે. શરદી હોય રોકાવું પડે. શ્વાસ ન નીકળે ત્યાં સુધી શું કરવું? સરખો શ્વાસ ન આવે તો ધ્યાન ન થઈ શકે, વિચાર ન થઈ શકે. એ સાચી વાત હશે? આહા..હા..!

મુમુક્ષુ :- મુનિઓને મહા રોગ હોય.

ઉત્તર :- અરે! મુનિઓને તો ક્ષય રોગ હોય શરીરનો. અશાતાકા ઉદય હો ઉસમેં ક્યા હૈ? સનતકુમાર ચક્રવર્તી સાતસો વર્ષ ગલત કોઢ. ગલત કોઢ. યહ સબ ટૂકડા-ટૂકડા હો ગયા. ક્યા બાહ્ય સાધન આત્માકી એકાગ્રતાકો રોક સકતા હૈ? તીન કાલ, તીન લોકમેં બાહ્ય પ્રતિકૂલતા આત્માકો કભી રોક સકતી નહીં. ઔર ક્યા બાહ્યકી અનુકૂલ સામગ્રી આત્માકો શાંતિ ઔર સ્વભાવ સન્મુખ હોનેમેં મદદ કરતે હૈ? શરીર ઠીક હો તો ઠીક રહે કિ નહીં?

યહાં તો યહ કહતે હૈ કિ ભગવાન! ઠીક તો તેરી ચીજ ચાહિયે. બાહ્યકી ઠીક યા અઠીક ઉપર કોઈ સાધન હૈ નહીં. ઇતના સાધન થોડા હો ન પીછે મૈં ધર્મ કરુંગા. ઇતના સાધન હો તો પીછે મૈં ધર્મ કરુંગા. મૂઢ હૈ? સાધન કિસકા તુઝે લેના હૈ? બડા સાધન પડા હૈ તેરે પાસ. અખંડાનંદ ભગવાન ઉસમેં સાધન નામકા ગુણ પડા હૈ. આત્મામેં સાધન નામકા ગુણ શક્તિ પડી હૈ. વહ બાહ્યકા સાધનકી ઇચ્છા કરતા નહીં. આહા..હા..! ચંદ્રકાંતજી! આહા..હા..! આચાર્ય જરી વહ કહતે હૈં. યે પરમાત્મપ્રકાશ હૈ ન પ્રભુ! તેરે પાસ તો સાધનશક્તિ પડી હૈ, કર્તાશક્તિ પડી હૈ, કામ કરનેકી, કામ કરનેકી, તેરા કામ કરનેકી શક્તિ પણ તેરેમેં પડી હૈ. તેરા કામ મોક્ષમાર્ગકા કામ કોઈ પરકે કારણસે હોતા નહીં. મોક્ષમાર્ગકા કાર્ય કરનેમેં કાર્યશક્તિ તેરે પાસ પડી હૈ. સમજમેં આયા? પરકા કાર્ય થોડા કર દું પીછે મેરા કરુંગા. ઐસા હોતા હૈ કિ નહીં? રતનલાલજી! હોતા હૈ. ક્યાં ગયા ડોક્ટર? આવ્યા નથી હજી? આવ્યા છે. આવો આવો અહીંયા નજીક. થોડા ઓલંભા તો સુનો.

ક્યા કહા સમજમેં આયા? આચાર્ય મહારાજ ઐસા કહતે હૈં. કિ યહ આત્મા જ્ઞાનકી મૂર્તિ, જ્ઞાનકી ડલ્લી ઐસી અંતરમેં રુચિ લક્ષકા આશ્રય છોડકર અકેલા શુભ-અશુભભાવકા આશ્રય હેતુમેં પડા હૈ વહ મૂઢ આત્મદેવકો જલા દેતા હૈ. સમજમેં આયા? આહા..હા..! .. કરુંગા, કુછ પૈસા પાંચ-પચાસ લાખ મિલે. ચાર બચ્ચા હૈ. ચારકા ભાગ કર દું. પીછે નિવૃત્તિ હો, ચાર છોકરામેં કજીયા ન હો. કિસીકો આઠ છોકરા હો લ્યોને. તમારે કેટલા? સાત કે છ? એને બધાને ભાગ પાડી પછી એ લોકો ક્લેશ ન કરેને તો આપણે નિવૃત્તિથી ધર્મ કરી શકીએ. નિવૃત્તિસે. મૂઢ હૈ? કૌન કહતા હૈ ઐસા હોતા હૈ? વહ કહતે હૈ. કન્યા-બન્યા હો ઠેકાણે પડ જાયે. જુવાન કન્યા છે ઘરે ભાઈ તીન-ચાર. એક ૧૮, એક ૨૦, એક ૨૨ સાલકી. અબ ક્યા કરના? હમારે એક-એક કન્યાકા લગન કરનેકો લાખ-લાખ રૂપિયા ચાહિયે. સબકી વ્યવસ્થા. ઐસા વેવાઈ મિલે કડક. વહ સબ વ્યવસ્થા અચ્છી હો જાયે ફિર નિરાંતે ધર્મ કરુંગા. મૂઢ હૈ? એમ કહતે હૈ. વહ તો યહાં કહતે હૈ. તેરા સાધન યહાં પડા હૈ, યહ અનુકૂલ હો તો કરુંગા ઐસા કહાંસે લાયા? આંખ મીંચકર ચલા જાયેગા નરક-નિગોદમેં. ચાર ગતિમેં પતા નહીં લગેગા કિ માણસ

કબ હોગા? વહી યહ કહતે હૈ કહાંસે મનુષ્ય હોગા? વહ બિચારે કહતે થે. ધનજીભાઈ કહતે થે. અરે ઐસા સાધન મિલા, અબ યહાંસે ગયે તો મનુષ્યપના મિલના મહા સાધન. મનસુખભાઈ! ભાઈ! ટાણા મળે ક્યારે? આત્માકી ચીજકા કાર્ય કરનેકા અવસર નહીં. દૂસરા કાર્ય કરનેમેં અવસર મુઝે મિલતા નહીં. બડી અચ્છી બાત હૈ. સમજમેં આયા? યહાં આચાર્ય વહી ઓલંભા દેતે હૈ.

ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ ઉસકા આશ્રય લેનેકા તુઝે અવસર-કાલ હો વહ છોડકર અજ્ઞાનભાવમેં ઉસકા આશ્રયમેં ઠીક પડે તો પીછે મૈં કરુંગા. આત્મ.. ભગવાન! તેરે આત્મદેવકો જલા દેતે હૈ. મૂઢ હોકર ચાર ગતિમેં ચલા જાયેગા. તુઝે ઐસા અવસર ફિર નહીં મિલેગા. માંડ-માંડ મિલા હૈ. બરાબર હૈ કિ નહીં? ભાઈ! આહા..હા..! ભારે વાત કરી. ઔર **'મોહકે ઉદયસે અનંતસુખ.'** દેખો, સમજમેં આયા? મોહકે ઉદયસે. પહલે કેવલજ્ઞાન લિયા. પહલે જ્ઞાન લિયા. પહલે સુખ લિખા હૈ. હે ભગવાન! તેરે આત્મામેં સુખ આનંદ હૈ ન ઉસકા .. કાર્ય છોડકર મૈં ઐસા કર લૂં... ઐસા કર લૂં... ઐસા કર લૂં... ઐસી મિથ્યા ભ્રમકી દૃષ્ટિમેં તુઝે મોહ બંધેગા. ઔર મોહકે કારણસે આત્માકા અનંત સુખ ઢંક જાયેગા.

'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે.' આતા હૈ કિ નહીં? વહ શ્રીમદ્ હુએ ન? શ્રીમદ્ રાજચંદ્ર. બહુત છોટી ઉમ્રમેં હોં. ૧૬ વર્ષકી ઉમ્ર. ૧૬ વર્ષ. ૧ ઔર ૬. ૧૬ વર્ષમેં ગાયન બનાયા. 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો, ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!' ઈતના ગંભીર ૧૬ વર્ષમેં લિખા. ૧૬ વર્ષમેં હોં ભૈયા! ૩૩ વર્ષમેં દેહ છૂટ ગયા. ૩૩ વર્ષ ઔર ચાર માસ. ફોટા હૈ ન અંદર? સોલહ વર્ષમેં બનાયા. 'સુખ પ્રાપ્ત...' પુણ્ય-પાપકે પરિણામમેં રુકકર અથવા બાહ્યસે સામગ્રી મિલેગી ઠીક... ઠીક.. ઠીક.. ઐસી પ્રાપ્તિકી ઈચ્છામેં 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે.' અપના આનંદ-સુખકા ઘાત હોતા હૈ. મૂલચંદભાઈ! બરાબર હૈ કિ નહીં? 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે.' અંદરના સુખનો નાશ તુઝે હોતા હૈ યહાં આચાર્ય કહતે હૈં.

પીછે તો ઈતના જરી કડક લિયા. શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો?' અરે! ચૈતન્ય ક્ષણે ક્ષણે પુણ્ય અને પાપમાં રાગની એકતાને કારણ તેરા ક્ષણે ક્ષણે મૃત્યુ હોતા હૈ. આહા..હા..! (શાંતિ) જલા દેતે હૈ. ક્યા કહા સમજમેં આયા? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં...' ભાવમરણ. દ્રવ્યમરણ તો દેહકી સ્થિતિ પૂરી હોગી તબ હોગા. પરંતુ ક્ષણે ક્ષણે ભગવાન શુદ્ધ વીતરાગ ચિદાનંદ પ્રભુ ઉસકે લક્ષ રુચિકે કાલમેં વહ છોડકર પુણ્ય-પાપકી રાગકી એકતાબુદ્ધિ તેરે પડી હૈ, તેરા ક્ષણે-ક્ષણે આનંદકંદકા મૃત્યુ હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? ડોક્ટર? ૧૬ વર્ષે કહે છે ૧૬ વર્ષે. શ્રીમદ્ રાજચંદ્ર. ૩૩

વર્ષમેં દેહ છૂટ ગયા. એકાવતારી હો ગયે. એક ભવ. એક ભવ. ગૃહસ્થાશ્રમમેં થે. કુટુંબ ભી થા, લાખોકા મોતીકા વ્યાપાર થા. ક્યા હૈ? હો, પરંતુ મેરી ચીજ ભિન્ન હૈ. અંતરમેં ભાન થા. ભાન બિનાકા ત્યાગી ભી અનંત સંસારમાં ભટકતે હૈં. રત્નકરંડ શ્રાવકચારમેં કહા. ઔર ભાનવાલા ગૃહસ્થ ભી એકાવતારી-એકભવતારી હો જાતા હૈ. ઐસા ભાન થા તો બોલ ગયે અંદરમેં.

'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' ૩૩ વર્ષે દેહ છૂટને સે પહલે કહ ગયેં કિ હમ દેખતે હૈં તો એકતરફ ભગવાન આત્માકી દૃષ્ટિ અનુભવમેં આતા હૈ. એકતરફ થોડા રાગ ભી દિખતા હૈ. તો રાગકી લંબાઈમેં ઈતના અંદરમેં ખ્યાલમેં આતા હૈ કિ હજી 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે' થોડો રાગાદિ છે, થોડો ભોગવવાનો કાળ લાગે છે. 'જેથી દેહ એક ધારીને...' હવે પછી એકાદ દેહ મનુષ્યકા ધારકર 'જાશું સ્વરૂપ સ્વદેશ રે' સુભાગચંદભાઈ! દેખો! આહા..હા..! ગૃહસ્થાશ્રમમેં. પરંતુ ગૃહસ્થાશ્રમમેં ક્યા આત્માકા ભાન દર્શન હુઆ? સમ્યક્ અનુભવ હુઆ, મૈં રાગ પુણ્ય વિકલ્પસે ન્યારા હૂં. ઐસી ચીજ ભાન હુઆ, પડકાર આત્મા મારતા હૈ. થોડો રાગ બાકી હૈ. અભી મૈં વીતરાગ ચારિત્રકી સ્થિરતા સ્વરૂપમેં નહીં હૈ. આ બાહ્યની વાત નથી. અંદરમેં સ્થિરતા ચાહિયે. તો મુઝે લગતા હૈ કિ એકાદ ભવ મુઝે કરના પડેગા ઔર એક ભવ પીછે મેં સ્વરૂપકે સ્વદેશમેં રાગ અને વિકલ્પકા ભવ વહ સબ પરદેશ હૈ. આહા..હા..! શુભ-અશુભભાવ ઔર ઉસકા ફલ પરદેશ હૈ. વહ પરદેશમેં થોડા એકાદ ભવ રહના હૈ, પીછે સ્વરૂપમેં સમા જાયેગા. પીછે હમ કેવલજ્ઞાન, કેવલદર્શન લેકર અપને સ્વરૂપકી પ્રાપ્તિ કર સ્વદેશમેં આ જાયેગા. સમજમેં આયા? ઐસા આત્માકા સમ્યગ્દર્શન ભાન હોનેસે અંતરમેં અનુભવમેં પડકાર હોતા હૈ. ઐસે નહીં કિ ક્યા હોગા, હમારે અનંત ભવ હૈ કિ નહીં? હમારે ગૃહસ્થાશ્રમ હૈ. વ્યાપાર ધંધા, હૈ ક્યા? હમારે હૈ હી નહીં. આહા..હા..! સમજમેં આયા? થોડા રાગ હૈ તો દેહકી ક્રિયા બાહરકી વ્યાપાર ધંધાકી હોતી હૈ. હો, હમારે ક્યા હૈ? હમતો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા આનંદ હૈ. ઐસા ભાનમેં ગૃહસ્થાશ્રમમેં ભી આત્માકો ઉજાલતે હૈ, અજ્ઞાની ઐસે અવસરમેં પુણ્ય-પાપકી એકાત્મબુદ્ધિમેં આત્માકો જલા દેતે હૈ. સમજમેં આયા?

પાછા ગયા કૈસા? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણ' ઐસા કહા. ભયંકર ભાવમરણ. આહા..હા..! દેહકા છૂટના તો અનંતબાર છૂટા, પરંતુ ક્ષણે ક્ષણે પ્રભુ અમૃત અનાકુલ આનંદકા કંદકી રુચિ ઔર પ્રેમ છોડકર યે શુભ-અશુભ રાગકી રુચિમેં પડા ચૈતન્ય ભગવાન ભાવપ્રાણ ઉસકી હિંસા હોતી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એ જ કહે છે. ક્ષણે ક્ષણે ભૂલ કરતે હૈ .. ભયંકર ભૂલ ઐસી નહી .. ધર્મીકો થોડા, જ્ઞાનીકો પીછે રાગ હોતા હૈ થોડા ભોગકા આદિ, પરંતુ વહ તો થોડા અલ્પ દોષ હૈ, અલ્પ દોષ હૈ. પૂરે દરિયામેં એક ચપટી રાખ જિતના પાપ હૈ. અજ્ઞાની પુણ્ય ઔર પાપકી ક્રિયાસે લાભ માનનેવાલા વહ શુભ-અશુભભાવકા કર્તવ્ય મેરા માનનેવાલા, દેહકી ક્રિયા મેરી હૈ ઐસે માનનેવાલા, આત્માકો ક્ષણ ક્ષણ અનંત સંસારકી વૃદ્ધિસે જલા દેતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

અનંતસુખ '**વીર્યાંતરાયકે ઉદયસે અનંતબલ,...**' અપના ચૈતન્ય અનંતબલ, ચતુષ્ટય અંદર પડા હૈ. ઉસકી શ્રદ્ધા જ્ઞાનકો અંતર્મુખ હોકર કરતે નહીં ઔર બાહ્યકા શરીરાદિ બલ અથવા બાહ્યકી ક્રિયાકાંડમેં અપની રુચિ જોડકર અપને અનંતબલકો આવરણ હો ઐસા વીર્યાંતરાય બાંધ દેતે હૈં. આહા..હા..! સમજમેં આયા? ઔર '**કેવલદર્શનાવરણસે કેવલદર્શન આચ્છાદિત હોતા હૈ.**' ભગવાન દ્રષ્ટા સ્વભાવ. પરમાત્મસ્વભાવ દ્રષ્ટા હૈ ઉસકી રુચિ, પ્રેમ તો અંતર નહીં ઔર પુણ્ય-પાપ વિકલ્પકી ક્રિયામેં રુચિ ઔર યહ મેરા કર્તવ્ય ઐસા માના. તો કહતે હૈ કિ દર્શનાવરણીય અનંત બંધતા હૈ તેરા દ્રષ્ટાગુણ ઢંક જાતા હૈ. સમજમેં આયા? '**ઈસપ્રકાર અનંતચતુષ્ટયકા આવરણ હો રહા હૈ. ઉસ અનંચતુષ્ટયકે અલાભમેં પરમૌદારિક શરીરકો નહીં પાતા,...**' દેવાલય કહા ન દેવાલય? દેવાલયકો જલાતે હૈ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય જો પ્રાપ્ત હોતા હૈ સ્વરૂપકી આરાધનાસે. પુણ્ય-પાપ, વિકલ્પ દેહકી ક્રિયાકે આરાધનાસે નહીં. તો સ્વરૂપકી આરાધના કી નહીં, રાગકી આરાધના વહ અંદરમેં રુચિ ઔર પ્રેમસે કિયા, કેવલજ્ઞાનાદિ ચતુષ્ટય નહીં પ્રગટ હોગા ઔર વહ ચતુષ્ટય પ્રગટ હોનેમેં પરમૌદારિક શરીર (મિલતા) હૈ. વહ ભી ઉસકો મિલેગા નહીં. જુઓ, પાછા યહ ભી બતા દિયા. કિ જબ કેવલજ્ઞાન હો તબ પરમૌદારિક શરીર હો જાતા હૈ. ઐસા ભગવાન કેવલીકો રોગ હો, ક્ષુધા હો, તૃષા હો ઐસા શરીર હૈ હી નહીં. એમ કહતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમૌદારિક... કહતે હૈ ન વહ ભગવાનકો રોગ આયા. સબમેં કહતે હૈ સ્થાનકવાસી,.. રોગ આયા ઔર છ મહિના ઉસકો ક્યા? .. રોગ હુઆ. હોતા હી નહીં ભગવાનકો. કેવલજ્ઞાન હો ઉસકો તો પરમૌદારિક શરીર હૈ. રોગ કૈસા? ક્ષુધા કૈસી? તૃષા કૈસી? વહ પરમ શરીર ઔદારિક ... ખબર હૈ ઔર અનંતજ્ઞાન પ્રાપ્તકાલમેં પરમૌદારિક શરીર હોતા હૈ. નિમિત્ત ઐસા હોતા હૈ, ઉપાદાન ઐસા હોતા હૈ. દોકી બાત યહાં કહી હૈ. સમજમેં આયા? જો ઐસે માને કિ સર્વજ્ઞ હોતા હૈ, પીછે ભી રોગ હોતા હૈ. ભગવાનકો ભી રોગ હો, ભગવાનકો ભી તૃષા લગે, ક્ષુધા લગે. વહ ભી આહાર, પાની, દવા લે. સબ જૂઠ બાત હૈ. ઉસને ભગવાન આત્માકા

સ્વભાવ ક્યા હૈ, કેવલજ્ઞાન ક્યા હૈ ઔર કેવલજ્ઞાનકા ઉપાય ક્યા હૈ—કિસીકો જાના નહીં. માર્ગકો જાના નહીં, માર્ગકે ફલકો જાના નહીં, માર્ગકા આરાધન દ્રવ્ય ક્યા હૈ ઉસકો જાના નહીં. સમજમેં આયા? પરમૌદારિકકો.. મોક્ષ હોતા હૈ ઉસકા નાશ હોતા હૈ.

**'ઈસલિયે જો કોઈ સમભાવમેં શુદ્ધાત્માકી ભાવના કરે, તો અભી સ્વર્ગમેં જાકર પીછે વિદેહોમેં મનુષ્ય હોકર મોક્ષ પાતા હૈ.'** લ્યો ક્યા કહતે હૈ? ભલે પંચમકાલમેં હૈ દેહ. .. ક્યોં કહતે હૈ? અપના શુદ્ધ ભગવાન ઉસકી શ્રદ્ધાજ્ઞાનસે આત્માકા આરાધન કરે તો ઉસકો એકાદ ભવ રહ જાયે, સ્વર્ગમેં જાયેગા. વહાંસે દેવ હોકર મહાવિદેહસે મોક્ષ જાયેગા. દેખો, અભી સ્વર્ગમેં જાકર પીછે મનુષ્ય હોકર મોક્ષ જાતા હૈ. ભગવાન આત્મા પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ વહ પુણ્ય-પાપકા રાગરહિત સ્વભાવકા આરાધન કરનેસે બાકી રહે થોડા રાગ, એકાદ ભવ સ્વર્ગકા હો જાયેગા, સ્વર્ગસે મનુષ્ય હોકર, કેવલજ્ઞાન પાકર મહાવિદેહસે મોક્ષ હો જાયેગા. સમજમેં આયા?

**'ઐસા હી કથન દૂસરી જગહ શાસ્ત્રોંમેં લિખા હૈ,...'** એ કુંદકુંદાચાર્યમાં છે, મોક્ષપાહુડ. **'કિ તપસે સ્વર્ગ તો સભી પાતે હૈં,...'** ક્યા કહતે હૈ? કિ પુણ્ય કરનેસે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરનેસે તો સ્વર્ગ મિલતા હૈ અજ્ઞાનીકો. **'પરંતુ જો કોઈ ધ્યાનકે યોગસે સ્વર્ગ પાતા હૈ, વહ પરભવમેં સાસતે (અવિનાશી) સુખકો (મોક્ષકો) પાતા હૈ.'** ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ ઉસકી શ્રદ્ધાજ્ઞાનકી અંતર નિર્મલ એકાગ્રતા હુઈ, અનુભવ હુઆ. ઐસે ધ્યાનકે યોગસે બાકી રાગ રહ ગયા ઔર સ્વર્ગમેં જાતા હૈ તો પીછે એક ભવ કરકે મોક્ષ જાયેગા. તો આત્માકી શ્રદ્ધા શુદ્ધ ચિદાનંદ આત્મા જ્ઞાનાનંદ હૈ ઉસકે આશ્રયસે લાભ હોતા હૈ. ઐસા ભાન બિના એકલી ક્રિયાકાંડ કરનેસે અજ્ઞાની તો અનંતબાર સ્વર્ગમેં ગયા. ઉસકી કોઈ નવીન બાત નહીં. વહ કુંદકુંદાચાર્ય કહતે હૈ મોક્ષપ્રાભૃત. ગાથા-૨૩ છે. ગાથા-૨૩ છે. ઉસમેં આધાર દિયા હૈ ટીકાકારને. કિ ભાઈ! સ્વર્ગ તો બહુત જીવ પાતે હૈ અનંતબારમેં. સમ્યગ્દર્શન-આત્મા શુદ્ધ નિર્વિકલ્પ આત્મા ઉસકી દૃષ્ટિ બિના રાગકા કર્તા, પુણ્યકા કર્તા હોકર, વ્રત, દાન, તપ કરકે મૂઢ મિથ્યાદૃષ્ટિ સ્વર્ગમેં અનંતબાર ગયા, વહ કોઈ નયી ચીજ નહીં. પરંતુ અપના શુદ્ધ ચૈતન્ય અનુભવ દૃષ્ટિ-રાગકા કર્તા મૈં નહીં, પુણ્યકા કર્તા નહીં, પુણ્ય મુઝે ચાહિયે નહીં, મુઝે તો એક આત્મા શુદ્ધ સ્વભાવ ચાહિયે. ઐસે આરાધનમેં કદાચિત રાગ રહ જાયે તો વહ સ્વર્ગમેં જાયે ઉસકી બલિહારી હૈ એમ કહતે હૈ. સમજમેં આયા?

**'અર્થાત્ સ્વર્ગસે આકર મનુષ્ય હોકર મોક્ષ પાતા હૈ, ઉસીકા સ્વર્ગ પાના સફલ હૈ,...'** વહ તો વર્તમાનમેં પૂર્ણ કેવલજ્ઞાન લે સકે નહીં તો અંતરમેં ધ્યાન શ્રદ્ધા, જ્ઞાનકી નિર્મલતા દ્વારા અનંત સંસાર છેદ દિયા. થોડા રાગાદિ રહા તો .. ભૂમિકામેં જાયેગા .. હોકર ધર્મશાલા

તરીકે. ધર્મશાલા.. સવેરમેં ધર્મશાલા છોડકર જહાં જાના હૈ વહાં મનુષ્યભવ આકર સાધન અંતર કરકે કેવલજ્ઞાન પા લેગા. સમજમેં આયા? '**ઔર જો કોરે (અકેલે) તપસે સ્વર્ગ પાકે ફિર સંસારમેં ભ્રમતા હૈ,...**' શુદ્ધ સમ્યગ્દર્શન આત્મા અખંડાનંદ નિર્વિકલ્પ આનંદ ઉસકા અનુભવ ઔર સમ્યગ્દર્શન બિના એકલી ક્રિયાકાંડસે '**કોરે (અકેલે) તપસે...**' તપ નામ મુનિપના ક્રિયાકાંડકા. અઠ્ઠાઈસ મૂલગુણકા પાલના વહ. '**તપસે સ્વર્ગ પાકે ફિર સંસારમેં ભ્રમતા હૈ, ઉસકા સ્વર્ગ પાના વૃથા હૈ.**' કહો, સમજમેં આયા? યહ ૯૨ ગાથા પૂરી હુઈ. યહ પરમાત્મપ્રકાશ યહાં પૂરા હુઆ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૩, બુધવાર, તા. ૦૨-૦૬-૧૯૬૫**
**ગાથા-૯૩-૯૪, પ્રવચન-૧૩૭**

યે પરમાત્મપ્રકાશ, દૂસરે અધ્યાયકી ૯૩વીં ગાથા ચલતી હૈ. ભાવાર્થ હૈ દેખો. ૯૩કા ભાવાર્થ. ૯૩ કહતે હૈ ન? ગાથા તો થઈ ગઈ છેને? ઉપર મથાળું થયું. વહ ગાથા.

૨૨૦) अप्पउ मण्णइ जो जि मुणि गुरुयउ गंथहि तत्थु।
सो परमत्थे जिणु भणइ णवि बुज्झइ परमत्थु।।९३।।

ઉસકા શબ્દાર્થ. '**જો મુનિ...**' હોકર '**બાહ્ય પરિગ્રહસે અપનેકો મહંત માનતા હૈ,...**' ખુલાસા ભાવાર્થમેં આયેગા. '**અર્થાત્ પરિગ્રહસે હી ગૌરવ જાનતા હૈ,...**' મૈં બડા હૂં ઐસા માનતા હૈ. '**નિશ્ચયસે વહી પુરુષ વાસ્તવમેં પરમાર્થકો નહીં જાનતા, ઐસા જિનેશ્વરદેવ કહતે હૈં.**' ભગવાન ત્રિલોકનાથ પરમાત્માને ઐસા કહા કિ જિસકો અપના આનંદ જ્ઞાયકસ્વભાવ રાગ વિકલ્પસે ભિન્ન હૈ ઉસકા ભાન નહીં, વહી શુભરાગ શિષ્ય આદિ, ગ્રંથ રચના આદિ, શબ્દ શાસ્ત્ર આદિકા વહ અભિમાન કરતા હૈ. બડાપન માનતા હૈ. બડાપન ઉસમેં હૈ નહીં. ઔર શાસ્ત્રકી રચના ન આયે, શિષ્ય અલ્પ હો ઐસા પરિગ્રહકી હીનતાસે અપનેકો હીન માને વહી મિથ્યાદષ્ટિ પરમસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઐસી પરમ ચીજકો વહ નહીં જાનતા હૈ. સમજમેં આયા?

'**ભાવાર્થ :- નિર્દોષ પરમાત્માસે...**' અર્થાત્ અપને નિજસ્વરૂપકી યહાં બાત હૈ. '**નિર્દોષ પરમાત્માસે...**' પરમ-આત્મા. પરમ આત્મા નામ પરમ સ્વરૂપ જ્ઞાયકભાવ સ્વભાવરૂપ ઐસા નિર્દોષ પરમ સ્વરૂપ વીતરાગ અપના નિજસ્વરૂપ દ્રવ્ય ઉસસે '**પરાઙ્મુખ...**' ઉસસે ઉલટા. '**જો પૂર્વસૂત્રમેં કહે ગયે સચિત્ત,...**' શિષ્ય આદિ સચિત્ત રાગાદિ '**અચિત્ત,...**' આભરણ અથવા મુનિકી અપેક્ષાસે કમંડલુ આદિ ઔર '**મિશ્ર...**' ગુણસ્થાન, માર્ગણા આદિકા વિચાર વહ વિકલ્પ હૈ '**પરિગ્રહ હૈ, ઉનસે અપનેકો મહંત માનતા હૈ,...**' મૈં ગુણસ્થાન, માર્ગણાસ્થાનકા બડા વિચાર કરનેમેં બહુત બડા હૂં. ભગવાન! વહ તો વિકલ્પ હૈ. ઉસસે બડાઈ માનના વહ ભગવાન વીતરાગ સ્વરૂપ ચિદાનંદ ઉસકો હીન માનને જૈસી બાત હૈ. સમજમેં આયા?

કહતે હૈ કિ '**પૂર્વસૂત્રમેં કહે ગયે સચિત્ત, અચિત્ત, મિશ્ર પરિગ્રહ હૈ,...**' શુભ વિકલ્પ જો ઉઠતા હૈ ઉસમેં અપની બડાઈ માનતા હૈ કિ હમ તો વિકલ્પ દ્વારા બહુત વિચાર કર સકતે હૈ. ઐસા ગુણસ્થાન, માર્ગણાસ્થાન યા સચિત્ત રાગાદિ ભાવ ઉસસે અપની બડાઈ, મહંતતા, અધિકતા, શ્રેયતા માનતા હૈ, વહ વિકલ્પ-ભેદવિચારસે રહિત અપના પરમસ્વરૂપ પરમાત્મા ઉસકો જાનતા નહીં. સમજમેં આયા? આહા..હા..! '**ઉનસે અપનેકો મહંત માનતા હૈ, જો મૈં બહુત પઢા હૂં.**' શબ્દાર્થ ઈતના લિખા હૈ. ટીકામેં તો વિશેષ હૈ. '**ग्रन्थरचनारूपशब्दशास्त्रैर्वा आत्मानं महान्तं मन्यते**' શાસ્ત્રકી રચના, શાસ્ત્રકા વ્યાખ્યાન, શાસ્ત્રકા સ્વાધ્યાય આદિ મૈંને બહુત કિયા હૈં. ઔર શાસ્ત્રકી રચના ભી મૈંને બહુત કી હૈ. ઈસસે અપની અધિકાઈ માનનેવાલા વહ વિકલ્પ અને બાહ્ય પરિગ્રહ શાસ્ત્ર આદિ ઉસકો અધિક માના. ભગવાન આત્મા ઉસસે રહિત, વહ વિકલ્પસે ઔર રચનાસે ભિન્ન ઐસા અપના પરમાર્થસ્વરૂપ ઉસને જાના નહીં. ઐસા જિનેશ્વરદેવ કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

'**ઐસા જિસકે અભિમાન હૈ,...**' ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, પૂર્ણ કેવલજ્ઞાન, કેવલદર્શન આનંદ આદિ પૂર્ણ સ્વભાવ સંપન્ન વહ જિસકી દૃષ્ટિમેં આયા, ઉસકો વહ શાસ્ત્ર રચનાદિકી અધિકાઈ દૃષ્ટિમેં લગતી નહીં. સમજમેં આયા? વહ વિકલ્પ ભી પુણ્યબંધકા કારણ હૈ, ભગવાન અબંધ સ્વરૂપીમેં વહ એક કલંક હૈ. આહા..હા..! તો કલંકસે અધિક માનના વહ નિષ્કલંક ભગવાન અપના નિજસ્વરૂપ ઉસકો વહ નહીં જાનતા. સમજમેં આયા? આહા..હા..! દેખો, મૈંને બહુત શાસ્ત્રરચના કી, શાસ્ત્ર બહુત પઢે ઔર શાસ્ત્રકા સ્વાધ્યાય વાંચનમેં ભી મૈં બહુત હોંશિયાર હૂં.

મુમુક્ષુ :- ગાણા તો એના જ ગાય છે.

ઉત્તર :- કિસકા ગાણા? કોણે ગાયા?

મુમુક્ષુ :- આત્માના.

ઉત્તર :- આત્માના. આ ગાય છે પરના. વિકલ્પ અને શાસ્ત્રની વાણી, ભાષા, પુસ્તક

રચના એ તો બધું વિકલ્પાત્મક ભાવ અને પરવસ્તુ તો જડ છે. વહ તો બનનેવાલી થી તો બની હૈ, તેરેસે બની નહીં. શાસ્ત્રરચના ભી અપનેસે નહીં બનતી કોઈ જ્ઞાની-અજ્ઞાનીસે.

મુમુક્ષુ :- આચાર્ય તો બનાવેને.

ઉત્તર :- કૌન બના સકે? તીન કાલમેં નહીં બના સકતે. રતનચંદજી! હમારે પંડિતજી તો રામજીભાઈ બોલે તો બહુત...

કહતે હૈ, ઈસ કાલમેં બના સકતે હૈ ઐસા હૈ? માનતે હૈ તો તીનોં કાલ માનતે હૈ ઉસમેં ક્યા આયા? ભગવાન તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ ઉસમેં વિકલ્પ આયા વહ ભી અપના સ્વરૂપ ક્યા હૈ? સમજમેં આયા? વહ પ્રવચનસારમેં નહીં કહા? પ્રવચનસારમેં અમૃતચંદ્રાચાર્યને આખિરકા શ્લોકમેં કહા હૈ. ઓહો..હો..! વહ દૂસરી. યહ તો રચના મેરી નહીં, મેરી નહીં. ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહતે હૈ. અરે ભગવાન! ખરેખર પુદ્ગલો સ્વયં શબ્દરૂપે પરિણમતે હૈ. આત્મા ઉસકો પરિણમા સકતા નહીં. સમજમેં આયા?

व्याख्येयं किल विश्वामात्मसहितं व्याख्या तु गुम्फो गिरां
व्याख्येयं किल विश्वामात्मसहितं व्याख्या तु गुम्फो गिरां
व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु।
वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलाद्
लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः।।२१।।

કહતે હૈં, **'આત્મા સહિત વિશ્વ વહ વ્યાખ્યેય (સમજાને યોગ્ય) હૈ, વાણીકા ગુંથન વહ વ્યાખ્યા હૈ ઔર અમૃતચન્દ્રસૂરિ વે વ્યાખ્યાતા હૈં,...'** એ વ્યાખ્યા કરનાર, સમજાવનાર છે **'ઈસપ્રકાર જન મોહસે મત નાચો...'** આહા..હા..! **'વાસ્તવમેં પુદ્ગલ હી સ્વયં શબ્દરૂપ પરિણમિત હોતે હૈં,...'** આત્મા શબ્દકી પર્યાયકો ઉસ કાલમેં જડકે ઉત્પાદકો કૈસે પરિણમિત કરે? **'વાસ્તવમેં સર્વ પદાર્થ હી સ્વયં જ્ઞેયરૂપ-પ્રમેયરૂપ પરિણમિત હોતે હૈં, શબ્દ ઉન્હેં જ્ઞેય બના-સમજા નહીં સકતે ઈસલિયે...'** હૈ જનો! આપ, વ્યાખ્યા કરનેવાલા મૈં હૂં, વાણીકા ગુંથન મૈંને કિયા હૈ, વ્યાખ્યાતા સમજાનેવાલા મૈં હૂં ઔર ઉસકે કારણસે પરજન સમજતે હૈં—ઐસે મોહસે, ભ્રમણાસે જનોં ન નાચો. ન ફુલાઓ-ન ફુલાઓ. ભગવાન! એક જ્ઞાનસ્વરૂપ ભગવાન વહ બહારમેં ક્યા આયા વિકલ્પમેં? ઔર વહ વાણીમેં કહાં આયા કિ ઉસને રચના કી? સમજમેં આયા?

**'(કિંતુ) સ્યાદ્વાદ્વવિદ્યા બલસે...'** અર્થાત્ મૈં મેરે સ્વભાવમેં હૂં, મૈં વિભાવમેં નહીં, વિભાવમેં સ્વભાવ નહીં. વાણીમેં રાગ નહીં, રાગમેં વાણી નહીં, વાણીમેં મૈં નહીં, મૈં મેં મૈં નહીં. ઐસા **'સ્યાદ્વાદવિદ્યાકે બલસે વિશુદ્ધ જ્ઞાનકી કલા દ્વારા...'** મૈં તો જ્ઞાનસ્વરૂપ રાગસે ઔર વાણીસે.

શાસ્ત્રરચનાસે મેરી ચીજ હી ત્રિકાલ ભિન્ન હૈ ઐસા '**જ્ઞાન દ્વારા ઈસ એક સમસ્ત શાશ્વત સ્વતત્ત્વકો પ્રાપ્ત કરકે...**' ભગવાન જ્ઞાનમૂર્તિ સહજાનંદ સ્વરૂપ અપની જ્ઞાનપર્યાયસે સ્વકો જ્ઞેયકે પરિણમન કરકે આજ હી '**આજ (જન) અવ્યાકુલરૂપસે નાચો...**' અવ્યાકુલરૂપસે પરિણમો. દૂસરી કોઈ ચીજ ઉસમેં હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા? મૈં વ્યાખ્યાતા હૂં, વાણી વ્યાખ્યેય હૈ, દૂસરેકો સમજા સકતા હૈ ઐસી ભ્રાંતિ ન કરો. આહા..હા..! સમજમેં આયા?

ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ વહ વિકલ્પમેં, આસ્રવમેં કહાંસે આયા? ઔર વિકલ્પો આત્મસ્વભાવમેં કહાં સત્તામેં રહા? ઔર વાણીકી પર્યાય શબ્દસે પરિણમતે હૈ વહ પર્યાય આત્મામેંસે કહાંસે આયી? ઔર આત્મા વહ શબ્દકી પર્યાયકી સત્તામેં કહાં .. હૈ? સમજમેં આયા? ભગવાન આત્મા પરમસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ ઉસકી બડાઈ તો અપના પૂર્ણ શુદ્ધસ્વરૂપ એક સમયકી પર્યાયસે ભી પૂર્ણ અધિક હૈ ઉસમેં ઉસકી દૃષ્ટિકી બડાઈ હૈ. સમજમેં આયા? તો કહતે હૈં કિ ક્ષયોપશમ જ્ઞાન હો ઉસકી ભી વિશેષ બડાઈ નહીં. એક સમયકા ક્ષયોપશમ જ્ઞાન તો એક સમયકી પર્યાય હૈ. ઈસકી બડાઈ કહાં? એક સમયમેં જ્ઞાનસમુદ્ર ચૈતન્ય રત્નાકરમેં અનંત-અનંત કેવલજ્ઞાનકી પર્યાયકા રસ પડા હૈ. ઐસી દૃષ્ટિમેં પરમાર્થ જાનનેમેં પરકા અભિમાન ક્ષયોપશમકા ભી કહાંસે આતા હૈ? સમજમેં આયા?

ભગવાન આત્મા... યહાં કહા ન. પરમાર્થ-પરમ અર્થ-પરમ પદાર્થ. ઓહો..! એક રાગ નહીં, પર નહીં, અલ્પજ્ઞ પર્યાયકા વ્યક્તપના હૈ ઈતના નહીં. ઐસા પૂર્ણ પરમાર્થ ભગવાન ઉસકી દૃષ્ટિ કરનેવાલેકો ઐસી રચનાદિ યા ક્ષયોપશમ જ્ઞાનાદિકા, શાસ્ત્રકી વ્યાખ્યાતાકા કૈસે અભિમાન હોગા? ઔર વહ પરકા અભિમાન હૈ તો કૈસે પરમાર્થ જાના હૈ ઉસને? સમજમેં આયા? જિસકી કેવલજ્ઞાનકી એક પર્યાયમેં સ્વપરપ્રકાશક લોકાલોક આ જાતા હૈ. ઐસી અનંત પર્યાયકા સમુદાય જ્ઞાનગુણ હૈ. જિસકી એક સમયકી પર્યાયમેં ષટ્દ્રવ્યકા તીનકાલ તીન લોકકે દ્રવ્ય-ગુણ-પર્યાય જાનનેકી એક સમયકી તાકાત હૈ. ઐસા અનંતી પર્યાયકી તાકાતરૂપ ગુણ હૈ. ઐસી એક પર્યાયમેં તીન કાલ, તીન લોકકે છ દ્રવ્યકી શ્રદ્ધા, વિકલ્પસે શ્રદ્ધા કરનેકી શ્રદ્ધાપર્યાયમેં તાકાત હૈ. ઐસી અનંતી શ્રદ્ધા પર્યાયકા, નિર્મલ પર્યાયકા પિંડ વહ શ્રદ્ધાગુણ હૈ. સમજમેં આયા? એક સમયમેં ચારિત્રકી પર્યાય સ્થિરતા, શાંતિ, બેહદ અનાકુલરૂપ પરિણમન હોના ઐસી એક ચારિત્રગુણકી એક પર્યાયમેં તાકાત હૈ. ઐસી અનંતી અનાકુલ શાંતરૂપી પર્યાયકા પિંડરૂપ ચારિત્રગુણ હૈ. ઐસા-ઐસા અનંત પર્યાયકા એક ગુણ ઐસા પિંડ હૈ. ઐસા ભગવાન પરમાર્થ પ્રભુ ઉસકી શ્રદ્ધા અનુભવ પ્રતીતમેં આયા, ઉસકો અલ્પજ્ઞાન ઔર રાગ ઔર પરકા કર્તા(પના) અથવા પરકી બડાઈ કૈસે હોતી હૈ? સમજમેં આયા? આહા..હા..!

પરમાત્મપ્રકાશ હૈ ન? પરમાત્મપ્રકાશ હૈ ન? તો પરમસ્વરૂપ ભગવાન ઉસકી દૃષ્ટિમેં જિસકો

પ્રકાશ અંદર આયા, કિસકી બડાઈ? યહ ક્ષયોપશમ જ્ઞાન ભી નાશવાન હૈ. વહ ભી નાશ હો જાયેગા. પરમપારિણામિક સ્વભાવભાવ ત્રિકાલ ઉસકી દૃષ્ટિમેં અધિકતા હો ગયી વહ દૂસરી ચીજકો બડાઈમેં લાતા નહીં, બડાઈ કરતા નહીં. સમજમેં આયા? આત્મા-આત્મા સબ અન્યમતિ ભી કરતે હૈં. પરંતુ યહાં તો પરમેશ્વરકા ભાસમેં આત્મા એક જ્ઞાનકી એક પર્યાયમેં છ દ્રવ્યકા ગુણ-પર્યાય જાનનેકી તાકાત, વિકલ્પસહિત તાકાત ઈતની તો એક સમયકી પર્યાય હૈ. ઐસી પર્યાય છ દ્રવ્ય હોં! છ દ્રવ્ય. ઐસી એક પર્યાયમેં છ દ્રવ્ય જાનનેકી તાકાત ક્ષયોપશમ શ્રુતજ્ઞાનકી પર્યાયમેં. ઐસી પર્યાયકો માનના તબતક ભી હજી પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ હૈ. ઐસી પર્યાય ભી જિસકી પ્રતીતમેં નહીં. છ દ્રવ્ય, ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત એક સમયમેં શ્રુતજ્ઞાનકી પર્યાયમેં જાનનેકી તાકાતવાલા ઈસકી પર્યાયકી જિસકો શ્રદ્ધા નહીં, ઉસકો દ્રવ્યકી શ્રદ્ધા હોતી નહીં. સમજમેં આયા? એક સમયકી પર્યાય છ દ્રવ્યકો જાને શ્રુતજ્ઞાનકી પર્યાય હોં. ફક્ત કેવલજ્ઞાનમેં પ્રત્યક્ષ ઔર પરોક્ષ જિતના ફર્ક હૈ. જ્ઞાન સ્યાદ્વાદસે શ્રુતજ્ઞાનકી એક પર્યાય છ દ્રવ્ય—ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, અનંત આત્મા, અનંત પરમાણુ વહ સબ (જાને) ઐસી પર્યાયકો કબુલ કરે તબ ભી હજી પર્યાયદૃષ્ટિવાન હૈ. તો રાગકો અધિક માનના ઔર પરસે અધિક માનના વહ તો પરમાર્થસે અનજાન હૈ. સમજમેં આયા? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં, આત્મા-આત્મા તો બહુત કહતે હૈં આત્મા-આત્મા. સબ કહતે હૈ ન? કિ ભાઈ! આત્મા તો જિસકી એક પર્યાયમેં છ દ્રવ્યકો જાનનેકી તાકાતવાલી પર્યાય. તો ઉસકી પર્યાયકો તબ માના કહનેમેં આયે વહ પર્યાયકો. છ દ્રવ્ય જાનનેકી તાકાત વિકલ્પ બિના નિરપેક્ષરૂપસે પર્યાયકે સામર્થ્યસે. ઐસી-ઐસી અનંત પર્યાય પિંડરૂપ ગુણ ઐસી શ્રદ્ધા પર્યાય, અનંત પર્યાય .. શ્રદ્ધા, ઐસે ચારિત્ર, ઐસે આનંદ, ઐસે અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ, વિભુત્વ, પરમેશ્વરતા. ઐસી એક-એક સમયકી પર્યાય ઐસા સમુદાય ભગવાન દ્રવ્ય. જિસકો યહાં પરમાર્થ કહનેમેં આયા હૈ. ઐસા પરમાર્થકો જાનતે હૈ ઉસકો પર્યાયકે અંશ ભી અધિકતાકા અભિમાન હૈ નહીં. સમજમેં આયા?

વિકલ્પ, બાહ્યકી ચીજ તો સ્વતંત્ર પરિણતિ હૈ. ઉસકી બડાઈ જિસકો હૈ ઉસકો ભગવાન... '**ઐસા જિસકે અભિમાન હૈ, વહ પરમાર્થ યાની વીતરાગ પરમાનંદસ્વભાવ...**' દેખો, રાગ બિનાકા પરમાનંદસ્વભાવ '**નિજ આત્માકો નહીં જાનતા.**' ઓહો..હો..! સમજમેં આયા? '**આત્મ-જ્ઞાનસે રહિત હૈ,...**' સમ્યક્ દૃષ્ટિ હી નહીં ઉસકો. આહા..હા..! સમ્યક્ પ્રતીતમેં તો સારા આત્મા પૂર્ણ અનંતગુણકા પિંડ એકરૂપ વસ્તુ આયી હૈ. તો ઉસમેં યહ પર્યાય ક્ષયોપશમકી હૈ ઉસકી ભી અધિકતા દૃષ્ટિમેં ભાસતી નહીં. તો રાગકી ઔર બાહ્ય સામગ્રી શિષ્યો મિલે,

પુસ્તક રચે. કૌન રચે? પ્રભુ! યે તો પુદ્‌ગલ પરાવર્તનકે કાલમેં પરમાણુકી પર્યાય રચને લાયક હૈ વહ રચ જાતી હૈ. ઉસ પરમાણુમેં ઉત્પાદ શબ્દકા અક્ષર, એક અક્ષરમેં અનંત સ્કંધ હૈ ઔર એક સ્કંધમેં અનેક પરમાણુ હૈ. એક-એક પરમાણુ અપની પર્યાયસે ઉત્પાદ સ્વતંત્ર હોતા હૈ. ઐસા અનંત પરમાણુકા એક અક્ષર બને. કૌન બનાવે અક્ષર? આહા..હા..! સમજમેં આયા?

ભગવાન આત્માકા જ્ઞાન ઈતના ધીરા હૈ, ઈતના શાંત હૈ કિ જિસમેં અક્ષર બનાનેકી તાકાત નહીં, પરંતુ અક્ષર બનાનેમેં નિમિત્તરૂપ વિકલ્પ બનને લાયક તો ઉસમેં થા. નિમિત્તરૂપ વિકલ્પ હૈ તો બના ઐસા નહીં. ઐસા વિકલ્પકો ભી જહાં અપના માનતે નહીં ઔર ઉસકી અધિકતા દૃષ્ટિમેં નહીં, (તો) કિસકી અધિકતા જ્ઞાની અપનેમેં માને? સમજમેં આયા? ભગવાન દેખો, **'ग्रन्थरचनारूपशब्दशास्त्रैवा'** શબ્દશાસ્ત્ર હોં આ. અન્ય વિકથા બનાવે ઉસકી તો બાત નહીં. શબ્દશાસ્ત્રરૂપ ભગવાન શબ્દકી પર્યાય તો ઉસસે રચાતી હૈ. વહ રચા ઉસમેં મહંતપના તુને લિયા. હમ બડા હુઆ, મૈં કરોડ શ્લોક બનાયા, લાખ શ્લોકકા ગ્રંથ બનાયા. ભગવાન! યહ બડાઈ તો પરમાર્થ ખો જાનેકી હૈ. રતનચંદજી! આહા..હા..! ભગવાન રતન પરમ અર્થ, પરમ પદાર્થ વસ્તુ ઐસા જિસકો જ્ઞાન નહીં ઉસકો યહ પરકી બડાઈ, અભિમાન આતા હૈ.

વહ **'આત્મ-જ્ઞાનસે રહિત હૈ,...'** સમજમેં આયા? **'परमात्मानं न जानातीति'** એ પરમસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયક આદિ અનંત સ્વભાવભાવ ઐસા ભગવાન અપના નિજરૂપ ઉસકો પરકે અભિમાનમેં જાન સકતા નહીં.

**'આગે શિષ્ય પ્રશ્ન કરતા હૈ, કિ જો ગ્રંથસે અપનેકો મહંત માનતા હૈ, વહ પરમાર્થકો ક્યોં નહીં જાનતા? ઈસકા સમાધાન આચાર્ય કરતે હૈં—'** ૯૪.

**૨૧૧) बुज्झंतहँ परमत्थु जिय गुरु लहु अत्थि ण कोइ।**
**जीवा सयल वि बंभु परु जेण वियाणइ सोइ।।९४।।**

**'હે જીવ, પરમાર્થકો સમજનેવાલોંકે...'** આહા..હા..! દેખો, ભગવાન આત્મા .. સ્વભાવ, દ્રવ્યસ્વભાવ દૃષ્ટિ હુઈ વહ સબ પદાર્થકો-આત્માકો દ્રવ્યદૃષ્ટિસે શુદ્ધ હી દેખતે હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં દ્રવ્યસ્વભાવકા ભાન હુઆ. ઐસા હી સર્વ જીવકો દ્રવ્યસ્વભાવસે શુદ્ધ હી દેખતે હૈ. સમજમેં આયા? **'હે જીવ, પરમાર્થકો સમજનેવાલોંકે કોઈ જીવ બડા છોટા નહીં હૈ,...'** ક્યોંકિ વિકલ્પકે કારણ ઔર અલ્પજ્ઞતા કે કારણ જો પર્યાયમેં, રાગમેં ભેદ દિખતે હૈ વહ તો ઉસકા સ્વરૂપ હૈ નહીં. આહા..હા..! અપનેમેં યહ દૃષ્ટિ હુઈ હૈ કિ રાગ ઔર અલ્પજ્ઞ તત્ત્વદૃષ્ટિ અલ્પવીર્યકા ક્ષયોપશમભાવ ઉતના મૈં નહીં. મૈં તો શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ.. ઈંદ હૂં. ઐસા દ્રવ્યસ્વભાવકો દૃષ્ટિ કરનેવાલા સમકિતી દૂસરાકા નિમિત્તકે આધિન હોનેવાલી પર્યાય. નિમિત્તકે આધિન હોં. ઐસી આધિનવાલી પર્યાય, યા નિમિત્તાધિન હોનેવાલા

વિકલ્પ ઉસસે વહ પરમાર્થ ભગવાન આત્મામેં ભેદ દિખતે હૈ વહ યથાર્થ નહીં. પર્યાયમેં ભેદ હૈ વસ્તુમેં ભેદ નહીં. તો જિસકી પર્યાયબુદ્ધિ નષ્ટ હુઈ વહ પરકા ભી પર્યાયબુદ્ધિસે ન દેખકર દ્રવ્યબુદ્ધિસે દેખતે હૈ. સમજમેં આયા?

'**કોઈ જીવ બડા છોટા નહીં હૈ, સભી જીવ પરમબ્રહ્મસ્વરૂપ હૈં,...**' દેખો, પરમ આનંદમૂર્તિ સભી જીવ હૈં. અભવિ યા ભવિ. નિત્યનિગોદ યા નવમી ગ્રૈવેયક જાનેવાલા. પરમબ્રહ્મ વસ્તુ-વસ્તુ. યહાં તો ક્યા કહતે હૈ? કિ અવ્યક્ત ઐસા દ્રવ્ય, પર્યાયસે ભિન્ન ઐસા અવ્યક્ત જિસકી દૃષ્ટિમેં વ્યક્ત હો ગયા. દૃષ્ટિમેં વ્યક્ત યહ પદાર્થ હૈ ઐસા હો ગયા, વહ સર્વ આત્મામેં ઐસી દ્રવ્યદૃષ્ટિસે વ્યક્તરૂપસે સબ શુદ્ધ હી દેખતે હૈ. પર્યાયમેં ભલે ભેદાભેદ હો. સમજમેં આયા? સમભાવ કરતે હૈ. ભગવાન હૈ. ભૂલતે હૈ તો પર્યાયમેં ભૂલ હૈ. સમજમેં આયા? ભગવાન હૈ, પ્રભુ હૈ, પ્રભુ હૈ. આહા..હા..!

કહતે હૈ '**સભી જીવ પરમબ્રહ્મસ્વરૂપ હૈં, ક્યોંકિ નિશ્ચયનયસે વહ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધરૂપ હી સબકો જાનતા હૈ.**' એકના અર્થ સરખા. સબ સરખા સંગ્રહનયસે સબ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... પરિપૂર્ણ શુદ્ધ... પરિપૂર્ણ શુદ્ધ... પરિપૂર્ણ શુદ્ધ... પરમ આત્મા, પરમસ્વરૂપ. પર્યાયકા અલ્પ સ્વરૂપ, રાગકા વિકૃત સ્વરૂપ, નિમિત્તકા સંયોગસ્વરૂપ, સ્વભાવકા પૂર્ણસ્વરૂપ. સમજમેં આયા? ભગવાન આત્માકા પૂર્ણ સ્વરૂપ, પર્યાયકા અલ્પસ્વરૂપ, રાગકા વિકૃત સ્વરૂપ, નિમિત્તકા સંયોગસ્વરૂપ ઉન તીનોંકો ન દેખકર અકેલા પરમાત્મ પૂર્ણસ્વરૂપ અપનેમેં ભી સંયોગ, નિમિત્ત ઔર અલ્પજ્ઞ ન દેખે. વહ તો પર્યાય જાનનેલાયક હુઈ. આદરનેલાયક નહીં હુઆ. સમજમેં આયા? આદરને લાયક તો ભગવાન પૂર્ણ મહાસત્તા શુદ્ધ સ્વભાવ અકેલા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ઐસી પરમાર્થ દૃષ્ટિ જ્યાં હુઈ તો ઐસા આત્મા વર્તમાન વિકાર ઔર અલ્પજ્ઞ હોને પર ભી જૈસે પૂર્ણ શુદ્ધ સ્વભાવકી ભૂતાર્થ દૃષ્ટિ હુઈ સબકો ઐસે દેખતે હૈ. સમજમેં આયા? કિસકો છોટા-બડા બાહ્ય સંયોગસે ઔર પર્યાયમેં હિનાધિક કારણ કિસકો છોટા-બડા માનના સ્વભાવમેં? સમજમેં આયા?

'**ભાવાર્થ :-**' કહતે હૈં '**જો પરમાર્થકો નહીં જાનતા, વહ પરિગ્રહસે ગુરુતા સમજતા હૈ,...**' કુછ વિકલ્પ આયા યા કુછ વિશેષ ક્ષયોપશમ હુઆ યા કુછ સંયોગ અનુકૂલકા ગંજ રહા ઉસસે તો ગુરુતા સમજતા હૈ. સમજમેં આયા? પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાન પરસત્તાવલંબી વહ ભી મોક્ષકા માર્ગ નહીં. સમજમેં આયા? રાગ તો નહીં, નિમિત્ત તો નહીં ઔર મોક્ષમાર્ગમેં સમ્યગ્દર્શનકે વિષયમેં વહ પરસત્તાવલંબી જિતના ક્ષયોપશમજ્ઞાન હો ઉઘાડ વહ ભી મોક્ષમાર્ગ નહીં. તો મોક્ષમાર્ગકી પર્યાય પૂર્ણાનંદ સ્વભાવકો આશ્રય કરકે પ્રગટ હોતી હૈ. પરસત્તાવલંબી જ્ઞાનસે ભી નહીં, રાગસે ભી નહીં, નિમિત્તસે ભી નહીં. સમજમેં આયા?

ઐસે **'પરમાર્થકો નહીં જાનતા, વહ પરિગ્રહસે ગુરુતા સમજતા હૈ,...'** વસ્તુકા મહાન સ્વભાવ ઉસકી દૃષ્ટિ નહીં, વહી પર્યાયમેં હીનાધિક ઔર રાગમેં વિશેષ અધિક આદિ યા સંયોગમેં શિષ્યાદિક, પુસ્તક સંગ્રહ આદિ યા રચના આદિસે વહ ગુરુતા માનતા હૈ. આહા..હા..! સમજમેં આયા? **'ઔર પરિગ્રહકે ન હોનેસે લઘુપના જાનતા હૈ,...'** કોઈ જ્ઞાનકા ક્ષયોપશમ પરસત્તાવલંબી જ્ઞાન થોડા હો તો કહે અરે લઘુતા હુઈ, દૂસરેકો ઐસે દેખતા હૈ તો અપનેકો ભી ઐસે લઘુતા દેખતા હૈ. ઉસકો પરમાર્થકી ખબર નહીં. સમજમેં આયા? ક્યા ભૈયા! વહ આત્મા... આત્મા... આત્મા... શરીર કાલા, બોલનેમેં ઊંટ જૈસી ભાષા. ઊંટ-ઊંટ જૈસી. મૂઢ જૈસી નહીં. ઐસી ભાષા. બબુલકે નીચે બૈઠા. હમ આત્માકો સાધતે હૈં. ભાષા બોલો ભાઈ હમકો કુછ સમજાઓ. ભાષા .. હમારી સમજાનેકી શક્તિ... વહ બાહ્યકી લઘુતાસે ઉસને આત્માકો છોટા માના. સમજમેં આયા? અંદર ભગવાન પરમાનંદકી મૂર્તિ દૃષ્ટિમેં લેકર ધ્યાનમેં પડા હૈ ઉસકી મહત્તા ઉસકી દૃષ્ટિમેં આયી નહીં. સમજમેં આયા? દેખો, હમ પૂછતે ઉસકા ઉત્તર ભી દેતે નહીં યહ લોગ. ઔર કહે કે હમ હો ગયે જ્ઞાની, મુનિ. સુન તો સહી ભગવાન! ભાઈ! વહ ક્ષયોપશમ જ્ઞાન, વિકલ્પ ઔર વાણી વહ સબ વર્તમાન દૃષ્ટિકા વિષય હૈ. સમજમેં આયા? ત્રિકાલ સ્વભાવ ભગવાન પરમસ્વભાવરૂપ ભાવ ઉસકી દૃષ્ટિ જહાં હુઈ તો ઇતની લઘુતાસે મૈં લઘુ હૂં ઔર દૂસરેકી ઐસી લઘુતાસે વહ લઘુ હૈ ઐસા જ્ઞાની માનતે નહીં. સમજમેં આયા? આહા..હા..!

દિગંબર સંતોને કામ કિતના, એક વાણીમેં કિતની કથન પદ્ધતિ આ ગયી હૈ! યોગીન્દ્રદેવ દેખો. ઓહો..હો..! પંચમકાલકે સંત પરમેશ્વરકે સાથ બાત કરતે હૈં. ભગવાન! તુમ તો કેવલજ્ઞાન પ્રાપ્ત હો, હમારે કેવલજ્ઞાન પ્રાપ્ત નહીં? યહ કેવલજ્ઞાનકી પર્યાય ઉપર ભી જિસકા લક્ષ નહીં. ક્યોંકિ કેવલજ્ઞાન પર્યાય ભી સદ્ભૂત વ્યવહારનયકા-ભેદરૂપ અંશ હૈ ઉસકા વિષય હૈ. કેવલજ્ઞાન પર્યાય સદ્ભૂત વ્યવહારનયકા અંશ ભેદ વિષય હૈ. જહાં દૃષ્ટિ કેવલજ્ઞાન પર્યાય ઉપર ભી નહીં. અપને કેવલજ્ઞાન હૈ નહીં. દૂસરાકા કેવલજ્ઞાન વહ .. પર્યાય હૈ. તો પર્યાય ઉપર દૃષ્ટિ ઉસકી નહીં. ઉસકો કેવલજ્ઞાનસે નહીં દેખતે, ઉસકો પૂર્ણ સ્વરૂપસે દેખતે હૈ. સમજમેં આયા?

ઔર વહ કેવલજ્ઞાન હૈ તો ઉસ કારણસે ભક્તિકા વિકલ્પ આતા હૈ ઐસા નહીં. જો પર્યાયબુદ્ધિ હો તો ઉસ કારણસે વિકલ્પ આતે હૈં. ઐસા નહીં. સમજમેં આયા? વિકલ્પ આતા હૈ વહ કમજોરીસે આતા હૈ. દ્રવ્યકી દૃષ્ટિ હૈ. પર્યાયકા ઐસા તો બહુમાન ઉસકા કારણસે વિકલ્પ આયા તો પર્યાયદૃષ્ટિ હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? ઐસે આત્મામેં પરમાર્થ સ્વભાવકી દૃષ્ટિ હુઈ તો પરકો કેવલજ્ઞાન પર્યાય હૈ માટે બહુમાન કરતા હૂં વિકલ્પસે, ઉસ કારણસે વિકલ્પ આતા હૈ ઐસા નહીં. પરંતુ સ્વભાવ ઉપર અંતર દૃષ્ટિ હૈ, સ્થિરતા નહીં તો ઐસા વિકલ્પકા કાલ

બહુમાનકા આ જાતા હૈ. પરકે કારણસે નહીં. સમજમેં આયા? સ્વભાવકે કારણસે નહીં, પરકે કારણસે નહીં. ઉસકા અર્થ ક્યા હુઆ? ઉસ સમયમેં ઐસી પર્યાયકી વિકલ્પ આનેકી યોગ્યતા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ પ્રભુ! યહ બાત ઐસી હૈ કિ અંતર સ્વભાવ ઓહો..હો..! તીન કાલ, તીન લોક એક સમયકી પર્યાયમેં સમા જાયે ઈતની ઉસકી તાકત હૈ. વહ તો ઉસને પર્યાય માની હૈ. ઐસે-ઐસે ઐસા નહીં. એક પર્યાયમેં ષટ્ દ્રવ્ય જાનનેકી તાકાત. વિકલ્પ હો ભલે પરંતુ વિકલ્પરહિત તાકાત જ્ઞાનકી પર્યાયમેં હૈ. ઐસી અનંત પર્યાયકા પિંડ પ્રભુ, પરમાર્થ પ્રભુ. ઉસકી દૃષ્ટિ હુઈ કિસકા મહંતપના? બાહ્યકે કારણ મહંતપના, બાહ્યકી હીનતાકે કારણ લઘુપના કહાં માનતે હૈ? સમજમેં આયા? બાહ્યકી લઘુતા ઔર ગુરુતાકે કારણ બડાઈ માનતે હૈ, પર્યાયદૃષ્ટિવંત મિથ્યાદૃષ્ટિ હૈ ઐસા કહતે હૈં. પંડિતજી! વહ કહતે હૈ. યહાં સાધારણ બાત કહતે નહીં. યહાં તો આચાર્ય હૈ. આહા..હા..!

દિગંબર સંતો. આહા..હા..! પંચમકાલકે હો યા ચૌથે કાલકી બાત હો, અંતર ભાવમેં ફર્ક નહીં. આહા..હા..! દેખો, ક્યા કહતે હૈ? હે સમ્યગ્દૃષ્ટિ! તું સબ જીવકો એક માન. કિસ અપેક્ષાસે? પરિપૂર્ણ સ્વભાવ એકકા ઐસા દૂસરા, દૂસરાકા ઐસા તીસરા... યહાં કુછ રાગ-દ્વેષ પરકે કારણ કરનેકા જહાં અવકાશ હી રહા નહીં. વહ કમજોરીકે કારણ આ જાયે વહ દૂસરી બાત હૈ. સમજમેં આયા?

કહતે હૈં કિ '**યદ્યપિ ગુરુતા-લઘુતા કર્મકે આવરણસે જીવોંમેં પાયી જાતી હૈ,...**' ક્યા કહતે હૈ? કર્મકે નિમિત્તમેં વશ હોતા હૈ ઈતના ઉસસે અલગ હોકર થોડા ક્ષયોપશમ હોતા હૈ યહ સબ વિભિન્નતા પર્યાયદૃષ્ટિમેં નિમિત્તકે આધિન યા અનાધિન સબ ભેષ હૈ. પર્યાયમેં સબ ભેષ વહ આધિન-અનાધિનતા હૈ. સ્વભાવકી ચીજ ઉસમેં હૈ નહીં. સમજમેં આયા? કહતે હૈ '**કર્મકે આવરણસે જીવોંમેં પાયી જાતી હૈ,...**' ગુરુતા-લઘુતા. પર્યાયમેં હીનાધિક દિખતી હૈ, વિકલ્પમેં અશુભ-શુભ દિખતે હૈ, સંયોગમેં હીનાધિકતા ખુબ સામગ્રી કિસીકો થોડી સામગ્રી દિખતી હૈ '**તો ભી શુદ્ધનયસે સબ સમાન હૈં,...**' પર્યાયદૃષ્ટિસે ન દેખો, વહ ઓછા-વત્તાપણા પર્યાયમેં, રાગમેં ઔર સંયોગમેં ન દેખો. વસ્તુ શુદ્ધનયસે સબ સમાન હૈ. ઐસી દૃષ્ટિ હુએ બિના સમભાવ નહીં આતા.

મુમુક્ષુ :- સામ્યવાદ આપ કરો છો.

ઉત્તર :- એ સામ્યવાદ અહીં અંદર. એ સામ્યવાદનું ભાન પણ કે દિ' છે? સમજમેં આયા?

ભગવાન સ્વરૂપ સમતાકા પિંડ હૈ. ઓહો..હો..! સારા લોકાલોક પ્રતિકૂલ હોકર ડોલે તો વિકલ્પ ન આવે ઐસા ભગવાન ચિદાનંદ ચિદ્બિંબ હૈ. જાનનેકી પૂરી તાકાત ઔર પ્રતિકૂલતાસે

હિલનેકી બિલકુલ તાકાત હૈ હી નહીં ઉસમેં. સમજમેં આયા? ઐસે આત્માકી યહાં બાત ચલતી હૈ, ભગવાન! આહા..હા..! જાનનેકી પૂર્ણ તાકાત. એક પ્રતિકૂલતાકે કારણસે વિકલ્પ આતા હૈ વહ બિલકુલ નહીં. કિ અનુકૂલતાકે કારણ રાગ હૈ વહ બિલકુલ નહીં. સમજમેં આયા? એક કમજોરીસે બીચમેં આ જાયે વહ દૂસરી બાત હૈ. વહ દૃષ્ટિકે વિષયમેં હૈ નહીં ઔર આ જાયે ઉસકા આદર હૈ નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

**'શુદ્ધનયસે સબ સમાન હૈં, તથા બ્રહ્મ...'** અબ ન્યાય કૈસા દેતે હૈ? **'બ્રહ્મ અર્થાત્ સિદ્ધપરમેષ્ઠી કેવલજ્ઞાનસે સબકો જાનતે હૈં,...'** દેખો, યહ ઉપમા કૈસી દેતે હૈં. જૈસે સિદ્ધ પરમેષ્ઠી ભગવાન કેવલજ્ઞાનસે સબકો જાનતે હૈ. કેવલજ્ઞાનકી પર્યાયમેં સિદ્ધ ભગવાન સબકો જાનતે હૈં, દેખતે હૈં. વહ દૃષ્ટાંત. કહાં ઉતારતે હૈ દૃષ્ટાંત? દેખો, **'ઉસી પ્રકાર નિશ્ચયનયસે સમ્યગ્દૃષ્ટિ સબ જીવોંકો શુદ્ધરૂપ હી દેખતા હૈ.'** યહ સમજના. કેવલજ્ઞાનમેં સબ તીન કાલ, તીન લોક જાનતે-દેખતે હૈ. ઐસે સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયસે સબ જીવોંકો... ઈસ તરહ દેખો. દૃષ્ટિમેં, જ્ઞાનમેં સબ જીવ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... દ્રવ્યસ્વભાવ પરમ... પરમ... પરમ ભાવ.. ભાવ.. ભાવ.. મેરા પરમભાવ સ્વભાવ દૃષ્ટિમેં લિયા ઐસા હી સબ પરમભાવરૂપ આખા પિંડ સારા લોક પરમબ્રહ્મ ભગવાનસે ભરા હૈ. ચૌદહ બ્રહ્માંડ, અનંત પરમાત્મા. એક અંગુલકી અસંખ્યમેં જગહમેં ભી અનંત પરમાત્મા શુદ્ધ ભગવાન પરમબ્રહ્મસે ભરા હૈ. ઐસે સારા ચૌદહ બ્રહ્માંડ ભરા હૈ. આહા..હા..!

પ્રગટ પર્યાયમેં... જિસકો પર્યાયકા હી ભરોસા નહીં ઉસકા અપ્રગટ-અવ્યક્ત આખા... અવ્યક્ત પર્યાય અપેક્ષાસે, વસ્તુ અપેક્ષાસે પ્રગટ સત્તા. ઐસી મહાન સત્તા જિસકો સ્વીકારમેં આયી, કિ જિસકી મહાન સત્તા અનંતગુણકી અમર્યાદિત શક્તિ એક-એક ગુણકી. એક ગુણ ઐસે અનંત ગુણ, ઐસા અનંતગુણમેં એક-એક ગુણકી અનંત શક્તિ (-સામર્થ્ય) અને એક-એક ગુણકી અનંતી પર્યાય. ઐસા ભગવાન આત્મા મહંત-મહાન દૃષ્ટિમેં આયા, ઉસકી દૃષ્ટિ સબ જીવકો કેવલજ્ઞાની દેખતે હૈં ઐસે સમ્યગ્દૃષ્ટિ સબ જીવકો પૂર્ણ બ્રહ્મ. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... અભવિ હો યા ભવિ હો. વહ પર્યાયકા ભેદ હૈ. એક અનંત સંસારી હો, એક એકાવતારી હો અથવા એક વર્તમાન સિદ્ધ પર્યાયમેં હો. સમજમેં આયા?

દૃષ્ટાંત કૈસે દિયા હૈ? કિ કેવલજ્ઞાની જેમ સબકો જાનતે-દેખતે હૈ, ઐસે સમ્યગ્દૃષ્ટિ અપના દ્રવ્યકી મહાનસત્તાકા અનુભવ પ્રતીતમેં આયા તો સબ આત્મા ઐસા હી હૈ ઐસી પ્રતીતમેં દેખતે હૈ. સમજમેં આયા? ઓહો..હો..! દેખો, બાત! શ્વેતાંબર સૂત્ર ૪૫ પઢ-પઢકર મર જાયે ઉસમેં સે ઐસી એક પંક્તિ ભી નિકલે નહીં.

મુમુક્ષુ :- એક ગુણમેં અનંત...

ઉત્તર :- એક ગુણમેં અનંત તાકાત. ક્યોંકિ એક ગુણમેં અનંતગુણમેં નિમિત્ત હોનેકી તાકાત. ઐસા એક ગુણમેં અનંતી પર્યાય. ઐસા એક ગુણમેં અનંતી અમર્યાદિત શક્તિ. સ્વભાવ હૈ ન? સ્વભાવ એક ગુણ પહોળો ભલે શરીર પ્રમાણે અસંખ્ય પ્રદેશ પ્રમાણે હો. પહોળો સમજે ન પહોળો? પરંતુ ઉસકા સ્વભાવકે સામર્થ્યકી અનંતતા-બેહદતા હૈ. તીન કાલ પર્યાય ભલે હો, પરંતુ સ્વભાવ સામર્થ્ય જો હૈ એક ગુણકા સ્વભાવ સામર્થ્ય અનંતગુણા સ્વભાવ સામર્થ્ય હૈ. ઐસા અનંતાગુણકા સ્વભાવ સામર્થ્યરૂપ ભગવાન આત્મા. આહા..હા..! યહ હૈ. ગીતા-ગીતા પંડિતજી કુછ કહતે થે ન. ગીતા. યહ આત્માકી ગીતા હૈ. પંડિતજીને એક શબ્દ લિયા થા દો દિન પહલે. યહ આત્મ ગીતા હૈ. યહ ગીતા ગીત હૈ. ભગવાન! વહ તેરા સ્વભાવમેં ઐસા પડા હૈ. સમજમેં આયા? આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માકી યહ ગીતા હૈ. સમજમેં આયા? અને એ મહિમા આવે અને રાગ અને પર્યાયકો અપના માને.. એમ કહતે હૈ. તો જૈસે અપની પર્યાયમેં રાગકો અપના ન માને, પૂર્ણકો માનતે, ઐસા સબ દ્રવ્ય ઐસા હી ભગવાન પૂર્ણ પડા હૈ. ચૌદહ બ્રહ્માંડમેં એકલા ભગવાન ભરા હૈ. અકેલા અનંતા-અનંતા ભગવાન ઠાંસી-ઠાંસીને. ઠાંસી-ઠાંસીને ક્યા કહતે હૈ? ઠસા-ઠસ. સમજમેં આયા? સમભાવ. ભગવાન ઐસા હૈ ન પ્રભુ તુમ. યહ વિકલ્પ .. હોતા હૈ. ભગવાન એક સમયકી હૈ. એક સમયકી કૌન દેખે? એક સમયકો કૌન દેખે? ક્ષણિક હૈ વહ તો. સમજમેં આયા? અપની ભી ક્ષણિક પર્યાયકા જહાં સ્વીકાર નહીં. વહાં ઉસકી પર્યાયકા સ્વીકાર કહાંસે કરે વહ? જાને સહી. યહ વસ્તુ.

કહતે હૈ નિશ્ચયસે ભગવાન **'સમ્યગ્દૃષ્ટિ સબ જીવોંકો શુદ્ધરૂપ હી દેખતા હૈ.'** દેખો, કિસકે સાથ દૃષ્ટાંત દિયા. પાઠ ઐસા હૈ હોં. **'केवलज्ञानेन सर्वं जानाति यथा तथा निश्चयनयेन सोऽप्येको'** કોપી. કોપી એટલે સમ્યગ્દૃષ્ટિ **'सोऽप्येको विवक्षितो जीवः' 'सोऽप्येको विवक्षितो'** એક એટલે? સંગ્રહ નહિ આમ બધા શુદ્ધ-શુદ્ધ. તો એક જાત. **'संसारी सर्वं जानातीत्यभिप्रायः'** .. ટીકા. સમજમેં આયા? દિગંબર સંતો, દિગંબરકી વાણી, દિગંબર ગુરુ ઔર દિગંબરકા પરમાત્મા. યે તો અલૌકિક બાત હૈ. સમજમેં આયા? વસ્તુસ્વરૂપ ઐસા હૈ. એમ કહતે હૈં. યહ કોઈ સંપ્રદાય નહીં હૈ. લ્યો આ મારો દિગંબર સંપ્રદાય, તમારો શ્વેતાંબર. અમે જૈન, તમે અજૈન. વસ્તુ ઐસી હૈ. સમજમેં આયા? પર્યાય અલ્પ હોનેપર ભી, રાગ અલ્પ હોનેપર ભી દૃષ્ટિકે સ્વીકારમેં જીત લિયા દ્રવ્યસ્વભાવ જાના, પર્યાય જિતની ઈતના નહીં, જીત લિયા જાઓ. ક્રમે-ક્રમે સ્વભાવ ઉપર એકાગ્ર હોકર સર્વજ્ઞ હો જાયેગા. ઉસકા નામ જૈન કહનેમેં આતા હૈ. આહા..હા..! રતનચંદજી!

ભગવાન! તો દૂસરા વિરોધ કરેને. વિરોધ કરે બાપુ! લો.. વિરૂદ્ધ કરના ચાહિયે. લોગેસે.

લોગે સમજે? લોગે અમારી કાઠિયાવાડી ભાષા હૈ. કુછ સજ્જનતાપૂર્વક. સમજમેં આયા? એક ભાઈ ઐસા થા. એક હરિજનકી સ્ત્રી થી, હરિજનકી સ્ત્રી. તો વાણિયાને લગન કર લિયા. તો હરિજન સ્ત્રીને ઐસા કહા કિ હમ તો વાણિયાકી દિકરી હૈ. વહ વાણિયાકે સાથ લગન કર લિયા. તો બડી દુકાન ચલતી થી. તો ગાંવકા દૂસરા કઠિયારા. વહ લડકી જિસ ગાંવકી થી ન ઉસકા કઠિયારા. કઠિયારા સમજે? ભારા. ભારા વેચનારા. વહ ભારા સેઠને લિયા. તો નાખને કો ઘરમેં ગયે. ઘરમેં ગયે તો ઉસ કન્યાકો દેખે. અરે યહ અપને હરિજનકી દીકરી. સમજે? આહા..હા..! ફિર કિસીને લકડેકે ચાર, છ આઠ આના કુછ કિયા હોગા ઉસમેં ભૂલ પડી. લડાઈ ચલી. વહ લડકી શરમા ગયી. યહ તો મેરે ગાંવકા હૈ તો અભી કહ દેંગે કી હરિજન. બહેન! મૈં લોગે લડીશ. બસ એટલું કહી દીધું એને. લોગે એટલે સજ્જન રીતે લડીશ. કહીશ. તને નુકસાન થાય એમ નહિ કહું. એટલી ભાષામાં બોલ્યો લોગે. કે સમજી ગઈ બાઈ કે ઠીક મને ઓળખી ગયા છે, પણ બોલશે નહિ. બહેન... બહેન! મારે તો આઠ આના કહ્યા છે. બે પૈસા ઓછા. હિસાબ ખાતર બોલું છું. આવું વાણિયાને.. બીજી રીતે નહિ. એમ. લોગે એટલે ઓલી સમજી ગઈ બાઈ. લોગે સમજે ન? વહ મેરે પૈસા દો કમ હો ઐસા મૈં કહુંગા. મેરે ખ્યાલમેં આ ગયી પરંતુ વહ બાત મૈં યહાં રખુંગા હી નહીં. પંડિતજી! બહેન! ઈતના કહા. હું લોગે સજ્જનતાથી વાત કરીશ હોં. વહ સમજ ગઈ.

એમ કાંઈક વાતચીતમાં પણ સજ્જનતા જોઈએને બાપા! વહ પરમાત્મા છે. ઉસે વ્યક્તિ પ્રત્યે વિરોધ શેનો? વિરોધ શેનો? કોઈપણ દૃષ્ટિ વિપરીત હોય, વિરોધ શેનો? એ વ્યક્તિકે પ્રતિ તો પ્રેમ હોના ચાહિયે. ઓહો..! યહ તો આત્મા હૈ. વહ આત્મા હૈ. ઉસકો દુઃખી હોના પસંદ હૈ? પરંતુ ઉસકી દૃષ્ટિમેં વહ બાત જબતક ન આયે તો ઐસા હોતા હૈ. હુઆ તો ક્યા? એથી વ્યક્તિમાં વિરોધ હોવો ન જોઈએ. પ્રેમ ન જાય. પરપ્રત્યે જ્ઞાતામેં પ્રેમ રખતે હૈ. યહાં આચાર્ય મહારાજ યહ કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? પહલે સમજના તો ચાહિયે કિ ક્યા માર્ગ હૈ, કૈસી રીત હૈ, નિશ્ચયકા ક્યા પ્રકાર હૈ. યહાં .. તો ઓલા શિષ્ય પૂછશે આગળ. કિ મહારાજ! એ આગળ કહેશે પછી. તમે એક જ માનો છો બધાને. તો વેદાંતી એક હી માનતે હૈ. વહ પ્રશ્ન પીછે આયેગા. તુમ સબકો એક દેખો વૈસે વેદાંત ભી એક-એક દેખતે હૈ. ભગવાન! હમ દૂસરી રીતે કહતે હૈ. વહ ચીજ દૂસરી બાત, હમારી દૂસરી હૈં. હમ જાતિ અપેક્ષાસે સબ સમાન હૈ ઐસા કહતે હૈં. વસ્તુ એક હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? અભી આતા હૈ ઉસમેં. કહો, સમજમેં આયા?

**'સબ જીવોંકો શુદ્ધરૂપ હી દેખતા હૈ.'** ક્યા જ્ઞાન ચલા જાતા હૈ? ઉસકી ભૂલ ઉસકો ખ્યાલમેં નહીં આતી? સમ્યગ્દૃષ્ટિકો ખ્યાલમેં નહીં આતી હૈ? ખ્યાલમેં આતી હૈ, પરંતુ જૈસે

અપને રાગ ઔર અલ્પ પર્યાયકી અધિકતા નહીં. અપનેકો તો ઉસકા ભી જ્ઞાન હૈ. અલ્પજ્ઞપના રાગકા જ્ઞાન નહીં હૈ? ઔર દૂસરાકા અલ્પજ્ઞપના, હીનપના, રાગાદિકા જ્ઞાન નહીં હૈ? જ્ઞાન હોનેપર ભી સ્વભાવકા આદર હૈ, ઐસા પરમપદાર્થકા સબકા સ્વભાવ શુદ્ધ હૈ ઐસા આદર હૈ. સમજમેં આયા? ...ચંદજી! વાત ઐસી હૈ ભૈયા! યહ વીતરાગમાર્ગ ઐસા હૈ. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! સમવસરણમેં ઇચ્છા વિના ધ્વનિ ભગવાનકી ઉઠતી હૈ અભી. સીમંધર પ્રભુકે પાસ. અનંત તીર્થંકરો હુએ, ભરત, ઐરાવત આદિ. એક હી બાત સબ તીર્થંકરકી. એક હી પંથ, એક હી માર્ગ, એક હી રીત ઔર એક હી સ્યાદ્વાદ અનેકાંતસ્વરૂપ. તો કહતે હૈ અહો..! અપના સ્વરૂપકી મહિમા અંતરમેં અનંતકાલમેં એક સમય ભી નહીં થી. ઐસી મહિમા માહાત્મ્ય અનુભવ આત્માકા આયા વહ દર્શન કિયા ભગવાન આત્મા કા. પરમાત્માકા ભેટા હુઆ પર્યાયમેં. પર્યાયમેં ભેટા હુઆ. તો સબકો પરમાત્મા દેખતે હૈ. વસ્તુમેં પરમાત્મા. એકેન્દ્રિયસે લેકર પંચેન્દ્રિય સબ જીવદ્રવ્ય હૈ ન. ઐસા યહાં યોગીન્દ્રદેવ આચાર્ય જગતકો, સમ્યગ્દષ્ટિકા વિષયમેં જૈસે પરિપૂર્ણતા હૈ, પર્યાયદૃષ્ટિ ઉસકી નહીં, તો સબ જીવોંમે પર્યાય હૈ ઉસે ન દેખકર ઉસકા સ્વભાવ હી દેખતે હૈ. જ્ઞાન ચલા નહીં જાતા હોં!

વ્યવહાર જાણેલો પ્રયોજનવાન હૈ ઐસા કહા ૧૨વીં ગાથામેં. અપનેમેં પર્યાય, રાગ અલ્પ હૈ. વહ જાનને કે લિયે પ્રયોજનવાન. જાનને કે લિયે પ્રયોજન. આદરને લાયક નહીં. તદાત્વે પ્રયોજનવાન. ઉસ કાલમેં જાનના પ્રયોજનવાન હૈ. જિતની-જિતની શુદ્ધિ હુઈ, જિતની અશુદ્ધિ ગયી. ઈતના-ઈતના જ્ઞાન, ઉસ સમયકા જ્ઞાન હુઆ, વહ પર્યાય ઐસી પ્રગટ હુઈ ઉસે જાનતે હૈ, આદરતે નહીં. આદરનેમેં શુદ્ધ સ્વભાવ એકરૂપ ઉસ તરફ દૃષ્ટિ ઝૂકી હૈ તો અંતર્મુખકા આશ્રયમેં એકલા દ્રવ્ય હી આ રહા હૈ. સમજમેં આયા? ઐસે સબ દ્રવ્યકી પર્યાયકી વિભિન્નતા જ્ઞાનમેં લેતે હૈ, પરંતુ વહ જાનનેલાયક હૈ. જૈસે અપની પર્યાય જાનને લાયક હૈ કિ સમ્યક્ત્વ કહો યા રાગાદિ જાણેલો પ્રયોજનવાન. તદાત્વે-તે કાળે જાણેલો પ્રયોજનવાન હૈ. ઐસા. ક્યોંકિ ભિન્ન-ભિન્ન પર્યાયમેં ભિન્ન-ભિન્ન, રાગ ભિન્ન-ભિન્ન હોતા હૈ. તો ઉસ સમય જ્ઞાન ભી વહી રાગકો જાને ઐસી જ્ઞાનકી પર્યાય ભિન્ન-ભિન્ન હોતી હૈ. વહ તદાત્વે લિયા હૈ. જો જો સમયમેં જો રાગાદિ, જો જો સમયમેં વહ રાગકો જાનનેકી જ્ઞાનકી પર્યાય અપની સ્વતંત્ર. આતા હૈ (જૈસા રાગ) જ્ઞાનકી પર્યાય આતી હૈ ઐસા નહીં. ઐસા જાનનેકી પર્યાય સ્વકો જાનતે હૈ, પરકો જાનને સે ઐસા પ્રકાશ હોતા હૈ. જાના હુઆ હૈ. ઐસે સર્વ દ્રવ્યકી પર્યાય અપને જિતની જાત પ્રકારકી હૈ વહ જાના હુઆ પ્રયોજનવાન હૈ. આદરણીય મૈં શુદ્ધ હૂં ઐસા ભગવાન સર્વ શુદ્ધ હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યહ નિશ્ચય-વ્યવહારકી સંધિ કહી. ભગવાનકે માર્ગકી ઐસી રીત હૈ.

મુમુક્ષુ :- જ્ઞાન બેયનું કરે.

ઉત્તર :- હા, જ્ઞાન બેયનું કરે, આદરણીય એક કા. સમજમેં આયા? ભાઈ! વસ્તુ ઐસી હૈ પ્રભુ! યહ વસ્તુ ઐસી હૈ. યહ કોઈ પલાખા પીછે આવે ઐસા નહીં. પલાખા સમજે ન? ગડીયા બોલતે હૈ ન ગડીયા. ગડીયા ક્યા કહૈ? પહાડા. યહ તો અંતરકી બાત હૈ. પહાડા સીખતે હૈ ન? એક એકુ એક, બે એકુ બે, ત્રણ એકું ત્રણ. યહ તો પદાર્થ હૈ. સમજમેં આયા? લો. ઓહો..હો..! દેખો, યહ પંચમકાલકે મુનિ. યહ ગાથા. યહ ઐસા ભાવ હૈ. સમજમેં આયા?

'**ઈસ તરહ ઈકતાલીસ દોહોંકે મહાસ્થલમેં પરિગ્રહ ત્યાગકે વ્યાખ્યાનકી મુખ્યતાસે...**' પરિગ્રહ ત્યાગ અર્થાત્ અલ્પજ્ઞતા, રાગકી પક્કડ નહીં. જાનના ભલે હો. સ્વભાવ ત્રિકાલ હૈ ઉસકી પક્કડ ઉસકા નામ પરિગ્રહકા ત્યાગ. આહા..હા..! સમજમેં આયા? '**મુખ્યતાસે આઠ દોહોંકો તીસરા અંતરસ્થલ પૂર્ણ હુઆ. આગે તેરહ દોહોં તક શુદ્ધ નિશ્ચયસે સબ જીવ કેવલજ્ઞાનાદિગુણસે સમાન હૈં,...**' ભગવાન સબ આત્મા શુદ્ધ નિશ્ચયસે, શુદ્ધ સત્યસે, શુદ્ધ નિશ્ચય કહો યા સત્ય કહો. '**સબ જીવ કેવલજ્ઞાનાદિગુણોંસે સમાન હૈં,...**' કેવલજ્ઞાન. કેવલજ્ઞાન અર્થાત્? વહ પર્યાય કેવલકી વહ નહીં. કેવલજ્ઞાન-પૂર્ણ જ્ઞાન, ઐસા. વહ પર્યાયકી યહાં બાત હૈ નહીં. કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલ આનંદ, પૂર્ણ આનંદ, એક આનંદ, એક જ્ઞાન, ઐસા પૂર્ણસ્વભાવ સબ જીવ સમાન હૈં. '**ઈસલિયે સોલહવાન** (તાવ)કે **સુવર્ણકી તરહ ભેદ નહીં હૈ,...**' સોલહવાનકે તાવમેં જૈસા ભેદ પડતે હૈ દોવાન, તીનવાન. ઐસા સ્વરૂપમેં પૂર્ણસ્વરૂપમેં ભેદ હૈ નહીં. જૈસે સોલવલા સોના સો ટકા પૂર્ણ એકરૂપ હૈ ઐસા સબ ભગવાન આત્મા કેવલ જ્ઞાન, અકેલા જ્ઞાન, અકેલા દર્શન, અકેલા શબ્દે રાગ ઔર પરરહિત. ઐસા સ્વભાવસે પરિપૂર્ણ સ્વભાવ સબ જીવ હૈ. ઐસી બાત '**સબ જીવ સમાન હૈં, ઐસા નિશ્ચય કરતે હૈં.**' તેરહ ગાથામેં વહ કહેંગે. ઉસમેં પહલી ગાથા હૈ ૯૫વીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૪, ગુરુવાર, તા. ૦૩-૦૬-૧૯૬૫**
**ગાથા-૯૫-૯૬, પ્રવચન-૧૩૮**

પરમાત્મપ્રકાશ. દૂસરા અધ્યાયકી ૯૫વીં ગાથા. ૯૪ હુઈ. દેખો, ક્યા કહતે હૈં?

૨૨૨) **जो भत्तउ रयण-त्तयह तसु मुणि लक्खणु एउ।**
**अच्छुउ कहिँ वि कुडिल्लियइ सो तसु करइ ण भेउ।।९५।।**

દેખો, ઉસકા શબ્દાર્થ. 'જો...' 'યઃ' શબ્દ પડા હૈ ન? '**જો મુનિ રત્નત્રયકી આરાધના...**' દેખો, મુનિકો રત્નત્રયકી આરાધના કહા. યહ નિશ્ચયરત્નત્રયકી આરાધનાકી બાત હૈ. કોઈ કહતે હૈ ન કિ રત્નત્રય નિશ્ચય તો ઉપરકે ગુણસ્થાનમેં.. અહીં તો નીચે વળી ના પાડે છે. નીચે હોય નહિ સમ્યગ્દષ્ટિને યહાં તો '**જો મુનિ રત્નત્રયકી આરાધના...**' અર્થાત્ આત્મા શુદ્ધ પૂર્ણ સ્વરૂપ. અખંડ જ્ઞાયક ઉસકી અંતર પ્રતીત, ઉસકા સ્વસંવેદન જ્ઞાન ઔર ઉસકે સ્વરૂપમેં આચરણરૂપ સ્થિરતા, ઉસકા નામ આરાધના, ઉસકા નામ સેવા. '**કરનેવાલા હૈ. ઉસકે યહ લક્ષણ જાનના કિ કિસી શરીરમેં જીવ રહે,...**' એકેન્દ્રિયમેં હો, દો ઇન્દ્રિયમેં હો. વ્યવહારસે હોં. વસ્તુ તો વસ્તુ હૈ. '**વહ જ્ઞાની ઉસ જીવકા ભેદ નહીં કરતા,...**' જીવસ્વરૂપ ભગવાન પૂર્ણ જ્ઞાન આદિ કેવલજ્ઞાન. કેવલ અર્થાત્? કેવલ પર્યાયકી બાત નહીં યહાં. કેવલ-એકલો સૂર્ય, જ્ઞાનસૂર્ય, કેવલ દર્શન, કેવલ આનંદ, કેવલ એક વીર્ય પૂર્ણ સ્વભાવ. ઐસા સબ આત્મા રત્નત્રયના આરાધક જીવ. જોકે યહાં મુનિકી બાત કહી હૈ.

નિયમસારમેં તો શ્રાવક ઔર મુનિ દોનોંકો રત્નત્રયકા ભગત કહનેમેં આયા હૈ. સમજમેં આયા? પંચમ ગુણસ્થાનમેં ભી નિશ્ચયરત્નત્રયકા ભગત-સેવન કરનેવાલા કહનેમેં આયા હૈ. મૂલ પાઠ હૈ. નિયમસાર ભક્તિ અધિકારમેં. સમજમેં આયા? કોઈ કહતે હૈ કિ ભાઈ! શ્રાવકકો ઇતના તીન રત્નત્રય નિશ્ચય કહાંસે આ ગયા? ઉસકો તો વ્યવહારરત્નત્રય હૈ. જો સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ અપના જ્ઞાયક, ઉસકી દૃષ્ટિ, ઉસકા અનુભવ જ્ઞાન ઔર અંશે સંયમકી સ્થિરતા પંચમ ગુણસ્થાનમેં ભી હૈ તો ઉસકો ભી તીન રત્નકા આરાધક ભગવાન કુંદકુંદાચાર્ય નિયમસારમેં ફરમાતે હૈં. સમજમેં આયા? ઔર વહાં ભી હૈ ન અપને સમયસાર આખિરકી ગાથા. .. પાખંડી. ૪૧૦. ગૃહસ્થ હો યા પાખંડી. પાખંડી અર્થાત્ મુનિકી બાત હૈ. પાપકા ખંડ કરનેવાલા. પાખંડી વહ નહીં. ગૃહસ્થ હો યા મુનિ હો. વહ લીન હૈ વહ ધર્મ નહીં. વિકલ્પ ઔર બાહ્ય ભેષ. ઉસકા તીન

રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ ગૃહસ્થકો ભી અપના સ્વદ્રવ્ય પૂર્ણાનંદ પ્રભુ ઉસકે આશ્રયસે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન હુઆ, નિર્વિકલ્પ નામ રાગ બિના સ્વસંવેદન જ્ઞાન હુઆ ઔર વિકલ્પ વ્યવહાર બાર અણુવ્રત યા પંચ મહાવ્રત બિનાકે જો સ્વરૂપકી સ્થિરતા હુઈ વહ શ્રાવકકો ભી ત્રણ રત્નકા આરાધન કહનેમેં આયા હૈ. સમજમેં આયા?

**'દેહકે ભેદસે ગુરુતા લુઘુતાકા ભેદ કરતા હૈ, પરંતુ...'** વ્યવહારસે ખ્યાલમેં લેતે હૈ. પર્યાયમેં, જ્ઞાનમેં વ્યવહાર જિતના ભેદ હૈ, અલ્પજ્ઞતા હૈ, પર્યાયમેં રાગ હૈ, વહ વ્યવહારસે હૈ ઐસે ખ્યાલમેં લેતે હૈ. વસ્તુદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ અપની હુઈ તો અપના સ્વભાવ ભી જેમ અધિક અનુભવ કરતે હૈ ઔર ભેદાદિ હૈ ઉસકો જાનતે હૈ તો દૂસરાકા આત્મા ભી અભેદ ચિદાનંદ અખંડ કેવલજ્ઞાનની વેલડીના કંદ છે એ બધા. આહા..હા..! ભગવાન પૂર્ણ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ કહાં, કહાં વિકાર, કહાં અલ્પજ્ઞતા, કહાં ગુરુતા યા લઘુતા! સ્વભાવમેં તો હૈ નહીં. અપના સ્વભાવ ઐસા દૃષ્ટિમેં લિયા તો સબ જીવકા ઐસા હી સ્વભાવ, દ્રવ્યસ્વભાવ તરીકે ઐસે દેખતે હૈ. પર્યાય તરીકે જાનતે હૈ કિ હૈ પર્યાયમેં ઈતના. વહ વ્યવહારનયસે ભેદ હૈ, વસ્તુમેં ભેદ નહીં. સમજમેં આયા? **'પરંતુ જ્ઞાનદૃષ્ટિસે સબકો સમાન દેખતે હૈ.'** અંતરકા જ્ઞાનસ્વભાવ જો સત્ત્વરૂપ. સત્ત્વસ્વભાવરૂપ પૂર્ણ ઐસા જો અનુભવમેં, દૃષ્ટિમેં આયા હૈ તો શ્રાવક ઔર મુનિ સબકો અંતરમેં પૂર્ણાનંદ સ્વભાવ ઐસે દેખતે હૈ. આહા..હા..! સમજમેં આયા?

**'ભાવાર્થ :-'** અબ યહ શબ્દ પડા હૈ ન જરા. **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાની...'** ઈસલિયે લોગ મૂંઝાતે હૈ. વીતરાગસ્વરૂપ.. જ્ઞાની તો ઉપરમેં હોતે હૈં આઠમેં, નવમેં, દસમેં. ચોથેથી શરૂ હોતા હૈ, પાંચમેં સંયમકા અંશ બઢ ગયા. ઉસસે નિમિત્તપને યહાંસે ગીનનેમેં આયા. બાકી તો ચૌથે ગુણસ્થાનમેં ભી નિશ્ચય સમ્યગ્દર્શન સ્વરૂપકા અનુભવમેં પ્રતીતિ, અનુભવકા અંતર જ્ઞાન ઔર અનંતાનુબંધીકા અભાવ હોકર અસ્તિમેં સ્વરૂપાચરણ હુઆ, અભાવ હોકર સ્વરૂપમેં અસ્તિરૂપ આચરણ હુઆ ઉસકો ભી ત્રણ રત્નકા આરાધન, આરાધક કહનેમેં આતા હૈ. એક અંશ કહતે હૈ ન. સમજમેં આયા? નીચે વ્યવહાર હૈ ઔર ઉપર-નીચે હૈ ઐસા નહીં. વહ તો એકાંત દૃષ્ટિ હો ગયી. નય એકાંત વ્યવહાર રહ ગયા વર્તમાન ઔર નિશ્ચય રહા નહીં. નિશ્ચય પીછે ઔર વ્યવહાર પહલે વહ નયકા સ્વરૂપ હી નહીં હૈ. સમજમેં આયા? એકાંત નય હૈ. અકેલા વિકલ્પ શુભરાગ આદિ, દેવ-ગુરુ-ભક્તિ આદિ ઉસકો હી સમ્યગ્દર્શન માનના વહ તો એકાંત હો ગયા. નિશ્ચયનયકી અપેક્ષા, દૂસરે નયકી અપેક્ષા વહાં રહી નહીં. સમજમેં આયા?

તો કહતે હૈ કિ **'વીતરાગ સ્વસંવેદનજ્ઞાની...'** ચૌથે સે સમ્યગ્દર્શન તો વીતરાગભાવ હી હૈ. સ્વરૂપાચરણ ભી વીતરાગભાવ હી હૈ ઔર જ્ઞાન જો સ્વભાવ સન્મુખ હુઆ સ્વ આશ્રયકા, વહી વીતરાગી સ્વસંવેદન જ્ઞાન હી અંશે હૈ. સમજમેં આયા? ઐસા **'નિશ્ચયરત્નત્રયકે**

**આરાધકકા...'** સ્વ આશ્રય ભગવાન આત્મા ઉસકી જ્ઞાન, પ્રતીતમેં રમણતા ઐસા નિશ્ચયરત્નત્રય આરાધક-સેવન કરનેવાલા, આરાધક હોનેવાલા ઉસકા **'યે લક્ષણ પ્રભાકરભટ્ટ તૂં નિઃસંદેહ જાન,...'** ક્યા? ઉસકા યહ લક્ષણ તું નિઃસંદેહ જાન. ક્યા? **'જો કિસી શરીરમેં કર્મકિ ઉદયસે જીવ રહે,...'** પર્યાયમેં કોઈ કર્મકા નિમિત્ત અને ભેદ અપની યોગ્યતાસે હો, નિગોદસે લેકર, સર્વાર્થસિદ્ધમેં, અરે! ચૌદહ ગુણસ્થાનમેં ભી ભેદ હૈ થોડા વ્યવહારનયસે. જિતના ઉદયભાવ હૈ, અસિદ્ધભાવ. અસિદ્ધભાવ હૈ વહ વ્યવહારનયકા ઉદયભાવ હૈ. ઉસકો નય નહીં હૈ. પરંતુ સાધક નિશ્ચયકા આરાધન કરતે હૈ ઉસ અપેક્ષાસે ચૌદવેમેં ભી વ્યવહારનયકા અંશ અભી બાકી હૈ, અસિદ્ધભાવ, ઉદયભાવ. પરંતુ વહ નહીં દેખતે હૈ. વસ્તુસ્વરૂપ પૂર્ણ શુદ્ધ. નિગોદકા જીવ ભી પૂર્ણ શુદ્ધ, અભવિ ભી પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ. ઔર ચૌદહ ગુણસ્થાનકા ભેદ વ્યવહારનયકા વિષય ઉસકો ગૌણ (કરકે), અપની પર્યાયમેં રાગાદિ, એક સમયકી પર્યાય ગૌણ કરકે વસ્તુ પૂર્ણાનંદ પ્રભુકો દૃષ્ટિમેં મુખ્ય કિયા, ઉસ દૃષ્ટિસે સબ જીવકો દેખતે હૈં. સમજમેં આયા? આહા..હા..!

સમભાવ. કિસકે સાથ બૈર? કિસકે સાથ વિરોધ? શાંત... શાંત... શાંત... પહલે અપના સ્વરૂપ શાંત. સ્ફટિકરત્ન જૈસા સ્વચ્છ શુદ્ધ. વહ સ્ફટિક જડ ઔર યહ ચૈતન્ય શુદ્ધ ચૈતન્યરસ ઐસી શાંતિ અંદરમેં, પૂર્ણ શાંતિ. પૂર્ણ શાંતિ કહો યા પૂર્ણ યથાખ્યાત સ્વભાવ, પ્રસિદ્ધ શુદ્ધસ્વભાવ. ઐસા સબ જીવકા સ્વભાવ, નિશ્ચય રત્નત્રયકા સેવક-આરાધક. વસ્તુદૃષ્ટિસે સબકો ઐસે દેખતે હૈં. સમજમેં આયા?

**'પરંતુ નિશ્ચયસે શુદ્ધ, બુદ્ધ (જ્ઞાની) હી હૈ.'** શરીરકે, કર્મકિ ઉદયમેં નિમિત્તપના ઔર ઉસમેં નૈમિત્તિકપના અપના. ઈતના સમય-સમયમેં ભેદ એકેન્દ્રિય સે પંચેન્દ્રિય, અરે! ગુણસ્થાન ભેદમેં ભી પહલે સે ચૌદહ તક ભેદ હો, **'પરંતુ નિશ્ચયસે શુદ્ધ, બુદ્ધ (જ્ઞાની) હી હૈ.'** અકેલા શુદ્ધ-શાંત બુદ્ધ જ્ઞાનમૂર્તિ એકાકાર પ્રભુ. અપના સ્વભાવ ઐસા પૂર્ણ સબકા હૈ. આ જરી થોડું ભૂલ છે એ શબ્દમાં. **'જૈસે સોનેમેં વાન-ભેદ હૈ,...'** વહ શબ્દ ટીકામેં નહીં. યહ તો જરા ઉન્હોંને બતાયા હૈ. ક્યોં? કિ ઈસ શરીરકે સાથ બતાના હૈ ન. શરીરમેં કર્મકિ ઉદયસે જીવ રહે તો ઈતના ભેદ હૈ. **'જૈસે સોનેમેં વાન-ભેદ હૈ,...'** ઈતના લે લેના. ઔર પાઠમેંસે ઉતના લિયા હૈ. **'षोडशवर्णिकासुवर्णवत्केवलज्ञानादिगुणैर्भेदं न करोतीति।'** એ તો દાખલો આપ્યો સ્પષ્ટ કરવા. કે જેમ સોનામાં ક્ષણે-ક્ષણે વર્ણભેદ નિમિત્તમેં વર્ણભેદ દિખતે હૈ તો વહ તો વ્યવહારકા વિષય હુઆ. અકેલા સોના... સોના... સોના... સોના... દેખો તો ઉસમેં વર્ણભેદ હૈ હી નહીં. ઐસે જીવકી વર્તમાન પર્યાયમેં કર્મકા નિમિત્તકા સંબંધમેં નૈમિત્તિક ભિન્ન-ભિન્ન અવસ્થા દેખો તો વ્યવહારસે હૈ, સ્વભાવસે દેખો તો અકેલા સોના જૈસે સોલવલા હૈ ઐસા ભગવાન શુદ્ધ, બુદ્ધ, સોળવર્ણ... સમજમેં આયા? આહા..હા..!

**'વૈસે જીવોંમેં વાન-ભેદ નહીં હૈ,...'** યહ તો સોનેમેં, પર્યાયમેં ભેદ હૈ ઐસા જીવોંમેં દ્રવ્યમેં ભેદ નહીં એમ લેના. એ તો જરી શબ્દ વધારે પડી ગયો છે. સમજમેં આયા? **'કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંસે સબ જીવ સમાન હૈં.'** કેવલજ્ઞાનકા અર્થ? ઉસ કેવલ પર્યાયકી બાત યહાં નહીં હૈ. કેવલ એક જ્ઞાન, એક દર્શન, એક આનંદ, એક શાંતિ, ચારિત્ર, એક વીર્ય, એક સ્વચ્છતા, એક પ્રભુતા, એક કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન સારા એક હી પૂર્ણ સ્વભાવ ઐસા **'અનંત ગુણોંસે સબ જીવ...'** ભગવાન આત્મા વર્તમાન એક સમયમેં વસ્તુસ્થિતિસે, સમયમેં વિદ્યમાન હૈ. આહા..હા..! અપના એક સમયમેં ઐસા વિદ્યમાન-વિદ્યમાન ફિર ભી હયાતીવાલી સત્ત્વરૂપ અપના વ્યક્ત પ્રગટ પદાર્થ જૈસે દૃષ્ટિમેં આયા ઐસા સબ પદાર્થ ઐસા વિદ્યમાન, વિદ્યમાન. સોલવલા સોના જૈસા સબ આત્મા વસ્તુસે વિદ્યમાન હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યક્ત..

ઉત્તર :- વ્યક્ત અર્થાત્ પ્રગટ. વસ્તુ તરીકે પ્રગટ હૈ. પર્યાય તરીકે .. હૈ. સમજમેં આયા? વસ્તુ તો પ્રગટ હી હૈ. પ્રગટ નામ અવસ્થા. હૈં, હૈં, સત્ત્વરૂપ હૈ, પ્રગટ હી હૈ. વહ સબ કલશમેં આતા હૈ. પ્રગટ હી હૈ, વ્યક્ત હી હૈ. વસ્તુ-વસ્તુ વહ તો પર્યાય તરીકે, અવસ્થા તરીકે પ્રગટ નહીં. સમજમેં આયા? વસ્તુ વસ્તુ તરીકે.

યહાં કહતે હૈ કિ અપની જૈસે વિદ્યમાન વસ્તુ. વિદ્યમાન પદાર્થ દૃષ્ટિમેં, જ્ઞાનમેં લિયા ઐસા હી વિદ્યમાન દ્રવ્યસ્વભાવ. એક પર્યાયકા વિદ્યમાનપના દ્રવ્યમેં નહીં ઐસા વિદ્યમાન પદાર્થ દ્રવ્યદૃષ્ટિસે સબકો જ્ઞાની એક દેખતે હૈં. ઓહો..હો..! કિતના સંભાલ! ઈસકી પર્યાયકા લક્ષ કરકે વિકલ્પ ઉઠા હૈ. ઉસ કારણ સે .. ભાવ પરકે કારણસે હો ઐસા તો હૈ નહીં. પૂર્ણ શ્રદ્ધાનસે દેખતે હૈ, ભેદ હૈ વહ વ્યવહારનયસે દેખતે હૈ, બસ દેખતે હૈ તો જાનતે હૈ. સમજમેં આયા? કિસી વ્યક્તિકે પ્રતિ રાગ-દ્વેષ આદિ કરનેકા કોઈ અવસર હી નહીં ઉસમેં. સમજમેં આયા? ઔર વ્યવહારસે દેખો તો વહ જાનને લાયક હુઈ. પર્યાય ભેદરૂપ વ્યવહાર જાનનેમેં આયા. જાનનેમેં આયા ઉસમેં રાગ યા દ્વેષકા કારણ ક્યા હુઆ? સમજમેં આયા?

યહાં તો ઐસી દૃષ્ટિ લી હૈ કિ જૈસે અપના શુદ્ધ જ્ઞાન પ્રગટ પ્રભુ. હૈ... હૈ.. વિદ્યમાન. ઐસી દૃષ્ટિ પૂર્ણકી હુઈ તો વ્યવહાર હૈ-શુદ્ધકા અંશ બઢતા હૈ, અશુદ્ધતાકા અંશ ઘટતા હૈ. વહ એક ઉસકા જ્ઞાન કરના. વહ જ્ઞાન કરના વહ વ્યવહારજ્ઞાન હુઆ. આદરણીયમેં તો યહ રહા. તો રાગકા જ્ઞાન કરનેસે રાગ હોતા હૈ? ઔર સ્વભાવકી દૃષ્ટિ કરનેસે ઉસમેં રાગ નહીં. રાગ કમજોરીસે આયા, પુરુષાર્થકી કમજોરીસે આયા, પરંતુ રાગકો જાननેસે રાગ હોતા હૈ ઐસા નહીં. સમજમેં આયા? જૈસે અપના નિશ્ચય સ્વભાવ વસ્તુકી દૃષ્ટિ દેખતે ઉસમેં તો વિકાર નહીં ઔર ઉસકે કારણસે વિકાર ઉત્પન્ન હોતા હી નહીં. અબ અપની પર્યાયમેં વિકાર હૈ સહી.

વહ તો જાનનેલાયક વ્યવહારનય. જાનનેલાયક વ્યવહારનય. નય અર્થાત્ વિષયી. વહ હૈ ઔર વિષય હૈ. જાનતા હૈ... જાનતા હૈ... કિ હૈ. તો જાનના, જાનનેમેં રાગકા કારણ ક્યા આયા? સમજમેં આયા? એમ પરપદાર્થ અનંત પદાર્થ ભગવાન પૂર્ણ પ્રભુ, દૃષ્ટિકા વિષય જૈસે વિદ્યમાન અપની પ્રતીતમેં લિયા ઐસા સબ વસ્તુ પૂર્ણ હૈ. વહ પ્રગટ નહીં પર્યાયમેં છતાં વિદ્યમાન હૈ. પદાર્થ પ્રગટ નહીં ફિર ભી દૃષ્ટિસે વિદ્યમાન પદાર્થકી પૂર્ણકી જ્ઞાનમેં વેદન કરકે સ્વસંવેદન ઔર અનુભવમેં, પ્રતીતમેં લિયા. પ્રગટ પર્યાયમેં નહીં ફિર ભી પ્રગટ વિદ્યમાન હૈ ઐસા પ્રતીતમેં લિયા તો સબ દ્રવ્ય પર્યાયમેં પ્રગટ નહીં ફિર ભી વસ્તુ વિદ્યમાન ઐસી કી ઐસી હૈ-ઐસી દૃષ્ટિ હૈ.

ઔર અપના જિસકો રાગાદિ ભેદ હૈ. જાનતે હૈ .. ઉસ કાલમેં. પરકા ભી જિસ જિસ કાલમેં જિસ પ્રકારકી .. વિવિધતા, નિમિત્તતા અપની પર્યાયમેં નિશ્ચય આશ્રય લક્ષસે હો, જાને. જાનનેમેં ક્યા આયા? જાનનેસે કોઈ રાગ હોતા હૈ? આશ્રય કરલે પરકા... વિકલ્પકા યા પરકા આશ્રય કર લે તો રાગ હોતા હૈ. સમજમેં આયા? આહા..હા..! યહ તો પરમાત્મપ્રકાશ હૈ. યોગીન્દ્રદેવને પરમાત્મા પ્રગટરૂપ, વ્યક્તરૂપ કેવલજ્ઞાની, શક્તિરૂપ સબ પરમાત્મા ઐસા વર્ણન કરના હૈ. પરમાત્મપ્રકાશ હૈ ન? ભગવાન પરમાત્મા—પરમ આત્મા, પરમ સ્વરૂપ. એક સમયકી પર્યાય તો વ્યવહારનયકા આત્મા હુઆ. સમજમેં આયા? કેવલજ્ઞાનકી પર્યાય ભી એક સમયકા વ્યવહારનયકા આત્મા આયા. ચાર જ્ઞાનકી પર્યાય એક સમયકી વ્યવહારનયકા આત્મા હૈ ભેદરૂપ. નિશ્ચયરૂપ ભગવાન આત્મા. સમજમેં આયા? જિસમેં અંશ ભેદ નહીં, પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ભેદદૃષ્ટિ પરમેં લી. જૈસી અપનેમેં હૈ ઐસી પરમેં લિયા. વહી દ્રવ્ય પરમાત્મા હૈ. મૈં ભી વિદ્યમાન દ્રવ્યસે પરમાત્મા હૂં. સ્વભાવકા સાધન કરનેસે ઉસ તરફકા આદર કરનેસે વ્યક્તરૂપ પરમાત્મા હો જાયેગા. પર્યાય તરીકે વ્યક્ત. સમજમેં આયા? દૂસરા તો કોઈ ઉસકા ઉપાય ભી નહીં. ઉપાય ભી વહી હૈ કિ વહ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ઉસકે અંતર્મુખ હોકર પ્રતીત, જ્ઞાન કિયા. વહી પરિણતિ ઐસે અંતર્મુખ ચલી રહી. બાકી ચલતે... ચલતે... રાગકા અભાવ હો જાતા હૈ ઔર વીતરાગ પ્રગટ હોતા હૈ. યહ પરમાત્મપ્રકાશ હૈ. આહા..હા..! સમજમેં આયા?

ક્યા કહતે હૈં? દેખો! ઓહો..હો..! યોગીન્દ્રદેવ કહતે હૈં કિ '**ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા, હે ભગવન્ જો જીવોમેં દેહકે ભેદસે ભેદ નહીં હૈ,...**' દેહકે ભેદસે કહો પર્યાયભેદમેં ભેદ હૈ યહ સબ ભેદ હૈ નહીં. '**સબ સમાન હૈં, તબ જો વેદાંતી એક હી આત્મા માનતે હૈં,...**' ઉસમેં ઔર આપમેં ફર્ક ક્યા આયા? વહ અભી કિતને કહતે હૈં ન, દેખો, શાસ્ત્રકા .. આયા. ઠાણાંગમાં આવે છેને? ઠાણાંગસૂત્રમાં આપણે આવે અહીં. અહીં પણ આવે છે. સંગ્રહનયે એગે આયા એગે.. આવે ને. એગે આયા, એગે અજીવ, એગે સંવર,

એગે નિર્જરા, એગે મોક્ષ. સંગ્રહથી તો સામાન્ય એક... એક... એક... એગે આયા. પણ એગે આયા અર્થાત્ સબ હોકર એક આત્મા? ઐસા નહીં. વહ તો સંગ્રહનયસે. ઈસમેં દૃષ્ટાંત દેંગે. વહ સંતબાલ હૈન. .. યહ જૈનકી બાત. મુહપતી લગાતે હૈ ન વહ સ્થાનકવાસી. તો શ્રદ્ધાન .. શ્રદ્ધા નહીં. .. ભાષણ બાષણ કરતે હૈ. એગે આયા. ઐસા કહતે હૈ.

મુમુક્ષુ :- આયા અને ગયા.

ઉત્તર :- ના, એગે આયા આત્મા એમ. વાત તો સાચી છે. એ સાચી વાત છે. બાત ઐસી હૈ. અનંત આત્મા ગયા. ઐસા લો ન. એગે આયા તો એક માન્યો ત્યાં અનંત આત્મા ગયા.

મુમુક્ષુ :- એનો પોતાનો આત્મા ગયો.

ઉત્તર :- સાચી વાત છે. એ તો પણ વાત એ કે એક આત્માકી એક પર્યાયમેં શ્રુતજ્ઞાનકી. કલ કહા થા ન? અનંત આત્માકા દ્રવ્ય, ગુણ ઔર પર્યાય તીન કાલ, તીન લોકકા. યહાં એક પર્યાયમેં ઈતની તાકાત માનનેકી હૈ. જો એક પર્યાય ઈતની ન માને તો વહ પર્યાય ન માની. તો અનંત દ્રવ્ય ન માના તો ઉસને પર્યાય નહી માની.

મુમુક્ષુ :- ... પર્યાયવાન..

ઉત્તર :- પર્યાય. પછી પર્યાયવાન વહ તો દૂસરી ચીજ રહી. સમજમેં આયા? એક સમયકી પર્યાય માને ઉસને છ દ્રવ્ય માના. ક્યોંકિ એક પર્યાયકી તાકાત ઈતની હૈ તો એક પર્યાય.. છ દ્રવ્ય જો હૈ ઉસે માના ઉસને પર્યાય માની. એક છ દ્રવ્ય ન માને, ઉસને અપની પર્યાય ઈતની પૂર્ણ, છ દ્રવ્યકો જાનને લાયક ઈતની પર્યાય ઉસ પર્યાયકો ભી નહીં માના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને ક્યા? વહ પર્યાયમાં છ દ્રવ્ય (જાનનેકી) તાકાત હૈ. વહ આગે કલશટીકામેં લેગા. કળશટીકામેં ચૌદહ બોલ હૈ ન પીછે? .. કળશટીકા અમૃતચંદ્રાચાર્ય છેલ્લા કળશ હૈ. વહાં ઐસે હી લેતે હૈં વે. હા, સ્યાદ્વાદ અધિકારમેં ચૌદહ બોલમેં કલશટીકામેં ઐસે લેતે હૈ. સમજમેં આયા? કોઈ પર્યાય માનતે હૈ, દ્રવ્ય નહીં માનતે. 'પર્યાય માનતે હૈ' મેં ઐસા અર્થ લિયા હૈ કિ છ દ્રવ્યકો માનતે હૈ. છ દ્રવ્યકી જાનનેવાલે પર્યાયકો માનતે હૈ. દ્રવ્યકો નહીં માનતે હૈ ઔર કોઈ દ્રવ્યકો માનતે હૈ પરંતુ એક પર્યાય છ દ્રવ્યકો જાનનેવાલી પર્યાયકો નહીં માનતે. ઐસી બાત લી હૈ. સમજમેં આયા?

અનંત આત્મા ઈસસે અનંતગુના પરમાણુ. ઈસસે અનંતગુના કાલકા સમય, ઉસસે અનંતગુના આકાશકે પ્રદેશ, ઉસસે અનંતગુના એક દ્રવ્ય ગુણ. ઉસમેં એક ગુણકી એક પર્યાય વહ અનંતી જો વ્યાખ્યા કિયા. વહ સબકો વિકલ્પસહિત એક પર્યાયમેં જાનનેકા, પર્યાયકા ઈતના સામર્થ્ય હૈ. ઈતના માને તબ ઉસને પર્યાયકો માની હૈ.

મુમુક્ષુ :- એક પર્યાય માની હૈ.

ઉત્તર :- હજી એક પર્યાય. એક પર્યાય હી તબ માની હૈ. ઐસી-ઐસી અનંતગુણકી પર્યાય ઔર ઐસા-ઐસા અનંત પર્યાયકા પિંડ ગુણ ઔર અનંતગુણકા પિંડ દ્રવ્ય. બાપુ! આત્મા કિસકો કહના? આત્મા પરમાત્મા હૈ. આહા..હા..! મહંત સ્વભાવ, સંત મહંત. મહાપદાર્થ હૈ. સમજમેં આયા? મહંત પદાર્થ મોટો ઐસા.. બડા કહતે હૈ ન તુમ્હારે? પ્રવચનસાર સબ ચલા હૈ. યહાં તો વ્યાખ્યાન સબ ચલા હૈ. પ્રવચનસાર, સમયસાર, પંચાસ્તિકાય, નિયમસાર જોરદાર વ્યાખ્યાન ચલા હૈ એક-એક ગાથાકા. કહો, સમજમેં આયા?

તો ક્યા કહતે હૈ કિ '**હે ભગવન્,...**' તુમ એક હી આત્મા માનતે હો તો ઉનકો ક્યોં દોષ દેતે હોં? '**શ્રી ગુરુ ઉસકા સમાધાન કરતે હૈં,—કિ શુદ્ધસંગ્રહનયસે સેના એક હી કહી જાતી હૈ,...**' સેના અને વન. દો શબ્દ હૈ ન? પાઠમેં દો હૈ. સમજમેં આયા? ૯૫ હૈ ન? એક હી હૈ. કૌન? સેના. સમજે? ઈસતરફ હૈ. ૨૩૮ હૈ. પુસ્તક ફેર હૈ ન. '**शुद्धसंग्रहनयेन सेनावनादिवत्**' '**सेनावनादिवत्**' જાતિ અપેક્ષાસે લેના. વહ ૯૫મેં સંસ્કૃત ટીકાકી દો પંક્તિ યહાં પર હૈ. સમજમેં આયા? ઓહો..હો..!

કહતે હૈ કિ ભગવાન! હમ યદિ સબ જીવકોં એક કહતે હૈ વહ તો શુદ્ધ સંગ્રહનયસે કહતે હૈ. સબકી સત્તા એક હો જાતી હૈ ઐસા નહીં. સ્વરૂપ અસ્તિત્વ. આયા ન પ્રવચનસારમેં? દૂસરી ગાથામેં. સબકા સ્વરૂપ તો ભિન્ન-ભિન્ન હૈ. વહાં યહી દૃષ્ટાંત લિયા હૈ. યહ તો સબ આચાર્યોંને ..અનુસરણ સબ કિયા હૈ. વહાં ભી વૃક્ષકા વનકા દૃષ્ટાંત લિયા હૈ ન ભાઈ! કિ સ્વરૂપ અસ્તિત્વ સબકા ભિન્ન હૈ ફિર ભી સંગ્રહનયસે સબકો એક કહનેમેં આતા હૈ. મહાસત્તા-મહાસત્તા. ઈસલિયે મહાસત્તા એક હો જાતી હૈ કોઈ? વસ્તુ એક હો જાતી હૈ? ઐસા નહીં. હૈ... હૈ... હૈ... હૈ... હૈ... હૈ... હૈ... હૈ... ઉસમેં નહીં હૈ કહાં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહીં હૈ, એક નહીં હૈ. સબ મિલકર એક હૈ ઐસા નહીં. અનંત હૈ ઉસકો એક કહના વહ સંગ્રહનયસે જ્ઞાન કરનેલાયક હૈ. એક-એક ભિન્ન સત્તા સબકી એક સત્તા હો જાયે ઐસી જાત એક હૈ. સંખ્યા એક નહીં. જાતિ એક હૈ, સંખ્યા એક નહીં. ઐસા ન સમજે તો ઉસકી પર્યાયકી અનંતતા હી માનતા નહીં વહ તો.

'**સેના એક હી કહી જાતી હૈ, લેકિન સેનામેં અનેક હૈં,...**' હૈ ન હાથી આદિ? '**તો ભી ઐસે કહતે હૈં, કિ સેના આયી, સેના ગયી,...**' ઐસા કહતે હૈ. સેના અકેલી હૈ. સેના નામકા પદાર્થ ભિન્ન હૈ? મનુષ્ય હૈ? '**ઉસી પ્રકાર જાતિકી અપેક્ષાસે જીવોંમેં ભેદ નહીં હૈં,...**' જાતિકી અપેક્ષા ભેદ નહીં. સબ એક હી હૈ. સંખ્યાસે એક હૈ ઐસા નહીં.

જાત એક. જૈસા વહ... જૈસા વહ... લાખ મણ ઘઉં હોય, લાખ મણ ઘઉં ઉસકી ગુણ. સબ એક ઘઉં... એક ઘઉં... એક ઘઉં... સબ એક ઘઉંકી જાત હૈ. ઉસ અપેક્ષાસે દાના એક હો જાતા હૈ ઐસા નહીં. સબકા એક દાના હો જાયે. લાખ ગુણકા પૈસા હી ન આવે. એક દાનેકા પૈસા આવે. સમજમેં આયા? જૈનને નામે અભી અધ્યાત્મ યહાંસે બહુ ચલા તો કિતને ઐસે આયે નિશ્ચયાભાસી હો ગયે હૈં. જૈનકે નામ પર. જાઓ નિશ્ચયસે તો બસ એક હૈ, નિશ્ચયસે એક હૈ. કૈસે નિશ્ચય એક હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સારા યહ સબ બહુત આ જાતા હૈં. કલ કહા ન. રવિ ઐસે ચલે હૈ, સંતબાળ ઐસે વહ તો લૌકિકકી લાઈનમેંસે. છએ દર્શન સરખા. વેદાંત બતાવવા માટે કહ્યું. એવા ઘણા કેટલાક. એક જણો આવ્યો હતો નહિ સાધુ? સ્થાનકવાસી .. બે વાર.. અહીં ચોમાસું હતું. અહીં આવ્યા હતા. મોક્ષમાર્ગપ્રકાશક વાંચ્યું, વહ નિશ્ચય પીછે ક્યા આવે? માંસ ખાયે, દારૂ પીવે ઉસમેં ક્યા? અરે! મરી જઈશ. સાંભળને કીધું. આ આવ્યું ક્યાંથી? એમ કે નિશ્ચય જ્યાં હુઆ પીછે માંસ હો યા રોટી હો. એમ કહતે થે. યહાં દોપહરકો આયે. ચોમાસા થા. મોક્ષમાર્ગપ્રકાશ પઢા ન વહ નિશ્ચયકી દૃષ્ટિ. અરે! નિશ્ચયકા અર્થ ઐસા નહીં. પર્યાયમેં જિતની વિવેકતા, ભિન્ન-ભિન્નતા હૈ ઉસકા બરાબર જ્ઞાન કરના ચાહિયે ઔર ઉસ પર્યાયકે યોગ્ય ઉસકો આહાર લેનાકા વિકલ્પ આતા હૈ. લ્યો યે તો નિશ્ચય હુઆ તો માંસ હો, દારૂ હો, પરસ્ત્રી હો, મરી જઈશ કીધું. એવા નિશ્ચયાભાસની કરવા.. આ તો નિશ્ચય અને વ્યવહાર બેય સમજે. વ્યવહાર નહીં હૈ? વ્યવહાર નહીં હૈ? વ્યવહાર આશ્રય કરનેલાયક નહીં હૈ. પરંતુ વ્યવહાર નહીં હૈ. નહીં હૈ તો એકાંત મિથ્યાદૃષ્ટિ એક નયકા મિથ્યાદૃષ્ટિ હૈ.

મુમુક્ષુ :- મરી જઈશ એટલે?

ઉત્તર :- એટલે મરી જઈશ કીધું, આમાં ઉંધું લઈને. શાસ્ત્ર બહાને આવા ઉંધા અર્થ કાઢીને. આ ક્રિયાકાંડનો પક્ષ હતો ત્યારે ક્રિયા કરવી... ક્રિયા કરવી... એ મુખ્ય હતું. હવે જ્યારે નિશ્ચયનો પક્ષ હતો. ક્રિયા હવે ગમે તેવી ક્રિયા હો, પણ ગમે તેવી ક્રિયા વિકલ્પ.. ઉસે મુનિકે યોગ્ય હી વિકલ્પ હોતા હૈ. ગમે તેવા કહાંસે આવે? સમજમેં આયા? તભી પ્રવચનસારમેં કહા ન ચરણાનુયોગકી શુરૂઆતમેં. ક્યા કહા? .. દ્રવ્ય શુદ્ધ. ઐસે કિ...

મુમુક્ષુ :- દ્રવ્યાનુસારી ચરણં, ચરણાનુસારી દ્રવ્યં.

ઉત્તર :- બસ એ. દ્રવ્યાનુસારી ચરણં, ચરણાનુસારી દ્રવ્યં. યહ મહાસિદ્ધાંત હૈ ઉસમેં. ચરણાનુયોગકે પહલેકા કલશ. ભૂમિકા પ્રમાણે જો વિકલ્પ હૈ ચરણાનુયોગ, ઉસ અનુસાર વહાં દ્રવ્યકી શુદ્ધિ અંતરમેં હુઈ હૈ. અંતરમેં જિતની શુદ્ધિ દ્રવ્યકી હુઈ હૈ ઈતના પ્રમાણમેં રાગકા

વિકલ્પકી જાત ઉસકો આતી હૈ. દોનોં ભિન્ન-ભિન્ન હૈ. વહ ચરણાનુસારી મુનિ હૈ તો ઉસકો અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પકા હી ચરણાનુયોગકી યોગ્યતા હૈ. ઉસ પ્રમાણે શુદ્ધિ ભી અપને કારણસે વહાં તીન કષાયકા અભાવકી શુદ્ધિ હૈ. યહાં ઈતની શુદ્ધિ હૈ તો ઈતના હી વિકલ્પકી જાત વહાં આતી હૈ. ઐસા દોકા જ્ઞાન કરના ચાહિયે બરાબર. વહ લંબી બાત સબ આ ગયી હૈ વ્યાખ્યાનમેં. સમજમેં આયા? ઐસે ગડબડ કરે કિ દ્રવ્ય ઐસા હૈ, હવે પર્યાય ચાહે સો હોય. ચાહે સો હોય નહીં. સમ્યગ્દર્શનમેં અનંતાનુબંધી મિથ્યાત્વકા નાશ હુઆ તો સ્થિરતા અંશ પ્રગટ હુઈ તો સ્વરૂપાચરણ ઉસકે યોગ્ય ભૂમિકામેં ઐસા ભાવ આતા નહીં માંસ, દારૂ ઐસા ખાનેકા.. માંસ, દારૂ ઐસા વિકલ્પ હોતા હી નહીં. વહ સહજભાવ હૈ. સમજમેં આયા? ઐસે કરે લ્યો હવે હમેં કુછ હોગા નહીં. પરદ્રવ્યકો છૂતે નહીં, પરદ્રવ્ય હમ ખા સકતે નહીં. ખા સકે કૌન? વિકલ્પ આયા વહ તેરે ભાવમેં આયા. તો વિકલ્પકા વિવેક હૈ ઉસકો. ઉસ જાતકા વિવેક હોતા હૈ રાગકી મંદતાકા. અશુભરાગ તો ઉસકી યોગ્યતાકા, ઉસકી યોગ્યતાકા. ઈતની મર્યાદા હૈ. સ્વભાવમેં તો વહ ભી હૈ નહીં. નિશ્ચય ઔર વ્યવહાર દોકા બરાબર જ્ઞાન કરના ચાહિયે. એકલા નિશ્ચયકા કરે, વ્યવહારકો છોડ દે કિ હૈ હી નહીં વ્યવહાર. મૂઢ હૈ? વ્યવહાર નહીં હો તો ઉસકી પર્યાય નહીં હૈ? વિકલ્પ નહીં હૈ? ભેદ નહીં હૈ? આશ્રય કરનેલાયક નહીં હૈ. સમજમેં આયા? વહ યહાં કહતે હૈ દેખો, '**ઉસી પ્રકાર જાતિકી અપેક્ષાસે ભેદ નહીં હૈં, સબ એક જાતિ હૈં, ઔર વ્યવહારનયસે...**' દેખો, આયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ જ વ્યવહારને. ઓલા વ્યવહારની ક્યા વાત? ભેદની વાત ક્યાં છે?

'**વ્યક્તિકી અપેક્ષા ભિન્ન-ભિન્ન હૈં,...**' વ્યક્તિ ભિન્ન-ભિન્ન હૈ આત્મા. પ્રત્યેક ભિન્ન-ભિન્ન હૈ. એક ભી હ અજીવ કહે તો અનંત પરમાણુ એક હો જાતા હૈ? અજીવ સંગ્રહસે એક અજીવ, સામાન્ય. તો સત્તા એક હો જાતી હૈ ઐસા નહીં. અનંત જીવ હૈ, એક નહીં. યહ જૈનદર્શનકી નિશ્ચયકી જો બાત યથાર્થ જહાં આવે તો લોગ કહે વેદાંત જૈસા હો ગયા. ઈસકે પીછે વ્યવહાર-ફ્યવહારકી યોગ્યતા ક્યા? .. ઐસા હૈ હી નહીં. સમજમેં આયા? યહાં તો કહતે હૈ કિ વસ્તુસ્વભાવ વિદ્યમાન દેખો તો પૂર્ણાનંદ પ્રભુ હૈ. ઐસા સબ પૂર્ણાનંદકી જાતકો દેખનેસે એક આત્મા મહા સત્તાકી એક સત્તા કોઈ હો જાયે. પરોવીને સબમેં એક સત્તા. પરોવીને ક્યા કહતે હૈ? જૈસે દોરા પરોવતે હૈ માલામેં. ઐસે કોઈ મહાસત્તા પિરોકર નહીં હૈ. પરોવી ક્યા કહતે હૈ? .. સમજમેં આયા?

અનંત ગુણ પરમાત્મસ્વરૂપ. યહ પરમાત્મપ્રકાશ હૈ ન? દ્રવ્ય પરમાત્મા અપના દ્રવ્ય પરમાત્મા. વહી પર્યાયસે ભેદ જાનને લાયક હૈ, પરંતુ અનંત પૂર્ણાનંદ એક કહા, માટે અનંત આત્મા એક

હો જાયે ઐસા કભી હૈ નહીં. જૈસે દૃષ્ટાંત. બીજો દાખલો. પાઠમેં એક હૈ. **'सेनावनादिवत्'** ઐસા હૈ ન? ભિન્ન-ભિન્ન દૃષ્ટાંત દેકર સમજાયા હૈ. **'જૈસે વન એક કહા જાતા હૈ, ઔર વૃક્ષ જુદે જુદે હૈં,...'** વહ પ્રવચનસારમેં આતા હૈ જ્ઞાન અધિકારમેં. **'ઉસી તરહ જાતિસે જીવોમેં એકતા હૈ, લેકિન દ્રવ્ય જુદે જુદે હૈં,...'** લેકિન આયા. **'તથા જૈસે સેના એક હૈ, પરંતુ હાથી, ઘોડે, રથ, સુભટ અનેક હૈં, ઉસી તરહ જીવોમેં જાનના.'** વસ્તુ તરીકે જાતિકી અપેક્ષા એક કહા, પર્યાયમેં ઔર વ્યક્તિમેં સબ ભિન્ન હૈ. સમજમેં આયા? ઐસા વ્યવહારસે જ્ઞાન કરના ઔર નિશ્ચયમેં જો વસ્તુ હૈ ઉસકો અંતરમેં આદર કિયા નહીં. તો ઐસા પરમેં હૈ ઐસા આદર કરના. પૂર્ણાનંદ પ્રભુ સબ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં હૈ. સંગ્રહનયસે કહનેમેં આયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો અપના સ્વરૂપ એક હી હૈ. વહ તો એક દ્રવ્યકી બાત હૈ. સબકી નહીં. અધ્યાત્મ. યહાં એક તો અપના દ્રવ્ય યહાં. એકરૂપ જ્ઞાયક. વહ તો એકરૂપ હી હૈ. યહ દૂસરી જાતકી બાત હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ દ્રવ્ય તરીકે, ઉસકી જાત તરીકે. જૈસા યહ દ્રવ્ય હૈ, વૈસા વહ દ્રવ્ય... જાતિસે. જાતિ અર્થાત્ દૂસરી જાતિ બસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાતિ એમ નહિ, એમ નહિ. વહ પૃથક્ સત્તા હૈ. દરેક જીવકી. જાતકી એમ નહીં. યહ જીવ જાત... યહ જીવ જાત... યહ જીવ જાત... ઐસે એક. ચેતન જાત એમ જાત. કોઈ જાતિ દૂસરી નહીં.

મુમુક્ષુ :- સાતમું દ્રવ્ય.

ઉત્તર :- ના, સાતમું દ્રવ્ય નથી. વહ કહાં આયા? સાતવીં જાતિ કોઈ નહીં. વહ તો જાત નામ વસ્તુસ્વરૂપ. યહ ચૈતન્ય જાત, બસ. યહ ચૈતન્ય જાત. આ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... બસ-બસ એક. વહ આયા ન જાતિકી અપેક્ષાસે .. દેખો પાઠમેં હૈ સબ. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમ નથી. અબ તો ખ્યાલમેં આયા. વહ તો પહલે પૂછતે ખ્યાલમેં આયા થા ન. નહીં. નહીં.. યહ જાતિ નહીં. એકેન્દ્રિય, દો ઇન્દ્રિય, તીન ઇન્દ્રિય નહીં. વહ ચૈતન્ય જાત... ચૈતન્ય જાત... ચૈતન્ય જાત... બસ ઇતના. બસ ઇતના. જૈસા યહ ચૈતન્ય, વૈસા

યહ ચૈતન્ય, વૈસા વો ચૈતન્ય. જાતિ કોઈ દૂસરી નહીં હૈ. બસ ઈતના. લો સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન-ભિન્ન. સબ ભિન્ન. વ્યક્તિ લખ્યું છેને અંદર આવે છેને, હા બસ એ. '**व्यवहारनयेन पूनर्व्यक्तपेक्षया**' એ. બસ એ. છેલ્લી લીટી હૈ. વ્યક્તિ નામ પ્રગટ જો પદાર્થ હૈ ભિન્ન-ભિન્ન ઉસ અપેક્ષાસે તો અનંત હૈ. વહ તો સંગ્રહ કરકે કહનેમેં આયા હૈ. કહનેમેં આયા હૈ તો એક હો જાતા હૈ? સત્તાકી જાત એક કરકે બતાના. વહ ૯૫. છ દ્રવ્ય અનાદિ-અનંત. છ દ્રવ્યમેં એક દ્રવ્ય કમ માને તો ઉસકી પર્યાયકો માનતે નહીં. .. હોં. આહા..હા..! સર્વજ્ઞકા ઘરકી બાત હૈ. છ દ્રવ્ય—ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાલ. અમાપ આકાશ, અસંખ્ય અણુઓ, ઉસમેં એક-એક અનંત પરમાણુ, અનંત જીવ. ઈતની કબુલાત, છ દ્રવ્યકી કબુલાત હુએ બિના એક દ્રવ્યકા અંતરમેં અનુભવ હો સકતા નહીં. ઐસી બાત હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છ દ્રવ્ય હૈ જગતમેં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહીં... નહીં... નહીં... પર્યાય નહીં. દ્રવ્ય ભિન્ન ભિન્ન હૈ સબ. ભિન્ન ભિન્ન દ્રવ્ય. વહાં આગમમેં જ્ઞાનગમ્ય હોતા હૈ. પર્યાયમેં ઈતના. પ્રતીત આતા હૈ ન પ્રતીતમેં કિ વસ્તુ હૈ કિ નહીં. .. કહા ઉસને સુના તો ઐસા ખ્યાલમેં આના ચાહિયે છ દ્રવ્ય હૈ. પર્યાયમેં માન્યતામેં આના ચાહિયે. છ દ્રવ્ય હૈ. અવ્યક્તપને તિર્યંચકો ભી ઉસકી પર્યાયમેં પ્રતીત આતી હૈ વ્યક્તપને. બહુ સ્પષ્ટ નહીં. વહ સમ્યગ્જ્ઞાન દીપિકામેં લિયા હૈ ધર્મદાસક્ષુલ્લકને તો. જિસકો છ દ્રવ્યકી પ્રતીત નહીં ઉસકો આત્માકા અનુભવ પ્રતીત હોતા નહીં. ન્યાયસે બાત હૈ વહ. લિખા હૈ. સમ્યગ્જ્ઞાનદીપિકામેં. હમ જો બોલતે હૈં વહ સબ શાસ્ત્રકે આધારસે. સમ્યગ્જ્ઞાન દીપિકામેં લિયા હૈ. ઔર યહ તો યહાં આધાર હૈ વિશેષ તો કલશટીકા. એક સમયકી પર્યાય માની ઉસને છ દ્રવ્ય માના હૈ ઔર છ દ્રવ્ય માના, પર્યાય માની પરંતુ દ્રવ્ય નહીં માના. એકાંત મિથ્યાદૃષ્ટિ હૈ. દ્રવ્ય માના અકેલા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પર્યાય ન માની. તો દ્રવ્યસ્વરૂપ પર્યાય એક સમયકી પર્યાયમેં તાકાત. એકાંત મિથ્યાત્વ. સમજમેં આયા? બાત તો ઐસી હૈ.

મુમુક્ષુ :- ... પોતાના શરીરમાં રહે?

ઉત્તર :- બીજે ક્યાં રહેતો હશે? બહારમાં રહેતો હશે? મિથ્યા નામ વિપરીત અભિપ્રાય. તો વિપરીત અભિપ્રાય ક્યા? આત્માકી પર્યાય છોડકર બાહરમેં રહતે હૈ? સુખ-દુઃખકા વેદન અપની પર્યાયકો છોડકર બાહર રહતા હૈ. સંસાર કહાં રહતે હૈ વહ નક્કી કરો લો. સંસાર પર્યાયમેં હૈ. સંસરણ ઈતિ સંસાર. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્ય ધ્યાન ઉસમેં સે હટકર રાગાદિ વિકલ્પાદિ

અલ્પજ્ઞ પર્યાય જિતના માના વહ માન્યતા વહી સંસાર હૈ. સંસાર કોઈ અપની પર્યાયકો છોડકર પરમાણુમેં નહીં રહતા. કર્મમેં સંસાર નહીં રહતા. સમજમેં આયા? જયચંદભાઈ! શું કીધું? એ દુઃખ કાંઈ શરીરમાં નથી રહેતું. એમ કીધું.

મુમુક્ષુ :- શરીરને લઈને તો દુઃખ થાયને.

ઉત્તર :- બિલકુલ જૂઠ બાત હૈ, બિલકુલ જૂઠ બાત હૈ. કૌન કહતા હૈ? શરીરમેં દુઃખ નહીં, શરીરકો લેકર દુઃખ નહીં. અપની પર્યાયમેં જિતના વિકલ્પ ઉઠાતે હૈ ઈતના દુઃખ હૈ. વહ દુઃખ સ્વભાવમેં નહીં, સંયોગમેં નહીં, સંયોગસે નહીં. પર્યાયમાં ઉભા કરેલી દુઃખદશા છે. સમજ્યા જયચંદભાઈ! આ રાડું પાડો છોને. આ સવારથી આવે છે વારંવાર આ.

મુમુક્ષુ :- .. હમણા બરાબર નથી.

ઉત્તર :- શું થાતું નથી?

મુમુક્ષુ :- સરખાઈ.

ઉત્તર :- શેની સરખાઈ પણ? સરખાઈ અહીં જોવે છે કે બહાર ધૂળમાં?

મુમુક્ષુ :- હમણાં તો ધૂળમાં જોઈએ છે.

ઉત્તર :- ધૂળનું શું કામ છે અહીં? જયચંદભાઈ! એ તો વળી એકકોર એમ કહેતા હતા કે મારે આનું કાંઈ કામ નથી. મારે આનું કામ નથી. એમ વળી બોલે પાછા મારી પાસે આવીને. વહ ૯૫ ગાથા હુઈ.

૯૬. '**આગે તીન લોકમેં રહનેવાલે જીવોંકા અજ્ઞાની ભેદ કરતે હૈં.**' અર્થ નીચે લિખા હૈ. નયેમેં ડાલા હૈ? અર્થ રહ ગયા હૈ. '**अथ त्रिभुवनस्थजीवानां मूढा भेदं कुर्वन्ति, ज्ञानिनस्तु**' એ માથે ઉપોદ્‌ઘાત છે. સંસ્કૃત છે. સબકે સમાન નહીં જાનતે હૈ ઔર જ્ઞાની જન કેવલ જ્ઞાન લક્ષણસે સબકો સમાન જાનતે હૈ. '**भिन्नभिन्नसुवर्णानां षोडशवर्णिकैकत्ववत्केवलज्ञानलक्षणैनैकत्वं जानन्तीति दर्शयति--**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મથાળું છે. એને મથાળું હોયને. આને ભૂલ થઈ ગઈ છે. હવે મૂળ શ્લોક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અર્થ કરે નીચે.

'**જીવપનેસે કોઈ કમ-બઢ નહીં હૈં, કર્મકે ઉદયસે શરીર-ભેદ હૈં, પરંતુ દ્રવ્યકર સબ સમાન હૈં. જૈસે સોનેમેં વાન-ભેદ હૈ, વૈસે હી પરકે સંયોગસે ભેદ માલૂમ હોતા હૈ, તો ભી સુવર્ણપનેસે સબ સમાન હૈં,...**' સોના એક નહીં હો જાતા સબ. કિ યહ સોલવલા સોના... યહ સોલવલા સોના... યહ સોલવલા સોના... એક નહીં હો જાતા

હૈ. સોળવલું... સોળવલું...

૨૨૩) जीवहँ तिहुयण-संठियहँ मूढा भेउ करंति।
केवल-णाणिं णाणि फुडु सयलु वि एक्कु मुणंति।।९६।।

દષ્ટિકા જોર હૈ. **'તીન ભુવનમેં રહનેવાલે જીવોંકા મૂર્ખ હી ભેદ કરતે હૈં, ઔર જ્ઞાની જીવ...'** દેખો આયા 'કેવલજ્ઞાનસે પ્રગટ...' દેખો. **'स्फुटं'**નો અર્થ પ્રગટ. પ્રગટ વિદ્યમાન પદાર્થ પ્રગટ પૂર્ણ હૈ, પ્રગટ હી હૈ. વિદ્યમાન તરીકે પ્રગટ હૈ ન. પ્રગટ ક્યા અભાવ હૈ ઉસકા? વસ્તુકા અભાવ હૈ? અવિદ્યમાન હૈ? સમજમેં આયા? **'જ્ઞાની જીવ કેવલજ્ઞાનસે...'** કેવલ નામ પૂર્ણ જ્ઞાન, અકેલા જ્ઞાન, અકેલા દર્શન, પૂર્ણાનંદ આદિ. અકેલાકા અર્થ જિસમેં રાગાદિકા ભી સ્પર્શ નહીં એમ અકેલા. અકેલા જ્ઞાનસે પ્રગટ **'स्फुटं'** પ્રગટ **'સબ જીવોંકો સમાન જાનતે હૈં.'** **'एकं मन्यंते' 'एकं मन्यंते'** ની વ્યાખ્યા **'સમાન જાનતે હૈં.'** એ કરી. પાઠમેં **'एकं मन्यंते'** હૈ. દેખો, પાઠ હૈ ન પાઠ. એ તો એક થયોને. એક જાતિએ એક થયોને. જૈસા વહ આત્મા, વૈસા વહ આત્મા, જૈસા એક ઘઉં વૈસા દૂસરા ઘઉં, વૈસા તીસરા ઘઉં...

**'ભાવાર્થ :- વ્યવહારનયકર સોલહવાનકે સુવર્ણ ભિન્ન ભિન્ન વસ્રોંમેં લપેટેં....'** દેખો, દષ્ટાંત આયા. સોલહવાનકે સુવર્ણ લગડી ભિન્ન ભિન્ન વસ્રમેં લપેટેં **'તો વસ્રકે ભેદસે ભેદ હૈ,...'** કોઈ કાળા, કોઈ રાતા, કોઈ લીલા, કોઈ પીળા, કોઈ જીર્ણ, કોઈ જાડા, કોઈ પાતળા. ... વસ્તુ બહારનો દાખલો એ તો બાહરસે. વસ્તુ ભિન્ન હો જાતી હૈ અંદરમેં? ઉસરૂપ આત્મા હો જાતા હૈ? ખરેખર આત્મા શરીરરૂપ હોતા હૈ? અરે! ખરેખર આત્મા રાગરૂપ હોતા હૈ? ખરેખર આત્મા એક સમયકી પર્યાય વ્યક્ત ઈતના હો જાતા હૈ? સમજમેં આયા?

ભગવાન આત્મા એક સમયમેં પરિપૂર્ણ પ્રગટ વિદ્યમાન પદાર્થ. વહ વસ્તુકો શરીરકા લપેટ હુઆ ભિન્ન-ભિન્ન તો ઉસરૂપ હોતા હૈ કોઈ? ઔર રાગ ભિન્ન-ભિન્ન હોતા હૈ તો રાગરૂપ વહ આત્મદ્રવ્ય હો જાતા હૈ? અરે! એક સમયકી પર્યાય પ્રગટ... પ્રગટ... પ્રગટ અંશ તો ઉસ અંશરૂપ સારા દ્રવ્ય હો જાતા હૈ કભી? સમજમેં આયા? **'પરંતુ સુવર્ણપનેસે ભેદ નહીં હૈ,...' 'સોલહવાનકે સુવર્ણ ભિન્ન ભિન્ન વસ્રોંમેં લપેટે તો વસ્રકે ભેદસે ભેદ હૈ,...'** ઓલા સોનાનો દાખલો આપ્યો હોં. **'પરંતુ સુવર્ણપનેસે ભેદ નહીં હૈ,...'** સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... .. **'ઉસી પ્રકાર તીન લોકમેં તિષ્ઠે હુએ જીવોંકા વ્યવહારનયસે શરીરકે ભેદસે ભેદ હૈ,...'** વહ શરીરકે ભેદસે વસ્તુ હૈ? વસ્તુ જ્ઞાનસ્વરૂપ હૈ, મૈં ચિદાનંદસ્વરૂપ હૂં.

**'પરંતુ જીવનપનેસે ભેદ નહીં હૈ.'** જીવપના, જીવપના, શુદ્ધપના, પરમાર્થપના, પરમાત્મના. ઐસેમેં કોઈ ભેદ હૈ નહીં. દ્રવ્યસ્વભાવ એક સમયકી પર્યાયરૂપ કભી હોતા હૈ? વહ દેખો, સમજમેં આયા? એક સમયકી પર્યાયરૂપ દ્રવ્ય હોતા હૈ? વિશેષતા અંશે સામાન્ય વિશેષરૂપ

હો જાતા હૈ? અને વિશેષ સામાન્યરૂપ હો જાતા હૈ? તો દો અંશ રહતે નહીં. સમજમેં આયા? શાંત સ્વભાવ. સામાન્ય અર્થાત્? એકરૂપ સદશ. સદશ જ્ઞાન, દર્શન, આનંદ એકરૂપ સ્વરૂપ વહાં વિશેષ એક અંશરૂપ કભી હુઆ હૈ? તો રાગરૂપ કભી નહીં ઔર શરીરરૂપ તો કભી નહીં. સમજમેં આયા? ઐસી વસ્તુ નિજસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, ઐસી દૃષ્ટિસે દેખો તો સબ જીવપનેસે ભેદ હૈ નહીં. શરીરકે ભેદસે ભેદ હૈ. આહા..હા..! પડદા પાછળ પ્રભુ પૂર્ણ છે.

શરીર અને વિકલ્પ અને અલ્પજ્ઞ પર્યાય. તીન લિયા દેખો. ઉસકે પીછે ભગવાન પૂર્ણ-પૂર્ણ પ્રભુ હૈ. ઉસમેં કમી-બેસી કભી હુઈ નહીં. કેવલજ્ઞાન હુઆ તો વહાં સ્વભાવમેં કોઈ કમી હુઈ હૈ? ઔર મતિજ્ઞાનકી પર્યાય પ્રગટરૂપ એક અંશ હૈ તો વસ્તુમેં વહાં કોઈ વિશેષ અધિક ભાગ રહ ગયા હૈ? સમજમેં આયા? કેવલપર્યાય, કહાં અક્ષરકે અનંતવે ભાગમેં પર્યાય નિગોદ. તો વહ પર્યાય ઔર કેવલજ્ઞાન પર્યાય. તો ક્યા કેવલજ્ઞાન પર્યાય હુઈ તો વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એકરૂપ વસ્તુમેં ક્યા કમી હો ગયી હૈ? બહુત પર્યાય પ્રગટ હુઈ તો ક્યા વસ્તુમેં કમી હુઈ હૈ? ઔર અલ્પ-અક્ષરકે અનંતવે ભાગમેં રહા તો વહાં બહુત ઉઘાડ નહીં તો ત્યાં વસ્તુમેં કોઈ અધિકતા ભાવ રહ ગયા હૈ અંદરમેં? જરી પર્યાય અને દ્રવ્યકી સ્વતંત્રતા સિદ્ધ હોતી હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દાખલા-ફાખલા અહીં લાગુ ન પડે. એ તો સંયોગનો દાખલો છે. સમજમેં આયા? ભગવાન દ્રવ્યસ્વભાવ તો ઐસા ને ઐસા, ઐસા ને ઐસા અનાદિ-અનંત. અનાદિ--અનંત એકરૂપ-એકરૂપ. પર્યાયકી અપેક્ષા બિના નિરપેક્ષ પદાર્થ ઐસા ને ઐસા હૈ. વહ તો સિદ્ધ કિયા. સમજમેં આયા? ઐસા ખ્યાલ અપના આયા ઐસા ખ્યાલ સબકા આ ગયા. ઐસી બાત કહતે હૈ યહાં તો. પરમાત્મપ્રકાશ હૈ ન? સમજમેં આયા?

મુમુક્ષુ :- સબ પરમાત્મા હૈં.

ઉત્તર :- હા, સબ વ્યક્ત પરમાત્મા હુઆ, તો ભી સ્વરૂપ તો પરમાત્મા પૂર્ણ... પૂર્ણ... અને પૂર્ણ હૈ. એમ બતાના હૈ યહાં. બધા પરમાત્મા. વિદ્યમાનતાસે સબ ભગવાન પરમાત્મા હૈં. કમી-બેસી કિસમેં દેખના? વસ્તુસે હોં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સામાન્ય દ્રવ્ય. એકરૂપ સ્વભાવ અપની અપેક્ષાસે. એક હી હૈ. સબ અપના અપના એક હોં. સબ એક ઉસમેં રહા. ઉસકા સામાન્ય એકમેં રહા. ઐસા સબ. સબ એક હી હૈ જાતિસે. પર્યાયસે ગૌણ હૈ.

**'દેહકા ભેદ દેખકર મૂઢ જીવ ભેદ માનતે હૈં,...'** વહ વસ્તુ અપેક્ષાસે હોં. અલ્પજ્ઞ

.. દેખનેસે ઐસા માન લે કિ વહ આખા આત્મા અલ્પજ્ઞ હૈ. ઐસા નહીં. વહ તો પર્યાય અલ્પજ્ઞ હૈ. રાગ આયા તીવ્ર રૌદ્ર ધ્યાન લો પર્યાય. તો પર્યાય હૈ તો ક્યા હૈ? વસ્તુ તો હૈ ઐસી હૈ. સમજમેં આયા? ઔર શુક્લ ધ્યાનકી પર્યાય પ્રગટ હૈ તો ભી વસ્તુ તો હૈ ઐસી હૈ. ઐસી વસ્તુકી વિદ્યમાનતા જિસકી દૃષ્ટિમેં આયી વહ વિદ્યમાનતાસે સબ ઐસા દ્રવ્ય દેખતે હૈં. ઐસી બાત હૈ. આહા..હા..! ખ્યાલ યહ વસ્તુ... મૂલ પર્યાયસે બાહરમેં લક્ષ કિયા હૈ અનાદિસે. વહ પર્યાય બાહર પ્રગટ હૈ ન બાહ્ય પર્યાય? તો વહ પર્યાયકા લક્ષ યહાં ઈન્દ્રિય, મન, પાંચ .. ઐસે... ઐસે... ઐસે... સારા તત્ત્વ ક્યા હૈ ઐસા સ્વવિષય કભી કિયા નહીં ઔર .. સબ સ્વવિષય પૂર્ણાનંદ ઐસે હૈ. એક અપેક્ષાસે તો બરાબર હૈ. શુદ્ધ પરિચિત અનુભૂતા. આતા હૈ ન? 'શુદ્ધ પરિચિત અનુભૂતા .. કામ ભોગ બંધ કહા.' જીવોંને. દેખો, વહાં કબતક કહા? **'सव्वस्स वि कामभोगबंध कहा'** સાંભળી. તો નિગોદને સુની હૈ? હા. ભાવ પડા હૈ ન? યહાં પાઠ તો ઐસા લિયા હૈ. **'शुद्ध परिचित अनुभूता सव्वस्स वि कामभोगबंध कहा'** તો ક્યા કામભોગ નામ કર્તા-ભોક્તા વિકલ્પકી પર્યાયકા ઐસા તો અનંતવાર સુના ઔર અનુભવા. વહ અનુભવા વહી સુના હૈ પરમાર્થસે. નિગોદને સુના, વહી ઉસે વેદનમેં હૈ. સમજમેં આયા? વહી સુના, વહી પરિચય ઔર વહી અનુભવ. ઔર નવમી ગ્રૈવેયક ગયે જૈન દિગંબર સંત હોકર, તો ભી 'શુદ્ધ પરિચિત અનુભૂતા કામ ભોગ કહા' બાહ્યકા શુભવિકલ્પ વહ કામભોગ કર્તા ઔર વહ ભોક્તા. કર્તા ઔર વહ ભોક્તા. વહી બાત વેદી હૈ, વહી જાની હૈ ઔર વહ પરિચય કિયા હૈ.

ભગવાન આત્મા એક સમયકા વિકલ્પસે પાર એકત્વ, વિભક્ત. પરસે વિભક્ત, સ્વસે એકત્વ ઐસી બાત ઉસને કભી સુની નહીં. એક સ્વરૂપ ભગવાન પૂર્ણ... પૂર્ણ... વહ તો પરમાણુ ભી હૈ પરંતુ યહ તો જ્ઞાનાદિસે પૂર્ણ ઐસા લેના હૈ. ઈસલિયે કેવલજ્ઞાનાદિ લેતે હૈ ન? કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલ આનંદ, કેવલ વીર્ય, કેવલ સ્વચ્છતા, કેવલ પ્રભુતા. એકલો સ્વભાવ ઉસકી મર્યાદા ક્યા? સ્વભાવ ઉસકી હદ ક્યા? સ્વભાવકા ક્ષેત્ર ભલે છોટા હો ઉસકે સાથ સંબંધ નહીં, પરંતુ સ્વભાવકા ભાવકી મર્યાદા ક્યા? સમજમેં આયા? એક ધર્માસ્તિકાયકા એક પ્રદેશકા સ્વભાવ અનંત પુદ્ગલ ઔર જીવ જો સૂક્ષ્મ હોકર વહાં પ્રદેશકે પાસ આયે તો ગતિમેં નિમિત્ત હોનેકી, અનંત ઈતના ત્રિકાલ જીવાદિ તો એક (ધર્માસ્તિકાયકે) પ્રદેશમેં તાકાત હૈ નિમિત્ત હોનેકી. ઐસા અધર્માસ્તિમેં એક તાકાત હૈ જો વહાં આકર ગતિ સ્થિર હો ગતિ કરકે. એક સમયમેં અનંતમેં નિમિત્ત હોનેકી, નૈમિત્તિક.. તાકાત હૈ. એક કાલાણુમેં અનંત પદાર્થ આકર વહાં નજીક હો તો અનંત અપના પરિણમન કરતે હૈ તો ઉસમેં એક કાલાણુ નિમિત્ત હોનેકી ઈતની તાકાત હૈ. સમજમેં આયા? ઐસે આકાશ. આકાશકે એક પ્રદેશમેં ઈતની તાકાત હૈ કિ યહ સબ પાંચો

સૂક્ષ્મ હો, પરંતુ કદાચિત્ સૂક્ષ્મ સબ હોકર એક પ્રદેશમેં આ જાયે તો સમા દેનેકી શક્તિ હૈ. સ્વભાવકી મર્યાદા ક્યા? અવગાહન ગુણ હૈ, ગતિ ગુણ અપના સ્વભાવ હૈ. ઐસે ભગવાન આત્મા ઉસકી એક પર્યાયકા સ્વભાવ ઈતના અપાર... અપાર... અપાર... ઔર ઉસકા ગુણકા સ્વભાવ અપાર. ભાઈ! યહ વસ્તુ હૈ. સમજમેં આયા?

યહાં .. ક્યાંથી આવે એક પ્રદેશમાં આકાશ અનંત? પરંતુ પ્રદેશમાં એટલી સ્વભાવની તાકાત અવગાહન લેનેકી. સારા લોક સૂક્ષ્મરૂપ હોકર આ જાયે તો અવગાહન દેનેકી તાકાત હૈ. દેખો તો ખરા! વહ યહાં સ્વભાવકા વર્ણન કરના હૈ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... વીતરાગ સ્વભાવ, કેવલજ્ઞાન સ્વભાવ, કેવલદર્શન સ્વભાવ, ભાઈ! વહ વસ્તુ હૈ. આનંદસ્વભાવ. ક્ષેત્ર ઈતના સાડા તીન હાથકા ઉસકા લક્ષ ન કરના. ઈસલિયે તો વ્યંજનપર્યાય ઔર અર્થપર્યાયકો ભિન્ન બતાયા હૈ. વ્યંજન પર્યાય .. હોય તો કેવલજ્ઞાન હો ઔર વ્યંજન પર્યાય હોય તો થોડી હો તો કેવલજ્ઞાન ન હો ઐસા હૈ? પાંચો .. વ્યંજન પર્યાય... કેવલજ્ઞાન હો. ક્યોંકિ અર્થપર્યાય તો પૂર્ણ પ્રગટ હૈ. આકૃતિ વિશેષ હો ઉસકે સાથ .. હૈ નહીં. ક્ષેત્રકા આકારકે સાથ ગુણકા ભાવકી વિશેષતા નહીં વહ તો ઉસમેં બતાયા હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા ક્ષેત્રસે તો પાંચસો ધનુષ હો કિ સાત હાથ. પર્યાયમેં તો કેવલજ્ઞાન પ્રગટ પૂર્ણ હો જાતા હૈ. સાત હાથ વ્યંજનપર્યાય ટૂંકી હૈ તો કેવલજ્ઞાન ટૂંકા હો જાતા હૈ ઐસા હૈ? પાંચસો ધનુષ હૈ તો ઉસકા કેવલજ્ઞાન બડા હૈ? આકૃતિ ઉપર, ક્ષેત્ર ઉપર વિશેષ નહીં હૈ. સમજમેં આયા? વેદાંત ક્યા સર્વવ્યાપક... સર્વવ્યાપક ક્ષેત્ર પર લે ગયે. ખબર નહીં ... સમજમેં આયા? યહાં તો આત્મ ભગવાન જિતના ક્ષેત્રમેં વ્યંજનપર્યાય થોડી-ટૂંકી ક્ષેત્રસે હો તો ભી સ્વભાવ પૂર્ણ હૈ ઐસી દૃષ્ટિ સબ જીવમેં જ્ઞાની દેખતે હૈં. કહો, સમજમેં આયા?

**'વીતરાગ સ્વસંવેદનજ્ઞાની...'** વહ વીતરાગ પાછા સ્વસંવેદન એટલે ચૌથે ગુણસ્થાનસે હોં. ઓલા માળા અર્થ કરે છેને. કોણ જાણે શું કરે છે? ચોથું બાકી છઠ્ઠું મૂકી દઈને સાતમું, આઠમું, નવમું... ભગવાન! તું જબરો છેને. અનંતા તીર્થંકર આવે તો માને નહિ અને સવળો પડે તો અનંતો લોક પ્રતિકૂળ થઈને આવે તો હલે નહિ. એવો છેને એ જબરો. વિઘ્નને ગણે નહિ. અનુકૂળતાને પોતાની ઉંધાઈ હોય તોપણ એને ગણે નહિ. એવી તાકાત છે એમાં. કહો, સમજે?

**'કેવલજ્ઞાનવેલિકે કંદ...'** દેખો ભાષા! આહા..હા..! **'સભી જીવ કેવલજ્ઞાનવેલિકે કંદ સુખ-પંક્તિ હૈ,...'** સુખ પંક્તિ હૈ. સુખકી હાર. આનંદકી હાર. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદકી પંક્તિ જૈસે હો આનંદ-આનંદ. સબમેં આનંદ... આનંદ... આનંદ... આનંદ... સારા આત્મા આનંદ ઔર કેવલજ્ઞાનકા કંદ. **'કોઈ કમ-બઢ હૈ નહીં.'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૫, શુક્રવાર, તા. ૦૪-૦૬-૧૯૬૫**
**ગાથા-૯૭-૯૮, પ્રવચન-૧૩૯**

જ્ઞાનપંચમીકા દિન હૈ. સૌરાષ્ટ્રમેં ગિરનાર પર્વતમેં એક ધરસેનાચાર્ય પૂર્વકા એકદેશ (જ્ઞાન) પરંપરાસે ઉનકો મિલા હૈ, વહ દો મુનિયોં એક પુષ્પદંત ઔર ભૂતબલી મુનિકો યહ દિયા. ઔર વે અંકલેશ્વર ચલે ગયે. વહાં જાકર મુનિઓંને શાસ્ત્ર પૂરા કરકે આજકે દિનમેં વહાં ઉત્સવ સબને મનાયા થા વહ દિન આજ હૈ જ્ઞાનપંચમીકા. વહ ભગવાનકા જ્ઞાન પરંપરાસે ચલા આયા થા. વહ દિગંબર સંત મુનિ ચંદ્રગુફામેં ગિરનારમેં બિરાજતે થે. ઉસકો અંદરમેં ક્ષયોપશમભાવમેં જ્ઞાન વિદ્યમાન થા. ઉનકો ભય લગા કિ મેરે પીછે ક્યા હોગા? દો મુનિઓંકો બુલાયા. દો મુનિ ભી મહા જાતિ, કુલુ આદિસે શુદ્ધ હૈ, પવિત્ર હૈ ઉસકો દિયા. પરીક્ષા કરકે વહ દિયા. પરીક્ષા .. બહુત ચલતી હૈ. બાર અંગકી પૂર્વ સંધિ હોનેવાલા વહ ષટ્ખંડાગમ યહાં ગિરનારમેં ઉસકા બીજરૂપ આયા. ગિરનારમેં  પુષ્પદંત, ભૂતબલીકો દેનેમેં આયા. તો અકલેશ્વરમેં થોડા લિખાવટ હુઈ. વહ ભગવાનકી બાર અંગકી વાણીકે સાથ સંધિ રખતા હૈ. ઐસી બાત હૈ. સમજમેં આયા? વહ સમયસારસે ભી પહલે, સમયસારસે ભી પહલે યહ ષટ્ખંડાગમ હુઆ હૈ. મહા સિદ્ધાંત હૈ. સર્વજ્ઞ પરમાત્માકે મુખસે જો ભાવશ્રુત નિકલા. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વર વિપુલાચલ પર્વતસે શુદ્ધ જ્ઞાનકા પ્રવાહ નિકલા ભાવશ્રુતકા. વહ તો કેવલજ્ઞાન હૈ. પ્રવાહ ભાવશ્રુતકા નિકલા. ઔર ભાવશ્રુતકો ધરનેવાલે ગણધરકો બાર અંગમેં પરિણત હો ગયી પર્યાય. બાર અંગરૂપ શુદ્ધ જ્ઞાનસે પર્યાય પરિણત હુઆ. એક અંતર્મુહૂર્તમેં ઉસકી રચના હો ગયી. વહ શ્રુતકી પરંપરાસે આયી હુઈ બાત ધરસેનાચાર્યને પુષ્પદંત ઔર ભૂતબલીકો દી થી. ઉસ બાતકા આજ દિવસ જ્ઞાનપંચમી મંગલિક દિવસ, સ્મૃતિમેં મંગલિક દિવસ હૈ યહ. સમજમેં આયા? સમયસારાદિ પીછે લિખા. .. વહ ષટ્ખંડાગમકી ટીકા કુંદકુંદાચાર્યને કી થી. 'પરિક્રમ' નામકી ટીકા. .. નહીં. પરંતુ વહ વાણી તો ઠેઠ પરમાત્મા બાર અંગ ઉસસે નિકલા વહાંસે વહ વાણીકા સાર એક અંશ ભી ભલે પૂર્વકા લિખા યહાં...

સભી અંગ ઔર પૂર્વોકા એક દેશ આચાર્ય પરંપરાસે આતા હુઆ ધરસેનાચાર્યકો પ્રાપ્ત હુઆ. સૌરાષ્ટ્ર દેશકે ગિરનાર નગરકી ચંદ્રગુફામેં રહનેવાલે. મહા .. પ્રવચન વાત્સલ્ય. પ્રવચન વાત્સલ્ય. ઓહો..! યહ જ્ઞાન પરંપરા.. ટિકે ઐસા જિસકો પ્રેમ હૈ. તો દો મુનિઓંકો બુલાયા. ઔર મુનિ

ભી મહા.. કૈસે હૈ મુનિ? દેખો, કહતે હૈ ગુરુને આજ્ઞા દી કિ જાઓ. યહાં પત્ર લિખા ન? તો કહતે હૈં કિ .. ભેજને ભોજનસે તૃપ્ત હુએ. ગુરુને આજ્ઞાકી કી જાઓ મુનિકે પાસ. જૈસે ભોજનસે તૃપ્ત હુએ... દેશકાલ જાતિસે શુદ્ધ હૈ. ઉત્તમ દેશ, ઉત્તમ કુલ, ઉત્તમ જાતિ ઔર ઉત્તમ મહાભાવલિંગી વીતરાગી મુનિ હૈ. આહા..હા..! પુષ્પદંત, ભૂતબલી વીતરાગી મુનિ. છઠ્ઠે-સાતવે ગુણસ્થાનમેં ઝુલનેવાલે. વીતરાગી, ભાઈ! લિખા હૈ. કોઈ કહતે હૈ નીચે છઠવેમેં વીતરાગી નહીં હોતે. વીતરાગી ઉપર હોતે હૈં. પાઠમેં હૈ વીતરાગી મુનિ. વીતરાગ મુનિ હૈ વીતરાગી. આગે. આમાં અત્યારે શબ્દ નહીં. વહ દૂસરે પાઠમેં હૈ. યહાં વીતરાગી પુસ્તકમેં આયા ન? વીતરાગ ભૂતબલી ઐસા પાઠ હૈ. યાદ સબ તો હૈ નહીં. ભગવાન વીતરાગી ભૂતબલી, પુષ્પદંત વીતરાગી મુનિ. એક સંજ્વલનકા કષાયમંદ. ઐસા મુનિઓને યહ શાસ્ત્રકી રચના કી. વહ પરંપરા સર્વજ્ઞસે આયી વહી બાત હૈ. ઉસકી રચનાકા આજ પૂર્ણ-સમાપ્તિકા દિન હૈ. આજ મંગલિક દિન કહનેમેં આતા હૈ. સમજમેં આયા? યહ ઈતના જરા મંગલિક કિયા.

અબ ઉસમેં સાર ક્યા થા વહ અપને ચલતા હૈ ઉસમેં પરમાત્મપ્રકાશ. દેખો ૯૭ ગાથા. ૯૭. ૯૬ હો ગયી. 'આગે...' યહ શાસ્ત્રમેં, ભગવાનકી વાણીમેં આયા વહી શાસ્ત્રમેં રચા હૈ. કહો, સમજમેં આયા? શ્વેતાંબર શાસ્ત્ર તો પીછે, પીછેસે કલ્પિત રચા હૈ. ભગવાનકી વાણી કી સંધિ ... નહીં હૈ. યહાં ભગવાનકી વાણીકી સંધિમેં ઐસા આયા, ઐસા મુનિઓંને અનુભવ કિયા ઔર અનુભવ કરકે ભાવશ્રુતરૂપ કિતની પર્યાયરૂપ પરિણત હુઆ ઐસા પરમાત્મપ્રકાશ કરનેવાલે યોગીન્દ્રદેવ ૯૭મી ગાથામેં કહતે હૈં. દેખો ૯૭. **'આગે કેવલજ્ઞાનાદિ લક્ષણસે શુદ્ધસંગ્રહનયકર સબ જીવ એક હૈં,...'** બધા ભગવાન અનંત આત્માઓ કેવલજ્ઞાન અર્થાત્? વહ પર્યાયકી બાત નહીં હૈ. એકલું જ્ઞાન, અકેલા જ્ઞાન. ચૈતન્યસૂર્ય... ચૈતન્યસૂર્ય... ચૈતન્યસૂર્ય... ચૈતન્યસૂર્ય... સારા અનંતજીવ જો.. સમજમેં આયા? વહ સબ જીવ. સિદ્ધસે ભી અનંતગુના. વહ સબ જીવ. કહતે હૈં કિ **'શુદ્ધસંગ્રહનયકર સબ જીવ એક હૈં,...'** જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... કેવલ અકેલા જ્ઞાનસૂર્ય... જ્ઞાનસૂર્ય... જ્ઞાનસૂર્ય... **'ઐસા કહતે હૈં—'**

**૨૨૪) जीवा सयल वि णाण-मय जम्मण-मरण-विमुक्क।**
**जीव-पएसहिँ सयल सम सयल वि सगुणहिँ एक्क।।९७।।**

**'સભી જીવ...'** ઓહો..હો..! આટલી કબુલાત. અનંત-અનંત આત્મા અને વહ સબ જ્ઞાનમય. અકેલા કેવલજ્ઞાનમય, દર્શનમય, આનંદમય. પર્યાયકી બાત યહાં નહીં. ગુણ-ગુણ સ્વભાવ. વહ જીવ જ્ઞાનમય હૈ. સમજમેં આયા? 'સર્વ જીવ છે જ્ઞાનમય.' આપણે આવે છેને. યોગસારમાં પણ આવે છે. યોગસાર. 'સર્વ જીવ છે જ્ઞાનમય.' અહીંયા યોગીન્દ્રદેવ કરનેવાલે. વહ ભી યોગીન્દ્રદેવને કહા યોગસાર. શ્રીમદ્‌માં એમ આવે 'સર્વ જીવ છે સિદ્ધ સમ. સર્વ જીવ છે

સિદ્ધ સમ' યોગીન્દ્રદેવમેં ઐસે આતા હૈ 'સર્વ જીવ છે જ્ઞાનમય.' યહાં ભી જ્ઞાનમય યોગીન્દ્રદેવ કહતે હૈં. અકેલા ચૈતન્યબિંબ જ્ઞાનમય સ્વરૂપ. જ્ઞાનવાલા ઐસા ભી નહીં. એકલા ચૈતન્યસૂર્યમય અભેદ વહ સબ અનંત આત્મા. આહા..હા..! આટલી સત્તા!

ઐસા અનંત-અનંત જ્ઞાનમય ભગવાન ઐસા અનંત આત્મા, ઉસકી સત્તાકા સ્વીકાર કરનેવાલા ભાવશ્રુતજ્ઞાનમેં પરિણત વહી સ્વીકાર કર સકતા હૈ. સમજમેં આયા? યહાં તો યહ કહના હૈ ન કિ સમ્યગ્દૃષ્ટિ સબકો જ્ઞાનમય દેખતે હૈ. એમ કહતે હૈ દ્રવ્યદૃષ્ટિ. આહા..હા..! અનંત-અનંત. ... ગુણ અનંત મુક્તિ.. તો ભી અનંત-અનંતગુના જીવ. અનંત-અનંતગુના જીવ. એક શરીરમેં અનંતવે ભાગ. મુક્ત હુએ, વે હોંગે તો ભી એક શરીરમેં અનંતવે ભાગ. ઐસા-ઐસા અસંખ્ય ચોબીસી જિતના તો નિગોદકા શરીર હૈ. એક શરીરમેં અનંતવે ભાગ ઉસસે અનંતગુના એક શરીરમેં ઐસા-ઐસા અસંખ્ય ચૌબીસીકા સમય જિતના નિગોદ શરીર હૈ. ઓહો..હો..! જ્ઞાનમય ભગવાન ઐસા અનંત... અનંત... અનંત... આત્માઓ હૈં. ઐસા સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યદૃષ્ટિસે અપનેકો જૈસા ચૈતન્યમય દેખતે હૈ ઐસા સબકો ચૈતન્યમય દેખતે હૈ. સમજમેં આયા? શરીર હૈ, કર્મ હૈ, અલ્પજ્ઞતા હૈ, વિકાર હૈ. વહ નહીં. વહ તો જાનને લાયક હૈ. યહ જીવ. એકલા ભગવાન બધા-સારા જ્ઞાનમય.

**'ઔર જન્મ-મરણ સહિત અપને-અપને પ્રદેશોંસે સબ સમાન હૈં,...'** એનો અર્થ નથી. રહી ગયો છે અર્થ. અર્થ રહી ગયો છે. શબ્દ પડા હૈ, અર્થ રહ ગયા હૈ. કૈસા હૈ? જન્મ-મરણસે રહિત હૈ. **'जन्ममरणविमुक्ताः'** એક અર્થ રહ ગયા હૈ. નીચે અંદરમેં આયેગા. ટીકામાં આવશે. ઓહો..હો..! અરે! જન્મ-મરણકી પર્યાયમેં હોનેપર ભી જન્મ-મરણરહિત સ્વભાવકા સ્વીકાર. સમજમેં આયા? જન્મ-મરણસે એક સમયકી પર્યાયમેં હોને પર ભી વસ્તુ-વસ્તુ, જન્મ-મરણરહિત વસ્તુ. વસ્તુમેં જન્મ-મરણ કહાં? રાગ કહાં? ઐસા જિસકો દેખતે હૈં. **'ઔર અપને અપને પ્રદેશોંસે સબ સમાન હૈં,...'** ભાષા ભિન્ન-ભિન્ન બતાના હૈ તો અપના અસંખ્ય પ્રદેશ, અપના અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશ ઐસા અનંત આત્મા. અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર ચૈતન્ય ધામકા ક્ષેત્ર. અસંખ્ય પ્રદેશ જ્ઞાનકા ક્ષેત્ર. ઐસે સબ જીવ સમાન હૈ.

**'ઔર સબ જીવ અપને કેવલજ્ઞાનાદિ ગુણોંસે સમાન હૈં.'** **'स्वगुणैः एके'** **'एके'**નો અર્થ સમાન. જાતસે સબ એક હૈં. યહ કબુલાત. આહા..હા..! સમજમેં આયા? વહ વિકલ્પસે ઈતની કબુલાત નહીં આતી. સમજમેં આયા? વહ વિકલ્પ રાગ, મનકે સંબંધસે ઈતના આત્મા ઐસા વહ તો અપના નિર્વિકલ્પ ચૈતન્ય પ્રભુ એક સમયમેં પૂર્ણ સ્વભાવ ઐસી દૃષ્ટિ હુઈ ઉસકો વહ જ્ઞાનકી પર્યાયમેં ઐસા અનંત હૈ વહ જ્ઞાનકી પર્યાયમેં સમા જાતા હૈ. સબ અનંત હૈ. ઐસા શુદ્ધ હૈ. પર્યાયમેં જાનના હૈ ન? દ્રવ્ય-ગુણ તો ત્રિકાલ હૈ. પર્યાયમેંસે જાનતે હૈ. જાનતે

હૈ પર્યાયમેં, પરંતુ જાનતે હૈ સબ જ્ઞાનમેં પૂર્ણ અનંત. જાનતે યહાં પર્યાયમેં, પરંતુ જાનતેમેં પૂર્ણ દ્રવ્ય એક સમયકી પર્યાયમેં જાનના, પરંતુ જાનના ક્યા? દ્રવ્ય પૂર્ણ એકરૂપ હૂં. ઐસા જાનના પર્યાયમેં સબ અનંત જીવ કેવલજ્ઞાનકી વેલીકા કૂંડ હૈ ઐસે શ્રદ્ધામેં લેતે ઓહો..હો..! પરમેશ્વરની હાર બેઠી છે. અનંત અનંત પરમેશ્વરની પંક્તિ. સમજમેં આયા?

મુમુક્ષુ :- જ્યાં દેખું ત્યાં ભગવાન દેખું.

ઉત્તર :- જ્યાં દેખું ત્યાં ભગવાન દેખુ છું કહે. વહ સ્વભાવકી દૃષ્ટિ હૈ ન સ્વભાવકી, ઉસ અપેક્ષાસે બાત ચલતી હૈ. ભગવાન... ભગવાન... ભગવાન... એ ભગવાન એના એ. ઓલામાં આવે છેને અન્યમતિમાં? એ તો ઓલા દેવ આવ્યો હતો ને ફલાણુ આવ્યું હતું એ બતાવવા. આ તો ભગવાન મહિમાસ્વરૂપ સમ્યગ્દર્શનમેં અપના સ્વરૂપ જહાં પૂર્ણ સ્વભાવ, સ્વસ્વભાવ, જો પર્યાયમેં નહીં. એક સમયકી પૂર્ણ-પૂર્ણ સ્વભાવ ઐસા પ્રગટરૂપ પ્રતીતમેં, જ્ઞાનમેં આયા વિદ્યમાન પદાર્થ. ઐસા સબકો જ્ઞાની દ્રવ્યદૃષ્ટિસે સરિખે દેખતે હૈં.

દેખો, '**ભાવાર્થ :- વ્યવહારસે લોક-અલોકકા પ્રકાશક...**' વ્યવહારસે. પરવસ્તુ હૈ ન? ઉસ ઉપેક્ષાસે '**વ્યવહારસે લોક-અલોકકા પ્રકાશક ઔર નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મદ્રવ્યકા ગ્રહણ કરનેવાલા...**' નિશ્ચયસે શુદ્ધ આત્મદ્રવ્યકા ગ્રહણ કરનેવાલા '**જો કેવલજ્ઞાન વહ યદ્યપિ...**' કેવલજ્ઞાન. પર્યાયકી બાત હૈ હોં. '**વ્યવહારનયસે કેવલજ્ઞાનાવરણકર્મસે ઢંકા હુઆ હૈ,...**' ક્યા કહા સમજમેં આયા? અપની પર્યાયમેં હીનપણારૂપી પરિણમન વહ કેવલજ્ઞાનાવરણીયકા વહાં નિમિત્ત હૈ તો કેવલજ્ઞાનાવરણીયને અપની જ્ઞાનકી પર્યાય પૂર્ણ હૈ તીન કાલ, તીન લોક જાનનેવાલી ઉસકો વ્યવહારસે આચ્છાદન હૈ ઐસા કહનેમેં આયા.

'**તો ભી શુદ્ધ નિશ્ચયનયસે કેવલજ્ઞાનાવરણકા અભાવ હોનેસે...**' ભગવાન આત્મામેં કેવલજ્ઞાનાવરણી નહીં ઔર અલ્પજ્ઞાનકા અભાવ ઔર કેવલજ્ઞાનાવરણીકા તો અભાવ હૈ હી. વસ્તુ... વસ્તુ... વસ્તુ... આહા..હા..! કેવલજ્ઞાનાવરણકા વસ્તુ-પદાર્થમેં પરમાણુકી પર્યાયકા અભાવ હૈ ઔર વસ્તુ ત્રિકાલમેં અલ્પજ્ઞ એક સમયકી પર્યાયકા ભી ઉસમેં અભાવ હૈ. પર્યાયમેં હીણી હૈ તો નિમિત્તપના ઉસમેં વહ હૈ. દોનોંકા અભાવ દેખકર, અપના શુદ્ધ સ્વરૂપ દેખા. ઐસા સબ જીવ '**કેવલજ્ઞાનસ્વભાવસે સભી જીવ કેવલજ્ઞાનમયી હૈં.**' ઓહો..હો..! ઐસા જ્ઞાનમેં-ભાવશ્રુતજ્ઞાનમેં સમ્યગ્દૃષ્ટિ સબકો ઐસા દ્રવ્યસે જાનતે હૈ. એક બાત. દૂસરા વહ જન્મ-મરણકા અર્થ નહીં કિયા ઈસમેં.

'**યદ્યપિ વ્યવહારનયકર સબ સંસારી જીવ જન્મ-મરણ સહિત હૈં,...**' પર્યાયમેં ઉદયભાવ આદિ હૈ, નિમિત્ત કર્મ આદિ હૈં. એક સમયકા સંસાર. એક સમયકા સંસાર. વહ તો પ્રવાહ તરીકે અનાદિસે. દ્રવ્યમેં સંસાર એક સમય રહતા હૈ. દેવચંદજી! ક્યા? એક સમય

હી રહતા હૈ. વહ સમય સિવાયકા પરમાત્મા પૂર્ણાનંદ હૈ વહ બતાના હૈ. સંસાર એક સમય હી હૈ. પર્યાય હૈ ન વહ સંસાર? વહ કોઈ ગુણ દ્રવ્ય નહીં હૈ. આહા..હા..! સમજમેં આયા? યહ તો પરમેશ્વરકે ઘરકી બાત હૈ. સમજમેં આયા? મહા પરમેશ્વર અપના સ્વરૂપ નિર્વિકલ્પ જહાં પ્રતીતમેં આયા. બાહરકા તો બહુત જ્ઞાન અનંતબાર કિયા, પરંતુ સ્વકા એક સમયમેં જહાં જાત્યાંતર જ્ઞાન હો ગયા. જો જ્ઞાન અકેલા પરકો જાનતા થા, વહ જ્ઞાન સ્વકો જાનને લગા, સમ્યગ્જ્ઞાન જાત્યાંતર હો ગયા. વહ જ્ઞાનસે જહાં અપના સ્વરૂપ પૂર્ણ હૈ ઐસા પ્રતીતમેં, ભાનમેં આયા. ઓહો..હો..! મૈં ભી પર્યાયમેં ઐસા થા. વસ્તુમેં તો હૈ હી હૈ. ઐસા સબ જીવકો સમભાવકી દૃષ્ટિસે દ્રવ્યદૃષ્ટિસે ઐસા દેખતે હૈં. અનંત... અનંત... અનંત... ઓહો..હો..! સમજમેં આયા?

વહ **'સબ સંસારી જીવ જન્મ-મરણ સહિત...'** એક પર્યાયમેં સહિત દેખનેમેં આતા હૈ એક સમયમેં. **'તો ભી નિશ્ચયનયકર વીતરાગ નિજાનંદરૂપ અતીન્દ્રિય સુખમયી હૈં,...'** ભગવાન આત્મા રાગરહિત નિજાનંદ-નિજ આનંદસ્વરૂપ ત્રિકાલ પડા હૈ. આનંદરૂપ અતીન્દ્રિય સુખમય હૈ, અતીન્દ્રિય સુખમય હૈ. સુખકી ધ્રુવ પાટ પડી હૈ. આનંદકી-સુખકી, અતીન્દ્રિય આનંદકી પાટ હૈ. પાટ ક્યા? શિલા. શિલા કહતે હૈ ન? બરફકી શિલા. પાંચ મનકી શિલા. ભગવાન આત્મા અરૂપી શિલા. વીતરાગ આનંદમય શિલા. આહા..હા..! આ તે કાંઈ... સમજમેં આયા? વહ પરમાત્મપ્રકાશકી બાત હૈ ન? વહ પરમાત્મા એક સમયમેં ભગવાન પૂર્ણ. કહતે હૈં કિ ભગવાન આત્મા સમયમેં જન્મ-મરણ સહિત દિખતા હૈ વ્યવહારસે. પરમાર્થસે દેખો તો ભગવાન આત્મા. આહા..હા..! છતી કો અછતી કરના ઔર અછતી દૃષ્ટિમેં ઉસકો છતી કરના. આહા..હા..! સમજમેં આયા? એક સમયકા સંસાર છતાં-પ્રગટ દિખતા હૈ ઉસકો અછતા કરના કિ હૈ હી નહીં સ્વભાવમેં. આહા..હા..! ઔર પર્યાયમેં છતા નહીં ઉસકો છતા, છતા ક્યા કહતે હૈ આપકી ભાષામેં? મહાસત્તા પ્રગટ કરકે. પ્રગટ હૈ, વ્યક્ત હૈ... વ્યક્ત હૈ... વ્યક્ત હૈ... મોજુદગી. મોજુદગી. સમજમેં આયા? મોજુદગી. એક સમયકી મોજુદગી-છતી ઉસકો અમોજુદગી કરના. અને ત્રિકાલ જો પર્યાયમેં મોજુદગી નહીં વહ મોજુદ દૃષ્ટિમેં લેના. આહા..હા..! સમજમેં આયા? હયાતી-મોજુદગી.

**'જિનકી આદિ ભી નહીં ઔર અંત ભી નહીં ઐસે હૈં,...'** ભગવાન અનંત આત્મા... આદિ-અંત ક્યા? વહ તો પર્યાય જન્મ-મરણ હૈ ઉદયસે ઉત્પન્ન હોતે હૈ ઔર દૂસરે સમય વ્યય હોતે હૈ. ઉત્પન્નધ્વંસિ. ઉત્પન્ન-ધ્વંસિ. વહ તો એક સમયકી વિકારી અલ્પજ્ઞ પર્યાય ઉત્પન્ન-ધ્વંસિ હૈ. વસ્તુ તો ત્રિકાલ એકરૂપ હૈ ઉસકો ઉત્પન્ન ધ્વંસિ-ફંસિ હૈ નહીં. આદિ-અંત હૈ હી નહીં. સમજમેં આયા? જુઓ, આ ભગવાનની જ્ઞાનપંચમી આ, દેખો. આ જ્ઞાનમય આયા

દેખો યહાં. જ્ઞાનપંચમી ઓહો..હો..! સંતોને. દિગંબર મુનિ ધરસેનાચાર્ય. ધર્મના થાંભલા. ઓહો..હો..! એને એવો વિકલ્પ વાત્સલ્ય પ્રેમ આવ્યો. અરે! આ જ્ઞાન બાર અંગની સાથે જોડાણું આવું. મેરા દેહ છૂટે પીછે ક્યા હોગા? ઇતના પ્રેમ વિકલ્પસે આ ગયા. સમજમેં આયા? આહા..હા..! નહિતર તો ઉનકો વીતરાગભાવ હૈ. મહા .. અરે! આ નહિ. પીછે કૌન હોગા? કૌન હૈ? આહા..હા..! મુનિ .. તો મુનિ ભી ઐસા વીતરાગ-વીતરાગકા કંદ પ્રભુ. અરે! પંચમકાલમેં ભી આત્મા હૈ ન વહ? મુનિ હૈ ભાઈ! સમજમેં આયા? યે મુનિકો આમ દેખતે હૈ ન જરા. આહા..હા..! ઉસ ક્ષેત્રમેં જબ દેખતે હોંગે. યહ વસ્તુ... યહ વસ્તુ... યહ. વહ .. ગ્રહણ-ધારણ મુનિ કરતે હોંગે. .. મુનિકે મુખમેંસે નિકલતા હોગા. આહા..હા..! વહ .. ગ્રહણ ધારણ. ત્યાં ક્યા પાના લિખા થા? કિ પાના હાથમેં લેકર ચલે જાયે. સમજમેં આયા?

એક તો વીતરાગી દશામેં ઝૂલતે હૈ ઇતનેમેં ઐસા-ઐસા આચાર્ય ગુરુદેવે ધરસેનાચાર્ય દેતે હૈ. અંદર ધારણ... ધારણ... ધારણ.. ધારણ... ધારણ... કર લિયા. વગર લિખે, વગર છાપે. ઓહો..હો..! યે પંચમકાલકે મુનિ. આત્મા હૈ ન. વિદ્યા આપી. જાઓ સિદ્ધ કરો. મહા વીતરાગી મુનિ. મહારાજ! હમેં ઉસ વિદ્યાકા ક્યા કામ હૈ? એમ ન કહ્યું. ગુરુકા કોઈ હેતુ હોગા. જાઓ વિદ્યા સિદ્ધ કરો. વીતરાગી મુનિ હોં. ઓહો..હો..! વિદ્યા સિદ્ધ કરકે દેવીકા રૂપ કુરૂપ દેખતે હૈ. આહા..હા..! દેવી કુરૂપ હોતી નહીં. કોઈ વિદ્યામેં ખામી હૈ. ઓહો..હો..! વીતરાગી સંતોએ વિદ્યાને શોધી. .. ફેર હૈ, શબ્દોમેં ફેર હૈ ઉસમેં. વિદ્યા .. બરાબર .. મહારાજ! પ્રભુ! અચ્છા કલ્યાણ હો... કલ્યાણ હો... આહા..હા..! વહ ..પણે જ્ઞાતા-દૃષ્ટા રહતા હૂં મૈં. ઐસા વિકલ્પમેં ગ્રહણ ધારણ વહ વ્યવહાર ઐસા હુઆ થા. આહા..હા..! જૈનશાસનકા દ્રવ્ય તો જુદી જાતકા, ઉસકા વ્યવહારકી ભી અલૌકિક બાત હૈ. સમજમેં આયા? જૈનને કહા ઉસકે સિવાય ઐસા વ્યવહાર ભી તીન કાલમેં હોતા નહીં. વહ ચીજ વસ્તુકી ઐસી હૈ. તૃપ્ત-તૃપ્ત હુઆ. આનંદ..

ગુરુકો લગા કિ મેરી સ્થિતિ અલ્પ હૈ. યહાં ઉસે .. હોગા. કિ જાઓ. લે જાઓ. નાથ! ઇતના ઉપકાર કિયા ઔર મુઝે યહાં સે ચલા જાના. વિકલ્પ નહીં. ગુરુ કહતે હૈં જાઓ. આહા..હા..! અગિયારસે પહોંચે છે જ્યાં. તાડપત્ર. અભી વહાં તાડ હૈ હોં. લાખોં તાડી અભી ભી હૈ. .. ગાંવમેં દેખા હૈ ન. .. સજોદ. સજોદમેં દો હજાર વર્ષ પહલેકી એક પ્રતિમા હૈ શીતલનાથ. ઉસકો દેખા. ઓહો..! જરી .. હો ગયી હૈ. ગુફામેં હૈ. શીતલ... શીતલ... શીતલ... શાંત. ઔર આસપાસ દેખો તો હજારો-લાખોં તાડી અભી ભી હૈ. ઉસ સમય તાડપત્ર નીચે પડા હો. ઉસ વિકલ્પકા કર્તા નહીં. અકર્તા કર્તા નહીં. આ તે કાંઈ ગજબ વાત છે ને! સમજમેં આયા? યહ પુસ્તક યહાં રહ ગયા વહ ભી એક જગતકા ભાગ્ય હૈ. સમજમેં આયા? જહાં કેવલજ્ઞાની .. વહ આજ જ્ઞાનપંચમી હૈ. પાઠમેં પણ આપણે યહ આયા કુદરતી.

**'जीवा सयल वि णाण-मय जम्मण-मरण-विमुक्क।'** ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનમય હૈ. વહ શાસ્ત્રજ્ઞાન ભી નહીં. આહા..હા..! સમજમેં આયા? અપને જ્ઞાનમેં ક્ષયોપશમ નિજસ્વરૂપકા ઉત્પન્ન હુઆ વહ ક્ષયોપશમ જ્ઞાન ઈતના ભી નહીં. શાસ્ત્રજ્ઞાન તો નહીં, અપના નિજ સ્વરૂપમેં દૃષ્ટિ કરકે જો આત્મજ્ઞાન, આત્મજ્ઞાનકા કણ નિકલા અંદરમેંસે વહ ભી એક સમયકી પર્યાય હૈ. ભગવાન આત્મા જ્ઞાનમય પૂર્ણ હૈ. આહા..હા..! સમજમેં આયા? એક સમયકા જ્ઞાન વહ વ્યવહાર હુઆ. નિજસ્વરૂપકા જ્ઞાન હોં. વહ પર્યાય ભી વ્યવહાર હુઈ. કિસ અપેક્ષાસે? ત્રિકાલ વસ્તુકી અપેક્ષાસે. સમજમેં આયા? ત્રિકાલ વસ્તુ વીતરાગ નિજાનંદરૂપ, અતીન્દ્રિય સુખમય એકરૂપ. નિજાનંદકા એક અંશ આનંદકા આયા સમ્યગ્દર્શનમેં. જ્ઞાનકલા ઉદય હુઈ, પરંતુ વહ તો વર્તમાન પર્યાય અંશ હૈ, વહ તો વ્યવહારનયકા વિષય હુઆ. ભલે ઉસકા ભેદરૂપ સદ્ભૂત વ્યવહાર હો પરંતુ હૈ વ્યવહાર. ભગવાન આત્મા કહતે હૈ કિ અંશ સિવાયનો આખો નિત્યાનંદ સુખમય પ્રભુ હૈ. ઐસા સબ ભગવાન ઐસા હૈ. સમજમેં આયા?

**'શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત જન્મ મરણકે ઉત્પન્ન કરનેવાલે જો કર્મ ઉનકે ઉદયકે અભાવસે...'** ઉદયકા અભાવ-સ્વભાવમેં હૈ. **'જન્મ-મરણ રહિત હૈં.'** ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ... પદાર્થ ઉસમેં ઉદયભાવકા તો અભાવ હૈ. ઉદયભાવકા અભાવ હૈ. ઉદયભાવ તો પર્યાયમેં ગતિ આદિકા એક સમયકી પર્યાયમેં હૈ. વસ્તુ ઉત્પન્ન હો, વ્યય હો, ઉત્પન્ન હો. વસ્તુ તો જન્મ-મરણરહિત ત્રિકાલ જ્ઞાન. ઐસી અંતર દૃષ્ટિ હુઈ, વહ દૃષ્ટિ અંતરાત્મા અંતરમેં સ્વભાવકો દેખતે હૈ, પર્યાયકો જાનકર જાનનેમેં આતા હૈ, પરંતુ અતંરમેં દૃષ્ટિકા આદર અપના સ્વભાવકા હુઆ તો ઐસા હી સબ દ્રવ્ય ઐસે દેખતે હૈ. પરમાત્મા દેખતે હૈં.

**'યદ્યપિ સંસારઅવસ્થામેં વ્યવહારનયકર પ્રદેશોંકા સંકોચ વિસ્તારકો ધારણ કરતે હુએ...'** વ્યવહાર હૈ. અસંખ્ય પ્રદેશમેં સંકોચ-વિકાસ વહ પર્યાય. સંકોચ-વિકાસ હૈ. **'દેહપ્રમાણ હૈં, ઔર મુક્ત-અવસ્થામેં ચરમ (અંતિમ) શરીરસે કુછ કમ દેહપ્રમાણ હૈં,...'** પરંતુ વહ ભી વ્યવહાર હૈ. **'તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી હૈં,...'** અસંખ્ય પ્રદેશમેં એક પ્રદેશ કમ ઔર બઢ નહીં હોતા હૈ. વહ તો ક્ષેત્રમેં ઐસા-ઐસા હોતા હૈ સંકોચ-વિકાસ. અસંખ્ય પ્રદેશ તો ઐસા-ઐસા અનાદિ-અનંત હૈ. નિશ્ચયસે ઉસમેં સંકોચ-વિકાસ. અસંખ્ય પ્રદેશમેં સંકોચ-વિકાસ ક્યા? ઘટે તો સંકોચ ઔર બઢે તો વિકાસ. વહ તો હૈ હી નહીં. વહ તો ઉસકી આકૃતિકી પર્યાયમેં-વ્યંજનપર્યાયમેં ઐસા સંકોચ-વિકાસ હૈ. વસ્તુ અસંખ્ય પ્રદેશી નિશ્ચયનયકર અસંખ્યાતપ્રદેશી હૈ.

**'હાનિ-વૃદ્ધિ ન હોનેસે અપને પ્રદેશોંકર સબ સમાન હૈં,...'** આહા..હા..! સબ ભગવાનકા જ્ઞાનાનંદ બંગલા બધાના સરખા હૈ લો. જ્ઞાનસ્વભાવની દૃષ્ટિમાં. જિનવાણીમેં તો દોનોં હી

આતા હૈં. વ્યવહાર ઔર નિશ્ચય પરંતુ યહાં નિશ્ચયમેં વહ બાત હૈ. નિશ્ચયકી બાત ચલતી હૈ ન. સમજમેં આયા? વ્યવહાર ભી આતા હૈ ન? જાનને લાયક હૈ, આશ્રય કરને લાયક નહીં. સમજમેં આયા? **'હાનિ-વૃદ્ધિ ન હોનેસે અપને પ્રદેશોંકર સબ સમાન હૈં, ઔર યદ્યપિ વ્યવહારનયસે સંસાર-અવસ્થામેં ઈન જીવોંકે અવ્યાબાધ અનંત સુખાદિગુણ કર્મોસે ઢંકે હુએ હૈં,...'** પર્યાયમેં વ્યક્ત નહીં. ઔર કર્મકા નિમિત્ત હૈ તો ઢંકા હુઆ હૈ ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. અશુદ્ધ નિશ્ચયસે અપની પર્યાયમેં હીન પરિણમન હુઆ હૈ. પર્યાયમેં હીન પરિણમન હુઆ હૈ. વસ્તુમેં પરિણમન હીન યા અધિક ઐસા હૈ હી નહીં.

**'તો ભી નિશ્ચયનયકર કર્મકે અભાવસે...'** વર્તમાન હોં. વળી કર્મનો અભાવ થશે એમ નહિ. વર્તમાનમેં ભગવાન આત્મા, સબ આત્મા વર્તમાન કર્મકા નિમિત્ત ઔર હીનપનાકા પરિણમન અશુદ્ધ ઉપાદાન વહ વસ્તુમેં હૈ નહીં. પરંતુ વર્તમાનમેં **'કર્મકે અભાવસે સભી જીવ ગુણોંકર સમાન હૈં.'** સબ ગુણોંકર સમાન જીવ હૈં. આહા..હા..! સમજમેં આયા? **'ઐસા જો શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ,...'** ઐસા જો ત્રિકાલી શુદ્ધ દ્રવ્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ **'વહી ધ્યાન કરને યોગ્ય હૈ.'** વહી શ્રદ્ધા-જ્ઞાનમેં, ચારિત્રમેં લેને યોગ્ય હૈ. બસ પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ઐસા શુદ્ધ સ્વરૂપ એકરૂપ અવ્યાબાધ આદિ અનંતગુણસ્વરૂપ, અસંખ્ય પ્રદેશરૂપ, વહ ક્ષેત્ર બતાયા ન? ગુણ બતાયા, ક્ષેત્ર બતાયા. સમજે? ઉસકી શક્તિ પૂર્ણ ઉસરૂપ પ્રભુ વહી ધ્યાન કરને અર્થાત્ ધ્યેયમેં લેકર એકાગ્ર હોને લાયક હૈ. સમજમેં આયા?

**'ઐસા જો શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ,...'** સંસ્કૃતમેં હૈ. **'यदुक्तं शुद्धात्मनः स्वरूपं तदेवोपादेयमिति तात्पर्यम्।।'** તાત્પર્ય ભી કહતે હૈં. જાનકર કરના ક્યા? ભગવાન પૂર્ણ સ્વરૂપ ઉસ સન્મુખ હોના. પર્યાય, વિકલ્પસે વિમુખ હોકર, સ્વભાવસે સન્મુખ હોના વહ ઉસકા તાત્પર્ય હૈ. સમજમેં આયા? જો ચીજ મહાપદાર્થ. સન્મુખ-સન્મુખ-ઉસકે સામને દેખના. વિમુખ-પર્યાય ઔર વિકલ્પ હોનેપર ભી વિમુખ-મુખ વહાંસે હટાના. સમજમેં આયા? પાંચવે આરામેં? અરે ભગવાન! પાંચમા આરા, તેથી કહે છે કે ભાઈ પાંચવે આરામાં આત્મા તો જૈસા હૈ વૈસા હૈ. પાંચમા આરામાં, ચોથા આરામાં કે નિગોદમાં હો કે ચાહે... આત્મા તો ઐસા કા ઐસા તીન કાલ, તીન લોકમેં પડા હૈ શાંત બિંબ એકરૂપ. દૂસરા ક્યા હૈ તુઝે. પાંચમા આરા ઔર ચોથા આરા ક્યા હૈ? એ તો ના પાડી નહિ? એકરૂપ ભગવાન અભી ભી હૈ. ચોથે આરે થા, અનંતકાલ પહલે થા, વહ તો હૈ હી હૈ. ઐસા ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ ઉસકા ધ્યાન, પરંતુ વહ સમજે બિના ધ્યાન કિસકા. ઉસકે બિના ધ્યાન એકલા બૈઠ જાયે ધ્યાન ...

એક માણસ હમણા આવ્યો હતો. સોળ વર્ષથી ધ્યાન કરું છું, કહે. મહારાજ! એક શબ્દ ઐસા બતાઓ. ભાઈ! એક શબ્દ ઐસા નહીં ચીજ હૈ. કોક આવ્યો નથી હમણા? અંદર આવ્યો

હતો. સોળ વર્ષથી ધ્યાન કરું છું, પણ કાંઈ દેખાતું નથી. શું દેખાય? કીધું ધૂળ દેખાય? એક અહીં લેવા આવ્યો છું. એક શબ્દ આપો. શબ્દે-બબ્દે વળે એવું નથી કીધું. સ્વરૂપ કૈસા હૈ? પર્યાય વસ્તુ અનંત ઉસકા બરાબર ઉસકો જ્ઞાન હોના ચાહિયે. જ્ઞાન હુએ બિના કિસકી મહત્તા આવે? મહત્તા આયે બિના સ્વભાવ સન્મુખ કૈસે રુચિ ઢળે? સમજમેં આયા? એમ ને એમ ધ્યાન કરું. શું ધ્યાન કરે? થોથા હો જાયેગા. કેટલા વળી એ ચડી જાય ધ્યાન કરું. પરંતુ કિસકા ધ્યાન? ધ્યાનકા ધ્યેય ચીજ કૈસી હૈ? કિસ પ્રકારકી હૈ? અનંતગુણ કૈસા હૈ? સામર્થ્ય કૈસા હૈ? પર્યાય કિતની હૈ? કિસ પ્રકારકી હૈ? ઉસકા જહાં બોધ ભી નહીં, તો મહત્તા પર્યાયકી ઉઠકર સ્વભાવકી મહત્તા કહાંસે આયેગી? સમજમેં આયા? આ તો માણસને એમ થાય કે એકદમ લઈ લઉં. કાંઈક બતાવે તો. ૐ... ૐ... ૐ... હવે ૐ-ૐ શું કરે છે? એ તો વિકલ્પ છે ૐનો. આત્મા સમજ્યા વિના ૐ-ૐ શું તારો કરતો હતો? ભગવાન-ભગવાન.

મુમુક્ષુ :- ૐ શાંતિ...

ઉત્તર :- અરે! પણ ૐ એનું વાચ્ય શું છે? ૐ તો વાચક છે. શબ્દ છે. સાકર શબ્દ છે એમાં સાકર આવી ગઈ? સાકર શબ્દમાં વાંચે તો વાચ્ય આવી ગયું? વાચ્ય સાકરકા ગાંગડા ભિન્ન હૈ. ઐસે આત્મા શબ્દ હૈ, તો આત્મ શબ્દકા વાચ્ય કૌન? પદાર્થ હૈ. કૌન હૈ પણ યે? સમજમેં આયા? અસ્તિપણે-અસ્તિપણે, મોજુદગીપણે, હયાતીપણે કૈસી હૈ ચીજ? ઐસી ચીજકા યથાર્થ જ્ઞાન હુએ બિના ઉસ તરફ વીર્યકા ઝુકના કભી હો સકતે નહીં. વહ ઝુકના અંદરમેં વહ ધ્યાન હૈ. સમજમેં આયા? વહ કહતે હૈ. ઓલું આવેને ધ્યાન કરવું લ્યો શાસ્ત્રનું. પણ ધ્યાન સમજ્યા વિના? અહીં તો સમ્યગ્દર્શન હુઆ, પીછે ધ્યાન હોતા હૈ. વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... ઈતની માહાત્મ્યવાલી ચીજ જો દૃષ્ટિમેં આ ગયી, નિર્વિકલ્પ પ્રતીતિ હુઈ તબ ઉસ તરફકા જરૂરિયાત જાને ત્યાં વીર્ય ઝુકે વિના રહે નહિ. સમજમેં આયા? પરંતુ ઉસકા બોધ યથાર્થ સ્વપદાર્થકા હોના ચાહિયે. ઈસલિયે પહલે વ્યાખ્યા કિયા, ફિર સાર કહા. જાનકર વ્યવહાર-નિશ્ચય, વ્યવહાર-નિશ્ચય. સમજમેં આયા? પરમાત્મપ્રકાશ.

મુમુક્ષુ :- ધ્યાનવાળા ...

ઉત્તર :- બેસી જાય આંખ મીંચીને. શું પણ આંખ મીંચેલી જ છે. હવે ત્યાં કે દિ' ગરી આંખ આત્મામાં? આંખ આમ થાય કે આમ થાય એ તો જડની પર્યાય છે. આંખ શું આત્મા મીંચી શકે છે? આમ કરી શકે છે? આમ ઉઘાડી શકે છે? એ તો જડની પર્યાય છે. ૐ... ૐ... ૐ... ૐ... ૐ... શું છે ૐ? એ તો વિકલ્પ છે, કલ્પનાની જાળ છે. સમજમેં આયા? ચૈતન્ય પદાર્થ.. જ્ઞાનમેં જ્ઞેય ઈતના માહાત્મ્યવાલા હૈ ઐસા જ્ઞાનમેં, પર્યાયમેં માહાત્મ્ય પર્યાયવાનકા આયે બિના પર્યાયસે હટકર પર્યાયવાનમેં વીર્ય નહીં ઘૂસ સકતા. સમજમેં આયા?

વહ તાત્પર્યમેં વહ કહા હૈ. ઐસી સમજાકર પીછે કહા. ઐસા ભગવાન આત્મા અપની પર્યાયકો, પર્યાયવાનમેં એકાગ્ર કરના ઉસકા નામ ધ્યાન હૈ. સમજમેં આયા? ધ્યાનમેં હમેં લાલ-પીલા દિખે, એકદમ લાલ દિખતા હૈ, પીલા દિખતા હૈ. અહીં એક હતોને ઓલો સાત પડિમાવાળો. પ્રભુ નહોતો એક પ્રભુ? ચિદાનંદજીની સાથે. ચિદાનંદજીએ બે ચોમાસા કર્યાને. એને સાત પડીમા લીધેલી એણે. પછી એને પૂછ્યું કે એલા! આત્મા કેવો? કે આત્મા હોય રાતો. એક અર્જિકા આવી હતી સાંજે થાકીને બધું. પછી કોઈએ પૂછ્યું કે આત્મા કેવો? કે પહેલો હોય રાતો અને પછી દેખાય ધોળો. પહેલે રાતા. લાલ-લાલ. પીછે સફેદ. ભગવાન! ક્યા હુઆ? યહાં રાતા લૂગડાં પહેરેને પછી ધોળા. પહેલા એમ કે રાતા દેખાય અંદરમાં રાતા. રાતા અને ધોળા, લાલ અને ધોળા એ તો જડ છે. અર્જિકા હતી હોં અગિયાર પડિમા લઈને અહીં આવી થાકીને. .. ભગવાન! શું કરે છે આ? ખબર પડતી નથી. એની કિંમત શું છે? આ હું શું લઈને બેઠો છું એની ખબર નથી. એને પોતાને કાંઈ બિચારાને દુઃખ લેવાનો કાંઈ ભાવ હોય? પણ વસ્તુની ખબર નથી. ખબર નથી. આ ચીજ શું છે, આ હું શું કરવા માગું છું? ક્યાંથી આવશે? એ શાંતિ માગીએ છીએ, સમ્યક્ એ ક્યાંથી આવશે? એ ક્યાં ભર્યું છે અંદરમાં તે આવશે? એ ચીજની જ જ્યાં ખબર નથી અને એમ ને એમ રાગ ને આ ને આ. એ તો અનંતકાળ એમ ને એમ જન્મ-મરણમાં વિત્યા નિગોદથી નવ ગ્રૈવેયક. એના એ ક્રમચક્ર હૈ. સમજમેં આયા?

આચાર્ય મહારાજને ઇસલિયે કહા, આખી વાત કરી પીછે. '**यदुक्तं शुद्धात्मनः**' જો કહા ઐસા શુદ્ધાત્મા '**स्वरूपं तदेवोपादेयमिति**' યહી અંતરમેં ઉપાદેય કરનેલાયક, ધ્યાન કરનેલાયક. ઉપાદેય અંગીકાર કરવા લાયકકા અર્થ કિ ઉસમેં હી એકાગ્ર હોનેલાયક હૈ. યહ ઉપાદેય. ઔર યહ ઉપાદેય ઐસા ભેદ ભી કહાં હૈ? સમજમેં આયા? યહ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વહ .. હૈ ઐસા જ્ઞાન હોકર પીછે અંતર્મુખમેં એકાકાર હોના વહી ઉસકા તાત્પર્ય ઔર જાનનેકા ફલ હૈ. સમજમેં આયા? ઓહો..હો..! અગિયાર-અગિયાર અંગ, નવ-નવ પૂર્વ પર્યાયમેં ખિલ જાયે, પરંતુ અંતર સ્વભાવકા માહાત્મ્યકી પર્યાય પ્રગટ ન હો તો કુછ ઉસકી કિંમત હૈ નહીં. એક સ્વભાવ શુદ્ધ ઐસા પરિપૂર્ણ સત્ત્વ મોજુદગી વિદ્યમાન ઐસા લક્ષમેં, દૃષ્ટિમેં લિયા ઔર જ્ઞાન જો આયા, કિંમત હો ગયી. એ કેવલજ્ઞાન લીધે છૂટકો. બીજ ઉગી એ કેવલજ્ઞાન પૂનમ હોકર છૂટકો. બીજ ઉગી વહ પૂનમ હોગા હી હોગા. એમ બોધીબીજ અંદરકા બોધીબીજ સ્વરૂપકી દૃષ્ટિકા બોધબીજ ઉગા કેવલજ્ઞાન. અગિયાર અંગકા, નવપૂર્વકા હો ઉસકે સાથ સંબંધ કુછ હૈ નહીં. વહ યહાં કહતે હૈ. સમજમેં આયા? '**વહી ધ્યાન કરને યોગ્ય હૈ.**' ઓહો..હો..!

'**આગે જીવોંકા જ્ઞાન-દર્શન લક્ષણ કહતે હૈં—**' હવે એના લક્ષણ બતાવે છે. ઓહો..! આચાર્યકો ભગવાનકા નામ લેના પડતા હૈ બીચમેં. હમ કહતે હૈં ઐસા નહીં, પરંતુ જિનવર

ઐસા કહતે હૈં. ક્યા કરે? વિશ્વાસ.

**૨૨૫) जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु।**
**तेण ण किज्जउ भेउ तहँ जइ मणि जाउ विहाणु।।९८।।**

આહા..હા..! '**જીવોંકા લક્ષણ જિનેન્દ્રદેવને...**' ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરને, જૈન પરમેશ્વરને, વીતરાગભાવના પરમેશ્વર વીતરાગ જિનવર કહા. વીતરાગભાવના પરમેશ્વર. વહ પરમેશ્વરને '**દર્શન ઔર જ્ઞાન કહા હૈ,...**' પુણ્ય-પાપ, વ્યવહારરત્નત્રય, વિકલ્પ વહ આત્માકા લક્ષણ નહીં. સમજમેં આયા? પુણ્ય-પાપકા વિકલ્પ, વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ આદિ, પંચ મહાવ્રતકા વિકલ્પ વહ કોઈ આત્માકા લક્ષણ નહીં. વહ તો આસ્રવ હૈ. આહા..હા..! ભગવાન આત્મા '**जीवानां लक्षणं जिनवरैः दर्शनं ज्ञानं भाषितं**' યોગીન્દ્રદેવને ઐસી ઓથ લી. કુંદકુંદાચાર્ય પણ એમ કહે છે ભાઈ! ભગવાન તો એમ કહે છેને કે ઉસકે આયુષ્યમેં જીતા હૈ. ભગવાન! તુને આયુષ્ય દિયા કિ તુને ઉસકો જીવન દિયા? જિનવર તો ના પાડતે હૈ કિ કોઈકા આયુષ્ય કોઈકો દેતે નહીં. અરે! મનુષ્ય તુમ ભી કહીં ન. ભગવાન ઐસા કહતે હૈં. પરમેશ્વરકી વાણીમેં ઐસા આયા, પ્રભુ! આહા..હા..! જિનવર એમ કહે છે. 'શ્રુત ન જાણહી કિંચિત્' આવે છેને ભાઈ છેલ્લી ગાથામાં ૧૧. સમયસાર. 'શ્રુત ન જાણે કિંચિત્' શ્રુત ક્યા જાને આત્માકો? શ્રુતસે પહલે સાર જિનવર કહતે હૈ કિ આત્મા તેરા હૈ. સમજમેં આયા?

'**ઈસલિયે ઉન જીવોંમેં ભેદ મત કર,...**' રાગ-દ્વેષકી હીનતાકા ઔર કર્મકી બહુતાકા યા ઘટનેકા લક્ષણસે તુમ જીવમેં લક્ષણ ન માન. જીવકી પર્યાયમેં હીનાધિકતા, રાગ-દ્વેષકી મંદતા-તીવ્રતા ઔર કર્મકા સંયોગમેં બહુત-અલ્પ સ્થિતિ રસવાલા-ઐસા જીવકા ઉસ કારણસે ભેદ ન કર. '**ઉન જીવોંમેં ભેદ મત કર, અગર તેરે મનમેં...**' '**विभातः जातः**' '**જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ, અર્થાત્ હૈ શિષ્ય, તૂ સબકો સમાન જાન.**' યહાં તો કહે, સમ્યગ્જ્ઞાન ચૈતન્યકા હુઆ તો તેરે જ્ઞાનકી પરિપૂર્ણતા દેખી વહ જ્ઞાનલક્ષણસે લક્ષિત દેખા, સબ ઐસી વસ્તુ હૈ. પહલે દ્રવ્યસે કહા થા, પીછે ગુણસે, કેવલજ્ઞાનસે કહા, અભી લક્ષણસે કહા. સમજમેં આયા? જુઓ, '**विभातः जातः**' છેને? '**जइ मणि जाउ विहाणु**' વ્યવહાર. જો જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ. દેખો, પર્યાયકી બાત હૈ હોં! જ્ઞાનરૂપી સૂર્ય તો હૈ ત્રિકાલ. ઉસકે લક્ષણસે લક્ષિત કરકે, જ્ઞાનરૂપી સૂર્ય તેરી પર્યાયમેં પ્રગટ હુઆ સમ્યગ્જ્ઞાન મતિ-શ્રુતકા કણ. સમજમેં આયા? '**જ્ઞાનરૂપી સૂર્યકા ઉદય હો ગયા હૈ, અર્થાત્ હૈ શિષ્ય, તૂં સબકો સમાન જાન.**' વસ્તુમેં કુછ હીન-અધિકતા હો ગઈ નહીં. તીન કાલ, તીન લોકમેં ... અભવિકો ભી કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય હૈ. સમજમેં આયા?

ઉસકે સાથ ચર્ચા હુઈ થી. ૮૫મેં. ૮૫કી સાલમેં ચર્ચા હુઈ. ભાઈ! તો વહ કહે કિ

કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય અભવિકો નહીં. તબ કિતની પ્રકૃતિ હૈ ઉસકો? કીધું કહે તીન. મતિ, શ્રુત.. અરે ભગવાન! દ્રવ્યમેં ક્યા ફેર કિયા? એમ કે જો કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શન હો તો ઉસમેં કેવલજ્ઞાન, કેવલદર્શન અંદરમેં હો તો ઉસકી પર્યાયમેં આવરણવાલા ઐસા હૈ. ઐસા હૈ. ક્યા અભવિકો તીન આવરણ હૈ પાંચ પ્રકૃતિમેં ઔર ભવિકો પાંચ? અભવિકો તીન, ભવિકો પાંચ હૈ? સમજમેં આયા? ૮૫મેં મોહનભાઈ છેને? મોહનલાલજી હતાને. ... હા પાડી એમાં. અરે! કીધું આ શું કરો છો તમે? અભવિને એમ કે કેવળજ્ઞાનાવરણીય ન હોય. કેમકે કેવળજ્ઞાનાવરણીય હોય તો કેવળને આવરણ.. તો કેવળજ્ઞાન છે એમાં થઈ ગયું નક્કી. અને અભવિને કેવળજ્ઞાન થાતું નથી કોઈ દિ'.

અહીં તો તેથી કહે છે કે હે શિષ્ય! તેરી જ્ઞાનસૂર્યકી પર્યાય પ્રગટ હુઈ સમ્યક્, સબ જીવ અભવિકો ભી કેવલજ્ઞાનકા કંદ માન. આહા..હા..! સમજમેં આયા? અભવિકો ... પ્રકૃતિ મોહનીયકી? મોક્ષ જાનેવાલેકો અઠ્ઠાઈસ પ્રકૃતિ અનાદિકી ઔર મોક્ષ ન જાનેવાલે અભવિકો ૨૭ પ્રકૃતિ. ઐસા પ્રશ્ન ચલા. કીધું, ઐસા હૈ નહીં. ઐસા ક્યા ચલાયા તુમને? એમ કે ૨૮ પ્રકૃતિ હો સત્તામેં તો મોક્ષ જાનેવાલા હોગા સમકિતમોહનીય પ્રકૃતિ. એમ કેવલજ્ઞાનાવરણીય હો તો કેવલજ્ઞાન પ્રગટ હોના હી ચાહિયે. એને હોતું નથી માટે કેવલજ્ઞાનાવરણીય નથી. એમ નથી. ભગવાન! એ અભવિ પણ ભગવાન હૈ. પર્યાયમેં પ્રગટ હોનેકી લાયકાત નહીં. સમજમેં આયા? કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય પ્રકૃતિ અભવિકો પાંચ પ્રકૃતિ હૈ. જ્ઞાનાવરણીયમેં તીન પ્રકૃતિ હૈ ઐસા નહીં.

યહાં ક્યા કહા? દેખો, '**તૂં સબકો સમાન જાન.**' ઉસમેં ક્યા આયા? અભવિ હો, ભવિ હો, સ્વભાવ દૃષ્ટિમેં તો સબ સમાન હૈ. પર્યાયમેં ફેર હૈ વહ પર્યાયકી દૃષ્ટિ તેરી છૂટ ગયી હૈ તો સબકો સમાન જાન. સમજમેં આયા?

'**ભાવાર્થ :- યદ્યપિ...**' અર્થાત્ જોકે '**વ્યવહારનયસે સંસારીઅવસ્થામેં મત્યાદિ જ્ઞાન,...**' હૈ. હૈ. મત્યાદિજ્ઞાન પર્યાય હૈ. પર્યાય-પર્યાય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવલજ્ઞાન પર્યાયને? '**ઔર ચક્ષુરાદિ દર્શન...**' હૈ. વહ '**જીવકે લક્ષણ...**' પર્યાયસે કહનેમેં આયા હૈ. પર્યાયસે હોં. યહ લક્ષણ, મતિજ્ઞાન લક્ષણસે લક્ષિત પર્યાયકે લક્ષણસે વહ લક્ષણ કહનેમેં આતા હૈ. લક્ષણ તો પર્યાય હૈ ઉસસે લક્ષ્ય દ્રવ્ય હૈ. તો પર્યાય મતિ ... હૈ. વહ પર્યાય સે હૈ, પરંતુ નિશ્ચયનય કરકે કેવલદર્શન, કેવલજ્ઞાન વહ લક્ષણ હૈ. કેવલ અકેલા દર્શન ઔર અકેલા પૂર્ણજ્ઞાન વહી ઉસકા લક્ષણ હૈ. સમજાણું કાંઈ? આ કેવળજ્ઞાન, કેવળદર્શન એટલે પર્યાય નહીં હોં. એ દર્શન ભી લક્ષણ હૈ, દર્શન ભી લક્ષણ હૈ સામાન્યતઃ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સ્વપરકો જાનતે હૈ. હા, તોપણ ઉસકો દર્શન હૈ ન પરિપૂર્ણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, જાતિવાદ. .. ઉસકો ચારિત્ર ભી કહા એક ઠેકાણે. ચારિત્રકો ભી લક્ષણ કહા હૈ. સ્થિરતા હોતી હૈ ન તો ઉસકો ભી લક્ષણ કહા હૈ. આગે હૈ પાઠમેં. વહ તો દર્શન લક્ષણકા જ્ઞાનસે ઐસા જહાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દર્શન હૈ સાથમેં. દર્શન સાથમેં હૈ. દોનોં યહાં તો પરિપૂર્ણ દોનોં પડા હૈ, બસ ઈતના. દર્શન સામાન્ય અને વિશેષ ઐસા કોઈ સમય ભેદ નહીં. જબ જ્ઞાનસે લક્ષ કિયા તો દર્શનસે લક્ષ ઉસમેં આ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ પૂર્ણ-પૂર્ણ. જ્ઞાનકા વેદન આ ગયા, દર્શનકા ભી વેદન આ ગયા. પર્યાય હૈ ન. વહ પીછે રાતે રાખો.

યહાં તો અકેલા દર્શન અને જ્ઞાન ઉસકા લક્ષણ. પાઠ હૈ ન દેખો ન. '**लक्खणु जिणवरहि भासिउ**' હૈ ન મૂલપાઠ હૈ ન. વહ તો આગે તો તીનોં આતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન પામે છે. ઔર દર્શન ઉપયોગ અંદર...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલા દર્શનને જાણે. સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એવો એનો સ્વભાવ ત્રિકાળ છે. એમાંથી એક કાઢે તો વસ્તુ સિદ્ધ થતી નથી.

વ્યવહારનયસે સંસાર ઐસા. '**નિશ્ચયનયકર-કેવલદર્શન...**' કેવલ નામ અકેલા દર્શન હોં. ઓલા કેવલદર્શન પર્યાય નહીં. પર્યાયકી બાત યહાં નહીં. પર્યાયકી પહેલા વ્યવહારનયમેં આયા. '**કેવલજ્ઞાન યે હી લક્ષણ હૈં, ઐસા જિનેન્દ્રદેવને વર્ણન કિયા હૈ.**' સામાન્ય સ્વરૂપ એક હૈ ઉસમેં. એક દર્શનમય હૈ, એક જ્ઞાનમય હૈ. સામાન્ય દર્શનમેં જ્ઞાનમય આત્મા વસ્તુ હૈ. તો ઉસકો લક્ષણ કહકર વીતરાગ પરમાત્માને વહ લક્ષણ કહા. નિશ્ચયમેં તો વહી લક્ષણ હૈ. સમજમેં આયા? '**ઈસલિયે વ્યવહારનયકર દેહ-ભેદસે ભી ભેદ નહીં હૈ,...**' દેહ ભેદસે ભી ભેદ નહીં હૈ. વસ્તુમેં ભેદ કૈસા? આહા..! આવી મહાસત્તા અને એનું દર્શન અને જ્ઞાન મહાસ્વભાવ. મહાસ્વભાવ. ઉપયોગ કહ્યોને ઉપયોગ? ઉપયોગને જીવ કહ્યો છે. ઉપયોગ સિવાયને અચેતન કહ્યા સપ્તભંગીમાં. ઉપયોગ જ્ઞાનદર્શન તે જીવ. એ સિવાય વીર્ય આદિ તે અજીવ. ઐસી સપ્તભંગી .. ઉતારી હૈ. સમજમેં આયા? વહ સપ્તભંગીમેં ઉતારા હૈ. સપ્તભંગી હૈ. સપ્તભંગી

તરંગીણીમેં ઉસમેં હૈ. અપનેમેં અને અપનેમેં ઉપયોગ તે જીવ અને ઉપયોગ સિવાયકી ચીજ તે અજીવ. ઐસા સપ્તભંગીમેં ઉતારા. ઓહો..હો..! ક્યોં? કિ જાનને-દેખનેકા ખાસ સ્વભાવ વહ જીવ. ઈસકે સિવાય દૂસરા... ત્યાં તો જાનના-દેખના દોનોં ઉપયોગ લિયા હૈ ઔર ઉપયોગરૂપ જીવ લિયા હૈ. સપ્તભંગી..મેં. કહેવાઈ ગયું છે પહેલા એ તો.

યહાં કેવલદર્શન ઔર કેવલજ્ઞાન લક્ષણ.. ઈસલિયે વ્યવહારસે ભેદ નહીં. **'કેવલજ્ઞાનદર્શનરૂપ નિજલક્ષણકર સબ સમાન હૈ, કોઈ ભી બડા-છોટા નહીં હૈ.'** શક્તિરૂપ પૂર્ણ હૈ ઉસ અપેક્ષાસે. પૂર્ણ હૈ વહ. કોઈ છોટા-બડા હૈ નહીં. ઓહો..! પર્યાયમેં કહાં અક્ષરકે અનંતવે ભાગ વિકાસકી પર્યાય ઔર એક વિકાસકી કેવલજ્ઞાન પર્યાય. અંતરમેં તો સબ એકરૂપ હૈં. ચૌદ પૂર્વકા જ્ઞાન શ્રુતજ્ઞાન. ઈતના શ્રુતજ્ઞાન ઓહો..હો..! શાસ્ત્રમેં તો ઈતના ચલતા હૈ કિ બાર અંગકા જ્ઞાન ઈતના વીર્યાન્તરાય ક્ષયોપશમ અપની પર્યાયમેં પ્રગટ હુઆ હો. મનબળીયા. શાસ્ત્રમેં ચલા હૈ. સાધુ. મનોબળીયા, વચનબળીયા, કાયબળીયા. છદ્મસ્થકી બાત હૈ હોં.

મુમુક્ષુ :- ... ફેરવી નાખે બધું.

ઉત્તર :- એક અંતર્મુહૂર્તમેં બાર અંગ ફેરવી નાખે. ઉપયોગમેં હોં. આહા..હા..! એવી તાકાત છે. વચન બળીયા એવું લખ્યું છે. અંતર્મુહૂર્તમાં ફેરવી નાખે ફટ.. ફટ... ફટ... એટલો ઉઘાડ અને વીર્યનો... આખી નજર ફરી જાય ઉપયોગમાં હો ઉપયોગ. અરે! ક્યા? ક્રમ થોડો પડે પણ ક્રમ અંતર્મુહૂર્તમાં પૂરું થઈ જાય. આહા..હા..!

મુમુક્ષુ :- પોતાની હીણી પર્યાય..

ઉત્તર :- છદ્મસ્થકી બાત હૈ હોં આ. મનોબળીયા, વચનબળીયા, કાયબળીયા ચાલ્યા છેને. વહ શક્તિ, વસ્તુ. અને છદ્મસ્થ પણ વસ્તુ આત્મા હૈ ન? કેવલજ્ઞાનકી પર્યાય વહ તો ક્યા કહના? પરંતુ યહ ભી ઉસકી પર્યાય વહ સ્વભાવકી ખિલ ગયી અંદરમેંસે. ઓહો..હો..! એક અંતર્મુહૂર્તમેં રચના કરે બાર અંગકી. ઉસકી કિતની તાકાત ગણધરકી. વહ બાર અંગકી રચનામેં કોઈ દો-તીન-ચાર દિન નહીં જાતે હૈ. આ તે કાંઈ વાત છે! ઐસા અંતરમેં લક્ષણ હૈ ઐસા પ્રતીત-અનુભવ કરતે હૈં. પર્યાયમેં ઐસા ભાવ પ્રગટ હુએ બિના રહતા નહીં. ઓછા-વત્તા પ્રગટ હૈ... સમજમેં આયા? વિશેષ કહેગા લો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૬, શનિવાર, તા. ૦૫-૦૬-૧૯૬૫**
**ગાથા-૯૮-૯૯, પ્રવચન-૧૪૦**

આ પરમાત્મપ્રકાશ. ૯૮વીં ગાથા ચલતી હૈ. ૯૮. ૧૦૦ મેં દો કમ. નીચે છેલ્લી લીટી છે આ જૂનામાં. '**કેવલજ્ઞાનદર્શનરૂપ નિજલક્ષણકર સબ સમાન હૈં,** કોઈ **ભી** બડા-છોટા **નહીં હૈ.**' ૯૮. દૂસરા ભાગ. ક્યા કહતે હૈ દેખો. '**जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु।**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરને જીવકા લક્ષણ જ્ઞાન-દર્શન કહા હૈ. જાનના ઔર દેખના વહ જીવકા લક્ષણ હૈ. કોઈ પુણ્ય-પાપ, વિકાર યા વિકલ્પ વહ કોઈ આત્માકા લક્ષણ હૈ નહીં. વહ ઉસમેં હૈ નહીં ત્રિકાલમેં. જો ત્રિકાલી હો વસ્તુ ઉસકા લક્ષણ હો સકતા હૈ. કૃત્રિમ રાગાદિ લક્ષણ નહીં, વહ તો વિકાર હૈ. જ્ઞાનદર્શન સામાન્ય વિશેષ ત્રિકાલ ઉસમેં ગુણ પડા હૈ. તો કેવલજ્ઞાન, કેવલદર્શન ઐસી કેવલ પર્યાયકી યહાં બાત નહીં. ત્રિકાલ જ્ઞાન, ત્રિકાલ દર્શન સ્વભાવ ઐસા નિજલક્ષણકર સબ સમાન હૈં. સબ જીવ સરખા. સમભાવ-સમભાવ. અપની પર્યાયકો ગૌણકર વસ્તુકા સ્વભાવ જૈસે જ્ઞાન-દર્શનસે લક્ષિત મુખ્ય દૃષ્ટિમેં કિયા હો, વહી સબ જીવકો વર્તમાન વિકલ્પ પર્યાયકો ગૌણકર ઉસકે જ્ઞાનદર્શનસે લક્ષિત આત્મા હી ઉસે પૂર્ણસ્વરૂપ દેખતા હૈ. સમજમેં આયા?

'**જો તેરે મનમેં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપ સૂર્યકા ઉદય હુઆ હૈ,...**' ઐસા કહતે હૈ દેખો. તેરા સ્વભાવ તેરી દૃષ્ટિમેં તુઝે આયા હો. શુદ્ધાત્મસ્વભાવ અભિમુખકી દૃષ્ટિ કરકે ચૈતન્ય રાગરહિત સ્વસંવેદન અભેદ અપના જ્ઞાનસ્વરૂપસે વેદન કરકે ઐસા આત્મા તેરી પર્યાયમેં ભેદજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ હુઆ હો. '**ઔર મોહ-નિદ્રાકે અભાવસે આત્મ-બોધરૂપ પ્રભાત હુઆ હૈ,...**' પાઠમેં '**प्रभातसमय इति**' ઓહો..! દેખો યહ પ્રભાત કહા. સમજમેં આયા? સમયસારમેં આખિર કલશમેં કેવલજ્ઞાન, કેવલદર્શનકો પ્રભાત કહા હૈ. મંગલ પ્રભાત ખિલ ગયા કેવલજ્ઞાન, કેવલદર્શન ઉગ ગયા. ઉગ ગયા અર્થાત્? પ્રગટ હો ગયા. ઐસા વહાં બતાયા. યહાં તો સમ્યગ્જ્ઞાનકો હી પ્રભાત કહા હૈ. ભગવાન આત્માકી અંતર આંખ ખિલ ગયી. સ્વભાવસન્મુખકે અભિપ્રાયસે, એકત્વસે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય પૂર્ણ સ્વભાવ સંપન્ન ઐસા બોધ જો હુઆ હો '**તો તૂં સબોંકો સમાન દેખ.**' આહા..હા..! સમજમેં આયા?

તેરી પર્યાય અલ્પજ્ઞ ઔર રાગાદિ ગૌણ કરકે, લક્ષ છોડકે સ્વભાવ સંપન્ન ચૈતન્ય પ્રભુ

ઉસકા તુઝે સૂર્ય ઉગ ગયા હો સ્વસંવેદનકા, તો તેરા સ્વભાવ પર્યાય ઔર રાગ જિતના તુને નહીં માના. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ઐસી દૃષ્ટિસે સબકો દેખ. આહા..હા..! સબ આત્મા કેવલજ્ઞાન-દર્શન લક્ષણસે પૂર્ણ લક્ષિત હૈં ઐસા વીતરાગભાવસે તેરી દૃષ્ટિમેં આયા વીતરાગભાવ સ્વભાવકા લક્ષ કરનેસે. ઐસા સબકો જાન. કહો, સમજમેં આયા? અનંત આત્મા ઐસા પૂર્ણ શુદ્ધ ઔર અકેલા સામાન્ય જ્ઞાનદર્શન લક્ષણસે લક્ષિત અર્થાત્ પૂરા. ઐસા તો અંતરમેં અપના સ્વભાવકી મહિમા અંતરમેં જાગૃત હુઈ હો, વહ પરદ્રવ્યકો ઐસે જાનતા હૈ. એમ કહતે હૈ. સમજમેં આયા?

**'જૈસે યદ્યપિ સોલહવાનીકે સોને સબ સમાન વૃત્ત હૈં,...'** સોલહવાનીકા સોના સમાન સબ પૂરા સમાન હૈ. લાખ લગડી હોય, કરોડ લગડી હોય સરખી. **'તો ભી ઉન સુવર્ણ-રાશિયોંમેં સે એક સુવર્ણકો ગ્રહણ કિયા, તો ઉસકે ગ્રહણ કરનેસે સબ સુવર્ણ સાથ નહીં આતે,...'** સોલહવાનીકે સોનાસે સબ સમાન સોના. લાખ, કરોડ લગડી હોય તો, પરંતુ એક લગડી ગ્રહણ કરનેસે સબ ગ્રહણ હોતી નહીં. **'ઉસી પ્રકાર યદ્યપિ કેવલજ્ઞાન દર્શન લક્ષણ સબ જીવ સમાન હૈં,...'** જાતિ એક પણ વસ્તુ એક? સમજમેં આયા? **'તો ભી એક જીવકા ગ્રહણ કરનેસે...'** અર્થાત્ અપના જ્ઞાન-દર્શન લક્ષણસે અપને સ્વરૂપકા ભાન હોનેસે, અપના એક દ્રવ્ય અપની સ્વરૂપ દૃષ્ટિમેં આયા, વહ ભિન્ન પડ ગયા. અનંત આત્મા, કોઈ એકકો ગ્રહણ કરને સે અનંત ગ્રહણ નહીં હોતા. ક્યોંકિ ભિન્ન-ભિન્ન અનંત આત્મા, ભિન્ન-ભિન્ન વીતરાગસ્વભાવ **'એક જીવકા ગ્રહણ કરનેસે સબકા ગ્રહણ નહીં હોતા.'** ઓહો..હો..! પરમાત્મપ્રકાશ.

એક પરમાત્મા અપના નિજસ્વરૂપ લક્ષણસે ગ્રહણમેં આયા તો ગ્રહણમેં સબ યહાં પર્યાયમેં સબ આતે હૈં ઐસા નહીં હૈ. એમ કહતે હૈ. અપના જ્ઞાન-દર્શન લક્ષણસે લક્ષિત પૂર્ણ સ્વભાવ લક્ષમેં, ધ્યેયમેં, ગ્રહણમેં આયા, ઐસા સબ આત્માઓં હોને પર ભી અપને ગ્રહણમેં વે અનંત આત્મા નહીં આતે. આહા..હા..! અનંત આત્મા અપને જ્ઞાનમેં જ્ઞેય હોતે હૈ, પરંતુ અપના જ્ઞેય જૈસે વસ્તુમેં ગ્રહણમેં આતા હૈ, દૃષ્ટિમેં, જ્ઞાનમેં ઐસા સબ આત્મા ગ્રહણ-પક્કડમેં અપના અભેદમેં જાનનેમેં આતા નહીં. ભિન્ન હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ એકરૂપ હો જાના. એક હોતા નહીં. જ્ઞાન, દર્શન લક્ષણસે અપના આત્મા એક હોતા હૈ. પરકા આત્મા સબ યહાં અંદર આ જાતા હૈ? પરકી અનુભૂતિ સબ અપની પર્યાયમેં આતી હૈ? સબકી અનુભૂતિ ભિન્ન હૈ. સમજમેં આયા?

કલ કહા થા નહીં વહ? નિયમસારમેં ભી ભગવાન કુંદકુંદાચાર્યને કહા. ૧૨૧ ગાથા હૈ.

૧૦૨. ઈસમેં ભી ૧૦૨મેં આયેગા. દર્શન-જ્ઞાન-ચારિત્ર તીન લક્ષણ આયેંગે. ઉસમેં દો લિયા.

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भाव सव्वे संजोगलक्खणा।।१०२।।

આહા..હા..! 'एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।' જાનના-દેખના સામાન્ય લક્ષણસે ત્રિકાલ યહ મૈં એક આત્મા હૂં. '**सेसा मे बाहिरा भाव**' યે પુણ્ય અને પાપ વિકલ્પ આદિ સબ બહિર્ભાવ સંયોગલક્ષણસે લક્ષિત હૈ. સંયોગલક્ષણસે લક્ષિત હૈ. જ્ઞાનદર્શન લક્ષણે લક્ષિત નહીં. સમજમેં આયા? '**सव्वे संजोगलक्खणा**' એ તો આપણે આવે છેને ભાઈ! કર્તા-કર્મ. ૬૯-૭૦માં. કે આત્મા અને જ્ઞાનદર્શનકો તાદાત્મ્ય સંબંધ હૈ. તાદાત્મ્ય સંબંધ લક્ષણ હૈ. તાદાત્મ્ય સંબંધ. ઔર પુણ્ય-પાપકે ભાવ કે સાથ સંયોગ સંબંધ હૈ, સંયોગ સિદ્ધ. આ તાદાત્મ્યસિદ્ધ સંબંધ, એ સંયોગસિદ્ધ સંબંધ. ૬૯ અને ૭૦માં કર્તાકર્મમાં શરૂઆતે આ બે મૂળ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ત્રીજા. એ પરસ્પર અવગાહનલક્ષણ સંબંધ ઈતના કહા હૈ. વહ વિશિષ્ટ... શબ્દ નહીં લિયા વહાં. વહ પ્રવચનસારમેં વિશિષ્ટ લિયા હૈ ન? દોનોંકે બીચમેં પરસ્પર અવગાહ વિશિષ્ટ સંબંધ. પરંતુ વહાં ઐસા લિયા હૈ ૬૯-૭૦મેં. પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ. તીન લક્ષણ બતાયા દો ગાથામેં.

ભગવાન આત્મા અપના જ્ઞાન-દર્શન-આનંદ આદિસે તાદાત્મ્ય સંબંધ હૈ. તાદાત્મ્ય સંબંધ હૈ ઔર પુણ્ય અને પાપ, વિકલ્પ, દયા, દાન, વ્રતાદિ શુભભાવકો વહાં ક્રોધાદિ કહા હૈ. ઉસસે વિપરીત, સ્વરૂપકી સ્થિતિ છૂટ ગયી ઔર વિકારકી સ્થિતિ હુઈ તો વહ વિકાર ક્રોધ હુઆ, સ્વભાવ પ્રત્યે અણગમા. ઐસા જો ભાવ વહ સંયોગસિદ્ધ સંબંધ હૈ. ઓહો..હો..! સમજમેં આયા? સંયોગ વિકાર. સંયોગ હૈ ન. સ્વભાવ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, યહાં તો વિકારકા હૈ. યહાં તો વિકારકા.

મુમુક્ષુ :- સંયોગીભાવ

ઉત્તર :- ભાવ હૈ ન. સ્વભાવભાવ નહીં. વહ અભી આયા ન?

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भाव सव्वे संजोगलक्खणा।।१०२।।

એ ત્યાં રાગ-દ્વેષ આદિ સંયોગ લક્ષણ અને ૬૯-૭૦મેં ભી વહ આયા. સંયોગસિદ્ધ સંબંધ. પુણ્ય-પાપ, વિકલ્પ, રાગાદિ ઉસકે સાથ સંયોગસિદ્ધ સંબંધ હૈ. સ્વભાવસિદ્ધ સંબંધ હૈ હી

નહીં. છૂટ જાતા હૈ (વહ) ઉસકા સ્વભાવ હૈ નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- નક્કી બાત કી.

ઉત્તર :- નક્કી-ચોક્કસ. વહ તીનોંમેં સિદ્ધ કહા હૈ. હૈ ન વસ્તુ હૈ ન, વસ્તુ. યહાં તો ૬૯ સંયોગસિદ્ધ તાદાત્મ્યસિદ્ધ સંબંધ ઔર સંયોગસિદ્ધ સંબંધ. કર્તા-કર્મ. **'જૈસે યહ આત્મા, જિનકે તાદાત્મ્યસિદ્ધ સંબંધ હૈ ઐસે આત્મા ઔર જ્ઞાનમેં...'** અપના જ્ઞાન ઔર આત્મા. **'જૈસે યહ આત્મા જિનકે તાદાત્મ્યસિદ્ધ સંબંધ...'** તદ્રૂપસિદ્ધ સંબંધ હૈ **'ઐસે આત્મા ઔર જ્ઞાનમેં વિશેષ ન હોનેસે ઉનકે ભેદકો ન દેખતા હુઆ, નિઃશંકતયા જ્ઞાનમેં અપનેપનેસે પ્રવર્તતા હૈ,...'** ૬૯-૭૦. વહ સમયસાર હૈ? ૬૯-૭૦. એવા સંબંધ. ત્રણ સંબંધ છે. દો ગાથામેં તીન લે લિયા હૈ. ભાવબંધ. નિશ્ચય.

ઉસકે બાદ. **'જૈસે યહ આત્મા,...'** ૧૨૭ સે શુરૂ હોતા હૈ. **'જૈસે યહ આત્મા, જિનકે તાદાત્મ્યસિદ્ધ સંબંધ હૈ...'** જિનકે તાદાત્મ્યસિદ્ધ સંબંધ **'ઐસે આત્મા ઔર જ્ઞાનમેં વિશેષ ન હોનેસે...'** મૂલ પાઠમેં હૈ. **'ઉનકે ભેદકો ન દેખતા હુઆ,...'** ભગવાન આત્મા અપના જ્ઞાન ઔર આત્મા દોનોંકે બીચમેં ભેદ નહીં દેખતે હુએ, જ્ઞાન ઔર આત્માકે બીચ તાદાત્મ્ય સંબંધ દેખતે હુએ **'નિઃશંકતયા જ્ઞાનમેં અપનેપનેસે પ્રવર્તતા હૈ,...'** નિઃસંદેહરૂપસે યહ જ્ઞાનમેં આત્મા પ્રવર્તતા હૈ, **'ઔર વહાં (જ્ઞાનમેં અપનેપનેસે) પ્રવર્તતા હુઆ વહ, જ્ઞાનક્રિયાકા સ્વભાવભૂત હોનેસે નિષેધ નહીં કિયા ગયા હૈ,...'** દેખો, ભગવાન આત્મા અપના જ્ઞાનસે તાદાત્મ્ય સંબંધ રખતા હૈ. ઐસી જ્યાં અંતર દૃષ્ટિ હુઈ, તો જો જ્ઞાનકી ક્રિયા હુઈ વહ જ્ઞાનકી ક્રિયા સ્વભાવભૂત હોનેસે. વહ પર્યાય હૈ. વહ પર્યાય હૈ પરંતુ યહ જ્ઞાનક્રિયા સ્વભાવ વહ તો પર્યાય હૈ. વહ ગુણ હૈ ત્રિકાલ. પરંતુ ઐસા ત્રિકાલ ગુણ ઔર આત્મા તાદાત્મ્ય હૈ ઐસી જહાં પર્યાયમેં એકત્વબુદ્ધિ હુઈ તો ઐસે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોનેસે. જ્ઞાનક્રિયાકા અર્થ વહ શ્રદ્ધા, શાંતિ, આનંદકે સાથ જો પર્યાય પરિણમતિ હૈ ઉસ પર્યાયકો યહાં જ્ઞાનક્રિયા કહનેમેં આયા હૈ. એક નામસે કહનેમેં આયા.

**'જ્ઞાનક્રિયાકા સ્વભાવભૂત...'** ભગવાન આત્મા અપના દ્રવ્ય ઉસકે સાથ જ્ઞાન તાદાત્મ્ય સંબંધ હૈ ઐસે અંતરમેં નિઃશંકતયા જ્ઞાન આત્મામેં વર્તતા હૈ તો જો ક્રિયા ઉત્પન્ન હુઈ વહ જ્ઞાનક્રિયા, શ્રદ્ધાક્રિયા, શાંતક્રિયા, આનંદક્રિયા, વહ મોક્ષમાર્ગકી નિર્મલ નિર્વિકલ્પ ક્રિયા સ્વભાવભૂત હોનેસે **'નિષેધ નહીં કિયા ગયા હૈ...'** વહ નિષેધ નહીં હોતી, અભેદ હો ગયી. આહા..હા..! સમજમેં આયા? ભગવાન આત્મા અપના જ્ઞાનદર્શન તાદાત્મ્ય સંબંધમેં એકરૂપ હોનેસે, નિઃશંકરૂપસે ઉસમેં વર્તતે... વહ વર્તતા હૈ વહ જ્ઞાનક્રિયા હુઈ. જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હુઈ ઔર સ્વભાવભૂત હોનેસે વહ અભેદ હુઈ. વહ અભાવ નહીં હો સકતા, ઉસકા નિષેધ નહીં કિયા જા સકતા.

ऐसा पाठ है. '**निषेध नहीं किया गया है,...**' अर्थात् उसका अभाव नहीं हो सकता. ऐसा अर्थ है.

'**ईसलिये, जानता है—जाननेरूपमें परिणमित होता है,...**' यह सिद्धांत हुआ. '**ईसीप्रकार जबतक यह आत्मा, जिन्हें संयोगसिद्ध संबंध है ऐसे आत्मा और क्रोधादि आस्रवोंमें भी,...**' क्रोधादि—पुण्य, पाप, विकल्प, विकार. उसमें '**अपने अज्ञानभावसे,...**' भगवान आत्मा ज्ञानदर्शनलक्षणसे तादात्म्य संबंध. उसको छोडकर वह आत्मा संयोगसिद्ध संबंध, ऐसा पुण्य-पाप, शुभ-अशुभ विकृतभाव उसके साथमें एकाकाररूप परिणमता है वह अज्ञानरूपसे, अज्ञानभावसे विशेष न जानता हुआ, विकारी विकृत पर्याय और त्रिकाली ज्ञायकस्वभाव उसको भेद न जानते हुए, उसको भेद न जानते हुए. '**उनके भेदको नहीं देखता...**' भगवान ज्ञान शांत अनाकुल प्रशमरस पिंडकी पर्याय निर्मल होनी चाहिये. ऐसा न देखते क्रोधादिक पुण्य-पापके भावमें अपना स्वभाव उसमें वर्तता है, तादात्म्यरूप है, है संयोगसिद्ध संबंध. परंतु एकरूप माननेसे '**क्रोधादि आस्रवोंमें भी, अपने अज्ञानभावसे,...**' देखो, '**विशेष न जानता हुआ उनके भेदको नहीं देखता...**' विकल्प, दया, दान, व्रतादि है उसको भेदको नहीं करता, उसको अभेद अनुभवता है.

'**तब तक निःशंकतया क्रोधादिमें अपनेपने से प्रवर्तता है,...**' पोतापणुं है न. ज्यां मान्युं छे त्यां पोतापणुं ज मान्युं छे. अपनेपनेसे लिया न? अपनेपनेसे. वह विकल्प जो है वह अपनेमें है ऐसा पर्यायबुद्धिमें एकाकार होकर अज्ञानरूपसे वर्तता है '**और वहां प्रवर्तता हुआ वह, यद्यपि क्रोधादि क्रियाका परभावभूत होनेसे...**' वह पुण्य-पापका भाव परभावभूत होनेसे '**निषेध किया गया है...**' निषेध, भगवानने निषेध किया है. अर्थात् निषेध हो सकता है अर्थात् पुण्य-पापका भाव स्वभावमेंसे अभावरूप हो सकता है. अज्ञानी वह अभावरूप स्वभावमें नहीं फिर भी उसमें अपनेपनेसे प्रवर्तता है वह अज्ञानका कर्ताकर्मपना है. आहा..हा..! समजमें आया?

देखो, '**रागरूप परिणमित होता है, मोहरूप परिणमित होता है. अब यहां, जो यह आत्मा अपने अज्ञानभावसे ज्ञानभवनमात्र सहज उदासीन अवस्थाका त्याग करके...**' ये तो समजाया है. अवस्था थी और त्याग किया ऐसा नहीं है. यह भगवान आत्मा... ये तो बहुत बार हो गया है. चौदह बार सभामें व्याख्यान हो गया है. भगवान चिदानंद प्रभु अपना स्वभावमें से ज्ञानक्रिया, ज्ञाता-दृष्टाकी क्रिया, ज्ञानभवन उदासीन क्रिया ऐसा उत्पन्न होना चाहिये. ऐसा उत्पन्न न होकर उस अवस्थाका त्याग करके. ऐसी भाषा ली है. वह कोई अवस्था प्रगट है और त्याग किया है ऐसा नहीं. समजमें आया? परंतु

વહ બતાતે હૈ કિ વસ્તુ જ્ઞાનદર્શનસે તાદાત્મ્ય સ્વરૂપ ઉસકી જો એકાકારકી ક્રિયા હૈ વહ જ્ઞાનભવનમાત્ર કી અવસ્થા પર્યાય ઉસકી હૈ. ઐસી પર્યાયકો પ્રગટ ન કર, વિકલ્પમેં એકાકાર હોકર, અજ્ઞાનરૂપસે ઉસકો અપના માનકર જો જ્ઞાનભવન ક્રિયા ઉદાસીન ક્રિયા હૈ છોડ દેતે હૈ. જ્ઞાનઅવસ્થામાત્ર જો પ્રગટ કરના વહ છોડ દેતે હૈ ઔર વિકાર ક્રિયાકો ઉત્પન્ન કરતે હૈં.

પાઠ ઐસા હૈ હોં '**અવસ્થાકા ત્યાગ કરકે,...**' યહ તો ભાઈ શૈલી તો આતી હૈ વહ આતી હૈ ન? '**જ્ઞાનભવનમાત્ર સહજ ઉદાસીન અવસ્થાકા ત્યાગ કરકે,...**' ઐસા પાઠ હૈ. જયચંદજી! ક્યા વહાં પ્રગટ હૈ? ઐસા કહતે હૈં કિ ભગવાન! તેરી તો ઉદાસીન જ્ઞાનભવન હી ક્રિયા હોની ચાહિયે. જૈસા દ્રવ્ય, જૈસા ગુણ ઐસી જ્ઞાનભવન ક્રિયા હી હોની ચાહિયે, વહી તેરી અવસ્થા હોની ચાહિયે. પરંતુ ઐસા ન હોકર વિકલ્પ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિ, ક્રોધાદિ જો સ્વભાવસે વિપરીત કહા, ઉસમેં અપનાપન માનકર પ્રવર્ત રહા હૈ તો ઉસકી ઉદાસીન અવસ્થાકા ત્યાગ કર દિયા. અર્થાત્ વહ અવસ્થા ઔર અવસ્થાકે ધરનેવાલા દ્રવ્ય ઉસકા દૃષ્ટિમેં અભાવ કર દિયા. કહો, ...ભાઈ! ઝીણું બહુ ભાઈ! ભગવાન પણ એકલો... આહા..હા..! ચોખ્ખું, સ્પષ્ટ-સ્પષ્ટ. એ તો એની નેત્ર, એની સૂર્ય જેવી આંખ કરે તો પ્રગટ દેખાય એવી.

અહીં તો પ્રગટ વસ્તુ હી ઐસી હૈ. તેરી અવસ્થા. પુણ્ય-પાપકે પરિણામ, ભગવાન! યહ તેરી અવસ્થા? યહ તેરી પર્યાય? સારા દ્રવ્ય વિકારમય હૈ ઉસકા અર્થ વહ હો ગયા. ભગવાન આત્મા તો જ્ઞાનદર્શન-આનંદસે તાદાત્મ્ય હૈ. તો તાદાત્મ્ય સંબંધકી પર્યાય ભી જ્ઞાનભવમાત્ર ઉદાસીન ક્રિયા હોની ચાહિયે ઔર યે ક્રિયા વહી મોક્ષમાર્ગ હૈ, યે ક્રિયા વહી જ્ઞાનક્રિયા, દર્શનક્રિયા, આનંદક્રિયા હૈ. વહ પર્યાય. યહ અવસ્થા ઉત્પન્ન કરનેકા ત્યાગ કરકે. યહ સમજાયા. વિકારકી પર્યાયમેં એકત્વ હોકર વિકારકી પર્યાય ઉત્પન્ન કિયા? સમજે? અજ્ઞાનભવન વ્યાપાર પ્રગટ કિયા? એમ કહતે હૈં. આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને! અમૃતચંદ્રાચાર્ય આ કાળમાં ગણધર જેવા કુંદકુંદાચાર્યની ટીકાનું કામ કર્યું છે. ઓહો..! ભાવ... ભાવ... ભાવ... ભાવ... ભગવાન! તુમ તો આનંદ ઔર જ્ઞાનસે તન્મય હૈ ન પ્રભુ! જિસસે તન્મય, તત્મય, તેરૂપ, તે સ્વરૂપ ઐસા ભગવાન આત્મામેં તો વહ તન્મય, ઉદાસીન (ઔર) રાગસે, પરસે ભિન્ન ઐસા સ્વભાવકે અવલંબનસે જ્ઞાનભવનક્રિયાકા ઉત્પાદ હોના ચાહિયે, ભગવાન! તેરા લક્ષ વિકાર ઉપર પડા હૈ, તો ઉસ ઉદાસીન અવસ્થાકા ત્યાગ કર અજ્ઞાનભવનરૂપ... અજ્ઞાનકા અર્થ? વહ જ્ઞાનભવનરૂપ થા, વિકાર પરિણામ ભી અજ્ઞાનભવન હૈ. આહા..હા..! ઉસમેં ચૈતન્યકા પ્રકાશકા નૂરકા-તેજકા અભાવ હૈ. પુણ્ય-પાપકે ભાવમેં દયા, દાન, વ્રત, વિકલ્પ જો હૈ ઉસમેં ભગવાન જ્ઞાનતેજ ચૈતન્ય લક્ષણકા અંશકા ઉસમેં અભાવ હૈ. અંશ આતા હી નહીં ઉસમેં.

'**અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ...**' ઉસકી વ્યાખ્યા.

'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તમાન હોતા હુઆ પ્રતિભાસિત હોતા હૈ;...'

મુમુક્ષુ :- દેખાય છે ...ને.

ઉત્તર :- એને ભાસે છે અજ્ઞાનીને. એને ભાસે છે. આ હું કરું છું, હું કર્તા છું. અજ્ઞાનથી એને ભાસે છે કે આ હું આનો કર્તા છું. સમજમેં આયા? ગજબ ટીકા છે પહેલી. સમજે? યહાં તો યહ આયા થા.

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भाव सव्वे संजोगलक्खणा।।१०२।।

વ્યવહારરત્નત્રયકા વિકલ્પ ભી સંયોગલક્ષણ સંબંધ હૈ. આહા..હા..! બાહ્યભાવ હૈ, ભગવાન! વહ કુછ અંતરમેં અંતર ગાંગડો ભગવાન શુદ્ધ ઉસમેંસે નહીં ઉત્પન્ન હુઆ હૈ. યહ તો પરલક્ષી બહિર્ભાવ ઉત્પન્ન હુઆ હૈ. બહિર્ભાવ વહ કોઈ અંતરમેં સે ઉત્પન્ન નહીં હુઆ. વહ પર્યાયકા અંશમેં પરકે લક્ષસે ઉત્પન્ન હોતા હૈ. ઐસી ક્રિયાકે કાલમેં, ભગવાન! તેરી ઉદાસીન જ્ઞાનભવન ક્રિયા હોની ચાહિયે. તુમને દ્રવ્યસ્વભાવકા આશ્રય છોડ દિયા ઔર ઉદાસીન ક્રિયા ઉત્પન્ન હોને કા ત્યાગ કર દિયા ઔર ક્રોધાદિ વિકલ્પમેં એકાકાર હો ગયા. અજ્ઞાનભવન વ્યાપારમેં પ્રતિભાસિત હોતા હૈ, વહી મૈં પરિણમા ઐસા અજ્ઞાનીકો પ્રતિભાસિત હોતા હૈ. વહ કર્તા હોતા હૈ. સમજમેં આયા? બાકી વાત લાંબી છે. યહાં તો પછી ઓલા પરસ્પર અવગાહલક્ષણ સંબંધ. સમજમેં આયા! ઓહો..હો..! .. તો ભગવાન! શરીરકો સંયોગ કહનેમેં આતા હૈ, કર્મકો સંયોગ કહનેમેં આતા હૈ.

મુમુક્ષુ :- .. જળ જેવો સંબંધ, એ ગાથા આવે છેને ત્યાં.

ઉત્તર :- એ પણ સંબંધ જ છે એવો. વિકાર સાથે સંયોગ સંબંધ જ છે. સ્વભાવ સંબંધ નહિ નામ સંયોગ સંબંધ.

મુમુક્ષુ :- વિભાવ કહો કે સંયોગ કહો.

ઉત્તર :- સંયોગ કહો. સમજમેં આયા? ઉસકી પર્યાયમેં ઉત્પન્ન હોતે છતેં વહ પુણ્ય-પાપકા વિકાર સંયોગલક્ષણ સંબંધ હૈ. ઉસકા સ્વભાવ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..હી પડા હૈ. સંયોગલક્ષણ કહા ન? સંયોગ કહા ન? સંયોગ કહા ન? તો પર્યાયમેં તન્મય નહીં હૈ. સંયોગલક્ષણ હૈ, યહ સ્વભાવલક્ષણ હૈ. જ્ઞાનદર્શન લક્ષણ ભગવાન આત્મા વહ તન્મય-તાદાત્મ્યલક્ષણ સંબંધ હૈ. ઐસા એક સ્વરૂપકો અંતર ભગવાન આત્મા અપના જ્ઞાનદર્શનલક્ષણસે ગ્રહિત હોતે હૈં ઐસા હી સબ આત્મા હૈં. પરંતુ સબ આત્મા ગ્રહિત નહીં

હોતા. અનુભવમેં તો એક હી આત્માકી જાત અપની અપનેમેં આતી હૈ. સમજમેં આયા? સંભળાય છે? નહિતર અહીંયા આવો નજીક. કહો, સમજાય છે કાંઈ આમાં?

મુમુક્ષુ :- .. પરિવાર જેવુંને?

ઉત્તર :- પરિવાર જેવું. વળી શું? વળી અમારે ભાઈએ પ્રશ્ન કિયા કિ આ સંયોગલક્ષણ પુણ્ય-પાપના ભાવ આ પરિવાર જેવુંને? આ પરિવાર સંયોગ છે એવુંને? એવું જ. આ બાયડી, છોકરા છેને પરિવાર? એ સંયોગમાં છેને? એવો પુણ્ય-પાપનો ભાવ? એક જ ભાવ. યહ સબ સંયોગલક્ષણનો હારડો. હારડો એટલે સબ એક જાત હૈ. સમજમેં આયા? આહા..હા..! અરે! ભગવાન! તુને તેરી ચીજકી મહિમા કભી સુની નહીં. આહા..હા..! 'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે, આશા ઓરનકી ક્યા કીજે.' કુંડ ભરા હૈ ન પ્રભુ! અમૃતકા કુંડ તાદાત્મ્ય સંબંધે ત્રિકાલ ભગવાન! તેરા સ્વભાવ, અરે! ઉસકી આશ્રય દૃષ્ટિ છોડકર, વિકારમેં તન્મય હોકર અજ્ઞાનભવનક્રિયા ઉત્પન્ન કી, કર્તા ભાસા કિ મૈં ઉસકા કર્તા હૂં. સમજમેં આયા? વસ્તુસ્વરૂપમેં યહ હૈ નહીં. ભારે વાત ભાઈ!

કહતે હૈં કિ '**ક્યોંકિ પ્રદેશ સબકે ભિન્ન-ભિન્ન હૈં,...**' ભગવાન આત્મા સોલહવાનીકે સોના સમાન સર્વ જીવકા એક સ્વરૂપ હૈ તથા સોલહવાનીકે સોનું જેમ પાંચ લગડી ઐસી સો લગડી ભિન્ન-ભિન્ન હૈં. ઐસે અપને આત્માસે અનંત આત્મા દ્રવ્યસ્વભાવસે એક સમાન હોનેપર ભી સત્તા ઔર પ્રદેશસે સબ ભિન્ન હૈં. કોઈ એક માન લે તો ઉસકો વસ્તુકા ભાન હૈ નહીં. જ્ઞાનકી એક સમયકી પર્યાયમેં અનંત આત્મા ઔર અનંત છ દ્રવ્ય-ગુણોં આદિ પર્યાય જાનનેકી, જ્ઞેય કરનેકી તાકાતવાલી એક પર્યાય હૈ, ફિર ભી વહ પર્યાય પરરૂપ હોતી નહીં. સમજમેં આયા? આહા..હા..! 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી. જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી નિજરૂપા પરરૂપા ભાસી.' વહ બનારસીદાસમેં શ્લોક હૈ. 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, સ્વપર પ્રકાશક શક્તિ હમારી.' શક્તિ હમારી હૈ. સ્વ ઔર પરકો જાનનેકા અપના અસ્તિત્વ ઔર અપના લક્ષણ ઔર અપની શક્તિ હૈ. ઉસકો પરકા જાનના વહ પરસે જાનના હુઆ ઐસા નહીં હૈ. સમજમેં આયા? 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી, નિજશક્તિ દ્વિવિધા રે પ્રકાશી, નિજરૂપા પરરૂપા રે ભાસી.' અનંત ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવ સોલહવાન સોના જૈસા હૈ પરંતુ પરરૂપ ભાસા હૈ. વહ જ્ઞાનકી પર્યાયમેં પરરૂપ ભાસા હૈ. અપના સ્વરૂપ વહ પરરૂપ ભાસા હૈ. સમજમેં આયા?

'**ઉસી પ્રકાર યદ્યપિ કેવલજ્ઞાન દર્શન લક્ષણ સબ જીવ સમાન હૈં, તો ભી એક જીવકા ગ્રહણ કરનેસે સબકા ગ્રહણ નહીં હોતા.**' સબકા અનુભવ પર્યાયમેં આ જાયે તો એક હો જાયે ઐસા તીન કાલમેં હૈ નહીં. સમજમેં આયા? '**ક્યોંકિ પ્રદેશ સબકે ભિન્ન-**

**ભિન્ન હૈં, ઈસસે યહ નિશ્ચય હુઆ, કિ યદ્યપિ કેવલજ્ઞાન દર્શન લક્ષણસે સબ જીવ સમાન હૈ, તો ભી પ્રદેશ સબકે જુદે-જુદે હૈ, યહ તાત્પર્ય જાનના...'** સત્તા, સ્વરૂપ અસ્તિત્વ, પ્રત્યેકકે સ્વરૂપકા હોના ભી સબકા ભિન્ન-ભિન્ન હૈં. આહા..હા..! સમજમેં આયા?

**'આગે જાતિકે કથનસે સબ જીવોંકી એક જાતિ હૈ,...'** જાતિ શબ્દસે જૈસે યહ હીરેકી જાતિ, માણેક જાતિ ઐસે. જાતિ કોઈ ઐસા પદાર્થ નહીં કિ એકરૂપ હો જાયે. પાઠમેં હૈ દેખો, **'अथ शुद्धात्मनां जीवजातिरूपेणैकत्वं दर्शयति—'** યહ દ્રવ્ય સ્વભાવકા માહાત્મ્ય નહીં લિયા ન, ઉસકે લિયે વારંવાર કહતે હૈં. જિસકો દ્રવ્યસ્વભાવ ઓહો..હો..! ચૈતન્ય ચમત્કાર સૃષ્ટિકો નજરમેં નહીં આતા હૈ. ગુપ્ત ચમત્કાર. વહ ગુપ્ત ચમત્કાર. ગુપ્ત ચમત્કાર. પર્યાય એક અંશ હૈ પરંતુ સારા દ્રવ્ય ગુપ્ત ચમત્કાર. એક સમયમેં પૂર્ણ જ્ઞાનદર્શન આદિ અનંત સ્વભાવસે ઐસા એક ભગવાન ગુપ્ત ચમત્કારરૂપસે ભરા પડા આત્મા હૈ. એક સમયકી પર્યાયકો તુને ગૌણ કર દી તો સબકો ગૌણ કરકે દેખ. યહ ભી ભગવાન હૈ, પરમાત્મા હૈ. વહ પરમાત્મપ્રકાશ હૈ કિ નહીં? કારણપરમાત્મા. દેખો, આહા..હા..! સબ કારણપરમાત્મા અથવા સબ કારણજીવ. કારણજીવ ઉસકો કહતે હૈ, પૂર્ણ શુદ્ધ સ્વભાવ એકાકાર ઉસકો કારણજીવ કહતે હૈ. કારણપરમાત્મા ભી ઉસકો કહતે હૈ. કાર્યપરમાત્મા તો પર્યાય પ્રગટ હો જાયે તો વહ કાર્યપરમાત્મા, પર્યાય પરમાત્મા. કાર્ય એટલે પર્યાય પરમાત્મા, કાર્ય એટલે પર્યાય પરમાત્મા. યહ દ્રવ્યસે પરમાત્મા, વસ્તુસે પરમાત્મા. ઐસી બાત પરમાત્મપ્રકાશમેં યોગીન્દ્રદેવને બહુત બાર લી હૈ વહ ઈસ કારણસે. દ્રવ્ય પરમાત્મા, વહ પર્યાય પરમાત્મા. સમજમેં આયા? દેખો,

**૨૨૫) बंभहँ भुवणि वसंताहँ जे णवि भेउ करंति।**
**ते परमप्प-पयासयर जोइय विमलु मुणंति।।९९।।**

**'ઈસ લોકમેં...'** **'वसन्तः'** નામ **'રહનેવાલે જીવોંકા ભેદ નહીં કરતે હૈં,...'** ભગવાન અનંત આત્મા દ્રવ્યસે પરમાત્મસ્વરૂપ બિરાજમાન હૈં. ઉસમેં ભેદ નહીં કરતા દ્રવ્યદૃષ્ટિમેં. **'વે પરમાત્માકે પ્રકાશ કરનેવાલે...'** દેખો, વહ શબ્દ આયા. **'परमात्मप्रकाशकराः'** **'વે પરમાત્માકે પ્રકાશ કરનેવાલે યોગી,...'** યોગી નામ સ્વરૂપમેં જુડાન દૃષ્ટિ હુઈ ઉસકો યોગી કહતે હૈં, સમકિતીકો ભી યોગી કહતે હૈં. સમજમેં આયા? અનાદિ પુણ્ય ઔર પાપ કૃત્રિમ ક્ષણિક પર્યાયમેં એકત્વબુદ્ધિ હૈ વહ અયોગ હૈ ઔર સ્વભાવ પૂર્ણમેં દૃષ્ટિ લગાઈ, અપની વીર્ય પર્યાયકો વહાં જોડા ઉસકા નામ યોગી. યોગકો સાધનેવાલા યોગી, સ્વરૂપકો સાધનેવાલા યોગી. તો હે યોગી! ઓલા બાવા જોગીની વાત નથી હોં! અન્યમતિ બાવા-યોગી કહતે હૈ. ઓલા શબ્દ આવે ત્યાં ભડકે. મારા આપણે ક્યાંથી યોગી આવ્યા?

યોગ, વસ્તુ પૂર્ણ સ્વરૂપ એક સમયમેં ઉસકી દૃષ્ટિ ઔર જ્ઞાન ઉસમેં લગાયા વહી યોગ.

વહ યોગકો સાધનેવાલા યોગી. આહા..હા..! શબ્દમેં ક્યા ઝગડા કરના? દૂસરે યોગીકો ભાન ભી કહાં હૈ? યોગી મર જાયે બિચારે ક્રિયાકાંડ કર-કરકે. આત્મા ઈતના હૈ ઐસા અનંત આત્મા હૈ, ઐસા પરમાણુ અનંતગુના હૈ વહ ભી જડેશ્વર પૂરા હૈ. પરમાણુ ભી જડેશ્વર પૂરા હૈ. એક પરમાણુમેં જિતના જીવમેં અનંતાનંત ગુણ ઈતના એક પરમાણુમેં અનંતાનંતગુણ. ક્ષેત્ર પરમાણુ અને અનંતાનંત ગુણ, આકાશ સર્વવ્યાપક, દ્રવ્ય એક સર્વવ્યાપક, તો અનંતાનંત ગુણ જિતના ઈતના એક પરમાણુ અનંતાનંત ગુણ. એક કમીબેસી નહીં બિલકુલ. આહા..હા..! આ તે કાંઈ! ક્ષેત્રની વિશેષતા નથી એમ બતાના હૈ. આકાશ વહાં સર્વવ્યાપક. કહીં અંત નહીં. હૈ કહીં? બતાઓ. છેડો લાવો છેડો. પણ પીછે ક્યા? પીછે ક્યા? ક્ષેત્રકી અપારતાકી નાસ્તિક વિચાર કરે તો યહ ક્યા ચીજ હૈ? પીછે... પીછે... પીછે... અનંત યોજન, અનંતા યોજન, અનંતાકા અનંત વર્ગ કરકે, અનંત વર્ગકિ અનંતગુના. પીછે? પીછે ક્યા? પરંતુ યહ ક્યા હૈ? ભગવાન! કુદરતકા ક્ષેત્ર સ્વભાવ ભી અચિંત્ય ઔર અલૌકિક હૈ. તો એક ક્ષેત્ર સ્વભાવ જાનનેવાલા ભગવાન! ઉસકા સ્વભાવ અચિંત્ય ઔર અલૌકિક હૈ. ક્ષેત્રસે ન દેખે. ઈતના ક્ષેત્રમેં હૈ ઐસા ન દેખ. એક પરમાણુમેં ભી, જિતના આકાશમેં ગુણ હૈ એક સત્તા નામકા ગુણ સારા વ્યાપક આકાશમેં ઔર એક સત્તા નામકા ગુણ એક પરમાણુમેં વ્યાપક, સરખા. ક્ષેત્રમેં ફર્ક, ભાવકા સામર્થ્ય સરિખી સમજમેં આયા? કહો, જયંતિભાઈ! ક્યો ત્યાં હતી વાત?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા. આ ઓલા ઘણા હવે વાતું કરવા માંડ્યાં. જ્યાં અહીં વાત બહાર આવીને ૩૦ વર્ષથી. હવે કેટલાક કહે અધ્યાત્મ બસ વેદાંત અને અધ્યાત્મ. ઓહો..હો..! ગપેગપ સાંભળનારને ખબર ન મળે. બાપુ! એ નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર એવો આત્મા અને એવી પૂર્ણદશા જેને થઈ એમણે જાણ્યું, ઉસને કહા ઐસા હૈ. ઈસસે તીન કાલમેં દૂસરા હો સકતા નહીં. અધ્યાત્મકી બાતેં કરે કિ આત્મા ઐસા હૈ. આત્મા ઐસા હૈ. પરંતુ આત્મા.. માલુમ હૈ તુઝે? આત્મામેં અનંતાનંત ગુણ, એક એક ગુણમેં અનંતાનંત સામર્થ્ય, એક એક ગુણકી તીન કાલકી પર્યાય ઐસા એક આત્મા ઈતના હી ગુણ એક પરમાણુમેં. એક કમ યા અધિક બિલકુલ નહીં. ઈતના હી ગુણ આકાશમેં, ઈતના હી ગુણ ધર્માસ્તિમેં, ઈતના હી ગુણ અધર્માસ્તિમેં, ઈતના હી ગુણ એક કાળાણુંમેં. એક કાળાણું એક પ્રદેશ ઈતના હી ગુણ, ઈતની સંખ્યા. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સમજાય છે કાંઈ?

કહે છે કે હે **'યોગી, અપને નિર્મલ આત્માકો જાનતે હૈં. ઈસમેં સંદેહ નહીં.'** સમજમેં આયા? પરમાત્મપ્રકાશ કરનેવાલા યોગી. અપના સ્વભાવ-શક્તિમેં સે વ્યક્તતા દૃષ્ટિમેં કિયા, અનુભવમેં કિયા. એક અંશ ભી સમ્યક્ ચૈતન્યમેં સે નિકાલા વહ સર્વ આત્માકો પરમાત્મા દેખતે હૈ કહતે હૈ. સમજાય છે કાંઈ?

'ભાવાર્થ :- યદ્યપિ...' દેખો, પરમાત્મપ્રકાશ કહા. અબ '**પરમાત્માકે પ્રકાશ કરનેવાલે યોગી, અપને નિર્મળ આત્માકો જાનતે હૈં.**' ... બધા મારા જેવા જ છે. મૈરે જૈસા. સમજમેં આયા? અરે ભગવાન! અભવિકો તો કભી ભવ ઘટે નહીં એક અને યહાં તો એક ભવે મુક્તિ હોના ઔર જિસકો મુક્તિ હુઈ વહ સબ દ્રવ્ય સરિખે? એ કઈ દૃષ્ટિ સ્વીકારે? સમ્યક્‌પણે જિસકો એક ભવે મુક્તિ હોની હૈ, જિસકો મુક્તિ વર્તમાન હો ગયી હૈ, જિસકો એક ભવ ભી (કમ) કભી હોતા નહીં, અભવિકો એક ભવ કભી ઘટતે નહીં. તો દ્રવ્યસ્વભાવ સબ સમાન. ઉસમેં ફર્ક નહીં. ઈસે નિઃસંદેહ તું જાન. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નારાયણ ખબર છે મને. એને ભાન કે દિ' હતી? વાતું બધી નારાયણ. એ ભગત હતા અમારે. શું નામ કીધું? ... ભગત. આવતા હતા અપાસરે આવતા હતા. અપાસરે આવતા. નારાયણ ભગત. ઓલા નારાયણ, બધા નારાયણ છે. શું નારાયણ?

મુમુક્ષુ :- એ તો પર્યાયમાં નારાયણ કહેવાય. આ તો દ્રવ્યમાં...

ઉત્તર :- હવે પર્યાયમાં પણ ભાન ક્યાં છે એને? એને ભાન પણ ક્યાં છે? દ્રવ્ય શું અને પર્યાય શું? નારાયણ... નારાયણ... નારાયણ... શું પણ નારાયણ?

યહ તો પર્યાયમેં એક સમયકા વિકૃતભાવ, એક ક્ષણમેં કિસીકો રહનેવાલા હૈ ઔર કેવલજ્ઞાન પાયેગા, કિસીકો અનંતકાલ રહનેવાલા હૈ ઔર કભી કેવલજ્ઞાન નહીં પાયેગા. ઔર કિસીકો કેવલજ્ઞાન પાકર વર્તમાન અનંત પરમાત્મા બિરાજતે હૈ. સબ જીવ દ્રવ્યસ્વભાવસે સમાન હૈ. ઐસા અનંત-અનંત. ઐસી દૃષ્ટિ અપના સ્વભાવમેંસે વિકલ્પ ગૌણ કરકે વસ્તુકા સ્વભાવ પ્રતીત, ભાનમેં લિયા તો કહતે હૈ કિ સબ જીવ મૈં તો શુદ્ધ હી (દેખતા) હૂં. પર્યાયકા જ્ઞાન હૈ, વ્યવહારકા જ્ઞાન હૈ.

'**યદ્યપિ જીવ-રાશિકી અપેક્ષા જીવોંકી એકતા હૈ, તો ભી પ્રદેશભેદસે પ્રગટરૂપ સબ જુદે-જુદે હૈં.**' પ્રગટરૂપ સબ જુદે-જુદે હૈં. એક બ્રહ્મામેં સે સબ ઉત્પન્ન હુએ હૈં ઐસા નહીં. કહો, દેવચંદજી! એક બ્રહ્મમેં સે ઉત્પન્ન હુઆ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. અરે બ્રહ્મા વહ તો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક દ્રવ્યની વ્યાખ્યા. પછી રૂપક બનાવી દીધું. પદાર્થનો ઉત્પાદ તે બ્રહ્મા. સમજમેં આયા? વ્યય તે શંકર, ધ્રુવ તે વિષ્ણુ. વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. બ્રહ્મા-વિષ્ણુ દૂસરા કૌન થા? ભગવાન આત્મા ઔર પ્રત્યેક દ્રવ્ય સમય સમયમેં ઉત્પન્ન હોતા હૈ વહ બ્રહ્મા. વ્યય હોતા હૈ વહ શંકર, ધ્રુવ રહતા હૈ વહ વિષ્ણુ. એક-એક આત્મા ઐસા હૈ. હવે ત્યાં તે મેળવે ક્યાં?

બનારસીદાસે મેળવ્યું છે આ બધું ત્યાં. બનારસીવિલાસ હૈ ન એક પુસ્તક? બનારસીવિલાસ

પુસ્તક હૈ. સબમેં બહુત મિલાયા હૈ. યહ ચિઠ્ઠી આપણે બે કાઢી છેને હમણા? પરમાર્થ વચનિકા અને ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી. યે ઉસમેંસે નિકાલી થી. બહુત વર્ષ પહલે જબ દેખા થા. બહુત વર્ષ પહલે બનારસીવિલાસ. કહા, યહ ચિઠ્ઠી યહાં ગુપ્ત રહ ગયી. બડી ચિઠ્ઠી. બહુત ઘણા વર્ષ પહેલા. ૨૭-૨૮ વર્ષ પહલે યહાં દેખા થા. ૩૦ વર્ષ પહલે યહાં હીરાભાઈકા મકાનમેં. .. પરમાર્થવચનિકા ઐસી ગુપ્ત રહ ગયી. .. પાંચ-સાત-દસ હજાર છપવાઈ હૈ. આપણે મોક્ષમાર્ગપ્રકાશક છેને. કીધું, આવી ચીજ ગુપ્ત રહે? છપાય છે. લક્ષ્મી કેવી? આત્મલક્ષ્મી એમાં છપાય છે. ..ભાઈ તરફથી છપાવાની. કીધું, આ ગુપ્ત ચીજ આવી રહી. કોઈ દિ' ધ્યાન જ રાખ્યું નથી. કિતની ચીજ હૈ અંદરમેં! બનારસીવિલાસમેં હૈ. બનારસીદાસ બહુત મસ્ત અધ્યાત્મી હો ગયે. ભલે ગૃહસ્થાશ્રમ હો તો ક્યા, વહ તો પર્યાયકી મંદતા હૈ. મસ્ત થે વે પૂર્ણાનંદ પ્રભુ. અસંખ્યાત લોકપ્રમાણ વ્યવહાર મિથ્યાત્વભાવ ઉકત હૈ. આહા..હા..! રાડ નાખી જાય. એ સમયમાં એ શ્વેતાંબરમાં કોણ હતું? મેઘવિજય. મેઘવિજય હતા અને અહીં માર્યો કોરડો. બંધ અધિકારનો છેને એક શ્લોક? '**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं**' એમાંથી કાઢ્યું. આમાં છે કળશટીકામાં. 'જિતના મિથ્યાત્વ ભાવ ઈતના વ્યવહાર ભાવ કેવલી ઉકત હૈ.' હાય! હાય! સમજ તો ખરો! એય..! સમજમેં આયા? રાડ નાખી ગયા. મેઘવિજયને પુસ્તક બનાયા વિરૂદ્ધ. અરે! સુન તો સહી ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ચાલે સંસારમાં. એ છેને?

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलाऽप्यन्याश्रयस्त्याजितः।**
**स्म्यङ्निश्चयमेकमेव तदनी निष्कंपाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धन्ति सन्तो धृतिम्।।११-१७३।।**

ઉસકા અર્થ કિયા. 'અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ તેઈ વ્યવહારભાવ કેવળી ઉકત હૈ.' રાડ નાખી ગયો એ. અરરર! કઈ અપેક્ષાએ? ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ નિશ્ચયસે વ્યવહાર ભિન્ન હૈ. ભિન્નકો એકત્વ માનના જિતના મિથ્યાત્વ ઈતના વ્યવહાર.

असंख्यात लोक परवांन जे मिथ्यात्व भाव,
तेई विवहार भाव केवली-उकत हैं।
जिन्हकौ मिथ्यात्व गयौ सम्यक दरस भयो,
ते नियत-लीन विवहारसौ मुकत हैं।।

વ્યવહારસે મુક્ત હૈ સમ્યગ્દૃષ્ટિ. વ્યવહાર હૈ સહી, પરંતુ મુક્ત હૈ.

निरविकलप निरुपाधि आतम समाधि,
साधि जे सुगुन मोख पंथकौ ढुकत हैं।
तेई जीव परम दसामैं थिररूप ह्वैकै,
धरममैं धुके न करमसौं रुकत हैं।।३२।।

બહુત ગાથા આકરી લિખી હૈ. દિખાયા તુમકો. **'જો લોકાકાશકે પ્રદેશોંકે બરાબર મિથ્યાત્વભાવકે અધ્યવસાય હૈં વે વ્યવહારનયસે હૈં. જિસ જીવકો મિથ્યાત્વ નષ્ટ હોનેપર સમ્યગ્દર્શન પ્રગટ હોતા હૈ વહ વ્યવહાર છોડકર નિશ્ચયમેં લીન હોતા હૈ, વહ વિકલ્પ ઔર ઉપાધિરહિત આત્મ-અનુભવ ગ્રહણ કરકે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમેં લગતા હૈ ઔર વહી પરમધ્યાનમેં સ્થિર હોકર નિર્વાણ પ્રાપ્ત કરતા હૈ,...'** યહ .. શબ્દ ઉસકે સામને દેખો વ્યવહાર મિથ્યાત્વ? પર્યાયબુદ્ધિ છોડ દી. મિથ્યાદૃષ્ટિ હૈ ઐસા લે લિયા. વહ શ્લોક હૈ ૩૨ બંધ અધિકારમેં. બંધ અધિકારમેં ૩૨ શ્લોક હૈ. એ વ્યવહારનો અર્થ એ છે કે ભાઈ! કિ વિકલ્પ જિતના હૈ ઉતના નિર્વિકલ્પ વસ્તુસે ભિન્ન હૈ. નિર્વિકલ્પ ચિદાનંદ પ્રભુ જહાં દૃષ્ટિમેં આયા તો નિર્વિકલ્પ વસ્તુ નિશ્ચય હુઈ તો પર્યાયસે નિશ્ચય હુઆ. તબ વહ વિકલ્પ આદિ વ્યવહાર વહ દો ભિન્ન હો ગયા. નિશ્ચયમેં વ્યવહાર નહીં, વ્યવહારમેં નિશ્ચય નહીં. દો ભિન્ન દ્રવ્ય હો ગયા. જૈસે દ્રવ્ય ભિન્ન હૈ ઐસા દો ભાવ ભિન્ન હો ગયા. જૈસે દ્રવ્ય ભિન્ન હૈ વૈસે દો ભાવ ભિન્ન હો ગયા. નિશ્ચયમેં લીન વ્યવહારસે મુક્ત હૈ. હો વ્યવહાર, પરંતુ સ્વભાવ નિશ્ચયસે વ્યવહાર મુક્ત હૈ. ઉસ વ્યવહારકો એકત્વ માનતે હૈ ઈતના પ્રકારકા સબ મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? દેવચંદજી! બહુ કઠણ પડે હોં તમારે સાંભળવું ત્યાં. હવે ઓલાએ લખ્યું છે કે નહિ? અહીં આવો તો આમ કહેશું. અરે ભગવાન! ભગવાન! સુન તો સહી પ્રભુ! તેં સાંભળી નથી વાત ભાઈ! આહા..હા..! કોઈ આવે તો અહીં કરશું અમે. પ્રશ્ન કરશું. અરે ભગવાન! હજી આવ્યા પહેલા નકાર ક્યાં કરે છે તું? એ આત્મલીલા છેને એક પર્યાયની. પર્યાયલીલા. સમજમેં આયા?

ક્યા કહતે હૈ? દેખો, **'યદ્યપિ જીવ-રાશિકી અપેક્ષા જીવોંકી એકતા હૈ તો ભી પ્રદેશભેદસે પ્રગટરૂપ સબ જુદે-જુદે હૈં.'** દેખો, ઐસી સ્વભાવકી દૃષ્ટિ હુઈ તો સ્વભાવસે એકત્વ હૈ ઐસી ઔર વ્યવહારસે (વિભક્ત હૈ). વહ ભી પરવસ્તુ હો ગયી. અરે! ખરેખર તો પરદ્રવ્ય હી કહા હૈ ઉસકો. ગાથા બતાયી થી ન વહ પરદ્રવ્ય. ૫૦ ગાથા. નિયમસારની ૫૦ ગાથા.

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्च हवे अप्पा।।५०।।

એક હી તત્ત્વ હૈ અપના. વહ વિકલ્પ આદિ ક્ષાયિકભાવ આદિ સબ પરદ્રવ્ય. રાડ નાખી

જાય ઓલા હોં. કોઈ દિ' સાંભળ્યું નથીને. ભગવાન! સાંભળને બાપા! આમ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એ તો એક સમયકી પર્યાય હૈ. આ તો પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... જિસમેં અનંત... અનંત... અનંત... કેવલજ્ઞાન નિકલા કરે. ક્યા કેવલજ્ઞાનમેં સે કેવલજ્ઞાન નિકલતા હૈ? ક્યા ક્ષાયિકભાવમેં સે ક્ષાયિક ભાવ ઉત્પન્ન હોતા હૈ?

ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ વહી સ્વદ્રવ્ય અપના. પર્યાય, વિકલ્પ, પરદ્રવ્ય. એ તો રાડ નાખી જાય પણ આમ. ભગવાન! જૈસે પરદ્રવ્યમેં સે અપની નિર્મલ પર્યાય નયી ઉત્પન્ન નહીં હોતી, ઐસે પર્યાયમેં સે પર્યાય ઉત્પન્ન નહીં હોતી, તો વહ ભી આશ્રય કરનેલાયક નહીં હુઆ, તો પરદ્રવ્ય જૈસે આશ્રય કરનેલાયક નહીં ઐસી અપની પર્યાય આશ્રય કરનેલાયક નહીં. તો ઉસ અપેક્ષાસે પરદ્રવ્ય કહા હૈ. સમજમેં આયા? સ્વભાવસે, ત્રિકાલ સ્વભાવ જિતના નહીં. એક સમયકી પર્યાય હૈ ઉસ અપેક્ષાસે ઉસકો પરદ્રવ્યમેં ડાલા. રાડ નાખી જાય. ભગવાન! તેરી એક સમયકી પર્યાય અને ત્રિકાલ અનંતગુણકા એક પિંડ પ્રભુ! કિતના અંતર હૈ ઉસમેં! આહા..હા..! જિસમે તો કેવલજ્ઞાન સાદિ-અનંત, સાદિ-અનંત અનંત અનાદિ સાંતકાલસે સાદિ અનંતકાલ અનંતગુના હૈ. અનાદિ સાંત જિતના સમય હૈ ઐસે સાદિ અનંત સમય અનંતગુના હૈ. અનંતગુના સમય, એ એક સમય, અનંત સમય, દૂસરે એક સમય, અનંત સમય, તીસરે એક સમય, અનંત સમય. ઐસા અનાદિ સાંત જિતના સમય ઈસસે અનંતગુના સમય ભવિષ્યકા હૈ. તો ઈતના ભવિષ્યકા અનંત સમયમેં કેવલજ્ઞાન, કેવલદર્શન સમય સમયમેં પ્રગટ પ્રવાહ ચલા હી જાતા હૈ અંદરમેં સે. હવે એક પર્યાયકી કિતની કિંમત! સમજમેં આયા? ઐસા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જાતિ અપેક્ષાસે સબકો જ્ઞાની એક દેખતે હૈ. એમ કહતે હૈં દેખો! પ્રદેશ ભેદ હૈ હોં! પ્રદેશ સબકા એક નહીં.

**'જૈસે વૃક્ષ જાતિકર વૃક્ષોંકા એકપના હૈ,...'** છેને? **'જૈસે વૃક્ષ જાતિકર વૃક્ષોંકા એકપના હૈ,...'** જાતિ. જાતિ એટલે કોઈ જાતિ દૂસરા પદાર્થ નહીં. વૃક્ષ જાતિ, ફૂલ જાતિ, ફૂલના ઝાડની જાતિ, આ હીરાની જાતિ, આ પત્થરની જાતિ એમ. **'જૈસે વૃક્ષ જાતિકર વૃક્ષોંકા એકપના હૈ, તો ભી સબ વૃક્ષ જુદે-જુદે હૈં,...'** વૃક્ષ સબ એક હો જાતે નહીં. **'ઔર પહાડ જાતિસે સબ પહાડોંકા એકત્વ હૈ,...'** સમ્મેદશિખર ભી પહાડ, ગિરનાર ભી પહાડ, નાના-મોટા સબ પહાડ. પહાડ તો પહાડ હૈ ન. **'તો ભી સબ જુદે-જુદે હૈં,...'** પહાડ સબ એક હો જાતે નહીં. **'તથા રત્ન-જાતિસે રત્નોંકા એકત્વ હૈ,...'** કરોડો-અબજ રત્ન પડા હૈ. એક જાતના રત્ન લાખ... લાખ... લાખકી કિંમતકા એક-એક. આ લાખ... આ લાખ... આ લાખ રૂપિયાની કિંમત. **'પરંતુ રત્ન પૃથક્ પૃથક્ હૈં, ઘટ-જાતિકી અપેક્ષા સબ ઘટોંકા એકપના હૈ,...'**

મુમુક્ષુ :- ઘણા દાખલા આપ્યા.

ઉત્તર :- પણ દાખલા આપીને... ઓલા પાછા એક માની લે છેને વેદાંતની જેમ. અહીંયા આત્માની જ્યાં વાત કરી તો બધા એવા છે એટલે બધા એક જાત. એટલે એક સરખા છે. સરખા છે એટલે એકરૂપ છે. સરખાનો અર્થ એકરૂપ એટલે એક ભેગારૂપ એમ નથી. જેવું એનું રૂપ એવું એનું રૂપ, ઉસકા રૂપ. બસ. **'ઘટ-જાતિકી અપેક્ષા સબ ઘટોંકા એકપના હૈ, પરંતુ સબ જુદે-જુદે હૈં...'** વળી દાખલો. **'ઔર પુરુષ-જાતિકર સબકી એકતા હૈ,...'** કેટલા દૃષ્ટાંત આપ્યા જુઓ. સમજમેં આયા? વૃક્ષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વહ પીછે આયેગા. આવરણકા અર્થ કિ ઉસકે આશ્રયસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. ક્ષાયિકભાવ સમકિત હૈ ન તો ઉસકા લક્ષ કરતે હૈં તો વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. ઉસકે આશ્રયસે નિર્વિકલ્પતા ઉત્પન્ન હોતી નહીં. તો આવરણ કહ દિયા. વહ તો અપેક્ષાસે. એક અપેક્ષાએ દરેક પર્યાય પરિણામિકભાવ હૈ. સુનો. ઉદય ભી પારિણામિકભાવ હૈ અને એક અપેક્ષાએ ચાર પંચાસ્તિકાયમેં લિયા કિ ચાર ભાવ કર્મ બિના નહીં હોતા. હૈ ન? ચાર ભાવ. પંચાસ્તિકાય. એ કઈ અપેક્ષાસે હૈ વહ સમજના ચાહિયે. ૫૮ હૈ ન. **'विणा'** છેને ભાઈ! જુઓ આવ્યું.

**कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा।**
**खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं।।५८।।**

ચાર ભાવ કર્મકિ બિના નહીં હોતા માટે ચારકો કર્મકૃત કહતે હૈં. કઈ અપેક્ષા કહતે હૈ? સમજમેં આયા? કિ એકલા પરમસ્વભાવમેં નિમિત્તકી અપેક્ષા નહીં. ઉદયમેં નિમિત્તકી, ઉપશમ, ક્ષયોપશમમેં નિમિત્તકા અભાવકે. ઈતની અપેક્ષા ગણીને...

**कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा।**
**खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं।।५८।।**

પછી પ્રશ્ન ઉઠાવ્યો.

**भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता।**

જ્યારે કર્મકૃત ભાવ છે આભાસ, તો આત્મા પોતાના કર્મનો કર્તા શી રીતે છે?

**ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं।।५९।।**

મહારાજ! આપ તો કહતે થે ન કિ આત્મા અપના ભાવ સિવાય પરકા તો કર્તા હૈ નહીં. તો કર્મ બિના ચાર ભાવ નહીં તો ભાવકા કર્તા કૌન હો ગયા? યહ તો કર્મ હો ગયા. નહીં. નહીં. ભગવાન! કિસ અપેક્ષાસે કહા હૈ? વહ અકેલા સ્વભાવભાવ જિસમેં નિમિત્તકા સદ્ભાવ,

નિમિત્તકા અભાવકી અપેક્ષા નહીં લગતી ઉસકો અકેલા ભાવ કહતે હૈ. ઉસમેં જરી અપેક્ષા લગતી હૈ ન અપેક્ષા? એને ને એને જ્યારે જયધવલમાં લિયા તો ઉદયભાવ પરિણામિક કહ દિયા. છેને. આપણે ચર્ચા થઈ ગઈ. અભેદ વિકાર. અભેદ વિકાર અભેદ હોતા હૈ. અપને કારણસે નહીં.

कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं।
जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण।।६२।।

અભેદ ષટ્કારક નામ પરકી અપેક્ષા વિકાર કરનેમેં જીવ ષટ્કારરૂપે વિકાર પરિણમતા હૈ, પરકી અપેક્ષા નિરપેક્ષ હૈ. પાઠ હૈ પાઠ. ઉસમેં પાઠ. વહ તો બરાબર હૈ. જહાં જો અપેક્ષા હૈ વહાં ઉસે સમજના ચાહિયે. સાવરણ કહા જુઓ ભગવાન. આહા..હા..! ચારકો વિભાવ કહા, કર્મ વિના નહીં કહા, એકકોર ચાર ભાવકો સાવરણ સંયુક્ત કહા. સાવરણકા અર્થ? નિમિત્તકી સાપેક્ષતા આતી હૈ ઔર જિસકે લક્ષસે વિકલ્પ ઉત્પન્ન હોતે હૈં ઉસકા નામ સાવરણ.. ભગવાન પરમાનંદ પૂર્ણ સ્વભાવ ઉસકે લક્ષસે વિકલ્પ ઉત્પન્ન નહીં હોતા વહ ત્રિકાલ નિરાવરણ. સમજમેં આયા? આહા..હા..! આ તે કાંઈ વાત છે! પરમેશ્વર સિવાય ત્રણ કાળ, ત્રણ લોકમાં ક્યાંય હોય નહિ. સર્વજ્ઞ જૈન પરમેશ્વર. જૈન પરમેશ્વર ઉસકી દૃષ્ટિમેં આ જાતા હૈ કિ જૈનપરમેશ્વર ક્યા કહતે હૈ? સબ ઉસકા ખ્યાલમેં આ જાતા હૈ. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' સમ્યક્ ભાન હોતે સારા આગમમેં ક્યા કહા, કહાં કહા? 'સબ ભેદ ઉર વસે' હૃદયમેં બસ જાતા હૈ. આવ્યુંને ભાઈ નહિ ૮૬મી ગાથામાં. પ્રવચનસાર નહિ? હાર્દવ. ૮૬મી ગાથામેં હૈ ન? વહ કલ કહા થા ન ભાવલક્ષ. ભાવ.

મુમુક્ષુ :- ભાવજ્ઞાનથી અભ્યાસ.

ઉત્તર :- હા, ભાવજ્ઞાનકે લક્ષસે અભ્યાસ કરના. એ જ્ઞેયની અધિકારની પહેલી ગાથા જુદી હતી. આ આવે છેને ભાઈ! '**સહૃદયજનોંકે હૃદયકો આનંદકા ઉદ્ભેદ દેનેવાલે...**' સહૃદય. છેને? સામાના ભાવને લાગણી... '**શાસ્ત્રમેં જિસ સમય જિસ ભાવકા પ્રસંગ હો ઉસ ભાવકો હૃદયમેં ગ્રહણ કરનેવાલા...**' સહૃદયની વ્યાખ્યા હૈ. શાસ્ત્રમાં જિસ સમય જિસ ભાવકા પ્રસંગ હો ઉસ ભાવકો હૃદયમેં ગ્રહણ કરનેવાલે બુધ-પંડિત ઉસકો સહૃદય કહનેમેં આયા હૈ. ટીકામેં હૈ હોં! અમૃતચંદ્રાચાર્ય. ઔર ઉસ ધર્માત્માને '**ભાવજ્ઞાનકે અવલંબન દ્વારા દૃઢ કિયે ગયે પરિણામસે...**' શાસ્ત્ર અભ્યાસ ઐસે કરના ભગવાન! એમ કહતે હૈ. '**ભાવજ્ઞાનકે અવલંબન દ્વારા...**' સમજમેં આયા? પાઠ હૈ. '**भावज्ञानावष्टम्भदृढीकृतपरिणामेन सम्यगधीयमानमुपायान्तरम्**' તો ભાવજ્ઞાન ચૈતન્યકા લક્ષ કરકે દ્રવ્યશ્રુતકા અભ્યાસ કરના. આહા..હા..! એ વિના, શાસ્ત્ર ક્યા કહતે હૈ અને શાસ્ત્રમાં કઈ અપેક્ષા પડી હૈ? એ વિના નહિ

જણાય ભગવાન! સબ ખુલ જાયે કબાટ. એ અંતરકા કપાટ ખૂલા તો સબ કપાટ જહાં જહાં જૈસી બાત હૈ. સહૃદય પડા હૈ શબ્દમેં. સમજમેં આયા?

યહાં કહતે હૈ કિ ભગવાન આત્મા એક કહનેમેં કુછ એક હો જાતા નહીં. **'પુરુષ-જાતિકર સબકી એકતા હૈ, પરંતુ સબ અલગ અલગ હૈં. ઉસી પ્રકાર જીવ-જાતિકી અપેક્ષાસે સબ જીવોંકા એકપના હૈ, તો ભી પ્રદેશોંકે ભેદસે સબ હી જીવ જુદે જુદે હૈં.'** હવે એ ઉપર કોઈ શંકા કરશે વેદાંતી. ભાવ હોય તો એ એકના અનેક દેખાય છે. એવી શંકા કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૭, રવિવાર, તા. ૦૬-૦૬-૧૯૬૫**
**ગાથા-૯૯-૧૦૦, ૧૦૧, પ્રવચન-૧૪૧**

૯૯વીં ગાથા ચલતી હૈ. પરમાત્મપ્રકાશ. યહાં આયા દેખો. **'પ્રદેશોંકે ભેદસે સબ હી જીવ જુદે-જુદે હૈં.'** વહાં તક આયા હૈ. ઈસ ગાથામેં ક્યા કહના હૈ કિ સબ જીવકી જાતિ એક હૈ. સમજમેં આયા? સંખ્યા ભિન્ન-ભિન્ન હૈ. ફિર ભી જીવ એક જૈસા અનંત અભવિ હો, ભવિ હો, અનંત સંસારપર્યાયમેં હો, મુક્ત પર્યાય હો. વસ્તુ તરીકે આત્માની જાત એક છે. ઐસી દૃષ્ટિ કરના ઉસમેં જૈનશાસનકા સાર સમા જાતા હૈ. તો કહતે હૈં **'જાતિકી અપેક્ષાસે સબ જીવોંકા એકપના હૈ, તો ભી પ્રદેશોંકે ભેદસે સબ હી જીવ જુદે-જુદે હૈં. ઈસ પર કોઈ પરવાદી પ્રશ્ન કરતા હૈ...'** પરવાદી-અન્યવાદી. **'જૈસે એક હી ચન્દ્રમા જલકે ભરે બહુત ઘડોંમેં જુદા જુદા ભાસતા હૈ,...'** જ્યારે આચાર્યે એમ કહ્યું કે સબ જીવની જાત એક, પ્રદેશ ભિન્ન. તો દૂસરેને પ્રશ્ન કિયા કિ ના, સબ જીવ હી એક હૈ. એક જીવ હી સર્વવ્યાપક હૈ. કૈસે? દૃષ્ટાંત દેતે હૈ. **'જૈસે એક હી ચન્દ્રમા જલકે ભરે બહુત ઘડોંમેં...'** સેંકડો હજારોં **'જુદા જુદા ભાસતા હૈ,...'** દેખો નીચે.

**'ઉસી પ્રકાર એક હી જીવ બહુત શરીરોં મેં ભિન્ન-ભિન્ન ભાસ રહા હૈ.'** એક જીવ બ્રહ્મ છે એ બધામાં વ્યાપી રહ્યો છે. **'ઉસકા શ્રીગુરુ સમાધાન કરતે હૈં—'** એમ નથી. ઐસા હૈ નહીં. **'જો બહુત જલકે ઘડોંમેં ચન્દ્રમાકી કિરણોંકી ઉપાધિસે...'** ઉપાધિ અર્થાત્ નિમિત્ત. **'જલ-જાતિકે પુદ્‌ગલ હી ચન્દ્રમાકે આકારકે પરિણત હો ગયે હૈં,...'** ચંદ્રમાકી કિરણોં તો નિમિત્ત હૈ. નીચે કહેંગે. ઉપાધિ હૈ, કૌંસમેં નિમિત્ત હૈ. દેવદત્તકે દૃષ્ટાંતમેં.

**'જો બહુત જલકે ઘડોંમેં ચન્દ્રમાકી કિરણોંકી ઉપાધિસે જલ-જાતિકે પુદ્‌ગલ હી ચન્દ્રમાકે આકારકે પરિણત હો ગયે હૈં,...'** એ ચંદ્રમા નથી ત્યાં. જલમેં ચંદ્ર નહીં હૈ. ચંદ્ર તો વહાં હૈ. ઔર જલકા પુદ્‌ગલ ચંદ્રમાકે આકાર(રૂપ) અપનેમેં પરિણમન હો ગયા હૈ.

**'લેકિન આકાશમેં સ્થિત ચન્દ્રમા તો એક હી હૈ, ચંન્દ્રમા તો બહુત સ્વરૂપ નહીં હો ગયા.'** ચંદ્ર કાંઈ બધા સ્વરૂપે થયો નથી. હજાર ઘડા હોય, હજાર ઘડા, લાખ ઘડા પાનીકા. **'લેકિન આકાશમેં સ્થિત ચન્દ્રમા તો એક હી હૈ, ચંન્દ્રમા તો બહુત સ્વરૂપ નહીં હો ગયા. ઉનકા દષ્ટાંત દેતે હૈં. જૈસે કોઈ દેવદત્તનામા પુરુષ...'** પાછા એનું દષ્ટાંત. કાચનું મંદિર હોય ભવન એમાં એક દેવદત્ત પુરુષ ઉભો હોય. દેવદત્ત પુરુષ. **'ઉસકે મુખકી ઉપાધિ (નિમિત્ત) સે...'** દેખો, વહાં ઉપાધિકા અર્થ નિમિત્ત લિયા હૈ. **'ઉસકે મુખકી ઉપાધિ (નિમિત્ત) સે અનેક પ્રકારકે દર્પણોંસે શોભાયમાન કાચકા મહલ ઉસમેં વે કાચરૂપ પુદ્‌ગલ હી અનેક મુખકે આકારકે પરિણત હુએ હૈં,...'** વહ કોઈ દેવદત્તકા મુખ વહાં નહીં આયા. દેવદત્તકા મુખ તો યહાં જીવ હૈ, ચેતન હૈ. વહાં આયા હો તો સબ ચેતન હો જાયે સારા. હજાર કાચનું હોયને કાચનું ભવન. **'કુછ દેવદત્તકા મુખ અનેકરૂપ નહીં પરિણત હુઆ હૈ, મુખ એક હી હૈ.'** મુખ તો એક જ છે અહીંયા ચેતન. એ તો ત્યાં પુદ્‌ગલ કાચના પર્યાય એ રૂપે અપને કારણસે પરિણમન ઉપાદાનસે હુઆ હૈ.

**'કુછ દેવદત્તકા મુખ અનેકરૂપ નહીં પરિણત હુઆ હૈ, મુખ એક હી હૈ. જો કદાચિત્ દેવદત્તકા મુખ અનેકરૂપ પરિણમન કરે, તો દર્પણમેં તિષ્ઠતે હુએ મુખોંકે પ્રતિબિંબ ચેતન હો જાવેં.'** અહીં ચેતન છે એવું ત્યાં ચેતન હો જાયે. **'પરંતુ ચેતન નહીં હોતે, જડ હી રહતે હૈં, ઉસી પ્રકાર એક ચન્દ્રમા ભી અનેકરૂપ નહીં પરિણમતા. વે જલરૂપ પુદ્‌ગલ હી ચન્દ્રમાકે આકારમેં પરિણત હો જાતે હૈં.'** ઉસ સમયકી પર્યાય પુદ્‌ગલમેં ઐસી પરિણત હોનેસે દિખતી હૈ કિ જૈસે ચંદ્ર હૈ, વહ તો પુદ્‌ગલ ઉસરૂપ પરિણમા હૈ. સમજમેં આયા? **'વે જલરૂપ પુદ્‌ગલ હી ચંદ્રમા કે આકારમેં પરિણત હો જાતે હૈં. ઈસલિયે ઐસા નિશ્ચય સમજના, કિ જો કોઈ ઐસા કહતે હૈં કિ એક હી બ્રહ્મકે નાનારૂપ દિખતે હૈં. યહ કહના ઠીક નહીં હૈ.' 'यश्चन्द्रवन्नानारूपेण भविष्यति इत्यभिप्रायः न चैको ब्रह्मनामा' 'જીવ જુદે-જુદે હૈં.'** વેદાંત કહતે હૈ ન સબ આત્મા એક. દ્રવ્યકી અપેક્ષા લિયા યહાં. સબ દ્રવ્ય એક હી હૈ ઐસા હૈ નહીં. સબ સબ દ્રવ્ય ભિન્ન, અખંડ પરિપૂર્ણ દ્રવ્ય ભિન્ન હૈ. કોઈ આત્મા કોઈરૂપ કભી હુઆ નહીં. અનંત એક જાત છતાં સંખ્યામેં એક હુઆ નહીં.

**'આગે ઐસા કહતે હૈં, કિ સબ હી જીવ દ્રવ્ય સે તો જુદે-જુદે હૈં, પરંતુ જાતિસે**

**એક હૈં ઔર ગુણોંકર સમાન હૈં, ઐસી ધારણા કરના મુક્તિકા કારણ હૈ—'** ઓહો..હો..! 'जो पस्सदि अप्पाणं' આવે છેને ભાઈ! **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयंविसेसं। अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं।।' 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं। अविसेसमसंजुत्तं...'** ક્યા આયા? .. ઐસા પાંચ બોલ આયે હૈ ન? ઐસે આત્માકો દેખતે હૈં. ઉસકા અર્થ સત્તા તો અસ્તિરૂપ હૈ, પરંતુ પરસે ઐસે ભિન્ન દેખે વહી જૈનશાસનકા સાર દેખતે હૈ. અપદેશનો અર્થ આણે એવો કર્યો છે હોં. ઓલા ૯૯મી ગાથામાં છેને એ. આમાં પહેલા ભાગમાં. પહેલા ભાગમાં ૯૯ છે. એવો અર્થ કર્યો છે. ૯૯ છે ૯૯. ૯૯ છેને ૯૯. પહેલા ભાગમાં ૯૯ હોં. પહેલા ભાગકી ૯૯ ગાથા. નીચે છે છઠ્ઠી લીટી.

**'શ્રી કુંદકુંદાચાર્યને કિયા હૈ' 'जो पस्सइ'** 'ઇત્યાદિ—**ઇસકા અર્થ યહ હૈ, કિ જો નિકટ-સંસારી જીવ સ્વસંવેદન જ્ઞાનકર અપને આત્માકો અનુભવતા, સમ્યગ્દષ્ટિપનેસે અપનેકો દેખતા હૈ, વહ સબ જૈનશાસનકો દેખતા હૈ, ઐસા જિનસૂત્રમેં કહા હૈ.'** યહ અપદેશકા અર્થ કિયા. જૈનસિદ્ધાંત દ્રવ્યસૂત્રમેં વહી કહા હૈ કિ તેરા આત્મા રાગ અને વિકલ્પસે ભિન્ન હૈ. ફેર હૈ?

મુમુક્ષુ :- ૧૦૪.

ઉત્તર :- ઠીક યહ ફેર હૈ. ૯૯ ગાથા હૈ. **'जो पस्सइ'** મૂલ પાઠમેં-શ્લોકમેં હૈ.

**'ઇસકા અર્થ યહ હૈ, કિ જો નિકટ-સંસારી જીવ સ્વસંવેદન જ્ઞાનકર...'** અપને જ્ઞાન દ્વારા **'અપને આત્માકો અનુભવતા,...'** હૈ. મૈં શુદ્ધ આનંદ, પરસે ભિન્ન, બદ્ધસ્પૃષ્ટસે રહિત, બદ્ધસ્પૃષ્ટસે રહિત અબદ્ધસ્પૃષ્ટ હૂં. પરકા સંયોગ સંબંધસે રહિત. લો દેખો. ઔર નિયત, નિશ્ચય હૂં, સામાન્ય હૂં. અવિશેષ અર્થાત્ વિશેષ નહીં અર્થાત્ સામાન્ય. અસંયુક્ત હૂં. ઐસા આત્માકો અંતરમેં એકરૂપ અનુભવ કરતા હૈ વહ સબ જૈનશાસનકો દેખતા હૈ. સારા જૈનશાસન દેખા. વલ્લભદાસભાઈ! દેખો.

**'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयंविसेसं।' 'ઐસા જિનસૂત્રમેં...' 'अपदेस'** અર્થાત્ દ્રવ્યસૂત્રમેં કહા ઐસા ભાવ. દ્રવ્યસૂત્ર વાચક હૈ, યહ વાચ્ય હૈ. અપના સ્વરૂપ પુણ્ય-પાપકા વિકલ્પ, શરીરકા કર્મ આદિ બંધસે રહિત હૈ. યહાં નાસ્તિસે કહા. રહિત અવિશેષ સામાન્યસ્વરૂપ, નિશ્ચયસ્વરૂપ એકરૂપ અનંતગુણકા પૂંજરૂપ વીતરાગસ્વભાવભાવ ઐસા જો દૃષ્ટિસે, જ્ઞાન-વેદનસે અપનેકો અનુભવતા હૈ વહ સારા જૈનશાસનકા સાર દેખા. વીતરાગતા, જૈનશાસનકા સાર વીતરાગતા. દૂસરા ક્યા હૈ? તો વીતરાગતા કા અર્થ? નિમિત્ત, ભેદ, સંયોગ, રાગ વિકલ્પ, એક સમયકી પર્યાય, વહ સબકા લક્ષ છોડકરકે અખંડ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરના ઔર સ્વસંવેદનસે આત્માકા અનુભવ કરના વહ વીતરાગ પર્યાયરૂપ ભાવશ્રુતજ્ઞાન વહ જૈનશાસનકા સાર હૈ.

આહા..હા..! રાગાદિ કરના યા રાગાદિમેં રુકના વહ જૈનશાસન નહીં. હો, ભૂમિકા પ્રમાણે. પરંતુ વહ જાનને લાયક હૈ. વહ સાર નહીં. સાર તો ભગવાન આત્મા મહાન, ગુણસે પૂર્ણ સ્વભાવ અખંડ જિસકા જ્ઞાન સામર્થ્ય અખંડ, આનંદ સામર્થ્ય અખંડ. ક્યોં? કિ એક જીવદ્રવ્ય હૈ, એક વસ્તુ હૈ તો ઉસકા ગુણ ભી એકરૂપ નામ અખંડ એકરૂપ અંદર હૈ. ઐસા પરસે બહ્દ્દસ્પૃષ્ટસે રહિત, સંયોગસે રહિત, વિશેષસે રહિત સામાન્ય સ્વરૂપ, અનિયતસે રહિત નિશ્ચયસ્વરૂપ, અસંયુક્ત નામ વિકારસે સહિતપનાસે રહિત અપના શુદ્ધ સ્વભાવ. ચાર બોલ લીધા છેને ભાઈ એમાં એ? ચાર વ્યાખ્યાન. એ ચારેય બોલ પૂર્વાચાર્યોએ માન રાખ્યા છે. ૧૦૦મી ગાથામાં છેલ્લું છેને **'ચારોં તરહકા વ્યાખ્યાન જાનના ચાહિયે, ક્યોંકિ યહી વ્યાખ્યાન બડે-બડે આચાર્યોંને માના હૈ.'** આત્માને જાણે એ સર્વ જાણે, શ્રુતજ્ઞાનસે સબ જાના, શ્રુતજ્ઞાનમેં સર્વવ્યાપક, સર્વવ્યાપ્ત દશા આત્માકી આ ગયી. ઉસ અપેક્ષાસે લોકાલોકમેં વ્યાપતા હૈ ઐસા ભી કહનેમેં આતા હૈ. ઐસા ચાર અર્થ આ ગયા હૈ.

મુમુક્ષુ :- યહ વ્યાખ્યાન બડે બડે આચાર્યોંને...

ઉત્તર :- **'આચાર્યોંને માના હૈ.'** હા છેને. જુઓ, ચાર બોલ હૈ ન ચાર બોલ દેખો. ચાર બોલ હૈ દેખો. ૧૦૦. **'આત્માકે જાનનેસે સબકા જાનપના સફલ હોતા હૈ, ઈસ કારણ જિન્હોંને અપની આત્મા જાની ઉન્હોંને સબકો જાના.'** હા એ. એકડો છેને એ? એ એક બોલ. તે દિ' લિયા થા આપણે ચાર બોલ. જુઓ ફરીને લઈએ. એ શ્લોક જ લઈએને ૯૯ જુઓ. એ ૯૯ હૈ ન પહલે? પહલેકી ૯૯ દેખો. પહેલા અધ્યાયની ૯૯ ગાથા. ભાવાર્થ દેખો.

**'વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનસે શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.'** એક બોલ. ક્યા કહતે હૈ? યહ આત્મા. યહાં જો કહતે હૈ વહી સર્વગુણ સંપન્ન ભગવાન આત્મા વીતરાગ નામ રાગ-વિકલ્પરહિત, નિર્વિકલ્પ નામ અભેદ સ્વસંવેદનજ્ઞાન. જ્ઞાનસે જ્ઞાનકો સ્વ-અભિમુખ હોકર, સ્વ-અભિમુખ હોકર જ્ઞાનસે સ્વરૂપસે, સ્વરૂપકો સ્વરૂપસે, જ્ઞાનકો જ્ઞાનસે જાનકર **'શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ.'** સારા બાર અંગકા સાર ક્યા હૈ વહ ઉસમેં આ ગયા. સબકા હૃદય, કલ કહા થા ન ભાઈ! કલ કહા થા ન. સહૃદય. ૮૬મી ગાથા. વહ યહાં આયા. કિ જહાં જહાં કહના હૈ વહ સબ. આત્માકો જાના વહ હૃદય શાસ્ત્રકા જાન લેતા હૈ. સારા શાસ્ત્રકા હૃદય ક્યા કહના હૈ, કૈસી અપેક્ષા, ક્યા પ્રકાર. વહ યહાં આયા. કિ **'શુદ્ધાત્મતત્ત્વકે જાનને પર સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાના જાતા હૈ. ક્યોંકિ જૈસે રામચંદ્ર, પાંડવ, ભરત, સગર આદિ મહાન પુરુષ ભી જિનરાજકી દીક્ષા લેકર ફિર દ્વાદશાંગકો પઢકર દ્વાદશાંગ પઢનેકા ફલ**

**નિશ્ચયરત્નત્રય સ્વરૂપ જો શુદ્ધપરમાત્મા ઉસકે ધ્યાનમેં લીન હુએ તિષ્ઠે થે.'** બાર અંગમેં વહ કહા થા અને બાર અંગ પઢકર ભી કામ તો વહ કિયા. સાર યહ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વભાવ સન્મુખ હોના ઓર પરસે ઉપેક્ષા કરના ઈતના સિદ્ધાંત.

અબ, '**ઈસલિયે વીતરાગસ્વસંવેદનજ્ઞાનકર અપને આત્માકા જાનના હી સાર હૈ, આત્માકે જાનનેસે સબકા જાનપના સફલ હોતા હૈ,...**' સબકા જાનના તબ સફલ હોતા હૈ. '**ઈસ કારણ જિન્હોંને અપની આત્મા જાની ઉન્હોંને સબકો જાના.**' એક બોલ. હા, ઈસલિયે જિન્હોંને યહ જાના ઉન્હોંને સબ જાન લિયા. એગં જાણેઈ સવ્વં જાણેઈ. લ્યો! ભગવાન એક આત્મા અપની જ્ઞાનપર્યાયસે વેદન કર જાના, સારા લોક ચૌદહ બ્રહ્માંડમેં ક્યા હૈ ઔર બારહ અંગમેં ક્યા કહના હૈ વહ સબ ઉસને જાન લિયા. એક બોલ. અથવા બીજો. '**નિર્વિકલ્પસમાધિસે ઉત્પન્ન હુઆ જો પરમાનંદ સુખરસ ઉસકે આસ્વાદ હોને પર જ્ઞાનીપુરુષ ઐસા જાનતા હૈ, કિ મેરા સ્વરૂપ જુદા હૈ, ઔર દેહ રાગાદિક મેરેસે દૂસરે હૈં, મેરે નહીં હૈં,...**' યહ વ્યવહાર ભી મેરે નહીં. વિકલ્પ આદિ વ્યવહારરત્નત્રય. '**ઈસલિયે આત્માકે જાનનેસે સબ ભેદ જાને જાતે હૈં, જિસને અપનેકો જાન લિયા ઉસને અપનેસે ભિન્ન સબ પદાર્થ જાને.**' એ બીજો બોલ.

ત્રીજો આવી ગયો ઠીક. એ બે થયા. પહેલો બોલ ઓલામાં ગયો હશે. હવે આવશેને આંકડો બરાબર. બે થયા. હવે ત્રીજો આવે જુઓ. '**અથવા આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનસે...**' દેખો અબ યહ. આત્મા ભાવશ્રુત જ્ઞાનરૂપ અપના સ્વરૂપકા જ્ઞાન કરનેસે વહ વ્યાપ્તિજ્ઞાનસે '**સબ લોકાલોકકો જાનતા હૈ, ઈસલિયે આત્માકે જાનનેસે સબ જાના ગયા.**' જાના ગયા. એ ત્રગડો. એ ત્રણ બોલ. '**અથવા વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકે બલસે કેવલજ્ઞાનકો ઉત્પન્ન કરકે જૈસે દર્પણમેં ઘટપટાદિ પદાર્થ ઝલકતે હૈં, ઉસી પ્રકાર જ્ઞાનરૂપી દર્પણમેં સબ લોક-અલોક ભાસતે હૈં. ઈસસે યહ બાત નિશ્ચય હુઈ, કિ આત્માકે જાનનેસે સબ જાના જાતા હૈ.**' ચાર બોલ આયે. બસ '**યહાં પર સારાંશ યહ હુઆ, કિ ઈન ચારોં વ્યાખ્યાનોંકા રહસ્ય જાનકર બાહ્ય અભ્યંતર સબ પરિગ્રહ છોડકર સબ તરહસે અપને શુદ્ધાત્માકી ભાવના કરની ચાહિયે. ઐસા હી કથન સમયસારમેં શ્રીકુંદકુંદાચાર્યને કિયા હૈ.**' લ્યો '**जो पस्सदि अप्पाणं**' ભાવશ્રુતજ્ઞાન સારા જૈનશાસનકા સાર. ઉસમેં સે કેવલજ્ઞાન હોતા હૈ. દ્રવ્યશ્રુતમેં વહ કહા, દ્રવ્યશ્રુતમેં વહ કહા. દ્રવ્યશ્રુત વાચક હૈ, ભાવશ્રુત વાચ્ય. તો ભાવશ્રુત વહ (કિ) પૂર્ણાનંદ પ્રભુ બદ્ધરહિત અભેદ નિશ્ચય એકરૂપ વિકારકા સંયુક્તરહિત ઐસા અંતર સ્વરૂપકા અંતરમેં દૃષ્ટિ દેકર અનુભવ કરના વહી ભાવશ્રુતજ્ઞાન ઉસમેં લોકાલોક જાનનેમેં

આતા હૈ વ્યાપ્તિ જ્ઞાનસે. સમજમેં આયા?

વહ સ્વયં કહતે હૈ ન પીછે યહાં ૧૦૦મી ગાથામેં. **'યહાં પર ભી વિશેષ કરકે પૂર્વ સૂત્રકથિત ચારોં તરહકા વ્યાખ્યાન જાનના ચાહિયે, ક્યોંકિ યહી વ્યાખ્યાન બડે-બડે આચાર્યોંને માના હૈ.'** એક આત્માકો જાને તો સબ જાના જાતા હૈ ઐસે બડે બડે આચાર્યોં ઐસા કહતે આયે હૈં. આહા..હા..! ભગવાન આત્મા એક સમયમેં પૂર્ણ શુદ્ધ પ્રભુ અનંતગુણ સંપન્ન અપને સ્વભાવકો જિસને અંતર્મુખ હોકર જાના, ઉસને સબ જાના. નિશ્ચય ક્યા, વ્યવહાર ક્યા, ઉપાદાન ક્યા, નિમિત્ત ક્યા વહ સબ ઉસકે પેટમેં-જ્ઞાનમેં આ જાતા હૈ ઐસા કહતે હૈ. સમજમેં આયા? વલ્લભભાઈ! આહા..હા..! બસ વહ યહાં કહતે હૈ દેખો અબ. યહ ૯૯મેં વહ ૯૯ આ ગયી. યહ ૯૯, વહ ૯૯. દોનોં ૯-૯ હૈ ન? ૯-૯કા સમભાવ. ૯ કા આંકડા અફર હૈ કિ નહીં? નવ દુ અઢાર, નવ તેરી સત્તાવીશ, નવે નવ નવ્વાણું. બધા નવે નવ.

મોટા-બડે-બડે આચાર્યોં, કુંદકુંદાચાર્ય આદિ મહાન સબ સંતોને ભગવાન અપના આત્મા સબ આત્મા અબદ્ધસ્પૃષ્ટ હૈ ઐસા અપનેકો દેખા તો સબકો ઐસે હી દેખતે હૈં. એમ યહાં કહતે હૈ. સમભાવ હો ગયા. વિષમતા નહીં કિ યહ ઐસા હૈ. વહ જ્ઞાન કરનેકી, જાનનેકી બાત હુઈ. દુર્લક્ષ કરના. વ્યવહારમેં ફર્ક હો, પર્યાયમેં ફર્ક હો, જાન લેના, ઉસમેં કોઈ તિરસ્કાર કરનેકી બાત હૈ નહીં. જાન લેના. વહ આત્મા હૈ ન? ભગવાન હૈ. મૈંને મેરી પર્યાય કો જૈસે ગૌણ કરકે પૂર્ણાનંદકી પ્રસિદ્ધિ કર લી તો ઉસકી ભી પ્રસિદ્ધિ, વિકાર આદિસે રહિત હી ઉસકી પ્રસિદ્ધિ મૈં કરતા હૂં કિ યહ આત્મા તો ઐસા હી હૈ. શશીભાઈ! આહા..હા..! કોઈ પ્રતિ વિષમભાવ રહા નહીં. જ્ઞાતા-દૃષ્ટા કહના હૈ. મૂલ તો ઐસા કહના હૈ. સમજમેં આયા? જૈસા જ્ઞાનસ્વભાવકા સ્વપરકો પૂર્ણ જાનનેકા સ્વભાવ હૈ, ઐસાકા અનુભવ અને પ્રતીત કિયા તો સબ પરકો જાનના-દેખના હી રહ ગયા. કિસીમેં વિષમતા કરના યા ઐસા કરના વહ વસ્તુમેં હૈ નહીં. કહો, સમજમેં આયા?

**'આગે ઐસા કહતે હૈં,...'** હવે ૧૦૦ ગાથા આપણે ચાલતી. અબ યહાં વિશેષ ક્યા કહતે હૈ દેખો, ગુણકો સમભાવ બતાતે હૈ. **'ગુણોંકો સમાન હૈં, ઐસી ધારણા કરના મુક્તિકા કારણ હૈ—'** સબ ભગવાન જ્ઞાનસે પૂર્ણ, દર્શનસે પૂર્ણ. પર્યાયમેં કમી વહ બાત લક્ષમેં નહીં, વહ તો પર્યાયદૃષ્ટિકા વિષય હૈ. વસ્તુ દેખો તો સબ જીવો પૂર્ણ ગુણસે. યહાં ગુણસે બાત લેના હૈ. જ્ઞાનસે પૂર્ણ, દર્શનસે પૂર્ણ, આનંદસે પૂર્ણ, શાંતિસે પૂર્ણ, શાંતિ અર્થાત્ ચારિત્ર. સમજમેં આયા? મહા વિદ્યમાન છતો પદાર્થ ઐસા સબ ભગવાન ગુણે સમાન ઐસી ધારણા કરના મુક્તિકા કારણ હૈ. વહ બાત કહતે હૈ દેખો.

२२७) राय-दोस बे परिहरिवि जे सम जीव णियंति।
ते सम-भावि परिट्ठिया लहु णिव्वाणु लहंति।।१००।।

શબ્દાર્થ નીચે. '**જો રાગ ઔર દ્વેષકો દૂર કરકે...**' અર્થાત્ પુણ્ય-પાપકે વિકલ્પસે લક્ષ છોડકરકે '**સબ જીવોંકો સમાન...**' અપના સ્વભાવ પુણ્ય-પાપ રાગાદિ વિકારરહિત ઐસા જાના તો સબ જીવોંકો સમાન જાના ઉસને. '**વે સાધુ સમભાવમેં વિરાજમાન શીઘ્ર હી મોક્ષકો પાતે હૈં.**' સમભાવ... સમભાવ... અપની સમભાવકી મસ્તી પૂર્ણાનંદ મૈં હૂં, ભગવાન સબ આત્મા પૂર્ણ ગુણસે. યહાં ગુણસે લિયા હૈ, વહ જાતિસે ભાઈ! એક લિયા થા. જાતિમેં ઈતના ફર્ક હૈ. ગુણમેં પૂર્ણ હૈ, વહ જાતિ એક થી. ગુણમેં પૂર્ણ હૈ ઐસા મૈં ભી ગુણમેં પૂર્ણ હૂં. સબ ભગવાન આત્મા ગુણમેં પૂર્ણ હૈ. કોઈ કમી-બેસી હૈ નહીં. ઔર કમી-બેસી હૈ તો અપની પર્યાય અંશમેં હૈ. યહ ભી કમી-બેસી અપને કારણસે હૈ. એ વખતની યોગ્યતા છે કમી-બેસી. ત્યારે ઈતની સ્વતંત્રતા કબુલે કિ જ્ઞાનકી પર્યાયમેં કમી-બેસી હોતી હૈ વહ જ્ઞાનાવરણીયકે કારણ નહીં. ક્યોંકિ જબ પૂર્ણ સ્વભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સ્વતંત્ર ઐસા હૈ તો પર્યાય ભી અલ્પજ્ઞપને, અલ્પદર્શીપને હૈ વહ ભી સ્વતંત્ર હૈ. સ્વતંત્ર હૈ, પરંતુ ઈતના અંશકી દૃષ્ટિ છોડકર પૂર્ણાનંદકી દૃષ્ટિ કરના વહી સમભાવકા કારણ હૈ. સમજમેં આયા?

ઉસકી પર્યાયમેં કમી-બેસી હૈ જ્ઞાનકી, વીર્યકી, વહ સ્વતંત્ર પર્યાય, અંશ ઈતના સ્વતંત્ર હૈ. ઈતના સ્વતંત્ર હૈ, પરંતુ ઈતના તો પર્યાયદૃષ્ટિકા વિષય હુઆ. તો જબ ઈતના સ્વતંત્ર હૈ અંશદૃષ્ટિમેં, ઈતના નહીં, પૂર્ણ સ્વતંત્ર હૈ. એકરૂપ અનંતગુણકા પિંડ સ્વતંત્ર હૈ. ઐસી દૃષ્ટિમેં યહ સ્વતંત્ર માનકર પીછે પૂર્ણ સ્વતંત્ર ઉપર દૃષ્ટિ કરના વહી સમ્યગ્દર્શનકા સાર ઔર વહી વીતરાગભાવ હૈ. સમજમેં આયા? લો વળી એ આવ્યું. અહીં ગુણે કીધું છેને. ગુણોંકર સમાન. ઐસી ધારણા કરના, પ્રતીત કરના વહ મુક્તિકા કારણ. સમભાવસે મોક્ષ પાતે હૈ.

'**ભાવાર્થ :- વીતરાગ નિજાનંદસ્વરૂપ જો નિજ આત્મદ્રવ્ય...**' દેખો, વ્યાખ્યા કરી. નિજાત્મ કૈસા હૈ? નિજ ભગવાન આત્મદ્રવ્ય કૈસા હૈ? '**વીતરાગ નિજાનંદસ્વરૂપ...**' એક જ વાત. અલ્પજ્ઞપના નહીં, રાગપના નહીં, નિમિત્તકા સંબંધ તો કહાં રહા? ભગવાન આત્મા... યહાં ગુણસે બાત લી હૈ. '**વીતરાગ નિજાનંદસ્વરૂપ જો નિજ...**' ભગવાન દ્રવ્ય '**ઉસકી ભાવનાસે વિમુખ...**' ઐસા નિજાનંદ પ્રભુ વસ્તુ, વીતરાગકો જૈસા પ્રગટ હુઆ પર્યાયમેં, ઐસા હી વસ્તુમેં ત્રિકાલ ઐસા કા ઐસા હૈ. ઐસી ઉસકી ભાવના. દેખો, ભાવના. ભાવનાકા અર્થ વિકલ્પ નહીં. ભાવના અર્થ ઉસમેં એકાગ્રતા. ઉસસે વિમુખ.

'**રાગ-દ્વેષ ઉનકો છોડકર...**' ઉસકે વિમુખ કૌન? કિ રાગ-દ્વેષ. અટપટી ભાષા. વીતરાગ નિજાનંદસ્વરૂપ આત્મ પદાર્થ ઉસકી ભાવનાસે વિમુખ રાગ ઔર દ્વેષ, ઉનકો છોડકર. એવી

ગુલાંટ ખાધી. '**જો મહાન પુરુષ કેવલજ્ઞાન દર્શન લક્ષણકર સબ હી જીવોંકી સમાન ગિનતે હૈં,...**' યહાં ગુણસે લિયા હૈ. કેવલદર્શન, કેવલજ્ઞાન. વહ પર્યાય નહીં હોં. કેવલદર્શન, કેવલજ્ઞાન. ગુણ-ગુણ સામાન્ય. ઐસે સબકો '**સબ હી જીવોંકો સમાન ગિનતે હૈં, વે પુરુષ સમભાવમેં સ્થિત શીઘ્ર હી શિવપુરકો પાતે હૈં.**' અપના સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા ઐસા વીતરાગ સમભાવ પ્રગટ કિયા વહ અલ્પકાલમેં પૂર્ણ વીતરાગસ્વભાવ મુક્તિકો પ્રાપ્ત હોગા. દેખો, ઉસમેં કહકર વહ વ્યવહાર વિકલ્પ .. આતે હૈ ઉસસે વીતરાગતાકી પ્રાપ્તિ હોતી હૈ ઐસા નહીં. એમ સિદ્ધ કરતે હૈ. સમજમેં આયા?

અપના સ્વભાવ પૂર્ણ કેવલદર્શન જ્ઞાનસ્વરૂપ ઐસે સબકો દેખતે હૈ વહ પુરુષ સમભાવમેં સ્થિત હૈ. વિષમ પર્યાયકો ન દેખકર અકેલા સમભાવ સ્વભાવકો દેખનેવાલા '**શીઘ્ર હી શિવપુરકો પાતે હૈં.**' શિવનગરી નિરૂપદ્રવ પર્યાય. શિવનગરી કૌન? અપની પૂર્ણ નિરૂપદ્રવ પર્યાય. શિવપુર અર્થાત્ પૂર નિરૂપદ્રવ પર્યાયકા પૂર અનંત-અનંતગુણકી પૂર્ણ પર્યાયકા પૂર ઉસકો પ્રાપ્ત હોતા હૈ. અપની-અપની પ્રાપ્તિ. સમજમેં આયા? અધ્યાત્મ બાત હૈ થોડી.

'**સમભાવકા લક્ષણ ઐસા હૈ, કિ જીવિત, મરણ,...**' શરીર જીવિત હો યા વ્યય હો. '**લાભ, અલાભ,...**' હો. શિષ્યોંકા, આબરૂકા, કીર્તિકા, પદાર્થકા લાભ હો યા અલાભ હો, વહ તો સબ જાનનેકી બાત હુઈ. ઉસમેં લાભ-અલાભમેં મુઝે લાભ હુઆ તો ઠીક, અલાભ હુઆ તો મુઝે અઠીક વહ કહાં આયા? યહ તો પદાર્થ ઉસકે કારણસે આયા, ઉસકે કારણસે જાતે હૈ. જીવન શરીરકી ભી સ્થિતિ પ્રમાણે રહતા હૈ ઔર જીવનકી સ્થિતિ પૂરી હોતે હી ચલે જાતે હૈં. મૈં તો ઉસકો જાનને-દેખનેવાલા હૂં. મૈં ઉસકો રખનેવાલા યા દૂર કરનેવાલા નહીં. સમજમેં આયા? ઓહો..હો..! એક ૨૫, ૫૦ વર્ષનું જીવન, અનાદિ-અનંતમાં મનુષ્ય દેહ થોડો. એમાં માળો ચોંટ્યો. આ સ્ત્રી, કુટુંબમાં, પરિવારમાં, ધંધામાં, વેપારમાં. ત્યાંથી નીકળ્યો તો સાધુ થયો કે ત્યાગી કાંઈક થયો, આ મારો સંઘ, આ મારો સંપ્રદાય, મેરા ઈતના જાનપના, ઉસમેં મૈં અધિક. એ ચોંટ્યો તે વસ્તુ પડી રહી એક કોર. ૨૫-૫૦ વર્ષ બીચમેં રહા. આમ અનાદિ, આમ ભવિષ્ય સંસાર મોટો. બીચમેં ઈતના કાલ મિલા. ઉસમેં યહ ગડબડ-ગડબડમેં રુક જાયે ઔર સ્વરત્ન ચૈતન્યકી પ્રાપ્તિ ન કરે.

મુમુક્ષુ :- ઘણો રસ ચડી ગયો છે.

ઉત્તર :- રસ ચડી ગયો છે. સવારનું કહ્યું હતું નહિ હિંમતભાઈ! એય..! મલુપચંદભાઈ! અહીં જ્યાં જન્મે ત્યાં એને એમ થઈ જાય કે શરીર આવું, આ વાણી, આ બાપ મારા, આ મારો દીકરો, એની વહુ, એના લગન કરવા, એને સાચવવા, એને આવું. આ બધી વ્યવસ્થા કરવા માળો... થઈ શકે નહિ એનાથી કાંઈ હોં!

મુમુક્ષુ :- એ તો આપે કીધું. અમે તો થઈ શકે એમ માનતા હતા.

ઉત્તર :- ધૂળમાંય શકતું નથી. એ તો અહીં કહે છે. કે એનો એ જાણનાર છે. જીવન-મરણ કેમ થાય, લાભ-અલાભ કેમ થાય એનો જાણનાર એ તો છે. કરનેવાલા-ફરનેવાલા કુછ તીન કાલમેં આત્મા હૈ નહીં. આહા..હા..! પાછો ત્યાગ થાય અને કાંઈક જાણપણું થોડુંઘણું હોય. એ પણ એક પરિગ્રહમાં ગયું. વહ કહતે હૈં ન યોગસારમેં ભાઈ! અમિતગતિ આચાર્ય. વિદ્વાનોંકા સંસાર શાસ્ત્ર હૈ. બીજાને બાયડી, છોકરા હોય, કુટુંબ પરિવાર. એવો પાઠ છે. અમિતગતિ, યોગસાર. વહ શાસ્ત્રમેં યહ લિખા હૈ, યહ શાસ્ત્રમેં યહ લિખા હૈ. ભાઈ! સબ લિખા હૈ, પરંતુ ઉસકા સાર વીતરાગતા નિકાલે બિના તેરા સાર કુછ નહીં હૈ. સમજમેં આયા? હૈ કિ નહીં? એય..! લાવોને ભાઈ! પાઠ હોય તો આપણને ઠીક પડે. રામજીભાઈ પાઠ બતાવતા. જજ પાસે બતાવેને કાયદો. આ આચાર્યોના કાયદા. સંતોએ કહેલા, કોઈના ઘરના નહીં. આહા..હા..! માંડ કાલ થોડા મિલા ઔર કામ કરના બહુત. ઉસમેં યહ મૈં જાનપના, યહ મૈં જાનપના, યે કમ હૈ, ઉસકા જ્યાદા, ઉસકા ઠીક હૈ. ઐસા ખદબદાટમેં રુકના, ભગવાન! તેરા જ્ઞાતા-દૃષ્ટાપનેકા કરનેકા કાલ ચલા જાતા હૈ. ૧૩૧. પન્ના ૧૩૧ હોં. અધ્યાત્મ ઘણું લીધું છે.

संसारः पुत्र-दारादिः पुंसां संमूढचेतसाम्।
संसारो विदूषां शास्त्रमध्यात्मरहितात्मनाम्।।३४६।।

'જો પુરુષ અજ્ઞાની હૈ, વાસ્તવિકરૂપસે હિત-અહિતકો નહીં પહચાનતે ઉનકા પુત્ર-સ્ત્રી આદિ સંસાર. કિંતુ જો વિદ્વાન હૈ ઉસકા શાસ્ત્રોંકા અક્ષરાભ્યાસ પઢ ચુકે હૈ પરંતુ આત્મધ્યાનસે શૂન્ય હૈ ઉસકા સંસાર શાસ્ત્ર હૈ.' આહા..હા..! વસ્તુસ્થિતિ ક્યા હૈ વહ સમજનેકા પ્રયાસ, પ્રયત્ન કરતે નહીં ઔર યહ શાસ્ત્રમેં યે લિખા હૈ, આ શાસ્ત્રમાં યહ લિખા હૈ, ઈસ શાસ્ત્રમેં યહ લિખા હૈ. સબ લિખા હૈ, ભગવાન! વહ શાસ્ત્ર સબ લાખ લિખેં હોં તો અપના શુદ્ધ ઉપાદાનસે અપના કાર્ય હોતા હૈ એક હી બાત હૈ. ઐસા સમભાવકી દૃષ્ટિ સ્વભાવમેં સે નિકાલે નહીં ઔર સ્વભાવમેં સ્વીકાર ન કરે તબતક તેરા શાસ્ત્ર ભી સંસાર હૈ.

મુમુક્ષુ :- શાસ્ત્ર એમ કહે છે?

ઉત્તર :- શાસ્ત્ર એમ કહે છે આ જુઓને. એ ૪૪ ગાથા હૈ. અધિકાર દેખો. મોક્ષ અધિકાર શુરૂ કિયા હૈ ઉસમેં ૪૪ ગાથા હૈ. 'संसारो विदूषां शास्त्रमध्यात्मरहितात्मनाम्' ભગવાન આત્મા પૂર્ણ ગુણે છે. રાગ અને અલ્પજ્ઞ વહ વસ્તુકે પૂર્ણ સ્વભાવમેં નહીં ઐસી દૃષ્ટિ સારા શાસ્ત્રકા સાર હૈ. ઐસા સાર નિકાલા નહીં ઔર વાદ-વિવાદ. વહ ભી શબ્દ હૈ કહીંપર. વાદ-વિવાદફેર. એ ૧૩૮મેં હૈ.

मुक्तवा वाद-प्रवादाद्यमध्यात्मं चिन्त्यतां ततः।
नाविधूते तमःस्तोमे ज्ञेये ज्ञानं प्रवर्तते।।३४०।।

વિદ્વાનોંકો ચાહિયે વાદ-વિવાદાદિ કો છોડકર આત્મસંબંધી વિચાર કરે. જબતક અંધકારકા નાશ નહીં હોતા તબતક જ્ઞાન જ્ઞેયકો પ્રકાશિત નહીં કર સકતા. બહુત સરસ વાત. યોગસાર ઐસા પુસ્તક હૈ. બહુત સરસ હૈ. અમિતગતિ આચાર્ય હૈ. યહ સારા વ્યાખ્યાન ઉન્હીંકા હી હૈં. સારા વ્યાખ્યાનમેં સબ આ ગયા હૈ. એકએક વ્યાખ્યાન સારા હો ગયા સવેરમેં. સમજમેં આયા? ઓહો..હો..! ભગવાન! યહાં કહતે હૈં કિ પરંતુ દ્વાદશાંગકા સાર તો જ્ઞાનમય પૂર્ણાનંદ પ્રભુ ઐસી તેરી દૃષ્ટિ કરના. સબ જીવ ભગવાન ઐસા હૈ. ભગવાન હૈ સબ. ઉસકી તેરે વિષમતા કરની. કૌન તેરા દુશ્મન? ઔર કૌન તેરા સજ્જન? યહાં તો કહે વહ જ્ઞાનકા જ્ઞેય હૈ. જાનને લાયક હૈ. વહ ભી પર ઉપયોગસે નહીં અપના સ્વભાવ ઐસા હી સ્વપરપ્રકાશક હોતા હૈ ઉસમેં જાનતે હૈ. હૈ ઉસમેં ક્યા? યહાં ઘૂસ ગયા હૈ?

'**જીવિત, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખાદિ...**' દેખો, સુખ-દુઃખકા અર્થ ક્યા? સુખ-દુઃખ વિકલ્પ નહીં. સુખ-દુઃખ સંયોગ. કહો, સમજાણું આમાં? એ જયચંદભાઈ! આ શરીરની કલ્પના આ રોગ થાય, નિરોગી સંયોગને સુખ-દુઃખ કહેવાય છે હોં, આ સંયોગને હોં. '**સુખ, દુઃખાદિ સબકો સમાન જાનેં.**' ખોવાઈ ગયો બસ એ. આજ સવારમાં હતું એટલે મેં યાદ કર્યું. હાથ મૂકો, કહે, મહારાજ! હાથ મૂકો. હવે કેના ઉપર હાથ મૂકું?

મુમુક્ષુ :- શરીર કે આત્મા ઉપર?

ઉત્તર :- આત્મા ઉપર. શરીરનું શું છે? ધૂળ છે શરીર. એ તો ચાલશે, રહેવું હશે તો રહેશે. જાવું હશે તો જશે. ભલે ચાલ્યું જાય. અને ચલતે હો તો રોક સકતે નહીં ઔર નહીં ચલતા હો તો ટાલ સકતે નહીં. લાખ અફીણ ખાયે તો રહનેવાલા હો તો રહ જાતા હૈ. કહો, સમજમેં આયા? ઔર જબ જાનેવાલા હૈ તો લાખ તેરા ઉપાય ઈન્દ્રાદિ લાવે તો વહી સમય છૂટેગા. લાભ-અલાભ, જીવિત, મરણ. ભગવાન! તું જ્ઞાતા-દૃષ્ટા હૈ ઉસકા નામ સમભાવ હૈ. ઐસા જીવ બડા હો તો ઠીક. બડા-ટૂંકાકા ક્યા કામ હૈ તેરે? તેરા આત્મા બડા જ્ઞાનાનંદ સ્વરૂપ હૈ. આનંદસ્વરૂપકી દૃષ્ટિ કર ઔર જ્ઞાતા-દૃષ્ટા હો, વહી સારા શાસ્ત્રકા સાર હૈ. સમજમેં આયા?

'**સુખ-દુઃખાદિ સબકો સમાન જાનેં. જો અનંત સિદ્ધ હુએ...**' દેખો, જો અનંત ભગવાન પરમાત્મા મુક્તિકો પ્રાપ્ત હુએ ઔર હોવેંગે. અનંત-અનંત ભવિષ્યમેં હોંગે કિતની અસ્તિ સિદ્ધ કરતે હૈ! યહ સબ સમભાવકા પ્રભાવ હૈ. સમભાવકા પ્રભાવ હૈ. વહ જ્ઞાતા-દૃષ્ટાકા પ્રભાવ હૈ એમ કહતે હૈ. જૈસે સર્વજ્ઞ ભગવાન પૂર્ણ જ્ઞાનસે પૂર્ણકો જાનતે-દેખતે હૈ. યહ અલ્પજ્ઞાનમેં વિષય પૂર્ણ હો, લક્ષમેં સબ આતે હૈં. ઐસા અલ્પજ્ઞાનમેં જાનતે હૈં કિ સબ હૈ. સમજમેં

આયા? **'સમભાવસે મોક્ષ મિલતા હૈ.'** વીતરાગભાવસે મોક્ષ મિલતા હૈ ઐસા કહતે હૈ. વહ કોઈ વિકલ્પ બીચમેં આતા હૈ ઉસસે મોક્ષ મિલતા હૈ? વહ તો વિષમભાવ હૈ. ભગવાન આત્મા અપના શુદ્ધાત્માભિમુખ પરિણામ જિસકો સમભાવ કહતે હૈ, ઉસ સમભાવસે મોક્ષ મિલતા હૈ. શુદ્ધાત્મસન્મુખ પરિણામસે મોક્ષ મિલતા હૈ. પરાન્મુખમેં વિકલ્પ વહ તો તેરા સ્વરૂપ નહીં, તેરે લાભ નહીં.

**'કૈસા હૈ વહ મોક્ષસ્થાન, જો અત્યંત અદ્‌ભૂત અચિંત્ય કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકા સ્થાન હૈ.'** યહાં ગુણસે બાત કહી હૈ ન? જબ અપના ગુણસ્વરૂપ પૂર્ણ હૈ ઐસા ભાન કિયા તો ઉસકા ફલ ભી કૈસા આયા? **'અત્યંત અદ્‌ભૂત અચિંત્ય કેવલજ્ઞાનાદિ...'** આહા..હા..! એક સમયકી પર્યાય કેવલજ્ઞાન એ તે વાત છે! સમય એક, સમય એક, અનંત કેવલીઓંકો જાને.

મુમુક્ષુ :- અનંત કેવળીઓને પૂર્વની પર્યાય હોય એ જાણે?

ઉત્તર :- અનંત કેવલીને વર્તમાન જાણે તો કેવળની ત્રિકાળ પર્યાય તો ઉસમેં આ ગયી. એમ કહતે હૈ યહાં. કિ અત્યંત અદ્‌ભૂત અચિંત્ય કેવળજ્ઞાન. એક સમયકે જ્ઞાનકી પર્યાયમેં ભગવાન અનંતા કેવલીકો જાનતે હૈ. સિદ્ધ આ ગયે કિ નહીં લોકમેં? તો અનંત સિદ્ધ અનંત કેવલજ્ઞાની હૈ કિ નહીં? તો એક કેવલજ્ઞાનકી પર્યાયમેં અનંતા કેવલી જાનનેમેં આતે હૈં. ઐસા અદ્‌ભૂત પર્યાય. વહ ગુણ સામાન્ય તરફકા અનુભવ કરનેસે ઐસા ગુણકી પૂર્ણ અદ્‌ભૂત શક્તિકી પ્રાપ્તિ હોતી હૈ, ઐસા કહતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- અદ્‌ભૂતને અત્યંત વિશેષણ છે?

ઉત્તર :- હા, હજી થોડું બાકી હતું. એટલા ઉપર અત્યારે લક્ષ આવ્યું.

**'અત્યંત અદ્‌ભૂત અચિંત્ય...'** એમ વિશેષણ છે. સમજમેં આયા? **'आत्यन्तिकस्वभावैकाचिन्त्याद्भुत'** યહ પાઠ હૈ. એ તો પાઠનો અર્થ કર્યો. કહતે હૈ કિ અપના શુદ્ધ સ્વભાવ પૂર્ણ ગુણ ઐસે અપનેકો દેખતે હૈં. ઐસે સબ આત્માકા પૂર્ણ ગુણ પ્રગટ નહીં હૈ છતાં વિદ્યમાન પ્રગટ... પ્રગટ. વસ્તુસ્વભાવ વિદ્યમાન પ્રગટ હૈ સબ. ઐસી જિસકી સમભાવ દૃષ્ટિ હો ગઈ ઉસકે ફલકી ક્યા બાત કહની? ઐસા કહતે હૈ. **'અત્યંત અદ્‌ભૂત અચિંત્ય...'** ઘણું અદ્‌ભૂત અને અચિંત્ય. એ કેવળજ્ઞાન ચિંતવવામાં આવે વિકલ્પથી? એક સમયનો પર્યાય અનંતા કેવળીને પેટમાં રાખે, એ એક પર્યાયમાં અનંતા કેવળી રાખે, અનંતા સિદ્ધ સમાઈ જાય. પણ એક કેવળીમાં ત્રણ કાળ, ત્રણ લોક સમાયા જાણવામાં. એવા અનંતા કેવળી એક પર્યાયમાં અચિંત્ય અદ્‌ભૂત સામર્થ્ય. સમજમેં આયા?

**'અનંત ગુણોંકા સ્થાન હૈ.'** ઐસા ઐસા તો અનંત ગુણોંકા સ્થાન આત્માકી પર્યાય.

મોક્ષસ્થાન. મોક્ષસ્થાન. આહા..હા..! 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ. સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ' શ્રીમદ્ કહે છે કે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' આત્માની પૂર્ણ શુદ્ધતાની પ્રગટદશા તે મોક્ષ. 'તે પામે તે પંથ' તે પૂર્ણ નિર્મળ આનંદ અચિંત્ય અદ્ભૂત પર્યાય. એને પામે તે પંથ નામ માર્ગ. 'સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' નિર્ગ્રંથ વીતરાગ માર્ગની અંદર આ વાત પૂર્ણ રીતે સમજાવી છે. સમજાવી છે. દૂસરે હૈ નહીં. દૂસરે હૈ નહીં ઔર યહ ભાવ આત્માકે સિવાય દૂસરેમેં હૈ નહીં. આહા..હા..! એકલું અધ્યાત્મ ઘૂંટ્યું છે.

'**યહાં યહ વ્યાખ્યાન જાનકર રાગ-દ્વેષકો છોડકે શુદ્ધાત્માકે અનુભવરૂપ જો સમભાવ...**' દેખો, આનું નામ સમભાવ. એને સમભાવ કહે, બીજાને સમભાવ કોને કહે? ભગવાન આત્મા પૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન અખંડ સ્વરૂપ પ્રભુ. એક-એક ગુણ અખંડ. વસ્તુ દ્રવ્ય અખંડ, એક એક ગુણ અખંડ. જ્ઞાન અખંડ, દર્શન અખંડ, આનંદ અખંડ. ઐસા શુદ્ધાત્મા ઉસકા અનુભવરૂપ જો સમભાવ '**ઉસકા સેવન સદા કરના ચાહિયે.**' કરવા લાયક આ છે. બાકી સબ જાનને લાયક હો દુનિયા સબ. ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવ. શ્રીમદ્દે લખ્યુંને. ટૂકડામાં લખ્યું. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.' પહેલો ચાકળો. ઉગમણો પહેલો ચાકળો. એ થોડા શબ્દમાં દ્રવ્ય અને ગુણની સામર્થ્યતા બતાવી છે અને તેનો ઉપાય પણ બતાવ્યો છે અને એનું ફળ પણ એક એટલામાં બધું આવી જાય છે. 'જીવ એક...' એક પોતાનું હોં! બધા થઈને એમ નહિ. 'એક અખંડ...' એકરૂપ તે અખંડ છે. ખંડ-ખંડ નથી. અને 'સંપૂર્ણ દ્રવ્ય...' છે. એ પૂર્ણ દ્રવ્ય. બધા થઈને દ્રવ્ય આત્મા અને બધા થઈને એમ નથી. એમ નહીં હૈ. એક હી આત્મા સંપૂર્ણ હૈ. સંપૂર્ણ... સંપૂર્ણ... સંપૂર્ણ... સંપૂર્ણ...

'સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.' દેખો, વસ્તુ એક અખંડ દ્રવ્ય સંપૂર્ણ હોનેસે ઉસકા જ્ઞાન સામર્થ્ય એક અખંડ સંપૂર્ણ હૈ. વહ સંપૂર્ણમેં સબ સમા દિયા. એટલી બહુ ટૂંકી ભાષા છે. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, તેનું જ્ઞાન સામર્થ્ય...' એક દ્રવ્ય હોનેસે ઉસકા જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ હૈ. સંપૂર્ણ વીતરાગ હો એ સંપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ થાય. અપૂર્ણ વીતરાગમાં સંપૂર્ણ જ્ઞાનકી પ્રતીત આવે, પરંતુ સંપૂર્ણ વીતરાગ હોનેપર હી સંપૂર્ણ સર્વજ્ઞદશા પ્રગટ હોતી હૈ.

મુમુક્ષુ :- સંપૂર્ણ અખંડ...

ઉત્તર :- યહ તો ગુણમેં બતાયા. વહ તો દ્રવ્યકો બતાયા ન? દ્રવ્યકો બતાયા, સંપૂર્ણ ગુણમેં આ ગયા. કિ વસ્તુ એક અખંડ સંપૂર્ણ વસ્તુ-દ્રવ્ય હોનેસે. હોવાથી છેને. અમારી ગુજરાતી

ભાષા. ઉસકા જ્ઞાન સામર્થ્ય, જૈસા એક અખંડ દ્રવ્ય સંપૂર્ણ તો ઉસકા જ્ઞાન એક અખંડ પૂર્ણ ગુણ હૈ, પૂર્ણ ગુણ હૈ ઐસા કહના હૈ. ઐસા એક એક દર્શન અખંડ, એક અખંડ પૂર્ણ હૈ. એમ એક, યહાં આતા હૈ ન. ૨૦૪ ગાથા નહીં. સમયસાર. નિર્જરા અધિકાર. પાંચ પર્યાયમેં નહીં, વહ તો અભેદ હોતા હૈ. વસ્તુ એકરૂપ હૈ ન અંતર? તો પાંચ પર્યાયકા ભંગ નહીં. વહ મતિ આદિ અભેદ હોતા હૈ અભિનંદનસે. અંદર એકાકાર હોતા હૈ. સ્વભાવકા પૂર્ણ સામર્થ્ય ઉપર એકાકાર હોનેસે જિતની શુદ્ધિકા અંશ આયા સબ મતિ, શ્રુત, કેવલ વહ તો સબ અભેદ હોતા હૈં. અંતરમેં અભેદ હોતા હૈ. પૂર્ણ તરફકી દૃષ્ટિસે અભેદ હી હોતા હૈ. સમજમેં આયા? વહ નિર્જરા અધિકારમેં ૨૦૪ ગાથા.

યહાં કહતે હૈ '**યહ જો સમભાવ ઉસકા સેવન સદા કરના ચાહિયે.**' તો ઉસકા અર્થ હૈ કિ વિકલ્પકી ભાવના કરની વહ વિષમભાવ હૈ. નિમિત્તકી ભાવના કરના કિ હું નિમિત્ત મેળવું, છોડું, વિષમભાવ હૈ. કોણ મેળવે ભાઈ! એક-એક રજકણ, એક-એક દ્રવ્ય સ્વતંત્ર અપના સ્વક્ષેત્ર-કાળ-ભાવે સ્વતંત્ર પરિણમન કર રહા હૈ. કોઈ કિસીકા સ્વામી-અધિકારી હૈ નહીં. તો કૈસે કહા? કિ પરકા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વહ મિલાના યા મિલના છોડ દે. ઉસકા આત્મા પરિપૂર્ણ ઐસા જાન લે. અને પરમાણુ આદિ ભી ઉસકે દ્રવ્ય-ગુણ-પર્યાયસે સ્વતંત્ર હૈ. તેરા આત્મા સ્વતંત્ર શુદ્ધ સ્વભાવ ઉસકી દૃષ્ટિ કરકે અનુભવ કર. સમભાવ આયા, વહ સમભાવ હી મોક્ષકા કારણ હૈ.

'**ઉસકા સેવન સદા કરના ચાહિયે.**' બીચમેં વ્યવહારસે લાભ હોગા ઐસા નહીં લેના ચાહિયે. ભાઈ! વસ્તુ તો એવી છે ભાઈ! સમજે? 'સદા' શબ્દ પડા હૈ કિ નહીં? કરવો નથી અને કરવું એ બેય નથી એમાં. જો આયા ઉસકો જ્ઞાનસ્વભાવ તરફસે જાનનેમેં રખના બસ ઈતની બાત હૈ. વહ વ્યવહારકો તો યાદ ભી નહીં કિયા હૈ. અસ્તિકી બાત કરનેમેં નાસ્તિકો યાદ કરતે નહીં. સમજમેં આયા? વહ શૈલી હૈ અસ્તિકી. પહલી ગાથામેં આયા ન? '**नमः समयसाराय स्वानुभूत्या चकासते चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे**' નાસ્તિકી બાત હી નહીં કી દેખો. '**नमः समयसाराय.. भावाय चित्स्वभावाय**' '**भावाय**' દ્રવ્ય. '**चित्स्वभावाय**' ગુણ. '**स्वानुभूत्या चकासते**' એ શુદ્ધ અનુભવ પર્યાય સંવર, નિર્જરા. '**भावाय**' દ્રવ્ય '**चित्स्वभावाय**' ગુણ અને '**स्वानुभूत्या चकासते**' વહ અપની અનુભૂતિકી ક્રિયાસે પ્રકાશમાન હોતા હૈ. સંવર-નિર્જરા લિયા. ભાવ, દ્રવ્ય, ગુણ, પર્યાય. પૂર્ણ. '**सर्वभावांतरच्छिदे**' મોક્ષ લે લિયા. એ કોઈપણ અપના ભાવ સિવાય-ભાવાંતર-અનેરા સબ ભાવ '**च्छिदे**'-ઉસકો જાનનેવાલા પૂર્ણ કેવલજ્ઞાન તો દ્રવ્ય લિયા, ગુણ લિયા, પર્યાય લિયા, અપૂર્ણ સાધક લિયા, પૂર્ણ સાધ્ય લિયા. બસ. આસ્રવ, બંધ ઉસમેં હૈ નહીં. અજીવ હૈ નહીં

વહ બાત  લિયા હી નહીં. પહલા શ્લોકમેં ઐસા મંગલાચરણ કર દિયા હૈ સમયસારમેં. સમજમેં આયા?

મુમુક્ષુ :- એવું ક્યાં એમાં લખ્યું?

ઉત્તર :- લિખા હૈ ઉસમેં. યહ પંડિત લોગ બિરાજતે હૈ કિ નહીં યહાં? પંડિતજી! ઐસા કહતે હૈ કિ લિખા હૈ ઉસમેં? મૈં કીધું આ પંડિત રહ્યા. પણ ઈતના શબ્દ હૈ કિ નહીં? '**नमः समयसाराय**' સમયસારકો નમસ્કાર કરતા હૂં. સમયસાર. સમય એટલે આત્મા, સાર એટલે વિકાર દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત. હવે? '**भावाय**' '**भावाय**' દ્રવ્ય લિયા. કૈસા હૈ ભાવ? '**भावाय**' દૂસરા પદાર્થ ભી '**भावाय**' હૈ. પરમાણુ ભી ભાવ હૈ. કિ યહ તો '**चित्स्वभावाय**' ઉસકા ગુણ '**चित्स्वभावाय**' જ્ઞાન સ્વભાવાય. પર પ્રગટ કૈસે હોતા હૈ? '**स्वानुभूत्या चकासते**' ઉસકી અનુભૂતિકી ક્રિયાસે આત્મખ્યાતિ પ્રગટ હોતી હૈ. યહ ટીકા હૈ ન આત્મખ્યાતિ? આત્મખ્યાતિકા પહલા શ્લોક હૈ ન? તો પહલે '**स्वानुभूत्या चकासते**' વ્યવહાર-ફ્યવહાર સબ બાત કિયા હી નહીં ઉસમેં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જાનનેકી ચીજ આવે, જાનનેકી. યહાં તો અસ્તિસે અકેલા... દેખો. સાત તત્ત્વમેં આસ્રવ, બંધ ઔર અજીવકી બાત નહીં કી. ક્યોંકિ વહાં જૈસે સ્વાનુભૂતિ સંવર, નિર્જરાકા ભાન હુઆ તો આસ્રવ-બંધ ઉસમેં નહીં ઐસા ભી જ્ઞાન આ ગયા. જહાં '**भावाय**' '**चित्स्वभावाय**' તો અજીવ ઉસમેં નહીં ઔર દૂસરા જીવ ભી ઉસમેં નહીં. ઐસા ઉસમેં જ્ઞાન આ ગયા. ઔર '**स्वानुभूत्या चकासते**' અર્થાત્ વ્યવહારસે આત્મા પ્રગટ હોતા હૈ વહ ભી છૂટ ગયા. એકલી અંતરની અનુભવ ક્રિયા કૈસે પ્રગટ હોતી હૈ? કિ '**सर्वभावांतरच्छिदे**' પર્યાય. વહ મોક્ષ લે લિયા. '**सर्वभावांतर**' અપના ભાવ સિવાય અનેરા સબ ભાવ તીન કાલ, તીન લોક જાનનેકી પર્યાય પ્રગટ હોતી હૈ. ક્યા બાકી રખા? આહા..હા..! અરે! પણ આચાર્ય તે ગજબ કામ કરતે હૈં ન. એકાંત કરતે હૈ. અરે સુન તો સહી ભગવાન! ઉસમેં તો ઐસા તો ન લિયા સાત તત્ત્વકી શ્રદ્ધાન. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' સાત નહીં હૈ? જીવ, અજીવ ઉમાસ્વામી પહલા સૂત્ર કહતે હૈં. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. જીવ, અજીવ... તો આ બધું કેમ ન કહ્યું? આમાં જ આવી ગયું? ભાઈ! ઉસમેં સબ આ ગયા, સુન તો સહી. સમજમેં આયા? ભગવાન એક અસ્તિ પૂર્ણ '**चित्स्वभावाय**' દ્રવ્ય '**चित्स्वभावाय**' એક દ્રવ્ય જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ. લ્યો એ દ્રવ્ય. અને સંપૂર્ણ વીતરાગ થાય. અપૂર્ણ વીતરાગમેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ, પૂર્ણ વીતરાગ થઈ ગયા એટલે કેવળજ્ઞાન હૈ. તો વીતરાગભાવસે કેવલજ્ઞાન હૈ. ઉસમેં ભી વહ આયા, ઉસમેં ભી વહ આયા. સમજમેં આયા?

ભાઈ! પરંતુ ઉસકા અંતર માહાત્મ્ય વહ ચીજ ક્યા અસ્તિરૂપ હૈ. નાસ્તિકી બાત કરનેસે વહ તો દૂસરી. પહલે અસ્તિ ક્યા હૈ? સમજમેં આયા? અસ્તિ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... મહાનપદાર્થ મોટો. ૧૯૨માં આવે છેને પ્રવચનસારમાં. મહાન પદાર્થ. પ્રવચનસાર. મહાન પદાર્થ. મહાન એટલે મોટું ક્ષેત્ર છે? ભગવાન ઈસકા.. ઓહો..હો..! .. પ્રવચનસારમેં હૈ કિ નહીં? મહત્તમ. મહત્તમ. ૧૯૨માં છે. વ્યાખ્યાન સબ ગાથાકા હો ગયા હૈ પૂરા. ૧૯૨ દેખો પાઠ હૈ. '**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**' પદાર્થ મોટો અતીન્દ્રિય મહાપદાર્થ. ઐસા લિખા હૈ હોં. અતીન્દ્રિય મહાપદાર્થ. ઐસા પાઠ હૈ દેખો.

**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**
**धुवमचलमणालंबं मण्णेऽहं अप्पगं सुद्धं।।१९२।।**

મુમુક્ષુ :- મહત્તમ ક્યા?

ઉત્તર :- આત્મા. મહાન અર્થ. યહ જ્ઞાન, દર્શન, આનંદસે મહાન.

મુમુક્ષુ :- મહિમાવંત.

ઉત્તર :- મહિમાવંત અથવા મહિમાવંતકી વ્યાખ્યા યહાં તો. મહાન પદાર્થ. બીજા તો પદાર્થ હૈ. આકાશ પદાર્થ નહીં હૈ? પરંતુ યહ તો મહાન જ્ઞાન, દર્શન, આનંદ આદિ સંપૂર્ણ સ્વભાવસે મહાન હૈ. વહ લિખા હૈ ન પહેલા? જ્ઞાનદર્શન.. શબ્દ વહ પહલે આ ગયા ને? પહલે શબ્દ લે લિયા પીછે બાત કિયા હૈ. દેખો, '**एवं णाणप्पाणं**' વહાંસે લિયા હૈ. '**दंसणभूदं अदिंदियमहत्थं**' ઐસા જ્ઞાન ઔર ઐસા દર્શનસે મહાન પદાર્થ હૈ. કોઈ ચીજ હૈ નહીં તીન કાલમેં. મૈં આત્મા..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. બઢીયા-બઢીયા. વિશેષ. ઔર યહાં કહા ન?

'**હું આત્માને એ રીતે જ્ઞાનાત્મક દર્શનભૂત અતીન્દ્રિય મહા પદાર્થ, ધ્રુવ અચળ, નિરાલંબ અને શુદ્ધ માનું છું.**' મહાનકા અર્થ જ્ઞાન ઔર આનંદ ઔર દર્શન ઐસા કહીં હૈ દુનિયામેં? મહાન અનંત મહિમાવંત અપના સ્વભાવ ઉસસે વહ પદાર્થ મહાન હૈ. ભાવકી અચિંત્યતાસે મહાન હૈ. ભાવમેં ભી વહ જ્ઞાન, દર્શન, આનંદ આદિ. દૂસરા ગુણ તો દૂસરેમેં આયા હૈ. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ.. સમજમેં આયા? તો કહતે હૈં '**યહી ઈસ ગ્રંથકા અભિપ્રાય હૈ.**' લો. વહ અપને ચલતા હૈ દેખો. '**इति अभिप्राय**' હૈ ન સંસ્કૃતમેં? '**समभावना कर्तव्येत्यभिप्रायः**' આયા?

અબ ૧૦૧. '**આગે સબ જીવોંમેં કેવલજ્ઞાન ઔર કેવલદર્શન...**' દેખો વહ આયા. જહાં .. કેવળજ્ઞાન, દર્શન યહી ઉસકી મહાનતા હૈ. '**ઈનકે બિના કોઈ જીવ નહીં હૈ. યે**

ગુણ શક્તિરૂપ સબ જીવોંમેં પાયે જાતે હૈં, ઐસા કહતે હૈં—' ૧૦૧.

૨૨૮) जीवहँ दंसणु णाणु जिय लक्खणु जाणइ जो जि।
देह-विभेएँ भेउ तहँ णाणि कि मण्णइ सो जि।।१०१।।

અરે! '**જીવોંકે દર્શન ઔર જ્ઞાન નિજ લક્ષણકો જો કોઈ જાનતા હૈ,...**' યહ લક્ષણ ઉસકા હૈ. મહાનતા દર્શન-જ્ઞાનસે હૈ ઉસકી. ઐસા લક્ષણસે... દો લિયા હૈ યહાં હોં. ૧૦૨મેં ફિર તીન લેંગે. જ્ઞાન, દર્શન ઔર ચારિત્ર. સાથ હૈ ન, સબ ગુણ એક સાથ હૈ ન? '**જીવોંકે દર્શન ઔર જ્ઞાન નિજ લક્ષણકો જો કોઈ જાનતા હૈ, હે જીવ, વહી જ્ઞાની દેહકે ભેદસે ઉન જીવોંકે ભેદ કો ક્યા માન સકતા હૈ,...**' દેહકે ભેદસે ઔર પર્યાયમેં જરા અલ્પજ્ઞતા આદિ ભેદસે, એમ સબ લેના હો? '**ક્યા માન સકતા હૈ,...**' પૂર્ણાનંદ, જ્ઞાનાનંદ, દર્શન આદિ પૂર્ણ સ્વભાવ હૈ સબ. '**ક્યા માન સકતા હૈ, નહીં માન સકતા.**' સમજમેં આયા? સબ સમાન ગુણ હૈ ઐસા નહીં. ઉસકી વ્યાખ્યા આયેગી વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧૦, મંગળવાર, તા. ૦૮-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૧-૧૦૨, પ્રવચન-૧૪૨**

પરમાત્મપ્રકાશ ચાલે છે, બીજો ભાગ એની ૧૦૧ ગાથા. શું કહે છે? જુઓ,

'**ભાવાર્થ :- તીન લોક ઔર તીન કાલવર્તી સમસ્ત દ્રવ્ય ગુણ પર્યાયોંકો એક હી સમયમેં જાનનેમેં સમર્થ...**' આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ અને ત્રણ લોકમાં વર્તનારા દ્રવ્ય, ગુણ અને પર્યાયને એક જ સમયમાં જાણવા સમર્થ છે. '**ઐસા કેવલદર્શન ઔર કેવલજ્ઞાન હૈ,...**' એવું કેવળદર્શન અને કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક એના અનંત દ્રવ્યો, એના ગુણો, એની પર્યાય એને જાણવાનું સામર્થ્ય એવું પોતાનો કેવળજ્ઞાન, કેવળદર્શન ગુણ છે. '**ઉસે નિજ લક્ષણોંસે જો કોઈ જાનતા હૈ,...**' જે કોઈ આત્મા પોતાના એવા સામાન્ય જાણપણા અને દર્શનના લક્ષણ દ્વારા આત્માને જાણે છે '**વહી સિદ્ધ-પદ પાતા હૈ.**' શું કહે છે? આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન ગુણ. પર્યાયની હીનતા, પુણ્ય-પાપનો ભાવ એ તો પર્યાયદૃષ્ટિનો વર્તમાન ક્ષણિકનો વિષય છે. વસ્તુ

સ્વભાવ જોતા કેવળજ્ઞાન અને કેવળદર્શન એવા લક્ષણે લક્ષિત નિજ આત્માને જે કોઈ જાણે છે એ સિદ્ધપદને પામે છે. કેમકે પર્યાયબુદ્ધિ નીકળી ગઈ અને પરજીવને જોવા માટે પણ પર્યાયથી દેખતો નથી. વર્તમાન પર્યાય... જુઓ, આ લોકો રાડ પાડે છેને. વર્તમાન કર્મબંધન રહિત? કર્મબંધન રહિત. ભાઈ! કર્મબંધન તો વ્યવહારનયનો વિષય છે, સાંભળને. વર્તમાન કર્મબંધન રહિત, વર્તમાન વિકારરહિત? ભગવાન! વર્તમાન વિકાર અને કર્મબંધ નિમિત્ત. તો એક વર્તમાનકાળ એક સમય પૂરતો એ સંબંધ છે. એની રુચિ અને એનો આશ્રય છોડીને બંધરહિત એવો પોતાનો સ્વભાવ જ્ઞાન અને દર્શન લક્ષણે લક્ષિત આત્માને કરવાથી આત્માને અનુભવ-શાંતિનો અનુભવનો સ્વાદ આવે અને એ દ્વારા આત્માને મુક્તિની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**જો જ્ઞાની અચ્છી તરહ ઈન નિજ લક્ષણોંકો જાન લેવે...**' જે કોઈ ધર્મી... અચ્છી તરહનો અર્થ? એકલા જ્ઞાન દર્શન લક્ષણે... જ્ઞાન દર્શન લક્ષણે એમ નહિ. ના, એમ નહીં. અચ્છી તરહ એટલે અનુભવ કરીને જાણે એમ. શુદ્ધ સ્વરૂપ જ્ઞાન દર્શન લક્ષણ એનો સ્વસ્વભાવની અભિમુખ થઈને જ્ઞાન દર્શન પરિપૂર્ણ હું લક્ષિત આત્મા છું એમ શુદ્ધાત્માના અભિમુખ થઈને જે અચ્છી તરહ અનુભવે, જાણે એનું નામ જાણ્યું. આમ તો અગિયાર અંગમાં આવી ગયું હતું ઘણું. નહોતી આ વાત આવી? અગિયાર અંગમાં વાત તો આવી હતી કે આ આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ છે. પણ એ જ્ઞાનદર્શન લક્ષણે લક્ષિત અંતર્મુખ સ્વભાવવાન આ સ્વભાવવાળો આત્મા સ્વભાવવાન ઐસા હૈ એવું અનુભવમાં નક્કી કરીને જાણવું એનું નામ જાણવું કહેવામાં આવે છે. એનું નામ જાણવું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

એટલે '**જો જ્ઞાની અચ્છી તરહ ઈન નિજ લક્ષણોંકો જાન લેવે વહ દેહકે ભેદસે જીવોંકા ભેદ નહીં માન સકતા.**' દેહનો ભેદ.. હમણા કહેશે, એ તો આત્માનો મૂળ સ્વભાવ એનો અભાવ, એનો વિકારનો સ્વાદ તેનાથી ઉત્પન્ન થયેલા કર્મો, તેનાથી મળેલી સામગ્રી અને વિકાર આદિનું લક્ષ પર્યાય-એ બધા સ્વભાવથી વિરુદ્ધ ભાવની ભાવનાથી થયેલા ભાવ અને એનાથી મળેલો સંયોગ એને ન દેખો તો એકલો આત્મા જ્ઞાન દર્શનના આનંદે ભરેલો અનુભવસંપન્ન છે એમ જે જાણે, અનુભવે તેને અલ્પકાળમાં મુક્તિ થાય. કહો, સમજાય છે કાંઈ? જુઓ, કહેશે.

'**જો જ્ઞાની અચ્છી તરહ ઈન નિજ લક્ષણોંકો જાન લેવે...**' પોતાના જ્ઞાન અને દર્શનસ્વભાવ દ્વારા... એમ ધારણા નહિ. ધારણા તો અગિયાર અંગની,.. અવગ્રહ, ઈહા, અવાય ધારણા પરલક્ષી અનંતવાર થઈ. એ નહિ. અંતર ભગવાન આત્મા જ્ઞાનદર્શન પૂર્ણ સ્વભાવથી લક્ષિત તો થાય છે પર્યાય દ્વારા, પણ આ ગુણ પરિપૂર્ણ છે એમ પર્યાયમાં પરિપૂર્ણ ગુણનું લક્ષ કરીને તે ગુણનો ધરનાર ભગવાન લક્ષિત કરવાલાયક છે. એમ જ્યાં અંતરમાં શુદ્ધપણાની

દૃષ્ટિ થઈ ત્યારે શુદ્ધના અનુભવમાં પૂર્ણ શુદ્ધ છું એમ પોતાનું પોતાને ભાન થયું. ત્યારે એને અચ્છી તરહ જાણ્યું કહેવાય. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અચ્છી તરહનો અર્થ?

ઉત્તર :- અચ્છી તરહનો અર્થ ભલી રીતે. જેમ છે તેમ. એમ. અચ્છી તરહ એટલે? આ જ્ઞાનમાં ધારણા કરી લીધી કે આવો આત્મા, એ ક્યાં એને (ભાસ્યો છે)? આમ અંતર જ્ઞાનદર્શન લક્ષણથી ભરેલું પૂર્ણ તત્ત્વ એ લક્ષ કરવાલાયક છે એમ અંતર્મુખમાં જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેણે જ્ઞાન દર્શનને પરિપૂર્ણ લક્ષવાળો હું છું એમ એણે જાણ્યું-માન્યું નથી. સમજાણું કાંઈ?

જુઓ, એ કહે છે. '**જો જ્ઞાની અચ્છી તરહ ઈન નિજ લક્ષણોંકો જાન લેવે વહ દેહકે ભેદસે જીવોંકા ભેદ નહીં માન સકતા.**' કેમ? કેમ? કે '**દેહસે ઉત્પન્ન જો વિષય-સુખ...**' જેને આત્માના લક્ષણે લક્ષિત ભગવાન આત્મા થયો નથી, અનુભવ્યો નથી એને '**વિષય-સુખ ઉનકે રસકે આસ્વાદસે...**' દેહથી ઉત્પન્ન થયેલું (વિષયસુખ). આત્માથી ઉત્પન્ન થયેલો આનંદ એના સ્વાદનો અનુભવ નથી એથી દેહથી ઉત્પન્ન થયેલું વિષયસુખ, એનો રસ એકાકાર જ્ઞેય કરીને એના સ્વાદથી, એનો જે આસ્વાદ વિકારનો, પુણ્ય-પાપનો એનાથી '**વિમુખ...**' ભાષા જુઓ! દેહના લક્ષે ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપનો વિકારી સ્વાદ એ સ્વાદથી વિમુખ શુદ્ધાત્માકી ભાવના, એ સ્વાદથી વિમુખ શુદ્ધાત્માની એકાગ્રતાનો સ્વાદ એનાથી રહિત. ત્રણપટો નકાર કર્યો. શું કહ્યું?

દેહથી ઉત્પન્ન એવું વિષયસુખ. પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન એ બધું વિષયસુખ છે, એ આકુળતાનું સુખ છે, આકુળતા છે. એ આકુળતા એનો સ્વાદ, એનો અનુભવ, એનાથી વિમુખ એવો શુદ્ધાત્માનો આનંદ સ્વાદ એટલે ભાવના—શુદ્ધાત્માની એકાગ્રતા. જે રાગની, પુણ્ય-પાપના સુખ-દુઃખની સ્વાદની એકાગ્રતા (હતી) એનાથી વિમુખ શુદ્ધાત્માની એકાગ્રતા. એ શુદ્ધાત્માની એકાગ્રતાથી રહિત. હવે ગુલાંટ ખાય છે પાછું. એ '**શુદ્ધાત્માકી ભાવનાસે રહિત જો જીવ ઉસને ઉપાર્જન કિયે...**' શું કહે છે? ભગવાન આત્મા પોતાના જ્ઞાનદર્શન પરિપૂર્ણ લક્ષણથી લક્ષિત થયેલો આત્મા, એના વેદનમાં તો અનાકુળ આનંદના સ્વાદનું રસનું વેદન હોય. એનાથી નવા કર્મ બંધાય નહિ, નવા કર્મ બંધાય નહિ. ત્યારે દેહના વિષયના સુખના સ્વાદમાં એનાથી વિમુખ શુદ્ધાત્માનો સ્વાદ એનાથી રહિત. સમજાય છે કાંઈ?

એવા '**શુદ્ધાત્માકી ભાવનાસે રહિત જો જીવ ઉસને ઉપાર્જન કિયે...**' એવા જીવે ઉપાર્જન કર્યા એવા '**જો જ્ઞાનાવરણાદિકર્મ,...**' પાઠમાં કર્મ સમુચ્ચય પડ્યા છે. '**यान्युपार्जितानि कर्माणि**' અર્થમાં ખુલાસો કર્યો છે. પહેલી લીટી છે. ૨૪૪. '**जीवेन यान्युपार्जितानि कर्माणि**' શું કહે છે? ભગવાન આત્મા પોતાનો નિજ સ્વાદ સ્વભાવ અતીન્દ્રિય આનંદની એકાગ્રતારૂપી

સ્વાદ ચૂકીને દેહના અને વિષયના પર તરફના ધ્યેયના લક્ષે જે પુણ્ય-પાપનો આકુળતાનો સ્વાદ એનું નામ દેહના વિષયથી ઉત્પન્ન થયેલો આનંદ સ્વાદ વિકારી. એનાથી વિમુખ ભગવાન આત્માનો સ્વાદ એનાથી રહિત વિકારી આનંદના સ્વાદથી ઉપાર્જેલા આઠ કર્મ. સમજાય છે કાંઈ?

'**ઉસને ઉપાર્જન કિયે જો જ્ઞાનાવરણાદિકર્મ, ઉનકે ઉદયસે ઉત્પન્ન હુએ...**' શું કહે છે? કે સ્વભાવ શુદ્ધ ચૈતન્ય પ્રભુ જ્ઞાનદર્શનના લક્ષણે લક્ષિત કરે અને પર્યાયમાં આનંદનો અનુભવ હોય એને બંધન હોય નહિ. એને નવું બંધન હોય નહિ, જૂનું બંધન છૂટી જાય. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ એને અંતરના જ્ઞાન અને દર્શનના સામાન્ય સ્વભાવના લક્ષણ દ્વારા, પર્યાયે એ લક્ષણ દ્વારા આ લક્ષ્ય આત્મા છે એમ જેને પર્યાયમાં આત્માના અનાકુળ આનંદનો સ્વાદ આવ્યો એને બંધન ન હોય, એને આવરણ ન હોય. નવા આવરણ (આવે) નહિ અને જૂના આવરણ રહે નહિ. એથી એમ કહે છે કે દેહના લક્ષે, વ્યવહારના લક્ષે, પરના લક્ષે (થયેલા ભાવો). શુભભાવ એ પણ દેહના લક્ષે ઉત્પન્ન થયેલો છે, પરના લક્ષે. સ્વના લક્ષે થાય નહિ. જે પુણ્યભાવ એ પરને લક્ષે ઉત્પન્ન થયો એનો જે સ્વાદ આકુળતાનો, એનાથી વિમુખ શુદ્ધાત્માનો સ્વાદ એકાગ્રતા. એનાથી રહિત અજ્ઞાનના સ્વાદને લઈને ઉપાર્જેલા આઠ કર્મ. એ આઠ કર્મના ઉદયથી મળેલી સામગ્રી. જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા, વીર્યની હીનતા, વેદનીયના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ, નામકર્મને લઈને સંયોગ વગેરે. '**જ્ઞાનાવરણાદિકર્મ, ઉનકે ઉદયસે ઉત્પન્ન હુએ દેહાદિકકે ભેદસે જીવોંકા ભેદ...**' એવા અલ્પજ્ઞાન, અલ્પદર્શન, અલ્પવીર્ય, પુણ્ય, પાપ, કામ, ક્રોધ, શરીર આદિના ભેદ. એના ભેદે જીવનો ભેદ જ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ?

આ તો પરમાત્મપ્રકાશ છેને. ભગવાન પરમાત્મસ્વરૂપ—પરમસ્વરૂપ, પરમ આત્મા પરમસ્વરૂપ, પરમસ્વરૂપ, અખંડ આનંદ આદિ પરમસ્વરૂપ એના લક્ષે આનંદની ઉત્પત્તિથી તો બંધન હોય નહિ, પૂર્વના આવરણ ટકે નહિ. એથી તેના લક્ષને છોડી, પુણ્ય અને પાપના વિકલ્પના લક્ષે દેહથી ઉત્પન્ન થયેલું એ બધું, એના વિષયે ઉત્પન્ન થયેલો, પરના લક્ષે ઉત્પન્ન થયેલો પુણ્ય અને પાપનો ભાવ, એનો જે સ્વાદ, એના સ્વાદથી વિપરીત આત્માના એકાગ્રતા ભાવનારૂપ સ્વાદ એનાથી રહિત. એનાથી રહિત જે પરની ભાવનાથી ઉપાર્જેલા કર્મો એનાથી બનેલો સંયોગ, એનાથી થયેલો સંયોગ, બહાર સંયોગ દેહનો ભેદ, વાણીનો ભેદ, કર્મનો ભેદ, અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પ વીર્યતા, પુણ્ય-પાપનો ભેદ એ બધો સ્વભાવના સ્વાદથી વિપરીત સ્વાદે ઉત્પન્ન કરેલા આઠ કર્મો એનું એ ફળ અને ભેદ છે. સમજાય છે કાંઈ?

'**દેહાદિકે ભેદસે જીવોંકા ભેદ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની કદાપિ નહીં માન સકતા.**' આહા..હા..! પોતાનો સ્વભાવ જ જ્યાં જ્ઞેય બનાવ્યો. પર્યાયમાં, વર્તમાન અવસ્થામાં

શુદ્ધાત્માભિમુખ પર્યાય કરી અને સ્વજ્ઞેયની પરિપૂર્ણતાને પર્યાયે જ્ઞેય બનાવ્યું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ દ્રવ્ય અને ગુણે એને વર્તમાન પર્યાયે અભિમુખ થઈ, સન્મુખ થઈને સ્વજ્ઞેય પરિપૂર્ણ દ્રવ્ય તેને જ્ઞેય બનાવ્યું એની દશામાં આનંદનો અનુભવ થયા વિના રહે નહિ. એના દ્વારા નવું કર્મ બિલકુલ બંધાય નહિ. આહા..હા..!

ભગવાન આત્મા એની ભાવના રહિત, એની ભાવના રહિત એટલે કે પૂર્ણ સ્વભાવની એકાગ્રતા રહિત, પુણ્ય-પાપના વિકલ્પમાં એકાગ્રતા સહિત, પુણ્ય-પાપના ભાવમાં એકાગ્રતા સહિત ઉપાર્જેલા આઠ કર્મ, એનાથી મળેલા હીનદશા અને વિકારભાવ અને સંયોગ, એનાથી આત્માને દેખે એ આત્માને બરાબર જોઈ શકતો નથી. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો અધ્યાત્મ અંતરની પરમાત્માની વાત છે. એ કાંઈ વાર્તાએ વડા થાય એવું નથી. વાર્તાએ વડા ક્યા કહતે હૈ? સમજો છો? નહીં તમારે હિન્દીમેં નહીં આતા હૈ? એમ કે આ વાત કરે અને વડા થઈ જાય. વડા નહિ ખોરાક? વહ તેલમેં નહીં વડા હોતા હૈ? એમ કે વાત કરતા વડા હો જાતા હૈ? તેલ જોઈએ, આટા જોઈએ ઉસમેં. તો વડા હોતા હૈ. વડા-વડા નહીં કહતે હૈ? દહીંવડા. અમલ કોને કહેવું? શ્રદ્ધા અને જ્ઞાનમાં એ વાત લેવી એનું નામ અમલ નથી? અમલનો અર્થ શું? અમલનો અર્થ શું?

ભગવાન નિર્મળાનંદ પ્રભુ એક સમયની પર્યાય જેટલો નહિ, પુણ્ય-પાપનો વિકાર છતો છે છતાં નહિ, બંધન નિમિત્તમાં છતું છે-વિદ્યમાન છતાં નહિ અને જે ચીજ વ્યક્ત પ્રગટ પર્યાયમાં નથી એને પૂર્ણ વીર્ય અને પ્રતીત દ્વારા દૃષ્ટિમાં લેવું એનું નામ અમલમાં, શ્રદ્ધા અને જ્ઞાનમાં અમલમાં આત્માને મૂક્યો એમ કહેવામાં આવે છે. અમલમાં શું મૂકવું હતું? દોડવું હતું ક્યાંય? અપવાસ કરી નાખવા હતા કે આણે પાંચ અપવાસ કર્યા અને આણે પચ્ચીસ કર્યા માટે વધી ગયો. ધૂળમાંય નથી. હવે લાખ કરેને અપવાસ. અપવાસ ક્યાં એની ચીજ હતી?

મુમુક્ષુ :- લૂગડાં કાઢી નાખે.

ઉત્તર :- લૂગડાં કોણ કાઢે? લૂગડાં હતા જ ક્યાં?

અહીં તો પુણ્ય-પાપના વિકલ્પની હયાતી છતાં, આઠ કર્મના બંધનના નિમિત્તપણાનો સંબંધ છતાં, અસંગ ભગવાન રાગ અને નિમિત્તથી અસંગ છું એવું જે વીર્યે, જે શ્રદ્ધાએ, જે જ્ઞાને પોતાના પૂર્ણ સ્વભાવને કબુલ કર્યું એને દૃષ્ટિમાં અલ્પજ્ઞતા રાગ અને નિમિત્તનો ત્યાગ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહા..હા..! વસ્તુ એક સમયમાં અલ્પજ્ઞ, વીર્ય અલ્પ, જ્ઞાન અલ્પ, દર્શન અને પુણ્ય-પાપના ભાવ એટલે ચાર ઘાતિ થઈ ગયા. ચાર ઘાતિ. જ્ઞાનાવરણીયના નિમિત્તમાં પોતાની અલ્પજ્ઞતા પોતાને કારણે, દર્શનાવરણીયના નિમિત્તમાં દર્શનની અલ્પતા, અંતરાયને કારણે વીર્યની અલ્પતા, મોહના નિમિત્તમાં પોતાને કારણે પુણ્ય-પાપની વિકારતા. અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા,

અલ્પવીર્યતા અને વિપરીતતા-વિકાર અને સંયોગ. ચાર ઘાતિ વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને સંયોગ. એ સંયોગ, વિકાર અને અલ્પજ્ઞતા જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો (કે) એ નહિ. એટલો હું નહિ, હું પૂર્ણાનંદ છું. સમજાય છે કાંઈ? આહા..હા..! હવે એ દૃષ્ટિનો ત્યાગ શું છે એ એને સમજાય નહિ. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- નજરે પડે નહિને.

ઉત્તર :- નજરે તો સૂક્ષ્મ પદાર્થ છે એ ન્યાયથી નજર પડે? આ આંખ તો જડ છે માટી. જ્ઞાન પ્રત્યક્ષ, જ્ઞાનમાં પ્રત્યક્ષ હોય, શું ઇન્દ્રિયથી પ્રત્યક્ષ છે આ જડથી? સમજાય છે કાંઈ? જ્ઞાન પ્રત્યક્ષ છે. જ્ઞાનનો સ્વભાવ પ્રત્યક્ષ છે તો જ્ઞાનમાં પ્રત્યક્ષ કરીને જાણે. રાગાદિ પુણ્યાદિ વિકલ્પો અને અલ્પજ્ઞતા એટલો નહિ. એ તો પૂર્વના ઉપાર્જેલા કર્મના નિમિત્તના સંબંધમાં એ હીણી અને વિપરીત દશા અને સંયોગ એટલે આઠેય કર્મ આવી ગયા, આઠેય કર્મ આવી ગયા. સમજમેં આયા? જ્ઞાનની હીણતા, દર્શનની હીણતા, વીર્યની હીણતામાં ત્રણ કર્મનું નિમિત્ત આવ્યું, પોતાનું ઉપાદાન અને વિકારની વિપરીતતા એમાં મોહનું નિમિત્ત આવ્યું. ચાર અને વેદનીયને લઈને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ, આયુષ્યને લઈને શરીર આદિની સ્થિતિ, નામકર્મને લઈને જશ-અજશની પ્રાપ્તિ કે આ શરીર, મન, વચનની પ્રાપ્તિ અને ગોત્ર કર્મને લઈને ઉચ-નીચની પ્રાપ્તિ—એ બધું મારું નથી. એ બધું ઉપાર્જેલા, આત્માના આનંદના સ્વાદથી વિપરીત ઉપાર્જેલા વિકારના ભાવના એ ફળરૂપે, કર્મ અને કર્મના ફળરૂપે આ સંયોગ (છે). આહા..હા..!

એવો અંતરમાં ભગવાન આત્મા સ્વભાવની દૃષ્ટિ કરે એને આ દૃષ્ટિ ઉડી જાય છે. માટે બીજા જીવોને કર્મના સંયોગે, એની અલ્પજ્ઞતા આદિના ભેદે જીવનો ભેદ જ્ઞાની કરતો નથી. આહા..હા..! જીવપણું કોને કહીએ? ખરેખર લ્યો. ધ્યાન રાખો, કર્મ, શરીર એ અજીવ. પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ. અલ્પજ્ઞ પર્યાય, અલ્પદર્શી, અલ્પવીર્ય એ વ્યવહારનયનો પર્યાયજીવ છે. વ્યવહારનયનો પર્યાયજીવ છે, દ્રવ્યજીવ નહીં. સમજાય છે કાંઈ? શું કહ્યું? ત્રણ પ્રકાર પાડ્યા—એક તો આ સંયોગી ચીજ છે એ પર છે. કર્મ હો, શરીર હો, વાણી હો એ પર. એક. આત્મામાં પુણ્ય-પાપના વિકાર થાય એ વિકારી ભાવ આસ્રવતત્ત્વ છે. બે. અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્યતાની વર્તમાન પ્રગટ અંશ અવસ્થા એટલો તો વ્યવહારનયનો પર્યાય આત્મા છે, નિશ્ચય આત્મા નહિ. આહા..હા..! નિશ્ચય દ્રવ્યનો આત્મા તો અખંડ પરિપૂર્ણ સ્વભાવ. આહા..હા..! આ ભારે આવ્યું! સમજાણું કાંઈ?

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં દ્રવ્યસ્વરૂપ. અહીં તો એ વાત લેવી છેને, પૂર્ણ જ્ઞાનદર્શન લક્ષણે લક્ષિત. પર્યાય નહિ. પૂર્ણ દર્શને લક્ષણે લક્ષિત. ભલે થાય પર્યાયમાં વેદન, પણ પૂર્ણ સ્વભાવે, પૂર્ણ લક્ષણે પૂર્ણ દ્રવ્યનું લક્ષ કર્યું એવા આત્માને જેણે રાગરહિત એકત્વ સ્વભાવમાં

થઈ વીતરાગ સ્વસંવેદન દ્વારા આત્માને જેણે જાણ્યો (કે) આ આત્મા પરથી ભિન્ન છે. એવી રીતે બધા આત્માને પરથી ભિન્ન જ્ઞાની જાણે છે. પર્યાયદૃષ્ટિથી એનું જે સ્વરૂપ વર્તમાન ભિન્ન-ભિન્ન વર્તે એ પર્યાયથી છે એમ જાણે છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીમાં પર્યાયભેદે ભેદ છે એટલું પર્યાયથી, વ્યવહારનયથી જાણે છે. વસ્તુ તરીકે આ જાણે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

સંવર-નિર્જરાની પર્યાય પણ એક સમયની અવસ્થા, મોક્ષ પણ એક સમયની અવસ્થા, સિદ્ધપદ એક સમયની અવસ્થા. પુણ્ય-પાપ એ આસ્રવતત્ત્વ. શરીર, કર્મ અજીવ એ જડતત્ત્વ. જડ, આસ્રવ અને એક સમયની અવસ્થા એ બધું વ્યવહારનયનો વર્તમાન વિષય થયો. એને ગૌણ કરીને જ્યાં આત્મા પૂર્ણ દર્શન, જ્ઞાન લક્ષણે લક્ષિત થયો કે હું તો પરિપૂર્ણ સ્વભાવ છું. એવું ભાન થતાં પર્યાયમાં વેદન આવ્યું, પણ એ વેદન આત્મા સાથે અભેદ છે. એ રીતે બધા આત્માને દ્રવ્યદૃષ્ટિએ વસ્તુથી જોવે છે તેથી એને સમભાવ... સમભાવ... કોઈ પ્રત્યે વિરોધ, કોઈ પ્રત્યે મિત્રની એકતા દૃષ્ટિમાં આવતી નથી. સમજાણું કાંઈ? સિદ્ધ મિત્ર અને માથું કાપનારો શત્રુ એ બેય વૃત્તિ-વિકલ્પ દૃષ્ટિમાં આવતો નથી. એ તો સંયોગ છે. સંયોગ તો મારામાં નથી. તેમ એ સંયોગ બીજો આત્મા કરે એનામાં પણ નથી. એણે તો વિકલ્પ કર્યો છે એક. તો વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ જીવ નથી. એને શરીરની ક્રિયા આમ આમ થઈ, આમ આમ થઈ એ તો જડ અજીવતત્ત્વ છે એટલે એણે કાંઈ કર્યું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ તો પરમાત્મપ્રકાશ છેને. આહા..હા..! ભગવાન પોતે પરમ આત્મ. બહિરાત્મા, અંતરાત્મા નહિ અને અહીં તો પરમાત્મા. પરમાત્મ પોતાનું સ્વરૂપ, પરમ સ્વરૂપ પૂર્ણ દર્શન જ્ઞાન પરમ સ્વરૂપ એનાથી લક્ષિત પૂર્ણ દ્રવ્ય. એ રીતે જ્યાં પરમાત્મસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું, ભલે એ વર્તમાન અંતરાત્મા છે પર્યાયે, પણ દૃષ્ટિમાં પરમાત્મા છે. સમજાય છે કાંઈ? તો અંતરાત્માની પર્યાય પણ એક સમયની અવસ્થા છે અને આ વસ્તુ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... દૃષ્ટિનો વિષય પૂર્ણ છે. દૃષ્ટિનો વિષય દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિ સમ્યક્ છે એ પર્યાય છે, પણ એનો વિષય-દૃષ્ટિનો વિષય પર્યાય નથી, પૂર્ણ છે. આહા..હા..!

'**भूदत्थमस्सिदो**'ની વ્યાખ્યા ચાલે છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो ववहारो**' એ સૂત્ર મહાસિદ્ધાંત. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ પરિપૂર્ણ દર્શન-જ્ઞાન લક્ષણે લક્ષિત એવો ભૂતાર્થ પદાર્થ ત્રિકાળ એવી જ્યાં દૃષ્ટિ થઈ, પર્યાય અભૂતાર્થ, મારી પર્યાય અભૂતાર્થ, બીજાની અભૂતાર્થ. નથી એમ નહિ, છે ખરી, પણ તે દૃષ્ટિમાં આશ્રય કરવાલાયક નથી માટે તેને અભૂતાર્થ કહીને, ગૌણ

કરીને આ જ આત્મા મારો અને એવા જ બધા આત્મા છે. આહા..હા..!

કોઈ નિંદા કરતો હોય તો નિંદાનો તો ફક્ત વિકલ્પ છે એની પાસે. તો વિકલ્પ તો આસ્રવ છે. એ જીવ છે? અને અક્ષર લખાણા ચોપડામાં એ તો અજીવતત્ત્વની પર્યાય થઈ છે. શું એ વિકલ્પને લઈને પર્યાય થઈ છે? પત્રમાં લખવામાં આવ્યું. એ પત્ર તો પરમાણુની પર્યાય છે, એ તો અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વનો એ જીવ કર્તા છે? અને ખરેખર એ વિકલ્પ છે એ જીવનું સ્વરૂપ છે? એટલે એણે નથી કર્યું કાંઈ. એણે તો જાણવા-દેખવાનું (કાર્ય કર્યું), એની એને ખબર ભલે ન હોય. સમજાય છે કાંઈ? કોણ કોની નિંદા કરે? કોણ કોની પ્રસંશા કરે? કોણ કોને હેઠો ઉતારે? સમજાય છે કાંઈ? લાખ અપરાધ કરતો હોય વિકલ્પમાં, પણ એ તો આસ્રવતત્ત્વ છે. એ જીવતત્ત્વ છે? અને અક્ષરે બોલાતું હોય ભાષાથી કોઈ વિરુદ્ધ ભાષાથી. એ તો અજીવતત્ત્વની પર્યાય થઈ. શું એણે કરી છે? એ દ્રવ્ય-ગુણનો પર્યાય એણે કર્યા છે? એ પાનામાં લખાણું એ તો પર્યાય થઈ. એ તો પરમાણુની એક સમયની પર્યાય પરમાણુની અજીવપર્યાય છે. એ અજીવપર્યાય છે. શું એને આસ્રવતત્ત્વે અજીવપર્યાય કરી છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન સામાન્ય, કેવળજ્ઞાન દર્શને લક્ષિત. આહા..હા..! એ પરમાત્મા જ લક્ષમાં આવ્યો. સામાનો જીવ પરમાત્મા જ ભાળે છે. ઓલો અંતરાત્મા તરીકે પર્યાય છે એ વ્યવહારનયનો વિષય છે અને પ્રગટ પર્યાય પરમાત્માની એ વ્યવહારનયનો વિષય છે. આ તો આખો પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ ગુણે પૂર્ણ દ્રવ્ય, પૂર્ણ ગુણે પૂર્ણ દ્રવ્ય. સમજાણું કાંઈ? શું થાય પણ એ કાંઈ...? એ તો એને ભાસે ત્યારે એની કિંમત થાય. નહિતર તો એની કિંમત કાંઈ લાગે નહિ કે આ બહારથી આ છોડીને બેઠો, આ છોડીને બેઠો.

મુમુક્ષુ :- અહીં તો હથેળીમાં ચાંદ બતાવવા જેવી વાત છે.

ઉત્તર :- વસ્તુ જ એવી છે. હથેળીમાં શું? વસ્તુ જ એવી છે.

ભગવાન મહાન પદાર્થ મોટો મહિમાવાળો જ્ઞાન-દર્શનથી ભરેલો એવો પ્રભુ. જ્ઞાન-દર્શન જ અહીં લીધા છેને? ૧૯૨માં એ લીધુંને? '**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं**' '**अदिंदियमहत्थं**' અતીન્દ્રિય તો બીજા પદાર્થ અતીન્દ્રિય છે, પરમાણુ અતીન્દ્રિય છે, છએ દ્રવ્ય અતીન્દ્રિય છે. કોઈ દ્રવ્ય ઇન્દ્રિયગ્રાહ્ય નથી. એ તો પુદ્‌ગલના પરમાણુના સ્કંધનો વિભાવપર્યાય આ દેખાય છે. એ ઇન્દ્રિયગ્રાહ્ય છે. પરમાણુના ઘણા સ્કંધનો પર્યાય દેખાય છે. કોઈ દ્રવ્ય છે એ તો બધા અતીન્દ્રિય છે. છએ દ્રવ્ય અતીન્દ્રિય. અને પરમાણુ એ પુદ્‌ગલ છે. (શરીર) આખું પુદ્‌ગલ નથી. એ કાલે આવ્યું હતું ભાઈ સજ્ઝાયમાં. નિયમસારમાં. સ્કંધ છે એ વ્યવહાર પુદ્‌ગલ છે, આ તો ઔપચારિક પુદ્‌ગલ. પુદ્‌ગલ તો એક પરમાણુ છે. તો એક પરમાણુ અને

બધા દ્રવ્યો અરૂપી આદિ બધા અતીન્દ્રિય છે, ઇન્દ્રિયગ્રાહ્ય કોઈ છે જ નહિ. સમજાય છે?

હવે જ્યાં આગળ અતીન્દ્રિય આત્મા જ્ઞાન દર્શનના લક્ષણે લક્ષિત થયો ત્યાં ક્યા દ્રવ્યને એ પોતે માને કે આ પરમાણુવાળો જીવ છે, વિકારવાળો જીવ છે, અલ્પજ્ઞ અલ્પદશાવાળું દ્રવ્ય છે? સમજાય છે કાંઈ? પોતાની પર્યાય, રાગ અને નિમિત્તને જ્યાં ગૌણ કર્યાં. છતા છતા ગૌણ કર્યાં, વિદ્યમાન છતાં ગૌણ કર્યાં, તો બીજાની વિદ્યમાન દશા છતાં ગૌણ કરીને (જોયું કે)એ આત્મા છે. એણે રાગ પણ કર્યો નથી, એ તો આસ્રવતત્ત્વ છે. એણે નિંદા પણ કરી નથી, એ તો ભાષાની પર્યાય છે. એણે પ્રશંસા પણ કરી નથી. કોઈ પ્રશંસા કરે કે તમે આવા.. આવા. એ શું કરે? એને તો વિકલ્પ થયો છે. ભાષા થઈ તે એનાથી થઈ છે? એ તો પરમાણુની પર્યાય, ભાષાવર્ગણાની પર્યાય થઈ છે. કે પરમાણુની ભાષા વર્ગણાવાળી પ્રશંસા કરે છે એની? એને વિકલ્પ આવ્યો તો એ આસ્રવતત્ત્વ છે. એનાથી રહિત એ છે. એટલે પ્રશંસાવાળાને સાંભળીને અહીંયાં હરખ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો આ ગુજરાતી આવ્યું એટલે આટલું સ્પષ્ટ આવ્યું. હિન્દીમાં અટકવું પડે. સમજાણું કાંઈ? હિન્દીમાં જરી ભાષા ગોતવી પડે છે.

આ વસ્તુ ભગવાન આત્મા... આત્મા ને? કે આસ્રવ? આત્મા ને? કે અજીવ? પૂર્ણ આત્મા ને? કે એક સમયનો? એ અહીંયા યોગીન્દ્રદેવ કહેવા માગે છે. દિગંબર મુનિઓ જંગલમાં મસ્તી માણતા હતા. આહા..હા..! પરમાત્મા સાથે વાતું કરતા હતા. એક ભાઈ હતો નહિ ઓલા? ગિરધરભાઈ હતા. ત્યાં વડવા, નહિ? ભોજ-ભોજ. ભોજ હતા એક. ભોજક. પછી એની એવી ટેવ. ભોજક એ ગાવાવાળો. પ્રતિમા પાસે જાય ભગવાન પાસે. ભગવાન! હવે તમારે પ્રસન્ન થાવું છે કે નહિ? ભગવાનને કહે મૂર્તિને કે હવે અમે ક્યાં સુધી તમારી સેવા કરીશું? કહો. એ બહારની સાથે વાતું કરે, આ અંતર સાથે વાતું કરે છે.

ભગવાન! તું પરિપૂર્ણ છો. હું તને અપૂર્ણ માની શકું? તું પરિપૂર્ણ છો તેને હું આસ્રવવાળો માની શકું? તું પરિપૂર્ણ છો. હું એને શરીર અને અજીવવાળો માની શકું? સમજાય છે કાંઈ? ચૈતન્યબિંબ પડ્યું છે આખું. અનંતગુણનો કંદ મહા બિંબ આખી પાટ પડી છે મોટી. જેમ બરફની પાટ હોય શીતળ. પાટ સમજ્યાને પાટ? શિલા. એમ ચૈતન્ય શિલા અરૂપી પણ વસ્તુ છેને. અવસ્તુ છે? વસ્તુ અરૂપી કંદ છે, નિજાનંદ સહજાનંદ પૂર્ણ છે. દળ પડ્યું છે આમ શરીર પ્રમાણે ભિન્ન. એવા આત્માને હું અપૂર્ણ માનું? એને આસ્રવવાળો માનું? એને સંયોગવાળો માનું? તો બીજાને એમ માનું? કે બીજા સંયોગવાળો એ આત્મા, આસ્રવવાળો એ આત્મા, અલ્પજ્ઞ વર્તમાન દશા વર્તે એટલો એ આત્મા. જ્ઞાયકતત્ત્વની ભૂલ પડી ગઈ. સાત તત્ત્વ છે કે નહિ? અજીવતત્ત્વ ભિન્ન, આસ્રવતત્ત્વ ભિન્ન અને અલ્પજ્ઞ નહિ. જે જ્ઞાયકભાવ, આખો

જ્ઞાયકભાવ. સમજાય છે કાંઈ? સંવર-નિર્જરા ભિન્ન તત્ત્વ ગણ્યું છે. છે તો નિર્મળ પર્યાય, પણ ભિન્ન તત્ત્વ. કેમકે એક સમયની પર્યાય છે. મોક્ષતત્ત્વ ભિન્ન ગણ્યું છે. કેમકે મોક્ષતત્ત્વ એક સમયની પર્યાય છે. આસ્રવ, બંધ, અજીવ આમ નીકળી ગયા. નિર્મળતામાં સંવર-નિર્જરા-મોક્ષ નીકળી ગયા પર્યાય. એક રહી ગયો જ્ઞાયક આત્મા. સમજાય છે કાંઈ? સાત તત્ત્વમાં એ કહ્યું છે. કાંઈ બીજું કહ્યું છે? આહા..હા..!

ભૂતાર્થ ભગવાન આત્મા એક ત્રિકાળ-ત્રિકાળ. અરે..! એ તે દૃષ્ટિ તો લાવે. આહા..હા..! મોક્ષ એક સમયની પર્યાય, સંવર-નિર્જરા એક સમયની પર્યાય. શુદ્ધ પણ એક સમયની. આસ્રવ-બંધ વિકારી પર્યાય. પોતાનો ભાવબંધ હોં વિકારી એક. ઓલો જડબંધ અજીવમાં જાય. જડ બંધ અજીવતત્ત્વમાં ગયું. જડ બંધ, જડ આસ્રવ, જડ .. કે આવે એ બધું જડમાં ગયું અને આની કોરમાં સંવર, નિર્જરા, મોક્ષ ત્રણ પર્યાય અને એક કોરમાં જ્ઞાયકભાવ. હવે જ્ઞાયકભાવને સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય જેટલો માનવો છે? ઓલી પર્યાય તો ફરે છે, ઓલું તો એકરૂપ રહે છે ત્રિકાળ. સમજાય છે કાંઈ? આહા..હા..! આચાર્યોએ કાંઈ વાત નથી કરી. આ તો અલૌકિક વાતને સિદ્ધ કરી છે. એમ સમજો નહિ કે આ પંચમ આરાના મુનિઓ હતા અને એણે... અરે..! પંચમ આરા... પણ પરમાત્મા હતો કે નહિ? સાંભળને હવે. પંચમ આરાનો આત્મા છે? આત્માને લાવો હવે કાળવાળો આત્મા કહો. કહો, આત્મા પંચમકાળવાળો છે? આત્મા ચોથા કાળવાળો છે? આત્મા નારકીના ક્ષેત્રવાળો છે? આત્મા માણસના ક્ષેત્રવાળો છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વૈભવની અપેક્ષાએ તો...

ઉત્તર :- ધૂળમાં વૈભવ રહ્યો અજીવમાં ધૂળમાં. અજીવમાં નાખ્યા ધૂળમાં છે. શરીરનો રોગ-અરોગ ધૂળ અજીવમાં ગયો. આત્માને શું છે? સમજાય છે કાંઈ? અરે! સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય એક સમયનો પર્યાય તે ખરેખર અભૂતાર્થ છે. આહા..હા..! એ કેવળજ્ઞાન, કેવળદર્શન સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, એ કાંઈ નિશ્ચયનો વિષય નથી. સદ્ભૂત વ્યવહાર. પર્યાય અંશ પડી ગયોને, ભેદ પડી ગયોને.

ભગવાન આત્મા અહીં તો જ્ઞાનદર્શન પરિપૂર્ણ હોં. પરિપૂર્ણ લક્ષણ સામાન્ય જ્ઞાનદર્શન, કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વભાવ એનાથી સ્વભાવવાન એ તો અભેદ થઈ ગયો. એમ દૃષ્ટિ થતાં **'ભેદ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની કદાપિ નહીં માન સકતા.'** અપનેમેં નહીં માનતે. દૂસરેમેં નહીં. ઓલો રાડ નાખે. અરરર! પણ આવા-આવા કર્મ અને આવા પાપીને આવો આત્મા માનવો અત્યારે? હવે સાંભળને. આ કસાઈનો આત્મા, કોઈ કહે એલા કસાઈનો આત્મા છે? કસાઈનો ભાવ છે એક સમયની પર્યાય. શરીર પણ અજીવ અને બહારની ક્રિયા એ પણ રાડ

નાખે બિચારા. અરરર! એમ કરીને. કાલે બહુ આવ્યું પાછું. આ લોકો એક દ્રવ્યને બીજા દ્રવ્યની અસર માનતા નથી એ સારા ભારતક્ષેત્રના નાશ કરનારા છે. અરર! એવું આવ્યું છે. બધા એના પ્રમાણમાં થાય છે ...ને લઈને. આર્યતાનો નાશ કરનારા છે. અરે ભગવાન! એક રજકણની પર્યાય બીજાને અડે, અડેની વ્યાખ્યા? છુએ એની વ્યાખ્યા શું? વ્યાખ્યા શું?

દરેક એક સમયમાં અનંત પદાર્થ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... એમ અનાદિથી ચાલ્યું આવે છે આમ ને આમ. અનંત પદાર્થ-અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણું, ધર્માસ્તિ, અધર્માસ્તિ. એમ વર્તમાન-વર્તમાન દરેકનો અનંતો ઉત્પાદ વર્તમાન.. વર્તમાન... વર્તમાન... વર્તમાન... બીજે સમયે વર્તમાન, ત્રીજે સમયે વર્તમાન. એમાં દરેકમાં અનંતા ગુણોના અનંતા ઉત્પાદ એક સમયમાં અને બીજાના એમ અનંત ગુણોનો ઉત્પાદ (એક સમયમાં થાય છે). એ એક સમયમાં આમ બધું છે. હવે આને લઈને આ અને આને લઈને આ એવું છે ક્યાં? એનો અર્થ જ કે બીજી ચીજને નિમિત્ત કહેવાય. આને લઈને આ (હોય) તો નિમિત્ત કહેવાય નહિ. આ વસ્તુ.

આખું દળ એમ ને એમ અનાદિથી અનંત આત્માઓ, અનંત પરમાણુઓ સમય-સમયમાં ઉત્પાદ-ઉત્પાદ, પૂર્વનો વ્યય, વર્તમાન ઉત્પાદ આપણે ત્યાં ઉત્પાદ. એવા અનંત પદાર્થો વર્તમાનમાં ઉત્પાદપણે આમ થઈ રહ્યા છે બધા. હવે આનો ઉત્પાદ આને લઈને અને આનો ઉત્પાદ આને લઈને ઈ છે ક્યાં વસ્તુમાં? એટલે કે એનો અર્થ એ કે આની અસર આનામાં, આનો પ્રભાવ આનામાં (હોઈ શકે નહિ). ભગવાન! જરી શાંત તો થા બાપુ! આ તો આર્ય આત્માની વાત છે. તીર્થંકરો આર્ય હતા. ઓહો..હો..! મહાન આર્ય. સરળતા. એટલે જેવો સ્વભાવ સીધો છે એવો પ્રગટ થઈ ગયો. એ મહાન આર્ય. એ મહાન આર્ય પુરુષોની વાતું એ મહા આર્ય થયા વિના સમજાય એવી નથી. સમજાય છે કાંઈ? કહો, રતિભાઈ! આહા..હા..!

જુઓ, '**દેહાદિકકે ભેદસે જીવોંકા ભેદ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની...**' કોના ઉપર દ્વેષ? એ આણે આ લખ્યું. એ શું એનો અર્થ? એનો અર્થ શું? એણે લખ્યું છે? તો અજીવતત્ત્વની શ્રદ્ધા તારી ક્યાં ગઈ? એના ભાવનો ખ્યાલ આવ્યો-પ્રસિદ્ધિ (થઈ) કે આનો ભાવ આટલો, આ જાતનો વિકલ્પ એ ખ્યાલ આવ્યો. એ વિકલ્પ ખરેખર સ્વરૂપમાં તો છે નહિ. સમજાણું કાંઈ? એ આવું આણે લખ્યું. બધું ઠીક છે, જ્યાં છે ત્યાં છે. એમ આત્માની દૃષ્ટિ થયા વિના સમભાવ કોઈ રીતે થાય નહિ. આમ કહે, સમભાવ કરો... સમભાવ કરો. શું સમભાવ કરે પણ? યથાર્થ વસ્તુના સ્વભાવના ભાન અને વિવેક વિના સમભાવ સહજ થઈ શકે નહિ. સહજ ન થઈ શકે. આમ રાખો આપણે દ્વેષ ન કરો. એ તો હઠ થઈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વિકલ્પ આવે, પણ એના વિકલ્પ ઉપર ક્યાં વજન છે? એ તું પોતે એમાં ક્યાં આવી ગયો છો? વિકલ્પ આવે એમાં ક્યાં આત્મા આવી ગયો છે? એટલે ખલાસ થઈ ગયું, એ વિકલ્પ વ્યય થઈ ગયો. સમજાણું? આ તો ભાઈ રમતું અંતરની છે. 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે.' ખબર છે તમારે? એના ગામમાં થયું હતું. આ રાણપુર છેને. સાડા ચારસો વર્ષ પહેલાં એક રાજા હતો. અત્યારે ગઢ છે સાડા ચારસો વર્ષ પહેલાનો. મોટો ગઢ છે. મજબુત ગઢ છે. યાદગીરી માટે ઇતિહાસે રાખ્યો. નીચે પૂરીને શું કહેવાય આ? સીસમ નહિ, સીસું. સીસું નાખીને ગઢ રાખ્યો છેને? ગયો હતો. એક ફેરી જોવા ગયા હતા ઘણા વર્ષ પહેલાં. ગઢ છે. તો એના રાજા હતો. તો રાણો રમત કરતો હતો. રમતું. રમત સમજ્યાને? ચોપાટ. કટક આવ્યું લશ્કર. આ રમતો હતો. 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે' કિનારું ગામ છે ત્યાં બે માઈલ છે રાણપુરથી. ઓલો રમત... પણ કહે આ આવ્યું. આ મારશે બાયડ્યું બાયડ્યુને લઈ જશે. રાણી હતી બહુ હુશિયાર. પછી ઉઠ્યો, પછી ગયો, પછી હારી ગયો તો નહોતો પણ જરી એણે લક્ષણ બતાવ્યું હતું, એવું કહ્યું હતું એણે કે ત્યાં આગળ મારી જો ધ્વજા પડી જાય તો સમજવું કે હું હારી ગયો. તો વચમાં કોકે એની ધ્વજા પાડી નાખી એટલે રાજા હારી ગયો. એટલે રાણીઓ હતી અહીં રાણીઓ એ ત્યાં કૂવો છે અત્યારે કૂવો મોટો. ભૂ... પડી, સેંકડો રાણી મરી ગઈ ત્યાં પડીને. એ કૂવો. જોયું છેને. કૂવો પણ જોયેલો છે. એમાં રાણીઓ પડી હતી.

એમ અહીં કહે છે કે એલા! રાણા રમતું મેલ, આ આવ્યા કાળ કિનારે. પરની સાથે રમતું ક્યાં સુધી તારે કરવી છે? સમજાણું કાંઈ? તારું રાજ સંભાળવું છે કે નહિ? પુણ્ય અને પાપની રમતું માંડી, સંસાર ઉભો કર્યો, એ તારી રમતું નહિ ભાઈ! તારી રમતું તો જ્ઞાન, દર્શનના લક્ષણે લક્ષિત આત્માને કરવો એ તારી રમત. સમજાણું કાંઈ? બાકી લાખ વાત હોય ને કરોડ વાત, દુનિયા એને ઘરે રહી.

અહીં કહે છે, દેહના ભેદે પૂર્વના ઉપાર્જનથી ભેદો દેખાય છે એ પોતાના આત્માના પૂર્વના ઉપાર્જનને લઈ સંયોગને પણ જે પોતામાં દેખતો નથી અને ઘાતિકર્મના નિમિત્તમાં પોતાની અશુદ્ધ ઉપાદાનની પર્યાય હીણી પડે એને પણ મુખ્યપણે ગણતો નથી, એ આત્માના લક્ષે લક્ષિત થયેલો બીજાને મુખ્યપણે કેમ એને ગણે? બધા ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલા છે. સમજાય છે કાંઈ? '**દેહમેં ભેદ હુઆ તો ક્યા, ગુણસે સબ સમાન હૈં,...**' ગુણ તો સમાન છે, સામાન્ય આમ લઠ્ઠા પડ્યા છે. ચૈતન્યનો લઠ્ઠ ચિદ્રૂપ... ચિદ્રૂપ... ચિદ્રૂપ... ચિદ્રૂપ... એનું રૂપ તો એ છે. વિકાર પરિણામ એનું રૂપ છે? શરીર એનું રૂપ છે? કર્મ એનું રૂપ છે? વાણી એનું રૂપ છે? બિલકુલ નહિ. સમજાણું? '**દેહમેં ભેદ હુઆ તો ક્યા, ગુણસે સબ**

**સમાન હૈં, ઔર જીવ-જાતિકર એક હૈં.**' બે વાત લીધી. ગુણસે સમાન અને જાતિકર એક. જીવ જાતિ એક જાતિ છે. આખી જાત પડી છે ભગવાનની. આહા..હા..! એ વીર્યની ખુમારીનો પાવર તો લાવે. વાતું કરવી કે આ કર્યા ને તે કર્યા ને મૂક્યા. હજી આ વસ્તુ શું છે એની તો ખબર નથી.

'**યહાં પર જો કોઈ બ્રહ્માદ્વૈતવાદી...**' ઓલી જાતિ એક કીધીને એટલે તર્ક ઉઠાવ્યો. '**વેદાન્તી નાના જીવોંકો નહીં માનતે હૈં,...**' વેદાંતી, બ્રહ્મદ્વૈતવાદી જુદા-જુદા અનેક આત્માને નથી માનતા. '**ઔર વે એક હી જીવ માનતે હૈં,...**' એક જીવ માને છે. '**ઉનકી યહ બાત અપ્રમાણ હૈ.**' જૂઠી છે. પ્રમાણમાં સાચાના જ્ઞાનમાં આવતી નથી. અપ્રમાણ સમજે? સાચા જ્ઞાનમાં એ વાત આવતી નથી. ખોટી છે ઈ. '**ઉનકે મતમેં એક હી જીવકે માનનેસે બડા ભારી દોષ હોતા હૈ.**' વેદાંત એક જ આત્મા માને. અહીં તો જાતિ અપેક્ષાએ એક કહ્યા, ગુણ અપેક્ષાએ એક કહ્યા છે, પણ સંખ્યા અપેક્ષાએ એક માને છે એ એક માને તો '**બડા ભારી દોષ હોતા હૈ. વહ ઈસ તરહ હૈ, કિ એક જીવકે જીને-મરને,...**' એક જીવે તો બધા જીવવા જોઈએ, એક મરે તો બધા મરવા જોઈએ. એક સુખી સંયોગવાળા તો બધા સુખ સંયોગવાળા (હોવા જોઈએ), એક દુઃખી તો બધા દુઃખી હોવા જોઈએ, એક રોગી તો બધા રોગી હોવા જોઈએ, એક નિરોગી તો બધા નિરોગી હોવા જોઈએ. એમ '**સબ જીવોંકે ઉસી સમય જીના, મરના, સુખ, દુઃખાદિ હોના ચાહિયે,...**' જો એક હોય તો. એમ છે નહિ.

'**ક્યોંકિ ઉનકે મતમેં વસ્તુ એક હૈ.**' એક હોય તો એકપણાનું જીવન, એકપણાનું મૃત્યુ, એકપણાનું સુખ-દુઃખની કલ્પના અથવા સંયોગ. બધું એક સરખું જોઈએ. એક સરખું છે નહિ. માટે એક પ્રકારના જીવ છે નહિ. એક જ જાતનો જીવ છે એમ નહિ. જીવ ભિન્ન... ભિન્ન... ભિન્ન છે. '**પરંતુ ઐસા દેખનેમેં નહીં આતા. ઈસલિયે ઉનકા વસ્તુ એક માનના વૃથા હૈ, ઐસા જાનો.**' લ્યો! હવે બે લક્ષણ ઉપર આ ત્રીજું લક્ષણ નાખે છે હવે. હવે અહીંયા સુધી જ્ઞાનદર્શન લક્ષણ લીધું. ૧૦૨માં હવે ચારિત્ર લક્ષણ નાખે છે.

'**આગે જીવ હી કો જાનતે હૈં, પરંતુ ઉસકે લક્ષણ નહીં જાનતે, વહ અભિપ્રાય મનમેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—**' ૧૦૨.

૨૨૯) देह-विभेयइँ जो कुणइ जीवइँ भेउ विचित्तु।
सो णवि लक्खणु मुणइ तहँ दंसणु णाणु चरित्तु।।१०२।।

ત્રણ લક્ષણ. એકના બે અને બેના ત્રણ. જ્ઞાનલક્ષણ કહ્યું હતું પહેલું, પછી જ્ઞાનદર્શન બે લક્ષણ કહ્યા હતા, પછી અહીંયા જ્ઞાનદર્શન (ચારિત્ર) ત્રણ લક્ષણ. અનેક ગુણ સંપન્ન છે માટે

એક જ ગુણ એમાં છે એમ છે નહિ. નીચે અર્થ.

'**જો શરીરોંકે ભેદસે...**' '**જીવાનાં**' '**જીવોંકા...**' '**વિચિત્રમ્**' '**નાનારૂપ ભેદ કરતા હૈ, વહ ઉન જીવોંકા દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણ નહીં જાનતા,...**' હવે આવ્યું. શું કીધું? કોઈપણ પ્રાણી બીજા પ્રાણીના દેહના ભિન્ને, વિકારના ભિન્ને એ આત્માની ભિન્નતા જાણે છે. સમજાણું કાંઈ? '**ઉન જીવોંકા દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણ નહીં જાનતા,...**' એનું દર્શન-જ્ઞાન-ચારિત્ર તે અભેદ લક્ષણ ભગવાન એને એ જાણતો નથી. એ જ્ઞાન-દર્શન-ચારિત્રના લક્ષણવાળો એ આત્મા છે. અને તું ભેદે ભેદ જાણ, પણ એ જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણ ગુણસંપન્ન ભગવાન છે. ભેદ જાણે છો તો આ અભેદને તું જાણતો નથી. એ અભેદના લક્ષણથી આત્માને ઓળખતો નથી. સમભાવની ખુમારી ચડાવી છે. સમજાણું કાંઈ? .. કોણ મારે પથરો? ખબર નથી તને? એ અજીવતત્ત્વ છે. અજીવનું ક્ષેત્રાંતર થવું એ અજીવની પર્યાયનું કાર્ય છે. એ કોઈ બીજા આત્માનું કાર્ય નથી. કોણે કહ્યું? શું તને થાય છે? એને જોઈને રાગ થાય છે? તો તેં અજીવતત્ત્વ -એ પથરાવાળો જીવ છે એમ તેં માન્યો. ભાઈ! આ તો વાતું વીતરાગમાર્ગની છેને ભાઈ! કાલે કહ્યું નહોતું જરી? છોકરાઓને પૂછ્યું હતું. આ રાડું પાડે છેને બધા. કીધું જુઓ ભાઈ આ જુઓ. જુઓ આ ખાડો થાય છે. જુઓ. અંગુલી બિના ખાડો થાય? એ તો પ્રશ્ન છે.

ભગવાન! એ વાતમાં બહુ અલૌકિકતા છે. પરમાણુ અનંત છે. પરમાણુ અનંત છે. એક સમયમાં અનંત છે, એક સમયમાં અનંત પરમાણુનો ઉત્પાદ ભિન્ન-ભિન્ન અનંત છે તો આથી એમાં આ ખાડો પડ્યો એ વાત ખોટી છે. એ ખાડો એના પર્યાયના ઉત્પાદથી તે રીતે ક્ષેત્રનું ઊંચું-નીચું થવાની લાયકાતથી એની પર્યાય થઈ છે. આનાથી થઈ છે એ જોનારો પરમાણુ દ્રવ્યની વર્તમાન પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર છે એમ જોતો નથી. આહા..હા..! દુનિયાથી ભાઈ જાત જુદી છે આ તો વાત. ઓલા છોકરા આમ દાબતા હતા કીધું, પગ દાબો છો એમાં જુઓ આને લઈને આ દબાય છે કે નહિ? આરે આરે.. આ વાત કેવી રીતે કરવી? આ હાથના અનંત રજકણ, આના અનંત રજકણ. જ્યાં દબાય ત્યાં અનંત છેને? અહીંયા અનંત. હવે એ અનંત-અનંતપણે પૃથક્ રહીને, અનંત-અનંતપણે ક્ષેત્રની પર્યાય અને ભાવની પર્યાય પોતાથી થાય છે કે પરથી થાય છે? ભાઈ! આ તો અજબગજબની વાતું છે આ. આ વસ્તુની મર્યાદા જ એમ છે. માને, ન માને, જીવની સ્વતંત્રતા છે. અનંતપણે આ કામ કરે છે. આમ થયું માટે અહીં ખાડો પડ્યો, બિલકુલ વાત સાચી નથી. એને અનંત દ્રવ્યની સ્વતંત્રતાની કબુલાત નથી. અનંત રજકણ છે તે અનંતપણે રહીને, અનંતપણે રહીને એક થયા વિના પૃથક્ રહીને પોતાનો ઉત્પાદ તે ત્યાં ક્ષેત્રે કે કાળે પોતાથી કરી રહ્યો છે. એમ ન જાણતા, આનાથી આ થાય એ અનંતને અનંતપણે ન રાખતા, અજીવ અનંત છે એમ એ માનતો નથી. સમજાય

છે કાંઈ? એને આત્માના અનંતગુણ છે એ માન્યતા બિલકુલ નહિ આવે. સમજાણું કાંઈ? ભારે વાત! કોઈ દિ' સાંભળી ન હોય એવી. એય..! વસંતીલાલજી! કાલે છોકરાઓને કહ્યું હતું, બોલો જોઈ આ.

ભગવાન! એક અનંતને અનંતપણે રાખીશને? અહીં પહેલું તો એમ કહ્યું કે જીવને જીવદ્રવ્યપણે રાખીશને. પર્યાય જેટલો નહિ, વિકાર જેટલો નહિ, અજીવનો નહિ, અજીવનો નહિ, અજીવમાં નહિ, અજીવને લઈને નહિ. હવે અનંત અજીવ જે છે એ અનંત અજીવ. જીવની સંખ્યા કરતા અનંત. દરેક સમયે અનાદિ-અનંત. અનાદિ અનંત છેને? અને પરિણમન તો બધાનું એક સમયે હોયને? કે કોઈનું પરિણમન પહેલું અને કોઈનું પરિણમન પછી એમ છે? લાવો એક દૃષ્ટાંત કે એક પરિણમન પછી અને એક પરિણમન પહેલા. શેનું હોય પણ? એક સમય ધારા વર્તમાન, જેટલા અનંત દ્રવ્ય છે એનું એક સમયમાં બધાનું પરિણમન ઉત્પાદરૂપે થઈ રહ્યું છે. હવે એ અનંતને અનંત તરીકે જો અજીવના તત્ત્વમાં, સાત તત્ત્વમાં અજીવની શ્રદ્ધા ક્યારે કહેવાય? કે અનંતને અનંતપણે રાખીને અનંતમાં જે પર્યાય એનાથી થાય એ બીજાથી ન થાય એમ જ્યારે માને તો અજીવના અનંત તત્ત્વને અનંતપણે એણે જાણ્યું-માન્યું કહેવાય છે. નહિતર અજીવના અનંતપણાનો ખંડ કરીને માને તો અજીવ તત્ત્વને માનતો નથી. એટલા અનંત અજીવ જે છે એ અનંતનો પર્યાય એક સમયે સાથે છે ભિન્ન-ભિન્ન એને જાણનારું જ્ઞાન, એ અનંતના ખંડ કરી નાખે (તો) અનંતમાં અનંતપણે નહિ, પણ એમાં ભેગા થઈને કામ કરે છે. તો એ જ્ઞાન ખોટું. અહીં જ્ઞાનની અવસ્થા ખોટી થાય છે. તો એની જ્ઞાનની અવસ્થાની સાચી શ્રદ્ધા નથી. તો એ જ્ઞાન ધરનારું આખો જ્ઞાન લક્ષણ ગુણ એ ગુણની પણ એને શ્રદ્ધા છે નહિ. અને ગુણને ધરનાર દ્રવ્યની શ્રદ્ધા નથી. સમજાય છે કાંઈ? જુઓ! આવું ગુજરાતી ચાલ્યું.

મુમુક્ષુ :- નજરે જોઈએ...

ઉત્તર :- નજરે દેખાય છે પણ પ્રત્યક્ષ દેખાય. વળી નજરે કોને કહેવી? નજર કોને કહેવી? એક પંડિત આવ્યા હતા. પંડિતજી! એ કોણ કહેવાય? ઓલો પંડિત નહિ? હીરાલાલ પંડિત છેને ભાઈ! પ્રોફેસર. આ ધવલ.. એ આવ્યા હતા. બે દિવસ રહ્યા હતા. એ હતા અને એક ઉપાધ્યાય નહિ? કોલ્હાપુરવાળા. પછી એણે પ્રશ્ન કર્યો. પ્રશ્ન કર્યો. જુઓ આ છેને આ નાની લાકડી. આ જુઓ, સુતારે કાપીને કરી કે નહિ? પ્રત્યક્ષ દેખાય છેને. કરવત... આ શું કહેવાય નીચે આ? ટેબલ. એણે પ્રશ્ન કર્યો. અહીં બેઠા હતા આમ. આમ નીચે ટેબલ છે. એ પ્રશ્ન કર્યો. આ ટેબલ સુતારે. સુતાર સમજ્યા? બઢઈ. એણે કર્યું. સાંભળો. સુતારે કર્યું તો સુતાર ચાલ્યો ગયો તો કેમ રહ્યું આમ? સુતાર ચાલ્યો ગયો તો આમ કેમ રહ્યું? ત્યારે કહે, પણ પ્રત્યક્ષ. પ્રત્યક્ષ.. પ્રત્યક્ષ જ્ઞાનમાં થાય છે કે પ્રત્યક્ષ જડને થાય છે? પ્રત્યક્ષ જ્ઞાનને લાગુ પડે

છે કે પ્રત્યક્ષ જડને લાગુ પડે છે? આ પ્રદેશ. ત્યાં પ્રત્યક્ષ છે? કે પ્રત્યક્ષ અહીં છે?

અહીં જ્ઞાનમાં પ્રત્યક્ષ રાગ વિનાનું સંયોગ વિનાનું જ્ઞાન થયું તો સર્વ પદાર્થ કોઈપણ સંયોગથી એમાં પર્યાય થાય છે એ દૃષ્ટિ નીકળી જાય છે. પોતાની રાગ વિનાની દૃષ્ટિ થઈ. રાગ સંયોગીભાવ છે. તો સંયોગીભાવ વિનાની દૃષ્ટિ થઈ, તો ઓહો..! રાગ છતાં હું રાગથી જ્ઞાન નથી કરતો. હું તો મારી જ્ઞાનની પર્યાય જ્ઞાતાથી કરું છું. એમ સર્વ પદાર્થમાં સંયોગથી ત્યાં પર્યાય થાય છે, એ સંયોગીભાવ રાગથી છૂટ્યો નથી. રાગ અને સ્વભાવને એક માનનારો, સંયોગી દ્રવ્ય કે સંયોગી પર્યાય થાય એમ માનનાર પરનો ભેદ પાડી શકતો નથી. પોતાનો ભેદ પડ્યો... સમજાય છે કાંઈ? ઘણી વાત થોડી આવી. કીધું ભાઈ આ ક્યાં? એ અમે તો વાત કરી આ તો સ્થૂળ સ્કંધ છે. સ્થૂળ ખંડ સૂક્ષ્મ કરતા બહુ થોડા કહી દીધા. સૂક્ષ્મ સ્કંધ ઘણા છે. સૂક્ષ્મ સ્કંધમાં .. અનંત પરમાણુ આવે જાય, એકઠા થાય છે. ... કોણ છે? એ તો સ્થૂળ સ્કંધની વાત કરી. એટલો થોડો. આ તો બહુ થોડા છે. સ્થૂળ બહુ થોડા છે, સૂક્ષ્મ ઘણા છે. અને સૂક્ષ્મમાં બેથી અનંતગુણા પરમાણુ એવા ઘણા સ્કંધ છે. .. એ એમાં આવે-જાય. ... એવા સ્થૂળમાં દેખાય કે આનાથી આ થયું. આ સ્થૂળ દૃષ્ટિમાં જુઓ છો તો સૂક્ષ્મમાં શું છે? સૂક્ષ્મમાં કોઈ પોતાને કારણે જરી .. પોતાની પર્યાયની હીનતાથી થાય છે. ... એવું જ્ઞાન પ્રત્યક્ષ કરી શકે છે. શું ઇન્દ્રિયમાં .. પ્રત્યક્ષપણું જડમાં છે? આમાં પ્રત્યક્ષપણું છે? પ્રત્યક્ષ તો જ્ઞાનની પર્યાય છે. તો જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ થઈ કે રાગ વિનાનું મારું સ્વરૂપ છે, હું ચૈતન્ય છું. તો દરેક પદાર્થ પોતપોતાની પર્યાય એક સમયે આમ અનંત રહીને કરે છે. આને લઈને આ એ વાત છૂટી જાય છે. સમજાય છે કાંઈ? .. ભાઈ!

અહીં તો ભાઈ આ ગુજરાતી આવ્યુંને ગુજરાતી. છૂટથી ગુજરાતી આવે. ઓલા હિન્દીમાં જરી રોકાવું પડેને ભાષા ગોતવા. તમારે હિન્દી લોકોને ભાઈ થોડું ગુજરાતી સમજી લેવું જોઈએ. કૈલાસચંદજીએ લખ્યું હતું એકફેરી. થોડું ગુજરાતી સમજીને આપણે જાવું. એમની ભાષા ત્યાંની ચાલે છે. ભાષા તો જડની ત્યાં ચાલે છે. એવી હિન્દી બરાબર ન ચાલે.

ક્યા કહતે હૈ દેખો. યોગીન્દ્રદેવે નાખ્યું ચારિત્ર. એક યહ આત્મા ઔર તેરા આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર વીતરાગ પર્યાયસે લક્ષિત-જ્ઞાનસે લક્ષિત, દર્શનસે લક્ષિત, ચારિત્રસે લક્ષિત. એ વીતરાગ પર્યાયસે લક્ષિત હોતા હૈ. ઐસે કો આત્મા કહતે હૈ પરિપૂર્ણ. તો ઐસા સબ આત્મા હૈ. ઐસા લક્ષણસે તો નહીં દેખતે હૈ અને બાહરકે ભેદસે દેખતે હૈ તો તેરી દૃષ્ટિમેં વિરોધ, દૃષ્ટિમેં વિરોધ હૈ. તુમ સર્વ આત્માકો સમાન દેખતે નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧૧, બુધવાર, તા. ૦૯-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૨-૧૦૩, પ્રવચન-૧૪૩**

૧૦૨ ગાથા, પરમાત્મપ્રકાશ. અર્થ. ફરીને અર્થ. શબ્દાર્થ છેને? મથાળું તો એમ બાંધ્યું કે '**આગે જીવ હી કો જાનતે હૈં, પરંતુ ઉસકે લક્ષણ નહીં જાનતે,...**' મથાળામાં એમ છે. ગાથા દીઠ વાત ભિન્ન-ભિન્ન છે. આ જીવ છે એમ સામાન્ય (વાત) કરે, પણ એ જીવનું લક્ષણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર ભેળવીને અહીંયા લક્ષણ કરે છે. ભગવાન આત્મા વસ્તુ છે એનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ લક્ષણ છે. એ લક્ષણે લક્ષિત આત્માને કરવો જોઈએ. એને આ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિના ભેદથી ભેદ કરવો ન જોઈએ. દૃષ્ટિમાં પોતાનો સ્વભાવ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ વાળું આ તત્ત્વ છે, એ લક્ષણે ભાન થઈ શકે છે. એ આત્માની ઓળખાણ એના લક્ષણથી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય આદિથી એની ઓળખાણ નથી. '**જો શરીરોંકે ભેદસે જીવોંકા નાનારૂપ...**' જીવના અનેકરૂપ '**ભેદ...**' નામ જુદાઈ કરે છે. '**વહ ઉન જીવોંકા દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણ નહીં જાનતા,...**' બહારના ભેદે એકલો ભેદ દેખે એ વસ્તુના સ્વરૂપને (જાણતા નથી) ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે આત્માને તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર લક્ષણવાળો કહ્યો છે.

મુમુક્ષુ :- એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય જીવ નથી?

ઉત્તર :- એ બધા જીવ નથી. એકેન્દ્રિય જીવ નથી. એ તો આવ્યું છેને પ્રવચનસારમાં. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય એ તો જ્ઞાનસ્વરૂપી જીવ છે. ધર્મચંદજી! સુના હૈ કિ નહીં? એ તો વ્યવહારનયથી, સંયોગથી, સંયોગથી એને સમજાવ્યું છે.

ભગવાન આત્મા... આમાં ચારિત્ર લક્ષણ વધાર્યું અને બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ નહિ એમ ટીકામાં સ્પષ્ટ કર્યું. પણ એનો અર્થ એ કર્યો, જીવની જાતિ એક છે એ તો વાત આવી ગઈ હતી અને જીવનું દર્શન, જ્ઞાન લક્ષણ એ પણ આવી ગયું હતું, પણ અહીંયા ચારિત્રને વિશેષ કરી વીતરાગ પર્યાય દ્વારા આત્મા જાણી શકાય. એટલે કે પુણ્ય અને પાપના વિકલ્પથી જાણી શકાય નહિ. શરીરના-જ્ઞાતિભેદ, વર્ણભેદ, જાતિભેદ એથી આત્મા ઓળખી શકાય નહિ. કેમકે એ તો વ્યવહારનયનો વિષય ભિન્ન છે. ભગવાન આત્માને અંતરમાં જ્ઞાન, દર્શન અને શાંતિ, વીતરાગતા એવા આત્મસ્વભાવ સન્મુખ વીતરાગ અને દર્શન, જ્ઞાન પરિણામ લક્ષણ દ્વારા આત્મા

જાણી શકાય. આત્માની કિંમત, આત્માની મહત્તા, આત્માની બડાઈ નામ મોટપ એ જ્ઞાન-દર્શન-ચારિત્રથી છે. જાતિભેદ, વર્ણભેદ એનાથી એની મોટપ નથી. એ વાત અહીંયા વિશેષ કહે છે જુઓ.

મુમુક્ષુ :- મોટપનો અર્થ?

ઉત્તર :- મહત્તા-મોટપ-બડાઈ. બડાઈ-બડાઈ. બડાઈ દેખે. અહીં આવે છે જુઓ. ભાવાર્થ છે જુઓ.

'**ભાવાર્થ :- દેહકે મમત્વકે મૂલ કારણ...**' જુઓ, શું કહે છે? ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે તો, જ્ઞાન, દર્શન અને શાંતિ દ્વારા પિછાનો એમ ભગવાને કહ્યું છે. એમ અંતરમાં ભાવના જ્ઞાન, દર્શન અને શાંતિ એટલે અરાગી પરિણામ દ્વારા આત્માની ભાવના કરવી જોઈએ એમ ન કરતા '**દેહકે મમત્વકે મૂલ કારણ...**' આ શરીરનું મૂળ કારણ મમતાનું. ખ્યાતિ, પોતાની બડાઈ. જુઓ, અંદર સ્વરૂપની બડાઈ, મોટપ ન માનીને બહાર શરીર આદિની બડાઈથી મોટપની મમતા કરે છે. દેહના મમત્વનું મૂળ કારણ છે એમ કહે છે. દેહમાં એકત્વબુદ્ધિનું મૂળ કારણ... સ્વભાવમાં એકત્વબુદ્ધિનું મૂળ કારણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર લક્ષણથી સ્વભાવમાં એકાગ્ર થાય છે. એ એકાગ્રતા છોડીને દેહના મમત્વનું મૂળ કારણ બડાઈ. હું મોટો, દેહથી મોટો, નાતમાં મોટો, બ્રાહ્મણે મોટો, જાતમાં મોટો-એમ માનીને. અને પોતાની પૂજા... પૂજ્ય પ્રભુ પૂર્ણ પરમાત્મા પોતાનું સ્વરૂપ મહાપૂજ્ય છે એની ભાવના છોડીને દેહની મમતાનું મૂળ કારણ બહારની પૂજા. બહાર દુનિયા માને, પ્રસિદ્ધ થાઉં, દુનિયા કીર્તિ કરે. એ બધી શરીરની મમતાનું મૂળ કારણ એ પૂજા અને બડાઈ છે. સમજાય છે કાંઈ? અને '**લાભરૂપ...**' સ્વરૂપનો લાભ ન લેતા શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાન-દર્શન-ચારિત્રની શાંતિ દ્વારા એનું લક્ષ થઈને લાભ થઈ શકે સ્વરૂપનો લાભ, એ લાભ ન લેતા દેહની મમતાનું કારણ બાહ્ય પદાર્થનો લાભ થાય એમ અનાદિથી અજ્ઞાની માની રહ્યો છે.

મુમુક્ષુ :- નિગોદમાં પણ એમ માનતો હશે?

ઉત્તર :- માન્યતા એ જ પડી છે ઊંધી. નિગોદમાં શું? નિગોદના જીવને અવ્યક્તપણે તો કીધું નહિ? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंध कहा**'. કામભોગ એટલે કર્તા-ભોક્તાની વાર્તા સર્વ જીવે સાંભળી છે. સર્વ જીવમાં નિગોદ પણ આવ્યા. એક શરીરમાં અનંતા જીવ નિગોદ લીલ-ફુગમાં પડ્યા છે બટાટા, શક્કરકંદમાં.

મુમુક્ષુ :- કાન નથી, ક્યાંથી સાંભળે?

ઉત્તર :- કાનની ક્યાં વાત અહીં છે? એ આત્માના સ્વભાવની ભાવના કરતો નથી એથી રાગની એકતાની ભાવના એકતામાં પડ્યો છે, એણે રાગની ઈચ્છા અને રાગનું ભોગવવું એ

જ વાર્તા સાંભળી એટલે એનો જ એ વાચ્ય અનુભવ કરી રહ્યો છે. શું કહ્યું? સાંભળવું તો વાચક છે કે કામભોગની વાર્તા એણે સાંભળી છે. સાંભળી છે એનો અર્થ? એનો એ અંતરમાં અનુભવ કરે છે નિગોદ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની દૃષ્ટિ, લક્ષથી ભ્રષ્ટ અનાદિથી છે અને તેથી તે રાગ, વિકાર, વિભાવ એની એકાગ્રતામાં એ પડ્યો છે તો કામભોગની જ કથા એને ભાવથી વેદે છે. વેદે છે માટે એણે કામભોગની જ વાત સાંભળી છે. સમજાય છે કાંઈ? દીપચંદજી! કોણ? નિગોદના જીવ. આહા..હા..!

મુમુક્ષુ :- દુનિયામાં કોણ કાન વિના સાંભળે?

ઉત્તર :- કાન વિના કોણ સાંભળે છે? સાંભળે છે તો ભાવમાં અંદર. કાન તો નિમિત્ત છે. શ્રવણનું જ્ઞાન થાય એ જ્ઞાનની પર્યાયમાં થાય છે. અહીં તો એમ કહ્યું ભગવાન કુંદકુંદાચાર્યે. કે '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि, सव्वस्स वि कामभोगबंध कहा**' એ બધા, એક સમ્યગ્દૃષ્ટિ સિવાય એકેન્દ્રિય નિગોદથી માંડી અને નવમી ગ્રૈવેયકનો દિગંબર સાધુ 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એણે કામભોગની વાર્તા સાંભળી છે. આહા..હા..! એ રાગનો કર્તા થાય છે અને વિકલ્પનો ભોક્તા એ સાંભળી છે. સમજાય છે? દેવચંદજી! આ તો ભાવની વાત છેને. અહીં દ્રવ્યનું શું કામ છે?

ભગવાન તીર્થંકરદેવ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જેની વાણીમાં આવ્યું કે ભાઈ! તેં તો કામભોગ, કામ એટલે ઈચ્છા અથવા કામ એટલે કરવું—વિકલ્પનું કરવું, રાગનું કરવું, કષાયનું કરવું અને ભોગ એટલે એનું ભોગવવું, એ કર્તા-ભોક્તાની વાત તેં અનંત વાર વેદી છે. સાંભળી, પરિચય કર્યો અને વેદી—અનુભવી છે. એકેન્દ્રિય જીવથી માંડીને નવમી ગ્રૈવેયક જનાર દિગંબર મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી એણે કામભોગ જ ભોગવ્યા છે. આ કામભોગ બહારની વાત નથી. ભગવાન આત્માની વિરુદ્ધની ઈચ્છા અને એનું વેદન એ કામભોગની કથા છે. સમજાણું કાંઈ? એ પડખું ફેરવ્યું નથી એણે. ભગવાન! પડખું સમજો છો? કરવટ-કરવટ.

એ ચૈતન્ય ભગવાન એક સમયમાં પૂર્ણ આનંદ, જ્ઞાનાનંદ... જેવા સર્વજ્ઞ પરમાત્મા અનંત થઈ ગયા એ જ જાતનો, નાતનો આત્મા છે. એવો આત્મા પૂર્ણ જ્ઞાન-દર્શનથી ભરેલો એના લક્ષણેથી ન જાણ્યું એટલે દેહવાળું લક્ષણ અને રાગવાળું લક્ષણ મારું એમ માનીને દેહની મમતાનું મૂળ કારણ આ પૂજા, લાભ આદિનો રાગ, એમાં એકત્વ થયો, એને ભોગવ્યું તો એણે રાગ અને દ્વેષને ભોગવ્યા એ જ વાર્તા સાંભળી છે. પણ '**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स**'. '**एयत्तस्सुवलंभो**' પણ ભગવાન આત્મા પુણ્ય-પાપના શુભ-અશુભભાવના વિકલ્પથી રહિત એકત્વ અને એ એકત્વપણું એટલે પરથી ભિન્ન, સ્વભાવથી એકત્વ અને '**णवरि ण सुलहो विहत्तस्स**' એ વિકલ્પથી વિભક્ત, વિકલ્પથી વિભક્ત અને સ્વભાવથી એકત્વ.

આહા..હા..!

ભગવાન આત્મા, આ ઈ કહે છે, જ્ઞાન-દર્શન-ચારિત્રના લક્ષણે લક્ષિત એ સ્વભાવમાં એકત્વતા થઈ અને પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક્તા થઈ. '**णवरि ण सुलहो विहत्तस्स**'. એ '**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स**'. અસ્તિ-નાસ્તિ કરીને અનેકાંત સ્વરૂપ કહ્યું. ભગવાન આત્મા ઓહો..! શુદ્ધ આનંદની નિધિ એને એણે લક્ષણે-સ્વભાવના લક્ષણે કોઈ દિ' જાણ્યો નથી. એથી એને વિભાવ જે પુણ્ય અને પાપ વિકાર આદિ એનામાં વેદન અને કર્તાપણું પડ્યું છે એ એણે વેદ્યું છે, જાણ્યું છે, પરિચય કર્યો છે, ટેવાઈ ગયો છે, આદત થઈ ગઈ છે. એથી એ જોવા માગે છે, પણ પોતાના દર્શન-જ્ઞાન લક્ષણે આત્માને જોવા માગતો નથી. ભાઈ! વાતું એવી છે જરી.

અહીં કહે છે, એ '**आर्त रौद्रस्वरूप खोटे ध्यान**' શું કીધું? ભગવાન આત્મા એની ખ્યાતિ, એની પૂજા અને એનો લાભ એ તો ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રના લક્ષણે લક્ષિત એમ થતાં તો પર્યાયમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન થાય છે. એને છોડીને આ દેહના મમત્વનું મૂળ કારણ બડાઈ, પૂજા અને લાભ પરદ્રવ્યનો, શુભભાવનો લાભ કે પરવસ્તુનો, એવા લાભની અંદરમાં આર્ત અને રૌદ્ર ધ્યાનમાં રોકાઈ '**ખોટે ધ્યાન...**' એનાથી રહિત. હવે કહે છે. એવું જે ખોટું ધ્યાન એનાથી રહિત '**નિજ શુદ્ધાત્માકા ધ્યાન...**' જુઓ, ભાષા આમ ગુલાંટ મારીને (વાત કરી છે). નિજ શુદ્ધાત્માનું જ્ઞાન. જેમાં પરની પૂજા, લાભ અને બડાઈ, શરીરની મમતાનું કારણ એ જેમાં નથી, સ્વભાવની એકતાનું કારણ ભગવાન આત્મા શુદ્ધ પરમાનંદમૂર્તિ એની એકાગ્રતાનું કારણ એવું જે ધર્મધ્યાન અને શુક્લધ્યાન એને છોડી દઈને. '**નિજ શુદ્ધાત્માકા ધ્યાન ઉસકે અભાવસે...**' આ તો કર્મ કેમ ઉપાર્જ્યાં? એમ કહે છે. કાંઈ સ્વભાવને આશ્રયે કર્મ ઉત્પન્ન થતાં નથી. સ્વભાવને આશ્રયે વિકાર થતો નથી તો કર્મ ઉપાર્જનનું નિમિત્ત પણ ક્યાંથી હોય એમાં? ભગવાન આત્મામાં કર્મના બંધનમાં નિમિત્ત થવાનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? વસ્તુનો સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણે લક્ષિત એમાં એને કર્મબંધનના કારણમાં નિમિત્તરૂપે થવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તરૂપે થવાનો સ્વભાવ હોય તો કાયમ રહે. વસ્તુના સ્વભાવમાં કર્મને નિમિત્ત થવું એવો સ્વભાવ નથી. કેમકે વસ્તુ છે એ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણે લક્ષિત એવી ચીજ છે. એમાં કર્મને બંધાવું અને એમાં નિમિત્ત થવું એવી આત્મામાં દશા છે નહિ. એ તો પર્યાય અજ્ઞાનભાવે ઉત્પન્ન કરેલો ભાવ છે. સમજાણું કાંઈ?

પાંચમી ગાથામાં આવે છેને? પાંચમી નહિ? ૧૦૫, સમયસાર. બે આવે છે. પાંચ આવશે. આ જુઓ પાંચ. સંસ્કૃત ટીકા. '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...**' એનો સ્વભાવ

દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે સ્વભાવ એનાથી **'પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...'** એ તો આ બીજી રીતે યોગીન્દ્રદેવ વાત કરે છે. વાત તો જે પ્રકારે છે એને ભિન્ન-ભિન્ન પ્રકારે તેનું વર્ણન કરીને સ્પષ્ટીકરણ કરે છે. અહીં કહે છે કે આ જગતની અંદર ભગવાન આત્મા ખરેખર **'સ્વભાવથી...'** એનો સ્વભાવ જ્ઞાન-દર્શન અને આનંદનો સ્વભાવ. આનંદ એટલે અહીં ચારિત્ર. એ **'પૌદ્ગલિક કર્મને...'** આઠ કર્મના પર્યાયનું પરિણમવું એ તો આઠ રજકણને કારણે છે, પણ એમાં નિમિત્તભૂત... **'નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...'** ભગવાન આત્મા નિમિત્ત હોઈ શકે નહિ. સ્વભાવ નિમિત્ત શું હોય? વિકાર જ જ્યાં નથી તો વિકાર નથી ત્યાં બંધનને નિમિત્ત કોણ થાય? સમજાય છે કાંઈ?

આમ **'હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે...'** આ વાત છે. **'અનાદિ અજ્ઞાનને લીધે...'** સીધી વાત કરી છે હોં. આમ નહિ. 'કર્મને કારણે જ્ઞાન' ભાષા નથી લીધી. **'અનાદિ અજ્ઞાનને લીધે...'** ભગવાન જ્ઞાન-દર્શન-ચારિત્રના લક્ષણે લક્ષિત થવાનો સ્વભાવ જ એનો છે, એનું સ્વરૂપ જ એ છે. એવા સ્વભાવમાં નવા કર્મને નિમિત્ત થવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. **'છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા...'** પૌદ્ગલિક કર્મને બંધાવાનું ઉપાદાન તો એનો એક સમયનો પર્યાય કર્મનો, પણ એને **'નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...'** અજ્ઞાનભાવે પર્યાયમાં સ્વભાવનો અનાદર અને વિકલ્પની એકતાનો આદર એવા અજ્ઞાનભાવે થતો, પરિણમતો, પર્યાયમાં પરિણમે (છે). એ ભ્રમ નથી પાછો એમ કહે છે. પર્યાયપણે પરિણમે છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એ ભ્રમણા કોઈ ચીજ જ નથી એમ નથી. પર્યાયમાં અજ્ઞાનનું પરિણમન, અજ્ઞાન પર્યાયમાં પરિણમન છે.

**'અજ્ઞાનભાવે પરિણમતો...'** ભાષા તે જુઓ ટીકા તે! એક સ્વરૂપના સ્વભાવના અજ્ઞાનભાવે પર્યાયમાં પરિણમતો હોવાથી **'નિમિત્તભૂત થતાં,...'** આ તો નિમિત્તભૂત ઓલો અજ્ઞાનભાવ. **'પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,...'** એને કારણે કર્મ. આ તો નિમિત્તભૂત. **'તેથી પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ,...'** ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. નિર્વિકલ્પ નામ અભેદ છે. એવા સ્વભાવથી ભ્રષ્ટ થયેલો, **'વિકલ્પપરાયણ,...'** થયેલો, રાગમાં તત્પર થયેલો **'અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...'** શું? કે આ પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું. **'તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.'** વસ્તુસ્વરૂપમાં એ ઉપચાર થવાનો પણ સ્વભાવ નથી. પણ અજ્ઞાની વિકલ્પમાં એકાકાર થાય છે એથી મેં કર્મ બાંધ્યું એવો વિકલ્પથી ભ્રષ્ટ થયેલાનો ઉપચાર ભાવ છે. સમજાણું કાંઈ? ભાઈ! વાત ઝીણી છે. વીતરાગનો માર્ગ લોકોએ માન્યો છે બહારથી, એવો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ક્ષણિક ભૂલ છે, પ્રભુ!

ઉત્તર :- ક્ષણિક હા. પણ એ ક્ષણિક ભૂલનું સ્વરૂપ શું છે એ જાણવું જોઈએને. ક્ષણિક તો એક શબ્દ થયો. ક્ષણિક ભૂલ એટલે? ત્રિકાળી આનંદકંદ દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવસંપન્ન પ્રભુ એનામાં નવા કર્મને નિમિત્તરૂપે થવું એવો વસ્તુના સ્વભાવમાં ભાવ નથી. છતાં અજ્ઞાનભાવે પરિણમેલો, સ્વરૂપના અભાનપણે થયેલો એવો જે વિકારીભાવ તે નવા કર્મને નિમિત્ત થતા તે અજ્ઞાનીને, નિર્વિકલ્પથી ભ્રષ્ટ થયેલાને આ મેં કામ કર્યું એવો ઉપચાર અજ્ઞાનીને લાગુ પડે છે. જ્ઞાનીને કર્મબંધનમાં ઉપચાર નિમિત્ત છે એવું એને હોતું નથી. સમજાય છે કાંઈ? એ 'હરિનો માર્ગ છે શૂરાનો, નહિ કાયરના કામ.' એ તો લોકો બોલે છે ઓલા હરિ. એ હરિ નહિ. આ 'પાપં ઓઘં હરતી ઈતિ હરિ.' પંડિતજી! પંચાધ્યાયીમાં આવે છેને? પંચાધ્યાયીમાં હરિની વ્યાખ્યા આવે છે. પંચાધ્યાયીમાં. નામ આપ્યા છેને. હરિની વ્યાખ્યા કે હરિ કોણ? 'પાપં ઓઘં હરતી ઈતિ હરિ.' પંચાધ્યાયીમાં શ્લોક પડ્યો છે.

ભગવાન આત્મા પૂર્ણસ્વભાવ સ્વરૂપ પાપ નામ અજ્ઞાનભાવ એનો વ્યય કરવાનો એનો સ્વભાવ છે. એને ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી. વ્યય કરવું એ પણ એક વ્યવહારથી કહેવાય, પણ એનો અભાવ થવો એવો એનો સ્વભાવ છે. વિકારનું ઉત્પન્ન થવું એવો એનામાં સ્વભાવ નથી. એવા માર્ગને 'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ, પ્રથમ પહેલા મસ્તક મૂકી વળતાં લેવું નામ.' એવું આવે છે એ લોકોમાં. અન્યમતિમાં આવે છે. એ હરિ એટલે આ. ઓલો કોઈ કર્તા-ફર્તા હરિ નથી ક્યાંય. ભગવાન આત્મા હરિ.

અંદરમાં પૂર્ણાનંદ અનંતગુણ, અનંતા અનંતગુણનો પિંડ. એમાં મૂળ લક્ષણો અહીં ત્રણ લીધા દર્શન, જ્ઞાન અને ચારિત્ર મૂળ. એના લક્ષણવાળું અને એનાથી લક્ષિત વીતરાગ પર્યાયે લક્ષિત થાય એમ કહે છે અહીં તો. જ્ઞાન, દર્શન અને વીતરાગ પર્યાયે લક્ષિત થાય ભગવાન. કારણ કે એવો એનો સ્વભાવ છે. એનો અનાદર કરી અને વિકલ્પમાં એકતા કરી અને અજ્ઞાનપણે પરિણમી, નવા કર્મ તો એને કારણે થાય. પણ હું નિમિત્ત છું માટે વ્યવહારે એનો કર્તા છું એવો ઉપચાર નિર્વિકલ્પ વિજ્ઞાનઘન અજ્ઞાનીને લાગુ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**નિજ શુદ્ધાત્માકા ધ્યાન ઉસકે અભાવસે...**' ભગવાન આત્મા આ દેહના મમત્વનું મૂળ કારણ પૂજા, બડાઈ અને લાભ પરવસ્તુનો. પરવસ્તુની બડાઈ, પરવસ્તુની પૂજ્યતા અને પરવસ્તુનો લાભ. સ્વવસ્તુની પૂજ્યતા, સ્વવસ્તુની મહિમા બડાઈ, સ્વવસ્તુનો લાભ ચૂકીને. પોતાના શુદ્ધાત્મ સ્વભાવનું ધ્યાન '**ઉસકે અભાવસે ઈસ જીવને ઉપાર્જન કિયે...**' એવા અભાવથી. ભગવાન સ્વભાવના ભાનથી કર્મમાં નિમિત્તપણું થાય એવું તો છે નહિ. ત્યારે હવે કર્મ ઉપાર્જ્યામાં નિમિત્ત કોણ? કે શુદ્ધાત્માના, નિજ શુદ્ધાત્મા... ભગવાનનો

આત્મા નહિ, એનો આત્મા એની પાસે રહ્યો નિર્મળ, આ નિજ શુદ્ધાત્માનું ધ્યાન અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અર્થાત્ જેનાથી તે ધ્યેયમાં આવે તે. એવો ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના લક્ષણે, ધ્યાને, ધ્યેયમાં આવે એને છોડી દઈને **'ઈસ જીવને ઉપાર્જન કિયે જો શુભ-અશુભ કર્મ...'** ઉપાર્જન કર્યા એટલે? ભાવ કર્યો. ભાવમાં નિમિત્ત થયું ઓલાને. એટલે એણે ઉપાર્જન કર્યું એવું વ્યવહારથી કથન કરવામાં આવ્યું છે.

એવા કર્મ જે ઉપાર્જ્યા-બાંધ્યા **'ઉનકે ઉદયસે...'** દેખો, કર્મ બાંધ્યું. સ્વરૂપના ધ્યાનના અભાવથી કર્મ થયું એમાં નિમિત્ત થયો, એમાં કર્મનો ઉદય થયો ત્યારે શરીર મળ્યું. આમ વાત ત્રણપટી કરી. કાંઈ આત્મામાં શરીર મળે એવો કોઈ ભાવ છે નહિ. પણ સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન, સ્વભાવની વીતરાગતા. ભલે ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ છેને એટલી વીતરાગતા છે હોં. સ્વરૂપ આચરણ. શુભ વિકલ્પ આચરણ એ ક્રિયાનું આચરણ, રાગ આચરણ. અને સ્વરૂપ આચરણ એ રાગ વિનાનો ભગવાન આત્મા એની દૃષ્ટિ, જ્ઞાન થઈને આચરણ એ ચારિત્ર છે એટલું. એટલા અંશે અંદર શાંતિ છે. સમજાય છે? પ્રતીતમાં પૂર્ણ આવ્યો સાથે વિશેષપણે શાંતિ પણ અંદર અરાગીપણે પરિણતિ થઈ. એવા સ્વરૂપ આચરણને છોડી દઈ અને શુભાશુભ પરિણામમાં આવેલો જીવ, એણે નવા કર્મ નિમિત્તપણે ઉપાર્જ્યા એમ કહીને એ કર્મના ઉદયકાળે જે વસ્તુમાં રાગ નથી એને શરીર મળ્યું. સમજાણું કાંઈ? એને શરીરનો સંયોગ આ રીતે થયો. વિકલ્પના ધ્યાને ઉપાર્જેલા કર્મ એના ઉદયમાં મળેલું શરીર. સમજાણું કાંઈ?

**'ઉસકે ભેદસે ભેદ માનતા હૈ,...'** એના ભેદથી ભેદ માને છે **'ઉસકો દર્શનાદિ ગુણોંકી ગમ્ય નહીં હૈ.'** આમ જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાયવાળો ભગવાન આત્મા, એવા ગુણવાળો ગુણી, એવા ગુણવાળો ગુણી. ગુણી-ગુણી કરે એકલો. માથે એમ લીધું ભાઈ એણે. **'જીવ હી કો જાનતે હૈં, પરંતુ ઉસકે લક્ષણ નહીં જાનતે,...'** એવું મથાળું બાંધ્યું છે. પાઠમાં એમ નથી પણ એણે જરી (મથાળુ બાંધ્યું છે). પાઠમાં તો આટલું છે કે **'अथ जीवानां निश्चयनयेन यो ऽसौ देहभेदेन भेदं करोति स जीवानां दर्शनज्ञानचारित्रलक्षणं न जानातीत्यभिप्रायं'** એટલે એમાંથી કાઢ્યું કે જીવને જાણે કે જીવ છે... જીવ છે... જીવ છે. પણ જીવ છે એ આવા લક્ષણવાળો છે. સમજાણું કાંઈ? આમ તો વર્ણન તો આવે છે કે જાતિ એક.. પણ ગાથામાં ફેર પાડે છે, દરેક ગાથામાં ફેર પાડે છે. વધારે સ્પષ્ટ ભિન્ન-ભિન્ન વાત કરે છે એમ. એની એ ગાથા નથી, એનો એ ભાવ નથી. આમ જીવ-જીવ કરે, પણ જીવના લક્ષણો જ્ઞાન-દર્શન-ચારિત્રને ન જાણે તેથી જગતના શરીર ભેદે ભેદ અજ્ઞાની માને છે. વસ્તુમાં ભેદ ક્યાં છે? એ તો વસ્તુ તો સ્વરૂપ છે તે છે.

મુમુક્ષુ :- શરીર ક્યાં...

ઉત્તર :- શરીર નથી, રાગ નથી તો એના ભેદે ભેદ પડ્યો એ ભેદ માને તો વસ્તુને જાણતો નથી. એટલે એ વસ્તુના ગુણને જાણતો નથી એમ કહેવું છે ભાઈ અહીં તો. ઓલા વસ્તુને જાણતો નથી... એને દર્શન-જ્ઞાન આદિ ગુણોનું ગમ્ય નથી. ભગવાન આત્મા એ જાણવું-દેખવું અને શાંતિ ચારિત્ર લક્ષણે લક્ષિત વસ્તુ એમ પડી છે. એમ નથી જાણતો તે અજ્ઞાનપણે રાગથી એકત્વ થઈને ઉપાર્જેલા કર્મ, એનાથી મળ્યું શરીર, એના શરીરના ભેદે ભેદ (અનુભવે છે કે) આ બ્રાહ્મણ છે અને આ ક્ષત્રિય છે અને આ કુંભાર છે અને આ કડિયો છે અને આ હરિજન છે અને આ ઢેઢ છે અને આ ચંડાળ છે. સમજાય છે કાંઈ? એને દર્શન-જ્ઞાનાદિ ગુણોની ગમ્ય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રનું લક્ષણ કહ્યું. એવા લક્ષણે જણાય એવો, ઓળખાય એવો આત્મા એને શરીરના ભેદે ઓળખાવા માંડ્યો, કહે છે કે તને ગુણની ગમ્ય નથી, ગુણની ગમ્યતા નથી. સમજાય છે? એ આકારરૂપ પછી લેશે. ૧૦૩માં ભાઈ! આકારનું. આકાર ફેરવશે સૂક્ષ્મ, બાદર. ગાથા દીઠ ફેરવે છે વાતને. સમજાય છે કાંઈ? આહા..હા..! ગમ્ય નથી.

ભગવાન આત્મા આમ બધા અનંત આત્મા ભગવાને જોયા, એકેન્દ્રયથી માંડીને બધા એ બધા જ્ઞાન, દર્શન આનંદનો પિંડ છે આત્મા. એ વિકલ્પ અને વિકલ્પથી નિમિત્ત થઈને કર્મ અને કર્મથી મળતું શરીર આદિ એ બધું એ વસ્તુસ્વરૂપે નથી. એનું લક્ષે લક્ષણ કરીને જાણે, પછી જાણે કે આ શરીરમાં આ બ્રાહ્મણ કહેવાય છે. એ તો વ્યવહારે જાણવાયોગ્ય થયો. વસ્તુ આદરવાયોગ્ય રહી નહિ. જાણેલો પ્રયોજવાન છે. એ તો વાત એક જ સિદ્ધ કરે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. વાત એ જ સિદ્ધ કરે છે. આચાર્ય ભિન્ન-ભિન્ન રીતે નિશ્ચય સ્વભાવનું જ્ઞાન અને ભાન થતાં બધા જીવો એવા જ છે (કે) જ્ઞાન, દર્શન ગુણેથી ગમ્ય થઈ શકે છે. પછી એમાં ભેદ દેખાય છે તેને જાણે છે. જાણે એટલું બીજું કાંઈ નહિ. જ્ઞેય તરીકે જાણે. એમાં આ આત્મા આવો છે એમ નહિ. એના ભેદવાળી પર્યાય આવી છે એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ સમજાવો છોને.

ઉત્તર :- એ તો ભાષા છેને આપણે વિસામાની. સમજાય છે કાંઈ? એ તો વિસામાની ભાષા છે. વિસામાનું વાક્ય નહોતું કહ્યું? વિસામાનું. સાબલી મધ્યે. કીધું હતુંને. અમારા મામા હતા બહુ જૂના વૃદ્ધ. આ ૬૫ વર્ષ પહેલાની વાત છે. બહુ જૂના વૃદ્ધ. પછી વાતું કરે બીજા સાથે. સાબલી મધ્યે... સાબલી મધ્યે... કરે. અમે છોકરાઓ એટલે કહ્યું, મામા! તમે આ શું બોલો છો? સાબલી મધ્યે બોલે. વાત કરતાં એક વાત થાય ત્યાં બીજી વાત પહેલા સાબલી મધ્યે. મેં કીધું આ સાબલી મધ્યે શું બોલે છે આ? એ તો એને પણ ખબર નહિ ભાઈ!

હા, એ બોલાતું. આ ૬૫ વર્ષ પહેલાની વાત છે. અમારા મામા હતા, ગૃહસ્થ હતા, સુખી હતા, બધા એય.. લહેર કરી, રળવાનું કાંઈ નહિ... સાબલી મધ્યે એમ વાતું કરે. સાબલી મધ્યે શું તમે કહો છો? કો'ક બીજા બેઠા હતા ઘણું કરીને એણે કહ્યું કે આપણે એવી રીત છે અત્યારે કે વાત કરતાં એક કાંઈક થોડી વાત થઈ, પછી વિસામો લેવો હોય તો સાબલી મધ્યે એટલે સાહેબને ભલી મતિ થાય જે. એવું વાક્ય હતું. પંડિતજી! આ તો ૬૫ વર્ષ પહેલાની વાત હોં! અમારા મામાને મેં પૂછેલું હોં બધું. એક શબ્દ કહ્યો તો બોલો છો શું તમે આ? કાંઈ અમને સમજાતું નથી અને શું સમજીએ આ? તમે સાબલી મધ્યે... સાબલી મધ્યે... કીધા કરો છો. ત્યારે બીજો કોક કહેતું હતું કે જુઓ એવું છે. આપણી પરંપરાની રીત વાતું કરતા બીજાને બહુમાન આપી, સાહેબને ભલી મતિ થાય જે (એમ કહેવાય છે). રતિભાઈ! એમ અહીંયા વાક્યના વિસામામાં 'સમજાય છે? સમજાય છે?' એ પણ સાહેબને ભલી મતિ થાય એવું છે આ. એ પહેલેથી ટેવ પડી ગઈ છેને ભાઈ! સમજાય છે કાંઈ? એ શબ્દ આવે છે.

એક છોકરો કહેતો હતો નાની ઉંમરનો. આટલો કોઈ બેઠો હતો. મહારાજ કહે છે કે સમજાય છે કાંઈ? પાંચ-છ વર્ષનો છોકરો હતો કો'ક. જગજીવનભાઈના દીકરાનો દીકરો. જગજીવન બાવચંદ. દલુભાઈનો છોકરો આવડો નાનો. મહારાજ કહે છે કે સમજાય છે કાંઈ? કીધું ઠીક ભાઈ આ. એ સાબલી મધ્યે છે. સાહેબને મતિમાં સમજાય છે કાંઈ? એવું પહેલું બહુમાન વાક્ય હતું, બહુમાન વાક્ય હતું.

અહીં આચાર્ય ભગવાન કહે છે કે અરે આત્મા! એ ગુણોના ગમ્ય તને નથી હોં. ભગવાન આમ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનનો મોટો પિંડલો, દર્શનનો મોટો રસકંદ, ચારિત્રનો આખો વસ્તુસ્વભાવ, આખું સ્વરૂપ આમ ચારિત્રમય, વીતરાગમય, શાંતિમય-એવા સ્વભાવને લક્ષે આત્મા જાણવો જોઈએ, એમ ન જાણતા તું બે ભેદે આત્માને જાણે છો (તો) તને ગુણની ગમ્યતા નથી, ભાઈ! ગુણનું જ્ઞાન નથી હોં. એ તને એકલું અજ્ઞાનનું પરપ્રકાશક જ્ઞાન છે. સ્વપ્રકાશક જ્ઞાન ગુણનું થયા પછી એવો ભેદ હોય એ પરપ્રકાશમાં એ જ્ઞાની જાણે. સમજાય છે? પણ એ આખું એનું મૂળ સ્વરૂપ છે એમ જ્ઞાની જાણતો નથી. કહો, સમજાય છે કાંઈ?

'**યદ્યપિ...**' હવે ગતિ બતાવે છેને જરી? '**પાપકે ઉદયસે નરક-યોનિ,...**' એ તો કર્મ બંધાણું. વસ્તુમાં નથી, સ્વભાવમાં નથી, ગુણમાં નથી પણ ગુણના અભાને, ગુણના ગમ્યે લક્ષ થવું જોઈએ એના અભાને ગમ્ય કર્યો રાગ અને વિકાર. એના લક્ષે બંધાયેલું કર્મ એ કર્મના ઉદયકાળમાં, પાપના ઉદયે નરકયોનિ, પુણ્યના ઉદયે દેવોનું શરીર. દેવનું શરીર. પુણ્યને લઈને દેવનું શરીર (મળે). '**શુભાશુભ મિશ્રસે નર-દેહ...**' મિશ્ર લીધું છેને. શુભ અને અશુભ ફળનું તદ્દન શુભ વિશેષ નથી અને (અશુભ નથી). નરદેહ એમ કહ્યું એ. નિયમસારમાં એમ

લીધું. **'માયાચારસે પશુકા શરીર મિલતા હૈ,...'** કપટ-કપટ. કુટિલતા હોય છેને? બહુ જ કુટિલતા દંભ કે જેનો આત્મા વક્ર થઈ ગયો એના ફળમાં શરીર વક્ર નામ આડું-તીરછું થઈ ગયું, ટેઢું શરીર થઈ ગયું. સમજાય છે કાંઈ? મનુષ્ય થાય, દેવ થાય, નારકી પણ આમ હોય હોં. બહુ પાપી છે પણ છે આમ (સીધા). અને માયાચારી કપટ અને દંભ, વક્રતા અને આડોડાઈ, આડપ. બહુ આડી કરી તો, કહે છે કે દશામાં તો આડી થઈ, પણ ફળમાં (આડું શરીર મળ્યું). વસ્તુમાં એ આડપ નથી એમ બતાવવું છે અહીં તો. એ આડપના ફળે કર્મ થયું અને કર્મના ફળે આ વક્ર શરીર આડું આમ મળ્યું છે. હાથી, ઘોડા, ઊંટ, ઉંદર આમ આડા. એ ન જો કહે છે. એમ કહે છે અહીં. એ તો પાપ, પુણ્ય અને માયાચાર નિમિત્ત થયા અને કર્મ થયા અને કર્મના ફળ તરીકે આ (શરીર મળ્યું) એ કાંઈ સ્વરૂપ આત્માનું નથી. સમજાય છે કાંઈ? ભગવાન! એને તું જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણવાળો જો. આવા ફળવાળો ન જો, એ તો એક જાણવા જેવી ચીજ થઈ પર્યાયબુદ્ધિની. સમજાય છે કાંઈ?

**'માયાચારસે પશુકા શરીર મિલતા હૈ, અર્થાત્ ઈન શરીરોંકે ભેદસે જીવોંકી અનેક ચેષ્ટાયેં દેખી જાતી હૈં,...'** હાથીનો હોય તો જુઓ એક સૂંઢ આમ હોય. આમ-આમ થાય, ઘાસ આમ ઉપાડે. ઘાસ આમ ઉપાડેને સૂંઢમાં લઈને. એ બધી ચેષ્ટા. અને કાબર-કાબર છેને. કાબર નથી કહેતા? હિન્દીમાં શું કહે છે? પક્ષી નહિ બહુ અવાજ કર્યા કરે. કાબર કહે છે બસ ઈ. આ ચકલા છે. એ કાબર તો બેઠી બેઠી એટલા અવાજ કરે. ઉંહ... ઉંહ.. એમ કર્યા કરે અહીંયાંથી. જુદા જુદા અવાજ કાઢ્યા કરે. એ કાઢતા નથી એ તો જડની પર્યાય થાય છે. કહે છે કે એવી ચેષ્ટા દેખીને તું આત્મા આવો છે એમ ન જાણ અને એ આત્માએ એવું કર્યું પણ નથી. એણે કરેલો વિકાર અજ્ઞાનભાવ. નિમિત્ત થઈને થયું કર્મ ઉપાદાન એને કારણે. આ પણ ઉપાદાન એને કારણે, એ શરીર આદિ આવ્યા એમાં નિમિત્ત થયું કર્મ. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ **'ભેદસે જીવોંકી અનેક ચેષ્ટાયેં દેખી જાતી હૈં,...'** સમજાણું? મનુષ્યનું શરીર. અવયવો સ્ત્રીના જુદાં, પુરુષના જુદાં, હીજડાના જુદાં. કોઈના કાંઈ અવયવ જુદાં. નાક, કાન એક-એક માણસ જુઓ. આ કાનબુટ્ટી છેને એ કોકની ચોંટેલી, કોકની લાંબી, કોકની ટૂંકી, કોકની પહોળી, દરેકમાં આંતરો છે. કોઈમાં એકસરખું કોઈમાં ન હોય. કેમકે આત્માની વિકૃતિભેદે ભેદ, કર્મભેદે ભેદ, ફળભેદે બધું ભેદ (હોય). એકે એકમાં ફેર. આ નાકમાં ફેર હોં. આ નાકની એક અણીમાં જોશો તો લાખો માણસની અણીમાં ફેર. આ અણી સમજો છોને? કોઈની એકસરખી ન હોય. આ આંખના આ છેને આ? એ કોઈના એકેય સરખા નહિ હોય. આ ખૂણામાં ફેર, બધાયમાં ફેર.

મુમુક્ષુ :- ભગવાને કેટલા બીબાં રાખ્યા હશે?

ઉત્તર :- બીબાં.

એ અહીં કહે છે કે બાપુ! એકરૂપ તારું સ્વરૂપ એને ભૂલીને અનેક વિકારમાં એકત્વતા થઈ, એ નિમિત્ત પામીને કર્મ તો ઉપાદાન તો પોતાથી પરિણમ્યા અને એ નિમિત્ત થઈને આ શરીરનો આકાર પુદ્‌ગલનો એ પણે પરિણમ્યો છે. ખરેખર તો એ પુદ્‌ગલનું નિમિત્ત છે કર્મનું. એ કાંઈ એને લઈને થયું નથી. કર્મનો ઉદય છે એ તો પર પરમાણુ છે, પર પરમાણુ છે, આ બીજા પરમાણુ છે. કાંઈ આ પરમાણુને લઈને આ પરમાણુ એમ છે નહિ. અહીં તો એકલું ચક્ર બધું ભેગું ગણીને ગણાવવું છે. બાકી અહીં જે પરિણમે છે પરમાણુના પુદ્‌ગલોની વર્તમાન અવસ્થા એની પોતાની યોગ્યતાથી પરિણમે છે. ત્યારે એને અશાતા કે જે કર્મનો ઉદય હોય એનું નિમિત્ત કહેવાય છે. પણ આખું નિમિત્ત, એનું કાર્ય અને એ કર્મમાં નિમિત્ત થયો વિકાર—એ બધા ભેદે ભેદ તું જો છો એ ન જો. ભગવાન એકત્વ લક્ષણે લક્ષિત અભેદ છે. સમજાય છે કાંઈ? આવું સાંભળ્યું પણ નહિ હોય. મોરારભાઈના દીકરાનું નામ શું? ગિરધરભાઈ! મોરારભાઈ હતા ત્યાં ..માં, જામનગર. એની આ વાતું આવે કે દયા પાળો, આની આ કરો. કાંઈ લેવા દેવા માલ ન મળે વાતમાં.

અહીં તો વીતરાગ પરમાત્મા.. આહા..! વીતરાગ પર્યાયે તું લક્ષિત થઈ શકે તો તો પછી તે નવા કર્મ બાંધવામાં નિમિત્તપણું પણ તારામાં નથી અને એને ભૂલ્યો એના લક્ષે અને અહીં લક્ષ તારું ગયું, વિકલ્પમાં પુણ્ય-પાપની એકત્વબુદ્ધિમાં, બસ! એ એકત્વમાં ગયો. વિભક્તમાં જવું જોઈએ, સ્વભાવ એકત્વમાં થવું જોઈએ એ વિભક્ત કરવું એમાં એકત્વ થયો. એને કારણે બંધનમાં નિમિત્ત થયું. બંધનને કારણે આ બધા સંયોગોમાં ફેર દેખાય. ભગવાન! એને ફેરે ફેર ન દેખ. એ તો જ્ઞાન, દર્શન અને આનંદના લક્ષણે લક્ષિત એવો ભગવાન છે આત્મા. આહા..હા..! એ વિના સમભાવ પ્રગટશે નહિ.

ભગવાન છે બધા ભગવાન છે. બાપુ! એ ભૂલ્યો તોપણ પર્યાયમાં. વસ્તુમાં ભગવાન છે. વસ્તુમાં ભૂલ્યો નથી. એ પર્યાયે ભૂલ્યો છે. સમજાણું કાંઈ? એ તો એક સમય છે. ભૂલ એક સમય. બે સમય ન રહે. દ્રવ્ય ત્રિકાળ, ગુણ ત્રિકાળ, ભૂલ એક સમય, અનંત જીવોની. અનંત જીવો કીધા. એક સમયની ભૂલ ઉત્પાદ, બીજા સમયે ઉત્પાદ રહે જ નહિ. સમજાણું કાંઈ? એ પર્યાયના લક્ષણમાં આવી ગયેલો એકત્વમાં કર્મબંધનમાં નિમિત્ત થઈને જે આ ભેદ થાય છે એમ ન દેખ કહે છે. આમ જો. એક સમયનો પર્યાય એ વિકૃત છે. એ કાંઈ તારું સ્વરૂપ છે? આમ જો... આમ જો... દર્શન-જ્ઞાન લક્ષણે, કાયમી પડેલા દર્શન-જ્ઞાન-આનંદ એના કાયમી સ્વભાવથી સ્વભાવવાનને જો તો ભેદ દેખાશે નહિ. સમજાણું કાંઈ? લ્યો, વળી સમજાણું

કાંઈ?

‘**પરંતુ દર્શન જ્ઞાન લક્ષણસે સબ તુલ્ય હૈં.**’ દેખો, બધા ભગવાન અભવિ કે ભવિ. પર્યાયમાં કોઈને અનંત સંસાર હોય કે એકાવતારી હોય (કે) પર્યાયમાં વિકલ્પ. વસ્તુમાં તો કાંઈ ભવ પણ નથી અને ભવનો ભાવ પણ નથી. વસ્તુમાં, વસ્તુના ગુણમાં ભવ પણ નથી અને ભવનો ભાવ પણ નથી. ભગવાન ભવના ભાવ વિનાનો એવા ગુણવાળો એકલો તો ગુણમાં ભવનો ભાવ ક્યાં હતો? જ્ઞાન-દર્શન-ચારિત્ર આનંદ ગુણ એમાં ભવનો ભાવ છે? એ ભવરૂપ થવાનો એનો સ્વભાવ છે? એ પર્યાયમાં ઊભો કરે છે. નથી સ્વભાવમાં અને ઉભો કરે છે ઉઠાવગીર. ભગવાન જ્ઞાન-દર્શન-ચારિત્રે લક્ષિત જેમાં ભવ અને ભવના કારણો નથી, એ રીતે ન જો તો, એ રીતે જોવે તો સબ સરખા. કેમ? કે ‘**ઉપયોગ લક્ષણકે બિના કોઈ જીવ નહીં હૈ.**’ સિદ્ધ કર્યું. ‘**उवओगलक्खणो जीवो**’ ‘**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।**’ જુઓ, છેને? સમયસાર. સમજાણું? સમયસારમાં છેને? કેટલામી ૨૫? ૨૪? એમાં કાંઈક છે ખરું. ૨૪.

सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वी भूदो जं भणसि मज्झमिणं।।२४।।

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર જેની પરમ ઈશ્વરતા પર્યાયમાં બધી પૂરી પ્રગટ થઈ ગઈ છે એવા સર્વજ્ઞ ભગવાને ‘**दिट्ठा**’ જીવને ‘**उवओगलक्खणो णिच्चं**’ નિત્ય ત્રિકાળ જીવ લક્ષણે દીઠો છે. અને તું રાગ ને પુણ્ય ને પાપ ને દેહના ભિન્નવાળા લક્ષણે જોવા માગે છો, તને આત્માની ખબર નથી. એમ કહે છે જુઓ. ‘**कह सो पोग्गलदव्वी भूदो**’ એવો ભગવાન રાગમય અને શરીરમય કેમ થાય છે? કેમ થાય છે? ભગવાને ઉપયોગમય જોયો, આમ જ્ઞાન-દર્શન ઉપયોગમય. સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ ભગવાનના જ્ઞાનમાં શુદ્ધ સત્તા જીવની એમને ભાસી છે. પુણ્ય-પાપનો આસ્રવ ભગવાને તો જીવથી ભિન્ન ભાળ્યો છે. પુણ્ય-પાપનો ભાવ આસ્રવ તો ભગવાને જીવતત્ત્વથી ભિન્ન ભાળ્યો છે અને શરીર, કર્મ અજીવ તો આસ્રવતત્ત્વથી ભિન્ન ભાળ્યું છે. એવા સર્વજ્ઞ ભગવાને પુણ્ય-પાપના રાગ અને આ અજીવ આદિ એનાથી (ભિન્ન) ઉપયોગમય જીવને દીઠો, એ રાગમય અને અજીવમય કેમ થાય? એ આસ્રવમય અને અજીવમય કેમ થાય? એ આસ્રવમય અને અજીવમય કેમ હોય? સમજાણું કાંઈ? સમયસાર તો ભંડાર છે. ૪૧૫ શ્લોક અને ૨૭૮ કળશ. અને એમાં પાછી ટીકા. ૪૦૦૦ હજાર લગભગ ટીકા છે. ગજબ ભરી દીધું છે! સમજાય છે?

કહે છે, ભગવાને તો ‘**ઉપયોગ લક્ષણકે બિના જીવ નહીં હૈ**’ એમ કહ્યું છે. ‘**ઈસલિયે જ્ઞાનીજન સબકો સમાન જાનતે હૈં.**’ બધાને સરખા જાણે છે, સમભાવ. પર્યાયમાં ફેર

છે, એક સમયની ભૂલ છે, એક સમયની. એક સમયની ભૂલે સમય-સમયની નવી ભૂલ. સમય-સમયની નવી ભૂલ. એ ભૂલ ન રહે. એવી ભલે થાય, એ ન રહે. કેવળજ્ઞાન એક સમય રહે એ બીજે સમયે એ ન રહે. એવું થાય, એ ન રહે. એમ અહીં સંસારમાં એક સમયનો મિથ્યાત્વનો પર્યાય, એ સમયનો પર્યાય બીજે સમયે ન રહે. ભલે એક જાતનો સદશ કોઈ થાય, એ ન રહે, એક સમય. એક કોર ભગવાન ત્રિકાળી, એક કોર એક સમય. જોવાની દૃષ્ટિને બતાવે છે અહીં તો.

'**જ્ઞાનીજન સબકો સમાન જાનતે હૈં. નિશ્ચયનયસે દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવોંકે લક્ષણ હૈં,...**' દેખો, સંસ્કૃત ટીકામાં છે હોં. '**निश्चयेन सम्यग्दर्शनज्ञानचारित्रलक्षणानां जीवानां ब्राह्मणक्षत्रियवैश्यचाण्डालादिदेहभेदं दृष्टवा रागद्वेषौ न कर्तव्याविति**'. આહા..હા..! જ્ઞાનીજન ધર્મી પોતાના સ્વભાવને જ્ઞાનમય, આનંદમય, શાંતમય દેખતો એ લક્ષણ, '**ઐસા જાનકર બ્રાહ્મણ, ક્ષત્રી,...**' અહીં જરી જુદું પાડ્યું ભાઈ! ઓલા બધા કહેને કે લક્ષણે લક્ષણ જ્ઞાન દર્શન લક્ષણ તો આવી ગયું હતું, એક જાતિરૂપ આવી ગયું હતું. એક છે એમ આવી ગયું હતું એક ફેરી. સંગ્રહનયે એક છે, જાતિએ એક છે એમ ભિન્ન-ભિન્ન રીતે આવી ગયું હતું. એટલે અહીંયા આ નાખ્યું એમણે. ટીકાકારને કે આમાં આચાર્યને એમ કહેવું છે. '**ઐસા જાનકર બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, ક્ષુત્ર, ચાંડાલાદિ દેહકે ભેદ દેખકર રાગ-દ્વેષ નહીં કરના ચાહિયે.**' પર્યાયબુદ્ધિએ દેખનારો એવો એને ભાળીને રાગ-દ્વેષ કરે છે. દ્રવ્યસ્વભાવ દેખનારો એ ભાળીને એને દેખીને રાગ-દ્વેષ થતો નથી. કમજોરીને લઈને થાય એ બીજી ચીજ થઈ. સમજાણું કાંઈ? એ બધું અસ્થિર થયું. '**સબ જીવોંકે મૈત્રીભાવ કરના, યહી તાત્પર્ય હૈ.**' મૈત્રી પણ આ રીતે હોં! જ્ઞાન-દર્શન, આનંદ નામ ચારિત્ર લક્ષણે લક્ષિત થઈ, બધાને સરખા જાણી વિષમભાવ થવો નહિ (અને) સમભાવ થવો એનું નામ મૈત્રી. બે એક થતા નથી કાંઈ મૈત્રી થયે. એ ૧૦૨ થઈ. હવે આકારનું વર્ણન કહેવા માગે છે જુઓ.

'**આગે સૂક્ષ્મ બાદર-શરીર જીવોંકે કર્મકે સંબંધસે હોતે હૈં, તો સૂક્ષ્મ બાદર,...**' જુઓ, '**સ્થાવર, જંગમ યે સબ શરીરકે ભેદ હૈં, જીવ તો ચિદ્રૂપ હૈ, સબ ભેદોંસે રહિત હૈ, ઐસા દિખલાતે હૈં—**' આહા..હા..! એમ કહે છે, ભાઈ! તને સૂક્ષ્મ શરીર અને બાદર શરીર નાનું મોટું આકારે. ભગવાન તો અસંખ્ય પ્રદેશી સરખો છે. એમાં આ આકારફેરે નાનું-મોટું અથવા શરીરના સ્ત્રીના અવયવોમાં ફેર, પુરુષના અવયવોમાં ફેર, એ બધા આકારે ફેરે ફેર તું જાણ એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? શરીરના આકારે સ્ત્રીના શરીરનો આકાર ફેર હોય, પુરુષનો ફેર હોય, હીજડાનો ફેર હોય, પાવૈયાનો ફેર હોય, હાથીનો ફેર હોય, ઊંટનો દરેકનો આકાર ફેર છેને? આકારની વાત છે હોં. અહીં પ્રધાનતા આકારની છે. તેથી

સૂક્ષ્મ-બાદર ઉપાડ્યા છેને? સૂક્ષ્મ, બાદર, સ્થાવર અસંખ્ય પ્રદેશી છે. ટીકામાં લેશે.

આમ જુઓ તો અસંખ્ય પ્રદેશ સરખા છે. એનું ક્ષેત્ર આમ સંકોચ-વિકાસ હોય તો કાંઈ અસંખ્ય પ્રદેશમાં સંકોચ-વિકાસ થતો નથી. એ સંકોચ-વિકાસ તો બહારના કારણે છે. વસ્તુ તો અસંખ્ય પ્રદેશી છે. જેમ ગુણલક્ષણે લક્ષિત છે તેમ અસંખ્ય પ્રદેશે ક્ષેત્રે તે લક્ષિત છે. આવા બહારના આકારે એ લક્ષિત છે નહિ.

મુમુક્ષુ :- બહારનું શરીર ઊંચું હોય તો...

ઉત્તર :- એની સાથે શું સંબંધ? એ તો જડની પર્યાય થઈ.

મુમુક્ષુ :- આંખે ચડી જાયને તરત?

ઉત્તર :- આંખે શું ચડે? એક આવ્યું હતું ત્યાં. વિલાયતમાં એક રંગરેજ છે રંગરેજ. એને નિસરણીની જરૂર નથી પડતી. આમ પાંચ-છ-સાત હાથ ઊંચે રંગવું હોયને તો ઉભો-ઉભો રંગે. મોટો લાંબો છે. આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. કોક કહે ત્યારે વાત સાંભળીએ. આપણને ક્યાં... આમ માથે રંગવું હોય અહીં તો નીચે ઉભો રહે. એને ઘોડી ન જોવે. એટલો ઊંચો.

મુમુક્ષુ :- એક ભાઈ બહુ ઊંચા, આઠ ફૂટના ઊંચા.

ઉત્તર :- હોય એ તો શરીર છે. એ તો ઢીંચકો. એ તો આટલો ઢીંચકો. એ વામન. ૬૦-૬૫ વર્ષ. ઢીંચકો. આટલો માણસ ઢીચંકો. વર્ષ કેટલા? કે ૬૨-૬૩. વામન. એને ત્યાં નોકરી છે. ત્યાં નોકરી છે. ઓલા છેને બધા પંખી ને જાનવર ને.. અમે ગયા હતાને ત્યાં જોવા. તે માથેથી સમાચાર આવ્યા હતા એ લોકો ઓફીસરને કે મહારાજ આવે છે માટે તમે ઓફીસરો બતાવજો. ઓફીસર તૈયાર હતા બિચારા હાથમાં લઈને. પછી બધું બતાવ્યું. હાથી આમ કરે, બધું કરે. ઓફીસરો હુકમ કરે. વાઘ-વાઘ હતો. એ તો જોયું નથી તમે? ત્યાં એક વાઘ હતો. તો એ વાઘને જોઈને અમે ચાલ્યા આવ્યા. વાઘ છૂટો હતો છૂટો. મેં તો જોયો. પછી એક આપણા દિગંબર આવ્યા. ફોટો આપણે અહીં છેને. ફોટો ક્યાંક છે. બતાવો. એ ત્યાં કહે મહારાજ તમે વાઘની ઉપર હાથ ફેરવો, અમારે ફોટો લેવો છે. ઠીક ત્યારે ચાલો. વાઘ આમ ફરતો હતો. ઉભો રહી ગયો ફટ દઈને આમ પગ કરીને. જ્યાં હાથ ફેરવ્યો ઓલાએ ફોટો લઈ લીધો. ઘુરરર.. કરતો હતો ઘુરરર.. પણ આમ હાથ ફેરવ્યો. એનો ફોટો છે મૈસુરનો. એનો એક માણસ ઉભો છે. ચંદુભાઈ છે. બીજો કોણ પાછળ છે? ડ્રાઈવર છે, ઠીક. પણ એ વાઘ જ એવો હતોને, જ્યાં આમ અંદર ગયા તો પાધરો આમ બેસી ગયો આમ કરીને. બે ફોટા પાડ્યા છે. એક બીજા નંબરનો. બે ફોટા. તે દિ' ઘુરરરર.. કરતો હતો, પણ આમ હાથ ફેરવ્યો તો સામું નહોતો જોઈ શકતો. એના ઓફીસરો સાથે હતાને. ઓફીસર ચારે કોર. બધું બતાવો ભાઈ મહારાજને. માથે... અહીં ભાઈ કોક દિ' આવ્યા છીએ, અહીં ક્યાં પછી આવવાના?

એ બધી જાત... આહા..હા..! આત્મા તો આત્મા. એ તો ભગવાન જ્ઞાનગુણે... આકૃતિફેરે ન જો એમ કહે છે અહીંયા હવે. હવે ૧૦૩માં આકૃતિફેરે ન જો એમ કહે છે. ઓલી નાતફેરે ન જો. નાત સમજ્યા? વર્ણ ફેર બ્રાહ્મણ, ક્ષત્રિય. ઓલી જાતિએ એક જો, પછી લક્ષણે એક જો, પછી ત્રણ લક્ષણે એક જો. જ્ઞાન-દર્શન-ચારિત્રે. એમાં વર્ણભેદે ન જો. હવે જાતિ આમ આકાર દેખાય ફેર. સ્ત્રીના અવયવો, પુરુષના અવયવો, હાથીના અવયવો, સિંહના અવયવો, વાઘના અવયવો, શિયાળના અરે! કોઈ કંથવાના. તો કહે છે **'યે સબ શરીરકે ભેદ હૈં, જીવ તો ચિદ્રૂપ હૈ,...'** એ ભગવાન તો જ્ઞાનરૂપ છેને. એમાં આમ મોટા પૂંછડા હોય ઓલા વાઘને. આમ... મૂછો મોટી, એને મોટી પૂછ હોય. છેને? આ બધું જુઓને. ખુલ્લો ખુલ્લો હતો, બાંધેલો નહિ. ખુલ્લો. ખુલ્લો હતો.. બાંધેલો નહિ. ફરતો હતો. મોટો વાઘ છે. પણ ખોરાક સાધારણ આપેને એટલે બિચારા નરમ થઈ ગયા. એને ન જો એમ કહે છે. એવે આકારે ન જો એને. આહા..હા..! એ ચિદ્રૂપ એનું રૂપ એ છે આ રૂપ નહિ. આ રૂપ નહિ, આ આકાર નહિ. ચિદ્રૂપ અસંખ્ય પ્રદેશી લેશે હમણા ટીકામાં હોં.

**'સબ ભેદોંસે રહિત હૈ,...'** સબ એ માથાના, નાકના, આંખના ભેદ, આકાર, શું કહેવાય? નખ. **'ઐસા દિખલાતે હૈં—' 'સબ ભેદોંસે રહિત હૈ,...'** એ તો પરમાણુની આકૃતિ વ્યંજનપર્યાય છે. વ્યંજનપર્યાય આકૃતિ જડની છે. અસંખ્ય પ્રદેશી (આત્મા છે) એ અસંખ્ય પ્રદેશનો આકાર પણ એમ ન જો પર્યાયથી. એ અસંખ્ય પ્રદેશ છે એમ જો. એનો આકાર જે ફરે છે એ પણ પર્યાયનો આકાર છે. એક સમયની પર્યાય વ્યંજન. એ નહિ. અસંખ્ય પ્રદેશ છે પિંડ આખો. સમજાય છે કાંઈ? એ કહે છે જુઓ. ૧૦૩.

૨૩૦) **अंगइँ सुहुमइँ बादरइँ विहि-वसिँ होंति जे बाल।**
**जिय पुणु सयल वि तित्तडा सव्वत्थ वि सय-काल।।१०३।।**

અંગથી જ ઉપાડ્યું છે આમાં. જુઓ, પાઠ તો કેવો છે? **'विहि-वसिँ'** છે. વિધિ નામ કર્મને વશ પર્યાય એવી યોગ્યતા જીવમાં થાય અને બહારમાં થાય.

**'સૂક્ષ્મ...'** જીવો. સૂક્ષ્મ જીવ છે હોં અંદર. એ જીવની અપેક્ષા શરીરમાં ફેર. કોઈ સૂક્ષ્મ શરીર પણ બાદરથી મોટું હોય છે હોં. અવગાહનામાં ફેર હોય છે. કોઈ સૂક્ષ્મ શરીર હોય, શરીર મોટું હોય અને બાદર શરીર હોય એનું શરીર નાનું હોય. એમાં પણ ફેર હોય છે. શાસ્ત્રમાં આવે છે ધવલમાં. કહે છે કે એ બધા શરીરોથી એમ ન જો. **'સૂક્ષ્મ ઔર બાદર શરીર તથા જો બાલ, વૃદ્ધ, તરુણાદિ...'** જુઓ, આ બાળક, આ વૃદ્ધ, આ યુવાન આદિ. આના આ અવયવો, આના આ અવયવો. અરે! ચામડાના અવયવો જોઈને તને આત્મા જોવાનો છે? તું આત્મા જો છો? શું છે તને? સમજાણું કાંઈ?

અન્યમતિમાં આવે છે ભાઈ! એક મીરાંબાઈનું. મીરાંબાઈ નહોતા મળતા પુરુષને. એક પુરુષ હતો બાવો એ સ્ત્રીને નહોતો મળતો. મીરાંબાઈ તો મસ્ત હતી. એટલે પછી ઓલો બાવો કહે કે પણ મારે મળવું છે મીરાંબાઈને. પણ આડો પર્યંચ નાખો. તને હું નથી મળવા માગતી. તું ચામડાને જોનારો છો હજી? એ ચામડાને તું જોનારો છો અને મને મળવા આવ્યો છો? મીરાંબાઈએ કહ્યું. વાત કથામાં આવે છે. આ શરીર સ્ત્રીનું છે એવા ચામડાને તારે જોવું છે? આત્મા શું છે એની તને ખબર નથી. એને એવી અવ્યક્તપણે એ ભક્તિ હતીને એવી જાતની ઈશ્વરકર્તાની. વસ્તુ ક્યાં હતી. મળવું નથી, મારે જ મળવું નથી. તને આ શરીરના અવયવો દેખીને આ સ્ત્રી છે અને હું પુરુષ છું એવું તારી દૃષ્ટિમાં બેસી ગયું છે. ભેદ આવો? ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જ્ઞાનમૂર્તિ છે. શાસ્ત્રમાં વ્યવહારની વાત આવે ત્યારે આવે હોં. એ તો રાગીને રાગ ન થવા માટે એવી વાત આવે. ત્યારે વેદને કારણે? એ શરીરને કારણે રાગ થતો નથી. એ તો એની કમજોરીને કારણે એને નિમિત્ત બનાવીને રાગ કરે છે. જો એને કારણે થાય તો કેવળીને પણ થવો જોઈએ, જ્ઞાનીને પણ થવો જોઈએ. એમ છે નહિ. વસ્તુ વસ્તુ રૂપે જ્ઞેય છે. એ જ્ઞેયને કારણે રાગ થાય એમ છે નહિ.

એટલે કહે છે કે સૂક્ષ્મ અને બાદર શરીર એ બધા બાળ, તરુણ અવસ્થા '**કર્મોંસે હોતી હૈં, ઔર જીવ તો સભી સબ જગહ...**' દેખો, સભી એક દ્રવ્ય. સબ જગહ ક્ષેત્ર. જુઓ એટલું ફેરવ્યું પાછું. '**ઔર સબ કાલમેં...**' '**સબ કાલમેં ઉતને પ્રમાણ હી...**' જુઓ અહીં પ્રમાણ આ '**તાવંતઃ**' અહીં લેવું છેને? '**ઉતને પ્રમાણ હી અર્થાત્ અસંખ્યાતપ્રદેશી હી હૈ.**' અહીં સિદ્ધ એ કરવું છે. આમાં ક્ષેત્ર સિદ્ધ કરવું છે. એના અસંખ્ય પ્રદેશ. ઓલામાં ગુણલક્ષણે સિદ્ધ કરવું હતું. અસંખ્ય પ્રદેશ બધાના સરખા... સરખા... સરખા... છે એમાં આકારે ફેર કે બહારને ફેર એ તો પર્યાયદૃષ્ટિનો વિષય છે. એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ સુદ ૧૨, ગુરુવાર, તા. ૧૦-૦૬-૧૯૬૫
## ગાથા-૧૦૩ થી ૧૦૫, પ્રવચન-૧૪૪

આ પરમાત્મપ્રકાશ, એની ૧૦૩મી ગાથા ચાલે છે. એનો '**ભાવાર્થ.**' '**જીવોંકે શરીર વ બાલ વૃદ્ધાદિ અવસ્થાયેં કર્મોંકે ઉદયસે હોતી હૈં.**' શું કહે છે? એ શરીર એ આત્માનું

સ્વરૂપ નથી. તેમ શરીરની બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા કે નિરોગ, રોગ અવસ્થા એ બધી કર્મના નિમિત્તે ઉપાદાન એનું પોતાનું એમાં જડની અવસ્થાએ થાય છે.

મુમુક્ષુ :- કોનું ઉપાદાન?

ઉત્તર :- આ શરીર પુદ્‌ગલનું.

અહીં '**શરીર વ બાલ વૃદ્ધાદિ અવસ્થાયેં કર્મોંકે ઉદયસે હોતી હૈં.**' એમ કહ્યું છે. એ કર્મ છે એ જડ. અહીં તો આત્માને એનાથી ભિન્ન બતાવવો છે. બાકી આ શરીરની અવસ્થા-બાળપણું, વૃદ્ધપણું, યુવાનપણું, રોગપણું, નિરોગપણું, કુબડાપણું આદિ થાય એ બધી તે તે પ્રકારે તે શરીરની પર્યાયની અવસ્થાનો એનો કાળ (છે) માટે થાય છે. એમાં કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. એ આત્માની અવસ્થા નથી એમ બતાવવું છે. માટે એ અવસ્થા વડે આત્માને ન જો. શરીરની બાળ અવસ્થા, હું યુવાન, હું બાળ, હું વૃદ્ધ, હું રોગી, હું નિરોગી. એ બધો મિથ્યાભાવ છે. એ તો શરીરની અવસ્થા છે.

'**અર્થાત્ અંગોસે ઉત્પન્ન હુએ...**' એ શરીરના અંગ-એના અવયવો એના ઉપર લક્ષ જતા '**પંચેન્દ્રિયોંકે વિષય...**' કેમકે પાંચ ઈન્દ્રિયનો વિષય તો પર ઉપર જાય છે. સ્વવિષય કરતું નથી. સ્વવિષય તો અંતર દૃષ્ટિ અને જ્ઞાન આત્માનો વિષય કરે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનો પર્યાય સ્વવિષય કરે. એ પર્યાય સ્વવિષય કરે એ ભૂલી ગયો એટલે શરીર ઈન્દ્રિયના વિષયના પરના લક્ષે એની ચાહ ઉભી થઈ. સ્વભાવની ભાવના, શુદ્ધ વસ્તુ એમ અંતર દૃષ્ટિ વડે અંતરનો વિષય બનાવીને અંતરદૃષ્ટિનો અનુભવ થયો હોય તો એ અંતરની ભાવનાની ભાવના કરે. એમ નથી તેથી અનાદિથી પંચેન્દ્રિયોની ચાહના (છે).

'**પંચેન્દ્રિયોંકે વિષય ઉનકી વાંછા જિનકા મૂલ કારણ હૈ,...**' એ વાંછા-ઈચ્છા પરની ભાવના. પછી નિમિત્ત અનુકૂળ-પ્રતિકૂળ આદિ ગમે તે ઈચ્છા થાવ, એ ઈચ્છા જેનું મૂળ કારણ છે '**ઐસે દેખે, સુને, ભોગે હુએ...**' એ દેખ્યું છે પર. રાગાદિ પર, સાંભળ્યું છે પર, ભોગવ્યો છે રાગ. એવા '**ભોગોંકી વાંછારૂપ...**' ઈચ્છારૂપ હેતુ '**બંધાદિ ખોટે ધ્યાન ઉનસે વિમુખ...**' એ નિદાન બંધાદિ ખોટું ધ્યાન. એ નિદાન આદિ બંધભાવ એવું જે ખોટું ધ્યાન. '**ઉનસે વિમુખ જો શુદ્ધાત્માકી ભાવના...**' આમ જે ભાવના ઈચ્છા-વાંછા પર્યાયબુદ્ધિએ શરીરના લક્ષે વર્તમાન પર્યાયબુદ્ધિમાં લંબાતા શરીર ને વિષય ને પર ઉપર એની વાંછના જાય છે.

મુમુક્ષુ :- કથન લાંબુ બહુ.

ઉત્તર :- લાંબુ પણ એ તો જ્યારે પૂરું થાય એ પ્રમાણે કરેને.

શું કહ્યું? ભગવાન આત્મા પોતાનો વિષય દૃષ્ટિનો તો સ્વ છે. એ વિષય છોડી દઈને પર્યાયના અંશમાં, લક્ષમાં એટલામાં ગયો એટલે એ પર્યાયનો વિષય ગયો પછી શરીર અને

ઈન્દ્રિયોના વિષય તરફ. વિષય એટલે? આ શુભ-અશુભ ગમે તે દેખે એ એનો વિષય છે હોં જરી કઠણ. ખરેખર તો વિષય આ ભગવાનને દેખવું, મૂર્તિ એ બધો પંચેન્દ્રિયનો વિષય છે.

મુમુક્ષુ :- આંખનો વિષય?

ઉત્તર :- આંખનો વિષય છે એ. શબ્દ પણ કાનનો વિષય છે.

અહીં તો ભગવાન આત્મા પોતાના સ્વવિષયને ચૂક્યો એવું અનાદિથી એ પરવિષય એવો જે રાગાદિ એને લઈને એની બુદ્ધિ શરીર અને શરીરના સાંભળવા આદિના પાંચ ઈન્દ્રિયના વિષયો તરફની વાંછા હોય છે. આહા..હા..! શુભ-અશુભ બેય ગમે તે સાંભળે. સમજાય છે?

એ '**પંચેન્દ્રિયોંકે વિષય...**' અણિન્દ્રિય વિષય સ્વ છે એ તો દૃષ્ટિમાં લીધું નથી. એટલે અનાદિનું પાંચ ઈન્દ્રિયના વિષય '**ઉનકી વાંછા...**' આમ ભાવના. આમ ભાવના નથી એટલે આમ ભાવના ઈચ્છા (થાય છે). '**જિનકા મૂલ કારણ હૈ,...**' જુઓ, ઈચ્છા જેનું મૂળ કારણ છે. '**ઐસે દેખે,...**' દેખ્યું છે. પરપદાર્થ અનાદિના. સાંભળ્યું છે પરપદાર્થની વાત, ભોગવ્યો છે રાગ-દ્વેષનો ભાવ. એવા '**ભોગોંકી વાંછારૂપ નિદાન...**' હેતુ-હેતુ. એ હેતુ થઈ ગયોને આમ પર તરફનો? એમ. એવા '**બંધાદિ...**' બંધ રાગ-દ્વેષ આદિનો બંધ આદિ ખોટું ધ્યાન એવો જે ભાવ '**ઉનસે વિમુખ જો શુદ્ધાત્માકી ભાવના...**' જુઓ, ભાષા કેવી છે. એનાથી વિમુખ શુદ્ધાત્માની ભાવના. શુદ્ધ સ્વરૂપ પરમાનંદ મૂર્તિ એની ભાવના નામ સ્વવિષયમાં એકાગ્રતા. સ્વવિષય કરીને એકાગ્રતા.. ઉસસે રહિત. ત્રણપટી વાત લે છેને.

'**ઈસ જીવને...**' '**શુદ્ધાત્માકી ભાવના ઉસસે રહિત...**' પરની ઈચ્છાની ભાવના સહિત '**જીવને ઉપાર્જન કિયે...**' જીવે ઉપાર્જન કર્યા. '**શુભાશુભ કર્મોંકે યોગસે...**' કર્યા એણે ભાવ, પણ ભાવથી ઉપાર્જ્યુંને. એમ બધું ભેગું એણે નાખ્યું. ભાવ કર્યો, કર્મ ઉપાર્જ્યા નિમિત્તપણે એમ બધું એક સાથે નાખ્યું. '**યે ચતુર્ગતિકે શરીર હોતે હૈં,...**' લ્યો! એનાથી તો ચાર ગતિના શરીર મળે છે. સમજાય છે કાંઈ? ચાર ગતિનું છેદન જોઈએ. ચાર ગતિના અભાવસ્વભાવનો વિષય એ ચાર ગતિનો અભાવ કરનાર છે. એને ઠેકાણે વાંછા અને પર તરફની ભાવના (કરીને) એનાથી ઉપાર્જેલા કર્મ, એનાથી ચાર ગતિના શરીર મળે છે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં આવે છેને. નથી આવતું? પહેલા નહિ ચાર ગતિનું? એ વાત બીજી ઢબે આચાર્યો કથન કરે છે. બીજી ગાથા છેને.

समणमुहुग्गदमट्ठं चदुग्गदिणिवारणं सणिव्वाणं।
एसो पणमिय सिरसा समयमियं सणह वोच्छामि।।२।।

આચાર્ય અર્થ કરે છે કે '(૧) '**નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું નિવારણ**' કરવાને લીધે અને (૨) **શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ**

**'નિર્વાણનું પરંપરાએ કારણ' હોવાને લીધે (૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે અને (૨) સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે.'** વીતરાગની વાણી. વીતરાગની વાણી ચાર ગતિની પરતંત્રતાનો અભાવ કરાવનારી અને નિર્વાણની સ્વતંત્રતાની પ્રાપ્ત કરવામાં એ વાણી નિમિત્ત છે. એ વાણીમાં એવા ભાવ આવે છે. સમજાય છે કાંઈ? ભગવાનની વાણીમાં એ આવ્યું છે એમ કહે છે.

મુમુક્ષુ :- ... પરતંત્ર.

ઉત્તર :- એ પરતંત્ર જરીએ નથી. એ મફતના ... પડ્યા છે. કહો, સમજાય છે કાંઈ? જુઓને. એ સિદ્ધને કહે છેને પંડિતજી! સિદ્ધને કહે છે કે ધર્માસ્તિકાય નથી તો... બધામાં અનેકાંત લગાવવું. કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. સિદ્ધ કથંચિત્ સ્વતંત્ર છે. ધર્માસ્તિ આગળ નથી માટે પરતંત્ર છે. અરે ભગવાન! એમ નહિ. અહીં તો પાઠ શું છે શાસ્ત્રમાં? જુઓ, સ્વતંત્ર નિર્વાણ તે સ્વતંત્ર અને ચાર ગતિ તે પરતંત્ર. પાઠ જ બીજી ગાથાનો ભગવાનની વાણીમાં એ આવ્યું છે. સમજાય છે? અમૃતચંદ્રાચાર્યે ટીકા જ એવી કરી. સફળપણું એટલા માટે છે સમયનું, શાસ્ત્રનું કે જેથી તે સમય.. **'નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું નિવારણ કરવાને લીધે અને (૨) શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણ...'** શુદ્ધ તત્ત્વની પૂર્ણ પર્યાયમાં પ્રાપ્તિરૂપ નિર્વાણ એનું પરંપરાએ કારણ. પરંપરાએ કારણ એટલે? શુદ્ધ ચૈતન્યનો મોક્ષમાર્ગ એ કારણ, પણ એમાં એ વાણી નિમિત્ત થાય છે માટે પરંપરા કારણ કહેવામાં આવે છે.

**'કારણ' હોવાને લીધે (૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે...'** એ ભગવાનની વાણીમાં ભાવ પરતંત્રતા અને નિવૃત્તિના લક્ષણવાળા ભાવ આવ્યા, સફળપણું છે. ચાર ગતિની પરતંત્રતાના અભાવનું સફળપણું બતાવે છે. સિદ્ધ ગતિ મળવી કે એ મળવી એવું એ વાણીમાં આવતું નથી. એ તો પછી રાગ રહી ગયો એનું ફળ આવે છે. **'સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે.'** જુઓ, સમજાણું? ચાર ગતિનું નિવારણ પરંત્રતાની નિવૃત્તિ અને નિર્વાણની ઉત્પત્તિ અર્થાત્ સ્વતંત્રતાની પ્રાપ્તિ તે સમયનું ફળ છે—એ સિદ્ધાંતનું ફળ છે. સમજાય છે કાંઈ? આ તો ભગવાને કહ્યું કે આત્માનું સ્વરૂપ એનો તું અનુભવ કર. એની દૃષ્ટિ કરી તો ચાર ગતિનું પરતંત્રતાની નિવૃત્તિ થશે અને પૂર્ણ શુદ્ધ આત્માની પ્રાપ્તિરૂપ પર્યાય નિર્વાણ એ સ્વતંત્રતાની પ્રાપ્તિ છે. કહો, ઉત્પાદ અને વ્યય, ઉત્પાદ અને વ્યય. નિર્વાણનો ઉત્પાદ, ચાર ગતિનો વ્યય, ધ્રુવપણું તો છે. એટલે ભગવાનની વાણી સમયની એ સફળતા છે. ગતિ મળવી એ સફળતા વીતરાગની વાણીની નથી.

મુમુક્ષુ :- એની અસર તો થાયને.

ઉત્તર :- અસર-ફસરની ક્યાં વાત છે? આ તો એક નિમિત્તની વાત છે. એનો વિકલ્પ હોય છે ત્યારે એ સાંભળે છે ત્યારે એ પછી સાંભળેલું અંતર્મુખના લક્ષમાં જાય છે ત્યારે ઓલી વાણી આદિને નિમિત્ત કહેવાય છે. આમ વાત છે, ભાઈ! વસ્તુ તો આમ છે. એની સામું જોઈને અંતરમાં જવાતું હશે? ભગવાનની વાણી આમ જોવું અને જાવું અંદરમાં. બહિર્મુખ વૃત્તિએ આમ સાંભળે. એ વડે અંતરમાં જવાય? આખી વાત દિશાફેર વાત છે. ભગવાન કહેતા હોય વાણીમાં તો આમ લક્ષ જાય પર ઉપર, ત્યારે તો વિકલ્પ છે અને પર દિશા તરફ લક્ષ છે. હવે અંતરમાં જાવું એનો એ વિકલ્પ અને પરદિશા ફરે, અંતરમાં જાય ત્યારે એ દિશા ફરી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશ્ન જ શું પણ? એ જાય છે ત્યારે એને નિમિત્ત કહેવાય છે. મગનલાલ! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- .. બધા સ્વતંત્ર થઈ ગયા.

ઉત્તર :- ધૂળમાં સ્વતંત્ર થયા નથી. આ ૧૫મી ઓગષ્ટમાં સ્વતંત્ર થયા હતાને. એય..! ધર્મચંદજી! આ હિન્દુસ્તાન. ધૂળમાંય સ્વતંત્ર થયા નથી. ધૂળમાં એટલે? લોકોત્તર પુણ્ય પણ નથી ત્યાં. એમ. લોકોત્તર પુણ્ય ધૂળ પણ સમ્યગ્દષ્ટિને જ બંધાય. અજ્ઞાનની ભૂમિકામાં એવા લોકોત્તર પુણ્ય જે તીર્થંકરગોત્ર આદિના એ પુણ્યનું ઉપાર્જન સમ્યગ્દષ્ટિ સિવાય હોઈ શકે નહિ. પરતંત્ર બધો કે દિ' હતો? બધા હેરાન-હેરાન થઈ ગયા, બિચારા રાડું પાડે છે. એ રાજ હતા ત્યારે આટલી હિંસા નહોતી, સરકાર હતા ત્યારે આટલા કારખાના નહોતા. રાડું બહુ પાડે છે છાપામાં આવે છે આપણા જૈનમાં. એક તો હમણા આગ્રામાં ખોલવાના છે એક મોટું.. કેટલું એક દિવસમાં કેટલા હજાર કાંઈક લખ્યું છે. ત્રણ હજાર, ચાર હજાર બોકડા કાપવાના છે. આગ્રાની આસપાસ કારખાનું કરવાના છે.

મુમુક્ષુ :- એ તો અનુકંપા...

ઉત્તર :- અનુકંપા આનું નામ હશે. આહા..હા..! કાળાકેરની વાત છેને. આવી તો વાત ક્યાં સરકારના ઓલામાં નહોતીને પહેલી, રાજામાં પણ આવી નહોતી. આ હવે પ્રજાસત્તાક રાજ થયું. ક્યાં ધૂળમાંય નથી હવે.

અહીં તો કહે છે, ચાર ગતિનો અભાવ થાય તે સ્વતંત્રતા અને મુક્તિની પ્રાપ્તિ થાય તે (સ્વતંત્રતા). આ શું કહે છે અમૃતચંદ્રાચાર્ય? પાઠ છે ટીકા સંસ્કૃત. પંચાસ્તિકાયની બીજી ગાથા એની સંસ્કૃત ટીકા. ભગવાનની વાણી અથવા સમય નામ સિદ્ધાંત એની સફળતા એ છે કે ચાર ગતિની પરતંત્રતાની નિવૃત્તિ અને શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ નિર્વાણની પ્રાપ્તિ. સ્વતંત્રતા, એનું

નામ સ્વતંત્રતા છે. આહા..હા..! ભાઈ! દુનિયાથી બીજી વાત છે આ બધી લોકોત્તર. આ તો ભગવાન સર્વજ્ઞ થવાની વાત છે, બાપુ! જન્મ-મરણ રહિત. જન્મ-મરણ જ નહિ. કલંક છેને? યોગસારમાં લખ્યું છે. અરે! જન્મ થવો એ કલંક છે, ભગવાન! આ ચૈતન્યમૂર્તિ સાથે... આમ છઠ્ઠી આંગળી હોય, આમ આંગળી છઠ્ઠી એ લબડતી હોયને છઠ્ઠી? એમ ભગવાન અરૂપી એની સાથે આ શરીરનું કલંક લટકે છે. યોગસારમાં કહ્યું છે હોં. નથી આવતું? શું કહેવાય? શરમજનક જન્મો ટળે એવો પાઠ છે. 'શરમજનક જન્મો ટળે, પીયે ન જનની ક્ષીર'. પીયે ન જનની ક્ષીર. માતાના દૂધ પીવા મટી જાય ભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! અરે પણ એનું એને માહાત્મ્ય.. અહીં તો કહે છે કે તારું માહાત્મ્ય આ પરમાં ગયું. એ મહિમા રાગમાં, પુણ્યમાં, નિમિત્તમાં તો એને લઈને બંધાયેલા કર્મ તો એને લઈને શરીરાદિ મળ્યું આ. આ રોગ, નિરોગ અવસ્થા બધી કર્મજન્ય આઠ પ્રકારની ઉત્પન્ન થઈ છે, એ કાંઈ આત્મજન્ય અવસ્થા નથી. સમજાણું કાંઈ?

**'જીવને ઉપાર્જન કિયે શુભાશુભ કર્મોંકે યોગસે યે ચતુર્ગતિકે શરીર હોતે હૈં,...'** અહીં તો આપણે ચતુર્ગતિનું આવ્યુંને? અશરીરી થવાની વાત તો સ્વવિષય બનાવીને સ્વમાં ઠરવું. સ્વવિષય બનાવીને સ્વમાં ઠરવું એટલે દર્શન અને ચારિત્ર બે કહ્યા. બસ, એ ચાર ગતિના અભાવનું કારણ છે. બાકી પરનો વિષય બનીને ઠરાય, એમાં ઠરવું એ ચાર ગતિને ઉત્પન્ન કરવાનું કારણ છે. સમજાણું કાંઈ? **'ઔર બાલ-વૃદ્ધાદિ અવસ્થાયેં હોતી હૈં.'** શરીર થાય છે. બે વાત કરી. એક તો શરીર થાય ચાર ગતિના અને એમાં જે અવસ્થાઓ બાળ, વૃદ્ધ, રોગ, નિરોગ **'યે અવસ્થાયેં કર્મજનિત હૈં,...'** કહો, જેચંદભાઈ! સમજાણું? આ કર્મજનિત અવસ્થા છે, આત્માએ નહિ ઉપાર્જેલી. એને કહે છે કે મને થઈ એમ માનવું ભ્રમણા, અજ્ઞાન છે. એમ કહે છે. પાપ-ફાફની વાત અત્યારે નહિ. એ ભાવ કરેલા અને ભાવનું નિમિત્ત પામીને રજકણો એને કારણે પરિણમ્યા, એનું નિમિત્ત પામીને આ શરીર પણ એને કારણે થયું અને પરિણમ્યું. કોના હવે આમાં કરવા છે અબરખા? આ અબરખાને શું કહેતા હશે? ઓરતો. આપણી કાઠિયાવાડી ભાષા છેને.

**'યે અવસ્થાયેં કર્મજનિત હૈં, જીવકો નહીં હૈં.'** આહા..હા..! જુઓ, બે અર્થ કર્યાને ભાઈ એમાં? ઓલો બાળ શબ્દ પડ્યો છેને? બાળ શબ્દ પડ્યો છેને. એટલે બાળા અવસ્થા પણ કહી અને બાળ સંબોધન પણ કર્યું. બે અર્થ કર્યા એક બાળ શબ્દના. ૧૦૩ પહેલી લીટીનો છેલ્લો બાળ શબ્દ છેને? એટલે સંસ્કૃતમાં બાલા એટલે અવસ્થા કરી બાલાદિ. અને પાછું ટીકામાં એનું એક સંબોધન પણ કાઢ્યું. હે અજ્ઞાની જીવ, હે બાળ! એમ. **'યહ બાત તૂં નિઃસંદેહ જાન.'** એમ. નિઃસંદેહ જાણ ભગવાન! તારા ભગવાનને વિષય તેં ન બનાવ્યો. ધ્યેય ન બનાવ્યું

કહો, વિષય ન બનાવ્યું કહો, સ્વજ્ઞેય ન કર્યું કહો. એથી તેં પરધ્યેય બનાવ્યું, પરજ્ઞેય બનાવ્યું, પરવિષય બનાવ્યું. રાગથી માંડીને બધુંય. એના કારણે બંધન થયું અને બંધનને કારણે શરીરની આ અવસ્થા બધી મળી. હે બાળ! **'હે અજ્ઞાની જીવ, યહ બાત તૂ નિઃસંદેહ જાન.'** આહા..હા..! એ બધી દશાઓ કર્મજન્યની અવસ્થા એને મારી માનવી એ અજીવને જીવ માનવા જેવું છે. અજીવને જીવ માને. આમ સીધો કોણ માને? પણ આ.. આ મને... આ મને... એ અજીવને જીવ માન્યો છે. સમજાણું કાંઈ?

છ ઢાળામાં આવે છેને? શું લીધું એ ભાષા? યાદ છે? '.. જન્મે' એમ આવે છેને કાંઈક. 'તન ઉપજત અપની ઉપજત માનત.' હા એમ. આ ઊપજે તો હું ઉપજ્યો, આ જાય તો હું મર્યો. એ બધી ભૂલ. સાત ભૂલ બતાવી છેને? સાત તત્ત્વની સાત ભૂલ છ ઢાળામાં. બહુ સરસ કર્યું છે છ ઢાળામાં. સમજાય છે કાંઈ? **'હે અજ્ઞાની જીવ, યહ બાત તૂ નિઃસંદેહ જાન.'** હે બાળ! એમ કીધું છેને ટીકામાં? **'विदिवशैनैव। अथवा संबोधनं हे बाल अज्ञान।'** એમ સંસ્કૃત ટીકામાં છે. **'યે સભી જીવ દ્રવ્ય-પ્રમાણસે અનંત હૈં,...'** એક તો યહ બાત. સંખ્યાએ અનંત છે, એક જીવ નથી.

**'ક્ષેત્રકી અપેક્ષા...'** બે પ્રકાર લે છે, ધ્યાન રાખજો. **'એક-એક જીવ યદ્યપિ વ્યવહારનયકર અપને મિલે હુએ દેહકે પ્રમાણ હૈં,...'** શું કહ્યું છે? કે ભગવાન આત્મા... શરીર મળ્યું એનો શરીરનો આકાર જુદો અને આત્માનો આકાર જુદો, પણ એ આત્માનો આકાર જે પર્યાયમાં મળ્યો એ વ્યવહારનયે છે. એ ત્રિકાળ વસ્તુએ નથી. જોકે શરીરની અવસ્થાને લઈને એ આકાર છે એમ નથી. જીવનો જે આકાર છેને વર્તમાન વ્યંજનપર્યાય એ કાંઈ શરીરને આકારને લઈને નથી. શરીરના આકારનું અસ્તિત્વ જુદું અને એના અસંખ્ય પ્રદેશના સંકોચ-વિકાસનું અસ્તિત્વ જુદું. પણ એ અસ્તિત્વ ક્ષણિક એવા આકારને વ્યવહારનયનો વિષય કીધો. એ ત્રિકાળી વિષય નથી. શું કહ્યું સમજાણું કાંઈ?

**'વ્યવહારનયકર અપને મિલે હુએ દેહકે પ્રમાણ હૈં,...'** એ દેહને પ્રમાણે ઓલો આકાર એની વાત છે વ્યવહારની હોં! દેહની વ્યવસ્થા વ્યવહારની એમ અહીં નથી કહેવું. ભાઈ! સમજાય છે કાંઈ આમાં? એનો આકાર. અસંખ્ય પ્રદેશી વસ્તુ છેને, એનો વિભાવવ્યંજનપર્યાયનો આકાર શરીર પ્રમાણે પોતાનો પોતામાં પોતાને કારણે. પણ એ અશુદ્ધ ઉપાદાનનો આકાર છે, માટે તે વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? **'ક્ષેત્રકી અપેક્ષા એક એક જીવ યદ્યપિ...'** જ્યાં જ્યાં હોય ત્યાં. નિગોદથી માંડીને **'વ્યવહારનયકર અપને મિલે હુએ દેહકે પ્રમાણ હૈં,...'** આકાર હોં આકાર. **'તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી હૈં.'** એકરૂપ અસંખ્ય પ્રદેશ એ એનું સ્વરૂપ. ઓલું ક્ષણે ક્ષણે વિકૃતભાવ જે વ્યંજન આકૃતિ થાય

છે. એ વ્યવહારનયનો ક્ષણિક વિષય એ કાંઈ તારું ત્રિકાળી સ્વરૂપ નથી. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? કે બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા દેહની હોવામાં આત્માના પ્રદેશોનો પણ જે આકાર શરીર પ્રમાણે, પોતાને કારણે આકૃતિનું તે ક્ષણનું પરિણમન (હોય) તેને વ્યવહારનયનો વિષય કહીને હેય કહવા માગે છે. શરીરની પર્યાય તો શરીરમાં રહી. દેવચંદજી! સમજાણું કાંઈ? સૂક્ષ્મ બાદરનું હવે અહીં ચાલે છેને? સૂક્ષ્મ, બાદર, એકેન્દ્રિય.. એનો અસંખ્ય પ્રદેશનો વર્તમાન શરીર પ્રમાણેનો એનો આકાર એ વ્યવહારનયથી છે, પર્યાયદષ્ટિએ છે. વસ્તુ જુઓ તો અસંખ્ય પ્રદેશી એકરૂપ છે એને જો. એને આકૃતિના આકારના પર્યાયબુદ્ધિથી ન જો. આમ કહે છે. આહા..હા..! અશુદ્ધ ઉપાદાન પર્યાય.

મુમુક્ષુ :- માને છે?

ઉત્તર :- માને એટલે પોતે વિકારપણે પરિણમ્યો છે તે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપાદાન...?

ઉત્તર :- હા, શુદ્ધ ઉપાદાન એના રહિત નિર્મળ અવસ્થા થવી. નિમિત્ત વિનાની, વિભાવ વિનાની નિર્મળ અવસ્થા તે શુદ્ધ ઉપાદાનની પર્યાય. મલિન પર્યાય અશુદ્ધ ઉપાદાનની પર્યાય. પણ એ પર્યાય બેય. અહીં એ વાત નથી કરવી. સિદ્ધની પર્યાય છે એ શુદ્ધ ઉપાદાને નિર્મળ પર્યાય પરિણમી છે. આકૃતિ હોં આકૃતિ. એ વિભાવ નથી, પણ એ પર્યાયનો વિષય છે. અસંખ્ય પ્રદેશી ત્રિકાળ એ વસ્તુ, એમ કહેવું છે.

ફરીને. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય એનો સમય સમયનો અસંખ્ય પ્રદેશનો વ્યંજન—આકૃતિ પર્યાય વિભાવ એ વ્યવહારનયનો વિષય છે. અહીં તો આ ચાર ગતિની વાત કરવી છેને. અને સિદ્ધની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે ખરેખર. આકૃતિ એની એ સમયની. આમ શુદ્ધ ભલે શુદ્ધ હો, પણ વસ્તુ તરીકે એનું ત્રિકાળપણું અસંખ્ય પ્રદેશ, બસ. અસંખ્ય પ્રદેશ એનું એકરૂપપણું એ ત્રિકાળ વિષય છે. એ તો આવે છે ૪૭ શક્તિમાં.

મુમુક્ષુ :- અશુદ્ધ ઉપાદાન...

ઉત્તર :- ના, સંબંધ બે દ્રવ્યનો નહિ. એ તો નિમિત્તરૂપ છે એટલી વાત. પોતાની પર્યાયથી પરિણમન છે. આકૃતિ. સંબંધ ભલે હો નિમિત્ત, પણ એને લઈને નહિ. એના અસ્તિત્વને લઈને અહીં અસ્તિત્વ નહિ. પોતાના પરિણામને કારણે અસંખ્ય પ્રદેશનો વિભાવિક પર્યાય તે સમયનો પરિણમ્યો છે, એમ કહે છે અહીં.

**'એક એક જીવ યદ્યપિ વ્યવહારનયકર અપને મિલે હુએ દેહકે પ્રમાણ હૈં,...'** દેહના પ્રમાણે આકાર. એ વ્યવહારથી છે, એનો પર્યાય પોતાનો છે માટે. પરને લઈને નહિ. પરનું તો નિમિત્ત. પરનું નિમિત્ત. પોતાની પર્યાયની યોગ્યતા તે કાળે. જેમ કર્મનું નિમિત્ત, પણ

શરીરની અવસ્થા એ ઉપાદાન પોતાને કારણે છે એમ. પોતાને કારણે બાળ, વૃદ્ધ અવસ્થા છે. કર્મથી કહેવું એ તો નિમિત્તથી વાત છે. એમ કર્મનું નિમિત્ત, પણ વ્યંજનપર્યાયનો તે સમયનો તેનો યોગ્યતાનો કાળ, એને કારણે વ્યવહારે વિભાવરૂપ પરિણમન (થાય) એ વ્યવહારનયનો વિષય છે. કેમકે ખંડખંડ એક એક સમયની આકૃતિ ભિન્ન-ભિન્ન છે. એકરૂપ રહેતી નથી. અને સિદ્ધની પર્યાય પણ એકરૂપ નથી, ખરેખર તો આમ ત્રિકાળ લઈએ તો તો અસંખ્ય પ્રદેશ જ નિશ્ચય છે.

એ કહે છે જુઓ, આવું હોવા છતાં, વ્યવહારે વિકારની અવસ્થાની આકૃતિ દેહપ્રમાણે પોતામાં હોવા છતાં '**તો ભી નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી હૈં.**' લોકના જે પ્રદેશ છે એટલા પોતાના પ્રદેશ છે એ નિશ્ચય છે. એને તું એકરૂપ જો એમ કહે છે. અસંખ્ય પ્રદેશરૂપ એકરૂપ ક્ષેત્ર છે એ જો. એની આકૃતિની ભિન્નતા એ ન જો. પર્યાયબુદ્ધિ છોડાવવી છેને અહીં તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અસંખ્યાત પ્રદેશ જોવા જઈએ ત્યાં કોઈ આકૃતિ...

ઉત્તર :- એ જોવા એનો અર્થ કે અભેદ એક ઉપર દૃષ્ટિ દે. એમ. અભેદ આ અભેદ ભાષા તો એમ જ બોલાયને. અસંખ્યપ્રદેશ. અસંખ્ય છે એમ લક્ષ કરે તો ભેદ ઉપજે છે. પણ અહીં તો સમજાવે છે કે અસંખ્યપ્રદેશ એકરૂપ રહે છે માટે તે નિશ્ચયનો વિષય છે. અને ઓલી આકૃતિ એકરૂપ રહેતી નથી માટે વ્યવહારનયનો વિષય (છે). બસ, એટલું સિદ્ધ કરવું છે. બાકી અસંખ્ય પ્રદેશ છે આ-એમ ક્યાં છે? એ તો ભેદ પાડે તો વિકલ્પ ઉઠે છે. એના જ્ઞાનમાં રહે છે કે અસંખ્ય પ્રદેશ છે એમ, પણ અસંખ્યના ભેદ ઉપર લક્ષ કરવા જાય ત્યાં તો તો વિકલ્પ ઉઠે છે. ઉપયોગ ત્યાં જાય અસંખ્ય ભેદ ઉપર તો વિકલ્પ ઉઠે. ઉપયોગ એકરૂપ જામે છે ત્યાં વિકલ્પ રહેતો નથી. એના જ્ઞાનમાં જેમ છે એમ રહી જાય લબ્ધમાં. લબ્ધમાં તો છે એમ રહી જાય. એ કાંઈ લબ્ધ અને ઉપયોગ એક સાથે કામ કરી શકે છે? છદ્મસ્થ છેને.

બપોરે ચાલતું નથી? દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનું જ્ઞાન એનામાં જે થયું એ તો જ્ઞાન રહે છે લબ્ધમાં. એ જ્ઞાન જ વયું જાય છે અને દ્રવ્ય અને પર્યાય કાંઈ નહિ જ હોય એવું છે એમ નથી. વસ્તુ તો એમ છે, પણ ઓલો ઉપયોગ સ્થૂળ છે એથી જ્યાં ભેદ પાડે છે ત્યાં વિકલ્પ ઉઠે છે. એથી અંદર નિર્વિકલ્પ ઉપયોગમાં જવા આ ને આ એ ભેદ છોડી દે. બાકી ગુણ, દ્રવ્ય, પર્યાય જેવું છે, દ્રવ્યાર્થિક એ દ્રવ્ય, પર્યાયાર્થિક એ પર્યાય એવું જ્ઞાનમાં રહે છે. ક્યા જ્ઞાનમાં? લબ્ધ જ્ઞાનમાં. લબ્ધ જ્ઞાનમાં ન રહે તો વસ્તુ શું રહે? ઉપયોગ અહીં જામ્યો છે એટલે ઓલો વિકલ્પ રહેતો નથી. એના ઉપયોગમાં બે ભેદ પડતા નથી. આહા..હા..! આ

તો ભાઈ જૈનશાસન છે. એમ ઓલા કહે કે ભાઈ જુઓ, અહીં તો તમે કીધું કે બદ્ધ-અબદ્ધ નથી. કાંઈ નથી એટલે કાંઈક પહેલા માન્યું હતું કે વ્યવહારે બદ્ધ નહિ, એ નથી. એમ નહિ. અબદ્ધસ્વરૂપ વસ્તુ છે એવું જ્ઞાન તો થયું. બદ્ધરૂપે પર્યાય મલિન છે એવું જ્ઞાન તો રહ્યું, પણ બે પ્રકારના ઉપયોગમાં જાતો તે વિકલ્પ હતો. એ ઉપયોગ ત્યાંથી ખસીને એકાકારમાં ગયો એટલે બે પ્રકારનો ઉપયોગ રહેતો નથી. જ્ઞાનમાંથી વયું જાય? લબ્ધજ્ઞાનમાંથી જાય તો શું રહ્યું પછી? સમજાણું કાંઈ?

આ તો ભાઈ જૈનદર્શન છે. વસ્તુ અનેકાંત સ્વરૂપ છે. ઉપયોગમાં એકાકાર હોવા છતાં એના જ્ઞાનમાં સ્વપરપ્રકાશનું સામર્થ્ય છે. એ ધ્યાનમાં હોય ત્યારે આમ નગારા વાગે તોપણ ખબર ન હોય જોડે. ધ્યાનમાં હોય તો જોડે નગારા વાગે (તો ખબર ન પડે). કારણ કે એ જ્ઞેય ઉપર ઉપયોગ ચોંટ્યો છે. છતાં એના જ્ઞાનના લબ્ધમાં જેટલું સ્વપરપ્રકાશક જ્ઞાન છે એ વયું નથી ગયું. ઉપયોગ આની કોર જામી ગયો છે. ધ્યાનમાં ખબર ન મળે શું છે ઈ. મુનિઓને ધ્યાનમાં ઉપયોગ-નિર્વિકલ્પ ઉપયોગ ત્યારે ખબર પણ નથી. ક્યાં ઉપસર્ગ છે અને ક્યાં વિકલ્પ છે. ખ્યાલ આમ આવી જાય. વિકલ્પ ઉઠે ત્યારે ખ્યાલ આવી જાય હોં કે આ શરીરમાં કાંઈક થાય છે. આ સિંહણ છે એટલું. જ્ઞાન પછી થાય, પણ ત્યારે ઉપયોગ બહારમાં ગયો, અંદરમાં ન રહ્યો હોય.

અને ભાઈ મોક્ષમાર્ગપ્રકાશકમાં લખ્યુંને. એમ કે પરિષહવાળાને જ્ઞાન જ એનું નથી થતું એમ નથી. ટોડરમલે લીધું છે એક ન્યાયથી. ઉપયોગ જ્યારે અંદરમાં ગયો છે ત્યારે ખ્યાલ નથી, પણ આમ ઉપયોગ જ્યાં બહાર આવી ગયો... કારણ કે ત્યાં તો ટકતો નથી વધારે, બહારમાં આવ્યો ત્યારે ખ્યાલ તો આવી જાય છે કે આ શરીરમાં આમ થાય, ફલાણી અવસ્થા, ઉપસર્ગ, પરિષહનો ખ્યાલ છે, પણ એના દુઃખનું વેદન નથી. વિકલ્પ ઉઠ્યો છેને. ઉપયોગ જરીક આ બાજુથી ખસ્યો એટલે ઉપયોગ આવ્યો આમ જરી. વિકલ્પ ઉઠ્યો એટલું. જાણવાનું હોં એટલું જાણ્યું. પરજ્ઞેયને જાણ્યું એવો વિકલ્પ ઉઠ્યો. પણ એથી કરીને ત્યાં એના વેદનમાં એ વિકલ્પ ઉઠ્યો એટલો વેદન ફેર પડ્યો, પણ અંદર જે આ કારણે વેદન છે એમ નથી. આહા..હા..! વસ્તુ તો ભાઈ! એવી અલૌકિક ચીજ છે. એ કાંઈ આને એ અડતું પણ નથી. એને તો એ ખબર નથી એમ નહિ. એક ઠેકાણે છેને ક્યાંક ભાઈ! ક્યા અધ્યયનમાં છે? પરિષહને ન જાણે એમ નથી. જ્ઞાન ઉપયોગ અહીંથી ખસ્યો અને આમ જાણે. જાણે તો ખરો કે આ છે. એક અધ્યાયમાં છે. સાતમામાં છે.

મુમુક્ષુ :- સાતમામાં પહેલામાં નિશ્ચયમાં.

ઉત્તર :- હા નિશ્ચયમાં છે. ખ્યાલ છેને. બહુ સરસ ગોઠવ્યું છે. ટોડરમલે તો... એનું બરાબર

સ્પષ્ટીકરણ સમજે તો એમાં એટલું ભર્યું છે. બહુ સરસ. વળી એક ઠેકાણે તો એમ પણ કહ્યું છેને? કે નિર્વિકલ્પ થઈ જાય એટલે એ વિચાર વિનાનો થઈ જાય? તો કાંઈ જડ થઈ જાય?

મુમુક્ષુ :- જ્ઞાન વગરનો થઈ જાય?

ઉત્તર :- એ પણ એક મૂક્યું છે. વિચારધારા મતિશ્રુતની તો રહે છે. વિચાર વિનાનો થઈ જાય, તું એમ કહે કે વિચાર વિનાનો થઈ જાય તો મતિ અને શ્રુતનો જે ભાગ છે એના વિનાનો થઈ જાય. કેવળ નથી ત્યારે રહ્યું શું પછી? પંડિતજી! એવું લખ્યું છે. વિચાર તો ચાલે, ઓલો વિકલ્પ નથી-રાગ નથી. વિચારની ધારા પર્યાયમાં વિચાર ન હોય તો મતિશ્રુતનું જ્ઞાન છે પર્યાયમાં. અવધિ, મનઃપર્યયનો ઉપયોગ અંદર હોય નહિ, કેવળજ્ઞાન છે નહિ. તો મતિના, શ્રુતના ઉપયોગનું કામ ન કરે ઉપયોગમાં અને કાંઈ વિચાર જ કાંઈ નથી એટલે જડ છે એમ છે? એને ભેદનો ખ્યાલ નથી રહેતો. ઉપયોગ એક બાજુ જામ્યો છેને. બહુ સરસ વાત લીધી છે ત્યાં. પછી તો પાછળ ખુલાસો કર્યો કે ભાઈ જુઓ, અનુભવ કાળમાં એ વાત રહેતી નથી. છેને પાછળ દાખલો આપ્યો છેને. પાછળ નહિ? યુક્તિને કાળે. આવે છેને ચિઠ્ઠીમાં.

મુમુક્ષુ :- અનુભવને કાળે.

ઉત્તર :- હા, અનુભવકાળે નથી રહેતું. એમ કે .. કાળે છે.

મુમુક્ષુ :- અન્વેષણ કાળે હોય છે, અનુભવકાળે નથી હોતું.

ઉત્તર :- હોય છે, નથી હોતું. લખ્યું છે એ. પ્રત્યક્ષ નહિ ક્યાંક? જુઓ 'નયચક્રમાં કહ્યું છે કે તત્ત્વના અવલોકનકાળે સમયે શુદ્ધાત્માની યુક્તિ માર્ગથી નય પ્રમાણ વડે પહેલા જાણે. ત્યાર પછી આરાધન સમયે એટલે અનુભવ કાળ છે તેમાં નય પ્રમાણ છે નહિ.' કારણ કે ત્યાં તો પ્રત્યક્ષ અનુભવ છે. 'જેમ રત્નની ખરીદ વખતે તો અનેક વિકલ્પ કરે છે.' છેને?

**तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण।**
**णो आराहणसमये पच्चक्खोअणुहवो जह्मा।।**

ચારે કોરથી વાતને એવી ગોઠવી છે. વસ્તુની સ્થિતિ છે એ તો. જ્યારે તે રત્ન પ્રત્યક્ષ પહેરવામાં આવે છે ત્યારે વિકલ્પ હોતો નથી, રત્ન પહેરવાનું સુખ જ વર્તે છે. ભેદ વર્તતો નથી કે આ છે ને આ છે. એવું ક્યાં છે? ભલે અનંતી પર્યાય હોય, પણ વેદનમાં આનંદ જ છે. 'સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ અનુભવ થાય છે.' બહુ ઘણું લખ્યું છે. ચિઠ્ઠી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છેને. ટોડરમલજી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એનું નામ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. પાછળ નાખી છે આમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં છે નહિ, પણ અમે ત્રણ ચિઠ્ઠીયું આમાં નાખી છે. મોક્ષમાર્ગ પૂરો થયા પછી રહસ્યપૂર્ણચિઠ્ઠી નાખી છે, એક પરમાર્થ વચનિકા બનારસીદાસની છે એ પણ

એમાં નાખી છે. બહુ સરસ છેને. ઘણા વર્ષ પહેલાં જોઈ હતી. એ ગુપ્ત રહી ગઈ હતી તો એમાં નાખી અને એક ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી છે. એ પણ બનારસીદાસની છે, સાત દોહાની. નહિ સાત દોહાની નહિ, બીજી. બીજી છે. બીજી નાખી છે અંદર. ઓલા સાત દોહરા ઉપાદાન-નિમિત્તના જુદાં બનારસીદાસના. અને આ ઉપાદાન-નિમિત્ત એટલે ત્યાં એકેન્દ્રિયમાં સિદ્ધ કર્યું છે. એકેન્દ્રિયમાંથી બહાર નીકળે છે. એ શેનાથી? જ્ઞાન તો ગાંડુ છે. ગાંડુ એટલે પાગલ છે. પણ એને શુભભાવ થાય છે ત્યાં. શુભભાવથી ઉંચો આવે છે. એ વાત સિદ્ધ કરી છે ઉપાદાન-નિમિત્તમાં. એ ત્રણ ચિઠ્ઠી આમાં નાખી છે. આપણામાં હોં. પહેલા ઓલામાં નથી.

મુમુક્ષુ :- હિન્દીમાં હવે એક છપાણી છે.

ઉત્તર :- હિન્દીમાં આવી છેને. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી બહુ સરસ છે. આ પુસ્તક હતું પહેલા પંડિતજી! આ પહેલા પુસ્તક હતું. પાછળ... પહેલા અમને ૮૪માં મળ્યું હતું. પછી અમે નાખી દીધી એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી છે. પરમાર્થવચનિકા. છૂટી નથી, છૂટી નથી. એમાં નાખી છે.

મુમુક્ષુ :- બનારસીવિલાસમાં.

ઉત્તર :- બનારસીવિલાસમાં છે.

શું કહે છે જુઓ, '**નિશ્ચયનયકર લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી હૈં. સબ લોકમેં...**' ક્ષેત્ર લીધું. '**સબ કાલમેં...**' કાળ લીધો અને સર્વ દ્રવ્ય '**જીવોંકા યહી સ્વરૂપ જાનના.**' બધું લઈ લીધું. દ્રવ્ય અનંત, સર્વ લોક, સર્વ કાળ, એના જીવના અસંખ્ય પ્રદેશ, એના અનંત ગુણો .. ભાવ અસંખ્ય પ્રદેશી એ જ ભાવ છે. એકરૂપ ત્રિકાળ. '**બાદર સૂક્ષ્માદિ ભેદ કર્મજનિત હોના સમજકર જીવોમેં ભેદ મત જાનો.**' જીવોમાં એ રીતે ભેદ ન દેખ ભગવાન! એ વસ્તુ અભેદ, અસંખ્ય પ્રદેશ અનંતગુણનું એકરૂપ એવી વસ્તુને જો. તને એ રીતે જો તો બીજાને પણ એ રીતે જો.

'**વિશુદ્ધ જ્ઞાન-દર્શનકી અપેક્ષા...**' આ ત્રિકાળીની વાત છે વિશુદ્ધ. પર્યાયની વાત નથી. '**વિશુદ્ધ જ્ઞાન-દર્શનકી અપેક્ષા...**' ભાવ લીધો ભાઈ છેલ્લો. ભાવ બાકી હતો ખરોને. '**સબ લોકમેં સબ કાલમેં જીવોંકા...**' એ દ્રવ્ય લીધું હતું. હવે ભાવ લે છે. '**વિશુદ્ધ જ્ઞાન-દર્શનકી અપેક્ષા...**' વિશુદ્ધ શબ્દે ત્રિકાળની વાત છે અહીંયા હોં. પર્યાય કેવળજ્ઞાનની વાત નથી. ત્રિકાળ જ્ઞાન અને ત્રિકાળ દર્શન સામાન્ય એ '**વિશુદ્ધ જ્ઞાન-દર્શનકી અપેક્ષા સબ હી જીવ સમાન હૈં, કોઈ ભી જીવ દર્શન, જ્ઞાન રહિત નહીં હૈ,...**' ઓહો..! અનંત દ્રવ્ય, એક-એકના અસંખ્ય પ્રદેશ, એક-એકમાં વિશુદ્ધ દર્શન જ્ઞાન, સર્વ કાળે સરખા. આહા..હા..!

આવી અંદરમાં દૃષ્ટિ થઈ. વીતરાગ સમભાવ થયો. એ દૃષ્ટિ જ વીતરાગ છે. સમ્યગ્દર્શન એ વીતરાગ દૃષ્ટિ છે. રાગ-ફાગ દૃષ્ટિ નથી. વીતરાગ દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન વીતરાગ દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન વીતરાગી જ્ઞાન, સ્વરૂપ સ્થિરતા વીતરાગી ચારિત્ર એ જ મોક્ષનો માર્ગ છે. રાગ-બાગ જોડે આવે. મોક્ષમાર્ગ નથી. બંધને મોક્ષમાર્ગ કહેવો. ૧૦૩ (થઈ).

હવે ૧૦૪. હવે બીજી વાત ઉપાડી. ભિન્ન-ભિન્ન ગાથાએ જુદી વાત હવે. **'આગે જો જીવોંકે શત્રુ-મિત્રાદિ ભેદ નહીં કરતા હૈ, વહ નિશ્ચયકર જીવકા લક્ષણ જાનતા હૈ,...'** એ જાણ્યું. શત્રુ-મિત્રનો ભેદ એ તો પર્યાયબુદ્ધિ થઈ, એ તો પર્યાયમાં રહ્યું. વસ્તુ વસ્તુ તરીકે જ્ઞાનાનંદ લક્ષણે લક્ષિત બધા ભગવાન છે. **'શત્રુ-મિત્રાદિ ભેદ નહીં કરતા હૈ,...'** **'ઐસા કહતે હૈં—'** ૧૦૪.

**૨૩૧) सत्तु वि मित्तु वि अप्पु परु जीव असेसु विएइ।**
**एक्कु करेविणु जो मुणइ सो अप्पा जाणेइ।।१०४।।**

**'યે સભી જીવ હૈં, ઉનમેંસે કોઈ એક કિસીકા શત્રુ ભી હૈ, મિત્ર ભી હૈ, અપના હૈ ઔર દૂસરા હૈ. ઐસા વ્યવહારસે જાનકર જો જ્ઞાની નિશ્ચયસે એકપના કરકે...'** પર્યાયનું જ્ઞાન કરવું. આમ છે, કોઈ વિકલ્પ વિરુદ્ધ છે, એનો મિત્ર છે. એવું પર્યાયનું જાણપણું. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. જાણેલો વિષય છે. વ્યવહારનયનો વિષય નથી એમ નહિ, એ આદરણીય નથી. સમજાય છે કાંઈ? **'જો જ્ઞાની નિશ્ચયસે એકપના કરકે અર્થાત્ સબમેં સમદૃષ્ટિ રખકર...'** ભગવાન બધા આત્મા જ્ઞાનાનંદે શુદ્ધ સ્વભાવે પરિપૂર્ણ છે. વસ્તુમાં ક્યાં ઓછી, કમી-બેસી વસ્તુમાં ક્યાં છે? એ તો પર્યાયમાં કમી-બેસી એ તો પર્યાયબુદ્ધિનો વિષય છે, એને જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

**'એકપના કરકે અર્થાત્ સબમેં સમદૃષ્ટિ રખકર સમાન માનતા હૈ, વહી આત્માકે સ્વરૂપકો જાનતા હૈ.'** લ્યો! આહા..હા..! આમાં વાદવિવાદનો ધંધો, રસ્તો ક્યાં છે આમાં? વસ્તુ જ્યાં આવી સ્વતંત્ર પર્યાયે. સામું સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, દ્રવ્ય સ્વતંત્ર. ગુણ પણ સ્વતંત્ર પાછો. એક ગુણને લઈને બીજો ગુણ નહિ. આહા..હા..! સવ્વે અસહાય ગુણા. એ નિમિત્ત-ઉપાદાનમાં આવ્યું છે. આ ભાઈ બનારસીદાસની છેલ્લી ચિઠ્ઠીમાં એ આવ્યું છે. સર્વે ગુણ અસહાય. એ નાખ્યું છે આપણે હોં. એ ચિઠ્ઠી બીજી હોં. ઓલા સાત દોહરાની ચિઠ્ઠી જુદી, આ જુદી. જુઓ, સર્વે અસહાય. **'કોઈ કહે કે જ્ઞાનની શુદ્ધતા વડે ક્રિયા શુદ્ધ થઈ; પણ એમ નથી. કોઈ ગુણ અન્ય ગુણના આધારથી નથી, સર્વ અસહાયરૂપ છે.'** સર્વ ગુણો અસહાયરૂપ છે. સ્વતંત્ર અસ્તિ ગુણની સ્વતંત્ર અસ્તિ છે. ભલે પ્રદેશભેદ નથી, પણ ભાવભેદે સ્વતંત્ર છે. ભાવભેદે સ્વતંત્ર છે. એવી વસ્તુ જુદી છે. સમજાય છે કાંઈ? **'સર્વ અસહાયરૂપ**

છે.' એ પંચાધ્યાયીમાં પણ આવે છે, ભાઈ! શ્લોક આવે છે. બધા ગુણો અસહાય છે. અસહાય ન હોય તો એક ગુણનું અસ્તિત્વ સ્વતંત્ર સિદ્ધ થતું નથી. એક ગુણ સ્વયં... સ્વયં... સ્વયં... સત્... સત્... સત્. એને બીજા ગુણના સત્‌ની સહાય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રદેશ એક છે, ભાવ ભિન્ન છે. પ્રદેશ સ્વતંત્ર. એ તો પોતાની વાત પોતામાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય, સત્તા જુદી, પ્રદેશ જુદા નહિ. ભાવ જુદા છે, એમ. ભેદ-અભેદ બે. પ્રદેશે અભેદ, ભાવે ભેદ. નહિતર ભાવ સિદ્ધ થતા નથી. અનંત-અનંત પૃથક્ સિદ્ધ કરવામાં કોઈની અપેક્ષા રહે તો સ્વયં સિદ્ધ થતું નથી. આવ્યું છેને? આત્મમીમાંસામાં છે. ધર્મી ધર્મ નિરપેક્ષ સિદ્ધ થયા વિના બે સિદ્ધ થતા નથી. ધર્મી નિરપેક્ષ, ધર્મ નિરપેક્ષ. પીછે આનો ધર્મ અને આ ધર્મી. બેય નિરપેક્ષ. ધર્મી નિરપેક્ષ, ધર્મ નિરપેક્ષ. અહીં તો એક એક ધર્મ પણ નિરપેક્ષ. પરની અપેક્ષા લઈએ તો એ વસ્તુ-સ્વતંત્ર વસ્તુની સિદ્ધિ સ્વતંત્ર નિરપેક્ષ સિદ્ધિ થતી નથી. આ બહુ સરસ લીધું છે આમાં. વ્યાખ્યાન આવી ગયા છે. છપાશે હમણા બહાર. બે હજાર છપાશે. ચોવીસ વ્યાખ્યાન થઈ ગયા છે આ ત્રણ ચિઠ્ઠીના. બે હજાર છપાશે મોહનલાલ કાનજી ધીયા તરફથી. આવવાના હતા હમણાં પણ હવે વાર લાગી. સમજાણું કાંઈ?

ગુણે ગુણ, ગુણ કહેવો ગુણ... ગુણ... ગુણ—ભાવ. એક ગુણીને લઈને ગુણ નહિ, ગુણને લઈને ગુણ નહિ, પર્યાયને લઈને ગુણ નહિ. એ કીધુંને પહેલું. દ્રવ્ય ગુણને લઈને નહીં. એ વસ્તુ એવી છે જરી. વસ્તુ એવી છે કોઈ. અપૂર્વ સત્ મહા જેની ચીજ છે. એક એક સત્‌પણે બિરાજમાન ગુણ છે. જેનું ગુણનું એક સમયમાં અનંતું સામર્થ્ય છે. અનંતી પર્યાય થાય એ વળી જુદી. પણ એક એક ગુણનું અનંત સ્વ-સ્વ સામાર્થ્ય છે. એવા અનંતા ગુણો સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ગુણ સ્વરૂપ. એ ગુણમાં સામર્થ્ય છે, એ ગુણમાં સામર્થ્ય છે.

મુમુક્ષુ :- .. સામર્થ્ય દ્રવ્ય થઈ જાય.

ઉત્તર :- એમ નહિ. આ તો ગુણનું સામર્થ્ય છે.

મુમુક્ષુ :- વસ્તુ હોય તે સામર્થ્ય વિનાની હોય? ગુણ હોય તે સામર્થ્ય વિનાનો..

ઉત્તર :- દરેક-દરેક પર્યાયમાં સામર્થ્ય છે. એક પર્યાયમાં અનંતુ સામર્થ્ય છે. એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદનું સામર્થ્ય છે.

મુમુક્ષુ :- એ ગુણને ગુણ નથી એ સાબિત કરવું.

ઉત્તર :- એ જુદું. એ તો નિરાશ્રયા ગુણા ગુણા એ જુદી વાત. એ પછી.

કહો, '**આત્માકે સ્વરૂપકો જાનતા હૈ.**'

'**ભાવાર્થ :- ઈન સંસારી જીવોંમેં શત્રુ આદિ અનેક ભેદ દિખતે હૈં,...**' એમ કહ્યું ખરું પર્યાયમાં, લક્ષમાં ખ્યાલ આવે. ખ્યાલ પર્યાય છેને? વિષય તો છેને? પણ એક ક્ષણિક વિષય, ક્ષણિક વ્યવહારનયના વર્તમાન નયનો ક્ષણિક વિષય છે. ત્રિકાળ જ્ઞાનને જાણનારું, ત્રિકાળ વસ્તુને જાણનારું જ્ઞાન એના વિષયની અપેક્ષાએ આ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. '**પરંતુ જો જ્ઞાની સબકો એક દૃષ્ટિસે દેખતા હૈ...**' વસ્તુદૃષ્ટિએ હોં. એની એ વાત નથી. અહીં ત્રિકાળ સ્વભાવનું માહાત્મ્ય થયું, આત્મા બધાના એવા જ છે. જેવો મારો એવો બધાના. પર્યાયમાં ગૌણ પોતે પર્યાયને ગૌણ કરી છે. વ્યવહારને ગૌણ, નિશ્ચયને મુખ્ય. અહીં મુખ્યતાની વાત ચાલે છે અત્યારે. સમજાણું કાંઈ?

'**એક દૃષ્ટિસે દેખતા હૈ—સમાન જાનતા હૈ. શત્રુ, મિત્ર, જીવિત, મરણ, લાભ, અલાભ આદિ સબોંમેં સમભાવરૂપ...**' સમભાવરૂપ અર્થાત્ સ્વભાવના નિશ્ચયના ધ્યેયે જ્ઞાતા-દૃષ્ટાપણાના સમભાવરૂપ ભાવે '**વીતરાગ પરમસામાયિકચારિત્ર ઉસકે પ્રભાવસે...**' રાગરહિત વસ્તુના ધ્યેયે પ્રગટેલી નિર્મળ અરાગી પર્યાય એવી પરમસામાયિક ચારિત્ર, શાંતિ '**ઉસકે પ્રભાવસે જો જીવોંકો...**' એવા પ્રભાવથી હોં! સ્વભાવના શુદ્ધ પૂર્ણાનંદના સન્મુખ પરિણામે એવા વીતરાગ ચારિત્રના ભાવ દ્વારા. એ અંશે વીતરાગ છે ચોથે, પાંચમે પણ. '**શુદ્ધ સંગ્રહનયનકર એક જાનતા હૈ...**' 'એક' જોઈએ ભાઈ શબ્દ. 'એક' શબ્દ રહી ગયો છે. '**શુદ્ધ સંગ્રહનયનકર...**' નવામાં છપાણો છે? એક જોઈએ, એક જોઈએ. '**शुद्धसंग्रनयेनैकत्वं मन्यते**' એમ પાઠ છે સંસ્કૃત. અહીં એકપણાને સિદ્ધ કરવું છેને?

ભગવાન આત્મા પોતાના કાયમી એક અસલી સ્વભાવ તેના અવલંબનને કારણે. પ્રગટેલી રાગ વિનાની દૃષ્ટિ, જ્ઞાન અને સમતા. પ્રગટેલી રાગ વિનાની, ભેદ-વિકલ્પ વિનાની દૃષ્ટિ, જ્ઞાન અને સમતા. એના પ્રભાવથી '**જો જીવોંકો શુદ્ધ સંગ્રહનયકર...**' આમ એક પિંડલા બધા ભગવાન વીતરાગસ્વરૂપ બધા છે. શાંતરસના પોટલા બધા છે. પોટલા સમજો છો? આ ગાંઠડા નથી બાંધતા ગાંઠડા? ગઠડી. શાંતરસની ગાંઠડી-ગાંઠડી. એકલો શાંતરસ. અવિકારી સ્વભાવ છેને. એ રીતે જોવું છેને. પોતાના રાગને જ્યાં અધિક નથી કર્યો, પોતાના સ્વભાવને અધિક કર્યો તો બધાના સ્વભાવને જ રાગ અને પર્યાયથી અધિક જાણે છે, ભિન્ન જાણે છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

'**સબકો સમાન માનતા હૈ,...**' '**शुद्धसंग्रनयेनैकत्वं मन्यते**' એક આ રીતે હોં! વસ્તુ તરીકે એક એમ નહિ. જાતિ એક, વસ્તુ એક અનંતા ગુણના ગાંઠડા ચૈતન્ય રત્નાકર. જેમાં

વિકલ્પની વિષમતાનો પરલક્ષી ભાવ ટળ્યો છે, નિર્વિકલ્પ સ્વભાવના આશ્રયની દૃષ્ટિએ અરાગી દર્શન, જ્ઞાન, ચારિત્ર. ત્રણેય પર્યાય પ્રગટ થઈ છે. એ દ્વારા આ જ આત્મા પોતે પોતાને જોવે છે એમ બધાને સમાન જાણે છે. સમજાણું કાંઈ? '**વહી અપને નિજ સ્વરૂપકો જાનતા હૈ.**' ઉપયોગ જો ત્યાં જાય કે આ.. આ.. એકલો ખંડ-ખંડ થઈ જાય, તો અહીં ખંડ-ખંડ માન્યો એણે પોતાને. અખંડ જ્ઞાયક, અખંડ જ્ઞાયક એકરૂપ સ્વભાવ એવો જ બધો અખંડ જ્ઞાયકસ્વભાવ સમાનરૂપે જાણે છે. '**વહી અપને નિજ સ્વરૂપકો જાનતા હૈ.**' પોતાના સ્વરૂપમાં ઠરી શકે છે. ઓલાને વિષમતા થાશે, અરે! આ શત્રુ, અરે! આ મિત્ર. કોઈ કરતું નથી સાંભળને. વિરોધ કોઈ કરતું નથી. શત્રુ-મિત્ર કોઈ છે નહિ. એનામાં એ વિકલ્પ ઉઠ્યો એ એનો નથી. તારે ખતવવો છે એનો? તો આત્મા એવો છે? એનામાં જે વિકલ્પ ઉઠ્યો આસ્રવનો શુભ કે અશુભ ભલે હો, તે અશુભ આસ્રવ જીવમાં છે? એ જીવમાં એક જીવને એમ કેમ ભાળે છે અશુભ આસ્રવવાળો? એ તો આસ્રવ ભિન્ન છે, તત્ત્વ ભિન્ન છે. મોહનભાઈ! આ સમભાવ, આનું નામ સમભાવ. આમ સમભાવ રાખે કે સમાન.. કષાય નહિ કરીએ, કષાય નહિ કરીએ. એમ હોય? એ તો વિકલ્પ ઉઠ્યો પાછો કે કષાય નહિ કરીએ. ચૈતન્યના મહારસમાં સ્વાદની દૃષ્ટિમાં જે સમભાવે પરિણતિ ઉભી થઈ, એ જ રીતે જે સમભાવથી પોતાને જોવે છે, રાગાદિ હોવા છતાં જેને ગૌણ કરી નાખ્યો છે, અધિકપણું તો આનું છે-એમ બધાને આસ્રવ આદિ નિમિત્તને ગૌણ કરીને એનો સ્વભાવ પરિપૂર્ણ એમ સમાનભાવે જોવે છે એને સમતા રહી શકે છે. સમજાણું કાંઈ?

'**જો નિજસ્વરૂપ, વીતરાગ સહજાનંદ એક સ્વભાવ...**' જુઓ, હવે કેવું છે એમ કહે છે. પોતાનું સ્વરૂપ કેવું છે? '**જો નિજસ્વરૂપ, વીતરાગ સહજાનંદ...**' રાગ વિનાનું અને સહજ આનંદવાળું એ પણ એક સ્વભાવ. એક સ્વભાવ લેવો છેને અહીં તો પૂર્ણ. એ વસ્તુ '**શત્રુ-મિત્ર આદિ વિકલ્પ-જાલસે રહિત હૈ,...**' શત્રુ-મિત્રનો વિકલ્પ હોં! શત્રુ-મિત્રથી તો રહિત છે, પણ શત્રુ-મિત્ર આ.. આ.. એનો જે વિકલ્પ એનાથી રહિત છે. સમજાણું કાંઈ? એ તો પરપદાર્થ છે. એનાથી તો રહિત છે. એના લક્ષે પોતામાં વિકલ્પ ઉઠે છે એ જાળથી પણ રહિત છે, '**ઐસે નિજસ્વરૂપકો...**' એવા નિજસ્વરૂપ એમ પાછું. અહીં પરમાત્મપ્રકાશ છેને. પોતાનું પરમાત્મસ્વરૂપ પ્રકાશમય છે વિકાર વિનાનું. '**ઐસે નિજસ્વરૂપકો સમતાભાવકે બિના નહીં જાન સકતા.**' કેટલી ધીરજ જોઈએ! એ સમતાભાવ એટલે? તદ્દન વિષમતા પર્યાયની, પરની એવી વિષમતાનું લક્ષ છોડી દઈને સ્વભાવમાં એકાગ્રતા જે વીતરાગ વિજ્ઞાન નિજસ્વરૂપ ઘન છે એના અવલંબનમાં થતો સમતાભાવ, એ વિના નિજસ્વરૂપને જાણી શકે નહિ.

મુમુક્ષુ :- નિજાનંદ સ્વભાવ.

ઉત્તર :- હા, નિજાનંદ સ્વભાવ. ત્રિકાળ નિજાનંદ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાન તો જ્ઞાન જ છે. જ્ઞાનમાં તો બધું આવી ગયું. ઉપયોગ વર્તમાન આનંદમાં છે એટલું. જ્ઞાનમાં તો બધું છે. એ એકલો આનંદ નહિ. એ તો આનંદની પ્રધાનતાથી કહ્યું. નિજાનંદ એટલે એકલો આનંદ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે, પણ એ તો એકલો આનંદ નહિ. બધું છે, બેય સાથે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાન દેખે છે. પ્રતિબિંબ તો થતું નથી. .. પોતાનું જ્ઞાન જે પરિણમે છે. એમ પર આકાર તો છે નહિ. પોતાનું જ્ઞાન જ્ઞાનરૂપ, આનંદરૂપ આદિ પરિણમે છે એને નિજાનંદ સ્વભાવ કહેવામાં આવ્યો છે. બસ! અહીં પરનો આકાર આવતો નથી. પરનો જે સ્વભાવ છે એ તરફ પોતાના પરિણમનની યોગ્યતાથી સ્વપરનું જ્ઞેયાકાર પરિણમે છે. પોતાની પર્યાયમાં હોં! એની વિશેષતા જુઓ એના ભાવની અને પોતાનો ભાવ એ પણે આત્મા પોતામાં પરિણમે છે એ જ જ્ઞાનમાં સ્વપરપ્રકાશકપણું આવ્યું. એમાં આનંદ આદિ આવ્યા, આદિ બધામાં આવ્યું. પણ અહીં આનંદની મુખ્યતા બતાવવી છે.

મુમુક્ષુ :- સુખી બતાવવું.

ઉત્તર :- સુખી બતાવવું છે. ઓલો વિકલ્પ છે એ દુઃખ છે એટલું બતાવવું છે. અને અહીંયા વિકલ્પ છે એ દુઃખ છે. એટલે વિકલ્પ જ્યાં છૂટ્યો એટલે આનંદ આવ્યો એટલું બતાવવું છે. લબ્ધમાં તો બધું જ્ઞાન છે, બધા પ્રકારનું છે. ઉપયોગ એક બાજુ જામ્યો છે એટલે એને કહ્યું કે નિજાનંદ સ્વરૂપ આત્મા છે. એમ કહ્યું છે. બાકી છે તો અનંતા ગુણો. ગુણનો ભેદ પાડતો નથી ઉપયોગમાં. ઉપયોગ એકરૂપ હોય એમાં ભેદ શી રીતે પાડે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, સબ હૈ. હો, સબરૂપ હૈ. ના, વિશ્વરૂપ નહીં, વિશ્વરૂપ હૈ નહીં. વિશ્વનું જ્ઞાનરૂપ હૈ. અપના જ્ઞાનરૂપ હૈ, વિશ્વરૂપ નહીં. ના, ના, જ્ઞેયાકાર નહીં. એ તો અપના આકાર હૈ. એ તો અપના આકારરૂપ હૈ. એ આત્મજ્ઞાન. દેખોને વહ ૪૭ શક્તિમેં લિયા ન? લ્યો એ જ આવ્યું. પાનું એ આવ્યું જુઓ. કીધું ક્યાં હશે? જુઓ, 'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે પરિણમેલો...' પરિણમેલો. 'એવું આત્મદર્શનમય.' પરની અહીં વાત નથી. પર સંબંધીનું પોતાનું જ્ઞાન એ આત્મદર્શન એ પોતામાં છે. પોતાનું છે. 'આત્મદર્શનમય સર્વદર્શીશક્તિ.' આત્મદર્શન

એ પર્યાય જ આત્મદર્શી છે. સર્વ વિશ્વને જાણવારૂપે એ જ્ઞાનનું. સર્વ વિષયોના વિશેષોને જાણવારૂપે પરિણમેલો. એવું કોણ? આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. પર્યાય તો પોતાની છે. એકરૂપ શક્તિ છે. એમાં પરનું કાંઈ આવ્યું નથી. પર અને સ્વસંબંધીની આત્મજ્ઞાનમય દશા થઈ. એને સર્વજ્ઞશક્તિ કહેવામાં આવી છે. આત્મજ્ઞાનમય થઈ છે ઈ, પરની નહિ. એ આખી વાત વ્યવહાર છે. પર તો વ્યવહાર છે. એ પરનો આકાર... અહીંયા તો સ્વરૂપનું સર્વજ્ઞપણું આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. સર્વપણાના જ્ઞાનમય નહિ. એ સર્વનું જ્ઞાન (અને) પોતાનું જ્ઞાન એવું પોતાના જ્ઞાનમાં પોતાનું જ્ઞાન પરિણમ્યું પોતાને કારણે. એવી આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. એમાં બીજો ભેદ નથી. ઝીણી વાત છે બહુ. એ વાત..

મુમુક્ષુ :- એ આત્મજ્ઞાનરૂપ છે.

ઉત્તર :- એ આત્મજ્ઞાન છે, એ પરનું જ્ઞાન નથી. સર્વ વિશ્વનું એટલે વિશ્વનું એ જ્ઞાન નથી. એ તો વાત છે. જ્ઞાન પોતાનું છે ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, એનું જ્ઞાન ક્યાં છે? લોકનું જ્ઞાન જ નથી. એ અપની પર્યાય. પરની નહિ, પરને કારણે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પોતાનો ભાવ. એ પોતાનો એક જ ભાવ. બધો એક જ ભાવ છે.

'**નિજસ્વરૂપકો સમતાભાવકે બિના નહીં જાન સકતા.**' એ પોતાનું સ્વરૂપ જ છે. એ તો આવે છેને ઓલા સપ્તભંગીમાં આવે છે. એ જ્ઞેયાકારરૂપ અને એ જ્ઞાનાકાર એ આવે છે. પણ એ તો અહીંયા તો નિશ્ચય એક જ છે, બે ભેદ જ નથી. બાકી એમાં.. એ પોતામાં સ્વપરનું પોતાનું સ્વ. સ્વપરનું જ્ઞાન પોતાનું સ્વ એ રૂપે આત્મજ્ઞાન છે. કહો, ૧૦૪ ગાથા થઈ.

'**આગે જો સબ જીવોંકો સમાન નહીં માનતા, ઉસકે સમભાવ નહીં હો સકતા, ઐસા કહતે હૈં—**' માનતા લેવી છે.

૨૩૨) जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव।।१०५।।

જુઓ 'एक्क-सहाव'.

'**હે જીવ, જો સભી જીવોંકો એક સ્વભાવવાલે...**' એક સ્વભાવ નહીં માનતા '**નહીં જાનતા, ઉસ અજ્ઞાનીકે સમભાવ નહીં રહતા,...**' સમભાવ નહીં રહતા. એ આવે છેને

ભાઈ આમાં? પાછળ નહિ? જ્ઞાનનું જ્ઞાન નથી. .. નથી નહિ? છેલ્લો. કષાય કલિતે...

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।२७१।।

આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો. જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો. **'જ્ઞેયોના આકારે થતા...'** પોતાના **'જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમતો...'** એ ૨૭૧. ભગવાન જ્ઞાનસ્વરૂપે.... એ જ્ઞેયાકારનું જ્ઞાન ન જાણવું, જ્ઞેયનું જ્ઞાન ન જાણવું. પોતાના જ્ઞાનનું એ જ્ઞાન છે. એવું છે જુઓ.

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।

**'જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; જ્ઞેયોના આકારે થતા...'** પોતાનો સ્વભાવ પોતાને આકારે શબ્દ વાપર્યો છે એ અપેક્ષાથી. જાણવાની અપેક્ષાએ. **'જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમતો તે, જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા—એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણ ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો.)'** આ જ્ઞેય અને હું જ્ઞાન એમ નહિ. આ તો ભાઈ અભેદની વાત છેને. એકલો આત્મા. પોતે જ્ઞેય-જ્ઞાતા એના પણ ભેદ ન મળે. એ તો સમજાવાની વાત છે. એકલું સ્વજ્ઞેયમાં બધું આવી જાય છે. વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧૩, શુક્રવાર, તા. ૧૧-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૫-૧૦૬, પ્રવચન-૧૪૫**

આ પરમાત્મપ્રકાશનો બીજો અધ્યાય છે. એની ૧૦૫મી ગાથા છે. **'આગે જો સબ જીવોંકો સમાન નહીં માનતા, ઉસકે સમભાવ નહીં હો સકતા, ઐસા કહતે હૈં—'**

२३२) जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव।।१०५।।

એનો શબ્દાર્થ. 'હે જીવ, જો...' 'सकलानपि' 'सभी...' સભી કહેતા અનંત જીવ. આ જગતમાં દ્રવ્ય-વસ્તુ સંખ્યા તરીકે અનંત જીવ છે. એ 'सकलानपि' શબ્દમાં કહ્યું. અને એ 'जीवोंको एक स्वभाववाले...' દેખો, અનંત જીવ એની વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષ અલ્પજ્ઞતા આદિ ભલે અંશબુદ્ધિમાં, અંશકાળમાં હો, પણ એના કાયમી સ્વભાવમાં દરેક જીવ એક સ્વભાવી પૂર્ણ સ્વરૂપે છે. સમજાણું કાંઈ? જેમ પીપરનો દાણો, આ પીપર લીંડીપીપર. લાખ, કરોડ ગુણો હોય. એક પીપરના દાણાની વર્તમાન અવસ્થામાં કાળી અને ઓછી ચરપરી-તીખાશ એ લીલા રંગનો અભાવ અંશમાં ભલે હો, પણ એના અંતર સ્વભાવમાં દરેક પીપર ચોસઠ પહોરી તીખાશ અને પૂરો લીલો રંગ-હરા રંગ એનાથી પીપર પૂરી ભરી છે. એ પીપરનો દાણો આટલો. છોટી પીપર-લીંડીપીપર. અંતરમાં ચોસઠ પહોરી.. ચોસઠ પહોર કહે છેને? હવે આ સો પૈસાનો રૂપિયો થઈ ગયો. અત્યાર સુધી ચોસઠ પૈસાનો રૂપિયો હતોને? તો સો પૈસાનો રૂપિયો કહો, સોળ આના કહો, પૂર્ણ કહો, ચોસઠ પૈસા કહો. એમ એક પીપરની અંદરમાં ચોસઠ પહોરો તીખો રસ એટલે પૂરો રસ એટલે કે પૂરો સ્વભાવ (ભરેલો છે). એવો ચોસઠ પહોરો તીખો, એવો લીલો એવા અનેક એના સ્વભાવ એ પૂર્ણ છે અંદર. જો પૂર્ણ સ્વભાવ ન હોય તો પ્રગટકાળે પૂર્ણતા ક્યાંથી આવશે? શું કીધું સમજાણું?

પીપરમાં પર્યાયમાં-અવસ્થામાં પૂરી તીખાશ ચોસઠ પહોરી, લીલો રંગ પૂરો, સુંવાળી પૂરી. સુંવાળી. સુંવાળી કહે છે? કોમલતા. નરમ નહિ. મુલાયમ. મુલાયમ-સુંવાળી પૂરી એ ચોસઠ પહોરી પ્રગટ થાય છે. પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં પ્રગટ થાય છે. એ પૂર્ણપણું જો અંદરમાં ન હોય તો બહારથી કોઈ આવી શકે નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં છે એમાંથી આવે છે. તો એ દરેક પીપરને ચોસઠ પહોરી એટલે પૂર્ણ જ જોવી જોઈએ વસ્તુ તરીકે, સ્વભાવ તરીકે. કરોડ ગુણી હોય એની. ગુણી-ગુણી કહે છેને? થેલો. એમાં દરેક દાણામાં ચોસઠ નામ પૂરો રસ છે, પૂરો લીલો રંગ છે. એમ જોનારે પીપરનું સાચું, ખરું સ્વરૂપ જોયું કહેવામાં આવે છે. એમ... એ તો દૃષ્ટાંત થયો.

એમ અનંત જીવો, ચૌદ બ્રહ્માંડમાં-ચૌદ રાજલોકમાં અનંત જીવના થેલા પડ્યા છે મોટા. અનંત જીવ. એ દરેક જીવને વર્તમાન અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પ વીર્ય અને વિકાર અને શરીરના ભેદ એવા વર્તમાન તરીકે ભેદ ન દેખો, ત્રિકાળી તરીકે એનું સ્વરૂપ જુઓ તો એ ચોસઠ પહોરું એટલે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ એનાથી પૂર્ણ દરેક આત્મા એક સ્વભાવરૂપ પૂર્ણપણે અનંતા પડ્યા, ભર્યા છે. સમજાય છે આમાં? પૂનમચંદભાઈ! તમારું નામ પણ પૂનમચંદ

છે. પૂનમ પૂરું છે. જુઓ! અહીં અધિકાર એ આવે છે. પૂર્ણ-પૂર્ણ. શું?

દરેક આત્મા, અનંત આત્મા એની વર્તમાન દશામાં ફેરફાર દેખાય છે અંશમાં. કોઈ સ્ત્રી, કોઈ પુરુષ, કોઈ નપુંસક, કોઈ એકેન્દ્રિય, કોઈ બે ઇન્દ્રિય, કોઈ ત્રણ ઇન્દ્રિય, કોઈ અલ્પજ્ઞ, કોઈ વિશેષ જ્ઞાન, વિશેષ ઓછા-વત્તું પર્યાયમાં, અવસ્થામાં. પણ એ દેખતા તો એનું પૂર્ણ રૂપ દૃષ્ટિમાં આવતું નથી. અને પૂર્ણ દૃષ્ટિમાં આવ્યા વિના એ વસ્તુને માની, પૂર્ણ રીતે માની કહેવામાં આવતી નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે '**હે જીવ, સભી જીવોંકો એક સ્વભાવવાલે...**' પરિપૂર્ણ સ્વભાવ. આહા..હા..! મારો સ્વભાવ વસ્તુ તરીકે, શક્તિ તરીકે, ગુણ તરીકે એ ગુણ અને શક્તિમાં અલ્પ-અધિકપણું હોઈ શકે નહિ. એ તો એક સમયની દશામાં અલ્પ-હીનાધિકતા દેખાય છે. વસ્તુ સ્વરૂપમાં એકરૂપમાં હીનાધિકતા ન હોય. તો એવો એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એકરૂપ આનંદ, એકરૂપ વીર્ય, એકરૂપ સ્વચ્છતા, એકરૂપ પરમેશ્વરતા-એવો એકરૂપ સ્વભાવ બધા અનંત જીવનો જે જીવ જાણતો નથી, એને સમભાવ દૃષ્ટિમાં આવતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! જુઓ! '**હે જીવ, સભી જીવોંકો...**' એટલે બધી જ પીપરના દાણાને. એનું એ દાણાનું રૂપ, રૂપ માનવું હોય તો એનું પૂર્ણ સ્વરૂપ છે એક સમય સિવાયનું એનું-એનું સ્વરૂપ-સ્વરૂપ એકરૂપ, સ્વભાવરૂપ, ભાવરૂપ, પૂર્ણરૂપ, તો એ પીપરને એણે પૂર્ણ રીતે માની કહેવાય. એમ ભગવાન અનંત આત્માઓ એને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન પર્યાયમાં ઓછા-વત્તાપણું ન જોતા એનો સ્વભાવ શુદ્ધતા, સમભાવતા, વીતરાગતા, અકષાયતા, જ્ઞાન-દર્શન આનંદતા એવો એનો સ્વભાવ એકરૂપે અનંત જીવનો છે. આહા..હા..! કહો, વસંતિલાલજી! સમજમેં આયા?

વિષમતા ઉત્પન્ન થવાનું... સ્વરૂપ પૂર્ણ છે અનંત આત્માઓ એમ જ્યાં દૃષ્ટિમાં, પ્રતીતમાં છે એમ પૂર્ણ વસ્તુ છે, વસ્તુ છે એક અખંડ તો એમાં જ્ઞાન, દર્શન, આનંદ એક સ્વભાવી, એકરૂપ, અખંડરૂપ, અભેદરૂપ એવો એક સ્વભાવ અનંત ગુણનો છે એને આત્મા કહીએ. અને એવા આત્માને એ રીતે જોતાં બધા જીવો પણ એવા જ પરિપૂર્ણ છે તો એને દૃષ્ટિમાં સમભાવ અથવા પોતાના પૂર્ણ સ્વરૂપની સમ્યક્ સત્યતાની શ્રદ્ધા થતાં બીજા બધા સ્વભાવે એવા છે. એટલે એનું ઓછા-વત્તાપણું દેખીને, હીનાધિક દેખીને રાગ-દ્વેષ થવાનો પ્રસંગ જ્ઞાનીને સ્વભાવની પરિપૂર્ણતા દેખવામાં રહેતો નથી. આહા..હા..! વાત તો અલૌકિક છેને બાપુ!

અહીં તો કહે છે, અનંત આત્માને... એક પરમસ્વરૂપ પરમાત્મસ્વરૂપ. પરમાત્મપ્રકાશ છેને. એનું સ્વરૂપ જ પરમાત્મા છે. વસ્તુ જ પરમાત્મા છે. અનંતા આત્માઓ પરમાત્મા છે શક્તિ તરીકે, સ્વભાવ તરીકે, સ્વરૂપ તરીકે, સત્ત્વ તરીકે, ગુણ તરીકે. જેનો ગુણ અને સત્ત્વ હોય એ અપૂર્ણ હોઈ શકે નહિ. એ અપૂર્ણ અને હીનાધિકતાના ભંગો એની દશામાં હોય, હાલતમાં.

એક-એક સમયની દશામાં ફેરફાર છે. વસ્તુ તો વસ્તુ તરીકે (પૂર્ણ છે). ચોસઠ પહોરી પીપર એમાંથી કોઈ બે પહોરી નીકળી તીખાશ, તોપણ એ અંદર તો ચોસઠ પહોરી જ પૂરી છે. ત્રણ પહોરી નીકળી પ્રગટ તોપણ ચોસઠ પહોરી જ છે. ચોસઠ પહોરી નીકળી તોપણ એ ચોસઠ પહોરી જ છે અંદર તો. નવનીતભાઈ! સમજાય છે? આ લોજિકથી તો કહેવાય છે હોં જરી.

એ પીપર છે એ ચોસઠ પહોરી પ્રગટ થાય છેને બહાર? આ તીખાશ. બહુ ઠંડી ઉપર જરી આપે. એ પ્રગટ થઈ ક્યાંથી? એ આવી ક્યાંથી? એની પૂર્વ અવસ્થા અલ્પ હતી બે-પાંચ-દશ પહોરી પ્રગટ. એ બે-પાંચ પહોરી, અરે! ત્રેસઠ પહોરી છેલ્લી. તો ત્રેસઠ પહોરની પ્રગટતા એમાંથી ચોસઠ આવી? ત્રેસઠનો અભાવ થઈ ગયો. અભાવમાંથી ભાવ આવે? એ ચોસઠ પહોરી જે શક્તિપણે હતી એ વ્યક્તપણે, પ્રગટપણે આવે છે. શક્તિપણે હતી એ વ્યક્તપણે આવે છે. પૂર્વની અવસ્થા અહીંયા એક પહોરી, બે પહોરી, ત્રણ પહોરી ઘૂંટતા ચોસઠ (થાય). ત્રેસઠ પહોરી (સુધી) એ તો એક-એકનો વ્યય થાય છે. એકનો વ્યય થઈને બે, બેનો વ્યય થઈને ત્રણ, ત્રણનો વ્યય થઈને ચાર. એ બધી અંતરથી આવે છે. એમ ત્રેસઠનો વ્યય થઈને ચોસઠ એ અંદરથી આવે છે. તો એનું અંદર સ્વરૂપ તો ચોસઠ પહોર એટલે પૂરું જ છે. હરસમયે પૂરું છે. એક પહોરી હોય તોપણ પૂર્ણ છે અને એક પહોરી ન હોય અને કાળી અમથી દેખાય તો અંતર વસ્તુ તો પૂરી જ છે. તો એને આત્મરૂપ અને આત્મસત્‌નું સત્ત્વ આવું જાણે એણે આત્મા માન્યો, જાણ્યો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

કોઈ માણસ પાંચ-પચ્ચીસ કરોડનો આસામી હોય કે અબજનો, એ ગુંજામાં પાંચ રૂપિયા કે દશ રૂપિયા લઈને શાક લેવા નીકળ્યો. એને એટલો આસામી માનવો એ એના આખા રૂપનું રૂપ માન્યું છે એણે? આ શાક-શાક સમજો છોને? શાકભાજી લેવા નીકળ્યો. પાંચ-પચ્ચીસ રૂપિયા લઈને કાપડ લેવા નીકળ્યો પચ્ચીસ, પચાસ, સો, બસ્સો, પાંચસો રૂપિયા. પણ અબજ રૂપિયા તો ઘરે છે, છતા પડ્યા છે. હવે આટલા રૂપિયા લઈને નીકળ્યો એટલે એને એટલા રૂપિયાવાળો માનવો, એનું પૂર્ણ રૂપ છે એની સંપદાને ઋદ્ધિને એણે માની નથી.

એમ ભગવાન આત્મામાં પર્યાયમાં, પર્યાયમાં-અવસ્થામાં કોઈ અલ્પજ્ઞાન, અલ્પદર્શન આદિ બહાર નીકળેલી અવસ્થા એટલો જ આત્માને માનવો એણે આત્માને માન્યો જ નથી. આહા..હા..! ઘરે અબજ પડ્યા છે. અહીં નીકળ્યો તો પાંચ, પચાસ, સો, બસ્સો રૂપિયા લઈને નીકળ્યો કે કાપડ લેવા જાવું છે, કેરી લેવા જાવી છે. પણ અબજ કાંઈ સાથે લઈને નીકળાય? કેમ પૂનમચંદભાઈ! બરાબર છે? એમ. આ તો દૃષ્ટાંતનો સિદ્ધાંત કે પ્રગટરૂપે પાંચ, પચાસ, સો, બસ્સો રૂપિયા લઈને નીકળ્યો છે, પણ અંદરમાં એના ઘરે તો અબજ રૂપિયા પડ્યા છે. તો

એ અબજ રૂપિયાની પૂર્ણ સ્થિતિવાળો જાણવો એનું નામ વાસ્તવિક તત્ત્વ જાણ્યું કહેવાય. એમ ભગવાન આત્મા એની બહારમાં પ્રગટ અવસ્થામાં કોઈ અલ્પજ્ઞાન, અલ્પદર્શન, રાગ-દ્વેષ વિવિધતા એટલો જ આત્માને માનવો, એની સંપદામાં તો પૂર્ણ જ્ઞાન, દર્શન આદિ પૂર્ણ સ્વભાવ પડ્યો છે એને ન માનવો એણે આત્માને માન્યો નથી. આહા..હા..! કહો, ધર્મચંદજી! સમજાણું?

કહે છે... પાઠમાં શું પડ્યો છે શબ્દ? જોયું! **'सयल वि एक्क-सहाव'** આહા..હા..! એક સ્વભાવ. અનંત આત્માઓ એની વર્તમાન દશાના વિવિધપણાના ભંગને જાણવાલાયક ભલે હો જ્ઞેય તરીકે, એ આદરણીય નથી. આદરણીય તો... એક આત્મામાં અલ્પજ્ઞતા, અલ્પદર્શીતા, અલ્પવીર્યતા, પુણ્ય-પાપનો વિકલ્પ રાગ એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. અંગીકાર કરવાલાયક તો વસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતાથી પૂર્ણ વસ્તુ એક સ્વરૂપે છે. એક સ્વરૂપે પૂર્ણ રૂપ તેને આત્મા કહેવાય છે. એવા આત્માને જે અંદર શ્રદ્ધે અને અનુભવે, માને છે એને સમભાવ બધા જીવ પ્રત્યે થઈ જાય છે. બધા જીવો પરિપૂર્ણ સ્વભાવે ભર્યા છે. કોને મારે ઓછા-અધિકે જોવા? અને જ્યારે પોતાને જ પૂર્ણપણે જોવે છે ત્યારે બીજાને પણ પર્યાયપણે ન જોતાં, એના વર્તમાન પ્રગટ અવસ્થાપણાની સંપદાએ પૂર્ણ ન જોતા, એના પૂર્ણ સ્વભાવને જોતા આ મારાથી હીણો કે આ મારાથી અધિક એ પ્રસંગ એને ઉભો થતો નથી. આહા..હા..! પરમાત્મપ્રકાશ યોગીન્દ્રદેવ કહે છે. જુઓ તો ખરા. ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમાત્મા. ભાગ્યવાન નહિ પરમાત્મા. વળી ભાગ્યવાનની અહીં ક્યાં વાત છે? જુઓ, પણ કીધુંને. દાણાનો દાખલો તો તમને સીધો આપ્યો પીપરનો. બધા દાણા. આખી ગુણુની ગુણ ભરી હોય. મુંબઈમાં તો મોટી વખારો ભરી હોય છે. એક-એક ધંધો એકને હોં! મુંબઈમાં એક-એક ધંધો હોય છે કેટલાકને. બસ, કેસરનો ધંધો હોય તો કેસરનો. એલચીનો તો એલચીનો. આ શું કહેવાય? પીપરનો હોય તો પીપરનો એક જ ધંધો મોટો. એ ગુણી ભરી હોય છે. પહેલા જતાને માલ લેવા દુકાનનો ત્યાં તો અમે જોતા. તો બધી વખારો ભરી એક જ જાતની. કેટલી પણ! બદામનો હોય તો બદામની જ એક આખી વખાર. બદામ આવે છેને. ગોદામના ગોદામ ભર્યા હોય હોં.

એમ આ ચૌદ બ્રહ્માંડમાં... જેમ એ પીપરના દાણાના ગોદામ ભર્યા છતાં પ્રગટમાં અલ્પ કાળાશ અને લીલાશનો અભાવ હોવા છતાં જેના અંતર સ્વભાવમાં લીલો-હરો રંગ અને તીખો પૂરો રસ એવા અનંત સ્વભાવથી એ પીપર એક સમયમાં પૂર્ણ છે. તેથી તે પર્યાયમાં પ્રગટ કાળે પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાનમાં-

વર્તમાનમાં, અનંત જીવોની વર્તમાન અવસ્થામાં ભિન્નતા દરેકની વર્તમાન દેખાવા છતાં એનું અંતર રૂપ જુઓ, એ પોતે પોતાનું અંદર રૂપ પૂર્ણ જોવે તો પૂર્ણ છે, અલ્પજ્ઞ અને વીર્ય અલ્પતા એ મારા સ્વભાવમાં છે નહિ. એક સ્વભાવને જોનાર સત્યદષ્ટિવંત છે. અને એ સત્યદષ્ટિવંત બધા જીવને પૂર્ણ સ્વભાવવાળો દેખે એ સત્યદષ્ટિવંત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ બધા એના પ્રતીક છે એના બધા દેખાવ માટે આ સમવસરણ. ભાઈએ પ્રશ્ન કર્યો હતોને રાતે? કે આ શું પાંચ-દશ લાખ..? ભાઈ! જરી શાંતિથી જુઓ કે આ સમવસરણ અને આ પરમાત્મા એ પૂર્ણ હતા પર્યાયે, સ્વભાવે પૂર્ણ, પર્યાયે પૂર્ણ. એવા અનંત પરમાત્માઓ, એના આ સ્થાન, એના આવા પુણ્ય, એનો પૂર્વનો વિકલ્પના પુણ્ય આવી સ્થિતિ. એ બધાના અસ્તિત્વના સ્મરણ માટેના નિમિત્તો છે આ. અને એ નિમિત્તોમાં આવા અસ્તિત્વનું સ્મરણ આવતા એની વર્તમાન બુદ્ધિનો નાશ થઈને ત્રિકાળ બુદ્ધિ થઈ જાય છે. એને માટે એ પ્રતીકો છે. સમજાણું કાંઈ? આમ ત્રિકાળ પરમાત્મદશા હતી. અનંત પરમાત્મ પ્રગટ અવસ્થાવાળા હતા. અનંત પરમાત્માને કોઈ પૂર્વનો વિકલ્પ હતો અને પુણ્ય થયું, એના સ્વરૂપ તરીકે આ સમવસરણ હતા. એ બધું અસ્તિત્વ સ્વીકારતા, આવું અસ્તિત્વ સ્વીકારતા, વર્તમાન બુદ્ધિનો વિકલ્પ અને અલ્પજ્ઞતાનો સ્વીકાર ઉડી જઈને ત્રિકાળ સ્વભાવ શું એવો સ્વીકાર થતાં એને સંયોગોના સાધનની જરૂર રહેતી નથી. એને વિકલ્પના સાધનની જરૂર રહેતી નથી તો શરીર સારું હોય એવી જરૂર રહેતી નથી.

પણ હવે એ દીર્ઘ વિચાર.. કહ્યું હતું એક ફેરી. જોરાવરનગરમાં આંખના ઓપરેશનનો કરે છે યજ્ઞ? નેત્રયજ્ઞ. આપણે નારણભાઈ હતા. પૂનમચંદભાઈ! તમે નહી હો. વઢવાણ નહોતો તે દિ' વઢવાણ નહોતા તોતડા બોલતા? ઓળખતા હતાને તમે? ગુજરી ગયા પાંચ વર્ષ પહેલા. પછી ત્યાં આગળ મથુરાદાસ આવ્યા હતા ડોક્ટર મોટા. મથુરદાસ મોટો ડોક્ટર. ઘણાના યજ્ઞ કર્યા આંખના અહીંયા જોરાવર(નગર)માં. મનસુખભાઈ સાથે હતા આપણા મનસુખલાલ તારાચંદ. બહુ વખાણ કરવા માંડ્યા મથુરાદાસના લોકો. ઓહો..હો..! બહુ કામ કર્યા, બહુ કામ કર્યા, ઘણા કામ કર્યા. પછી નારણભાઈ કહે છે, સાંભળ-સાંભળ. અમારી સાથે એક નારાયણભાઈ હતા. અમે આમાં હતાને ત્યારે દીક્ષિત થયા હતા. પછી જરી ફેરફાર થયો અને છૂટી ગયા હતા અને ગુજરી ગયા. પણ એ વખતે તર્કબાજી બહુ હતા. પછી એને કહે આ શરીર તને મળ્યું, આ ઇન્દ્રિયો ફૂટી કે પોલા-ફોલ્લા પડ્યા અને મોતિયા આવ્યા. આ મથુરાદાસને ગોતવો પડે. એ કરતા એવો એક પુરુષ તને બતાવું કે તને શરીર ન મળે, ઇન્દ્રિય ન મળે અને આવા ડોક્ટરની જરૂર ન પડે. પંડિતજી! આ કોના વખાણ તું કરે છે? કેટલા પણ તારે કરવા છે? વસંતીલાલજી! ઓહો..હો..! હજારો-લાખોને આંખો આપી. પણ સાંભળ તો ખરો. શરીર તો

રાખવા છેને એને? અને શરીર જેટલા અહીંથી ફૂટશે એ પોલા થાશે અને મોતિયા થાશે. મથુરાદાસને બધે ગોતવા છેને એને? પણ એક આત્મા એવો તને વીતરાગ પરમેશ્વર બતાવી દઉં કે જેની ઓળખાણ થયે, જેની મહત્તા ભાસ્યે આ તને શરીર મળે નહિ, રોગ થાય નહિ અને ડોક્ટર ગોતવા પડે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એની તો વાત ચાલે છે. એ ઉપર તો દાખલો આપ્યો આ. સમજાણું કાંઈ? કેટલા વખાણ કરે લૌકિકના ઉપકારમાં. આટલા-આટલા. ઓહો..હો..! શું છે? હજી તો શરીર રાખવું છે અને શરીર મળશે એટલે શરીરમાં રોગ અને પ્રતિકૂળતા આવ્યા વિના રહેશે નહિ. વારંવાર પૈસા હોય નહિ, નિર્ધનતા હોય, ડોક્ટરને ગોતવા, હેરાન થવા, ભિખારાપણે એનો ઉપકાર એનું આટલું એનું તું બહુમાન કરે છો?

એક ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા જગતના મહાન વૈદ્ય છે, મહાન વૈદ્ય છે પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર. કે જે જગતને એમ કહે છે કે તને શરીર જ મળે નહિ. સ્વભાવનું માન કર, સ્વભાવનું માહાત્મ્ય કર, અલ્પજ્ઞનું માહાત્મ્ય છોડી દે. સંયોગનું છોડી દે. એવા સ્વભાવના માહાત્મ્યનો હું એક વૈદ છું. એનું માહાત્મ્ય કરતા તને શરીર રહેશે નહિ, કર્મ રહેશે નહિ, રોગ થાશે નહિ, ડોક્ટર ગોતવા પડશે નહિ. ખાવા-પીવાની જરૂર નહિ પડે. આના પ્રશંસા! આટલી પ્રશંસા લૌકિકમાં? આણે પાંચ કરોડ દીધા, આણે આવું કર્યું. હવે સાંભળને. વસંતીલાલજી!

એમ અહીંયા ભગવાન યોગીન્દ્રદેવ કહે છે, ભાઈ! તારી અલ્પજ્ઞદશા અને રાગાદિમાં અને શરીરાદિમાં નિમિત્તો કોઈ સારા મળે અને તું એની પ્રશંસા કરે છો, તો તને અલ્પજ્ઞતા રાખવાનો જ તને ભાવ છે. અલ્પજ્ઞતા રાખવી છે એને રાગ થયા વિના રહેશે નહિ અને શરીર મળ્યા વિના રહેશે નહિ. પણ તારું પૂર્ણ સ્વરૂપ અલ્પજ્ઞતાના કાળમાં પણ પૂર્ણ આનંદ અને જ્ઞાન એક સ્વભાવી ભગવાન, એક સ્વરૂપે ભગવાન, એક ભાવે ભગવાન, એક ભાવે ભગવાન છે. એક ભાવ એટલે? એક ગુણ એમ નહિ. એકરૂપ. જ્ઞાનનું એકરૂપ, દર્શનનું એકરૂપ, આનંદનું એકરૂપ, સ્વચ્છતાનું એકરૂપ, શાંતિ, ચારિત્રનું એકરૂપ. એવો ત્રિકાળી સ્વભાવ ભગવાન અનંત આત્માનો, જેની વર્તમાન દૃષ્ટિ છોડીને, ત્રિકાળ દૃષ્ટિ કરતાં આવી પરિપૂર્ણતા ભાસે, એ બધા જીવોની વર્તમાન દૃષ્ટિ છોડીને એના ત્રિકાળ સ્વરૂપની પ્રતીત કરે છે. એને જન્મ-મરણ રહેતા નથી. એની દૃષ્ટિમાં સત્‌પણાનો આદર, પૂર્ણ સ્વભાવના સત્‌નો આદર થયો. અલ્પજ્ઞની પર્યાયમાં ચાર જ્ઞાન હોવા છતાં આદર રહ્યો નહિ. એ ટળી જઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ જશે. એ વાતને માન અને અનુભવ અને જાણ. એ વિના વાતું બધી થોથેથોથા છે.

આ તો રૂપિયા ગોતે, એનાથી રોગ થાય, ઓલા ભક્તામર ગણે છેને. ભક્તામર પ્રણિત...

શું થાશે? ભક્તામર ગણીએને પછી નાગા ભૂખ્યા ન રહીએ. શરીર તો રાખવું છેને તારે? નાગા-ભૂખ્યા ન રહીએ. એટલે શું? શરીર રહે, વસ્ત્ર મળે, રોટલા મળે. માટે ભક્તામર ગણે છેને? આ ભક્તામર પ્રણિત... મૂર્ખ છે. ભક્તામર એને માટે છે? એ આદિશ્વર ભગવાનની સ્તુતિના ગુણગ્રામ છે. એના જે ગુણો પર્યાયમાં પ્રગટ થયા એવા એના સ્વભાવમાં પરિપૂર્ણ પડ્યા છે, એવા જ તારા સ્વભાવમાં પરિપૂર્ણ છે એ દૃષ્ટિ કરવા ભક્તામરની સ્તુતિનું પ્રયોજન છે. આહા..હા..! પ્રયોજન પણ સમજે નહિ અને એમ ને એમ હાંક્યા કરે. ભક્તામર પ્રણિત મૌલી મણિ પ્રભાણામ. પણ શું છે એમાં હવે? એથી આપણને પૈસા-બૈસા મળે, રોગ ન રહે. સવારમાં ઉઠીને આ ભક્તામર (બોલે). નિરોગતા રહે.

એ ત્યાં ભાઈ એક બોલતો હતો બહુ. ઓલો ત્યાં છેને નહિ નહોતો બોલતો આપણે? .. વજુભાઈ. બહાર બોલતો હતો ભક્તામર. ત્યાં .. છેને બાહ્ય? વજુભાઈ છેને એક .. .. શું કીધું આમાં આશા-બાશા તો નથીને કાંઈ ભક્તામરમાં? અરે! જેને ચોસઠ ઈન્દ્રો અથવા સો ઈન્દ્રો મુગટથી નમતા હતા એવી જેની પર્યાય પ્રગટ થઈ ગયેલી. એને સો ઈન્દ્રો એના વૈભવને તુચ્છ ગણી, એ ઈન્દ્રો પોતાના મળેલા આવા વૈભવની સંપદા ઈન્દ્રપદને તુચ્છ ગણી એની પ્રગટેલી પર્યાયનું બહુમાન કરે છે. અમને પ્રગટેલી અલ્પજ્ઞતા છે, એની પ્રગટેલી બહુ છે. વૈભવ મળ્યાની તુચ્છતા ગણીને પૂર્ણતાનો આદર કરે છે એ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિવાળા એનો આદર ખરેખર કરી શકે છે. સમજાય છે? મળેલા ઈન્દ્રના વૈભવ. કહે, ના, ના. આ નહિ હોં આ નહિ.

એક મુનિ જંગલમાં બાવળની હેઠે.. બાવળ સમજ્યાને? બબુલ, કાંટા. આમ ધ્યાન લગાવી દીધું હતું અંદરમાં. ઓલો ચક્રવર્તી હાથીને હોદે ચાલ્યો જતો હોય છન્નું કરોડ પાયદળ સાથે. છન્નું હજાર પદમણી જેવી સ્ત્રી. હેઠે ઉતરી જાય, હેઠે ઉતરી જાય. હાથીને બેસાડે. એક મુનિ ધ્યાનમાં બેઠા છે. આહા..હા..! એની મુદ્રા દેખીને એમ થઈ જાય કે આ તે કોઈ સિદ્ધ સાથે વાતું કરે છે. શાંત ઢીમ. શાંત... શાંત... શાંત... સમરસમાં તરબોળ દેખાય છે. હેઠે ઉતરીને જય પ્રભુ! અરે..! પણ આટલી ૠદ્ધિ! આ નહિ... આ નહિ... આ નહિ... એ જે ૠદ્ધિ સાધે છે તે અમારે જોવે છે. આહા..હા..! છન્નું કરોડ પાયદળ ચમત્કાર પામે છે. આ તે શું! આ સુંદર હીરલા જેવા શરીર, આ કાળુ કુબડું શરીર, આટલી સંપદાનો પાર નહિ, ઓલાને કપડાનો ટૂકડો નથી, બાવળ માથે અને આને મોટા મહેલ છે દેવોના બનાવેલા ચક્રવર્તીના. નહિ ભાઈ નહિ હોં એ નહિ, એ નહિ અને અમારી અલ્પજ્ઞ અવસ્થા પ્રગટ છે એ પણ નહિ હોં. ઓલો પૂર્ણ સાધી રહ્યો છે મારાથી વધારે. આહા..હા..! એને વંદન કરે છે અને ઓલાને સામું જોવું નથી. ... નથી. ધ્યાનમાં પડ્યા છે. આહા..! આવા ચક્રવર્તી વંદન કરે

માટે મોટો.. હું તો મોટો મારી પાસે છું. મોટો ભગવાન હું છું. મારી મોટપ એ પર્યાયમાં પ્રગટે એને ખબર પડે, બીજાને ખબર પડે નહિ. એવા આત્માનો જ્યાં સ્વભાવ, એકરૂપનો વિશ્વાસ (આવ્યો), અલ્પજ્ઞનો અને સંયોગનો વિશ્વાસ ઉઠી ગયો. અલ્પજ્ઞ પર્યાય, અલ્પદર્શી, અલ્પવીર્ય અને રાગ-દ્વેષ અને સંયોગ એક હારડા આમ એક સમયના એ વિશ્વાસ ઉઠી ગયો. પૂર્ણ એક સમયમાં આનંદ અને જ્ઞાનસ્વભાવે દ્રવ્યસ્વભાવ એ વિશ્વાસે ઝીલ્યો આત્માને (એને) સમભાવ સમદૃષ્ટિ થઈ. સમજાય છે કાંઈ? એમ કહે છે અહીંયા.

'**સભી જીવોંકો એક સ્વભાવવાલેં નહીં જાનતા, ઉસ અજ્ઞાનીકે સમભાવ નહીં રહતા,...**' એ તો પર્યાય વર્તમાન દેખી કે આ મારાથી અધિક થઈ ગયો, આ મારાથી ઓછો રહ્યો. ઓછો રહ્યો એને દીનતા થઈ. દીન દેખે, વધારે એને ઉપર દેખે. એ પર્યાયમાં ઓછા-વત્તાપણું એને અજ્ઞાની દેખીને સમભાવ કરી શકતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! શું કહે છે આચાર્ય? કહે છે '**सकलानपि जीवान् एकस्वभावान्**'. કેવો સ્વભાવ એક? એ વસ્તુ છે એક, પદાર્થ છે, અખંડ છે, પર્યાયનો એક સમયનો, એક સમયનો સંસાર છે. એક સમયનો જ ઉત્પાદનો ભાગ અલ્પ-હીનાધીકપણે પરિણમી રહ્યો છે દરેક જીવનો. એ એક સમયનું લક્ષ છોડી દે. તારું એક સમયનું લક્ષ છોડી દે તો પૂર્ણ સ્વભાવની દૃષ્ટિમાં જેમ સમભાવ સમ્યક્ આવ્યું એમ બધા ભગવાન પૂર્ણ સ્વભાવે છે. વિષમતા થવાનો પ્રસંગ રહેતો નથી. કોઈ કમજોરીને લઈને રાગાદિ આવે એ પર્યાયને દેખીને આવ્યો નથી, સ્વભાવને લઈને નથી, કમજોરીને લઈને આવ્યો એ જ્ઞાતા-દૃષ્ટા રહે છે. એ રાગને જાણનાર-દેખનાર રહે છે તેનું નામ જ્ઞાની અને સમકિતી કહેવાય છે. સમજાણું કાંઈ?

'**નહીં જાનતા, ઉસ અજ્ઞાનીકે સમભાવ નહીં રહતા, જો સમભાવ...**' દેખો, પૂર્ણ સ્વરૂપ અને છતો પાછો. છે એવો હોં! સત્ છે. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' તો એક સમયનો ઉત્પાદ એનું લક્ષ છોડી દઈને ધ્રુવ પૂર્ણ સ્વભાવ એવું પૂર્ણ સત્ એવા સ્વભાવને જોનારને સમભાવ થાય છે. અને સમભાવ આ રીતે ન રાખે એ અજ્ઞાની છે. એ સમભાવ કેવો છે? '**સંસાર-સમુદ્રકે તૈરનેકા નાવકે સમાન હૈ.**' જ્યાં જ્યાં ક્ષણે, કોઈ ક્ષેત્રે, કોઈ ક્ષણે એની વર્તમાન અવસ્થામાં હીનાધિક ઉપર એનું લક્ષ નથી, દૃષ્ટિનું જોર નથી, દૃષ્ટિનું જોર નથી. જોર સ્વભાવ ઉપર છે. એટલે સ્વભાવ ઉપર દૃષ્ટિના જોરે સમભાવ થાય. એ સમભાવ સંસારને તારવાની નાવ છે. એ સંસારના ઉદયભાવ.. સંસાર એટલે ઉદયભાવ, એ ઉદયભાવને આ પૂર્ણ સ્વભાવ મારો અને બધાના પૂર્ણ એકરૂપ સ્વભાવ, એવી દૃષ્ટિનો સમભાવ એ ઉદયભાવનો અભાવ કરવાનો એ ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો વીતરાગ ભગવાનના ઘરની કથા છે. ત્રિલોકનાથ પરમેશ્વર એ સભામાં જ્યારે ધર્મકથા

દિવ્યધ્વનિ (છૂટતી હોય)... ઓહો..હો..! એના લેનારા શ્રોતા પણ કેવા હશે! એ દેનારા એની વાણીનો અખંડ જ્ઞાનની પર્યાય પ્રગટેલીનો ધ્વનિ...! સમજાણું કાંઈ?

એમ અહીંયા ભગવાન આખો ભરેલો પ્રભુ છેને, કહે છે. એલા! વિશ્વાસ તો લાવ... વિશ્વાસ તો લાવ. તને વિશ્વાસ અહીંનો આવે છે કે આટલો હું... આટલો હું... આટલો હું... આવાવાળો, આવા સંયોગવાળો અને આટલો. અલ્પજ્ઞવાળો, અલ્પદર્શીવાળો, અલ્પવીર્યવાળો, પુણ્યવાળો, પાપવાળો, આવા સંયોગવાળો. પણ એ તો ક્ષણિક સંયોગનું હાલરડું છે. એક સમયના સંબંધવાળું છે એટલું તો. ત્રિકાળ સ્વભાવના સંબંધવાળો દ્રવ્ય, કાયમી સ્વભાવવાળો સ્વભાવવાન એ તો એકરૂપ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? એવી પરમ સ્વભાવની દૃષ્ટિ સત્ય શ્રદ્ધામાં આવતા સમભાવ થઈ ગયો એ. એ અનંતાનુબંધીનો અભાવ થઈ ગયો. એ સમભાવ સંસારસાગરને તારવાનો ઉપાય છે. બાકી વિકલ્પ-ફિકલ્પ આવે એનો જાણનાર રહે છે. સમજાણું કાંઈ?

જુઓ, પાઠમાં છેને? '**भव-सायरि जो णाव**' એટલે? કે જે ઉદયભાવ થાય પુણ્ય-પાપ વિકલ્પ આદિનો એનાથી તરવાનો પૂર્ણ સ્વભાવ, એક સમયમાં પૂર્ણ એકરૂપ સ્વભાવ એવી દૃષ્ટિ, એ તરફનો ઝુકાવ એ ઉદયભાવના અભાવને કરવાને નાવ સમાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પણ આચાર્ય મહારાજ શું કહે છે જુઓને! આહા..હા..! સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. મહામુનિઓ દિગંબર મુનિ, ધર્મના ધુરંધર થાંભલા, કેવળજ્ઞાનના વજીર, કેવળજ્ઞાનના ગણધર, દિવાન. આમ કેવળજ્ઞાન આમ તરવરે છે. એની મતિશ્રુત પર્યાયમાં કેવળજ્ઞાનનો પર્યાય પ્રતીતમાં, અવયવીના અવયવમાં આખો કેવળજ્ઞાન વર્તે છે અને આમ દૃષ્ટિમાં પૂર્ણ આમ વર્તે છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિમાં પૂર્ણ સ્વભાવ વર્તે છે. પ્રગટ જ્ઞાનનો અંશ—એ પૂર્ણ જ્ઞાનનું સાધ્યપણું પ્રગટવું છે એવો અવયવીનો અંશ, એ અવયવીનો આવો મોક્ષ હોય એનું કેવળ આવું (હોય) એનું જ્ઞાન વર્તે છે. એ બેને ભેગું કરી દેશે. વચ્ચે આંતરો જે છે એ સ્વભાવની એકાગ્રતા દ્વારા બે ભેગું થઈને કેવળજ્ઞાન પામી જશે. રાગ-ફાગ રહેશે નહિ. ઉદયને તારવાનો ઉપાય નાવ આવો સમભાવ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- जो अज्ञानी सब जीवों को समान नहीं मानता,...**' એનો અર્થ જ કે એને વસ્તુ પૂર્ણ છે એની પોતાની પ્રતીત નથી. આ અલ્પજ્ઞ બહાર જણાય એટલો હું અને સંયોગ હું અને બાયડી હું અને છોકરા હું. ... આવો છું, રાગ થઈ ગયો. રાગ આવ્યો. બસ રાગ થઈ ગયો. રાગ થઈ ગયો? તારા સ્વરૂપમાં રાગરૂપ થઈ ગયો? એમ જે જોવે છે એ પોતાનું પૂર્ણ સ્વરૂપ છતું પડ્યું છે, ભગવાન મોજૂદ-વિદ્યમાન પ્રગટ ચૈતન્યનું સત્તાનું સત્ત્વ

છે એને એ માનતો નથી. એને જેણે માન્યું એ '**વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં સ્થિત હોકર...**' દેખો! વીતરાગનો અર્થ? એ રાગ વર્તમાન હોવા છતાં એ રાગ જેટલો ન માન્યો એટલે ત્યાંથી દૃષ્ટિ ખસી ગઈ, અલ્પજ્ઞ જેટલો ન માન્યો એટલે ત્યાંથી દૃષ્ટિ ખસી ગઈ અને એ દૃષ્ટિ સ્વભાવ ઉપર આવી એટલે એનું નામ વીતરાગ નિર્વિકલ્પ શાંતિ. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યના મહાધામ.

જ્યાં ચૈતન્ય ત્યાં અનંતગુણ, કેવળી બોલે એમ,
એ પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો પ્રેમ રે ચૈતન્ય પ્રભુ.
પ્રભુતા તારી રે ચૈતન્ય ધામમાં, એ પ્રભુતા તારી રે ધ્રુવના ધામમાં.

એ ધ્રુવધામની દૃષ્ટિ પૂર્ણની થઈ કહે છે કે એ રાગરહિત, અલ્પજ્ઞ બુદ્ધિ ટળી, રાગબુદ્ધિ ટળી, પૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ એનું નામ વીતરાગ, એનું નામ અભેદ શાંતિ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ આમ વિકલ્પ હોવા છતાં એટલો હું નહિ, અલ્પજ્ઞ હોવા છતાં એટલો હું નહિ. એ દૃષ્ટિએ પરના માહાત્મ્ય છોડ્યા, એ દૃષ્ટિએ સ્વભાવના માહાત્મ્ય કર્યા એટલે રાગની એકતા તૂટી, અલ્પજ્ઞાનની મહત્તા ગઈ અને સર્વજ્ઞ સ્વભાવ પૂર્ણની મહત્તા થઈ. આહા..હા..! એને અહીંયા વીતરાગ નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે.

એમાં '**સ્થિત હોકર સબકો સમાન દૃષ્ટિસે નહીં દેખતા,...**' બધાને આવા પૂર્ણ સ્વરૂપ, વસ્તુનું જે સ્વરૂપ પૂર્ણ છે એવી સંપદાવાળા ચૈતન્યતત્ત્વને નથી માનતા, નથી શ્રદ્ધતા, નથી એના આચરણમાં એવો સમભાવ પ્રગટ કરતા. એ '**સકલ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ એકસે હૈં,...**' દેખો, કેવા જીવો છે બધા? નહિ દેખતા પછી કહેશે. નથી શ્રદ્ધતા એમ કરીને '**ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.**' એમ છેલ્લો સરવાળો કરશે. આ રીતે જે ભગવાન આત્મા આમ પૂર્ણ-પૂર્ણ સ્વભાવ પ્રગટ... પ્રગટ... પ્રગટ... પ્રગટ વિદ્યમાન છે, પૂર્ણ વસ્તુ છે એને એ રીતે રાગના અવલંબન વિના, વસ્તુના સ્વરૂપમાં ઝુકેલી દૃષ્ટિવાળી રાગ વિનાની દૃષ્ટિ અને શાંતિની દૃષ્ટિમાં ઠરીને આ રીતે આત્માને અંતરમાં દેખતા, જોતા, માનતા નથી.

અને '**સકલ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ...**' બધા જીવો સકળ પરમ નિર્મળ કેવળજ્ઞાનાદિ. કેવળજ્ઞાન એટલે પર્યાયની વાત નથી. અંદર ગુણ. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય. કેવળવીર્ય પણ આવે છે હોં તત્ત્વાર્થસૂત્રમાં. કેવળવીર્ય. કેવળ એટલે એકલું વીર્ય, એકલું જ્ઞાન. ઓલું પ્રગટેલું ... '**ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ એકસે હૈં, ઐસી જિસકે શ્રદ્ધા નહીં હૈ,...**' અરે..! પૂર્ણ સંપદાનો ભરેલો પદાર્થ એનો જેને વિશ્વાસ નથી અને એક અલ્પજ્ઞ અને રાગ અને સંયોગનો જેને વિશ્વાસ છે એ બુદ્ધિ મિથ્યા છે. મહાન

પ્રભુનો જેને વિશ્વાસ નથી. એક સમયમાં ભગવાન પૂરો કેવળજ્ઞાને અનંતગુણસંપન્ન **'એકસે હૈં, ઐસી જિસકે શ્રદ્ધા નહીં હૈ, ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.'** એને સમ્યગ્જ્ઞદર્શનરૂપી અને અનંતાનુબંધીના અભાવરૂપી સમભાવ એને પ્રગટ થઈ શકતો નથી. આહા..હા..! એ તે કથની તે કથની છેને સંતોની! સંતો અંતરમાં...

મુમુક્ષુ :- સ્પષ્ટતા બહુ કરી.

ઉત્તર :- બહુ સ્પષ્ટ. એમાં સ્પષ્ટ રહ્યું છે. એક સ્વભાવ કીધો ત્યાં શું કીધું? આહા..હા..!

વસ્તુ અનંત, સ્વભાવ બધાનો એક. એ જે જ્ઞાન ઝીલે, એ જે જ્ઞાનનો પર્યાય ઝીલે, એ પર્યાય વર્તમાન પરમાં લક્ષવાળી હતી એ સ્વમાં ચાલી જાય. સમજાય છે કાંઈ? અનંત આત્માઓ આવા. પરિપૂર્ણ કેવલ પર્યાય નહિ. કેવળજ્ઞાનની અનંતી પર્યાયોનો એક સમુદાયરૂપ એક ગુણ, એવા પ્રગટ પરિપૂર્ણ પર્યાયો, અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંત ગુણનું ભરેલું એકરૂપ સ્વરૂપ. એવો જેને સ્વભાવ દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો એ જ્ઞાન અને દૃષ્ટિ પર્યાય ને વિકલ્પ તરફના લક્ષને છોડી દે છે. એ દૃષ્ટિ સ્વભાવ તરફ ઝુકી જાય છે ત્યારે તેને સમભાવ થાય છે. એ સમભાવ અનંતાનુબંધીના અભાવનો અને મિથ્યાભ્રાંતિના નાશનો સમભાવ. એ સમભાવ ક્રમે-ક્રમે કેવળજ્ઞાનને લાવે છે. સમજાણું કાંઈ? ...

**'ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.'** જુઓ, સમભાવ છે તો ખરો. સ્વભાવમાં સમભાવ જ છે, પૂર્ણ ભાવ જ છે, પણ જે આ રીતે પૂર્ણને નથી માનતા, સ્વ અને પરની પૂર્ણતાની અસ્તિ-સત્તા, સત્ પૂર્ણ છે, અનંત-અનંત છે એવું જે માનતા નથી તેને સમભાવ થતો નથી. આહા..હા..! અનંતાનુબંધીને મિથ્યાત્વ સાથે અનંત સંબંધ હતો એ તૂટી ગયો. મહાન પ્રભુ એવી દૃષ્ટિએ મહાન અનંત આત્માઓનો વિશ્વાસ-વિશ્વાસ. **'ઐસા નિઃસંદેહ જાનો.'** છેને? આહા..હા..! બીજી રીતે કહે છે કે પૂર્ણ સ્વભાવ જેની દૃષ્ટિમાં, વિશ્વાસમાં નથી આવતો એને વર્તમાન પર્યાયમાં સમભાવ પ્રગટ થતો નથી. પૂર્ણ સ્વભાવ-પૂર્ણ સ્વભાવ, વસ્તુ સ્વભાવ, અખંડ સ્વભાવ, એકરૂપ સ્વભાવ એ જે શ્રદ્ધામાં લેતો નથી એને પર્યાયમાં સમભાવ પ્રગટ થતો નથી.

મુમુક્ષુ :- એ તો જ્ઞાનીને જ સમભાવ થાય છે.

ઉત્તર :- એને જ હોયને, એ માટે વાત કરે છે. જ્ઞાની પણ આ રીતે જ્ઞાન. આમ જ્ઞાની-જ્ઞાની એમ નહિ. એ જ્ઞાનની પર્યાયમાં આ પૂર્ણ સ્વભાવ, અલ્પજ્ઞ વિદ્યમાન પ્રગટપણે હોવા છતાં, રાગ અને વિકલ્પપણે વર્તમાન વિભાવપણે હોવા છતાં, સંયોગના નિમિત્તપણાના સંબંધમાં એકરૂપ આમ દેખાવા છતાં, જે જ્ઞાન પૂર્ણ સ્વભાવને ઝીલે છે અને એવા પૂર્ણ સ્વભાવવાળા બધા ભગવાન છે, એની દૃષ્ટિ અંતરમાં જઈને સમભાવ પ્રગટ્યા વિના રહે નહિ એમ કહે

છે. સમજાણું કાંઈ?

**'ઐસા નિઃસંદેહ જાનો.'** જુઓ, આચાર્ય શું કહે છે? નિઃસંદેહ જાણો, નિઃશંક થઈ જાઓ. આ તો સમકિતમાં નિઃશંકિત અંગ છેને પહેલું ભાઈ! નિર્ભય અને નિઃશંક. આવો નિઃશંકભાવ થઈ ગયો છે. વસ્તુ પૂર્ણ છે. બધા ભગવાન આત્માઓ પૂર્ણ છે. એક સમયનો પર્યાય એટલે એક સમયના સમ્યગ્દર્શન અને જ્ઞાન દ્વારા એ ટાળી શકશે. કોઈ સમયે પૂર્ણ થશે એમ માન્યતા એની હોય છે. એ કહેશે નીચે. .. હોય, પણ વીતરાગ પરમાત્મા અનંત સહકારી કારણ... સમ્યક્ત્વ પામીને કર્મોથી જુદા થઈ શકશે કહે છે. આહા..હા..! કહેશે. એ પછી કહેશે ૧૦૬માં.

**'કૈસા હૈ સમભાવ, જો સંસાર સમુદ્રસે તારનેકે લિયે જહાજકે સમાન હૈ.'** એ ઉદયભાવ, વિકૃતભાવ, અસિદ્ધભાવ. ઉદયભાવ કહો કે અસિદ્ધભાવ કહો. ઠેઠ સુધી અસિદ્ધ છેને ચૌદમા સુધી. એ અસિદ્ધભાવ એવો ઉદયભાવ એને આ સ્વભાવની પરિપૂર્ણતાની અનંત દૃષ્ટિ અને જ્ઞાન એવો જે સમભાવ એ અસિદ્ધભાવનો અભાવ કરવાને અને સિદ્ધભાવની પ્રાપ્તિ કરવાનો એ એક જ ઉપાય છે. એટલે બીજી રીતે કહીએ કે અસિદ્ધનો વ્યય થયો અને સિદ્ધ પર્યાયનો ઉત્પાદ (થયો). અસિદ્ધ એવો સંસારભાવ, અસિદ્ધ એવો ઉદયભાવ, સંસારભાવ એને તરવાનો આ એક જ ઉપાય છે. સમજાણું કાંઈ? આ તો ધ્યાન રાખે તો સમજાય એવું છે. ...ભાઈ! વાર્તા-બાર્તા નથી આ. દાખલો એકાદ થોડો ઘણો પીપરનો આવ્યો. કાલ તો દાખલા આવ્યા હતા એક-બે ઓલા હીરાના અને ફલાણાના. આવે તો આવી જાય.

ઓલો દાખલો આપ્યો છે એક ઠેકાણે. અનુભવપ્રકાશમાં. એક શેઠિયો હતો બહાર ગયો. બહાર શાક લેવા. ઘરે છોકરા છે પાંચ. પછી સાથે નથી. એટલે સાથે નથી એમ કહેશે કે છોકરા અમારે નથી એમ કહે? આવે છેને દાખલો. તમારે કેટલા દીકરા છે? મારે પાંચ છે. પણ એકેય નથીને અહીં. ભેગા નથી એટલે પણ શું? દાખલો આપ્યો છે હોં. દીપચંદજીએ અનુભવપ્રકાશમાં. શેઠિયો બહાર ગયો. એકલો છે, સાદા લૂગડાં અને પાંચ રૂપિયા લઈને શાક લેવા ગયો. છોકરા કેટલા છે? પાંચ. નથીને અહીં? તે છતાને અછતા કહું? છતાને અછતા કહું? સમજાણું? છે એને નથી કહું? સાથે નથી એટલે શું? એમ પ્રગટ પર્યાયમાં અલ્પતા છે, (પણ) આખી સંપદા પડી છે એ છતાને અછતી કહું? દેવચંદજી! એ દૃષ્ટાંત આપ્યું છે હોં. આચાર્યોએ ગૃહસ્થ પંડિતોએ દીધેલા છે. એ ... સમજાણું કાંઈ? સમજમેં આયા કિ નહીં? તમારા દશ છોકરા અહીંયા સાથે છે? નથી. એક ધન્યકુમાર છે. ત્યાં એમ કહે કે નહિ, અમારે દશ દીકરા નથી? છતાને અછતો કોણ કહે? વિદ્યમાનને અવિદ્યમાન કોણ કહે?

એમ ભગવાન આત્મા પર્યાયમાં અલ્પજ્ઞતા હોવાથી એટલો જ હું બહારમાં આવ્યો, માટે એટલો જ છું એમ છે નહિ. અરે..! છતા વિદ્યમાન ભગવાન આત્મા એવા વિદ્યમાન સત્‌ને

અસત્ કેમ કહેવાય? એવા વિદ્યમાન મહાન પ્રભુ, એવા વિદ્યમાનનો નકાર કેમ થાય? કહો, ધર્મચંદજી! આ ભગવાનની કથા છે ધર્મકથા. સમજમેં આયા? જેમાં પૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિ લઈ જાય અને સ્થિરતા ત્યાં થાય એ વીતરાગને કહેવું છે બધું કરી કરીને. લાખ વાત કરી હોય તો બધું આ કહેવું છે. એ જો ન સમજે... આ રાગ કરવા જેવો છે એમ કહેવું છે એને? એની તો આમ ઉપેક્ષા કરાવીને અહીં અપેક્ષા કરાવી છે. એક જ વાત. પૂર્ણાનંદ પ્રભુમાં જા. અલ્પજ્ઞતા, રાગ અને નિમિત્તની ઉપેક્ષા કર. એ ઉપેક્ષા કર્યા વિના તને અંતર સ્વભાવની દૃષ્ટિ પ્રગટશે નહિ. નહિ પ્રગટે તો સમભાવ થશે નહિ. કહો, સમજાય છે કાંઈ? કહો, સમજાય છે આમાં? નટુભાઈ! આ વકીલાતમાં સમજાય છે કે નહિ આ? આ ભગવાનની વકીલાત છે. આહા..હા..!

**'કૈસા હૈ સમભાવ,...'** એકરૂપને માન્યો એને એકરૂપ સમભાવ થાય છે. વિષમરૂપ માને એને વિષમતા ટળતી નથી. આહા..હા..! કોણ દુશ્મન છે? ક્યાં સજ્જન છે? સમજાણું? કોણ નિંદા કરનાર છે? કોણ પ્રશંસા કરનાર છે? છે ક્યાં? એ તો વર્તમાન વિકલ્પવાળો તારે માનવો છે આત્માને? આસ્રવવાળો માનવો છે? આને શરીર.. વાણી બોલ્યો તો વાણીવાળો માનવો છે? એ તો અજીવ છે. ભગવાન આત્મા... એની બુદ્ધિ ઓછી છે. બુદ્ધિ ઓછીવાળા એક દ્રવ્યને માનવું છે? પોતાની અલ્પબુદ્ધિમાં પણ આખો સ્વીકાર જ્યાં વિદ્યમાનમાં છે, બધા ભગવાન એવા છે. એવો સમભાવ કેવો છે?

**'યહાં ઐસા વ્યાખ્યાન જાનકર રાગ-દ્વેષ-મોહકો તજકર...'** એટલે કે અપૂર્ણતા અને સંયોગનો આશ્રયનો વિશ્વાસ છોડી દઈને **'પરમશાંતભાવરૂપ શુદ્ધાત્મામેં લીન હોના યોગ્ય હૈ.'** ભગવાન પૂર્ણ સ્વભાવ એની અંતર વિશ્વાસની દૃષ્ટિએ પરિણમવું અને શાંતિની દૃષ્ટિએ સ્થિર થવું એ આ વ્યાખ્યાનનો સાર, તાત્પર્ય છે. કહો, સમજાણું આમાં? ૧૦૬.

**૨૩૩) जीवहँ भेउ जि कम्मकिउ कम्मु वि जीउ ण होइ।**
**जेण विभिण्णउ होइ तहँ कालु लहेविणु कोइ।।१०६।।**

**'આગે જીવોંમેં જો ભેદ હૈં, વહ સબ કર્મજનિત હૈં,...'** અર્થાત્ એ વિકાર, એ નિમિત્ત બધું એક જાતનું આમ છે ભેદવાળું. એ સ્વરૂપમાં નથી.

મુમુક્ષુ :- કર્મે એકત્ર કર્યુંને.

ઉત્તર :- એ કર્મે કર્યું, ઉત્પન્નનો અર્થ એ. સ્વભાવથી ઉત્પન્ન થયેલો વિકાર નથી અને વિકારથી ઉત્પન્ન થયેલો આ સ્વભાવ અંદરમાં છે એ નથી. વિકાર અને કર્મ એ બધા નિમિત્ત-નૈમિત્તિક સંબંધે ઉત્પન્ન થયેલા ભેદ દેખાય છે, વસ્તુમાં એ ભેદ છે નહિ એમ બતાવવું છે અહીં. સ્વભાવથી થયેલો એ બધો અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, વિકાર નથી. એટલે કર્મના લક્ષે

થયેલી અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા તારા કારણે થયેલી એ બધો ભાવ કર્મજન્ય કહેવામાં આવે છે.

'જીવોમેં...' 'જીવાનાં' **'જીવોંમેં નર-નારકાદિ ભેદ...'** આ મનુષ્ય દેખાય, આ નારકી દેખાય, આ પશુ દેખાય, જીવાત નાની દેખાય, કંથવો દેખાય, કીડી દેખાય, આમ હાથી દેખાય, શરીર એની વર્તમાન યોગ્યતા પર્યાયની—એ **'કર્મોંસે હી કિયા ગયા હૈ,...'** કર્મકૃત છે એ, સ્વભાવકૃત નથી. સ્વભાવકૃત નથી માટે કર્મકૃત છે.

મુમુક્ષુ :- એના આશ્રયે થયા.

ઉત્તર :- એના આશ્રયે એટલે એનું જ છે એમ. એક જ હારડો બધો એના ઘરનો. આત્માના ઘરનો નહિ.

**'ઔર કર્મ ભી જીવ નહીં હો સકતા.'** આ સિદ્ધાંત કહેવો છે. કર્મના સંગે પડેલા ભેદો, એ અજીવના સંગે જીવમાં ભેદ પડેલો, એ કર્મ જીવ હોઈ શકે નહિ માટે તેના ભેદો જીવનું સ્વરૂપ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'નર-નારકાદિ ભેદ...'** **'कर्मकृत एव'** એ સ્વભાવ જીવકૃત નથી એમ લેવું છે. સ્વભાવ જીવકૃત નથી. એથી તે વિભાવ બધા ભેદો કર્મકૃત છે. એ તો સમયસારમાં પણ આવે છે. બધા પુદ્‌ગલના જ પરિણામ છે. ત્યાં તો દૃષ્ટાંત ત્યાં સુધી દીધો છે ૭૫માં કે જેમ ઘડો માટીથી થયો છે એ ઘડાનું વ્યાપ્ય ઘડો અને માટી વ્યાપક. એમ ભગવાન આત્મા સ્વભાવ વ્યાપક અને એની નિર્મળ પર્યાય વ્યાપ્ય. પણ વિકારી પર્યાય અને કર્મ, એ કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય છે. બે ભાગલા પાડી દીધા કર્તા-કર્મ ૭૫માં. માટીથી ઉત્પન્ન થયેલો ઘડો છે, કુંભારથી નહિ. એમ વિકૃતભાવ જીવસ્વભાવથી નહિ. એ વિકૃતભાવ કર્મના કારણે ઉત્પન્ન થયેલો છે. એમ કરીને બે ભાગલા પાડી દીધા. આસ્રવ, બંધ અને અજીવ એક બાજુ નાખી દઈને જીવસ્વભાવમાં પ્રગટ થયો સંવર, નિર્જરા, મોક્ષ એ સ્વભાવનું કાર્ય છે. સ્વભાવની દૃષ્ટિમાં સ્વભાવના ધ્યેયે સ્વભાવમાંથી તો આ કાર્ય આવે છે. એમ કરીને સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયનું કર્મ એ જીવનું છે, આસ્રવ બંધનું કર્મ એ અજીવનું કાર્ય છે. એમ બે ભાગલા પાડી દઈને સાતમાંથી બેનું ભેદજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? એ ૭૫ ગાથાનો દાખલો આપ્યો.

કેમ? **'કર્મ ભી જીવ નહીં હો સકતા.'** ભગવાન! કર્મ અજીવ છે અને ભાવકર્મ પણ અજીવ છે. ભાવકર્મ અજીવ છે. અજીવનો અર્થ અચેતન છે. અચેતનનો અર્થ? એ ચૈતન્યના પ્રકાશના તેજ એમાં આવ્યા નથી. ભગવાન નૂર ચૈતન્ય સર્વજ્ઞપ્રકાશનું કિરણ એનો એક કિરણનો અંશ નથી આવ્યો. અનંત કિરણનો પિંડ પ્રભુ એ દયા, દાન, વ્રત, ભક્તિ ને કામ-ક્રોધના વિકલ્પમાં એ ચૈતન્યના પ્રકાશનો અંશ નથી માટે તેને અચેતન કહે છે. એ અચેતન, જડ અચેતન, કર્મ અચેતન. એ બધું એક જાતનું છે. એ કર્મ ભગવાન એ અજીવ કર્મ અને ભાવકર્મ એ

કાંઈ જીવ હોઈ શકે? આહા..હા..! આસ્રવ એ જીવ હોઈ શકે? અજીવ એ જીવ હોઈ શકે? ભાવબંધ એ અબંધસ્વરૂપ ચૈતન્ય ભગવાન હોઈ શકે? સમજાણું કાંઈ? એક સમયનો અટકેલો ભાવબંધ, ભગવાન! એ અબંધસ્વરૂપી દ્રવ્ય થઈ શકે? અજીવકર્મ તે જીવ કેમ થાય? ભગવાન! આહા..હા..!

**'ક્યોંકિ વહ જીવ કિસી સમયકો પાકર...'** શું કહે છે? એ જ જીવ લબ્ધકાળ, ધર્મના લબ્ધકાળને પામીને, ધર્મલબ્ધિકાળ. જયસેનાચાર્યમાં પાઠ છે. ધર્મલબ્ધિકાળ. જયસેનાચાર્યની ટીકામાં સમયસારમાં છે. ધર્મલબ્ધિકાળ. ધર્મલબ્ધિ એટલે કે વસ્તુ છે એની લબ્ધિકાળમાં એ પરમાત્મા છું એવી પ્રતીત કરીને પરમાત્મા થઈ જશે. માટે અજીવપણું દેખીને અજીવ જીવ થઈ ગયો છે એમ નહિ જો. થયો હોય તો જીવ પર્યાયકાળે જ્યાં પરમાત્મા થશે એ ક્યાંથી આવશે? આસ્રવપણે અને અજીવપણે જીવ થયો હોય તો જીવના સ્વભાવનો ધર્મકાળની દૃષ્ટિ પામીને પૂર્ણ પરમાત્મા થાય એ પરમાત્માપણું, આ વિકાર અને અજીવ જીવ થઈ ગયો હોય તો જીવપણાની પૂર્ણતાની પર્યાય આવી ક્યાંથી? જીવના સ્વભાવમાંથી આવે છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? **'જીવ નહીં હો સકતા.'** ક્યોંકિ સ્થિતિ સમયકો... સમજ્યાને? એ કહેશે. સહકારી કારણ છેને. કાળ છે એ સહકારી નિમિત્ત છે. ઉપાદાન પોતાનું છે શુદ્ધ કર્તા, કર્મ આદિ કરણ અને કાળ તો નિમિત્ત છે. એથી કહેશે. એ કાળ સમયને પામી **'ઉન કર્મોંસે જુદા હો જાતા હૈ.'** ક્યોંકિ વહ જીવસ્વભાવ ઉસ રૂપ હુઆ નહીં. વિકાર અને અલ્પજ્ઞપણે અને એ સંયોગપણે જીવસ્વભાવ થયો નથી તો જીવસ્વભાવ કાળે પૂર્ણ થઈ જશે. જો એ રૂપે થયો હોય તો એનો અભાવ કરી શકે નહિ. સમજાણું કાંઈ? **'ઉન કર્મોંસે જુદા હો જતા હૈ.'** એનો ભાવાર્થ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧૪, શનિવાર, તા. ૧૨-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૬-૧૦૭, પ્રવચન-૧૪૬**

પરમાત્મપ્રકાશ, અધ્યાય બીજાની ગાથા-૧૦૬. પરમાત્મપ્રકાશ છે આ શાસ્ત્ર. તો આ આત્મા એનો સ્વભાવ જ પરમાત્મસ્વરૂપ છે. અપ્પા સો પરમપ્પા. એ આત્મા પોતે જ પર્યાયમાં, પ્રગટ દશામાં પરમાત્મા થાય છે. એ પરમાત્મપણું એના શક્તિના ગર્ભમાં પડ્યું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શક્તિના ગર્ભમાં.

ઉત્તર :- શક્તિ એટલે સત્ત્વ, એનું સત્ત્વ. એના પેટ એટલે એની અંદરમાં રહેલો છે પરમાત્મા. પર્યાયમાં એન્લાર્જ કરવાનો છે. એ અસંખ્ય પ્રદેશ છે એ આખું સ્વરૂપ જ પરમાત્માનું છે. એનો દેશ જ એ છે. આત્મા અસંખ્ય પ્રદેશ છે, એ અસંખ્ય પ્રદેશ એ એનો દેશ છે.

મુમુક્ષુ :- ભારતદેશ.

ઉત્તર :- ધૂળમાંય નથી ભારતદેશ એનો. કર્મનો દેશ પણ એનો નથી. અસંખ્ય પ્રદેશ. એક પોઈન્ટ પરમાણુ છે એને જેટલી જગ્યામાં મૂકીએ, રોકે એટલા ભાગના પ્ર-દેશ. આખી ચીજનો .. એક ભાગ. એવો આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે. એની સત્તામાં અસંખ્ય પ્રદેશનું ધામ દેશ-સ્વદેશ, એની અંદરમાં અનંત જ્ઞાનાદિ અનંત ગુણસ્વરૂપ-શક્તિસ્વરૂપ સત્ત્વ બિરાજે છે, એ જ પરમાત્મસ્વરૂપ છે. પર્યાયમાં પ્રગટ કરવું એ એનો પ્રયત્ન છે. વસ્તુ તો છે અંદર. પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે. એ તો કહ્યું હતું. તો અહીં તો એ કહે છે કે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ વસ્તુ પ્રભુ..

'**ભાવાર્થ :-**' એ '**કર્મ શુદ્ધાત્માસે જુદે હૈં,...**' દેખો, એ કર્મના રજકણો જે જડ-માટી આઠ કર્મ એનું હોવાપણું, એનું અસ્તિત્વપણું એ આત્માથી જુદું છે એનું હોવાપણું. ભારે વાત ભાઈ! સમજાય છે?

પહેલો શબ્દ છેને ભાવાર્થમાં? કર્મ જડ આઠ કર્મ માટી, રજકણો ઝીણી ધૂળ છે. એનું હોવાપણું, એનું દ્રવ્ય, એની શક્તિ અને એની અવસ્થા, એ એનું હોવાપણું એ આત્માથી જુદાપણે હોવાપણે છે. '**શુદ્ધાત્મા ભેદ-કલ્પનાસે રહિત હૈ.**' ભગવાન આત્મા એમાં ભેદ કલ્પના નથી. એક તો પહેલું એમ કહ્યું કે કર્મ જે જડ છે અંદર, આ શરીર તો જુદું છે, આ તો માટી છે સ્થૂળ, પણ અંદર આઠ કર્મના ઝીણા રજકણ છે, હોવાપણે પદાર્થ છે એ ભગવાન આત્માથી તો જુદાં અસ્તિત્વ ધરાવે છે જડ, એ કાંઈ તારામાં નથી. તારા સ્વરૂપમાં એ રજકણો નથી. રજકણના સ્વરૂપમાં આત્મા નથી અને આત્માના સ્વરૂપમાં એ રજકણો નથી. જુદાં-જુદાં તત્ત્વ છે. '**શુદ્ધાત્મા...**' ભગવાન આત્મા '**ભેદ-કલ્પનાસે રહિત હૈ.**' એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભેદતા, અનેકતા, એની કલ્પના પણ જેમાં નથી એવો એકરૂપ સ્વરૂપ છે આત્મા. કોઈ દિ'... નિજસ્વરૂપ મહા અસંખ્ય પ્રદેશ.

વર્ણવ્યું છેને ઓલામાં ભાઈ પરમાત્મપુરાણ. દીપચંદજીએ વર્ણવ્યું છે. પરમાત્મપુરાણ. આત્માના અસંખ્ય પ્રદેશ એના દેશ છે. એમાં અનંતગુણની એની પ્રજા છે. મોટું પરમાત્મપુરાણ વર્ણવ્યું છે. સમકિત એનો ફોજદાર છે, દર્શન-જ્ઞાન એના મંત્રી છે. સમજ્યાને? એ મોટું વર્ણવ્યું છે. ભગવાન આત્મા... પણ એને ખબર ન મળે કે હું ક્યાં અને કેવો છું અને કેમ છું? એનું

હોવાપણું જોવાને કોઈ દિ' નજરું કરી નથી અને આ બહાર હોવાપણામાં આ શરીર, ધૂળ, માટી, પૈસા કર્મ-ફર્મ આ હોવાપણે છે એમ એણે માન્યતામાં હું છું એમ માન્યું છે. જેમાં આમાં કાંઈ સંબંધ કાંઈ નથી. આના હોવાપણામાં એ કિંચિત્ પણ આત્માનો પર્યાય, અવસ્થા, દ્રવ્ય-ગુણ તો નહિ, પણ એની અવસ્થા છે વર્તમાન હાલત એ બીજા તત્ત્વના તત્ત્વમાં અવસ્થામાં આનું અવસ્થા તત્ત્વ નથી. સમજાણું કાંઈ?

આવું સ્વરૂપ એનું છે એવી જ્યાં સુધી સ્વસત્તાના સ્વભાવના સામર્થ્યની પ્રતીત અને અનુભવ ન કરે ત્યાં સુધી એ સુખી, શાંતિ અને સ્વતંત્રતા ન થાય. ત્યાં સુધી એ દુઃખી છે. આ બધા દેખાતા હોયને બધા, ખાવા, પીવા, લાડવા, રોટલી શું કહેવાય? રસ. ઝાડા થઈ જાય ચાર-પાંચ વાર. પણ એ ધૂળમાંય નથી ત્યાં રસ. રસ તો જડ માટી છે, ધૂળ છે. પતરવેલીયા હોય ભેગા અંદર. ઘીના તળેલા આવા થાય છેને ઓલા શું કહેવાય? પાંદડા લાંબા. પતરવેલીયા કહે છેને? શું કહે છે? અળવીના પાન નથી થતા? પાંદડા લાંબા નથી થતા? એમાં ચણાનો લોટ નાખીને બનાવે છે. પછી કટકા કરીને બનાવે છે. બનાવતા તો હશે, તમારે નામફેર હશે. બનાવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ બડા પત્તા હોતા હૈ. અળવીકા પત્તા. ઉસમેં ચનાકા આટા લગાકર (ઘીમાં તળે). આપણે કાંઈ કર્યું નથી, પણ આ લોકો કરે છે એમ ખબર તો હોય કે નહિ? પછી ગોળ કરીને કટકા કરે અને પછી તળે. એને પતરવેલીયાના ભજીયા કહે છે. ધૂળ છે એ તો, અજીવતત્ત્વનું અસ્તિત્વ છે. એ તો અજીવતત્ત્વનું અસ્તિત્વ-હોવાપણું છે. એમાં હોવાપણે તો અજીવપણું હોવાપણે છે. એના દ્રવ્યમાં એટલે વસ્તુમાં, એની શક્તિમાં એટલે ગુણમાં, એની દશામાં એટલે પર્યાયમાં એ બધું હોવાપણું તો અજીવપણે છે. એમાં આત્માને કોઈ અડતું પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય સ્વાદ નથી. મફતનો (માને છે). એ સ્વાદ એનો લાગે છે? આ રસ લ્યો કેરી. તો કેરી તો અજીવતત્ત્વ છે રજકણો એના. એ અજીવતત્ત્વનો પર્યાય અહીં આત્માને, આત્માને જાણવામાં આવે, પણ એ પર્યાય આત્માને અડે અને એ પર્યાયનો સ્વાદ આવે આત્મામાં? સ્વાદ એટલે કે ગળી. એ ગળી કહે છેને? મીઠી શું કહે છે? એ ગળી પર્યાય તો જડ છે. તો ગળી પર્યાય આત્માની પર્યાયમાં આવે? તો આત્માની પર્યાય જડ થઈ જાય. વસ્તુ આત્મા છે ત્રિકાળી, એની ગુણ શક્તિ ત્રિકાળી, એની અવસ્થા-વર્તમાન પર્યાય એક ક્ષણની દશા પલટતી. હવે એ પલટતી અવસ્થામાં એ જડની અવસ્થા જે છે એ અહીં આવે તો આ જડ થઈ

જાય. એ ફક્ત જ્ઞાનમાં જાણે છે કે આ છે. એમ છે એમ જાણતા એ મને મીઠાશ થાય છે એવી એ કલ્પના કરે છે. એ તો કહેતો પણ નથી, અડતો પણ નથી. એ તો એની પર્યાયપણે પરિણમેલું પરિણમતું ચાલ્યું જાય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા એ કર્મના અસ્તિત્વથી જુદો, તો વળી એના પતરવેલીયાના રસથી તો ક્યાંય જુદો. આહા..હા..! અરે! નિજનિધાન, નિજ દરબારમાં સંપદા શું છે એ કોઈ દિ' એણે માની નહિ. બહારની માનીને હેરાન થઈને મરી ગયો ચોર્યાશીના અવતારમાં. .. કોની આંખે દેખે? કોની આંખે દેખાય? બીજાની આંખે દેખાય ઈ? કહો, એય...! જેચંદભાઈ! એમ છે. ક્યાં ગયો તમારો દિલીપ? અહીંયા છે? હુશિયાર છે. હાથ ફેરવે તો કહે હાથ તો જડ છે. શું ફેરવે હાથ? આ તમારો ભાણિયો કહે છે. હાથ તો જડ છે. આહા..હા..! આ તો અગમ્ય વાતું છે, બાપુ! એ પરમેશ્વરના અંતર ઘરની અગમ્ય વાત છે, ભાઈ! આહા..હા..!

એક-એક પરમાણુ, એમાં એના કર્તા, કર્મ, કરણ ષટ્કારકથી એક પરમાણુ સમયે-સમયે તે ગુણોથી પરિણમી રહ્યા છે. એની પર્યાયમાં આત્માનો પર્યાય એટલે અવસ્થા નથી. અને આત્મા ષટ્કારકપણે કર્તા, કર્મ, કાર્ય, સાધન, અપાદાન, એનાથી થવું, રાખવું અને આધાર એ બધા કારકોથી કારણોથી એ આત્મા પોતાની પર્યાયમાં પણ એ ષટ્કારકરૂપે પરિણમી રહ્યો છે. એની અવસ્થામાં પરની અવસ્થા આવતી નથી અને આની અવસ્થા પરમાં જતી નથી. આહા..હા..! એ તો વળી પહેલું કહ્યું. '**કર્મ શુદ્ધાત્માસે જુદે હૈં,...**' બીજામાં તો એમ કહ્યું કે '**શુદ્ધાત્મા ભેદ-કલ્પનાસે રહિત હૈ.**' એમાં તો આ પર્યાય અવસ્થા અને આ ગુણ છે અને આ દ્રવ્ય છે, એકરૂપ વસ્તુમાં એ ત્રણ ભેદ પણ કલ્પના છે. વસ્તુમાં એમ ભેદ છે નહિ.

'**યે શુભાશુભકર્મ જીવકા સ્વરૂપ નહીં હૈં,...**' ધૂળ જે કર્મ છે શુભ અને અશુભ, પુણ્ય અને પાપના રજકણો એ જીવના અસ્તિત્વમાં, જીવના સ્વરૂપમાં, સ્વક્ષેત્રમાં એ પરક્ષેત્ર આવ્યા નથી. કર્મનું ક્ષેત્ર જુદું છે, આત્માનું ક્ષેત્ર જુદું. ક્ષેત્ર એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. એ શુભાશુભ કર્મ માટી, જડ કર્મ છે એ '**જીવકા સ્વરૂપ નહીં હૈં, જીવકા સ્વરૂપ તો નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ હૈ.**' આહા..હા..! એકલો જ્ઞાનનો પિંડલો પ્રભુ અને દર્શનનો દેદાર એકલો દર્શનસ્વરૂપ. જાણવા અને દેખવાના ચૈતન્યના સ્વભાવમય ભગવાન આત્મા છે. એને પણ ક્યાં પડી છે? એની અંતરમાં નજરું કર્યા વિના એને વર્તમાનમાં શાંતિ અને સમ્યગ્દર્શન અને સુખ થાય નહિ. સમજાણું કાંઈ?

એ '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ હૈ.**' પાઠમાં વિશુદ્ધ છે સંસ્કૃતમાં. '**વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવં**' સંસ્કૃતમાં એ કહેવું છે. વિશુદ્ધ એટલે .. નિર્મલ લીધું. ભગવાન આત્મા.. કેમ હશે મલૂકચંદભાઈ? આ બધું રસોડાનું કામ કરતો હશેને આત્મા? કાલે કહ્યું હતું. કર્તાહર્તા (છે). કોણ કરે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ લાવે? પરદ્રવ્યને ઉપાડે કોણ? લાવે કોણ? એના અસ્તિત્વથી એના પરિણમનના કારકોના કાળે, ક્ષેત્રાંતર થવાના ક્રિયાવર્તી શક્તિને કારણે એ દ્રવ્યોના ક્ષેત્રાંતર થઈને આવે છે. ભગવાન! કાંઈક જુદી વાત છે. પૂનમચંદભાઈ! આ તો બધો ફેરફાર ઘણો છે. આ ૨૨ માળના મકાન કરાવે. ધૂળમાંય કરાવતો નથી કોઈ. આજ તો વળી થોડી વાત કરી હતી. પહેલી એક ફેરી કરી હતી. મેં કીધું આ કોને બેસે? સવારમાં હિંમતભાઈ સાથે હતાને. કીધું આ પગ ચાલે છે એ જમીનને અડ્યા વિના ચાલે છે. અરરર! કોણ માનશે? ભગવાન! ભગવાન! અરેરે! આહા..હા..! આ કોને બેસે? કોને કહે? આ ચાલે છેને. ખરેખર પગનો એક-એક રજકણ નીચલી જમીનને અડ્યો જ નથી. બાપુ! અભાવ છે એકબીજામાં. એ વાતું નિરાલંબી દ્રવ્યસ્વભાવ એ વસ્તુનો રજકણ એક-એક પોઈન્ટ અસ્તિ સત્ છે સત્. અને એ વસ્તુમાં અનંત ગુણો છે શક્તિ સત્ત્વરૂપે. એની વર્તમાન દશા હાલત થાય છે. એ હાલત બીજા તત્ત્વના હાલતને અડતું નથી. વાતું બહુ (સૂક્ષ્મ છે). સમજાણું કાંઈ?

નિરાલંબી દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયે પોતાથી પરિણમી રહ્યા છે. બીજી ચીજને નિમિત્ત એ તો બીજું જ્ઞાન કરવા માટે છે. સમજાય છે કાંઈ? આ કોણ માને? પણ આ જમીનને અડ્યા વિના પગ ચાલે. એય..! વસંતીલાલજી! ભગવાન! આ વાત કોને બેસે? કીધું. રસ્તામાં કહ્યું હતું. ભાઈ! આહા..હા..! એ જ્યાં જ્યાં પરમાણુ આમ હોયને અહીંયા, તોપણ તેના તે ક્ષેત્રે રહેવાની યોગ્યતાવાળા પર્યાયથી પોતાથી ત્યાં રહેલો છે. કોઈને બીજે કારણે નહિ.

મુમુક્ષુ :- આકાશનું તો...

ઉત્તર :- બિલકુલ આકાશનું કામ નથી ત્યાં. ભગવાન આત્મા પણ આમ જેમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર સમવસરણમાં નિરાલંબપણે બિરાજે છે, એ સિંહાસન ઉપર બિરાજે નહિ. સમવસરણમાં સિંહાસન હોય ભલે, કમળ હો, સિંહાસન હોય (પણ) નિરાલંબન અદ્ધર બિરાજે. મોટો પાંચસો ધનુષનો દેહ હોય. કેટલો લાંબો મોટો! એના પ્રમાણમાં પહોળો. એને હેઠે બેસવાનું સ્થાન નથી. દેવચંદજી! સાંભળ્યું છે? અંતરિક્ષ છે. એનો અર્થ શું? એ અંદરમાં પરમાણુનો પર્યાય જ એવો ત્યાં છે અને આત્માનો પર્યાય એવો આમ નિરાલંબન ઉપર આમ રહે.

મુમુક્ષુ :- દરેક પોતપોતાને કારણે?

ઉત્તર :- સૌને કારણે સૌ. આમ હેઠે સિંહાસન નથી હોં. અડતું નથી સિંહાસન. ચાર તસુ ઊંચું સિંહાસનથી. આ શું બતાવે છે? નિરાલંબ આવે છેને શું તમારે? 'એવું નિરાલંબન આત્મ દ્રવ્ય, એવો નિરાલંબન જિન દેહ' એ ભાઈએ બનાવ્યું છેને આપણે? આદિપુરાણમાંથી. આદિપુરાણમાંથી સમવસરણની સ્તુતિ છેને. આપણે સ્તુતિ છે. ભાઈએ બનાવી છે. કવિતા

બનાવી છે. આદિપુરાણમાંથી બધું (લીધું છે). આ જ્યારે બનાવ્યું સમવસરણ તો આદિપુરાણમાં જોઈને કર્યું એ બધું. શાસ્ત્ર આધારથી બધી વાત છે. એમાંથી વળી સમવસરણની સ્તુતિ છે આપણે. સમવસરણની સ્તુતિ. મલૂકચંદભાઈ છે કે નહિ? છે. પૂનમચંદભાઈને ખબર નહિ હોય. એ સમવસરણની સ્તુતિ છે. અમારે કવિ છે બધી રીતે છે. કવિ છે, લેખક છે, વક્તા છે, વૈરાગી છે, કષાય મંદ છે, હુશિયાર છે, .. છે. બધું છે. ... છે.. આ છે... આ છે...

મુમુક્ષુ :- દરબાર છે.

ઉત્તર :- દરબાર છે. એણે બનાવી છે સમવસરણની સ્તુતિ. છે અહીં સમવસરણની સ્તુતિ? લાવોને જરી. તરત લાવવી જોઈએને. અહીં તો હાજરાહજૂર. 'જેવું નિરાલંબન આત્મદ્રવ્ય, એવો નિરાલંબન જિન દેહ.' એ આદિપુરાણમાં છે, એમાં છેને એમાંથી બનાવી છે. જુઓ આ સમવસરણની સ્તુતિ છે. પાનું પણ એ જ આવ્યું. આટલા બધા પાના અને પાનું એ આવ્યું. જુઓ!

ઊંચે ચતુરાંગુલ જિન રાજે, ઇન્દ્રો નરેન્દ્રો મુનિરાજ પૂજે,
જેવું નિરાલંબન આત્મદ્રવ્ય, એવો નિરાલંબન જિન દેહ.

આ અમારે સમવસરણ બનાવ્યું ઈ અને પાનું એ નીકળ્યું. આ બધા પાના એક કોર પડ્યા રહ્યા અને ઈ પાનું સામું આવ્યું. પૂનમચંદભાઈ! વાંચો તો ખરા, ઓલા ચોપડા કરતા બીજી જાતના છે અહીં. લ્યો આ વાંચો જરી વાંચો આ. એ ચોપડા પૈસાના ધૂળના ઈ કરતા. છે એ જ લીટી છેને? લાલ લીટી કરેલી છે. જુઓ લીટી કરેલી છે. 'જેવું નિરાલંબન આત્મદ્રવ્ય, એવો નિરાલંબન જિન દેહ.' એ સમવસરણમાં ભગવાન પાંચસો ધનુષનો દેહ સીમંધર પરમાત્માનો અદ્ધર આમ બિરાજે છે. આ તે કોઈ વાત છે! શું છે આ? સમજાણું કાંઈ? નીચે અડ્યા વિના હોં, સિંહાસનને અડ્યા વિના.

મુમુક્ષુ :- એ તો અડે નહિ, પણ બીજા તો અડેને.

ઉત્તર :- કોણ અડતું હતું? એ માટે તો આ દાખલો બહારનો આપ્યો. સમજાણું કાંઈ? ભગવાન પરમાત્મા સમવસરણમાં આત્મા પાંચસો ધનુષના દેહ આકારે સ્વતંત્ર પોતાનો આકાર વ્યંજનપર્યાય અને સ્વતંત્ર અર્થપર્યાય કેવળજ્ઞાનાદિ પર્યાય એ પણે ભગવાન બિરાજમાન છે. જોડે શરીરના રજકણો પણ એ આત્માને લઈને નહિ, નીચે સિંહાસનથી આમ અદ્ધર (રહે છે). એથી કહ્યું જુઓ, 'ઊંચે ચતુરાંગુલ જિન રાજે' ચાર આંગળ ઊંચા બિરાજે છે. ... સ્વભાવ. 'ઇન્દ્રો નરેન્દ્રો મુનિરાજ પૂજે, એવું નિરાલંબન આત્મદ્રવ્ય.' ભગવાન નિરાલંબન અંદર બિરાજે છે. જ્યાં જ્યાં ક્ષેત્રે કોઈ કાળે .. એ કોઈનું આલંબન એને છે જ નહિ. પોતાના સ્વરૂપના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ પોતાના અસ્તિત્વથી બિરાજમાન છે.

'એવો નિરાલંબન...' આમ જિનદેહ પાંચસો ધનુષનો. ટેકો ન મળે કોઈ. આ ચંદ્ર-સૂર્યને કોનો ટેકો છે? આ ચંદ્ર-સૂર્ય રહે છે એ મોટા મોટા છે. એક ચંદ્ર એક યોજન (બે) હજાર ગાઉનો. બે હજાર ગાઉનું એક યોજન, બે હજાર ગાઉનું એક યોજન. એના ૬૧ ભાગ. એના ૫૬ ભાગનો ચંદ્ર અને ૪૮ ભાગનો સૂર્ય છે. કેવડો મોટો? છે ટેકો? ભાઈ! વસ્તુ તો જુઓ સ્વભાવ. શું કીધું? એક યોજન બે હજાર ગાઉનો. બે હજાર ગાઉનું એક યોજન. એના ૬૧ ભાગ પાડવા. ૬૧. એના ૫૬ ભાગ લેવા. એ ૫૬ ભાગનો પહોળો ચંદ્ર છે અને ૪૮ ભાગનો પહોળો સૂર્ય છે. ટેકો ન મળે કાંઈ. આહા..હા..! વસ્તુ તો જુઓ! આવડો મોટો! કેટલો મોટો? દેશ કેવડો છે લાંબો! એ વાદળો સાધરણ લાગે. અને આ મોટો.. ઓહો..હો..! છે ટેકો હેઠે? એમ કહ્યું, બહુ ઝીણું આવે છે એ કરતા આવા દાખલા આવે તો ઠીક (રહે) એમ કહે છે. આ તો નિરાલંબનપણું બતાવવા માટે ઓલું વળી મગજમાં આવી ગયું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પુણ્યનો યોગ એવો હોય કે એ ગોતવા જાવું ન પડે, જો પુણ્યનો યોગ હોય તો. ન હોય તો એ ગોતવા જાવું પડે આ ક્યાં હશે? ક્યાં હશે? ક્યાં હશે? એ કુદરતી ચીજ છે. આ જેમ પૈસા-બૈસા પુણ્યે આવે છે, એમ આ સંયોગો જે આવે છે એ પણ પૂર્વના પુણ્યને લઈને સંયોગો, નિમિત્ત તરીકે પુણ્ય છે અને સંયોગો એ પ્રકારે આવે અંદર. સ્વતંત્ર કોઈને કારણે નહિ, કોઈના અવલંબે નહિ એવી સ્વતંત્ર વસ્તુ છે. કહે છે ભગવાન આત્માનું...

મુમુક્ષુ :- પુરુષાર્થ કરવાથી નહિ થાય?

ઉત્તર :- કોના પુરુષાર્થથી? ધૂળ આવતી હશે? એ તો બધી ખબર છે હવે અમારે પૂનમભાઈની. પુરુષાર્થ કરે શું ધૂળ આવે? કેમ નવનીતભાઈ! એના કરતા ડાહ્યા બીજા ઘણા નથી?

મુમુક્ષુ :- પણ એના રાખે... કામ કરે.

ઉત્તર :- કામ કરે માટે આવે છે? પણ એનો છોકરો લ્યો આ પૈસાવાળા અબજોપતિ, કરોડપતિ. એના છોકરાને ક્યાંથી આવ્યું? હજી રળતો નથી, મહેનત કરતો નથી અને પાધરા એને મોટરું ને ઘોડાગાડીયું ને લાડવા ને ક્યાંથી આવ્યું એને? કાંઈ કરતો નથી.

મુમુક્ષુ :- એ એના બાપે આપ્યું.

ઉત્તર :- પણ બાપે, એ જ કહું છું કે એને કાંઈ નથી. એના પુણ્યને લઈને એવો સંયોગ હાજર થાય. રળતો નથી અને કાંઈ નથી. વાત જ એવી કોઈ સમજવા જેવી.

મુમુક્ષુ :- બાપનો ઉપકાર...

ઉત્તર :- બાપનો ઉપકાર.. બાપ ક્યાં હતો પણ? આત્માને બાપ કેવો અને આત્માને દીકરો કેવો? આત્માની પ્રજા તો આત્માની પર્યાય છે. ભગવાન આત્મા અનંતગુણનો પિંડ એની પર્યાય તે તેની પ્રજા છે અને એ પ્રજાનો બાપ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? પર્યાય કહેવાય છેને

પર્યાય? એટલે પ્રજા. ઉત્પન્ન થાય, ઉત્પન્ન થાય, સૃષ્ટિથી ઉત્પન્ન થવું. ભગવાન આત્મા દ્રવ્ય એટલે વસ્તુ, એના અનંતા ગુણો, એમાંથી સમયે સમયે સૃષ્ટિ થાય છે એટલે ગુણની પર્યાયરૂપે પરિણતિ થાય છે એ પ્રજા છે. વિકારની પ્રજા ઉત્પન્ન કરે એ કુલંગર છે, નિર્મળ પર્યાય ઉત્પન્ન કરે એ આત્માની સ્વભાવનો વારસો રાખનારી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**યે શુભાશુભકર્મ જીવકા સ્વરૂપ નહીં હૈં,...**' એ બાંધેલા હોં શુભાશુભ. અને એના બહાર ફળ (આવે) એ આત્માનું સ્વરૂપ નથી. '**જીવકા સ્વરૂપ તો નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ હૈ. અનાદિકાલસે યહ જીવ અપને સ્વરૂપકો ભૂલ રહા હૈ,...**' ભગવાનની નિજ સંપદા એ જ્ઞાનપ્રકાશ પુંજ પ્રભુ, દર્શન સ્વભાવના સત્ત્વરૂપ એવું ચૈતન્યનું સ્વરૂપ એને '**અનાદિકાલસે યહ જીવ અપને સ્વરૂપકો ભૂલ રહા હૈ,...**' એ ભૂલવાનું કારણ પોતે પોતાનું. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. '**અનાદિકાલસે...**' છે? શબ્દ જુઓ! '**યહ જીવ અપને સ્વરૂપકો ભૂલ રહા હૈ,...**' પોતાની પર્યાયમાં, પોતે કોણ છે વસ્તુ ત્રિકાળ એની એણે કોઈ દિ' શ્રદ્ધા-જ્ઞાન ભરોસે સંપદા લીધી નથી. મારી સંપદા પૂર્ણાનંદથી ભરેલી છે એમ એણે પ્રતીતમાં અનંતકાળમાં કર્યું નથી. તેથી નિગોદ અને નરકના ભવમાં રખડી રહ્યો છે. આહા..હા..!

'**ઈસલિયે રાગાદિ અશુદ્ધોપયોગસે કર્મકો બાંધતા હૈ.**' જુઓ! ભગવાન પોતાના સ્વરૂપને... દર્શન-જ્ઞાન-આનંદસ્વરૂપ છે જેનું. વાસ્તવિક સ્વતઃ સ્વભાવમાં વિકાર અને અપૂર્ણતા ક્યાંથી હોય? એટલે પૂર્ણતા અને અવિકારતાથી ભરેલો ભગવાન એવો ચૈતન્ય પદાર્થ-વસ્તુ, એનો સ્વભાવ દર્શન-જ્ઞાન-આનંદ કે જે સ્વભાવ પૂર્ણ અને વિકાર વિનાનો (છે) એને ભૂલીને '**રાગાદિ અશુદ્ધોપયોગ...**' લ્યો! પુણ્ય અને પાપના મેલા પરિણામ અને સ્વરૂપ શુદ્ધ છે તેને ભૂલી અને એ રાગાદિ હું એવી મિથ્યાભ્રાંતિ એવા '**અશુદ્ધોપયોગસે કર્મકો બાંધતા હૈ.**' એવા મલિન પરિણામના વેપાર દ્વારા નવા કર્મ બંધાય છે એને બાંધે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજા બધા પદાર્થ સૂક્ષ્મ જોવા માટે તો ઘણો... શું કહેવાય આ? દુરબીન જોવે, આ જોવે, અંતરથી જોવે, આમ જોવે. હીરા-માણેકને એટલા જોતા હતા સૂરતમાં. ફાવાભાઈના મકાનની જોડે રહેતો હતો. કોઈ કામ કરતો હતો હીરા-માણેકનું હોં. સામે દેખાતું. આમ-આમ તપાસે હીરા-માણેકને. એલા! કીધું, આટલી-આટલી આ ધૂળને તપાસે છે આમ-આમ. એ કાંઈક કામ કરતા હતા. ફાવાભાઈનું મકાન છેને, એની જોડે ખાલી મકાન હતું. પછી એની સામે.. અમે ઉતર્યા ઉપર ત્રીજે માળે. ત્યાં સામે કામ કરતા હતા કોઈ સોની હશે કોઈ. આમ જોતા હતા, આમ જોતા હતા.

મુમુક્ષુ :- પહેલ પાડે.

ઉત્તર :- હા, પહેલ પાડતા હતા. પછી આમ... આમ... જોવે. આ આત્માના પહેલ કેવા પડ્યા એ જોયા કોઈ દિ' એણે? કોણ છે પણ આ? કેવડો છે? કેવા ભાવે છે? ક્યા ભાવે થઈ રહ્યો છે? અને કેમ તેને યથાર્થ થવું જોઈએ એના એણે મનન અને વિચાર પણ અંતર્મુખથી કર્યા નથી.

મુમુક્ષુ :- સાંભળ્યું નથી.

ઉત્તર :- સાંભળ્યું નથી. આહા..હા..! કહો, નટુભાઈ! એ વકીલાતની વાતમાં ગૂંચાઈ ગયો છે. ઓલા બાપ પણ મદદ કરી કરીને વયા ગયા. આ કોઈ દિ' સાંભળ્યું નથી અને એણે વિચાર્યું નથી. આહા..હા..!

ચૈતન્ય બાદશાહ ભગવાન આત્મા અનાદિ કાળથી પોતાના નિજ સ્વરૂપને, પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ અનાકુળ આનંદ રસકંદ સ્વરૂપ તેને ભૂલી રાગાદિ અશુદ્ધ મેલા પરિણામ પરલક્ષે (થયા), સ્વલક્ષના સાધન તો રહ્યા નહિ, સ્વભાવ શું એના લક્ષ કર્યા નહિ તો એના સાધન રહ્યા નહિ એટલે પરના લક્ષે પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠાવી અને એ મારા એમ માનીને અશુદ્ધ પરિણામરૂપી ઉપયોગનું આચરણ કરી રહ્યો છે. એ આચરણથી એને નવા કર્મ બંધાય છે. સમજાણું કાંઈ? એ મુનિ થયો મુનિ દ્રવ્યલિંગી સાધુ દિગંબર, હજારો રાણીનો ત્યાગ, પણ અંતરમાં શુદ્ધ પરમાત્મા પોતે નિજાનંદ અનુભવ ભોગવવાવાળો આત્મા છે આનંદનો, એને ભૂલી એ દયા, દાન, વ્રતના પરિણામને કરી એ અશુદ્ધ ઉપયોગ છે, એ અશુદ્ધ આચરણ છે. એ અશુદ્ધ આચરણથી એણે નવા કર્મ બાંધ્યા છે, દ્રવ્યલિંગી મુનિ દિગંબર થયો છતાં. સમજાણું કાંઈ? '**અશુદ્ધોપયોગસે કર્મકો બાંધતા હૈ. સો કર્મકા બંધ અનાદિકાલકા હૈ.**' એ બંધન અનાદિકાળનું છે, નવું નથી.

'**ઈસ કર્મબંધનસે...**' એ કર્મના બંધનથી '**કોઈ એક જીવ વીતરાગ પરમાત્માકી અનુભૂતિકે...**' આત્માનો સ્વભાવ જે પુણ્ય અને પાપના રાગરહિત એવા સ્વભાવનું વીતરાગપણું એવો જે પરમાત્મા પોતાનો નિજ સ્વભાવ એનો અનુભવ, એનો અનુભવ એટલે સમ્યગ્દર્શન જ્ઞાન એનું '**સહકારી કારણરૂપ જો સમ્યક્ત્વકી ઉત્પત્તિકા સમય...**' કાળ-કાળ. એ અનુભૂતિનું સહકારી કારણ, નિમિત્ત કારણ '**જો સમ્યક્ત્વકી ઉત્પત્તિકા સમય ઉસકો પાકર...**' કાળલબ્ધિ સિદ્ધ કરે છે. સમજાણું? પાઠમાં છેને. '**वीतरागपरमात्मानुभूतिसहकारिकारणभूतं कमपि कालं लब्ध्वेति**' '**कालं लब्ध्वेति**' એક સમયનો.. છેને પાઠ? '**कालु लहेविणु कोइ**' કોણ કાળ? કે પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ અને જ્ઞાન પૂર્ણાનંદ દ્રવ્ય-વસ્તુ-પદાર્થ, મહાન પદાર્થ તેને ભૂલીને શુભ-અશુભના પરિણામ પુણ્ય-પાપના આચરણ કરીને એણે નવા કર્મ બાંધ્યા. એમાંથી કોઈ

જીવ વીતરાગ પરમાત્માની અનુભૂતિ એટલે પોતાનો વીતરાગ સ્વભાવ, કાયમનો વિકારરહિત સ્વભાવ એવો પરમ આત્મા નામ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ કાયમનું, પરમ આત્મા એટલે પરમસ્વરૂપ એની અનુભૂતિ (એટલે) એને અનુસરીને અનુભવ કરવો. શુદ્ધ સ્વભાવને અનુસરીને એને અનુસરીને. નિમિત્તને અનુસરીને જે પુણ્ય-પાપનો અશુદ્ધ ઉપયોગ કરતો હતો એ અનાદિ દુઃખરૂપ દશા હતી. એમાં કોઈ પ્રાણી વસ્તુના સ્વરૂપની અનુભૂતિ, એનું નિમિત્ત કારણ એટલે કે સમકિતની ઉત્પત્તિનો સમય. સમ્યગ્દર્શન શુદ્ધ પરમાત્મા હું નિજાનંદ સ્વરૂપે અનાદિ એવો ને એવો જ્ઞાયકભાવે રહ્યો છું. કોઈ દિ' અપૂર્ણ અને વિકારમય કોઈ દિ' થયો નથી. એવી અંતર્મુખમાં પદાર્થના મૂળ શુદ્ધ સ્વભાવની અનુભૂતિની પ્રતીતિ. અનુભવ કરીને એમાં પ્રતીતિ, એનો સમય કાળલબ્ધિ છે. એવા સહકારી કારણ કાળને પામીને **'કર્મોંસે જુદા હો જાતા હૈ.'** કર્મકા બંધ કરે છે એમ કહ્યું પહેલું. હવે આ કારણે... રાગાદિ અશુદ્ધોપયોગસે કર્મકો બાંધતા હૈ એમ કહ્યું. એ આત્માના અંતર દૃષ્ટિના અનુભવ દ્વારા કર્મને છોડે છે.

ભગવાન આત્મા પોતાનો કાયમી સ્વભાવ અંતર એના પૂર્ણાનંદના સ્વભાવને ભૂલી અને અશુદ્ધ પુણ્ય-પાપના પરિણામને, અશુદ્ધ વેપારને, આચરણને, ભાવને કરી નવા કર્મ બાંધતો હતો એ જ જીવ કોઈ આત્માના પૂર્ણ સ્વભાવની અનુભૂતિ એટલે એનો અનુભવ કરી, રાગરહિત તેની પ્રતીતિ કરી. એ પ્રતીત કરવામાં એક સહકારી કારણ કાળને કહેવામાં આવે છે. એ જીવ **'કર્મોંસે જુદા હો જાતા હૈ.'** જેમ સોનું અને પત્થર ખાણમાં ભેગા હોય. અગ્નિ લગાડવાથી સોનું અને પત્થર બે જુદાં પડી જાય. ખાણ છેને મોટી? અમારા જેઠાલાલ સંઘવીને એનો ધંધો હતોને મુંબઈમાં. બોટાદવાળા. સોનાના વેપારી જેઠાલાલ સંઘવી. મોટા પથરા લાવતા. પથરાના પથરા. ઘણા સોના સંઘર્યા છે. વયા ગયા પણ હોં. કોઈ રાખી ન શક્યું. સોનું રાખ્યું નહિ અને એ પણ રહ્યા નહિ. સોનાના (વેપારી) હતા. ઘણા લાખોપતિ કહેવાતા. એવું છેને. એણે આમ પથરા મોટા લાવી અને અહીં કાઢતા. સોનું કાઢે. એમ ભગવાન શુદ્ધ ચૈતન્યરૂપી સોનું એને આ પુણ્ય-પાપના વિકલ્પરૂપી મેલ સાથે જોડાણ થયું છે અનાદિથી. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના મેલના ભાવ એના રહિત મારું સ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં, સ્વરૂપનો અનુભવ થતાં એ અનુભૂતિ દ્વારા કર્મનો નાશ કરે છે. જુઓ, બીજાથી કર્મનો નાશ થતો નથી એમ સિદ્ધ કરે છે. આ ક્રિયાકાંડ કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ફલાણુ-ફલાણું એનાથી કર્મનો નાશ થાય એમ છે નહિ.

**'કર્મોંસે છૂટનેકા યહી ઉપાય હૈ,...'** એ બંધનથી છૂટવાનો આ જ એક ઉપાય છે. વસ્તુ-પદાર્થ એનો ત્રિકાળી પરમાનંદ શુદ્ધ સ્વભાવ એની સન્મુખની અનુભૂતિ અને દૃષ્ટિ કરવી એ એક બંધનથી છૂટવાનો, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સ્વભાવ સન્મુખના પરિણામ એ જ

બંધનથી છૂટવાનો ઉપાય છે. કહો, સમજાણું આમાં? **'જો જીવકે...'** એણે નાખ્યું પોતે. **'ભવસ્થિતિ સમીપ (થોડી) રહી હો,...'** કાળ કહ્યું છે ખરુંને? કાળ શબ્દ પડ્યો છે ખરોને. **'कालु लहेविणु कोइ'** ભવસ્થિતિ થોડા ભવ બાકી રહ્યા હોય. **'તભી સમ્યક્ત્વ ઉત્પન્ન હોતા હૈ,...'** સમજાય છે? હો, સમકિત ઉત્પન્ન થવાનો કાળ નિશ્ચય છે, કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનો પણ કાળ નિશ્ચય છે. કેવળજ્ઞાનમાં નોંધ છે. કેવળજ્ઞાનના ચોપડામાં એ જ પુરુષાર્થ છે. કેવળજ્ઞાન જગતમાં એક ગુણની એક સમયની એક પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે રાગ વિના, એવી સત્તાનો હયાતીનો સ્વીકાર, એ સ્વીકાર, એ સ્વીકાર રાગના અવલંબને ન થાય, અલ્પ જ્ઞાનના અલંબને ન થાય. એનો સ્વીકાર મહાસત્તા સર્વજ્ઞસ્વભાવ એને અવલંબે થાય. આહા..હા..!

અંદર સર્વજ્ઞ સ્વભાવ આત્માનો (છે). સર્વજ્ઞ કહો કે જ્ઞ સ્વભાવ કહો. જ્ઞ સ્વભાવ એટલે કે જ્ઞ સ્વભાવ. જ્ઞ એટલે જાણવું... જાણવું... જાણવું... કોને ન જાણવું એમાં હોય જ નહિ. જ્ઞ બધાને. એવો જે જ્ઞ સ્વભાવ વસ્તુ એને અવલંબે સર્વજ્ઞનો એક પર્યાય આટલો મહાસત્તા અને મહા અનંત કેવળીને ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાને રાગ વિના એટલો એક સમયનો પર્યાય તાકાત રાખે છે. એવી સત્તાના સ્વભાવના સામર્થ્યની પ્રતીતિ, એ છે એવી પ્રતીતિ એ પોતાનો અંતર સ્વભાવ સર્વજ્ઞ છે એના અવલંબન વિના એની પ્રતીતિ થતી નથી. નિમિત્તને અવલંબે નહિ, રાગને અવલંબે નહિ અને પર્યાયને અવલંબે નહિ.

એ તો કહ્યું હતું નહિ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** ભગવાનનો પર્યાય જાણે કેવળીનો. આહા..હા..! આવી સત્તાવાળું તત્ત્વ! તો હું પણ આત્મા એ જાતનો અને એ નાતનો નાતીલો છું. નહોતું ગાયું? કોણે ગાયું હતું? એક છોકરાએ ગાયું હતું. સિદ્ધનો નાતીલો. હિન્દી-હિન્દી. કોકે ગાયું હતું. સિદ્ધની નાતીલો હું છું. એ સિદ્ધની નાતનો. સિદ્ધની હારની હરોળે-પાટલે બેસે એવો હું છું. દશાશ્રીમાળી વાણિયા પછી કોઈ ગરીબ હોય અને કોઈ પાંચ, દશ, પચાસ કરોડવાળો હોય, પણ જમવાનું કહ્યું હોય તો બધા એક સાથે બેસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી મોટામાં બેસાડે માન ખાતર એ જુદી વાત. પણ એ દશાશ્રીમાળી અંદર ગરીને બેસે અને વાઘરીનો છોકરો આવ્યો હોય, લાખ-બે લાખની મૂડી હોય, પણ અંદર ગરવા નહિ દે એને. દશાશ્રીમાળીનો છોકરો હોય તો નાત દશાશ્રીમાળીની હોય તો અંદર આવો. નાત છેને. આપણે આ લગન નથી થાતા? લગન થાય છેને. ત્યારે ખારેકું વહેંચેને ખારેકું કહેવાય? શું કહેવાય? ખારેકું નહિ? ખારેકું વહેંચાય. એ ખારેકું વેંચે તો વાણિયાનો છોકરો હોય અને વાણિયાના લગન હોય તો એ છોકરો ઓલા માંડવો હોય ત્યાં ગરી જાય. અંદર જઈને માંડવામાં

ગરી જાય. માંડવો બાંધ્યો હોય ત્યાં. વાઘરીનો છોકરો હોય એ બહાર ઉભો રહે બારણા પાસે. એ મા-બાપ! આપજો કાંઈક. ત્યાં ઉભો રહે. એ મા-બાપ! આપજો કાંઈક. હોય હુશિયાર હોં કદાચિત્ પણ ત્યાં ઉભો રહે ઈ. અને ઓલો ત્યાં ગરી જાય. સમજાય છે? એમ અભવિ ભગવાનના ઓલામાં પેસી શકતો નથી. બહાર ઉભો રહે છે ઈ. અને લાયક પ્રાણી જે છે, ફડાક ગરી જાય સમવસરણમાં. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્માના સ્વભાવમાં જેની પ્રતીત અને યોગ્યતા અંદર સ્વભાવને જાણવાની થઈ (એ) સટ પેસી જાય અંદરમાં. ઓહો..! સર્વજ્ઞસ્વરૂપી આત્મા છે. જેમ સર્વજ્ઞ બધાને જાણે-દેખે છે, હું પણ મારી યથાયોગ્ય શક્તિમાં જેટલો વિકાસ થયો તેવો રાગને જાણું, બીજાને જાણું, બધું છે એમ હું જાણું એ જ મારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .... એ તો એમાં લૌકિક. નાત અહીં તો કહી.

અહીં તો કહે છે, '**જીવકે ભવસ્થિતિ સમીપ (થોડી) રહી હો,...**' એટલે કે સમ્યગ્દર્શન પામવાનો, એને કેવળજ્ઞાનની પ્રતીતિનો કાળ હોય '**તભી સમ્યક્ત્વ ઉત્પન્ન હોતા હૈ,...**' મહાપુરુષાર્થ છે. આહા..હા..! અનંત કેવળીઓ છે, અનંત આત્માઓ છે એમાં અનંત ગુણથી ભરેલા બધા છે અને અનંત આત્માઓ છે કે જેને પ્રગટ પરમાત્મદશા વર્તે છે. અને એક-એક પરમાત્મદશામાં અનંતા પરમાત્માનું જ્ઞાન વર્તે છે. એવા પર્યાયની સાથે... એ તે શું વાત છે! એક સમયની અવસ્થા! આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય, એના એક સમયમાં આટલી તાકાત એક ગુણના એક સમયની પર્યાયની. બાપુ! એની તાકાતની પ્રતીત કરવા જતાં ભગવાન સર્વજ્ઞસ્વભાવીની પ્રતીત થઈ જાય છે. એનું નામ પુરુષાર્થ છે. પુરુષાર્થ શું કૂદવો છે ક્યાંય? આમ પુરુષાર્થ છે તો આમ ગુલાંટ ખાય છે અંદરમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તભી કર્મ-કલંકસે છૂટ જાતા હૈ.**' લ્યો! એ કર્મનું કલંક છે કહે છે. '**તાત્પર્ય યહ હૈ કિ જો ટંકોત્કીર્ણ જ્ઞાયક એક શુદ્ધ સ્વભાવ...**' જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ એકરૂપ '**ઉસસે વિલક્ષણ જો સ્ત્રી, પુરુષાદિ શરીરકે ભેદ ઉનકો દેખકર રાગાદિ ખોટે ધ્યાન નહીં કરને ચાહિયે.**' આવો સ્વભાવ પોતાનો પૂર્ણ છે એને દૃષ્ટિમાં દેખનારો એને સ્ત્રી, પુરુષના શરીરના ભેદે રાગ-દ્વેષ થવાનો એને પ્રસંગ રહેતો નથી. એમ કહે છે. આ શરીર દેખાય એ તો પરમાણુની ભિન્ન-ભિન્ન પર્યાય છે અને અંદર આત્મા છે એ તો ભિન્ન છે. આ ભિન્નતાએ આત્મા ભિન્ન થઈ જાય છે અંદરમાં એમ છે નહિ. એ આત્માને પૂર્ણાનંદથી પોતાને જેમ દેખે છે એમ બીજાને ભિન્નપણે ન દેખતા, અભિન્નપણે દેખતા ભિન્નપણાને કારણે રાગ-દ્વેષ થતાં નથી. કહો, સમજાણું?

**'ખોટે ધ્યાન નહીં કરને ચાહિયે.'** આ અંગ આવું છે, પણ એ અંગ તો જડની પર્યાય છે. એ પણ સ્કંધનો વિભાવ પર્યાય છે, આ જેટલા દેખાય એ. પૈસો-બૈસો જેટલું. એ પુદ્ગલનો વ્યવહાર પુદ્ગલનો વિકારી પર્યાય છે. એક પરમાણુ જે છે એ તો નિશ્ચય પુદ્ગલ છે, જેના બે ભાગ ન થાય કે જેમાં ખંડ ન પડે કે જેનાથી કોઈ નાનું ન હોય. એવા રજકણો બધા ભેગા દેખાય છે એ વ્યવહાર પુદ્ગલ છે. એની વિભાવિક પર્યાય દેખાય છે.

એ પ્રશ્ન (સંવત) ૧૯૭૮માં નાગનેશના સ્મશાનમાં ઉઠ્યો હતો. છેને ઓલી .. આ બાળે છેને માણસને? ત્યાં ઓલી કોર .. છે. ત્યાં દિશાએ જતાને. જંગલ હું જાતો બપોરે એકલો. ત્યાં પળાશી છેને પળાશી આવડો આવડો ઓલી કોર. ત્યાં આ વિચાર આવ્યો હતો અંદરથી. ૭૮ના બપોરે દિશાએ ગયો હતો ત્યાં જંગલ. અપવાસ કરતાને આઠમના ત્યારે. આ શું દેખાય છે? શું આ બધું દેખાય છે? એ સંયોગી સ્કંધનો વિભાવિક પર્યાય દેખાય છે. કોઈ મૂળ દ્રવ્ય દેખાતું નથી. કારણ કે મૂળ દ્રવ્ય અતીન્દ્રિય છે. સમજાણું કાંઈ? એ તમારા ગામમાં પળાશીમાં. કેટલા વર્ષ થયા? ૪૩ વર્ષ થયા. પછી અપાસરે આવીને વાત કરી હતી કે જુઓ ભાઈ, આ શું છે, કીધું, બધું આ? તે દિ' તમે ક્યાં હતા? તમે હશો આવડા નાના-નાના. ૭૮. તે દિ' તો પૂનમભાઈનો જન્મ પણ નહિ હોય. કીધું, જુઓ આખી દુનિયા દેખાય છે આમ ઈન્દ્રિય દ્વારા લક્ષ કરતાં સ્કંધોનો-પિંડનો વિકારી વિભાવી પર્યાય. સ્વભાવિક વસ્તુ એ અતીન્દ્રિયથી ગ્રાહ્ય છે. પરમાણુ પણ અતીન્દ્રિયથી ગ્રાહ્ય છે, ભગવાન પણ અતીન્દ્રિયથી ગ્રાહ્ય છે, ધર્માસ્તિ પણ અતીન્દ્રિયથી ગ્રાહ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં કોને કહેવા મારા અને કોને કહેવા તારા? સૌને કારણે સૌ થઈ રહ્યું છે. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આ સંચા-બંચા શું હશે આ? સ્કંધની પર્યાય.

શ્રીમદ્ કહે છેને, આ લોકસ્થિતિ એવી છે.. શ્રીમદ્નો એક પત્ર છેને. આ લોકસ્થિતિ એવી છે... બહુ જ ક્ષયોપશમ અને વિચારકમાં બહુ જ હતા. એ એકવાર એ કહેતા હતા નહિ? છે એમાં? (પુસ્તક) પડ્યું છે આમાં? આ પુસ્તક નવું છેને પાછું. એમાં એક પત્ર છે. એક પત્ર છે દોઢ લીટીનો. એ ચિહ્ન કર્યું છે. એક જ દોઢ લીટી છે. વિચારમાં આમાંથી આવેલો શબ્દ. 'આ લોકસ્થિતિ જ એવી છે કે...' ૨૫મું વર્ષ. ઉંમર ૨૫ વર્ષની હતી શ્રીમદ્ની. પહેલા સાત વર્ષે તો જાતિસ્મરણ થઈ ગયેલું. સાત વર્ષની ઉંમરમાં તો પૂર્વ ભવનું જ્ઞાન હતું. પછી આત્મજ્ઞાન થયું. ભાઈ! 'આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.' એક શબ્દમાં એટલું મૂક્યું છે એણે. 'આ રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.' કારણ કે જ્યાં ત્યાં આમ સંયોગથી આમ થયું... સંયોગથી આમ થયું... સંયોગથી આમ થયું... એમ લોકો દેખે

છે. આખી દોઢ લીટી છે. ૨૫માં વર્ષમાં ૨૧૭મો પત્ર છે લ્યો. 'આ લોકસ્થિતિ એવી છે કે...' ૨૫ વર્ષે. ચીમનભાઈ! ૨૫ વર્ષ એટલે? બહુ નાની ઉંમર કહેવાય. અરે! ૧૬ વર્ષે મોક્ષમાળા બનાવીને. ૧૬ વર્ષે. ૧૬ વર્ષ એટલે? દેહની સ્થિતિ ૧૬ વર્ષ. ત્યાં કહ્યું કે

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
એ વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.
એનો વિચાર નહિ અહોહો એક પળ પણ તમને હવો.

૧૬ વર્ષે પોકારે છે. આવી એક લીટી. એવી પાંચ લીટીનું એક આખું કાવ્ય. એવા ૧૦૮ પદ. ૧૦૮ પાઠ ૧૬ વર્ષે બનાવ્યા. પંડિતજી! ૧૬ વર્ષે. આ એક કડી એવી પાંચ કડીનો એક પાઠ ૬૭મો. એવા ૧૦૮ પાઠ.

મુમુક્ષુ :- ત્રણ દિવસમાં.

ઉત્તર :- ત્રણ દિવસમાં. નવનીતભાઈ! ત્રણ દિવસમાં. બહુ ફાટ-ફાટ ક્ષયોપશમ. સાત વર્ષે તો જાતિસ્મરણ હતું પૂર્વ ભવનું. એ ત્યાં બાવળ ઉપર ચડ્યા હતા અને મડદું બળતું હતું. પાડોશીનું મડદું હતું. પાડોશી મરી ગયેલા. અને એમાં સંસ્કારી જીવ છે, સાત વર્ષની ઉંમર હતી એટલે આમ જાય છે જોડે કે આ શું કરો છો બાપુ? શું કહેવાય? બાંધે. ... એના પિતામહ હતા દાદા. આ છોકરાઓને આમ ભય લાગશે. વયો જા અહીંથી. અહીં શું છે? એ કાંઈ જાય એવો હતો? સાત વર્ષનો બાળક પણ સંસ્કારી જબરો. આ ૩૧ની સાલની વાત છે. સંવત્ ૧૯૨૪માં જન્મ. સંવત્ ૧૯૩૧ની વાત છે. એટલે પોતે ત્યાંથી વયા ગયા. પિતા.. પછી ઓલા બાળવા લઈ ગયા આઘા. જતા જતા એ ખાડ હતી ઊંડી જરીક આમ થોડોક ખાડો. નાના બાળક. ત્યાં બાળતા હતા હવે જોવું. ત્યાં જવાય નહિ. પછી એક નાનો બાવળ હતો. આ તલબાવળ શું કહેવાય? આ તલબાવળિયા હોય છેને આટલા ઉગેલા. એની એક વેંત ઊંડી ડાળ આમ આઘી રહેલી. એટલે ત્યાં ડાળ ઉપર પગ મૂક્યો. એમ દેખાતા વિચારમાં કે અહીંથી એક તત્ત્વ આમાંથી ગયું માટે આ બાળે છે. એ વિચાર કરતા જાતિસ્મરણ ત્યાં થયું. ડાળી ઉપર ઊભા હતા. એ ડાળ અત્યારે રૂપામાં મઢાવી છે. છેને વડવામાં છે. એ ડાળનો કટકો કાપી લઈને રૂપામાં મઢાવ્યો છે. વડવામાં છે હજી.

મુમુક્ષુ :- વવાણિયામાં.

ઉત્તર :- વવાણિયામાં છે. ત્યાં ગયા હતાને જોવા. એ સાત વર્ષે ઓલાનું જરી લક્ષ કરતા આ ભવ પહેલાનું અને પછી ૧૬ વર્ષે આ લખ્યું. સમજાણું? શું વધ્યું? શું વધ્યું? તને સોજા વધ્યા શું વધ્યું? આ નરભવ ભગવાન આત્મા... માંડ મનુષ્યદેહ અનંતકાળે મળ્યો..

એમાં આત્મા શું છે એને સમજ્યો નહિ. એમાં જ આ લખ્યું છેને. 'હું કોણ છું ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું.' ભાષામાં અહીં વજન છે.

કોના સંબંધે વળગણા છે એ રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

...ભાઈ! ૧૬ વર્ષે આ (લખ્યું છે). વાંચ્યું છે કોઈ દિ' મોક્ષમાળા? નહિ વાંચ્યું હોય. .. પ્રવચનો છે ઘણા. .. પુસ્તક ૨૫ની સાલમાં વ્યાખ્યાન થયેલા. આવી સ્થિતિ આત્માની. આ તો તાકાત બતાવવા માટે દાખલો આપ્યો. કાંઈ શરીરની મુદત આવી હોય કે આમ હોય એ ઉપર આધાર નથી. આત્મામાં એવી તાકાત છે કે ૧૬ વર્ષે ૧૦૮ પાઠ. આવી કડી પાંચનો એક-એક પાઠ, એવા ૧૦૮ પાઠ (લખ્યા). સમજાણું કાંઈ? અને ત્યાં સુધી કહ્યું કે

'એ પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું,
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું.'

એને ઓળખો અને એના વચનને પ્રતીત કરો અને સમજો. સોળ વર્ષે પોકારે છે.

'રે આત્મ તારો, આત્મ તારો' તારો નહિ હોં તારો. તારો (એટલે) ઉગારો.

'રે આત્મ તારો આત્મ તારો શીઘ્ર એને ઓળખો,
સર્વ આત્મમાં સમદષ્ટિ દઈ..' આ સર્વ આત્મમાં સમદષ્ટિ દ્યો. 'આ વચનને હૃદયે લહો.' જુઓ, ૧૬ વર્ષે કહે છે. એવા તો પાઠ ઘણાય છેને. આ એ વખતે (લખે છે), આ જગતની ચીજ એવી મારા આ સંયોગથી આ થયું, આથી આ થયું. આ રચના જ કોઈ અસત્‌ભાવની (આગ્રહ) કરાવવાવાળી છે. એમ બોલ્યા છે હોં! આમ જોઈને. આગ્રહ કરાવે, અસત્યનો આગ્રહ ભાવના કરાવવાવાળી છે અને સત્‌નું ભાવન કરવું પરમ વિકટ છે.

બીજો પણ એક ઠેકાણે નાખ્યું છે. ૩૧૯ ત્યાં છેને એ? ૩૧૯ પાને છે. 'દેખતભૂલી ટળે તો સર્વ દુ:ખનો ક્ષય થાય.' એક શબ્દ નાખ્યો છે. આ બધું તને આનાથી આ... આનાથી આ... આનાથી આ... એ દેખતભૂલી છે. 'દેખતભૂલી ટળે તો સર્વ દુ:ખનો ક્ષય થાય. એવો સ્પષ્ટ અનુભવ થાય છે તેમ છતાં દેખતભૂલીના પ્રવાહમાં જીવ વહ્યો જાય છે એવા જીવોને આ જગતને વિષે કોઈ એવો આધાર છે? કે જે આધારથી, આશ્રયથી તે પ્રવાહમાં ન રહે?' એમ કરીને પત્ર લખ્યો છે. લોકના પ્રવાહમાં અનાદિથી સંયોગદષ્ટિ છે, સ્વભાવને ભૂલી રચના બહારના નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એવો મૂંઝાણો છે, કહે છે કે એની રચનામાં સત્‌નો આગ્રહ, સત્યનું ભાવન થવું કઠણ છે. એ વાત અંદરથી કહેવા માગે છે.

અહીં કહે છે. ૧૦૭. 'આગે કહતે **હૈં, કિ તૂ શુદ્ધ સંગ્રહનયકર જીવોમેં ભેદ મત**

કર—' છેને ૧૦૭? અહીં પાછું 'एकं कुरु' આવે છે.

२३४) एक्कु करे मण बिण्णि करि मं करि वण्ण-विसेसु।
इक्कइँ देवइँ जेँ वसह तिहुयणु एहु असेसु।।१०७।।

'**હે આત્મન્, તૂં જાતિકી અપેક્ષા સબ જીવોંકો એક જાન,...**' બધા ભગવાન પર્યાયમાં અલ્પજ્ઞતાના ફેરફારે, રાગના ફેરફારે, સંયોગના ફેરફારે એને ન જો. આહા..હા..! '**ઈસલિયે રાગ ઔર દ્વેષ મત કર, મનુષ્ય જાતિકી...**' વર્ણવિશેષ છેને? '**બ્રાહ્મણાદિ વર્ણ-ભેદકો ભી મત કર,...**' આ બ્રાહ્મણ છે અને આ ચંડાળ છે. સ્વભાવની અપેક્ષાએ વાત હોં. પર્યાયમાં છે ફેર, પાછું જાણવું જોઈશે એને. સમજાણું? પણ ન્યાં પાછું ઓલા કહે છેને. લિંગનો આગ્રહ છોડી દે આવે છેને ભાઈ સમાધિશતકમાં? લિંગનો આગ્રહ છોડી દે એટલે પછી ત્યાં લિંગ નગ્ન જ ન હોય અને ગમે તેવું હોય એમ નથી કહેવું.

મુમુક્ષુ :- એ તો લાલન એવો અર્થ કરે.

ઉત્તર :- લાલન એવો કરતા. ખબર છેને. કીધું, આવા અર્થ શું? એ તો બીજી વાત કરે છે. આવું લિંગ છે એ મને મુક્તિનું કારણ છે એમ છોડી દે. લિંગ તો એવું જ હોય. મુનિદશા થાય અંદર સમ્યગ્દર્શનપૂર્વકની ત્રણ કષાયના અભાવની, તો એની શરીરની નગ્ન અવસ્થા જ સહજ થઈ જાય અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ સહજ આવે. આગ્રહ કરીશ નહિ કે આનાથી મુક્તિ થશે એમ કહે છે. એથી કરીને ત્યાં બીજું લિંગ હોય અને બીજી જાતના વિકલ્પ હોય એ છોડાવે છે એમ નહિ. વાત જ્યાં કરવા જાય દ્રવ્યની ત્યાં ઓલા પર્યાયમાં ગોટા વાળે. પર્યાયમાં પછી ગમે તેવું હોય, અવસ્થામાં ગમે તેવું હોય. એમ ન હોય. એ પંડિત લાલન બહુ કહે. જુઓ, સમાધિશતકમાં પૂજ્યપાદસ્વામીએ કહ્યું. કોઈપણ લિંગે થાય. કીધું એમ નથી. એ વાત એમ નથી. એ તો એ લિંગ જે મુનિનું છે એનો આગ્રહ કરીશ નહિ કે આવી દશા લિંગની થઈ માટે અમારે મુક્તિ થશે એમ નથી. ત્યાં લક્ષ ન કર, અહીં સ્વભાવ ઉપર કર. આહા..હા..! શું થાય પણ? સમજાણું?

અહીંયા એ '**બ્રાહ્મણાદિ વર્ણ-ભેદકો ભી મત કર, ક્યોંકિ અભેદનયસે શુદ્ધ આત્માકે સમાન યે સબ તીનલોકમેં રહનેવાલી જીવ-રાશિ ઠહરી હુઈ હૈ.**' પાઠમાં તો ત્રિભુવન છેને? '**तिहुयणु**' પણ એ ત્રિભુવનમાં કહેવું (છે કે) ત્રણ લોકમાં રહેવાવાળી જીવરાશિ. સમજાણું કાંઈ? ત્રણ લોકમાં રહેનારા જીવો બધા એક સમયની પર્યાય અને સંયોગને ભૂલી જા. વસ્તુ એવી છે દૃષ્ટિ કરતાં તારા સ્વભાવનું પણ તને માહાત્મ્ય થશે અને રાગ-દ્વેષ થવાનો પ્રસંગ રહેશે નહિ. તેને સ્વભાવનું વલણ થતાં મુક્તિ થયા વિના રહેશે નહિ એમ બતાવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧૫, રવિવાર, તા. ૧૩-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૭, પ્રવચન-૧૪૭**

આ પરમત્મપ્રકાશ છે એનો અધ્યાય બીજો, ૧૦૭ ગાથા. જુઓ, શું કહે છે? શબ્દાર્થ થઈ ગયો છે. '**ભાવાર્થ :- સબ જીવોંકી એક જાતિ હૈ.**' પાઠમાં તો એવું મૂક્યું છે કે એક જ દેવ ત્રિભુવનમ્. આખા ત્રણ લોકમાં-ત્રિભુવનમાં એક જ દેવ વસે છે સંગ્રહનયે. જાતિ છેને બધી એક? ત્રિભુવનમાં એક આત્મા વસે છે તો એમ કોઈ લઈ લે કે એક આત્મા જ છે અને બીજા પુદ્‌ગલો અને કર્મ નથી. તો એમ (નથી). અહીં તો જીવની અપેક્ષા ચાલે છે. પાઠ તો '**तिहुयणु एहु असेस इक्कइँ देवइँ जेँ वसह**' ત્રિભુવનમાં એક જ આત્મા વસે છે. દિવ્યશક્તિમાન, પરમપારિણામિક સ્વભાવ, વસ્તુનો પરમપારિણામિક દ્રવ્યસ્વભાવ, એ પરમ દિવ્ય શક્તિવાળો દેવ તે સંગ્રહે એક જ દેવ લોકમાં વસે છે. સંગ્રહે હોં! એ પાછું બધું થઈને એક નથી. જાતિએ એક છે. શબ્દ પાછો ત્રિભુવનમાં એક આત્મા વસે એમ કહ્યું છે. એટલે પછી એક આત્મા સિવાય પાંચ દ્રવ્ય છે એ અહીં અત્યારે કામ નથી. અત્યારે તો અહીંયા આત્માની અપેક્ષાએ વાત ચાલે છે. નહિતર તો પાઠ એવો છે. '**इक्कइँ देवइँ जेँ वसह तिहुयणु एहु असेसु**' ત્રિભુવનમાં એક જ આત્મા છે, બીજું કાંઈ છે નહિ. ત્રિભુવન ક્ષેત્ર છે, કાળ છે, બધું આવી ગયુંને પહેલેથી. કર્મની જાત છે એમ વાત આવી ગઈ. પાઠમાં આવી ગયુંને.

'**સબ જીવોંકી એક જાતિ હૈ. જૈસે સેના ઔર વન એક હૈ, વૈસે જાતિકી અપેક્ષા સબ જીવ એક હૈં. નર-નારકાદિ ભેદ...**' મનુષ્ય, નારકી, તિર્યંચ અને દેવ એ વર્તમાન કર્મના નિમિત્તના અવસ્થાના ભેદો એને લક્ષમાં ન લેતા, વસ્તુ સ્વભાવ પરમપારિણામિક દિવ્ય શક્તિવાળું તત્ત્વ એને અંતરમાં દૃષ્ટિમાં લેતા બધા આત્મા એવા દિવ્ય શક્તિમાન છે. એમ અહીંયા એક જાતિપણે સ્થાપન કરવામાં આવ્યું છે. '**બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિ વર્ણ-ભેદ સબ કર્મજનિત હૈં,...**' એ કંઈ વસ્તુના સ્વરૂપમાં નથી. એટલે શૂદ્રાદિ ભેદો એ તો પર્યાયના ભેદમાં છે. વસ્તુ પરમાનંદમૂર્તિમાં એ ભેદ નથી. એથી જુઓને કેટલાક એમ લે છેને કે જુઓ આમાં કાંઈ જાતિ ભેદ નથી, વસ્તુ બધી એક છે. એટલે કેવળજ્ઞાન શુદ્ર દશામાં પણ, ચંડાળદશામાં પણ ઉત્પન્ન થઈ શકે. કારણ કે જાતિ એક છે. એમ નથી. અહીં તો વસ્તુનો પરમપારિણામિક

સ્વભાવ એક છે (એમ કહેવું છે).

**'અભેદનયસે સબ જીવોંકો એક જાનો.'** બધાને એક જાણો. એનો અર્થ એમ નથી કે પર્યાયમાં ચંડાળપણું, શુદ્રપણું આદિ છે તો એ પર્યાયમાં તેને મોક્ષદશા થઈ શકે. એમ અહીંયા કહેવું નથી. એ તો નિગોદ એ સર્વ જીવ પણ દિવ્ય શક્તિમાન છે. સમજાય છે? 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' એ આત્મસિદ્ધિમાં આવે છે. આપણે તો અર્થ એ કર્યો હતો ભાઈ કે કહ્યો માર્ગ જો, ભગવાને કહ્યો એ માર્ગ હોય તો તો જે જાતિ અને જે વેશ નિમિત્તમાં હોય તે જ હોઈ શકે, બીજું હોઈ શકે નહિ. પણ એમ નહિ કે ગમે તે જાતિમાં કેવળ થાય કે ગમે તે વેશમાં કેવળ થાય એમ અહીંયા સિદ્ધ કરવાની વાત નથી.

ભગવાન આત્મા અનંત ત્રણ લોકમાં બિરાજમાન ઓહો..! દીર્ઘદૃષ્ટિ કેટલી? કે વર્તમાન અવસ્થાના જીવોની અનંત ભિન્ન-ભિન્ન અવસ્થાઓ હોવા છતાં એ બધી અવસ્થાને લક્ષમાં ગૌણ કરી દઈને એનું કાયમનું પરમ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ અખંડાનંદ વસ્તુ જેવી સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ કેવળજ્ઞાનમાં જોઈ છે જીવ ચીજને. જીવ તો એને કહીએ. કાંઈ પુણ્ય-પાપના ભાવને જીવ કહીએ? કર્મ-શરીરને જીવ કહીએ? અને એક સમયની અવસ્થા વર્તમાન પ્રગટ એને આખો જીવ કહીએ? સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન આત્મા... આહા..હા..! કેટલી સમતા! વર્તમાન પ્રગટ અવસ્થામાં અનેક ભેદો હોવા છતાં વસ્તુના સ્વરૂપને દૃષ્ટિમાં લેવું. એવા અનેક ભેદો પ્રગટ વ્યક્ત પ્રસિદ્ધ પ્રત્યક્ષ હોવા છતાં એ પૂર્ણ સ્વરૂપ એક સમયમાં પરમ પારિણામિક સ્વભાવભાવ જ્ઞાયક એ હું અને એવા બધા. સમજાય છે કાંઈ? કહો, સમજાણું કાંઈ? **'અભેદનયસે સબ...'** આ અપેક્ષાએ. ભેદ ન દેખ, ભગવાન! ભેદ તો વ્યવહારનો વિષય છે. અભેદ ચિદાનંદસ્વરૂપ એક સમયમાં ધ્રુવ જે પ્રગટ દશામાં નથી, પ્રગટ દશામાં પર્યાયોના અનેક ભેદો-નિગોદને અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાનનો વિકાસ, ગણધરો આદિને ચાર જ્ઞાનનો વિકાસ, કેટલાકને મતિશ્રુતનો વિશેષ વિકાસ, ઓછો વિકાસ એ બધા. આ તો એક ગુણની વાત કરી એવા અનંતા ગુણો. એની પર્યાયોમાં પ્રગટતામાં, વ્યક્તતામાં, અનેકતા, ભિન્નતા હોવા છતાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં આખો અખંડ આનંદકંદ શુદ્ધ દ્રવ્ય છે એવી દૃષ્ટિ કરવી એ અનંતો પુરુષાર્થ છે. અને એમાં સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? આ વૈષ્ણવની પેઠે આવ્યું આ. .. આવે છે. બધે ભગવાન... ભગવાન... ભગવાન... જ્યાં હોય ત્યાં. વર્તમાન અવસ્થાને લક્ષમાં ગૌણ કરીને, હોવા છતાં ગૌણ કરીને અને પ્રગટપણે પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ ન આવ્યા છતાં, વસ્તુપણે વ્યક્ત પ્રગટ છે એમ દૃષ્ટિમાં લેવું એ મહાન અનંત પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ સમ્યગ્દર્શન. બેય એક જ સમ્યગ્દર્શન છે. બપોરનું સમ્યગ્દર્શન અને અત્યારના સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. એમ કે સવારે તમે કાંઈક સમ્યગ્દર્શન (કહ્યું), બપોરે વળી કાંઈક સમ્યગ્દર્શન, વળી સાંજનું કાંઈક સમ્યગ્દર્શન હશે? એ તો બીજી ઢબે વાત કરી છે અહીંયા. અંતરમાં ઓલા એક દ્રવ્યના પૂર્ણ સ્વભાવની વાત કરતાં જે દૃષ્ટિમાં પૂર્ણ અભેદ જ્ઞાયકભાવ અનંત અનંત શક્તિનું આખું સત્ત્વ, એનું એકરૂપ દૃષ્ટિમાં લેવું એને સમ્યગ્દર્શન કહ્યું. અહીં પણ એ જ અપેક્ષાએ કહ્યું છે. આ એક સમયની વર્તમાન દશા દેખાય, જુઓ આમાં કહેશે, ત્રસની જાત, સ્થાવરની જાત, નિગોદની જાત અને તે પણ બધી પ્રતીતમાં આવેલી વાત કે અનંતા નિગોદ છે, લેશે નીચે. મારો જ્ઞાનનો એક પર્યાય એ બધા જ્ઞેયને જાણવાની તાકાત રાખે છે. અનંત જીવ છે માટે એની દયા માટે વાત છે કે એને મારી શકે એ વાત છે એમ નથી. સમજાય છે? પર્યાયમાં પણ જેનું સ્થાવરપણું, એકેન્દ્રિયપણું આદિ છે અને એવા અનંતા નિગોદ છે માટે તેને ન મારવા કે એને ઉગારવા એવી અહીં ચીજની વાત નથી.

એ અનંત-અનંત જ્ઞેયો વર્તમાન પર્યાયમાં ભેદ હોવા છતાં એનો પૂર્ણ સ્વભાવ છે એવું બેય જે જ્ઞાનનો એક સમયનો પર્યાય કબુલ કરે છે, એક સમયનો પર્યાય અનંત સામર્થ્યવાળો છે. બસ! એ જ્ઞેય તરીકે છે, આ જ્ઞાન છે એવું કબુલ અંદરમાં જ્ઞાનમાં નિર્ણય આવવો એ પર્યાયનું એટલું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એમ ભગવાને કીધું. ભાઈ! આકરી વાત છે જરી. ભગવાને કીધું જીવની દયા પાળો, આ કરો. ભાઈ! ભગવાને, થઈ શકતું નથી એ કીધું હશે? જે વસ્તુઓ છે એની અવસ્થા બીજો કરી શકતો નથી અને કરી શકે એમ કીધું છે?

એમણે એમ કહ્યું છે કે આત્મા જ્ઞાનનો એક સમયનો પર્યાય એટલી એની તાકાતવાળો છે પર્યાય કે જેમાં અનંત જીવોને જ્ઞેય તરીકે જાણીને વિકલ્પ વિના જાણવાની એનામાં તાકાત છે. એવો એ જ્ઞાનનો એક પર્યાય આવડો મોટો એ એક જ્ઞેયને જાણે છે. એવા અનંતા પર્યાયનો પિંડ તેને ગુણ અને એવા અનંતગુણનું એકરૂપ તેને દ્રવ્ય (કહે છે). સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા એક સમયમાં આ અનંતને જાણવાની પર્યાય જેટલો પણ નહિ. ચંદુભાઈ! શું કીધું? કેવળજ્ઞાનનો પર્યાય છે એ એક સમયમાં બધાને જાણે. શ્રુતજ્ઞાનનો પર્યાય પરોક્ષ રીતે પણ બધાને જાણે, પણ એ પર્યાય જેટલું દ્રવ્ય નથી એમ અહીં તો ઉઠાવવું (છે), ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી દેવાની છે. આહા..હા..! પરને પાળવો કે મારવાની તો વાતેય નથી, પણ એને જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પને પણ જોવું નહિ. એ વિકલ્પ પણ એની જાતની ભાત નથી. એની અલ્પજ્ઞતા જે વર્તમાન જેના અલ્પજ્ઞ પર્યાયમાં બધું જણાય એવી તાકાત એટલા પર્યાયને પણ જોવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પર્યાયને પણ દેવ, ભગવાન દેવ, ઓહો..! લ્યો! શબ્દ જ દેવ મૂક્યો છે જુઓ. શુદ્ધ

જીવને ઠેકાણે '**एकेन देवेन**' અર્થમાં પણ કર્યું છેને? '**इक्कइं देवइं एकेन देवेन**' સંસ્કૃત ટીકામાં. '**इक्कइं देवइं एकेन देवेन**' એટલે કે અભેદની અપેક્ષા શુદ્ધ એક જીવ દ્રવ્યેન. સંસ્કૃત ટીકા છે પંડિતજી! એ સંસ્કૃત ટીકા છેને એની ચોથી લીટી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પાઠ તો '**इक्कइँ देवइँ**' (છે). પાઠ પછી લીધો '**इक्कइं देवइं एकेन देवेन अभेदनयापेक्षया शुद्धैकजीवद्रव्येण**' ભગવાન અનંત આત્માઓ એક દેવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સંગ્રહનયે ભેદ ન પાડતા એક જાત ભગવાન ચૌદ બ્રહ્માંડમાં એકલા ભગવાન જ વસે છે. નવરંગભાઈ! ત્રિભુવન કહ્યુંને? ત્રિભુવન કહ્યું અને એમાં સ્થ કહ્યું એ દેવ એટલે આત્મા કહ્યો. બીજી ચીજ નથી એમ કહેવું નથી. કારણ કે એ તો વાત પહેલી કહી ગયા છે કે '**जीवहँ भेउ जि कम्मकिउ कम्मु वि जीउ ण होइ।**' એ તો પહેલી વાત આવી ગઈ છે. કર્મના નિમિત્તે ભેદ પડે અને કર્મ એ જીવ નથી. એ એક કોર કાઢી નાખી. એ તો પહેલી ગાથામાં ૧૦૬માં કહ્યું.

પણ અહીંયા તો બધા ભગવાન પૂર્ણ... પૂર્ણ.. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં... જેનો ઉપયોગ ભલે છદ્મસ્થનો અસંખ્ય સમયે કામ કરે. ઉપયોગ કામ કરે. એક સમયે ઉપયોગ કામ ન કરે, છતાં પર્યાય એક સમયની એ કાંઈ બીજા સમયની ભેગી થાય છે એમ નથી. ઉપયોગ કામ કરે છે એમાં અસંખ્ય સમય (જાય છે) રાગમિશ્રિત ભાગ છે માટે. છતાં એને કહે છે કે એ એક સમયના જ્ઞાનનો આ ઉપયોગ જે છે એ અનંતા જીવની પર્યાય અને દ્રવ્યને, ગુણને છે એવું કબુલ કરે છે. છતાં એ પર્યાયમાં એમ જોવાનું ટાળે છે કે એ પર્યાય પૂર્ણ સ્વભાવને દેખે છે અંતરને, એ પર્યાય વડે બધા જીવો પૂર્ણ પરમાત્મા છે, એમ પર્યાયને ગૌણ કરીને એમ જો (કે) બધા ભગવાન બિરાજે છે. બધા પરમાત્મા પોતાના અસંખ્ય પ્રદેશમાં સ્થિર થઈને બિંબ થઈને પડ્યા છે.

હું એક રાંકો, હું એક રાગનો કરનાર, હું એક પંચેન્દ્રિય. ભગવાન! એ તારું સ્વરૂપ એમ નથી. સમજાય છે કાંઈ? અનંત કેવલ પ્રગટ્યું તો એ પણ આત્મા એટલો નહિ. એને એમ ન જો એમ કહે છે. એકેન્દ્રિયના અક્ષરના અનંતમા ભાગના ઉઘડેલા જીવને એટલો ન જો. કેવળનો એક પર્યાય ઉઘડેલો એક સમયમાં એટલો ન જો. બધા પૂર્ણ દ્રવ્ય અભેદ અખંડાનંદ આખો લોક દિવ્ય શક્તિનો પિંડ પરમાત્મા જ બિરાજે છે. આહા..હા..! કેટલી દૃષ્ટિમાંથી વિકૃતતા ટળતા એ અવિકૃત દૃષ્ટિ કહો કે સમ્યગ્દૃષ્ટિ કહો. સમ્યક્ નામ સત્ય દૃષ્ટિ અવિકૃત દૃષ્ટિ. કેમકે અવિકૃત ત્રિકાળી ભાવ આમ અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... જેવી પોતાની અવિકૃત નામ સમ્યક્ સત્યદૃષ્ટિ વડે પોતાને જાણ્યો એ રીતે જ બધા ભગવાન એવા છે એમ એની દૃષ્ટિમાં તરવરે તરવરે છે, માન્યતામાં એમ વસે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**ભેદ સબ કર્મજનિત હૈં,...**' કોણ? '**બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિ વર્ણ–**

**ભેદ સબ કર્મજનિત હૈં, અભેદનયસે સબ જીવોંકો એક જાનો. અનંત જીવોંકર યહ લોક ભરા હુઆ હૈ. ઉસ જીવ-રાશિમેં ભેદ ઐસે હૈં—**' હવે ભેદ જરી બતાવે છે. વ્યાખ્યા તો કરેને આચાર્ય. ભેદ (હોવા) છતાં ભેદ નથી અને અભેદ છે એમ દૃષ્ટિમાં લેવું. સમજાય છે? જુઓ, '**જો પૃથ્વિકાયસૂક્ષ્મ,...**' સૂક્ષ્મ પૃથ્વીકાય છે. આખા લોકમાં ભરેલા જીવ અસંખ્ય સૂક્ષ્મ. ચૌદ બ્રહ્માંડમાં એક તલ મૂકે એટલી ખાલી જગ્યા નથી કે જેમાં અસંખ્ય સૂક્ષ્મ પૃથ્વી જીવ ન હોય. એ અસ્તિત્વ, આટલું અસ્તિત્વ પર્યાયનું અને એનું પાછું પૂર્ણનું. સમજાય છે કાંઈ? એમ આમ જીવ છે એમ નહિ. એના અસ્તિત્વની મર્યાદા આવી છે એવું જે જ્ઞાનનો પર્યાય કબુલ કરે છે અને એ પર્યાય જ્યારે પોતાના દ્રવ્યને કબુલ કરે છે કે અખંડ અભેદ એકરૂપ છું. ત્યારે એની બીજાની પર્યાયનું કબુલ કરવું છૂટી જઈને એ પણ બધા ભગવાન જ છે. મારે કોને હીણો જોવો અને કોને અધિક જોવો?

'**જલકાયસૂક્ષ્મ,...**' પાણીના જીવ ચૌદ બ્રહ્માંડમાં એક તલ મૂકે એટલી ખાલી જગ્યા નથી કે જ્યાં પાણીના જીવ ન હોય. જળ-જળ સૂક્ષ્મ. '**અગ્નિકાયસૂક્ષ્મ...**' એ પણ ચૌદ બ્રહ્માંડમાં. '**વાયુકાયસૂક્ષ્મ, નિત્યનિગોદસૂક્ષ્મ,...**' પ્રત્યેક સૂક્ષ્મ ન હોઈ શકે એટલી વાત છે. વનસ્પતિમાં. ઓલામાં ચારમાં પ્રત્યેક છે અને આ તો જે સૂક્ષ્મ છે એ તો નિત્યનિગોદ સૂક્ષ્મ, ઈતર નિગોદ, નિગોદ સૂક્ષ્મ છે ત્યાં. પ્રત્યેક વનસ્પતિ સૂક્ષ્મ છે એમાં એમ નથી આખા લોકમાં ભરેલું. નિત્યનિગોદ સૂક્ષ્મ. કાયમ રહેનારા. નિત્યનિગોદ, નિશ્ચયનિગોદ. નિશ્ચય એટલે કાયમ રહેનારા નિગોદ. જેની પર્યાય કોઈ દિ' નિગોદમાંથી ફરે નહિ, ત્રસપણું કોઈ દિ' પામે નહિ. કલંકપહુરા. પ્રચુર ભાવકલંક પહુરા. એવી પર્યાયનું પરિણમન એનું અનાદિથી ચાલ્યું જાય છે નિત્ય નિગોદમાં. સમય... સમય... સમય... ભિન્ન... ભિન્ન... ભિન્ન... એવા નિત્ય નિગોદ જે કોઈ દિ' ત્રસ થયા નથી અને કેટલાક તો કોઈ દિ' હજી અનંતકાળમાં ત્રસ થશે નહિ. આવા જીવની અનંત રાશિની કબુલાત, વિશ્વાસ પર્યાયમાં લાવવો અને પછી એ પર્યાયનો વિશ્વાસ ઉડાડી દેવો. ચંદુભાઈ! એક દ્રવ્યે ભગવાન દ્રવ્ય જ છે. આખો ચૈતન્ય ભગવાન દિવ્ય શક્તિ પ્રભુ, જેમાં જ્ઞાનની ધારાએ અંદર જતા જે એને ધ્યેયમાં લે એ ધ્યેય વસ્તુ આખી પૂર્ણ અખંડાનંદ છે. એવી દૃષ્ટિ એનું નામ અંતર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપ આચરણ એને કહેવામાં આવે છે.

અહીં કહે છે '**નિત્યનિગોદસૂક્ષ્મ, ઈતરનિગોદસૂક્ષ્મ...**' બહાર નિગોદમાંથી નીકળેલા .. એ પણ નિગોદના જીવ છે. '**ઈન છહ તરહકે સૂક્ષ્મ જીવોંકર તો યહ લોક નિરંતર ભરા હુઆ હૈ,...**' આખો લોક ભર્યો છે. '**સબ જગહ ઈસ લોકમેં સૂક્ષ્મ જીવ હૈં.**' અહીં પણ છે જુઓ અહીંયાં. આ અંગુળનો અસંખ્યમો ભાગ અહીં લ્યો ત્યાં અનંતા જીવ

છે. આહા..હા..! અંગુળનો અસંખ્ય ભાગ છેને અહીં, અંગુળનો અસંખ્યમો ભાગ? એમાં નિગોદના અનંત જીવ છે.

મુમુક્ષુ :- આખેઆખા?

ઉત્તર :- આખા એટલે આખેઆખા. એક પ્રદેશમાં આખા ન આવે. ધ્યાન રાખો. અહીંયા આકાશનો એક પ્રદેશ લઈએ અહીંયાં એક પ્રદેશ તો એમાં એક જીવ ન આવી શકે આખો, પણ એક જીવનો અસંખ્યમો ભાગ, એના જેટલા પ્રદેશ છે જીવના એનો અસંખ્યમો ભાગ એક પ્રદેશમાં રહેલા છે અહીં. એવા અનંતા જીવના અસંખ્ય(માંનો એક) પ્રદેશ (આકાશના) એક પ્રદેશમાં રહેલા છે. એક જીવ આખો ન રહી શકે. અનંતના અસંખ્ય પ્રદેશ અનંત રહી શકે. જુઓ તો આ એક એની મહિમા વસ્તુ જુઓ!

આ એક આકાશ પ્રદેશ લઈએ અહીં પ્રદેશ તો એમાં એક જીવ ન રહી શકે. કારણ કે એક જીવના અસંખ્ય પ્રદેશ છે લોકાલાકશ જેટલા. લોકાકાશ જેટલા છેને? તો અહીંયાં એનો અસંખ્યમો ભાગ, લોકાકાશનો અસંખ્યમો ભાગ અસંખ્ય પ્રદેશ રોકીને એક જીવ રહે. એનો એક જીવનો અસંખ્યમો ભાગ એક પ્રદેશમાં રહે, એવા અનંત જીવના અસંખ્યમા ભાગ અનંત પ્રદેશ એ પ્રદેશમાં રહે. એવા અનંત પ્રદેશથી ભરેલો આખો ચૌદ બ્રહ્માંડ છે. દેવચંદ! સમજમેં આતા હૈ?

આ તો ૭૪ની સાલમાં પ્રશ્ન ઉઠ્યો હતો. માસ્તર છેને? તમારા હતાને? પ્રાણજીવન માસ્તર. તમારા શું કહેવાય એ? કેળવણીના આખા રાજકોટના, કેળવણીના રચના કરનારા વડા. એણે ૭૪ની સાલમાં પ્રશ્ન કરેલો. ૭૪. ૪૭ વર્ષ થયા. બોટાદમાં. ત્યારે કાંઈક હતુંને. કાંઈક રોગ હતો, પ્લેગ કાંઈક હતો. બોટાદમાં આવેલા પચાસ ગામના માણસો. એણે પ્રશ્ન કરેલો કે આ એક જીવના પ્રદેશ (આકાશના) એક પ્રદેશમાં કેટલા? ૭૪. ૪૭ વર્ષ પહેલા. કીધું એક (આકાશના) એક પ્રદેશમાં અનંતા જીવના અનંત પ્રદેશ છે. સમજાય છે કાંઈ? એનું ક્ષેત્ર. એ ભગવાન જીવ એવો છે કે એક પ્રદેશમાં ન રહે એવો તો ક્ષેત્રથી મોટો. આહા..હા..! એના ભાવથી મોટાની તો શું વાત કરવી? પણ એ પ્રદેશમાં ગમે તેવો સંકોચ થાય તો લોકના અસંખ્યમા ભાગના પ્રદેશ રોકે, રોકે ને રોકે. એક, બે સંખ્યાત પ્રદેશમાં એ બિલકુલ રહી શકે જ નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. અસંખ્યાત પ્રદેશ. એકલા સંખ્યાત પ્રદેશ. એક, બે, ત્રણ સંખ્યા એમાં એ જીવ કોઈ રહી શકે નહિ.

લોકમો અસંખ્યમો ભાગ, અસંખ્યમો ભાગ તે પણ અસંખ્યાતા પ્રદેશ. નહિતર તો લોકનો અસંખ્ય ભાગ એક પ્રદેશ પણ કહેવાય છે. એક પ્રદેશ પણ લોકનો અસંખ્ય ભાગ કહેવાય. પણ લોકનો અસંખ્યમો ભાગ કે જે અસંખ્ય પ્રદેશમાં આવે એટલા અસંખ્યને એક જીવ રોકે

છે અને એવા જીવ અનંતા એક આકાશના પ્રદેશમાં અનંતા જીવના અનંત પ્રદેશો છે. એક પ્રદેશમાં અનંતા પરમાણુ આદિ અનંત પરમાણુના સ્કંધ એવા અનંતા સ્કંધ છે, એ એક પ્રદેશમાં પોતે આકાશ પ્રદેશ છે, એમાં ધર્માસ્તિ પ્રદેશ છે, અધર્માસ્તિ પ્રદેશ છે, કાળનો એક છે. છએ દ્રવ્ય છે એમાં. આ જુઓને! સમજાણું કાંઈ? એના ભાવ. આહા..હા..! અનંતા અનંત. એની વર્તમાન દશાને દેખતા આ ભેદ છે કહે છે. પણ એનો વસ્તુસ્વભાવ દેખતા એ ભેદ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, શ્વેતાંબરસૂત્રમાં છે. આ તો વ્યવહારની વાત છે. દશમાં શતકનો ... છે એમાં ચર્ચા તે દિ' થઈ હતી. દશમાં શતકનો એક ... છે એમાં આ વાત છે. તે દિ' ભગવતી ખૂબ જોયેલુંને. ૭૧ની સાલમાં ભગવતી મોટામાં મોટું સૂત્ર એનું કહેવાય. ૧૬ હજાર શ્લોક અને ૧ લાખ ....ની ટીકા. એ તો ૭૧માં જોયું હતું. ત્યાં આ ચર્ચા થઈ હતી. ચર્ચા તો અહીં સૂક્ષ્મ વાત ઘણી નીકળતી, પણ લોકોને વાડાની રીતમાં ઓલો વિચાર કરવાનો અવકાશ ન મળે. તે દિ' ૭૪માં આપ્યું ભગવતીના દસમા શતકનું. મૂળચંદજી ના પાડે કે એવું ન હોય, એમ ન હોય. એક પ્રદેશમાં અનંતા પ્રદેશ હોય અને આમ હોય એમ ન હોય. હવે કીધું આમાં બે ને બે ચાર જેવી. ગણિતનો વિષય યુરોપિયન લાવને કીધું. યુરોપિયનને કહીએ તો વાત બેસે એવી છે. આમાં ક્યાં....

એક દાખલો આપ્યો હતો ૭૪માં મેં કે ભાઈ જુઓ આખા લોકના પ્રદેશ જેટલો એક જીવ. હવે એ જીવ અડધા લોકમાં રહે તો એક પ્રદેશમાં કેટલા પ્રદેશ આવે? વસંતીલાલજી! બે. આખા લોકમાં પહોળો થાય તો એક પ્રદેશે એક પ્રદેશ થઈ ગયો? તો એ અડધામાં આવે તો કેટલામાં આવે? કે એક પ્રદેશે બે, ચોથા ભાગમાં આવે તો કેટલામાં આવે? કે એક પ્રદેશે ચાર, દસમાં ભાગ હોય તો કેટલામાં આવે? એક પ્રદેશમાં દસ. સંખ્યાતમાં ભાગ આવે કેટલા આવે? ઘણા અસંખ્ય. અને અસંખ્યમાં ભાગમાં આવે તો કેટલા આવે? કે એક પ્રદેશમાં અસંખ્ય. આ તે દિ' ૭૪માં કહ્યું હતું. આમાં દાખલો આનો શું છે કીધું ગણિતનું? ભાવ અંદર (સમજો). સમજાય છે કાંઈ? ક્યાં ગયા? મલૂકચંદભાઈ ગયા.

એ બધા જીવો છે, બાપુ! એના દ્રવ્યના સ્વભાવનું ભાન, પ્રતીત કરવું. એ પર્યાય તો છે એની પ્રગટતા અને એવા અનંતા છે. સમજાય છે? લોકના છેલ્લામાં છેલ્લો પ્રદેશ લ્યો સિદ્ધ ભગવાન બિરાજે એનો છેલ્લો પ્રદેશ લ્યો ત્યાં પણ અનંત જીવના અનંત પ્રદેશ ત્યાં પણ છે. એ સિદ્ધના પણ ત્યાં છે. આકાશના એક પ્રદેશમાં એક સિદ્ધ ન રહી શકે, પણ એક સિદ્ધનો અસંખ્યમો ભાગ એવા અનંતા સિદ્ધના એક પ્રદેશમાં અનંતા પ્રદેશ સિદ્ધના છે ત્યાં. આ વસ્તુ

બધી છે. એમ ગપ્પા અને કલ્પના નથી. વલ્લભદાસભાઈ! એવી વાતું. ભગવાન આત્મા બાપા શું કહેવું એની વાત! આહા..હા..! એની આસ્થામાં કેટલું અસ્તિત્વ આવી જાય છે? એની આસ્થા-શ્રદ્ધામાં કેટલું અસ્તિત્વ આવી જાય છે કે આવા બધા પર્યાયોના ભેદો પણ એના અસ્તિત્વમાં, શ્રદ્ધામાં આવી જાય છે અને એ શ્રદ્ધાને મુખ્યપણે જોતા આખો દ્રવ્યસ્વભાવ પોતાનો જો તું, એમ બધા દ્રવ્યના સ્વભાવ એની દૃષ્ટિમાં આવી જાય છે. એવી એની આસ્થા નિર્વિકલ્પ પ્રતીત થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**પૃથ્વીકાયબાદર,...**' હવે. આને આધારને જરૂર નહિ સૂક્ષ્મને. એ તો આખા લોકમાં (રહેલા છે). ઓહો..હો..! લોક કેટલો? અસંખ્ય પ્રદેશ અને જીવ અનંત, પરમાણુ અનંત. બાપુ! એ વસ્તુના સ્વભાવો, એ વસ્તુ છ પ્રકારના સ્વભાવ છે જગતમાં. છ પ્રકારના સ્વભાવ. એક ચૈતન્ય સ્વભાવ, એક મૂર્ત અજીવ સ્વભાવ, ચાર અમૂર્ત અજીવ સ્વભાવ. બસ એ સ્વભાવ છ પ્રકારની જાત અનાદિ પડેલી છે. એની જાતની પૂર્ણતાની દૃષ્ટિ કરવી, વર્તમાન પ્રગટ અવસ્થા હોવા છતાં વ્યક્તને અવ્યક્ત લક્ષમાં કરી નાખવું અને અવ્યક્ત નામ પર્યાયમાં નહિ આવ્યા છતાં એ વસ્તુ પ્રગટ છે, એ મહાન સત્તા ધામ ભગવાન અનંતગુણની રાશિ એવો દિવ્ય ભગવાન એકરૂપ છે બધા ભગવાન. અનંત પુરુષાર્થ છે. એમ વાતમાં નથી આ કાંઈ. એ જે જ્ઞાન કબુલે એ જ્ઞાન સ્વભાવ તરફ ઢળે ત્યારે એને નિઃશંક અંતરની પ્રતીતિનો અનુભવ થાય, ત્યારે બધા આત્માઓ વસ્તુએ ભગવાન છે. કોને હીનાધિક કહું શ્રદ્ધાના વિષયે? જ્ઞાનના વિષયે વ્યવહારનયે જાણે છે, હીનાધિક જાણવાલાયક છે. સમજાય છે કાંઈ?

એ '**પૃથ્વીકાયબાદર,...**' હવે બીજી વાત લેશે. એ પણ જગતમાં છે. એનું અમુક સ્થાન છે. આખા લોકમાં નથી. '**જલકાયબાદર,...**' આ પાણી હોં. એક બિંદુમાં અસંખ્ય જીવ, પૃથ્વીમાં એક કણીમાં અસંખ્ય જીવ. '**અગ્નિકાયબાદર,...**' એક કણીમાં અસંખ્ય જીવ. અગ્નિનો એક કણી એમાં અસંખ્ય જીવ. '**વાયુકાયબાદર, નિત્યનિગોદબાદર, ઈતરનિગોદબાદર...**' જુઓ બાદરમાં પણ બે ભેદ છે અને સૂક્ષ્માં પણ બે. નિત્યનિગોદ અને ઈતરનિગોદ સૂક્ષ્મમાં. બાદરમાં પણ બાદર અને ઈતરનિગોદ બેય છે. સમજાય છે? '**ઔર પ્રત્યેકવનસ્પતિ—યે જહાં આધાર હૈ વહાં હૈં.**' આ પ્રત્યેક વનસ્પતિને ત્યાં જ્યાં આધાર હો બાહ્ય એ સ્થાનમાં હોય. '**સો કહીં પાયે જાતે હૈં, કહીં નહીં પાયે જાતે,...**' આ બાદર ક્યાંક હોય અને ક્યાંક ન હોય. સૂક્ષ્મ આખા લોકમાં. '**પરંતુ યે ભી બહુત જગહ હૈં. ઈસપ્રકાર સ્થાવર તો તીનોં લોકોંમેં પાયે જાતે હૈં,...**' સૂક્ષ્મ. '**ઔર દોઈંદ્રી, તેઈંદ્રી, ચૌઈંદ્રી, પંચેદ્રી તિર્યંચ યે મધ્યલોકમેં હી પાયે જાતે હૈં,...**' આ ત્રસ હોં ત્રસ.

'**અધોલોક-ઊર્ધ્વલોકમેં નહીં.**' કોણ? આ તિર્યંચ બે ઈન્દ્રિય આદિ. અધોલોકમાં નહિ

અને ઊર્ધ્વલોકમાં નારકીમાં એ બે ઇન્દ્રિયો નથી. ઊર્ધ્વમાં દેવમાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ બે.. માથે લેશે પછી.

**'ઉસમેંસે દોઈંદ્રી, તેઈંદ્રી, ચૌઈંદ્રી જીવ કર્મભૂમિમેં હી પાયે જાતે હૈં, ભોગભૂમિમેં નહીં.'** જુગલિયામાં નહિ. પાપનો ઉદય નથીને ત્યાં એટલે. **'ભોગભૂમિમેં ગર્ભજ પંચેદ્રી સૈની થલચર યા નભચર યે દોનોં જાતિ-તિર્યંચ હૈં. મનુષ્ય મધ્યલોકમેં ઢાઈ દ્વીપમેં પાયે જાતે હૈં,...'** અઢી દ્વીપમાં જ મનુષ્યલોક છે. **'અન્ય જગહ નહીં, દેવલોકમેં સ્વર્ગવાસી દેવ-દેવી પાયે જાતે હૈં, અન્ય પંચેદ્રી નહીં, પાતાલલોકમેં ઉપરકે ભાગમેં ભવનવાસીદેવ તથા વ્યંતરદેવ ઔર નીચેકે ભાગમેં સાત નરકોંકે નારકી પંચેદ્રી હૈં, અન્ય કોઈ નહીં...'** જુઓ, આટલા ભેદોનો ખ્યાલ કરાવે છે હોં. એ છે, નથી એમ નહિ. એક આત્મા... એક આત્મા... પછી છેલ્લે જાવ બધા એ ભેદો-બેદો નથી, અનંત જીવ નથી એમ નહિ. એ તો સ્વભાવની અપેક્ષાએ એટલી વાત છે.

**'ઈસપ્રકાર ત્રસજીવ કિસી જગહ હૈં, કિસી જગહ નહીં હૈ. ઈસ તરહ યહ લોક જીવોંસે ભરા હુઆ હૈ. સૂક્ષ્મસ્થાવરકે બિના તો લોકકા કોઈ ભાગ ખાલી નહીં હૈ,...'** અહીં ઓલો આખો લોક કીધો છેને એનું વર્ણન કરે છે. ઓલો ત્રિભુવન શબ્દ વાપર્યો છેને. ત્રિભુવનમાં આખા પરમાત્મા છે એમ કહ્યું હતુંને? એટલે કે સૂક્ષ્મ-સ્થાવર વિના લોકનો કોઈ ભાગ ખાલી નથી. **'સબ જગહ સૂક્ષ્મસ્થાવર ભરે હુએ હૈં.'** બસ! હવે એ વાત કહેવી છે એ. ત્રણ લોકમાં કહ્યું એનું સિદ્ધ કર્યું કે ત્રણ લોકમાં સૂક્ષ્મ આખા લોકમાં ભર્યા છે. બાદરમાં ક્યાંક છે અને ક્યાંક નથી.

**'યે સભી જીવ શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...'** પર્યાયને પણ પારિણામિકભાવ કહેવાય છે. હવે પર્યાયને, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક ભાવની જે પર્યાય છેને જીવની? એ પણ સ્વની અપેક્ષાએ તો પારિણામિકભાવ છે. અરે! ઉદયનો જે વિકાર છેને એ પણ પારિણામિકભાવની જ એ વિકારી પર્યાય છે, પણ એ પર્યાયનો પારિણામિક છે. સમજાણું કાંઈ? ભગવાન દ્રવ્યસ્વરૂપનો.. છેને? પરમભાવગ્રાહક. શુદ્ધ પારિણામિક પરમભાવ. પરમભાવ એટલે ત્રિકાળી. અપરમભાવ છે એ. ચાર ભાવ અપરમ. છે ભલે પારિણામિક. નિમિત્તની અપેક્ષા લઈએ તો એને ઉદય કહીએ, ક્ષયોપશમ કહીએ, ક્ષાયિક કહીએ, ઉપશમ કહીએ. પારિણામિકભાવની પર્યાય તરીકે લઈએ તો .. લઈએ તો એ ચારેય પારિણામિકની પર્યાય અને પારિણામિકની પર્યાય. પરમપારિણામિકભાવ એ દ્રવ્યસ્વભાવ. સમજાણું કાંઈ?

**'સભી જીવ...'** આ સભી જીવ તો દ્રવ્યે લીધા. ઓલો લોકમાં પૂર્ણ છે એમ કરીને

ત્રિભુવન સિદ્ધ કર્યું. હવે એનો ભાવ સિદ્ધ કરે છે ઈ. '**શુદ્ધ પારિણામિક પરમભાવ...**' સમજાય છે કાંઈ? શુદ્ધ એકરૂપ પારિણામિક પરમભાવ. શુદ્ધ શબ્દે ત્યાં એક શબ્દ છે. એકરૂપ શુદ્ધ પારિણામિક પરમભાવ. એવી દૃષ્ટિથી જોતાં શુદ્ધ દ્રવ્ય પ્રયોજન જેનું છે, જે જ્ઞાનનું શુદ્ધ દ્રવ્ય જ પ્રયોજન છે, શુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યુંને? એ '**શક્તિકી અપેક્ષા કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં.**' કેવળજ્ઞાન આ પર્યાયની વાત નથી. એકલા જ્ઞાન, દર્શન એ બધા પારિણામિકભાવે છે. જ્ઞાનગુણ પારિણામિકભાવે. પરમપારિણામિકભાવે હોં. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા પરમપારિણામિકભાવે છે એ વસ્તુ ગુણ. સમજાણું કાંઈ?

'**શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિકી અપેક્ષા કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં.**' જુઓ, શબ્દ લીધો શુદ્ધ દ્રવ્યાર્થિકનય અને લીધા પાછા ગુણો. અને એ દ્રવ્યે શબ્દે સામાન્ય અંશ છે એમ. એ આ દ્રવ્ય શબ્દે કોઈ સામાન્ય અને પ્રમાણનો વિષય દ્રવ્ય નહિ. અહીં સામાન્ય અંશ જે ત્રિકાળ... ત્રિકાળ... સામાન્ય સ્વભાવ. જ્ઞાનદર્શન સામાન્ય સ્વભાવ. દ્રવ્યાર્થિકનય છેને? દ્રવ્ય નામ સામાન્ય જેનું પ્રયોજન છે તેવા નયનો વિષય. તેથી જોઈએ તો તે પરમ પારિણામિક સ્વભાવે અનંતા ગુણો ઠસાઠસ ભર્યા છે. આહા..હા..! આટલો એક અસંખ્યમો ભાગ. ત્યાં તો અનંતા તો નિગોદના જીવ. એ કાંઈ વાત છે! સ્વભાવ. એનો એક નિગોદનો જીવ એને ઉદયભાવ, ક્ષયોપશમભાવ અને પારિણામિકભાવ ત્રણ ભાવ છે. એક-એક જીવને. એક શરીરમાં અનંત નિગોદ, એને બબ્બે શરીર તેજસ અને કાર્મણ અને એક-એક તેજસ-કાર્મણ અનંતી સ્કંધના પરમાણુની પ્રકૃતિઓ એટલો એક અંગુલના અસંખ્ય ભાગમાં એ બધું ઠસોઠસ ભર્યું છે. એ વ્યવહારની વાત છે. સમજાય છે કાંઈ? પણ અહીં તો કહે છે, અહીં તો આટલામાં આટલા ભર્યા છે એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- કોણે નક્કી કર્યા છે...?

ઉત્તર :- નક્કી કરે કોણ? આહા..હા..! આટલો એક અંગુળનો અસંખ્યમો ભાગ. એમાં અસંખ્ય નિગોદ શરીર. એમાં એક નિગોદમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ, એવા અનંતા જીવને બબ્બે શરીર, બબ્બે શરીરને એક-એકમાં અનંતા સ્કંધની પ્રકૃતિ એક-એક. એવી પ્રકૃતિ એને ૧૪૦, ૪૧ વગેરે. અને એક આત્મામાં અનંતા ગુણો અને એની એક સમયની ઉદય અને ક્ષયોપશમ પર્યાય. એને ક્ષાયિક પર્યાય નથી. ઉદય અને ક્ષયોપશમ બે જ છે, ઉપશમ નથી. ઉદય અને ક્ષયોપશમ પર્યાય બે છે. પારિણામિકભાવ ત્રિકાળ દ્રવ્ય છે. એના ગુણો જે છે, એનું ગુણનું જે સત્ત્વ છે, ત્રિકાળી રૂપ છે એ પરમપારિણામિક દ્રવ્યે. દ્રવ્યાર્થિક એટલે સામાન્ય અંશની નયે એ ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે.

મુમુક્ષ :- ...

ઉત્તર :- આ અભેદની આટલી વાત છે. દખલ-બખલની વાત નથી. ભેદ હોવા છતાં, પર્યાયમાં અનંતા જીવોના પ્રકારમાં ભિન્ન ભિન્નતા હોવા છતાં તેને લક્ષમાં મુખ્યપણે ન લઈને, એને ગૌણ કરી નાખીને વસ્તુના... અહીંયાં પણ એક સમયનો પર્યાય અને રાગ તેને મુખ્યપણે લક્ષમાં ન લેતા એને ગૌણ કરીને પૂર્ણ પારિણામિકભાવની અંતર દૃષ્ટિ કરવી એનું નામ અભેદ દૃષ્ટિ અને સમ્યગ્દર્શન કહેવાય છે. એ માટે એની વાત છે.

વ્યવહાર છે ખરો પર્યાયભેદ, પણ એને ગૌણ કરી નાખ એમ કહે છે. તારી અવસ્થાને જેમ તેં ગૌણ કરી. ભગવાન પૂર્ણ સ્વભાવ ભરેલો પ્રભુ. આટલા ક્ષેત્રની અપેક્ષા કાંઈ નથી. આટલું આ તો મોટું ક્ષેત્ર છે સાડા ત્રણ હાથનું. આ તો અંગુલના અસંખ્યભાગના ક્ષેત્રમાં અનંતા પરમાત્મા બિરાજે છે. એવા સ્વભાવની સૂક્ષ્મતાની પ્રતીત કોણ કરે? ભાઈ! એનું વીર્યબળ એક સમયની અવસ્થાને ન કબુલતા, ત્રિકાળ વસ્તુ ધ્રુવ મહાસત્તા એકલો એકરૂપ શુદ્ધ સ્વભાવ (કબુલે તો), એની દૃષ્ટિમાં વિકલ્પ રહે નહિ. નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં બધા દ્રવ્યો ભગવાન આ છે એવી દૃષ્ટિ છે. કોઈ ઉપર શત્રુ-મિત્રપણું અંતર દૃષ્ટિમાં રહેતું નથી. ભેદપણું રહેતુ નથી પછી શત્રુ-મિત્ર ક્યાં રહે?

વાત જરી એવી છે ભાઈ! આ તો સ્વભાવવાદની વાત છે. વીતરાગમાર્ગ એ સ્વભાવવાદ છે. એકલો સ્વસ્વભાવ અનાદિ-અનંત. અણકરાયેલા ભાવો છ પ્રકારના અનાદિ-અનંત. કોઈએ કર્યા નથી અને પૂર્ણતામાં ઓછા થયા નથી સ્વભાવે. પર્યાયમાં અપૂર્ણતા છે એને ગૌણ કરીને પૂર્ણતાને જો. આહા..હા..! ભાઈ! એ પ્રયત્નના પડખાં ફેરવવાના મોટા પુરુષાર્થ છે. સમજમેં આયા? દેવચંદજી! વીતરાગમાર્ગનો વ્યવહાર પણ જુદી જાતનો અને એમના કહેલા નિશ્ચય તત્ત્વો તો કોઈ અલૌકિક! આ બધું જણાવ્યું શું કરવા? કે આવી પર્યાયવાળા જીવ છે.

મુમુક્ષુ :- પર્યાય પ્રમાણે...

ઉત્તર :- હા, આવી પર્યાયવાળા જીવને સ્વીકારે નહિ એ એક-એક જીવ પરિપૂર્ણ ભિન્ન છે એને એ સ્વીકારી નહિ શકે. સમજાય છે? ન્યાલભાઈ! મોટી વાત છે ભાઈ ભગવાનના ઘરની. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ હોય? શક્તિ પ્રમાણે વાંચે, વિચારે. વાંચે ઘરે વાંચે અને પછી અહીં સમજાય કે ભાઈ કઈ રીતે આનો અર્થ થાય છે. ઘરે અમને વાંચવાનું કહો, આવું અમને સમજાય નહિ તો શું કરવા વાંચે? ઘરે વંચાય એમાંથી ક્યાં ફેર હતો એ પછી સમજાય તો ખબર પડે. એમાં શું છે. સ્વાધ્યાય કરવો જોઈએ દરરોજ. કલાક, બબ્બે કલાક આવું તત્ત્વ ખોરાક છે એ તો એનો. સમજાય છે? આ ખોરાક તો બધો ધૂળનો છે. આ તો આત્માનો ખોરાક બે-ચાર કલાક

કાયમ સ્વાધ્યાયના લક્ષે તને આવા વાંચન, શ્રવણ વારંવાર અંદર ઘોલન હોવું જોઈએ. સમજાય છે? દૃષ્ટિ અંતર લક્ષે જોઈએ. નહિતર તો બહુ વાંચન કરે તો ઉંધું-ઉંધું કાઢ્યા કરે. ઉંધું કાઢશે એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સામાન્યાત્મક, સામાન્યાત્મક અભેદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, પરિણામ નથી કહ્યા. એ નહિ. એ તો પર્યાયની વાત કરી. પર્યાયમાં પારિણામિક પર્યાય. આ પરમપારિણામિકભાવ. આ ત્રિકાળ. પરમ પારિણામિકભાવ ત્રિકાળ અને પર્યાય તરીકેનો એક સમયનો એ પારિણામિક એકલો, પરમપારિણામિક નહિ.

મુમુક્ષુ :- ઉત્પાદવાળો.

ઉત્તર :- ઉત્પાદ. ચારને પારિણામિક કહ્યો છે. ઉદયને પારિણામિક કહ્યો જયધવલમાં. ધવલમાં કીધું છે. આ તમે વિકારને આમ કહેશો તો પારિણામિકભાવ થઈ જશે. અમારે કબુલ છે. વીરસેનસ્વામી કહે કે અમારે માન્ય છે. કારણ કે... પણ પરમ પારિણામિક નહિ એ. પરમ પારિણામિક ધ્રુવ. આ પારિણામિકની પર્યાય એટલી વાત છે. પરમપારિણામિક નહિ, પરમ પારિણામિક તો ત્રિકાળ એકરૂપ. આ પારિણામિક ખરો, પણ પર્યાયના અપેક્ષાનો, ત્રિકાળનો નહિ. ત્રિકાળને પરમપારિણામિક કહેવાય છે. પરમપારિણામિક એકરૂપ ત્રિકાળ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા અશુદ્ધ પારિણામિક છેને. બધી વાત છેને. ત્રણ ભેદ પાડ્યા. ભવિ-અભવિ જીવના પાડ્યા છેને. દ્રવ્યસંગ્રહમાં પારિણામિક .. ભેદ પાડ્યા છે. આપણે બધું આવી ગયું છે વાંચનમાં.

અહીં તો વાત જ્યારે એક જ સ્વદ્રવ્યની લેવી હોય ત્યારે એ ભગવાન પરમપારિણામિકે પૂરો અને એની પર્યાયમાં ચાર પ્રકાર પડે એને પણ પારિણામિકની જ પર્યાય, પારિણામિક હોં, પરમ પારિણામિકભાવ નહિ. પરણમે છેને? એ પરિણમે છેને? એ પરિણમે છેને? પરિણમે છે એટલે એ અપેક્ષાએ પારિણામિક. પણ એક સમયની દશા પૂરતો. ભલે ક્ષાયિક છે પણ સમ્યક્દશા તો એક સમયની છેને. ક્ષાયિક તો ભલે એવી ને એવી ઘણે કાળે રહે, પણ ક્ષાયિકનો ઉત્પાદ તો એક સમય છે. એ ક્ષાયિક સમકિત થયું એ એક સમયે રહ્યું, બીજે સમયે પાછો એનો વ્યય થઈને બીજું ઉત્પન્ન થાય છે. ઉત્પાદ-વ્યય છે ખરું, ઉત્પાદ-વ્યય. કેવળજ્ઞાન એક સમય એક જ રહે છેને. કેવળજ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો, પણ એ ઉત્પન્ન થયેલો પર્યાય બીજે સમયે નહિ રહે. કારણ કે એ ઉત્પાદ, ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે. ત્રિકાળ પરમપારિણામિકભાવ

એકરૂપ ધ્રુવ છે. સમજાણું કાંઈ?

આ ભગવાનના ઘરની લીલા. ઓલા ઈશ્વરની લીલા કહે છે એ નહિ. 'કોઈ કહે લીલા રે લીલા અલખતણી, અલખ પૂરે મન આસ, એ લીલા ન ઘટે ઈશ્વર દોષ વિલાસ.' આનંદઘનજી કહે છે. આ લીલા ભગવાન આત્માની. ઓહો..! પર્યાયપણે પરિણમે કે વિકારપણે પરિણમે, ઉપશમપણે પરિણમે, ક્ષયોપશમપણે પરિણમે, ક્ષાયિકપણે પરિણમે. એ પર્યાય. એ એક સમયની દશા છે, ચારેય એક સમયની દશા છે. આ પરમપારિણામિકભાવ ત્રિકાળ એકરૂપ વસ્તુ છે. પરમપારિણામિક, પરમપારિણામિક વસ્તુ. સમજાણું કાંઈ? આહા..હા..!

ઉત્પાદ-વ્યયનું પારિણામિક ક્ષણિક છે. અહીં પરમપારિણામિકની નિશ્ચયમાં તો અપેક્ષા છે નહિ કાંઈ. વ્યવહારથી જ્યારે આવે ત્યારે અપેક્ષા કહેવાય. કહો, સમજાણું કાંઈ? આ ભગવાન પરમસ્વભાવ, કહે છે કે અહીં તો દૃષ્ટિનો વિષય જે ધ્રુવ દ્રવ્યાર્થિકનો એ પરમપારિણામિક છે અને એક સમયની અવસ્થા થાય, જાય, થાય, જાય એટલે ઉત્પન્ન-વ્યય એમ. ઉત્પન્ન-વ્યય... ઉત્પન્ન-વ્યય... ઉત્પન્ન-વ્યય... ક્ષાયિક સમકિત અને કેવળજ્ઞાન પણ એક સમયમાં જ આવે છે. એક સમય જ રહે છે. સિદ્ધપદ પણ એક સમય રહે અને બીજે સમયે સિદ્ધપદ નવું થાય છે. પર્યાય છેને એ તો? એટલે એ પારિણામિકભાવે ત્યાં તો ક્ષાયિક અને પારિણામિક બે છે. પારિણામિકભાવ ધ્રુવ, ક્ષાયિકભાવ પર્યાય ત્યાં બે જ છે. નિગોદમાં ત્રણ છે. ઉદય, ક્ષયોપશમ અને પારિણામિક. પારિણામિકભાવ ધ્રુવ અને ઉદય અને ક્ષયોપશમ. વિકારનો ભાવ ઉદય અને જ્ઞાન-દર્શન વીર્યનો ક્ષયોપશમ. આમ જુઓ જ્યારે પર્યાયદૃષ્ટિએ એનો સ્વતઃ દેખો તો વિકાર પરમ પારિણામિકભાવ જ પોતે પર્યાયરૂપે પરિણમે છે. એટલે એને પારિણામિકપર્યાય કીધી છે. વિકારને હોં. જયધવલ, ધવલ. એ તો બાર અંગની ઠેઠની વસ્તુ એમ જ છે.

એ તો આસ્રવ અધિકારમાં વર્ણવ્યું છે. આઠ પ્રકારની વાત વર્ણવી છે. પારિણામિકભાવ કરીને આસ્રવ લીધો છે. એ આપણે આવી ગયું છે. અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચાર નિર્મળ પર્યાયરૂપે પારિણામિક. ઓલો મલિન પર્યાયરૂપે પારિણામિક. નિમિત્તની અપેક્ષા લઈએ તો કર્મના નિમિત્ત વિના ચાર હોય નહિ એમ પણ કહેવાય. એનું નિમિત્તપણું સિદ્ધ કરવું છેને? પંચાસ્તિકાયમાં આવ્યું ૫૮ ગાથામાં આવ્યુંને? ૫૮માં.

મુમુક્ષુ :- એ ભાવના કેમ...

ઉત્તર :- એ નિમિત્તની અપેક્ષાથી કથન છે. .... હતી તેનો અભાવ થયો છે. વસ્તુના સ્વભાવમાં ભાવ કે અભાવ કાંઈ છે નહિ. એથી એને પરમપારિણામિકભાવ કહ્યો. ઓલાને નિમિત્તની અપેક્ષાએ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કહ્યો, આની અપેક્ષાએ પારિણામિક પર્યાય કીધી. જે સ્થાને જે અપેક્ષા જેના આશ્રયની વાત ચાલતી હોય એ રીતે એણે સમજવું જોઈએ.

કહો, સમજાણું?

**'સભી જીવ શુદ્ધ પારિણામિક પરમભાવ...'** સમજાણું? **'शुद्धपारिणामिकपरमभावग्राहकेण'** સંસ્કૃત ટીકામાં એટલો શબ્દ પડ્યો છે. 'तथा ते जीवाः' એમ લીધું છે. 'तथा ते जीवाः' એટલે સબ એમાં આવી ગયું. ઓલા ભેદ પાડ્યા ખરાને એટલે પછી સબ ન લીધા. 'तथा ते जीवाः शुद्धपारिणामिक' એટલે બધા જે કીધા, સ્થાવર, એકેન્દ્રિય, બાદર, નિગોદ. 'शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन शक्त्यपेक्षया केवलज्ञानादिगुण-रुपास्तेन कारणेन स एव जीवराशिः यधपि व्यवहारेण कर्मकृतस्तिष्ठति तथापि निश्चयनयेन शक्तिरुपेण परमब्रह्मस्वरुपमिति' આહા..હા..! સમજાય છે કાંઈ?

**'ઈસલિયે યદ્યપિ યહ જીવ-રાશિ વ્યવહારનયકર કર્માધીન હૈ,...'** પર્યાય નિમિત્તાધીન થાય છે. એનામાં એ ધર્મ છે એક. ગુણમાં એક ઈશ્વર શક્તિ નામનો ગુણ છે. ઈશ્વર શક્તિ નામનો જીવમાં પર્યાય ધર્મ છે. સાધક જીવ પણ... આવે છેને ૪૭ નય? સાધક સમ્યગ્દૃષ્ટિ પણ પોતાની પર્યાયમાં એમ જાણે છે કે મારામાં એક એને આધીન થવાનો મારો પોતાનો ધર્મ છે. એ આધીન કરાવતો નથી. ઈશ્વરનય છે. ઈશ્વરનય છેને? સમજાણું કાંઈ? એ તો આધીન શબ્દ એ છે. ઈશ્વરનય. ઈશ્વરનયે. જુઓ, અહીંયા સાધક જીવની વાત ચાલે છે. સાધક જીવને એક સમયની પર્યાયોમાં કે દ્રવ્ય ભલે એને એ ધર્મ જાણે છે કે જે સમયે ત્યાં કાળ નયે મોક્ષ કીધો એ પણ એક ધર્મ છે અને અકાળે મોક્ષ કીધો એ પણ એ જ સમયે એક ધર્મ છે. આઘો-પાછો નહિ.

મુમુક્ષુ :- એક જ રૂપ અને બે નય?

ઉત્તર :- હા, બે નયે કથન છે. એમાં બધી આગળ-પાછળ વાત આવી ગઈ. કાલે વ્યાખ્યાન સ્પષ્ટ આવી ગયું. ઓલા .... ઘણા વર્ષથી હતા અને નિયત-અનિયત ધર્મ પણ એક સમયમાં બે છે. એની વિકૃતની અપેક્ષાએ અનિયત ધર્મ કહીએ, અવિકૃત સ્વભાવની અપેક્ષાએ તે જ કાળે, તે જ સમયે એને નિયતનયે સ્વભાવનય કહીએ. નિયતનયે નિશ્ચય સ્વભાવ કહીએ. એને ને એને. એક સમયના ધર્મની વાત છે એ. એમ એ જ સમયે સમ્યગ્દૃષ્ટિ પોતાને ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે. એવો મારો ધર્મ છે. મારી યોગ્યતાનો ધર્મ મારી પર્યાયનો છે. હું નિમિત્તાધીન થાઉં છું એવો પરતંત્ર થવાનો મારો પોતાનો મારામાં ધર્મ છે. કોઈ વાતનો પ્રશ્ન છે નહિ. ઈશ્વરનયે પરતંત્ર. ધાવની દુકાને ધવડાવવામાં આવતા... આ ધર્મ છે એક. આ અનંત ધર્મ માહ્યલો... છેને છેલ્લે? આ બધા ધર્મો છે. સમજાણું? પહેલેથી લીધું છેને જુઓને. શરૂઆતમાં કીધું છેને?

'પ્રથમ તો આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ય અનંત ધર્મોનો અધિષ્ઠાતા એક

દ્રવ્ય છે. કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નયો તેમાં વ્યાપનારું શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ એ પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય આત્મા થાય છે.' પર્યાયમાં વર્તમાન શ્રુતજ્ઞાન એને, અનંતા ધર્મને શ્રુતજ્ઞાન પ્રમાણમાં ભાળે છે. એક નય એક ધર્મને ભાળે અને શ્રુતજ્ઞાન બધાને ભાળે છે. એક સમયમાં હોં જીવને. એની અહીં વાત શરૂ કરીને આ વાત લીધી છે. એટલે ઈશ્વરનય પણ મારો એક ધર્મ છે. એક નય એમ જોવે છે અને બધી નયો ઈશ્વર પરાધીન થાઉં છું એવો મારો ધર્મ. અણિશ્વર પરાધીન ન થાઉં એવો મારો ધર્મ. એ અનિશ્વર. એ ૩૫. ઈશ્વર ૩૪મી. એ પણ મારો ધર્મ. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાની પર્યાયમાં આવો ધર્મ શ્રુતપ્રમાણ વડે અનંતને જોવે છે. અને એક નયે એકને જોવે છે. વસ્તુમાં તો એક સમયમાં બધા ધર્મ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ મોટી તકરાર આ સમજ્યા વિનાની ચાલે છે.

પાઠ જોવે મધ્યસ્થથી, શાંતિથી કે આ શું કહે છે આ? સમજ્યા? નદીનો દાખલો પાછળ આપ્યો છેને દરિયાનો ને બધાનો? એ એક સમયમાં બધા ધર્મો સાધક જીવને છે. કર્તૃત્વનયનો ધર્મ પણ પર્યાયનો સાધકજીવને છે. કેમકે એ રાગપણે પરિણમે છે એવો ધર્મ જ્ઞાની પોતે જાણે છે કે આ પર્યાય આ ધર્મ મારો છે અને એ જ સમયે અકર્તૃત્વ ધર્મ છે એને જાણવું .. પણ એ જ સમયે મારો ધર્મ છે. કર્તૃત્વ પહેલું અને અકર્તૃત્વ પછી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ આપણે 'નય પ્રજ્ઞાપન' પુસ્તક આવી ગયું. બહુ સરસ સ્પષ્ટ કર્યું છે. આત્મપ્રસિદ્ધિ થઈ ગઈ. હવે આ નવા શક્તિઓનું વર્ણન થઈ ગયું છે. હવે .. નીકળે ત્યારે ખબર. કેમકે હમણા તો આ વળી પાછું ચાલ્યુંને આ શું કહેવાય તમારું? કળશટીકા. આ ગુજરાતી કળશ ટીકા ચાલે છેને આ? ઓલું તો વળી શક્તિનું આવે ત્યારે ખરું. ભાઈ તો એ કહી ગયા છેને આપણા અમારે મનસુખભાઈ પાલેજવાળા. કહો, સમજાણું આમાં?

અહીં તો આત્મા કોણ છે અને કઈ રીતે પ્રાપ્ત કરાય એવો પ્રશ્ન કરવામાં આવે તો (તેનો ઉત્તર) કહેવાઈ ગયો અને ફરીને કહીએ છીએ કે આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા સ્વામી એક દ્રવ્ય છે. અહીં પર્યાય સહિત હોં. કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો.... એક સમયે હોં. તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે તે પ્રમેય થઈ શકે છે.

મુમુક્ષુ :- એવા શ્રુતજ્ઞાન વડે.

ઉત્તર :- એવા શ્રુતજ્ઞાન વડે. એક નયથી જુઓ તો પણ અંદરમાં જો અને વ્યવહારનયથી જુઓ તો પણ તે અંદરમાં જો. એ આખી શૈલી બહુ અલૌકિક વાત છે. આ તો શાસ્ત્ર ને અમૃતચંદ્રાચાર્ય એટલે કેવળજ્ઞાનીના પેટ ખોલીને મૂક્યા છે. સમજાણું?

અહીં તો આપણે ઈશ્વરની વાત હતી. ઈશ્વરનયે આત્મદ્રવ્ય, એવો એક ધર્મ વર્તમાન છે

કે એક નય મારો ધર્મ પરતંત્રપણે હું થાઉં છું એ મારા ધર્મથી થાઉં છું. એમ જ્ઞાની પોતાની પર્યાયમાં ધર્મને જોવે છે. એ જોઈને પણ પાછું દ્રવ્યમાં નજર જાય. અનિશ્વરનયે તો સ્વતંત્રતા ભોગવનાર છે. હરણને સ્વચ્છંદે ફાડી ખાતા સિંહની માફક. દષ્ટાંત. એમ સ્વતંત્રતા.. હું પોતે સ્વતંત્ર પરને આધીન ન થાઉં એવો પણ મારો એક ધર્મ છે. એ પણ તે જ સમયે ધર્મ છે. આઘે-પાછે કાળે નહિ. બીજા જીવને અને આ જીવને એમ નહિ. એક જ જીવને એક જ સમયે તે પણ અહીં સાધક, સાધક જીવની વાત છે હોં. નહિતર કર્તૃત્વનયે સદાય રહેતો હોય તો સિદ્ધ થઈ શકે નહિ. પણ સાધકજીવ છે, સમ્યગ્દષ્ટિ છે, અભેદની દષ્ટિ છે. અહીંયાં જ્ઞાનપ્રધાન કથન છે પ્રવચનસારમાં. દષ્ટિપ્રધાન સમયસારમાં. એટલે ત્યાં શક્તિનું વર્ણન કર્યું, અહીં નયનો પર્યાયધર્મ વર્ણવ્યો. અહીં જ્ઞાનપ્રધાનમાં. એટલે સમ્યગ્દષ્ટિ પોતાના અભેદ દષ્ટિએ જોતા... પર્યાયમાં આવો મારો ભિન્ન-ભિન્ન ધર્મ એક સમયમાં છે એમ શ્રુતજ્ઞાન પ્રમાણ વડે એક સાથે જોવે છે. જોઈને પાછી દ્રવ્યમાં દષ્ટિ જાય છે. એક નયે એક-એક ધર્મને જોવે છે. એ પાછળ છે. પૂરું થાય છેને.

જુઓ, 'સ્યાત્કારસિંહના વસવાટને વશ વર્તતા નયસમૂહ વડે જોવે તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે.' એ છેલ્લો કળશ છે એનો. સમજાણું કાંઈ? એટલે આત્મા ઉદયમાં પણ પોતાને કારણે જ સમ્યગ્દષ્ટિ પરાધીન થઈને પરિણમે છે. એ મારી યોગ્યતાનો ધર્મ છે. ઓલાનો નહિ—કર્મનો નહિ. એમ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે '**વ્યવહારનયકર કર્માધીન હૈ,...**' કર્માધીન હૈ એટલે પોતે પોતાને કારણે આધીન થાય છે હમણા આવશે. દાખલો અગ્નિનો આપશે પછી. '**તો ભી નિશ્ચયનયકર શક્તિરૂપ પરમબ્રહ્મસ્વરૂપ હૈ.**' ભગવાન પરમ આનંદસ્વરૂપ છે, પરમબ્રહ્મસ્વરૂપ છે. બધા ભગવાન પરમ આનંદસ્વરૂપ છે. એટલે? એકલો આનંદ એમ નહિ. બધા આનંદસ્વરૂપ ઓલો દુઃખનો ભાવ છોડવો છેને જીવોને સુખ જોવે છેને? એટલે એ અપેક્ષાએ બધા ભગવાન પરમ આનંદસ્વરૂપ છે હોં! આનંદ જોઈતો હોય તો ત્યાં નજર કર. ક્યાંય બીજે આનંદ મળે એવો નથી. '**ઈન જીવોંકો હી પરમવિષ્ણુ કહના,...**' આને પરમવિષ્ણુ કહેવો. જગતમાં સર્વવ્યાપક કોઈ છે એવું છે નહિ.

'**પરમશિવ કહના ચાહિયે. યહી અભિપ્રાય લેકર કોઈ એક બ્રહ્મમયી જગત કહતે હૈં, કોઈ એક વિષ્ણુમયી કહતે હૈં, કોઈ એક શિવમયી કહતે હૈં. યહાં પર શિષ્યને પ્રશ્ન કિયા, કિ તુમ ભી જીવોંકો પરબ્રહ્મ માનતે હો, તથા પરમવિષ્ણુ, પરમશિવ માનતે હો, તો અન્યમતવાલોંકો ક્યોં દૂષણ દેતે હો? ઉસકા સમાધાન—હમ તો પૂર્વોક્ત**

**નયવિભાગકર કેવલજ્ઞાનાદિ ગુણકી અપેક્ષા વીતરાગ સર્વજ્ઞપ્રણીત માર્ગસે જીવોંકો ઐસા માનતે હૈં,...'** પર્યાયને લક્ષમાં માનીને, ભેદને લક્ષમાં માનીને અમે આ પૂર્ણ સ્વરૂપ અખંડાનંદ એકરૂપ છે બધાનું એ રીતે અમે માનીએ છીએ. એ કહે છે એમ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાય છે? '**તો દૂષણ નહીં હૈ. ઈસ તરહ વે નહીં માનતે હૈં.**' આ રીતે અનંત જીવોને પર્યાયમાં ભેદ છે, વસ્તુ ભિન્ન-ભિન્ન છે એમ ન જાણીને એક જ બધાને કહે છે એ માટે દૂષણ દઈએ છીએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઈ.

www.vitragvani.com